ચોથી શ્રેણી

પુસ્તક ૩૫

તા. ૨૨મી માર્ચ, ૨૦૧૬
ચૈત્ર ૨ , ૧૯૩૮ શાકે
થી
તા. ૨૯મી માર્ચ, ૨૦૧૬
ચૈત્ર ૯, ૧૯૩૮ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## તેરમી ગુજરાત વિધાનસભા
## આઠમું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

**પુસ્તક ૩૫)**

**અ નુ ક્ર મ ણિ કા** **ચોથી શ્રેણી**

**વિષય** **પાના નંબર**

## ૨૨મી માર્ચ, ૨૦૧૬, ચૈત્ર ૨, ૧૯૩૮ શાકે (પહેલી બેઠક)


| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | 1 | 9 |
| અતારાંકિત પ્રશ્નોત્તરી | 10 | 82 |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | 83 | 83 |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | 84 | 86 |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | 87 | 99 |
| જાહેર સંસ્થાઓએ ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબત વિધેયક. | 100 | 104 |
| ગુજરાત જાહેર સ્થળો (વિરૂપીકરણ અટકાવવા બાબત) વિધેયક ૨૦૧૬ | 105 | 108 |
| ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક, ૨૦૧૬ | 109 | 114 |


## ૨૨મી માર્ચ, ૨૦૧૬, ચૈત્ર ૨, ૧૯૩૮ શાકે ( બીજી બેઠક )


| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | 115 | 123 |
| અતારાંકિત પ્રશ્નોત્તરી | 124 | 182 |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ - ૧૧૬) | 183 | 185 |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | 186 | 188 |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | 189 | 215 |


## તા. ૨૮મી માર્ચ, ૨૦૧૬, ચૈત્ર ૮, ૧૯૩૮ શાકે


| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | 216 | 225 |
| અતારાંકિત પ્રશ્નોત્તરી | 226 | 294 |
| માનનીય રા. ક.ના રમતગમત મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪) | 295 | 296 |
| કામકાજ સલાહકાર સમિતિના અહેવાલની રજૂઆત | 297 | 297 |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ) | 298 | 317 |


## તા. ૨૯મી માર્ચ, ૨૦૧૬, ચૈત્ર ૯, ૧૯૩૮ શાકે


| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | 318 | 326 |
| અતારાંકિત પ્રશ્નોત્તરી | 327 | 408 |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | 409 | 409 |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | 410 | 410 |
| વધારાની ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન | 411 | 412 |

ચૈત્ર ૨, ૧૯૩૮ શાકે

## તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા

મંગળવાર, તા.૨૨ મી માર્ચ, ૨૦૧૬

ચૈત્ર ૨, ૧૯૩૮ શાકે

સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.

ઉપાધ્યક્ષશ્રી આત્મારામ મ.પરમાર અધ્યક્ષ સ્થાને.

પહેલી બેઠક

### તારાંકિત પ્રશ્નો

### અમરેલી જિલ્લામાં મહિલા તાલીમાર્થીઓને સાયકલ

* ૨૪૮૦૦ શ્રી વલ્લભભાઈ વઘાસીયા (સાવરકુંડલા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિદ્યાસાધના યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૪-૧૫ માં અમરેલી જિલ્લામાં કેટલી મહિલા તાલીમાર્થીઓને સાયકલ ભેટ આપવામાં આવી, અને | (૧) ૩૧૨. |
| (૨) તા.૩૧-૩-૨૦૧૫ની સ્થિતિએ કેટલી મહિલા તાલીમાર્થીઓને સાયકલ ભેટ આપવાની બાકી છે ? | (૨) એકપણ નહીં. |

શ્રી વલ્લભભાઇ વ. વઘાસિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આ વિદ્યા સાધના યોજના અંતર્ગત અમરેલી જિલ્લામાં કુલ કેટલી તાલીમાર્થી બહેનોને સાયકલ ભેટ આપવામાં આવેલ છે અને તેની તાલુકાવાર વિગત શું છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યા સાધના યોજના અંતર્ગત અમરેલી જિલ્લામાં અમરેલીમાં ૧૦૭ કન્યાઓને સાયકલો આપવામાં આવી છે. ખાંભામાં ૦૬ સાયકલો ભેટ આપવામાં આવી છે, બગસરામાં ૩૨ સાયકલો, લાઠીમાં ૨૧ સાયકલો, ધારીમાં ૨૪ સાયકલો, જાફરાબાદમાં ૩૧ સાયકલો, સાવરકુંડલામાં ૦૭ સાયકલો, વરીયામાં ૦૫ સાયકલો, કુંકાવાવમાં ૨૫ સાયકલો, રાજુલામાં ૧૨ સાયકલો, લીલીયામાં ૪૨ સાયકલો આપવામાં આવી છે. બાબરામાં કોઇ કન્યા તાલીમાર્થી ન હોવાથી ત્યાં આઇ.ટી.આઇ. માં કોઇ સાયકલ આપવામાં આવી નથી. આમ કુલ ૩૧૨ સાયકલો મહિલા તાલીમાર્થીઓને આપવામાં આવી છે.

શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, આ સાયકલો આપવાની યોજના કયારે શરૂ કરવામાં આવી, તેનો હેતુ શું છે, આ સાયકલો આપવાના ધોરણો શું છે અને કયા કયા ટ્રેડમાં તાલીમ લેતી મહિલાઓને સાયકલો આપવામાં આવે છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા તાલીમાર્થીઓને સાયકલ ભેટ આપવાની યોજના ૨૦૧૪-૧૫ના વર્ષથી શરૂ કરવામાં આવી છે. મહિલાઓ જે તાલીમ લેવા આવતી હોય તેવી તાલીમાર્થીઓને અવરજવર કરવામાં કોઇ મુસિબત ન પડે, તેમને સહાયભૂત થવાય અને વધુમાં મહિલાઓ રોજગારલક્ષી તાલીમમાં આગળ વધી રહી છે તેવા સમયમાં રોજગારલક્ષી તાલીમ મેળવે તે માટે પ્રોત્સાહક પ્રવૃત્તિ તરીકે તથા ડ્રોપ આઉટ રેશીયો ઘટાડી શકાય તે હેતુથી સાયકલો આપવામાં આવી રહી છે. આ યોજના અમલમાં લાવવાને કારણે આજે મહિલા તાલીમાર્થીઓની અવરજવરમાં સગવડતા ઉભી થયેલ છે એટલે તેઓ નિયિમત તાલીમ લેવા આવી રહી છે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આઇ.ટી.આઇ.માં બહેનોને સાયકલ આપવાની યોજના છે. ગ્રાઉન્ડ રિયાલિટી જોઇએ તો સ્કૂલોમાં આપણે બહેનોને સાયકલ આપીએ ત્યાં સુધી તે બરાબર છે. આઇ.ટી.આઇ. આખા તાલુકામાં એક કે બે જગ્યાએ હોય છે. તેમાં બે-પાંચ કિલોમીટર નજીકથી આવનાર તાલીમાર્થીઓની સંખ્યા ખૂબ ઓછી હોય છે. પંદર-વીસ કિલોમીટર દૂરથી આવતી બહેનોને સાયકલ આપીએ તે પ્રેકટીકલી વાયેબલ નથી. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે સાયકલ આપો તેનો વાંધો નહીં પણ આ બહેનો ત્યાં સાયકલ લઇને આવે છે કે કેમ તેની ચકાસણી થાય અને જો પ્રેકટીકલી વાયેબલ ન હોય તો અત્યારે જે સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે તેમાં વધારો કરવા માગો છો કે કેમ? કાં તો ફરી ટ્રાન્સપોર્ટેશન એલાઉન્સ આપવા માગો છો કે કેમ?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, તાલીમાર્થી બહેનોને સાયકલ આપીએ છીએ તેનો ઉપયોગ થઇ રહ્યો છે. આ સાયકલ આપીને બહેનોને પ્રોત્સાહિત કરવામાં આવી ત્યારે બહેનોની સંખ્યા આ આઇ.ટી.આઇ.માં ઘણીબધી વધી છે.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે મારા ડાંગ જિલ્લામાં માત્ર આહવા એક જિલ્લાનું પ્લેસ છે અને ત્યાં આઇ.ટી.આઇ. છે.

ઉપાધ્યક્ષશ્રી : આ અમરેલી જિલ્લાનો પ્રશ્ન છે.

## તા. ૨૨મી માર્ચ, ૨૦૧૬

## તારાંકિત પ્રશ્નો

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, હું જનરલ કહું છું. આહવા જે છે તે શહેર છે. ડાંગના ગામડાંઓ અતિદૂર છે ત્યાંથી સાયકલ ઉપર આવવાની મુશ્કેલી છે તો તેના માટે એલાઉન્સ ચાલુ રાખવા માગે છે કે કેમ?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો આ જિલ્લા બહારનો પ્રશ્ન છે.

### ભરૂચ જિલ્લામાં એપ્રેન્ટીસ એકમો

* ૨૪૮૦૪ શ્રી દુષ્યંતભાઈ પટેલ (ભરૂચ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં કેટલા અને ક્યા એપ્રેન્ટીસ એકમો કાર્યરત છે, અને | (૧) આ સાથેના *પત્રક મુજબના ૩૮૩ એકમો કાર્યરત છે. |
| (૨) ઉકત સ્થિતિએ તેમાં કેટલા વ્યવસાયો આવરી લેવાયેલ છે ? | (૨) ૭૨. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ભરુચ જિલ્લામાં એપ્રેન્ટીસ એકમો ૩૮૩ છે અને એમાં ૭૨ જેટલા ગ્રેડ છે તો આ સરકાર અને માનનીય મુખ્ય મંત્રીશ્રીને હૃદયથી અભિનંદન આપુ છું. કેમ કે, આવા શ્રમ અને રોજગાર અને આવી એપ્રેન્ટીસશીપ માટે એટલે કે, ટ્રેનિંગ માટેના આવા સુંદર કાર્ય યોજ્યા છે. આ સમયે આ એપ્રેન્ટીસ યોજનામાં કોણ જોડાઇ શકે છે? એપ્રેન્ટીસશીપ તાલીમમાં જોડાવા માટેની પ્રવેશ લાયકાત શું છે? મારા ભરુચમાં ગોવ્ઝ નામની સંસ્થા છે દહેજમાં એ પી.પી.પી. મોડ ઉપર છે તો એ સંસ્થાને આઇ.ટી.આઇ. જેવા સર્ટીફાઇડ સર્ટીફિકેટ આપવા માગો છો કે કેમ? અને જી.ઇ.ટી. એટલે કે ગ્રેજ્યુએટ એન્જિનિયર ટ્રેનિંગમાં ગુજરાતના ઉદ્યોગો છે ત્યારે આ તાલીમમાં જોડાવા માટેની જોગવાઇઓ શું છે? અને હોય તો તેની લાયકાત શું છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, એપ્રેન્ટીસશીપ યોજનામાં બે પ્રકારે તાલીમાર્થીઓ જોડાતા હોય છે. એક તો ફ્રેશર ઉમેદવારો જેઓએ આઇ.ટી.આઇ. ન કરેલી હોય તેવા ઉમેદવારો એપ્રેન્ટીસ તરીકે જોડાતા હોય છે તેઓની લઘુતમ શૈક્ષણિક લાયકાત ધોરણ ૮, ધોરણ ૧૦ હોય છે. જો ઔદ્યોગિક તાલીમ સંસ્થાનું એન.સી.વી.ટી. પેટર્નના અભ્યાસક્રમનું પ્રમાણ પત્ર ન ધરાવતા હોય તેવા ઉમેદવારો ફ્રેશર ઉમેદવાર તરીકે એપ્રેન્ટીસશીપ તાલીમ યોજના અંતર્ગત એકમ ખાતે એપ્રેન્ટીસમાં જોડાઇ શકે છે અને ફ્રેશર ઉમેદવારોને જે તે વ્યવસાયની નિયત કરેલ તાલીમ સમયગાળા માટે તાલિમ મેળવવાની હોય છે. બીજું આઇ.ટી.આઇ. પાસ થયેલ ઉમેદવારો હોય જેઓ એન.સી.વી.ટી.પેટર્નના અભ્યસક્રમનું પ્રમાણ પત્ર મેળવેલ હોય એવા એપ્રેન્ટીસશીપ તાલિમ યોજનાના નિયત વ્યવસાય માટે નિયત શૈક્ષણિક લાયકાત ધરાવે છે તેવા એકમો ખાતે એપ્રેન્ટીસ તરીકે જોડાઇ શકે છે. તેમજ તાલીમના સમયગાળા દરમ્યાન તે વ્યવસાય સંબંધી નિયત થયેલી રીબેટ મેળવી શકે છે. એટલે કે ફિટર ટ્રેડ માટે એપ્રેન્ટીસ તાલીમમાં ત્રણ વર્ષ નક્કી કરેલ હોય જો ઉમેદવાર આઇ.ટી.આઇ. ફિટરનો બે વર્ષનો કોર્સ પાસ કરેલ હોય તો તેઓને એપ્રેન્ટીસ તાલીમમાં ત્રીજા વર્ષથી કામ કરવાનું થાય છે અને તે મુજબ તેમને સ્ટાઇપન્ડ મેળવવાને પાત્ર થતા હોય છે, તેઓની ઉંમર ૧૪ વર્ષ પૂરાં કરેલ હોવી જોઇએ, માપદંડ પ્રમાણેની શારીરીક યોગ્યતા ધરાવતા હોવા જોઇએ, તેમજ જે તે વ્યવસાય માટેની નિયત લઘુતમ લાયકાત ધરાવતી કોઇ પણ વ્યક્તિ એપ્રેન્ટીસશીપ તાલીમમાં જોડાય શકે છે. આ માટેની લઘુતમ શૈક્ષણિક લાયકાત ધોરણ ૮ પાસ છે એટલે કે જ્યાં વધુ ટેકનિકલ જાણકારીની આવશ્યકતા ન હોય એવા ટ્રેડ જેવા કે દરજી કામ, ફાઉન્ડ્રીમેન, વાયરમેન, લાઇનમેન વગેરેમાં ધોરણ ૮ પાસની શૈક્ષણિક લાયકાત છે, અને જેમાં થોડી ઘણી ટેકનિકલ જાણકારીની આવશ્યકતા હોય તેવા ટ્રેડમાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ પાસની શૈક્ષણિક લાયકાત નિયત કરેલ છે. જેવી કે મશીનરી, ફિટર પ્લાનર, ફેશન ડિઝાઇન અને મિકેનીક જેવા કોર્સમાં આ રીતે શૈક્ષણિક લાયકાત હોય છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે આપણે જે આ કોર્સ શીખવાડીએ છીએ એ બહુ વર્ષો પહેલાના છે. આજે ટેકનોલોજી બદલાઇ છે ત્યારે ટેકનોલોજીને ધ્યાનમાં લઇને જે નવા કોર્સીસ ઉમેરવા જોઇએ એ માટે ઘણી વખત મેં સૂચન પણ કર્યા છે કે, આ રીફાઇનરીઓની સિસ્ટમ બદલાઇ, બીજું બધું બદલાયું તો એ પ્રમાણે આપ બદલવા માગો છો કે કેમ? મેં એવું સાંભળ્યું છે કે કેન્દ્ર સરકારે જે આપણને ધોરણ નક્કી કરીને આપ્યું છે એજ પ્રમાણે આપણે કરી રહ્યા છીએ એના કારણે વિદ્યાર્થીઓને આ સિવાયનો જે લાભ મળવો જોઇએ એ આજની તારીખમાં મળતો નથી તો આપ એમાં ઉમેરો કરવા માગો છો કે કેમ?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, બળવંતસિંહે જે વાત કરી તે સાચી વાત હતી. આપણે જે એપ્રેન્ટીસ તાલીમો આપતા હતા તે ૧૯૬૧માં આ નિયમો બનેલાં હતા. પરંતુ ઔદ્યોગિક એકમોને પણ રોજે રોજ નવી મશીનરી આવતી હોય, નવી નવી ટેકનોલોજી આવતી હોય અને જે તાલીમાર્થીઓ તાલીમ લેવા માટે જતાં હોય તેઓને પણ નવી મશીનરી ઉપર તાલીમ લેવાની ઇચ્છા હોય એટલા માટે ૨૦૧૪માં આ કાયદાની અંદર સુધારો કરવામાં આવ્યો છે. જે પ્રકારની એપ્રેન્ટીસ તાલીમ લેવા માગતા હોય એવા એકમો સાથે કનેક્ટીવીટી કરીને અને એ એકમોની અંદર કેવા પ્રકારની નવી મશીનરી આવે છે આજે આધુનિક ટેકનોલોજીનો યુગ આવી રહ્યો છે અને રોજે રોજ ટેકનોલોજી બદલાઇ રહી છે એટલા માટે ૨૦૧૪થી આની અંદર સુધારો કરીને આ રીતનો પ્રવેશ આપવામાં આવી રહ્યો છે.

## ચૈત્ર ૨, ૧૯૩૮ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, એપ્રેન્ટીસશીપ તાલીમ શું છે ? તેના હેતુ શું છે ? અને તેના ફાયદા શું છે ? આ એપ્રેન્ટીસશીપ તાલીમ યોજનામાં કઇ રીતે જોડાઇ શકાય છે ?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારના એપ્રેન્ટીસ કાયદા હેઠળ ઔદ્યોગિક એકમો ખાતે આપવામાં આવતી આ પાયાની તાલીમ અને કારખાનાના તાલીમને એપ્રેન્ટીસશીપ તાલીમ કહેવામાં આવે છે. એપ્રેન્ટીસશીપ તાલીમ તે ઓન જોબ તાલીમ છે એટલે તાલીમાર્થી વાસ્તવમાં જે તે ઔદ્યોગિક એકમમાં કુશળ કારીગરના માર્ગદર્શન હેઠળ આ તાલીમ મેળવતાં હોય છે. રાજયમાં આવા એકમોનો વિવિધ વ્યવસાયોમાં ઉપલબ્ધ તાલીમ સુવિધા તેમજ ઇન્ફ્રાસ્ટ્રકચરની મદદથી યુવાનોને તાલીમ આપી તેઓની રોજગારીની તકોમાં વધારો કરવાનો તથા ઔદ્યોગિક એકમોના ઉત્પાદન ગુણવત્તાસભર અને પ્રમાણ વધારવા માટે કુશળ કારીગરો પૂરા પાડી રાષ્ટ્રને સમૃદ્ધ બનાવવા માટે મદદરૂપ થવાય એ આનો હેતુ છે. આ એપ્રેન્ટીસને પોતાની પસંદગીના વ્યવસાયમાં મેં અગાઉ બળવંતસિંહભાઇને કહ્યું તેમ ઔદ્યોગિક વાતાવરણમાં ઓન જોબ તાલીમ દ્વારા વાસ્તવિક કામ કરવાની તાલીમ મળે અને એકમની એડવાન્સ મશીનરી નવી ટેકનોલોજીવાળી મશીનરીના સાધનો અને ટેકનોલોજી થકી એપ્રેન્ટીસને પોતાના વ્યવસાય માટે ઉત્તમ તાલીમ માસિક સ્ટાઇપેન્ડની સાથે પ્રાપ્ત કરવાની તક મળે છે અને કુશળ કારીગર બનીને રોજગારી અને સ્વરોજગારી પ્રાપ્ત કરી શકે આનો આશય આટલો છે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે ૭૨ વ્યવસાયો દર્શાવ્યા છે તેમાં મુખ્ય વ્યવસાયો કયા કયા છે? અને આ વ્યવસાયોમાં જે તાલીમાર્થીઓ આવે તેમને સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે કે કેમ ? અને જો સ્ટાઇપેન્ડ આપવામાં આવતું હોય તો એમાં વધારો કરવા માગો છો કે કેમ? બીજુ, અત્યારે હાલ રાજયમાં જુદા જુદા અનેક પ્રકારના ઉદ્યોગો સ્થપાય છે તો સરકાર તે પ્રકારની તાલીમ આપવા માગે છે કે કેમ ?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કરમશીભાઇએ જે વાત કરી મેં અગાઉ પણ બળવંતસિંહભાઇની વાતમાં પણ વાત કરી આ રાજયની અંદર અનેક પ્રકારના નવા નવા ઉદ્યોગો આવી રહ્યાં છે, નવી નવી ટેકનોલોજી કારખાનાઓની અંદર આવી રહી છે આ એપ્રેન્ટીસનો અર્થ જ એ છે કે એ ઉદ્યોગકારોની અંદર તે એપ્રેન્ટીસને ત્યાં મોકલવા, તેમની નવી મશીનરી ઉપર અત્યંત આધુનિક મશીન ઉપર તેમને તાલીમ આપવી અને તાલીમ દરમિયાન પણ તેમણે કહ્યું કે સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે કે કેમ ? જે એપ્રેન્ટીસ તાલીમાર્થીઓ તાલીમ લેવા જાય તેને પહેલાં વર્ષની અંદર જે એકમની અંદર અર્ધકુશળ કારીગર જે તાલીમ આપતા હોય તેના પહેલાં વર્ષની અંદર ૭૦ ટકા સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે. બીજા વર્ષે ૮૦ ટકા સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે. ત્રીજા અને ચોથા વર્ષે એને ૮૦ ટકાનું સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે. આ સભાગૃહને મારે જણાવવાનું કે, આ રાજયની અંદર હાલના વડાપ્રધાન આદરણીયશ્રી નરેન્દ્રભાઇ જયારે આ હતા ત્યારે તેમણે તે વખતે એક નિર્ણય કર્યો હતો કે આ એપ્રેન્ટીસોને આપણે જે સ્ટાઇપેન્ડ આપીએ છીએ તેમાં પણ તેમને વધારો મળે તે માટે ઓગસ્ટ–૨૦૧૩ની અંદર માસિક ૧૫૦૦/–રૂપિયા આ રાજય સરકારે સમગ્ર હિન્દુસ્તાનની અંદર ગુજરાત રાજય પહેલુ એવુ રાજય બન્યું છે કે આવા એપ્રેન્ટીસોને માસિક ૧૫૦૦/–રૂપિયા આપવાનો નિર્ણય તે ગુજરાત રાજયની સરકારે કર્યો છે.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજયમાં એપ્રેન્ટીસશીપ એકટ હેઠળ કેટલા એકમો આવરી લેવામાં આવ્યા છે અને આ એકમો ખાતે કુલ કેટલી બેઠકોની ફાળવણી થયેલી છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉના કાયદા મુજબ રાજય સરકારે કુલ ૮૭૫૮ ઔદ્યોગિક એકમોને આવરી લઇને ૫૩૨૦૦ બેઠકોની એમાં ફાળવણી કરવામાં આવી છે. જયારે હાલમાં નવા કાયદા મુજબ નેશનલ એપ્રેન્ટીસશીપ તાલીમ યોજના પારદર્શીય વહીવટ માટે નેશલન વેબ પોર્ટલ પણ શરૂ કરવામાં આવ્યું છે. એપ્રેન્ટીસશીપ તાલીમ યોજના અન્વયે એપ્રેન્ટીસની ભરતી કરવા તથા એ એકમે સ્વજવાબદારીથી પોર્ટલ ઉપર પોતાના એકમની વિગતો કયા ટ્રેડમાં કેટલી બેઠકો ભરતી કરવા માગે છે તેની નોંધણી પણ કરાવવાની રહે છે અને તે નોંધણી મુજબ ભરતી કરવામાં આવે છે. હાલમાં રાજયના કુલ ૩૬૬૬ એકમોએ પોર્ટલ પર નોંધણી પણ કરાવેલી છે. વધુને વધુ એકમોની પોર્ટલ પર નોંધણી થાય તે માટે હાલમાં કામગીરી ચાલુ છે.

ઉપાધ્યક્ષશ્રી: પ્રશ્ન ક્રમાંક–૬.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન ક્રમાંક–૬. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી: માનનીય બળવંતસિંહ, આમાં એ પ્રશ્ન છપાયેલો જ નથી, એટલા માટે. આમાં પ્રશ્ન માનનીય શકિતસિંહજી જે પ્રશ્નોત્તરીની બુક છે એમાં એ પ્રશ્ન જ નથી છપાયો એટલે એને કોલઆઉટ કરવાનો પ્રશ્ન રહેતો નથી એટલા પૂરતું.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, એક વખત પ્રશ્ન છપાઇ ગયો, એનો ડ્રો થઇ ગયો, અને ડ્રોમાં પાંચમો ક્રમ આવ્યો છે અને એ પછી રદ ન થાય, આપનો પોતાનો પરિપત્ર છે. આપના સચિવાલયે કરેલો પરિપત્ર છે કે કોઇપણ વિભાગે, એ પછી માગણી ન કરાય આ બહુ સ્પષ્ટ પરિપત્ર આપના સચિવાલયનો હોવા છતાં એનાથી વિરુદ્ધનો નિર્ણય થાય તો આપના સિવાય અમને રક્ષણ કોણ આપી શકે? આપની અધ્યક્ષશ્રીની ખૂરશી પાસે અમારી (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આપનો પરિપત્ર છે. હું ખોટો હોય તો આપ કહો.

## તા. ૨૨મી માર્ચ, ૨૦૧૬

## તારાંકિત પ્રશ્નો

ઉપાધ્યક્ષશ્રી: માનનીય શકિતસિંહજી, હું સમજી ગયો, પાંચ નંબરનો સવાલ જ નથી. પ્રશ્નને કોલઆઉટ કરવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી મુશ્કેલી આપ સમજો, આપનો પોતાનો પરિપત્ર છે, શ્રી ચેતન પંડ્યા, નાયબ સચિવશ્રીનો, આપનો પરિપત્ર ૨૭-૧નો છે. આપના પરિપત્રમાં ચાર નંબરમાં સ્પષ્ટ લખ્યું છે કે, પ્રશ્નનું બેલેટ થઇ ગયા બાદ પ્રશ્ન તબદીલ કરવાની, રદ કરવાની કે આંતરિક ફેરફાર કરવાની માગણી કોઇપણ સંજોગોમાં ગ્રાહ્ય રાખી શકાય નહીં. અમારા માટે તો સાહેબ આપનો પરિપત્ર એ સર્વોપરી થયો, પણ એનાથી વિરુધ્ધનો નિર્ણય...

ઉપાધ્યક્ષશ્રી : આપની વાત સાચી છે પણ માનનીય શકિતસિંહજી, ભૂતકાળમાં પણ કયાંક આવા નિર્ણયો લેવાયા છે, છપાઇ ગયા પછી પણ મંત્રીશ્રીની વિનંતી આવે છે તો એવા પ્રશ્નોને આપણે રદ કર્યા છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં એકાદ વાર નિયમનું ઉલ્લંન થાય તો એ નિયમ ન બને. મારી વિનંતી છે કે..

ઉપાધ્યક્ષશ્રી : આપશ્રીની વિનંતી મેં સાંભળી લીધી.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, એકાદ વાર કોઇ નિયમનું ઉલ્લંઘન થાય તો ઉલ્લંઘન થયેલો નિયમ ન બને. આપનો પરિપત્ર છે એ ચિરંજીવી છે, એટલા માટે હું આપશ્રીના રક્ષણની અપેક્ષા રાખું છું.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય શકિતસિંહજી, ભૂતકાળમાં આવી પરિસ્થિતિ પેદા થઇ હતી ત્યારે આપણે આવા પ્રશ્નોને દૂર કર્યા હતા કે જે સબ-જયુડીશ મેટરો હતી એટલા પૂરતું અને એટલા માટે મેં પ્રશ્ન નંબર – ૬ કોલ કર્યો છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, સબ-જયુડીશની બાબતમાં પણ માનનીય અશોકભાઇનો નિર્ણય આવ્યા પછી, આ ગૃહ સર્વોપરી છે અને સબ-જયુડીશ હોવા છતાં ચર્ચા કરી શકાય, લોકસભાને પૂછ્યા પછી આપણી વિધાનસભાની અંદર માનનીય અશોકભાઇનો છેલ્લો નિર્ણય છે કે આ બાબતમાં આપણે ચર્ચા કરી શકીએ છીએ.

ઉપાધ્યક્ષશ્રી : એક મિનિટ, માનનીય પીરજાદા આપની બેઠક પર જાઓ, માનનીય શકિતસિંહજી હું આપને કયારે સાંભળી શકું કે, શ્રી પીરજાદા એમની જગ્યા પર બેસે. એ આ બાજુ આવતા હોય ત્યારે મારે આપને કઇ રીતે સાંભળવા? માનનીય પીરજાદા, આપ આપની જગ્યા પર જાઓ. પ્લીઝ, માનનીય સભ્યશ્રી રજૂઆત કરે છે અને હું સાંભળી રહ્યો છું.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અશોકભાઇ ભટ્ટે જયારે આ પ્રકારનો મુદ્દો ઉપસ્થિત થયો ત્યારે કહ્યું કે, સબ-જયુડીશ બાબતમાં કેટલી ચર્ચા, કયારે કરવી, નહીં કરવી એ બાબત વિધાનસભાએ સ્વયં લાદેલી શિસ્ત છે અને આ સંજોગોમાં એમણે જયારે અમારો જ વાંધો હતો કે એક બાબત સબ-જયુડીશ છે આપ એની ચર્ચામાં ના પડો. આજનો મુદ્દો છે એ માનનીય સભ્યશ્રીની પરિસ્થિતિ આપ સમજો, એમનો પ્રશ્ન આપે દાખલ કર્યો છે એ દાખલ થયા પછી કોઇ વાંધો નથી આવતો, આપની પાસે જો સમયમર્યાદામાં વાંધો આવ્યો હોય, અમારો અધિકાર નથી આપ સર્વોપરી છો, સમયમર્યાદામાં વાંધો નથી આવતો. સમય મર્યાદામાં વાંધો નથી આવતો, એ પછી ડ્રો થાય છે એ થયા પછી ચોપડી છપાવા જતી રહે છે. માનનીય અધ્યક્ષશ્રી, પછી પ્રશ્ન ક્રમાંક પાંચ આવે છે. આપનો ૨૭ જાન્યુઆરી, ૨૦૧૬નો પુનઃપરિપત્ર છે અને એમાં આપનુ કાર્યાલય બહુ જ સ્પષ્ટ આદેશો આપે છે કે પ્રશ્નોનું બેલેટ થઇ ગયા બાદ, અહીંયા બેલેટ થઇ ગયું છે. પ્રશ્ન તબદીલ કરવાની કે રદ કરવાની કે આંતરિક ફેરફાર કરવાની કોઇ પણ સંજોગોમાં ગ્રાહ્ય નહિ રાખી શકાય. ભૂતકાળમાં જે કાંઇ થયું હોય એના પછીનો આ પરિપત્ર છે. એનો અર્થ એ થયો કે ભૂતકાળમાં થયું હતું એનુ આપના સચિવાલયે માન્ય નથી રાખ્યું નહિ તો આવો પરિપત્ર ન થાય. આ ૨૭ જાન્યુઆરી પછી એક પણ વખત આવો દાખલો થયો હોય તો બતાવો.

ઉપાધ્યક્ષશ્રી : આમાં પ્રશ્ન બૂકમાં જ નથી છપાયો એટલે મુવ કરવાનો પ્રશ્ન જ નથી આવતો. એટલે મેં પ્રશ્ન નંબર છ કહ્યું છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : આપ આદેશ આપો. બીજો અમારા પાસે અધિકાર કયો રહે. જયારે પ્રશ્ન બૂક છે એ આજે અમે અહીંયા આવીએ ત્યારે અમારા હાથમાં મળે છે. અમારી પાસે આ પરિપત્ર હોય અને એ પછી આપના તરફથી કોઇ ન્યાયિક નિર્ણયની અપેક્ષા કે ભવિષ્યમાં આપના પરિપત્રનું પાલન ન થાય.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય સચિવશ્રી વારંવાર આપને સલાહ આપે છે. જયારે પરિપત્ર પણ તમારો જ છે.

ઉપાધ્યક્ષશ્રી : આપણે જનરલમાં દર વખતે આવા પરિપત્રો ઇસ્યુ કરીએ જ છીએ. એટલે એના ઉપર કોઇ વિષય નથી આવતો અને ભુતકાળમાં માનનીય શકિતસિંહજી, આપણે આવા પ્રશ્નો માનનીય મંત્રીશ્રીની વિનંતીથી સબ જયુડીશ મેટર હોવાને કારણે રદ કર્યા છે. માનનીય પુંજાભાઇ, આપ બેસી જાવ. આપને મેં સાંભળી લીધા છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આ ખુરશી પાસે ન્યાયની અપેક્ષા હોય. પરિપત્રનો મતલબ હોય, એમ કહી શકો કે પરિપત્ર ગમ્મત કરવા માટે અને અમારી અનુકૂળતા માટે બહાર પાડ્યો છે, અને આ ખુરશી જો સભ્યને ન્યાય નહિ આપે તો સરકારને સબ જયુડીશ મેટર હોય તો અહીંથી કહી શકાય કે આ રહેવા દો તો અમે માની જતાં હોઇએ છીએ. પણ જાણી જોઇને લોકશાહી પરંપરાનો ભંગ કરવો અને સરકાર બચાવવાની કોશિશ આ ખુરશીના માધ્યમથી થાય એ અમને મંજૂર નથી. ઘણું બધું અમે માન મર્યાદા જાળવીએ છીએ તો પણ જયારે એવું લાગે કે સાવ સભ્યના હક્કનું મર્ડર થતું હોય ત્યારે અમે ઉપાધ્યક્ષની સામે અવિશ્વાસની દરખાસ્ત મર્યાદામાં રહીને મૂકી છે. કાલે સ્પીકરની સામે આવતા સેશનમાં આવવું હશે

તો પૂરી મર્યાદામાં હાઉસમાં દરખાસ્ત મૂકીશું એ પણ સારી પરંપરા નથી. માટે આપણી પાસે અપેક્ષા ન્યાયની છે, જે ન્યાયની પરંપરા પ્રમાણે પાંચમું છાપ્યા પછી માનનીય મંત્રીશ્રી કહે એટલે અમે કાઢી નાખીએ છીએ, મંત્રીશ્રી તો સરકારનો બચાવ કરે, આપ કેવી રીતે સરકારનો બચાવ કરી શકો? એટલા માટે આવી પરંપરાના વિરોધમાં પ્રશ્ન કલાકનો અમે બહિષ્કાર કરીએ છીએ. સોરી, સર.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય શંકરસિંહજી, આપ બેસો. બીજા પ્રશ્નો શરૂ થાય છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : આ પ્રશ્ન પૂછવા દો, અમારા સભ્ય હાજર છે. મંત્રીશ્રીને જે જવાબ આપવો હોય તે આપે. આપ સબ જ્યુડીશીયલ છે એમ કહીને ના પાડી દો એ યોગ્ય નથી. અમારા સભ્યશ્રી હાજર છે. ઉપાધ્યક્ષશ્રી : આ પ્રશ્ન, પ્રશ્નની બૂકમાં આવ્યો જ નથી.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : પાંચમો પ્રશ્ન આમાં છપાયો છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય શંકરસિંહજી, છપાયો જ નથી. એ વાત સાચી છે કે ભૂતકાળમાં આવા ખાસ કેસમાં કેટલાક નિર્ણયો લીધા છે, અને એમાં માનનીય મંત્રીશ્રીની વિનંતીથી આપણે રદ કરેલા છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય મંત્રીશ્રી સરકારનો બચાવ કરે, પરંતુ આ ખુરશી મંત્રીશ્રીને બચાવવા માટે ન હોય. મંત્રી તો કહે કે આ પ્રમાણે છે.

(આ તકક્કે કોંગ્રેસ પક્ષના હાજર તમામ સભ્યશ્રીઓએ ગૃહમાંથી વોકઆઉટ કર્યો.)

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે જે કહ્યું એટલે રેકર્ડ ઉપર સ્ટ્રેઇટ જાય એટલા માટે આ જે વકફ એક્ટના સંદર્ભનો પ્રશ્ન છે. વકફ એક્ટના સંદર્ભમાં..

ઉપાધ્યક્ષશ્રી : માનનીય પ્રદિપસિંહજી, પ્રશ્ન ક્રમાંક–૬ મેં કોલ કરી દીધો છે.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એમને આપે જે અલાઉ કર્યા, તેમનું પોતાનું પ્રવચન આ હાઉસના રેકર્ડ ઉપર ગયું તેના માટે હું સ્પષ્ટતા કરવા માગું છું. આપ અલાઉ કરો તો ભલે નહીં તો વાંધો નહીં.

ઉપાધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરી પછી કરો ને,.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : ભલે.

ઉપાધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક–૬.

તાપી જિલ્લામાં કાર્યરત એપ્રેન્ટીસ એકમો

* ૨૪૭૫૮ શ્રી મોહનભાઈ ઢોડીયા (મહુવા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ તાપી જિલ્લામાં કેટલા અને ક્યા એપ્રેન્ટીસ એકમો કાર્યરત છે, અને | (૧) આ સાથેના પત્રક–૧ મુજબના ૧૬ એકમો કાર્યરત છે. |

પત્રક – ૧

| ક્રમ | રાષ્ટ્રીય કક્ષાના વ્યવસાયો |
|---|---|
| ૧ | કોમર્શીયલ ટેક્ષ ઓફીસ, વ્યારા |
| ૨ | કોપર કો.ઓપ. સુગર, વાલોડ |
| ૩ | હૈદ્રાબાદ ઈન્ડ લી. વાલોડ |
| ૪ | જે કે પેપર લી., સોનગઢ |
| ૫ | લક્ષ્મી ઓટોમોબાઈલ્સ, તાપી |
| ૬ | લક્ષ્મી એન્જીનીયરીંગ, તાપી |
| ૭ | પાર્થ મોટર્સ, વ્યારા |
| ૮ | સંકલ્પ પેપર ઈન્ડ, પ્રા.લી. વાલોડ |
| ૯ | શ્રી ઉકાઈ પ્રદેશ ખાંડ ઉદ્યોગ મંડળી, વ્યારા |
| ૧૦ | સુમુલ ચિલિંગ સેન્ટર, વાલોડ |
| ૧૧ | સુમુલ શીત કેન્દ્ર ઉચ્ચલ–તાપી |
| ૧૨ | ગુજરાત સ્ટેટ એનર્જી કોર્પોરેશન લી. ઉકાઈ |
| ૧૩ | નટવર સહકારી મંડળી લી., વ્યારા |
| ૧૪ | વીલ ઓ સીટી–કાનપુર, વ્યારા |
| ૧૫ | ડીજીવીસીએલ, વ્યારા |
| ૧૬ | એચ.આઈ.એલ. (હૈદ્રાબાદ ઈન્ડ. લી. ) ગોલાન વાલોડ. |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉકત સ્થિતિએ તેમાં કેટલા વ્યવસાયો આવરી | (૨) ૨૪ |

લેવાયેલ છે ?

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે એપ્રેન્ટીસશીપ તાલીમમાં કયા કયા પ્રકારની તાલીમનો સમાવેશ થાય છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : આ યોજના હેઠળ આપવામાં આવતી તાલીમ નીચે મુજબ ત્રણ ભાગમાં વહેંચાયેલી છે. પહેલી પાયાની તાલીમ હોય છે. જે ફ્રેશ ઉમેદવારોને પ્રથમ વર્ષે પાયાની તાલીમ આપવામાં આવે છે. ૨૫૦ કરતા વધારે કામદારો ધરાવતા હોય તેવા એકમોના એપ્રેન્ટીસોને પાયાની તાલીમ આપવાની જવાબદારી જે તે એકમની હોય છે. ૨૫૦ કરતા ઓછા કામદારો ધરાવતા એકમોના એપ્રેન્ટીસોને પાયાની તાલીમ આપવાની જવાબદારી સરકારની હોય છે જે સંબંધિત જિલ્લાની ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે આપવામાં આવતી હોય છે. બીજો તબક્કો પ્રાયોગિક તાલીમ હોય છે. આઇ.ટી.આઇ. પાસ ઉમેદવારોએ પાયાની તાલીમ લેવાની હોતી નથી પરંતુ આવા ઉમેદવારોને સીધા જ પ્રાયોગિક તાલીમ માટે એકમ ખાતે મોકલવામાં આવતા હોય છે અને ફ્રેશ ઉમેદવારોને પાયાની તાલીમ પૂર્ણ કર્યા બાદ બાકીના સમયગાળા માટે એકમ ખાતે પ્રાયોગિક તાલીમ લેવાની હોય છે. તેનો ત્રીજો તબક્કો જે ફ્રેશ ઉમેદવારોને પ્રાયોગિક તાલીમ દરમ્યાન એપ્રેન્ટીસોને સંબંધિત વ્યવસાયને અનુરૂપ અઠવાડિયામાં એક વાર અને વર્ષમાં ૫૨ દિવસ આનુષાંગિક તાલીમ લેવાની રહે છે, જે સંબંધિત જિલ્લાની ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે આપવામાં આવતી હોય છે.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે એપ્રેન્ટીસને એપ્રેન્ટીસશીપ તાલીમમાં કોણ રાખી શકે છે અથવા એપ્રેન્ટીસ કાયદા હેઠળ ઔદ્યોગિક એકમોને આવરી લેવાના ધોરણો શું છે અને એપ્રેન્ટીસ એક્ટ હેઠળ ઔદ્યોગિક એકમોને કયા વ્યવસાયમાં કે ટ્રેડમાં કેટલી બેઠકો ફાળવવી અને તે માટેના ધોરણો શું છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : નવા એપ્રેન્સીસ કાયદા મુજબ ૬ કે તેથી વધુ કર્મચારીઓ ધરાવતા સરકારી, અર્ધ સરકારી કે ખાનગી ઔદ્યોગિક એકમો માટે એપ્રેન્ટીસની ભરતી મરજીયાત છે. જયારે ૪૦ કરતા વધુ કર્મચારીઓ, એકમના ડાયરેકટરથી લઇને કરાર આધારિત તેમજ છૂટક કામગીરી કરતા કમર્ચારીઓ ધરાવતા કોઇ પણ ઔદ્યોગિક એકમે એપ્રેન્ટીસની ભરતી કરવી ફરજીયાત છે. હાલમાં ઔદ્યોગિક એકમના ડાયરેકટરથી લઇ કરાર આધારિત તેમજ છૂટક કામગીરી કરતા કમર્ચારીઓ સહિતના કુલ કર્મચારીઓની સંખ્યાના ૨.૫ ટકાથી ૧૦ ટકાની મર્યાદામાં એકમ પોતાના પસંદગીના ટ્રેડ માટે એપ્રેન્ટીસની ભરતી કરી શકે એવી જોગવાઇ કરવામાં આવી છે.

શ્રીમતી ઝંખના હિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એપ્રેન્ટીસ તાલીમ યોજના અન્વયે પરીક્ષાની પદ્ધતિ શું છે અને રાજય સરકાર તરફથી શું આપવામાં આવે છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, તાલીમનો નિયત સમય પૂર્ણ થયા બાદ વ્યવસાયિક ધંધાની તાલીમ માટેની રાષ્ટ્રીય કાઉન્સીલ તરફથી વર્ષમાં બે વાર પરીક્ષા લેવામાં આવે છે. એપ્રિલ અને ઓકટોબર માસના અંતમાં અખિલ ભારતીય વ્યાવસાયિક કસોટી યોજવામાં આવતી હોય છે. સફળ થયેલ એપ્રેન્ટીસોને જે તે વ્યવસાયનું રાષ્ટ્રીય પ્રમાણપત્ર આપવામાં આવતું હોય છે. ભારત સરકારની અને ગુજરાત રાજ્યની જગ્યાઓમાં અને સેવાઓમાં ભરતી થવા માટે આ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવતું હોય છે. એપ્રેન્ટિસ પાસેથી કોઇપણ પ્રકારની તાલીમ ફી લેવામાં આવતી નથી. પરંતુ તાલીમની સાથોસાથ એપ્રેન્ટિસને એકમ દ્વારા દર મહિને સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે. મેં અગાઉ કહ્યું તેમ પ્રથમ વર્ષે ૭૦ ટકા, બીજા વર્ષે ૮૦ ટકા અને ત્રીજા વર્ષે ૯૦ ટકા સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે. સમગ્ર ભારત દેશમાં પહેલું એવું ગુજરાત રાજ્ય છે કે જેમાં આવા એપ્રેન્ટિસને દર માસે માસિક રૂ.૧૫૦૦/– વધારાનું સ્ટાઇપેન્ડ આપીને મદદ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

### દાહોદ જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૨૪૮૩૩ શ્રી વિંછીયાભાઈ ભુરીયા (લીમખેડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લા રોજગાર કચેરીમાં કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) ૧૫૧૧૨. |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૧૮૨૫. |

શ્રી વિંછિયાભાઇ જો. ભૂરિયા : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લાની અંદર તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ નોંધાયેલ બેરોજગારોને કઇ રીતે રોજગારી પૂરી પાડવામાં આવે છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, જે બેરોજગારો નોંધાયેલા છે તેમને રોજગારી પૂરી પાડવા માટે આપણે ઔદ્યોગિક મેળાઓ કરતા હોઇએ છીએ. જે તે વિસ્તારની અંદર ભરતી મેળા કરતા હોઇએ છીએ અને એમાં ઔદ્યોગિક એકમોને કેટલા લોકોની જરૂરીયાત છે એની માહિતી મેળવીએ છીએ. જે ઔદ્યોગિક એકમો નજીક આવેલા હોય અથવા જિલ્લામાં કેટલા બેરોજગાર છે એની માહિતી મેળવી તેને કામ મેળવવું હોય તો તે તમામ લોકોને એક જગ્યાએ ભેગા કરવામાં આવતા હોય છે. આમ આ દાહોદ જિલ્લાની અંદર વર્ષ ૨૦૧૫ માં ૧૪ જેટલા ભરતી મેળા કરવામાં આવેલ છે અને એમાં ૧૫૧૬ ઉમેદવારો હાજર રહ્યા હતા અને ૩૨ ઔદ્યોગિક એકમો નોકરી દાતા તરીકે હાજર રહી ૮૯૫ યુવાનોને રોજગારી આપવામાં આવી હતી.

## તારાંકિત પ્રશ્નો

રોજગારવાંચ્છુઓને જરૂરી વ્યવસાયિક માર્ગદર્શન આપવા માટે ૨૦૧૫–૧૬માં ૪ કારકિર્દી વાર્તાલાપ, ૧૬૮ જૂથ વાર્તાલાપ કરવામાં આવ્યા હતા અને એમાં ૨૧૮૪ ઉમેદવારોને રોજગારી કઇ રીતે મળી શકે તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બીજું, આપણે સ્વરોજગાર શિબિરોનું આયોજન કરતા હોઇએ છીએ. તેમાં અલગ અલગ ખાતાઓ દ્વારા લોન સહાય અપાવીને સ્વરોજગારી આપવામાં આવે છે. દાહોદ જિલ્લામાં આવી ૨૫ શિબિરો યોજી અને ૧૬૧૨ ઉમેદવારોને સ્વરોજગારી માટે રૂ.૧૦૬.૪૧ લાખની લોન મેળવવામાં સહાય કરવામાં આવી. આ ઉપરાંત શાળા કોલેજોમાં ૭૩ કેરિયર કોર્નર કાર્યરત છે. એમાં ભણતા વિદ્યાર્થીઓને અભ્યાસ પૂરો કરીને રોજગારી મળે તે માટે માર્ગદર્શન આપવામાં આવતું હોય છે. સંરક્ષણ ક્ષેત્રે યુવાનોને રોજગારી મળી શકે તે માટે ૩૦ દિવસની નિવાસી તાલીમનું આયોજન કરવામાં આવતું હોય છે. વર્ષ ૨૦૧૫માં ૬ વર્ગો કરી ૧૮૦ યુવાનોને રોજગારી અપાવવામાં આપણને સફળતા મળી છે. આ ઉપરાંત જે યુવાનો વિદેશ જવા માગતા હોય, ત્યાં રોજગારી અને ઉચ્ચ અભ્યાસ માટે ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ એન્ડ કેરિયર સેન્ટર વડોદરા અને દાહોદ જિલ્લા રોજગાર કચેરી દ્વારા દાહોદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં આવા ૩ સેમીનાર યોજીને ૨૩૭ ઉમેદવારોને માર્ગદર્શન આપવામાં આવેલ છે.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં જાતિવાર કેટલા બેરોજગાર નોંધાયેલા છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લામાં તારીખ. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જે રોજગારી આપવામાં આવી એમાં અનુસૂચિત જાતિના ૯૩૩ ઉમેદવારો, અનુસૂચિત જનજાતિના ૯૭૪૦ ઉમેદવારો, બક્ષીપંચના ૨૯૭૧, ઓ.બી.સી.ના ૧૪, અન્ય ૧૪૫૪ આમ કુલ મળીને ૧૫૧૧૨ બેરોજગારો નોંધવામાં આવેલ છે.

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે દાહોદ જિલ્લામાં નોંધાયેલા બેરોજગારો પૈકી શિક્ષિત અને અર્ધશિક્ષિતની સંખ્યા કેટલી છે અને તેમાંથી કેટલા શિક્ષિત અને કેટલા અર્ધશિક્ષિતને રોજગારી આપવામાં આવી છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લામાં નોંધાયેલા બેરોજગારો પૈકી શિક્ષિત ૧૪૮૦૧ ઉમેદવારો નોંધાયા છે તથા અર્ધશિક્ષિત ૩૧૧ બેરોજગાર નોંધવામાં આવ્યા છે અને તેમાંથી વર્ષ ૨૦૧૪–૧૫ની સ્થિતિએ ૧૪૮૦૦ શિક્ષિત નોંધાયા છે એ પૈકી ૧૬૦૬ લોકોને રોજગારી આપવામાં આવી છે અને અર્ધશિક્ષિતમાં ૨૧૯ બેરોજગારો મળી કુલ ૧૮૨૫ લોકોને રોજગારી આપવામાં આવી છે.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ પંચાયત વિસ્તારની અંદર ૬૫–ખ સરકારની જે યોજના છે એના કારણે એ ગ્રામ પંચાયતની અંદર ઉદ્યોગો ઘણા બધા આવી ગયા છે તો એવા ઉદ્યોગો ગ્રામ પંચાયતમાં આવે છે તો એ ગ્રામ પંચાયતની અંદર શિક્ષિત બેરોજગારોને ૮૫ ટકા ભરતી માટે સરકારની જે નીતિ છે એમાં સ્પેશીયલ કેટેગરીમાં લેવા માગો છો કે કેમ?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

### ખેડા જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળા

* ૨૪૭૬૪ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૨૮. |
| (૨) ઉકત ભરતી મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૪૮૭૩. |

શ્રી કેસરીસિંહ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે ખેડા જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળા કઇ રીતે યોજવામાં આવે છે તથા આવા ભરતી મેળાને કારણે ગુજરાત રાજયને રોજગારી ક્ષેત્રે શું ફાયદા થાય છે અને દેશમાં ગુજરાત કયા ક્રમે છે.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, રોજગાર કચેરીના વિસ્તારમાં ઔદ્યોગિક એકમોની ખાલી જગ્યાઓની વિગતો મેળવવામાં આવે છે. આવા નોકરીદાતાઓને અનુકૂળ સમય અને સ્થળ નકકી કરવામાં આવે છે અને આ ઉમેદવારોને કોલ લેટર આપીને ભરતી મેળામાં હાજર રહેવા માટે કોલ લેટર આપવામાં આવે છે. કોલ લેટર આપીએ છીએ એમાં પણ બેરોજગારોને આવવામાં કોઇ તકલીફ ના પડે એના માટે એસ.ટી.ની ફ્રી ઓફ કુપન પણ મોકલવામાં આવે છે. ત્યારબાદ ભરતી મેળાના સ્થળે નાના પાયાનું ફંકશન કરવામાં આવે છે એટલે રોજગારવાંચ્છુઓ અને એકમોનો પરિચય ટૂંકમાં કરાવવામાં આવે છે અને એમના ઇન્ટર્વ્યૂ કરવામાં આવતા હોય છે. રાજય સરકારના રોજગાર વિભાગે રોજગાર કચેરીના દફતરે નોંધાયેલ ઉમેદવારોને રોજગારીની વધુ તકો પ્રાપ્ત બને તે માટે રોજગાર સેવાના વ્યાપને વધારીને ખાનગી બેંકો, ખાનગી વીમા કંપનીઓ, કોલ સેન્ટરો, સીકયોરીટી કોન્ટ્રાકટર, માર્કેટીંગ તથા સર્વીસ સેકટરમાંથી પ્રાપ્ત થતી રોજગારીની તકો તરફ ધ્યાન કેન્દ્રિત કરીને આવા ક્ષેત્રમાં રહેલી ખાલી જગ્યાઓ મેળવીને બેરોજગારો વધુમાં વધુ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવાનો એક

## તારાંકિત પ્રશ્નો

નવો ચીલો ચાતરીને રોજગાર સેવા માટે સીમાચિન્હ રૂપ સિદ્ધિઓ ગુજરાતે હાંસલ કરી છે. ઔદ્યોગિક ભરતી મેળાઓનો આ નવતર અભિગમ ખૂબ જ સફળ પૂરવાર થયેલ છે. રાજ્ય સરકાર દ્વારા ગુજરાતમાં ઉદ્યોગકારોને મૂડીરોકાણ માટે પ્રોત્સાહિત કરવાના પ્રયાસોના કારણે થયેલ ઔદ્યોગિક મૂડીરોકાણના પરીણામે રોજગારીની વિપુલ તકો નિર્માણ પામેલ છે જેનો લાભ રાજયોના બેરોજગાર ઉમેદવારોને અત્યારે થઇ રહ્યો છે. રાજ્યના બેરોજગાર ઉમેદવારોને ઔદ્યોગિક ભરતી મેળાઓના માધ્યમથી રોજગારી પૂરી પાડવા માટે કરેલ પ્રસંશનીય કામગીરીના પરિણામે ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા પ્રસિદ્ધ થયેલ આંકડાઓ મુજબ ૨૦૦૨થી રોજગારી પુરી પાડવામાં સમગ્ર દેશમાં ગુજરાત સતત પ્રથમ ક્રમાંકે રહેલ છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જ્યારે આ દેશમાં આ રાજ્ય રોજગારી આપવામાં અગ્રેસર છે ત્યારે આ ઔદ્યોગિક ભરતી મેળાનું મૉડેલ એટલું સફળ થયું કે બીજા રાજ્યના લોકો પણ આ મૉડેલને જોવા અને સમજવા આવતા હશે તો આવા કયા કયા લોકો આ રાજ્યમાં આવ્યા છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : ગુજરાત આજે મૉડેલ સ્ટેટ તરીકે વિકસી રહ્યું છે અને સમગ્ર ભારતમાં ગુજરાત આગળ વધી રહ્યું છે એ જોઇ દેશના ઘણા લોકો ગુજરાત મૉડેલ જોવા માટે અને અભ્યાસ કરવા માટે આવતા હોય છે.

શ્રી રોહિતભાઇ જ. પટેલ : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવાની અપેક્ષા રાખું છું કે, ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા ભરતી મેળાઓ થયા અને દરેક તાલુકાવાર કેટલાને રોજગારી મળી?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : ખેડા જિલ્લામાં જે ૨૮ ભરતી મેળાઓ થયા એમાં નડિયાદમાં ૧૪ ભરતી મેળા થયા એમાં ૧૧૭૨ ઉમેદવારોને રોજગારી મળી. મહેમદાવાદની અંદર ૧ ભરતી મેળો થયો અને ૩૯૪ ઉમેદવારોને રોજગારી આપવાનું કામ થયું. કઠલાલની અંદર ૧ ભરતી મેળો થયો અને ૩૪૯ ઉમેદવારોને રોજગારી આપવામાં આવી. કપડવંજની અંદર ૧ ભરતી મેળો થયો અને ૨૮૦ લોકોને રોજગારી આપવાની કામગીરી થઇ. ખેડામાં ૨ ભરતી મેળાઓ થયા અને એમાં ૩૭૨ ઉમેદવારોને રોજગારી આપવામાં આવી. માતરમાં ૩ ભરતી મેળાઓ થયા અને ૨૧૧ લોકોને રોજગારી આપવાનું કામ થયું. ઠાસરામાં ૧ ભરતી મેળો થયો અને ૪૨૬ લોકોને રોજગારી આપી. ગલતેશ્વરમાં ૧ ભરતી મેળો થયો અને ૪૫૭ લોકોને રોજગારી અપાઇ. મહુધામાં ૧ ભરતી મેળો થયો અને ૩૫૪ લોકોને રોજગારી આપી. વસોમાં ૩ ભરતી મેળાઓ થયા અને એમાં ૮૫૮ લોકોને રોજગારી આપવામાં આવી. આમ, ખેડા જિલ્લામાં કુલ ૨૮ ભરતી મેળાઓ થયા એમાં ૪૮૭૩ લોકોને રોજગારી આપવામાં આવી છે.

શ્રી રાજેન્દ્ર સૂ. ત્રિવેદી : આ સરકારની સારી કામગીરી કોઇને દેખાય કે ન દેખાય કે પછી વોક આઉટ કરે. આ ઔદ્યોગિક ભરતી મેળાઓ થયા એના આયોજનનો ખર્ચ શું થયો એટલું જ જાણવું છે.

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : આમાં બીજો કોઇ ખર્ચ કરવામાં આવતો નથી. પરંતુ આ ભરતી મેળાઓમાં જે ઉમેદવારોને આપણે બોલાવીએ છીએ એમાં આવવાનો એમને ખર્ચ ન થાય એટલે કોલ લેટરની સાથે આપણે એસ.ટી.ની ફ્રી કૂપન આપીએ છીએ. જો એ આ કૂપનનો ઉપયોગ કરે તો એ ખર્ચ આપણે ભોગવવો પડે છે.

### અંબાજી યાત્રાધામ ખાતે ગ્રીનીસ બુક રેકોર્ડ

* ૨૪૮૫૦ શ્રી વલ્લભભાઈ કાકડીયા (ઠક્કરબાપાનગર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ–૨૦૧૫માં અંબાજી યાત્રાધામ ખાતે કોઈ બાબતો માટે ગ્રીનીસ બુકના રેકોર્ડમાં સ્થાન મળેલ છે કે કેમ, અને | (૧) અને (૨) હા, જી.<br>વર્ષ–૨૦૧૫માં અંબાજી યાત્રાધામ ખાતે નીચે જણાવેલ બે બાબતો માટે ગ્રીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટને સ્થાન મળેલ છે.<br>(૧) ૧૧૧૧૫ કિલો ગ્રામનો લાડુનો રોકોર્ડ શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા તા.૨૪–૦૯–૨૦૧૫ના રોજ નોંધાયેલ છે.<br>(૨) ૧૯.૫૧ મીટર (૬૪ ફુટ અને ૧ ઈંચ) લાંબી અગરબત્તીનો રેકોર્ડ શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા તા.૧૭–૧૦–૨૦૧૫ના રોજ નોંધાયેલ છે. |

શ્રી વલ્લભભાઇ ગો. કાકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારના પ્રયત્નોથી મા અંબાના ધામ અંબાજી ખાતે પર શકિતપીઠની સ્થાપના કરવાથી બધા જ લોકો એક જ જગ્યા ઉપર દર્શનનો લાભ લઇ શકે છે એ બદલ રાજ્ય સરકારને અભિનંદન આપું છું. અંબાજી ખાતે બે કામો માટે જે ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધ થયેલ છે એની વિશિષ્ટતા શું છે અને કોનો રેકોર્ડ બ્રેક કર્યો છે તેમજ અંબાજી ખાતે યાત્રાળુઓની સુવિધા માટે ભવિષ્યમાં કોઇ આયોજન વિચારેલ છે કે કેમ?

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનું ગૌરવ અને વિશ્વ વિખ્યાત સુપ્રસિદ્ધ શકિતપીઠ એવું અંબાજી માતાનું મંદિર એ ગુજરાત માટે ગૌરવ છે. આ યાત્રાધામની અંદર વહિવટીતંત્ર દ્વારા તા.૧૭–૧૦–૨૦૧૫ ના રોજ ૬૪

ફૂટ અને ૧ ઇંચ લાંબી અગરબત્તી અંબાજી મંદિરના ચાંચરચોકની અંદર ધાર્મિક વિધિ સાથે પ્રજ્વલિત કરીને ગીનીસ બુકની અંદર વર્લ્ડ  રેકોર્ડ સ્થાપિત કર્યો છે. આની અંદર વિવિધ પ્રકારની બધી વસ્તુઓ વાપરી છે. તે જ પ્રમાણે અંબાજી ખાતે ૧૧૧૧૫ કિલો ગ્રામનો લાડુ બનાવીને એને પણ ગીનીસ બુક ઓફ વર્લ્ડ  રેકોર્ડની અંદર સ્થાન પ્રાપ્ત થયું છે. અગાઉ જામનગર ખાતે ડગડુ શેઠ ગપણપતિ મહોત્સવ કમિટી દ્વારા ૫૧ ફૂટ લાંબી અગરબત્તી હતી એનો આપણે રેકોર્ડ બ્રેક કર્યો છે અને એ પ્રમાણે લાડુમાં તાપેશ્વરમ્ આંધ્રપ્રદેશ ખાતે એક એસ.વેંકટેશ્વર દ્વારા ગણેશ ઉત્સવમાં ૮૩૬૯ કિલો ગ્રામનો લાડુ હતો એનો આપણે રેકોર્ડ બ્રેક કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ અંબાજી મંદિર એવું છે કે, જ્યાં ૨૦૦૯–૧૦માં ૧ કરોડ ૭૦ લાખ જેટલા યાત્રાળુઓ આવતા હતા પણ રાજ્ય સરકારે આ સ્થાનની અંદર સુવિધાઓમાં વધારો કર્યો, ૫૧ શક્તિપીઠ કર્યુ એના કારણે આજે અંબાજી મંદિરની અંદર ૨ કરોડ ૩૯ લાખ કરતા પણ વધારે યાત્રાળુઓ આવ્યાં હતા. માનનીય અધ્યક્ષશ્રી, એમણે એક બીજો પ્રશ્ન પણ કર્યો છે ભાવી આયોજનનો. અંબાજી મંદિરની અંદર આજ સુધીમાં ૨૧૫ કરોડ રૂપિયાના વિકાસના કામો પરિપૂર્ણ કર્યા છે અને રાજ્ય સરકારે આગામી દિવસોમાં જે આયોજન કર્યા છે એમાં ગબ્બર ચઢવા–ઉતરવાના પગથિયાંના રિનોવેશન માટે ૨૦ કરોડ, અંબિકા ભોજનાલય અને પ્રસાદ માટે ૧૮.૬૦ કરોડ, અંબાજી મંદિરમાં નવેસરથી મારબલ અને એના ફ્લોરિંગ માટે ૩.૩૮ કરોડ, ૫૧ શક્તિપીઠ માટે રંગબેરંગી રોશની ૨.૩૧ કરોડ, સંસ્કૃત્ત મહાવિદ્યાલય અને છાત્રાલય માટે ૨૬.૪૦ કરોડ આમ જુદા જુદા વિષય આપણે ગણીએ તો ૮૩ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ  અંબાજીના ભાવિ આયોજન માટે રાજ્ય સરકાર દ્વારા આકાર લઇ રહ્યાં છે.

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશમાં કુંભમેળા પછીનું યાત્રિકોની દ્રષ્ટિએ વધારેમાં વધારે સંખ્યા ધરાવતું અંબાજી યાત્રાધામ તીર્થ સ્થાન છે. જ્યારે અંબાજીમાં ૧૧૧૧૫ કિલો ગ્રામનો લાડુ અને ૬૪ ફૂટ અને ૧ ઇંચ લાંબી અગરબત્તીને જ્યારે ગ્રીનીસ બુક ઓફ વર્લ્ડ  રેકોર્ડની અંદર સ્થાન મળ્યું છે ત્યારે આપના મારફત મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, ચાલુ સાલે ૨૦૧૫ની ભાદરવી પુનમના મેળામાં કેટલા યાત્રાળુઓ આવ્યા હતા? આ યાત્રાળુઓ માટે વહિવટી તંત્ર, યાત્રાધામ વિકાસ બોર્ડ અને આરાસુરી અંબાજી મંદિર ટ્રસ્ટના માધ્યમથી શું સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી હતી અને સાથે સાથે આની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, અંબાજીનો ભાદરવી પુનમનો મેળો એ સમગ્ર દેશની અંદર અને એના દર્શન કરવા માટે સમગ્ર દેશભરમાંથી યાત્રાળુઓ એક શ્રધ્ધા અને આસ્થાથી આવતા હોય છે. આમાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે અને માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એ પ્રમાણે ભાદરવી પુનમના મેળામાં ૨૦૧૫માં ૨૮,૯૨,૩૦૯ જેટલા યાત્રાળુઓ આવ્યા હતા. એની અંદર ભેટ કેન્દ્રો, લગેજ કેન્દ્રો, પગરખા કેન્દ્ર, પદયાત્રીઓ માટે વિસામા, પીવાના પાણી, સ્વચ્છતા, લાઇટ, આ યાત્રાળુઓને વિનામૂલ્યે ભોજન, એની સુરક્ષા માટે કન્ટ્રોલરૂમ, વોચ ટાવર અને રાજ્યભરમાંથી આવતા યાત્રાળુઓને યાત્રા સ્થાન સુધી પહોંચાડવા માટે એસ.ટી.બસો અને આ સમગ્ર વ્યવસ્થા પાછળ ૩ કરોડ ૮૦ લાખ જેટલો ખર્ચો કરવામાં આવ્યો છે. જેના માધ્યમથી આ ૩ કરોડ ૮૦ લાખ વિશિષ્ઠ જુદી જુદી સુવિધાઓ, વિશ્રામ  માટે સ્વયં સેવકો માટે મેળાઓ દરમિયાન જે જુદી જુદી વ્યવસ્થાઓ કરવામાં આવે છે, તેનું લિસ્ટ લાંબુ છે. પરંતુ આમ એના માટે આ વ્યવસ્થા કરવામાં આવી છે.

ઉપાધ્યક્ષશ્રી : ટેબલ ઉપર મૂકી દેજો.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો બે દિવસ બાદ હોળી છે તો આપને બધાને હોળી અને ધૂળેટીની શુભકામનાઓ. અંબાજી માતાજીનું મંદિર એ ઉત્તર ગુજરાતનું એક પ્રાચીન મંદિર, ઉત્તર ગુજરાત અને આખા દેશની આસ્થા ત્યાં જોડાયેલી છે અને મંદિરનો જે ઘુમ્મટ છે એને જ્યારે સોનાથી મઢવામાં આવી રહ્યો છે ત્યારે એ સોનું ટ્રસ્ટ દ્વારા ખરીદવામાં આવે છે કે કોઇ દાતા દ્વારા મળ્યું છે ? અને મારો બીજો પ્રશ્ન એ છે કે, જ્યારે વિધાનસભા ચાલતી હોય ત્યારે માનનીય મંત્રીશ્રી બધાને અંબાજીના દર્શન કરવા લઇ જવા માગે છે કે કેમ?

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપણા સૌના ઉપર માં અંબાના આશીર્વાદ છે એટલે આપણને આ ગુજરાતની સેવા કરવા માટેની તક મળી છે. અને આ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૫૧ શક્તિપીઠ એક જ જન્મમાં, એક જ સાથે અને એક જ સમયે દર્શન કરવાનો આ દેશના કરોડો હિન્દુઓને જે લાભ અપાવ્યો એના કારણે એમને પણ આ દેશના વડાપ્રધાન બનવા માટેની તક મળી છે. એમણે જે શિખર અને સોના અંગેની વાત કરી તો, અંબાજી માતાના મંદિરનું આ શિખર એ ૬૧ ફૂટની ઊંચાઇ ધરાવે છે. આ ૬૧ ફૂટની ઊંચાઇના સમગ્ર શિખરને સોનાથી મઢવા માટે ૧૪૦ કિલો ગ્રામ સોનાની આવશ્યકતા છે.

આ ૬૧ ફૂટની અંદર અત્યાર સુધીમાં ૪૧ ફૂટની કામગીરી પૂર્ણ થઇ છે અને એની અંદર ૧૪૦ કિલો સોનાની જરૂરિયાતમાં દાતાઓ તરફથી ૧૦૦ કિલો અને ૮૪૨ ગ્રામ સોનું આપણને ઉપલ્બધ થયેલ છે. કુલ ૬૧ ફૂટની ઊંચાઇમાં સુવર્ણમય કરવા માટે હવે માત્ર ૪૦ કિલો ગ્રામ સોનાની જરૂર છે. તો હું સભાગૃહના સૌ સભ્યશ્રીઓને અપીલ કરું છું કે, આપના માધ્યમથી પણ દાતા બનીને માં અંબાની સેવા માટે આપ પણ નાનું મોટું દાન કરીને માં અંબાના આશીર્વાદ મેળવો અને એના માટે આપે દર્શન કરવા માટે આવવું હોય તો ગમે ત્યારે આવો એની વ્યવસ્થા કરવા માટે અંબાજી આરાસુર ટ્રસ્ટ આપના માટે હર હંમેશ તૈયાર છે.

ઉપાધ્યક્ષશ્રી : અશોકભાઇ આપે હોળી અને ધૂળેટીની શુભેચ્છાઓ આપી. આપણે અહીંયાથી પણ બધાને શુભેચ્છાઓ પાઠવીએ છીએ,  પણ એની સાથે સાથે એક વિનંતી છે કે, પાણીનો વધારે બગાડ ન થાય એની કાળજી રાખશો.

શ્રી રાજેન્દ્ર સૂ. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આપે યાદ કરાવ્યું હોળી–ધૂળેટીનું પર્વ,  પણ માનનીય અધ્યક્ષશ્રી, આવતી કાલે સંજોગની બાબત એવી છે કે, કાલે હોળી અને શહીદ વીર ભગતસિંહ, રાજ્યગુરુ જેવા બીજા શહીદોનો શહીદી દિવસ તરીકે આપણે ઉજવીએ છીએ ત્યારે આપે જે રંગોની વાત કરી એમાં ભગવા રંગથી હોળી રમાય એવી મારી આપ સૌને, ગુજરાતની પ્રજાને અપીલ.

માનનીય અધ્યક્ષશ્રી, કરોડો હિન્દુઓના શ્રદ્ધા અને આસ્થાના પ્રતિક એવા માં અંબાજીમાં જે ૫૧ શક્તિપીઠ બનાવવામાં આવ્યું

છે, એ ૫૧ શક્તિપીઠ પ્રોજેક્ટની વિશેષતાઓ શું અને તેના માટે કુલ ખર્ચ કેટલો કરવામાં આવ્યો ?

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપણા સૌનું આસ્થા કેન્દ્ર એ શક્તિપીઠો સાથે સંકળાયેલું છે અને આ શક્તિપીઠોમાં ૫૧ જેટલા શક્તિપીઠો છે એ અત્યારે દેશના જુદા જુદા રાજ્યોની અંદર આવેલા છે અને પડોશી દેશોમાં પણ ૮ જેટલા શક્તિપીઠો આવેલા છે. હવે આ એકાવને એકાવન શક્તિપીઠનું દરેક હિન્દુના મનમાં એક સ્થાન હોય છે કે પોતાના આખા જન્મની અંદર એને ૫૧ શક્તિપીઠ અને ચાર ધામના દર્શન કરવા માટેનો લાહવો મળે. આ એમની આસ્થા અને આસ્થાને એક સાથે દર્શન સ્વરૂપે આપણે એકત્રીત કરીને એનો લાભ મળે એના માટે ૫૧ શક્તિપીઠ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા ફેબ્રુઆરી, ૨૦૧૪માં ૬૧.૫૭ કરોડના ખર્ચે અંબાજી ખાતે પરિપૂર્ણ કરવામાં આવ્યું હતું. આની ૨૮૫૦ રનીંગ મીટર લંબાઇ છે. ૧૮૫૩ જેટલા પગથીયા છે. ૫૧ શક્તિ પીઠ પરિક્રમામાં ગબ્બરની તળેટીના મુખ્ય ભાગથી પરત આવી શકાય એ બધા જ ભાગની અંદર અનેકવિધ વ્યવસ્થા કરવામાં આવી છે.

### પંચમહાલ જિલ્લામાં માનવ ગરીમા યોજના

* ૨૪૮૦૮ શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ માનવ ગરીમા યોજના હેઠળ પંચમહાલ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬માં વિકસતી જાતિની કેટલી અરજીઓ મળી, | (૧) ૫૩૩. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૫૩૩. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી કિટ્સ વિતરણ કરવામાં આવી ? | (૩) ૫૩૩. |

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, માનવ ગરીમા યોજના હેઠળ પંચમહાલ જિલ્લામાં ૫૩૩ અરજીઓ મળી, ૫૩૩ અરજી મંજૂર કરી અને ૫૩૩ કીટનું વિતરણ કરવામાં આવ્યું. આ એક ગતિશીલ ગુજરાત સરકારનો નમૂનો છે. આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે માનવ ગરીમા યોજનાનો હેતુ શું છે અને માનવ ગરીમા યોજનાનો અમલ કઇ રીતે કરવામાં આવે છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકો પોતે આર્થિક સદ્ધર થાય, પગભર થાય એના માટે માનવ ગરીમાની કીટ એ પોતે રોજગારી મેળવી શકે એ હેતુસર એને આપવામાં આવે છે. આ અંગે તાલુકા સમાજ કલ્યાણ નિરિક્ષક એના પોતાના અભિપ્રાય સાથે જિલ્લાની વડી કચેરીએ મોકલે છે અને જિલ્લાની વડી કચેરી એની પાત્રતા પ્રમાણે મંજૂર, નામંજૂરની અરજીનો નિર્ણય કરે છે.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે માનવ ગરીમા યોજનાનો લાભ મેળવવા માટેની પાત્રતાના ધોરણો શું હોય છે? અને માનવ ગરીમા યોજનાનો લાભ મેળવવા માગતી વ્યકિતએ કઇ જગ્યાએ અરજી કરવાની હોય છે અને બીજું એ પૂછવા માગું છું કે માનવ ગરીમા યોજના સાથે શું આધાર પુરાવા જોડવા જરૂરી હોય છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, વિકસતી જાતિના લાભાર્થી હોવું એ ફરજીયાત છે. ગ્રામ્ય વિસ્તારનો લાભાર્થી હોય તો એની આવક મર્યાદા ૪૭૦૦૦ અને શહેરી વિસ્તારનો લાભાર્થી હોય તો એની ૬૮૦૦૦ની આવક મર્યાદા હોય છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની અંદર કુલ ૧૪૬ જ્ઞાતિઓ આવેલી છે. આ પૈકી ૪૦ જ્ઞાતિઓ જેને વિચરતી અને વિમુકત જાતિઓ કહેવામાં આવે છે. એ અતિ પછાત જાતિઓ માટે આ આવકની મર્યાદાનું કોઇ ધોરણ રાખવામાં આવ્યું નથી. એની ગમે તેટલી આવક હોય તો પણ આ માનવ ગરીમાની કીટ એને આપવામાં આવે છે. મેં કહ્યું એ પ્રમાણે સમાજ કલ્યાણ નિરિક્ષક દ્વારા એની અરજી તાલુકા કક્ષાએથી મળે છે, જિલ્લા વડી કચેરીથી પણ મળે છે અને એના અભિપ્રાય સાથે જે જોડવાના પુરાવા હોય છે એને સામાજિક, શૈક્ષણિક પછાત જાતિનો જે દાખલો હોય એ દાખલો જોડવાનો હોય છે, મામલતદારશ્રીનું આવકનું પ્રમાણપત્ર જોડવાનું હોય છે. એ પોતે કોઇ વ્યવસાય કરતા હોય તો એ વ્યવસાયનું પ્રમાણપત્ર પણ આપવાનું હોય છે જે તલાટી કમ મંત્રી આપે છે. એ પોતે રહેઠાણનો પુરાવો, એમની પાસે ચૂંટણી કાર્ડ હોય અથવા રેશનીંગ કાર્ડ હોય અથવા એના આધારભૂત જે કોઇ પુરાવા હોય એ પુરાવા એમણે આપવાના હોય છે.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આ કીટની ખરીદી કોના દ્વારા કરવામાં આવે છે અને કીટની ખરીદીથી લાભાર્થી સુધી કઇ રીતે પહોંચાડવામાં આવે છે તથા આ આયોજન હેઠળ આપવામાં આવતી અલગ અલગ કીટની કિંમત શું છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારનું નિગમ એટલે ગ્રીમકો જે પણ કોઇ ખરીદી કરવામાં આવે છે એ ગ્રીમકોના માધ્યમથી કરવામાં આવે છે અને આ જે કીટ છે વચેટીયાઓને દૂર કરીને ભ્રષ્ટાચાર દૂર થાય એટલા માટે રાજય સરકાર જયારે ગરીબ કલ્યાણ મેળા કરે છે એ વખતે હાથોહાથ જે તે લાભાર્થીઓને આ લાભ આપવામાં આવે છે. ૨૩ પ્રકારની કીટ આ ગરીબ કલ્યાણ મેળામાં આપવામાં આવે છે અને દરેકની કિંમત જુદીજુદી છે પરંતુ ૬૦૦૦ રૂપિયાની મર્યાદા સુધી આ કીટનું વિતરણ કરવામાં આવે છે.

ઉપાધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નોત્તરી

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### રાજ્યમાં વાહનોની ચકાસણી માટે ફિટનેસ સેન્ટર

* ૨૪૭૯૦ શ્રી હર્ષ સંઘવી (મજુરા) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં વાહનોની યોગ્ય યાંત્રિક ચકાસણી માટે ફીટનેસ સેન્ટર ક્યાં સ્થાપવામાં આવનાર છે, અને | (૧) રાજ્યમાં વાહનોની યોગ્ય યાંત્રિક ચકાસણી માટે નીચેના જિલ્લામાં ફીટનેશ સેન્ટર સ્થાપવામાં આવનાર છે.<br>૧. સુરત<br>૨. અમદાવાદ<br>૩. કચ્છ<br>૪. વડોદરા<br>૫. બનાસકાંઠા<br>૬. રાજકોટ |
| (૨) તેના માટે રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૩૧ જાન્યુઆરી–૨૦૧૬ અંતિત શું પગલાં લીધેલ છે ? | (૨) (૧) સુરત ફીટનેશ સેન્ટર બાંધકામની કામગીરી ચાલુમાં છે અને ટૂંક સમયમાં ફીટનેશ સેન્ટર કાર્યરત થશે.<br>(૨) અમદાવાદ, કચ્છ, વડોદરા અને રાજકોટ |

જિલ્લામાં જમીન મળેલ છે. અને બાંધકામના નકશા/અંદાજો બનાવવાની કામગીરી ચાલુ છે.

(૩) બનાસકાંઠા જિલ્લામાં જમીન મેળવવાની કાર્યવાહી ચાલુ છે.

---------

ભાવનગર જિલ્લામાં મહિલા તાલીમાર્થીઓને સાયકલ

* ૨૪૭૯૮ શ્રીમતી વિભાવરીબેન દવે (ભાવનગર પૂર્વ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વિદ્યાસાધના યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૪–૧૫ માં ભાવનગર જિલ્લામાં કેટલી મહિલા તાલીમાર્થીઓને સાયકલ ભેટ આપવામાં આવી, અને

(૨) તા.૩૧–૩–૨૦૧૫ની સ્થિતિએ કેટલી મહિલા તાલીમાર્થીઓને સાયકલ ભેટ આપવાની બાકી છે ?

જવાબ

(૧) ૧૧૪.

(૨) એકપણ નહીં.

---------

પ્રશ્નની વિગત સબ–જ્યુડિશ હોઇ માનનીય મંત્રીશ્રીની વિનંતીથી પ્રશ્ન રદ કરવામાં આવેલ છે.

---------

મહીસાગર જિલ્લામાં હેન્ડપંપોની દરખાસ્તો

* ૨૫૧૧૯ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં તાલુકાવાર છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલા નવા હેન્ડપંપ નાખવાની દરખાસ્તો મળી,

(૨) તે અન્વયે ઉકત તાલુકાવાર, વર્ષવાર કેટલા નવા હેન્ડ પંપ નાખવામાં આવ્યા, અને

(૩) ઉકત સ્થિતિએ કેટલી માંગણીઓ પડતર છે અને તેનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

જવાબ

(૧) અને (૨) નીચેની વિગતે.

| તાલુકો | નવા હેન્ડપંપ માટે મળેલ દરખાસ્ત | | | નવા હેન્ડપંપ નાખવામાં આવ્યા | | |
|---|---|---|---|---|---|---|
| વર્ષ | ૨૦૧૪ | ૨૦૧૫ | કુલ | ૨૦૧૪ | ૨૦૧૫ | કુલ |
| લુણાવાડા | ૩૨૬ | ૪૧૮ | ૭૪૪ | ૨૫૪ | ૩૪૬ | ૬૦૦ |
| ખાનપુર | ૧૩૭ | ૨૭૯ | ૪૧૬ | ૭૮ | ૧૩૭ | ૨૧૫ |
| સંતરામપુર | ૩૫૩ | ૫૫૫ | ૯૦૮ | ૧૮૩ | ૧૬૭ | ૩૫૦ |
| કડાણા | ૪૫૭ | ૮૮૬ | ૧૩૪૩ | ૧૮૦ | ૨૪૧ | ૪૨૧ |
| બાલાસિનોર | ૨૦૫ | ૯૯ | ૩૦૪ | ૫૧ | ૩૪ | ૮૫ |
| વિરપુર | ૨૨૩ | ૧૫૬ | ૩૭૯ | ૧૭૩ | ૫ | ૧૭૮ |
| કુલ | ૧૭૦૧ | ૨૩૯૩ | ૪૦૯૪ | ૯૧૯ | ૯૩૦ | ૧૮૪૯ |

(૩) કુલ મળેલ દરખાસ્ત પૈકી ૯૯૦ દરખાસ્તમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ હોય રદ થયેલ છે. ૧૨૫૫ માંગણીઓ પડતર છે. જે ક્રમશઃ માર્ચ ૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

જામનગર શહેરના બેરોજગારોને રોજગારી

* ૨૬૩૫૪ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જામનગર શહેરમાં નોંધાયેલ બેરોજગારોને રોજગારી મળે તે માટે છેલ્લા બે વર્ષમાં શાં પગલાં લેવામાં આવ્યા, અને

જવાબ

(૧) આ અંગે નીચે દર્શાવ્યા મુજબની કામગીરી કરેલ છે.

- રોજગાર કચેરી ખાતે રોજગાર વાંચ્છું ઉમેદવારોની ઓનલાઈન નામ નોંધણી કરવામાં આવે છે.
- નોકરીદાતાઓની માંગણી મુજબ નોંધાયેલ ઉમેદવારોની ભલામણ કરવામાં આવે છે.
- ઉમેદવારોને રોજગારીની તક પૂરી પાડવા માટે નોકરીદાતાઓ સાથે સંકલન કરીને ઔદ્યોગિક ભરતીમેળાઓનું આયોજન કરવામાં આવે છે.
- સંરક્ષણ દળો માટેના લશ્કરી ભરતી મેળાઓનું આયોજન કરવામાં આવે છે, અને તે માટે તાલીમ વર્ગોનું સંચાલન કરવામાં આવે છે.

- સ્વરોજગાર શિબિરો, શાળા કોલેજોમાં કેરીયર કોર્નરના વર્ગો, સ્પર્ધાત્મક પરીક્ષા માટેના તાલીમ વર્ગો વિગેરે દ્વારા પરોક્ષ રીતે રોજગારી અપાવવા સરકારશ્રી મદદરૂપ થાય છે.
- તજજ્ઞ કેરીયર કાઉન્સેલર દ્વારા કારકિર્દી તેમજ રોજગારલક્ષી માર્ગદર્શન પુરું પાડવામાં આવે છે.
- આ ઉપરાંત ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં લાંબા અને ટૂંકા ગાળાના તાલીમ વર્ગો ચલાવીને યુવાનોની રોજગાર ક્ષમતા (કૌશલ્ય વર્ધન) વધારવા અંગેની કામગીરી કરવામાં આવે છે.

(૨) તે અન્વયે કેટલા બેરોજગારોને સરકારી નોકરી મળી?

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

(૨) ૨૪૬૧.

---------

## રાજ્યમાં આરટીઓ કચેરી ખાતે ઓટોમેટેડ ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેક

* ૨૪૭૮૮ શ્રી જનકભાઈ કાછડીયા (કરંજ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

રાજ્યમાં વર્ષ ૨૦૧૫–૧૬માં તા.૩૧ જાન્યુઆરી–૨૦૧૬ અંતિત કઈ આરટીઓ તથા એઆરટીઓ કચેરી ખાતે ઓટોમેટેડ ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેક કાર્યરત છે ?

જવાબ

રાજ્યમાં વર્ષ ૨૦૧૫–૧૬માં તા.૩૧ જાન્યુઆરી–૨૦૧૬ અંતિત નીચે મુજબ આરટીઓ તથા એઆરટીઓ કચેરી ખાતે ઓટોમેટેડ ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેક કાર્યરત છે.

| ક્રમ | કચેરીનું નામ |
|---|---|
| ૧ | એ.આર.ટી.ઓ. ગાંધીનગર |
| ૨ | આર.ટી.ઓ. અમદાવાદ |
| ૩ | આર.ટી.ઓ. હિંમતનગર |
| ૪ | આર.ટી.ઓ. રાજકોટ |
| ૫ | આર.ટી.ઓ. મહેસાણા |
| ૬ | આર.ટી.ઓ. પાલનપુર |
| ૭ | આર.ટી.ઓ. ભુજ |
| ૮ | આર.ટી.ઓ. વલસાડ |
| ૯ | આર.ટી.ઓ. ભાવનગર |
| ૧૦ | એ.આર.ટી.ઓ. દાહોદ |
| ૧૧ | એ.આર.ટી.ઓ. અમદાવાદ(પૂર્વ) |
| ૧૨ | એ.આર.ટી.ઓ. ભરૂચ |
| ૧૩ | આર.ટી.ઓ. વડોદરા |
| ૧૪ | આર.ટી.ઓ. સુરત (પાલ) |
| ૧૫ | એ.આર.ટી.ઓ. વ્યારા |
| ૧૬ | આર.ટી.ઓ. નડિયાદ |
| ૧૭ | એ.આર.ટી.ઓ. પાટણ |
| ૧૮ | એ.આર.ટી.ઓ. અમરેલી |
| ૧૯ | એ.આર.ટી.ઓ. પોરબંદર |
| ૨૦ | એ.આર.ટી.ઓ. રાજપીપળા |

---------

## રાજ્યમાં આરટીઓ કચેરીના નવીન મકાનના બાંધકામ

* ૨૪૭૮૭ શ્રી રજનીકાંત પટેલ (અસારવા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં વર્ષ

જવાબ

(૧) ૩ આરટીઓ કચેરીના નવીન મકાનના બાંધકામ

૨૦૧૫-૧૬માં કેટલી આરટીઓ કચેરીના નવીન મકાન બાંધકામ પૂર્ણ થયેલ છે, અને

પૂર્ણ થયેલ છે.

(૨) આ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવી ?

(૨) આ માટે રૂ.૪૯૫ લાખની રકમ મંજુર કરવામાં આવી.

---------

## છોટાઉદેપુર જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળા

* ૨૪૮૩૦ શ્રી જયંતિભાઈ રાઠવા (જેતપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યુ, અને | (૧) ૨૮. |
| (૨) ઉક્ત ભરતી મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપી ? | (૨) ૨૯૮૮. |

---------

## રાજ્યના ટ્રાન્સજેન્ડર્સનો પછાત વર્ગમાં સમાવેશ

* ૨૫૮૫૮ શ્રી શક્તિસિંહજી ગોહીલ (અબડાસા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુપ્રિમ કોર્ટે રીટ પીટીશન (સીવીલ)નં.-૪૦૦/૨૦૧૨ અને ૬૦૪/૨૦૧૩ના કેસમાં રાજ્યમાં વસતા તમામ ટ્રાન્સજેન્ડર્સને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગમાં મુકવા સન ૨૦૧૪માં સૂચના આપી છે તે વાત સાચી છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો તા.૧-૧-૨૦૧૬ની સ્થિતિએ આ અંગે થયેલ કાર્યવાહીની વિગતો શી છે ? | (૨) બાબત વિચારણા હેઠળ છે. |

---------

## નવસારી જિલ્લામાં ઉનાઈ માતાનું મંદિર અને પરિસરનો વિકાસ

* ૨૪૮૪૫ શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા (કામરેજ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ નવસારી જિલ્લામાં આવેલ ઉનાઈ માતાના મંદીર તથા તેના પરિસરના વિકાસ માટે છેલ્લા બે વર્ષમાં કેટલી કામગીરી પૂર્ણ કરવામાં આવી, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ નવસારી જિલ્લામાં આવેલ ઉનાઈ માતાના મંદિર તથા તેના પરિસરના વિકાસ માટે છેલ્લા બે વર્ષમાં પેકેજ-૧ ની નીચે મુજબની કામગીરી તા. ૧૬-૧-૨૦૧૫ ના રોજ રૂપિયા ૩.૩૨/- કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલી છે.<br>• મુખ્ય પ્રવેશ દ્વાર- (૨)<br>• એન્ટ્રન્સ પ્લાઝા<br>• મુંડન હટ- (૨)<br>• ખાણી-પીણીની દુકાનો- (૨)<br>• પાણીની પરબનું નવીનીકરણ<br>• લેન્ડ સ્કેપિંગ-ગાર્ડન<br>• નાના કુંડનું રીનોવેશન<br>• યજ્ઞ શાળા<br>• કુવારો<br>• ફલાવર શોપ-(૧૦)<br>• બેસવા માટે બેન્ચીસ<br>• વીજળીકરણ |
| (૨) ઉકત સ્થિતિએ બાકી રહેલ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૨) પેકેજ-૨ હેઠળ રૂપિયા ૨.૩૫/- કરોડના ખર્ચે નીચે જણાવેલ કામો હાલ પ્રગતિ હેઠળ છે. |

- પ્રવેશ દ્વાર
- પાર્કીંગ એરિયા
- પુરૂષ શૌચાલય
- સ્ત્રી શૌચાલય
- મુખ્ય કુંડનું રીનોવેશન
- અંડર ગ્રાઉન્ડ પાણીની ટાંકી
- કમ્પાઉન્ડ વોલ
- પાર્કીંગથી મંદિર તરફનો પાથ-વે
- પાર્કીંગ એરિયાના ફરતે વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા
- સિક્યોરીટી કેબિન
- લાઈટીંગ વર્ક

આકામગીરી બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

જુનાગઢ જિલ્લામાં ડીટેઈન વાહનો

* ૨૫૯૬૪ શ્રી અરવિંદભાઈ લાડાણી (કેશોદ) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬માં તા.૩૧, જાન્યુઆરી-૨૦૧૬ અંતિત જુનાગઢ જિલ્લામાં કુલ કેટલા વાહનો ડીટેઇન કરવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે દંડની કેટલી રકમ વસુલવામાં આવી ?

જવાબ

| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મોરબી જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યુ, | (૧) ૧૮ |
| (૨) ઉક્ત ભરતી મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપવામાં આવી? | (૨) ૨૬૪૯ |

### રાજ્યમાં એસ.ટી. બસોના ભાડામાં ઘટાડો

* ૨૪૯૮૧ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં એસ.ટી. બસોના ભાડા ઘટાડવા માટે કેટલી દરખાસ્તો સરકારને ક્યારે મળી, અને | (૧) એક દરખાસ્ત તા. ૨૯-૦૧-૨૦૧૫ના રોજ મળી. |
| (૨) ઉક્ત મળેલ દરખાસ્તો અન્વયે ક્યારે શી કાર્યવાહી કરી અને કેટલા સમયમાં ઉક્ત સ્થિતિએ પડતર દરખાસ્તોનો નિકાલ કરવામાં આવશે? | (૨) ઉક્ત સ્થિતિએ દરખાસ્તનો સક્ષમ કક્ષાએ જરૂરી ચર્ચા વિચારણાના અને જે તે સમયની પરિસ્થિતિ અન્વયે યોગ્ય નિકાલ કરવામાં આવેલ છે. દરખાસ્ત આજની સ્થિતિએ પડતર નથી. |

### ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમને આવકવેરામાંથી મુક્તિ

* ૨૫૯૩૦ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમને આવકવેરો ભરવામાંથી મુક્તિ આપવા માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે શી માંગણી કે રજુઆત કરી, અને | (૧) ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમને આવકવેરો ભરવામાંથી મુક્તિ આપવા માટે રાજ્ય સરકારે તા. ૨૯-૧૨-૨૦૧૪ના પત્રથી કેન્દ્ર સરકાર સમક્ષ રજુઆત કરી છે. |
| (૨) તે અન્વયે ક્યારે શા પ્રતિભાવ મળ્યા? | (૨) બાબત કેન્દ્ર સરકારમાં પડતર છે. |

### થાણાસાવલી યોજના હેઠળ પીવાનું પાણી

* ૨૪૯૮૫ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ મહીસાગર જિલ્લાની લુણાવાડા તાલુકામાં આવેલી થાણાસાવલી પાણી-પુરવઠા યોજના હેઠળ કેટલા ગામોને પીવાના પાણીની સુવિધા હેઠળ આવરી લેવામાં આવેલ છે, અને લુણાવાડા તાલુકાના કોઠંબા વિભાગના કેટલા ગામોને આ યોજના હેઠળ આવરી લેવાયેલ નથી, અને<br>(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજનાથી વંચિત રહેલા ગામોને પીવાનું શુધ્ધ પાણી મળે તે માટે સરકારશ્રીનું શું આયોજન છે? | (૧) અને (૨) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં આવેલી થાણાસાવલી જુથ પાણી પુરવઠા યોજનામા ૬૫ ગામોને પીવાના પાણીની સુવિધા હેઠળ આવરી લેવામાં આવેલ છે<br>લુણાવડા તાલુકાના કોઠંબા વિભાગના બાકી રહેતા ૮ ગામો પૈકી ૩ ગામો પાનમ કોઠા જુથ પાણી પુરવઠા યોજનામાંથી આવરી લેવાયેલ છે જ્યારે ૦૫ ગામોની ભૌગોલિક પરિસ્થિતીને કારણે સ્થાનીક સોર્સમાંથી પીવાનું પાણી મેળવે છે. |

### બનાસકાંઠા જિલ્લામાં પેયજળ યોજનાઓ

* ૨૫૨૭૦ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના ક્યા તાલુકામાં પેયજળ યોજના મંજૂર કરવામાં આવી છે,<br>(૨) ઉકત સ્થિતિએ ઉક્ત જિલ્લાના કયા તાલુકાઓમાંથી કેટલી માંગણી કે રજુઆતો સરકારને મળી, અને | (૧) અને (૨) છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના તમામ તાલુકામાં પેયજળ યોજના મંજૂર કરવામાં આવી છે. જિલ્લામાં તાલુકાવાર નીચેની વિગતે પોયજળ યોજના માટે રજુઆતો મળેલ છે. |

| અનુ | તાલુકો | રજુઆતોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમીરગઢ | ૦ |
| ૨ | ભાભર | ૧ |
| ૩ | દાંતા | ૦ |
| ૪ | દાંતીવાડા | ૧ |

| | | |
|---|---|---|
| ૫ | ડીસા | ૧૦ |
| ૬ | દિયોદર | ૨ |
| ૭ | ધાનેરા | ૬ |
| ૮ | કાંકરેજ | ૨ |
| ૯ | લાખણી | ૨ |
| ૧૦ | પાલનપુર | ૪ |
| ૧૧ | સુઈગામ | ૦ |
| ૧૨ | થરાદ | ૨ |
| ૧૩ | વડગામ | ૫ |
| ૧૪ | વાવ | ૦ |
| | કુલ | ૩૫ |

(૩) તે અન્વયે વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫માં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી?

(૩) બનાસકાંઠા જિલ્લા માટે વર્ષ ૨૦૧૩-૧૪માં રૂ. ૧૬૦૭૫.૪૮ લાખની તથા વર્ષ ૨૦૧૪-૧૫માં રૂ. ૧૭૨૯૮.૬૬ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી.

માનસરોવરના યાત્રાળુઓનું અભિવાદન અને સહાય

* ૨૪૭૬૭ શ્રી ઈશ્વરસિંહ પટેલ (અંકલેશ્વર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૈલાશ માનસરોવરની યાત્રાએ જનાર યાત્રાળુઓનું અભિવાદન રાજ્ય સરકાર કરે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લે ક્યારે અભિવાદન કરેલ છે, અને | (૨) તા. ૧૬-૦૭-૨૦૧૫ના રોજ. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્રત્યેક યાત્રાળુઓને રાજ્ય સરકાર તરફથી શી સહાય આપવામાં આવે છે? | (૩) ઉક્ત સ્થિતિએ પ્રત્યેક યાત્રાળુ દીઠ આર્થિક સહાય પેટે રૂપિયા ૨૦,૦૦૦/- અને યાત્રાળુ કીટનાં રૂપિયા ૩૦૦૦/- મળી કુલ રૂપિયા ૨૩,૦૦૦/-ની પ્રોત્સાહિત સહાય આપવામાં આવે છે. |

વડોદરા જિલ્લામાં મહિલા તાલીમાર્થીઓને સાયકલ

* ૨૪૮૦૧ શ્રીમતી મનીષા વકીલ (વડોદરા શહેર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિદ્યાસાધના યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૪-૧૫માં વડોદરા જિલ્લામાં કેટલી મહિલા તાલીમાર્થીઓને સાયકલ ભેટ આપવામાં આવી, અને | (૧) ૯૫ |
| (૨) તા. ૩૧-૩-૨૦૧૫ની સ્થિતિએ કેટલી મહિલા તાલીમાર્થીઓને સાયકલ ભેટ આપવાની બાકી છે? | (૨) એકપણ નહિ. |

વલસાડ જિલ્લામાં એપ્રેન્ટીસ એકમો

* ૨૪૮૧૬ શ્રી રમણલાલ પાટકર (ઉંમરગામ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં કેટલા અને કયા એપ્રેન્ટીસ એકમો કાર્યરત છે, અને | (૧) આ સાથેના *પત્રક મુજબના ૪૫૬ એકમો કાર્યરત છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલા વ્યવસાયો આવરી લેવાયેલ છે? | (૨) ૬૩ |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)

ગાંધીનગર જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળા

* ૨૪૮૩૨ શ્રી અશોકકુમાર પટેલ (ગાંધીનગર ઉત્તર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યુ, અને | (૧) ૩૫ |
| (૨) ઉક્ત સ્થિતિએ આ ભરતી મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપી? | (૨) ૧૦૫૨૯ |

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### વડોદરા જિલ્લામાં સેન્ટર ઓફ એક્સલન્સ હેઠળ અપગ્રેડેશન

* ૨૪૭૯૭ શ્રી જીતેન્દ્ર સુખડીઆ (સયાજીગંજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સેન્ટર ઓફ એક્સલન્સ યોજના હેઠળ વડોદરા જિલ્લામાં કેટલી સંસ્થાઓ અપગ્રેડ થયેલ છે, અને | (૧) ૦૨ |
| (૨) ઉક્ત સ્થિતિએ આ સ્કીમ હેઠળ કેટલા સેકટર આવરી લેવામાં આવેલ છે? | (૨) ૦૨ |

### કચ્છ જિલ્લામાં શ્રમિકોનું કૌશલ્ય મૂલ્યાંકન

* ૨૪૭૯૫ શ્રી રમેશ મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શ્રમિક પ્રમાણિતતા યોજના હેઠળ કચ્છ જિલ્લામાં કેટલા શ્રમિકો લાભાર્થી તરીકે નોંધાયેલ છે, | (૧) ૧૨૩૧. |
| (૨) તે પૈકી કેટલા શ્રમિકોનું કૌશલ્ય મૂલ્યાંકન સંપન્ન થયેલ છે, અને | (૨) ૭૦૮. |
| (૩) કેટલા શ્રમિકોનું કૌશલ્ય મૂલ્યાંકન બાકી છે? | (૩) ૫૨૩. |

### નર્મદા જિલ્લામાં કાર્યરત એપ્રેન્ટીસ એકમો

* ૨૪૭૫૭ શ્રી મોતીલાલ વસાવા (દેડિયાપાડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં કેટલા અને કયા એપ્રેન્ટીસ એકમો કાર્યરત છે, અને | (૧) નર્મદા જિલ્લામાં આ સાથેના પત્રકમાં દર્શાવ્યા મુજબના ૧૫ એકમો કાર્યરત છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલા વ્યવસાયો આવરી લેવાયેલ છે? | (૨) ૧૪. |

પત્રક

| ક્રમ | એપ્રેન્ટીસ એકમનું નામ |
|---|---|
| ૧ | દક્ષિણ ગુજરાત વિજ.કુ. લીમીટેડ, રાજપીપળા |
| ૨ | શ્રી નર્મદા ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લીમીટેડ, ધારીખેડા |
| ૩ | હોટેલ રીવર ડેલ, ગોભાણ, કેવડીયા કોલોની |
| ૪ | બી.એસ.ઈ.એલ. નર્મદા નીહાર, કેવડીયા કોલોની |
| ૫ | પ્રસાંત ફાર્માસ્યુટીકલ લીમીટેડ, રાજપીપળા |
| ૬ | ટ્રેડ્સ ફાર્માસ્યુટીકલ લીમીટેડ, વાવડી તા.–નાંદોદ |
| ૭ | પ્રાયોજના વહિવટદારશ્રીની કચેરી, રાજપીપળા |
| ૮ | ધ એસોસીએટ એન્જીયરીંગ વર્કર્સ, રાજપીપળા |
| ૯ | ફેમશ ઓટોમોબાઈલ એન્ડ એન્જીયરીંગ, રાજપીપળા |
| ૧૦ | ડેપ્યુટી કંઝર્વેટર ઓફ ફૉરેસ્ટ (નર્મદા ફૉરેસ્ટ ડિવીજન), રાજપીપળા |
| ૧૧ | ઓફીસ ઓફ ધ એજ્યુકેટીવ એન્જીનીયર (આર એન્ડ બી) રાજપીપળા |
| ૧૨ | ડેપ્યુટી ડાયરેકટર ઓફ એગ્રીકલ્ચર, રાજપીપળા |
| ૧૩ | સુપ્રીન્ટેન્ડન્ટ ઓફ પોલીસ, ઓફીસ ઓફ પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટ, રાજપીપળા |
| ૧૪ | એજ્યુકેટીવ એન્જીનીયર ઈરીગેશન પ્રોજેકટ કરજણ |
| ૧૫ | સાગબારા કેટલ ફીડ પ્લાન્ટ, સાગબારા. |

### અરવલ્લી જિલ્લામાં આવેલ કોર્ટો

* ૨૪૯૭૩ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં જિલ્લા મથકે અને તાલુકાવાર કેટલી કોર્ટો આવેલી છે, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લો ન્યાયિક જિલ્લા તરીકે અસ્તિત્વમાં આવેલ નથી, તેમ છતાં હાલ મહેસૂલી જિલ્લો અરવલ્લીના મુખ્ય મથક મોડાસા ખાતે ૩ વધારાના જિલ્લા ન્યાયાધીશની કોર્ટો, ૨ સીનીયર સીવીલ જજની કોર્ટો, ૩ સીવીલ જજની કોર્ટો કાર્યરત છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લા અને તાલુકાવાર કેટલી કોર્ટોની જરૂરીયાત છે અને તેની સામે કેટલી કોર્ટોની ઘટ છે? | (૨) અરવલ્લી જિલ્લો ન્યાયિક જિલ્લા તરીકે અસ્તિત્વમાં આવેલ ન હોય, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

વડોદરા જિલ્લામાં શ્રમિકોનું કૌશલ્ય મૂલ્યાંકન

* ૨૪૭૯૩ શ્રી બાલકૃષ્ણભાઈ પટેલ (ડભોઈ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શ્રમિક પ્રમાણિતતા યોજના હેઠળ વડોદરા જિલ્લામાં કેટલાં શ્રમિકો લાભાર્થી તરીકે નોંધાયેલ છે, | (૧) ૪૭૬૦. |
| (૨) તે પૈકી કેટલાં શ્રમિકોનું કૌશલ્ય મૂલ્યાંકન સંપન્ન થયેલ છે, અને | (૨) ૨૧૫૨. |
| (૩) કેટલા શ્રમિકોનું કૌશલ્ય મૂલ્યાંકન બાકી છે? | (૩) ૨૬૦૮. |

મહીસાગર અને ખેડા જિલ્લામાં નંબર પ્લેટોમાં કલર ઊડી જવા બાબત

* ૨૫૮૩૭ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર અને ખેડા જિલ્લામાં કેટલા વાહનોને હાઈ સીક્યુરીટી નંબર પ્લેટ લગાવવામાં આવી, અને | (૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મહીસાગર તથા ખેડા જિલ્લામાં નીચે મુજબની હાઈ સીક્યુરીટી નંબર પ્લેટ લગાવવામાં આવેલ છે.<br>મહીસાગર ૫૩૯૧<br>ખેડા ૭૬,૧૭૫ |
| (૨) ઉક્ત નંબર પ્લેટની હલકી ગુણવત્તા અને નંબરના કલર ઉડી જતા હોવાની ફરીયાદો અંગે સરકારે ઉક્ત સ્થિતિએ શા પગલા લીધા? | (૨) આવા કિસ્સામાં એજન્સીને વિનામૂલ્યે હાઈ સિક્યુરીટી રજીસ્ટ્રેશન નંબર પ્લેટ બદલી આપવા સૂચના આપેલ છે. કોઈ ફરિયાદ મળેલ ન હોઈ પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

બનાસકાંઠા જિલ્લામાં સંકટમોચન યોજના

* ૨૪૮૫૪ શ્રી પરબતભાઈ પટેલ (થરાદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં સંકટમોચન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજુર કરી અને કેટલી અરજીઓ ના મંજુર કરી?

જવાબ

(૧) અને (૨) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં સંકટમોચન યોજના હેઠળ તાલુકાવાર મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજુર અરજીઓ | નામંજુર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૧૩૧ | ૬૨ | ૬૪ |
| ૨ | વડગામ | ૧૨૦ | ૪૨ | ૬૩ |
| ૩ | ડીસા | ૩૧ | ૧૯ | ૧૨ |
| ૪ | કાંકરેજ | ૯૯ | ૭૯ | ૨૦ |
| ૫ | દાંતા | ૪૩ | ૨૯ | ૭ |
| ૬ | અમીરગઢ | ૧૬ | ૬ | ૫ |
| ૭ | ધાનેરા | ૪૧ | ૧૧ | ૨૧ |
| ૮ | દાંતીવાડા | ૪૩ | ૪૧ | ૨ |
| ૯ | દિયોદર | ૨૬ | ૨૨ | ૪ |
| ૧૦ | લાખણી | ૯ | ૧ | ૦ |
| ૧૧ | ભાભર | ૩૭ | ૨૮ | ૯ |
| ૧૨ | સૂઈગામ | ૧૧ | ૧૦ | ૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩ | થરાદ | ૮૪ | ૫૧ | ૩૩ |
| ૧૪ | વાવ | ૧૪ | ૯ | ૫ |
| | કુલ | ૭૦૫ | ૪૧૦ | ૨૪૬ |

મહેસાણા જિલ્લામાં કન્યાઓને સાયકલ

* ૨૪૮૫૨ શ્રી નારાયણભાઈ પટેલ (ઉંઝા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬માં વિકસતી જાતિની કન્યાઓની સાયકલ માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૭૯૯૩. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને | (૨) ૭૯૯૩. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી? | (૩) ૭૯૯૩. |

અંબાજી ખાતે ભાદરવી પુનમના મહામેળામાં યાત્રાળુઓ

* ૨૪૮૪૮ શ્રી અરવિંદકુમાર પટેલ (સાબરમતી) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) યાત્રાધામ અંબાજી ખાતે ૨૦૧૫ના વર્ષમાં ભાદરવી પુનમના મહામેળામાં કેટલા યાત્રાળુઓ આવ્યા હતા, અને | (૧) અંદાજે કુલ ૨૮.૯૨ લાખ યાત્રાળુઓ. |
| (૨) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ આ મહામેળામાં કેટલો ખર્ચ થયેલ છે? | (૨) રૂપિયા ૩૮૦.૧૫ લાખ. |

ઉના તાલુકાના ગામોમાં નર્મદા આધારિત પીવાનું પાણી

* ૨૬૪૪૨ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના ૯૦ ગામોમાં પીવાનું પાણી પૂરૂં પાડવા માટે નર્મદા યોજના આધારિત પાઇપ લાઇનના કામો કેટલા ગામોમાં પુર્ણ કરવામાં આવેલ છે. | (૧) ઉના અને ગીરગઢડા તાલુકાના ૭૮ ગામોમાં. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા ગામોમાં પાઈપ લાઇનનું કામ અધુરૂ છે તથા તે ક્યાં સુધીમાં પુર્ણ કરવામાં આવશે, | (૨) ઉક્ત સ્થિતિએ ૧૨ ગામોએ જુથ યોજનાની પાઈપ લાઈનનું કામ આર.ઓ.યુ. ના કારણોસર અધુરૂ છે, જે વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) પાઈપ લાઈનનું કામ પુર્ણ થયેલ હોય તેવા ગામો પૈકી કેટલા ગામોમાં ઉક્ત સ્થિતિએ પાણી પુરૂં પાડવામાં આવે છે, અને<br>(૪) ઉક્ત સ્થિતિએ પાઇપ લાઈનનું કામ પુર્ણ થયેલ હોય અને પાણી ન પુરૂં પાડવામાં આવતું હોય તેવા કેટલા ગામો છે અને પાણી ન પુરૂ પાડવાના કારણો શા છે? | (૩) અને (૪) પાઈપ લાઈનનું કામ પુર્ણ થયેલ હોય તેવા ૭૮ ગામો પૈકી ૬૫ ગામોમાં ઉક્ત સ્થિતિએ પાણી પુરૂં પાડવામાં આવે છે. જ્યારે ૧૩ ગામોમાં ગૃપ યોજનાનાં સમ્પથી ગામનાં હયાત સ્ટૉરેજ સુધીની કનેકટીવીટી ન હોવાથી પાણી પુરૂ પાડી શકાતું નથી. જે હાલમાં સ્થાનિક સોર્સમાંથી પાણી મેળવે છે. |

અરવલ્લી જિલ્લામાં પીવાના પાણીની યોજનાઓ

* ૨૬૪૪૫ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર વર્ષવાર પીવાના પાણી માટેની કેટલી અને કઈ યોજનાઓ બનાવી, | (૧) છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર, વર્ષવાર પીવાના પાણી માટેની નીચે મુજબ યોજનાઓ બનાવવામાં આવી. જેની યોજનાવાર વિગત *પરિશિષ્ટ મુજબ છે. |

| તાલુકો | બનાવવામાં આવેલ યોજનાની સંખ્યા |
|---|---|

| | ૨૦૧૪ | ૨૦૧૫ |
|---|---|---|
| ભિલોડા | ૧૯ | ૫૭ |
| ધનસુરા | ૦૭ | ૦૧ |
| બાયડ | ૧૭ | ૦૩ |
| મેઘરજ | ૧૦ | ૫૮ |
| મોડાસા | ૧૫ | ૦૫ |
| માલપુર | ૧૧ | ૦૪ |
| કુલ | ૭૯ | ૧૨૮ |

(૨) ઉક્ત સ્થિતિએ તેમાંથી તાલુકાવાર કેટલી અને કઈ યોજનાઓ પૂર્ણ કરી પીવાનું પાણી આપવામાં આવ્યુ,

(૨) તાલુકાવાર નીચે મુજબ યોજનાઓ પૂર્ણ કરી જેની યોજનાવાર વિગત *પરિશિષ્ટ મુજબ છે.

| તાલુકો | પૂર્ણ કરેલ યોજનાની સંખ્યા | | કુલ યોજના |
|---|---|---|---|
| | ૨૦૧૪ | ૨૦૧૫ | |
| ભિલોડા | ૧૪ | ૦૧ | ૧૫ |
| ધનસુરા | ૦૫ | ૦૧ | ૬ |
| બાયડ | ૧૭ | ૦૧ | ૧૮ |
| મેઘરજ | ૦૪ | ૦૧ | ૫ |
| મોડાસા | ૧૪ | ૦૨ | ૧૬ |
| માલપુર | ૧૧ | ૦૩ | ૧૪ |

(૩) બાકીની યોજનાઓ પૂર્ણ ન થવાના કારણો શા છે, અને

(૩) બાકી યોજનાઓ પૂર્ણ ન થવાના કારણો
- મંજુર થયેલ યોજનાઓના પ્રથમ સોર્સ સફળ થયે ત્યારબાદ બાકીના કામો હાથ ધરવાના હોવાથી.
- યોજના માટે વિવિધ વિભાગો પાસેથી મંજુરી મેળવવા માટે.

(૪) ઉક્ત યોજનાઓ પાછળ તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને કેટલી રકમ વણવપરાયેલ રહી?

(૪) ઉક્ત યોજનાઓ ઉપર નીચે મુજબ વર્ષવાર ખર્ચ થયેલ છે.

| તાલુકો | થયેલ ખર્ચ રૂ. લાખમાં | |
|---|---|---|
| | ૨૦૧૪ | ૨૦૧૫ |
| ભિલોડા | ૪૬.૪૬ | ૮.૮૮ |
| ધનસુરા | ૨૦.૬૪ | ૪.૭૧ |
| બાયડ | ૬૬.૮૪ | ૧.૬૧ |
| મેઘરજ | ૨૮.૩૯ | ૦.૫૭ |
| મોડાસા | ૪૫.૯૭ | ૨.૬૮ |
| માલપુર | ૪૫.૧૬ | ૨.૭૪ |

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

## વિંછીયા ખાતે સિવીલ જજ અને જે.એમ.એફ.સી. કોર્ટ મકાનનું બાંધકામ

* ૨૪૯૮૭ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ વિંછીયા ખાતે સિવીલ જજ અને જે.એમ.એફ.સી. ની કોર્ટના બાંધકામ માટે સરકારે કેટલી રકમ સાથે ક્યારે મંજૂરી આપી, અને | (૧) વહીવટી મંજૂરી આપવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ કાર્યવાહી કયા તબક્કે છે અને કેટલા સમયમાં તે કામ પૂર્ણ થશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## રાજ્યમાં વાહનોની ચકાસણી માટે ફીટનેસ સેન્ટર

* ૨૪૭૯૧ શ્રી જગદીશભાઈ પંચાલ (નિકોલ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં વાહનોની યોગ્ય યાંત્રિક ચકાસણી માટે | (૧) રાજ્યમાં વાહનોની યોગ્ય યાંત્રિક ચકસણી માટે |

ક્યાં ફીટનેસ સેન્ટર સ્થાપવામાં આવનાર છે, અને

નીચેના જિલ્લામાં ફીટનેશ સેન્ટર સ્થાપવામાં આવનાર છે.

૧. સુરત
૨. અમદાવાદ
૩. કચ્છ
૪. વડોદરા
૫. બનાસકાંઠા
૬. રાજકોટ

(૨) તેના માટે રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૫-૧૬ માં તા.૩૧ જાન્યુઆરી-૨૦૧૬ અંતિત શું પગલાં લીધેલ છે ?

(૨) (૧) સુરત ફીટનેશ સેન્ટર બાંધકામની કામગીરી ચાલુમાં છે અને ટૂંક સમયમાં ફીટનેશ સેન્ટર કાર્યરત થશે.

(૨) અમદાવાદ, કચ્છ, વડોદરા અને રાજકોટ જિલ્લામાં જમીન મળેલ છે. અને બાંધકામના નકશા/અંદાજો બનાવવાની કામગીરી ચાલુ છે.

(૩) બનાસકાંઠા જિલ્લામાં જમીન મેળવવાની કાર્યવાહી ચાલુ છે.

ભાવનગર જિલ્લામાં વિકલાંગોને શિષ્યવૃત્તિ

* ૨૫૨૬૪ શ્રી પ્રવિણભાઈ રાઠોડ (પાલીતાણા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) ભાવનગર જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ આવી,

(૧) ૨,૭૬૭

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ૨,૭૫૧

(૩) કેટલી રકમ ચુકવવામાં આવી ?

(૩) કુલ રૂપિયા ૩૫,૮૪,૫૦૦/-(અંકે રૂપિયા પાંત્રીસ લાખ ચોર્યાસી હજાર પાંચસો પુરા)ની શિષ્યવૃત્તિ ચુકવવામાં આવી.

છોટાઉદેપુર જિલ્લામાં ડિસ્ટ્રીક્ટ કોર્ટ

* ૨૫૩૯૫ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લા કક્ષાની ડિસ્ટ્રીક્ટ કોર્ટ કાર્યરત કરવાની કાર્યવાહી કયા તબ્બકે છે, અને

(૧) છોટાઉદેપુર જિલ્લા ખાતે જિલ્લા કક્ષાની કોર્ટની સ્થાપના કરવા સંબંધે આ વિભાગના તા. ૨૮-૦૫-૨૦૧૫ના રોજના ઠરાવ ક્રમાંકઃ સીસીએ-૧૦૨૦૧૪-૧૧૬૧-ડ (પાર્ટ-૨)થી ન્યાયાધીશ સહિત સહાયક મહેકમની કુલ ૪૬ જગ્યાઓ ઉભી કરવામાં આવેલ છે. હાલમાં વડી અદાલત સાથે પરામર્શ ચાલુ છે.

(૨) કયાં સુધીમાં કોર્ટ કાર્યરત કરવાનું સરકારનું આયોજન છે ?

(૨) છોટાઉદેપુર જિલ્લા ખાતે જિલ્લા કક્ષાની કોર્ટની સ્થાપનાની અધિસૂચનાનો મુસદ્દો નામદાર વડી અદાલત તરફથી મળ્યેથી કોર્ટ કાર્યરત કરવામાં આવશે.

દાહોદ જિલ્લામાં કાર્યરત યોજનાઓ

* ૨૫૬૭૩ શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામડાઓમાં જુથ પાણી પુરવઠા યોજનાઓ કાર્યરત છે,

તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબની જુથ યોજનાઓ કાર્યરત છે.

| અ. નં. | તાલુકાનું નામ | જુથ યોજનાનુ નામ | સમાવિષ્ટ ગામો |
|---|---|---|---|
| ૧ | ફતેપુરા | ભાણાસીમલ ભાગ-૧ | ૪૯ |

| | | | |
|---|---|---|---|
| | | ભાણાસીમલ ભાગ–૨ | ૨૧ |
| | | માછણનાળા | ૦૨ |
| ૨ | સંજેલી | ભાણાસીમલ ભાગ–૨ | ૦૬ |
| | | માછણનાળા | ૧૨ |
| ૩ | ઝાલોદ | માછણનાળા | ૧૦ |
| ૪ | દે. બારિયા | ગોલ્લાવ | ૧૭ |
| | | મંગોઈ | ૨૩ |
| | | કુલ | ૧૪૦ |

આ ચાર તાલુકાના અન્ય ગામો તેમજ અન્ય ૪ તાલુકાઓના ગામો સ્થાનિક સોર્સમાંથી પાણી મેળવે છે.

### રાજકોટ ખાતે એમ્પ્લોયમેન્ટ સંબંધિત સેમિનાર

* ૨૪૮૨૩ શ્રીમતી ભાનુબેન બાબરીયા (રાજકોટ–ગ્રામ્ય) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ‘‘ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ એન્ડ કેરીયર ઈન્ફરમેશન સેન્ટર’’ રાજકોટ ખાતે વર્ષ ૨૦૧૫–૧૬ દરમ્યાન કેટલા સેમીનાર કરવામાં આવ્યા, અને | (૧) ૨૪ |
| (૨) ઉક્ત સેમીનારમાં કેટલા ઉમેદવારો હાજર રહ્યા હતા? | (૩) ૩૨૨૩ |

### જુનાગઢ જિલ્લાના ગામોને પીવાનું પાણી

* ૨૬૪૧૮ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લાના માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકાના કયા ગામો નર્મદા આધારીત પાઈપ લાઈનથી જોડાયેલા હોવા છતાં તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ પીવાનું પાણી આપી શકાતું નથી, | (૧) જુનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકાના નર્મદા પાઈપ લાઈનથી જોડાયેલ ગામોને પાણી આપવામાં આવે છે. જ્યારે માણાવદર અને વંથલી તાલુકાના નીચે મુજબના ગામોને નર્મદા/ગૃપ યોજનાનું પાણી આપી શકાતું નથી, |

| અનુ. | ગામનું નામ | અનુ. | ગામનું નામ |
|---|---|---|---|
| તા.માણાવદર | | તા. વંથલી | |
| ૧ | જાંબુડા | ૧ | ખૂંભડી |
| ૨ | રોણકી | ૨ | ટીકર પાદરડી |
| ૩ | પીપલાણા | ૩ | વસપડા |
| ૪ | સુલતાનાબાદ | ૪ | ગાંઠીલા |
| ૫ | ખડીયા | ૫ | મહોબતપુર |
| | | ૬ | બાલોટ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત સમસ્યાઓ દૂર કરી ઉક્ત ગામોમાં પાણી પહોંચાડવાનું શુ આયોજન કરેલ છે, (૩) આ તમામ પાઈપ લાઈનથી જોડાયેલા ગામોને ક્યાં સુધીમાં નિયમિત પીવાનું પાણી પહોંચાડવામાં આવનાર છે, અને | (૨) અને (૩) ઉપરોક્ત ૧૧ ગામો હાલ સ્વતંત્ર સોર્સમાંથી પાણી મેળવે છે તેમ છતાં ઉક્ત ગામો માટે પાઈપ લાઈન રીપેરીંગ તેમજ અન્ય જરૂરી કામગીરી કરી વહેલી તકે પીવાનું પાણી પહોંચાડવાનું આયોજન છે. |
| (૪) તેની જવાબદારી કોને સોંપવામાં આવેલ છે ? | (૪) પાણી પુરવઠા બોર્ડને જવાબદારી સોંપવામાં આવેલ છે. |

### વડોદરા જિલ્લામાં શ્રમિકોનું કૌશલ્ય મૂલ્યાંકન

* ૨૪૮૦૩ શ્રી દિનેશભાઈ પટેલ (પાદરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક | (૧) ૪૭૬૦ |

વર્ષમાં શ્રમિક પ્રમાણિતતા યોજના હેઠળ વડોદરા જિલ્લામાં કેટલા શ્રમિકો લાભાર્થી તરીકે નોંધાયેલ છે,

(૨) આ પૈકી કેટલા શ્રમિકોનું કૌશલ્ય મૂલ્યાંકન સંપન્ન થયેલ છે, અને — (૨) ૨૧૫૨

(૩) કેટલા શ્રમિકોનું કૌશલ્ય મૂલ્યાંકન બાકી છે ? — (૩) ૨૬૦૮

### બોડેલી તાલુકામાં આઈ. ટી.આઈ.

* ૨૫૩૧૬ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકામાં આઈ.ટી.આઈ. આવેલી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો 'ના ' તો બોડેલી તાલુકામાં આઈ.ટી.આઈ. કાર્યરત કરવા સરકારશ્રીનું શું આયોજન છે અને તે કેટલા સમયમાં કાર્યરત કરવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### અમદાવાદ જિલ્લામાં ડીટેઈન વાહનો

* ૨૪૭૯૨ શ્રી બાબુભાઈ પટેલ (દસક્રોઈ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૫-૧૬માં અમદાવાદ જિલ્લામાં તા. ૩૧, જાન્યુઆરી-૨૦૧૬ અંતિત કુલ કેટલા વાહનો ડીટેઈન કરવામાં આવ્યા, અને | (૧) વર્ષ ૨૦૧૫-૧૬માં અમદાવાદ જિલ્લામાં તા. ૩૧, જાન્યુઆરી-૨૦૧૬ અંતિત કુલ ૧૬,૫૭૯ વાહનો ડીટેઈન કરવામાં આવેલ. |
| (૨) તે અન્વયે દંડની કેટલી રકમ વસુલવામાં આવી ? | (૨) તે અન્વયે દંડ પેટે કુલ રૂ. ૧,૩૪,૧૭,૮૪૦/-ની વસુલાત કરવામાં આવેલ. |

### અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં બેરોજગારોને નોકરી

* ૨૬૩૯૩ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા શિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે, અને

જવાબ

(૧) અરવલ્લી જિલ્લો

| ક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલ શિક્ષિત બેરોજગારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | બાયડ | ૧૮૮૧ |
| ૨ | ભીલોડા | ૩૪૧૧ |
| ૩ | ધનસુરા | ૧૨૧૭ |
| ૪ | માલપુર | ૧૦૩૩ |
| ૫ | મેઘરજ | ૧૯૧૮ |
| ૬ | મોડાસા | ૩૦૮૧ |
| | કુલ | ૧૨૫૪૧ |

સાબરકાંઠા જિલ્લો

| ક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલ શિક્ષિત બેરોજગારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૬૪૧૦ |
| ૨ | ઈડર | ૪૧૪૯ |
| ૩ | વડાલી | ૭૭૩ |
| ૪ | ખેડબ્રહ્મા | ૧૪૦૧ |
| ૫ | પોશીના | ૫૨૪ |
| ૬ | વિજયનગર | ૨૦૦૧ |
| ૭ | પ્રાંતિજ | ૨૨૪૪ |
| ૮ | તલોદ | ૧૯૯૬ |
| | કુલ... | ૧૯૪૯૮ |

(૨) નોંધાયેલ બેરોજગાર પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં કેટલા બેરોજગારોને નોકરી આપવામાં આવી ?

(૨) અરવલ્લી જિલ્લો

| ક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલ શિક્ષિત બેરોજગારો પૈકી અપાયેલ નોકરી |
|---|---|---|
| ૧ | બાયડ | ૨૨૦ |
| ૨ | ભીલોડા | ૬૯૬ |
| ૩ | ધનસુરા | ૧૩૬ |
| ૪ | માલપુર | ૨૧૭ |
| ૫ | મેઘરજ | ૪૫૪ |
| ૬ | મોડાસા | ૧૨૬૨ |
| | કુલ | ૨૯૮૫ |

સાબરકાંઠા જિલ્લો

| ક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલ શિક્ષિત બેરોજગારો પૈકી અપાયેલ નોકરી |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧૭૦૨ |
| ૨ | ઈડર | ૯૬૭ |
| ૩ | વડાલી | ૨૫૪ |
| ૪ | ખેડબ્રહ્મા | ૫૯૫ |
| ૫ | પોશીના | ૧૧૧ |
| ૬ | વિજયનગર | ૭૩૮ |
| ૭ | પ્રાંતિજ | ૬૫૬ |
| ૮ | તલોદ | ૫૧૦ |
| | કુલ... | ૫૫૩૩ |

મહીસાગર જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળા

* ૨૪૭૬૧ શ્રી રોહિત પટેલ (આણંદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહીસાગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૧૪ |
| (૨) ઉક્ત ભરતી મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૮૨૯ |

અમરેલી જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળા

* ૨૪૮૩૧ શ્રી બાવકુભાઈ ઉંધાડ (લાઠી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૨૮ |
| (૨) ઉક્ત ભરતી મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૧૫૧૧ |

સિધ્ધનાથ મહાદેવ અને બિંદુ સરોવરની વહીવટી વ્યવસ્થા માટે સ્ટાફનું મંજુર મહેકમ

* ૨૩૨૬૯ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સિધ્ધપુરમાં આવેલ સિધ્ધનાથ મહાદેવ અને બિંદુ સરોવરની વહીવટી વ્યવસ્થા માટે સ્ટાફનું કેટલું મહેકમ મંજુર | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સિધ્ધપુરમાં આવેલ સિધ્ધનાથ મહાદેવ અને બિંદુ સરોવરની વહીવટી વ્યવસ્થા માટે વહીવટદારશ્રીની તથા ક્લાર્ક કમ |

| | |
|---|---|
| કરવામાં આવ્યું, | કોમ્પ્યુટર ઓપરેટરની ૧-૧ જગ્યા કોન્ટ્રાક્ટ પદ્ધતિથી ભરવા મંજુર કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી ખાલી છે, અને | (૨) ઉક્ત સ્થિતિએ વહીવટદારશ્રીની એક જગ્યા ભરાયેલ છે જ્યારે ક્લાર્ક કમ કોમ્પ્યુટર ઓપરેટરની એક જગ્યા નિમણૂક અપાયેલ વ્યક્તિ હાજર ન થતા ખાલી છે. |
| (૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) ખાલી જગ્યા પુન: ભરવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. |

### અમરેલી જિલ્લામાં વિદ્યાર્થીનીઓને સાયકલ સહાય

* ૨૬૪૦૮ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની ધોરણ-૮ની વિદ્યાર્થીનીઓને સરસ્વતી સાધના સહાય યોજના હેઠળ સાયકલ સહાય મળતી હતી તે બંધ કરવામાં આવી છે તે હકીકત સાચી છે, | (૧) ના જી. ધોરણ-૮ ના બદલે ધોરણ-૯માં સાયકલ આપવામાં આવે છે. |
| (૨) જો હા, તો તેના શા કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉપરોક્ત સહાયથી વંચિત વિદ્યાર્થીનીઓને આ યોજના હેઠળ સાયકલ સહાય પુરી પાડવા સરકારનું શું આયોજન છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### કચ્છ જિલ્લામાં શ્રમિકોનું કૌશલ્ય મૂલ્યાંકન

* ૨૪૮૦૨ ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શ્રમિક પ્રમાણિતતા યોજના હેઠળ કચ્છ જિલ્લામાં કેટલા શ્રમિકો લાભાર્થી તરીકે નોંધાયેલ છે, | (૧) ૧૨૩૧ |
| (૨) તે પૈકી કેટલા શ્રમિકોનું કૌશલ્ય મૂલ્યાંકન સંપન્ન થયેલ છે, અને | (૨) ૭૦૮ |
| (૩) કેટલાં શ્રમિકોનું કૌશલ્ય મૂલ્યાંકન બાકી છે ? | (૩) ૫૨૩ |

### જામનગર જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય

* ૨૪૮૦૬ શ્રી ચીમનભાઈ શાપરીયા (જામજોધપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૨ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને | (૨) ૧૦ |
| (૩) ઉક્ત સ્થિતિએ મંજુર કરેલ અરજીઓ અન્વયે કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૫,૦૦,૦૦૦/- |

### સુરત જિલ્લામાં વિદ્યાર્થીનીઓને સાયકલ

* ૨૪૮૪૪ શ્રીમતી ઝંખનાબેન પટેલ (ચોર્યાસી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ સુરત જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓની કેટલી અરજીઓ | (૧) ૨૮૭ |

મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ૨૭૦

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી સાયકલ આપવામાં આવી ?

(૩) ૨૭૦

## સુરેન્દ્રનગર જિલ્લામાં નિરાધાર વૃદ્ધોને સહાય

* ૨૪૮૦૯ શ્રી પૂનમભાઈ મકવાણા (દસાડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં રાજ્ય સરકારની નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજુર કરી અને કેટલી અરજીઓ નામંજુર કરી ?

જવાબ

(૧) અને (૨) : તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જીલ્લામાં રાજ્ય સરકારની નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળ નીચે મુજબ તાલુકાવાર કુલ ૨૪૫ અરજીઓ મળેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજુર અરજીઓ | નામંજુર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | વઢવાણ | ૮૪ | ૪૩ | ૧૫ |
| ૨ | લખતર | ૧૩ | ૫ | ૩ |
| ૩ | ધ્રાંગધ્રા | ૨૦ | ૧૬ | ૦ |
| ૪ | ચુડા | ૨૦ | ૯ | ૧૦ |
| ૫ | લીંબડી | ૨૧ | ૧૨ | ૩ |
| ૬ | સાયલા | ૧૧ | ૪ | ૪ |
| ૭ | ચોટીલા | ૯ | ૫ | ૪ |
| ૮ | મુળી | ૨૩ | ૯ | ૨ |
| ૯ | થાન | ૬ | ૩ | ૧ |
| ૧૦ | પાટડી | ૩૮ | ૨૫ | ૧૦ |
| | કુલ | ૨૪૫ | ૧૩૧ | ૫૨ |

## અરવલ્લી જિલ્લામાં કાર્યરત હેન્ડપંપ

* ૨૪૭૭૦ શ્રી કિશોરસિંહ ચૌહાણ (વેજલપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં કેટલા હેન્ડપંપ કાર્યરત છે,

(૨) આ હેન્ડપંપના રીપેરીંગ માટે કેટલી ટીમો કાર્યરત છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા ગામો તે અન્વયે લાભાન્વિતછે ?

જવાબ

(૧) ૮૭૦૮ હેન્ડપંપ.

(૨) ૦૮ ટીમો.

(૩) ૬૮૪ ગામો.

## અમરેલી જિલ્લામાં રીચાર્જીંગ કાર્યક્રમ

* ૨૪૮૪૬ શ્રી વલ્લભભાઈ વઘાસીયા (સાવરકુંડલા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ પાણી પુરવઠા બોર્ડ દ્વારા રીચાર્જીંગ કાર્યક્રમ હેઠળ કઈ કામગીરી કરવામાં આવેલ છે,

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ આ કામગીરી માટે સરકાર દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) સદર કામગીરી ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં કરવામાં આવેલ છે?

જવાબ

(૧) ચેકડેમ અને બોર બ્લાસ્ટીંગ ટેકનિક (બીબીટી) દ્વારા રીચાર્જીંગની કામગીરી કરવામાં આવે છે.

(૨) રૂ. ૧૧.૩૬ લાખ.

(૩)

| ક્રમ | તાલુકો | ગામ | બીબીટી | ચેકડેમ |
|---|---|---|---|---|
| ૧ | બાબરા | હાથીગઢ | – | ૧ |
| ૨ | બાબરા | વાંડલીયા | ૫ યુનિટ | – |
| ૩ | લાઠી | હરસુરપુર | ૫ યુનિટ | ૨ |
| ૪ | લાઠી | કેરીયા | ૫ યુનિટ | – |
| ૫ | લાઠી | જરખીયા | ૫ યુનિટ | – |

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | લાઠી | અકાળા | ૫ યુનિટ | – |
| ૭ | લાઠી | લુવારીયા | – | ૧ |
| ૮ | અમરેલી | હરીપુરા | – | ૧ |
| | કુલ | | ૨૫ | ૫ |

ઈ–ગવર્નન્સ યોજના હેઠળ એસ.ટી. નિગમને સહાય

* ૨૫૯૮૮ શ્રીમતી વિભાવરીબેન દવે (ભાવનગર પૂર્વ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્ય સરકાર દ્વારા એસ.ટી. નિગમને ઈ–ગવર્નન્સ યોજના હેઠળ તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોઈ નાણાંકીય સહાય આપેલ છે કે કેમ? અને

(૨) જો, હા તો ઉક્ત સ્થિતિએ કેટલી સહાય અપાઈ છે?

જવાબ

(૧) રાજ્ય સરકાર દ્વારા એસ.ટી. નિગમને ઈ–ગવર્નન્સ યોજના માટે નાણાંકીય સહાય આપવામાં આવતી નથી પરંતુ ઈકવીટી (કેપીટલ) કોન્ટ્રીબ્યુશન તરીકે નાણાં ફાળવવામાં આવે છે.

(૨) એસ.ટી. નિગમ માટે વર્ષ ૨૦૧૫–૧૬માં ઈ–ગવર્નન્સ યોજના હેઠળ રૂ઼ા. ૧૦.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. પરંતુ ઉક્ત સ્થિતીએ કોઈ સહાય ચૂકવેલ નથી.

તાપી જિલ્લામાં સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ

* ૨૪૮૨૦ શ્રી મોહનભાઈ ઢોડિયા (મહુવા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ તાપી જિલ્લામાં કેટલી તથા કઈ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ કાર્યરત છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલા અને કયા રાષ્ટ્રીય કક્ષાના વ્યવસાયો ચલાવવામાં આવે છે?

જવાબ

(૧) તાપી જિલ્લામાં ૦૫ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ કાર્યરત છે.

(૧) ઉચ્છલ (૨) નિઝર (૩) વાલોડ (૪) વ્યારા (૫) સોનગઢ

(૨) આ સાથેના પત્રક–૧માં દર્શાવ્યા મુજબના ૧૩ રાષ્ટ્રીય કક્ષાના વ્યવસાયો ચલાવવામાં આવે છે.

પત્રક–૧

| ક્રમ | રાષ્ટ્રીય કક્ષાના વ્યવસાયો |
|---|---|
| ૧ | કારપેન્ટર |
| ૨ | કોમ્પ્યુટર ઓપરેટર–કમ–પ્રોગ્રામીંગ આસિસ્ટન્ટ |
| ૩ | ઈલેકટ્રીશીયન |
| ૪ | ઈલેકટ્રોનિકસ મિકેનિક |
| ૫ | ફીટર |
| ૬ | હેલ્થ સેનેટરી ઈન્સ્પેકટર |
| ૭ | મિકેનિક ડીઝલ એન્જિન |
| ૮ | મિકેનિક મોટર વ્હિકલ |
| ૯ | પ્લમ્બર |
| ૧૦ | સુઈંગ ટેકનોલોજી |
| ૧૧ | વેલ્ડર |
| ૧૨ | વાયરમેન |
| ૧૩ | એટેન્ડન્ટ ઓપરેટર (કેમિકલ પ્લાન્ટ) |

માનગઢ હીલનો યાત્રાધામ તરીકે વિકાસ

* ૨૫૧૨૦ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના માનગઢ હીલને યાત્રાધામ તરીકે વિકસાવવા માટેની કોઈ કાર્યવાહી ચાલે છે,

(૨) જો હા, તો ઉક્ત કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૩) કયા સુધીમાં માનગઢ હીલને યાત્રાધામમાં સમાવેશ કરી વિકસાવવામાં આવશે?

જવાબ

(૧) હા, જી.

(૨) અને (૩) કલેકટરશ્રી તરફથી મળેલ દરખાસ્ત જરૂરી પૂર્તતા માટે પરત કરેલ છે. આ બાબતે સુધારેલ દરખાસ્ત મળ્યેથી તે અંગે નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ખેડા જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૨૪૭૬૫ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ નડીયાદ જિલ્લા રોજગાર કચેરીમાં કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) ૨૬૬૩૦ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી? | (૨) ૭૬૬૨. |

જામનગર જિલ્લાના સામાજિક શૈક્ષણિક પછાત વર્ગોનું કલ્યાણ

* ૨૬૩૫૬ શ્રી ધમેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના કલ્યાણ માટે તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર શહેર અને જિલ્લામાં કેટલી રકમ ફાળવવામાં આવી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ફાળવેલ રકમ પૈકી વર્ષવાર, કેટલી રકમ વાપરવામાં આવી?

જવાબ

(૧) અને (૨) વિસ્તારવાર રકમ ફાળવવામાં આવતી નથી.

જિલ્લામાં વર્ષવાર ફાળવેલ તેમજ વપરાયેલ રકમની વિગતો નીચે મુજબ છે.

(રૂ. લાખમાં)

| વર્ષ | ફાળવેલ રકમ | વપરાયેલ રકમ |
|---|---|---|
| ૨૦૧૪–૧૫ | ૧૯૯૧.૨૮ | ૧૯૯૧.૨૮ |
| ૨૦૧૫–૧૬ | ૧૩૧૬.૧૦ | ૧૧૪૧.૪૪ |

અરવલ્લી જિલ્લામાં સંકટમોચન યોજના

* ૨૪૮૫૫ શ્રી રજનીકાંત પટેલ (અસારવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અરવલ્લી જિલ્લામાં સંકટમોચન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજુર કરી અને કેટલી અરજીઓ નામંજુર કરી?

જવાબ

(૧) અને (૨) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અરવલ્લી જિલ્લામાં સંકટમોચન યોજના હેઠળ તાલુકાવાર મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજુર અરજીઓ | નામંજુર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | બાયડ | ૪૦ | ૨૨ | ૩ |
| ૨ | ધનસુરા | ૨ | ૨ | ૦ |
| ૩ | મોડાસા | ૧૮ | ૧૧ | ૩ |
| ૪ | માલપુર | ૧૮ | ૧૨ | ૬ |
| ૫ | મેઘરજ | ૧૨ | ૭ | ૦ |
| ૬ | ભીલોડા | ૧૦ | ૧૦ | ૦ |
| | કુલ | ૧૦૦ | ૬૪ | ૧૨ |

રાજ્યના વકફ બોર્ડની મિલકતોની સુરક્ષા

* ૨૫૮૬૨ શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૦૧–૦૧–૨૦૧૬ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના વકફ બોર્ડની મિલકતોની સુરક્ષા માટે કેન્દ્ર સરકાર તરફથી કેટલી સુચનાઓ મળી, અને | (૧) ૩–પત્રોથી સુચનાઓ મળેલ છે. |
| (૨) આ અંગે તા. ૦૧–૦૨–૨૦૧૬ની સ્થિતિએ શું પગલા લેવામાં આવેલ છે? | (૨) (૧) તા. ૦૨–૦૧–૨૦૧૫ના પત્રથી શ્રીમતી નઝમા હેપતુલ્લા માન.મંત્રીશ્રી, અલ્પ સંખ્યક મંત્રાલય ભારત સરકારે તા. ૧૮–૧૧–૨૦૧૩ના પત્રની વિગતે વકફ સુધારા અધિનયમ અન્વયે વકફ બોર્ડની રચના, |

વકફ ટ્રીબ્યુનલની રચના, સર્વે કમિશનરની નિમણૂંક તથા વકફ મિલકતો ૩૦-વર્ષના ભાડાપટ્ટે કોમર્શીયલ/શૈક્ષણિક/આરોગ્ય માટે વિકાસ તથા અન્ય કાયદાકીય જોગવાઈઓ મુજબ કાર્યવાહી કરવા સુચન કરેલ.

જે અન્વયે સરકારશ્રી દ્વારા વકફ ટ્રીબ્યુનલની રચના કરેલ છે. સર્વે કમિશનરની નિમણૂંક અંગેની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. તેમજ બાયસેક (સેટેલાઈટ) મારફતે સર્વેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

(૨) તા. ૦૭-૦૯-૨૦૧૫ના સેન્ટ્રલ વકફ કાઉન્સિલના પત્ર અન્વયે વકફ એમેન્ડમેન્ટ એક્ટ, ૨૦૧૩ થી થયેલ સુધારા અન્વયે ફોલોઅપ મુજબ કાર્યવાહી કરવા સુચન કરેલ.

જે અન્વયે સરકારશ્રી દ્વારા તા. ૧૪-૦૯-૨૦૧૫ના પત્રથી ભારત સરકારના અલ્પ સંખ્યક મંત્રાલયને જાણ કરેલ છે. તેમજ વકફ એક્ટના સુધારા બાબતે જુદી-જુદી જગ્યાએ સેમિનાર કરી વકફ મિલકતના રક્ષણ માટે સમજ આપેલી છે.

(૩) તા. ૧૫-૦૯-૨૦૧૫ના સેન્ટ્રલ વકફ કાઉન્સિલના પત્ર અન્વયે વકફ બોર્ડ દ્વારા ૨૧-મિલકતોની વેચાણની મંજુરી આપેલી તે બાબતેની કાર્યવાહી કરવા સુચન કરેલ.

જે અન્વયે એક મિલકત બાબતે નામ.હાઈકોર્ટ સમક્ષ સ્પે.સી.એ.નં. ૮૬૬૬/૨૦૧૫ દાખલ થયેલ છે. જેથી હાલ મેટર સબ-જ્યુડીશ છે.

## જૂનાગઢ જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૨૫૯૬૫ શ્રીઅરવિંદભાઈ લાડાણી (કેશોદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યુ, અને | (૧) ૨૩. |
| (૨) ઉક્ત ભરતી મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપી? | (૨) ૨૭૦૦. |

## બનાસકાંઠા જિલ્લામાં વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ

* ૨૫૯૫૨ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગ તથા લઘુમતી વર્ગના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ

જવાબ

(૧) શિષ્યવૃત્તિની મળેલ અરજીઓ

| તાલુકો | સા.શૈ.પ.વ. | લઘુમતિ | કુલ |
|---|---|---|---|
| પાલનપુર | ૯૭૬૪૯ | ૧૬૧૭૩ | ૧૧૩૮૨૨ |

માટેની તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

| | | | |
|---|---|---|---|
| વડગામ | ૫૮૭૮૧ | ૧૩૦૭૦ | ૭૧૮૫૧ |
| ડીસા | ૨૧૩૬૧૬ | ૫૦૨૩ | ૨૧૮૬૩૯ |
| વાવ | ૫૧૫૧૩ | ૧૮૭ | ૫૧૭૦૦ |
| થરાદ | ૧૨૬૮૨૪ | ૭૩૭ | ૧૨૭૫૬૧ |
| ધાનેરા | ૮૦૭૨૯ | ૧૩૧૫ | ૮૨૦૪૪ |
| કાંકરેજ | ૧૨૫૮૬૦ | ૩૭૨ | ૧૨૬૨૩૨ |
| ભાભર | ૫૬૨૧૬ | ૬૦૯ | ૫૬૮૨૫ |
| દાંતા | ૪૫૮૫૩ | ૮૯૫૬ | ૫૪૮૦૯ |
| દિયોદર | ૭૪૧૦૩ | ૪૬૨ | ૭૪૫૬૫ |
| દાંતીવાડા | ૪૮૦૨૫ | ૪૭૫ | ૪૮૫૦૦ |
| અમીરગઢ | ૨૧૦૯૮ | ૨૫૭ | ૨૧૩૫૫ |
| લાખણી | ૭૧૨૩૭ | ૫૭૭ | ૭૧૮૧૪ |
| સુઈગામ | ૨૭૭૩૫ | ૯૪ | ૨૭૮૨૯ |
| | ૧૦૯૯૨૩૯ | ૪૮૩૦૭ | ૧૧૪૭૫૪૬ |

(૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી, અને

(૨) ૧૧૨૧૬૮૯ વિદ્યાર્થીઓને રૂ. ૪૩૩૮.૭૭ લાખની સહાય ચૂકવવામાં આવી.

(૩) બાકી રહેલ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ કયાં સુધીમાં ચૂકવવામાં આવશે?

(૩) કેન્દ્ર પુરસ્કૃત લઘુમતી શિષ્યવૃત્તિ પૂરતી ચૂકવણી ભારત સરકારે કરવાની રહે છે.

## બનાસકાંઠા જિલ્લામાં મૃત ખેતમજૂરોના વારસદારોને સહાય

* ૨૫૨૩૬ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લામાં સને ૨૦૧૪–૧૫ના વર્ષમાં ખેત મજૂર મૃત્યુ વીમા સહાય યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકો | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| પાલનપુર | ૦૨ |
| દાંતીવાડા | ૦૨ |
| ધાનેરા | ૦૧ |
| અમીરગઢ | ૦૧ |
| ડીસા | ૧૦ |
| વાવ | ૦૧ |
| થરાદ | ૦૦ |
| વડગામ | ૦૧ |
| દાંતા | ૦૦ |
| દિયોદર | ૦૦ |
| શિહોરી | ૦૦ |
| ભાભર | ૦૦ |
| સુઈગામ | ૦૦ |
| લાખણી | ૦૦ |
| કુલ | ૧૮ |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ મંજુર કરી ખેત મજૂરના વારસદારોને વીમીની રકમ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ચુકવવામાં આવી,

(૨)

| તાલુકો | મંજુર અરજીઓની સંખ્યા | ચુકવેલ રકમ રૂપિયા |
|---|---|---|
| પાલનપુર | ૦૧ | ૧,૦૦,૦૦૦ |
| દાંતીવાડા | ૦૨ | ૨,૦૦,૦૦૦ |
| ધાનેરા | ૦૦ | – |
| અમીરગઢ | ૦૦ | – |
| ડીસા | ૦૮ | ૮,૦૦,૦૦૦ |
| વાવ | ૦૦ | – |
| થરાદ | ૦૦ | – |
| વડગામ | ૦૧ | ૧,૦૦,૦૦૦ |

| | | |
|---|---|---|
| દાંતા | ૦૦ | – |
| દિયોદર | ૦૦ | – |
| શિહોરી | ૦૦ | – |
| ભાભર | ૦૦ | – |
| સુઈગામ | ૦૦ | – |
| લાખણી | ૦૦ | – |
| કુલ | ૧૨ | ૧૨,૦૦,૦૦૦ |

(૩) કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી અને તેના શા કારણો છે, અને

(૩) કુલ ૦૩
૦૧ અરજી સ્વરોજગારી કરતા હોવાથી અને ૦૨ અરજી ડ્રાઈવીંગ લાઈસન્સ ન હોવાથી નામંજુર કરવામાં આવેલ છે.

(૪) ઉક્ત સ્થિતિએ પડતર રહેલ અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

(૪) અરજદાર દ્વારા પૂર્તતા થયેથી વીમા નિયામકશ્રી ગાંધીનગર મારફતે નિકાલ કરવાનો રહે છે.

### ધરમપુર તાલુકાના કોર્ટ બિલ્ડીંગના નવા મકાનનું બાંધકામ

* ૨૪૯૭૭ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના હયાત કોર્ટના બિલ્ડીંગના નવા મકાન બાંધવાની મંજૂરી ક્યારે આપવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ફાળવી અને આ કામ ક્યારે શરૂ કરવામાં આવશે ?

જવાબ

(૧) તા. ૧૨–૧૨–૨૦૧૪.

(૨) રૂ. ૭,૩૯,૪૩,૦૦૦/–ની વહીવટી મંજૂરી આપી.
વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી
બનતી ત્વરાએ

### લઘુમતી વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ માટે ગ્રાન્ટ

* ૨૫૩૭૨ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૫ની રાજ્ય સરકારે રાજ્યના લઘુમતી વિદ્યાર્થીઓને પ્રિ–મેટ્રીક, પોસ્ટ મેટ્રીક અને મેરીટ કમ મીન્સ શિષ્યવૃત્તિ માટે કેન્દ્ર સરકાર પાસે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી ગ્રાન્ટની દરખાસ્ત કે માંગણી કરેલ છે, અને

(૨) તે અન્વયે વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી ?

જવાબ

(૧)

(રૂ. લાખમાં)

| | |
|---|---|
| ૨૦૧૪–૧૫ | રૂ. ૧૨૩૩૪.૫૨ |
| ૨૦૧૫–૧૬ | રૂ. ૪૭૮૦.૪૨ |
| કુલ | રૂ. ૧૭૧૧૪.૯૪ |

(૨)

(રૂ. લાખમાં)

| | |
|---|---|
| ૨૦૧૪–૧૫ | રૂ. ૮૬૦૦.૮૬ |
| ૨૦૧૫–૧૬ | રૂ. ૫૧.૦૮ |
| કુલ | રૂ. ૮૬૫૧.૯૪ |

### ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ઓવરલોડ માલ ભરનાર ડમ્પરો

* ૨૬૪૦૬ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ઓવરલોડ માટી/રેતી ભરી જતા કેટલા ડમ્પરો તાલુકાવાર પકડવામાં આવ્યા,

જવાબ

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર ઓવરલોડ માટી/રેતી ભરી જતા ડમ્પરો પકડવામાં આવ્યા તેની વિગતો નીચે મુજબ છે.

| ગાંધીનગર જિલ્લો | | મહેસાણા જિલ્લો | |
|---|---|---|---|
| ગાંધીનગર | ૩૦૮ | મહેસાણા | ૯૫ |
| દહેગામ | ૩૧૯ | વિસનગર | ૯૦ |
| માણસા | ૨૫૩ | ઉંઝા | ૫૫ |
| કલોલ | ૨૦૫ | બેચરાજી | ૦૭ |
| | | જોટાણા | ૦૫ |

| | | | |
|---|---|---|---|
| | | ખેરાલુ | ૪૦ |
| | | વડનગર | ૧૦ |
| | | સતલાસણા | ૦૭ |
| | | વિજાપુર | ૬૫ |
| | | કડી | ૫૮ |

(૨) પકડાયેલ ઓવરલોડ વાહનચાલકો/માલિકો સામે શું પગલાં ભરવામાં આવ્યા, અને

(૨) ગાંધીનગર જિલ્લાના ૫૫ વાહનોના રજીસ્ટ્રેશન મોકુફ રાખવામાં આવેલ છે અને તેના ચાલકોના લાયસન્સ પણ સસ્પેન્ડ કરેલ છે તથા મહેસાણા જિલ્લાના ૧૬ વાહનોના રજીસ્ટ્રેશન મોકુફ રાખેલ છે. અને ૧૮ વાહન ચાલકોના લાયસન્સ સસ્પેન્ડ કરેલ છે.

(૩) પકડાયેલ વાહનો પાસેથી કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો ?

(૩) ગાંધીનગર જિલ્લામાંથી રૂ. ૨૨,૨૦,૧૮૦/- તથા મહેસાણા જિલ્લામાંથી રૂ. ૧૮,૨૪,૫૦૦/- દંડ વસુલ કરવામાં આવ્યો.

### સાબરકાંઠા જિલ્લામાં શિક્ષિત બેરોજગારો

* ૨૬૪૧૬ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં સ્થાનિક શિક્ષિત બેરોજગાર યુવાનોને રોજગારી આપવાના સરકારના પરિપત્રનું અમલીકરણ ઔદ્યોગિક એકમો દ્વારા થાય છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા સ્થાનિક શિક્ષિત બેરોજગાર યુવાનોને રોજગારી આપવામાં આવી, અને

(૨)

| સમયગાળો | સ્થાનિકોને રોજગારી |
|---|---|
| ડિસેમ્બર, ૨૦૧૪ની સ્થિતિએ | ૮૪૧૦ |
| ડિસેમ્બર, ૨૦૧૫ની સ્થિતિએ | ૮૧૯૨ |

(૩) ઉક્ત સ્થિતિએ જે એકમો દ્વારા આવી રોજગારી પુરી પાડવામાં ન આવી હોય તેવા ઔદ્યોગિક એકમો સામે શું કાર્યવાહી કરવામાં આવી ?

(૩) ઉક્ત સ્થિતિએ સ્થાનિક રોજગારી પુરી પાડેલ ન હોય તેવા એકમો સામે નીચે દર્શાવાયા મુજબની કાર્યવાહી કરેલ છે.

- સ્થાનિક રોજગારી અંગેના સરકારશ્રીના તારીખ ૩૧-૩-૧૯૯૫ ના ઠરાવની જોગવાઈઓ મુજબ સ્થાનિકોની ટકાવારી જાળવવા સંબંધિત એકમોને જિલ્લા તંત્ર દ્વારા તારીખઃ ૧૨-૦૨-૨૦૧૬ ના પત્રથી તેમજ તારીખઃ ૨૪-૨-૨૦૧૬ના રોજ સંબંધિત એકમો સાથે બેઠક કરીને જણાવેલ છે.
- ઉક્ત ઠરાવની જોગવાઈઓનો અમલ ન કરતા પ્રોત્સાહિત એકમો સામેની યોગ્ય કાર્યવાહી અર્થે એકમોની વિગત સંબંધિત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, અને સંબંધિત સહાયક વાણિજ્યવેરા કમિશનરશ્રીને તારીખઃ ૧૯-૧૦-૨૦૧૫ અને તા.૨૩-૨-૨૦૧૬ ના પત્રોથી મોકલાવેલ છે.

### રાજ્યની રોજગાર વિનીયમ કચેરીઓને રકમ ફાળવણી

* ૨૪૯૬૭ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં આવેલ રોજગાર વિનીયમ કચેરીઓના વહીવટી અને બિન વહીવટી ખર્ચ પેટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ ફાળવી ?

| સમયગાળો | ફાળવેલ રકમ |
|---|---|
| (૧) તા. ૦૧-૦૨-૧૪ થી તા. ૩૧-૦૧-૨૦૧૫ | રૂ. ૨૧૯૮.૫૩ લાખ |

| | |
|---|---|
| (૨) તા. ૦૧-૦૨-૧૫ થી તા. ૩૧-૦૧-૨૦૧૬ | રૂ. ૨૨૩૨.૩૫ લાખ |

મહીસાગર જિલ્લામાં માનવ ગરીમા યોજના

* ૨૪૮૬૮ શ્રી સુરેશભાઈ પટેલ (મણિનગર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬માં વિકસતી જાતિની કેટલી અરજીઓ મળી, | (૧) ૪૫૧. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૪૫૧. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી કીટસ વિતરણ કરવામાં આવી ? | (૩) ૪૩૮. |

પંચમહાલ જિલ્લામાં શ્રમિકોને આવાસ

* ૨૬૦૦૩ શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શ્રમિકોને આવાસ આપવાની યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલા શ્રમિકોને આવાસ આપવામાં આવ્યા, | (૧) બાંધકામ શ્રમિકોને રહેવા માટેની શ્રી નાનાજી દેશમુખ આવાસ યોજના અંતર્ગત જે તે શહેરી વિસ્તારની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા/શહેરી વિકાસ સત્તા મંડળ અને ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા બાંધકામ શ્રમિકને જો મકાનની ફાળવણી કરવામાં આવે તો રૂ. ૧.૬૦ લાખની આર્થિક સહાય બાંધકામ બોર્ડ દ્વારા ચૂકવવામાં આવે છે. આવાસ મંજુર કરવાની અથવા ફાળવવા અંગેની બાબત આ વિભાગના કાર્યક્ષેત્રની નથી. |
| (૨) તે અન્વયે એક આવાસની કિંમત કેટલી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકી રહેતા શ્રમિકોને કેટલા સમયમાં આવાસ આપવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

સાબરકાંઠા જિલ્લામાં સંકટમોચન યોજના

* ૨૪૮૫૩ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઈવાડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં સંકટમોચન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે, અને | (૧) અને (૨) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં સંકટમોચન યોજના હેઠળ મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ તાલુકાવાર મંજુર કરી અને કેટલી અરજીઓ નામંજુર કરી? | |

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજુર અરજીઓ | નામંજુર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧૭૬ | ૫૦ | ૧૨૦ |
| ૨ | ઈડર | ૩૮ | ૨૧ | ૧૭ |
| ૩ | વડાલી | ૯ | ૨ | ૭ |
| ૪ | પ્રાંતિજ | ૪૦ | ૨૩ | ૮ |
| ૫ | તલોદ | ૫૪ | ૨૯ | ૨૫ |
| ૬ | ખેડબ્રહ્મા | ૬ | ૪ | ૨ |
| ૭ | વિજયનગર | ૧૦ | ૫ | ૫ |
| ૮ | પોશીના | ૪ | ૧ | ૦ |
| | કુલ | ૩૩૭ | ૧૩૫ | ૧૮૪ |

જુનાગઢ જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન સહાય

અતારાંકિત પ્રશ્નોત્તરી

* ૨૪૯૭૯ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જિલ્લામાં અનુસૂચિત જાતિના કેટલા વિદ્યાર્થીઓએ વિદેશ ઉચ્ચ અભ્યાસ માટે લોન મેળવવા અરજીઓ કરી, | (૧) |

| વર્ષ | મળેલ અરજીઓ |
|---|---|
| તા. ૦૧–૦૧–૨૦૧૪ થી તા. ૩૧–૦૧–૨૦૧૫ | ૦૧ |
| તા. ૦૧–૦૧–૨૦૧૫ થી તા. ૩૧–૦૧–૨૦૧૬ | ૦૨ |
| કુલ | ૦૩ |

(૨) તે અન્વયે વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી રકમ લોન પેટે આપી, અને

(૨)

| વર્ષ | મંજૂર અરજીઓ | લોનની રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| તા. ૦૧–૦૧–૨૦૧૪ થી તા. ૩૧–૦૧–૨૦૧૫ | ૦૧ | ૧૫.૦૦ |
| તા. ૦૧–૦૧–૨૦૧૫ થી તા. ૩૧–૦૧–૨૦૧૬ | ૦૧ | ૦૦ |
| કુલ | ૦૨ | ૧૫.૦૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત સ્થિતિએ પડતર રહેલ અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ? | (૩) ૦૧ અરજી પડતર છે. ક્રમાનુસાર બનતી ત્વરાએ નિકાલ કરવામાં આવશે. |

જામનગર જિલ્લાની કનસુમરા–મસીતીયા યોજના

* ૨૬૪૩૨ શ્રી રાઘવજી પટેલ (જામનગર–ગ્રામ્ય) તા. ૨૮–૮–૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૧૯૭૭૬ (અગ્રતા–૨૬૧) ના અનુસંધાને : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સસોઈ ડેમ આધારીત સસોઈ જુથ યોજનાના છેવાડાના ૯ ગામો અને ૧ પરા વિસ્તાર માટે "કનસુમરા–મસીતીયા જુથ યોજના" બનાવી ભારણ હળવું કરવું આ યોજનાને તા. ૩૧–૦૭–૨૦૧૫ની સ્થિતિએ મંજુરી આપવાની બાકી હતી તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ યોજનાની મંજુરી કયા તબક્કે છે, અને | (૨) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ યોજનાને તાંત્રિક ચકાસણી સમિતિ દ્વારા મંજુરી મળેલ છે. |
| (૩) યોજના મંજુર કરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ? | (૩) તા. ૧–૦૩–૨૦૧૬ના રોજ મળેલ બોર્ડ સભ્ય મંડળની બેઠક દ્વારા બહાલી અપાયેલ છે. યોજનાના કામો વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે. |

ગાંધીનગર જિલ્લામાં બોનસ ચૂકવણી

* ૨૪૮૨૪ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર દક્ષિણ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં બોનસ ચૂકવણી ધારા હેઠળ તા. ૧–૧–૧૫થી તા. ૩૧–૧૨–૧૫ના વર્ષ દરમ્યાન કેટલી ફરિયાદો મળી અને તે પૈકી કેટલી ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો, અને | (૧) ગાંધીનગર જિલ્લામાં બોનસ ચૂકવણી ધારા હેઠળ તા.૧–૧–૧૫ થી તા.૩૧–૧૨–૧૫ ના વર્ષ દરમ્યાન કોઈ ફરિયાદ મળેલ નથી, આથી ફરિયાદોનો નિકાલ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) ઉક્ત સમયગાળા દરમ્યાન આ ધારા હેઠળ કેટલી સંસ્થાઓ સામે કોર્ટ કેસ કરવામાં આવ્યા ? | (૨) આ સમયગાળા દરમ્યાન કરેલ નિરીક્ષણો અન્વયે ૬ સંસ્થાઓ સામે કોર્ટ કેસ કરવામાં આવ્યા છે. |

મહેસાણા જિલ્લામાં કાર્યરત આઈ.ટી.આઈ.

* ૨૫૯૭૮ શ્રી ઋષિકેશ પટેલ (વિસનગર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં કેટલી અને કઈ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ | (૧) મહેસાણા જિલ્લામાં નીચે દર્શાવ્યા મુજબની ૧૦ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ કાર્યરત છે. (૧) ઉંઝા |

કાર્યરત છે, અને

(૨) કડી (૩) ખેરાલુ (૪) જોટાણા (મહિલા) (૫) બેચરાજી (૬) મહેસાણા (૭) વડનગર (૮) વિજાપુર (૯) વિસનગર (૧૦) સતલાસણા

(૨) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલા અને ક્યા રાષ્ટ્રીય કક્ષાના વ્યવસાયો ચલાવવામાં આવે છે ?

(૨) આ સંસ્થાઓમાં આ સાથેના પત્રકમાં દર્શાવ્યા મુજબના ૨૫ વ્યવસાયો ચલાવવામાં આવે છે.

પત્રક

| ક્રમ | – | રાષ્ટ્રીય કક્ષાના વ્યવસાયો |
|---|---|---|
| ૧ | – | એટેન્ડન્ટ ઓપરેટર (કેમિકલ પ્લાન્ટ) |
| ૨ | – | બેઝિક કોસ્મેટોલોજી |
| ૩ | – | કારપેન્ટર |
| ૪ | – | કોમ્પ્યુટર ઓપરેટર–કમ–પ્રોગ્રામીંગ આસિસ્ટન્ટ |
| ૫ | – | ડ્રાફ્ટસમેન સિવિલ |
| ૬ | – | ડ્રાફ્ટસમેન મિકેનિક |
| ૭ | – | ડ્રેસ મેકિંગ |
| ૮ | – | ઈલેક્ટ્રીશીયન |
| ૯ | – | ઈલેક્ટ્રોનિક્સ મિકેનિક |
| ૧૦ | – | ફેશન ડિઝાઈન ટેકનોલોજી |
| ૧૧ | – | ફીટર |
| ૧૨ | – | હેલ્થ સેનેટરી ઈન્સપેક્ટર |
| ૧૩ | – | ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી સિસ્ટમ મેન્ટેનન્સ |
| ૧૪ | – | ઈન્સ્ટુમેન્ટ મિકેનિક |
| ૧૫ | – | મશીનિષ્ટ |
| ૧૬ | – | મિકેનિક ડીઝલ એન્જિન |
| ૧૭ | – | મિકેનિક મોટર વ્હિકલ |
| ૧૮ | – | પ્લાસ્ટીક પ્રોસેસિંગ ઓપરેટર |
| ૧૯ | – | પ્લમ્બર |
| ૨૦ | – | રેફ્રિજરેશન એન્ડ એર કન્ડીશનીંગ મિકેનિક |
| ૨૧ | – | સુઈંગ ટેકનોલોજી |
| ૨૨ | – | સર્વેયર |
| ૨૩ | – | ટર્નર |
| ૨૪ | – | વેલ્ડર |
| ૨૫ | – | વાયરમેન |

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વૃદ્ધોને પેન્શન

* ૨૪૮૫૭ શ્રી બાવનજીભાઈ મેતલીયા (ટંકારા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજુર કરી અને કેટલી અરજીઓ નામંજુર કરી?

જવાબ

(૧) અને (૨) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ સહાય યોજના હેઠળ તાલુકાવાર મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજુર અરજીઓ | નામંજુર અરજીઓ |
|---|---|---|---|---|

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ખંભાળીયા | ૧૪૪ | ૧૩૧ | ૧૩ |
| ૨ | ભાણવડ | ૧૫૫ | ૧૨૨ | ૧૮ |
| ૩ | દ્વારકા | ૩૩૭ | ૨૧૦ | ૧૦૬ |
| ૪ | કલ્યાણપુર | ૧૭૩ | ૧૩૩ | ૩૯ |
| | કુલ | ૮૦૯ | ૫૯૬ | ૧૭૬ |

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શ્રમિક સુરક્ષા સહાય

* ૨૬૪૨૫ શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં શ્રમિક સુરક્ષા યોજના હેઠળ ખેત મજુરોની આકસ્મિક મૃત્યુની સહાય માટે કેટલી અરજી મળી, | (૧) કુલ : ૧૮ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, | (૨) કુલ : ૦૫ |
| (૩) કેટલી નામંજુર કરવામાં આવી, અને તેના શા કારણો છે, અને | (૩) કુલ : ૦૨<br>૦૧ અરજી રીક્ષા ચાલક હોવાથી તથા ૦૧ અરજી વારસામાં ખેતીની જમીન મળવાપાત્ર હોવાથી વીમા નિયામકશ્રી ગાંધીનગર દ્વારા નામંજુર થયેલ છે. |
| (૪) ઉક્ત સ્થિતિએ પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ? | (૪) અરજદારશ્રી દ્વારા પૂર્તતા થયેથી વિમા નિયામકશ્રી ગાંધીનગર મારફતે નિકાલ કરવાનો રહે છે. |

ખેડા જિલ્લામાં વિકસતી જાતિને મફત તબીબી સહાય

* ૨૪૮૭૦ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મફત તબીબી સહાય યોજના હેઠળ ખેડા જિલ્લામાં વિકસતી જાતિના કેટલા લાભાર્થીઓની અરજીઓ મળી, | (૧) ૮૦૨. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા લાભાર્થીઓની અરજીઓ મંજુર કરી કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૨) મંજુર અરજીઓ – ૮૦૨<br>ચૂકવેલ સહાય – રૂ. ૨૬.૮૨ લાખ. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મુખ્યત્વે શા કારણોસર ના મંજુર કરી ? | (૩) બધીજ અરજીઓ મંજુર કરેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

મોટર વ્હીકલ ટેક્સ પેટે આવક

* ૨૪૯૫૬ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને મોટર વ્હીકલ ટેક્સ પેટે વર્ષવાર કેટલી રકમ મળી ? | (૧) |

| વર્ષ | મળેલ રકમ (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૪–૧૫ (૩૧–૧–૧૫ અંતિત) | ૧૮૧૭.૮૧ |
| ૨૦૧૫–૧૬ (૩૧–૧–૧૬ અંતિત) | ૨૨૦૩.૦૦ |

સાબરકાંઠા જિલ્લામાં બોનસ ચૂકવણી

* ૨૫૯૭૬ શ્રી રાજેન્દ્રસિંહ ચૌહાણ (હિંમતનગર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં બોનસ ચૂકવણી ધારા હેઠળ | (૧) ૧ (એક). |

તા.૧-૧-૨૦૧૫ થી તા.૩૧-૧૨-૨૦૧૫ દરમ્યાન કેટલી ફરિયાદો મળી,

(૨) તે પૈકી કેટલી ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો, અને

(૨) આ ફરિયાદોનો નિકાલ કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત સમયગાળા દરમ્યાન આ ધારા હેઠળ કેટલી સંસ્થાઓ સામે કોર્ટ કેસ કરવામાં આવ્યા ?

(૩) આ ફરિયાદનો નિકાલ કરેલ હોવાથી કોર્ટ કેસ કરવાનો પ્રશ્ન ઉપસ્થિતિ થતો નથી.

જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાના દેવસ્થાનોમાં આવક

* ૨૪૯૪૮ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય દેવસ્થાન મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લાવાર કેટલા ધર્મસ્થાનો/દેવસ્થાનોનો વહીવટ સરકાર હસ્તક છે, અને

(૨) ઉક્ત દેવસ્થાનો/ધર્મસ્થાનો વાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી આવક થઈ ?

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં એક દેવસ્થાન શ્રી વાઘેશ્વરી માતાજી મંદિર ટ્રસ્ટનો વહીવટ સરકાર હસ્તક છે જ્યારે ગીર સોમનાથ જિલ્લામાં કોઈ પણ ધર્મસ્થાનો/દેવસ્થાનોનો વહીવટ સરકાર હસ્તક નથી.

(૨) શ્રી વાઘેશ્વરી માતાજી મંદિર, જુનાગઢની છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આવક નીચે મુજબ છે.

| વર્ષ | આવક રૂપિયામાં |
|---|---|
| ૨૦૧૪ | ૧૨,૦૭,૧૧૯/- |
| ૨૦૧૫ | ૮,૮૯,૧૬૭/- |

બનાસકાંઠા જિલ્લામાં પછાતવર્ગ માટે સરકારી છાત્રાલયો

* ૨૪૮૭૧ શ્રી કેશાજી ચૌહાણ (દિયોદર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કેટલા સરકારી છાત્રાલયો આવેલા છે, અને

(૨) ઉક્ત છાત્રાલયો પૈકી કેટલા છાત્રાલય સરકારી મકાનમાં કાર્યરત છે ?

જવાબ

(૧) ૦૧ (એક)

(૨) ૦૧ (એક).

મહીસાગર જિલ્લામાં વૃધ્ધોને પેન્શન

* ૨૪૮૫૮ શ્રી ભૂષણ ભટ્ટ (જમાલપુર ખાડીયા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહીસાગર જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ કેટલી અરજીઓ મળેલ છે, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરી તથા કેટલી અરજીઓ ના મંજુર કરી ?

જવાબ

(૧) મળેલ અરજીઓ-૨૭૯૫

(૨) મંજુર અરજીઓ- ૨૨૪૩
નામંજુર અરજીઓ- ૪૫૭

જામનગર જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળા

* ૨૪૮૩૪ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ જામનગર જિલ્લા રોજગાર કચેરીમાં કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી?

જવાબ

(૧) ૧૬૫૯૧

(૨) ૫૬૧૪

નવસારી જિલ્લામાં કાર્યરત આઇ.ટી.આઇ.

* ૨૫૯૫૯ શ્રી પિયુષભાઇ દેસાઇ (નવસારી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ નવસારી જિલ્લામાં કેટલી અને કઈ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ કાર્યરત છે. અને

જવાબ

(૧) નવસારી જિલ્લામાં નીચે દર્શાવ્યા મુજબની ૦૯ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ કાર્યરત છે.
(૧) અગાસી (૨) ખેરગામ (૩) ગણદેવી (૪) ગણેશસિસોદ્રા (૫) ચિખલી (૬) જલાલપોર (૭) નવસારી

(મહિલા) (૮) બિલીમોરા (૯) વાંસદા

(૨) ઉકત સ્થિતિએ તેમાં કેટલા અને કયા રાષ્ટ્રીય કક્ષાના વ્યવસાયો ચલાવવામાં આવે છે?

(૨) આ સંસ્થાઓમાં આ સાથેના પત્રક માં દર્શાવ્યા મુજબના ૩૫ વ્યવસાયો ચલાવવામાં આવે છે.

પત્રક

| ક્રમ | રાષ્ટ્રીય કક્ષાના વ્યવસાયો |
|---|---|
| ૧ | એટેન્ડન્ટ ઓપરેટર (કેમિકલ પ્લાન્ટ) |
| ૨ | બેઝિક કોસ્મેટોલોજી |
| ૩ | કારપેન્ટર |
| ૪ | સી.ઓ.ઈ. એડવાન્સ એટેન્ડન્ટ ઓપરેટર |
| ૫ | સી.ઓ.ઈ. એડવાન્સ ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનિક |
| ૬ | સી.ઓ.ઈ. એડવાન્સ મેન્ટેનન્સ મિકેનિક |
| ૭ | કોમ્પ્યુટર ઓપરેટર –કમ–પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| ૮ | ડ્રાફ્ટસમેન સિવિલ |
| ૯ | ડ્રાફ્ટસમેન મિકેનિક |
| ૧૦ | ડ્રેસમેકિંગ |
| ૧૧ | ઈલેક્ટ્રીશીયન |
| ૧૨ | ઈલેક્ટ્રોનિકસ મિકેનિક |
| ૧૩ | ફેશન ડિઝાઈન ટેકનોલોજી |
| ૧૪ | ફીટર |
| ૧૫ | હેલ્થ સેનેટરી ઈન્સ્પેકટર |
| ૧૬ | ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી સિસ્ટમ મેન્ટેનન્સ |
| ૧૭ | ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનિક |
| ૧૮ | ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનિક (કેમિકલ પ્લાન્ટ) |
| ૧૯ | ઈન્ટેરિયલ ડેકોરેશન એન્ડ ડિઝાઈનીંગ |
| ૨૦ | લેબારેટરી આસીસ્ટન્ટ (કેમિકલ પ્લાન્ટ) |
| ૨૧ | મશીનિષ્ટ |
| ૨૨ | મશીનિષ્ટ ગ્રાઈન્ડર |
| ૨૩ | મરીન ફીટર |
| ૨૪ | મિકેનિક ડીઝલ એન્જીન |
| ૨૫ | મિકેનિક મેન્ટેનન્સ કેમિકલ પ્લાન્ટ |
| ૨૬ | મિકેનિક મોટર વ્હિકલ |
| ૨૭ | મિકેનિક ટ્રેકટર |
| ૨૮ | પ્લાસ્ટિક પ્રોસેસિંગ ઓપરેટર |
| ૨૯ | પ્લમ્બર |
| ૩૦ | રેફ્રીજરેશન એન્ડ એર કન્ડીશનીંગ મિકેનિક |
| ૩૧ | સુઇંગ ટેકનોલોજી |
| ૩૨ | સર્વેયર |
| ૩૩ | ટર્નર |
| ૩૪ | વેલ્ડર |
| ૩૫ | વાયરમેન |

## શિયાળબેટના લોકોને પીવાનું પાણી

* ૨૬૦૨૩ શ્રી હીરાભાઈ સોલંકી (રાજુલા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ દરિયાઇ ટાપુ શીયાળબેટના પ્રજાજનોને પીવા માટે મહીપરીએજ આધારીત પાણી પુરવઠા યોજનામાંથી પાણી આપવાની યોજના મંજુર થયેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |

(૨) જો હા તો આ યોજનાની કામગીરી ઉકત સ્થિતિએ કયા તબક્કે છે?

(૨) ટેન્ડરના તબક્કે છે.

### દાહોદ જિલ્લામાં ફેમીલી કોર્ટ

* ૨૪૯૬૪ ડૉ. મિતેષભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં ફેમીલી કોર્ટ નથી, તે હકીકત સાચી છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો દાહોદમાં ફેમીલી કોર્ટ બનાવવા સરકારનું આયોજન છે કે કેમ, અને | (૨) હા. જી, ઉકત સ્થિતિએ રાજ્ય સરકારના કાયદા વિભાગના તા. ૧૬–૦૫–૨૦૧૫ ના ઠરાવ ક્રમાંકઃ HCT/102015/210/D (Part-11) મુજબ દાહોદ જિલ્લામાં ૨ ફેમીલી કોર્ટનું મહેકમ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૩) જો હા, તો કયાં સુધીમાં બનાવવામાં આવશે? | (૩) નામ. વડી અદાલત તરફથી અધિસૂચનાનો મુસદ્દો મળ્યેથી ફેમીલી કાર્યરત કરવામાં આવશે. |

### પાટણ જિલ્લામાં પછાતવર્ગના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ

* ૨૪૮૭૪ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પાટણ જિલ્લામાં ધોરણ ૧ થી ૪ શિષ્યવૃત્તિ યોજનામાં નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬માં આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મેળવવા કેટલી અરજીઓ મળી, અને | (૧) ૪૦૮૫. |
| (૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી શિષ્યવૃત્તિની રકમ ચૂકવવામાં આવી ? | (૨) ૪૦૮૫ વિદ્યાર્થીઓને રૂ.૨૦,૪૨,૫૦૦/–ની શિષ્યવૃત્તિની રકમ ચૂકવવામાં આવી. |

### રાજકોટ જિલ્લામાં કાર્યરત આઈ.ટી.આઈ.

* ૨૫૯૭૦ શ્રી પ્રવિણભાઈ માકડિયા (ધોરાજી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કેટલી અને કઈ ગ્રાન્ટ ઈન એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો કાર્યરત છે. અને | (૧) રાજકોટ જિલ્લામાં નીચે દર્શાવ્યા મુજબની ૦૪ ગ્રાન્ટ ઈન એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો કાર્યરત છે. (૧) ગોંડલ (૨) જેતપુર (૩) ડુમિયાણી (૪) ભૂતવડ |
| (૨) ઉકત સ્થિતિએ તેમાં કેટલા અને કયા રાષ્ટ્રીય કક્ષાના વ્યવસાયો ચલાવવામાં આવે છે? | (૨) આ કેન્દ્રોમાં આ સાથેના પત્રકમાં દર્શાવ્યા મુજબના ૦૭ વ્યવસાયો ચલાવવામાં આવે છે. |

પત્રક

| ક્રમ | રાષ્ટ્રીય કક્ષાના વ્યવસાયો |
|---|---|
| ૧ | કોમ્પ્યુટર ઓપરેટર –કમ–પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| ૨ | ડ્રાફ્ટસમેન સિવિલ |
| ૩ | ડ્રેસમેકિંગ |
| ૪ | ઈલેકટ્રીશીયન |
| ૫ | સુઈંગ ટેકનોલોજી |
| ૬ | સર્વેયર |
| ૭ | વાયરમેન |

### રાજકોટ જિલ્લામાં સંકટમોચન યોજના

* ૨૪૮૫૬ શ્રી કાંતિલાલ અમૃતિયા (મોરબી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં સંકટમોચન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે, અને | (૧) અને (૨) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં સંકટમોચન યોજના હેઠળ તાલુકાવાર મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ | |

તાલુકાવાર મંજુર કરી અને કેટલી અરજીઓ નામંજુર કરી?

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજુર અરજીઓ | નામંજુર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | વીંછીયાં | ૦ | ૦ | ૦ |
| ૨ | જસદણ | ૨૨ | ૧૯ | ૨ |
| ૩ | જામકંડોરણા | ૩ | ૩ | ૦ |
| ૪ | ધોરાજી | ૨૨ | ૯ | ૧૩ |
| ૫ | ઉપલેટા | ૧૭ | ૧૦ | ૭ |
| ૬ | જેતપુર | ૨૮ | ૮ | ૨૦ |
| ૭ | ગોંડલ | ૭૧ | ૪૪ | ૨૭ |
| ૮ | રાજકોટ તાલુકા | ૨૬ | ૧૨ | ૩ |
| ૯ | રાજકોટ પૂર્વ | ૯૮ | ૪૮ | ૩૯ |
| ૧૦ | રાજકોટ પશ્ચિમ | ૪૬ | ૨૫ | ૧૨ |
| ૧૧ | રાજકોટ દક્ષિણ | ૧૭૫ | ૮૮ | ૭૧ |
| ૧૨ | કોટડા સાંગાણી | ૪ | ૩ | ૦ |
| ૧૩ | લોધીકા | ૬ | ૫ | ૧ |
| ૧૪ | પડધરી | ૫ | ૧ | ૩ |
| | કુલ | ૫૨૩ | ૨૭૫ | ૧૯૮ |

સાણંદ અને બાવળા તાલુકાના ગામોને પાઈપલાઈનથી પીવાનું પાણી

* ૨૪૯૮૨શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ સાણંદ અને બાવળા તાલુકાના કેટલા ગામોને પીવાનું પાણી પાઈપ લાઈન દ્વારા આપવામાં આવે છે, અને

(૨) બાકી રહેતા કેટલા ગામોને આ સુવિધા કેટલા સમયમાં આપવાનું આયોજન છે?

જવાબ

(૧) સાણંદ અને બાવળા તાલુકાના તમામ ગામોને પીવાનું પાણી પાઈપ લાઈન દ્વારા આપવામાં આવે છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

બનાસકાંઠા જિલ્લામાં શ્રમિકોના કલ્યાણ માટે ખર્ચ

* ૨૫૯૩૧ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજયમાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સરકારી બાંધકામના બીલમાંથી શ્રમિકો–મજુરોના કલ્યાણ માટે અમુક ચોક્કસ સેસ પેટેની રકમ સરકારમાં જમા લેવામાં આવે છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તે અન્વયે ઉકત સ્થિતિએ કુલ કેટલી રકમ સરકારમાં જમા છે, અને

(૩) તે પૈકી ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર શ્રમિકો–મજુરોના કલ્યાણ માટેની કઈ પ્રવૃત્તિઓમાં કેટલી રકમ વાપરવામાં આવી ?

જવાબ

(૧) હા.

(૨) ૧૨૩૬.૫૮ કરોડ.

(૩) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાલુકાવાર શ્રમિકો–મજુરોના કલ્યાણ માટે નીચેની પ્રવૃત્તિઓમાં નીચેની રકમ વાપરવામાં આવી.

(૧) થરાદ તાલુકામાં વિશિષ્ટ અભ્યાસના કોચીંગ માટે સને ૨૦૧૪ ની માહિતી મામુર છે. જ્યારે સને ૨૦૧૫ માં રૂ઼ા. ૭.૫૦ લાખ વાપરવામાં આવેલ છે.

(૨) વર્ષ ૨૦૧૪ માં શિક્ષણ સહાય માટે

પાલનપુર રૂ઼ા. ૪૭,૫૦૦/–
વડગામ રૂ઼ા. ૫૩૭૫૦/–
ભાભર રૂ઼ા.૧૧,૨૫૦/–
ડીસા રૂ઼ા. ૯,૨૫૦/–

કુલ રૂ. ૧,૨૧,૭૫૦/–

(૩) વર્ષ ૨૦૧૫ માં શિક્ષણ સહાય માટે,

પાલનપુર રૂા. ૧૭,૦૦૦/–
ડીસા રૂા. ૩,૦૦૦/–
કાંકરેજ રૂા. ૧૦,૫૦૦/–
કુલઃ– રૂા. ૩૦,૫૦૦/–

## પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૨૪૯૮૬ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લાઓમાં છેલ્લા બે વર્ષમાં રોજગાર વિનિમય કચેરી ખાતે વર્ષવાર કેટલા શિક્ષિત બેરોજગારો અને કેટલા અશિક્ષિત બેરોજગારોની નોંધણી થયેલ છે, અને

(૧)

| જિલ્લો | વર્ષઃ ૨૦૧૪ | | વર્ષઃ ૨૦૧૫ | |
|---|---|---|---|---|
| | શિક્ષિત | અશિક્ષિત | શિક્ષિત | અશિક્ષિત |
| પંચમહાલ | ૧૨૪૪૦ | ૬૫૩૦ | ૬૨૩૮ | ૧૧૩૦૫ |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા ઉમેદવારોને રોજગારી મળી છે ?

(૨)

| જિલ્લો | વર્ષઃ ૨૦૧૪ | | વર્ષઃ ૨૦૧૫ | |
|---|---|---|---|---|
| | શિક્ષિત | અશિક્ષિત | શિક્ષિત | અશિક્ષિત |
| પંચમહાલ | ૪૨૭૫ | ૩૭૩૨ | ૨૯૧૭ | ૨૫૪૮ |

## બનાસકાંઠા જિલ્લામાં છાત્રાલયોની તપાસ

* ૨૫૨૭૨ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારી મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પ્રવર્તમાન નિયમો અનુસાર ખાનગી ટ્રસ્ટ સંચાલિત કુલ કેટલી આશ્રમશાળા તથા છાત્રાલયની તપાસણી કરવામાં આવી,

(૧) આશ્રમશાળા – ૨૯
છાત્રાલય – ૧૫૧.

(૨) તે અન્વયે કુલ કેટલા કિસ્સામાં અનિયમિતતા ધ્યાને આવી, અને

(૨) ૪૮.

(૩) તે અન્વયે જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) (૧) જવાબદાર સામે ૮ સંસ્થામાં ૫ થી ૧૦ ટકા ગ્રાંટ કપાત કરવામાં આવી.
(૨) ૧ સંસ્થામાં માન્ય સંખ્યામાં ઘટાડો કરવામાં આવ્યો.
(૩) ૨ સંસ્થાને તાકીદ આપવામાં આવી.
(૪) ૩૭ સંસ્થાઓને કારણદર્શક નોટીસ આપવાની બાબત કાર્યવાહી હેઠળ છે.

## વિદ્યાર્થીઓને રાહતદરના પાસ અર્થે નિગમને સહાય

* ૨૫૯૮૭ શ્રીમતી મનીષા વકીલ (વડોદરા શહેર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને રાહત દરના એસ.ટી. પાસ માટે રાજ્ય સરકાર એસ.ટી. નિગમને કોઈ સહાય આપે છે કે કેમ, અને

(૧) હા.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા વર્ષવાર કેટલી રકમની સહાય અપાઈ છે ?

(૨) રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં એસ.ટી.નિગમને વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને રાહત દરના એસ.ટી. પાસ માટે નીચે મુજબ સહાય આપવામાં આવેલ છે.

| વર્ષ | રૂ. (કરોડમાં) |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૩૫૦.૫૭ |
| ૨૦૧૫–૧૬ | ૧૮૨.૪૮ |

## તા. ૨૨મી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### ગાંધીનગર જિલ્લામાં એપ્રેન્ટીસ એકમો

* ૨૫૯૭૪ શ્રી અશોકકુમાર પટેલ (ગાંધીનગર ઉત્તર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં કેટલા અને કયા એપ્રેન્ટીસ એકમો કાર્યરત છે, અને | (૧) ગાંધીનગર જિલ્લામાં આ સાથેના *પત્રકમાં દર્શાવ્યા મુજબના ૪૧૨ એકમો કાર્યરત છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલા વ્યવસાયો આવરી લેવાયેલ છે? | (૨) ૭૩ |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)

### મહીસાગર અને ખેડા જિલ્લામાં બાળમજૂરો

* ૨૫૮૩૮ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ મહીસાગર અને ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર બાળ મજુરીના કેટલા કિસ્સા નોંધાયા, | (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ મહીસાગર અને ખેડા જિલ્લાના બાલાસિનોર તાલુકામાં એક બાળ મજુરીનો કિસ્સો નોંધાયેલ છે. જ્યારે અન્ય તાલુકાઓમાં તેમજ ખેડા જિલ્લાના તાલુકાઓમાં એક પણ બાળ મજુરીનો કિસ્સો નોંધાયેલ નથી. |
| (૨) તે અન્વયે પકડાયેલા બાળ મજુરો અને માલીકો સંદર્ભમાં શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૨) બાળ મજુરોને છોડાવવામાં આવેલ હોઈ, તેમની સામે કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, જ્યારે બાળ મજુરોને કામે રાખતાં માલિકો સામે સક્ષમ અદાલતમાં કોર્ટ કેસ કરવામાં આવેલ છે. |
| (૩) સદરહુ બાળકો ફરીથી બાળ મજુરીમાં ન જોડાય તે માટે સરકારે શી કાર્યવાહી કરી ? | (૩) સદરહું બાળક ફરીથી બાળમજુરીમાં ન જોડાય તે માટે સરકાર દ્વારા બાળશ્રમિકનું શૈક્ષણિક પુનઃવસન કરવામાં આવેલ છે. |

### બનાસકાંઠા જિલ્લામાં કન્યાઓને સાયકલ સહાય

* ૨૪૮૭૭ શ્રી પરબતભાઈ પટેલ (થરાદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬માં વિકસતી જાતિની કન્યાઓની સાયકલ માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૧૦૩૮૮. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૦૩૮૮. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી કન્યાઓને સાયકલો વિતરિત કરવામાં આવી ? | (૩) ૧૦૩૮૮. |

### મહેસાણા જિલ્લામાં માનવ ગરીમા યોજના

* ૨૪૮૬૬ શ્રી નારાયણભાઈ પટેલ (ઉંઝા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં વિકસતી જાતિની કેટલી અરજીઓ મળી, | (૧) ૬૯૭. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરી, અને | (૨) ૬૯૭. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી કીટ્સ વિતરણ કરવામાં આવી ? | (૩) ૬૯૭. |

### ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં આવાસ સહાય

* ૨૬૪૪૩ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર આંબેડકર આવાસ યોજના અન્વયે આવાસ મેળવવા કેટલી | (૧) આવાસ માટે સહાય મંજૂર કરવામાં આવે છે. |

અરજીઓ મળી,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર, તાલુકાવાર કેટલા આવાસો/અરજીઓ મંજુર કરવામાં આવી, — (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) કેટલી અરજીઓ કયા કારણોસર નામંજુર કરવામાં આવી, અને — (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) મંજુર થયેલ આવાસો પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા આવાસોનું કામ પુર્ણ થયેલ છે ? — (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### અરવલ્લી જિલ્લામાં આવાસ યોજના હેઠળ સહાય

* ૨૪૮૬૩ શ્રી જગદીશભાઈ પંચાલ (નિકોલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬માં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ અરવલ્લી જિલ્લામાં વિકસતી જાતિના કેટલા લાભાર્થીઓની અરજીઓ મળી, | (૧) ૬૭૭. |
| (૨) તે પૈકી કેટલા લાભાર્થીઓની અરજીઓ મંજૂર કરી તથા કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૨) મંજુર અરજીઓ ૬૬૫<br>ચૂકવેલ સહાય રૂ. ૧૫૨.૯૨ લાખ. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી ? | (૩) ૧૨. |

### ભાવનગર જિલ્લાના ઔદ્યોગિક એકમોમાં ઈજા પામેલ મજૂરોની સારવાર

* ૨૫૨૬૫ શ્રી પ્રવિણભાઈ રાઠોડ (પાલીતાણા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં અકસ્માતના કારણે ઘાયલ કે ગંભીર ઈજા પામેલ મજૂરોની કેટલી સંખ્યા છે, | (૧) કુલ : ૬૦ |
| (૨) ઉક્ત ઘાયલ કે ઈજા પામેલ મજૂરોની સારવાર માટે શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૨) ઉક્ત ઘાયલ કે ઈજા પામેલ મજૂરોની કારખાનામાં પ્રાથમિક સારવાર કરવામાં આવી, ત્યારબાદ નજીકના દવાખાનામાં/હોસ્પિટલમાં વધુ સારવાર માટે તબદીલ કરવામાં આવ્યા. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર તે અન્વયે કેટલા ઔદ્યોગિક એકમના સંચાલકો સામે શા પગલા લેવાયા ? | (૩) વર્ષ ૨૦૧૪માં ૧૭ ઔદ્યોગિક એકમોના સંચાલકો સામે ૨૦ અને વર્ષ ૨૦૧૫માં ૫ ઔદ્યોગિક એકમોના સંચાલકો સામે ૯ કેસો કારખાના ધારા, ૧૯૪૮ અને ગુજરાત કારખાનાના નિયમો ૧૯૬૩ હેઠળ નામ. કોર્ટમાં દાખલ કરવામાં આવ્યા. |

### છોટાઉદેપુર જિલ્લામાં શ્રમિક સુરક્ષા સહાય

* ૨૬૩૯૧ શ્રી મોહનસિંહ રાઠવા (છોટા ઉદેપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા નોંધાયેલા શ્રમિકો છે,

(૧)

| ક્રમ | તાલુકો | નોંધાયેલ શ્રમિકોની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | ૨૦૧૪ | ૨૦૧૫ | કુલ |
| ૧ | છોટાઉદેપુર/કવાંટ | ૩૪,૬૦૦ | ૬૪૩ | ૩૫,૨૪૩ |
| ૨ | પાવી જેતપુર | ૨૫,૦૧૨ | ૭૦૦ | ૨૫,૭૧૨ |
| ૩ | સંખેડા/બોડેલી | ૩૩,૯૦૦ | ૪૫૬ | ૩૪,૩૫૬ |

(૨) તે પૈકી વર્ષવાર, તાલુકાવાર કેટલા શ્રમિકોનું કુદરતી તેમજ અકસ્માત થી અવસાન થયેલ છે, અને

(૨)

| ક્રમ | તાલુકો | કુદરતી મૃત્યુ | | |
|---|---|---|---|---|
| | | ૨૦૧૪ | ૨૦૧૫ | કુલ |
| ૧ | છોટાઉદેપુર | ૦ | ૧ | ૧ |
| ૨ | નસવાડી | ૦ | ૧ | ૧ |
| ૩ | સંખેડા | ૦ | ૨ | ૨ |

| | કુલ | ૦ | ૪ | ૪ |
|---|---|---|---|---|
| ક્રમ | તાલુકો | અકસ્માત મૃત્યુ | | |
| | | ૨૦૧૪ | ૨૦૧૫ | કુલ |
| ૧ | છોટાઉદેપુર | ૧ | ૧ | ૨ |
| | કુલ | ૧ | ૧ | ૨ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત મૃત્યુ પામેલ શ્રમિકોમાંથી કુદરતી તેમજ અકસ્માતમાં કેટલા શ્રમિકોને કેટલી સહાય ચુકવી તથા કેટલી સહાય ચુકવવાની બાકી છે?

(૩) શ્રમિકોના કુદરતી મૃત્યુના કેસમાં અંત્યેષ્ઠિ સહાય યોજના હેઠળ ૪ (ચાર) લાભાર્થીને લાભાર્થી દીઠ રૂ.૨૫૦૦/- મુજબ રૂ.૧૦,૦૦૦/-ની સહાય ચુકવવામાં આવી છે.

શ્રમિકોના અકસ્માત મૃત્યુના કેસમાં અકસ્માત જૂથ વીમા સહાય યોજના હેઠળ ૧ (એક) લાભાર્થીને રૂ.૧,૦૦,૦૦૦/-ની સહાય ચુકવવામાં આવી છે.

છોટાઉદેપુર તાલુકામાં ૧ કેસમાં વીમા નિયામક દ્વારા સહાય ચુકવવાની બાકી છે.

## રાજકોટ જિલ્લામાં વિકલાંગોને શિષ્યવૃત્તી

* ૨૫૯૭૨ શ્રીમતી ભાનુબેન બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૧,૦૫૭. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧,૦૫૧. |
| (૩) કેટલી રકમ ચુકવવામાં આવી ? | (૩) કુલ રૂપિયા ૧૫,૬૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર લાખ પાંસઠ હજાર પુરા) ની સહાય ચૂકવવામાં આવી. |

## છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં મહિલા બેરોજગારો

* ૨૫૩૧૮ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર અને વડોદરા જિલ્લા રોજગાર વિનિમય કચેરીઓમાં કેટલી મહિલા બેરોજગારો નોંધાયેલ છે, અને

(૨) તે પૈકી સ્નાતક અને અનુ-સ્નાતક મહિલા બેરોજગારોની સંખ્યા કેટલી છે?

જવાબ

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | નોંધાયેલ મહિલા બેરોજગારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૨૩૫૪ |
| ૨ | વડોદરા | ૧૫૯૭૩ |

(૨)

| ક્રમ | જિલ્લાનું નામ | નોંધાયેલ મહિલા બેરોજગાર પૈકી | |
|---|---|---|---|
| | | સ્નાતક | અનુસ્નાતક |
| ૧ | છોટાઉદેપુર | ૪૭૨ | ૫૯ |

## અરવલ્લી જિલ્લામાં વિદ્યાર્થીઓનો લોન સહાય

* ૨૬૩૯૫ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં બાયડ અને માલપુર તાલુકામાં કેટલા લાભાર્થીઓને માનવ ગરીમા યોજના હેઠળ લાભ છેલ્લા બે વર્ષમાં આપવામાં આવ્યો?

જવાબ

| તાલુકાનું નામ | લાભાર્થીની સંખ્યા |
|---|---|
| બાયડ | ૩૬૪ |
| માલપુર | ૨૧૫ |

## આણંદ જિલ્લામાં કાર્યરત એપ્રેન્ટીસ એકમો

* ૨૪૮૧૫ શ્રી રોહીત પટેલ (આણંદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કેટલા અને કયા એપ્રેન્ટીસ એકમો કાર્યરત છે, અને | (૧) આ સાથેના *પત્રક મુજબના ૧૭૦ એકમો કાર્યરત છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલા વ્યવસાયો આવરી | (૨) ૭૩. |

લેવાયેલ છે?

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

પાટણ જિલ્લાની ફેમીલી કોર્ટમાં જજોની ખાલી જગ્યા

* ૨૫૨૫૬ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પાટણ જિલ્લામાં ફેમીલી કોર્ટમાં કામના ભારણની સરખામણીમાં જજોની સંખ્યા ઓછી છે તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી, વધુમાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ રાજ્ય સરકારે વિભાગના તા.૧૬–૦૫–૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક HCT/102015/210/D(Part-5) મુજબ પાટણ જિલ્લાની ફેમીલી કોર્ટમાં પ્રીન્સીપાલ જજ સહિત સહાયક મહેકમની કુલ–૧૦ જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે, જે વડી અદાલત દરખાસ્ત મળ્યેથી કાર્યરત કરવામાં આવશે. |
| (૨) જો હા, તો ઉક્ત જિલ્લામાં ફેમીલી કોર્ટો પુરતા જજોની નિમણુંક થાય તે માટે રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કે પ્રયત્નો કર્યા? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

અમરેલી જિલ્લામાં શ્રમિક સુરક્ષા સહાય

* ૨૬૪૦૯ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં શ્રમિક સુરક્ષા યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી, | (૧) કુલ : ૧૦૩. |
| (૨) ઉક્ત મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજુર અને કેટલી અરજીઓ ના મંજુર કરવામાં આવી, | (૨) મંજુર કરેલ અરજીઓ: કુલ ૩૩; નામંજુર કરેલ અરજીઓ: ૧૨ |
| (૩) અરજીઓ ના મંજુર થવાના શા કારણો છે, અને | (૩) દવા પીવાના કારણે, લાઈસન્સ ધરાવતા ન હોવાથી, હદય રોગથી અવસાન, અરજી સમય મર્યાદા બાદ મળેલ હોવાથી અને કેન્સરના કારણોસર મળવાપાત્ર ન હોઈ, વિમા નિયામકશ્રી દ્વારા નામંજુર કરવામાં આવેલ છે. |
| (૪) ઉક્ત સ્થિતિએ પડતર અરજીઓનો ક્યારે નિકાલ કરવામાં આવશે? | (૪) અરજદાર તરફથી ખૂટતા આધાર પુરાવા રજુ થયેથી વિમા નિયામકશ્રી દ્વારા નિકાલ કરવાનો રહે છે. |

જામનગર જિલ્લામાં સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ

* ૨૪૮૧૮ શ્રી ચીમનભાઈ શાપરીયા (જામજોધપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જામનગર જિલ્લામાં કેટલી તથા કઈ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ કાર્યરત છે, અને | (૧) જામનગર જિલ્લામાં નીચે દર્શાવ્યા મુજબની ૦૮ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ કાર્યરત છે. (૧) કાલાવાડ (૨) ગુલાબનગર (જામનગર) (૩) જામ–જોધપુર (૪) જામનગર (૫) ધ્રોલ (૬) જોડિયા (૭) જામનગર (મહિલા) (૮) લાલપુર |
| (૨) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલા અને કયા રાષ્ટ્રીય કક્ષાના વ્યવસાયો ચલાવવામાં આવે છે? | (૨) આ સાથેના પત્રક માં દર્શાવ્યા મુજબના રાષ્ટ્રીય કક્ષાના ૩૧ વ્યવસાયો ચલાવવામાં આવે છે. |

પત્રક

| ક્રમ | રાષ્ટ્રીય કક્ષાના વ્યવસ્યો |
|---|---|
| ૧ | એટેન્ડન્ટ ઓપરેટર (કેમિકલ પ્લાન્ટ) |
| ૨ | બેઝિક કોસ્મેટોલોજી |
| ૩ | કારપેન્ટર |
| ૪ | સી.ઓ.ઈ. એડવાન્સ–એટેન્ડન્ટ ઓપરેટર |
| ૫ | સી.ઓ.ઈ. એડવાન્સ–ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનિક |

| | |
|---|---|
| ૬ | સી.ઓ.ઈ. એડવાન્સ–લેબ આસીસ્ટન્ટ |
| ૭ | કોમ્પ્યુટર ઓપરેટર –કમ–પ્રોગ્રામીંગ આસિસ્ટન્ટ |
| ૮ | ડ્રાફ્ટસમેન સિવિલ |
| ૯ | ડ્રાફ્ટસમેન મિકેનિક |
| ૧૦ | ડ્રેસમેકીંગ |
| ૧૧ | ઈલેક્ટ્રીશીયન |
| ૧૨ | ઈલેક્ટ્રોનિક્સ મિકેનિક |
| ૧૩ | ફીટર |
| ૧૪ | હેલ્થ સેનેટરી ઈન્સપેક્ટર |
| ૧૫ | ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી સિસ્ટમ મેન્ટેનન્સ |
| ૧૬ | ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનિક |
| ૧૭ | ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનિક (કેમિકલ પ્લાન્ટ) |
| ૧૮ | મશીનિષ્ટ |
| ૧૯ | મિકેનિક–કમ–ઓપરેટર ઈલેક્ટ્રોનિક્સ કોમ્યુનિકેશન સિસ્ટમ |
| ૨૦ | મિકેનિક ડીઝલ એન્જિન |
| ૨૧ | મિકેનિક મેન્ટેનન્સ કેમિકલ પ્લાન્ટ |
| ૨૨ | મિકેનિક મોટર વ્હિકલ |
| ૨૩ | પ્લાસ્ટિક પ્રોસેસિંગ ઓપરેટર |
| ૨૪ | પ્લમ્બર |
| ૨૫ | રેફ્રિજરેશન એન્ડ એર કન્ડીશનીંગ મિકેનિક |
| ૨૬ | સુઈંગ ટેકનોલોજી |
| ૨૭ | સ્ટેનોગ્રાફી (અંગ્રેજી) |
| ૨૮ | સર્વેયર |
| ૨૯ | ટર્નર |
| ૩૦ | વેલ્ડર |
| ૩૧ | વાયરમેન |

અરવલ્લી જિલ્લામાં પછાતવર્ગ માટે સરકારી છાત્રાલયો

* ૨૪૮૭૨ શ્રી કિશોરસિંહ ચૌહાણ (વેજલપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કુલ કેટલા સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને | (૧) ૦૧ (એક). |
| (૨) ઉક્ત છાત્રાલયો પૈકી કેટલા છાત્રાલય સરકારી મકાનમાં કાર્યરત છે? | (૨) ૦૧ (એક). |

મહીસાગર જિલ્લાની કચેરીઓમાં ખાલી જગ્યાઓ

* ૨૫૧૨૧ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં વાહન વ્યવહાર હસ્તકની કચેરીઓમાં સંવર્ગવાર કેટલું મહેકમ મંજુર થયેલ છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીમાં સંવર્ગવાર મંજુર મહેકમ, ભરાયેલ જગ્યા અને ખાલી જગ્યાની વિગતો નીચે મુજબ છે. |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨)

| ક્રમ | સંવર્ગનું નામ | મંજુર થયેલ મહેકમ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|
| ૧ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ | – | ૦૧ |
| ૨ | સહાયક મોટર વાહન નિરિક્ષક | ૦૩ | ૦૨ | ૦૧ |
| ૩ | સીનીયર કલાર્ક | ૦૧ | ૦૧ | – |
| ૪ | જુનિયર કલાર્ક | ૦૩ | ૦૩ | – |
| ૫ | હિસાબનીશ | ૦૧ | – | ૦૧ |
| ૬ | આંકડા મદદનીશ | ૦૧ | – | ૦૧ |
| | કુલ | ૧૦ | ૦૬ | ૦૪ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી ૦૩ જગ્યાઓ એક વર્ષ કરતા વધુ સમયથી ખાલી છે.

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) ખાલી રહેલ જગ્યાઓ ભરવાની કાર્યવાહી ચાલુ છે.

### ખેડા જિલ્લામાં ગણવેશ સહાય

* ૨૪૮૭૬ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ખેડા જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬માં વિકસતી જાતિના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા કુલ કેટલી અરજીઓ મળી, અને

(૧) ૨,૨૯,૨૫૦.

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

(૨) ૨,૨૯,૨૫૦ વિદ્યાર્થીઓને કુલ રૂ.૬,૮૭,૭૫,૦૦૦/– ની સહાય ચૂકવવામાં આવી.

### બનાસકાંઠા જિલ્લાની સરકારી આઈ.ટી.આઈ. માં ઈન્સ્ટ્રકટરની ખાલી જગ્યાઓ

* ૨૫૨૩૭ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લામાં આવેલી સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં ક્યા ટ્રેડના કેટલા ઈન્સ્ટ્રકટરની જગ્યાઓ તા.૩૦–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ખાલી છે,

(૧) પત્રક–૧ મુજબ.

પ ત્ર ક – ૧

| ક્રમ | ટ્રેડનું નામ | ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ડ્રાફ્ટમેન સીવીલ | ૨ |
| ૨ | સર્વેયર | ૧ |
| ૩ | ફીટર | ૯ |
| ૪ | ટર્નર | ૩ |
| ૫ | મશીનીસ્ટ | ૩ |
| ૬ | રેફ્રીજરેશન એન્ડ એરકન્ડીશન મીકેનીક | ૨ |
| ૭ | ઈલેક્ટ્રીશીયન | ૮ |
| ૮ | વાયરમેન | ૧૧ |
| ૯ | મોટર મીકેનીકલ વ્હિકલ | ૨ |
| ૧૦ | કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ | ૧૩ |

| | | |
|---|---|---|
| ૧૧ | રેડીયો એન્ડ ટીવી મીકેનીક | ૧ |
| ૧૨ | મીકેનીક ડીઝલ એન્જીન | ૮ |
| ૧૩ | ડ્રેસ મેકીંગ | ૨ |
| ૧૪ | હેલ્થ સેનેટરી ઈન્સ્પેકટર | ૨ |
| ૧૫ | જનરલ મીકેનીક | ૧ |
| ૧૬ | ડોમેસ્ટીક અપલાયન્સ રીપેરર | ૧ |
| ૧૭ | ઈન્ફરમેશન ટેકનોલોજી | ૧ |
| ૧૮ | સર્ટીફીકેટ કોર્સ ઈ–કોમર્સ | ૧ |
| ૧૯ | સર્ટીફીકેટ કોર્સ સોફટવેર | ૧ |
| ૨૦ | સ્ટેનો અંગ્રેજી | ૨ |
| ૨૧ | સ્યુઇંગ ટેકનોલોજી | ૯ |
| ૨૨ | વેલ્ડર | ૪ |
| ૨૩ | કોમ્પ્યુટર સોફટવેર પ્રોગ્રામીંગ | ૧ |
| ૨૪ | હેર એન્ડ સ્કીન કેર | ૨ |
| ૨૫ | સર્ટિફિકેટ ઈન મલ્ટીમીડિયા ટેકનોલોજી એન્ડ ડી.ટી.પી. | ૨ |
| ૨૬ | ઈલેકટ્રોનિક મીકેનીક | ૨ |
| ૨૭ | ફેશન ટેકનોલોજી | ૨ |
| ૨૮ | પ્લમ્બર | ૨ |
| | કુલ | ૯૮ |

(૨) ઉકત જગ્યાઓ ખાલી રહેવાના શા કારણો છે, અને

(૨) આ જગ્યાઓ નિવૃત્તિ, બઢતી, બદલી, અને નવી જગ્યાઓ મંજૂર થવાના કારણોસર ખાલી છે.

(૩) ઉકત તમામ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવનાર છે ?

(૩) વહીવટી અનુકૂળતા ધ્યાને લઈ ખાલી જગ્યાઓ ભરવામાં આવનાર છે.

ગાંધીનગર જિલ્લામાં શ્રમ કાયદાઓના ભંગ અંગે ફરીયાદો

* ૨૬૪૦૭ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કેટલા અને ક્યા ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાઓના ભંગ અંગેની ફરીયાદો સરકારને મળેલ છે, અને

(૨) મળેલ ફરીયાદો સંદર્ભે શું પગલાં ભરવામાં આવ્યા ?

જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ૧૯૯ ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાઓના ભંગ અંગેની ફરીયાદો સરકારને મળેલ છે. આ ઔદ્યોગિક એકમોની યાદી *પરિશિષ્ટ–૧ મુજબ છે.

(૨) મળેલ ફરીયાદો પૈકી કસૂરવાર એકમો સામે શ્રમિક કાયદાઓના ભંગ સબબ ફોજદારી કેસો કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે, તેમજ ૪૭ શ્રમયોગીઓને રૂ.૮,૪૫,૮૧૫/– ની રકમ ચૂકવવામાં આવેલ છે.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કૌશલ્ય વર્ધન કેન્દ્રો

* ૨૬૪૧૭ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાઓમાં તાલુકાવાર કેટલા કૌશલ્ય વર્ધન કેન્દ્રો કાર્યરત છે, અને

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | કૌશલ્ય વર્ધન કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| | સાબરકાંઠા જિલ્લો | |
| ૧ | હિંમતનગર | ૦૩ |
| ૨ | પોશીના | ૦૧ |
| ૩ | ખેડબ્રહ્મા | ૦૧ |
| ૪ | વડાલી | ૦૧ |
| ૫ | ઈડર | ૦૨ |

| | | |
|---|---|---|
| ૬ | પ્રાંતિજ | ૦૧ |
| ૭ | તલોદ | ૦૨ |
| | કુલ | ૧૧ |
| | અરવલ્લી જિલ્લો | |
| ૧ | માલપુર | ૦૨ |
| ૨ | મોડાસા | ૦૨ |
| ૩ | ભિલોડા | ૦૨ |
| ૪ | મેઘરજ | ૦૧ |
| ૫ | ધનસુરા | ૦૧ |
| ૬ | બાયડ | ૦૨ |
| | કુલ | ૧૦ |

(૨) ઉપરોકત સ્થિતિએ આ કેન્દ્રોમાં તાલુકાવાર કેટલા કર્મચારીઓ ફરજ બજાવે છે ?

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | કૌશલ્ય વર્ધન કેન્દ્રોની સંખ્યા | કર્મચારીઓની સંખ્યા |
|---|---|---|---|
| | સાબરકાંઠા જિલ્લો | | |
| ૧ | હિંમતનગર | ૦૩ | ૧૧ |
| ૨ | પોશીના | ૦૧ | ૦૪ |
| ૩ | ખેડબ્રહ્મા | ૦૧ | ૦૫ |
| ૪ | વડાલી | ૦૧ | ૦૩ |
| ૫ | ઈડર | ૦૨ | ૦૬ |
| ૬ | પ્રાંતિજ | ૦૧ | ૦૪ |
| ૭ | તલોદ | ૦૨ | ૧૦ |
| | કુલ | ૧૧ | ૪૩ |
| | અરવલ્લી જિલ્લો | | |
| ૧ | માલપુર | ૦૨ | ૧૦ |
| ૨ | મોડાસા | ૦૨ | ૧૦ |
| ૩ | ભિલોડા | ૦૨ | ૧૧ |
| ૪ | મેઘરજ | ૦૧ | ૦૪ |
| ૫ | ધનસુરા | ૦૧ | ૦૬ |
| ૬ | બાયડ | ૦૨ | ૧૦ |
| | કુલ | ૧૦ | ૫૧ |

## જામનગર જિલ્લાની આઈ.ટી.આઈ. માં ઈન્સ્ટ્રકટરોની ખાલી જગ્યાઓ

* ૨૬૪૩૪ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૧૬ની સ્થિતિએ જામનગર જિલ્લાના જામનગર, ધ્રોલ, જોડિયા અને કાલાવડ તાલુકામાં આવેલ ઔધોગિક તાલીમ સંસ્થામાં ઈન્સ્ટ્રકટરોની કેટલી જગ્યાઓ ટ્રેડવાર ખાલી છે,

જવાબ

(૧) પત્રક–૧ મુજબ.

પ ત્ર ક – ૧

| ક્રમ | તાલુકાનું નામ | આઈ.ટી.આઈ નું નામ | ટ્રેડનું નામ | તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ ટ્રેડવાર ખાલી જગ્યાઓ નીચે મુજબ છે. |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | જામનગર | જામનગર | ડ્રાફટસમેન મીકેનીક | ૧ |
| | | | ડ્રાફટસમેન સીવીલ | ૧ |
| | | | સર્વેયર | ૧ |
| | | | ફીટર | ૩ |
| | | | મશીનીષ્ટ | ૨ |
| | | | ઈન્સ્ટુમેન્ટ મીકેનીકલ | ૩ |
| | | | ઈલેકટ્રીશીયન | ૨ |
| | | | વાયરમેન | ૧ |
| | | | મીકેનીક મોટર વ્હિકલ | ૨ |
| | | | મીકેનીક રેડિયો એન્ડ ટેલીવીઝન | ૨ |
| | | | એટેન્ડન્ટ ઓપરેટર કેમિકલ પ્લાન્ટ | ૩ |
| | | | વેલ્ડર | ૧ |
| | | | મીકેનીકલ (ડીઝલ) | ૧ |
| | | | કટીંગ એન્ડ ટેલરીંગ | ૧ |
| | | | હેલ્થ સેનેટરી ઈન્સ્પેકટર | ૨ |
| | | | આર્મેચર મોટર રીવાઈડીંગ | ૨ |
| | | | જનરલ મીકેનીક | ૪ |
| | | | ડોમેસ્ટિક એપલાયન્સીસ રીપેરર | ૧ |
| | | | ઈન્ફોર્મેશન ટેકનોલોજી | ૨ |
| | | | સર્ટીફીકેટ ઈન ઈ કોમર્સ | ૩ |
| | | | સર્ટીફીકેટ ઈન સોફટવેર પ્રોગ્રામ | ૨ |
| | | | સ્ટેનો કમ કોમ્પ્યુટર ઓપરેટર | ૩ |
| | | | ટુ–વ્હીલર રીપેરર | ૨ |
| | | | સ્ટેનો કમ કોમ્પ્યુટર ઓપરેટર | ૨ |
| | | | વેલ્ડર કમ ફેબ્રીકેટર | ૧ |
| | | | મરીન ડીઝલ મીકેનીક | ૨ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | મેઈન્ટેનન્સ મીકેનીકલ | ૧ |
| | | | મેન્ટેનન્સ મીકેનીક કેમિકલ પ્લાન્ટ | ૩ |
| | | | ઈન્સ્ટુમેન્ટ મીકેનીકલ કેમીકલ પ્લાન્ટ | ૨ |
| | | | હેર એન્ડ સ્કીન | ૧ |
| | | | કુલ | ૫૭ |
| | | જામનગર સીટી (મહિલા) | સર્ટીફીકેટ કોર્સ ઈન સોફ્ટવેર પ્રોગ્રામીંગ | ૧ |
| | | | કુલ | ૧ |
| | | ગુલાબનગર (જામનગર) | ફીટર | ૨ |
| | | | વાયરમેન | ૨ |
| | | | મીકેનીક ડીઝલ એન્જીન | ૧ |
| | | | કુલ | ૫ |
| ૨ | ધ્રોલ | ધ્રોલ | વાયરમેન | ૧ |
| | | | કોમ્પ્યુટર ઓપરેટીંગ એન્ડ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ | ૧ |
| | | | મોટર મીકેનીક વ્હીકલ | ૧ |
| | | | ઈલેક્ટ્રીશીયન | ૧ |
| | | | વેલ્ડર | ૧ |
| | | | ડ્રેસ મેકીંગ | ૧ |
| | | | કુલ | ૬ |
| ૩ | જોડિયા | જોડિયા | ફીટર | ૨ |
| | | | આર્મેચર મોટર રીવાઈડીંગ | ૨ |
| | | | કુલ | ૪ |
| ૪ | કાલાવડ | કાલાવડ | ઈલેક્ટ્રીશ્યન | ૧ |
| | | | વાયરમેન | ૧ |
| | | | મીકેનીક ડીઝલ | ૨ |
| | | | કોમ્પ્યુટર ઓપરેટીંગ એન્ડ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ | ૧ |
| | | | કુલ | ૫ |

(૨) ઉકત જગ્યાઓ ખાલી રહેવાના શા કારણો છે, અને

(૨) આ જગ્યાઓ નિવૃત્તિ, બઢતી, બદલી, અને નવી જગ્યાઓ મંજૂર થવાના કારણોસર ખાલી છે.

(૩) ઉકત તમામ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવનાર છે ?

(૩) વહીવટી અનુકૂળતા ધ્યાને લઈ ખાલી જગ્યાઓ ભરવામાં આવનાર છે.

ગાંધીનગર જિલ્લામાં આવાસ યોજના હેઠળ સહાય

## તા. ૨૨મી માર્ચ, ૨૦૧૬
## અતારાંકિત પ્રશ્નોત્તરી

* ૨૪૮૬૫ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર દક્ષિણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬માં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ ગાંધીનગર જિલ્લામાં વિકસતી જાતિના કેટલા લાભાર્થીઓની અરજીઓ મળી, | (૧) ૨૯૬. |
| (૨) તે પૈકી કેટલા લાભાર્થીઓની અરજીઓ મંજૂર કરી તથા કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૨) મંજૂર અરજીઓ – ૨૭૨<br>ચૂકવેલ સહાય રૂ.૭૮.૯૪ લાખ. |
| (૩) ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ? | (૩) ૨૪. |

### મહેસાણા જિલ્લામાં વિકલાંગોને શિષ્યવૃત્તિ

* ૨૫૯૭૯ શ્રી ઋષિકેશ પટેલ (વિસનગર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૪,૦૭૪. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩,૯૨૮. |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) કુલ રૂપિયા ૪૮,૦૧,૦૦૦/– (અંકે રૂપિયા અડતાળીસ લાખ એક હજાર પુરા) ની શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી. |

### પોરબંદર જિલ્લામાં નિરાધાર વૃદ્ધોને સહાય

* ૨૪૮૬૧ શ્રી બાવનજીભાઈ મેતલીયા (ટંકારા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પોરબંદર જિલ્લામાં રાજ્ય સરકારની નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરી અને કેટલી અરજીઓ નામંજૂર કરી ?

જવાબ

(૧) અને (૨) : તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પોરબંદર જિલ્લામાં રાજ્ય સરકારની નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ તાલુકાવાર મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | પોરબંદર | ૩૦૨ | ૧૨૪ | ૧૨૦ |
| ૨ | રાણાવાવ | ૪૩ | ૩૨ | ૮ |
| ૩ | કુતિયાણા | ૬૨ | ૨૯ | ૨૩ |
| | કુલ | ૪૦૭ | ૧૮૫ | ૧૫૧ |

### દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ભૂગર્ભ ગટરના કામો

* ૨૬૪૨૬ શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા) : તા.૩૧–૩–૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૯૬૪૫ (અગ્રતા–૧૦૬) ના અનુસંધાને માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પાણી પુરવઠા વિભાગ દ્વારા દ્વારકા, રાવલ, સલાયા, ખંભાલીયા અને ઓખામાં ભૂગર્ભ ગટરના કામો તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ પ્રગતિમાં હતા તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |

(૨) જો હા, તો તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિ આ કામો ક્યા તબક્કે છે,

(૨) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ યોજનાવાર કામોની ભૌતિક પ્રગતિની વિગત નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| (૧) | દ્વારકા | ૮૪% |
| (૨) | રાવલ | ૫૭% |
| (૩) | સલાયા | ૮૨% |
| (૪) | ખંભાલીયા | ૫૨% |
| (૫) | ઓખા | ૫૦% |

(૩) ઉક્ત સ્થિતિએ ઉપરોક્ત દરેક નગરપાલિકામાં કામો પૂર્ણ ન થવાના શા કારણો છે, અને

(૩) આ કામગીરી મુખ્યત્વે શહેરોની અંદરના સાંકળા રસ્તાઓમાં અને ગીચ વિસ્તારોમાં કરવાની થતી હોય અને દરીયા કિનારાના સખત પથ્થરવાળા વિસ્તારોમાં કામગીરી કરવાની હોવાથી આ કામો પૂર્ણ કરવામાં વિલંબ થયેલ છે.

(૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?

(૪) યોજનાવાર ટેન્ડર મુજબની કામગીરી પૂર્ણ કરવાનું આયોજન નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| (૧) | દ્વારકા | ૪/૨૦૧૬ |
| (૨) | રાવલ | ૮/૨૦૧૬ |
| (૩) | સલાયા | ૫/૨૦૧૬ |
| (૪) | ખંભાલીયા | ૮/૨૦૧૬ |
| (૫) | ઓખા | ૧૨/૨૦૧૬ |

### આણંદ જિલ્લામાં સરકારી મકાનમાં કાર્યરત છાત્રાલયો

* ૨૫૯૬૩ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કેટલા સરકારી કન્યા છાત્રાલયો આવેલા છે, અને

(૧) ૦૧ (એક).

(૨) ઉક્ત છાત્રાલયો પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા છાત્રાલયો સરકારી મકાનમાં કાર્યરત છે ?

(૨) ૦૧ (એક).

### સાબરકાંઠા જિલ્લામાં હેન્ડપંપ

* ૨૫૯૭૭ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬માં કયા આદિજાતિ તાલુકાઓમાં પાણી પુરવઠા વિભાગ દ્વારા કુલ કેટલા નવીન હેન્ડપંપ બનાવવાનું આયોજન છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ પૈકી કેટલા કામો પૂર્ણ થયા અને ઉક્ત સ્થિતિએ બાકી રહેતા કામો ક્યારે પૂર્ણ થશે ?

(૧) અને (૨)

| તાલુકો | આયોજન | હેન્ડ પંપની કામગીરી પૂર્ણ |
|---|---|---|
| ખેડબ્રહ્મા | ૫૨ | ૪૮ |
| પોશીના | ૧૪૮ | ૧૦૨ |
| વિજયનગર | ૯૪ | ૬૨ |
| કુલ | ૨૯૪ | ૨૧૨ |

બાકી રહેતા ૮૨ હેન્ડપંપના કામો માર્ચ–૨૦૧૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

### બનાસકાંઠા જિલ્લામાં એપ્રેન્ટીસ એકમો

* ૨૫૯૮૩ શ્રી કેશાજી ચૌહાણ (દિયોદર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કેટલા અને કયા એપ્રેન્ટીસ એકમો કાર્યરત છે, અને

(૧) બનાસકાંઠા જિલ્લામાં આ સાથેના *પત્રકમાં દર્શાવ્યા મુજબના ૧૩૧ એકમો કાર્યરત છે.

(૨) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલા વ્યવસાયો આવરી લેવાયેલ છે ?

(૨) ૩૦.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

તા. ૨૨મી માર્ચ, ૨૦૧૬

અતારાંકિત પ્રશ્નોત્તરી

ગીર સોમનાથ જિલ્લામાં ગણવેશ સહાય

* ૨૪૮૭૫ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં વિકસતી જાતિના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા કુલ કેટલી અરજીઓ મળી, અને | (૧) ૧,૦૯,૭૭૬. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૧,૦૯,૭૭૬ વિદ્યાર્થીઓને કુલ રૂ. ૩,૨૯,૩૨,૮૦૦/- ની સહાય ચૂકવવામાં આવી. |

રાજુલા, જાફરાબાદ અને ખાંભા તાલુકાઓ માટે પીવાનું પાણી

* ૨૬૦૨૪ શ્રી હીરાભાઈ સોલંકી (રાજુલા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજુલા, જાફરાબાદ અને ખાંભા તાલુકા માટે મહિ પરીએજ આધારિત પીવાના પાણી માટેની યોજનાઓ મંજુર થયેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનાઓ ક્યારે મંજુર થયેલ છે, અને તેની કામગીરી ક્યારે શરૂ કરાયેલ હતી, અને<br>(૩) આ યોજનાઓની કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૨) અને (૩) નીચેની વિગતે. |

| અનુ. | ગૃપ સુધારણા યોજનાનું નામ | મંજૂરીની તારીખ | કામગીરીનો તબક્કો |
|---|---|---|---|
| ૧ | રાજુલા | ૩૦-૯-૨૦૧૫ | ટેન્ડર મંજૂરીના તબક્કે છે. |
| ૨ | જાફરાબાદ | ૩૦-૯-૨૦૧૫ | તા.૧૭-૧-૨૦૧૬ થી કામો પ્રગતિમાં છે. |
| ૩ | ખાંભા | ૧૦-૨-૨૦૧૫ | ટેન્ડર મંજૂરીના તબક્કે છે. |

દાહોદ જિલ્લામાં શ્રમિકો માટે સેસની રકમમાંથી ખર્ચ

* ૨૪૯૬૫ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજયમાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ સરકારી બાંધકામના બીલમાંથી શ્રમિકો-મજુરોના કલ્યાણ માટે અમુક ચોક્કસ સેસ પેટેની રકમ સરકારમાં જમાં લેવામાં આવે, તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો તે અન્વયે ઉકત સ્થિતિએ કુલ કેટલી રકમ સરકારમાં જમા છે, અને | (૨) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, રાજકોટના હિસાબો મુજબ ધ બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ વેલ્ફેર સેસ એક્ટ ૧૯૯૬ હેઠળ બાંધકામ શ્રમયોગીઓના કલ્યાણ માટે સેસની કુલ રકમ રૂ. ૧૨૩૬.૫૮ કરોડ જમા છે. |
| (૩) તે પૈકી ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ જિલ્લામાં તાલુકાવાર શ્રમિકો-મજુરોના કલ્યાણ માટેની કઈ પ્રવૃત્તિઓમાં કેટલી રકમ વાપરવામાં આવી ? | (૩) (૧) વર્ષ ૨૦૧૪માં દાહોદ જિલ્લામાં વિશિષ્ટ અભ્યાસના કોચિંગ માટેના ખર્ચની માહિતી મામુર છે. જ્યારે ૨૦૧૫ના વર્ષમાં કોચિંગ માટેના ખર્ચની માહિતી નીચે પ્રમાણે છે. |

| ક્રમ | તાલુકો | લાભાર્થી | ચુકવાયેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | દાહોદ | ૧૦૦ | ૫.૦૦ |
| ૨ | દેવગઢ બારિયા | ૫૦ | ૨.૫૦ |

| | | | |
|---|---|---|---|
| ૩ | લીમખેડા | ૫૦ | ૨.૫૦ |
| ૪ | ગરબાડા | ૫૦ | ૨.૫૦ |
| | કુલ | ૨૫૦ | ૧૨.૫૦ |

(૨) વર્ષ ૨૦૧૪ માં દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં શિક્ષણ સહાય પેટે રૂ. ૧૦૦૦/-ની ચુકવણી કરવામાં આવેલ છે, જ્યારે ૨૦૧૫ ની માહિતી મામુર છે.

(૩) સને ૨૦૧૪માં દાહોદ જિલ્લામાં વ્યવસાયિક રોગોના કારણે થતી બિમારીઓમાં આર્થિક સહાયની માહિતિ મામુર છે. જ્યારે સને ૨૦૧૫ માં દાહોદ તાલુકામાં ત્રણ લાભાર્થીઓને રૂ. ૧.૩૫ લાખ અને ઝાલોદ તાલુકામાં છ લાભાર્થીઓને રૂ. ૨.૭૩ લાખ આર્થિક સહાય પેટે ચૂકવવામાં આવેલ છે.

## પાટણ જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૨૫૯૮૧ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં રોજગાર કચેરીમાં તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) ૧૬૬૪૧. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૩૦૬૨. |

## ગીર સોમનાથ જિલ્લામાં સમૂહ લગ્ન યોજના હેઠળ અરજીઓ

* ૨૪૮૬૨ શ્રી કાંતિલાલ અમૃતિયા (મોરબી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં સાતફેરા સમુહ લગ્ન યોજના હેઠળ ગીર સોમનાથ જિલ્લામાં વિકસતી જાતિની કેટલી સંસ્થાઓની કેટલા યુગલોની અરજીઓ મળી છે, અને | (૧) મળેલ અરજીઓ<br>સંસ્થા-૭<br>યુગલ-૧૭૧ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી સંસ્થાઓની કેટલા યુગલોની અરજીઓ મંજૂર કરી અને કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) મંજુર અરજીઓ<br>સંસ્થા-૭<br>યુગલ-૧૭૧<br>ચુકવેલ સહાય<br>સંસ્થા રૂ. ૧.૪૮ લાખ<br>યુગલ રૂ. ૧૨.૩૦ લાખ<br>કુલ રૂ. ૧૩.૭૮ લાખ |

## ધારાસભ્યોના પ્રોટોકોલ ભંગની ફરિયાદો

* ૨૪૯૮૩ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય પ્રોટોકોલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યમાં સ્થાનિક ધારાસભ્યોને સરકારી કાર્યક્રમોમાં નિમંત્રણો પાઠવવામાં આવતા નથી તેવી કેટલી ફરીયાદો સરકારને ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મળી, અને | (૧) વર્ષ ૨૦૧૪ માં ૨ (બે)<br>વર્ષ ૨૦૧૫માં ૧ (એક) ફરીયાદ મળી છે. |
| (૨) મળેલ ફરિયાદ પછી સરકારે તે બાબતે શાં પગાલાંઓ લીધા ? | (૨) મળેલ ફરિયાદ પરત્વે સંબંધિત વિભાગોને જરૂરી કાર્યવાહી કરી તેની જાણ માન. ધારાસભ્યશ્રીને કરવા મોકલી આપવામાં આવેલ છે. જે તે વિભાગો દ્વારા સંબંધિતોને સામાન્ય વહીવટ વિભાગની તા.૨૩-૦૬-૧૯૯૭ ના પરિપત્રથી આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવા અને આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે અંગે સૂચના આપવામાં આવેલ છે. |

## બનાસકાંઠા જિલ્લામાં તાલીમાર્થીઓને ટેબલેટ

તા. ૨૨મી માર્ચ, ૨૦૧૬

અતારાંકિત પ્રશ્નોત્તરી

* ૨૫૯૩૨ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં આઈ.ટી.આઈના છ માસથી વધુ સમયના કોમ્પ્યુટર ટ્રેડ કોર્ષ પાસ થનાર તાલીમાર્થીઓને ટેબલેટ આપવાની યોજના તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ અમલમાં છે, | (૧) હા, જી. કોમ્પ્યુટર ઓપરેટર કમ–પ્રોગ્રામીંગ આસિસ્ટન્ટ (COPA ) ટ્રેડ પાસ થનાર માટે અમલમાં છે. |
| (૨) જો હા, તો ટેબલેટ આપવાની યોજના ક્યારથી અમલમાં છે, અને | (૨) વર્ષઃ ૨૦૧૪–૧૫ થી. |
| (૩) ઉક્ત યોજના અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા તાલીમાર્થીઓને ટેબલેટ આપવામાં આવ્યા? | (૩) |

| ક્રમ | તાલુકો | ફાળવાયેલ ટેબલેટ |
|---|---|---|
| ૧ | અમીરગઢ | શૂન્ય |
| ૨ | ભાભર | શૂન્ય |
| ૩ | દાંતા | શૂન્ય |
| ૪ | દાંતીવાડા | શૂન્ય |
| ૫ | ડીસા | ૦૧ (એક) |
| ૬ | દિયોદર | શૂન્ય |
| ૭ | ધાનેરા | શૂન્ય |
| ૮ | સુઈગામ | શૂન્ય |
| ૯ | પાલનપુર | શૂન્ય |
| ૧૦ | થરાદ | શૂન્ય |
| ૧૧ | વડગામ | શૂન્ય |
| ૧૨ | વાવ | શૂન્ય |
| ૧૩ | શિહોરી | શૂન્ય |
| ૧૪ | લાખણી | શૂન્ય |

મહીસાગર નદીમાં ઈન્ટેકવેલ આધારિત યોજનાઓ

* ૨૫૮૩૯ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ મહીસાગર નદીમાં ઈન્ટેકવેલ આધારીત કેટલી યોજનાઓ કાર્યરત છે, | (૧) તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ પાણી પુરવઠા વિભાગની ૧૫ પાણી પુરવઠા અને ૦૩ શહેરી વિસ્તારની પીવાના પાણીની યોજનાઓ કાર્યરત છે. |
| (૨) તે અન્વયે મહીસાગર અને ખેડા જિલ્લામાં આવેલ ગામોના લોકોને આ પૈકી કઈ યોજનાનો લાભ મળે છે, અને | (૨) મહીસાગર અને ખેડા જિલ્લામાં આવેલ ગામોને નીચે મુજબ ઈનટેક આધારીત યોજનાનો લાભ મળે છે. |

| અન. | જિલ્લો | જુથ યોજનાનું નામ |
|---|---|---|
| ૧ | મહીસાગર | ચારણગામ (ન) |
| ૨ | મહીસાગર | હિન્દોલીયા |
| ૩ | મહીસાગર | થાણાસાવલી |
| ૪ | મહીસાગર | કારંટા |
| ૫ | મહીસાગર પંચમહાલ | કડાણા ભાગ–૧ |
| ૬ | મહીસાગર | કડાણા ભાગ–૨ |
| ૭ | મહીસાગર | નમનાર |
| ૮ | મહીસાગર | ખેરોલી |
| ૯ | મહીસાગર દાહોદ | ભાણાસીમલ ભાગ–૧ |
| ૧૦ | મહીસાગર દાહોદ | ભાણા સીમલ ભાગ–૨ |
| ૧૧ | ખેડા મહીસાગર | વનોડા |
| ૧૨ | ખેડા | કપડવંજ લસુંદ્રા |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત સ્થિતિએ કોઈ નવી યોજનાઓ માટે કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ ? | (૩) મહીસાગર જીલ્લાના કડાણા તાલુકાના ઉત્તર વિભાગના ૨૭ ગામોનો સમાવેશ કરતી સરસડી (વછલા ડુંગર) |

પાણી પુરવઠા યોજના બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

બનાસકાંઠા જિલ્લામાં કાર્યરત આઇ.ટી.આઇ.

* ૨૫૯૮૫ શ્રી પરબતભાઈ પટેલ (થરાદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કેટલી અને કઇ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ કાર્યરત છે, અને | (૧) બનાસકાંઠા જિલ્લામાં નીચે દર્શાવ્યા મુજબની ૧૪ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ કાર્યરત છે. (૧) અમીરગઢ (૨) કાંકરેજ (૩) કુંભારીયા (૪) ડીસા (૫) થરાદ (૬) દાંતીવાડા (૭) દિયોદર (૮) ધાનેરા (૯) પાલનપુર (૧૦) ભાભર (૧૧) લાખણી (૧૨) વડગામ (૧૩) વાવ (૧૪) સુઇગામ (મહિલા). |
| (૨) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલા અને ક્યા રાષ્ટ્રીય કક્ષાના વ્યવસાયો ચલાવવામાં આવે છે ? | (૨) આ સંસ્થાઓમાં આ સાથેના પત્રકમાં દર્શાવ્યા મુજબના ૨૫ વ્યવસાયો ચલાવવામાં આવે છે. |

પત્રક

| ક્રમ | રાષ્ટ્રીય કક્ષાના વ્યવસાયો |
|---|---|
| ૧ | એટેન્ડન્ટ ઓપરેટર (કેમિકલ પ્લાન્ટ) |
| ૨ | બેઝિક કોસ્મેટોલોજી |
| ૩ | સી.ઓ.ઇ. એડવાન્સ–સર્વિસીંગ એન્ડ ઓવરહોલ્ટીંગ ઓફ ઓટોમોબાઇલ (ડિઝલ) |
| ૪ | સી.ઓ.ઇ. એડવાન્સ–સર્વિસીંગ એન્ડ ઓવરહોલ્ટીંગ ઓફ ઓટોમોબાઇલ (પેટ્રોલ) |
| ૫ | કોમ્પ્યુટર ઓપરેટર–કમ–પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| ૬ | ડ્રાફ્ટસમેન સિવિલ |
| ૭ | ડ્રેસમેકિંગ |
| ૮ | ઇલેક્ટ્રીશીયન |
| ૯ | ઇલેક્ટ્રોનિક્સ મિકેનીક |
| ૧૦ | ફેશન ડિઝાઇન ટેકનોલોજી |
| ૧૧ | ફીટર |
| ૧૨ | હેલ્થ સેનેટરી ઇન્સપેક્ટર |
| ૧૩ | ઇન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી સિસ્ટમ મેન્ટેનન્સ |
| ૧૪ | ઇન્સ્ટ્રુમેન્ટ મિકેનીક |
| ૧૫ | મશીનિષ્ટ |
| ૧૬ | મિકેનીક ડીઝલ એન્જિન |
| ૧૭ | મિકેનીક મોટર વ્હિકલ |
| ૧૮ | મિકેનિક ટ્રેક્ટર |
| ૧૯ | પ્લમ્બર |
| ૨૦ | રેફ્રિજરેશન એન્ડ એર કન્ડીશનીંગ મિકેનીક |
| ૨૧ | સુઇંગ ટેકનોલોજી |
| ૨૨ | સર્વેયર |
| ૨૩ | ટર્નર |
| ૨૪ | વેલ્ડર |
| ૨૫ | વાયરમેન |

મહેસાણા જિલ્લામાં વિકલાંગોને સાધન સહાય

* ૨૫૯૮૦ શ્રી નારાયણભાઈ પટેલ (ઉંઝા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક | (૧) ૯૪૯. |

વર્ષમાં કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ૮૭૯.

(૩) કેટલી રકમ ચુકવવામાં આવી ?

(૩) કુલ રૂપિયા ૨૮,૫૮,૯૪૭/- (અંકે રૂપિયા અઠ્ઠાવીસ લાખ અઠ્ઠાવન હજાર નવસો સુડતાલીસ પુરા) ની સહાય ચુકવવામાં આવી.

## છોટાઉદેપુર જિલ્લામાં હેન્ડપંપ અને મીની વોટર વર્કસની કામગીરી

* ૨૬૩૯૨ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૧૬ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર છેલ્લાં બે વર્ષમાં પાણી પુરવઠા વિભાગ દ્વારા કેટલા હેન્ડ પંપો અને કેટલી મીની વોટર વર્કસ બનાવવા માટેનું આયોજન હતું,

જવાબ

(૧) આયોજન નીચે વિગતે.

| તાલુકો | વર્ષ ૨૦૧૪-૧૫ | | વર્ષ ૨૦૧૫-૧૬ | | કુલ | |
|---|---|---|---|---|---|---|
| | હેન્ડપંપ | મીની યોજના | હેન્ડપંપ | મીની યોજના | હેન્ડપંપ | મીની યોજના |
| સંખેડા | ૪ | ૦ | ૬૫ | ૦ | ૬૯ | ૦ |
| બોડેલી | ૧૨૦ | ૦ | ૭૦ | ૭ | ૧૯૦ | ૭ |
| જેતપુરપાવી | ૨૦૧ | ૦ | ૫૦૦ | ૨૧ | ૭૦૧ | ૨૧ |
| છોટાઉદેપુર | ૧૦૪ | ૦ | ૧૫૦ | ૨૫ | ૨૫૪ | ૨૫ |
| ક્વાંટ | ૨૬૨ | ૦ | ૩૮૦ | ૮૧ | ૬૪૨ | ૮૧ |
| નસવાડી | ૧૮૧ | ૦ | ૧૬૫ | ૧૩ | ૩૪૬ | ૧૩ |
| કુલ | ૮૭૨ | ૦ | ૧૩૩ | ૧૪૭ | ૨૨૦ | ૧૪૭ |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી વર્ષવાર, તાલુકાવાર કેટલી કામગીરી પૂર્ણ થઇ અને કેટલી બાકી છે,

(૨) નીચેની વિગતે.

(અ) હેન્ડપંપ

| તાલુકો | વર્ષ ૨૦૧૪-૧૫ | | વર્ષ ૨૦૧૫-૧૬ | |
|---|---|---|---|---|
| | પૂર્ણ | બાકી | પૂર્ણ | બાકી |
| સંખેડા | ૪ | ૦ | ૩૮ | ૨૭ |
| બોડેલી | ૧૨૦ | ૦ | ૪૩ | ૨૭ |
| જેતપુરપાવી | ૨૦૧ | ૦ | ૩૭૬ | ૧૨૪ |
| છોટાઉદેપુર | ૧૦૪ | ૦ | ૯૮ | ૫૨ |
| ક્વાંટ | ૨૬૨ | ૦ | ૩૨૬ | ૫૪ |
| નસવાડી | ૧૮૧ | ૦ | ૧૦૨ | ૬૩ |
| કુલ | ૮૭૨ | ૦ | ૯૮૩ | ૩૪૭ |

(બ) મીની યોજના

| તાલુકો | વર્ષ ૨૦૧૪-૧૫ | | વર્ષ ૨૦૧૫-૧૬ | |
|---|---|---|---|---|
| | પૂર્ણ | બાકી | પૂર્ણ | બાકી |
| સંખેડા | ૦ | ૦ | ૦ | ૦ |
| બોડેલી | ૦ | ૦ | ૭ | ૦ |
| જેતપુરપાવી | ૦ | ૦ | ૧૪ | ૭ |
| છોટાઉદેપુર | ૦ | ૦ | ૨૫ | ૦ |
| ક્વાંટ | ૦ | ૦ | ૧૦ | ૭૧ |
| નસવાડી | ૦ | ૦ | ૧૩ | ૦ |

(૩) બાકી કામગીરી ક્યારે પુરી થશે ?

(૩) તા.૩૦-૦૪-૨૦૧૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### મહીસાગર જિલ્લામાં પછાત વર્ગના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ

* ૨૪૮૭૩ શ્રી રોહિત પટેલ (આણંદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં ધો.૧ થી ૪ શિષ્યવૃત્તિ યોજનામાં નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મેળવવા કેટલી અરજીઓ મળી, અને | (૧) ૨૫૩૨૮. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી શિષ્યવૃત્તિની રકમ ચુકવવામાં આવી ? | (૨) ૨૫૩૨૮ વિદ્યાર્થીઓને કુલ રૂ.૧,૨૬,૬૪,૦૦૦/– શિષ્યવૃત્તિની રકમ ચૂકવવામાં આવી. |

### રાજ્યની તકેદારી અને મોનીટરીંગ સમિતિની બેઠક ન મળવાના કારણો

* ૨૫૨૫૮ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦–૦૯–૨૦૧૩ થી તા.૩૧–૦૩–૨૦૧૫ સુધીમાં રાજ્યમાં અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ–૧૯૯૫ અન્વયે રાજ્યકક્ષાની તકેદારી અને મોનીટરીંગ સમિતિની એક પણ બેઠક મળેલ ન હતી, તે હકીકત તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ સાચી છે, અને | (૧) ના. |
| (૨) જો હા, તો ઉક્ત સમયગાળા દરમ્યાન રાજ્યકક્ષાની તકેદારી અને મોનીટરીંગ સમિતિની એક પણ બેઠક ન મળવાના કારણો શા છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### અમરેલી અને ભાવનગર જિલ્લામાં સમરસ હોસ્ટેલ

* ૨૬૪૧૦ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓ માટેની સ્વામી વિવેકાનંદ સમરસ હોસ્ટેલ અન્વયે અમરેલી અને ભાવનગર જિલ્લામાં કેટલી હોસ્ટેલો કાર્યરત છે, અને | (૧) એક પણ નહીં. |
| (૨) આ હોસ્ટેલો બનાવવા પાછળ કેટલો ખર્ચ થયો ? | (૨) ભાવનગર સમરસ કુમાર અને કન્યા હોસ્ટેલોના ભૌતિક રીતે બાંધકામ પૂર્ણ થયેલ છે. અને તેની પાછળ અત્યાર સુધી કુલ રૂ.૧૧૮૮૦.૯૬ લાખ ખર્ચ થયેલ છે. |

### જામનગર જિલ્લામાં તાલીમાર્થીઓને સાયકલ

* ૨૫૯૬૬ શ્રી ચીમનભાઈ શાપરીયા (જામજોધપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિદ્યાસાધના યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૪–૧૫ માં જામનગર જિલ્લામાં કેટલી મહિલા તાલીમાર્થીઓને સાયકલ ભેટ આપવામાં આવી, અને | (૧) ૨૩૮. |
| (૨) તા.૩૧–૦૩–૨૦૧૫ ની સ્થિતિએ કેટલી મહિલા તાલીમાર્થીઓને સાયકલ ભેટ આપવાની બાકી છે ? | (૨) એકપણ નહિં. |

---------

તા. ૨૨મી માર્ચ, ૨૦૧૬

પોઇન્ટ ઓફ ઓર્ડર

પોઇન્ટ ઓફ ઓર્ડર

તારાંકિત પ્રશ્ન વિગત સબ-જ્યુડિશ અંગે

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારા પોઇન્ટ ઓફ ઓર્ડરના માધ્યમથી આ સન્માનનીય સભાગૃહનું ધ્યાન દોરવાનું છે કે આજે પ્રશ્નોત્તરીના કાળ દરમિયાન પ્રશ્ન નં. ૫ ના સંદર્ભમાં માનનીય સભ્યશ્રી દ્વારા મુદ્દો ઉપસ્થિત કરવામાં આવ્યો હતો. એ મુદ્દાના સંદર્ભમાં એટલું જ કહેવું છે કે આ દેશ બંધારણથી ચાલે છે. આ દેશની લોકસભા કે વિધાનસભા કદાચ કોઇ કાયદો બનાવે અને એ કાયદો બંધારણ કરતા વિપરીત હોય તો કાયદો અલ્ટ્રાવાઇરસ થઇ જાય છે. એમ આ વિધાનસભા નિયમોના નિયમ પ્રમાણે ચાલે છે. વિધાનસભાના નિયમોના નિયમ માટેની આ પુસ્તિકા છે. અને આ પુસ્તિકાના આધાર ઉપર અધ્યક્ષશ્રીના નિર્ણયો છે. એમાં કદાચ કોઇ વહીવટી પ્રકારના નિયમોને ઓવરરૂલ કરતો પરિપત્ર હોય અથવા નિયમોનો એ પરિપત્રના કારણે ભંગ થતો હોય તો નિયમો એ સર્વોપરી રહે છે. માટે નિયમોનું રક્ષણ કરવું એ માનનીય અધ્યક્ષશ્રીની જવાબદારી છે, એટલે માનનીય અધ્યક્ષશ્રી આપના દ્વારા જે નિર્ણય લેવાયો છે, આપે નિર્ણય લીધો અને આપના એ નિર્ણયને આ સન્માનનીય સભાગૃહમાં વ્યક્તિગત મને દુઃખ થાય તે પ્રમાણેની ઘટના થઇ. માનનીય અધ્યક્ષશ્રી, આપના તરફ હાથ કરીને એવું કહેવામાં આવ્યું કે મંત્રીશ્રીઓની ખુરશી બચાવવા માટે સત્તાનો દુરુપયોગ કરવામાં આવે છે. આ સંસદીય પ્રણાલિકાનું જતન કરવું માનનીય અધ્યક્ષશ્રીનું કામ છે. જૂના અધ્યક્ષશ્રીઓના નિર્ણયોમાં ૨૦૦૮ થી ૨૦૧૨ પાન નં. ૬૪ના નિર્ણય ક્રમાંક-૩૯ પ્રશ્નોની દાખલ પાત્રતા સંબંધે કોઇ મુદ્દો ગૃહમાં ઉપસ્થિત કરી શકાય નહિ. માનનીય સભ્યશ્રીઓ જો સંસદીય પ્રણાલિકાના જાણકાર હોય તો અધ્યક્ષશ્રીનો નિર્ણય છે. અધ્યક્ષશ્રીના નિર્ણયમાં એમાં સ્પષ્ટ લખ્યું છે. આખું વાંચવા નથી માગતો. ભવિષ્યમાં અધ્યક્ષશ્રીના ક્ષેત્રાધિકાર બાબતમાં ગૃહમાં ઉપસ્થિત નહિ કરવા કાળજી રાખવા હું તેમને વિનંતી કરું છું. એના ઉપરાંત નિયમોના નિયમ ૭૮ જેની અંદર બહુ સ્પષ્ટતા સાથે કહેવામાં આવ્યું છે કે પ્રશ્નનો હેતુ અભિપ્રાય મેળવવાના કે કોઇ કાયદાનું અર્થઘટન કરવાનું હોવું જોઇએ એવું નહિ. આમ જૂના અધ્યક્ષશ્રીના નિર્ણયો અને માનનીય અધ્યક્ષશ્રી વિધાનસભાના નિયમોના નિયમ પ્રમાણે જ્યારે કોઇ પ્રશ્ન આપના દ્વારા અમારી વિનંતી પછી દાખલ કરવામાં ન આવ્યો હોય ત્યારે આ સન્માનનીય સભાગૃહની અંદર..

ઉપાધ્યક્ષશ્રી : મંત્રીશ્રી, ઓલરેડી રદ કરવાનો નિર્ણય લઇ લીધો છે.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : એમણે જે પ્રકારના ઉલ્લેખો કર્યા એ ઉલ્લેખોના સંદર્ભમાં મારે આપનું ધ્યાન દોરવું છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : રેકર્ડ ઉપર સાડા ચાર મિનિટ મૂક્યું છે. મને તક તો આપવી જોઇએ ને સાહેબ.

ઉપાધ્યક્ષશ્રી : રદ કર્યો છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : તો પછી એમને તરત રોકવા જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : એમ જ કર્યું છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : સાડા ચાર મિનિટ સુધી એમની વાતો મૂક્યા કરે. તો મને પણ સ્પષ્ટતા કરવા દો. એમને સ્પષ્ટતા કરવા દીધી છે આપે. સાડા ત્રણ મિનિટ થઇ. આપ જુઓ.

ઉપાધ્યક્ષશ્રી : શક્તિસિંહજી, આપે આ જ પોઇન્ટ ઉપર રજૂઆત કરી છે. મેં આપને શાંતિપૂર્વક સાંભળ્યા છે.(અંતરાય) મંત્રીશ્રીએ જે સ્પષ્ટતા કરવી હતી તે કરી દીધી અને મેં કહ્યું છે આ અંગે અધ્યક્ષશ્રીનો નિર્ણય થઇ ગયો છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : તો એમને તરત જ રોક્યા હોત કે નિર્ણય થઇ ગયો છે. તો મારો અધિકાર નહોતો. હું કંઇ ન બોલત.

ઉપાધ્યક્ષશ્રી : આપને ઓલરેડી મેં સાંભળ્યા છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : આપે એમણે જે કહ્યું છે એના સંદર્ભમાં માત્ર બે જ વાત કરીને મારી વાત અડધી જ મિનિટમાં જ પૂરી કરી દઉં.

ઉપાધ્યક્ષશ્રી : શક્તિસિંહજી, ઓલરેડી નિર્ણય થઇ ગયો છે એટલા પૂરતું.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : એમને શા માટે બોલવા દીધા? એમને આપે પરમિટ કર્યા છે. અને એમણે જે વાત કરી છે તે રેકર્ડ ઉપર. ટુ કીપ ધ રેકર્ડ સ્ટ્રેઇટ. હું માત્ર બે જ મુદ્દા માનનીય મંત્રીશ્રીએ કહ્યા છે એના સંદર્ભમાં કહેવા માગું છું. (અંતરાય) તે તમારે નક્કી કરવાનું છે.

ઉપાધ્યક્ષશ્રી : પ્લીઝ શાંતિ રાખો. સભ્યશ્રીઓ શાંતિ જાળવે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આપ આજની બુકનો પ્રશ્ન ક્રમાંકઃ ૧૨૮ જુઓ. તે જ વિભાગના મંત્રીશ્રી છે. આપને સાંભળ્યા છે. એ ભાઇ I am on legs. માનનીય અધ્યક્ષશ્રી, How he can stand. આપે મને permit કર્યા પછી મંત્રીશ્રીઓ બોલવા ન દે તે કેવું ચાલે. વચ્ચેથી આપે મને પરમીટ કર્યા પછી તેમને બેસાડો તો ખરા. તેમને પછી આપ તક આપવી હોય તો આપજો. પ્રશ્ન ક્રમાંકઃ ૧૨૮ જુઓ. તેની last three line from the bottom આપ જુઓ. છેલ્લી ત્રણ લાઇન. આ જ પ્રશ્ન માત્ર અગ્રતામાં આવ્યો એટલા માટે આપના સચિવાલયે ખૂબ વાઇઝડલી, ખૂબ ડહાપણભરી રીતે ભૂતકાળની પરંપરાને જાળવીને આપના સચિવાલયે પરિપત્ર કર્યો છે તે હું આપના ધ્યાન પર મૂકું. અહીં એક મિલકત બાબતે નામદાર હાઇકોર્ટ સમક્ષ સ્પે.સી.એ. નં.૮૬૬૬/૨૦૧૫ દાખલ થયેલી છે. જેથી હાલ મેટર સબ-જ્યુડિશ છે. આ જ સંદર્ભનો થોડો જુદા પ્રકારનો પ્રશ્ન, અહીં મેટર જુદી છે, અહીં મેટર દાખલ થઇ છે. સબ-જ્યુડિશ છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય શક્તિસિંહ પ્રશ્નના સ્વરૂપ પર આધાર રાખે એટલા માટે.

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : સાહેબ સબ-જયુડિશ બંને છે.

ઉપાધ્યક્ષશ્રી : જવાબની આખી મેટર બદલાઈ જાય છે. પ્લીઝ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : if it is subjudice then we can not enter either way in a this side or that side. અહીંયાં એ એકસેપ્ટ કરે છે કે સ્પેશ્યલ સી.એ. દાખલ થઇ છે, મેટર સબ-જયુડિશ છે. મંત્રીશ્રીઓને એવો અધિકાર તો ન જ હોય કે સબ-જયુડિશના નામે પોતાને અધિકાર પડે એટલું કહેવાનું અને પોતાને અનુકૂળ ન પડે એટલું નહીં કહેવાનું. માત્ર મારી વાત તો પૂરી કરવા દો.

ઉપાધ્યક્ષશ્રી : આપે કહ્યું હતું કે મને બે મિનિટ સાંભળો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : સાહેબ વચ્ચે ડીસ્ટર્બન્સ આવે એટલે..

ઉપાધ્યક્ષશ્રી : આપે બે પોઇન્ટ લઇ લીધા છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : નથી લીધો. એક જ પોઇન્ટ લીધો છે. બેસો આપ.

ઉપાધ્યક્ષશ્રી : બીજો પોઇન્ટ ઝડપથી શકિતસિંહ બોલો. બલવંતસિંહ આપની પાસે સભ્યો માટે સમય ઓછો રહેશે એટલા માટે. પછી એ નવો મુદ્દો ઉભો થશે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપનું ધ્યાન આમંત્રિત કરીશ આપના પરિપત્ર પર.

ઉપાધ્યક્ષશ્રી : તે પરિપત્ર પર આપે ધ્યાન દોર્યુ છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : નહીં નથી કર્યુ. આ મુદ્દો નથી લીધો તે હું કહું છું. જે તે કહે છે કે આપનો અધિકાર છે એ જ હું કહું છું. કારણકે મંત્રીશ્રીએ એવું કહ્યું કે આ અધિકાર છે. એ અધિકાર કયારે વાપરવો અને કયારે નહીં વાપરવો તેનો ઉલેખ મેં અહીં ન્હોતો કર્યો. પરંતુ મંત્રીશ્રીએ કહ્યું એટલા માટે કરું છું. આપ બે નંબર જુઓ. આપના પરિપત્રનો પારા-૨, કેટલા કિસ્સામાં તારાંકિત પ્રશ્નોના જવાબ દ્વારા આપવાની આવતી માહિતી વિસ્તૃત હોય, કોઇ પ્રશ્નમાં ફેરફાર કરવા, જુદુ કરવું, અતારાંકિત તરીકે ફેરવવા વિગેરે વિનંતી સત્વરે કરી દેવી. આ પ્રશ્ન તો અમારો બહુ વહેલાં દાખલ થઇ ગયો હતો. સત્વરે નહીં કરી અને મોડામાં મોડો આપ આ નોટ કરો.

ઉપાધ્યક્ષશ્રી : તેમાં પ્રશ્નનો નિર્ણય લેવાઇ ગયો છે એટલે બીજો પ્રશ્ન આવતો નથી. આપ જલદી પૂરું કરો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : નહી નહીં સાહેબ * (xxx)

ઉપાધ્યક્ષશ્રી : અધ્યક્ષશ્રીના નિર્ણયને આપ કયારેય કહી નહીં શકો કે *(xxx)

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : let me finish my sentence. મોડામાં મોડા પ્રશ્નની અગ્રતાક્રમ નકકી કરવાનું બેલેટ થાય, આપ આ નોટ કરો. બેલેટ થાય તેના ચોવીસ કલાક પહેલાં કરવાનું ધોરણ અચૂક જાળવવું. બેલેટ થાય તેના ચોવીસ કલાક પહેલાં. અહીં બેલેટ થઇ ગયું. પાંચમા નંબરનો પ્રશ્ન આવી ગયો તે પછી આપના પરિપત્રનું અવમાન જો સરકાર કરે અને પછી તેનો બચાવ કરે એ તો આ ખુરશીનું અવમાન છે એટલું જ મારે કહેવું છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન નંબર-૫ સબ-જયુડિશ હોવાના કારણે જ રદ કર્યો છે અને પ્રશ્ન નં.૧૨૮ ની વાત છે. માનનીય સભ્યશ્રી બહુ વિશિષ્ટ કુશળતા દ્વારા બે પ્રશ્નોને કલબ કરે છે. પરંતુ બંને પ્રશ્નો અલગ પ્રકારના પ્રશ્નો છે.

ઉપાધ્યક્ષશ્રી : ઓકે, આપણે ધ્યાન દોરી દીધું છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપે તેમને સાંભળ્યા છે અને આપે પ્રશ્ન નં.૫ રદ કર્યો છે એટલે તેનો હું ઉલ્લેખ કરતો નથી. પરંતુ પ્રશ્ન નં.૧૨૮ માં કેન્દ્ર દ્વારા સૂચના આપી છે અને અમે હા પાડી છે. રાજય સરકારે શું પગલાં લીધા છે તે પગલાંની અમે વિગતો આપી છે. અમે વિગતો ન આપતા તો અમે કંઇક દબાવતા હોય તેવું કહેતા. એટલે રાજય સરકાર આમાં કાંઇ છૂપાવવા માગતી નથી. એટલે જુદી રીતે બે પ્રશ્નોને કલબ કરવા માટેનો પ્રયાસ છે તે આપના ધ્યાન પર મૂકવા માગુ છું.

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

લુણાવાડા તાલુકાના ગઢ ગામ પાસે થયેલ અકસ્માત બાબત

શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ ૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મહેસૂલ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું કે, "તા.૧૨.૩.૨૦૧૬ના રોજ શહેરા તાલુકાના ગઢ ગામ નજીક ૫૦ જેટલા ડાઘુઓને સ્મશાનયાત્રાએ લઇ જતું ટ્રેકટર કૂવામાં ખાબકતાં તેમાં બેઠેલા લોકોમાંથી ૧૦ જેટલા લોકોના મરણ થયેલ છે તેમજ બાકીના ઘાયલ થયેલ છે, તો મૃતકોના પરિવારોને આર્થિક સહાય આપવા અને ઇજાગ્રસ્તોને સારવાર આપવા રાજય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં"

શ્રી નીતિનભાઇ ર. પટેલ(મહેસૂલ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, મહિસાગર જિલ્લાના લુણાવાડા તથા પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાની હદ વચ્ચે લુણાવાડા તાલુકાના ગઢ ગામ પાસે તા.૧૨-૩-૨૦૧૬ના રોજ શહેરા તાલુકાના ભોટવા ગામના સાવનસિંહ કાળુસિંહનું અવસાન થતાં સ્મશાન યાત્રામાં જઇ રહેલ ટ્રેકટર પાનમ ડેમ જતાં રસ્તા પર પાંગળી માતાના મંદિર પાસે ઢાળ ચઢી ન શકતાં રિવર્સમાં રસ્તાની બાજુમાં સીધુ કૂવામાં પડી જતાં ૧૦ ઇસમોના ઘટના સ્થળે મૃત્યુ થયેલ છે. કૂવામાં પડેલાં લોકોના બચાવ કાર્ય માટે ઘટના સ્થળે કલેકટર પંચમહાલ, એસડીએમ, જિલ્લા પોલીસ અધિકારી, મામલતદાર વગેરે

(xxx)* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તાબડતોબ પહોંચી જઇ ઇમરજન્સી રેસ્ક્યુની કામગીરી હાથ ધરી હતી અને ગોધરા ફાયર બ્રિગેડના જવાનોને કામે લગાડવામાં આવ્યા હતા અને ક્રેનની મદદ દ્વારા શોધ અને બચાવની કામગીરી કરવામાં આવી હતી. ૧૦ મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા હતા અને ૨૯ ઇસમોને બહાર કાઢી સારવાર માટે હોસ્પિટલ લઇ જવામાં આવ્યા હતા. જે વ્યક્તિઓ મૃત્યુ પામેલા છે તેઓની વિગત આ મુજબ છે.

| | નામ | ઉ.વ. | સરનામુ |
|---|---|---|---|
| (૧) | અશ્વિનકુમાર રંજનસિંહ બારીયા | ૩૪ | માતરીયાવ્યાસ તેજમા, તા. મોરવા જિ.પંચમહાલ |
| (૨) | બુધાભાઇ જેસંગભાઇ બારીયા | ૪૮ | રે. ઘમાઇ, તા. શહેરા, જિ. પંચમહાલ |
| (૩) | પર્વતભાઇ મનસુખભાઇ પટલીયા | ૪૫ | રે. ભોટવા, તો. શહેરા, જિ. પંચમહાલ |
| (૪) | શંકરભાઇ ભાથીભાઇ પટેલીયા | ૪૦ | રે. નવાગામ, નવી વસાહત, તા.શહેરા, જિ.પંચમહાલ |
| (૫) | રતનભાઇ ભાથીભાઇ પટેલીયા | ૪૫ | રે.નવાગામ, નવી વસાહત, તા. શહેરા, જિ. પંચમહાલ |
| (૬) | શનાભાઇ નાયકાભાઇ પટેલીયા | ૬૦ | રે.નવાગામ, નવી વસાહત મીઠાલી,તા.શહેરા,જિ.પંચમહાલ |
| (૭) | બાધરભાઇ રામસિંગભાઇ પટેલ | ૪૫ | રે. નાંદરવા મઘરફળીયું, તા.શહેરા, જિ.પંચમહાલ |
| (૮) | પ્રભાતસિંહ સમરસિંહ બારીયા | ૩૫ | રે. નાંદરવા ગોરમટીફળીયુ, તા.શહેરા, જિ.પંચમહાલ |
| (૯) | બળવંતસિંહ રામસીંગ બારીયા | ૬૨ | રે. નાંદરવા ગોરમટીફળીયુ, તા.શહેરા, જિ.પંચમહાલ |
| (૧૦) | કુલાભાઇ રૂપસીંગ પટેલીયા | ૭૦ | રે. ભોટવા, તા. શહેરા, જિ.પંચમહાલ |

આ ઉપરાંત ૨૯ ઇસમો ઇજાગ્રસ્ત થતા શહેરા તાલુકાના સી.એચ.સી. તથા ગોધરા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે તબદીલ કરેલ છે. જેમાં એક ઇસમ અનિલભાઇ પ્રતાપભાઇ બારૈયાને વધુ સારવાર માટે વડોદરા સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કરેલ છે.

| | નામ | ઉ.વ. | સરનામુ |
|---|---|---|---|
| (૧) | મણીલાલ ગુલાબસિંહ પટેલ | ૬૦ | રે. માતરીયા સેગવા, તા. મોરવા(હ)જિ.પંચમહાલ |
| (૨) | પર્વતભાઇ ભાવસીંગ બારીયા | ૫૦ | રે.નાંદરવા, તા.શહેરા, જિ.પંચમહાલ |
| (૩) | જુવાન નાનુસિંહ બારીયા | ૪૦ | રે. ભોટવા, તા. શહેરા, જિ.પંચમહાલ |
| (૪) | જેશીંગભાઇ ગેમાભાઇ બારીયા | ૫૫ | રે. નાંદરવા, તા.શહેરા, જિ. પંચમહાલ |
| (૫) | પારસીંગભાઇ સબુરભાઇ બારીયા | ૬૦ | રે. પોયડા, તા. શહેરા, જિ. પંચમહાલ |
| (૬) | નરેશભાઇ અંદરસિંહ બારીયા | ૨૦ | રે.ભોટવા, તા. શહેરા, જિ.પંચમહાલ |
| (૭) | રમણભાઇ વાઘજીભાઇ બારીયા | ૫૫ | રે. ભોટવા, તા. શહેરા, જિ. પંચમહાલ |
| (૮) | રંગીતભાઇ મહાસુખભાઇ બારીયા | ૬૦ | રે. નાડા, તા.શહેરા, જિ. પંચમહાલ |
| (૯) | ભારતસિંહ પુનાભાઇ બારીયા | ૪૫ | રે. પોયડા, તા. શહેરા, જિ. પંચમહાલ |
| (૧૦) | વિજયભાઇ કાન્તિભાઇ પટેલ | ૩૫ | રે. સાંપા સેંગવા, તા.ગોધરા, જિ. પંચમહાલ |
| (૧૧) | અર્જુનભાઇ કાળુભાઇ બારીયા | ૪૦ | રે. નાંદરવા, તા. શહેરા, જિ. પંચમહાલ |
| (૧૨) | મુળાભાઇ માનભાઇ બારીયા | ૪૦ | રે. નાંદરવા, તા. શહેરા, જિ. પંચમહાલ |
| (૧૩) | રૂપસીંગ લક્ષ્મણભાઇ બારીયા | ૩૧ | રે. સંતરોડ, તા. મોરવા, જિ. પંચમહાલ |
| (૧૪) | ગુમાનસિંહ ઉમેદસિંહ બારીયા | ૩૦ | રે. ભોટવા, તા. શહેરા, જિ. પંચમહાલ |
| (૧૫) | બાબુભાઇ ગોપાલભાઇ પટેલ | ૬૫ | રે. નાડા, તા. શહેરા, જિ. પંચમહાલ |
| (૧૬) | અનિલભાઇ પ્રભાતભાઇ બારીયા | ૧૫ | રે. ભોટવા, તા. શહેરા, જિ. પંચમહાલ |
| (૧૭) | સામંતભાઇ રામજીભાઇ પટેલીયા | ૪૦ | રે. નાંદરવા, તા. શહેરા, જિ. પંચમહાલ |
| (૧૮) | મુકેશભાઇ હિરાભાઇ પટેલીયા | ૩૦ | રે.નાંદરવા, તા. શહેરા, જિ. પંચમહાલ |
| (૧૯) | પ્રવિણભાઇ સોમાભાઇ બારીયા | ૩૨ | રે. સુરેલી, તા. શહેરા, જિ. પંચમહાલ |
| (૨૦) | મંગળભાઇ સોમાભાઇ બારીયા | ૬૫ | રે.નાંદરવા, તા. શહેરા, જિ. પંચમહાલ |
| (૨૧) | જુવાનભાઇ ભાથીભાઇ બારીયા | ૪૫ | રે. નવાગામ, તા. શહેરા, જિ. પંચમહાલ |
| (૨૨) | ઉદેશીંગ ફતાભાઇ બારીયા | ૪૫ | રે. નાંદરવા, તા. શહેરા, જિ. પંચમહાલ |
| (૨૩) | કાળુભાઇ બાપુભાઇ પટેલીયા | ૬૫ | રે. નાંદરવા, તા. શહેરા, જિ. પંચમહાલ |
| (૨૪) | ભુપતસિંહ જેશીંગભાઇ બારીયા | ૬૦ | રે. ચોપડા ખૂર્દ, તા. શહેરા, જિ. પંચમહાલ |
| (૨૫) | પ્રતાપભાઇ હિરાભાઇ બારીયા | ૫૦ | રે. નાંદરવા, તા. શહેરા, જિ. પંચમહાલ |
| (૨૬) | બળવંતભાઇ બીજલભાઇ બારીયા | ૬૦ | રે. ભોટવા, તા. શહેરા, જિ. પંચમહાલ |
| (૨૭) | ગણપતભાઇ માનસિંહ બારીયા | ૫૩ | રે. ભોટવા, તા. શહેરા, જિ.પંચમહાલ |
| (૨૮) | બાલુભાઇ સુરસિંહ બારીયા | ૪૫ | રે. નાંદરવા, તા. શહેરા, જિ. પંચમહાલ |
| (૨૯) | રંગીતભાઇ સરદારભાઇ બારીયા | ૪૫ | રે. નાંદરવા, તા. શહેરા, જિ. પંચમહાલ |

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

મુખ્ય મંત્રીશ્રીને આ દુર્ઘટનાની જાણ થતાં મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડમાંથી મૃતકોના વારસોને પ્રતિ મૃતક દીઠ ૪ લાખની સહાય તેમજ ઇજાગ્રસ્તોને સારવારની જાહેરાત કરવામાં આવી હતી. અને મૃતક દીઠ રૂપિયા ૪ લાખ લેખે ૧૦ મૃતકોના વારસદારોને ચૂકવણું કરવા રૂપિયા ૪૦ લાખ તેમજ ઇજાગ્રસ્તોને સારવાર ખર્ચ માટે રૂપિયા ૨૦ લાખ એમ કુલ રૂપિયા ૬૦ લાખનો ચેક જિલ્લા કલેક્ટરને મોકલી આપવામાં આવ્યો છે.

આમ, સરકારે યુદ્ધના ધોરણે રાહત અને બચાવ કાર્ય કરીને તાત્કાલિક સહાય પહોંચાડવાની કામગીરી કરી છે.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, અકસ્માત પછી હોસ્પિટલમાં દાખલ થયેલ દર્દીઓની તબિયત અત્યારે કેવી છે? અને કેટલી વ્યક્તિઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રમેશભાઇનો જે પ્રશ્ન છે એ પ્રમાણે ૧૨-૩-૨૦૧૬ના રોજ ગઢ ગામ છે ત્યાંના એક વ્યક્તિનું અવસાન થતાં તેમની અંતિમવિધિ માટે ગામના તેમના સગાવહાલા અને અન્ય લોકો એક ટ્રેક્ટરમાં શબ લઇને અંતિમવિધિ માટે લઇને જતા હતાં ત્યાં એક ઢાળ ઉપર ટ્રેક્ટર આગળ ચઢી શક્યું નહીં, ટ્રેક્ટર રિવર્સમાં પાછું પડ્યું અને બાજુના ખેતરના કૂવામાં આ ટ્રેક્ટરની ટ્રોલી પડી એવા કમનસીબ બનાવના કારણે સ્થળ ઉપર ૧૦ વ્યક્તિઓના કૂવામાં પડવાના કારણે, વાગવાના કારણે મૃત્યુ થયા અને આ ઘટનાની જાણ વહીવટી તંત્રને થતા તુરત જ અધિકારીઓ ત્યાં પહોંચી ગયા હતા અને અધિકારીઓએ ઇમરજન્સી રેસ્ક્યુ કામગીરી કરી અને ગોધરા ફાયર બ્રિગેડની ટીમને બોલાવવામાં આવી અને ક્રેન પણ મંગાવીને જે લોકો મૃત્યુ પામ્યા હતા એમના મૃતદેહ બહાર કાઢ્યા અને એ વખતે ૨૯ વ્યક્તિઓ જે ઘાયલ થયેલા એમને ગોધરાની હોસ્પિટલમાં અને સી.એચ.સી. શહેરા ખાતે દાખલ કરેલા એ પૈકીના ૨૭ લોકોને હવે રજા આપવામાં આવી છે અને બે જ વ્યક્તિઓ એમને ફ્રેક્ચર થયેલ છે, એટલે અત્યારે હોસ્પિટલમાં સારવાર હેઠળ દાખલ છે. જે વ્યક્તિઓ મૃત્યુ પામ્યા એમાં માનનીય મુખ્ય મંત્રીશ્રીને માનનીય રમેશભાઇ અને બીજા સભ્યશ્રીઓ દ્વારા અને તંત્ર દ્વારા માહિતી મળી એટલે તુરત બચાવ કામગીરી માટેની સૂચના આપવામાં આવી હતી, સાથે સાથે જે ૧૦ વ્યક્તિઓના દુઃખદ અવસાન થયા એમને માનનીય મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડમાંથી ૪ લાખ રૂપિયાની મદદ કરવામાં આવી છે, અને બીજું જે લોકો ઘવાયા છે એમના માટે સારવાર માટે ૨૦ લાખ રૂપિયાની રકમ રાજ્ય સરકારે ફાળવી છે એટલે જે મૃત્યુ પામ્યા છે એમના સગાને વ્યક્તિદીઠ ૪ લાખ રૂપિયા લખે ૪૦ લાખ રૂપિયા અને ઘવાયેલાની સારવાર માટે ૨૦ લાખ રૂપિયા ઉચ્ચક અત્યારે હોસ્પિટલમાં કલેક્ટર હસ્તક આપણે મૂક્યા છે એટલે ઘવાયેલાની તમામ સારવાર રાજ્ય સરકાર તરફથી વિનામૂલ્યે કરી આપવામાં આવશે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આ બનાવ બહુ દુઃખદ છે. માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ૪ લાખ રૂપિયા આપ્યા, સારી વાત છે, આપણે ખર્ચ માટે પણ ૨૦ લાખ રૂપિયા આપ્યા છે. માનનીય મંત્રીશ્રીને મારે કહેવું છે કે, જે લોકોને ૨૦ લાખ રૂપિયા આપ્યા છે એ આપણે હોસ્પિટલનો સારવારનો ખર્ચ થાય એના માટે આપેલા છે તો માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, જે લોકોને કાયમી ખોડ રહી જવાની છે અથવા મોટી ઇજા થઇ હોય તો સરકારે મૃત્યુ પામેલાના કુટુંબીજનને ૪ લાખ રૂપિયા આપ્યા છે એમ ઇજા પામેલાને કોઇ રકમ આપવા માગે છે કે કેમ? અને બીજી મારે ખાસ કરીને માનનીય મંત્રીશ્રીને એક વિનંતી કરવી છે કે, આપણે ગામડાંમાં રહીએ છીએ ત્યારે આપણે બધા જાણીએ છીએ કે આવા મૃત્યુ જેવા પ્રસંગોમાં જવા માટે લોકો જે કાયદેસર પરમિટ નથી હોતી છતાં પરંપરા મુજબ એવા વાહનોમાં જતા હોઇએ છીએ એનાથી અકસ્માત થાય એટલે વીમા પોલીસીમાં અને બીજા બધા લાભો જે મળવા જોઇએ એ મળતા નથી અને જેની માલિકીનું ટ્રેક્ટર હોય એના ઉપર પણ કેસ થવાના પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે. માટે મારી સરકારને વિનંતી છે કે, જે રીતે આપણે બીજી સુવિધાઓ કરી છે તે રીતે દરેક તાલુકાવાઇઝ ગુજરાત સરકાર કંઇક આવુ કરે કે મૃતદેહોને સ્મશાન સુધી લઇ જવા માટેની કોઇ ગાડી પ્રોવાઇડ કરવાનું સરકાર વિચારવા માગે છે કે કેમ ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આમાંથી ઉભો થતો આ પ્રશ્ન નથી છતાં માનનીય બલવંતસિંહજીની જે લાગણી છે ગુજરાતમાં અનેક સેવાભાવી સંસ્થાઓ, જેને આપણે શબવાહિની કહીએ છીએ કે હોસ્પિટલમાં કોઇ વ્યક્તિનું મૃત્યુ થયુ હોય તો તેને ઘરે લઇ જવા અથવા ઘરેથી પછી જેમ આપે કહ્યું તેમ અંતિમ યાત્રાવાન તરીકે કહેવાય છે તો અંતિમ યાત્રાવાન મહાનગરપાલિકાઓમાં, કેટલીક નગરપાલિકાઓમાં અને કેટલીક જગ્યાએ સેવાભાવી ધાર્મિક સંસ્થાઓ તરફથી દાનમાં આપવામાં આવે છે. અમારે ત્યાં મહેસાણામાં અને ઉત્તર ગુજરાતમાં સિદ્ધપુરમાં મોટા પ્રમાણમાં આખા વિસ્તારમાંથી અંતિમવિધિ માટે ત્યાં નદીના કિનારે લાવવાની જે ધાર્મિક લાગણીથી અંતિમવિધિ થાય છે. ત્યાં સિદ્ધપુરની સંસ્થા તરફથી, મહેસાણાની અર્બન બેન્ક તરફથી, ઉંઝા માર્કેટ યાર્ડ તરફથી અને અન્ય સંસ્થાઓ તરફથી પણ આ પ્રકારની અંતિમ યાત્રાવાન ફાળવવામાં આવી છે. હું માનનીય સભ્યશ્રીઓની અને માનનીય બલવંતસિંહની આ લાગણી સાથે સંમત છું કે જો કાયદામાં અને નિયમમાં શક્ય હોય તો આપણે ધારાસભ્યો પણ પોતાના વિસ્તારમાં હોસ્પિટલ માટે શબવાહિની સ્વરૂપે જો ગ્રાન્ટ ફાળવે તો જરૂર પડશે તો આપણે આયોજનના નિયમોમાં પણ ફેરફાર કરીને તેની મંજૂરી આપીશું અને લોકભાગીદારી સૌથી વધુ થાય તે જરૂરી છે. સંસદ સભ્યશ્રીઓ પણ આ પ્રકારે એમ્બ્યુલન્સ માટે અને અન્ય શબવાહિની વગેરે માટે ગ્રાન્ટ ફાળવે છે. એટલે સેવાભાવનાથી આ કામ સારી રીતે થાય છે.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, આ જે બનાવ બન્યો તે દુઃખદ છે. અગાઉના સમયમાં પણ આવા કેટલાક બનાવો બની ચૂક્યા છે અને ખાસ કરીને અમારા દાહોદ જિલ્લામાં બનાવ બન્યો હતો અને જેમાં આવા જ ખાડા કે કૂવાના કારણે પોલીસની ગાડી પણ પડી ગઇ હતી અને તેમાં પોલીસના જવાનોનું પણ મૃત્યુ થયુ હતું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બાબતમાં મારે એટલુ જ જાણવુ છે કે, આવા સ્ટેટ હાઇવે અથવા તો એમ.ડી.આર. હોય કે જેના ઉપર અવર–જવર વધારે હોય તેની બાજુમાં ખાડા અથવા તો કૂવા હોય તેનું સર્વે કરી અને જો તેને વળતર આપીને પૂરી દેવામાં આવે તો આપણે આ શહિદોને અથવા તો જે મરી જાય છે તેને જે વળતર આપીએ છીએ તેના કરતા ઓછાં ખર્ચામાં આ પૂર્ણ થાય તેમ છે. તો સરકારશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, આવા કિસ્સાઓમાં સર્વે કરીને કૂવા કે ખાડા હોય તેને પૂરવા માગો છો કે કેમ ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આટલા મોટા રાજયની અંદર સેંકડો, હજારો જગ્યાએ આવા પ્રકારના ખાડા હોઇ શકે છે. કૂવા એ ખેડૂતોની પ્રાઇવેટ ખેતીની જમીનમાં આવેલી ખાનગી મિલકત છે એટલે ૫૦ વ્યકિતઓ ભરેલું ટ્રોલી હોય તે ઉથલી પડે અને કમનસીબે ત્યાં કૂવો જ હોય આવુ બધુ ઓછું બનતું હોય છે. પણ હું એટલુ ચોક્કસ કહીશ કે અમારા ધ્યાન ઉપર જો કોઇ વાત મૂકવામાં આવશે અને મને માર્ગ મકાન મંત્રી તરીકે એવુ લાગશે કે આ ઢાળ વધારે પડતો છે, અહીંયા કોઇ સાઇડમાં રેલીંગ લગાવવી જરૂરી છે જેથી કોઇ અકસ્માત થઇ શકે નહીં અથવા કોઇ ખાડામાં કે આવી રીતે ઉંડાણમાં પડે નહીં તો કોઇ પણ ધારાસભ્યશ્રી એવા સૂચનો અમને કરશે તો સર્વે કરાવી અને તેની સાઇડમાં આપણે રેલીંગ વગેરે કરાવવાનો ચોક્કસ પ્રયત્ન કરીશું. રોડ સેફટીના નિયમો પ્રમાણે આ બાબતમાં માર્ગ અને મકાન વિભાગ જયાં જયાં જરૂરી છે, શકય છે ત્યાં મેઇન રોડ ઉપર આ પ્રકારની કામગીરી કરે છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, લુણાવાડા તાલુકાનું ગઢ ગામ અને શહેરા તાલુકાનું બુટવા આ બન્નેમાં ગ્રામ્ય રસ્તો હતો અને તેનો ઢાળ બે બાજુએથી અને છેક નીચે કોતરનું પાણી જવા માટેનું નાળુ બનાવેલું હતું અને એ નાળાની બિલકુલ નજીક બે ફૂટનું પણ અંતર નહીં અને ત્યાં ખેડૂતનો કૂવો. તો આ કૂવો ખોદવાની પરમિશન રોડની બિલકૂલ નજીક સરકાર આપે છે કે કેમ ? સદનસીબ તો એ વાતનું છે કે, કૂવાનું ખોદકામ ચાલુ હતું અને ખેડૂત કૂવો ઉંડો કરાવે તે દિવસે સદનસીબે કૂવાનું ખોદકામ કરવાવાળા માણસો નહોતાં નહીંતર બીજા દસ માણસોનું મૃત્યુ થઇ શકયુ હોત. તો રોડની બાજુમાં, મેં ઘણી જગ્યાએ જોયું છે કે બાંધકામ થતું હોય છે, આવો બિલકુલ નજીક કૂવો હોય છે, એનો ઢાળ ઓછો ન કરવામાં આવે તો સરકારશ્રી આવું કામ કરવા માટે રોડની બાજુમાં જ મંજૂરી આપે છે કે કેમ? અને આ કૂવો બંધ કરાવવા માટેની કાર્યવાહી કેમ ના કરી અને હવે પછી એ કાર્યવાહી બંધ કરાવવા માગે છે કે કેમ, અથવા તો ખેડૂત એનો કૂવો પૂરી દે તો સરકાર કૂવો પૂરવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરકારને તો અનેક બાબતોની જવાબદારી હોય છે. માનનીય સભ્યશ્રી આપે કહ્યું, પણ જો અમે કદાચ ધ્યાન ઉપર આવ્યું અને કૂવો પૂરવાનું કહ્યું હોત તો, તમે પછી એવું કહેત કે, આ સરકાર ખેડૂત વિરોધી છે, ખેડૂતને એની માલિકની જમીનમાં કૂવો પણ ખોદવા દેતી નથી. આ પ્રકારે બોલવાનું તો બધું, જે મેળ પડે એ બધા બોલી શકતા હોય છે પણ ખાનગી જમીન હોય, પોતાની માલિકની જમીન હોય તો ખેડૂત એના ખેતરમાં સિંચાઇ માટે કૂવો બનાવતો હોય એ એનો હક્ક છે એમાં આપણે રોકી શકીએ નહીં. કોઇ નિયમોનો ભંગ થતો હોય તો આપ તપાસ કરીને ધ્યાન ઉપર મૂકજો તો ચોકકસ એની કાર્યવાહી કરીશું.

વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો સોળમો અહેવાલ

શ્રી ભરતભાઇ કી. પટેલ (સમિતિના પ્રમુખશ્રી) :માનનીય અધ્યક્ષશ્રી, હું બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો સોળમો અહેવાલ રજૂ કરું છું.

અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિન પ્રમુખશ્રીનો પ્રસ્તાવ

શ્રી ભરતભાઇ કી. પટેલ (સમિતિના પ્રમુખશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સોળમા અહેવાલ સાથે સંમત થાય.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

શિક્ષણ વિભાગ

માગણી ક્રમાંક. ૯

શ્રી નાનુભાઇ ભ. વાનાણી(રાજયકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી ) : : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૨,૦૪,૨૧,૩૧,૮૮,૦૦૦ /– તથા મૂડી ખર્ચ માટેની રૂ. ૮,૯૨,૧૪,૭૭,૦૦૦/– ની માગણી ક્રમાંક– ૯ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૯ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરવામાં આવી.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરવામાં આવી.

શ્રી પૂનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩ રજૂ કરવામાં આવી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરવામાં આવી.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરવામાં આવી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરવામાં આવી.

શ્રી જિતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરવામાં આવી.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજનભાઇ પ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રવિણભાઇ જી. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૯ રજૂ કરવામાં આવી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી અનિલભાઇ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૧ રજૂ કરું છું.

તા. ૨૨મી માર્ચ, ૨૦૧૭

માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી ભોળાભાઇ ભી. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૨ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૪ રજૂ કરવામાં આવી.

શિક્ષણ વિભાગ માગણી નં. ૧૦

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગને લગતા અન્ય ખર્ચની સેવાને લગતી શિક્ષણ વભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૨,૧૦,૫૬,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૪૦,૫૧,૫૦,૦૦૦ની માગણી ક્રમાંક ૧૦ રજૂ કરૂ છું.

માગણી ક્રમાંક ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૫ રજૂ કરવામાં આવી.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ

માગણી ક્રમાંક– ૨૨

શ્રી છત્રસિંહ પું. મોરી (અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના.) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાગરિક પુરવઠાને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૬,૮૦,૨૬,૦૨,૦૦૦ ની માગણી ક્રમાંક– ૨૨ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહજી ઘી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૬ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૭ રજૂ કરવામાં આવી.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૮ રજૂ કરવામાં આવી.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૯ રજૂ કરવામાં આવી.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ

માગણી ક્રમાંક– ૨૩

શ્રી છત્રસિંહ પું. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, હું અન્નને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૬૦,૩૦,૮૩,૦૦૦ ની તથા મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧,૩૫,૬૩,૦૦,૦૦૦ ની માગણી ક્રમાંક– ૨૩ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી છનાભાઇ કો. ચૌધરી : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૨ રજૂ કરવામાં આવી.

સન ૨૦૧૬-૧૭ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી મંગળવાર, તા.૨૨–૩-૨૦૧૬ (પહેલી બેઠક) (દસમો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી

| અનુ. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| શિક્ષણ વિભાગ<br>માગણી નં ૯ | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨૨૦૨– સામાન્ય શિક્ષણ<br>૦૧– પ્રારંભિક શિક્ષણ<br>૦૦૧– નિર્દેશ અને વહિવટ<br>રૂ. ૧૬,૦૮,૦૧,૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પા.નં.૧૭ થી ૧૯ | ૧૦૦ | જે ઉત્સાહથી શાળા પ્રવેશોત્સવ ઉજવાય છે તેવાજ ઉત્સાહથી વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં અને શિક્ષણની ગુણવત્તા સુધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહમદજાવીદ પીરઝાદા (ચંદ્રિકાબેન બારીયા) |
| ૨ | -- " -- | ૧૦૦ | શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે યોજાતા ગુણોત્સવ કાર્યક્રમમાં ગ્રેડીંગ પધ્ધતિ અંગે થતી ગેરરીતિઓની તપાસ કરી તેની સામે પગલા લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી માનસિંહ ચૌહાણ (ધારશીભાઇ ખાનપુરા) |
| ૩ | -- " -- | ૧૦૦ | ગુણોત્સવ જેવા કાર્યક્રમો ધ્વારા શિક્ષણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવા છતાં બાળકો પૂરું વાંચતા લખતા પણ શીખી શકતા નથી આવી શિક્ષણ પધ્ધતિમાં સુધારો લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પૂનમભાઇ પરમાર (મેરામણભાઇ ગોરીયા) |
| ૪ | -- " -- | ૧૦૦ | ગુણોત્સવ કાર્યક્રમ અંતર્ગત જાહેર કરાતા પરિણામમાં શિક્ષકોના ગ્રેડ દર્શાવાય તેવી કાર્યવાહી હાથ ધરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત (કામીનીબા રાઠોડ) |
| ૫ | -- " -- | ૧૦૦ | ગુણોત્સવ કાર્યક્રમો દરમ્યાન શિક્ષણની ગુણવત્તા ખુબ જ નબળી સાબિત થઇ છે તે નિવારી શિક્ષણની ગુણવત્તા ઉંચી લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમીત ચાવડા |
| ૬ | -- " -- | ૧૦૦ | ગુણોત્સવ, શિક્ષણ પ્રવેશોત્સવ જેવા કાર્યક્રમો પાછળ કરોડો રૂપિયા ખર્ચાયા છે તેને બદલેતે રકમ વર્ગખંડોની સંખ્યા વધારવામાં તેમજ શિક્ષકોની ઘટ પૂરવા પાછળ વપરાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રામસિંહ પરમાર |
| ૭ | -- " -- | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટરો ફળવાયા ન હોય કે ઇન્ટરનેટ કનેકટીવીટી પણ ન હોય તેવી શાળાઓને ઇન્ટરનેટીંગના નામેરકમ ફાળવી દેવાય છે તે સામે સખ્તાઇથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઇ વંશ (રાઘવજી પટેલ,હર્ષદકુમાર રીબડીયા) |
| ૮ | ૨૨૦૨– સામાન્ય શિક્ષણ<br>૦૧– પ્રારંભિક શિક્ષણ<br>૦૦૧– નિર્દેશ અને વહિવટ<br>રૂ. ૧૬,૦૮,૦૧,૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પા.નં.૧૭ થી ૧૯ | ૧૦૦ | રાઇટ ટુ એજ્યુકેશન એકટ અન્વયે ગરીબ બાળકોને ખાનગી શાળાઓમાં પ્રવેશ અપાયા બાદ તેમને અપમાનીત કરી ત્રાસ આપી શાળા છોડવાની ફરજો પડાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઇ ચૌધરી |
| ૯ | -- " -- | ૧૦૦ | કરોડો રૂપિયાનો ખર્ચ કરવા છતાં પાયાની પ્રાથમિક સુવિધાઓથી શાળાઓને વંચિત રખાય છે તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીઅમિત ચૌધરી |
| ૧૦ | -- " -- | ૧૦૦ | ગેરકાયદેસર રીતે જુદા જુદા પ્રકારની ફી સાથે કેમ્પસ ફી પણ ઉઘરાવતી ખાનગી શાળાઓ સામે સખ્તાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧ | -- " -- | ૧૦૦ | રાજ્યમાં બિન- તાલીમી શિક્ષકોની ભરતી કરાતા, બાળકોના અભ્યાસ ઉપર પડતી ગંભીર અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| ૧૨ | ૨૨૦૨- સામાન્ય શિક્ષણ<br>૦૧- પ્રારંભિક શિક્ષણ<br>૧૦૬- શિક્ષકો.... સેવાઓ<br>૧૨- EDN-૬૮- સર્વ શિક્ષા અભિયાન (કે.પુ.યો)<br>રૂ. ૭,૭૩,૦૨,૨૩,૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પા.નં. ૧૭ થી ૨૪ | ૧૦૦ | સર્વ શિક્ષા અભિયાનને અપાયેલ ગ્રાન્ટનો દૂરૂપયોગ કરનાર જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગૌતમભાઇ ચૌહાણ |
| ૧૩ | -- " -- | ૧૦૦ | રાજયની વિવિધ શાળાઓમાં સર્વ શિક્ષા અભિયાન હેઠળના હજારો ઇન્ટરનેટ કનેકશનો બંધ હાલતમાં હોવા છતાં લાખો રૂપિયાના બીલો ચુકવાય છે તેની સામે તપાસ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૧૪ | ૨૨૦૨- સામાન્ય શિક્ષણ<br>૦૧- પ્રારંભિક શિક્ષણ<br>૧૦૭-શિક્ષકોને તાલીમ<br>૦૧- તાલીમ<br>રૂ. ૨૫,૬૩,૪૫,૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પા.નં. ૧૭ થી ૨૮ | ૧૦૦ | શિક્ષકોને અપાતી તાલીમમાં ફેકલ્ટીઝ હોંશીયાર, વિદ્વાન તેમજ વિષયના જાણકાર ન હોવાથી તાલીમાર્થી શિક્ષકો તાલીમનો પૂરેપૂરો લાભ લઇ શકતા નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિન કોટવાલ |
| ૧૫ | ૨૨૦૨- સામાન્ય શિક્ષણ<br>૦૧- પ્રારંભિક શિક્ષણ<br>૧૦૮- પાઠ્યપુસ્તકો<br>રૂ. ૮૨,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પા.નં. ૧૭ થી ૨૯ | ૧૦૦ | વિદ્યાર્થીઓને આપવાના મફત પાઠ્યપુસ્તકો શાળાના સત્રની શરૂઆતથી જ મળે તેવી ગોઠવણી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળદેવજી ઠાકોર<br>(મહેન્દ્રસિંહ બારૈયા) |
| ૧૬ | -- " -- | ૧૦૦ | મફત આપવાના પાઠ્યપુસ્તકો ગરીબ બાળકોને આપવાને બદલે ગેરરીતિઓ ધ્વારા કાળાબજારમાં કે પસ્તીભંડારમાં જતા નિવારી જવાબદારો સામે શિક્ષાત્મક પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઇન્દ્રનીલ રાજ્યગુરૂ<br>(મણીલાલ વાઘેલા) |
| ૧૭ | ૨૨૦૨- સામાન્ય શિક્ષણ<br>૦૧- પ્રારંભિક શિક્ષણ<br>૧૦૮- પાઠ્યપુસ્તકો<br>રૂ. ૮૨,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પા.નં. ૧૭ થી ૨૯ | ૧૦૦ | પાઠ્યપુસ્તકોમાં હલકા પ્રકારના કાગળો વાપરી તેના બીલો ઉંચી કિંમતે ચુકવતા જવાબદાર શિક્ષણાધિકારીઓ સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઇ પણદા<br>(આનંદભાઇ ચૌધરી) |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮ | ૨૨૦૨– સામાન્ય શિક્ષણ<br>૦૨– માધ્યમિક શિક્ષણ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧– માધ્યમિક... બોર્ડ<br>રૂ. ૨,૭૧,૭૦,૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પા.નં. ૩૪ | ૧૦૦ | માધ્યમિક શિક્ષણમાં અભ્યાસક્રમ મુજબના શિક્ષકોની ઘટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મંગળભાઇ ગાવિત |
| ૧૯ | -- " -- | ૧૦૦ | રાજ્યમાં ઉંચી ફી વસૂલતી ખાનગી શાળાઓને મંજૂરીઓ અપાતા ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને શિક્ષણથી વંચિત રહેવુ પડે છે તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી નિરંજન પટેલ |
| ૨૦ | -- " -- | ૧૦૦ | કોઇપણ જાતની ચકાસણીઓ કર્યા સિવાય ખાનગી શાળાઓને મંજૂરીઓ આપતા જવાબદારો સામે સખ્તાઇથી પગલા લેવા અને આવી મંજૂરીઓ સત્વરે રદ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સી. કે. રાઉલજી |
| ૨૧ | -- " -- | ૧૦૦ | માધ્યમિક શિક્ષણ બોર્ડના રોજમદાર વર્ગ–૩ના કર્મચારીઓ કે જેઓ ૨૫ વર્ષથી નોકરી કરતા હોય તેઓને કાયમી કરવાના હાઇકોર્ટના આદેશથી ઉપરવટ જઇ બોર્ડે સુપ્રિમ કોર્ટમાં કરેલી રીટના પરિણામે, આવા કર્મચારીઓ પૈકીના કેટલાય કર્મચારીઓ નિવૃત થઇ જાય છે જેઓને નિવૃતિના લાભો પણ નથી મળતાં તો આવા કેસો પાછા ખેંચાવી યોગ્ય લાભો સત્વરે આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા |
| ૨૨ | -- " -- | ૧૦૦ | માધ્યમિક શિક્ષણ બોર્ડ ધ્વારા ધો–૧૨ સાયન્સના બાયોલોજીના વિષયનું પેપર લીક પ્રકરણમાં વિદ્યાર્થીઓને કોઇપણ પ્રકારની જાણ કર્યા વિના હીયરીંગના નામે પરીક્ષા ફરીથી લેવડાવતા જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રમેશભાઇ ચાવડા |
| ૨૩ | -- " -- | ૧૦૦ | શિક્ષણ પધ્ધતિ ફકત સરકારી પરિપત્રોને આધીન બની રહે તેના કરતાં તે આપમેળે તેમજ સંર્વાગીપણે ચેતનવંત્તી બને તેવા પ્રયત્નો કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કાન્તીભાઇ ખરાડી |
| ૨૪ | -- " -- | ૧૦૦ | માધ્યમિક શિક્ષણ બોર્ડના ગેરવહીવટને કારણે થતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઇશ્વરભાઇ પટેલ |
| ૨૫ | ૨૨૦૨– સામાન્ય શિક્ષણ<br>૦૨– માધ્યમિક શિક્ષણ<br>૧૦૯– સરકારી....શાળાઓ | ૧૦૦ | સરકારી માધ્યમિક શાળાઓના પરિણામો ખુબ જ નબળા આવે છે તે પ્રત્યે વધુ લક્ષ્ય રાખી શિક્ષણનું સ્તર ઊંચુ લાવવામાં | પ્રો. હીરાભાઇ પટેલ<br>(જોઇતાભાઇ પટેલ) |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૧–EDN–૧૯<br>સરકારી...... શાળાઓ<br>રૂ. ૧,૨૫,૩૬,૯૨,૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પા.નં. ૩૪ થી ૪૫ | | તંત્રની નિષ્ફળતા | |
| ૨૬ | –– " –– | ૧૦૦ | સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ તેમજ અનિયમિત હાજરી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઇ રાઠોડ (મોહનસિંહ રાઠવા) |
| ૨૭ | –– " –– | ૧૦૦ | આદિવાસી વિસ્તારોમાં સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ નવી શરૂ કરી અભ્યાસની તકો વધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી આનંદભાઇ ચૌધરી |
| *૨૮ | –– " –– | ૧૦૦ | આદિજાતિ વિસ્તારમાં આવેલ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ નિવારી, વધુ વર્ગો ખોલી તે વિસ્તારના વધુમાં વધુ વિદ્યાર્થીઓને તેનો લાભ મળે તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ બારૈયા |
| ૨૯ | ૨૨૦૨– સામાન્ય શિક્ષણ<br>૦૩– યુનિવર્સિટી અને ઉચ્ચ શિક્ષણ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧૫,૪૭,૧૩,૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પા.નં. ૫૯ થી ૬૨ | ૧૦૦ | ગુજરાત યુનિવર્સિટીમાં શિક્ષણ અને સુવિધાઓના નામે થતાં કૌભાડો સામે ત્વરીત પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કરમશીભાઇ પટેલ (ડૉ. મિતેશ ગરાસીયા) |
| ૩૦ | –– " –– | ૧૦૦ | ગુજરાત યુનિવર્સિટી દ્વારા એડમીશન માટે ફી ભરી રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ લાંબા સમય સુધી એડમીશન ન આપી વિદ્યાર્થીઓને પડતી હાલાકી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. તેજશ્રીબેન પટેલ (ગોવાભાઇ રબારી) |
| ૩૧ | ૨૨૦૩– તકનિકી શિક્ષણ<br>૧૦૫– પોલિટેકનિક<br>રૂ. ૨,૬૮,૦૪,૩૭,૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પા.નં. ૧૧૩ થી ૧૧૭ | ૧૦૦ | સરકારીપોલિટેકનિક કોલેજોમાં અધ્યાપકોની લાબાં સમયથી ખાલી જગ્યાઓને કારણે વિદ્યાર્થીઓને અભ્યાસમાં પડતી અગવડતાઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનિલ જોષીયારા (પુનાભાઇ ગામીત) |
| ૩૨ | ૨૨૩૬– પોષણ<br>૦૨– પોષણ...વિતરણ<br>૧૦૨– મધ્યાહન ભોજન (કે.પુ.યો)<br>રૂ. ૬,૯૮,૮૭,૪૯,૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પા.નં. ૧૩૬ થી ૧૩૮ | ૧૦૦ | મધ્યાહન ભોજનમાં સડેલા અનાજનો ઉપયોગ તેમજ અન્ય કારણોસર વિદ્યાર્થિઓના સ્વાસ્થ્ય સાથે થતા ચેડાં નિવારી જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભોળાભાઇ ગોહેલ |
| ૩૩ | –– " –– | ૧૦૦ | મધ્યાહન ભોજનના કર્મીઓને પૂરતો પગાર ચૂકવી તેઓનું આર્થિક શોષણ થતું અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઇ વાજા |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૪ | -- " -- | ૧૦૦ | એન.જી.ઓ દ્વારા મધ્યાહન ભોજન યોજનામાં ચાલતી ગેરરીતિઓની તપાસ કરી તેઓ સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરૂભાઇ ભીલ |
| | | માગણી નં. ૧૦ | | |
| ૩૫ | ૨૨૦૫- કલા અને સંસ્કૃતિ<br>૧૦૧- લલિતકલા શિક્ષણ<br>૦૧- સંગીત....અનુદાન<br>રૂ. ૬૫,૨૫,૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પા.નં. ૧૩૦ | ૧૦૦ | સંગીત નાટ્ય ભારતીને અનુદાન તો અપાય છે પરંતુ તેનો વ્યાપ વધારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જવાહરભાઇ ચાવડા |
| | | અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોનો વિભાગ<br>માગણી નં. ૨૨ | | |
| ૩૬ | ૩૪૫૬-નાગરિક પુરવઠા<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>૦૧-PDS- ૬ નાગરિક...<br>કચેરી (કે.પુ.યો)<br>રૂ. ૫,૧૫,૫૨,૦૦૦<br>અં.પ્ર.નં.૭<br>પા.નં. ૨૧ અને ૨૨ | ૧૦૦ | રાંધણગેસનું જોડાણ આપતી કંપની અને રાંધણગેસનો સિલિન્ડર સપ્લાય કરતાં ડિલર્સ તેમના ગ્રાહકોને કાયદાકીય રીતે વીમા કવચથી સાંકળે છે કે કેમ તેની તપાસ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૩૭ | -- " -- | ૧૦૦ | કેન્દ્ર સરકાર તરફથી મળતો અનાજનો જથ્થો પુરતો ઉપાડવા અંગે તેમજ જરૂરીયાત કરતા ઓછો જથ્થો ફાળવવા અંગે યોગ્ય રજૂઆતો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રહલાદભાઇ પટેલ |
| ૩૮ | -- " -- | ૧૦૦ | સરકારી અનાજના ગોડાઉનોના અધિકારી અને કર્મીઓની ગેરરીતિથી કરોડો રૂપિયાનુ ગરીબોનુ અનાજ આટા ફ્લોર મિલોમાં વેચાય છે તે વેચનાર અને ખરીદનાર બંન્ને સામે સખ્તાઇથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેશકુમાર પટેલ |
| ૩૯ | -- " -- | ૧૦૦ | શાકભાજીના ફેરીયા તથા મીઠાઇના વેપારીઓ વજનમાં ઓછો માલ આપે છે તેની યોગ્ય તપાસ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગેંદાલભાઇ ડામોર |
| *૪૦ | ૩૪૫૬-નાગરિક પુરવઠા<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>૦૨- ભાવ .... અમલ<br>રૂ. ૧૭,૧૯,૧૭,૦૦૦<br>અં.પ્ર.નં.૭<br>પા.નં. ૨૧ થી ૨૩ | ૧૦૦ | તુવેરની દાળ તેમજ કઠોળના વધતા જતા ભાવોને કારણે તેનો ગેરકાયદેસર સંગ્રહ કરતા સંગ્રહખોરો ઉપર દરોડાઓ પાડી તેઓ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| | | માગણી નં. ૨૩ | | |
| *૪૧ | ૨૪૦૮- ખાધ... વ્યવસ્થા<br>૦૧- ખોરાક<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>૦૧- વ્યાજબી...કચેરી<br>રૂ. ૯૮,૮૧,૦૦૦<br>અં.પ્ર.નં.૭ | ૧૦૦ | વ્યાજબી ભાવની દુકાનોમાંથી અનાજનો જથ્થો બારોબાર કાળાબજારમાં વેચનાર સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ |

| | | | | |
|---|---|---|---|---|
| | પા.નં. ૯ અને ૧૦ | | | |
| ૪૨ | -- " -- | ૧૦૦ | ગ્રામિણ વિસ્તારમાં વ્યાજબી ભાવની દુકાનો નજીકના સ્થળે ફાળવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી છનાભાઇ ચૌધરી |
| *૪૩ | ૨૪૦૮- ખાદ્ય... વ્યવસ્થા<br>૦૧- ખોરાક<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>૦૧- વ્યાજબી...કચેરી<br>રૂ. ૯૮,૮૧,૦૦૦<br>અં.પ્ર.નં.૭<br>પા.નં. ૯ અને ૧૦ | ૧૦૦ | વ્યાજબી ભાવની દુકાનો એક જ વ્યકિતના નામે એકથી વધારે હોય તેવી વધારાની દુકાનો રદ કરી તેનો લાભ બેરોજગારોને મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશ ધાનાણી |

*આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજુ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને રજૂ થયેલી કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી અમિત અ. ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ એમ આ ૨૧મી સદી એટલે જ્ઞાનનો યુગ છે જેની પાસે આ યુગમાં શિક્ષણ હોય, જ્ઞાન હોય, હુન્નર હોય, કેળવણી હોય એવા લોકો જ આવનારા સમયમાં આ દેશ, રાજ્ય અને સમાજનું નેતૃત્વ અને માર્ગદર્શન કરવાના છે. આ ૨૧મી સદીના યુગમાં કોઇપણ જાતિ, ધર્મ, વિસ્તારના ભેદભાવ સિવાય દરેકને તક મળવાની છે. ત્યારે શિક્ષણ એ રાજ્ય સરકારની પ્રથમિક જવાબદારી છે. પ્રાથમિક શિક્ષણ એનો પાયો છે. જે સરકાર આ જવાબદારીમાંથી પોતાના હાથ પાછા ખેંચી લેવા માગે એ સરકાર આ રાજ્યના ભવિષ્યને ખૂબ જ મોટું નુકસાન પહોંચાડી રહી છે તેવું મારૂ સ્પષ્ટ માનવું છે.

આ બજેટની વાત કરીએ તો સન ૨૦૧૬-૧૭ના વર્ષમાં શિક્ષણ વિભાગ માટે ૨૧,૬૦૦ કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવેલ છે. ગત વર્ષની સરખામણી કરીએ તો ૨૦૧૪-૧૫માં ૧૫.૮૩ ટકા, ૨૦૧૫-૧૬માં ૧૪.૭૪ ટકા, ૨૦૧૬-૧૭ એટલે કે ચાલુ બજેટમાં ૧૪.૨૨ ટકા. રાજ્યનું બજેટ વધે તેની સાથે સાથે શિક્ષણનું બજેટ વધે એ પણ ખૂબ જરૂરી છે. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે ભારતીય જનતા પાર્ટીની આ સરકારમાં છેલ્લા ત્રણ વર્ષના આંકડા જોઇએ તો શિક્ષણનું બજેટ વધવાના બદલે તેમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. માનનીય મંત્રીશ્રી જવાબ આપે ત્યારે તેમને વિનંતી કરું કે તેનું કારણ પણ જણાવે. હું અભિનંદન આપીશ. કેન્દ્રની તત્કાલિન કોંગ્રેસની સરકારે આ દેશમાં ઐતિહાસિક કાયદો કરીને રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ, એટલે કે શિક્ષણનો અધિકાર આપ્યો. કોઇ પણ જાતિ, ધર્મના ભેદભાવ સિવાય ૬ થી ૧૪ વર્ષ સુધીના બાળકોને જેટલું પણ ભણવું હોય એ માટેની મફત અને ફરજીયાત શિક્ષણની જોગવાઇ આ કાયદામાં કરવામાં આવી. સરકારે તેની જવાબદારી લેવી પડે એવું નક્કી કરવામાં આવ્યું. ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીના ૨૨ વર્ષના શાસન પછી પણ આજે શિક્ષણની શું હાલત છે. રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ૧૩,૦૦૦ કરતાં પણ વધારે શિક્ષકોની ઘટ છે. રાજ્યમાં ૮,૫૦૦ કરતાં પણ વધારે ઓરડાઓની ઘટ છે. આ તો એવું છે કે આત્મા વગરનું શરીર હોય તેમ શિક્ષક વગરની શાળાઓ આપણે આજે જોઇએ છીએ. ફરી આપણે 'ભણશે ગુજરાત'ની વાત કરીએ, તો કયાંથી ભણશે ગુજરાત? રાજ્યની પ્રાથમિક શાળાઓમાં હયાત ઓરડાઓ છે તેમાં પણ મોટા ભાગના ઓરડાઓ જર્જરિત અને ભયજનક હાલતમાં છે. મારા જિલ્લાની જ વાત કરું તો ૬૦૦ જેટલા ઓરડાઓને આપણે ભયજનક, જર્જરિત તરીકે જાહેર કરેલા છે. તેની સામે એક વર્ષમાં હમણાં જે નવા ઓરડા બનાવવા માટે સરકારે મંજૂરી આપી, ફક્ત ૭૦ જેટલા ઓરડાઓને મંજૂરી આપી. આ ઓરડાઓ અત્યારે જર્જરિત નક્કી થયેલા છે હું માનું છું કે ૧૦ વર્ષ સુધી નવા નહીં બની શકે. મારી મંત્રીશ્રીને પણ વિનંતી છે કે શું આપણે આપણાં બાળકોને આવા ભયજનક વાતાવરણમાં ભણાવવા માગીએ છીએ? બીજા જિલ્લા હોય, કચ્છ હોય, બનાસકાંઠા હોય, ડાંગ જિલ્લો હોય, દાહોદ જિલ્લો હોય. છેવાડાના જિલ્લા હોય, સગવડ ન હોય, પરિસ્થિતિ ખરાબ હોય તેની વાત તો અહીં થાય. પણ માનનીય મુખ્યમંત્રીશ્રીનો જે જિલ્લો છે, માનનીય નીતિનભાઇનો જે જિલ્લો છે તેની વાત કરીએ તો એક કરતા વધારે ધોરણના બાળકો એક જ વર્ગમાં બેસતા હોય એવી મહેસાણા જિલ્લાની કુલ ૧૦૯૪ શાળામાંથી ૩૭૨ શાળાઓ છે, એટલે કે ૩૪ ટકા શાળાઓ એવી છે કે જેમાં એક જ વર્ગમાં એક કરતા વધારે ધોરણના બાળકો બેસતા હોય, ત્યારે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે કદાચ દૂર ન જાવ પણ નજીકના જિલ્લાની મુલાકાત કરશો તો પણ સાચી પરિસ્થિતિનો ખ્યાલ આવશે. પેપરોમાં, મિડિયામાં ખૂબ જાહેરાતો, વાતો કરવામાં આવી. 'વાંચે ગુજરાત.' હમણાં આ ગૃહમાં એક તારાંકિત પ્રશ્નના જવાબમાં સરકારે કબૂલ્યું કે આ 'વાંચે ગુજરાત' કાર્યક્રમ અંતર્ગત છેલ્લા બે વર્ષની અંદર રાજ્યની એક પણ શાળાને એક પણ રૂપિયો ગ્રાન્ટ આપવામાં આવી નથી. જાહેરાતો અને હકીકતમાં આ ફર્ક છે. રાજ્યમાં ૨૨ વર્ષથી ભારતીય જનતા પાર્ટીનું શાસન છે. શિક્ષણની શું હાલત છે. હમણાં છેલ્લા પાંચ વર્ષના ગુણોત્સવના રિપોર્ટ બહાર આવ્યા. આ જ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ગુણોત્સવ દરમ્યાન ૧૧,૮૨૨ શાળાઓ

એવી જોવા મળી કે જે નબળી કહી શકાય અને ૨,૩૭૩ શાળાઓ એવી જોવા મળી કે જેને અત્યંત નબળી કહી શકાય. શું આ ગતિશીલ ગુજરાત છે? ભૂતકાળમાં શિક્ષણ વિભાગ એટલે ભ્રષ્ટાચારથી દૂર રહેવાવાળો વિભાગ કહેવાય. આ ગતિશીલ ગુજરાતમાં એક પણ વિભાગ બાકી નથી રહ્યો તેમ આ શિક્ષણ વિભાગમાં પણ ગતિશીલ ભ્રષ્ટાચાર શરૂ થયો છે. મારે મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે સર્વશિક્ષા અભિયાન હેઠળ લોઅર પ્રાયમરીમાં એક કિલોમીટરના અંતર સુધી અને અપર પ્રાયમરીમાં ત્રણ કિલોમીટરના અંતર સુધી બાળકને શાળાએ લાવવા લઇ જવા માટે ૩૦૦ રૂપિયા પ્રતિ બાળક ટ્રાન્સપોર્ટેશનની આપણે સહાય કરીએ છીએ. હમણાં જ અમદાવાદના આર.ટી.આઇ.ના આંકડા છે. કહેશે તો મંત્રીશ્રીને હું આપવા તૈયાર છું. જે રિપોર્ટ આવ્યો છે એની ચકાસણી કરવામાં આવે. તેમાં મોટા ભાગની શાળાઓમાં પેપર ઉપર આ યોજના ચાલે છે અથવા જે તપાસમાં આવ્યું છે એમાં ખોટી રીતે ટ્રાન્સપોર્ટેશનના બિલ મૂકી કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરવામાં આવે છે. આ જ ગૃહની પ્રશ્નોત્તરીમાં મહિસાગર જિલ્લામાં ફક્ત ૧૦ મહિનામાં આ જ ટ્રાન્સપોર્ટેશન પાછળ રૂ.૧.૧૪ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. આખા ગુજરાતની ચકાસણી કરીએ તો મારો સ્પષ્ટ આક્ષેપ છે કે આ યોજનામાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થઇ રહ્યો છે. એસએમસીના નામે ફક્ત ઠરાવ કરવામાં આવે છે અને અધિકારીઓ અને બીજા લોકોની *( xxx )

ઉપાધ્યક્ષશ્રી : ( xxx ) રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શિક્ષણ જેટલું જ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણનું મહત્ત્વ છે. પરંતુ આ રાજ્યમાં હાલત શું છે? રાજ્યમાં સરકારી અને ગ્રાન્ટેડ સ્કૂલોમાં ૧૯૭૬ આચાર્યની જગ્યાઓ ખાલી છે. ૩૯૯૩ શિક્ષકોની જગ્યાઓ ખાલી છે. મારે એવું કહેવું પડે છે કે આ સરકારમાં શિક્ષણની હાલત એન્જિન વગરના ડબ્બા જેવી થઇ ગઇ છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે શિક્ષણની જવાબદારીમાંથી કેવી રીતે હાથ પાછા ખેંચ્યા છે એનો એક દાખલો આપવા માગું છું. કચ્છ, સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, દાહોદ કે ડાંગ નહીં પણ આપણા પાટનગર ગાંધીનગરનો દાખલો આપવા માગું છું. ગતિશીલ ગુજરાત, વિકસીત ગુજરાત, વાઇબ્રન્ટ ગુજરાતની વાતો કરવામાં આવે છે. પાટનગર ગાંધીનગર અંગે અતારાંકિત પ્રશ્નોત્તરીમાં ડો. તેજશ્રીબેન પટેલે પ્રશ્ન પૂછ્યો છે એના જવાબમાં ગાંધીનગર શહેરની ૬ માધ્યમિક શાળાઓ છેલ્લાં વર્ષોમાં ખાનગી સંસ્થાઓને આપવામાં આવી છે. ગાંધીનગરની આ શાળાઓના નામ પણ જાણવા જરૂરી છે. સરદાર વલ્લભભાઇ પટેલ વિદ્યા મંદિર સેક્ટર- ૭, મહાત્મા ગાંધી વિદ્યા મંદિર સે.૧૬, સ્વામી વિવેકાનંદ વિદ્યા મંદિર સે.૧૨, આર્યભટ્ટ માધ્યમિક શાળા સે.૨૨, મહારાણા પ્રતાપ વિદ્યા મંદિર સે.૨૭, ડો.વિક્રમ સારાભાઇ માધ્યમિક શાળા પાલજ. એમાં એવું કહેવામાં આવ્યું છે કે આ શાળઓના પરિણામ સુધારવા માટે, વહીવટ સુધારવા અને ગુણવત્તા સુધારવા માટે અમે ખાનગી સંસ્થાઓને આપીએ છીએ. શું આપણે શિક્ષણ સુધારી શકતા નથી? શું આપણે વહીવટ સુધારી શકતા નથી? મારી તો વિનંતી છે કે કદાચ સરકારની પોતાની ઇચ્છા શક્તિ નહીં હોય પણ આ સંસ્થાઓ સાથે જે લોકોના નામ જોડાયેલ છે એમનામાંથી પ્રેરણા લીધી હોત તો આવો નિર્ણય લીધો ન હોત.

માનનીય અધ્યક્ષશ્રી, આજે તત્કાલિન કોંગ્રેસની સરકારને અભિનંદન આપું છું. એમના દ્વારા રાઇટ ટુ ફૂડ એટલે કે અન્ન સુરક્ષાનો કાયદો આ દેશમાં લાવવામાં આવ્યો. એના અનુસંધાને પહેલી એપ્રિલથી અહીંયાં શરૂઆત કરવાની જાહેરાત કરવામાં આવી છે. અધિકારીઓ આને કોઇ યોજના ન સમજે. આપે ઓફિસમાં બેસીને અન્ન આપવા માટે લિસ્ટ બનાવ્યું હોય એમાં અન્ન માટે કોઇપણ વ્યક્તિનું નામ રહી ગયું હોય તો એણે આવનારા કેટલા સમયમાં અરજી કરવાની છે? ક્યા ડોક્યુમેન્ટ એ અરજી સાથે જોડવાના છે એ પણ જણાવવામાં આવે. એ માગે ત્યારે એને અન્નનો અધિકાર મળવો જોઇએ. તે માટે તાત્કાલિક પરિપત્ર થાય અને તાત્કાલિક સૂચના આપવામાં આવે. કેન્દ્રની કોંગ્રેસ સરકાર જે હેતુ સાથે આ યોજના લાવી છે એ હેતુ સાથે આ યોજનાનો અમલ થાય. આ યોજનામાં ગરીબ માણસોને અન્યાય ન થાય તે જોવા સરકારને વિનંતી છે.

પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશનનો મુદ્દો છે. મારી વિનંતી છે કે આજે શિક્ષણ વિભાગ અને અન્ન નાગરિક પુરવઠા વિભાગ એમ બે વિભાગની માગણીઓ છે. મેં સવારે પણ વિનંતી કરી હતી. એટલે એમાં થોડોક સમય વધારવા વિનંતી કરી હતી. દસ મિનિટ વધારે આપવામાં આવે તેવી વિનંતી છે.

ઉપાધ્યક્ષશ્રી : આપ દંડકશ્રી સાથે બહાર જઇને વાત કરો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, અમે એમને એમ બહાર જઇશું તો આપનું ખરાબ લાગશે.

ઉપાધ્યક્ષશ્રી : બન્ને દંડકશ્રીઓ નક્કી કરો તો મને કોઇ વાંધો નથી. આપે નક્કી કરેલી બાબત છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, અમે સારા કામ માટે સંમત થયા હતા. હોળી નિમિત્તનું કામ હોવાથી અમે સંમત થયા હતા.

ઉપાધ્યક્ષશ્રી : હું સમયથી બંધાયેલ છું. આપને પરમિટ નહીં કરી શકું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, તો અમારે ગૃહનો ત્યાગ કરવો પડશે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : પાંચ મિનિટ માગી હતી. પાંચ મિનિટ વધારે માગી હતી.

ઉપાધ્યક્ષશ્રી : એ આપનો વિષય છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : પણ દંડકશ્રી જતા રહ્યા છે. હું એમને બહાર લઇ જઇને પણ વિનંતી કરી આવ્યો, એમને વિનંતી કરીને આવ્યો. આપે મોટું મન રાખવું જોઇએ.

---

(xxx) * આ શબ્દ માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યો છે.

તા. ૨૨મી માર્ચ, ૨૦૧૭

માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

ઉપાધ્યક્ષશ્રી : પાંચ મિનિટ વધારીએ છીએ. આપ બેસી જાવ. જે મિનિટ વધવાની એ કવેશ્ચન અવરમાં જશે.

શ્રીમતી કામિનીબા ભૂ. રાઠોડ(દહેગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી નંબર-૯ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. શિક્ષણનું એક આગવું મહત્વ હોય છે. ગુજરાતનું ભાવિ પણ શિક્ષણ ઉપર આધારીત હોય છે. આપણી આવનારી પેઢી ગુજરાતનું સંચાલન કરવાની છે તે માટે ગુજરાતના વિદ્યાર્થીઓને ઉચ્ચ કક્ષાનું અને ગુણવત્તાભર્યુ શિક્ષણ મળે તે સરકારની ફરજ છે પણ વાસ્તવિકતા શું છે તેની પર નજર કરીએ તો આપણે આ ફરજ પૂરી કરી શકયા નથી. શિક્ષણની વ્યવસ્થા એવી હોવી જોઇએ કે જેથી ગરીબમાં ગરીબ બાળકો, ગામડાંમાં રહેતા બાળકોને સારામાં સારું શિક્ષણ મળી શકે. પણ શિક્ષણનું ખાનગીકરણ, પ્રાઇવેટ સ્કૂલો અને કોલેજના રૂપમાં શિક્ષણની હાટડીઓ ખોલવામાં આવી. આજે ગુજરાતમાં એમ.એડ. થવું હોય, ફાર્મસી કરવું હોય, એન્જિનિયરીંગ કરવું હોય અને મેડિકલ ક્ષેત્રે ડોકટર બનવું હોય તો ૫૦ થી ૬૦ લાખ રૂપિયાનો ખર્ચો થાય છે. શું આને શિષ્ટાચાર કહેવાય કે ભ્રષ્ટાચાર? ૩૩ જિલ્લામાં ૨૪૯ તાલુકા આવેલા છે જેમાં ૨૩૮ ઉચ્ચતર માધ્યમિક શાળા છે. જયાં સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાની ઘટ છે તેવા વિસ્તારમાં પૈસા ખર્ચી શકે તેવા બાળકો ભણી શકે છે? અને જે બાળકો ગરીબ હોય અને આવી ઉંચી ફી ભરી શકવા માટે સક્ષમ ના હોય તે બાળકો ભણવામાં હોંશિયાર અને ભણવાની ઇચ્છાશકિત ધરાવતા હોવા છતાં શિક્ષણ છોડવા માટે મજબૂર બને છે. જયારે ગરીબ મા-બાપ પોતાના પેટે પાટા બાંધીને બાળકને ભણવા મૂકે છે ત્યારે એ ગરીબ મા-બાપ પ્રાઇવેટ સ્કૂલની ફી જો ના ભરે તો સ્કૂલવાળા છોકરાની માર્કશીટ પણ નથી આપતા. સ્કૂલવાળા એમ કહે છે કે ફી ભરો અને માર્કશીટ લઇ જાવ. આવો જ એક દાખલો મારા તાલુકામાં ભાદ્રોડા ગામમાં રહેતી દેવીપૂજક સમાજની દીકરી જે રખિયાલની પ્રાઇવેટ સ્કૂલમાં ભણે છે. એ સ્કૂલમાં ભણતી દેવીપૂજક સમાજની દીકરીને માર્કશીટ ન આપવાને કારણે એ દોઢ વર્ષથી પોતાના ઘરે બેઠી છે. તો સરકાર એક બાજુ શિક્ષણનું ખાનગીકરણ કરી અને આ ખાનગી સ્કૂલોને છૂટો દોર આપી રહી છે. તો આવી ખાનગી સ્કૂલો ઉપર સરકારશ્રી પગલાં ભરશે કે કેમ? જયાં સ્કૂલો છે ત્યાં ઓરડા નથી અને ઓરડા છે તો શિક્ષકો નથી. જે ઓરડાઓ છે એ જર્જરીત છે. આવા જર્જરીત ઓરડામાં નાના ભૂલકાઓ કે જેને માનનીય વડાપ્રધાનશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી દેશનું ઉજજવળ ભવિષ્ય કહી રહ્યા છે તેવા માસૂમ ભૂલકા ભયના ઓથાર હેઠળ શિક્ષણ મેળવી રહ્યા છે. કોઇપણ સમયે જાનહાની થાય તો શું એ જવાબદારી સરકારની નથી? ગાંધીનગર જિલ્લાની જો વાત કરું તો ૩૬૦ ઓરડા જર્જરીત છે. પાટણ જિલ્લામાં ૫૯૯ ઓરડા જર્જરીત છે. મહીસાગર જિલ્લાની જો વાત કરું તો ૪૬૯ ઓરડા જર્જરીત છે. આવા જર્જરીત ઓરડા અને ભયના ઓથાર હેઠળ બાળકો ભણી રહ્યા છે. આ જે દેશનું આવનારું ભવિષ્ય કહી શકાય એ બાળકો ભયના ઓથાર હેઠળ ભણી રહ્યા છે.

શ્રી છત્રસિંહ પું. મોરી ( અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, સમય મર્યાદામાં પૂરું કરવા માટેનો પ્રયત્ન કરીશ. સૌ પહેલા તો માનનીય સભ્યશ્રીઓએ અમારા પુરવઠા વિભાગમાં જે સૂચનો કર્યા છે અને ભાગ લીધો છે એને અમે આવકારીએ છીએ. વર્ષ ૨૦૧૬-૧૭માં અંદાજપત્રમાં માનનીય નાણામંત્રીશ્રી દ્વારા અમારા વિભાગ માટે ૧૦૨૯.૭૮ કરોડની માગણી લઇને જયારે અમે આવ્યા છીએ ત્યારે હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીનો હૃદયપૂર્વક આભાર માનુ છું અને ધન્યવાદ પાઠવું છું. આ બજેટ જો જોવામાં આવે તો ૧૯૯૦થી ૨૦૦૧ સુધીમાં અગાઉની સરકારોમાં ૯૪૭ કરોડ રૂપિયાનું બજેટ વાપરવામાં આવેલ છે. ૨૦૦૧ થી ૨૦૧૫-૧૬ સુધીમાં જોઇએ તો ૪૬૬૫.૧૮ કરોડનું બજેટ આ ભારતીય જનતા પાર્ટીની બહેન શ્રીમતી આનંદીબેન અને નરેન્દ્રભાઇની સરકારમાં આ બજેટ ફાળવવામાં આવ્યું છે. અમારી સરકારની અંદર જે ૧૦ વર્ષમાં નાણા ફાળવાયા છે એની કમ્પેરમાં આ એક જ વર્ષમાં ૮૨.૪૪ કરોડ વધુ ફાળવણી કરી આ રાજ્ય સરકારે ઉદારતા દાખવી છે એટલે ફરીથી હું નાણામંત્રીશ્રીનો હૃદયપૂર્વક આભાર માનું છું. આ ઉપરાંત પણ ટ્રાયબલ એરિયા સબ પ્લાનમાં ૮૪.૩૮ કરોડના બજેટની જોગવાઇ છે તથા શિડ્યુલ કાસ્ટ માટે ४૧.૯૦ કરોડની જોગવાઇ કરી છે એ પણ આ જ બજેટનો ભાગ છે. જ્યારે આ માગણીઓ લઇને આવ્યો છું ત્યારે સર્વાનુમતે અમારી માગણીઓને મંજૂર કરે એવો હું આ તકે અનુરોધ કરું છું. ગુજરાત સરકાર અને અમે ખાસ કરીને ગતિશીલ ગુજરાતના પ્રણેતા ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની અમારી સરકારે પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીના એકાત્મ માનવવાદના સિદ્ધાંતને મૂર્તિમંત કરવાનો પ્રયત્ન કર્યો છે. એટલા માટે ગરીબોની સેવા એ અમારું લક્ષ છે. શાસ્ત્રોના કહેવા મુજબ અન્ન બ્રહ્મ કહેવાય અને એ મુજબ ગરીબની આંતરડી ઠરે એવું પણ અમારું લક્ષ છે. એકેય દરિદ્રનારાયણ ભૂખ્યો ન રહે એટલા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. કબીર સાહેબનો એક શેર આપની સમક્ષ રજૂ કરીશ કે, 'કબીર કહે કમાલ કો, દો બાતા શીખ લે, કર સાહેબ કી બંદકી ઔર ભૂખે કો અન્ન દે.' આ વાત સાથે અમારી આ સરકાર કટિબદ્ધ છે ત્યારે અમારા વિભાગમાં મહદઅંશે કામ પુરવઠાની પ્રાપ્તિ કરવાનું, આવશ્યક ચીજવસ્તુઓન ઉપલબ્ધ કરવાનું, સંગ્રહ કરવાનું, વિતરણ કરવાનું, તોલમાપનું નિયમન કરવાનું અને ગ્રાહકોની બાબતોની પ્રવૃત્તિઓની સાર-સંભાળનું છે. કાળા બજારને નાથવાનું કામ પણ અમે લીધું છે. ભૂતકાળમાં પુરવઠામાં ખુલ્લેઆમ અનાજનું ડાયવર્ઝન થતું હતું પરંતુ બારકોડેડ અને બાયોમેટ્રિક પદ્ધત્તિના કારણે ભૂતિયા કાર્ડને અમે નાથી શક્યા છીએ અને ખૂબ મોટી સિદ્ધિ અમને મળી છે. આયોજન પંચના આંકડા પ્રમાણે રાજ્યમાં ૨૧.૨૦ લાખ ગરીબ લોકોને અનાજ આપવાનું થાય છે. ૧૩.૮ બી.પી.એલ. છે અને ૮.૧૨ લાખ અંત્યોદય છે. છતાં પણ આ રાજ્ય સરકાર કોઇ ગરીબ અનાજ વગરનો ન રહે એ માટે વધારાનું અનાજ ઉદારતાથી ૩૪.૨૦ લાખ ગરીબોને આપે છે. અહીં બી.પી.એલ. યોજનાને યાદ કરીએ તો એ ગરીબો માટેની યોજના છે. જે ગરીબી રેખાથી નીચે જીવતા હોય એવા કુટુંબો માટે આ યોજના છે. એટલા માટે ૩૫ કિલો અનાજ ૨ રૂપિયે કિલો ઘઉં અને ૩ રૂપિયે કિલો ચોખા એ ભાવે ૧૩ કિલો ઘઉં અને ૩ કિલો ચોખા ૧૯૯૫ થી આ રાજ્ય સરકાર આપે છે. અહીંયા અંત્યોદય યોજના છે એ પણ અતિ ગરીબો માટેની છે. અન્ન સલામતિ કાયદાની વાત કરી છે એમાં એપ્રિલ માસમાં આ રાજ્ય સરકાર નિષ્ઠાપૂર્વક આખા રાજ્યમાં માનનીય મુખ્યમંત્રીશ્રીમતી આનંદીબેન પટેલની અધ્યક્ષતામાં

સર્વે જિલ્લાઓમાં આરંભ કરવા જઇ રહ્યા છીએ ત્યારે ૨ રૂપિયે કિલો ઘઉં અને ૩ રૂપિયે કિલો ચોખા આપવાનું આયોજન કર્યું છે. એમાં અમે ૩ કરોડ ૮૨ લાખ લોકોને આવરી લેવાનું આયોજન કર્યું છે. સોશિયો ઇકોનોમિક કાસ્ટ સેન્સસ ૨૦૧૧ મુજબ આ યાદીમાં આવતા લાભાર્થીઓને આવરી લેવાનો પ્રયત્ન કર્યો છે. અન્ન સલામતિ કાયદાનો આ રાજ્યમાં સારી રીતે અમલ થાય અને ૩૫ કિલો અનાજ અંત્યોદયને જેમ ભૂતકાળમાં આપતા હતા એ જ પ્રમાણે આપવાનું આયોજન છે. વાજબી ભાવની દુકાનોને ૧૦ રૂપિયા વધારે કમિશન આપીને હવે ૭૦ રૂપિયા કરી દીધા છે. જો કોમ્પ્યુટર અને ટેકનોલોજી વસાવશે તો વધારાના ૧૭ રૂપિયા આપવાના છીએ. આના માટે રાજ્ય સરકારે પહેલી તારીખથી વર્તમાનપત્રોમાં જાહેર પ્રસિદ્ધિ કરવા માટે ૨૦૧૬-૧૭માં ૩૫ કરોડનું આયોજન કર્યું છે. કેરોસીનની વાત કરીને મારી વાત પૂરી કરું છું. કેરોસીનમાં નવી યોજના દાખલ થઇ રહી છે. આ યોજના છે એ વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની સરકારે રાજ્યમાં કેરોસીન ડાયવર્ટ થતું અટકે એ માટે ડાયરેક્ટ બેનીફિટ ટ્રાન્સફર ઇન કેરોસીન યોજનાનો પાયલોટ પ્રોજેક્ટ પણ અમલમાં મૂક્યો છે. સાત જિલ્લાઓને આવરી લેવામાં આવ્યા છે અને આ સાતેય જિલ્લામાં એપ્રિલ માસથી શરૂ કરવા માટે ઝડપથી શરૂ કરીશું એવી યોજના છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટમાં વાત કરી દઉં તો ખાંડની બાબતમાં ૩૯ કરોડ રૂપિયાની સબસિડીમાં અમે બચત કરી છે. કારણ કે સહકારી મંડળીઓએ અમને સીધી ખાંડ આપવાનું પ્રયોજનના કારણે ટેન્ડરો ભર્યા અને નીચા ટેન્ડરોના કારણે ૩૯ કરોડ રૂપિયાનો ફાયદો થયો છે. એવી જ રીતે સિમેન્ટની બાબતમાં ૨૧ કરોડ ૬૦ લાખનો ફાયદો થયો છે. પરિવહન યોજનામાં પણ ૩૦૨ લાખનો ફાયદો થયો છે. તુવેરદાળના ભાવ આખા દેશમાં નીચા રહે એ માટે (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે. આપ હવે માગણી મૂકી દો.

શ્રી છત્રસિંહ પૂં. મોરી : ૨૦૦ રૂપિયાની જગ્યાએ ૧૩૫ રૂપિયા દાળનો ભાવ રહે એ માટે આ રાજ્ય સરકારે વિક્રેતાઓ સાથે મિટિંગ કરીને આયોજન કર્યું છે. અમારાં માનનીય કેબિનેટ મંત્રીએ પ્રયત્ન કર્યો છે. આ બધીજ બાબતોને ધ્યાનમાં લેતા આ રાજ્ય સરકાર પુરવઠા વિભાગમાં છેવાડાના માણસને અનાજ પહોંચે એના માટે કટિબદ્ધ છે ત્યારે અમારી માગણીઓને સર્વાનુમતે સમર્થન આપશે એટલી જ વાત સાથે હું સૌનો આભાર માનીને મારી વાતને પૂરી કરું છું.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી ( શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, બજેટની માગણી ક્રમાંક ૯ અને ૧૦ કે જેની પ્લાન જોગવાઇ ૬૬૦૦ કરોડ અને નોન-પ્લાન ૧૭,૨૧૫ કરોડ કુલ જોગવાઇ ૨૩,૮૧૫ કરોડની માગણીઓ હું આ ગૃહ સમક્ષ જ્યારે લઇને આવ્યો છું. (અંતરાય) સાચું જ કહું છું ભાઇ અમિતભાઇ કે શિક્ષણનું ખૂબ મહત્વ છે અને આ શિક્ષણના મહત્વને રાજ્ય સરકાર ખૂબ સારી રીતે સમજે છે. ૨૦૦૦માં જ્યારે નરેન્દ્રભાઇ આ રાજ્યના મુખ્યમંત્રી બન્યાં ત્યારે એક પડકાર હતો કે, પ્રવેશપાત્ર જે બાળકો હોય એમાંથી ૨૫% બાળકો નિશાળે નામાંકન જ નહોતા કરતા. નરેન્દ્રભાઇએ આ કાર્યક્રમને એક મિશનના રૂપમાં લીધો અને ૧૦૦% નામાંકનના સંકલ્પ સાથે શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ કર્યો. સાથોસાથ શાળામાં પ્રવેશ લે એ જેટલું મહત્વનું છે એટલું જ મહત્વનું ધોરણ ૧ થી જે તે સમયે ધોરણ ૭ સુધી અને અત્યારે ૮ સુધી એ બાળકો સતત શિક્ષણ લે એ હતો. એટલે ૧૦૦% નામાંકન અને ૦ % ડ્રોપ આઉટ આ લક્ષ સાથે રાજ્ય સરકારે કાર્ય કર્યું. ડ્રોપ આઉટ ના થાય તે માટે વિદ્યાલક્ષ્મી બોન્ડ, વિદ્યાદીપ યોજના, શિષ્યવૃત્તિ યોજના, મફત પાઠ્ય પુસ્તકો, પુરતા વર્ગખંડો, ટોયલેટ, મધ્યાહન ભોજન, ધોરણ ૬ થી ૮ના ૩ કિલો મીટર દૂર હોય તેવા બાળકો માટે વાહન વ્યવસ્થા આ બધી જ વ્યવસ્થાઓ કરી અને એનું પરિણામ એ આવ્યું કે, ૨૦૦૧માં નામાંકન ૭૫.૭% એ આજે ૨૦૧૫ ૯૯.૧૧% થયું છે. ડ્રોપ આઉટ રેશિયો ધોરણ ૧ થી ૭ માં ૨૦૦૧માં ૩૮.૯૨ હતો એ સુધરીને આજે ૨૦૧૪માં ૬.૩૪ થયો છે આ સીધુ પરિણામ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંથી રાજ્ય સરકાર અટકી નથી. ૧૦૦% નામાંકન ૦ % ડ્રોપ આઉટ. ત્રીજો પડકાર આવ્યો ક્વોલિટી એજ્યુકેશનનો. ગુણોત્સવનું આયોજન કર્યું. રાજ્યના મુખ્યમંત્રી, મંત્રી, અધિકારીઓ ત્રણ દિવસ સુધી શાળાની અંદર મૂલ્યાંકન કરે અને રાજ્યની તમામ શાળાઓમાં આનું મૂલ્યાંકન થયું. આનું પરિણામ એ આવ્યું, ગુણોત્સવની જે ટિકા મેં કાપ દરખાસ્તો વાંચી કે, ગુણોત્સવના જે દેખાડાઓ છે એના કારણે કોઇ પરિણામ નથી આવતું. મારે આ સન્નમાનીય સભાગૃહ સમક્ષ ગુણોત્સવના કારણે પરિણામો ઉપર અસરો જે પડી છે, ગુણવત્તા ઉપર જે અસરો પડી છે એની હું અહીંયા આંકડા સાથે વિગત કહેવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુણોત્સવ-૧માં A + માં પાંચ શાળાઓ હતી, એ ગુણોત્સવ-૫માં ૮૫૮ થઇ. A ગ્રુપમાં ગુણોત્સવ-૧માં ૨૬૫ શાળાઓ હતી, એ ગુણોત્સવ-૫માં એ ક્વોલિટી સુધરી ૨૬૫થી કુદકો મારી ૧૧,૧૩૨ શાળાઓ A ગ્રેડમાં આવી. D ગ્રેડની અંદર જે એકદમ નબળી શાળાઓ હતી, એ ગુણોત્સવ-૧માં ૧૪,૫૮૨ શાળાઓ હતી, જે ટોટલ શાળાઓની ૪૬.૨૦ ટકા શાળાઓ થતી. એમાં સુધારો કરી ગુણોત્સવ-૫માં માત્ર ૧,૭૦૬ શાળાઓ રહી છે, એ ૪.૯૮ ટકા છે. ૪૬.૨૦ ટકા D ગ્રેડમાં હતી, એના સ્થાને આજે માત્ર ૪.૯૮ ટકા જ D ગ્રેડમાં શાળાઓ રહી છે, આ ગુણોત્સવનું પરિણામ છે. હજી રાજ્ય સરકાર આનાથી સંતોષ નથી માનતી. આ હજી ગુણવત્તા કેવી રીતે વધે એ માટે શિક્ષક પ્રોત્સાહન એવોર્ડ, શાળા પુરસ્કાર, તાલુકાઓને પુરસ્કાર, સમયનો અભાવ છે એટલે પુરસ્કારોની વાત નથી કરતો પણ આ બધા જ પુરસ્કારો કરે છે. અહીં ટીકાઓ કરવામાં આવે છે પણ જે ગુણોત્સવના કાર્યક્રમો છે એણે મધ્યપ્રદેશ, ઓરિસ્સા અને રાજસ્થાન રાજ્યની અંદર ગુજરાતનું મોડેલ અમલમાં મૂક્યું છે અને સફળતાપૂર્વક ત્યાં પણ આ કાર્ય કરી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યની અંદર પ્રાથમિક શાળાઓ, ધોરણ ૧ થી ૫ની શાળાઓ એક કિલો મીટરના અંતરે,

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી આપની પાસે બે મિનિટ છે હવે.

## તા. ૨૨મી માર્ચ, ૨૦૧૭

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શિક્ષણ એવી જ રીતે માધ્યમિક શિક્ષણ. માધ્યમિક શિક્ષણની અંદર પણ યોજના પ્રોત્સાહક યોજના હમણાં જ

સભાગૃહનો સમય લંબાવવા અંગે

શ્રી અજયકુમાર જ. ચોક્સી ( ઉપ દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મતદાન પૂરું થાય ત્યાં સુધી સમય લંબાવવામાં આવે.

અધ્યક્ષશ્રી: સૌ સંમત છે? (થોડીવાર બાદ) મતદાન પૂરું થાય ત્યાં સુધી સમય લંબાવવામાં આવે છે.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રોત્સાહક યોજના રાજ્ય સરકારે અમલમાં મૂકી એની પહેલાં જાહેરાત કરી એટલે એની હું વાત કરતો નથી. હમણાં જ ધોરણ-૧૦ની પરીક્ષા ગઇ, આખા દેશની અંદર પ્રામાણિક પરીક્ષા તરીકે ૬૬,૦૦૦ વર્ગ ખંડો એમાં ૬૧,૦૦૦ કરતાં વધારે વર્ગ ખંડોમાં સી.સી.ટી.વી. કેમેરા અને બાકીના વધ્યા એ વર્ગ ખંડોની અંદર ટેબ્લેટની સુવિધા કરી અને જે ચોરીનું પ્રમાણ હતું એ ચોરીના પ્રમાણ ઉપર રાજ્ય સરકારે સંપૂર્ણપણે અંકુશ મેળવ્યો છે અને તેની આખા દેશની અંદર નોંધ લેવાઇ છે. નવી એજ્યુકેશન પોલીસી જ્યારે આવી રહી છે ત્યારે રાજ્ય સરકારે એમાં સારું એવું કન્સલ્ટેશન છેક શાળાથી લઇ ગામ સુધી, ગામથી તાલુકા જિલ્લા અને રાજ્ય સુધી કન્સલ્ટેશન કરી અને એના સુચનો મોકલી દીધા છે. સૌથી વધારે મહત્વનું મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના, હમણાં જે વાત કરી કે, ગરીબ પરિવારોને ઉચ્ચ શિક્ષણ લેવું હોય, પ્રાથમિક શિક્ષણ લેવું હોય, માધ્યમિક શિક્ષણ લેવું હોય, એના ચોપડા લેવા હોય ત્યારે એ ખર્ચ કરી શકતા નથી. એક હજાર કરોડ રૂપિયાના ખર્ચે મધ્યમ વર્ગના પરિવાર માટે આ યોજના જ્યારે અમલમાં મૂકી છે ત્યારે ઉચ્ચ શિક્ષણથી માંડી અને પ્રાથમિક શિક્ષણના બાળકો એનો લાભ લેશે. ઉચ્ચ શિક્ષણની અંદર આજે ૫૬ યુનિવર્સિટીઓ કાર્યરત છે. હું આ સન્માનનીય ગૃહને વિનંતી કરું છું કે, મારી માગણી ૯ અને ૧૦ સર્વાનુમતે મંજૂર કરે અને એમની કાપ દરખાસ્તો પાછી ખેંચે.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગુ છું કે, રાજ્યમાં ગણિત-વિજ્ઞાનના શિક્ષકોની ખૂબ ઘટ છે. એ વહેલી તકે પુરવા માગો છો કે કેમ ? અને માધ્યમિક શિક્ષણમાં જે પ્રવાસી શિક્ષકોની વાત સરકારે કરી છે, તો એની જગ્યાએ મહેકમ પ્રમાણે પુરવા માગો છો કે કેમ? અને ત્રીજો છે કે, ગુજરાતમાં સરકારે યુનિવર્સિટીઓ નવી કરી. મેં જાતે ગુરુ ગોવિંદસિંહ યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી, ફક્ત બે નો સ્ટાફ છે તો આ વહેલી તકે પુરવા માગો છો કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ગણિત અને વિજ્ઞાનના શિક્ષકો વહેલી તકે પૂરવા માટે સરકાર સંકલ્પબદ્ધ છે. પ્રવાસી શિક્ષકો એ હંગામી વ્યવસ્થા છે. મહેકમ પ્રમાણે શિક્ષકો પૂરાઇ જાય ત્યારપછી પ્રવાસી શિક્ષકોની યોજના રહેશે નહીં.

શ્રી વસુબહેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ગુરુ ગોવિંદ યુનિવર્સિટીની સ્થાપના આપણે કરી છે. જુનથી ચાલુ થવાની છે અને વહીવટી પ્રક્રિયાઓ પૂર્ણ કરી દીધી છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ૧૯૯૮ પછી સરકારી ગ્રાન્ટેડ કોલેજોની અંદર ત્રીજા વર્ગના અને ચોથા વર્ગના કર્મચારીઓની ભરતી કરવામાં આવેલ નથી અને એના કારણે આ સંસ્થાઓ બંધ થઇ જાય તેવી સ્થિતિ છે. શહેરી વિસ્તારોની અંદર લો સોસાયટીને ડીમ્ડ યુનિવર્સિટી બનાવી દીધી છે. ત્રીજા, ચોથા વર્ગના કર્મચારીઓ સિવાય આ સંસ્થાઓ ચલાવવી કેવી રીતે? એટલે સરકાર આ ભરતી કરવા માગે છે કે કેમ?

શ્રી વસુબહેન ન. ત્રિવેદી : ભરતીની પ્રક્રિયા નિરંતર પ્રક્રિયા છે અને એ પ્રક્રિયા કરવા માટે સરકાર આતુર જ છે. ગ્રાન્ટ ઇન કોલેજોની અંદર દાનથી ચાલતી કોલેજો છે એટલે એવું કયાંય નથી કે કોલેજો બંધ કરવી પડે. માનનીય સભ્યશ્રીને મારે પૂછવું છે કે એમની કોલેજમાંએ કેટલું જાય છે? અને કેટલું કામ કરે છે એ બતાવે અહીંયા. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : એ વિષય નથી અહીંયા. બેસી જાવ.(અંતરાય) હીરાભાઇ, પ્લીઝ, બેસી જાવ.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં હજારોની સંખ્યામાં જર્જરીત ભયજનક ઓરડાઓ છે જેને આપણે જર્જરીત જાહેર કરેલા છે એવા ભયજનક ઓરડાઓમાં બાળકો બેસે છે ત્યારે આ સરકાર તાત્કાલિક ધોરણે એવા ઓરડાઓને બદલે નવા ઓરડાઓ બનાવવા માગે છે કે નહીં? ચોકકસ સમયમર્યાદા નકકી કરે. મોટો એકસીડન્ટ થાય એના પહેલા કરવા માગો છો કે કેમ? અને પુરવઠાનો એક પ્રશ્ન છે કે હવે તો કેન્દ્ર સરકાર આપણી છે એટલે મોસાળમાં મા પીરસનારી હોય એવી જે વાતો કરો છો તો ૨૦૧૪-૧૫ના વર્ષમાં આપણે જે માગણી કરી હતી જરૂરિયાત કરતા ૩૨૯૩૦ કિલોલીટર કેરોસીન ઓછું મળ્યું હતું અને ૨૦૧૫ ના વર્ષમાં ૭૩૫૫૪ કિલોલીટર ઓછું મળ્યું હતું એના કારણો શા છે?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, કેરોસીનની જે વાત કરી છે કેન્દ્ર સરકાર તરફથી જેટલી પણ ફાળવણી મળે છે એ પ્રમાણે આપણે જે ડાઇવર્ટ થતું હતું એ કેરોસીનને અટકાવીને ૯૯ ટકા સુધી કેરોસીન આજે પણ આખા રાજયમાં આપીએ છીએ.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, અમિતભાઇએે જે પ્રશ્ન પૂછયો જર્જરીત ઓરડાનો તો રાજય સરકારે જે જર્જરીત જાહેર કરેલા છે એ ઓરડા સહિત આર.ટી.ઇ.ના નિયમ મુજબ પાંચ ટકાની ઘટ છે. આ ઘટ વહેલી તકે રાજય સરકાર પુરવા પ્રયત્ન કરશે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પહેલી એપ્રિલથી સરકાર ફૂડ સિકયોરીટી બિલનો અમલ કરવા જઇ રહી છે, ત્યારે મામલતદાર કચેરીમાં સરકારે જે બી.પી.એલ. યાદી આપી છે એ પ્રમાણે અત્યારે મામલતદાર સિકકા મારે છે. જે બહેનનું નામ હોય એની સામે એમાં મોટાભાગના અત્યારે હાલની જે

બી.પી.એલ. યાદીના કાર્ડ છે એને રદ કરવામાં આવ્યા છે તેના કારણે બધા વિસ્તારોમાં ગંભીર સમસ્યા ઉભી થઇ છે તો આની ચકાસણી કરી અને હાલની જે બી.પી.એલ. યાદી છે એ મુજબ અમલ થાય એ જોવા માટે રાજ્ય સરકાર શું કરવા માગે છે?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર ગરીબ અને મધ્યમ વર્ગના ૩૮૨,૦૦,૦૦૦ લોકો સુધી અનાજ પહોંચાડવાની છે. અત્યારે યોજના શરૂ થઇ છે. આ યોજના કાયમ નિરંતર ચાલાવાની છે એવું નથી કે આ યોજના થઇ ગઇ એટલે હવે આ કાયદા હેઠળ નવા રેશન કાર્ડ કોઇને અમે આપવાના નથી. આ યાદી છતાં પણ એમણે જે સૂચન કર્યા છે બી.પી.એલ. છે, રહી ગયા છે તો અમે નવેસરથી એવા લોકોને માટે નવો પરિપત્ર કરીશું કેવા લોકોને અમે સમાવવાના છીએ અને જે સમાવવાને પાત્ર હશે એ બધા લોકોને અમે સમાવવાના છીએ.

શ્રી જિતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ જે ૪૧ અતિ પછાત તાલુકા છે એમાં જે કન્યા શાળાઓ ચાલે છે એમાં ધારધોરણમાં બાંધછોડ કરીને જે સાડા સાત હજાર રૂપિયા સહાય જાહેર કરી છે એ એમને આપવા માગો છો કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રોત્સાહક યોજનાની નવી નીતિ જાહેર કરી, એની ૭ પ્રાયોરિટી છે, એમાં આદિવાસી તાલુકાઓ અને કન્યા શાળાઓને પ્રાયોરિટીમાં લેવામાં આવેલ છે.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૨ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંકઃ ૯, ૧૦, ૨૨, ૨૩ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

( વિરામ ૧૦-૩૬ થી ૧૧-૦૦ )

(ઉપાધ્યક્ષશ્રી આત્મારામ મ.પરમાર અધ્યક્ષ સ્થાને.)

બિન સરકારી કામકાજ

દાખલ કરવા માટેના બિન-સરકારી વિધેયકો

ગુજરાત સાંસ્કૃતિક સંરક્ષણ વિધેયક, ૨૦૧૬

ગુજરાત રાજયમાંના હેરિટેજ એસેટ્સ (સાંસ્કૃતિક વારસા)ની ઓળખ ઉભી કરવા, તેનું દસ્તાવેજીકરણ કરવા, તેનું સંરક્ષણ કરવા અને તેનું નિયમન કરવા માટેની અને તેની સાથે સંકળાયેલી અને તેને આનુષાંગિક બાબતો માટેની જોગવાઇ કરવા બાબત વિધેયક.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૬ના ગુજરાત સાંસ્કૃતિક સંરક્ષણ વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૬ના ગુજરાત સાંસ્કૃતિક સંરક્ષણ વિધેયક દાખલ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન-સરકારી વિધેયકો.

સન ૨૦૧૫નુંગુજરાત વિધેયક ક્રમાંક -૩૪

જાહેર સંસ્થાઓએ ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબત વિધેયક.

રાજયમાં જાહેર સંસ્થાઓ દ્વારા થતી ખોટી ગુજરાતી જોડણીના ઉપયોગને નિયંત્રણમાં રાખવા માટે જોગવાઇ કરવા માટેનું વિધેયક.

શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક-૩૪-સન ૨૦૧૫ના જાહેર સંસ્થાઓએ ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો જન્મ વડોદરા શહેરમાં થયો પણ મારો ઉછેર અને અભ્યાસ મુંબઇ શહેરમાં થયો છે. મુંબઇ એક આંતરાષ્ટ્રીય શહેર છે, મેટ્રો સિટી છે. દેશ અને વિદેશના લોકો ત્યાં વસે છે. ત્યારે સ્વાભાવિક છે કે તેના લીધે વ્યવહારની ભાષા પણ અંગ્રેજી હોય. મારું પહેલું પ્રવચન પણ અંગ્રેજીમાં જ હતું . હું એ ગરવી ગુજરાતનું સંતાન છું, ગુજરાતી હોવાનું મને ગૌરવ છે. ગુજરાતી ભાષા માટે મને માન છે. તેવા સંજોગોમાં એક ગુજરાતી હોવાના ગર્વ સાથે ગુજરાતી જોડણી અંગેનું આ વિધેયક મારા ગુજરાત પ્રત્યેના પ્રેમને અભિવ્યકત કરે છે. આપણા તહેવારો અને વ્યવહારની ભાષા પણ ગુજરાતી છે. છ કરોડ ગુજરાતીઓના વિકાસ અને ગુજરાતની સંસ્કૃતિના સંરક્ષણ અને સંવર્ધન માટે આપણી માતૃભાષા ગુજરાતી ખૂબ જ શુદ્ધ હોય તે અત્યંત અગત્યનું છે. અન્ય ભાષા આપણી પાંખ બની શકે છે પણ આંખ તો આપણી માતૃભાષા ગુજરાતી જ બની શકે. આપણે બધા રાત્રે સપનાં જોતા હોય તે પણ ગુજરાતીમાં જ હોય છે, પણ જો સપનામાં જોડણીની ભૂલ થઇ જાય તો અર્થનો અનર્થ થઇ જતો હોય છે. ભાષાની અશુદ્ધિની વાત કરું તો આપણે બધાએ ભાષા શીખવી પડે તેવી પરિસ્થિતિ છે. જેમકે નામોનું વર્ગીકરણ કે માથે મીંડા મૂકીને બોલાય તેવા શબ્દો અથવા જેવો પ્રદેશ તેવી ભાષા બોલાય છે. બોલાય ભલે પણ લખવામાં તો ન જ ચાલે. હું તો એક

શિક્ષક પણ છું એટલે આવું બધું દેખાય. દા.ત. નાગમતી શબ્દ હોય અને બોલાય ના–ગમતી, ચાવડા સરનેઇમ હોય અને બોલાય ચા–વડા. આવી રીતે એક પતિ પત્નીની વાત કહેવા માગુ છું. એક પતિ પત્ની પાણીપુરી ખાવા ગયા. પત્નીએ ઘણી બધી પાણીપુરી ખાધી અને ખાતા ખાતા વધુ સ્વાદિષ્ટ લાગી એટલે પતિને પૂછયું હું હજુ વધારે પાણીપુરી ખાઉં? ત્યારે પતિ બોલ્યા કે ના ગણ ખાઇ લે. પત્નીએ ગુસ્સે થઇને પ્લેટ ફેંકી દીધી અને કહ્યું કે હું નાગણ છું? ત્યારે પતિએ પત્નીને કહ્યું એવું નથી કહેતો ના ગણ, પણ ખાઇ લે જેટલી ખાવી હોય એટલી. નર્મદા નદી આપણી જીવાદોરી સમાન છે. આ સન્માનનીય ગૃહમાં ઘણા નર્મદાને બદલે નરમદા નરમદા બોલતા હોય છે. આ અર્થનો અનર્થ થઇ જાય, આપણે ભાષા શુદ્ધિને મહત્વ આપતા હોય તો શુદ્ધ શબ્દનો આગ્રહ રાખવો જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, એક કાવ્યની પંક્તિ કહેવા માગું છું "ફાંસ જરાસી વાગી ગઇને વાંસ જેવું ખટકે છે કંઇક અંદરને અંદર" ભાષાની અશુદ્ધીમાં એવું બોલાય "ફોંસ જરાસી વાગી ગઇને વોંસ જેવું કાંઇક ખટકે છે મઇ" એટલે અર્થનો અનર્થ થઇ જાય. આવી ગેર સમજને કારણે હું માનુ છું કે, આ દેવલિપિનો ઉપયોગ કરવો, તેનું સંરક્ષણ કરવું, તેનું સંવર્ધન કરવું અને આપણી માતૃભાષા ગુજરાતીનું ગૌરવ વધારવું એ દરેક ગુજરાતીની ફરજમાં આવે છે. આજ કાલ વિવિધ જાહેર સંસ્થાઓમાં ભાષાને લાગતી નિસ્બત ઘટતી જતી હોવાનું જણાઇ આવે છે તેથી વિવિધ રીતે ભાષા અને જોડણી સંબંધી અરાજકતા પણ નજરે પડે છે. દરેક શબ્દ તેની નિશ્ચિત જોડણી ધરાવે છે, મહાત્મા ગાંધીજીએ પણ જોડણીનું મહત્વ સ્વીકારીને તેમાં એકસૂત્રતા અને એકરૂપતા લાવવાના ઉદ્દેશથી જોડણી કોશ રચવાનું સૂચન કર્યું હતું. આવો જોડણી કોશ તૈયાર થયો પછી તેમાં એવો સંદેશ મૂકવામાં આવ્યો હતો કે હવે પછી કોઇએ સ્વેચ્છાએ જોડણી કરવાનો અધિકાર નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ બધા કારણોને લઇને અધિકૃત સંસ્થાઓ અને આ ક્ષેત્રના પ્રતિષ્ઠીત વિદ્વાનોનો સમાવેશ કરીને ધોરણસરની જોડણી પ્રવર્તન માટેના સંગિન પ્રયાસો કરવાની આજની માગ છે. જાહેર સંસ્થાઓમાં સાચી જોડણીનો ઉપયોગ થાય તે હેતુથી હું આ વિધેયક રજૂ કરું છું.

શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય સભ્યશ્રી મનિષાબેન વકીલ જાહેર સંસ્થાઓએ ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબતનું જે વિધેયક લઇને આવ્યા છે તે અંગે હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, શબ્દ કોશ કોઇ પણ ભાષાનો કોશ, કોશ એટલે સંગ્રહ એને શબ્દ કોશ કહેવામાં આવે છે. શબ્દ કોશ જેને જે રીતે તૈયાર કરવો હોય તે રીતે કરી શકાય છે. દાખલા તરીકે સમાનાર્થી શબ્દ કોશ, એક સરખા અર્થવાળો થાય, દ્વિભાષી કોશ–બે ભાષાઓનો શબ્દ કોશ જેમ કે સંસ્કૃત–ગુજરાતી, હિન્દી–અંગ્રેજી, ત્રિભાષી શબ્દ કોશ સંસ્કૃત–ગુજરાતી–હિન્દી એટલે એમાં પદ્ધતિ એવી છે કે, આવા જે કોશ છે એનો ઉદેશ ભાષા પ્રમાણે થાય, પ્રવેશ પ્રમાણે થાય, અર્થ પ્રમાણે થાય જેમ કે સમાનાર્થી, વિરોધાર્થી, અનેકાર્થી, કાળ પ્રમાણેના સમયગાળાની દ્રષ્ટિએ પણ થાય. પ્રવેશના ક્રમની દ્રષ્ટિએ થાય, વિશિષ્ટ દ્રષ્ટિકોણ સાથે પણ થાય અને કેટલીકવાર ચરિત્ર કોશ પણ હોઇ શકે છે અને પુસ્તક કોશ પણ હોઇ શકે છે અને સાહિત્ય કોશ પણ હોઇ શકે છે. શરુઆતમાં તો આ ગુજરાતી જે ભાષા છે એના માટે એક લાગણી એવી હતી અને સામાન્ય રીતે એવી વાત થતી કે એની કિંમત તો કહે સુસા પૈસા ચાર એટલે ગુજરાતીનું કોઇ મહત્વ જ ન હતું, પણ માણ ભટ્ટ એટલે કે પ્રેમાનંદ, આખ્યાન શિરોમણી પ્રેમાનંદને એમના ગુરુએ કહ્યું અને સલાહ આપી કે, તમે માતૃભાષાની સેવા કરો અને ત્યાર બાદ પ્રેમાનંદે પ્રતિજ્ઞા લીધી કે જ્યાં સુધી ગુજરાતી ભાષાનો ઉત્કર્ષ નહીં થાય ત્યાં સુધી પાઘડી નહીં પહેરું. પ્રેમાનંદની કૃતિ દશમ સ્કંધમાં પ્રથમવાર ગુજરાતી શબ્દ પ્રયોગ કર્યો, ગુજરાતી ભાષા તો હતી પણ ગુજરાતી એવો શબ્દ પ્રયોગ એમણે કર્યો ત્યારથી આ શબ્દ શરૂ થયો, એ પહેલા ગુજ્જર અપભ્રંશ એટલે ગુજરાતી જ્ઞાતિના અધિકારના પ્રદેશમાં બોલાતી ભાષા. ઉમાશંકર જોષી સાહેબે મારું ગુજ્જર કહ્યું. ગુજરાતને અડીને રાજસ્થાન આવેલું છે અને વર્ષો પૂર્વે આ બંને પ્રદેશોનો કેટલોક વિસ્તાર એક બીજાના પ્રદેશોને અડીને કોઇકના શાસન હેઠળ હોય એના કારણે હું માનુ છું કે, ઉમાશંકર જોષી સાહેબે આ મારું ગુજ્જર એવું નામ આપ્યું હશે. ગુજજરર્ત એના પરથી ગુજરાત, ગુજરાતી અને ગુજ્જરોના અધિકાર પ્રદેશમાં બોલાતી ભાષા એ ગુજરાતી ભાષા. ત્યાર પછી પ્રેમાનંદ પહેલાં આ રીતે ઓળખાતી ભાષા. ત્યાર પછી તો અખો, પ્રેમાનંદ, શામળ, દયારામ, કવિ નર્મદ, દલપતરામ, ગોવર્ધનરામ ત્રિપાઠી, સરસ્વતીચંદ્ર અને ગાંધીજી, કનૈયાલાલ મુન્સી, મેઘાણી, ધૂમકેતુ, પન્નાલાલ પટેલ, ઇશ્વર પેટલીકર, પીતામ્બર પટેલ, સુરેશ જોષી, ચંદ્રકાન્ત બક્ષી, જોસેફ મેકવાન, મોહન પરમાર, દલપત પઢીયાર, લીલાવતી મુન્શી, હીરાબેન પાઠક, કુન્દનિકા કાપડીયા, હીમાન્સીસ સેલત, ઇલા આરબ મહેતા, રાવજી પટેલ, રાજેન્દ્ર શાહ, મણીલાલ હ.પટેલ અને પ્રવિણભાઇ દરજી આવા અનેક માણસોએ આ ભાષાને દળદાર બનાવવાનું કામ કર્યુ અને તેમ છતાં આ જોડણીની વાત આવી છે ત્યારે હમણાં મનિષાબેને કહ્યું કે અર્થનો અનર્થ થઇ જાય. સૌ પ્રથમ ગાંધીજી આવ્યા તે પહેલાં ૨૦મી સદીની શરૂઆતમાં ગુજરાતીમાં મનફાવે તે રીતે જોડણીનો ઉપયોગ થતો હતો અને એને નિયંત્રણમાં લાવવા માટે ગાંધીજીએ સાર્થ જોડણી કોશ વિદ્વાનો પાસે તૈયાર કરાવ્યો. અને એ તૈયાર કરાવ્યો ત્યારે તેની પ્રસ્તાવનામાં ગાંધીજીએ લખેલું હવે પછી સ્વેચ્છાએ જોડણી કરવાનો કોઇને અધિકાર નથી અને આ જોડણી કોશ જે છે તેનો જ ઉપયોગ દરેકે કરવાનો રહેશે. સાચી જોડણી લખવાથી શબ્દોના સાચા અર્થની સમાજને જાણકારી પ્રાપ્ત થાય છે. જોડણી ખોટી લખવાથી કાયદાકીય રીતે આંટી ઘૂંટી કરી શકાય છે.

ઉપાધ્યક્ષશ્રી : હીરાભાઇ, આપની પાસે બે મિનિટ છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : સમાન જોડણી હોવાથી સમાજમાં એક પ્રકારની શિસ્ત ઉભી થાય છે. આપણે જેમ કહીએ સકલ તો બધુ થાય અને શ તે શકોરાનો શ કરીએ તો ટૂકડો થાય. ભાષા શિક્ષણમાં વિદ્યાર્થીઓમાં પણ એક પ્રકારની ભાષાકીય શિસ્ત આવે છે, પરીક્ષામાં થતું નુકસાન અટકે છે અને આપણે ઘણી વખત એવું બને છે કે પારકી ભાષા પ્રત્યે પ્રેમ અને માતૃભાષા પ્રત્યે અવહેલના હોય છે. દુનિયાનો કોઇ એવો દેશ નથી કે જે આ શિક્ષણ પોતાની માતૃભાષામાં ન આપતો હોય. ગુજરાતી ભાષાની

ગરીમા ઘટી ગઇ છે. કાયદો તો એવો કરવો જોઇએ કે કોઇ પણ વ્યકિત પોતાની દુકાનનું હોર્ડિંગ લગાવે તો પણ જોડણી કોશનો ઉપયોગ જો તેણે ના કર્યો હોય તો તેને શિક્ષા કરવાની જોગવાઇ હોવી જોઇએ. એક બાબત ધ્યાન ઉપર લાવું કે અમદાવાદમાં લાલ દરવાજાની પાછળ વીજળી ઘર ત્યાં એક બોર્ડ મારેલું હતું અને તેમાં આ વીજળી એટલે જો વી દીર્ઘાઇ હોય તો એ જોડણી સાચી પણ જો એ વિ રસવાઇ હોય તો એ જોડણી ખોટી. તો એક સાહિત્યવિદે તેને પત્ર લખીને કહ્યું કે તમે આ જોડણી સુધારો તો તેનો જવાબ તેણે પત્ર દ્વારા એવો આપ્યો કે આ જોડણી જે લખેલી આનો અર્થ કે વીજળી જે લખેલું છે એનાથી તમને શું ફેર પડે છે ? અને ત્યાર પછી ઘણાં વિદ્વાનોએ તેને પત્ર લખ્યો અને પછી તેને સમજ પડી કે આ જોડણી ખરેખર ખોટી છે અને તેને સુધારવી જોઇએ. આ એટલા માટે સાહેબ કે જોડણીમાં અંધાધૂંધી એટલે અર્થ મેળવવામાં અંધાધૂંધી એટલે છેવટે આપણાં સમાજના જીવનમાં જ્ઞાન પ્રક્રિયામાં, કોમ્યુનિકેશન, વિચારોની આપ લે કરવામાં, વિચારોનું પ્રત્યાદન કરવામાં, વ્યવહારમાં, સમાજમાં, વિચારોની એકરૂપતા લાવવામાં આ જોડણી કોશ જરૂરી હતો.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી માનનીય સભ્યશ્રી મનિષાબેન વકીલ સન–૨૦૧૫નું બિન સરકારી વિધેયક ક્રમાંક–૩૪–સન ૨૦૧૫નું જાહેર સંસ્થાઓએ ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબતનું વિધેયક લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ જણાવ્યું તેમ રાજય સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ હેઠળ કામ કરતી ભાષા નિયામકની કચેરી વિવિધ વર્ગોનું આયોજન કરીને સરકારી કર્મચારીઓ/અધિકારીઓને ગુજરાતી ભાષા વહીવટમાં સાચી રીતે પ્રયોજન થાય તેના પ્રયત્નો કરી રહી છે. આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતી ભાષા ખૂબ જ સમૃદ્ધ ભાષા છે અને આપણી માતૃભાષા પણ છે. ગુજરાતી તરીકે ગુજરાતીનું મહત્ત્વ મારે મન હોય છે, પરંતુ એક શિક્ષક તરીકે ભાષાના મૂલ્યને સમજીને સારી રીતે ભાષાનો પ્રયોગ કરવો અને અન્ય પાસે પણ કરાવવો એ પણ એટલું જ મહત્ત્વનું છે. ગુજરાતી ભાષાના ઉચ્ચારણો બાબતે ઉચ્ચ અધિકારીશ્રીઓમાં પોતપોતાની માતૃભાષાના પ્રભાવના કારણે ઘણી બધી ક્ષતિઓ જોવા મળે છે. અહીંયાં મારા બધા સાથીઓને અનુભવ છે કે આપણે જયારે સનદી અધિકારીઓ પાસે જઇએ છીએ ત્યારે એમની માતૃભાષાના પ્રભાવના કારણે આપણે જયારે કોઇ પણ વાતની રજૂઆત કરીએ છીએ ત્યારે તે કેટલું સમજયા છે કે કેટલું નથી સમજયા એ એમના મોઢા ઉપરના ફેસ રીડિંગથી આપણને ખબર પડે છે અને એટલા માટે ક્યારેક દુઃખ થાય છે કે, આ બધા અધિકારીઓ આપણી ભાષાને આપણી વાતને સમજવાનો પ્રયત્ન કરે. એ સનદી અધિકારીઓ તેમના રહસ્ય સચિવોને જયારે ડિક્ટેશન આપે છે, ત્યારે પણ સાચી જોડણી કરે એ ખૂબ જ અગત્યનું છે. ગુજરાતી ભાષા પાસે શબ્દ સમૃધ્ધિ, થોડામાં ઘણું બધું કહી જતા મુહાવરાઓ, કહેવતો આ બધુ આપણી પાસે છે, પરંતુ મારે દુઃખ સાથે કહેવું છે કે, એનો સાચો ઉપયોગ આપણે બહુ ઓછો કરીએ છીએ. આપણા વડીલોની વાતવાતમાં આપણે કહેવતો અને મુહાવરાઓને સાંભળ્યા છે પરંતુ આજની પેઢી આપણી વાત અને કહેવતોને ભૂલાતી ગઇ છે. ક્યારેક તો બાળકો સમજતા નથી એટલે અર્થનો અનર્થ પણ કરી બેસે છે. આપણે ત્યાં કહેવાય છે કે,'' બાર ગાઉએ બોલી બદલાય.'' આપણી અનેક બોલીઓ કાઠિયાવાડી, ઝાલાવાડી, કચ્છી, તળપદી બોલી વગેરે જેવી અનેક બોલીઓના શબ્દોચ્ચાર કરીએ છીએ ત્યારે ભાષામાં સ્વર સ્વતંત્ર છે અને જે વ્યંજન છે એ એના આશ્રિત હોય છે એટલે માનનીય અધ્યક્ષશ્રી આ જો આરોહ અને અવરોહને આપણે ન સમજીએ તો ભાષાની અંદર સાચી જોડણીની અપેક્ષા આપણે કરી ન શકીએ. આજ કાલ શાળા કોલેજોની અંદર પણ અંગ્રેજી ભાષા પ્રત્યેનો મોહ અને અનુકરણને કારણે ગુજરાતી ભાષાનું જોડણી પ્રત્યેનું બિલકૂલ દુર્લક્ષ સેવવામાં આવે છે એ પણ આપણા માટે ખૂબ ચિંતાનો વિષય છે. ક્યારેક તો આપણા વચ્ચે પણ કેવો, કયારે બોલવો, કેવો શબ્દ છે એ કયારે બોલવો એ પણ આપણે જોઇ નથી શકતા, કયારેક મોટા બધા લોકો પણ આવા શબ્દની ભૂલ કરતા હોય ત્યારે ખરેખર દુઃખ થાય છે. મારા મત વિસ્તાર વઢવાણના પ્રસિધ્ધ કવિ શ્રી દલપતરામને પણ ગુજરાતી ભાષા જોડણી પ્રત્યે ખૂબ જ પ્રેમ હતો. છંદનો ભંગ થતાં અને જોડણીની ભૂલ કરતા પોતાના પુત્ર મહાકવિ નાનાલાલ વિશે કહ્યું :– '' નફ્ફટ પાક્યો નાનકો, તોડ્યા છંદના બંધ '' પોતાના દીકારાને પણ આવું કહીને પોતાની ભાષા માટેનું જેને ગૌરવ છે. આ જ વઢવાણ મત વિસ્તારની હું પણ ધારાસભ્ય છું અને ક્યારેક આ બધી ભાષાઓની અંદર જયારે અશુધ્ધિ દેખાય છે ત્યારે જાણે કે ભાષાનું ગળુ ટૂંપી દીધું હોય એવું લાગે છે. ભાષાની જોડણી મૌખિક અને લેખિત એ બંન્ને આપણા માટે મહત્વની છે કારણ કે મા, માતૃભૂમિ અને માતૃભાષાનું ગૌરવ આપણે સૌ સમજીએ છીએ. જયારે રાજયમાં જાહેર ભવનો બંધાયા હોય અને ત્યાર બાદ એના ઉપર તકતીઓ મૂકેલી હોય એમાં પણ ભૂલો ન થાય એની કાળજી રાજય સરકારમાં રાખવામાં આવે તેવું માનું છું. આ ઉપરાંત અનેક કાર્યક્રમોની અંદર આમંત્રણ પત્રિકાઓ જયારે આપણા હાથમાં આવે છે ત્યારે પણ આ બધી ભાષાકીય ભૂલો ન થાય તેની ચકાસણી કરવી જોઇએ. ખાસ કરીને આપણા સરકીટ હાઉસની બહાર અતિથિગૃહ લખેલું હોય છે આપણા અતિથિગૃહની જોડણી પણ તિ અને થિ બંને હ્સ્વ–ઇ હોવા જોઇએ એ આપણે એક ભાષા શિક્ષક તરીકે અને આપણે ગુજરાતી ગૌરવ છીએ ત્યારે આવી નાની નાની જોડણીઓની જયાં પણ ભૂલ દેખાય ત્યાં આપણે સુધરાવવી જોઇએ. બિન ગુજરાતી કર્મચારી કે અધિકારીઓ માટે ગુજરાતી ભાષાની પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે તેવી રીતે ગુજરાતી કર્મચારી અને અધિકારીઓ માટે આયોજન કરવું જોઇએ.

શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્ય શ્રીમતી નિમીષાબેન વકીલ સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૩૪–સન ૨૦૧૫નું જાહેર સંસ્થાઓએ ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબત વિધેયક લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

શ્રી રાજેન્દ્ર સૂ. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મારી પોઇન્ટ ઓફ ઇન્ફરમેશન છે. આ બિન સરકારી વિધેયક માનનીય નિમીષા બહેન નહિ પરંતુ મનીષાબહેન લઇને આવ્યા છે.

જાહેર સંસ્થાઓએ ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબત વિધેયક.

શ્રી માનસિંહ કો. ચૌહાણઃ હા, માનનીય મનીષાબહેન લાવ્યા છે. આપણે ગુજરાતી છીએ અને ગુજરાતી માટેનુ આપણને અભિમાન હોવું જોઇએ. આજે વહીવટની અંદર જોઇએ તો અંગ્રેજીમાં ઘણો બધો વહીવટ થતો હોય છે. આજે ગામડાંની અંદર જોઇએ તો વીજળીના બિલ પણ અંગ્રેજીમાં આવે છે. સામાન્ય જે ગ્રાહક હોય એને વીજળીના બિલમાં કંઇ ખબર પડતી નથી. આ સરકારના આમંત્રણ કાર્ડ હોય છે એ પણ અંગ્રેજીમાં હોય છે. અહીંયા વિધેયક બાબતે બહેને સરસ વાત કરી છે. અહીંયા ગુજરાતીના જોડણી કોશની વાત સારી કરી છે. અહીંયા આપણે જોઇશું તો ગુજરાતમાં ઘણા બધા એવા પ્રાચીન અવાર્ચીન અને નવદીપ કવિઓ થઇ ગયા, લેખકો થઇ ગયા, કથાકારો થઇ ગયા, નવલકથાકારો અને વાર્તાકારો કે જેમણે ગુજરાતને ઘણું બધું આપ્યું છે. આઝાદી માટે કવિ નર્મદની વાત હોય, કવિ દલપતની વાત હોય, કવિ નર્મદે કીધું કે નહિ નમશે નહિ નમશે નિશાન ભૂમિ ભારતની. આમાં રાષ્ટ્ર ભાવના સમાયેલી છે. અહીંયા બહેને બહુ સરસ વાત કરી કે મુંબઇની અંદર તો વિવિધ વિસ્તારની અને વિવિધ પ્રકારની પ્રજા હોય છે. અહીંયા ગુજરાતમાં જોઇએ તો સનદી અધિકારીઓ પર પ્રાંતના હોય છે અને ઘણી વખત અર્થનો અનર્થ થતો હોય છે. દ્વીઅર્થી ભાષા પણ ઘણી વખત હોય છે. ધારો કે દિન માં હસ્વ દિ હોય તો દિવસ કહેવાય અને દીર્ઘ હોય તો ગરીબ કહેવાય. અહીંયા સુરત જોઇએ જો સુ હસ્વ હોય તો સુરત શહેર કહેવાય અને જો દીર્ઘવ હોય તો ચહેરો કહેવાય. અહીંયા કર એટલે હાથ કહેવાય અને કર એટલે ટેક્સ પણ થાય. આવા અનેક શબ્દો આ ગુજરાતીમાં પર્યાય વાચક શબ્દો પણ છે. જલમ એટલે પાણી કહેવાય, ઉદગમ એટલે પાણી કહેવાય. પોયમ એટલે પાણી કહેવાય. આવા અનેક પર્યાય વાચક શબ્દો ગુજરાતીમાં છે અને એનો ઉપયોગ કરીએ છીએ.

લેખકોએ ગુજરાતની આઝાદી માટે ઘણુ બધું આપ્યું છે. અહીંયા પન્નાલાલ પટેલ જોઇએ તો એમણે સમાજને અનુલક્ષીને એવી કથાઓ લખી છે કે એમણે માનવીની ભવાઇ, મળેલા જીવ આવી નવલકથાઓ આપેલી છે. માનવીની ભવાઇની અંદર માણસ માણસને ખાય એવો દુકાળ તે વખતે પડેલો અને એને અનુલક્ષીને એક જીવંતકથા એમણે લખી છે. મળેલા જીવની પ્રેમ કથા કાનજી અને જીવીની પ્રેમકથા એમણે લખી છે. આવી અનેક કથાઓ, વાર્તાઓ આ કવિઓએ લેખકોએ આપણને આપેલી છે. અહીંયા હીરાભાઇ કહેતા એમ પ્રેમાનંદ જેને માણભટ્ટ તરીકે ઓળખીએ છીએ અથવા તો કહીએ છીએ. . માણ દ્વારા કથા કરતા હતા અને એમણે કહ્યું કે,

''વા વાયાને વાદળ વરસ્યું, કુતરુ ભસ્યુ ને નળીયુ ખસ્યુ, આંખનું કાજલ ગાલે ઘસ્યું ''

એટલે આવા અનેક કવિઓએ આપેલા છે. એક રાવજી પટેલની વાત છેલ્લે કહીશ. આ પણ એક એવા કવિ થઇ ગયા જે ડાકોરના હતા અને નાની વયે એમણે એટલું સરસ મજાનું કાવ્ય ગુજરાતી સાહિત્યની અંદર આપ્યું છે. તેઓ જયારે મરણ પથારીએ હતા ત્યારે કહ્યું કે મારી આંખે કંકુના સુરજ આથમ્યા રે. જે માણસ મરણ પથારીએ છે એણે આપણા ગુજરાતને સાહિત્યમાં કવિતાઓમાં એવું આપ્યું કે હું મરણ પથારીએ છું, મારી આંખો બંધ થાય છે એ સુરજ આથમતો હોય ત્યારે લાલ લાલ થાય છે એટલા માટે કંકુના સુરજ કહ્યું છે અને ટૂંકા ગાળામાં એમણે અનેક કાવ્યો લખ્યા હતા.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર(મોરવા હડફ) : માનનય અધ્યક્ષશ્રી, માનનીય સભ્ય શ્રીમતી મનીષાબહેન વકીલ આ સભાગૃહમાં જાહેર સંસ્થાઓ દ્વારા થતા ખોટી ગુજરાતી જોડણીના ઉપયોગને નિયંત્રણમાં રાખવા માટે જે બિન સરકારી વિધેયક લઇને આવ્યા છે તે બાબતે હું મારા વિચારો રજૂ કરૂ છું.

ગુજરાત રાજયમાં આપણે સૌ ગુજરાતી બોલી બોલીએ છીએ અને ગુજરાતી આપણી માતૃભાષા છે એટલે એનું માન સન્માન અને ગરિમા જળવાય એ આપણા સૌની ફરજ છે.

ગુજરાતી જોડણી આરસમાં કંડારેલી દેવી સરસ્વતિની પ્રતિમા તુલ્ય છે. શબ્દોની પોતાની એક તાકાત હોય છે. શબ્દો માટે કહીએ તો

'' શબ્દો સંબંધ બનાવે અને શબ્દો વધારે વેર, શબ્દો ભાવને ભરે ને શબ્દો છે જીવનનો સાર.''

માનનીય અધ્યક્ષશ્રી, શબ્દોના સાચા અર્થ જેણે સમજ્યા તેનો થઇ ગયો બેડો પાર. ગુજરાતી ભાષાનો શબ્દકોશ જે તૈયાર થયો અને સાર્થ કોશની પ્રસ્તાવના લખવા માટે પૂ. ગાંધીબાપુ પાસે કહેવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે હવે આપણી પાસે માતૃભાષાનો જોડણીકોશ તૈયાર થઇ ગયો છે ત્યારે કોઇને ગુજરાતી ભાષાના શબ્દોની જોડણી સાથે છેડછાડ કરવાનો અધિકાર નથી. ગુજરાતી આપણી માતૃભાષા છે જેનું આપણે સન્માન નહીં કરીએ, ગુજરાતીના ગૌરવને આપણે નહીં વધારીએ અને ગુજરાતીની સાચી જે કંઇ જોડણી છે, ગુજરાતી ભાષા બોલવા માટેની સાચી જે કોઇ રીત છે તેને જો આપણે નહીં અપનાવીએ તો અપેક્ષા આપણે કોની પાસે રાખીશું? ગુજરાતી ભાષામાં ખોટા હ્રસ્વ ઇ હોય, દીર્ઘ ઉ હોય કે અનુસ્વાર હોય, જે રીતે તેનું લખાણ થાય છે ત્યારે તેમાં કયારેક અર્થનો અનર્થ પણ થઇ જતો હોય છે. દા.ત. ઉપહાર. એટલે એનો અર્થ થાય છે ભેટ. એ જ ઉપહારમાં આપણે પ સાથે કાનો લગાડી દઇએ એટલે ઉપાહાર થાય, જેનો અર્થ થાય છે નાસ્તો. જે આપણે હમણાં સૌ કોઇએ લીધો. એવી રીતે કંસારિ એટલે કૃષ્ણ અને કંસારી એટલે એક પ્રકારનું જીવડું. જે રાત્રે ખૂબ અવાજ કરતું હોય છે. બીજું ઉદાહરણ આપું. સાપ એટલે સર્પ અને શાપ, એટલે કે શકોરાનો શ આવે એટલે તેનો અર્થ થાય છે શ્રાપ. જે ખરાબ કામો કરતા હોય ત્યારે બધા આપતા હોય છે. તે જ રીતે વધુ એટલે વધારે અને વધૂ એટલે વહુ. શૂરા એટલે શૂરવીર અને સુરા એટલે દારૂ. એવો અર્થ થાય છે. જોડણીના લીધે ઘણા ગોટાળા થતાં હોય છે. અગાઉની સરકારોમાં પણ ઘણાં ગોટાળા થયા, મારે કહેવું છે કે..

ઉપાધ્યક્ષશ્રી : નિમિષાબેન, આપણે સીધી લાઇન પર જ રહો ને,.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર : સ્કેમ એટલે કૉંગ્રેસ અને સ્કીમ એટલે મોદી સરકાર. ગુજરાતી ભાષા જોડણી, વ્યાકરણ અને કોશ વિષે વાત કરતા જ આપણને યાદ આવે કે આપણી ગૌરવવંતી માતૃભાષા ગુજરાતીની પરિકલ્પના આપણી નજર સમક્ષ

તરી આવે છે. આ મહાન ભાષાનો જન્મ હેમચંદ્રાચાર્યના સમયમાં થયો હતો. નરસિંહ મહેતા, મીરાંબાઇ અને અખાના સમયમાં તેનો અદભૂત વિકાસ થયો. ગુજરાતી ભાષાનો પ્રથમ કોશ સુરતના અને આપણાં ગુજરાતના જેને આપણે સૌ નમન કરીએ છીએ એવા વીર નર્મદે ૧૮૭૩માં નર્મદ કોશની રચના કરી હતી. તે પછી ગુજરાતી શબ્દકોશ, ગુજરાતી વર્નાક્યુલર સોસાયટી દ્વારા બહાર પાડેલો શબ્દકોશ હોય, વિનિત જોડણી કોશ હોય કે બૃહદ ગુજરાતી કોશ હોય અને આપણાં લાડીલા કે.કા. શાસ્ત્રીજી કે જેમણે બૃહદ ગુજરાતી કોશ રચ્યો એમાં પ્રારંભિક કોશ હોય, આ સંગ્રહોનું અસ્તિત્વ કરવામાં આવ્યું. મનીષાબેન જે વિધેયક લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી(રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહના સભ્ય મનીષાબેન વકીલ જે વિધેયક લઇને આવ્યા છે, જાહેર સંસ્થાઓએ ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબત. આ વિધેયક ઉપર આ સન્માનનીય ગૃહના વિદ્વાન સભ્યો હીરાભાઇ પટેલ, વર્ષાબેન દોશી, માનસિંગભાઇ ચૌહાણ અને નિમિષાબેન સુથારે વિચારો વ્યક્ત કર્યા. આજે ઘણાં દિવસે આ સન્માનનીય ગૃહમાં વિદ્વતાપૂર્ણ ચર્ચા થતી આપણે સાંભળી. હીરાભાઇ પટેલ કે જેઓ પ્રોફેસર છે. તેમણે કોશના વિવિધ પ્રકારોની વિશદ છણાવટ કરી. ગુજરાતી ભાષાના વૈભવની પણ વાત કરી. ગુજરાતના જે વિવિધ લેખકો હોય એ લેખકોએ ભાષા વૈભવને કેવી રીતે શણગાર્યો એની પણ વાત કરી. વર્ષાબેન દોશીએ ભાષા શાસ્ત્ર ઉપર વિશદ વાત કરી. માનસિંહભાઇ ચૌહાણે શબ્દોના વિવિધ અર્થો, એક સ્હેજ ફેરફાર થાય. હ્રસ્વ અને દીર્ઘ. એમાં થોડોક ફેરફાર થાય તો શબ્દનો આખો અર્થ બદલાઇ જાય અને શ્રી માનસિંહ ભાઇએ અને શ્રીમતી નિમિષાબેને પણ ખૂબ સરસ વાત કરી. ભાષાની બાબતમાં એમ કહેવાય છે અને એકમત એવો પણ છે કે '' ભાષાને શું વળગે ભૂત, જે રણમાં જીતે એ સૂર.'' ગુજરાતી ભાષાના વૈભવની વાત કરીએ ત્યારે એક સમયે ગુજરાતી ભાષાની ઠેકડી ઉડાડવામાં આવતી હતી. '' અઠે કઠે કે આહેય આના શુ શાં પૈસા ચાર'' પણ આજે આપણા ગુજરાતમાં સમર્થ સાહિત્યકારો, સમર્થ કવિઓ છે. એમણે ગુજરાતી ભાષાને સંવારી છે, સમૃદ્ધિ આપી છે. કવિશ્રી ઝવેરચંદ મેઘાણી એનું એક કાવ્ય '' ભીંતે ઝૂલે છે તલવાર'' એમાં ભીંતે ઝૂલતી અને ભેટે ઝૂલતી તલવાર. આ બન્ને તલવારોનો મેઘાણીજીએ જે શબ્દનો અર્થ કર્યો છે એમાં શબ્દશાસ્ત્રની જે કરામત છે તે આપણને ખૂબ સારી રીતે જાણવા મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભાષાની બે ધારા છે. એક લોકધારા અને બીજી શ્લોક ધારા. આપણે જે અત્યારે ચર્ચા કરી એ શ્લોક ધારાની કરી છે. વાત સાચી છે કે ભાષા જે છે એ શાસ્ત્રીય રીતે હોવી જોઇએ, વ્યાકરણબદ્ધ હોવી જોઇએ. થોડોક ફેરફાર થાય તો અર્થનો અનર્થ થાય. એટલે સરકાર એ દિશામાં ખૂબ ચિંતિત છે. હજી હમણાં થોડાક દિવસ પહેલાથી આ રાજ્યની અંદર ચાર યુનિવર્સિટીઓમાં માતૃભાષા દિવસ ઉજવાયો. ત્યારે શ્રીમતી મનિષાબેન જે ચિંતા લઇને આવ્યા છે એ ચિંતા માત્ર એમની નથી. એ ચિંતા રાજ્ય સરકારની પણ છે અને સવા છ કરોડ ગુજરાતનીઓની પણ છે. ત્યારે ગુજરાત રાજ્યની ૧૯૬૦માં રચના થતાં તેની પ્રથમ વિધાનસભામાં પ્રથમ ખરડો રાજ ભાષા અંગેનો પસાર કરીને રાજ ભાષા ગુજરાતી અને હિન્દી એમ બે રાજ ભાષાનો સ્વીકાર કરવામાં આવ્યો. આ બન્ને રાજ ભાષાનો અમલ કરવા માટે ઓગસ્ટ ૧૯૬૦માં ભાષા નિયામક કચેરીની સ્થાપના કરવામાં આવી. આ કચેરીની મુખ્ય પ્રવૃત્તિઓમાં બિન વૈધાનિક સામગ્રીનું ભાષાંતર કરવું. વહીવટમાં ઉપયોગી થાય એવા વહીટી શબ્દ કોશો,પારિભાષિક શબ્દ કોશો, માર્ગદર્શિકાઓ, લઘુ કોશો, શબ્દ સંચો, સંચયો વગેરેનું સંશોધન કરીને પ્રકાશિત કરવા. તેમજ પારિભાષિક શબ્દોને પ્રમાણભૂત કરવા. એમાં સરકારી કર્મચારી અધિકારીઓ માટેની ગુજરાતી અને હિન્દી ભાષાની પરીક્ષાઓ લેવી. સરકારી કર્મચારી અધિકારીઓને વહીવટમાં ગુજરાતી ભાષાના અમલ માટે ગુજરાતી ભાષાની તાલીમ અને હિન્દી અને અંગ્રેજી ભાષાની તાલીમ આપવી. તેમજ આઇએએસ, આઇપીએસ અને આઇએફએસની ગુજરાતી ભાષાની પરીક્ષા લેવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત લઘુલિપિકો માટેની શ્રુત લેખનની પરીક્ષા લેવી, ઐચ્છિક ભાષા કસોટી, ઉચ્ચત્તર પ્રાવિણ્ય પરીક્ષા લેવી. આમ કર્મચારીઓ માટેની વિવિધ પ્રકારની પરીક્ષાઓ લેવામાં આવે છે. રાજ્યમાં નિર્માણ થતા ભવનો મકાનો વગેરેના નામાભિધાન માટેની તકતી, તેમજ આમંત્રણ પત્રિકાઓની ચકાસણી પણ ભાષા નિયામક કચેરી દ્વારા કરવામાં આવે છે. આ ઉપરાંત રાજ્યના તમામ લોકોમાં ભાષા અંગે સભાનતા કેળવાય. વહીવટની ભાષા સચોટ, શુદ્ધ બને અને તેમાં એકરૂપતા જળવાય એ માટે રાજ્યના જુદા જુદા જિલ્લા મથકો, તાલુકા મથકોએ રાજ ભાષા પ્રદર્શન અને પરિસંવાદ પણ યોજવામાં આવે છે. આમ ભાષા શુદ્ધિ માટે લોકોમાં જોડણી પ્રત્યે સભાનતા કેળવાય તે માટે આ કચેરી વિવિધ કામગીરી કરી રહી છે. વધુમાં આ કચેરી દ્વારા પ્રકાશિત પુસ્તકો અને તેની સીડી તમામ સરકારી કચેરીઓ વિભાગો અને ખાતાઓમાં મોકલવામાં આવે છે. તે ઉપરાંત સામાન્ય પ્રજાને બિન સરકારી સંસ્થાઓ ઉકત પ્રકાશનો અને સીડી રાજ્યના ચાર પુસ્તક ભંડાર –સરકારી પુસ્તક ભંડાર રાજકોટ, અમદાવાદ, ભાવનગર અને વડોદરા અને વડી કચેરી ખાતેથી વેચાણથી મેળવી શકે છે. રમત ગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગની વેબસાઇટ ઉપર આ કચેરીના પ્રકાશનો પીડીએફ ફાઇલમાં ઉપલબ્ધ છે. આમ જાહેર સંસ્થાઓમાં ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ થાય એ માટે સરકાર કક્ષાએ સકારાત્મક, સઘન પ્રયાસો કરવામાં આવી જ રહ્યા છે ત્યારે જાહેર સંસ્થાઓમાં ગુજરાતી જોડણી સંબંધી કે ભાષા સંબંધી કોઇપણ પ્રશ્ન હોય તો આ કચેરીનો સંપર્ક સાધવામાં આવતા યોગ્ય માર્ગદર્શન પૂરું પડવામાં આવે છે. જયારે રાજ્ય સરકાર આટલા સઘન પ્રયાસ કરતી હોય ત્યારે હું માનનીય ધારાસભ્ય શ્રીમતી મનીષાબેન વકીલ તરફથી રજૂ થયેલ સને ૨૦૧૫નું વિધેયક ક્રમાંકઃ૩૪ જાહેર સંસ્થાઓએ ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબત વિધેયક એ અત્યારે આવશ્યક લાગતું નહીં હોવાથી હું તેમને વિનંતી કરુ છું કે તેઓ તેમનું વિધેયક પાછું ખેંચે.

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા બિલ ઉપર આ સન્માનનીય સભ્યશ્રીઓએ જે ભાગ લીધો છે એમના પ્રત્યે હું આભારની લાગણી વ્યકત કરું છું. માનનીય મંત્રીશ્રીના જવાબથી પણ હું સંતુષ્ટ છું. માનનીય અધ્યક્ષશ્રી, હું

ગુજરાત જાહેર સ્થળો (વિરૂપીકરણ અટકાવવા બાબત) વિધેયક ૨૦૧૬

પ્રસ્તાવ રજૂ કરુ છું કે સને ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૩૪–સન ૨૦૧૫નું જાહેર સંસ્થાઓએ ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબત વિધેયક પાછું ખેંચી લેવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સને ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૩૪–સન ૨૦૧૫નું જાહેર સંસ્થાઓએ ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબત વિધેયક પાછું ખેંચી લઉ છું.

ઉપાધ્યક્ષશ્રી : વિધેયક પાછું ખેંચવામાં આવે છે.

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંક–૧૨

ગુજરાત જાહેર સ્થળો (વિરૂપીકરણ અટકાવવા બાબત) વિધેયક ૨૦૧૬

ગુજરાત રાજયમાં જાહેર જનતાને દેખાય તેવા સ્થળો પર વાંધાજનક અથવા અનધિકૃત જાહેરખબર દ્વારા વિરૂપીકરણ અટકાવવા અને તેવા સ્થળોમાં અને જાહેર પરિવહન માટેના વાહનો પર ભીંતપત્રો (પોસ્ટર) ચોંટાડવાનું અટકાવવા માટેનું વિધેયક.

શ્રી પંકજ અ. મહેતા(રાપર) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંકઃ૧૨–સન ૨૦૧૬નું ગુજરાત જાહેર સ્થળો (વિરૂપીકરણ અટકાવવા બાબત ) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી પંકજ અ. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જયાં વસીએ છીએ ભારત દેશ અનેક ધર્મોનો દેશ છે. આ દેશ આધ્યાત્મિક દેશ છે. એની આગવી સાંસ્કૃતિક વારસો ધરાવતો દેશ અને સમગ્ર વિશ્વ જેના સાંસ્કૃતિક વારસાને સમજવા માટે, અપનાવવા માટે તલપાપડ હોય એવો સાંસ્કૃતિક વારસો ધરાવતો આ દેશ છે. આપણે પરમપૂજય મહાત્મા ગાંધીજીના જન્મદિવસને સમગ્ર વિશ્વએ અહિંસા દિવસ તરીકે અપનાવ્યો હોય, આ દેશની સંસ્કૃતિનું અભિન્ન અંગ યોગ જેને પણ સમગ્ર વિશ્વએ અપનાવ્યો હોય, આ દેશની અંદર દરેક ધર્મનો આદર કરવામાં આવતો હોય, સર્વ ધર્મ સમભાવ આ દેશનો મંત્ર હોય એવા દેશની અંદર જયાં આપણે વસીએ છીએ એ ગુજરાત રાજય સૌનો સાથ અને સૌનો વિકાસ જે રાજયની અંદર આ મંત્રને સૌએ અપનાવ્યો હોય અને ગતિશીલ ગુજરાત આવા મંત્ર સાથે આ રાજય વિકાસ પામી રહ્યું હોય ત્યારે આવા સાંસ્કૃતિક વારસો ધરાવતા આ દેશ અને રાજયની અંદર આ વિરૂપીકરણ અટકાવવા માટેનું વિધેયક લઇને આવવાની જરૂરત એટલે પડી છે કે અત્યારે જે પ્રકારે આ રાજય પ્રગતિ કરી રહ્યું છે, જે પ્રકારે આ રાજયની અંદર તમામ ક્ષેત્રની અંદર ડેવલપીંગ થઇ રહ્યું છે, અને જે પ્રકારે વિજ્ઞાન અને ટેકનોલોજીનો યુગ શરૂ થયો છે એ દ્રષ્ટિએ સમગ્ર વિશ્વમાં બનતી ઘટનાઓની અસર અહીંની પ્રજા ઉપર પણ પડતી હોય છે. એવા સમયે આ રાજ્યમાં છેલ્લા ૧૦–૧૫ વર્ષમાં જે પ્રકારે તમામ ક્ષેત્રમાં વિકાસ થયો એના કારણે સમગ્ર દેશમાંથી તમામ પ્રાન્તમાંથી પ્રજાજનો અહીં પોતાના વિકાસ માટે આ રાજ્યમાં આવે છે. ગુજરાત માટે એમ કહેવાય છે કે દેશના કોઇપણ રાજ્યમાં અને વિશ્વમાં ગમે ત્યાં જાઓ તો ત્યાં ગુજરાતી હશે. આ બધી બાબતોને નજરમાં રાખીને જાહેરખબરો, હોર્ડિંગ્ઝ, ફેસબુક, ટ્વીટર આ બધા માધ્યમોથી ક્યાંકને ક્યાંક અલગ અલગ પ્રકારની જાહેરાતો આપવાનો એક નવો ટ્રેન્ડ ચાલુ થયો છે ત્યારે આ બિલના માધ્યમથી હું કહેવા માગું છું કે, જે પ્રકારે હોર્ડિંગ્ઝ લગાવવામાં આવતા હોય છે કે એની સાઇઝ અને એના લોકેશનના કારણે ટ્રાફિકમાં જતા વાહન ચાલકોની નજર એની સામે પડતી હોય છે અને એવા કારણોસર શરતચૂકથી અકસ્માતો થવાની સંભાવના રહેલી હોય છે. આ હોર્ડિંગ્ઝમાં લગાવવામાં આવેલ ચિત્રો પણ એ પ્રકારના હોય છે કે ટ્રાફિકમાં ડ્રાઇવિંગ કરીને જનારનું ધ્યાન જવાથી અકસ્માતો થઇ શકે છે. એના કારણે માનવ જાનહાનિ પણ થઇ શકે છે. એટલે આ બિલમાં એના અનુસંધાનમાં નિયમો ઘડવામાં આવે. આપણે ત્યાં ફિલ્મના હોર્ડિંગ્ઝ લગાવવામાં આવે છે એમાં ક્યાંક ને ક્યાંક એડલ્ટ પિક્ચર પણ હોય છે. આ બાબતે મારું સૂચન છે કે, માત્ર પિકચરનું નામ લખવામાં આવે, એના ચિત્રો ઉપર પ્રતિબંધ હોય. જાહેર જગ્યાઓ ઉપર હમણાં એક ટ્રેન્ડ શરૂ થયો છે, મોટા શહેરોમાં મોટી સ્ક્રીન લગાડીને એલ.ઇ.ડી.ના માધ્યમથી જાહેરાતો કરવામાં આવતી હોય છે. એલ.ઇ.ડી.માં જે પિકચરો અલગ અલગ ચેન્જ થતા હોય છે એના કારણે પણ લોકોનું ધ્યાન ત્યાં જાય અને નુકસાન થવાની સંભાવના રહેલી હોય છે. આપણે સૌ જોઇએ છીએ તેમ જાહેર જગ્યાઓ, જાહેર બસ, પરિવહનની જે વ્યવસ્થાઓ હોય છે એનો દુરુપયોગ થતો હોય છે. રાજકીય પાર્ટીઓ હોય, કોઇ સામાજિક સંગઠનો હોય એ પોતાના કાર્યક્રમો હોય એની જાહેરાત માટે એ પ્રકારના પોસ્ટરો અને હેન્ડબિલો આની ઉપર લગાવી અને એનો દુરુપયોગ કરતા હોય છે. એને રોકવાનું પણ આ બિલમાં પ્રાવધાન કરવામાં આવ્યું છે. ઉશ્કેરણી થાય એ પ્રકારના અથવા હિંસા ફેલાય એ પ્રકારની કોઇ જાહેરાતો, કોઇ પ્રચારાત્મક વાત થતી હોય તો એને રોકવાની વાત પણ બિલની અંદર કરવામાં આવી છે. કેટલીક ઘટનાઓ આપણા સાંભળવામાં આવતી હોય છે કે અશ્લીલ ક્લિપિંગો ઉતારી એને માર્કેટમાં મૂકી અને બ્લેક મેઇલિંગ કરવાના કિસ્સા પણ ધ્યાનમાં આવતા હોય છે. આવા કિસ્સાઓને અટકાવવાની પણ આની અંદર જોગવાઇ કરવામાં આવે એવી મારી લાગણી છે. આમ તો ગુજરાત એ સંસ્કારી રાજ્ય છે એટલે અહીં કાયદા પણ સક્ષમ છે પરંતુ ફ્યુચરને ધ્યાનમાં રાખીને આ પ્રકારની બાબતોને રોકી શકાય એટલા માટે આ બિલ લઇને આવ્યો છું. છેલ્લે મારે એટલી જ વાત કહેવી છે કે નવો જ સભ્ય છું અને પહેલી વખત આ વિધાનસભામાં આવ્યો છું અને કેટલીક વખત અહીં જે દ્રશ્યો જોવામાં આવે છે, અત્યારે જેમ શાંતિ છે અને જે પ્રકારનું દ્રશ્ય છે, આવા જ દ્રશ્યની અંદર જો ચર્ચાઓ થતી હોય તો વિધાનસભાનું પણ વિરૂપીકરણ અટકે. આટલી વાત સાથે આ બિલને પાસ કરવામાં આવે એવી વિનંતી કરું છું.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૧૨–સન ૨૦૧૬નું ગુજરાત જાહેર સ્થળો (વિરૂપીકરણ અટકાવવા) બાબત વિધેયક આદરણીય પંકજભાઇ મહેતા કે જેઓ પહેલીવાર ચૂંટાઇને આવ્યા છે અને આટલી સારી બાબત એમણે કહી છે તો તમારા જ પક્ષના મંત્રી છે એટલે ખાસ વિનંતી કે બિલ પાછું ન ખેંચતા અને મંજૂર કરાવજો.

કારણ કે અમે વિરોધ પક્ષના ધારાસભ્યો છીએ એટલે અમારી તો કોઇપણ વાત કહીએ એટલે કહે તમે વિરોધ પક્ષના છો એટલે વિરોધ કરો એમ કરીને કન્સીડર કરતા હોય છે અને અમારા સારા સજેશન પણ નથી સાંભળતા એટલે બિલ પાછું ના ખેંચતા.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પંકજભાઇ જે વાત બિલમાં લઇને આવ્યા. તેના ઉદ્દેશો અને કારણોમાં પેરેગ્રાફ-૨ માં જણાવ્યું કે રાજ્યમાં જાહેર પરિવહન વ્યવસ્થાના બસસ્ટોપ પર અને રાજ્ય પરિવહન કોર્પોરેશન દ્વારા માલિકી ધરાવતા ચલાવતા મોટર વાહનો અને એમની સરકારી માલિકી ધરાવતા ભીંતપત્રો પર જાહેરખબરો ચોટાડવાની સંખ્યામાં ખૂબ જ વધારો થયો છે. એટલે તેઓએ પોતે સ્વીકાર્યું છે કે આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં એસ.ટી. કોરપોરેશનની બસોમાં અને જાહેર જગ્યાનો પ્રસિદ્ધિ માટે કેટલો બધો બહોળો ઉપયોગ થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી ગૃહને જણાવવું છે કે માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશનની બસો એટલે સરકારની બસોમાં મુખ્યમત્રીશ્રી, મંત્રીશ્રી, વડાપ્રધાન એ બધાના ફોટાઓ, હોર્ડિંગ્સ એટલા મોટા લગાવવામાં આવે છે. ખરેખર તો યોજનાઓની જાહેરાત વધારે થવી જોઇએ, યોજનાઓ લોકો સુધી પહોંચવી જોઇએ એના બદલે યોજનાનું નામ તો ક્યાંક ખૂણેખાંચરે સંતાઇ ગયું હોય એમ હોય અને મોટા મોટા ફોટા જ વધારે દેખાતા હોય છે. એટલે એનો પ્રમાણસર ઉપયોગ થાય એ પણ જોવું જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક વાત કરું તો એસ.ટી. બસોની પાછળ મોટા પ્રમાણમાં હોર્ડિંગ હોય એમાં તમાકુ, સિગરેટ અને બીડીની જાહેરાતો હોય છે અને ચેતવણીનું ચિન્હ તો મૂકેલું હોય. પરંતુ સામાન્ય રીતે વિજ્ઞાન એવું કહે છે કે જે વસ્તુ જોવામાં આવે એ જલદી યાદ રહી જતી હોય છે. આ હોર્ડિંગો ખરેખર તો યુવાધન માટે ખૂબજ નૂકસાનકારક છે એટલે એના પર પ્રતિબંધ મૂકાવો જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, એક ગ્રેફિટીની વાત કરું તો અત્યારે જે રિસન્ટ ટ્રેન્ડ પ્રમાણે ગ્રેફિટીથી ભીંતો ઉપર ચિત્રો દોરવામાં આવે છે જેના કલર પાકા હોય છે એટલે કે સાફ-સૂફી પણ થતી નથી અને એ જે કલર હોય એને બીજો પેઇન્ટ કરે તો જ જાય અને એમાં પણ અશ્લીલ અને અસંસદીય શબ્દો લખવામાં આવતા હોય છે એ પણ ખૂબ ચિંતાનો વિષય છે. ઘણી વખત ઔડાની કે કોર્પોરેશનની હદમાં આવતા હોય એવા મોટામોટા હોર્ડિંગો લગાવવામાં આવતા હોય છે. ખરેખર તો ટેન્ડરથી જો એની જાહેરાત આપીને લગાવવાની કાર્યવાહી થાય તો કોર્પોરેશનને ખૂબ મોટી આવક થઇ શકે. પરંતુ એનું પણ ધ્યાન ના રાખતા આપણે ઘણી બધી આવક ગુમાવવી પડે છે. એકવાર હું પોતે જાતે કાર ડ્રાઇવ કરીને જતી હતી અને એક બસની પાછળ મેં પહેલવહેલું વાચ્યું કે કોઇ અલ્પેશ ઠાકોર નામના યુવાનનો ફોટો હતો. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : સીધી લાઇન પર રાખો. તમે કારણ વગરનો ટ્રેક ના બદલો.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખેલમહાકુંભ તો મેં સાંભળેલું પણ ''વ્યસન મુક્તિ મહાકુંભ'' એ શબ્દ પહેલવહેલો મેં જોયો ત્યારે મને થયું કે આ કામ તો સરકારે કરવાનું છે.

ઉપાધ્યક્ષશ્રી : સુરૂપ વાતાવરણની વાત કરી છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : આ તો મેં પોસ્ટર જોયું એની વાત કરું છું માનનીય અધ્યક્ષશ્રી. એટલે એ કામ જ્યારે યુવાનો કરતા હોય ત્યારે આપણને શરમ આવે. નાનપણમાં વોરની બહુ વાતો સાંભળી. હિસ્ટ્રીમાં વાંચ્યું કે પાષાણ યુગમાં પથ્થરથી વોર થાય, તીર-કામઠાથી વોર થાય, બંદૂક અને અત્યારે તો તોપથી પણ વોર થાય પણ પોસ્ટર વોર તો મેં ભારતીય જનતા પાર્ટીમાં પહેલવહેલું જોયું કે પોસ્ટર વોર થાય. ઘણાં પોસ્ટરો લગાડે, ઘણા ફાડી નાખે અને ઘણી વખત તો દાખલા તરીકે ઉદહારણ આપું તો

•(xxx) એવું બધું વાચેલું છે એટલે કહુ છું.

ઉપાધ્યક્ષશ્રી : આ શબ્દ હું રેકર્ડ પરથી દૂર કરું છું.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : લોકસભાની ચૂંટણી વખતે વારાણસીમાં પણ પોસ્ટર યુદ્ધ થતું હતું એવું મેં સાંભળેલું. ઘણીવાર પવન કે વાવાઝોડું આવવાથી એના હોર્ડિંગ પડી જાય અને વાગવાના બનાવો પણ બનતા હોય છે. ઘણીવાર આ જે પોસ્ટરો હોય એ વળાંક ઉપર લગાવેલા હોય છે જેથી એક્સીડન્ટ થવાનો પણ ભય રહે છે. ઘણીવાર એવી પણ એડ હોય કે એમાં મહિલાઓને લગતી કોઇ બાબત જ ના હોય છતાં ય એ એડ એવી બનાવવામાં આવે છે તો યુવાનોને એની ગંભીર માનસિક ઇજાઓ થતી હોય છે એના કારણે એક્સીડન્ટ પણ થતા હોય છે અને કોઇના લાડકવાયા ગુમાવવાના થતા હોય છે. ૨૦૦૯માં આઇ.પી.સી.ની કલમ ૨૯૨ નીચે ૧૫૪ (અંતરાય) આઇ.પી.સી.ની કલમ- ૨૯૩ નીચે ૨ અને આઇ.પી.સી.ની કલમ- ૨૯૪ નીચે ૨૧ જણને આ બાબતે કાયદાકીય વ્યવસ્થા થઇ છે. એટલે ખરેખર તો આ સારું બિલ છે એટલે એને સર્વાનુમતે મંજૂર કરવું જોઇએ. અત્યારે જે પ્રમાણે અશ્લિલતાની વાત કરી ભાઇએ, ટવીટર અને ફેસ બૂકની તો એમાં પણ ઘણા સાયબર ક્રાઇમ થાય એવા પોસ્ટરો બનાવવામાં આવે છે એ પણ ખરેખર બંધ થવું જોઇએ અને આવા ગુનાઓ અટકે એના માટે સરકારે ચિંતિત થઇ અને પ્રયત્નો કરવા જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર તો આ ગાંધીજી, સરદારના ગુજરાતમાં શાંતિ જળવાઇ રહે એના માટે થઇ અને પોસ્ટરોમાં એ લોકોના પોસ્ટરોમાં કેમ નાના નાના ફોટાઓ હોય છે, એ પ્રમાણે આપણી આ ભારતીય જનતા પાર્ટીની સરકારે પણ શીખી અને પોતાના ફોટા નાના અને યોજનાઓના લોકો વાંચી શકે એવા મોટા અક્ષરો લખે એવી હું વિનંતી કરું છું અને સર્વાનુમતે આ મંજૂર કરે એવી પણ સાથે સાથે વિનંતી કરું છું.

શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં જાહેર સ્થળો ઉપર (વિરુપીકરણ અટકાવવા બાબત) વિધેયક લઇને માનનીય સભ્યશ્રી પંકજભાઇ આવ્યા છે, આ વિધેયક પર મારા વિચારો રજૂ કરું છું.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

## ગુજરાત જાહેર સ્થળો (વિરૂપીકરણ અટકાવવા બાબત) વિધેયક ૨૦૧૬

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના સન્માનનીય સભ્યશ્રી પંકજભાઇ દ્વારા જે આ પ્રતિબંધ માટે જોગવાઇને સમર્થન આપવા માટે એમનું વિધેયક દાખલ કર્યું છે તે સુચન ખરેખર આવકાર્ય છે. જાહેર સ્થળોએ જે કાંઇ પ્રદર્શન થાય છે તેમાં મુખ્યત્વે સ્ત્રીઓ વિશે વધારે હોય છે. મોટા ભાગની કંપનીઓ પોતાની પ્રોડ્કટના વેચાણ માટે સ્ત્રીઓના અશ્લિલ ફોટાઓ દર્શાવે છે. પોતાની ઉત્પાદિત વસ્તુઓનું વધારેમાં વધારે વેચાણ થાય તે માટે જાહેર સ્થળો પર ગમે તેવા ખરાબ ચિત્રો ચિતરતા હોય છે, આ એક ચિંતાનો વિષય છે. આવી જાહેરાતોથી યુવાનો પર ખરાબ અસરો થતી હોય છે. આપણા પૂર્વ મુખ્યમંત્રીશ્રી અને હાલના દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ કહે છે કે, ભારત દેશ દુનિયામાં સૌથી વધારે યુવાનો ધરાવતો દેશ છે. યુવા ધન એ ભારતની ભવિષ્યની ધરોહર છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ભારતમાં ગુજરાતના લોકોની સંસ્કૃતિ, સંસ્કાર, વાણી અને વર્તન માટે ગૌરવ અનુભવે છે. ત્યારે જાહેર સ્થળો ઉપર ધાર્મિકતાના વિષયને સારા સંસ્કારો તેવા સુવાક્યો સહિતના ફોટાગ્રાફો આવકાર્ય છે. પરંતુ યુવા ધનોમાં વિકૃતિઓ ઘુસે તે કદાપી ચલાવી લેવાય નહીં ઘણા લોકો દિવાલ ઉપર પાન-ગુટકાની પીચકારી મારીને દિવાલો બગાડવાનું દુષ્કૃત્ય પણ કરતા હોય છે. ઘણી જગ્યાએ આતંકવાદને ઉત્તેજન મળે તેવા દિવાલો ઉપર ભડકાઉ લખાણો થાય છે. પરિણામે સમાજ જીવનમાં તનાવ ઉભો થાય છે અને એનું પરિણામ ગંભીર સ્વરૂપમાં ફેરવાય છે. મારું માનવું છે કે, આવા અશ્લિલ ફોટોગ્રાફ, ખરાબ ફોટોગ્રાફવાળી જાહેરખબર અને અભદ્ર લખાણો ઉપર કાયમી પ્રતિબંધો મૂકવામાં આવે અને તેનું ઉલ્લંઘન કરનારાઓ સામે સખતમાં સખત સજા કરવાની જોગવાઇ થાય તે જરૂરી છે. આજે ગુજરાતમાં જ્યારે પ્રથમ એક મહિલા મુખ્યમંત્રી માનનીય શ્રીમતી આનંદીબેન પટેલ સંચાલન કરી રહ્યા હોય ત્યારે આ સરકાર કાયદો અને વ્યવસ્થા માટે પૂરેપૂરી કટિબદ્ધ હોય ત્યારે આવા અશ્લિલ ચિત્રો જાહેર સ્થળો ઉપર ચિતરવાવાળા પર કડકમાં કડક પગલાં લેવામાં આવે તે અત્યંત જરૂરી છે. જ્યારે આવું યુવા ધન વિશ્વ વિજેતા તરફ જઇ રહ્યું છે ત્યારે માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ સાહેબની આગેવાનીમાં ભારત વિશ્વ વિજેતા બનવા તરફ જઇ રહ્યું હોય ત્યારે આપણા દેશની યુવા સંસ્કૃતિને અસર થાય તે યોગ્ય બાબત નથી. યુવા શક્તિને સારા માર્ગે દોરવવાની ખૂબ જરૂરિયાત છે તે માટે માનનીય ગૃહના સભ્યશ્રી પંકજભાઇ જે સરકારી વિધેયક લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી પૂનમભાઇ પરમાર.

શ્રી પૂનમભાઇ મા. પરમાર(સોજિત્રા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત જાહેર સ્થળો (વિરૂપીકરણ અટકાવવા બાબત) વિધેયક પર મારા વિચારો રજૂ કરવા હું ઉભો થયો છું. વિધેયકના ઉદ્દેશો અને કારણોમાં ભૂતકાળમાં સાર્વજનિક સ્થળોમાં વાંધાજનક અને અનઅધિકૃત જાહેરખબરોથી વિરૂપીકરણ અશ્લિલતા ઝડપથી વધી રહી હતી તેના કારણે ટ્રાફિકની અવરજવરમાં અંતરાય ઉભો થતો હતો અને રાહદારીઓ માટે જોખમરૂપ હતું. રાજયમાં જાહેર પરિવહન વ્યવસ્થા બસ સ્ટોપ પર અને રાજય પરિવહન કોર્પોરેશન દ્વારા માલિકી ધરાવતા અને ચલાવતા મોટર વાહનો ઉપર ભીંતપત્રો અને જાહેર ખબરો ચોંટાડવાના બનાવોની સંખ્યામાં પણ ખૂબ વધારો થયો છે. કેટલાક ભીંતપત્રો ઉપર અસભ્ય અને અશ્લિલ વિષય વસ્તુનો પણ આમાં સમાવેશ થાય છે. ટ્રાફિક પોલીસ અને મોટા પ્રમાણમાં જાહેર જનતાને વેઠવી પડતી હાડમારીને કારણે સાર્વજનિક સ્થળોએ વાંધાજનક અને અનઅધિકૃત જાહેરખબરોમાં વિરૂપીકરણ અટકાવવા માટે આ કાયદો લાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ જમાનો જાહેરાત અને માર્કેટીંગનો છે. *(xxx) મોટી મોટી જાહેરાતો અને માર્કેટીંગ કરી ફેંકી દેવા જેવી પ્રોડકટમાંથી ઘૂમ કમાય છે.

ઉપાધ્યક્ષશ્રી : *(xxx ) એ શબ્દ હું રેકર્ડ પરથી દૂર કરું છું.

શ્રી પૂનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ખોટા ખોટા વાયદા કરી ગરીબમાં ગરીબ લોકોને છેતરી ગમે તેવી જગ્યાએ કબજો કરી લેવાય છે. આ જમાનો કવોલીટીનો નહીં પણ કારીગરોનો છે. માર્કેટીંગનો સારો કારીગર પોતાની વસ્તુ બજારમાં ઘુસાડી શકે છે. શહેરોમાં ચાર રસ્તા પર જાહેર સ્થળે, સરકારી કચેરીઓ નજીક મોટા મોટા હોર્ડીંગ્સ મૂકી પ્રચાર થાય છે અને આ જાહેરાતોમાં અભદ્ર ફોટા અને દ્વિઅર્થી ભાષા લખાય છે. ગઇકાલે જ અમદાવાદ જતી વખતે રીન કપડા ધોવાના સાબુ પાવડરની જાહેરાતના બોર્ડ ઉપર મારી નજર પડી કે એમાં એક સ્ત્રી મોડલને બતાવીને લખવામાં આવ્યું કે નવા જેવી જ ચમક. આ નવા જેવી ચમક સાબુની જાહેરાતમાં શું કહે છે? મહિલાઓ રસ્તામાં જતા આવતા કે જાહેર સ્થળોએ જો કોઇ ભૂલથી અથડાઇ જાય કે ના બોલાય એવા શબ્દો બોલે તો સાંભળીને તેનો વિરોધ કરે પણ જાહેરાતોમાં સ્ત્રી મોડલો બિભત્સ કહેવાય એ રીતે પોઝ આપી કોઇ પ્રોડકટ વસ્તુની જાહેરાતમાં કામ કરે તો તેનો કોઇ વિરોધ કરતું નથી. પહેલાના જમાનામાં સ્ત્રીઓ ઘરની બહાર જાહેરમાં ખાસ નીકળતી નહોતી. પહેલાના જમાનામાં સ્ત્રીના પગની પાની પણ ન દેખાય એવા કપડાનું પરિધાન કરતી. આજના સુધરેલા જમાનામાં ટી.વી.માં આવતી ઘણી જાહેરાતોમાં સ્ત્રી હોવાની ઓળખ આપતા અંગો જ ઢાંકે છે. લાજ, શરમ, મર્યાદા બધું નેવે મૂકી દેવામાં આવે છે. મારી તો મહિલાઓને અપીલ છે કે આવી સ્ત્રી મોડલનો જાહેરમાં વિરોધ કરે. સ્ત્રી જાતે જ પોતાનું અંગ પ્રદર્શન કરે છે. સમાજ આવી હરકતોનો વિરોધ કેમ કરતો નથી? જે મોડલો છે એ અર્ધનગ્ન કપડા પહેરી અને જાહેરાતો આપે છે એની ઉપર ખરેખર પ્રતિબંધ મૂકવો જોઇએ અને મહિલાઓએ મોરચો ખોલવો જોઇએ અને ઠાકોર સેના દારૂબંધી માટે જે જનતા રેડ પાડે છે એમ મહિલાઓ પણ આ મોડલોની સામે આવા પ્રદર્શનો ન કરે એના માટે પણ વિરોધ કરવો જોઇએ. સરકારના પ્રધાનોના ફોટાની પણ શું જરૂર છે? સરકારના પ્રધાનો મુખ્યમંત્રી, વડાપ્રધાન એમના પણ હોળીની અંદર ફોટા મૂકવામાં આવે છે. એમની પોતાની પ્રસિદ્ધિ કરવા માટે જાહેરાતોમાં ખોટા ખોટા ખર્ચ કરવામાં આવે છે. આ બધું કરવાની જરૂર હોતી નથી. પોતાની જાહેરાત માટે પોતે નક્કી કરવાનું ન હોય.

---

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## ગુજરાત જાહેર સ્થળો (વિરૂપીકરણ અટકાવવા બાબત) વિધેયક ૨૦૧૬

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી સભ્યશ્રી પંકજભાઇ મહેતા ૨૦૧૬નું બિન સરકારી વિધેયક ક્રમાંક -૧૨ ગુજરાત જાહેર સ્થળો (વિરૂપીકરણ અટકાવવા બાબત) વિધેયક લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું. આ જે વિધેયક લઇને આવ્યા છે પંકજભાઇ, એમાં ૯ કલમોનો સમાવેશ કરવામાં આવ્યો છે જેમાં કલમ નંબર-૩માં જેટલી વાતો અહીંયા રજૂ થઇ તેજશ્રીબેને કીધી, ભરતભાઇએ કીધી કલમ-૩માં ૧૦ વર્ષ સુધીની સજાની જોગવાઇ કરવામાં આવી છે અને કલમ-૪માં નાના મોટા દંડ અને નાની નાની સજાની જોગવાઇ કરવામાં આવી છે. આના પહેલા પણ આ ગૃહની અંદર ગુજરાત જાહેર દિવાલો ઉપર ચિત્રો દોરીને, ફોટોગ્રાફ લગાવીને કે પોસ્ટર લગાવીને જાહેરખબર જે આપે છે એના ઉપર પ્રતિબંધ માટેનું વિધેયક ૨૦૧૩માં લાવવામાં આવ્યું. પછી ૨૦૧૪ માં જાહેર સંપત્તિને તોડફોડ, નુકસાન, આગ એમાં શિક્ષા અને વળતર માટેનું લાવવામાં આવ્યું. ટૂંક સમય પહેલાં ભુષણ ભટ્ટ પણ નાશવંત કચરા માટેનું વિધેયક લઇને આવ્યા હતા. આપણા પ્રધાનમંત્રીએ લાલ કિલ્લા ઉપરથી સ્વચ્છતા અભિયાન માટેની જાહેરાત કરી. ગાંધીજીએ આ દેશની આઝાદીની ચળવળ ચલાવી, જેના કારણે કોંગ્રેસ સત્તા ઉપર બેઠી. એમણે રાજકારણ સાથે સ્વચ્છતા ઉપર ભાર મૂક્યો. એમણે કહ્યું હતું કે દરેક વ્યક્તિ પોતાના ઘરની, પોતાના વિસ્તારની સફાઇ પોતાની રીતે કરે, પણ એનો અમલ આપણા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બન્યા ત્યારથી શરૂ કરવામાં આવ્યો છે. આપણે એક આશા લઇને ચાલી આવ્યા છીએ કે ૨૦૧૯ માં આ ભારત સંપૂર્ણ રીતે સ્વચ્છ થાય. જાહેર સ્થળો ઉપરની તમામ પ્રકારની ગંદકી દૂર થાય તેના માટે કરીએ છીએ. જાહેર સ્થળો છે, એની અંદર કેન્દ્ર સકારની જગ્યાઓ છે, મિલકતો છે, રાજ્ય સરકારની મિલકતો છે, મહાનગરની મિલકતો, નગરપાલિકાની મિલકતો, ગામોની મિલકતો કેટલાક પુરાતત્વ વિસ્તારો છે, ત્યાં આગળ ઘણા લોકો પેઇન્ટિંગ બનાવી નામ લખે એ રીતે વિકૃત કરતા હોય છે. રેલ્વે, એરપોર્ટ, બસો એની ઉપર જાહેરાત, કોઇ લખાણ કે ચિત્રણ હોય એમાં થોડો સુધારો કરીને જેમ હમણા જોડણીમાં કહેતા હતા કે થોડી જોડણીથી અર્થનો અનર્થ થઇ જાય છે. તો એની સામે પગલાં લેવાં માટેની વાત છે. અત્યારે હાલ જે કાયદાઓ પ્રવર્તમાન છે. આઇ.પી.સી.ની કલમ ૨૯૨, ૨૯૩, ૨૯૪ માં સજા અને દંડની જોગવાઇ છે. પબ્લિક પ્રોપર્ટી એક્ટ નીચે દંડ અને સજાની જોગવાઇ છે. કેટલીક સેક્શનો તો નોન બેઇલેબલ છે. બોમ્બે પોલીસ એક્ટ હતો. હવે ગુજરાત પોલીસ એક્ટ છે. એમાં કલમ-૧૧૦, ૧૧૭ ની જોગવાઇ છે, જેનાથી પગલાં લઇ શકીએ છીએ. ખાસ કરીને બહેનોના વિકૃતરૂપે પોસ્ટરો, અર્ધનગ્ન તસ્વીરો છાપવામાં આવે છે. એના માટે હાલમાં કાયદો છે. The Indecent Representation of Women (Prohibition) Act, 1986 અમલમાં છે. તેની કલમ-૩,૪ અને ૬ નીચે શિક્ષાની જોગવાઇ છે. સાથે સાથે ગુજરાત પોલીસ એક્ટની કલમ-૩૩ નીચે પણ શિક્ષાની જોગવાઇ છે. અને સી.આર.પી.સી. માં પણ જોગવાઇ છે. જ્યારે આટલા બધા કાયદાઓ અમલમાં છે. પોલીસ એનો અમલ કરે છે. મેં વાત કરી કે આ એક્ટ બન્યો તે પહેલા ૨૦૧૩-૧૪ માં જે કાયદો આવ્યો. એ બધા ભેગા કરીને એક એવો કાયદો બનાવવામાં આવે. ભય બિન પ્રીત નથી. કાયદાની અંદર સજાની જોગવાઇ વધારે પ્રમાણમાં કરવામાં આવે કે એનાથી માણસને વધારે ભય થાય. હું જો આવું કૃત્ય કરીશ તો મારી સામે આટલો દંડ થશે અને આટલી સજા થશે તો આ કામ કરતાં અટકશે. અને સાથે સાથે એના અમલ માટે પોલીસને કે બીજી સંસ્થાને જવાબદારી સોંપવામાં આવે, જેનાથી એનો અમલ થઇ શકે. આપણી ચિંતા છે આપણા જાહેર સ્થળો છે, એના વિરૂપીકરણ ન થાય. હું માનું છું કે પંકજભાઇ બિલ લઇને આવ્યા છે એને બદલે રજનીભાઇ અને સરકારને વિનંતી કરીશ નવો કાયદો લઇને આવે અને હાલમાં પ્રવર્તમાન કાયદો છે એનો અમલ વધારે કરવામાં આવે તેવી મારી વિનંતી છે.

શ્રી રજનીકાંત સો. પટેલ ( ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી પંકજભાઇ મહેતા ગુજરાત જાહેર સ્થળો( વિરૂપીકરણ અટકાવવા બાબત) વિધેયક લઇને આ ગૃહ સમક્ષ આવ્યા છે. અને આ ગૃહના સન્માનનીય માનનીય સભ્યશ્રીઓએ એમાં પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. સાર્વજનિક સ્થળોમાં વાંધાજનક, અનઅધિકૃત જાહેર ખબરોનું વિરૂપીકરણ ખૂબ ઝડપથી વધી રહ્યું છે. એમાંથી ટ્રાફિકની મુશ્કેલી થાય, પોલીસને અને જાહેર જનતાને એમાં બિનજરૂરી હાડમારી વેઠવી પડે તે પ્રકારની સભ્યશ્રીની ચિંતા ખૂબ વાજબી છે. એટલે માનનીય ધારાસભ્યશ્રી જે આ બિલ લઇને આવ્યા છે તેમાં જાહેર સ્થળો ઉપર લખાયેલા લખાણો, અનધિકૃત લખાણો, અનધિકૃત જાહેર ખબરો અને અનધિકૃત પોસ્ટરો લગાવેલા હોય આ તમામ દ્વારા જાહેર સ્થળોનું વિરૂપીકરણ થાય છે. વધારે ચિંતાનો વિષય એ છે કે આ પ્રકારના અરૂચિકર લખાણો અને જાહેર ખબરના પોસ્ટરથી સામાજિક સભ્યતાને પણ હાનિ પહોંચે છે. ગુજરાતની પ્રજા તે સમગ્ર વિશ્વમાં એક આગવી ઓળખ ધરાવે છે. શાંત, સૌમ્ય અને કલારસિક ગુજરાતી તરીકે આપણે નામના ધરાવીએ છીએ. ગુજરાત આજે દેશ અને દુનિયામાં એક શ્રેષ્ઠ રાજય તરીકે ઉભરી રહ્યું છે ત્યારે ગુજરાતે પાછલા દસ-પંદર વર્ષમાં જે પ્રકારનો વિકાસ કર્યો છે, દેશભરના કેટલાય અધિકારીઓ, કેટલાય આગેવાનો આ ગુજરાત મોડલને જોવા અને સમજવા માટે આવે છે અને તે જ રીતે તેમના રાજ્યો પણ પ્રગતિ કરે તે જોવા માટે અહીં આવતા હોય છે. પ્રવાસન તરીકે આ રાજયએ બહુ સારું કાઠું કાઢ્યું છે. અનેક પ્રવાસન સ્થળો ઉપર દેશ અને દુનિયાના વધારેમાં વધારે પ્રવાસીઓ આવે અને ગુજરાતને જાણે, માણે અને સમજે તેવી સુંદર વ્યવસ્થાઓ આ રાજય સરકારે કરી છે. અહીં પ્રવાસીઓની સંખ્યામાં ખૂબ મોટો વધારો થયો છે ત્યારે આ ગુજરાતના સમૃદ્ધ અને ઐતિહાસિક વારસા જેવા પ્રવાસન ધામો ઉપર વિશ્વના પ્રવાસીઓની નજર પડે તે સ્વાભાવિક છે. સમગ્ર વિશ્વના લોકો માટે ગુજરાત પ્રવાસ માટેનું આકર્ષક સ્થળ બને તે સંદર્ભમાં જાહેર સ્થળોનું આવા પોસ્ટર્સ, જાહેરાતો, લખાણો વગેરેથી કરાતું વિરૂપીકરણ તે પ્રવાસનના વિકાસ માટે ખૂબ જ અવરોધરૂપ બાબત છે. આપણી સંસ્કૃતિ અને સમાજમાં સ્ત્રીઓને આદરપૂર્વક સ્થાન આપવામાં આવ્યું છે. ગુજરાતમાં સ્ત્રીના સશક્તિકરણ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ સતત કામ કર્યુ છે. અનેક આયામોમાં આપણે આગળ રહ્યા છીએ તેમાં બેટી બચાવો તથા દીકરીને ભણાવવાની વાત હોય તે તમામ બાબતોમાં આગળ છીએ ત્યારે ગુજરાતમાં સ્ત્રીને આપણે શક્તિ સ્વરૂપાનો મહિમા આપ્યો છે. આ સ્થળોએ

અશ્લીલતાનું નિરૂપણ તે સ્ત્રીઓ અને માતાઓ માટે ખૂબ સંકોચનું કારણ બનતું હોય છે. માનનીય સભ્યશ્રીની લાગણી સાચી છે કે આવી બાબતોને દૂર કરવી જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, એવું કહેવાય છે કે જે જેવું વિચારે અને કરે તેવો તે બની જાય છે. કોઇપણ કામની શરૂઆત વિચારથી થતી હોય છે. પહેલાં મનમાં વિચાર આવે છે અને પછી કામની શરૂઆત થાય છે. એવું કહેવાય છે કે જેવું વિચારે અને કરે તેવો તે બની જાય છે. એટલે વિચારોનું ખૂબ મહત્વ માણસના મન પર હોય ત્યારે આવા વિચારો આપણને કયાંથી પ્રાપ્ત થાય છે? તો વાંચવામાંથી, જોવામાંથી, સાંભળવામાંથી આપણને આવા વિચારો પ્રાપ્ત થતા હોય છે. વારસાગત પણ હોય છે. જયારે શ્રેષ્ઠ વિચારો આપણા મનમાં હોય ત્યારે કામો પણ શ્રેષ્ઠ થતા હોય છે. કારણ કે વિચારનો માણસના મન પર ખૂબ પ્રભાવ હોય છે. આવું બનતું હોય ત્યારે આવી જાહેરાતો, બાબતો બાળકો અને યુવાનો ઉપર વિપરીત અસર ન કરે તે પણ એટલું જ મહત્વનું છે. કેટલીક જાહેરાતો એ રીતે બનાવવામાં આવતી હોય છે કે જે રાહદારીઓને ટ્રાફિકમાં અડચણરૂપ થતી હોય છે. તેના કારણે અકસ્માત થવાના સંજોગો બનતા હોય છે. આ પ્રકારની જાહેરાતોને સહેજ પણ ચલાવી લેવાય નહીં. એટલે આવું કરવાવાળા સામે સખતપણે કાયદેસરની કાર્યવાહી કરવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, આવી જાહેરાતો આપવાવાળા જે તત્વો છે ગમે તે રીતે ખાનગી જાહેર સ્થળોએ પોસ્ટરો ચોટાડી અને વિરુપીકરણ કરવાવાળા આવા લોકો છે એમની સામે કડકાઇથી પગલાં ભરવા માટે આપણે ત્યાં પૂરતા કાયદા ઉપલબ્ધ છે. કાયદાઓમાં શિક્ષાની પૂરતી જોગવાઇ પણ છે. જાહેર સ્થળોમાં અશ્લિલ લખાણો અંગે ભારતીય દંડ સંહિતા ઇન્ડિયન પીનલ કોડની કલમ ૨૯૨ હેઠળ એમાં ગુનો દાખલ કરી શકીએ છીએ અને એ કલમમાં અસરકારક સજાની જોગવાઇ પણ છે. આ કલમ હેઠળ પ્રથમ ગુના માટે બે વર્ષ સુધીની સજા અને રૂપિયા ૨૦૦૦ સુધીનો દંડ તેમજ ફરી આજ પ્રકારનો ગુનો કોઇ કરે તો એ પછીના બીજા ગુના માટે પાંચ વર્ષ સુધીની જેલની સજા અને ઓછામાં ઓછા ૧૦ હજારનો દંડ કે જે એક લાખ રૂપિયા સુધી પણ કરી શકાય એવી જોગવાઇ એમાં કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, ધ ઇન્સીડન્સ રીપ્રેઝન્ટેશન ઓફ વુમન એકટ ૧૯૮૬ની કલમ ૩ અન્વયે સ્ત્રીઓનું નિર્લજપણે નિરૂપણ કરતી જાહેરાતો ઉપર પ્રતિબંધ મૂકવામાં આવેલ છે. આ જાતની કલમ ૪ થી સ્ત્રીઓનું નિર્લજપણે નિરૂપણ કરતા પ્રકાશનો ઉપર અને ટપાલ દ્વારા મોકલવામાં આવતા ચોપાનિયા તથા પૂસ્તીકા ઉપર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, અને આ એકટની કલમ ૬ અન્વયે આવી પ્રવૃત્તિ કરતા ઇસમોને શિક્ષા કરવા અંગેની પણ જોગવાઇ એમાં કરવામાં આવી છે. એ મુજબ ઉપરોકત કલમ ૩ અને કલમ ૪માં જણાવેલ જોગવાઇઓના ભંગના કિસ્સામાં પ્રથમ ગુના માટે બે વર્ષની સજા તથા બે હજાર સુધીનો દંડ અને બીજા અને પછીના વધારે કોઇ ગુના કરે તો એના માટે પાંચ વર્ષ સુધીની સજા અને ઓછામાં ઓછો ૧૦ હજારનો દંડ જે એક લાખ રૂપિયા સુધી પણ કરી શકાય એ પ્રકારની મજબૂત જોગવાઇ આ કાયદામાં કરવામાં આવી છે. ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ની કલમ ૩૩ની પેટા કલમ ૩૩(ડી) તથા ૪–બી–ડીમાં કોઇ પણ સાધન, કોઇ વસ્તુ કે જાહેર જાહેરાત અંગેનું પ્રદર્શન, બિલ્ડીંગ, જમીન કે સ્ટ્રક્ચર ઉપર જાહેરાત લગાવી કે ઉભી કરવી હોય તો એ બાબતે લાયસન્સ નિયંત્રણ અને પ્રતિબંધની જોગવાઇ આ કાયદાના અંતર્ગત કરવામાં આવેલી છે. ઇન્ડિયન પીનલ કોડની કલમ ૨૯૨ હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં ૪૩૯ જેટલા ગુનાઓ નોંધવામાં આવ્યા છે અને એની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. એટલે આ બધા જ પ્રકારની અવ્યવસ્થાઓ સામે કાયદાની વ્યવસ્થા છે અને એની સામે મજબૂતાઇથી લડી શકીએ છીએ. ગુજરાતમાં બીજા રાજયોની સરખામણીમાં અશ્લિલતા, જાહેરખબરો એનું પ્રમાણ ખૂબ નહીવત છે. પ્રવર્તમાન કાયદાઓમાં પણ આ અંગેની પૂરતી શિક્ષાત્મક જોગવાઇઓ છે ત્યારે આવા સંજોગોમાં માનનીય ધારાસભ્યશ્રી પંકજભાઇ મહેતા જે બિન સરકારી વિધેયક લઇને આવ્યા છે, આ બધા જ પ્રકારની વ્યવસ્થાઓને કારણે એની જરૂરિયાત જણાતી નથી. આ સંજોગોમાં આ બિન સરકારી વિધેયક પરત ખેંચવા માટે હું માનનીય સભ્યશ્રીને વિનંતી કરું છું.

શ્રી પંકજ અ. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, હું આ બિન સરકારી વિધેયક લઇને આ ગૃહ સમક્ષ આવ્યો છું એમાં ગૃહના માનનીય સભ્યશ્રીઓ શ્રી ભરતભાઇ, તેજશ્રીબેન, પૂનમભાઇ, જાગરૂપસિંહ વગેરે એ પોતાના વિચારો વ્યક્ત કર્યા અને માનનીય મંત્રીશ્રી રજનીભાઇએ જે વિચારો વ્યક્ત કરીને હાલના કાયદામાં પ્રવર્તમાન જે જોગવાઇઓ છે એની વાત કરી એટલે માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૧૨–સન ૨૦૧૬નું ગુજરાત જાહેર સ્થળો (વિરૂપીકરણ અટકાવવા બાબત) વિધેયક પાછું ખેંચી લેવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો

શ્રી પંકજ અ. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૧૨–સન ૨૦૧૬નું ગુજરાત જાહેર સ્થળો (વિરૂપીકરણ અટકાવવા બાબત) વિધેયક પાછું ખેંચું છું.

ઉપાધ્યક્ષશ્રી : વિધેયક પાછું ખેંચી લેવામાં આવે છે.

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૧૬

ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક, ૨૦૧૬

ગુજરાત રાજયમાં શૈક્ષણિક સંસ્થાઓમાં રેગીંગ અટકાવવા અને તેની સાથે સંકળાયેલી બાબતો માટેનું વિધેયક.

શ્રી નિર્મલાબહેન સુ. વાધવાણી(નરોડા) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૧૬–સન ૨૦૧૬નું ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી નિર્મલાબહેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહે મને પ્રથમ વખત વિધેયક રજૂ કરવાની જે તક આપી છે તે બદલ હું સભાગૃહનો આભાર માનું છું.

ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક, ૨૦૧૬

માનનીય અધ્યક્ષશ્રી, શહિદ ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુની શહાદત દિવસ નિમિત્તે હું શ્રદ્ધાંજલિ અર્પણ કરુ છું અને હોળી અને ધૂળેટીની આપના માધ્યમથી બધાને ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, East or West, India is Best. ભારતની જેમ આપણું ગરવું ગુજરાત બહુ સંસ્કારી રાજય છે અને આપણાં ધાર્મિક સાહિત્યિક અને સામાજીક સંસ્કારોના લીધે વિદ્યાર્થીઓમાં ભાઇચારો છે. પરંતુ પાશ્ચાત્ય જીવનશૈલીના અનુકરણ, સોશ્યલ મિડીયા, ટી.વી., ઇન્ટરનેટ કલ્ચર અને બીજા ઘણાં બધા કારણોસર પરસ્પર, પ્રેમ, પ્યાર, સદભાવના, આદર સન્માન, સહન શકિત લોકોમાં ઓછી થઇ રહી છે જેના કારણે સમાજમાં જુદી જુદી જાતના બનાવો બને છે. માનનીય અધ્યક્ષશ્રી, જુદા જુદા જાતના દૂષણો હોય છે જેમ કે પર્યાવરણથી લાગતું દૂષણ, હવાનું પ્રદૂષણ, પાણીનું પ્રદૂષણ, અવાજનું પ્રદૂષણ એમ રેગીંગ પણ એક પ્રકારનું સામાજીક પ્રદુષણ છે, દુષણ છે. જે એક વિકૃત માનસિકતાની નિશાની છે. આપણાં પૂર્વ રાષ્ટ્રપતિ શ્રીમાન સર્વપલ્લી રાધાકૃષ્ણનજી જેના જન્મદિવસને આપણે શિક્ષક દિવસ તરીકે ઉજવીએ છીએ. તેમણે કહ્યું છે કે શિક્ષાનું પરિણામ એક મુકત રચનાત્મક વ્યકિતનું નિર્માણ હોવું જોઇએ જે ઐતિહાસિક અને પ્રાકૃત્તિક આપદાઓ સામે લડી શકે. પણ આજના સમયમાં જયારે કોઇ વિદ્યાર્થી કોલેજમાં પ્રવેશ લે છે ત્યારે જૂના વિદ્યાર્થીઓ દ્વારા નવા વિદ્યાર્થીઓને શારીરિક અને માનસિક કનડગત અથવા તો પરેશાની કરવામાં આવતી હોય છે. અને કયારેક કયારેક ફ્રેશર્સ પાસેથી અમાનવીય પ્રવૃત્તિઓ અથવા તો સંસ્કારી સમાજને ના છાજે એવી પ્રવૃત્તિઓ પરાણે કરવામાં આવતી હોય છે જેને રેગીંગ કહેવામાં આવે છે. રેગીંગ દિવસે અને દિવસે ગંભીર વિષય બનતો જાય છે. રેગીંગ એક epidemic ની જેમ છે, એક આગની જેમ છે. જેને નાથવા માટે એન્ટીબાયોટીક અને ફાયર ફાઇટરની જરૂરત હોય તેમ રેગીંગને અટકાવવા માટે આ બિલની જરૂરત છે. જેમ કે મહારાષ્ટ્ર, કર્ણાટકા અને કેરાલા જેવા રાજયોમાં એન્ટી રેગીંગ બિલ પહેલેથી બનાવ્યું છે. જયારે બાળક ઉછરતુ ઉછરતુ બાળપણમાંથી યુવાનીમાં પ્રવેશ કરે છે તો વચ્ચે એક અવસ્થા આવે છે જેને મુગ્ધાવસ્થા કહેવામાં આવે છે. તે સમય દરમિયાન યુવાન અને યુવતિને બહુ સાચવીને એક નાના છોડની જેમ સંભાળવુ જોઇએ. એ સમયમાં યુવાનો સ્કૂલમાંથી કોલેજમાં પ્રવેશે છે અને ઘરના વાતાવરણમાંથી બહાર આવે છે તે સમય દરમિયાન ખુશીની સાથે સાથે માનસિક તાણ અને ચિંતા રહે છે. પોતાના કોલેજ પ્રતિ સહપાઠી સાથે પોતાના સિનિયર અને ઘણી વખતે બાળકને ઘરથી દૂર પોતાના ગામ, શહેર, દેશથી દૂર રહેવાનો ભય હોય છે. એવામાં સિનિયર્સને જરૂરત છે કે જુનિયર્સનું પોતાના ભાઇ–બહેનની જેમ રક્ષણ કરે, યોગ્ય માર્ગદર્શન આપે અને મદદરૂપ થાય. આપણાં પૂર્વ પ્રધાનમંત્રી માનનીય અટલ બિહારી વાજપાઇજીએ કહ્યું છે કે,

बाधाएँ आती है तो आए, घिरे जुल्म की घोर घटाएँ, पॉवों के नीचे अंगारे, सिर पर बसे यदि ज्वालाएँ,
निज हाथों से हॅसते हॅसते आग लगाकर चलना होगा, कदम मिलाकर चलना होगा , कदम मिलाकर चलना होगा ॥

માનનીય અધ્યક્ષશ્રી, English Philosopher, Victoria એ કહ્યું છે કે, "He who opens a school, closes a prison"

માનનીય અધ્યક્ષશ્રી, જયારે ભાજપની રાજય સરકાર માતા પિતાની જેમ કાર્યરત છે ત્યારે આવી પરિસ્થિતિ ના સર્જાય તે માટે રાજય સરકાર આ વિધેયક લાવે. જયારે ગુજરાત દેશનું ગ્રોથ એન્જીન છે અને બધામાં આગળ છે તો આવામાં પણ આગળ આવીને આ બિલમાં મને સહકાર આપે. આપણા ગતિશીલ ગુજરાતના ગતિશીલ માનનીય મુખ્ય મંત્રીશ્રીને અને એમની પૂરી ટીમને હું આગ્રહ કરું છું કે, આ બિલ ઉપર ગતિશીલતાથી સંમત થાય અને આ બિલને સમર્થન આપે. ગુજરાતમાં ભયમુકત શિક્ષણ જોઇએ તો આ માટે એ બિલની જરૂરત છે. માનનીય મંત્રીશ્રી વસુબહેન તો મારી મોટી બહેન સમાન છે. એ એકેડેમિક ડોક્ટર પણ છે અને પોતે કોલેજમાં ભણેલાં છે અને ભણાવે છે અને મહિલાઓ પ્રત્યે અત્યંત સંવેદનશીલ છે તો બહેનને હું આગ્રહ કરું છું.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી(માણસા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક– ૧૬ –ગુજરાત રેગીંગ અટકાવવા બાબતનું વિધેયક ડો. નિર્મલાબેન વાઘવાણી લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પુરાવું છે અને સૌ પ્રથમ બહેનને માગણી અને વિનંતી પણ કરું છું કે, તેઓશ્રી આ બિલ પરત ન ખેંચતા. ગઇ વખતે આ હાઉસમાં આ બિલ અમારા સભ્યશ્રી તેજશ્રીબેન લાવ્યા હતા, એ મંજૂર નહોતું કર્યું, માનનીય બલવંતસિંહ પણ લાવ્યા હતા પણ હવે છેવટે તમારા જ પક્ષના એક સભ્યશ્રીએ લાવવું પડ્યું છે એટલે એ જ બતાવે છે કે, એક વર્ષમાં આને અટકાવવા માટે તમે કશું કરી શક્યા નથી. આ બિલ ઘણુ અતિ મહત્વનું છે, એનું કારણ છે કે રેગીંગ એ ફકત ત્રણ અક્ષરનો શબ્દ નહીં પણ મારી ભાષામાં કહું તો એ એક રાક્ષસ સમાન છે. શૈક્ષણિક સંકુલોમાં આ રેગીંગ એટલું બધુ પ્રસરી ગયું છે કે, આપણા ગુજરાતમાં પહેલાં આવા કિસ્સાઓ બનતા ન હતા પણ આ દૂષણ હવે દિવસે દિવસે વધતું જાય છે એટલે આપણા સૌની સામૂહિક જવાબદારી છે કે, ક્યાંક ને ક્યાંક આપણે બધાએ એ જવાબદારી સ્વીકારીને આ પ્રશ્ન હલ થાય અને આવા કિસ્સાઓ આપણા ગુજરાતમાં કમસેકમ ન બને એનું ધ્યાન રાખીએ અને એના માટે સરકાર કડકમાં કડક કાયદો પણ અમલમાં લાવે.

આ રોગને જડમૂળથી આપણે ઉખાડવો પડશે, નહીં ઉખાડીએ તો આપણી ભવિષ્યની પેઢી, આપણી આવનારી પેઢી અને આવનારા બાળકોના માનસ ઉપર ઘણી મોટી ખરાબ અને વિપરિત અસરો પડશે. પક્ષાપક્ષી નહીં કરું,પણ ઘણીવાર એમ કહેવામાં આવે કે ૨૦૦૨ પછી ગુજરાતનો ઉદય થયો, ગુજરાતમાં ૨૦૦૨ પછી આવું કશું જ થયું નથી પણ ગયા વખતે પણ મેં ઘણા કિસ્સાઓ અહીંયાં ગૃહ સમક્ષ રજૂ કર્યા હતા. ચાહે અમદાવાદની બી.જે. મેડિકલ કોલેજ હોય, સંત નગરી જૂનાગઢનો કિસ્સો હોય, સુરતની ઇન્ટરનેશનલ સ્કૂલનો કિસ્સો હોય, બરોડા એમ.એસ. યુનિવર્સિટી, પ્રોફેસર મયૂર ગુપ્તાવાળી ઘટના હોય, આવી અનેક ઘટનાઓ બને છે. તો એના ઉપર કાયદાનો કડક અમલ કરાવીને આવી ઘટનાઓ રોકવી અતિ આવશ્યક છે. ગામડાંમાંથી દૂરના

તાલુકાઓમાંથી એમનાં મા બાપ સારું ભણવા માટે વિદ્યાર્થીઓને અહીંયાં મોટા શહેરોમાં મોકલતા હોય, સારી સંસ્થાઓમાં સારું શિક્ષણ લેવા માટે મોકલતા હોય પણ આવા લોકો જયારે રેગીંગનો ભોગ બને ત્યારે એ લોકોનું મનોબળ તૂટી જાય છે. કયાંક ને ક્યાંક એ સંસ્થામાં એ લોકો ફરી ભણવા જતા નથી અથવા તો અભ્યાસ છોડી દે છે એટલે દૂરથી જે આવેલા હોય ત્યારે એમના સપોર્ટમાં કોઇ હોતું પણ નથી, અને એના કોઇ સગાસંબંધી પણ નથી હોતા, કેટલીકવાર તો એ લોકો કોઇને કહી પણ નથી શકતા એવી પણ પરિસ્થિતિ ઉપસ્થિત થાય છે. એટલે આપણે આવા કિસ્સાઓમાં પણ ધ્યાન રાખવાની ખૂબ જ જરૂર છે અને આવા દીકરા–દીકરીઓ રેગીંગનો ભોગ ના બને એનું ધ્યાન પણ રાખવું જોઇએ. આ દૂષણ મોટી મોટી ખાલી એન્જીનિયરિંગ– મેડીકલ કોલેજ, પોલીટિકનીક કોલેજ તો ઠીક છે પણ ત્યાંની અંદરની કેન્ટીન અને મેસમાં પણ ઘૂસી ગયું છે. ઘણીવાર આપણે એક જ ગુલાબજાંબુ ખાવું હોય તો જબરજસ્તીથી સિનિયરો એમ કહે કે, ચાર ખા, પાંચ ખા, દસ ખા. એ રીતે શારીરિક પણ હેરાન કરી મૂકતા હોય છે એટલે શારીરિક, માનસિક એટલો બધો ત્રાસ અપાતો હોય છે કે જે અસહ્ય થઇ જાય છે અને ઘણીવાર આવા કિસ્સાઓના કારણે આત્મહત્યા પણ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ કરી લેવા પ્રેરાય છે. કોઇ પરિવારને એકનો એક દીકરો કે દીકરી હોય અને એ જો આવી ઘટનાનો ભોગ બને અને આત્મહત્યા કરે તો એ પરિવારનું દુઃખ પણ આપણે સમજવું જોઇએ. એટલે ખરેખર આ રેગીંગ અટકે એના માટે આપણે સૌએ સાથે મળીને પ્રયત્નો કરવા જોઇએ. પ્રાઇવેટ ઇન્સ્ટીટ્યૂટમાં ઘણીવાર આવા કિસ્સાઓ બનતા હોય છે પણ બહાર નથી આવતા. ઘણીવાર વાલીઓને બોલાવીને અંદર અંદર સમાધાન કરાવીને આવા કિસ્સાઓને દબાવી દેવામાં આવે છે. આવા કિસ્સાઓ દબાવી દઇએ એના કારણે બીજા લોકોને પણ પ્રેરણા અને બળ મળે છે એટલે આવા કિસ્સાઓ દબાય નહિ એના માટે વાલીઓમાં સભાનતા આવે એના માટેના કાર્યક્રમો રાખવા જોઇએ. હમણાં સાહેબ રજનીભાઇએ કહ્યું કે જેવું વિચારો તેવા બની જાય. એટલે આવા જે રેગીંગ કરનારાઓ છે એકવાર રેગીંગ કરીને છૂટી જાય તો ફરીવાર એ મજબૂત બની જાય અને પછી ક્રિમિનલ એકિટવિટીમાં જોડાય જાય તેવી પણ સંભાવના રહેલી છે. ઘણીવાર બહારના લુખ્ખા તત્વો કે અસામાજિક તત્વો આવી શાળાઓમાં કે આવા ઇન્સ્ટિટયૂટમાં આવીને આવા પ્રકારની ઘટનાઓને પાર પાડતા હોય છે. ખાસ કરીને પોલીસે પણ આનું ધ્યાન રાખવાની જરૂર છે. આપણે વાત કરીએ આ રેગીંગના પડઘા આપણા વિધાનસભાના દ્વારે પણ પહોંચી ચૂકયા છે. એનું કારણ કહું તો ઘણીવાર અમે પ્રશ્ન પૂછવા ઉભા થઇએ (અંતરાય) સમય પણ કાપી નાખવામાં આવે અને અમારા કરમશી કાકા આંગળી ઉંચી કરી કરીને થાકી જાય છે એટલે તમને કહું છું કે એમને ચાન્સ આપજો. •(xxx)

ઉપાધ્યક્ષશ્રી : આ શબ્દો હું રેકર્ડ ઉપરથી દુર કરૂ છું.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : સુપ્રીમ કોર્ટના આદેશ પછી યુજીસીએ દરેક આવી કોલેજોને શાળાઓમાં કમિટી બનાવવાનો આદેશ આપેલ છે. આવી કમિટીઓ આવા રેગીંગ અટકે એ માટે હર હંમેશ પ્રયત્નો કરતી હોય છે પણ સાથે સાથે આપણે વાલીઓ, પ્રોફેસરો કે ટીચીંગ સ્ટાફ અને સ્ટુડન્ટ એ લોકોને ભેગા કરીને સંવાદ દર છ મહિને કે વર્ષે ગોઠવાય તો આવી ઘણી બધી ઘટનાઓ આપણે રોકી પણ શકીએ અને બીજી નમ્ર વિનંતી છે કે ઘણી બધી જગ્યાએ સ્ટાફનો પણ અભાવ છે. જેના કારણે જે ઘટનાઓ બહાર બનતી હોય છે, કોલેજ કેમ્પસની અંદર બિલ્ડિંગમાં બનતી હોય કે મેદાનમાં બનતી હોય એના ઉપર પૂરતું ધ્યાન નથી રાખી શકતા. જે ગુરૂજનો છે, શિક્ષકો છે એને ફિકસ પગાર આપીએ છીએ તો સરકાર એને પૂરો પગાર આપે એમના ઉપર સરકાર પ્રેરિત રેગીંગ બંધ થાય અને એમને ફુલ પગાર આપીએ. અમારા એન.એસ.યુ. અને યુથ કોંગ્રેસના છોકરાઓને અટકાવવા ઘણા પ્રયત્નો કર્યા છે અને એમને જેલમાં પૂરી દે છે તો એ પણ બંધ કરવાની જરૂર છે.

શ્રીમતી સંગીતાબહેન રા. પાટીલ(લિંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત શૈક્ષણિક સંસ્થાઓમાં રેગીંગ અટકાવવા બાબતે માનનીય સભ્ય શ્રીમતી નિર્મળાબેન વાધવાણી બિન સરકારી વિધેયક, ૨૦૧૬ લઇને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે પરંતુ રાજય સરકાર દ્વારા જયારે વર્ષે ૨૦૦૯માં આ અંગે પૂરતી જોગવાઇ થઇ છે ત્યારે હું માનનીય સભ્યશ્રીને સમર્થન આપતી નથી અને આ સભાગૃહને કેટલીક બાબતોથી અવગત કરાવવા માગું છું.

ખાસ કરીને રેગીંગ એ શૈક્ષણિક સંસ્થાઓમાં માનવ અધિકારનો ભંગ કરતી એક પ્રકારની ગુનાહિત પ્રવૃત્તિ છે. આ પ્રકારની ગુનાહિત પ્રવૃત્તિ વિશેષ કરીને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે યુનિવર્સિટી એન્જિનિયરીંગ કોલેજ હોય, મેડિકલ કોલેજ તથા મિલેટરી કોલેજના સ્તરે વધુમાં વધુ જોવા મળે છે. માનનીય સભ્યશ્રી જે બિન સરકારી વિધેયક લાવ્યા છે એ સમાજની ચિંતાનો વિષય છે. આપણા સૌની ચિંતાનો વિષય છે, એમની ચિંતા સકારણ છે. સ્વાભાવિક રીતે ઉચ્ચ શિક્ષણમાં અને એમાંય વિશેષ કરીને એન્જિનિયરીંગમાં આવી પ્રવૃત્તિ ચાલવાની જયારે શરૂઆત થતી હોય ત્યારે તેને પહેલેથી જ બંધ કરી દેવી જોઇએ. આપણે ત્યાં વિદ્યાર્થી કોલેજમાં જતો હોય ત્યારથી આચાર્ય અને પ્રાધ્યાપકો આ નવા આગંતૂક વિદ્યાર્થીઓની ખૂબ સારી સરભરા કરતા હોય છે. પરંતુ આપણે જયારે આંતરરાષ્ટ્રીય ફલક ઉપર જોતા હોઇએ છીએ ત્યારે ગુજરાતમાં શિક્ષણનો વ્યાપ જે રીતે વધી રહ્યો છે તે પ્રમાણે અન્ય રાજયોના વિદ્યાર્થીઓ પણ અહીં આવતા હોય છે અને એટલા માટે આ બધા સંજોગોને ધ્યાનમાં રાખીને રાજય સરકારે અનેકવિધ પગલાં લીધા છે. મારે અહીં એક વાત કરવી છે. ગુજરાતની એક અનોખી અસ્મિતા છે. ગુજરાતના લોહીમાં સંસ્કાર ભરેલા છે. અહીં કયાંય પણ રેગીંગ દેખાતું નથી. મારા સુરત શહેરની વાત કરું તો સુરત શહેરમાં હજુ સુધી એક પણ રેગીંગનો કિસ્સો મને દેખાતો નથી. સમાજમાં, રાજયમાં શૈક્ષણિક સંસ્થાઓમાં કયાંય પણ આવા બનાવો ન જ બનવા જોઇએ અને તેના માટે સરકારે કાળજી લીધેલી છે. તકેદારીના પગલાં સરકારે પૂરતા પ્રમાણમાં લીધા છે. તેનું આયોજન સરળતાપૂર્વક કર્યું છે. રેગીંગ એ વિશેષ કરીને કોલેજોમાં સિનિયર વિદ્યાર્થી દ્વારા નવા વિદ્યાર્થીઓને માનસિક, શારીરિક અને અમુક વખતે આર્થિક પ્રકારની

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

સતામણીના કિસ્સા પ્રકાશમાં આવ્યા છે. હાલમાં જોવા મળતી આ પ્રકારની પ્રવૃત્તિઓમાં જાતિય શોષણનો સમાવેશ થાય, આમ આ પ્રકારની કોઇ પણ પ્રવૃત્તિ તંદુરસ્ત સમાજ અને શૈક્ષણિક વ્યવસ્થા માટે ઇચ્છનીય નથી. જિલ્લા કક્ષાએ અને રાજય કક્ષાએ આ પ્રકારનું દૂષણ અટકાવવા માટે વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી છે. આ કમિટીમાં આવતા બધા જ પ્રતિનિધિ દ્વારા બેઠકો યોજીને આ દિશામાં રેગીંગને લગતી કોઇ પણ પ્રવૃત્તિ ન થાય તે માટે પ્રયત્નશીલ છે. રેગીંગ ન થાય તે માટે રાજય સરકારે એન્ટી રેગીંગ કમિટી, એન્ટી રેગીંગ સ્કવોર્ડ, ઇમરજન્સી હેલ્પલાઇન કમિટી, સ્ટુડન્ટ કાઉન્સેલીંગ અને ડિસીપ્લીન કમિટી, Anti-ragging Curbing Ladies Committeesની રચના કરવામાં આવી છે. જે.એન.યુ.ની ઘટના આપણાં સૌ માટે દુઃખનો વિષય છે પણ મને સમજાતું નથી કે સામે પક્ષે જે.એન.યુ.ના વિષયને કેમ સમર્થન આપવામાં આવે છે. આપણાં સૌનું સ્વપ્ન આ ભારત માતાને પરમ વૈભવના શિખરે પહોંચાડવાનું છે. ત્યારે દેશ વિરોધી બાબતોને કોઇ પણ સંજોગોમાં સહન કરવી જોઇએ નહીં. તેના માટે આ રાજય સરકાર દ્વારા સંસ્થાના આદરણીય પદાધિકારી હોય, આચાર્ય હોય અને સિનિયર વિદ્યાર્થી દ્વારા માર્ગદર્શન અને આયોજન કરવામાં આવે છે. આપણે સૌએ એ વાત સમજવી જોઇએ કે શિક્ષણનો પાયાનો સિદ્ધાંત એ છે કે કશું શીખીને આવતા નથી. બધું શીખવું પડે છે. બધું શીખવાનું હોય છે. રાજય સરકારે સર્વ પ્રકારની ચિંતા કરી છે. આમૂલ પરિવર્તન કર્યા છે એટલે ગુજરાતમાં આ વિધેયકની જરૂર જણાતી નથી. આમ, રાજય સરકાર દ્વારા જે કોઇ જોગવાઇ કરવામાં આવેલ છે તેને ધ્યાને લેતાં માનનીય સભ્યશ્રી દ્વારા લાવવામાં આવેલ બિન સરકારી વિધેયકની જોગવાઇના અનુસંધાને રાજય સરકાર દ્વારા પૂરતી કાળજી લેવામાં આવેલ છે. ત્યારે માનનીય સભ્યશ્રી દ્વારા સૂચવવામાં આવેલ આ બિન સરકારી વિધેયકનો વિરોધ કરીને આ વિધેયક પરત ખેંચવા માનનીય સભ્યશ્રી નિર્મલાબેન વાઘવાણીને હું વિનંતી કરું છું.

શ્રી રણજિતભાઇ મં. ગિલિટવાલા(સુરત(પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના માનનીય સદસ્ય ડો. નિર્મલાબેન વાઘવાણી ગુજરાત પ્રોહિબિશન ઓફ રેગીંગ બિલ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ડો. વાઘવાણીને આ બિલ લાવવા માટે હું અભિનંદન આપું છું. જેમ કહેવાયું તેમ વર્તમાન સમયમાં શૈક્ષણિક સંકૂલોમાં રેગીંગ અંગેની ફરિયાદોમાં નોંધપાત્ર વધારો થયો છે. રેગીંગ એ શૈક્ષણિક સંસ્થાઓમાં ફેલાયેલું એક કલંક છે. જે જડમૂળથી નાબૂદ કરવાના ઉદ્દેશ સાથે આ બિલ લાવવામાં આવ્યું છે. રેગીંગ એક અપરાધ કહી શકાય. રેગીંગનો ભોગ બનનાર સ્ટૂડન્ટની જીંદગી ઉપર ગંભીર અસર કરનારો આ અપરાધ છે. જે છોકરા કે છોકરી ઉપર રેગીંગ થાય છે એના મનમાંથી પાંચ-દસ વર્ષ સુધી એ બનેલો બનાવ નીકળી શકતો નથી. એવી ગંભીર અસર એના ઉપર થતી હોય છે. રેગીંગ સ્ટુડન્ટની લાઇફ ઉપર અસર કરે છે. સ્ટુડન્ટના પરિવારજનોને સામાજિક હિનતામાં ધકેલે છે. સ્ટુડન્ટ હેરાન થાય છે પણ એના મા-બાપની હાલત શું થતી હશે. ઘાયલ કી ગત ઘાયલ જાણે. જે વિદ્યાર્થી ઉપર આ બનાવ બન્યો હોય એને અને એના મા-બાપને જ ખ્યાલ આવતો હોય છે કે આ શું થઇ ગયું? રેગીંગ જેવા અપરાધને નાથવાની જરૂર છે. એટલા માટે આ બિલ લાવવામાં આવ્યું છે. હું બિલની જોગવાઇઓ વિશે ટૂંકાણમાં થોડીક વાત કરી લઉં. બિલના section 2(a) 'educational institution', under section 2(b) 'head of the educational institution' and section 2(c) માં રેગીંગની વ્યાખ્યા કરવામાં આવી છે. આ બિલની અંદર મુળ શબ્દ રેગીંગ જેના ઉપર ચર્ચા કરી રહ્યા છીએ. Under section 2 (c), 'ragging' means display of disorderly conduct, doing any act which causes or is likely to cause physical or psychological harm or raise apprehension or fear or shame or embarrassment to a student in any educational institution and includes.. રેગીંગમાં સાહેબ teasing, abusing, threatening or playing practical jokes on or causing hurt to such student or asking a student to do any act or perform something which such student will not, in the ordinary course, willing to do આવે છે. Ragging એટલે જે મુળ સ્વરૂપમાં જોયું કોલેજની અંદર પેલા પિક્ચરમાં બતાવ્યું છે કે તુ આમ કર અને તેમ કર, ગંજી કાઢ એ બતાવેલું છે. એ રેગીંગ જ છે. એટલે આપણા મગજમાં મોટા ભાગે આ રેગીંગ છે. એટલે રેગીંગની વ્યાખ્યા આ બિલમાં કરવામાં આવેલી છે. Under section 3, ragging within or outside any educational institution is offence punishable under this Act. રેગીંગના ગુન્હા માટે દોષિત થવાથી બે વર્ષની કેદની સજા તથા રૂ.૧૦,૦૦૦/- સુધીનો દંડ થઇ શકે છે. રેગીંગના ગુન્હા માટે દોષિત વ્યક્તિ વિદ્યાર્થી હોય, એવી જ રીતે સ્ટૂડન્ટ તેને શૈક્ષણિક સંકુલમાંથી બરતરફ કરવા જોઇશે. બરતરફના હુકમથી પાંચ વર્ષ સુધી એ કોઇપણ અધર એજ્યુકેશન માટે ઇન્સ્ટિટ્યૂશનમાં પ્રવેશ મળી શકશે નહીં. એવી આ બિલમાં જોગવાઇ છે. બીજી પણ જોગવાઇ કરવામાં આવી છે કે લેખિતમાં ફરિયાદ મળ્યેથી શૈક્ષણિક સંસ્થાના વડાએ સાત દિવસમાં તપાસ કરી દેવાની રહેશે અને ફરિયાદ પ્રથમદર્શીય સાચી જણાય તો બિલમાં જણાવ્યા મુજબની સજાની કાર્યવાહી કરવાની રહેશે. શૈક્ષણિક સંસ્થામાં કોઇપણ અરજી લેખિત સ્વરૂપમાં સ્ટૂડન્ટ પોતે કરે કે શિક્ષક આવી કોઇ ફરિયાદ કરે તો એણે આ કામગીરી કરવાની રહેશે. શૈક્ષણિક સંસ્થાના વડા ફરિયાદનો નિકાલ સમય મર્યાદામાં કરવામાં નિષ્ફળ જાય તો તેની સામે પણ કલમ-જની જોગવાઇ પ્રમાણે શિક્ષા કરવામાં આવશે. આ બિલનો ઉદ્દેશ અને એની પાછળનું લીગલ પ્રોવિઝન શું હોઇ શકે? એની પાછળ પેનલ્ટી શું હોઇ શકે? અને સરકારને રૂલ્સ બનાવવા માટે પણ આ બિલમાં પ્રોવિઝન કરવામાં આવ્યું છે ત્યારે આટલા મારા વિચારો સાથે મારી વાત પૂરી કરું છું.

પ્રો વસુબેન ન. ત્રિવેદી ( શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ડો. વાઘવાણી એન્ટી રેગીંગ બિનસરકારી વિધેયક લઇને આવ્યા છે હું એ અંગે રાજય સરકારે શું કર્યુ છે અને બીજું શું કરવા માગે છે એની કેટલીક વાતો રજૂ કરવા માગુ છું. ગુજરાતની શૈક્ષણિક સંસ્થાઓમાં રેગીંગ અટકાવવાના સંદર્ભમાં માનનીય અમિતભાઇ, માનનીય સંગીતાબેન , માનનીય ગિલિટવાલાએ અને અન્ય લોકોએ આ બાબતમાં પોતાના વિચારો રજૂ કર્યા. આખો દેશ અને આપણું રાજય એમાં યુવાનોની

વસ્તી વધારે છે અને એટલે જ એને યુવાનોનું રાજય કે યુવાનોનો દેશ અમે કહીએ છીએ. આજના મારા વિદ્યાર્થીઓ સ્વાભિમાની અને મહત્વાકાંક્ષી બન્યા છે. તેમનું સપનું આ ગુજરાતને અને દેશને દિવ્ય અને ભવ્ય બનાવવાનું છે. કયાંક સાંસ્કૃતિક પ્રદૂષણનો ભોગ કોઇ ના બને તેની કાળજી રાખવા માટે મારો વિદ્યાર્થી જાગૃત બન્યો છે, વિદ્યાર્થિની જાગૃત બની છે. કોઈપણ કાર્યક્રમની શરુઆત આ રાજય સરકાર કરે, શાળાઓ હોય, કોલેજ હોય કે કોઇ સરકારી કાર્યક્રમ હોય ત્યારે એક સુંદર મજાના ગીતથી અમે આ કાર્યક્રમની શરૂઆત કરીએ છીએ ‘‘ ધરતી કી શાન તું હે, પ્રભુ કી સંતાન, તેરી મુઠ્ઠી ઓ મેં બંધ તુફાન હૈ, મનુષ્ય તું બડા મહાન હૈ ” આજનો વિદ્યાર્થી ભવિષ્યનો મહાન વ્યકિત બને, સ્વામિ વિવેકાનંદ જેવા વ્યકિતત્વ નિર્માણની વાત લઇને આગળ વધે, એના પાયા પણ ખોદવાની શરૂઆત, એના પાયામાં આ વાત પડે એની અમે વાત કરીએ છીએ અને એટલે એવું લાગે છે ‘‘ જય સોમનાથ જય દ્વારકેશ, જય બોલો વિશ્વના નાથની સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ યશગાથા ગુજરાતની. ” મને એમ લાગે છે કે ગુજરાતની સ્થાપના પછીનો આજનો આ કાળ એ સ્વર્ણિમ અક્ષરે લોકો ઈતિહાસ લખે એ કાળ આવી રહ્યો છે અને એટલે જ કવિ નર્મદને વિદ્યાર્થીઓ તો ભૂલી ગયા હતા. આ રાજય સરકારે માનનીય વડાપ્રધાન અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ જ્ઞાન શકિતના આધાર ઉપર ગુજરાતને ખડું કર્યુ ત્યારે આ બધી વાતોનું ધ્યાન રાખ્યું અને એટલે જ કવિ નર્મદ યાદ આવે કે ‘‘ ઉગશે અરૂણ પ્રભાત, જય જય ગરવી ગુજરાત. ”આજે લોકો જય જય ગરવી ગુજરાતને ઓળખતા થયા છે. અમિતભાઈએ યુવા કોંગ્રેસના નેતાની વાત કરી, સારું થયું એમણે વાત કરી, યુવા કોંગ્રેસના નેતાની વાત કરે ને ત્યારે મારો ધબકાર ભૂલી જઉ એવું મને લાગતું હતું. એક સાહની કાંડ, તાંદુર કાંડ, સમગ્ર દેશ અને રાજયની બહેનો આજે પણ ભૂલી નથી. મારે એ વાત પર જવું નથી. કેટલીક મહત્વની મારી સરકારની કાર્યપદ્ધતિ વિશે હું કહું વાત કરું. (અંતરાય) નામદાર સર્વોચ્ચ અદાલતે સિવિલ પીટીશન નં. ૮૮૭/૯માં ૮-૫-૦૯ના ચૂકાદાથી આપેલા નિર્દેશો મુજબ રાજયમાં આ પ્રદૂષણને અટકાવવા માટે રાજય સ્તરે, જિલ્લા સ્તરે તેમજ સંસ્થાકીય સ્તરે વિવિધ સમિતઓની રચના કરવાની જોગવાઇ તાઃ ૧૪-૭-૦૯ના ઠરાવથી અમલમાં મૂકી છે. સંસ્થાકીય સ્તરે કરવામાં આવેલી સમિતિની રચનામાં સંસ્થાના અધ્યક્ષ ઉપરાંત સંબંધિત વિસ્તારના પોલીસ ઈન્સ્પેકટર સભ્ય હોય. સ્થાનિક એન.જી.ઓ.ના પ્રતિનિધિ, લોકલ મીડીયાના સભ્ય ઉપરાંત સંબંધિત વિસ્તારના મામલતદાર સિમિતના સભ્યો છે. આ ઉપરાંત વિદ્યાર્થી પ્રતિનિધિ, વાલી પ્રતિનિધિ, નોન ટીચીંગ સ્ટાફના પણ સભ્ય તરીકે પ્રતિનિધિનો સમાવેશ કરવામાં આવ્યો છે. રાજય સરકાર દ્વારા આ સમિતિઓની રચના રેગીંગનો કમનસીબ બનાવ બન્યા પછી ન્યાયિક શિક્ષાત્મક કાર્યવાહી કરવા માટે જે કંઇ કરવું પડે એ કરવા માટે કટિબદ્ધ છે. એનાથી જરાક આગળ વધીને કહું તો રાજય સરકાર દ્વારા આવા બનાવો બને જ નહીં તે માટે શૈક્ષણિક સંસ્થાઓમાં એન્ટી રેગીંગ સ્કવોર્ડની રચના કરી છે. એમાં રેકટરશ્રી, સીનીયર, જુનીયર વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓનો સમાવેશ પણ કરેલો છે. આ ઉપરાંત રાજયની પ્રોફેશનલ અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાઓમાં સ્ટુડન્ટ કાઉન્સિલની એન્ટી રેગીંગ સ્કવોડ અને ઈમરજન્સી હેલ્પલાઇન કમિટી એન્ડ ડિસિપ્લીન કમિટી તેમજ એન્ટી રેગીંગ લેડીઝ કમિટીની રચના પણ રાજય સરકારે કરી છે. આવા કોઇપણ પ્રકારના બનાવો બને નહીં અને મને વાત કરતા સારી લાગણી આવે છે કે આ રાજયની અંદર કોલેજો અને શાળાઓમાં આવા પ્રસંગો બનવાના બનાવો ઘટયા છે. સન્માનનીય ગૃહને હું જણાવવા માગું છું કે, રેગીંગ જેવી પ્રવૃત્તિઓ ન થાય તે માટે વિદ્યાર્થીઓમાં પરસ્પર વિશ્વાસ, સદભાવ જળવાય એ માટે નવા સત્રના પ્રારંભે નવા અને જૂના વિદ્યાર્થીઓની એક બેઠક યોજવામાં આવે છે. પરસ્પરનો પરિચય કરાવવામાં આવે છે. પરસ્પર મદદરૂપ થવાની ભાવના વિકસે, વસુધૈવ કુટુંબકમ્ ની ભાવના વિકસે એવા પ્રયાસો રાજ્ય સરકારના કાર્યક્રમોથી કરવામાં આવે છે. રાજ્ય કક્ષાએ રેગીંગના દૂષણને ડામવા માટે એક મોનિટરીંગ સેલની પણ રચના કરી છે. ઉચ્ચ શિક્ષણ કમિશનરના અધ્યક્ષપદે આ કમિટિની રચના કરી છે. એડિશનલ ડી.જી.પી. (લો એન્ડ ઓર્ડર), એડિશનલ કમિશનર, આરોગ્ય, શિક્ષણ, નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણ તેમજ અન્ય અધિકારીઓનો સમાવેશ કર્યો છે. આ સંસ્થા કક્ષાએ, જિલ્લા કક્ષાએ અને રાજ્ય કક્ષાએ આ બાબતે રાજ્ય સરકાર ગંભીરતાપૂર્વક ઠોસ પ્રયત્નો કરી રહી છે અને પરિણામે આ દૂષણ ઘટયું હોય એવો અનુભવ રાજ્યની જનતા અનુભવી રહી છે. ગુજરાત રેગીંગ અટકાવવા અંગેનું વિધેયક ગૃહના સભ્ય ડો. તેજશ્રીબેન લાવ્યા હતા. એમણે કહ્યું હતું કે, વિધેયકની ચર્ચામાં એમ કહ્યું હતું કે દિવસોની ઉજવણી કરવામાં આવે. વેસ્ટર્ન કલ્ચર અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કર્યો હતો. હું માનું છું કે આપણા રાજ્યમાં અને આપણા દેશમાં સાંસ્કૃત્તિક પ્રદૂષણ વધ્યું છે. પરંતુ એને નિવારવાના ઉપાયો અમે શું કર્યા? માનનીય મુખ્યમંત્રી અને જે તે વખતના શિક્ષણ મંત્રીશ્રી શાળા અને કોલેજોમાં જતા હતા. એમણે કહ્યું કે રોઝ ડે ની ઉજવણી કરીએ પણ રોઝ ડેની ઉજવણીમાં દરેક વિદ્યાર્થી એક ગુલાબનું કુંડું શાળામાં મૂકે અને ઉછેરે. ફ્રેન્ડશીપ ડે, શું રક્ષા દિવસ ન ઉજવી શકાય? બાંધણીનો દિવસ, જે કારીગરો કામ કરે છે એને રોજીરોટી મળે એ પ્રકારના ડેની ઉજવણીનું સૂચન કર્યું હતું. ફ્રુટ ડે, સાઇકલ ડે અને આજે વાત થઇ પાણી બચાવવાનો દિવસ છે. તો પાણી બચાવવા માટેના ઉપાયો આપણે ન કરી શકીએ? મારી બહેનોને હું અભિનંદન આપું છું. હોળીનો તહેવાર આવે છે, કેસરી કલરના કપડા પહેરીને કેસરી ડેની ઉજવણી કરી, એક પ્રજોમય, તેજોમય ગુજરાત બને એનો સંદેશો મારી બહેનોએ આ ગૃહને આપ્યો. મને લાગે છે કે રાજ્ય સરકાર બધું કરે છે, કડક કાનૂની કાર્યવાહી પણ કરે, સંસ્થામાંથી એનો પ્રવેશ પણ રદ કરે, વિદ્યાર્થીને પરીક્ષામાં ન બેસવા દેવાય, વિદ્યાર્થીને એના વાલી પાસેથી બોન્ડ જમા કરાવવા સહિતના અંતિમ પગલાં આપણે કરીએ છીએ. વિદેશથી ભણવા આવતા વિદ્યાર્થીઓનું પણ અહિત ન થાય અને આપણા વિદ્યાર્થીઓનું અહિત ન થાય એની કાળજી આપણે રાખીએ છીએ. રેગીંગ બે પ્રકારના છે. એક માનસિક રેગીંગ અને બીજું શારીરિક રેગીંગ. અહીંયા જે વાત થઇ એ બે પ્રકારની વાત થઇ. જે.એન.યુ.માં, આ દેશના વિશ્વ વિદ્યાલયમાં દેશના મૂલ્યોની જાળવણીના બદલે, અખંડ ભારત કરવાની વાત કરવાના બદલે, ભારત માતાકી જય બોલવાના બદલે પાકિસ્તાન ઝિંદાબાદના નારા થાય એ સમગ્ર દેશનું માનસિક રેગીંગ થયું હતું. મેં એટલા માટે કહ્યું હતું કે, (અંતરાય) વિદ્યાલયની વાત થઇ છે, આ વિશ્વવિદ્યાલયની વાત થઇ છે

એટલા માટે મેં મારી વાત કરી છે. હું માનું છું કે રેગીંગ અટકે એ આપણા સૌની સહિયારી જવાબદારી છે અને એટલા માટે જે વિધેયક લઇને બેન નિર્મળાબેન આવ્યા છે એ વાતમાં દમ છે પણ એ ન થાય એના માટેની આપણી સામૂહિક જવાબદારી છે. હું બેનને વિનંતી કરીશ કે આ રાજ્યમાં ખૂબ સારા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ૧૮૧–અભયમ જેવી સેવા ચાલુ કરીને તાત્કાલિક મદદ મળી રહે એવી વ્યવસ્થા કરી છે ત્યારે આ રાજ્ય સરકારના કામને સમર્થન કરે અને એમનું બિલ સર્વાનુમતે મંજૂર કરવામાં ન આવે એવી હું વિનંતી કરું છું.

શ્રી નિર્મલાબહેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારા બિલ ઉપર માનનીય મંત્રીશ્રી ડો. વસુબેન ત્રિવેદી, મારા સાથી ધારાસભ્ય માનનીય શ્રીમતી સંગીતાબેન પાટિલ, શ્રીમાન રણજિતભાઇ ગિલિટવાલા, શ્રીમાન અમિતભાઇ ચૌધરીએ પોતાના વિચારો વ્યક્ત કર્યા એ બધાનો હું આભાર માનું છું.

માનનીય મંત્રીશ્રી સમક્ષ મારું એક સૂચન છે કે જે એન્ટી રેગીંગ (અંતરાય) ટીમ દ્વારા જે કામગીરી થાય છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : પ્લીઝ, પછી પૂછજોને. બેસી જાવ.

શ્રી નિર્મલાબહેન સુ. વાધવાણી : એને સોશ્યલ મિડિયાનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સમુદાય સુધી પહોંચાડીને વિદ્યાર્થીઓની જિંદગીમાં હકારાત્મક કામગીરી થાય અને યુવાનો વધારે ને વધારે માહિતગાર થાય એવી હું રજૂઆત કરું છું અને બીજું, આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી જ્યારે મન કી વાતમાં વિદ્યાર્થીઓના ભવિષ્યને લઇને ચિંતિત રહે છે તો આ વિષયને પણ મન કી વાતમાં આવરી લે એવી મારી ઇચ્છા છે. માનનીય મંત્રીશ્રી ડો. વસુબેને એક સિનિયર તરીકે એક ગાઇડની જેમ જે એન્ટી રેગિંગ વિષય ઉપર માર્ગદર્શન આપ્યું અને જ્યારે એટલું બધું ઇન્ફ્રાસ્ટ્રકચર અવેલબલ છે અને સરકાર પણ ઊંડાણપૂર્વક કામ કરી રહી છે તો રાજ્ય સરકાર આટલું બધું સકારાત્મક કાર્ય કરી રહી છે જેનાથી કોલેજોમાં શિક્ષણનું વાતાવરણ સૂમેળપૂર્ણ રહેશે એવી મને ખાતરી થઇ છે એના માટે માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૧૬ – સન ૨૦૧૬નું ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક પાછું ખેંચ લેવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી નિર્મલાબહેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૧૬ પાછું ખેંચી લઉં છું.

ઉપાધ્યક્ષશ્રી : સર્વાનુમતે વિધેયક પાછું ખેંચવામાં આવે છે.

સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧૨–૫૨ વાગ્યે પુરું થતાં સભાગૃહ, ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર બીજી બેઠક માટે બપોરના ૨–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

તા. ૨૨મી માર્ચ, ૨૦૨૧

તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા

મંગળવાર, તા. ૨૨મી માર્ચ, ૨૦૧૬

ચૈત્ર ૨, ૧૯૩૮ શાકે

બીજી બેઠક

સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે મળ્યું.

અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

ખંભાલીયા તાલુકામાં એસ્સાર કંપનીને નીતિ વિરૂધ્ધ ગૌચરની જમીન ફાળવવા બાબત

* ૨૬૪૨૭ શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે તા.૧-૪-૨૦૧૫ના ઠરાવથી 'ગૌચર વ્યવસ્થાપન કરવા અંગેની નીતિ' પ્રસિધ્ધ કરી છે અને ગૌચરની ઉપલબ્ધ જમીન ઓછી ન થાય તે રીતે તમામ હેતુ માટે ગૌચરની જમીનની ફાળવણી ઉપર નિયંત્રણ રાખવા આદેશ કર્યો છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો દેવભુમિ દ્વારકા જિલ્લાના ખંભાલિયા તાલુકામાં એસ્સાર કંપનીને ઉપરોક્ત જોગવાઈની વિરૂધ્ધ જઈને તા.૧-૪-૨૦૧૫ થી તા.૩૧-૧-૨૦૧૬ સુધીમાં ગૌચરની જમીનની ગેરકાયદે ફાળવણી કરવામાં આવી છે તે હકીકત સાચી છે, | (૨) ના, જી. |
| (૩) ઉપરોક્ત કિસ્સામાં આ કંપનીને કેટલી જમીન શી કિંમતે ફાળવવામાં આવી છે અને આ ફાળવણી કરવાના શા કારણો છે, અને | (૩) આ કંપનીને ૧૩૭૪૬ ચો.મી. ગૌચરની જમીન રૂ.૨,૦૧,૯૪,૯૨૮/- ની કિંમતે તથા વધુમાં ગૌચર સુધારણા માટે બજાર કિંમતના ૩૦% લેખે રૂ.૬૦,૫૮,૪૭૮/- વસુલીને ફાળવવામાં આવી છે. તદઉપરાંત સદર ફાળવેલ ગૌચરની જમીનના બદલામાં કંપની પાસેથી તેટલી જ જમીન ગૌચરના હેતુ માટે લેવામાં આવી છે, અને આ ફાળવણી ઉપરથી પસાર થતાં કન્વેયર બેલ્ટના કુર્ટીંગના ઔદ્યોગિક હેતુસર કરવામાં આવી છે. |
| (૪) ગેરકાયદે ગૌચરની ફાળવણી રદ કરવા રાજ્ય સરકારે શા આદેશો કર્યા છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી મેરામણભાઈ મા. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, મારો જિલ્લો દેવભૂમિ દ્વારકા એટલે ભગવાન શ્રીકૃષ્ણની ભૂમિ, આ ભૂમિ માટે ગાયો માટે આશરો કહેવાય એવું ગૌચર એ આજે કંપનીને વેંચી નાખ્યું છે એની બાબતમાં મારા બે પ્રશ્નો છે. આ ગૌચરની જમીન એસ્સાર કંપનીને ફાળવણી માટે અત્યંત અનિવાર્યતા શું હતી? આ ફાળવણીમાં સ્થાનિક લોકોનું શું હિત હતું અને આ ઉદ્યોગ નવો સ્થપાય તેના વીસ વર્ષ થયા છે તો આ ગૌચર અને સુપ્રિમનો, હાઇ કોર્ટનો ઓર્ડર છે કે, ભાઇ ગૌચર આપવું નહીં પણ આજે સરકારે આપ્યું છે એના માટે પ્રશ્ન પૂછ્યો છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મેરામણભાઇ જેમાં એમના પ્રશ્ન ની પૂર્ણાહુતી કરી ત્યાંથી હું જવાબની શરૂઆત કરું, આખી વિગત પણ હું આપીશ. એસ્સાર કંપની જામનગર જિલ્લામાં રિફાઇનરી ધરાવે છે અને મોટો પાવર પ્લાન્ટ પણ ધરાવે છે. એ પાવર પ્લાન્ટની જે વીજળી ઉત્પન્ન થાય એ રાજ્ય અને દેશના ઉપયોગ માટે આપણી સંસ્થાઓ લેતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે એના કોલસાને ટ્રાન્સપોર્ટ કરવા માટે કોલસો આવે એને અન્ય જગ્યાએ ખસેડવા માટે, અગાઉ ટ્રકો દ્વારા આ કોલસો ફેરવતા હતા. કન્વેયર બેલ્ટની સુવિધા પ્રાપ્ત થાય તો ઓછા ખર્ચે, ઝડપથી, કોઇને નડતર ના થાય, રોડ ઉપર ટ્રાફિક ના થાય, વગેરે થાય તો કોલસો સરળતાથી આવી શકે. એટલે જે તે વખતે એમણે રાજ્ય સરકાર પાસે જે જમીન વેચાણ માગી એ જમીન ઉપર કન્વેયર બેલ્ટ નાખવામાં આવ્યો છે. કે જેના ઉપર કોલસો નાખ્યો હોય તો કન્વેયર બેલ્ટથી એ કોલસો બીજી સાઇટ ઉપર આવે અને ત્યાં એમનો કોલ ડેપો એટલે કોલસાનો સંગ્રહ કરવાનું સ્થળ છે અને ઉપયોગ કરવાનું પણ સ્થળ છે તો ત્યાં એનો સંગ્રહ થાય એટલે કુલ જમીન અપાઇ છે એમાંથી ઘણી જ મર્યાદિત જમીન ગૌચરવાળી છે. એટલે માનનીય મેરામણભાઇએ કહ્યું કે, હાઇ કોર્ટ અને સુપ્રિમ કોર્ટ, તો રાજ્ય સરકારે આ જે જમીન ફાળવી, એ મૂળ જમીનની કિંમત વત્તા ગુજરાત સરકારની નીતિ પ્રમાણે જેમને ગૌચર પૈકીની જમીન આપણે ફાળવીએ એ જમીનની મૂળ કિંમત ઉપર ૩૦ ટકા વધારાની કિંમત લઇ અને એ જે

કિંમત આવે એ ગ્રામ પંચાયતને ફળવવાની હોય છે, જેથી ગામ પોતે એ રકમમાંથી ગૌચરનો વિકાસ કરી શકે અથવા એને જરૂર હોય એ પ્રમાણેનો ઉપયોગ કરી શકે.

બીજું, બીજી પણ આપણી જે વ્યવસ્થા છે એ પ્રમાણે જે વ્યક્તિને, જે સંસ્થાને જેટલી ગૌચર જમીન એમના કામ માટે આપી હોય તેટલી ખાનગી જમીન એ સંસ્થાએ સરકારને ગૌચરના ઉપયોગ માટે પોતાની મિલકતની અથવા તો ખરીદેલી જમીન સામે આપવાની હોય છે. એટલે એસ્સારને આપણે ને જમીન આપી તે જમીન પૈકીનો ખૂબ નાનો હિસ્સો ગૌચરનો છે, એ જમીનની સામે પોતાની માલિકીની અન્ય જમીન એ ગૌચર તરીકે વિકસાવવા માટે એસ્સારે સરકારને આપી વત્તા એના ઉપર ૩૦ ટકા વધારાની આપણે કિંમત લીધી અને બીજું આ બધી પ્રક્રિયા થઇ એટલે એની સામે સ્થાનિક કક્ષાએ કેટલાક લોકોએ નામદાર ગુજરાત હાઇ કોર્ટમાં પી.આઇ.એલ. દાખલ કરી, પી.આઇ.એલ. નંબર ૧૩૬/ ૨૧૫ એમાં હાઇકોર્ટમાં કેસ ચાલ્યો અને હાઇકોર્ટે ગુજરાત સરકારની જે નીતિ છે, ગુજરાત સરકારની આ જે પ્રક્રિયા છે એ પ્રક્રિયાના અને પદ્ધતિના બહુ સારી રીતે વખાણ કર્યા કે આ પ્રક્રિયા સારી છે, વિકાસ માટેની છે, ગૌચર જળવાઇ રહે એ પ્રકારની છે, પારદર્શક પ્રક્રિયા છે એ પ્રમાણે હાઇકોર્ટે અવલોકનો કરી અને જે ખાનગી વ્યકિતએ આ રીટ કરી હતી એ રીટ નામંજૂર કરી એની સામે એ વ્યકિતઓ તરફથી નામદાર સુપ્રિમ કોર્ટમાં અરજી કરવામાં આવી અને નામદાર સુપ્રિમ કોર્ટે પણ તા. ૧૭–૩–૨૦૧૬ના રોજ એટલે તાજેતરમાં જ સુપ્રિમ કોર્ટે પણ હાઇકોર્ટનો ચૂકાદો માન્ય રાખી ગુજરાતની સરકારની તરફેણમાં ચૂકાદો આપીને ખાનગી વ્યકિતની રીટ નામંજૂર કરી છે એટલે એ પ્રસ્થાપિત થાય છે કે રાજય સરકારે જે પ્રક્રિયા કરી એ સંપૂર્ણ કાયદેસરની, રાજયના હિતની, પ્રજાના હિતની, ગૌચર માટેની જરૂરિયાતના હિતની અને રાજયનો જે વિકાસ થાય છે એની પ્રક્રિયા પ્રમાણે પારદર્શકતાથી કરી છે એને હાઇકોર્ટ અને સુપ્રિમ કોર્ટે માન્ય રાખી છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનનીય સભ્યશ્રીનો જે સવાલ છે, એમની જે ચિંતા છે ૨,૦૧,૯૪,૯૨૮/– રૂપિયા ૧૩૭૪૬ ચોરસ મીટર જમીન માટે અપાયા છે. આપનો સરકારનો પરિપત્ર છે તો ૧–૪–૨૦૧૫ નો ગૌચરના સંદર્ભમાં એ પરિપત્ર સંદર્ભે હું એટલું જ જાણવા માગું છું કે એમાં ત્રણ નંબરમાં આપે કહ્યું છે ઔદ્યોગિક હેતુ માટે સામાન્ય સંજોગોમાં ગૌચરની જમીનની ફાળવણી ન કરવી પરંતુ અત્યંત અનિવાર્ય હોય ત્યારે સ્થાનિક લોકોનું હિત હોય તેવા હેતુઓ તથા ગૌચરની જમીન સિવાય ઉદ્યોગ સ્થાપવાનું શકય ન હોય ત્યારે જ નીચેની તમામ શરતો સંતોષાય એટલે પહેલું માનનીય સભ્યશ્રી જે જાણવા માગતા હતા એ કે આમાં લોકોનું હિત કયું હતું? આપના પરિપત્ર મુજબ લોકોનું હિત ન હોય ત્યાં ન થાય, બીજી બાબત એ છે ભૂતકાળમાં આપણી પાસે ગૌચરો ખૂબ મોટા પ્રમાણમાં હતા અને ત્યારે આપણે છૂટથી આપતા હતા એ પછી પશુધનના પ્રમાણમાં ગૌચરો ઘટયા એટલે પછી સુપ્રિમ કોર્ટે કહ્યું. એ નવી નીતિ આપે અખત્યાર કરવી પડી સુપ્રિમ કોર્ટના આદેશ પછી. આ સંજોગોમાં આપના પરિપત્ર મુજબ ૪૦ ટકા કિંમત વસુલ લેવી જોઇએ. આપના જવાબમાં આપે ૩૦ ટકા કહ્યું છે તો આપે કોઇ સુધારો કર્યો છે કે કેમ? બીજું, આપ જે હાઇકોર્ટ અને સુપ્રિમ કોર્ટ કહો છો આટલા મોટા પૈસાવાળી કંપની સામે પી.આઇ.એલ.માં લડનારો કોઇ પબ્લીક હિતવાળો માણસ એ એટલી મકકમતાથી ત્યાં પોતાનો કેસ રજૂ કરી શકે એવા વકીલો પણ નથી રાખી શકતો તો સરકારે પી.આઇ.એલ. કરનારને કોઇ સિનિયર એડવોકેટો રોકે અને જનહિતમાં લડનારો વ્યકિત છે એને વકીલોની વ્યવસ્થા પણ થાય એવું સરકાર કંઇ વિચારવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નામદાર હાઇકોર્ટ અને નામદાર સુપ્રિમ કોર્ટ અથવા કોઇપણ કોર્ટ હોય એ કોર્ટ કેસની હકીકતો ઉપર જ હંમેશા જતી હોય છે. માનનીય શકિતસિંહજી તો વકીલ છે ફકત વકીલોને જોઇને કે એમના નામ જોઇને જો ચૂકાદા અપાતા હોત તો અત્યાર સુધી જે પી.આઇ.એલ. દાખલ થઇ અને કેટલીક સરકારના વિરોધમાં આવી એ આવી શકી જ ન હોત એટલે શકિતસિંહજીએ તો ચોકકસ સ્વીકારવું જોઇએ કે સુપ્રિમ કોર્ટે જે અવલોકન કર્યું કે હાઇકોર્ટે જે જજમેન્ટ આપીને અવલોકન કર્યા એ સો ટકા મેરીટના ધોરણે જ કર્યા હોય એટલે એમાં કોઇ પ્રશ્ન રહેતો નથી. બીજું, એમનો જે પ્રશ્ન હતો એ વાત સાચી છે કે અગાઉ જે પરિપત્ર હતો એમાં બજાર કિંમતની ૩૦ ટકા રકમ એ ગૌચરની જેટલી હોય એના ૩૦ ટકા રકમ વધારાની ગૌચર વિકાસ માટે આપવાની રહેતી હતી. આમાં જમીનોની કિંમત કરવાની પ્રક્રિયા વગેરે વગેરેના કારણે બધુ વિલંબમાં મુકાતું હતું એટલે સરકારે પરિપત્રમાં સુધારો કરી અને એને જંત્રી સાથે જોડયું છે કે જંત્રીની જે કિંમત હોય એના ૪૦ ટકા રકમ એ ગૌચર વિકાસ ફંડમાં મુળ જમીનની કિંમત તો લેવાની જ. મૂળ જમીનની કિંમત લીધા પછી જેટલી જમીન કોઇ સંસ્થાને ગૌચર પૈકીની અપાઇ હોય એટલી જમીનની જંત્રીના ૪૦ ટકા વધારાના લઇને એ રકમ જે તે ગામને જ સરકાર આપે છે અને એમાંથી ગૌચર વિકાસની કામગીરી થાય છે.

શ્રી ચિમનભાઇ ધ. સાપરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ગૌચર જમીન વ્યવસ્થાપન માટેની સરકારની નીતિ અંતર્ગત ગૌચરની ઔદ્યોગિક અને આંતરમાળખાકીય સવલતો ફાળવવા અંગે શું જોગવાઇ છે? બીજો પ્રશ્ન દેવભૂમિ દ્વારકા અને જામનગરની અંદર જે ગ્રામ પંચાયતોની ગૌચરને વિકાસ કરવા માટે રકમ વાપરવાની હોય છે, એની પરવાનગી બાકી હોય તો કેટલા સમયમાં આવી પરવાનગી આપવા માગો છો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ મેં કહ્યું તે પ્રમાણે આખી પ્રક્રિયા છે અને જે ગામની ગૌચર જમીન વેચાઇ હોય એની જે રકમ વધારાની તે અગાઉના નિયમો પ્રમાણે ૩૦ ટકા અને સુધારેલા નિયમો પ્રમાણે જંત્રીના ૪૦ ટકા રાજ્ય સરકારને પ્રાપ્ત થાય છે. એ જમીન આપણે જે તે ગામને જ સરકાર ફંડ તરીકે ગ્રાન્ટ તરીકે આપે છે. એ રકમમાંથી ગામ પોતે નક્કી કરે કે ગૌચર વિકાસ માટે વાપરવી છે કે અન્ય પ્રવૃત્તિ માટે વાપરવી છે તે પંચાયતોની માગણી અને જરૂરિયાત પ્રમાણે રકમ ફાળવી આપીએ છીએ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે એકબાજુ ગૌચરો ઓછા થતા

જાય છે. આપણે નક્કી કર્યુ હતું કે ગૌચર ફાળવણી માટે ગ્રામસભાની મંજૂરી લેવી જરૂરી હતી. આ કિસ્સામાં ગ્રામસભાની મંજૂરી લીધી છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : નિયમો પ્રમાણે બધી કાર્યવાહી કરવામાં આવી છે. આ બધી બાબતો નામદાર હાઇકોર્ટ અને નામદાર સુપ્રીમ કોર્ટમાં ચકાસણી થઇ ચૂકી છે. અને સરકારે કરેલ તમામ પ્રક્રિયા કાયદેસરની છે, નિયમાનુસારની છે, ગાઇડલાઇન અનુસારની છે અને એ પારદર્શક છે એ પ્રમાણે મંજૂરી મળી ચૂકી છે. સામેની રીટનો નિકાલ થયેલ છે.

અધ્યક્ષશ્રી : એ પ્રક્રિયામાં ગ્રામસભાનો ઠરાવ આવી ગયો. બરાબરને મંત્રીશ્રી?

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : આપ સાચું કહો કે પરિપત્ર કરીને હવે અમે બંધ કર્યુ છે. ગ્રામસભાનો ઠરાવ જરૂરી નથી એવો પરિપત્ર કર્યો છે. તો સભ્યશ્રી પૂછે છે તો સાચું કહોને. આપનો પરિપત્ર છે કે ગ્રામસભાનો ઠરાવ ભૂતકાળમાં જરૂરી હતો. હવે બંધ કર્યો છે. હવે અમે નથી લેતા.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : નક્કી કરેલ તમામ પ્રક્રિયા પ્રમાણે ચેકલિસ્ટ પ્રમાણે કામગીરી કરીએ છીએ.

## ગાંધીનગર જિલ્લામાં તળાવો ઉંડા કરવા બાબત

* ૨૫૦૨૧ શ્રી અશોકકુમાર પટેલ (ગાંધીનગર ઉત્તર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા, | (૧) ૬૬ તળાવો. |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૨) રૂ।.૩,૮૪,૯૮,૬૫૨/- |
| (૩) કેટલા હેકટર વિસ્તારને ફાયદો થશે ? | (૩) ૮૮૮ હેકટર. |

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ગુજરાત સરકાર ૧ ટકાના દરે ખેડૂતોને ધિરાણ આપવાની છે, ત્યારે જે ગ્રામ્ય વિસ્તારમાં તળાવો ઊંડા કરવામાં આવે છે, તો ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા તળાવો ઊંડા કર્યા અને આ તળાવો ઊંડા કરવાના કારણે જળસંગ્રહમાં શું ફાયદો થયો? અને આ તળાવો ઊંડા કરવામાં તાલુકાવાર શું ખર્ચો થયો એ માહિતી આપો.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : ગાંધીનગર જિલ્લામાં પાણીનો સંગ્રહ વધે, જળસંચય થાય એ માટે રાજ્ય સરકાર તળાવો ઊંડા કરવાનું કામ કરે છે. માનનીય સભ્યશ્રીએ પૂછ્યું ગાંધીનગર જિલ્લામાં ૩૧–૧૨–૧૫ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલા તળાવો તાલુકાવાર ઊંડા કર્યા. ગાંધીનગર તાલુકામાં ૧૭ તળાવો ઊંડા કર્યા અને ૨૦ મિલિયન ઘનફૂટ પાણીનો સંગ્રહ થશે. લાભિત વિસ્તાર ૩૫૧.૩૬ હૅક્ટર. એમાં ૧૦૪ લાખનો ખર્ચ થયો છે. દહેગામ તાલુકામાં ૧૭ તળાવો ઊંડા કર્યા અને ૧૭.૧૦ મિલિયન ઘનફૂટ પાણીનો સંગ્રહ થશે અને ૧૬૭ હૅક્ટર વિસ્તાર લાભિત થશે. ૧૦૫ લાખ રૂપિયાનો ખર્ચ થશે. માણસા તાલુકામાં ૧૬ તળાવો ઊંડા કર્યા અને ૧૫.૫૫ મિલિયન ઘનફૂટ સંગ્રહશક્તિ વધશે. ૧૪૪.૩૩ હૅક્ટર લાભિત વિસ્તાર થશે અને ૮૦ લાખ રૂપિયાનો ખર્ચ થયો. કલોલ તાલુકામાં ૧૬ તળાવો ઊંડા કર્યા અને ૧૭.૪૫ મિલિયન ઘનફૂટ પાણીનો સંગ્રહ થશે અને ૨૨૪.૯૬ હૅક્ટરમાં લાભ થશે અને ૯૫.૨૯ લાખ રૂપિયાનો ખર્ચ થયો. આમ કુલ ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકામાં ૬૬ તળાવો ઊંડા થયા અને તેમાંથી ૬૬.૧૦ મિલિયન ઘનફૂટ પાણીનો સંગ્રહ વધશે. ૮૮૮ હેકટર વિસ્તારમાં લાભ થશે અને ૩૮૪.૯૮ લાખનો ખર્ચ થયો છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી પાસેથી જાણવું છે અને તે કહેતા હતા કે તળાવો ઊંડા થાય, પાણી ભરાય અને તેનાથી લાભ થાય. લગભગ તળાવો ઊંડા કરવાની જે વહીવટી મંજૂરી આપવામાં આવે છે તે ચોમાસાનો એક મહિનો બાકી હોય ત્યારે મળે છે. વરસાદ પડે એટલે તળાવ ખોદાય કે ન ખોદાય તેનું બિલ બની જાય. આવા અસંખ્ય બનાવો બન્યા છે. ત્યારે મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે આવા કોઇ કિસ્સા સરકારશ્રીના ધ્યાને આવ્યા છે કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનો બીજો પ્રશ્ન છે કે ગેરરીતિના કોઇ કિસ્સા ધ્યાન પર આવ્યા છે કે કેમ તો મારો જવાબ ના જી છે. પહેલો પ્રશ્ન છે કે વહીવટી મંજૂરી કયારે આપવામાં આવે છે. તો આમાં જેવું ચોમાસું પૂરું થાય એટલે તરત જ વહીવટી મંજૂરી આપવામાં આવે છે. ચોમાસું શરૂ થવાની તૈયારી હોય તે પહેલાં તે કામગીરી બંધ કરવામાં આવે છે. આમાં બધી જ પ્રોસીઝર એવી રીતે કરવામાં આવે છે કે ગેરરીતિને કોઇ અવકાશ જ ન રહે.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, તળાવો ઊંડા કરવા માટેની કામગીરી કોના દ્વારા કરવામાં આવે છે અને તળાવ ઊંડા કરવા માટેની મંજૂરી મેળવવા માટે કોને અરજી કરવાની હોય છે, આ અરજી કોણે મંજૂર કરવાની હોય છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત જળ વિકાસ નિગમ લિમિટેડ તથા જળસંપત્તિ વિભાગ દ્વારા તળાવો ઊંડા કરવામાં આવે છે. ગુજરાત જમીન વિકાસ નિગમ લિમિટેડ એટલે કે જીએલડીસી દ્વારા જે તળાવો ઊંડા કરવામાં આવે છે તેમાં ઓનલાઇન પદ્ધતિથી અરજી મંગાવીએ છીએ. આઇ–ખેડૂત પોર્ટલ પર ઓનલાઇન અરજી કરવાની હોય છે. જળસંપત્તિ વિભાગ હેઠળ તળાવો ઊંડા કરવા માટે કાર્યપાલક ઇજનેરને વિગતો સહ અરજી કરવાની હોય છે. ગુજરાત જમીન વિકાસ નિગમ હેઠળ રૂપિયા ત્રીસ લાખ સુધીના તળાવો ઊંડા કરવાની મંજૂરી તેના સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવે છે. રૂપિયા ત્રીસ લાખથી ઉપરની અંદાજિત કિમંતના તળાવો ઊંડા કરવાના કામોને સરકારશ્રી દ્વારા મંજૂરી આપવામાં આવે છે. જળસંપત્તિ વિભાગ હેઠળ

તળાવો ઊંડા કરવા માટે સૈદ્ધાંતિક મંજૂરી સરકારશ્રી દ્વારા આપવામાં આવે છે. ત્યારબાદ સક્ષમ અધિકારી દ્વારા વહીવટી અને તાંત્રિક મંજૂરી આપવામાં આવે છે.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી પાસેથી જાણવું છે અને તેમણે જવાબમાં જણાવ્યું છે કે ૮૮૮ હેકટરમાં ફાયદો થયો છે. આ તળાવોમાંથી કેટલી સિંચાઇ થાય છે અને દિવાળી એટલે કે આસો સુદ પૂનમ સુધી કેટલા તળાવોમાં કેટલું પાણી હતું. જેથી તેના પછીની શિયાળુ સીઝનમાં ખેતી થઇ શકે એટલી માહિતી જોઇએ છે.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ બધા જ તળાવો છે તે પર્કોલેટ તળાવો હોય છે. તળાવો ઊંડા કરવા તે સરકારનું કામ છે. તળાવો ભરવા તે ભગવાનનું કામ છે. જો ભગવાને વરસાદ આપ્યો હોય તો તળાવોમાં પાણી ભરાય. તે ભરાયેલું પાણી જમીનમાં જાય અને તે પાણી જમીનમાં જાય તેનાથી તળ ઉંચા આવે અને તળ ઉંચા આવે તેનાથી ખેડૂતો ખેતી કરે. આ જે ૬૬ તળાવો ભરાયા તેમાંથી તળ ઉંચા આવ્યા એટલે ૮૮૮ હેકટરને તેનાથી લાભ થયો.

શ્રી ભૂષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, આ તળાવો ઊંડા કરવાની કામગીરી કયારે શરૂ કરવામાં આવે છે અને કયારે બંધ કરવામાં આવે છે, કઇ પદ્ધતિથી તળાવો ઊંડા કરવામાં આવે છે, તેની ચુકવણીની પદ્ધતિ શું છે અને તેમાંથી નીકળેલી માટીનો શું નિકાલ કરવામાં આવે છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, દર વર્ષે ચોમાસાની ઋતુ પૂર્ણ થયા બાદ તળાવનું ખોદકામ શરૂ કરવામાં આવે છે અને મે માસના અંતમાં બંધ કરવામાં આવે છે અને બધું જ કામ જે છે એ ટેન્ડર પદ્ધતિથી આપવામાં આવે છે. લેવલ આધારિત શરૂઆતના તથા આખરી લેવલને આધારે જથ્થાની ગણતરી કરવામાં આવે છે અને કામગીરી કરનાર ઇજારાદારને એકાઉન્ટ પે ચેકથી આર.ટી.જી.એસ.થી ચૂકવણું કરવામાં આવે છે, તળાવના પાળા મજબૂત કરવા માટે તથા ગામમાં જાહેર જગ્યાઓમાં પૂરાણ કામ માટે આ માટીનો ઉપયોગ કરવામાં આવે છે.

ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ગ્રીન હાઉસનાં લાભાર્થી

* ૨૬૪૬૩ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ગ્રીન હાઉસ બનાવવા માટે કેટલા ખેડૂતોએ અરજી કરી, | (૧) ૨ (બે) ખેડૂતોએ. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, | (૨) ૦૨ (બે). |
| (૩) કેટલા ગ્રીન હાઉસ બનાવવામાં આવ્યા, અને | (૩) ૦૧ (એક). |
| (૪) ગ્રીન હાઉસ બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા શું સહાય ચૂકવવામાં આવી ? | (૪) રૂા. ૧૬.૮૮ લાખ (માર્ચ–૨૦૧૬). |

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ બે અરજીઓ આવી બંને અરજીઓ મંજૂર કરવામાં આવી પણ ગ્રીન હાઉસ એક જ બનાવવામાં આવ્યું અને એક હજુ બનાવ્યું નથી. એ ગ્રીન હાઉસ જે બન્યું એ કઇ તારીખે પૂર્ણ કરવામાં આવ્યું? એને પૈસા મોડા ચૂકવવામાં આવ્યા, મેં તારાંકિત પ્રશ્ન કર્યો એ પછી ચૂકવવામાં આવ્યા તો પૈસા મોડા ચૂકવવાનું કારણ શું હતું?

શ્રી જશાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, જે બે ગ્રીન હાઉસ બનાવવા માટેની અરજીઓ આવી છે એમાં એક અરજી તા. ૨૪–૨–૨૦૧૪ના રોજ પટેલ જીવણભાઇ લાલજીભાઇની આવેલી તેમણે પોતે ગ્રીન હાઉસ બનાવવાની ઇચ્છા વ્યકત ન કરી એટલે અરજી ફાઇલે થઇ છે, અને બીજી અરજી પટેલ કાંતિભાઇ મેઘજીભાઇ, પોર, જિ.ગાંધીનગર તા. ૧૬–૯–૨૦૧૪ના રોજ આવી હતી અને એની સંપૂર્ણ કાર્યપદ્ધતિ પ્રમાણે કાર્યવાહી થઇ અને ૧૬.૮૮ લાખ રૂપિયા જે કેન્દ્ર સરકાર તરફથી ૫૦ ટકા લેખે ગ્રાન્ટ મળે છે એ ચૂકવી આપ્યા છે અને રાજ્ય સરકારની જે ૧૫ ટકા ગ્રાન્ટ છે એ પણ તા. ૧૯–૩–૨૦૧૬ના રોજ ચૂકવી આપેલ છે, એટલે એક પણ પૈસો ચૂકવવાનો બાકી નથી.

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, ગ્રીન હાઉસના ફાયદા શું છે?

શ્રી જશાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રીન હાઉસથી ખેડૂતોને આખા વર્ષ દરમ્યાન પાકો ઉગાડી શકાય, એકમ વિસ્તારમાં ઉત્પાદન વધારી શકાય, ઉંચી ગુણવત્તાવાળુ ઉત્પાદન કરી શકાય, ખાતર–બિયારણ–વીજળીનો સપ્રમાણમાં ઉપયોગ અને અસરકારક આર્થિક રીતે ઉપયોગ કરી શકાય, જીવાત અને રોગથી પાકને અસરકારક રીતે બચાવી શકાય, કિંમતી બિયારણ, ધરુ, છોડ સહેલાઇથી તૈયાર કરી શકાય, જમીનમાં જુદા જુદા માધ્યમોથી જુદા જુદા પાકો ઉગાડી શકાય, બજારને ધ્યાનમાં રાખીને શાકભાજી અને ફળ પાકો પણ ઉગાડી શકાય જેને આંતરરાષ્ટ્રીય કક્ષાના પરિણામો પ્રમાણે નિકાસ કરી શકાય તેવા પાકોનું ઉત્પાદન કરી શકાય. રાજયના યુવાન કૃષિ સ્નાતકોને રોજગારી પૂરી પાડી શકાય છે તેમજ શાકભાજી, ધરુ વગેરે ખુલ્લા ખેતરમાં કરી શકાતા ન હોય પણ આ ગ્રીન હાઉસ દ્વારા તેની ખેતી કરી શકાય છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, રાજ્ય સરકારે ગ્રીન હાઉસ યોજના બંધ કરીને એની જગ્યાએ ખેડૂતોને કોલ્ડ સ્ટોરેજ આપવા માટેની જોગવાઇ કરી છે એ વાત સાચી છે? જો હા, તો રાજયમાં

ભૌગોલિક પરિસ્થિતિ બધે અલગ અલગ છે, સૌરાષ્ટ્રની અલગ છે, મધ્ય ગુજરાતની અલગ છે, ઉત્તર ગુજરાતની અલગ છે તો સૌરાષ્ટ્રમાં કોલ્ડ સ્ટોરેજનો ખેડૂતોને કોઇ ફાયદો ન થાય.

શ્રી જશાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું ભાઇ પુંજાભાઇને સ્પષ્ટ કહેવા માગુ છું કે, ગ્રીન હાઉસની યોજના પણ ચાલુ છે અને આ રાજયમાં ખેડૂતની એક પણ યોજના બંધ નથી કરી તમામ યોજના સહાયની સબસિડીવાળી ચાલુ જ છે અને સૌરાષ્ટ્રમાં તમામ નાની મોટી યોજનાઓ રાજય સરકાર તરફથી ચાલુ છે. આમ, બંને યોજનાઓ ચાલુ જ છે.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હમણા જ વાત કરી માનનીય પુંજાભાઇએ, પણ ખેડૂત લક્ષી જે ૨૭ હજાર કરોડ રૂપિયા એના સંલગ્ન વિભાગોમાં ફાળવ્યા છે એ બદલ આ ગતિશીલ ગુજરાતના પ્રણેતા આદરણીય આનંદીબેન પટેલ અને સમગ્ર ટીમને અભિનંદન આપુ છું. મારો પ્રશ્ન એ છે કે આ ગ્રીન હાઉસની સહાય મેળવવા માટે કોણ અરજી કરી શકે? આ અરજીની પ્રક્રિયા શું છે અને અરજી મંજૂર કોણ કરે?

શ્રી જશાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આ ગ્રીન હાઉસ ઉભું કરવામાં આ ગુજરાતનો કોઇ પણ ખેડૂત કે ખેડૂત સાથે કોઇ જૂથ અરજી કરી શકે છે. અને ખેડૂતો આઇ પોર્ટલ મારફત ઓન લાઇન અરજી કરી શકે છે અને તેની સાથે કૃષિ યુનિવર્સિટીમાં ૧૫ દિવસની તાલીમ લેવી ફરજીયાત છે. અને તાલીમ લીધા પછી ડિપોઝીટ અને એમ્પેનલ કંપનીના ભાવ પત્રકો સાથેની અરજી જે તે જિલ્લાના નાયબ બાગાયત નિયામક કચેરી ખાતે કરવાની રહે છે. જો કોઇ ખેડૂત ઓન લાઇન અરજી ના કરી શકયો હોય તો તે બાગાયતી ખાતાને ત્યાં જીલ્લા કક્ષાની કચેરીએ રૂબરૂ પણ જાય અને ત્યાં અરજી કરી અને બધા ડોકયુમેન્ટસ આપી શકે છે. કામગીરી પૂર્ણ થયે બિલો ફોટોગ્રાફસ સાથે ખેડૂતો જે તે જિલ્લાના નાયબ બાગાયત નિયામક, તાલુકા બાગાયતી નિયામક સહાય માગણીની દરખાસ્ત મોકલવાની રહે છે. અને આ જે મંજૂરી મળે છે તે જિલ્લા કક્ષાની ડિસ્ટ્રીકટ મિશન કમિટી છે જે ડી.ડી.ઓ.ના પ્રમુખસ્થાને છે અને આખરી મંજૂરી આપે છે તે કૃષિ અને સહકાર વિભાગના અગ્ર સચિવના અધ્યક્ષસ્થાને રાજય કક્ષાની સમિતિ લેવલ તેની આખરી મંજૂરી આપવામાં આવે છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મારી પ્રશ્નની થોડી ચિંતા એટલા માટે હતી કે આ ખેડૂત જે ગ્રીન હાઉસ બનાવે છે તેમા સબસિડી મળે છે અને સબસિડી મળતી હોવાના કારણે ખેડૂત આ ગ્રીન હાઉસ બનાવવા માટે પ્રેરાય છે સવાલ મારો એટલો જ હતો કે, જે સબસિડી ખેડૂતને મળે છે તે જયાં સુધી કમિશન જે તે અધિકારીને ના મળે ત્યાં સુધી આ લેઇટ થાય છે. મારો પ્રશ્ન એટલો જ હતો કે, જે મેં તારાંકિત પ્રશ્ન કર્યો પછી તેને સહાય ચૂકવવામાં આવી તો એવા અધિકારીઓ સામે પગલાં ભરવા માગો છો કે કેમ ?

શ્રી જશાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે હવે જવાબ પણ તમારે સાંભળવો પડશે. આ ગુજરાતની અંદર કોઇ પણ ખેડૂતની અરજી આર.ટી.જી.એસ.થી પેમેન્ટ થાય છે અને વચેટીયા બિલકૂલ નાબૂદ થયા છે. એકાઉન્ટ પેના ચેકથી ચૂકવણું થાય છે આ રાજયની અંદર મારે આપને એ પણ કહેવું છે મારી વાત વધારે લાગે પણ મારે સ્પષ્ટ કહેવું છે કે, આ ગુજરાત રાજયની અંદર જે અગાઉ ૧૯૪ ખેડૂતોને સહાય મળવાથી વંચિત હતા આ ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે ફાઇલો મંગાવી અને ૨૭ કરોડ અને ૩૮ લાખ રૂપિયાનું ચૂકવણું કર્યુ છે અને ગુજરાતમાં એક પણ ગ્રીન હાઉસનું પેમેન્ટ બાકી નથી. અફવાઓ અને જે કંઇ વાતો કરી પણ અત્યારે એક પણ પૈસાનું પેમેન્ટ કે જે આર.ટી.જી.એસ.થી જ થાય છે કોઇ રોકડમાં થતું નથી, (અંતરાય) એ તમારા વખતમાં થતું હતું.

### બનાસકાંઠા જિલ્લામાં ખેતીની જમીનની માપણી

* ૨૫૨૩૮ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) તા.૩-૩-૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૫૨૫૩ (અગ્રતા-૧૯૭)ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં ખેતીની જમીનની નવી માપણી કરવાની કામગીરી તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ જિલ્લાના ૧૪ તાલુકા પૈકી પાલનપુર અને અમીરગઢ તાલુકાની પૂર્ણ થઈ હતી તે હકીકત સાચી છે કે કેમ, | (૧) અને (૨) હા, જી, સીકોન પ્રાઈવેટ લીમીટેડ, બેંગલોર દ્વારા આ માપણી તા.૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં પૂર્ણ કરવાની હતી. |
| (૨) જો હા, તો સીકોન પ્રા.લી. બેંગલોર દ્વારા આ માપણી કયાં સુધીમાં પૂર્ણ કરવાની હતી, | |
| (૩) માપણી દરમ્યાન જે ફરિયાદો ઉભી થયેલ તે પૈકી ૮૪૩૫ ફરિયાદોનો એપ્રિલ-૨૦૧૫ સુધીમાં નિકાલ કરવાનું આયોજન હતુ તે પૈકી કેટલી ફરિયાદોનો તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ નિકાલ થયો છે, અને | (૩) માપણી દરમ્યાન ઉભી થયેલ ૮૪૩૫ ફરિયાદોનો એપ્રિલ-૨૦૧૫ સુધીમાં નિકાલ કરવાનું આયોજન હતુ, આ તમામ ફરિયાદોનો તા.૩૧-૧૨-૧૫ની સ્થિતિએ નિકાલ થયેલ છે. |
| (૪) ઉકત જિલ્લામાં આ પ્રમોલગેશન કયાં સુધીમાં કરવાનું આયોજન છે ? | (૪) ઉકત જિલ્લામાં હાલની સ્થિતિએ ૪૦૪ ગામોનું પ્રમોલગેશન પૂર્ણ થયેલ છે, બાકીના ગામોના પ્રમોલગેશનની કામગીરી ચાલુ છે. |

ચૈત્ર ૨, ૧૯૩૮ શાકે

તારાંકિત પ્રશ્નો

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આ એજન્સીએ ખેડૂતોને રૂબરૂ હાજર રાખ્યા સિવાય માપણી સેટેલાઇટ ઇમેજ દ્વારા કરવાને કારણે જમીન ખરીદ હદ અંગે સ્પષ્ટતા ન થવાથી પડોશી પડોશી, ભાઇ–ભાઇ વચ્ચે પરિવારમાં વાંધા ઉભાં થવાથી કોર્ટ મેટરો સુધી જવાની ખેડૂતોને ફરજ પડી છે. મારો પ્રશ્ન એ છે કે, આ ફરિયાદોનો નિકાલ રેકર્ડ ઉપર થયો છે પણ સ્થળ ઉપર વાંધા ઉભાં છે તો તેનો નિકાલ કરવા સરકારે શી વ્યવસ્થા કરી છે? મારો બીજો પ્રશ્ન એ છે કે, તાલુકાવાર કેટલા ગામોમાં પ્રમોલગેશન પૂર્ણ કરવામાં આવેલ છે? અને તાલુકાવાર કેટલા ગામોમાં પ્રમોલગેશન બાકી છે ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય સરકારે આખા રાજયની તમામ ખેડૂતોની જમીનનો સર્વે કરી નવેસરથી તેના પત્રકો તૈયાર કરવાનું ઐતિહાસિક કામ જે અંગ્રેજોના સમયમાં થયુ હતું અને ૧૯૨૦માં પૂર્ણ થયુ હતું. એ ૧૯૨૦થી માંડીને અમે ચાલુ કર્યું, ૨૦૧૨–૧૩ સુધી કોઇ જગ્યાએ રિસરવેની કામગીરી થઇ ન હતી એટલે સ્વભાવિક છે કે, નાના મોટા દબાણના પ્રશ્નો, ખેડૂતની જમીનની માલિકના હકકપત્રકના પ્રશ્નો અને ખેડૂતને લગતું રેકર્ડ અદ્યતન મળતું ન હતું. અત્યારના માનનીય મુખ્ય મંત્રીશ્રી અને તત્કાલિન મહેસૂલ મંત્રી અને અત્યારે પણ મહેસૂલ વિભાગની જવાબદારી સંભાળે છે એવા આપણા માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે આખા ગુજરાત રાજયની તમામ જમીન, તમામ ખેડૂતોની જમીન સેટેલાઇટના માધ્યમથી, ટેકનોલોજીના માધ્યમથી સરવે થાય અને કયા ખેડૂતની જમીન કેટલી છે એનામાં કોઇનું દબાણ છે કે કેમ? સરકારી જમીનમાં કોઇનું દબાણ છે કે કેમ? સરકારી રસ્તાઓમાં, નેળિયાઓમાં કોઇનું દબાણ છે કે કેમ? એ બધુ પ્રસ્થાપિત થાય અને અદ્યતન રેકર્ડ અક્ષાંશ– રેખાંશ સાથેનું ખેડૂતોને પ્રાપ્ત થાય અને એના આધારે ખેડૂત અત્યારે અને આવનારી પેઢીમાં પણ પોતાની મિલકતને સારી રીતે જાળવી શકે એ માટે રી–સરવેની કામગીરી કરેલી. માનનીય મહેશભાઇનો પ્રશ્ન એ રીતે સાચો છે કે, આજે કોઇ જમીન હોય, કોઇ વ્યકિતએ બીજા ખેડૂતની જમીનમાં સંજોગોવસાત લાંબા સમય સુધી થોડુ થોડુ દબાણ કર્યું હોય, પેલા ખેડૂતના વારસદારને ખબર ના હોય કે મારી માલિકની જમીન બાજુના પાડોશી ખેડૂતના દબાણમાં આવે છે, હવે રી–સરવે થયું એટલે નક્કી થયું કે, આ ખેડૂતની આટલી જમીન છે એની બાજુના પાડોશીનું આટલું દબાણ છે અથવા સરકારી જમીનમાં આટલું દબાણ છે, અથવા ખેડૂતે આટલું છોડી દીધું છે, એટલે આવા નાના મોટા પ્રશ્નો થાય એની તમામ પ્રકારની કાર્યવાહી, સુનાવણી સહિતની આપણે કરીએ છીએ અને એ પણ હું કહું કે, માનનીય સભ્યશ્રીએ જે છેલ્લે વાત કરી એમાં ગયા અઠવાડિયામાં અમે જે અહીંયાં મહેસૂલ વિભાગ તરફથી જાહેરાત કરી એમાં આપણે એક સુધારો કર્યો કે, ખેડૂતોને આવી જે પ્રમોલગેશન થયા પછી પણ કોઇને કોઇ વાંધો હોય તો અગાઉ એક વર્ષ સુધી વિના ખર્ચે ફકત અરજી કરવાથી એની સુનાવણી થતી હતી અને એમની રજૂઆત સાચી હોય તો એનું નિરાકરણ થતું હતું, આપણે એ નિયમમાં સુધારો કરી એક વર્ષના બદલે હવે અપીલ કરવાની એક સામાન્ય જ અરજી કરવાની, કોઇ વકીલ વગેરે નહીં રાખવાના અને બે વર્ષ સુધીની મુદત સુધી કોઇપણ ખેડૂતને હજુ પણ પ્રમોલગેશન પછી પણ કોઇ પ્રશ્ન હોય તો માનનીય મહેશભાઇ તમે ખેડૂતોને કહેજો કે, આનંદીબહેનની સરકારે, ભાજપની સરકારે આ સુધારો કરી દીધો છે અને જરૂર પડ્યે એનો લાભ લે.

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપશ્રી મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, જયારે રિસરવેની કામગીરી પૂરી કરવાની હતી અને એવું પણ કહ્યું કે લગભગ થઇ છે અને ચાલુ છે પણ મારે સમગ્ર જિલ્લામાં તાલુકાવાઇઝ રી–રસવેની કામગીરી કયા સ્ટેજે છે અને કેટલા તાલુકાઓમાં પૂર્ણ થઇ છે અને સાથે સાથે એ પણ જાણવું છે કે, પ્રમોલગેશન કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લો રાજયના મોટા જિલ્લાઓ પૈકીનો એક જિલ્લો છે. આ જિલ્લામાં કુલ ૧૪ તાલુકાઓ આવેલા છે અને ૯૨૮૨ ચોરસ કિલોમીટર એનો વિસ્તાર છે. એટલે આ બધા તાલુકાઓમાં સરવેની કામગીરી આપણે ચાલુ કરી છે એ પૈકી માનનીય પરબતભાઇએ જે પ્રશ્ન પૂછ્યો તો એમાં પાલનપુર તાલુકાના ૧૧૮ ગામ છે. તમામ ગામોની માપણી પૂર્ણ થઇ ચૂકી છે. ડીસા તાલુકાના ૧૧૫ ગામ છે એની માપણીની કામગીરી ચાલુ છે. થરાદ તાલુકાના ૧૨૪ ગામ છે એની માપણી પૂર્ણ થયેલ છે. દાંતા તાલુકાના ૧૮૫ ગામ છે અમારી જે ડીએસઓ પદ્ધતિ પ્રમાણે એની માપણી પૂર્ણ થઇ છે. ધાનેરા તાલુકાના ૭૮ ગામ છે એની માપણી પૂર્ણ થઇ ચૂકી છે. દિયોદર તાલુકાના ૬૪ ગામ છે એની માપણી પૂર્ણ થઇ ચૂકી છે. સૂઇ ગામના ૩૮ ગામ છે. એની માપણી પૂર્ણ થઇ છે. અમીરગઢ તાલુકાના ૬૯ ગામ છે એની માપણી પૂર્ણ થઇ છે. દાંતીવાડા તાલુકાના ૫૭ ગામ છે એની માપણી પૂર્ણ થઇ છે. વડગામ તાલુકામાં કામગીરી હાથ ઉપર લીધી છે. કાંકરેજ તાલુકામાં કામગીરી હાથ ઉપર લીધી છે. વાવ તાલુકાના ૮૦ ગામ છે. એની માપણી પૂર્ણ થઇ છે. લાખણી તાલુકાના ૪૮ ગામ છે એની કામગીરી હવે શરૂ થશે અને ભાભર તાલુકાના ૫૩ ગામ છે એની માપણી પૂર્ણ થઇ છે. આમાં સમગ્ર જિલ્લામાં મોટા ભાગના તાલુકાઓમાં માપણીની કામગીરી પૂર્ણ થઇ છે અને હવે મામલતદાર અને સર્કલ થ્રુ તલાટી દ્વારા ગ્રામ સભામાં બધી માહિતી આપશે, ફરીથી રેકર્ડ ખેડૂતોને આપીને જે નકશા બન્યા હોય એમાં ખેડૂતને કંઇ વાંધો હોય તો ફરી રજૂઆત કરી શકે છે. આપણે કંપનીને કામ સોંપ્યું છે. કોન્ટ્રાકટર પાસે ચકાસણી કરીને પ્રમોલગેશન કરીને સંપૂર્ણ રીતે ખેડૂતને સંતોષ થાય એ રીતે આખી માપણીનું કામ પૂર્ણ થાય એ પછી પ્રમોલગેશનની કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે અને આ આખી કામગીરી લગભગ માર્ચ, ૨૦૧૭ સુધીમાં સંપૂર્ણ પૂર્ણ કરવામાં આવશે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જણાવું છે કે આ પ્રમોલગેશનની કામગીરી થઇ છે પરંતુ અમારા બનાસકાંઠા જિલ્લાના મોટા ભાગના ખેડૂતો અભણ છે અથવા તો ભણેલા નથી. જમીન જ એનું સર્વસ્વ છે ત્યારે એ ભોળવાય નહિ અને એની જમીન કોઇ પડાવી ન લે એટલા માટે સરકાર આની સંપૂર્ણ જવાબદારી ઉઠાવીને ગામમાં ઢંઢેરો

પીટાવીને ખેડૂતોને કોઇ વાંધો વચકો હોય તો સરકાર સામે ચાલીને એને પૂર્ણતઃ ન્યાય મળે તેવું કરવા માગે છે કે કેમ? જે બાકીના ગામોમાં સરવેની કામગીરી બાકી છે એ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય સભ્ય શ્રી જોઇતાભાઇએ સાચી વાત કરી છે. ખેડૂતો અભણ હોય ઓછી જાણકારી હોય, કાયદાથી અજ્ઞાન હોય ત્યારે એમની કિંમતી જમીનનું રક્ષણ કરવું એ રાજ્ય સરકારની જવાબદારીનો એક ભાગ છે. એટલા માટે આપણે રી સરવેની કામગીરી ચાલુ કરી છે. રી સરવે પૂર્ણ થશે એટલે ખેડૂતની જેટલી માલિકીની જમીન હોય એનો અદ્યતન કોમ્પ્યુટરાઇઝ અક્ષાંશ રેખાંશ સાથેનો દિશા સૂચન સાથેનો નકશો ખેડૂતને આપવામાં આવશે. સરકારના કોમ્પ્યુટરમાં અને સર્વરમાં આ બધી જ માહિતી કાયમ માટે ડેટા સ્વરૂપે આવશે એટલે ખેડૂતને ભવિષ્યમાં કોઇ કાયદાકીય પ્રશ્ન ઉભો થાય તો પ્રમોલગેશન થયું હશે તો એના માટે કાયદાકીય સરકારી આધાર બનશે અને કોઇ ખેડૂતોને કોઇ માથાભારે વ્યકિત કોઇની જમીન દબાવી દેતા હોય, કોઇ બીજી રીતે સરકારી જમીન દબાવતા હોય, વિધાનસભામાં સરકારી જમીનના કે બીજી જમીનના પ્રશ્નો આવે છે એ બધું કલીયર થશે અને ખેડૂતને કોઇ નુકશાન નહિ થાય ફકતને ફકત ખેડૂતોની મિલકતના રક્ષણ માટે સરવે કરાવીએ છીએ અને માર્ચ, ૨૦૧૭ સુધીમાં સમગ્ર બનાસકાંઠા જિલ્લાની કામગીરી પૂર્ણ થશે.

### ચાંગાથી દાંતીવાડા જળાશય સુધીની પાઇપલાઇનની કામગીરી

* ૨૫૦૨૩ શ્રી પરબતભાઇ પટેલ (થરાદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા મુખ્ય નહેર આધારીત ચાંગાથી દાંતીવાડા જળાશય સુધીની પાઇપલાઇનની કામગીરી તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૧) પૂર્ણ થયેલ છે. |
| (૨) આ કામગીરી પાછળ તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કેટલો ખર્ચ થયેલ છે, અને | (૨) ૩ા.૪૧૮ કરોડ. |
| (૩) આ પાઇપ લાઇનની સાથે બનાસકાંઠા જીલ્લાના કયા તાલુકાના તળાવો જોડવામાં આવેલ છે ? | (૩) કાંકરેજ, ડીસા અને દાંતીવાડા. |

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે ૨૨મી માર્ચ છે એટલે વિશ્વ જળ દિવસ. આજે આપની મારફતે સમગ્ર વિધાનસભા ગૃહના મારા સાથી સભ્યશ્રીઓ, રાજયના પ્રજાજનો અને દેશના પ્રજાજનોને આપની મારફત પાણી બચાવવા માટે અપીલ કરવા માગું છું અને વિનંતી કરૂ છું કે જળ એ જ જીવન, પાણી બચાવો અને જેમ ગામનું પાણી ગામમાં, સીમનું પાણી સીમમાં, ખેતરનું પાણી ખેતરમાં રહે એના માટે જે રીતે રાજ્ય સરકારે કામ કર્યું છે એ રીતે લોકો પણ કરે તેવી અપીલ કરૂ છું.

નર્મદા મુખ્ય નહેર આધારિત ચાંગાથી દાંતીવાડા જળાશય સુધીની પાઇપ લાઇન જેમાં કાકરેજ, ડીસા અને દાંતીવાડા એમ ત્રણ તાલુકાના ગામો આવે છે. એમાં મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ત્રણ તાલુકા છે એના કયા કયા ગામો અને કેટલા ગામોના તળાવો આવે છે. સાથે સાથે બીજી નવી ફરીથી માગણીઓ આવે છે એવા ગામોનો આ પાઇપ લાઇનમાં સમાવેશ કરવા માગો છો કે કેમ, જો કરવાના હોય તો એની પાછળ સરકારનું શું આયોજન છે અને એની પાછળ કેટલો ખર્ચ થશે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વ જળ દિવસ નિમિત્તે માનનીય સભ્યશ્રીએ બધાને શુભેચ્છાઓ પાઠવી અને વાત કરી કે સીમનું પાણી સીમમાં, ગામનું પાણી ગામમાં. અહીં સરકાર તેનાથી આગળ વધીને નર્મદાનું પાણી દાંતીવાડામાં. આ સરકારની પ્રતિબદ્ધતા છે ત્યારે સભ્યશ્રીએ જે પ્રશ્ન કર્યો કે કાંકરેજ તાલુકાના, ડીસા તાલુકાના અને દાંતીવાડાના કેટલા તળાવો જોડાયેલા છે અને હવે જોડવાનું આયોજન છે. તો હાલમાં કાંકરેજ તાલુકાના ૧૨ તળાવો જોડાયેલા છે. ચાંગા, અડગામ, ઇન્દ્રમાણા, કાકર, પાદરડી, ચીમનગઢ, રતનગઢ એને રવિયાણા ગામોના ૧૨ તળાવો, ડીસા તાલુકાના મુડેઠા, ભીલડી, ખેંટવા, સોતાંબલા, ડેડોલ, દામા, માલગઢ, જોરાપુરા, આખોલ મોટી ગામના ૧૪ તળાવો અને દાંતીવાડા તાલુકાના ગોઢ અને નાંદોત્રાના બે તળાવો. હવે તેના આયોજનની વાત છે તેમાં કાંકરેજ તાલુકાના મેડકોલ, ઝાલમોર, ચીમનગઢ, ખોડા, ખીમાણા અને કાંકરના ૧૧ તળાવો અને ડીસા તાલુકાના મુડેઠા, સોતાંબલા, સમશેરપુરા ૩ ગામના ૬ તળાવો અને હવે જે તળાવો જોડવાનો ખર્ચનો અંદાજ છે ૫૨૦ લાખનો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારે પૂછવું છે કે આપણે ૪૧૮ કરોડ રૂપિયા ખર્ચ કરવાના છીએ. આટલી મોટી પાઇપલાઇનનો જયારે આપણે ખર્ચ કરતા હોઇએ ત્યારે આજુબાજુના વિસ્તારોના કેટલા તળાવો આજની તારીખમાં ભરાવાના છે તો માત્ર ૨૮ તળાવો ભરાવાના છે. મારે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે આપણો જે બે કિલોમીટરનો કાયદો છે તો બે કિલોમીટર સુધીના ભરવાના. મારો વિસ્તાર સરસ્વતી તાલુકો બિલકૂલ આને અડીને આવે છે. મારી વિનંતી છે કે બે કિલોમીટરના આપ પાંચ કિલોમીટર કરો. તો આટલા બધા પૈસા આપણે ખર્ચીને પંપીંગથી પાણી આપવાના છીએ ત્યારે તમામ ગામોને વધુમાં વધુ ફાયદો થાય તેવું કરવા માગો છો કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે લાગણી વ્યકત કરી તો જયારે પાઇપલાઇન નાખી ત્યારે વચ્ચે જે તળાવો આવતા હોય, ૦થી ૧ કિલોમીટર સુધીમાં એ તળાવો ભરાવાની નીતિ હતી. ધારાસભ્યોની અને આગેવાનોની રજૂઆતોને ધ્યાનમાં રાખીને એ એક કિલોમીટરથી વધારીને બે કિલોમીટર કર્યું. પાણીની ઉપલબ્ધતા હોય તો એ મર્યાદા વધારી શકાય તેમ છે. પણ હાલ તુરત ૦થી ૨ કિલોમીટર સુધીની મર્યાદા છે. બાકી સભ્યશ્રીનું સૂચન છે.

## તારાંકિત પ્રશ્નો

શ્રી કેશાજી શિ. ચૌહાણ : હું જાણવા માગું છું કે નર્મદા મુખ્ય નહેર આધારિત ચાંગા–દાંતીવાડા પાઇપલાઇનની લંબાઇ, વ્યાસ અને વહનક્ષમતા કેટલી છે? આ પાઇપલાઇનથી સીપુ અને દાંતીવાડા જળાશયના પિયત વિસ્તારમાં પૂરક સિંચાઇના કેટલા વિસ્તારને લાભ મળનાર છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : ચાંગાથી દાંતીવાડા પાઇપલાઇન કુલ ત્રણ ભાગમાં વહેંચાયેલી છે. ચાંગાથી રામપુરા એ ૨૬.૫૦ કિલોમીટરનું અંતર છે અને તેનો વ્યાસ ૨૩૫૦ મિલીમીટરનો છે અને તેની વહનક્ષમતા ૩૦૦ ક્યુસેકની છે. રામપુરાથી ભડથ એ ૩૫.૫૦ કિલોમીટરના અંતરની છે. ૨૧૫૦ મિલીમીટર વ્યાસ અને ૨૦૦ ક્યુસેકની વહન ક્ષમતા. ભડથથી દાંતીવાડા જળાશય સુધી ૧૭.૬૦ કિલોમીટર ૨૧૫૦ મિલીમીટર વ્યાસ અને ૨૦૦ ક્યુસેકની વહનક્ષમતા છે. સભ્યશ્રીએ જે બીજો પ્રશ્ન કર્યો તેમાં સીપુ જળાશય પિયત વિસ્તારમાં છ ગામના ૨૭૦૦ હેક્ટર, દાંતીવાડા જળાશય પિયત વિસ્તારમાં ચાર ગામના ૨૯૦૦ હેક્ટર એમ કુલ ૧૦ ગામના ૫૬૦૦ હેક્ટરને આમાં લાભ થવાનો છે.

શ્રી ગોવાભાઇ હ. રબારી : આ પાઇપલાઇન દાંતીવાડા ડેમમાં પાણી નાખવા માટે કરેલી છે કે બધા તળાવો ભરીને વચ્ચે નદીમાં નાખવાની છે? બીજું, જે બે કિલોમીટર આપે કહ્યું છે પણ બે કિલોમીટરમાં પણ જે તળાવ આવે છે એ પણ પૂરા ભરાતા નથી. તો બે કિલોમીટરની અંદર તમામ પાઇપલાઇન ચાલુ થઇ ત્યાંથી દાંતીવાડા ડેમ સુધી એની વચ્ચે બે કિલોમીટરમાં આવતા તળાવો જે હશે તે ભરવા માગો છો કે કેમ? અને શ્રી બળવંતસિંહે કહ્યું એમ પાંચ કિ.મી. કરવામાં આવે તો તમારે તળાવો ઊંડા કરવાની જરૂર નહીં પડે. ગામડાંના જુના તળાવો ઊંડા છે એ ભરશો તો મોટું કામ થશે. આ પાઇપલાઇનથી પાણી નાખવાથી પણ મોટું કામ થશે અને જમીનમાં પાણી ઉતરશે એટલે જમીન રિચાર્જ થશે. દાંતીવાડાના આખા ભાગમાં જમીનમાં નીચે ૭૦ ફૂટે પથ્થર છે એટલે એની અંદર ઘણો મોટો ફાયદો થશે અને ખાસ કરીને ડીસામાંથી ૫૦ બોર જનું સેક્શન છે અને છેલ્લા ચાલીસ વર્ષથી પાઇપલાઇનથી વાવ–થરાદમાં પીવાનું પાણી જાય છે. ૫૦નો બોર અને ચારનું સેક્શન એટલે નદી જેટલું થાય. આ લાઇન ત્યાંથી નીકળે છે એટલે નદીમાં કોઝ–વે બનાવીને એમાં થોડુંક પાણી નાખીને રિચાર્જ કરવા માગો છો કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે તો ઝીરોથી એક કિ.મી. અને એકથી બે કિ.મી. સુધીમાં જે તળાવો આવે એ બધા જ તળાવોને પાણીની ઉપલબ્ધતા મુજબ ભરવાનું સરકારનું આયોજન છે.

### નવસારી જિલ્લામાં સુરક્ષા સેતુ અંતર્ગત તાલીમ

* ૨૫૦૧૮ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સુરક્ષા સેતુ સોસયટી અંતર્ગત મહીલાઓને સ્વરક્ષણ માટે કોઈ તાલીમ આપવામાં આવે છે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં કેટલી મહિલાઓને આ તાલીમ આપવામાં આવેલ છે ? | (૨) કુલ ૧૦૨૧૬ મહિલાઓને સ્વરક્ષણની તાલીમ આપવામાં આવેલ છે. |

શ્રી પીયૂષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પરબતભાઇએ જળ દિવસની વાત કરી. આગામી દિવસોમાં હોળી–ધૂળેટીનો તહેવાર આવે છે એ નિમિત્તે તમામને હું શુભેચ્છા પાઠવું છું. આ ગૃહના નેતા અને પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ ખરેખર અભિનંદનને પાત્ર છે. મહિલા સશક્તિકરણનું જીવંત ઉદાહરણ કોઇ હોય તો આ મહિલા સુરક્ષા સેતુની રચના છે એમ કહીએ તો ખોટું નથી. આ સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત જે તાલીમ આપવામાં આવે છે તેમાં કઇ કઇ બાબતો આવરી લીધેલ છે? મારા નવસારી જિલ્લામાં ૨૦૧૪–૧૫ના વર્ષમાં તાલુકાવાર અને પોલીસ સ્ટેશનવાર કેટલી મહિલાઓને તાલીમ આપવામાં આવી અને તેની પાછળ કેટલો ખર્ચ થયો છે?

શ્રી રજનીકાંત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની માનનીય આનંદીબેન પટેલના નેતૃત્ત્વવાળી આ સરકાર દ્વારા સમગ્ર રાજ્યનો સર્વાંગી વિકાસ થાય, રાજ્યના તમામ ભાઇ–બહેનોનો વિકાસ થાય એ દિશામાં ખૂબ સક્રિયતાથી કામ થઇ રહ્યું છે. સમાજ જીવનમાં બહેનોનો ૫૦ ટકા હિસ્સો છે. એટલે એમના વિકાસ માટે અનેક કાર્યક્રમો થયા છે જેમાં બેટી બચાવો હોય, દીકરીઓને ભણાવવાની વાત હોય, એમને સામાજિક અને આર્થિક રીતે પગભર કરવાની વાત હોય. આ તમામ કામોમાં બહેનો અગ્રેસર થઇ રાજ્યના વિકાસમાં અને સમાજ જીવનમાં આગળ આવી છે ત્યારે આ બહેનોને પણ વિશેષ તાલીમ દ્વારા એમની સુરક્ષા અંગે રાજ્યની સરકાર દ્વારા ખૂબ મહત્વપૂર્ણ પ્રયત્નો કરવામાં આવ્યા છે. મહિલાઓની સલામતી અને સુરક્ષા માટે એ પોતે સક્ષમ બને, આત્મનિર્ભર બને, હિંમતવાન બને એ માટે સેલ્ફ ડિફેન્સની બેઝીક તાલીમ ૧૫ દિવસની સુરક્ષા સેતુમાં આપવામાં આવે છે. કરાટે, જુડો, રાઇફલ શુટીંગ આ બધા પ્રકારની તાલીમ પણ આપીએ છીએ. આ તાલીમ પૂરી થાય પછી ૩ થી ૫ દિવસની રિફ્રેશર તાલીમ પણ આપીએ છીએ. સ્વ રક્ષણની તાલીમ મહિલાઓએ મેળવી છે. એમની કુલ સંખ્યામાંથી ૧૦ થી ૧૫ ટકા મહિલાઓને એ કહે તો એક માસની એડવાન્સ તાલીમ પણ આપીએ છીએ. નવસારી જિલ્લામાં નવસારી ટાઉનમાં ૨૦૧૪માં ૬૭૦ અને ૨૦૧૫માં ૪૯૨, નવસારી રૂરલમાં ૧૦૭૫ અને ૪૦૦, જલાલપોરમાં ૩૫૪ અને ૭૫૮, વિંજોલપોરમાં ૧૭૬, ગણદેવીમાં ૩૦ અને ૧૬૧૪, બિલીમોરામાં ૫૩૦ અને ૫૪૧, ચીખલીમાં ૧૫૦ અને ૧૫૬૪, ખેરગામમાં ૧૦૦ અને ૮૦૮, વાંસદામાં ૧૩૯ અને ૬૭૫ એમ કુલ ૨૦૧૪માં ૩૦૯૮ અને ૨૦૧૫માં ૭૧૧૮ મહિલાઓને તાલીમ આપી છે. અને ૨૦૧૪માં ૨૩.૨૦ લાખ અને ૨૦૧૫માં ૩૮.૮ લાખ એમ કુલ બે વર્ષમાં ૬૧.૨૮ લાખનો ખર્ચ થયો છે.

## તા. ૨૨મી માર્ચ, ૨૦૨૧

## તારાંકિત પ્રશ્નો

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા સુરક્ષા સેતુ હેઠળ તાલીમ આપવામાં આવતી બહેનોને તાલીમ આપ્યા બાદ કોઇ પ્રવાસ કાર્યક્રમ કરવામાં આવેલ છે કે કેમ?

શ્રી રજનીકાંત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પ્રવાસનો કાર્યક્રમ મહિલાઓ માટે હોતો નથી પરંતુ એક સ્ટુડન્ટ પોલિસ કેડેટ સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત ચાલે છે. આ બાળકોને પણ દરેક સ્કૂલમાં ચાર ઇન્ડોર અન ચાર આઉટ ડોર તાસમાં તાલીમ આપવામાં આવે છે અને આ બાળકોને સાત દિવસનો પ્રવાસ કરાવીએ છીએ.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે સુરક્ષા સેતુ સોસાયટી મહિલાના સ્વરક્ષણ સિવાય બીજી કઇ કઇ પ્રવૃત્તિઓ હાથ ધરે છે?

શ્રી રજનીકાંત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સુરક્ષા સેતુ સોસાયટી નીચે મેં કહ્યું એમ સ્વરક્ષણની તાલીમ આપીએ જ છીએ પરંતુ એના સિવાય રાત્રીના આઠ વાગ્યા પછી કોઇ બહેન એમને સુરક્ષીત રીતે ઘરે પહોંચવા માટે જરૂરિયાત ઉભી થાય તો મહિલાઓને પી.સી.આર. વાન દ્વારા ઘરે પહોંચાડવાની વ્યવસ્થા આપણે કરીએ છીએ. દારૂ અને અનૈતિક વ્યવસાયમાં કયાંક કોઇ બહેન જોડાઇ ગયા હોય તો એમનું કાઉન્સેલીંગ કરી એ વ્યવસાયમાંથી એ બહેન બહાર નીકળે સ્વાભિમાનપૂર્વક પોતાનું ગુજરાન ચલાવી શકે એવા વ્યવસાયો કરી શકે એ પ્રકારની વ્યવસ્થાઓ પણ આપણે કરીએ છીએ. ઘરેલુ હિંસાથી બચાવની કામગીરીમાં શારીરિક અને માનસિક આવી કોઇ ઘરેલુ હિંસા આચરવામાં આવે તો આ મહિલાઓ પોલીસને ફોન કરી જાણ કરી આવા ત્રાસમાંથી મુકિત મેળવવાની વ્યવસ્થા કરવામાં આવે છે. મહિલાઓને જાતીય સતામણી, બળાત્કાર, દહેજ અથવા દહેજની માગણી ન સંતોષવાના પરિણામે તથા મૃત્યુ, લગ્ન અને છૂટાછેડા અને મહિલા સંબંધીત અન્ય કાયદાઓની જોગવાઇઓની સમજ આ બહેનોને આપવામાં આવે છે જેથી એમના જીવનમાં કયાંય નાનો મોટો પ્રશ્ન ઉભો થાય તો કાયદાકીય રીતે એમને એનું માર્ગદર્શન મળે. મહિલા હેલ્પ લાઇન રાજયમાં મહિલાઓની સુરક્ષા સલામતીને ધ્યાને લઇ અને ૧૦૯૧ હેલ્પ લાઇનની પણ શરૂઆત કરવામાં આવી છે. કયાંય જરૂર પડે તો આ હેલ્પ લાઇનનો પણ બહેનો ઉપયોગ કરી શકે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે એમણે હેલ્પ લાઇનની વાત કરી તો છેલ્લા બે વર્ષમાં આ હેલ્પ લાઇનમાં કેટલા કોલ આવ્યા? બીજું પી.સી.આર. વાન દ્વારા મહિલાઓને સુરક્ષીત પહોંચાડવાની વાત કરી તો છેલ્લા બે વર્ષમાં પી.સી.આર. વાન દ્વારા કેટલી બહેનોને મદદ પૂરી પડવામાં આવી અને રાયફલ શૂટીંગની તાલીમ આપવામાં આવે છે તો આ જે બહેનોને રાયફલ શૂટીંગની તાલીમ આપ્યા બાદ એમને રાયફલ શૂટીંગ કર્યા બાદ લાયસન્સ માટે કોઇ બહેનોએ અરજી કરી છે કે કેમ?

શ્રી રજનીકાંત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લામાં ૨૦૧૪ અને ૨૦૧૫માં જે માનનીય શૈલેષભાઇએ કહ્યું કે ૧૦૯૧ મારફત કેટલા કોલ મળ્યા તો નવસારી ટાઉનમાં ૨૦૧૪માં ૧૨ અને ૨૦૧૫માં ૨૩, નવસારી રૂરલમાં ૨૦૧૪માં ૮ અને ૨૦૧૫માં ૨૩, જલાલપુરમાં ૨૦૧૪માં ૧૯ અને ૨૦૧૫માં ૨૧, વિજલપુરમાં ૨૦૧૫માં ૪, ગણદેવીમાં ૨૦૧૪માં ૫ અને ૨૦૧૫માં ૨૨, બિલિમોરામાં ૨૦૧૪માં ૯ અને ૨૦૧૫માં ૨૫, મરીન પોલીસ સ્ટેશનમાં ૨૦૧૫માં ૭, ચીખલીમાં ૨૦૧૪માં ૧૬ અને ૨૦૧૫માં ૨૭, ખેરગામમાં ૨૦૧૪માં ૯ અને ૨૦૧૫માં ૮ અને વાંસદામાં ૨૦૧૪માં ૬ અને ૨૦૧૫માં ૧૦ એમ ૨૦૧૪માં ૮૪ અને ૨૦૧૫માં ૧૭૦ મળી કુલ ૨૫૪ જેટલા કોલ્સ ૧૦૯૧ને મળ્યા છે. એમણે રાયફલની તાલીમની વાત કરી આ એક બેઝીક અને પ્રાથમિક તાલીમ છે. જેનાથી બહેનોની હિંમત, આત્મ વિશ્વાસ વધે અને એનાથી આગળ વધીને લાયસન્સની એમની રીકવાયર્મેન્ટ હોય તો એની ચોકકસ પ્રક્રિયા છે એ પ્રક્રિયાના આધાર ઉપર મેળવી શકાય છે.

### જુનાગઢ મહાનગરપાલિકાને વ્યકિતગત શૌચાલય માટે ગ્રાન્ટ

* ૨૫૦૯૪ શ્રી મહેન્દ્રભાઈ મશરૂ (જૂનાગઢ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુનાગઢ મહાનગરપાલિકાને વ્યકિતગત શૌચાલય યોજના હેઠળ વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬માં તા ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ કેટલા શૌચાલયો માટે કેટલી ગ્રાન્ટ મંજુર કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી કેટલી રકમ ચુકવવામાં આવેલ છે, અને

(૩) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ તે પરત્વે કેટલા શૌચાલયોની કામગીરી પૂર્ણ થયેલ છે ?

**જવાબ**

(૧) જુનાગઢ મહાનગરપાલિકાને વ્યકિતગત શૌચાલય યોજના હેઠળ વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬માં તા ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ કુલ ૩૪૭૯ શૌચાલયો મંજુર કરેલ છે અને તે પરત્વે કુલ-રૂ.૪૧૭.૪૮ લાખની ગ્રાન્ટ નીચે મુજબ મંજુર કરવામાં આવેલ છે.

| વર્ષ | મંજુર કરેલ વ્યકિતગત શૌચાલયો | મંજુર કરેલ રકમ રૂ.લાખમાં |
|---|---|---|
| ૨૦૧૪-૧૫ | ૩૪૭૯ | ૪૧૭.૪૮ |
| ૨૦૧૫-૧૬ | ૦ | ૦.૦૦ |
| કુલ | ૩૪૭૯ | ૪૧૭.૪૮ |

(૨) તે પેટે રૂ.૪૧૭.૪૮ લાખની રકમ નીચે મુજબ ચુકવવામાં આવેલ છે (મહા.ન.પા. પાસે બચત રકમમાંથી ખર્ચ કરવા મંજુરી આપેલ છે)

| વર્ષ | ચૂકવેલ રકમ રૂ.લાખમાં |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૪૧૭.૪૮ |
| ૨૦૧૫-૧૬ | ૦.૦૦ |
| કુલ | ૪૧૭.૪૮ |

(૩) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કુલ ૩૪૭૯ વ્યકતિગત શૌચાલયો પૂર્ણ થયેલ છે.

અતારાંકિત પ્રશ્નોત્તરી

શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ : માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં કોઇ સરકાર દ્વારા વ્યક્તિગત શૌચાલય માટે ગંભીરતા ધારણ કરવામાં આવી ન હતી. પરિણામે માતા, બહેનો અને દીકરીઓને ખૂબ તકલીફ પડતી હતી. પરંતુ આ સરકારે એક જબરજસ્ત યોજના દાખલ કરીને સારા પરિણામો મેળવ્યા છે અને આજે બહેનો, દીકરીઓ અને માતાઓને ખૂબ રાહત થઇ છે ત્યારે હું માનનીય મંત્રીશ્રી પાસેથી બે વસ્તુ જાણવા માગું છું. ૨૦૧૧ની વસતિ ગણતરી વખતે જુનાગઢ મહાનગરપાલિકામાં કેટલા કુટુંબો શૌચાલય વિનાના હતા અને જ્યાં વ્યક્તિગત શૌચાલય શક્ય નથી, ફિઝિબલ નથી ત્યાં વૈકલ્પિક વ્યવસ્થા શું કરવામાં આવી છે? જાહેર શૌચાલય કે સામૂહિક શૌચાલય એ બાબતમાં શું વ્યવસ્થા કરવામાં આવી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેન્દ્રભાઇએ કહ્યું એ પ્રમાણે સ્વચ્છતા માટે શૌચાલય બહુ પ્રાથમિક જરૂરિયાત છે. બેન, દીકરીઓને ખુલ્લામાં શૌચાલય માટે જવું ન પડે એ જોવાનું કામ અમારી સરકારે કર્યું અને શૌચાલયો બનાવીને એ સગવડ પ્રાપ્ત કરાવી છે ત્યારે જુનાગઢ આપણું એક ધાર્મિક મહાનગર છે અને હજારો પ્રવાસીઓ દરરોજ ત્યાં જાય છે. આ શહેર સ્વચ્છ અને સુંદર હોય એ આપણે ઇચ્છીએ છીએ એટલે અમારી સરકારે અગાઉ જે સ્વચ્છતા અંગેનો કાર્યક્રમ ચાલુ કરેલો એ પ્રમાણે શૌચાલયો બનાવવાનું કામ ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે જુનાગઢ મહાનગરમાં કુલ ૪૮૪૬ શૌચાલય વિનાના કુટુંબો હતા એ તમામને આપણે શૌચાલયની સુવિધા પૂર્ણ કરી છે. એ પછી મેં અગાઉ પણ કહ્યું હતું કે કદાચ કોઇ નવા મકાનો આ ૨૦૧૧ની વસતિ ગણતરી મુજબના સરવે પછી શૌચાલય વિના માલૂમ પડે તો એને પણ આપણે શૌચાલયની વ્યવસ્થા આપીએ છીએ. એ પ્રમાણે જુનાગઢ મહાનગરમાં પછીથી બીજા લગભગ ૬૦૦ જેટલા નવા શૌચાલયો આપણે બનાવી આપ્યા છે. તમામ રકમ જે ગુજરાત સરકાર તરફથી જુનાગઢ નગરપાલિકાને આપવામાં આવી છે અને એના દ્વારા આ કામ કરવામાં આવ્યું છે. મને જણાવતા આનંદ થાય છે કે ગુજરાતમાં કુલ આઠ મહાનગરપાલિકાઓ છે અને મેં અગાઉ પ્રશ્નોત્તરીમાં વિગતો આપી હતી કે આઠમાંથી એ વખતે ૬ મહાનગરપાલિકાઓ ૧૦૦ ટકા શૌચાલયની સુવિધા ધરાવતી બની હતી. એ વખતે જુનાગઢમાં થોડું કામ ચાલુ હતું. ત્યાર પછી વચગાળાના સમય દરમિયાન જુનાગઢ મહાનગરપાલિકામાં ૧૦૦ ટકા શૌચાલયની કામગીરી ૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ પૂર્ણ કરવામાં આવી છે. આથી હવે કુલ ૭ મહાનગરપાલિકાઓ જુનાગઢ સહિતની ૧૦૦ ટકા શૌચાલય ધરાવતીનો લક્ષ્યાંક આપણે પ્રાપ્ત કર્યો છે.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : વ્યક્તિગત શૌચાલય બનાવવા માટે કેટલો ખર્ચ કરવામાં આવે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : જેવું ઘર અને જેવી જેની જરૂરિયાત, કોઇને એક દિવાલ તો કોઇને બે દિવાલ બનાવવી પડે પણ રાજ્ય સરકાર તરફથી ૧૨ હજાર રૂપિયા સબસિડી શૌચાલય બનાવનાર પરિવારને આપીએ છીએ. ઘણી જગ્યાએ મહાનગરપાલિકા અથવા અન્ય સંસ્થાઓ પોતાની રીતે સ્વચ્છતાની કામગીરીમાં સહયોગ કરવા માટે અલગથી સહયોગ આપતી હોય છે. સરકાર ૧૨ હજાર આપે એનો એમને લાભ મળતો હોય છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : આ વ્યક્તિગત શૌચાલયો મહાનગરપાલિકામાં જે બનાવવામાં આવ્યા છે એ સિવાય કોઇ સંસ્થા પાસે મહાનગરપાલિકાએ શૌચાલયો બનાવડાવ્યા છે કે કેમ? જો હા તો કેટલા બનાવવામાં આવ્યા છે અને એ સંસ્થાને કેટલી રકમ ચૂકવવામાં આવી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આ શૌચાલયો સરકાર બનાવે છે અને એના માટે દરેક નગરપાલિકા વિસ્તારમાં અને મહાનગરપાલિકા વિસ્તારમાં જે એન.જી.ઓ. કહેવાય એને કામગીરી આપવામાં આવે છે. જુનાગઢમાં કુલ ૧૮ જેટલી સંસ્થાઓએ વ્યક્તિગત શૌચાલયો બનાવવાના એન.જી.ઓ. તરીકેની કામગીરી આપવામાં આવી છે અને એમને મહાનગરપાલિકા કામ પૂર્ણ થાય અને એન.ઓ.સી. મળે એ પછી સરકારે ગ્રાન્ટ આપી હોય એમાંથી રકમ ચૂકવે છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નોત્તરી

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

રાજ્યમાં કોસ્ટલ કાર્ગોને ઉત્તેજન આપવા બાબત

* ૨૪૯૮૯ શ્રી હર્ષ સંઘવી (મજુરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૧૫ની સ્થિતિએ ૨૦૧૫-૧૬ના વર્ષમાં કોસ્ટલ કાર્ગોને ઉત્તેજન આપવા માટે કોઈ આયોજન છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ માટે હાથ ધરેલ કાર્યવાહીની વિગતો શું છે ? | (૨) કોસ્ટલ કાર્ગોને ઉત્તેજન આપવા તજજ્ઞ પાસે અભ્યાસ હાથ ધરી રિપોર્ટ તૈયાર કરવામાં આવેલ છે. |

---------

''મુખ્યમંત્રીશ્રી યુવા સ્વાવલંબન યોજના'' અંતર્ગત પ્રસિધ્ધ સાહિત્ય

* ૨૫૦૦૦ ડૉ. નિર્મલાબેન વાધવાણી (નરોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ''મુખ્યમંત્રીશ્રી યુવા સ્વાવલંબન યોજના'' અંતર્ગત રાજ્યમાં | (૧) હા, જી. |

માહિતી ખાતાએ કોઈ સાહિત્ય પ્રસિધ્ધ કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો કયા સાહિત્ય પ્રસિધ્ધ કરેલ છે ?

(૨) ''મુખ્યમંત્રીશ્રી યુવા સ્વાવલંબન યોજના'' અંગેનું ફોલ્ડર પ્રકાશિત કરેલ છે.

---------

ખેડા જિલ્લામાં રાસાયણિક ખાતરનાં નમુના

* ૨૫૦૩૯ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાસાયણિક ખાતરના કુલ કેટલા નમૂનાઓ લેવામાં આવ્યા,

(૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂના પ્રામાણિત થયા અને કેટલા નમૂના બિન પ્રામણિત થયા, અને

(૩) બિન પ્રામાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા ?

જવાબ

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાસાયણિક ખાતરના કુલ ૮૪૭ નમૂનાઓ લેવામાં આવ્યા.

(૨) આ નમૂનાઓ પૈકી ૮૩૬ નમૂના પ્રામાણિત થયા અને ૧૧ નમૂના બિન પ્રામણિત થયા.

(૩) બિન પ્રામાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા.

| અ.નં. | બિન પ્રમાણિત નમૂનાની સંખ્યા | લીધેલ પગલા |
|---|---|---|
| ૧ | ૩ | કોર્ટ કેસ કરેલ છે. |
| ૨ | ૨ | વહીવટી પગલા |
| ૩ | ૧ | રિ–એનાલીસીસમાં પાસ થયેલ છે, |
| ૪ | ૫ | કાર્યવાહીમાં |

---------

મહીસાગર જિલ્લા નગરપાલિકાઓમાં પાણી પુરવઠા યોજના

* ૨૫૦૬૯ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મહીસાગર જિલ્લાની નગરપાલિકાઓમાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરેલ છે,

(૨) તે પૈકી કેટલી યોજના પૂર્ણ થયેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે?

જવાબ

(૧) મહીસાગર જિલ્લાની નગરપાલિકાઓમાં પાણી પુરવઠા યોજનાઓ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બે વર્ષ અગાઉ મંજૂર થઈ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) અને (૩)

હાલની સ્થિતિએ બે વર્ષ અગાઉ મંજૂર થયેલ યોજનાઓના મુખ્ય ઘટકોની પ્રગતિની વિગત નગરપાલિકાવાર નીચે મુજબ છે.

(૧) સંતરામપુર

– વિતરણ વ્યવસ્થા, ભૂગર્ભ ટાંકો, પંમ્પ હાઉસ, ઉંચી ટાંકી, ફિલ્ટર પ્લાન્ટ, પંમ્પીંગ મશીનરી સહિતના તમામ કામો પૂર્ણ

(૨) બાલાશિનોર-

–કેનાલ ઈન્ટેક, પંમ્પીંગ મશીનરી, ૧૮ લાખ લિટરનો સમ્પ, રાઈઝીંગ મેઈન, ડિસ્ટ્રિબ્યૂશન સિસ્ટમ, કલોરીનેશન ઍરેન્જમેન્ટ, કમ્પાઉન્ડ વોલ વગેરે સહિતના તમામ કામો પૂર્ણ

(૩) લુણાવાડા–

– પંમ્પીંગ મશીનરી, રાઈઝીંગ મેઈન, ઉંચી ટાંકી, વિતરણ વ્યવસ્થા, પંમ્પ હાઉસ, સહિતની કામગીરી પૂર્ણ. પાણીના શુદ્ધિકરણના પ્લાન્ટ અને સમ્પની કામગીરી ૬૦ ટકા પૂર્ણ.

---------

## છોટાઉદેપુર જિલ્લામાં દારૂની હેરાફેરીનાં કેસ

* ૨૬૪૮૦ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર દારૂની હેરાફેરીના કેટલા કેસ નોંધાયા, | (૧) |

| તાલુકાનું નામ | દેશી દારૂ | વિદેશી દારૂ |
|---|---|---|
| છોટાઉદેપુર | ૦ | ૧૨૯ |
| કવાંટ | ૦ | ૨૦ |
| જેતપુર | ૨ | ૧૭ |
| સંખેડા | ૦ | ૩ |
| બોડેલી | ૩ | ૬ |
| નસવાડી | ૦ | ૬ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે અન્વયે કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી, અને | (૨) ૨૩૦ |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં આ ગુના બનતા અટકાવવા શાં પગલા લેવામાં આવ્યા? | (૩) જિલ્લામાં દારૂ વેચાણની પ્રવૃત્તિ અટકે તે માટે તાબાના અધિકારીઓ/કર્મચારીઓ દ્વારા પેટ્રોલીંગ, નાઈટ રાઉન્ડ પેટ્રોલીંગ તથા પ્રોહિબીશન અંતર્ગત નિયમિત ડ્રાઈવનું આયોજન કરી તેમજ ખાનગી રાહે બાતમી, હકિકતો મેળવી ગેરકાયદેસર દારૂની પ્રવૃતિ કરનારાઓ ઉપર સફળ રેઈડો કરી કેસ કરવામાં આવે છે. લોક દરબાર વિગેરે યોજી આવી બદી નેસ્તનાબુદ થાય તે માટે જાગૃત નાગરિકો તથા ગ્રામજનોને સમજાવી સહકાર મેળવવામાં આવે છે. તેમજ આવારનવાર આ પ્રકારની પ્રવૃત્તિ કરતાં પકડાયેલા આરોપીઓ વિરુદ્ધ પ્રોહિબીશન ધારા કલમ ૯૩, તડીપાર, પાસા જેવા કેસ મૂકી જરૂરી અટકાયતી પગલાં લેવામાં આવે છે. |

---------

## વારસાઈ જમીનની ફેરબદલીમાં દસ્તાવેજ ફી માફી બાબત

* ૨૫૧૮૫ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ખેડુતોની વારસાઈ જમીનની મિલકત વહેંચણી દરમ્યાન એકને બદલે બીજા સર્વે નંબરનો કબ્જો ધારણ કરવાના કારણે એક-બીજાને કબ્જા મુજબના સર્વે નંબરો સોંપવા માટે દસ્તાવેજ ફી માફી માટેની કોઈ યોજના તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અમલમાં છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો કઈ યોજના છે અને તે હેઠળ કેટલી ફી ભરવાની થાય છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## નર્મદા જિલ્લા નગરપાલિકાઓમાં પાણી પુરવઠા યોજના

* ૨૫૦૯૩ શ્રી શબ્દશરણ તડવી (નાંદોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત નર્મદા જિલ્લાની નગરપાલિકાઓમાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરેલ છે, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ નર્મદા જિલ્લાની રાજપીપળા નગરપાલિકામાં બે વર્ષ અગાઉ ટ્રાયબલ સબપ્લાન-TSP અંતર્ગત પાણી પુરવઠા યોજના રૂ. ૧૧.૬૭ કરોડની મંજૂર કરવામાં આવી તથા છેલ્લા બે વર્ષમાં સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત પાણી પુરવઠા સુધારણા (Augmentation) ની યોજના રૂ઼ા. ૧.૫૭ કરોડના ખર્ચે મંજૂર કરવામાં આવી. |

(૨) તે પૈકી કેટલી યોજના પૂર્ણ થયેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે?

(૨) અને (૩)

હાલની સ્થિતિએ અગાઉ મંજૂર થયેલ યોજનાઓના મુખ્ય ઘટકોની પ્રગતિની વિગત નગરપાલિકાવાર નીચે મુજબ છે.

(૧) રાજપીપળા પાણી પુરવઠા યોજના (ટ્રાયબલ સબ પ્લાન –TSP અંતર્ગત)
– વિતરણ વ્યવસ્થા, ભૂગર્ભ ટાંકો, પંમ્પ હાઉસ, ઉંચી ટાંકી, ફિલ્ટર પ્લાન્ટ અને પંમ્પીંગ મશીનરી – – કામ પૂર્ણ

(૨) રાજપીપળા પાણી પુરવઠા સુધારણા (Augmentation) યોજના (સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત)
– વિતરણ વ્યવસ્થા ટેન્ડર બાહર પાડવાના થાય છે.

–––––––––

## મહીસાગર જિલ્લામાં પોલીસનું મહેકમ

* ૨૫૧૨૨ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) મહિસાગર જિલ્લામાં પોલીસનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૪) આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

જવાબ

(૧), (૨) અને (૩)
પત્રક મુજબ

(૪) તાજેતરમાં પૂર્ણ થયેલ હથિયારી/બિન હથિયારી લોકરક્ષકની ભરતી પ્રક્રિયાના અંતે મળેલ ઉમેદવારોમાંથી કુલઃ૬૭ ઉમેદવારોની મહીસાગર જિલ્લામાં ફાળવણી કરી બેઝીક તાલીમમાં મોકલવામાં આવેલ છે.
એ.એસ.આઈ./પી.એસ.આઈ.ની ભરતી પ્રક્રિયાના અંતે મળેલ ઉમેદવારોની બેઝીક તાલીમ પૂર્ણ થયેથી સપ્રમાણ ફાળવણી કરવામાં આવશે,. જયારે બઢતીના ફાળે આવતી જગ્યાઓ બઢતી માટેની જરૂરી કાર્યવાહી કરી વહીવટી અનુકુળતા મુજબ ભરવામાં આવે છે.

પત્રક

| ક્રમ | સંવર્ગ | મંજુર થયેલ મહેકમ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ | એક વર્ષથી ઉપરની ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|---|
| ૧. | બિન હથિયારી પોલીસ ઈન્સ્પેકટર | ૬ | ૫ | ૧ | ૦ |
| ૨. | બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર | ૧૧ | ૧૦ | ૧ | ૧ |
| ૩. | હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર | ૮ | ૫ | ૩ | ૩ |
| ૪. | બિન હથિયારી મદદનીશ સબ ઈન્સ્પેકટર | ૪૮ | ૪૮ | ૦ | ૦ |
| ૫. | હથિયારી મદદનીશ સબ ઈન્સ્પેકટર | ૪૧ | ૩૭ | ૪ | ૪ |
| ૬. | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૮૨ | ૩૦ | ૫૨ | ૫૨ |
| ૭. | હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૬૫ | ૨૭ | ૩૮ | ૬ |
| ૮. | મહિલા હેડ કોન્સ્ટેબલ | ૮ | ૬ | ૨ | ૨ |
| ૯. | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૨૧૬ | ૧૫૬ | ૬૦ | ૩૩ |
| ૧૦. | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૩૧૪ | ૧૬૬ | ૧૪૮ | ૪૮ |
| ૧૧. | મહિલા પોલીસ કોન્સ્ટેબલ | ૧૨ | ૧૨ | ૦ | ૦ |

–––––––––

## એસ.આર.પી. જૂથ–૨ અમદાવાદનાં પોલીસ ખાતામાં આરોગ્ય ચકાસણી

* ૨૫૦૩૧ શ્રી રાકેશભાઈ શાહ (એલીસબ્રીજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

અતારાંકિત પ્રશ્નોત્તરી

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી–અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એસ.આર.પી. જૂથ–૨ અમદાવાદની કચેરીમાં કેટલા પોલીસ કર્મચારી–અધિકારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે? | (૨) ૧૮૪૮. |

---------

પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગર કચેરી હસ્તક પોલીસ કોમ્યુનીટી હોલ

* ૨૫૦૩૩ શ્રીમતી વિભાવરીબેન દવે (ભાવનગર પૂર્વ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરી શકે તે માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરની કચેરી હસ્તક કેટલા પોલીસ કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે? | (૨) પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરની કચેરી હસ્તક એક કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે. |

---------

રાજ્યમાં ઘોડાઓમાં ''ગ્લેન્ડર્સ'' નો રોગચાળો

* ૨૫૩૬૫ શ્રી અમિતભાઈ ચૌધરી (માણસા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષ દરમ્યાન ઘોડાઓમાં ''ગ્લેન્ડર્સ'' નો રોગચાળો ફેલાયેલ છે કે કેમ, અને | (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં ''ગ્લેન્ડર્સ'' ના રોગચાળાનો એક કેસ નોંધાયેલ છે. |
| (૨) જો ''હા'' તો, આ રોગચાળો અટકાવવા સરકાર દ્વારા શા પગલાં લેવામાં આવ્યા? | (૨) આ રોગચાળો અટકાવવા રાજ્ય સરકાર દ્વારા શંકાસ્પદ જણાયેલ ૧૧ ઘોડા/ખચ્ચરના નમુના નિદાન અર્થે ''નેશનલ રીસર્ચ સેન્ટર ફોર ઈકવાઈન'' હિસાર ખાતે મોકલેલ. જે પૈકી ૩ પશુઓ ગ્લેન્ડર માટે પોઝીટીવ જણાતા તા. ૮–૨–૧૬ના રોજ પોઝીટીવ પૈકી ૨ જીવીત પશુઓને યુથેનાઈઝ (દયા મૃત્યુ) નિકાલ કરવામાં આવેલ અને એકનું મૃત્યુ થયેલ તેનો પણ નિકાલ નિયમાનુસાર કરેલ છે. ભારત સરકારશ્રીના ''પ્રિવેંશન એંડ કંટ્રોલ ઓફ ઇંફેકશીયશ એંડ કોંટાજીયશ ડીસીઝ ઈન એનીમલ એકટ–૨૦૦૯'' અન્વયે જાહેરનામું બહાર પાડી, આ તાલુકામાં અશ્વ કુળના પશુઓને લાવવા–લઈ જવા પર પ્રતિબંધ મુકવામાં આવેલ તેમજ લોક જાગૃતિ અર્થે અગ્રણી વર્તમાનપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ તથા સંબંધિત ઓથોરીટીને પણ તેના અમલીકરણ અર્થે જાણ કરાયેલ. આ રોગ સંદર્ભે પશુપાલન ખાતાની તમામ ક્ષેત્રીય કચેરીઓને માહિતગાર કરી, સાવચેતી રાખવા માટે પરિપત્ર કરવામાં આવેલ. આ રોગ માટે ભારત સરકારશ્રીના સંપર્કમાં રહી જરૂરી પગલા લેવામાં આવી રહેલ છે. |

---------

શહેરી જમીન ટોચ મર્યાદા હેઠળની જમીન, શહેરી ગરીબોના આવાસો માટે ફાળવવા બાબત

* ૨૪૯૯૭ શ્રી ભૂષણ ભટ્ટ (જમાલપુર–ખાડીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શહેરી જમીન ટોચ મર્યાદા કાયદો–૧૯૭૬ હેઠળ સરકાર હસ્તક લીધેલ જમીનો પૈકી તા. ૩૧–૦૧–૨૦૧૬ની | (૧) ૫,૧૯,૧૫૭.૩૭ ચો.મી. |

સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી જમીન શહેરી ગરીબોના આવાસો બનાવવા ફાળવવામાં આવેલ છે, અને

(૨) શહેરી જમીન ટોચ મર્યાદા કાયદો–૧૯૭૬ હેઠળ ફાજલ થઈ સરકાર હસ્તક આવેલ અને કલમ–૨૩ હેઠળ ફાળવેલ જમીનોના વેચાણ અને શરતભંગ અંગે સરકારશ્રી દ્વારા શું પગલાં લેવામાં આવે છે?

(૨) આવી જમીનો નિયમનુસાર પ્રિમિયમ લઈ, વેચાણ પરવાનગી આપવામાં આવે છે તથા શરતભંગ વિનિયમિત કરી આપવામાં આવે છે.

---------

બનાસકાંઠા જિલ્લામાં વાવાઝોડા/અતિવૃષ્ટિથી કૃષિ પાકને નુકશાન

* ૨૫૨૬૭ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં આવેલ વાવાઝોડા અને અતિવૃષ્ટિના કારણે બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કયા કૃષિ પાકોને કેટલુ નુકશાન થયેલ છે,

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં આવેલ વાવાઝોડા અને અતિવૃષ્ટિના કારણે બનાસકાંઠા જિલ્લાના કુલ–૧૩ તાલુકાઓમાં મગફળી, ગુવાર, તલ, બાજરી, કપાસ, મગ અને ઘાસચારો જેવા કૃષિ પાકોને કુલ–૬૭૨૨૧.૭૬ હેકટર જેટલાં વિસ્તારમાં નુકશાન થયેલ હતું, તેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | અસરગ્રસ્ત વિસ્તાર (હેકટર) |
|---|---|---|
| ૧ | ધાનેરા | ૪૩૫૩.૨૯ |
| ૨ | ડીસા | ૫૩૦૯.૦૫ |
| ૩ | લાખણી | ૯૦૯૪.૩૩ |
| ૪ | કાંકરેજ | ૫૩૩૦.૫૧ |
| ૫ | દિયોદર | ૧૨૧૫૬.૨૫ |
| ૬ | ભાભર | ૪૮૩૭.૮૧ |
| ૭ | વાવ | ૫૮૦૧.૩૫ |
| ૮ | સુઈગામ | ૧૫૦૬.૧૫ |
| ૯ | થરાદ | ૧૮૭૬૯.૦૬ |
| ૧૦ | પાલનપુર | ૩૮.૩૫ |
| ૧૧ | દાંતીવાડા | ૧૪.૩૨ |
| ૧૨ | વડગામ | ૨.૩૦ |
| ૧૩ | દાંતા | ૮.૯૯ |
| | કુલ | ૬૭૨૨૧.૭૬ |

(૨) ઉક્ત જિલ્લામાં થયેલ નુકશાન બાબતે રાજ્ય સરકાર દ્વારા સર્વે કામ કયારે કરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત જિલ્લામાં થયેલ નુકશાન બાબતે તા. ૦૩–૦૮–૨૦૧૫ થી ૧૬૯ સર્વે ટીમો બનાવી જિલ્લામાં સર્વે કામગીરી શરૂ કરવામાં આવેલ.

(૩) તે અન્વયે ઉક્ત જિલ્લામાં કૃષિ પાકમાં નુકશાન પેટે કેટલું વળતર ચૂકવવાનું આયોજન છે?

(૩) તે અન્વયે ઉક્ત જિલ્લામાં કૃષિ પાકમાં નુકશાન પેટે રૂ. ૮૬૦૮ કરોડની સહાય ચુકવેલ છે.

જી–સ્વાન ઈન્ટરનેટનું સર્વર ડાઉન થવા બાબત

* ૨૫૧૬૦ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરીયાપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સાયન્સ અને ટેકનોલોજી) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં જી–સ્વાન ઈન્ટરનેટમાં વારંવાર સર્વર ડાઉન થઈ જવાથી આમ જનતાને ખુબ જ પરેશાની ભોગવવી પડે છે અને સરકારી

જવાબ

(૧) ના, જી.

કામકાજમાં પણ વિક્ષેપ પડે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેને અદ્યતન બનાવવા અને કોઈ વિક્ષેપો ન પડે તે માટે સરકારે શા પગલાં લીધા ?

(૨) લાગુ પડતું નથી.

કચ્છ જિલ્લામાં બી.એસ.એફ. ને ફાળવેલ જમીન

* ૨૪૯૯૧ ડૉ. નીમાબેન આચાર્ય (ભૂજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં બોર્ડર સિક્યોરીટી ફોર્સ (બી.એસ.એફ.) ને તા.૩૧–૧૨–૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોઈ સરકારી પડતર જમીનની ફાળવણી કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી સરકારી પડતર જમીનની ફાળવણીના હુકમો કરવામાં આવેલ છે ? | (૨) હે. ૩–૬૪–૨૩ ચો.મી. |

રાજ્યમાં પોલીસદળમાં વર્ગ–૩ ની ભરતી

* ૨૫૦૧૭ શ્રી નરોતમભાઈ પટેલ (ઉધના) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

રાજ્યમાં પોલીસ દળમાં તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વર્ગ–૩ માં ક્યા સંવર્ગોમાં કેટલી ભરતી કરવામાં આવી ?

જવાબ

નીચે મુજબ ભરતી કરવામાં આવી.

| ક્રમ | સંવર્ગ | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | પોલીસ સબ ઈન્સ્પેકટર (બિન હથિયારી) | ૫૦૦ |
| ૨ | આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર (બિન હથિયારી) | ૮૦૦ |
| ૩ | પોલીસ કોન્સ્ટેબલ (બિન હથિયારી) | ૫૬૫૦ |
| ૪ | પોલીસ કોન્સ્ટેબલ (હથિયારી) | ૧૫૦૦ |

કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળીઓને રાહત દરે જમીન

* ૨૪૯૯૨ શ્રી રજનીકાંત પટેલ (અસારવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળીઓને સરકારી જમીન રાહત દરે ફાળવવા બાબતે સરકારે કોઈ પગલાં લીધેલ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યા ભાવે કેટલી જમીન ફાળવવામાં આવશે ? | (૨) મહેસૂલ વિભાગના તા.૧૭–૧૨–૨૦૧૫ના ઠરાવથી રાજ્યની કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળીઓ (પેક્સ/લેમ્પ્સ) ને ગોડાઉનના બાંધકામ માટે તેમના કાર્યક્ષેત્ર વિસ્તારમાં કૃષિ ઉત્પાદન, કૃષિ વિષયક ઉપયોગી ચીજ વસ્તુઓ જેવી કે, ખાતર, બિયારણ, રાસાયણિક દવાઓના સંગ્રહ માટે ૨૫૦૦ ચો.મી. સુધીનો પ્લોટ જે મંડળી છેલ્લા પાંચ વર્ષથી ઉદ્દેશો મુજબ કામ કરતી હોય, અને જેનો છેલ્લો ઓડિટ વર્ગ–અ, બ અથવા ક હોય તેવી મંડળીઓને સરકારશ્રીની પ્રવર્તમાન જંત્રી કિંમતના ૧૦ ટકા કિંમતે જમીન ફાળવવા નિર્ણય કરવામાં આવેલ છે. |

ભાવનગર જિલ્લામાં રાસાયણિક ખાતરના નમુના

* ૨૫૦૪૧ શ્રી શિવાભાઈ ગોહિલ (તળાજા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાસાયણિક ખાતરના કુલ કેટલા નમૂનાઓ લેવામાં આવ્યા, | (૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાસાયણિક ખાતરના કુલ ૫૮૫ નમૂનાઓ લેવામાં આવ્યા. |
| (૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા | (૨) આ નમૂનાઓ પૈકી ૫૭૨ નમૂના પ્રમાણિત થયા |

અને કેટલા નમૂના બિન પ્રમાણિત થયા, અને | અને ૧૩ નમૂના બિન પ્રમાણિત થયા.

(૩) બિન પ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા ?

(૩) બિન પ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત નીચે મુજબનાં પગલાં લેવામાં આવ્યાં.

| અ. નં. | બિન પ્રમાણિત નમૂનાની સંખ્યા | લીધેલ પગલાં |
|---|---|---|
| ૧ | ૩ | કોર્ટ કેસ કરેલ છે. |
| ૨ | ૩ | વહીવટી પગલાં |
| ૩ | ૨ | રિ–એનાલીસીસમાં પાસ થયેલ છે. |
| ૪ | ૫ | કાર્યવાહીમાં |

એફ.એસ.એલ. દ્વારા કેન્દ્રીય સંસ્થાઓને મદદ

* ૨૫૦૧૬ શ્રી જગરૂપસિંહ રાજપુત (બાપુનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા કેન્દ્રીય તપાસ સંસ્થાઓને ગુન્હાની તપાસમાં મદદ પૂરી પાડવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્રીય સંસ્થાઓ દ્વારા કેટલા કેસોમાં મદદ લીધેલ છે?

જવાબ

(૧) હા, જી.

(૨) કેન્દ્રીય સંસ્થાઓ દ્વારા ૪૭૮ કેસોમાં મદદ લીધેલ છે.

પાનમ હાઈ કમાન્ડ કેનાલનાં કામ બાબત

* ૨૬૦૦૭ શ્રી સી.કે.રાઉલજી (ગોધરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ પાનમ હાઈ કમાન્ડ કેનાલના કામો ક્યા તબક્કે છે, અને તે ક્યારે પૂર્ણ થશે, અને

(૨) તે અન્વયે અંદાજિત ખર્ચ કેટલો છે ?

જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ પાનમ હાઈ કમાન્ડ કેનાલના ૮૫ ટકા કામો પૂર્ણ થયેલ છે. બાકી કામો જમીન સંપાદન થયા બાદ પૂર્ણ કરી શકાશે.

(૨) રૂ.૧૭.૩૧ કરોડ.

સુખી સિંચાઈ યોજનાની કેનાલ ઉપર રસ્તો બનાવવા બાબત

* ૨૫૩૯૬ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) છોટાઉદેપુર જિલ્લામાં આવેલ સુખી સિંચાઈ યોજનાની ડાબા કાંઠાની નહેર પાસે આવેલા કીકાવાડા, પાલસંડા, ખોસ ગામોના લોકોને અવરજવર માટે કેનાલ ઉપરથી રસ્તો બનાવવાની તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી માંગણીઓ મળી છે,

(૨) તે અન્વયે કાર્યપાલક ઈજનેર બોડેલીએ કેટલી રકમની દરખાસ્ત સરકારમાં કરી છે,

(૩) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ આ દરખાસ્ત ક્યા તબક્કે છે, અને

(૪) આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

જવાબ

(૧) એક.

(૨) નકશા, અંદાજો તૈયાર થાય છે તેથી તૈયાર થયે રકમ જાણી શકાશે.

(૩) પ્રાથમિક.

(૪) શક્ય તેટલી વહેલી.

વડોદરા જિલ્લામાં જંતુનાશક દવાના નમૂના

* ૨૫૦૩૮ શ્રી બાલકૃષ્ણભાઈ પટેલ (ડભોઈ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જંતુનાશક દવાઓના કુલ કેટલા નમૂનાઓ લેવામાં આવ્યા,

(૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા અને કેટલા નમૂના બિન પ્રમાણિત થયા, અને

જવાબ

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જંતુનાશક દવાઓના કુલ ૫૪૭ નમૂનાઓ લેવામાં આવ્યા.

(૨) આ નમૂનાઓ પૈકી ૫૨૮ નમૂના પ્રમાણિત થયા અને ૧૯ નમૂના બિનપ્રમાણિત થયા.

(૩) બિન પ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા ?

(૩) બિન પ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત જવાબદારો સામે નીચે મુજબના પગલા લેવામાં આવ્યા.

| અ. નં. | નમૂનાની સંખ્યા | લીધેલ પગલાં |
|---|---|---|
| ૧ | ૦૯ | કોર્ટ કેસ કરેલ છે. |
| ૨ | ૦૬ | વહીવટી પગલાં લીધેલ છે. |
| ૩ | ૦૩ | કાર્યવાહીમાં ચાલુ છે. |
| ૪ | ૦૧ | રી–એનાલીસીસમાં પાસ થયેલ છે. |

અમરેલી જિલ્લામાં મગફળી/કપાસ વાવેતરમાં વિસંગતતા બાબત

* ૨૬૪૦૦ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧ જાન્યુઆરી–૨૦૧૬ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં ખરીફ–૨૦૧૨ની ઋતુ દરમ્યાન તાલુકાવાર મગફળી અને કપાસનું કેટલા ક્ષેત્રફળમાં વાવેતર કરવામાં આવેલ,

(૧)

| તાલુકાનું નામ | વાવેતર વિસ્તાર (હેકટરમાં) | વાવેતર વિસ્તાર (હેકટરમાં) |
|---|---|---|
| | મગફળી | કપાસ |
| અમરેલી | ૧૦૧૮ | ૪૪૬૮૧ |
| બાબરા | ૭૯૮૮ | ૪૭૫૭૦ |
| બગસરા | ૧૨૧૮૯ | ૧૧૯૯૬ |
| ધારી | ૧૩૩૫ | ૫૮૯૦ |
| જાફરાબાદ | ૫૬૯૫ | ૧૩૬૯૬ |
| ખાંભા | ૯૩૨૬ | ૯૭૮૫ |
| કુકાવાવ વડીયા | ૨૧૪૮૦ | ૨૪૪૦૦ |
| લાઠી | ૧૩૬૦ | ૪૩૮૨૦ |
| લીલીયા | ૬૦૦ | ૨૦૫૦૦ |
| રાજુલા | ૩૩૦૦ | ૧૭૫૦૦ |
| સાવરકુંડલા | ૨૦૧૦૫ | ૪૯૪૦૬ |

(૨) ઉપરોકત ઋતુ દરમ્યાન સૂચિત કૃષિ જણસોના વાવેતર વિસ્તારના ક્ષેત્રફળ બાબતમાં વિસંગતતા અંગેની બાબત સરકારના ધ્યાને આવેલ છે કે કેમ,

(૨) ના.

(૩) જો હા, તો આ અંગે સરકાર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવેલ છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ઉપરોકત સ્થિતિએ આ અંગે કેટલા સમયમાં આખરી નિર્ણય કરવામાં આવશે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ગુજરાત મેગેઝીનનાં છાપકામ અને ખર્ચ બાબત

* ૨૬૫૦૫ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ માહિતી કમિશનરની કચેરી દ્વારા પ્રકાશિત થતાં ''ગુજરાત મેગેઝીન'' સરકારી પ્રેસમાં છપાવવામાં આવે છે કે ખાનગી પ્રેસમાં, અને

(૧) તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ માહિતી કમિશનરની કચેરી દ્વારા પ્રકાશિત થતાં ''ગુજરાત મેગેઝીન'' ખાનગી પ્રેસમાં છપાવવામાં આવે છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ ખર્ચ.

| | |
|---|---|
| ૧. તા.૧–૨–૨૦૧૪ થી તા.૩૧–૧–૨૦૧૫ સુધી | રૂ.૮,૯૮,૫૩,૪૩૬/– |

| | |
|---|---|
| ૨. તા.૧-૨-૨૦૧૫ થી તા.૩૧-૧-૨૦૧૬ સુધી | રૂ.૮,૯૮,૩૧,૧૦૭/- |

ગાંધીનગર જિલ્લામાં કાંસોની સફાઇ બાબત

* ૨૫૦૨૨ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર દક્ષિણ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલી કાંસો આવેલી છે, અને

(૨) આ કાંસોની કુલ લંબાઇ કેટલી છે ?

જવાબ

(૧) ૧૫.

(૨) ૨૧૫.૭૦ કિલોમીટર.

પાટણ જિલ્લામાં અતિવૃષ્ટિમાં માનવ અને પશુઓનાં મૃત્યુ

* ૨૫૨૬૦ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ સન ૨૦૧૫ માં ચોમાસા દરમિયાન રાજ્યમાં આવેલ ભારે વરસાદને કારણે પાટણ જિલ્લાને કેટલું આર્થિક નુકશાન થયું અને તે અન્વયે કેટલા માનવ મૃત્યુ, પશુ મૃત્યુ થયા હતા, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલાં અસરગ્રસ્ત લોકોને સહાયો ચૂકવવાની બાકી છે ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ સન ૨૦૧૫ માં ચોમાસા દરમિયાન રાજ્યમાં આવેલ ભારે વરસાદને કારણે પાટણ જિલ્લાને અંદાજિત રૂ.૧૮૯૧૩.૧૩ લાખનું આર્થિક નુકશાન થયું હતું અને તે અન્વયે ૧૩ માનવ મૃત્યુ તથા ૮૮૬૫ પશુ મૃત્યુ થયાં હતા.

(૨) નિયમોનુસારની કોઇ સહાય ચૂકવવાની બાકી નથી.

વલસાડ જિલ્લાની બજાર સમિતિઓને આધુનિક સવલતો

* ૨૬૩૮૩ શ્રી ઇશ્વરભાઇ પટેલ (ધરમપુર) : માનનીય સહકાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર તાલુકા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિને આધુનિક સવલતો પુરી પાડવા માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) તે અન્વયે તાલુકાવાર કેટલી રકમ ચુકવી ?

જવાબ

(૧) વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં (તા.૧-૨-૨૦૧૪ થી તા.૩૧-૧-૨૦૧૫ તથા તા.૧-૨-૨૦૧૫ થી તા.૩૧-૧-૨૦૧૬) તાલુકાવાર તાલુકા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિને આધુનિક સવલતો પુરી પાડવા નીચે મુજબની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

| વર્ષ | તાલુકો | ફાળવેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૪-૧૫ | પારડી | ૪૭.૫૦ |
| ૨૦૧૫-૧૬ | પારડી | ૪૦.૮૦ |
| | વલસાડ | ૪૨.૫૦ |

(૨) તાલુકાવાર ચુકવેલ રકમ નીચે મુજબ છે.

| તાલુકો | ચુકવેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|
| પારડી | ૮૮.૩૦ |
| વલસાડ | ૪૨.૫૦ |

જિલ્લા/તાલુકા ખરીદ વેચાણ સંઘોને રાહત દરે જમીન

* ૨૪૯૯૩ શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લા/તાલુકા ખરીદ વેચાણ સંઘો કે જેમની પાસે પોતાની માલિકીનું મકાન / ગોડાઉન ન હોય તેમને સરકારી જમીન રાહત દરે ફાળવવા સરકારે કોઇ પગલાં લીધાં છે, અને

(૨) જો હા, તો ક્યા ભાવે કેટલી જમીન ફાળવવામાં આવશે ?

જવાબ

(૧) હા, જી.

(૨) મહેસૂલ વિભાગના તા.૧૭-૧૨-૨૦૧૫ ના ઠરાવથી રાજ્યના જિલ્લા/તાલુકા ખરીદ વેચાણ સંઘ કે જેમની પાસે પોતાની માલિકીનું મકાન/ગોડાઉન નથી તે પૈકી (૧) ''અ'' અને ''બ'' ઓડિટ વર્ગ ધરાવતા સંઘોને વધુમાં વધુ ૫,૦૦૦ ચો.મી. સુધીની જમીન પ્રવર્તમાન જંત્રી કિંમતના

| | |
|---|---|
| | ૫૦ % રાહત દરે (૨) ''ક'' અને ''ડ'' ઓડિટ વર્ગ ધરાવતા સંઘોને વધુમાં વધુ ૩,૦૦૦ ચો.મી. સુધીની જમીન પ્રવર્તમાન જંત્રી કિંમતના ૩૦ ટકા રાહત દરે ફાળવવાનો નિર્ણય કરવામાં આવેલ છે. |

શહેરી જમીન ટોચ મર્યાદા હેઠળની જમીન, શહેરી ગરીબોના આવાસો માટે ફાળવવા બાબત

* ૨૪૯૯૬ શ્રીમતી સંગીતાબેન પાટીલ (લિંબાયત) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શહેરી જમીન ટોચ મર્યાદા કાયદો–૧૯૯૭ હેઠળ સરકાર હસ્તક લીધેલ જમીનો પૈકી તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી જમીન શહેરી ગરીબોના આવાસો બનાવવા ફાળવવામાં આવેલ છે, અને | (૧) ૫,૧૯,૧૫૭.૩૭ ચો.મી. |
| (૨) શહેરી જમીન ટોચ મર્યાદા કાયદો–૧૯૭૬ હેઠળ ફાજલ થઇ સરકાર હસ્તક આવેલ અને કલમ–૨૩ હેઠળ ફાળવેલ જમીનોના વેચાણ અને શરતભંગ અંગે સરકારશ્રી દ્વારા શું પગલાં લેવામાં આવે છે ? | (૨) આવી જમીનો નિયમાનુસાર પ્રિમિયમ લઇ, વેચાણ પરવાનગી આપવામાં આવે છે તથા શરતભંગ વિનિયમિત કરી આપવામાં આવે છે. |

વડોદરા શહેરમાં સુરક્ષા સેતુ અંતર્ગત તાલીમ

* ૨૫૦૨૪ શ્રીમતી મનિષાબેન વકીલ (વડોદરા શહેર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે કોઇ તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા શહેરમાં કેટલી મહિલાઓને આ તાલીમ આપવામાં આવેલ છે ? | (૨) કુલ ૨૫૨૯૨ મહિલાઓને સ્વરક્ષણની તાલીમ આપવામાં આવેલ છે. |

એસ.આર.પી. જૂથ–૮ ગોંડલ કચેરી હસ્તક પોલીસ કોમ્યુનીટી હોલ

* ૨૫૫૧૧ શ્રી જયરાજસિંહ જાડેજા (ગોંડલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરી શકે તે માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ એસ.આર.પી. જૂથ–૮ ગોંડલની કચેરી હસ્તક કેટલા પોલીસ કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે ? | (૨) એસ.આર.પી. જૂથ–૮ ગોંડલની કચેરી હસ્તક એક કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે. |

સુરેન્દ્રનગર જિલ્લામાં ખારેક વાવેતરમાં સહાય

* ૨૪૯૯૮ શ્રી કિરીટસિંહ રાણા (લીંબડી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ટીસ્યુકલ્ચર ખારેકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે માટે તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫–૧૬ માં સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૨) કુલ રૂ.૧૪,૪૪,૫૦૦/– (અંકે રૂપિયા ચૌદ લાખ ચુમ્માલીસ હજાર પાંચસો પુરા). |

મહેસાણા જિલ્લામાં પકડાયેલ દારૂ

* ૨૫૧૫૬ શ્રી પ્રહલાદભાઈ પટેલ (વિજાપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલા પોલીસ સ્ટેશનોમાં એક લાખ રૂપિયા કે તેથી વધુ રકમનો દારૂ પકડાયો, અને | (૧) ૯ (નવ). |

(૨) તે અન્વયે જવાબદારો સામે સરકારે શાં પગલાં લીધા ?

(૨) જવાબદાર બે કર્મચારીઓને ફરજ મોકુફ કરીને ખાતાકીય તપાસ હાથ ધરી છે, જ્યારે અન્ય ચાર કર્મચારીઓ વિરૂધ્ધ ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવી છે.

## મોરબી/રાજકોટ શહેર તથા રાજકોટ જિલ્લામાં પોલીસ ખાતાનું મહેકમ

* ૨૬૪૬૭ શ્રી મહંમદજાવીદ પીરજાદા (વાંકાનેર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ મોરબી અને રાજકોટ શહેર તથા રાજકોટ જિલ્લાનું પોલીસ ખાતાનું વર્ગ–૨, વર્ગ–૩ નું મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ કેટલું છે,

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી ભરાયેલ જગ્યા કેટલી છે અને ખાલી જગ્યા કેટલી છે, અને

જવાબ

(૧) અને (૨) : પત્રક મુજબ.

પ ત્ર ક

| ક્રમ | જિલ્લા/ શહેર | સંવર્ગ/વર્ગ | મંજૂર થયેલ મહેકમ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|---|
| ૧ | મોરબી | બિન હથિયારી પોલીસ ઈન્સ્પેકટર, વર્ગ–૨ | ૦૮ | ૦૬ | ૦૨ |
| | | બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર, વર્ગ–૩ | ૨૧ | ૧૭ | ૦૪ |
| | | હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર, વર્ગ–૩ | ૦૭ | ૦૩ | ૦૪ |
| | | બિન હથિયારી મદદનીશ સબ ઈન્સ્પેકટર, વર્ગ–૩ | ૫૪ | ૫૪ | ૦૦ |
| | | હથિયારી મદદનીશ સબ ઈન્સ્કેટર, વર્ગ–૩ | ૩૬ | ૧૩ | ૨૩ |
| | | મહિલા મદદનીશ સબ ઈન્સ્પેકટર, વર્ગ–૩ | ૦૫ | ૦૨ | ૦૩ |
| | | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ, વર્ગ–૩ | ૯૦ | ૭૯ | ૧૧ |
| | | હથિયારી હેડ કોન્સ્ટેબલ, વર્ગ–૩ | ૬૧ | ૨૩ | ૩૮ |
| | | મહિલા હેડ કોન્સ્ટેબલ, વર્ગ–૩ | ૦૯ | ૦૧ | ૦૮ |
| | | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, વર્ગ–૩ | ૩૪૫ | ૨૨૬ | ૧૧૯ |
| | | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, વર્ગ–૩ | ૨૮૦ | ૨૦૮ | ૭૨ |
| | | મહિલા પોલીસ | ૨૨ | ૨૨ | ૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | કોન્સ્ટેબલ, વર્ગ–૩ | | | |
| ૨ | રાજકોટ શહેર | બિન હથિયારી પોલીસ ઈન્સ્પેકટર, વર્ગ–૨ | ૧૭ | ૦૯ | ૦૮ |
| | | મહિલા પોલીસ ઈન્સ્પેકટર વર્ગ–૨ | ૦૨ | ૦૦ | ૦૨ |
| | | હથિયારી પોલીસ ઈન્સ્પેકટર વર્ગ–૨ | ૦૨ | ૦૧ | ૦૧ |
| | | બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર, વર્ગ–૩ | ૯૮ | ૭૦ | ૨૮ |
| | | હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર, વર્ગ–૩ | ૦૯ | ૦૪ | ૦૫ |
| | | બિન હથિયારી મદદનીશ સબ ઈન્સ્પેકટર, વર્ગ–૩ | ૧૪૩ | ૧૦૫ | ૩૮ |
| | | હથિયારી મદદનીશ સબ ઈન્સ્પેકટર, વર્ગ–૩ | ૬૬ | ૬૬ | ૦૦ |
| | | મહિલા મદદનીશ સબ ઈન્સ્પેકટર, વર્ગ–૩ | ૧૧ | ૧૧ | ૦૦ |
| | | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ, વર્ગ–૩ | ૨૧૦ | ૧૫૨ | ૫૮ |
| | | હથિયારી હેડ કોન્સ્ટેબલ, વર્ગ–૩ | ૧૦૨ | ૯૯ | ૦૩ |
| | | મહિલા હેડ કોન્સ્ટેબલ, વર્ગ–૩ | ૨૮ | ૧૧ | ૧૭ |
| | | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, વર્ગ–૩ | ૭૧૨ | ૪૨૮ | ૨૮૪ |
| | | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, વર્ગ–૩ | ૫૫૯ | ૪૪૧ | ૧૧૮ |
| | | મહિલા પોલીસ કોન્સ્ટેબલ, વર્ગ–૩ | ૭૩ | ૧૯ | ૫૪ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩ | રાજકોટ ગ્રામ્ય | બિન હથિયારી પોલીસ ઈન્સ્પેકટર, વર્ગ–૨ | ૧૧ | ૦૮ | ૦૩ |
| | | હથિયારી પોલીસ ઈન્સ્પેકટર, વર્ગ–૨ | ૦૧ | ૦૧ | ૦૦ |
| | | બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર, વર્ગ–૩ | ૪૨ | ૩૮ | ૦૪ |
| | | હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર, વર્ગ–૩ | ૧૦ | ૦૬ | ૦૪ |
| | | બિન હથિયારી મદદનીશ સબ ઈન્સ્પેકટર, વર્ગ–૩ | ૧૧૮ | ૮૩ | ૩૫ |
| | | હથિયારી મદદનીશ સબ ઈન્સ્પેકટર, વર્ગ–૩ | ૬૨ | ૫૧ | ૧૧ |
| | | મહિલા મદદનીશ સબ ઈન્સ્પેકટર વર્ગ–૩ | ૦૫ | ૦૫ | ૦૦ |
| | | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ, વર્ગ–૩ | ૧૮૮ | ૧૪૧ | ૪૭ |
| | | હથિયારી હેડ કોન્સ્ટેબલ, વર્ગ–૩ | ૯૪ | ૭૬ | ૧૮ |
| | | મહિલા હેડ કોન્સ્ટેબલ, વર્ગ–૩ | ૩૦ | ૧૧ | ૧૯ |
| | | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, વર્ગ–૩ | ૪૧૩ | ૨૯૭ | ૧૧૬ |
| | | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, વર્ગ–૩ | ૪૨૨ | ૨૯૨ | ૧૩૦ |
| | | મહિલા પોલીસ કોન્સ્ટેબલ, વર્ગ–૩ | ૭૯ | ૩૮ | ૪૧ |

(૩) ઉકત સ્થિતિએ ખાલી રહેલ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) તાજેતરમાં પૂર્ણ થયેલ હથિયારી/બિન હથિયારી લોકરક્ષકની ભરતી પ્રક્રિયાના અંતે મળેલ ઉમેદવારોમાંથી મોરબી જિલ્લામાં ૧૧૫, રાજકોટ શહેરમાં ૧૩૨ અને રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં ૩૨ ઉમેદવારોની ફાળવણી કરી બેઝીક

તાલીમમાં મોકલવામાં આવેલ છે. એ.એસ.આઈ./પી.એસ.આઈ. ની ભરતી પ્રક્રિયાના અંતે મળેલ ઉમેદવારોની બેઝીક તાલીમ પૂર્ણ થયેથી સપ્રમાણ ફાળવણી કરવામાં આવશે. જ્યારે બઢતીના ફાળે આવતી જગ્યાઓ બઢતી માટેની જરૂરી કાર્યવાહી કરી વહીવટી અનુકૂળતા મુજબ ભરવામાં આવે છે.

### એમ.એસ.એમ.ઈ. અંતર્ગત મૂડીરોકાણ

* ૨૫૦૮૦ શ્રી અરૂણસિંહ રણા (વાગરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) માઈક્રો, સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઈઝ ડેવલપમેન્ટ (એમએસએમઈ) એક્ટ–૨૦૦૬ અમલમાં આવ્યા બાદ તા.૩૧–૩–૨૦૧૫ અંતિત છેલ્લા બે વર્ષમાં કેટલું મૂડીરોકાણ નોંધાયું છે, અને

(૨) આ પૈકી ક્યા જિલ્લામાં સૌથી વધુ રોજગારી નોંધાયેલ છે ?

જવાબ

(૧) તા.૩૧–૩–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માઈક્રો કેટેગરીમાં રૂ.૧૦૩૯૨.૧૧ કરોડ, સ્મોલ કેટેગરીમાં રૂ.૧૧૩૯૩.૩૫ કરોડ અને મીડીયમ કેટેગરીમાં રૂ.૪૫૩૭.૬૮ કરોડ મૂડીરોકાણ નોંધાયેલ છે.

(૨) આ પૈકી સુરત જિલ્લામાં ૩,૬૧,૭૩૬ સૌથી વધુ રોજગારી નોંધાયેલ છે.

### સાયન્સ સીટી ફેઝ–૨ ના વિકાસ માટે ભારત સરકાર સમક્ષ ગ્રાન્ટની દરખાસ્ત

* ૨૫૧૦૧ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સાયન્સ અને ટેકનોલોજી) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ગુજરાત રાજ્યના સાયન્સ સીટી દ્વારા સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકારને ફેઝ–૨ ના વિકાસ માટે રૂપિયા ૨૫૦ કરોડની ગ્રાન્ટ મંજૂર કરવા માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ક્યારે ક્યારે શી દરખાસ્ત કે રજૂઆત કરી,

(૨) તે અન્વયે ક્યારે શા પ્રતિભાવ મળ્યા, અને

(૩) જો ગ્રાન્ટ ફાળવવામાં આવી હોય તો ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ક્યારે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી ?

જવાબ

(૧) ગુજરાત સાયન્સ સીટી ફેઝ–૨ માટે ગુજરાત સાયન્સ સીટી માટે રાજ્ય સરકાર દ્વારા ઓકટોબર–૨૦૧૪ માં સાંસ્કૃતિક મંત્રાલય, ભારત સરકારને દરખાસ્ત કરવામાં આવી છે.

(૨) સાંસ્કૃતિક મંત્રાલય, ભારત સરકાર અને રાષ્ટ્રીય વિજ્ઞાન સંગ્રહાલય પરિષદ દ્વારા ચકાસણી હેઠળ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### ભાવનગર જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ

* ૨૫૦૭૧ શ્રીમતી ભાવનાબેન મકવાણા (મહુવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ભાવનગર જિલ્લાઓમાં તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી

જવાબ

(૧)

| તાલુકાનું નામ | આવેલ અરજીઓ |
|---|---|
| ભાવનગર (સીટી) | ૨૦ |
| ભાવનગર (ગ્રામ્ય) | ૭૬૮ |
| ઘોઘા | ૬૮૨ |
| શિહોર | ૮૩૫ |
| વલ્લભીપુર | ૩૯૦ |
| ઉમરાળા | ૫૦૫ |
| ગારીયાધાર | ૫૫૯ |
| પાલીતાણા | ૬૧૭ |
| મહુવા | ૧૩૬૪ |
| જેસર | ૩૬૩ |
| તળાજા | ૧૨૨૩ |
| કુલ | ૭૩૨૬ |

(૨)

નોંધો મંજૂર કરવામાં આવી અને કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

| તાલુકાનું નામ | પાડવામાં આવેલ નોંધો | મંજૂર કરવામાં આવેલ નોંધો | નામંજૂર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|---|
| ભાવનગર (સીટી) | ૨૦ | ૧૮ | ૨ |
| ભાવનગર (ગ્રામ્ય) | ૭૬૮ | ૬૯૩ | ૪૫ |
| ઘોઘા | ૬૮૨ | ૬૩૬ | ૧૩ |
| શિહોર | ૮૩૫ | ૮૦૬ | ૧૬ |
| વલ્લભીપુર | ૩૯૦ | ૩૮૫ | ૫ |
| ઉમરાળા | ૫૦૫ | ૪૮૫ | ૩ |
| ગારીયાધાર | ૫૫૯ | ૫૪૫ | ૧૧ |
| પાલીતાણા | ૬૧૭ | ૫૭૭ | ૧૧ |
| મહુવા | ૧૩૬૪ | ૧૨૮૧ | ૨૨ |
| જેસર | ૩૬૩ | ૩૫૬ | ૭ |
| તળાજા | ૧૨૨૩ | ૧૨૦૨ | ૨૧ |
| કુલ | ૭૩૨૬ | ૬૯૮૪ | ૧૫૬ |

(૩) ઉકત નોંધો નામંજૂર કરવાના મુખ્ય કારણો શા છે ?

(૩) નિયમોનુસાર ન હોવાથી.

## આદિજાતિ વિસ્તારમાં સિંચાઈનું આયોજન

* ૨૬૪૪૭ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ આદિજાતિ તાલુકાઓમાં સિંચાઈ માટે કેટલી રકમના કામોનું આયોજન કરવામાં આવ્યું હતું, અને

(૨) તે પૈકી તાલુકાવાર અને ઉકત વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષવાર આયોજન રૂ.લાખમાં | |
|---|---|---|---|
| | | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ |
| ૧ | ભિલોડા | ૨૮૬.૬૯ | ૫૨.૩૮ |

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષવાર આયોજન રૂ.લાખમાં | |
|---|---|---|---|
| | | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ (૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ) |
| ૧ | ભિલોડા | ૨૮૪.૦૫ | ૪૫.૬૩ |

## રાજકોટ જિલ્લામાં જંતુનાશક દવાના નમૂના

* ૨૫૦૪૦ શ્રી પ્રવિણભાઈ માકડીયા (ધોરાજી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જંતુનાશક દવાઓના કુલ કેટલા નમૂનાઓ લેવામાં આવ્યા,

(૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા અને કેટલા નમૂના બિન પ્રમાણિત થયા, અને

(૩) બિન પ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા ?

જવાબ

(૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જંતુનાશક દવાઓના કુલ–૩૫૯ નમૂનાઓ લેવામાં આવ્યાં.

(૨) આ નમૂનાઓ પૈકી ૩૪૭ નમૂના પ્રમાણિત થયા અને ૧૨ નમૂના બિનપ્રમાણિત થયા.

(૩) બિન પ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત જવાબદારો સામે નીચે મુજબના પગલાં લેવામાં આવ્યાં.

| અ.નં. | નમૂનાની સંખ્યા | લીધેલ પગલાં |
|---|---|---|
| ૧ | ૦૭ | કોર્ટ કેસ કરેલ છે. |
| ૨ | ૦૩ | વહીવટી પગલાં લીધેલ છે. |
| ૩ | ૦૨ | કાર્યવાહી ચાલુ છે. |

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર કચેરી હસ્તક પોલીસ કોમ્યુનીટી હોલ

* ૨૫૦૧૫ શ્રીમતી વર્ષાબેન દોશી (વઢવાણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરી શકે તે માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરની કચેરી હસ્તક કેટલા પોલીસ કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરની કચેરી હસ્તક એક કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે.

### રાજકોટ અને મોરબી જિલ્લામાં તળાવો ઉંડા કરવા બાબત

* ૨૫૬૮૮ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજકોટ અને મોરબી જિલ્લામાં જિલ્લાવાર તળાવો ઉંડા કરવા માટેની સરકારને કેટલી દરખાસ્તો મળી, અને

(૨) તે અન્વયે વર્ષવાર જિલ્લાવાર કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) નીચે મુજબ તળાવો ઉંડા કરવાની દરખાસ્તો મળેલ છે.

| અ.નં. | વર્ષ | રાજકોટ | મોરબી |
|---|---|---|---|
| ૧ | તા.૧–૨–૨૦૧૪ થી તા.૩૧–૧–૨૦૧૫ | ૬૧ | ૩૫ |
| ૨ | તા.૧–૨–૨૦૧૫ થી તા.૩૧–૧–૨૦૧૬ | ૬૬ | ૩૮ |
| | કુલ | ૧૨૭ | ૭૩ |

(૨) નીચેની વિગતે તળાવો ઉંડા કરવામાં આવેલ છે.

| અ.નં. | વર્ષ | રાજકોટ | મોરબી |
|---|---|---|---|
| ૧ | તા.૧–૨–૨૦૧૪ થી તા.૩૧–૧–૨૦૧૫ | ૨૨ | ૧૦ |
| ૨ | તા.૧–૨–૨૦૧૫ થી તા.૩૧–૧–૨૦૧૬ | ૧૭ | ૦૯ |
| | કુલ | ૩૯ | ૧૯ |

### સુરત જિલ્લામાં ગણોતધારા હેઠળની જમીનની ભરાયેલ રકમ બાબત

* ૨૪૯૯૫ શ્રી મુકેશભાઈ પટેલ (ઓલપાડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂતોની ગણોતધારા હેઠળની જમીનની ખરીદ કિંમત ભરાયેલ હોય તેવા કેસોની સંખ્યા કેટલી છે, અને

(૨) ઉકત સ્થિતિએ બાકી કેસોની સંખ્યા કેટલી છે ?

**જવાબ**

(૧) ૮૩૦ કેસો.

(૨) ૧૦૨ કેસો.

### કરણનગર–ધાંધુસણ પાઈપલાઈનની કામગીરી

* ૨૪૯૯૯ શ્રી નારાયણભાઈ પટેલ (ઉંઝા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ નર્મદા મુખ્ય નહેર આધારીત કરણનગર–ધાંધુસણ પાઈપ લાઈનની કામગીરી ક્યા તબક્કે છે,

(૨) આ કામગીરી ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે,

(૩) આ પાઈપલાઈન સાથે ક્યા જિલ્લાના કેટલા તાલુકાના તળાવો જોડવામાં આવનાર છે, અને

(૪) તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં આ પાઈપલાઈન પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) પાઈપલાઈન નાખવાની મોટા ભાગની કામગીરી પૂર્ણ થયેલ છે. કરણનગર ખાતે પમ્પીંગ સ્ટેશનની કામગીરી પ્રગતિમાં છે.

(૨) એપ્રિલ–૨૦૧૬ સુધીમાં.

(૩) મહેસાણા જિલ્લાના કડી તાલુકાના–૧૪ ગામોના ૨૧ તળાવો અને મહેસાણા તાલુકાના ૫ ગામોના ૮ તળાવો જોડવામાં આવનાર છે.

(૪) રૂ.૧૪૮.૮૬ કરોડ.

### ગીર સોમનાથ જિલ્લામાં અંબુજા સિમેન્ટ કંપનીને ઔદ્યોગિક હેતુ માટે જમીન બિનખેતી બાબત

* ૨૬૪૪૮ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં આવેલ અંબુજા સિમેન્ટ કંપનીને ઔદ્યોગિક હેતુ માટે જમીન બિનખેતી કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો ક્યા તાલુકાની કેટલી જમીન ક્યારે બિનખેતી કરવામાં આવી, અને | (૨) |

| તાલુકાનું નામ | બિનખેતી થયેલ જમીન (ચો.મી.) વર્ષ ૨૦૧૪ | બિનખેતી થયેલ જમીન (ચો.મી.) વર્ષ ૨૦૧૫ |
|---|---|---|
| વેરાવળ | ૮૦૯૪ | ૭૧૮૩ |
| તાલાલા | - | - |
| સુત્રાપાડા | - | ૨૦૮૫૩ |
| કોડીનાર | - | - |
| ઉના/ગીર ગઢડા | - | - |
| કુલ | ૮૦૯૪ | ૨૮૦૩૬ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) બિનખેતી કરવામાં આવેલ જમીનમાં કેટલી જમીન નવી શરતની હતી ? | (૩) નવી શરતની જમીન નથી. |

### નર્મદા મુખ્ય નહેર આધારીત માતપુરથી ડીંડરોલ પાઇપલાઇનની કામગીરી

* ૨૫૦૨૦ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૬ ની સ્થિતિએ નર્મદા મુખ્ય નહેર આધારીત માતપુરતી ડીંડરોલ પાઇપલાઇનની કામગીરી ક્યા તબક્કે છે, | (૧) અને (૨) કામગીરી પૂર્ણ થયેલ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) આ કામગીરી ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે, અને | |
| (૩) આ પાઇપલાઇનના સાથે ક્યા જિલ્લાના કેટલા તાલુકાના તળાવો જોડવામાં આવનાર છે ? | (૩) પાટણ જિલ્લાના ૩ (ત્રણ) તાલુકાના તળાવો જોડવામાં આવેલ છે. |

### સીપુ અને દાંતીવાડા સિંચાઇ યોજનાના વિસ્તારમાં નર્મદાનું પાણી

* ૨૫૦૧૨ શ્રી કેશાજી ચૌહાણ (દિયોદર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સીપુ અને દાંતીવાડા સિંચાઇ યોજનાના વિસ્તારમાં નર્મદાનું વધારાનું પાણી આપવા સરકારે કોઇ કાર્યવાહી કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો શું કાર્યવાહી કરેલ છે ? | (૨) નર્મદા મુખ્ય નહેર આધારીત ચાંગા-દાંતીવાડા પાઇપલાઇનની કામગીરી પૂર્ણ કરી યોજના કાર્યાન્વિત કરેલ છે. |

### કડાણા જળાશય યોજનાના અસરગ્રસ્ત ખેડૂતોને જમીનના બદલે જમીન

* ૨૫૧૪૩ શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કડાણા જળાશય યોજનાનાં બાકી રહેલ ત્રેપન ગામોના અસરગ્રસ્ત ખેડૂતોએ જમીનના બદલે જમીન ફાળવવા તા.૦૧-૦૧-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી માંગણી કે રજૂઆત કરી, અને | (૧) તા.૦૧-૦૧-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અસરગ્રસ્ત ખેડૂતો તરફથી કોઇ માંગણી કે રજૂઆત મળેલ નથી. |
| (૨) ઉક્ત બાબતે સરકારે શી કાર્યવાહી કરી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### કપરાડા તાલુકામાં નાનાપોંઢા પોલીસ સ્ટેશનનાં મકાન બાબત

* ૨૬૪૯૪ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે | (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વર્ષમાં કપરાડા તાલુકામાં નાનાપોંઢા ખાતે પોલીસ સ્ટેશનના નવીન મકાનના નિર્માણનું કોઇ આયોજન થયેલ છે કે કેમ, અને | કપરાડા તાલુકામાં નાનાપોંઢા ખાતે પોલીસ સ્ટેશનના નવીન મકાનના નિર્માણનું કોઇ આયોજન થયેલ નથી. |
| (૨) જો હા, તો ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ? | (૨) લાગુ પડતું નથી. |

ગાંધીનગર જિલ્લામાં શાળાઓની આસપાસ તમાકુ–પાન–મસાલાનું વેચાણ

* ૨૫૧૭૪ શ્રીમતી કામીનીબા રાઠોડ (દહેગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર આવેલ શાળાઓની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં તમાકુ–પાન–મસાલાના વેચાણ ઉપર પ્રતિંબંધ હોવા છતાં વેચાણ થાય છે તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. આવી કોઇ હકીકત ધ્યાને આવેલ નથી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તે અન્વયે કેટલા ઇસમો સામે શા પગલા લેવાયા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

વાયબ્રન્ટ સમિટ–૨૦૧૫ મેગા એક્ઝિબિશનમાં ભાગ લીધેલ કંપનીઓ

* ૨૫૦૭૯ શ્રી જીતેન્દ્ર સુખડીયા (સયાજીગંજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૫ માં થયેલ મેગા એક્ઝિબિશનમાં કુલ કેટલી કંપનીઓએ ભાગ લીધો, અને | (૧) ૯૧૫ કંપનીઓ. |
| (૨) વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૫ માં થયેલ મેગા એક્ઝિબિશનમાં કુલ કેટલા લોકો આવ્યા હતા ? | (૨) આશરે ૧૫.૫૦ લાખ મુલાકાતીઓ. |

વડોદરા જિલ્લામાં બિયારણના નમૂના

* ૨૫૦૪૨ શ્રી કેતનભાઈ ઇનામદાર (સાવલી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બિયારણના કુલ કેટલા નમૂનાઓ લેવામાં આવ્યાં, | (૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બિયારણના કુલ ૭૫૯ નમૂનાઓ લેવામાં આવ્યાં. |
| (૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા અને કેટલા નમૂના બિનપ્રમાણિત થયા, અને | (૨) તે પૈકી ૭૪૨ નમૂના પ્રમાણિત થયા અને ૧૭ નમૂના બિન પ્રમાણિત થયા. |
| (૩) બિન પ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા ? | (૩) બિન પ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત જવાબદારો સામે નીચે મુજબનાં પગલાં લેવામાં આવ્યા. |

| અ.નં. | નમૂનાની સંખ્યા | લીધેલ પગલાં |
|---|---|---|
| ૧ | ૦૯ | કોર્ટકેસ કરેલ છે. |
| ૨ | ૦૧ | વહીવટી પગલાં લીધેલ છે. |
| ૩ | ૦૭ | કાર્યવાહીમાં |

અમરેલી જિલ્લામાં હક્કપત્રક નોંધો

* ૨૪૯૯૪ શ્રી વલ્લભભાઈ વઘાસીયા (સાવરકુંડલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં તા.૩૧–૧૨–૧૫ ની સ્થિતિએ કેટલી હક્કપત્રક નોંધો નિકાલ બાકી છે, અને | (૧) ૨૨૯૧. |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે ? | (૨) બનતી ત્વરાએ. |

જવાહરલાલ નેહરુ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન અંતર્ગત કેન્દ્ર સરકાર સમક્ષ ગ્રાન્ટની માંગણી

* ૨૬૫૫૭ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જવાહર નેહરુ નેશનલ અર્બન રેન્યુઅલ મિશન અંતર્ગત | (૧) રૂ.૨૫૩.૨૬ કરોડની ગ્રાન્ટની માંગણી કરવામાં આવી. |

કેન્દ્ર સરકાર પાસેથી રાજ્ય સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટની માંગણી કરવામાં આવી, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી ?

(૨) વર્ષવાર ગ્રાન્ટની ફાળવણી નીચે મુજબ કરવામાં આવી.

| વર્ષ | રકમ (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૪ | રૂ.૧૭૫.૫૮ |
| ૨૦૧૫ | રૂ.૧૧.૧૪ |
| કુલ | રૂ.૧૮૬.૭૨ |

વલસાડ જિલ્લામાં સુરક્ષા સેતુ અંતર્ગત તાલીમ

* ૨૫૦૨૫ શ્રી રમણલાલ પાટકર (ઉમરગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યમાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત મહીલાઓને સ્વરક્ષણ માટે કોઈ તાલીમ આપવામાં આવે છે કેમ, અને

(૨) જો હા, તો તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કેટલી મહિલાઓને આ તાલીમ આપવામાં આવેલ છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) કુલ ૧૦૭૭૦ મહિલાઓને સ્વરક્ષણની તાલીમ આપવામાં આવેલ છે.

મહીસાગર જિલ્લામાં ઉદવહન યોજના

* ૨૫૧૫૭ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલી ઉદવહન યોજના તૈયાર કરવામાં આવી,અને

(૨) તે પૈકી કેટલી યોજનાઓ કાર્યરત થઈ છે ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબની ઉદવહન યોજના તૈયાર કરવામાં આવી.

| ક્રમ | તાલુકો | ઉદવહન સિંચાઇ યોજનાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ખાનપુર | ૯ |
| ૨ | લુણાવાડા | ૬ |
| ૩ | સંતરામપુર | ૬ |
| ૪ | કડાણા | ૧૩ |
| ૫ | વિરપુર | ૧ |
| | કુલ | ૩૫ |

(૨) તમામ ૩૫ યોજનાઓ કાર્યરત છે.

ડાંગ જિલ્લામાં મદદનીશ જિલ્લા રજિસ્ટ્રારની ખાલી જગ્યા

* ૨૬૪૯૭ શ્રી મંગળભાઈ ગાવીત (ડાંગ) : માનનીય સહકાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં મદદનીશ જિલ્લા રજીસ્ટ્રારની જગ્યા કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યા સત્વરે ભરવા સરકારે શી કાર્યવાહી કરી ?

જવાબ

(૧) ૨ વર્ષ, ૫ માસ, ૨૪ દિવસ.

(૨) કાર્યવાહી વહીવટી પ્રક્રિયા હેઠળ છે.

અમદાવાદ જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. અંતર્ગત એકમોની વ્યાજ સહાયની અરજીઓ

* ૨૫૦૫૨ શ્રી જગદીશભાઈ પંચાલ (નિકોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાના માઈક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઈઝ ડેવલપમેન્ટ એકમોની (એમએસએમઈ) વ્યાજ સહાય માટેની

જવાબ

(૧) ૧૯૭૭.

કેટલી અરજીઓ મળી હતી,

(૨) તે પૈકી કેટલા એકમોની વ્યાજ સહાય મંજુર કરવામાં આવી, અને

(૨) ૧૩૯૧.

(૩) ઉકત સ્થિતિએ ઉક્ત વર્ષવાર કેટલા એકમોને કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી ?

(૩) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ૨૪૯૯ એકમોને રૂ.૩૨.૪૬ કરોડની અને તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ૨૫૪૨ એકમોને રૂ.૩૩.૫૨ કરોડની વ્યાજ સહાય ચૂકવવામાં આવી.

## દાહોદ જિલ્લામાં રી-સર્વેની કામગીરી

* ૨૫૧૫૩ શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં ખેડૂતોની જમીનના રી-સર્વેની કામગીરી કોને સોંપવામાં આવી છે,

(૨) તે અન્વયે રી સર્વે કરતા પહેલાં ખેડૂતોને તેની જાણ સમયસર કરવામાં આવતી નથી, તે હકીકત સાચી છે, અને

(૩) જો હા, તો તે અન્વયે ખેડૂતોને સમયસર જાણ નથતાં ઉભી થતી સમસ્યાઓ નિવારવા અને રી સર્વે કામગીરીની ખેડૂતોને સમયસર જાણ કરવા સરકારે શાં પગલાં લીધા ?

જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં ખેડૂતોની જમીનની રી-સર્વેની કામગીરી મે.ઈ.આઈ. ટેકનોલોજીસ પ્રા.લી. બેંગલોરને સોંપવામાં આવી છે.

(૨) અને (૩) ના જી,
રી સર્વે કરતાં પહેલાં, ગ્રામસભા યોજવી, રી-સર્વેની માહિતિ દર્શાવતા પેમ્ફલેટો વહેંચવા, બેનરો લગાવવા તેમજ ગ્રામ પંચાયત કચેરીના નોટીસ બોર્ડ ઉપર માપણીની તારીખ અને સમયની જાહેરાત કરવી વગેરે પ્રકારે ખેડૂતોને રી-સર્વેની કામગીરીની સમયસર જાણ કરવામાં આવે છે.

## અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં નવી શરતની જમીન જુની શરતમાં ફેરવવા બાબત

* ૨૫૧૯૦ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર નવી શરતમાંથી ખેતી વિષયક હેતુ માટે જુનીશરત ફેરવવા તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી જમીન ફેરવવામાં આવી,

(૨) ઉક્ત જિલ્લાવાર કેટલી જમીન નવી શરત અને નિયંત્રણ સત્તા પ્રકારની ચાલે છે, અને

(૩) આ જમીનો કયાં સુધીમાં જુની શરતમાં ફેરવવામાં આવશે ?

જવાબ

(૧)

| જિલ્લાનું નામ | વર્ષ-૨૦૧૪ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. | વર્ષ-૨૦૧૫ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. |
|---|---|---|
| અરવલ્લી | ૧૭૯-૦૫-૭૪ | ૮૭-૪૪-૨૬ |
| સાબરકાંઠા | ૧૮૭-૫૩-૪૫ | ૯૩-૫૫-૫૪ |

(૨)

| જિલ્લાનું નામ | ક્ષેત્રફળ હે.આરેચો.મી. |
|---|---|
| અરવલ્લી | ૧૭૩૧-૦૫-૧૪ |
| સાબરકાંઠા | ૫૭૩-૬૮-૦૦ |

(૩) શહેરી વિસ્તારની જમીનો માટે કબજેદારોએ શરતફેર કરવા માટે અરજી કરવાની રહેતી હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જ્યારે ગ્રામ્ય વિસ્તારની જમીનો માટે નિયમોનુસારની શરતો પૂર્ણ થયેથી.

## રાજ્યમાં આદિવાસીઓની સ્વપાર્જિત/બિનખેતી મિલકત ઉપર ૭૩-એ.એ.લાગુ પાડવા બાબત

* ૨૬૪૮૩ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં આદિવાસિઓની સ્વપાર્જીત અને બીનખેતી થયેલ મિલકત ઉપર જમીન મહેસુલ કાયદાની કલમ-૭૩ એ.એ. કલમ લગાડવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) વડીલો પાર્જીત અને ખેતીની જમીન સિવાય સ્વપાર્જીત અને બીનખેતીની જમીન સિવાય સ્વપાર્જીત અને

જવાબ

(૧) હા, જી.

(૨) જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ-૭૩ એ.એ. હેઠળ કાયદાકીય જોગવાઈ હોવાથી.

બીનખેતીની જમીન ઉપર કલમ–૭૩ એ.એ. લગાડવાના શું કારણો છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત બાબતે કેટલી ફરીયાદો સરકારને મળી, અને

(૪) તે બાબતે સરકારે શું નિર્ણય કર્યો છે ?

(૩) ૩ (ત્રણ) રજુઆતો મળેલ છે.

(૪) આદિજાતિ સલાહકાર પરિષદનું મંતવ્ય મેળવીને જરૂરી વિચારણા કરવામાં આવશે.

### દાહોદ જિલ્લા નગરપાલિકાઓમાં પાણી પુરવઠા યોજના

* ૨૫૦૯૨ શ્રી વિંછીયાભાઈ ભુરીયા (લીમખેડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત દાહોદ જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરેલ છે,

(૨) તે પૈકી કેટલી યોજના પૂર્ણ થયેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લાની દેવગઢબારીયા, ઝાલોદ, અને દાહોદ નગરપાલીકામાં બે વર્ષ અગાઉ ટ્રાયબલ સબ–પ્લાન(TSP) અને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના (SJMMSVY) અંતર્ગત પાણી પુરવઠા યોજનઓ મંજૂર કરવામાં આવી.

(૨) અને (૩) હાલની સ્થિતિએ યોજનાઓના મુખ્ય ઘટકોની પ્રગતિની વિગત નગરપાલિકાવાર નીચે મુજબ છે.

(૧) દેવગઢબારીયા

(TSP અંતર્ગત): વિતરણ વ્યવસ્થા, ભૂગર્ભ ટાંકો, પમ્પ હાઉસ અન પમ્પિંગ મશીનરી કામ પૂર્ણ

–(SJMMSVY) અંતર્ગત) : ફીલ્ટર પ્લાન્ટ, કામ પૂર્ણ

(૨) ઝાલોદ

(TSP અંતર્ગત) : વિતરણ વ્યવસ્થા, ભૂગર્ભ ટાંકો, ફીલ્ટર પ્લાન્ટ, ઊંચી ટાંકી, પમ્પ હાઉસ અન પંમ્પિંગ મશીનરી કામ પૂર્ણ

–(SJMMSVY) અંતર્ગત) : વિતરણ વ્યવસ્થા ઈન્ટેક વેલ, પમ્પ હાઉસ અને પમ્પિંગ મશીનરી–ટેન્ડર ફરીથી બહાર પાડવાના થાય છે.

(૩) દાહોદ

(TSP અંતર્ગત) : વિતરણ વ્યવસ્થા, ભૂગર્ભ ટાંકો, ફીલ્ટર પ્લાન્ટ, ઊંચી ટાંકી, પમ્પ હાઉસ અન પમ્પિંગ મશીનરી કામ પૂર્ણ

–(SJMMSVY) અંતર્ગત) વિતરણ વ્યવસ્થા ભૂગર્ભ ટાંકો, ફીલ્ટર પ્લાન્ટ, ઊંચી ટાંકી, પમ્પ હાઉસ અને પમ્પિંગ મશીનરી–કામ પ્રગતિ હેઠળ, ભૌતિક પ્રગતિ ૯૫ ટકા.

### જામનગર જિલ્લામાં જંતુનાશક દવાના નમૂના

* ૨૫૦૪૩ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જંતુનાશક દવાઓના કુલ કેટલા નમૂનાઓ લેવામાં આવ્યા,

(૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા અને કેટલા નમૂના બિનપ્રમાણિત થયા, અને

(૩) બિન પ્રમાણિત નમુનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) જામનગર જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જંતુનાશક દવાઓના કુલ ૨૩૪ નમૂનાઓ લેવામાં આવ્યા,

(૨) આ નમૂનાઓ પૈકી ૨૨૯ નમૂના પ્રમાણિત થયા અને ૦૫ નમૂના બિનપ્રમાણિત થયા.

(૩) બિન પ્રમાણિત નમુનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત જવાબદારો સામે નીતે મુજબના પગલાં લેવામાં આવ્યા.

| અ.નં. | નમુનાની સંખ્યા | લીધેલા પગલાં |
|---|---|---|
| ૧ | ૦૪ | કોર્ટકેસ કરેલ છે |
| ૨ | ૦૧ | વહીવીટી પગલાં લીધેલ છે. |

### મચ્છુ–૨ યોજનાની કેનાલથી અકસ્માતો

## અતારાંકિત પ્રશ્નોત્તરી

* ૨૫૨૨૧ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મોરબી શહેરની પશ્ચિમે મચ્છુ–૨ સિંચાઈ યોજનાની મેઈન કેનાલ શહેરના ગીચ રહેણાંક વિસ્તારમાંથી પસાર થાય છે જેથી જીવલેણ અકસ્માત થાય છે તે હકીકત સાચી છે કે કેમ, અને | (૧) મચ્છુ–૨ નહેર કે જે ગીચ રહેણાંક વિસ્તારમાંથી પસાર થાય છે. તેમાં જીવલેણ અકસ્માત થયાની જાણ સ્થાનિક સત્તામંડળ દ્વારા કરાયેલ નથી તેમજ ક્ષેત્રિય કચેરીના ધ્યાને આવેલ નથી. |
| (૨) જો હા, તો તે અન્વયે સરકારે શું આયોજન કરેલ છે ? | (૨) મચ્છુ–૨ મુખ્ય નહેર કે જે ગીચ રહેણાંક વિસ્તારમાંથી પસાર થાય છે. ત્યાં સર્વીસ રોડ સાઈડે ૧.૨૦ મીટર ઉંચાઈની આર.સીસી.ની રેલીંગ હયાત છે. જેથી સામાન્ય રીતે અકસ્માત થવાની સંભાવના રહેતી નથી. |

### કપાસના બિયારણમાં ખામીથી ગુલાબી ઈયળનો ઉપદ્રવ

* ૨૫૧૯૫ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં કપાસના પાકમાં બિયારણની ખામીથી જીંડવામાં ગુલાબી ઈયળનો ઉપદ્રવ થાય છે અને કપાસનો પાક નિષ્ફળ થાય છે તે હકીકત સાચી છે, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં કપાસના પાકમાં વિવિધ કારણોસર ગુલાબી ઈયળનો ઉપદ્રવ જોવા મળેલ છે અને પ્રાથમિક અંદાજો મુજબ ઉત્પાદનમાં અસર જોવા મળેલ છે. |
| (૨) જો હા, તો આ ખામી યુક્ત બિયારણ ખેડુતોને પુરૂ પાડનાર કેટલા કંપની સામે સરકારે કયારે શાં પગલાં લીધા? | (૨) બીજ ઉત્પાદન સાથે સંબંધિત કંપનીઓને નોટીસ આપવામાં આવેલ છે. |

### પ્રાંતિજ શહેરમાં કેનાલ ઉપર આર.સી.સી. કામ

* ૨૬૫૦૩ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં પ્રાંતિજ શહેરમાં મુખ્યમંત્રી સ્વર્ણિમ યોજના હેઠળ સ્વામીનારાયણ સોસાયટી થી એસ.ટી. સ્ટેન્ડ તરફ જતી ખુલી કેનાલને આર.સી.સી. વર્કથી પાકી બનાવવા માટે નાણાકીય જોગવાઈ થયેલ હતી તે વાત સાચી છે, | (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં પ્રાંતિજ શહેરમાં મુખ્યમંત્રી સ્વર્ણિમ યોજના હેઠળ જિલ્લા શહેરી વિકાસ એજેન્સી (ડુડા) હિંમતનગરના તા. ૩–૮–૨૦૧૨ના હુકમથી સ્વામીનારાયણ સોસાયટી નજીક આર.સી.સી. ઓપન ડ્રેનેજના કામની રૂ. ૩૬,૬૮,૭૬૯/–ની વહીવટી મંજૂરી આપેલ હતી. |
| (૨) જો હા, તો કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ, અને | (૨) રૂ. ૩૬,૬૮,૭૬૯/–નું આયોજન કરવામાં આવેલ હતું. |
| (૩) ઉક્ત સ્થિતએ આ કામ કયા તબક્કે છે? | (૩) નગરપાલિકાએ તા. ૨૯–૭–૧૫ની સામાન્ય સભાના ઠરાવ નં. ૪૦ મુજબ આ કામ રદ કરવા નિર્ણય લેતા, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### આણંદ જિલ્લામાં હથિયાર પરવાના

* ૨૫૧૬૩ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ જિલ્લામાં હથિયાર પરવાના કેટલા ઈસમોને આપવામાં આવેલ છે, અને

(૨) જે હથિયાર પરવાના અપાયેલ છે તેમાંથી કેટલા હથિયાર પરવાના રીન્યુ થયેલ નથી?

જવાબ

(૧)

| વર્ષ | આપવામાં આવેલ પરવાનાની સંખ્યા |
|---|---|
| તા. ૦૧–૦૨–૨૦૧૪ થી ૩૧–૦૧–૨૦૧૫ | ૪૪ |
| તા. ૦૧–૦૨–૨૦૧૫ થી ૩૧–૦૧–૨૦૧૬ | ૨૧ |

(૨) ૦૨

### ખેડા જિલ્લાની શેઢી શાખામાં મહેકમ

* ૨૫૨૮૩ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

## તા. ૨૨મી માર્ચ, ૨૦૨૧
## અતારાંકિત પ્રશ્નોત્તરી

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ખેડા જિલ્લામાં શેઢી શાખામાં સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે, | (૧) શેઢી સિંચાઈ વિભાગ, નડીયાદ કચેરીમાં વિવિધ સંવર્ગની કુલ-૧૫૭ જગ્યાઓનું મહેકમ આ સાથે *પત્રક-૧ મુજબ થયેલ છે. |
| (૨) તે પૈકી કેટલી ઉક્ત સ્થિતિએ ખાલી જગ્યાઓ છે, | (૨) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વિવિધ સંવર્ગવાર કુલ-૯૦ જગ્યાઓ ખાલી છે. |
| (૩) ખાલી રહેલ જગ્યાઓ ભરવાનું સરકારનું શું આયોજન છે? | (૩) આ ખાલી જગ્યાઓ સીધી ભરતી અને બઢતીથી ઝોનલ કચેરી/ગૌણ સેવા પસંદગી મંડળ/ગુજરાત જાહેર સેવા આયોગ મારફતે ભરવાની રહે છે. |

પત્રક-૧

| અ. નં. | સંવર્ગ | તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ મંજૂર થયેલ મહેકમની સંખ્યા | તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ભરાયેલ મહેકમની સંખ્યા | તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ખાલી મહેકમની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | કાર્યપાલક ઈજનેર | ૧ | ૦ | ૧ |
| ૨ | નાયબ કાર્યપાલક ઈજનેર | ૬ | ૩ | ૩ |
| ૩ | મદદનીશ ઈજનેર | ૯ | ૮ | ૧ |
| ૪ | અધિક મદદનીશ ઈજનેર | ૧૧ | ૫ | ૬ |
| ૫ | ઓવરશીયર | ૨ | ૦ | ૨ |
| ૬ | મદદનીશ અધિક્ષક (વિ) | ૧ | ૧ | ૦ |
| ૭ | વિભાગીય હિસાબનીશ | ૧ | ૦ | ૧ |
| ૮ | સી. કલાર્ક (હિ) | ૧ | ૦ | ૧ |
| ૯ | સ્ટોરકીપર | ૧ | ૧ | ૦ |
| ૧૦ | સી. કલાર્ક | ૮ | ૪ | ૪ |
| ૧૧ | જુ. કલાર્ક | ૯ | ૯ | ૦ |
| ૧૨ | ટાઈપીસ્ટ | ૦ | ૦ | ૦ |
| ૧૩ | કોમ્પ્યુટર | ૧ | ૦ | ૧ |
| ૧૪ | ડ્રાઈવર | ૫ | ૦ | ૫ |
| ૧૫ | નકશાગાર | ૦ | ૦ | ૦ |
| ૧૬ | મદદનીશ નકશાગાર | ૧ | ૦ | ૧ |
| ૧૭ | પટાવાળા | ૧૦ | ૪ | ૬ |
| ૧૮ | ચોકીદાર (ઓ) | ૪ | ૦ | ૪ |
| ૧૯ | ફોન એટેન્ડેન્ટ | ૦ | ૦ | ૦ |
| ૨૦ | ગેટ ઓપરેટર | ૦ | ૦ | ૦ |
| ૨૧ | માળી | ૦ | ૦ | ૦ |
| ૨૨ | વર્ક આસી./મિસ્ત્રી/કે.ઈ. | ૬૬ | ૨૮ | ૩૮ |
| ૨૩ | ચોકીદાર (સિં) | ૧૯ | ૪ | ૧૫ |
| ૨૪ | મુકાદમ | ૦ | ૦ | ૦ |
| ૨૫ | દફતરી | ૧ | ૦ | ૧ |
| | કુલ | ૧૫૭ | ૬૭ | ૯૦ |

### અમદાવાદ જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. અંતર્ગત એકમોની વ્યાજ સહાયની અરજીઓ

* ૨૫૦૫૧ શ્રી વલ્લભભાઈ કાકડીયા (ઠક્કરબાપાનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાના માઈક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઈઝ ડેવલપમેન્ટ એકમોની (એમએસએમઈ) વ્યાજ સહાય માટેની કેટલી અરજીઓ મળી હતી, | (૧) ૧૯૭૭ |
| (૨) તે પૈકી કેટલા એકમોની વ્યાજ સહાય મંજુર કરવામાં આવી, અને | (૨) ૧૩૯૧ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર કેટલા એકમોને કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી?

(૩) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ૨૪૯૯ એકમોને રૂ. ૩૨.૪૬ કરોડની અને તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ૨૫૪૨ એકમોને રૂ. ૩૩.૫૨ કરોડની વ્યાજ સહાય ચૂકવવામાં આવી.

રાજકોટ જિલ્લામાં ટ્રેક્ટર ખરીદીમાં સહાય

* ૨૫૦૭૬ શ્રી બાવનજીભાઈ મેતલીયા (ટંકારા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ સન ૨૦૧૫-૧૬માં રાજકોટ જિલ્લામાં ટ્રેક્ટર ખરીદીમાં સહાયની કેટલી અરજીઓ મંજુર કરી, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓમાં સહાય ચુકવવામાં આવી?

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ સન ૨૦૧૫-૧૬માં રાજકોટ જિલ્લામાં ટ્રેક્ટર ખરીદીમાં સહાયની કુલ ૮૦૯ અરજીઓ મંજુર કરી.

(૨) તે પૈકી કુલ ૫૨૪ અરજીઓમાં સહાય ચુકવવામાં આવી.

વ્યારા નગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય માટે ગ્રાન્ટ

* ૨૫૦૪૯ શ્રી મોહનભાઈ ઢોડિયા (મહુવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તાપી જિલ્લાની વ્યારા નગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય યોજના હેઠળ વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬માં તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ કેટલા શૌચાલયો માટે કેટલી ગ્રાંટ મંજુર કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી કેટલી રકમ ચુકવવામાં આવેલ છે, અને

(૩) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ તે પરત્વે કેટલા શૌચાલયોની કામગીરી પૂર્ણ થયેલ છે?

જવાબ

(૧) તાપી જિલ્લાની વ્યારા નગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય યોજના હેઠળ વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬માં તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ કુલ ૯૧૭ શૌચાલયો મંજુર કરેલ છે અને તે પરત્વે કુલ રૂ઼. ૧૧૦.૦૪ લાખની ગ્રાંટ નીચે મુજબ મંજુર કરવામાં આવેલ છે.

| વર્ષ | મંજુર કરેલ વ્યિક્તગત શૌચાલયો | મંજુર કરેલ રકમ રૂ. લાખમાં |
|---|---|---|
| ૨૦૧૪-૧૫ | ૭૪૧ | ૮૮.૯૨ |
| ૨૦૧૫-૧૬ | ૧૭૬ | ૨૧.૧૨ |
| કુલ | ૯૧૭ | ૧૧૦.૦૪ |

(૨) તે પેટે રૂ. ૮૫.૪૦ લાખની રકમ નીચે મુજબ ચુકવવામાં આવેલ છે.

| વર્ષ | ચુકવેલ રકમ રૂ. લાખમાં |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૬૪.૬૮ |
| ૨૦૧૫-૧૬ | ૨૦.૭૨ |
| કુલ | ૮૫.૪૦ |

(૩) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કુલ ૯૧૭ વ્યક્તિગત શૌચાલયો પૂર્ણ થયેલ છે.

અમદાવાદ જિલ્લામાં તળાવો ઉંડા કરવા બાબત

* ૨૫૦૦૭ શ્રી લાલજીભાઈ કોળી પટેલ (ધંધુકા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા,

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) કેટલા હેકટર વિસ્તારને ફાયદો થશે?

જવાબ

(૧) ૨૪ તળાવો.

(૨) રૂ઼. ૧૫૩.૫૭ લાખ.

(૩) ૩૭૦ હેકટર વિસ્તારમાં.

જાફરાબાદ તાલુકાના મીતીયાળા ખાતે બંધારાની સાઈટ ઉપર પેશકદમી

* ૨૬૦૨૬ શ્રી હીરાભાઈ સોલંકી (રાજુલા) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ જાફરાબાદ તાલુકાના મીતીયાળા ખાતે ક્ષાર અંકુશ યોજના નીચે મંજુર કરાયેલ બંધારાની સુચિત સાઈટ વિસ્તારમાં થયેલ પેશકદમીના કારણે બંધારાની સાઈટ તથા ડિઝાઈનમાં ફેરફાર

જવાબ

(૧) ના જી.

બંધારાની પથરેખા આખરી થયેલ ન હોય, પેશકદમીને કારણે બંધારાની સાઈટ કે ડીઝાઈનમાં ફેરફાર થવાની હકીકત સાચી નથી.

થઈ રહેલ છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો સાઈટ ફેરફાર કરવાના બદલે સરકારી જમીન ઉપર જે દબાણ/પેશકદમી છે તે દુર કરવા શું કાર્યવાહી કરવામાં આવેલ છે?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

જામનગર વિસ્તાર વિકાસ સત્તામંડળમાં દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજના-૨૦૩૧ બાબત

* ૨૫૨૦૧ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) જામનગર વિસ્તાર વિકાસ સત્તામંડળના દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજના-૨૦૩૧ જે ડિસેમ્બર-૨૦૧૦માં પ્રસિધ્ધ કરેલ તે સરકારને મંજુરી માટે તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ક્યારે મળેલ છે,

(૨) તે અન્વયે ક્યારે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) જામનગર વિસ્તાર વિકાસ સત્તામંડળના દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજના-૨૦૩૧ને ક્યારે મંજુરી આપવામાં આવશે?

જવાબ

(૧) તા. ૧૪-૦૩-૨૦૧૨.

(૨) સરકારશ્રીની મંજુરી માટે રજુ કરેલ છે.

(૩) શક્ય તેટલી ઝડપથી.

ભાવનગર નગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય માટે ગ્રાન્ટ

* ૨૫૦૫૯ શ્રી કેશુભાઇ નાકરાણી (ગારીયાધાર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ભાવનગર મહાનગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય યોજના હેઠળ વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬ માં તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ કેટલા શૌચાલયો માટે કેટલી ગ્રાંટ મંજુર કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી કેટલી રકમ ચુકવવામાં આવેલ છે, અને

(૩) તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ તે પરત્વે કેટલા શૌચાલયોની કામગીરી પૂર્ણ થયેલ છે?

જવાબ

(૧) ભાવનગર મહાનગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય યોજના હેઠળ વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬ માં તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ કુલ ૧૦૪૦૦ શૌચાલયો મંજુર કરેલ છે અને તે પરત્વે કુલ-રૂ. ૧૨૪૮.૦૦ લાખની ગ્રાંટ નીચે મુજબ મંજુર કરવામાં આવેલ છે.

| વર્ષ | મંજુર કરેલ વ્યક્તિગત શૌચાલયો | મંજુર કરેલ રકમ રૂ. લાખમાં |
|---|---|---|
| ૨૦૧૪-૧૫ | ૯૨૯૦ | ૧૧૧૪.૮૦ |
| ૨૦૧૫-૧૬ | ૧૧૧૦ | ૧૩૩.૨૦ |
| કુલ | ૧૦૪૦૦ | ૧૨૪૮.૦૦ |

(૨) તે પેટે રૂ. ૯૮૪.૫૦ લાખની રકમ નીચે મુજબ ચુકવવામાં આવેલ છે.

| વર્ષ | ચુકવેલ રકમ રૂ. લાખમાં |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૯૨૯.૦૦ |
| ૨૦૧૫-૧૬ | ૫૫.૫૦ |
| કુલ | ૯૮૪.૫૦ |

(૩) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કુલ ૧૦૪૦૦ વ્યક્તિગત શૌચાલયો પૂર્ણ થયેલ છે.

સુજલામ-સુફલામ સ્પ્રેડીંગ કેનાલથી નદીઓ જોડવા બાબત

* ૨૫૦૧૩ શ્રી ઋષિકેશભાઇ પટેલ (વિસનગર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં છેલ્લા બે વર્ષમાં સુજલામ સુફલામ સ્પ્રે. કેનાલથી ક્યા જિલ્લામાં કેટલી નદીઓ જોડવામાં આવી?

જવાબ

તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં છેલ્લા બે વર્ષમાં સુજલામ સુફલામ સ્પ્રે. કેનાલથી કોઇ નદીનું જોડાણ કરવામાં આવેલ નથી.

અગાઉ મહીસાગરમાં-૧, અવરલ્લીમાં-૬, સાબરકાંઠામાં-૩, મહેસાણામાં-૪, પાટણમાં-૧ અને બનાસકાંઠામાં-૧, આમ કુલ ૧૬ (સોળ) નદીઓનું જોડાણ કરવામાં આવેલ છે.

એસ.આર.પી. જૂથ-૧ વડોદરાનાં પોલીસ ખાતામાં આરોગ્ય ચકાસણી

* ૨૫૫૧૨ શ્રી મધુભાઇ શ્રીવાસ્તવ (વાઘોડીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી–અધિકારીઓનાં આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એસ.આર.પી. જૂથ–૧ વડોદરાની કચેરીમાં કેટલા પોલીસ કર્મચારી–અધિકારીઓની આરોગ્ય ચકાસણી થઇ છે? | (૨) ૧૫૮૧. |

બનાસકાંઠા જિલ્લામાં વેટરનરી ડોકટરોની ખાલી જગ્યા

* ૨૬૧૭૭ શ્રી જોઇતાભાઇ પટેલ (ધાનેરા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં પશુ દવાખાનાઓમાં વેટરનરી ડોકટરોની કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) વેટરનરી ડોકટરોની ૧૨ (બાર) જગ્યાઓ ખાલી છે. |
| (૨) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે? | (૨) વિભાગ દ્વારા પશુ ચિકીત્સા અધિકારી, વર્ગ–૨ સંવર્ગની જગ્યાઓ ભરવા માટેના માંગણા પત્રકો ગુજરાત જાહેર સેવા આયોગને મોકલી આપવામાં આવેલ છે.<br>આયોગ દ્વારા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી રહેલી જગ્યાઓ ભરવામાં આવશે. |

રાજ્યનાં બંદર ઉપર માહિતી સંચાર વ્યવસ્થાપન ટેકનોલોજીનાં અમલીકરણ બાબત

* ૨૪૯૯૦ શ્રી જીતેન્દ્રભાઇ વાઘાણી (ભાવનગર પશ્ચિમ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ ૨૦૧૫–૧૬ના વર્ષમાં રાજ્યના બંદર ઉપર માહિતી સંચાર વ્યવસ્થાપન ટેકનોલોજીના અમલીકરણ માટે કોઇ આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આયોજનની વિગતો શું છે? | (૨) ''ઇન્ટીગ્રેટેડ પોર્ટ મેનેજમેન્ટ સીસ્ટમ'' ના માધ્યમથી તેનું અમલીકરણ કરવાનું આયોજન છે. |

ફતેવાડી યોજનાની નહેરોની સુધારણા કામગીરી

* ૨૫૦૦૮ શ્રી બાબુભાઇ પટેલ (દસક્રોઇ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ફતેવાડી યોજનાની નહેરોની સુધારણાની કામગીરી બાબતે તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું કામગીરી કરેલ છે, અને | (૧) ફતેવાડી યોજનાની નહેરોની સુધારણાની કામગીરી અંતર્ગત ૩૦૬ કિ.મી. લંબાઇમાં નહેર લાઇનીંગ, પાળાઓના મજબુતીકરણ અને ૪૪૮ સ્ટ્રકચર્સના નવીનીકરણ અને સુધારણાની કામગીરી કરેલ છે. |
| (૨) આ કામગીરીથી કેટલા વિસ્તારને ફાયદો થશે? | (૨) આ કામગીરીઓથી ૩૩૬૦૦ હેકટર વિસ્તારમાં સિંચાઇ સુવિધા સુદૃઢ અને કાર્યક્ષમ થશે. |

અમદાવાદ જિલ્લામાં ગુનાહિત કૃત્ય

* ૨૫૧૬૬ શ્રી કરમશીભાઇ પટેલ (સાણંદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર ખુન, લૂંટ, બળાત્કાર, ધાડ, ચોરી, અપહરણ અને આપઘાતના કેટલા બનાવો નોંધાયા, | (૧) પત્રક સામેલ છે. |
| (૨) ઉક્ત ગુનાઓ અટકાવવા સરકારે શાં પગલાં લીધાં, અને | (૨) આ પ્રકારના બનાવો અટકાવવા માટે ઉપરી અધિકારીઓના ચેકીંગ હેઠળ નાઇટ પેટ્રોલિંગ, મોબાઇલ |

પેટ્રોલિંગ, કોમ્બીંગ નાઇટ, મોટર સાયકલ તથા પી.સી.આર. વાનનું ક્રોસ પેટ્રોલિંગ તેમજ નાઇટ રાઉન્ડ  દરમ્યાન હિસ્ટ્રી સીટરોને ચેક કરવામાં આવે છે. ભરોસાના બાતમીદારો દ્વારા આવા ગુના કરવાવાળા તથા બહારથી મજૂરી કામ અર્થે આવતા શંકાસ્પદ ઇસમો ઉપર વોચ રાખવામાં આવે છે. તેમજ આંગડિયા પેઢીના મેનેજરોને મોટી રકમની લેવડ–દેવડ કરવાની હોય તેવા સંજોગોમાં પોલીસને જાણ કરી અગાઉથી જ પોલીસ બંદોબસ્ત મેળવવા માટે જણાવવામાં આવે છે. સ્કૂલ, કોલેજ, એસ.ટી.સ્ટેન્ડ જેવી ભીડ–ભાડવાળી જગ્યાઓ ઉપર સાદા કપડામાં પોલીસ તથા મહિલા પોલીસનું પેટ્રોલીંગ રાખવામાં આવે છે. અગાઉથી મળેલ પબ્લીક અરજીઓ તથા નોન કોગ્નિઝેબલ ફરિયાદોની ત્વરિત તપાસ કરાવડાવી જરૂર જણાયે તાત્કાલિક અટકાયતી પગલાંઓ લેવામાં આવે છે. મહિલાઓને થતી મુશ્કેલી નિવારવા સરકારશ્રી દ્વારા ૧૮૧ અભયમ નામની હેલ્પલાઇન શરૂ કરવામાં આવેલ છે.

(૩) તે પૈકી ઉક્ત વર્ષવાર કેટલા ગુનાઓ ડીટેક્ટ થયા અને કેટલા ગુનાઓ અનડીટેક્ટ છે?

(૩)

| વર્ષ | ડીટેક્ટ | અનડીટેક્ટ |
|---|---|---|
| ૨૦૧૪ | ૨૮૭૧ | ૧૭૬૧ |
| ૨૦૧૫ | ૨૬૨૯ | ૧૫૬૫ |

પત્રક

અમદાવાદ ગ્રામ્ય – વર્ષ ૨૦૧૪

| તાલુકાનું નામ | ખૂન | લૂંટ | બળાત્કાર | ધાડ | ચોરી | અપહરણ | આપઘાત |
|---|---|---|---|---|---|---|---|
| દસક્રોઇ | ૭ | ૩ | ૪ | ૧ | ૫૧ | ૨૫ | ૧૦ |
| સીટી | ૦ | ૦ | ૦ | ૧ | ૨ | ૨ | ૨ |
| સાણંદ | ૩ | ૩ | ૨ | ૪ | ૪૧ | ૨૧ | ૧૪ |
| ધોળકા | ૬ | ૩ | ૭ | ૧ | ૪૪ | ૧૧ | ૨૫ |
| બાવળા | ૨ | ૩ | ૦ | ૦ | ૩૮ | ૧૦ | ૧૪ |
| ધંધુકા | ૦ | ૧ | ૦ | ૧ | ૪ | ૩ | ૬ |
| ધોલેરા | ૧ | ૦ | ૦ | ૧ | ૨ | ૧ | ૨ |
| વિરમગામ | ૧ | ૧ | ૩ | ૦ | ૨૬ | ૭ | ૫ |
| માંડલ | ૪ | ૨ | ૧ | ૦ | ૧૨ | ૨ | ૦ |
| દેત્રોજ | ૩ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૧૦ |
| | | | | | | | |
| અમદાવાદ શહેર | ૮૨ | ૨૬૦ | ૧૦૦ | ૧૮ | ૨૫૮૯ | ૩૬૬ | ૭૫૨ |

અમદાવાદ ગ્રામ્ય – વર્ષ ૨૦૧૫

| તાલુકાનું નામ | ખૂન | લૂંટ | બળાત્કાર | ધાડ | ચોરી | અપહરણ | આપઘાત |
|---|---|---|---|---|---|---|---|
| દસક્રોઇ | ૯ | ૩ | ૨ | ૩ | ૪૭ | ૨૭ | ૧૪ |
| સીટી | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૨ |
| સાણંદ | ૫ | ૫ | ૨ | ૦ | ૨૪ | ૧૭ | ૧૧ |
| ધોળકા | ૫ | ૧ | ૧ | ૨ | ૨૫ | ૬ | ૨૨ |
| બાવળા | ૩ | ૨ | ૨ | ૧ | ૯ | ૫ | ૧૧ |
| ધંધુકા | ૧ | ૧ | ૧ | ૧ | ૫ | ૩ | ૯ |
| ધોલેરા | ૨ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૭ |
| વિરમગામ | ૪ | ૨ | ૩ | ૧ | ૧૬ | ૧૨ | ૧૪ |
| માંડલ | ૫ | ૦ | ૦ | ૧ | ૨ | ૪ | ૩ |
| દેત્રોજ | ૨ | ૧ | ૨ | ૦ | ૩ | ૩ | ૭ |
| | | | | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| અમદાવાદ શહેર | ૯૨ | ૧૩૦ | ૧૦૪ | ૦૬ | ૨૪૮૭ | ૩૩૫ | ૬૫૫ |

માલપુર તાલુકાના ઉભરાણથી વાત્રક કોલોની સુધીનાં રસ્તા બાબત

* ૨૬૪૧૨ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં આવેલ માલપુર તાલુકાનાં ઉભરાણ થી વાત્રક કોલોની સુધીનો રસ્તો સિંચાઇ વિભાગ હસ્તકનો છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત રસ્તાનું છેલ્લે ક્યારે ડામર કામ કરવામાં આવેલ છે? | (૨) વર્ષ – ૨૦૦૯ માં. |

કચ્છ જિલ્લામાં ખારેક વાવેતરમાં સહાય

* ૨૫૦૩૫ શ્રી રમેશ મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ટીસ્યુકલ્ચર ખારેકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે માટે તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫–૧૬માં કચ્છ જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | (૨) કુલ ` ૧,૫૯,૨૪,૦૨૫/– (અંકે રૂપિયા એક કરોડ ઓગણાસાઇઠ લાખ ચોવીસ હજાર પચીસ પુરા). |

મોરબી જિલ્લામાં ખારેક વાવેતરમાં સહાય

* ૨૫૦૩૪ શ્રી કાંતીલાલ અમૃતીયા (મોરબી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ટીસ્યુકલ્ચર ખારેકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે માટે તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫–૧૬માં મોરબી જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | (૨) કુલ ` ૧૨,૩૪,૯૫૦/– (અંકે રૂપિયા બાર લાખ ચોત્રીસ હજાર નવસો પચાસ પુરા). |

દાહોદ જિલ્લામાં કૃષિ મેળા અને કીટનું વિતરણ

* ૨૫૬૮૬ શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં વર્ષવાર કેટલા કૃષિ મેળાનું આયોજન કરવામાં આવ્યું,

જવાબ

(૧) તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં નીચે મુજબ કૃષિમેળાનું આયોજન કરવામાં આવ્યુ.

| ક્રમ | વર્ષ | કૃષિ મેળાની સંખ્યા |
|---|---|---|
| ૧ | તા. ૧/૦૨/૨૦૧૪ થી ૩૧/૦૧/૨૦૧૫ | ૩ |
| ૨ | તા. ૧/૦૨/૨૦૧૫ થી ૩૧/૦૧/૨૦૧૬ | ૨ |
| | કુલ | ૫ |

પ્રશ્ન

(૨) તેમાં વર્ષવાર કેટલો ખર્ચ થયો અને કેટલા ખેડૂતોને કેટલી કીટ વિતરણ કરવામાં આવી, અને

જવાબ

(૨) તેમાં વર્ષવાર થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે તેમજ આ કૃષિ મેળાઓ દરમ્યાન કોઈ પણ ખેડૂતોને કિટ વિતરણ કરેલ નથી.

| ક્રમ | વર્ષ | કૃષિ મેળાનો ખર્ચ (રૂ.માં) |
|---|---|---|
| ૧ | તા. ૧/૦૨/૨૦૧૪ થી ૩૧/૦૧/૨૦૧૫ | ૭,૪૮,૬૬૪ |
| ૨ | તા. ૧/૦૨/૨૦૧૫ થી ૩૧/૦૧/૨૦૧૬ | ૩,૭૪,૫૬૪ |

(૩) ઉક્ત કીટમાં કઈ વસ્તુઓ ખેડૂતોને અપાઈ ? (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પોલીસ અધિક્ષકશ્રી, એસ.આર.પી. જૂથ–૧૩ ઘંટેશ્વર, રાજકોટ હસ્તક પોલીસ કોમ્યુનીટી હોલ

* ૨૫૦૩૨ શ્રીમતી ભાનુબેન બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરી શકે તે માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પોલીસ અધિક્ષકશ્રી, એસ.આર.પી. જૂથ–૧૩ ઘંટેશ્વર, રાજકોટની કચેરી હસ્તક કેટલા પોલીસ કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે? | (૨) પોલીસ અધિક્ષકશ્રી, એસ.આર.પી. જૂથ–૧૩ ઘંટેશ્વર, રાજકોટની કચેરી હસ્તક એક કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે. |

આણંદ અને વડોદરા જિલ્લામાં બિનખેતી જમીન

* ૨૬૪૮૬ શ્રી અમિત ચાવડા (આંકલાવ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી ખેતીની જમીનો બિનખેતીમાં ફેરવવામાં આવી,

જવાબ

(૧) પત્રક–૧

આણંદ જિલ્લો

| ક્રમ | તાલુકો | બિનખેતીમાં ફેરવવામાં આવેલ જમીન (ચો.મી.) |
|---|---|---|
| (૧) | આણંદ | ૧૦૬૨૬૦૨.૮૮ |
| (૨) | ઉમરેઠ | ૨૬૩૯૫૮.૦૧ |
| (૩) | બોરસદ | ૧૩૧૧૧૫.૦૦ |
| (૪) | પેટલાદ | ૪૮૪૨૦૩.૦૦ |
| (૫) | આંકલાવ | ૩૬૬૬૯૨.૦૩ |
| (૬) | સોજીત્રા | ૨૫૨૯૬.૦૦ |
| (૭) | ખંભાત | ૩૪૬૮૩૦.૦૦ |
| (૮) | તારાપુર | ૩૨૯૫૦૪.૮૮ |

વડોદરા જિલ્લો

| ક્રમ | તાલુકો | બિનખેતીમાં ફેરવવામાં આવેલ જમીન (ચો.મી.) |
|---|---|---|
| (૧) | વડોદરા | ૫૪૦૪૩૪૫.૦૦ |
| (૨) | પાદરા | ૬૯૩૧૦૩.૦૦ |
| (૩) | કરજણ | ૧૧૮૫૨૦૫.૦૦ |
| (૪) | શિનોર | ૬૭૫૧૪.૦૦ |
| (૫) | ડભોઈ | ૩૪૫૪૬૦.૦૦ |
| (૬) | વાઘોડિયા | ૨૯૪૭૪૨૨.૦૦ |
| (૭) | સાવલી | ૬૦૧૭૪૮.૦૦ |
| (૮) | ડેસર | ૪૦૪૫.૦૦ |

(૨) તેના પરિણામે ખેતીની જમીનમાં કેટલા ટકા ઘટાડો થયો, અને

(૨)

| | |
|---|---|
| આણંદ | ૦.૩૩% |
| વડોદરા | ૦.૪૨% |

(૩) ઉક્ત સ્થિતિએ સરકારને કેટલી આવક થઈ ?

(૩)

| | |
|---|---|
| આણંદ | રૂ. ૨,૮૧,૩૭,૭૨૨/– |
| વડોદરા | રૂ. ૬,૧૭,૪૬,૦૫૩/– |

બનાસકાંઠામાં અતિવૃષ્ટિ સામે પશુપાલકોને સહાય

* ૨૫૯૪૧ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં એક | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં એક |

વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં પડેલ ભારે વરસાદના કારણે કેટલા પશુપાલકોને તાલુકાવાર કેટલી સહાય ચુકવવામાં આવી,

વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં પડેલ ભારે વરસાદના કારણે ૧૪ તાલુકાઓના ૨૭૪૧ પશુપાલકોને રૂ. ૧૦,૯૦,૭૭,૦૦૦/- ની સહાય ચુકવવામાં આવી તેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | પશુપાલકોની સંખ્યા | ચુકવેલ સહાય (રૂ. હજારમાં) |
|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૨૬ | ૮૬૮ |
| ૨ | વડગામ | ૯૮ | ૩૬૦૬ |
| ૩ | દાંતા | ૯ | ૪૦૫ |
| ૪ | અમીરગઢ | ૨૮૭ | ૧૦૬૫૨ |
| ૫ | ડીસા | ૨૪ | ૧૧૧૫ |
| ૬ | દાંતીવાડા | ૨૨ | ૮૫૨ |
| ૭ | લાખણી | ૬૨ | ૩૧૮૮ |
| ૮ | ધાનેરા | ૧૩ | ૫૬૯ |
| ૯ | દિયોદર | ૭૩૭ | ૨૭૫૪૬ |
| ૧૦ | ભાભર | ૫૬૫ | ૨૦૪૭૬ |
| ૧૧ | વાવ | ૩૩૬ | ૧૭૬૦૭ |
| ૧૨ | થરાદ | ૧૩૨ | ૫૪૬૪ |
| ૧૩ | સુઈગામ | ૧૬૪ | ૭૧૭૦ |
| ૧૪ | કાંકરેજ | ૨૬૬ | ૯૫૫૯ |
| | કુલ | ૨૭૪૧ | ૧૦૯૦૭૭ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ બનાસકાંઠા જીલ્લામાં તાલુકાવાર કેટલા પશુપાલકોને સહાય ચુકવવાની બાકી છે, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં નિયમોનુસારની કોઈ સહાય ચુકવવાની બાકી નથી.

(૩) ઉક્ત સ્થિતિએ બાકી સહાય ક્યાં સુધીમાં ચુકવવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

દાહોદ જિલ્લાના ગામોમાં ગૌચર ન હોવા બાબત

* ૨૫૧૫૧ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં બિલકુલ ગૌચર નથી, અને

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં નીચે મુજબના તાલુકાવાર ગામોમાં ગૌચર નથી.

| ક્રમ | તાલુકાનું નામ | ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧. | દાહોદ | ૨૭ |
| ૨. | ગરબાડા | ૦૩ |
| ૩. | ઝાલોદ | ૦૪ |
| ૪. | ફતેપુરા | ૩૧ |
| ૫. | સંજલી | ૦૬ |
| ૬. | દેવગઢ બારીયા | ૧૫ |
| ૭. | લીમખેડા | ૧૯ |
| ૮. | ધાનપુર | ૧૫ |
| | કુલ | ૧૨૦ ગામ |

ઉપરોક્ત ૧૨૦ ગામોમાં મૂળથી જ ગૌચર નથી. આ ગામોમાં સરકારી પડતર જમીન ઉપલબ્ધ છે, તથા આ ગામોની આજુ-બાજુનાં ગામોમાં પર્યાપ્ત ગૌચર ઉપલબ્ધ છે.

(૨) ઉક્ત ગામોમાં ગૌચરમાં વધારો થાય કે શુન્ય ગૌચર ના રહે તે માટે સરકારે છેલ્લા બે વર્ષમાં શાં પગલાં લીધા ?

(૨) વિભાગના તા. ૧-૪-૨૦૧૫ના ઠરાવથી નિયત થયેલ ગૌચર નીતિ અંતર્ગત ગૌચર જમીનના વિકાસ, સંવર્ધન અને જાળવણી બાબતે ગૌચર ડેવલપમેન્ટ મિશન અંતર્ગત કાર્યવાહી કરવાનું નિયત કરાયેલ છે. તેમજ જ્યાં જરૂરિયાત

જણાતી હોય ત્યાં ગ્રામ પંચાયતની દરખાસ્ત અનુસાર ગૌચર નીમ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

દમણગંગા યોજનાની નહેરોની સફાઈ

* ૨૫૦૧૦ શ્રી કનુભાઈ દેસાઈ (પારડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં દમણગંગા જિલ્લાની નહેરોની કુલ કેટલી લંબાઈમાં સાફ–સફાઈ કરવામાં આવેલ છે, અને | (૧) ૮૫.૦૪૨ કિ.મી. |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો છે ? | (૨) રૂ. ૫૩.૧૯ લાખ |

એમ.એસ.એમ.ઈ.માં રોજગારી

* ૨૫૦૮૧ શ્રી ઈશ્વરસિંહ પટેલ (અંકલેશ્વર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) માઈક્રો, સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઈઝ ડેવલપમેન્ટ (એમએસએમઈ) એક્ટ–૨૦૦૬ અમલમાં આવ્યા બાદ તા. ૩૧–૩–૨૦૧૫ અંતિત છેલ્લા બે વર્ષમાં કેટલું મૂડીરોકાણ નોંધાયુ છે, | (૧) તા. ૩૧–૩–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માઈક્રો કેટેગરીમાં રૂ. ૧૦૩૯૨.૧૧ કરોડ, સ્મોલ કેટેગરીમાં રૂ. ૧૧૩૯૩.૩૫ કરોડ અને મીડીયમ કેટેગરીમાં રૂ. ૪૫૩૭.૬૮ કરોડ મૂડીરોકાણ નોંધાયેલ છે. |
| (૨) આ પૈકી કયા જિલ્લામાં સૌથી વધુ રોજગારી નોંધાયેલ છે ? | (૨) આ પૈકી સુરત જિલ્લામાં ૩,૬૧,૭૩૬ સૌથી વધુ રોજગારી નોંધાયેલ છે. |

પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી કચેરી હસ્તક પોલીસ કોમ્યુનીટી હોલ

* ૨૫૦૧૪ શ્રી બાવકુભાઈ ઉંધાડ (લાઠી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરી શકે તે માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીની કચેરી હસ્તક કેટલા પોલીસ કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે? | (૨) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીની કચેરી હસ્તક એક કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે. |

અમદાવાદ જિલ્લામાં રાસાયણિક ખાતરનાં નમુના

* ૨૫૦૩૭ શ્રી અરવિંદકુમાર પટેલ (સાબરમતી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાસાયણિક ખાતરના કુલ કેટલા નમૂનાઓ લેવામાં આવ્યા, | (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાસાયણિક ખાતરના કુલ ૨૫૦૬ નમૂનાઓ લેવામાં આવ્યા. |
| (૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા અને કેટલા નમૂના બિન પ્રમાણિત થયા, અને | (૨) આ નમૂનાઓ પૈકી ૨૪૮૯ નમૂના પ્રમાણિત થયા અને ૧૭ નમૂના બિન પ્રમાણિત થયા. |
| (૩) બિન પ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા ? | (૩) બિન પ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત નીચે મુજબનાં પગલાં લેવામાં આવ્યાં. |

| અ. નં. | બિન પ્રમાણિત નમૂનાની સંખ્યા | લીધેલ પગલાં |
|---|---|---|
| ૧ | ૭ | વહીવટી પગલાં |
| ૨ | ૨ | રિ–એનાલીસીસમાં પાસ થયેલ છે. |
| ૩ | ૮ | કાર્યવાહીમાં |

સાબરકાંઠા જિલ્લામાં તળાવો ઉંડા કરવા બાબત

* ૨૫૦૧૧ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા, અને | (૧) ૪૦ (ચાલીસ) |
| (૨) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ થયો ? | (૨) |

| ક્રમ | વર્ષ | થયેલ ખર્ચ (રૂ।. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૪ | ૫૭.૮૬ |
| ૨ | ૨૦૧૫ | ૧૬૦.૩૮ |

### શહેરા તાલુકામાં અસરગ્રસ્તોનું પુનઃ વસન

* ૨૫૩૯૩ શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ પાનમ હડફ, કબુતરી ડેમના અસરગ્રસ્તો પૈકી કેટલા આદિવાસી અસગગ્રસ્તો શહેરા તાલુકામાં ક્યારથી કઈ જગ્યાએ પુનઃસ્થાપિત કરેલા છે?

જવાબ

(અ) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ પાનમ ડેમના અસરગ્રસ્તો પૈકી ૧૩૯ આદિવાસી અસગગ્રસ્તોને શહેરા તાલુકામાં ૧૯૭૧ થી ૧૯૭૭ ના સમયગાળા દરમ્યાન નીચે મુજબના સ્થળે પુનઃસ્થાપિત કરેલા છે.

| ગામનું નામ | અસરગ્રસ્તોની સંખ્યા |
|---|---|
| સાજીવાવ | ૧ |
| ખાંડીયા | ૫૬ |
| જેથરીબોર | ૧ |
| ગાંગડીયા | ૮ |
| નાડા | ૨૦ |
| સગરાડા | ૫૧ |
| ખટકપુર | ૨ |

(બ) હડફ સિંચાઈ યોજનાથી અસર પામેલ અસરગ્રસ્તો પૈકી કોઈ અસરગ્રસ્ત આદિવાસી નથી.

(ક) કબુતરી ડેમના અસરગ્રસ્તો પૈકી ૬ આદિવાસી અસરગ્રસ્તોને શહેરા તાલુકામાં બાહી ગામે વર્ષ ૧૯૮૧ થી પુનઃ સ્થાપિત કરેલાં છે.

### આણંદ અને ખેડા જિલ્લામાં દારૂની પરમીટો

* ૨૫૧૪૬ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં દારૂની પરમીટો ધરાવનારની કુલ કેટલી સંખ્યા છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તબીબી કારણોસર દારૂની પરમીટો આપવા અન્વયે અરજદારોને મેડીકલ બોર્ડ સમક્ષ તપાસ અર્થે મોકલવા સરકાર શા પગલાં લેવા માંગે છે?

જવાબ

(૧)

| જિલ્લા | આણંદ | ખેડા |
|---|---|---|
| કુલ સંખ્યા | ૩૪૨૪ | ૧૮૨૪ |

(૨) તબીબી કારણોસર દારૂની પરમીટો આપવા અન્વયે અરજદારની અરજી મળ્યેથી મુંબઈ વિદેશી દારૂના નિયમ, ૧૯૫૩ ના નિયમ ૬૫ હેઠળ સંબંધિત જિલ્લાના એરિયા મેડીકલ બોર્ડને ચકાસણી અર્થે મોકલવામાં આવે છે. તે બોર્ડ દ્વારા નિયમાનુસાર અરજદારની તપાસ કરવામાં આવે છે. નિયામકશ્રી, નશાબંધી અને આબકારી ખાતુ, ગુજરાત રાજ્ય, અમદાવાદને જરૂર જણાયેથી મુંબઈ વિદેશી દારૂના નિયમ, ૧૯૫૩ના નિયમ–૬૬ હેઠળ રાજ્ય તબીબી બોર્ડ સમક્ષ અરજદારને તપાસ અર્થે મોકલવાની જોગવાઈ છે. જો અરજદાર ૬૮ વર્ષ કરતાં વધારે ઉંમરનો હોય અથવા નબળાઈ, રોગ, માંદગીના કારણે તબીબી તપાસ માટે તેની જાતે હાજર થઈ શકે એમ ન હોય તો તે મતલબનું તેના અંગત મેડીકલ એટેન્ડન્ટે કાઢી આપેલું તબીબી પ્રમાણપત્ર રજૂ કર્યેથી અરજદાર વિનંતિ કરે તો તેઓના નિવાસસ્થાને એરિયા મેડિકલ બોર્ડ તપાસી શકશે.

### જૂનાગઢ જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત તાલીમ

* ૨૫૫૧૦ શ્રી અરવિંદભાઈ લાડાણી (કેશોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યમાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત શાળાના

જવાબ

(૧) હા,જી.

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| બાળકોને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આ તાલીમ આપવામાં આવેલ છે ? | (૨) કુલ ૨૬૯૪ વિદ્યાર્થીઓને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ આપવામાં આવેલ છે. |

કપરાડા તાલુકાની દમણગંગા યોજનાની નહેર આધારિત ઉદવહન સિંચાઈ યોજના

* ૨૫૦૬૫ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના દમણગંગા યોજનાની નહેર આધારિત તા.૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં છેલ્લા બે વર્ષમાં કેટલી ઉદવહન સિંચાઈ યોજના હાથ ધરેલ છે, અને | (૧) ૨ (બે) |
| (૨) તેનાથી કેટલા વિસ્તારને લાભ મળશે? | (૨) ૩૬૭ હેકટરને સિંચાઈનો લાભ મળશે. |

વિકાસલક્ષી-યોજનાકીય બાબતોનાં પ્રસિધ્ધ પ્રકાશન

* ૨૫૦૦૧ શ્રી પૂર્ણેશકુમાર મોદી (સુરત પશ્ચિમ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિકાસલક્ષી-યોજનાકીય બાબતોના રાજ્યમાં માહિતી ખાતા દ્વારા કોઈ પ્રકાશનો પ્રસિધ્ધ કરવામાં આવ્યા છે કે કેમ, અને | (૧) હા જી |
| (૨) જો હા, તો કયા પ્રકાશનો પ્રકાશિત કરવામાં આવ્યા છે? | (૨) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિકાસલક્ષી યોજનાકીય બાબતોના નીચે મુજબના ૧૩ પ્રકાશનો પ્રકાશિત કરવામાં આવ્યા છે.<br>૧. સાતત્ય, સુશાનના છ આધારસ્તંભ પુસ્તિકા<br>૨. દમદાર પરિશ્રમ-વિકાસની વણઝાર ગતિશીલ ગુજરાત પુસ્તિકા<br>૩. અવિરત પરિશ્રમ વિકાસ હરદમ સુસાશનકી દિશા મેં આગેકદમ (ગતિશીલ ગુજરાત) (હિન્દી, અંગ્રેજી તથા ગુજરાતી ભાષામાં પુસ્તિકા)<br>૪. ગતિશીલ સરકારની પરિણામલક્ષી પ્રગતિશીલ પહેલ ફોલ્ડર<br>૫. ગતિશીલ ગુજરાત-૧ પુસ્તિકા<br>૬. ગતિશીલ ગુજરાતનું નવપ્રસ્થાન પુસ્તિકા<br>૭. ગતિશીલ ગુજરાત-૧ પરિશ્રમ પ્રગતિ અને પ્રતિતિનું ૧ વર્ષ લિફલેટ<br>૮. ગતિશીલ ગુજરાત ફોલ્ડર<br>૯. મુખ્યમંત્રી યુવા સ્વાલંબન ફોલ્ડર<br>૧૦. કેન્દ્ર સરકારની જનહીતને લગતી યોજનાઓનો ગુજરાતમાં સુદ્રઢ અમલ<br>૧૧. વણથંભી વિકાસયાત્રા પરિણામલક્ષી આયોજન, ગતિશીલ અમલીકરણ-પોકેટ બુક<br>૧૨. ગતિશીલ ગુજરાતને સજર્યો કૃષિ ચમત્કાર પુસ્તિકા<br>૧૩. વણથંભી વિકાસયાત્રા પરિણામલક્ષી આયોજન, ગતિશીલ અમલીકરણ- પુસ્તિકા |

બોરસદ નગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય માટે ગ્રાન્ટ

* ૨૫૦૫૦ શ્રી રોહિત પટેલ (આણંદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લાની બોરસદ નગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય યોજના હેઠળ વર્ષ ૨૦૧૪-૧૫ અને | (૧) આણંદ જિલ્લાની બોરસદ નગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય યોજના હેઠળ વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫- |

૨૦૧૫-૧૬માં તા ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ કેટલા શૌચાલયો માટે કેટલી ગ્રાન્ટ મંજુર કરવામાં આવેલ છે,

૧૬માં તા ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ કુલ ૨૨૪૩ શૌચાલયો મંજુર કરેલ છે અને તે પરત્વે કુલ-રૂ.૨૬૯.૧૬ લાખની ગ્રાન્ટ નીચે મુજબ મંજુર કરવામાં આવેલ છે.

| વર્ષ | મંજુર કરેલ વ્યક્તિગત શૌચાલયો | મંજુર કરેલ રકમ રૂ.લાખમાં |
|---|---|---|
| ૨૦૧૪-૧૫ | ૧૭૧૧ | ૨૦૫.૩૨ |
| ૨૦૧૫-૧૬ | ૫૩૨ | ૬૩.૮૪ |
| કુલ | ૨૨૪૩ | ૨૬૯.૧૬ |

(૨) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે, અને

(૨) તે પેટે રૂ. ૨૨૪.૩૦ લાખની રકમ નીચે મુજબ ચૂકવવામાં આવેલ છે.

| વર્ષ | ચુકવેલ રકમ રૂ. લાખમાં |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૧૭૧.૧૦ |
| ૨૦૧૫-૧૬ | ૫૩.૨૦ |
| કુલ | ૨૨૪.૩૦ |

(૩) તા ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ તે પરત્વે કેટલા શૌચાલયોની કામગીરી પૂર્ણ થયેલ છે ?

(૩) તા ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ કુલ ૨૨૪૩ વ્યક્તિગત શૌચાલયો પૂર્ણ થયેલ છે.

સુરત જિલ્લામાં ટ્રેકટર ખરીદીમાં સહાય

* ૨૫૦૭૫ શ્રીમતી ઝંખનાબેન પટેલ (ચોર્યાસી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ સન ૨૧૫-૧૬ માં સુરત જિલ્લામાં ટ્રેકટર ખરીદીમાં સહાયની કેટલી અરજીઓ મંજુર કરી, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓમાં સહાય ચુકવવામાં આવી?

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ સન ૨૦૧૫-૧૬ માં સુરત જિલ્લામાં ટ્રેકટર ખરીદીમાં સહાયની કુલ ૧૮૩ અરજીઓ મંજુર કરી.

(૨) તે પૈકી ૧૨૩ અરજીઓમાં સહાય ચૂકવવામાં આવી.

ભરૂચ જિલ્લામાં ખારેક વાવેતરમાં સહાય

* ૨૫૦૩૬ શ્રી દુષ્યંતભાઈ પટેલ (ભરૂચ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ટીસ્યુકલ્ચર ખારેકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તે માટે તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫-૧૬ માં ભરૂચ જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે?

જવાબ

(૧) હા, જી.

(૨) કુલ રૂ. ૭,૯૭,૧૦૦/- (અંકે રૂપિયા સાત લાખ સત્તાણું હજાર સો પુરા).

ભાવનગર જિલ્લામાં નોંધાયેલ દૂધ ઉત્પાદન સહકારી મંડળીઓ

* ૨૫૬૯૬ શ્રી પ્રવિણભાઈ રાઠોડ (પાલીતાણા) : માનનીય સહકાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી સહકારી દૂધ ઉત્પાદન મંડળીઓ નોંધાયેલ છે,

જવાબ

(૧)

| અ.નં. | તાલુકો | નોંધાયેલ મંડળીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૧૫ |
| ૨ | તળાજા | ૨૩ |
| ૩ | મહુવા | ૨૭ |
| ૪ | શિહોર | ૨૧ |
| ૫ | ઉમરાળા | ૧૦ |
| ૬ | વલ્લભીપુર | ૦૬ |
| ૭ | ગારીયાધાર | ૦૫ |
| ૮ | ઘોઘા | ૦૬ |

| | | |
|---|---|---|
| ૯ | જેસર | ૧૨ |
| ૧૦ | પાલીતાણા | ૧૨ |
| | કુલ | ૧૩૭ |

(૨) તે પૈકી કેટલી દૂધ સહકારી મંડળીઓ સંબંધિત જિલ્લા સંઘમાં દૂધ આપે છે,

(૨) ૧૩૭

(૩) તે પૈકી ઉકત સ્થિતિએ જિલ્લા સંઘમાં દૂધ આપતી હોય તો પણ જિલ્લા સંઘના સભાસદ ન હોય તેવી કેટલી દૂધ મંડળીઓ છે, અને

(૩) ૧૩૪

(૪) ઉકત દૂધ મંડળીઓને દૂધ સંઘમાં સભાસદ નહી બનાવવાના કારણો શું છે?

(૪) ભાવનગર જિલ્લામાં સહકારી દૂધ ઉત્પાદન સંઘ લિ. નાં મેનેજીંગ ડીરેકટરશ્રીના તા. ૯-૩-૨૦૧૬ ના પત્ર નં. ૧૫.૧૬/૪૯૨ થી મળેલ વિગતે સભાસદ બનવા માટે અરજી કરેલ નથી.

## રાજ્યમાં ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડની રચના બાબત

* ૨૬૪૨૧ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે તા.૩૦-૧૧-૨૦૧૩ ના ઠરાવથી ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડની રચનાના માળખાની જાહેરાત કરી છે તે હીકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો, હા તો તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ઉપરોકત ઠરાવ મુજબ બોર્ડ સ્વતંત્ર રીતે કાર્યરત થયુ નથી તે હકીકત સાચી છે કે કેમ, | (૨) હા, જી. |
| (૩) જો હા, તો સન ૨૦૧૩ ના ઠરાવથી રચના થવા છતા ઉકત સ્થિતિએ બોર્ડ વાસ્તવિક રીતે કાર્યરત ન થવાના શા કારણો છે, અને | (૩) અને (૪) ‘‘ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડની પુનઃ રચના તા. ૩૦-૧૧-૨૦૧૩ ના ઠરાવથી થયેલ છે. આ બોર્ડમાં બીન સરકારી સભ્યોની નિમણૂંક અંગેની કાર્યવાહી હાથ ધરેલ છે જેથી બોર્ડ બનતી ત્વરાએ કાર્યરત થઈ શકશે’’. |
| (૪) ઉકત બોર્ડને સ્વતંત્ર રીતે કયાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે? | |

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બિનવારસી ગૌવંશને ઈનફરમરીમાં સાચવવા ગ્રાન્ટ બાબત

* ૨૬૪૨૮ શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને ચાલતી સોસાયટી ફોર પ્રીવેન્સ ઓફ ક્રુઅલ્ટી ટુ એનીમલ (એસ.પી.સી.એ) દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ બિનવારસી ગૌવંશને પાંજરાપોળ (ઈન્ફરમરી)માં દાખલ કરી સાચવવા બદલ ગ્રાન્ટની ચુકવણી કરવામાં આવતી નથી તે હકીકત સાચી છે કે કેમ? | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ ગ્રાન્ટ નહી ચુકવવાના શા કારણો છે, અને | (૨) દેવભૂમિ દ્વારકા નવરચિત જિલ્લો હોઈ, એસ.પી.સી.એની રચના કરવા બાબતેની કાર્યવાહી પૂર્ણ થયેલ ન હોવાથી તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ગ્રાન્ટ ચૂકવણી થઈ શકેલ નથી. |
| (૩) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ કેટલી ગ્રાન્ટ પડતર છે તે ક્યાં સુધીમાં ચુકવવામાં આવશે? | (૩) તા. ૩૧-૧-૧૬ની સ્થિતિએ કોઈ ગ્રાન્ટ ચૂકવવાની પડતર નથી. |

## ગાંધીનગર જિલ્લામાં હક્કપત્રક નોંધો

* ૨૫૦૭૪ શ્રી અશોકકુમાર પટેલ (ગાંધીનગર ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ ની | (૧) ૫૬૨૫. |

સ્થિતિએ કેટલી હક્કપત્રક નોંધો નિકાલ બાકી છે, અને

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે ? | (૨) બનતી ત્વરાએ. |

## બનાસકાંઠા જિલ્લામાં ખેડૂત અકસ્માત વિમા યોજના હેઠળ અરજીઓ

* ૨૫૨૩૯ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં સને ૨૦૧૪–૧૫માં ખેડૂત અકસ્માત વિમા યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૧૪ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓમાં સહાય ચૂકવવામાં આવી, | (૨) ૬૧ અરજીઓમાં. |
| (૩) કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી, અને | (૩) ૩ અરજીઓ નામંજૂર કરવામાં આવી. |
| (૪) બાકીની અરજીઓમાં સહાય ક્યાં સુધીમાં ચુકવવામાં આવશે? | (૪) બાકી રહેલ અરજીઓમાં લાભાર્થી અરજદાર પાસેથી સાધનિક કાગળો માંગવામાં આવેલ છે જે મળ્યેથી તે અરજીઓ અંગેનો આખરી નિર્ણય લઈ સત્વરે સહાય ચૂકવવામાં આવશે. |

## માંગરોળ અને માળિયા હાટીના તાલુકામાં નાળિયેરીની ખેતીનાં કૃષિ તજજ્ઞ બાબત

* ૨૫૧૮૭ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના માંગરોળ અને માળીયા હાટિના તાલુકામાં નાળીયેર પકવતા ખેડૂતોને નાળીયેર ખેતી/બગીચાનું કૃષિ તજજ્ઞ દ્વારા માર્ગદર્શન તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મળે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો ના, તો ખેડૂતોને નાળીયેરના પાકનું માર્ગદર્શન કૃષિ તજજ્ઞ દ્વારા મળે તે માટે સરકારનું શું આયોજન છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ચોરવાડ કે માંગરોળ ખાતે કૃષિ તજજ્ઞની નિમણૂંક ક્યાં સુધીમાં કરવામાં આવશે? | (૩) કૃષિ તજજ્ઞ તરીકેની જગ્યા ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## મહીસાગર જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ

* ૨૫૧૨૪ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) મહીસાગર જિલ્લામાં તાલુકાવાર વારસાઈ હક્કની કેટલી અરજીઓ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મળી,

જવાબ

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ વર્ષ–૨૦૧૪ | મળેલ અરજીઓ વર્ષ–૨૦૧૫ |
|---|---|---|
| લુણાવાડા | ૧૦૨૦ | ૯૪૮ |
| ખાનપુર | ૩૫૯ | ૨૫૫ |
| સંતરામપુર | ૮૩૮ | ૫૨૭ |
| કડાણા | ૪૩૪ | ૨૨૬ |
| બાલાસિનોર | ૪૯૧ | ૬૭૬ |
| વીરપુર | ૫૪૫ | ૩૬૯ |
| કુલ | ૩૬૮૭ | ૩૦૦૧ |

પ્રશ્ન

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરી અને એન્ટ્રીઓ પાડવામાં આવી અને કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી, અને

જવાબ

(૨)

| તાલુકાનું નામ | અરજીઓ મંજુર કરી પાડેલ એન્ટ્રીઓ. | મંજુર કરેલ એન્ટ્રીઓ | નામંજુર કરેલ એન્ટ્રીઓ |
|---|---|---|---|
| લુણાવાડા | ૧૯૬૮ | ૧૮૮૨ | ૬૩ |
| ખાનપુર | ૬૧૪ | ૫૮૬ | ૨૧ |
| સંતરામપુર | ૧૩૬૫ | ૧૩૧૦ | ૫૫ |
| કડાણા | ૬૬૦ | ૬૧૯ | ૩૧ |
| બાલાસિનોર | ૧૧૬૭ | ૧૦૩૩ | ૯૭ |

| | | | |
|---|---|---|---|
| વીરપુર | ૯૧૪ | ૮૩૦ | ૬૯ |
| કુલ | ૬૬૮૮ | ૬૨૬૦ | ૩૩૬ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે તે ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

(૩) કોઈ અરજીઓ પડતર નથી. પરંતુ એન્ટ્રીઓ પડતર છે. જેની વિગત નીચે મુજબ છે. જેનો સત્વરે નિકાલ કરવામાં આવશે.

| તાલુકાનું નામ | પડતર એન્ટ્રીઓ |
|---|---|
| લુણાવાડા | ૧૭ |
| ખાનપુર | – |
| સંતરામપુર | – |
| કડાણા | ૧૦ |
| બાલાસિનોર | – |
| વીરપુર | ૧૫ |
| કુલ | ૪૨ |

કલોલ તાલુકાના ગામોને વહીવટી સુગમતા અન્વયે માણસા તાલુકામાં સમાવેશ

* ૨૬૬૧૧ શ્રી અમિતભાઈ ચૌધરી (માણસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના કેટલા અને કયા ગામોનો વહિવટી સુગમતા હેતુસર માણસા તાલુકામાં સમાવેશ કરવા અંગે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન કેટલી માંગણી કે રજુઆતો મળી, અને

(૨) તે અન્વયે શું કાર્યવાહી કરવામાં આવી?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન આવી કોઈ માંગણી કે રજુઆતો મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

હોમગાર્ડનાં જવાનોનાં માનદ વેતન વધારવા બાબત

* ૨૫૨૬૯ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ હોમગાર્ડ જવાનોને કેટલું માનદ વેતન આપવામાં આવે છે, અને

(૨) આ માનદ વેતનમાં છેલ્લે કેટલી રકમનો વધારો કરેલ છે?

જવાબ

(૧) દૈનિક માનદ વેતન રૂ. ૨૦૦/– (રૂપિયા બસ્સો પુરા)

(૨) આ માનદ વેતન છેલ્લે તા. ૧–૯–૨૦૧૨ થી રૂા. ૮૦/–થી વધારી રૂા. ૨૦૦/– કરવામાં આવેલ છે.

જળસંપત્તિ પ્રભાગમાં મહેકમ

* ૨૫૧૬૨ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરીયાપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ જળસંપત્તિ પ્રભાગમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

જવાબ

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ જળસંપત્તિ પ્રભાગમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે તેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | ખાલી જગ્યા | કેટલા સમયથી ખાલી |
|---|---|---|---|
| ૧ | સચિવ | ૧ | ૧–૮–૧૨ |
| ૨ | અધિક સચિવ | ૧ | ૧–૧૦–૧૪ |
| | નાયબ સચિવ | ૩ | ૧–૯–૧૩–૧ |
| | | | ૧–૯–૧૪–૧ |
| | | | ૧–૪–૧૫–૧ |
| ૩ | ઉપસચિવ | ૫ | વર્ષ–૧૩ થી ૧ |
| | | | વર્ષ–૧૪ થી ૨ |
| | | | વર્ષ–૧૫ થી ૨ |
| ૪ | સેકશન અધિકારી | ૧૨ | વર્ષ–૧૩ થી ૨ |

| | | | |
|---|---|---|---|
| | | | વર્ષ–૧૪ થી ૫ |
| | | | વર્ષ–૧૫ થી ૫ |
| ૫ | ના.સે.અધિ. | ૫૭ | વર્ષ–૧૨ થી ૯ |
| | | | વર્ષ–૧૩ થી ૨૫ |
| | | | વર્ષ–૧૪ થી ૧૦ |
| | | | વર્ષ–૧૫ થી ૧૨ |
| | | | વર્ષ–૧૬ થી ૧ |
| ૬ | ઓફીસ આસી. | ૧૬ | વર્ષ–૧૫ થી |
| ૭ | ગુજ. સ્ટેનો.ગ્રેડ–૧ | ૨ | વર્ષ–૧૩ થી ૧ |
| | | | વર્ષ–૧૫ થી ૧ |
| ૮ | ગુજ. સ્ટેનો.ગ્રેડ–૨ | ૧૩ | વર્ષ–૦૫ થી ૧ |
| | | | વર્ષ–૦૬ થી ૩ |
| | | | વર્ષ–૦૮ થી ૧ |
| | | | વર્ષ–૦૯ થી ૨ |
| | | | વર્ષ–૧૦ થી ૧ |
| | | | વર્ષ–૧૧ થી ૧ |
| | | | વર્ષ–૧૨ થી ૧ |
| | | | વર્ષ–૧૫ થી ૩ |
| ૯ | અંગ્રેજી સ્ટેનો ગ્રેડ–૧ | ૬ | વર્ષ–૨૦૦૧ થી ૧ |
| | | | વર્ષ–૦૫ થી ૨ |
| | | | વર્ષ–૧૦ થી ૧ |
| | | | વર્ષ–૧૧ થી ૧ |
| | | | વર્ષ–૧૨ થી ૧ |
| ૧૦ | હવાલદાર | ૭ | મા. અને મ. વિ. દ્વારા આઉટ સોર્સીંગથી સેવકો ફાળવવામાં આવ્યા છે. |
| ૧૧ | નાયક | ૪ | ઉપર મુજબ |
| ૧૨ | પટાવાળા | ૪૬ | ઉપર મુજબ |
| ૧૩ | હમાલ | ૪ | ઉપર મુજબ |

(૨) તે અન્વયે નિવૃત્તી બાદ કરાર આધારિત નિમણૂંક અન્વયે કેટલી નિમણૂંક ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કરવામાં આવી?

(૨) તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કરાર આધારિત નિમણૂંક નીચે મુજબ કરવામાં આવી છે.

| અ.નં. | વર્ગ | કરાર આધારિત નિમણૂંકની સંખ્યા |
|---|---|---|
| ૧ | વર્ગ–૧ | ૭ |
| ૨ | વર્ગ–૨ | ૬ |
| ૩ | વર્ગ–૩ | ૩ |

છોટાઉદેપુર નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજના

* ૨૬૪૫૮ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૧૫–૨–૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજના કેટલા અંદાજ સાથેની ક્યારે મંજૂર થઈ,

(૧) તા. ૧૫–૨–૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજના તા. ૨૯–૦૯–૨૦૧૨ના રોજ રૂ. ૨૪.૩૬ કરોડના ખર્ચે મંજૂર કરવામાં આવી.

(૨) તેમાં મૂળ અંદાજમાં ક્યારે કેટલો વધારો થયો,

(૨) મૂળ અંદાજમાં રૂ. ૯.૮૨ કરોડનો વધારો થવા પામેલ છે.

(૩) તા. ૧૫–૨–૧૬ની સ્થિતિએ કેટલો ખર્ચ થયો, અને

(૩) રૂ. ૨૫.૮૯ કરોડ

(૪) ઉક્ત યોજના ક્યારે પૂર્ણ થશે?

(૪) વહેલી તકે.

રાજ્યમાં અતિવૃષ્ટિ સામે કેન્દ્ર સરકાર સમક્ષ સહાય માંગણી બાબત

* ૨૬૪૦૧ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧મી જાન્યુઆરી–૨૦૧૬ની સ્થિતિએ વર્ષ–૨૦૧૫ માં રાજ્યમાં અતિવૃષ્ટિથી થયેલ નુકશાનીના વળતર પેટે કેન્દ્ર સરકાર પાસે કેટલી રકમની ક્યાં હેતુસર સહાયની ક્યારે માંગણી કરવામાં આવેલ છે,

(૨) તે અન્વયે કેન્દ્ર સરકારે શું પ્રતિભાવ આપ્યો, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેન્દ્ર સરકાર દ્વારા ક્યારે અને કેટલી રકમની સહાય પેટે ફાળવવામાં આવેલ છે ?

જવાબ

(૧) તા. ૩૧મી જાન્યુઆરી–૨૦૧૬ની સ્થિતિએ વર્ષ–૨૦૧૫ માં રાજ્યમાં અતિવૃષ્ટિથી થયેલ નુકશાનીના સહાય પેટે કેન્દ્ર સરકાર પાસે રૂ. ૪૪૭૩.૪૭ કરોડ રકમની કૃષિ પાક નુકશાન, જમીન ધોવાણ, માનવ અને પશુ જાનમાલ, ખાનગી અને સરકારી માલ–મિલકતને થયેલ નુકશાન સામે સહાયના હેતુસર સહાયની માંગણીની દરખાસ્ત સપ્ટેમ્બર–૨૦૧૫માં કરવામાં આવેલ છે.

(૨) અને (૩) વર્ષ ૨૦૧૫–૧૬માં કુદરતી આપત્તિ માટે SDRFમાંથી અત્યાર સુધી રૂ. ૮૭૧ કરોડની રકમ સહાય પેટે ફાળવવામાં આવેલ છે.

કડી નગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય માટે ગ્રાન્ટ

* ૨૬૫૦૬ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) મહેસાણા જિલ્લાની કડી નગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય યોજના હેઠળ તા ૩૧–૦૧–૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા શૌચાલયો માટે કેટલી ગ્રાન્ટ મંજુર કરવામાં આવી,

(૨) તે પૈકી કેટલી રકમ ચુકવવામાં આવેલ છે, અને

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા શૌચાલયો બનાવવામાં આવ્યા ?

જવાબ

(૧) મહેસાણા જિલ્લાની કડી નગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય યોજના હેઠળ તા ૩૧–૦૧–૧૬ની સ્થિતિએ કુલ ૯૯૩ શૌચાલયો મંજુર કરેલ છે અને તે પરત્વે કુલ–રૂ.૧૧૯.૧૬ લાખની ગ્રાન્ટ નીચે મુજબ મંજુર કરવામાં આવેલ છે.

| વર્ષ | મંજુર કરેલ વ્યક્તિગત શૌચાલયો | મંજુર કરેલ રકમ રૂ.લાખમાં |
|---|---|---|
| ૨૦૧૪–૧૫ | ૪૮૮ | ૫૮.૫૬ |
| ૨૦૧૫–૧૬ | ૫૦૫ | ૬૦.૬૦ |
| કુલ | ૯૯૩ | ૧૧૯.૧૬ |

(૨) તે પૈકી રૂ.૯૯.૩૦ લાખની રકમ નીચે મુજબ ચુકવવામાં આવેલ છે.

| વર્ષ | ચુકવેલ રકમ રૂ. લાખમાં |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૪૮.૮૦ |
| ૨૦૧૫–૧૬ | ૫૦.૫૦ |
| કુલ | ૯૯.૩૦ |

(૩) ઉક્ત સ્થિતિએ કુલ ૯૯૩ વ્યકતિગત શૌચાલયો બનાવવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં કાંસો ઉપર સ્ટ્રકચર્સ

* ૨૫૦૯૫ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર દક્ષિણ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાની કાંસો પર કુલ કેટલા સ્ટ્રક્ચર્સ આવેલા છે, અને

જવાબ

(૧) ૨૬૬

(૨) આ પૈકી છેલ્લા બે વર્ષમાં કેટલા સ્ટ્રકચર્સનું મરામત કરવામાં આવેલ છે ?

(૨) ૪૯

નર્મદા યોજના પેટે રાજસ્થાન અને મધ્યપ્રદેશ પાસેથી લેણી રકમ

* ૨૫૨૬૧ શ્રી બલવંતસિંહ રાજપુત (સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

નર્મદા યોજના પેટે રાજસ્થાન અને મધ્યપ્રદેશ પાસે તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ લેણી રકમ પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કેટલી રકમો મળી છે ?

જવાબ

(રકમ રૂા. કરોડમાં)

| રાજ્ય | નર્મદા યોજના પેટે રાજસ્થાન અને મધ્યપ્રદેશ પાસે તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ લેણી રકમ પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એટલે કે તા. ૦૧-૦૧-૨૦૧૪ થી ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં રાજ્ય સરકારને મળેલી રકમો |
|---|---|
| મધ્યપ્રદેશ | ૫૧.૧૬ |
| રાજસ્થાન | ૫૨.૩૬ |

અમદાવાદ અને વડોદરા મધ્યસ્થ જેલોમાં પ્રતિબંધિત વસ્તુઓ

* ૨૫૧૦૩ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અમદાવાદ અને વડોદરા મધ્યસ્થ જેલોમાંથી કઈ પ્રતિબંધિત વસ્તુઓ અને સામગ્રી કેટલી સંખ્યામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મળી આવેલ છે, અને

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ અને વડોદરા મધ્યસ્થ જેલોમાંથી છેલ્લા બે વર્ષમાં મળી આવેલ પ્રતિબંધિત વસ્તુઓની વર્ષવાર વિગત નીચે મુજબ છે.

| જેલનું નામ | મળી આવેલ પ્રતિબંધિત વસ્તુ |
|---|---|
| વર્ષ ૨૦૧૪ | |
| અમદાવાદ | મોબાઈલ ફોન-૨૯, પ્લાસ્ટીકની બોટલ-૨૪, પેપર પસ્તી-૭૦૦ ગ્રામ, બીડી બંડલ-૨૭૬ નંગ, લાકડાની ચલમ-૧, બુધાલાલ તમાકુની પડીકી-૩૫૮, કાપણા-૧૪, સ્ટીલના ચમચા-૨, સીગારેટ પેકેટ-૧૦, બ્લેડ-૬, ચમચી-૨, ભાતીયું-૧, કાતર-૧, લોખંડનો સળિયો-૨, થર્મોસ-૨, નીલકટર-૪, ચલમ-૫, મોબાઈલ બેટરી-૨, લસણની ચટણી-૫ પેકેટ, ખાંડ-૫૦૦ ગ્રામ, ચા પત્તી-૫૦૦ ગ્રામ, મરચુ-૫૦૦ ગ્રામ, રૂા. ૮૮,૮૫૦ ની ચલણી નોટ, ધાતુના પાના-૦૨, રૂા. ૪૩૨૫/-ની રકમની કેન્ટીન કુપન, ચુનાની ટોટી-૧૧, રેઝર-૧, સ્ટીલની પટ્ટી-૨, વિમલ પાન મસાલા-૧૦ |
| વડોદરા | મોબાઈલ ફોન-૨૦, સીમ કાર્ડ-૧૯, મોબાઈલ બેટરી-૨૧, રૂ. ૧૧૦૦ ની ચલણી નોટ, તમાકુ પડીકી-૨૧, ગુટકા-૧૩ નંગ, સીગારેટ પેકેટ-૩ તથા છૂટી સીગારેટ-૧૦ |
| વર્ષ ૨૦૧૫ | |
| અમદાવાદ | મોબાઈલ ફોન-૩૨, રૂ. ૬૯,૫૦૦ ની રકમની ચલણી નોટ, બીડીના બંડલ-૧૨૧, બુધાલાલ તમાકુની પડીકી- |

| | |
|---|---|
| | ૧૭૬, વિમલ પાન મસાલા–૧૧, છરી–૧, મોબાઈલ બેટરી–૩, ચાર્જર–૯, બ્લેડ–૧૬, રેઝર–૫, કાતર–૨, કાપણાં–૧૮, ચુનાની ટોટી–૧૦, તમાકુના બાંધા–૨ નંગ, સ્ટીલની ચમચી–૭, અરીસો–૩, પોસ્ટ કાર્ડ–૫૦, છત્રી તુટેલી–૨, ચા પત્તી–૧૦૦ ગ્રામ, ખાંડ–૨૦૦ ગ્રામ, સ્ટીલના વાટકા–૫, પ્લાસ્ટીક બોટલ–૧૩, અસ્ત્રો–૧, બટાકા–ડુંગળી–૨૦૦ ગ્રામ, તેલ ૫૦૦ ગ્રામ, ટાંકણું –૧, લોંખંડનો સળિયો–૧, ચલમ–૨, ગંજીપાનાનો સેટ–૧ |
| વડોદરા | મોબાઈલ ફોન–૦૬, સીમ કાર્ડ–૮, મોબાઈલ બેટરી–૧૧, રૂ. ૪૯૦૦/– ની ચલણી નોટ, લેઝર–૧, તમાકુ પડીકી–૧ |

(૨) ઉક્ત પ્રતિબંધિત વસ્તુઓ અને સામગ્રી ગેરકાયદેસર રાખવા બદલ કેદીઓ અને જવાબદાર અધિકારીઓ સામે શાં પગલાં લીધા ?

(૨) ૨૫૩ કેદીઓ વિરૂધ્ધ ફોજદારી કાર્યવાહી તથા જેલ મેન્યુઅલ મુજબ જેલ શિક્ષા કરવામાં આવેલ છે. જ્યારે જવાબદાર ૧૭૩ અધિકારી/કમર્ચારીઓ વિરૂધ્ધ ખાતા રાહે કાર્યવાહી કરવામાં આવેલ છે.

### ભિલોડા અને મેઘરજ તાલુકાના ડેમમાંથી કાંપ કાઢવા બાબત

* ૨૬૫૦૦ ડૉ. અનિલ જોષિયારા (ભિલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકાઓના કયા ડેમોમાંથી કાંપ કાઢવાની કામગીરી કરવામાં આવી, | (૧) ડેમોમાં પાણી ભરાયેલ હોવાથી કાંપ કાઢવાની કામગીરી કરવામાં આવેલ નથી. |
| (૨) આ ડેમમાંથી કેટલા જથ્થામાં કાંપ કાઢવામાં આવેલ છે અને તે પાછળ ઉક્ત વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કાંપ કાઢવાથી ઉક્ત ડેમમાંથી જળ સંગ્રહમાં કેટલો વધારો થયેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### પોલીસ અધિક્ષકશ્રી, મહેસાણા કચેરી હસ્તક પોલીસ કોમ્યુનીટી હોલ

* ૨૫૫૧૪ શ્રી નારાયણભાઈ પટેલ (ઉંઝા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરી શકે તે માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પોલીસ અધિક્ષકશ્રી, મહેસાણાની કચેરી હસ્તક કેટલા પોલીસ કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે? | (૨) પોલીસ અધિક્ષકશ્રી, મહેસાણાની કચેરી હસ્તક એક કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે. |

### ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં નવી ફીશીંગ બોટનાં રજિસ્ટ્રેશન / લંબાઈ બાબત

* ૨૬૪૫૦ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ શીપીંગ દ્વારા બહાર પાડવામાં આવેલ તા. ૨૪–૦૬–૨૦૦૯ના નોટીફીકેશન અન્વયે રાજ્યમાં નવી ફીશીંગ બોટ રજીસ્ટ્રેશન કરવા માટેના નિયમો કે બોટની લંબાઈ કેટલી હોવી જોઈએ તે માટે કોઈ ચોક્કસ નિતી કે નિયમો તા. ૩૧–૧૨–૨૦૧૫ની | (૧) હા, જી. |

સ્થિતિએ છે, અને

(૨) તે અન્વયે ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી નવી ફીશીંગ બોટનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું અને તે બોટોની લંબાઈ ઉક્ત નિયમો મુજબની હતી ?

(૨) નીચે દર્શાવ્યા મુજબ નવી ફીશીંગ બોટનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું.

| વર્ષ | જીલ્લાનું નામ | |
|---|---|---|
| | ગીર સોમનાથ | અમરેલી |
| ૨૦૧૪-૧૫ | ૪૮૦ | ૩૬ |
| ૨૦૧૫-૧૬ | ૪૨૦ | ૨૨ |
| કુલ | ૯૦૦ | ૫૮ |

બનાસકાંઠા જિલ્લા નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના

* ૨૫૦૫૭ શ્રી કેશાજી ચૌહાણ (દિયોદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત બનાસકાંઠા જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ભૂગર્ભ ગટર યોજનાઓ મંજૂર કરેલ છે,

(૨) તે પૈકી કેટલી યોજના પૂર્ણ થયેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે ?

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાની ધાનેરા, ડીસા, પાલનપુર, નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજનાઓ બે વર્ષ અગાઉ મંજુર કરવામાં આવેલ છે. જ્યારે ભાભર, થરાદ, થરા નગરપાલિકાની ભુગર્ભ ગટર યોજનાઓને વર્ષ ૨૦૧૪-૧૫ માં અનુક્રમે રૂ. ૩૦.૩૧ કરોડ અને રૂ. ૩૫.૯૮ કરોડ અને રૂ. ૧૨.૯૪ કરોડના ખર્ચે મંજૂરી આપવામાં આવી છે.

(૨) અને (૩)

હાલની સ્થિતિએ ઉપરોક્ત તમામ યોજનાઓના મુખ્ય ઘટકોની વિગત નગરપાલિકાવાર નીચે મુજબ છે.

૧. ધાનેરાઃ- સ્યુઅર કલેકટીંગ સીસ્ટમનું કામ પૂર્ણ
૨. ડીસાઃ- સ્યુઅર કલેકટીંગ સીસ્ટમનું કામ પ્રગતિમાં ૮૫ ટકા પૂર્ણ.
૩. પાલનપુરઃ- સ્યુઅર કલેકટીંગ સીસ્ટમનું કામ પ્રગતિમાં, ૮૩ ટકા પૂર્ણ
૪. ભાભરઃ- સ્યુઅર કલેકટીંગ સીસ્ટમનું કામ પૂર્ણ.
૫. થરાદઃ- સ્યુઅર કલેકટીંગ સીસ્ટમનું કામ પૂર્ણ.
૬. થરાઃ- સ્યુઅર કલેકટીંગ સીસ્ટમનું કામ પૂર્ણ.

પારડી અને વાપી તાલુકામાં વારસાઈ અને વેચાણ હક્ક કમી કરવા બાબત

* ૨૬૪૯૫ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પારડી તથા વાપી તાલુકામાં વારસાઈ તથા વેચાણ હક્ક કમી કરવા માટેની કેટલી અરજીઓ આવી છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓમાં એન્ટ્રી પાડવામાં આવી, અને

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ?

જવાબ

(૧)

| તાલુકાનું નામ | વારસાઈ | વેચાણ | હક્ક કમી | કુલ |
|---|---|---|---|---|
| પારડી | ૨૫૫૩ | ૨૧૧૨ | ૨૬૫ | ૪૯૩૦ |
| વાપી | ૧૦૬૪ | ૨૩૬૧ | ૧૯૪ | ૩૬૧૯ |

(૨)

| તાલુકાનું નામ | પાડવામાં આવેલ એન્ટ્રીઓ |
|---|---|
| પારડી | ૪૯૩૦ |
| વાપી | ૩૬૧૯ |

(૩) કોઈ અરજીઓ નામંજુર કરવામાં આવેલ નથી. પરંતુ પાડેલ એન્ટ્રીઓ પૈકી પારડી તાલુકાના ૪૭૪૭ એન્ટ્રીઓ મંજુર તથા ૧૮૩ એન્ટ્રીઓ નામંજુર કરવામાં આવેલ છે. જ્યારે વાપી તાલુકામાં ૩૩૫૩ એન્ટ્રીઓ મંજુર તથા ૨૪૨ એન્ટ્રીઓ નામંજુર કરવામાં આવેલ છે.

દહેગામ તાલુકાના ગામોને નર્મદા કેનાલ અન્વયે પિયતનો લાભ

ता. २२मी मार्च, २०२१

અતારાંકિત પ્રશ્નોત્તરી

* ૨૫૧૭૯ શ્રીમતી કામિનીબા રાઠોડ (દહેગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તારીખ ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ દહેગામ તાલુકામાંથી પસાર થતી નર્મદા કેનાલના કારણે દહેગામ તાલુકાના કેટલા ગામોને ખેડૂતોને પિયતનો લાભ મળે છે ? | દહેગામ તાલુકામાંથી પસાર થતી નર્મદા કેનાલના કારણે દહેગામ તાલુકાના ૨૨ (બાવીસ) ગામોના ખેડૂતોને પિયતનો લાભ મળે છે. |

ડાંગ જિલ્લામાં અકસ્માતે ઘરમાં આગ લાગતા નુકશાન સામે સહાય

* ૨૬૬૦૩ શ્રી મંગળભાઈ ગાવિત (ડાંગ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ડિઝાસ્ટર મેનેજમેન્ટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડાંગ જિલ્લામાં અકસ્માતે ઘરમાં આગ લાગતા કેટલા ઘરોને નુકસાન થયું, અને | (૧) શૂન્ય |
| (૨) તે અન્વયે નુકશાન પેટે કેટલી સહાય અપાયેલ છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

અરવલ્લી જિલ્લામાં તળાવો ઉંડા કરવા બાબત

* ૨૫૧૯૧ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા,

(૧)

| ક્રમ નં. | તાલુકાનું નામ | વર્ષવાર ઉંડા કરેલ તળાવો | |
|---|---|---|---|
| | | ૨૦૧૪ | ૨૦૧૫ |
| ૧ | મોડાસા | ૦ | ૧૨ |
| ૨ | મેઘરજ | ૦ | ૦૩ |
| ૩ | માલપુર | ૦ | ૦૪ |
| ૪ | ધનસુરા | ૦ | ૦૨ |
| ૫ | બાયડ | ૦ | ૦૮ |

(૨) આ અન્વયે તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨)

| ક્રમ નં. | તાલુકાનું નામ | થયેલ ખર્ચ રૂ. લાખમાં | |
|---|---|---|---|
| | | ૨૦૧૪ | ૨૦૧૫ |
| ૧ | મોડાસા | ૦૦ | ૩૪.૬૨ |
| ૨ | મેઘરજ | ૦૦ | ૨૦.૨૬ |
| ૩ | માલપુર | ૦૦ | ૧૩.૮૯ |
| ૪ | ધનસુરા | ૦૦ | ૧૧.૩૫ |
| ૫ | બાયડ | ૦૦ | ૨૯.૦૧ |
| ૬ | ભિલોડા | ૧૯.૫૫ | ૭.૦૪ |

(૩) તે અન્વયે કેટલી રકમ ચુકવવામાં આવી અને કેટલી રકમ ચુકવવાની બાકી છે?

(૩) રૂ. ૧૩૫.૭૨ લાખ ચુકવવામાં આવેલ છે કોઈ રકમ ચુકવવાની બાકી નથી.

વિજયનગર, ખેડબ્રહ્મા અને પોસીના તાલુકામાં ચેકડેમ બાબત

* ૨૬૪૮૪ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન સાબરકાંઠા જિલ્લાના વિજયનગર, ખેડબ્રહ્મા, પોસીના તાલુકામાં ચેકડેમ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કુલ કેટલા ચેકડેમ બનાવવાનું આયોજન છે, | (૨) ૭ (સાત) |
| (૩) ઉક્ત કામોની કુલ અંદાજીત કિંમત કેટલી, અને | (૩) રૂ. ૫૦.૦૦ લાખ. |
| (૪) તા. ૩૧-૦૧-૨૦૧૬ સુધીમાં કેટલા ચેકડેમ બન્યા છે? | (૪) અત્યાર સુધીમાં કુલ ૧૦૮૧. |

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### જામનગર જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ

* ૨૫૦૬૭ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.−

પ્રશ્ન | જવાબ

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧−૧૨−૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | આવેલ અરજીઓ |
|---|---|
| જામનગર (શહેર) | ૮૧ |
| જામનગર (ગ્રામ્ય) | ૧૨૫૨ |
| ધ્રોલ | ૪૫૩ |
| જોડીયા | ૪૬૫ |
| કાલાવડ | ૧૫૯૯ |
| લાલપુર | ૭૫૫ |
| જામજોધપુર | ૧૨૩૨ |
| કુલ :− | ૫૮૩૭ |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી અને કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| તાલુકાનું નામ | પાડવામાં આવેલ નોંધો | મંજુર કરવામાં આવેલ નોંધો | નામંજુર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|---|
| જામનગર (શહેર) | ૮૧ | ૭૬ | ૫ |
| જામનગર (ગ્રામ્ય) | ૧૨૫૨ | ૧૧૮૬ | ૫૩ |
| ધ્રોલ | ૪૫૩ | ૪૪૨ | ૩ |
| જોડીયા | ૪૬૫ | ૪૦૮ | ૩૭ |
| કાલાવડ | ૧૫૯૯ | ૧૪૭૫ | ૧૧૮ |
| લાલપુર | ૭૫૫ | ૭૪૦ | ૧૨ |
| જામજોધપુર | ૧૨૩૨ | ૧૧૯૬ | ૧૮ |
| કુલ | ૫૮૩૭ | ૫૫૨૩ | ૨૪૬ |

(૩) ઉક્ત નોંધો નામંજુર કરવાના મુખ્ય કારણો શા છે?

(૩) નિયમોનુસાર ન હોવાથી.

### જોડિયા તાલુકાનાં હડિયાણા બંધારાની ઉંચાઈ વધારવા બાબત

* ૨૬૪૩૬ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.−

પ્રશ્ન | જવાબ

(૧)જામનગર જિલ્લાનાં જોડિયા તાલુકાના હડિયાણા બંધારા યોજનાના પાકાબંધની ઉંચાઈ ૬૦ સે.મી. (૨ ફૂટ) વધારવાથી પાણીની સંગ્રહશક્તિ વધે તેમ છે તે બાબતે છેલ્લા બે વર્ષમાં તા. ૩૧−૧૨−૨૦૧૫ની સ્થિતિએ કેટલી અરજી કે ફરિયાદો મળેલ છે,

(૧) ૯ (નવ)

(૨) આ અરજી ફરિયાદના નિવારણ માટે સરકારે શી કાર્યવાહી હાથ ધરેલ છે,

(૨) બાબત તાંત્રિક ચકાસણી હેઠળ છે.

(૩) આ ઉંચાઈ વધારવાની કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૩) સર્વેક્ષણની કામગીરી હાલ ક્ષેત્રીયકક્ષાએ પ્રગતિ હેઠળ છે.

(૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે?

(૪) તાંત્રિક ચકાસણી પૂર્ણ થયા બાદ બજેટ જોગવાઈની ઉપલબ્ધિ અનુસાર જરૂરી મંજુરીઓ મેળવી કામગીરી હાથ ધરવાનું આયોજન છે.

### ઉમરાળા અને ગોરવીયાળી ગામે ડેમના કામ બાબત

* ૨૫૧૯૬ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.−

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧−૧૨−૧૫ની સ્થિતિએ જુનાગઢ તાલુકાના ઉમરાળા ગામે તથા ભેંસાણ તાલુકાના ગોરવીયાળી

(૧) ઉમરાળા ગામ પાસે સુચિત ઉતાવળી જળસંપત્તિ યોજના તેમજ ગોરવિયાળી ગામ પાસે સુચિત ઓઝત−ભેંસાણ

| | |
|---|---|
| ગામે ડેમનું કામ કયા તબક્કે છે, અને | ગોરવિયાળી સિંચાઈ યોજના વહીવટી મંજુરીની પ્રક્રિયા હેઠળ છે. |
| (૨) ઉક્ત કામ કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પુર્ણ કરવામાં આવશે? | (૨) ઉતાવળી જળસંપત્તિ યોજનાની અંદાજીત રકમ રૂ. ૪૮૧૮.૮૭ લાખ તથા ઓઝત-ભેંસાણ ગોરવિયાળી સિંચાઈ યોજનાની અંદાજીત રકમ રૂ. ૧૧૫૦.૩૧ લાખની છે.<br>આ બંને યોજનાના તાંત્રિક અને આર્થિક પાસાની ચકાસણી કરી બજેટ જોગવાઈની ઉપલબ્ધિ અનુસાર કામગીરી હાથ ધરવાનું આયોજન છે. |

પ્રાંતિજ તાલુકાનાં ઝાલાની મુવાડી ગામ પાસે હાથમતી-ગુહાઈ જળાશય કેનાલનું પાણી સાઈફનમાંથી પસાર ન થવા બાબત

* ૨૬૫૦૪ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ સાબરકાંઠા જીલ્લાના પ્રાંતિજ તાલુકાના ઝાલાની મુવાડી ગામ પાસેથી પસાર થતી સુજલામ્-સુફલામ્ કેનાલને ક્રોસ કરી હાથમતી ગુહાઈ જળાશયની કેનાલનું પાણી લઈ જવા બનાવેલ સાયફનમાંથી પાણી પસાર થતું નથી તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો હાથમતી-ગુહાઈ કેનાલના કમાન્ડ એરીયાના કેટલા હેકટર વિસ્તારમાં સિંચાઈનું પાણી મળતું નથી, અને | (૨) ૧૯૦ હેકટર |
| (૩) ઉક્ત બાબતનાં કાયમી ઉકેલ માટે શું કાર્યવાહી કરવામાં આવી? | (૩) હાલમાં સાયફનમાંથી ડીસીલ્ટીંગની કામગીરી પ્રગતિમાં છે. કાયમી ઉકેલની બાબત વિચારણાધિન છે. |

આણંદ જિલ્લા નગરપાલિકાઓની પડતર ટી.પી. સ્કીમ

* ૨૫૩૨૬ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૧૬ની સ્થિતિએ આણંદ જિલ્લાની કઈ નગરપાલિકાઓની કેટલી ટી.પી. સ્કીમો સરકારમાં મંજુરી અર્થે પડતર છે, અને | (૧) ઉમરેઠ નગરપાલિકાની એક ટી.પી. સ્કીમ નં. ૨ (પ્રારંભિક) સરકારમાં મંજુરી અર્થે પડતર છે. |
| (૨) તેની મંજુરી ક્યારે આપવામાં આવશે? | (૨) શક્ય તેટલી ઝડપથી. |

કાજીપુરાથી રઢુ કેનાલનું પિચિંગકામ

* ૨૫૨૮૪ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ખેડા જિલ્લાના ખેડા તાલુકામાંથી પસાર થતી શાખા કાજીપુરા કેનાલ બ્રાંચ (કેબીસી) શેઢી શાખા કાજીપુરાથી રઢુ સુધી જતી કેનાલનું પિચિંગકામ કરવા માટેની દરખાસ્ત સરકારને મળેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સદર કેનાલનું પિચિંગકામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે? | (૨) શક્ય તેટલું વહેલું. |
| (૩) આ પિચિંગકામ માટે કેટલી રકમ ફાળવવામાં આવેલ છે? | (૩) વર્ષ ૨૦૧૬-૧૭માં રૂ. ૨.૦૦ કરોડની બજેટ જોગવાઈ સૂચિત કરેલ છે. |

તાપી જિલ્લા નગરપાલિકાઓમાં પાણી પુરવઠા યોજના

* ૨૫૦૫૬ શ્રી મોહનભાઈ ઢોડીયા (મહુવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત તાપી જિલ્લાની નગરપાલિકાઓમાં તા. ૩૧-૧૨- | (૧) તાપી જિલ્લાની નગરપાલિકાઓમાં પાણી પુરવઠા યોજનાઓ તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિ બે વર્ષ અગાઉ |

૨૦૧૫ની સ્થિતિ છેલ્લા બે વર્ષમાં કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરેલ છે,

(૨) તે પૈકી કેટલી યોજના પૂર્ણ થયેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે?

મંજૂર થઈ હોઈ, એક પણ નહિ.

(૨) અને (૩) હાલની સ્થિતિએ અગાઉ મંજૂર કરેલ યોજનાઓના મુખ્ય ઘટકોની પ્રગતિની વિગત નગરપાલિકાવાર નીચે મુજબ છે.

(૧) વ્યારા
- ઈન્ટેક વેલ, વિતરણ વ્યવસ્થા, ભુગર્ભ ટાંકો, પંપ હાઉસ, ઊંચી ટાંકી, ફિલ્ટર પ્લાન્ટ અને પમ્પીંગ મશીનરી–કામ પૂર્ણ.

(૨) સોનગઢ
- રાઈઝીંગ મેઈન, વિતરણ વ્યવસ્થા, ભૂગર્ભા ટાંકો, ફીલ્ટર પ્લાન્ટ, પમ્પીંગ મશીનરી કામ પૂર્ણ.

### જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રી–સર્વેની કામગીરી

* ૨૫૨૦૨ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં જિલ્લાવાર જમીન રી–સર્વેની કામગીરી કેટલા ગામોમાં પૂર્ણ થયેલ છે, અને

(૨) ઉક્ત જીલ્લાવાર કેટલા ગામોમાં રી–સર્વેની કામગીરી બાકી છે અને તે બાકી ગામોમાં રી–સર્વેની કામગીરી ક્યાં સુધીમાં પુર્ણ કરવામાં આવશે?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જામનગર જીલ્લામાં કુલ ૪૨૪ ગામોમાંથી ૨૯૨ ગામોની જમીન રી–સર્વેની પ્રમોલગેશનની કામગીરી પૂર્ણ થયેલ છે જ્યારે દેવભુમિ દ્વારકા જીલ્લામાં કુલ ૨૫૭ ગામોમાંથી ૨૨૬ ગામોની જમીન રી–સર્વેની પ્રમોલગેશનની કામગીરી પૂર્ણ થયેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ જામનગર જિલ્લામાં ૧૩૨ ગામોની અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૩૧ ગામોની રી–સર્વેની પ્રમોલગેશનની કામગીરી બાકીમાં છે. જે પુર્ણ કરવાની કામગીરી હાલ ઝુંબેશ સ્વરૂપે ચાલુ છે.

### નર્મદા મુખ્ય કેનાલની સફાઈ બાબત

* ૨૬૩૭૭ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા મુખ્ય કેનાલ સાંકળ ૨૪૬ થી સાંકળ ૨૯૬માં પાણી સાથે ઢસડાઈ આવવાથી જમા થતી રેતી, કચરો તથા બિનજરૂરી વનસ્પતિની સફાઈ હાથ ધરાવી કેનાલની પાણી સંગ્રહણ તથા વહન ક્ષમતામાં વૃદ્ધિ કરાવવા અંગેની કેટલી માગણી કે રજુઆતો સરકાર સમક્ષ આવી છે, અને

(૨) ઉક્ત કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરાશે?

જવાબ

(૧) ત્રણ રજૂઆતો મળેલ છે.

(૨) નહેરની અંદર તથા બહારના ભાગમાંથી કચરો તથા બિનજરૂરી વનસ્પતિની સફાઈ એ સતત ચાલતી પ્રક્રિયા છે અને દર વર્ષે જરૂરીયાત મુજબ સમયાંતરે કરવામાં આવી રહેલ છે.

### દાહોદ જિલ્લામાં કાલાજાદુથી મારામારીના કેસ

* ૨૫૬૮૭ શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર ડાકણ–વહેમ અને અંધશ્રદ્ધાના કારણે મારામારીની કેટલી ફરીયાદો છેલ્લા બે વર્ષમાં પોલીસ ફરીયાદ નોંધાઈ,

જવાબ

(૧)

| તાલુકાનું નામ | ડાકણ–વહેમ અને અંધશ્રધ્ધાના કારણે મારામારીની ફરીયાદોની સંખ્યા |
|---|---|
| દાહોદ | ૦૯ |
| ગરબાડા | ૧૦ |
| ધાનપુર | ૦૪ |
| દેવગઢબારીયા | ૧૮ |
| લીમખેડા | ૧૧ |

| | |
|---|---|
| ઝાલોદ | ૦૯ |
| સંજેલી | ૦૨ |
| ફતેપુરા | ૦૬ |

(૨) તે અન્વયે કેટલા બનાવોમાં મૃત્યુ થયા, અને

(૨) ત્રણ

(૩) ઉક્ત સ્થિતિએ આ પ્રકારના અપરાધ રોકવા સરકારે શા પગલા લીધા,

(૩) જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારોમાં ગામના હોદ્દેદારોની હાજરીમાં સુરક્ષાસેતુ અંતર્ગત વહેમ અને અંધશ્રદ્ધા અટકાવવા નાટકો યોજવામાં આવે છે તેમજ આ બાબતોમાં અફવાઓમાં લોકો દોરવાઈ ન જાય તે માટે યોગ્ય માર્ગદર્શન આપી આવી બાબતોથી દૂર રહેવા સલાહ આપવામાં આવે છે.

આણંદ અને વડોદરા જિલ્લામાં ડેડીકેટેડ ફ્રેઈટ કોરીડોર માટે સંપાદિત જમીન

* ૨૬૪૮૭ શ્રી અમિત ચાવડા (આંકલાવ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) ભારત સરકારના રેલ્વે મંત્રાલયના ડેડીકેટેડ ફ્રેઈટ કોરીડોર પ્રોજેક્ટ માટે તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર કેટલી સરકારી અને ખાનગી જમીન સંપાદિત કરવામાં આવી,

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ સુધીમાં છેલ્લા બે વર્ષ દરમિયાન જિલ્લાવાર ખાનગી તથા સરકારી જમીન નીચે મુજબ સંપાદન કરવામાં આવેલ છે.

| જિલ્લો | સરકારી જમીનની ફાળવણી | ખાનગી જમીનનું સંપાદન |
|---|---|---|
| આણંદ | વર્ષ ૨૦૧૪–૧૫ | વર્ષ ૨૦૧૪–૧૫ |
| | હે.૧૨–૮૭–૯૨ ચો.મી. | હે.૧૩–૭૧–૬૦ ચો.મી. |
| | વર્ષ ૨૦૧૫–૧૬ | વર્ષ ૨૦૧૫–૧૬ |
| | હે.૭–૫૦–૧૪ ચો.મી. | હે.૩–૦૬–૯૩ ચો.મી. |
| | કુલઃ હે.૨૦–૩૮–૦૬ ચો.મી. | કુલઃ હે.૧૬–૭૮–૫૩ ચો.મી. |
| વડોદરા | વર્ષ ૨૦૧૫–૧૬ | વર્ષ ૨૦૧૪–૧૫ |
| | હે.૯–૨૭–૩૭ ચો.મી. | હે.૦–૬૪–૭૧ ચો.મી. |
| | | વર્ષ ૨૦૧૫–૧૬ |
| | | હે.૨–૬૭–૩૦ ચો.મી. |
| | | કુલઃ હે.૩–૩૨–૦૧ ચો.મી. |

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલી જમીનના એવોર્ડ જાહેર કરવામાં આવેલ છે,

(૨)

| જિલ્લો | સંપાદિત કરેલ જમીનના જાહેર કરેલ એવોર્ડ |
|---|---|
| આણંદ | વર્ષ ૨૦૧૪–૧૫<br>હે.૧૩–૭૧–૬૦ ચો.મી.<br>વર્ષ ૨૦૧૫–૧૬<br>હે.૨–૭૬–૯૩ ચો.મી.<br>કુલઃ હે.૧૬–૪૮–૫૩ ચો.મી. જમીનના એવોર્ડ જાહેર કર્યા |
| વડોદરા | વર્ષ ૨૦૧૪–૧૫<br>હે.૦–૬૪–૭૧ ચો.મી.<br>વર્ષ ૨૦૧૫–૧૬<br>હે.૨–૬૭–૩૦ ચો.મી.<br>કુલઃ હે.૩–૩૨–૦૧ ચો.મી. જમીનના એવોર્ડ જાહેર કર્યા |

(૩) કેટલી જમીનના એવોર્ડ જાહેર કરવાના બાકી છે,

(૩)

અને

| આણંદ | હે.૦-૩૦-૦૦ ચો.મી. જમીનના એવોર્ડ પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી ચાલુ છે. |
|---|---|
| વડોદરા | શૂન્ય |

(૪) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલી જમીનનો સ્થળ ઉપર કબજો મેળવવામાં આવેલ છે?

(૪)

| | |
|---|---|
| આણંદ | વર્ષ ૨૦૧૪-૧૫<br>હે.૧૩-૭૧-૬૦ ચો.મી.<br>વર્ષ ૨૦૧૫-૧૬<br>હે.૧-૬૫-૨૦ ચો.મી.<br>સરકારી જમીનનો પુરેપુરો તથા સંપાદિત જમીનનો<br>કુલઃ હે.૧૫-૩૬-૮૦ ચો.મી. કબજો લીધેલ છે. |
| વડોદરા | વર્ષ ૨૦૧૪-૧૫<br>શૂન્ય<br>વર્ષ ૨૦૧૫-૧૬<br>હે.૦-૪૦-૬૯ ચો.મી.<br>સરકારી જમીનનો પુરેપુરો તથા સંપાદિત જમીનનો<br>કુલઃ હે.૦-૪૦-૬૯ ચો.મી. કબજો લીધેલ છે. |

## બનાસકાંઠા જિલ્લામાં અતિવૃષ્ટિથી મકાનોને નુકશાન

* ૨૫૯૪૨ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં પડેલ ભારે વરસાદના કારણે થયેલ મકાનોની નુકસાનની કેટલી અરજીઓ મળી,

(૨) તે અન્વયે બનાસકાંઠા જીલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મંજુર કરી અને કેટલી સહાય ચુકવવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે અને

જવાબ

(૧) ૩૬૦૭૧

(૨) તે અન્વયે બનાસકાંઠા જીલ્લામાં ૨૯૫૭૫ અરજીઓ મંજુર કરી રૂ. ૩૮,૪૮,૦૫,૩૨૨ ની સહાય ચૂકવવામાં આવેલ છે તેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર કરેલ અરજીઓની સંખ્યા | ચુકવેલ સહાયની રકમ (રૂ.માં) |
|---|---|---|---|
| ૧ | સુઈગામ | ૬૭૪૮ | ૯૫૨૫૨૩૦૦ |
| ૨ | દાંતા | ૨૨૧૬ | ૧૦૮૬૧૨૦૦ |
| ૩ | પાલનપુર | ૨૯૩ | ૧૮૯૧૨૦૦ |
| ૪ | ભાભર | ૧૭૩૯ | ૧૦૬૫૬૯૫૨ |
| ૫ | અમીરગઢ | ૧૦૪૫ | ૧૧૩૮૩૨૦૦ |
| ૬ | દાંતીવાડા | ૧૨૮ | ૧૨૦૯૦૦૦ |
| ૭ | વડગામ | ૩૯૮ | ૩૯૨૦૩૭૫ |
| ૮ | થરાદ | ૨૮૩૧ | ૪૮૧૧૩૬૫૫ |
| ૯ | કાંકરેજ | ૧૯૮૫ | ૨૩૪૪૮૬૬૫ |
| ૧૦ | ડીસા | ૧૨૭૮ | ૮૯૨૪૬૩૦ |
| ૧૧ | લાખણી | ૯૧૯ | ૧૨૪૯૪૦૩૦ |
| ૧૨ | ધાનેરા | ૧૬૧૫ | ૪૭૭૦૭૩૦૦ |
| ૧૩ | દિયોદર | ૧૩૧૮ | ૯૦૩૩૧૦૦ |
| ૧૪ | વાવ | ૭૦૪૪ | ૯૯૯૦૯૭૧૫ |
| | કુલ | ૨૯૫૭૫ | ૩૮૪૮૦૫૩૨૨ |

(૩) ઉક્ત સ્થિતિએ ૮૧૭ અરજીઓ પડતર હતી જેનો

તેનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે? — આજની તારીખમાં નિકાલ થઈ ગયેલ છે અને રૂ. ૨,૨૦,૫૬,૪૫૦/-ની સહાય પણ ચૂકવવામાં આવેલ છે.

સાબરકાંઠા જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ

* ૨૫૦૬૬ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | આવેલ અરજીઓ |
|---|---|
| હિંમતનગર | ૨૬૮૭ |
| પ્રાંતિજ | ૧૫૭૦ |
| તલોદ | ૧૫૬૩ |
| ઈડર | ૨૮૦૩ |
| વડાલી | ૧૩૪૯ |
| ખેડબ્રહ્મા | ૧૬૬૧ |
| પોશીના | ૧૩૧૧ |
| વિજયનગર | ૮૬૮ |
| કુલ :- | ૧૩૮૧૨ |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી અને કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| તાલુકાનું નામ | પાડવામાં આવેલ નોંધો | મંજુર કરવામાં આવેલ નોંધો | નામંજુર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|---|
| હિંમતનગર | ૨૬૮૭ | ૨૪૬૧ | ૧૯૯ |
| પ્રાંતિજ | ૧૫૭૦ | ૧૪૯૨ | ૭૮ |
| તલોદ | ૧૫૬૩ | ૧૩૮૯ | ૧૬૯ |
| ઈડર | ૨૮૦૩ | ૨૭૦૪ | ૯૯ |
| વડાલી | ૧૩૪૯ | ૧૦૫૬ | ૨૮૯ |
| ખેડબ્રહ્મા | ૧૬૬૧ | ૧૧૩૭ | ૫૧૯ |
| પોશીના | ૧૩૧૧ | ૬૭૬ | ૬૩૫ |
| વિજયનગર | ૮૬૮ | ૮૬૮ | - |
| કુલ :- | ૧૩૮૧૨ | ૧૧૭૮૩ | ૧૯૮૮ |

(૩) ઉક્ત નોંધો નામંજુર કરવાના મુખ્ય કારણો શા છે? — (૩) નિયમોનુસાર ન હોવાથી.

જાફરાબાદ અને મહારાષ્ટ્રનાં માછીમારો વચ્ચે ઝઘડાઓ બાબત

* ૨૫૧૪૭ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧-૧-૧૬ની સ્થિતિએ જાફરાબાદ અને મહારાષ્ટ્રના માછીમારો વચ્ચે મધ્યદરીયે માછીમારીના કારણે ઝઘડાઓ થાય છે તે હકીકત સાચી છે, — (૧) હા, જી.

(૨) જો હા, તો આ ઘટના અંગે રાજ્યના મત્સ્યોદ્યોગ વિભાગે મહારાષ્ટ્ર સરકારને ક્યારે જાણ કરી, અને — (૨) આ ઘટના અંગે મહારાષ્ટ્ર સરકારને તા. ૧૬-૧૨-૨૦૧૪ અને તા. ૨૩-૨-૨૦૧૬ના પત્રથી જાણ કરી છે,

(૩) રાજ્યના જાફરાબાદના માછીમારોને રક્ષણ આપવા માટે સરકારે શા પગલા લીધા? — (૩) રાજ્યના જાફરાબાદના માછીમારોને રક્ષણ આપવા માટે મરીન પોલીસ સ્ટેશન અને જીલ્લા કલેકટરશ્રી, અમરેલીને જાણ કરેલ છે.

જૂનાગઢ જિલ્લામાં નીતિ વિરુધ્ધ, ગૌચરની જમીન ફાળવવા બાબત

* ૨૬૪૨૨ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) રાજ્ય સરકારે તા. ૧-૪-૨૦૧૫ના ઠરાવથી 'ગૌચર વ્યવસ્થાપન કરવા અંગેની નીતિ' પ્રસિધ્ધ કરી છે — (૧) હા, જી.

અને ગૌચરની ઉપલબ્ધ જમીન ઓછી ન થાય તે રીતે તમામ હેતુ માટે ગૌચરની જમીનની ફાળવણી ઉપર નિયંત્રણ રાખવા આદેશ કર્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો જૂનાગઢ જિલ્લામાં ઉપરોક્ત નીતિની જોગવાઈની વિરુધ્ધ જઈને તા. ૧-૪-૨૦૧૫ થી તા. ૩૧-૧-૨૦૧૬ સુધીમાં ગૌચરની જમીનની ગેરકાયદે ફાળવણી કરવામાં આવી છે તે હકિકત પણ સાચી છે,

(૨) ના, જી.

(૩) ઉપરોક્ત સમયગાળામાં ઉક્ત જિલ્લામાં ગૌચરની કેટલી જમીન શી કિંમતે ફાળવવામાં આવી છે અને આ ફાળવણી કરવાના શા કારણો છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ગેરકાયદે ગૌચરની ફાળવણી રદ કરવા રાજ્ય સરકારે શા આદેશો કર્યા છે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### રાજ્યમાં ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડની રચના બાબત

* ૨૬૪૨૯ શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) રાજ્ય સરકારે તા. ૩૦-૧૧-૨૦૧૩ના ઠરાવથી ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડની રચનાના માળખાની જાહેરાત કરી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-ડિસેમ્બર-૨૦૧૫ની સ્થિતિએ ઉપરોક્ત ઠરાવ મુજબ બોર્ડની રચના કાર્યરત કરવામાં આવી નથી તે હકીકત સાચી છે,

(૩) જો હા, તો સન ૨૦૧૩ના ઠરાવથી છતા ઉક્ત સ્થિતિએ બોર્ડની રચના વાસ્તવિક રીતે કાર્યરત ન થવાના શા કારણો છે, અને

(૪) ઉક્ત બોર્ડને સ્વતંત્ર રીતે ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે?

જવાબ

(૧) હા, જી.

(૨) હા, જી.

(૩) અને (૪) ''ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડની પુન: રચના તા. ૩૦-૧૧-૨૦૧૩ના ઠરાવથી થયેલ છે. આ બોર્ડમાં બીન સરકારી સભ્યોની નિમણૂક અંગેની કાર્યવાહી હાથ ધરેલ છે જેથી બોર્ડ બનતી ત્વરાએ કાર્યરત થઈ શકશે.''

### બનાસકાંઠા જિલ્લામાં ટ્રેક્ટર ખરીદીમાં સહાય

* ૨૫૨૪૦ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સને ૨૦૧૩-૧૪માં અને ૨૦૧૪-૧૫માં બનાસકાંઠા જિલ્લામાં ટ્રેક્ટર ખરીદીમાં સહાયની કેટલા ખેડૂતોની અરજીઓ વર્ષવાર મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, વર્ષવાર કેટલી સહાય ચુકવવામાં આવી, અને

(૩) કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી તથા તેના શા કારણો છે?

જવાબ

(૧) સને ૨૦૧૩-૧૪માં અને ૨૦૧૪-૧૫માં બનાસકાંઠા જિલ્લામાં ટ્રેક્ટર ખરીદીમાં સહાયની નીચે મુજબ ખેડૂતોની અરજીઓ વર્ષવાર મળેલ છે.

| અ.નં. | વર્ષ ૨૦૧૩-૧૪માં મળેલ અરજી | વર્ષ ૨૦૧૪-૧૫માં મળેલ અરજી |
|---|---|---|
| ૧. | ૩૨૦ | ૧૭૨૯ |

(૨) તે પૈકી નીચે મુજબ અરજીઓ મંજૂર કરી, વર્ષવાર સહાય ચુકવવામાં આવી.

| અ.નં. | વર્ષ ૨૦૧૩-૧૪ | | વર્ષ ૨૦૧૪-૧૫ | |
|---|---|---|---|---|
| | મંજુર કરેલ અરજી | ચુકવેલ સહાય (રૂ. લાખમાં) | મંજુર કરેલ અરજી | ચુકવેલ સહાય (રૂ. લાખમાં) |
| ૧. | ૨૪૧ | ૧૨૪.૫૦ | ૫૪૫ | ૨૪૯.૧૫ |

(૩) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪માં ૪૭ અરજીઓ અને વર્ષ ૨૦૧૪-૧૫માં ૩૧૯ અરજીઓ નામંજુર કરવામાં આવેલ.

કારણો :

૧. પુર્વ મંજુરી અન્વયે પરત કેસ ન આવવાથી
૨. પુર્વ મંજુરી અન્વયે પરત મળેલ કેસ યોજનાકીય શરતો

તા. ૨૨મી માર્ચ, ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નોત્તરી

અને બોલી મુજબ ન હોવાથી.

જુનાગઢ જિલ્લામાં ખેડુતોનાં આકસ્મિક મૃત્યુ

* ૨૫૧૮૮ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જુનાગઢ જીલ્લામાં તાલુકાવાર કેટલા ખેડુતોનું આકસ્મિક મૃત્યુ થયેલ છે, | (૧) પત્રક–૧ મુજબ |
| (૨) તે અન્વયે ઉક્ત જિલ્લામાં ઉક્ત વર્ષવાર મૃત્યુ પામેલ ખેડુતોના પરિવારોને અકસ્માત વીમા યોજના હેઠળ કેટલા દાવાઓ/અરજીઓ મંજુર કરી સહાય ચુકવવામાં આવી, અને | (૨) પત્રક–૨ મુજબ |
| (૩) કેટલી અરજીઓ/દાવાઓ નામંજુર કરવામાં આવ્યા અને ઉક્ત સ્થિતિએ પડતર અરજીઓ/દાવાઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ? | (૩) મળેલ અરજીઓ પૈકી નામંજૂર કરેલ અરજીઓની વિગતો પત્રક–૩ મુજબ છે. પડતર રહેલ અરજીઓમાં લાભાર્થી અરજદાર પાસેથી સાધનિક કાગળો માંગવામાં આવેલ છે જે મળ્યેથી તે અરજીઓ અંગેનો આખરી નિર્ણય લઈ સત્વરે સહાય ચુકવવામાં આવશે. |

પત્રક–૧

| અ.નં. | તાલુકાનું નામ | તા. ૦૧–૦૧–૨૦૧૪થી તા. ૩૧–૧૨–૨૦૧૪ દરમિયાન મળેલ અરજીઓની સંખ્યા | તા. ૦૧–૦૧–૨૦૧૫થી તા. ૩૧–૧૨–૨૦૧૫ દરમિયાન મળેલ અરજીઓની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | જુનાગઢ | ૪ | ૫ | ૯ |
| ૨ | કેશોદ | ૧ | ૧૩ | ૧૪ |
| ૩ | માળીયા હાટીના | ૩ | ૧૦ | ૧૩ |
| ૪ | માંગરોળ | ૪ | ૬ | ૧૦ |
| ૫ | મેંદરડા | ૧ | ૧ | ૨ |
| ૬ | વંથલી | ૩ | ૩ | ૬ |
| ૭ | વિસાવદર | ૨ | ૩ | ૫ |
| ૮ | ભેંસાણ | ૦ | ૬ | ૬ |
| ૯ | માણાવદર | ૦ | ૪ | ૪ |
| | કુલ | ૧૮ | ૫૧ | ૬૯ |

પત્રક–૨

| અ.નં. | તાલુકાનું નામ | તા. ૦૧–૦૧–૨૦૧૪થી તા. ૩૧–૧૨–૨૦૧૪ દરમિયાન મળેલ અરજીઓ પૈકી મંજૂર થયેલ અરજીઓની સંખ્યા | તા. ૦૧–૦૧–૨૦૧૫થી તા. ૩૧–૧૨–૨૦૧૫ દરમિયાન મળેલ અરજીઓ પૈકી મંજૂર થયેલ અરજીઓની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | જુનાગઢ | ૧ | ૪ | ૫ |
| ૨ | કેશોદ | ૦ | ૮ | ૮ |
| ૩ | માળીયા હાટીના | ૧ | ૮ | ૯ |
| ૪ | માંગરોળ | ૩ | ૩ | ૬ |
| ૫ | મેંદરડા | ૧ | ૧ | ૨ |
| ૬ | વંથલી | ૧ | ૨ | ૩ |
| ૭ | વિસાવદર | ૧ | ૨ | ૩ |
| ૮ | ભેંસાણ | ૦ | ૪ | ૪ |
| ૯ | માણાવદર | ૦ | ૪ | ૪ |
| | કુલ | ૮ | ૩૬ | ૪૪ |

પત્રક-૩

| અ.નં. | તાલુકાનું નામ | તા. ૦૧-૦૧-૨૦૧૪થી તા. ૩૧-૧૨-૨૦૧૪ દરમિયાન મળેલ અરજીઓ પૈકી નામંજૂર થયેલ અરજીઓની સંખ્યા | તા. ૦૧-૦૧-૨૦૧૫થી તા. ૩૧-૧૨-૨૦૧૫ દરમિયાન મળેલ અરજીઓ પૈકી નામંજૂર થયેલ અરજીઓની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | જુનાગઢ | ૦ | ૦ | ૦ |
| ૨ | કેશોદ | ૧ | ૨ | ૩ |
| ૩ | માળીયા હાટીના | ૧ | ૧ | ૨ |
| ૪ | માંગરોળ | ૧ | ૧ | ૨ |
| ૫ | મેંદરડા | ૦ | ૦ | ૦ |
| ૬ | વંથલી | ૧ | ૦ | ૧ |
| ૭ | વિસાવદર | ૧ | ૦ | ૧ |
| ૮ | ભેંસાણ | ૦ | ૦ | ૦ |
| ૯ | માણાવદર | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૫ | ૪ | ૯ |

બનાસકાંઠા જિલ્લામાં બાજપાઈ નગર વિકાસ યોજના અંતર્ગત મંજૂર રકમ

* ૨૫૨૭૧ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જીલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાજપાઈ નગર વિકાસ યોજના અંતર્ગત કુલ કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તે પૈકી કેટલી રકમ ફાળવવામાં આવી છે અને કેટલી રકમ બાકી છે, અને

(૩) આ યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ બાકી રહેતી રકમ કયારે ફાળવવામાં આવશે?

જવાબ

(૧) બનાસકાંઠા જીલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાજપાઈ નગર વિકાસ યોજના અંતર્ગત કોઈ રકમ મંજૂર કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

મહાત્મા મંદિર ખાતે યોજાયેલ કાર્યક્રમો બાબત

* ૨૫૩૪૭ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરીયાપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર ખાતે આવેલ મહાત્મા મંદિર ખાતે છેલ્લા ૨ વર્ષમાં વર્ષવાર કેટલા ખાનગી કાર્યક્રમો અને કેટલા સરકારી કાર્યક્રમો યોજાયા, અને

(૨) તે અન્વયે ખાનગી કાર્યક્રમો અને સરકારી કાર્યક્રમો અન્વયે કેટલી રકમ ભાડા પેટે વસુલ કરવામાં આવી અને ઉક્ત સ્થિતિએ ભાડા પેટે રકમ વસુલ ન થઈ હોય તો તેના કારણો શા છે ?

જવાબ

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર ખાતે આવેલ મહાત્મા મંદિર ખાતે વર્ષવાર નીચે મુજબ ખાનગી અને સરકારી કાર્યક્રમો યોજાયા.

| વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૧૫ (૩૧-૦૧-૨૦૧૬) |
|---|---|
| ખાનગી-૧૭ | ૧૯ |
| સરકારી-૨૪ | ૧૨ |
| કુલ - ૪૧ | ૩૧ |

(૨) બે વર્ષમાં કુલ ૭૨ કાર્યક્રમો યોજાયા, છેલ્લા બે વર્ષમાં ખાનગી કાર્યક્રમો અને સરકારી કાર્યક્રમો અન્વયે સરકારની ભાડા પેટે રૂા. ૮,૮૫,૧૯,૯૭૫ ની રકમ (અન્વેષણને આધીન) વસુલ થયેલ છે. આ પૈકી સરકારી કાર્યક્રમ અન્વયે કુલ ભાડા પેટે રૂા. ૧,૫૧,૩૮,૨૧૦ અને ખાનગી કાર્યક્રમો અન્વયે ભાડા પેટે કુલ રકમ રૂા. ૭,૩૩,૮૧,૭૬૫.૦૦ વસુલ થયેલ છે અને રૂા. ૩,૯૧,૦૫,૦૮૪ની વસુલાતની કાર્યવાહી ચાલુ છે.

મહેસાણા અને અમદાવાદમાં સરકારી પડતર જમીન ઉપર દબાણ બાબત

* ૨૬૫૦૭ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

| | |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર સરકારી પડતર કેટલા એકર જમીનનું દબાણ થયાની કેટલી ફરિયાદો મળેલ છે, | (૧) સામેલ પત્રકના કોલમ–અ મુજબ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા દબાણો દૂર કરાવ્યા અને કેટલા બાકી છે, અને | (૨) સામેલ પત્રકના કોલમ–બ મુજબ |
| (૩) બાકી દબાણો ક્યાં સુધીમાં ખાલી કરાવવામાં આવશે ? | (૩) નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. |

પત્રક

મહેસાણા અને અમદાવાદમાં સરકારી પડતર જમીન ઉપર દબાણ બાબત

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | અ | | બ | |
|---|---|---|---|---|---|---|
| | | | તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર સરકારી પડતર કેટલા એકર જમીનનું દબાણ થયાની કેટલી ફરિયાદો મળેલ છે. | | ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા દબાણો દૂર કરાવ્યા અને કેટલા બાકી છે, અને | |
| | | | ફરિયાદોની સંખ્યા | દબાણ થયેલ જમીન (ચો.મી.) | દૂર કરેલ દબાણની સંખ્યા | બાકી રહેલ દબાણની સંખ્યા |
| ૧ | મહેસાણા | મહેસાણા | ૫ | ૩૮૧૯૩ | ૪ | ૧ |
| | | કડી | ૫ | ૩૯૯૫૮ | ૩ | ૨ |
| | | વિજાપુર | ૮ | ૬૦૦ | ૫ | ૩ |
| | | વડનગર | ૫ | ૯૭૯૦૨ | ૨ | ૩ |
| | | ખેરાલુ | ૨ | ૮૦૨૦૦ | ૧ | ૧ |
| | | સતલાસણા | ૪ | ૯૨૦૫ | ૩ | ૧ |
| | | ઉંઝા | – | –– | – | – |
| | | બેચરાજી | – | –– | – | – |
| | | જોટાણા | – | –– | – | – |
| | | વિસનગર | – | –– | – | – |
| | | કુલ | ૨૯ | ૨૬૬૦૫૮ | ૧૮ | ૧૧ |
| ૨ | અમદાવાદ | વટવા | ૯ | ૨૭૩૮૨૦ | ૪ | ૫ |
| | | અસારવા | ૧ | ૨૧૫૫૦ | ૦ | ૧ |
| | | મણિનગર | ૨ | ૮૩૮૬ | ૦ | ૨ |
| | | ઘાટલોડિયા | ૧ | ૭૯૭૯ | ૦ | ૧ |
| | | વેજલપુર | ૧૧ | ૧૮૯૬૪૧ | ૨ | ૯ |
| | | સાબરમતી | ૧ | ૯૩૬ | ૦ | ૧ |
| | | સાણંદ | ૧૪ | ૧૪૧૪૩૩ | ૨ | ૧૨ |
| | | દશક્રોઈ | ૨ | ૭૯૭૦ | ૦ | ૨ |
| | | વિરમગામ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | દેત્રોજ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | માંડલ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | ધોળકા | ૫૨ | ૬૦૦૦૦ | ૦ | ૫૨ |
| | | બાવળા | ૦ | ૦ | ૦ | ૦ |
| | | ધંધુકા | ૫ | ૬૯૧૨૭ | ૦ | ૫ |
| | | ધોલેરા | ૧૦ | ૧૩૧૭૮૨ | ૫ | ૫ |
| | | કુલ | ૧૦૮ | ૯૧૨૬૨૪ | ૧૩ | ૯૫ |

ગુજરાતના માછીમારો પાકિસ્તાન જેલમાં બંધ બાબત

* ૨૫૨૬૩ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ગુજરાતના કેટલા માછીમારો પાકિસ્તાનની જેલમાં બંધ છે, અને

(૨) તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ પકડાયેલ માછીમારોના કુટુંબોને સરકાર તરફથી કેટલી સહાય આપવામાં આવી ?

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ગુજરાતના ૩૯૫ માછીમારો પાકિસ્તાનની જેલમાં બંધ છે.

(૨) તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂા. ૨,૯૯,૭૦,૬૦૦/-ની સહાય પકડાયેલા માછીમારોના કુટુંબોને ચુકવવામાં આવી.

રાજ્યમાં મેરીટાઇમ યુનિવર્સિટી સ્થાપવા કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત

* ૨૬૪૫૧ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ગુજરાત રાજ્યમાં મેરીટાઇમ યુનિવર્સિટીની સ્થાપના કરવા માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે દરખાસ્ત કે રજુઆત કરી, અને

(૨) તે અન્વયે ક્યારે શા પ્રતિભાવ મળ્યા ?

જવાબ

(૧) * ગુજરાત સરકાર દ્વારા ૧૫મી જુલાઈ ૨૦૧૪ના રોજ ગુજરાતમાં મેરીટાઇમ યુનિવર્સિટીની સ્થાપના માટેની સૈધ્ધાંતિક મંજૂરી આપી છે.
* ગુજરાત રાજ્યમાં મેરીટાઇમ યુનિવર્સિટીની સ્થાપના કરવા માટે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ દરખાસ્ત કે રજુઆત કરવામાં આવેલ નથી. પરંતુ આ પ્રોજેક્ટનો સમાવેશ "સાગરમાલામાં" કરવા માટે ભારત સરકારના શીપીંગ મંત્રાલયને તા. ૧૬-૬-૨૦૧૫ના પત્રથી મોકલેલ છે.
* આ યાદી ભારત સરકારના શીંપીગ મંત્રાલયને રજુ કરી મેરીટાઇમ યુનિવર્સિટીના પ્રોજેક્ટને કોસ્ટલ આર્થિક ક્ષેત્રનો એક અભિન્ન ભાગ તરીકે બઢતી આપવા અને આ પ્રોજેક્ટ માટે AICTE વગેરેમાંથી જરૂરી મંજૂરી અને પ્રક્રિયાને ઝડપી બનાવવા આધાર આપવા માટે વિનંતી કરવામાં આવી છે.

(૨) ભારત સરકાર દ્વારા આ પ્રોજેક્ટનો સાગરમાલા પ્રોજેક્ટમાં સમાવેશ કરવામાં આવેલ છે.

બનાસકાંઠા જિલ્લામાં સુરક્ષા સેતુ અંતર્ગત તાલીમ

* ૨૫૫૧૩ શ્રી કેશાજી ચૌહાણ (દિયોદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) રાજ્યમાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહીલાઓને સ્વરક્ષણ માટે કોઈ તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલી મહીલાઓને આ તાલીમ આપવામાં આવેલ છે?

જવાબ

(૧) હા, જી.

(૨) કુલ ૨૦૦૦૦ મહિલાઓને સ્વરક્ષણની તાલીમ આપવામાં આવેલ છે.

દહેગામ તાલુકામાં નદીઓ ઉપર ચેકડેમ

* ૨૫૨૦૦ શ્રીમતી કામીનીબા રાઠોડ (દહેગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દહેગામ તાલુકામાં કયા સ્થળોએ અને કઈ નદીઓ ઉપર ચેકડેમો બનાવવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) (૧) ખારી નદી પર અંગુથલા ગામે ચેકડેમ.
(૨) ખારી નદી પર સલકી ગામે ચેકડેમ

(૨) રૂા. ૧.૯૪ કરોડ.

નિવૃત્ત સરકારી અધિકારી/કર્મચારીઓને વયનિવૃત્તિ બાદ પુન: નિમણુંકમાં ઉપલી વયમર્યાદા

* ૨૫૧૯૨ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સરકારી અધિકારીઓ/કર્મચારીઓની વયનિવૃત્તિ બાદ પુન: નિમણુંક માટેની મંજૂરી સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આપવામાં આવે છે તે હકીકત તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ સાચી છે,

જવાબ

(૧) હા.

(૨) જો હા, તો પુન: નિમણુંકો માટેની મંજુરી આપવા માટે ઉપલી વયમર્યાદા માટેની કોઈ નીતિ અમલમાં છે,

(૨) હા.

(૩) જો હા, તો વધુમાં વધુ કેટલા વર્ષ સુધીના અધિકારી/કર્મચારીઓની નિવૃત્તિ બાદ પુન: નિમણુંક આપવાની જોગવાઈ છે, અને

(૩) અધિકારી/કર્મચારીને નિવૃત્તિ બાદ કરાર આધારિત પુન: નિમણુંક ૬૨ વર્ષ સુધી આપવાની જોગવાઈ છે.

(૪) ઉપલી વય મર્યાદાની નીતિ ન હોય તો રાજ્ય સરકાર ઉપલી વય મર્યાદા માટે શી નીતિ નક્કી કરવા માંગે છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

સાબરકાંઠા જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ

* ૨૬૪૮૫ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | આવેલ અરજીઓ |
|---|---|
| હિંમતનગર | ૨૭૪૧ |
| પ્રાંતિજ | ૧૬૨૦ |
| તલોદ | ૧૫૩૬ |
| ઈડર | ૨૮૦૩ |
| વડાલી | ૧૩૬૫ |
| ખેડબ્રહ્મા | ૧૭૨૨ |
| પોશીના | ૧૩૩૨ |
| વિજયનગર | ૯૬૨ |
| કુલ :– | ૧૪૦૮૧ |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી અને કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| તાલુકાનું નામ | પાડવામાં આવેલ નોંધો | મંજુર કરવામાં આવેલ નોંધો | નામંજુર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|---|
| હિંમતનગર | ૨૭૪૧ | ૨૪૫૯ | ૧૯૭ |
| પ્રાંતિજ | ૧૬૨૦ | ૧૫૦૦ | ૮૦ |
| તલોદ | ૧૫૩૬ | ૧૩૬૭ | ૧૬૬ |
| ઈડર | ૨૮૦૩ | ૨૭૦૪ | ૯૯ |
| વડાલી | ૧૩૬૫ | ૧૦૫૭ | ૨૮૯ |
| ખેડબ્રહ્મા | ૧૭૨૨ | ૧૧૬૯ | ૫૨૬ |
| પોશીના | ૧૩૩૨ | ૬૯૪ | ૬૩૮ |
| વિજયનગર | ૯૬૨ | ૯૩૮ | – |
| કુલઃ– | ૧૪૦૮૧ | ૧૧૮૮૮ | ૧૯૯૫ |

(૩) ઉક્ત સ્થિતિએ નોંધો નામંજૂર કરવાના મુખ્ય કારણો શા છે?

(૩) નિયમોનુસાર ન હોવાથી.

જામનગર જિલ્લામાં નીતિ વિરૂધ્ધ, ગૌચરની જમીન ફાળવવા બાબત

* ૨૬૪૩૯ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) રાજ્ય સરકારે તા. ૧–૪–૨૦૧૫ના ઠરાવથી ગૌચર વ્યવસ્થાપન કરવા અંગેની નીતિ પ્રસિધ્ધ કરી છે અને ગૌચરની ઉપલબ્ધ જમીન ઓછી ન થાય તે રીતે તમામ હેતુ માટે ગૌચરની જમીનની ફાળવણી ઉપર નિયંત્રણ રાખવા આદેશ કર્યો છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો જામનગર જિલ્લામાં ઉપરોક્ત નીતિની જોગવાઈની વિરૂધ્ધ જઈને ૧–૪–૨૦૧૫ થી ૩૧–૧–૨૦૧૬ સુધીમાં ગૌચરની જમીનની ગેરકાયદે ફાળવણી

(૨) ના, જી.

કરવામાં આવી છે તે હકીકત પણ સાચી છે,

(૩) ઉપરોક્ત સમયગાળામાં ઉક્ત જિલ્લામાં ગૌચરની કેટલી જમીન શી કિંમતે ફાળવવામાં આવી છે અને આ ફાળવણી કરવાના શા કારણો છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ગેરકાયદે ગૌચરની ફાળવણી રદ કરવા રાજ્ય સરકારે શા આદેશો કર્યા છે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં રવિ કૃષિ મહોત્સવમાં ખર્ચ

* ૨૫૧૯૮ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં યોજાયેલ રવિ કૃષિ મહોત્સવ પાછળ જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) કરવામાં આવેલ ખર્ચ બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવ્યો?

જવાબ

(૧) રવિ કૃષિ મહોત્સવ-૨૦૧૪ પાછળ વર્ષ ૨૦૧૪–૧૫માં જુનાગઢ જિલ્લામાં રૂ. ૭,૯૨,૯૨૬/– અને ગીર સોમનાથ જિલ્લામાં રૂ. ૩,૯૯,૭૬૮/–નો ખર્ચ કરવામાં આવ્યો.

રવિ કૃષિ મહોત્સવ–૨૦૧૫માં કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી.

(૨) આ ખર્ચ માંગણી ક્રમાંક–૨, મુખ્ય સદર–૨૪૦૧–પાક કૃષિ વ્યવસ્થા હેઠળ ઉધારવામાં આવેલ.

### બોરસદ નગરપાલિકાની મંજુર ટી.પી.ની રેકર્ડ દુરસ્તી

* ૨૫૩૨૭ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ આણંદ જિલ્લાના બોરસદ નગરપાલિકાની હદ વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં. ૧ તથા નં.૨ મંજુર થયેલ છે પરંતુ રેકર્ડ દુરસ્તી થયેલ નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ રેકર્ડ દુરસ્તી કેટલા સમયમાં પુર્ણ કરવામાં આવશે?

જવાબ

(૧) હા, જી.

(૨) શક્ય તેટલી ઝડપથી.

### રાજ્યના ગુજરાત મહેસૂલ પંચ, અમદાવાદ અને ખાસ સચિવ મહેસૂલ વિભાગ (વિવાદ)ની કોર્ટમાં પડતર કેસો

* ૨૫૪૩૭ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૧૫–૦૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના ગુજરાત મહેસૂલ પંચ, અમદાવાદ અને ખાસ સચિવ મહેસૂલ વિભાગ (વિવાદ), અમદાવાદની કોર્ટોમાં કેટલા કેસો પડતર છે, અને

(૨) તે અન્વયે કેટલા કેસો એક વર્ષ કે તેથી વધુ સમયના છે ?

જવાબ

(૧) ગુજરાત મહેસૂલ પંચ, અમદાવાદની કચેરી ખાતે ૪૨૦૯ કેસો તથા ખાસ સચિવ મહેસૂલ વિભાગ (વિવાદ) ની કચેરી ખાતે ૧૩૧૦૮ કેસો પડતર છે.

(૨) ગુજરાત મહેસૂલ પંચ, અમદાવાદની કચેરી ખાતે ૩૧૫૧ કેસો તથા ખાસ સચિવ મહેસૂલ વિભાગ (વિવાદ) ની કચેરી ખાતે ૯૩૨૨ કેસો એક વર્ષ કે તેથી વધુ સમયના છે.

### જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સરકારી, પડતર અને ખરાબાની જમીન પર દબાણ બાબત

* ૨૫૨૦૩ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર સરકારી, સરકારી પડતર અને ખરાબાની કેટલી જમીન પર દબાણો થયેલા છે,

(૨) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલા દબાણો દુર કરી કેટલી જમીન ખુલી કરવામાં આવી, અને

જવાબ

(૧) જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાની સરકારી, સરકારી પડતર અને ખરાબાની અનુક્રમે ૨૦,૦૫,૮૨૬ ચો.મી. તથા ૨૪,૯૦,૩૬૫ ચો.મી. જમીનો ઉપર દબાણો થયેલા છે.

(૨)

| જિલ્લો | ૨૦૧૪માં દુર કરાયેલ દબાણો | | ૨૦૧૫માં દુર કરાયેલ દબાણો | |
|---|---|---|---|---|
| | સંખ્યા | ક્ષેત્રફળ (ચો.મી.) | સંખ્યા | ક્ષેત્રફળ (ચો.મી.) |
| જામનગર | ૯૧ | ૩,૩૧,૩૨૬ | ૫૯ | ૩,૨૦,૭૯૧ |

| | | | | |
|---|---|---|---|---|
| દેવભૂમિ દ્વારકા | ૧૦૦ | ૧૦,૮૪,૭૬૧ | ૭૫ | ૬,૪૧,૮૩૮ |

(૩) ઉક્ત સ્થિતિએ બાકી દબાણો ક્યાં સુધીમાં દુર કરી જમીન ખુલ્લી કરવામાં આવશે ?

(૩)નિયોમોનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

ગુજરાત મહેસૂલ પંચમાં ખાલી જગ્યાઓ

*૨૫૯૫૧ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ ગુજરાત મહેસૂલ પંચમાં અધ્યક્ષ અને સભ્યોની કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૨) ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

જવાબ

(૧) અધ્યક્ષની ૧ જગ્યા તા. ૧૩–૯–૦૯ થી ખાલી છે જ્યારે સભ્યોની ૩ (ત્રણ) જગ્યાઓ ખાલી છે જે પૈકી ૧ જગ્યા તા. ૧૦–૧૦–૨૦૧૫ થી, ૧ જગ્યા તા. ૨૬–૧૦–૧૪ થી અને ૧ જગ્યા ૧૦ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે.

(૨) અધ્યક્ષશ્રીની જગ્યા ભરવા માટે નામ. ગુજરાત હાઈકોર્ટનો પરામર્શ કરવામાં આવેલ છે. સભ્યશ્રીઓની ખાલી જગ્યા ભરવા માટે કાર્યવાહી ચાલુ હોઈ સત્વરે નિર્ણય કરવામાં આવશે.

બનાસકાંઠા જિલ્લામાં અતિવૃષ્ટિથી સીમતળનાં મકાનોનાં નુકશાન સામે સહાય

* ૨૫૯૪૩ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં પડેલ ભારે વરસાદના કારણે સીમતળના મકાનોને થયેલ નુકશાનની સહાય ચૂકવવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કેટલા અરજદારોને સહાય ચૂકવવામાં આવી, અને

(૩) જો ના, તો કયા કારણોસર સહાય ચૂકવવામાં આવેલ નથી ?

જવાબ

(૧) હા.

(૨) તાલુકાવાર નીચે મુજબના અરજદારોને સહાય ચૂકવવામાં આવી.

| અ.નં. | તાલુકાનું નામ | અરજદારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | દાંતા | ૧૮૫ |
| ૨ | ભાભર | ૧૬૭ |
| ૩ | થરાદ | ૧૨૩૪ |
| ૪ | ડીસા | ૨૧૩૦ |
| ૫ | લાખણી | ૮૧૭ |
| ૬ | ધાનેરા | ૨૦૦૯ |
| ૭ | દિયોદર | ૬૨૯ |
| | કુલ | ૭૧૭૧ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અધિકારીઓ/કર્મચારીઓના કરાર આધારિત નિમણૂંક બાબત

* ૨૫૧૪૮ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ સામાન્ય વહીવટ વિભાગમાંથી છેલ્લા બે વર્ષમાં કેટલા અધિકારીઓ/કર્મચારીઓ વય મર્યાદાના કારણે નિવૃત્ત થયા, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર તે પૈકી કેટલા અધિકારીઓ/કર્મચારીઓની નિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂંકો શાં કારણોસર અપાઈ ?

જવાબ

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ સામાન્ય વહીવટ વિભાગમાંથી છેલ્લા બે વર્ષમાં કુલ–૬૧ અધિકારીઓ/કર્મચારીઓ વય મર્યાદાના કારણે નિવૃત્ત થયા છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૩૩ અધિકારીઓ/કર્મચારીઓને નિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂંકો વિભાગની વહીવટી કામગીરીની જરૂરિયાતને ધ્યાને લઈને કરવામાં આવેલ છે.

જુનાગઢ જિલ્લામાં બિનવારસી ગૌવંશને ઈનફરમરીમાં સાચવવા ગ્રાન્ટ બાબત

* ૨૬૪૨૩ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

અતારાંકિત પ્રશ્નોત્તરી

| | |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લામાં જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને ચાલતી સોસાયટી ફોર પ્રીવેન્સ ઓફ ક્રુઅલ્ટી ટુ એનીમલ (એસ.પી.સી.એ) દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ બિનવારસી ગૌવંશને પાંજરાપોળ (ઈન્ફરમરી)માં સાચવવા બદલ ગ્રાન્ટની ચુકવણી કરવામાં આવતી નથી તે હકીકત સાચી છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ ગ્રાન્ટ નહી ચુકવવાના શા કારણો છે, અને | (૨) લાગુ પડતું નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી ગ્રાન્ટ પડતર છે તથા તે ક્યાં સુધીમાં ચુકવવામાં આવનાર છે અને તેની જવાબદારી કોને સોંપાઇ છે ? | (૩) ઉક્ત સ્થિતિએ કોઈ ગ્રાન્ટ ચૂકવવાની પડતર નથી. |

---------

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ – ૧૧૬)

પેટ્રોલપંપો દ્વારા આચારવામાં આવતીછેતરપીંડીને ડામવા અંગે

શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જામનગર -ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર માનનીય આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

''તાજેતરમાં એક ન્યુઝ ચેનલના સ્ટિંગ ઓપરેશન દ્વારા રાજ્યના વિવિધ વિસ્તારોના પેટ્રોલપંપો પર ઓછુ પેટ્રોલ ભરવામાં આવતું હોવાની બાબતનો પર્દાફાશ કરવામાં આવ્યો છે, તો ગ્રાહકો સાથે આ રીતે થતી છેતરપીંડીને ડામવા રાજ્ય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં.''

શ્રી છત્રસિંહ પું. મોરી(અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના.મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિવેદન કરું છું કે-

''પેટ્રોલ/ડીઝલ પંપની માલિકી

- ❖ પેટ્રોલ ડીઝલ પંપની માલિકી ઓઈલ કંપની છે. નિયુક્ત કરેલ ડીલર કંપની વતી રીટેઇલ આઉટલેટ માં વિતરણ કરે છે.
- ❖ કંપની પોતે રીઈટેલ આઉટલેટ માં અદ્યતન સાધનો વસાવે છે અને તેની પ્રમાણિતતા અને ગુણવત્તા ચેક કર્યા બાદ તેની નિયમિત રીતે નિભાવણી કરે છે.
- ❖ ત્યારબાદ દરેક કંપની પોતે પ્રમાણિત કરેલ આધુનિક મશીનરીના સાધનો ફીટ કરે છે. તેમાં સોફ્ટવેર તથા હાર્ડવેર સુરક્ષિત હોય એવા અને ટેમ્પરપ્રુફ હોય તેવાની પસંદગી કરીને પોતાની રીતે પોતાની માલિકીના પંપ ઈન્સ્ટોલ કરે છે.

સાધનોની ખરાઇ

- ❖ સાધનોના ઈન્સ્ટોલેશન થયા પછી કંપની તેને તેના અધિકૃત અધિકારી/ટેકનિશયન દ્વારા પ્રમાણિત માપ પ્રમાણે ટેસ્ટીંગ કરાવી વિતરણની ખરાઇ કરાવી લીગલ મેટ્રોલોજી ડીપાર્ટમેન્ટ મારફત તેના માપની ચકાસણીની ખરાઇ કરાવી, પ્રમાણિત કરાવી તે સાધનનો વિતરણ માટે ઉપયોગ કરે છે. ત્યારબાદ આ સાધનમાં કોઇપણ રીપેરીંગ કે ફેરફાર કરવાની

- ❖ આવશક્યતા જણાય તો સરકારી પરવાનગી લઇ કંપનીના અધિકૃત વ્યકિત દ્વારા ફરી ચેક કરી રજુ કરતાં ખાતા દ્વારા ચેક કરી ફરીથી નિયમોનુસાર પ્રમાણિત કરી આપવામાં આવે છે.
- ❖ સમયાંતરે તમામ રીટેલ આઉટલેટની મશીનરી, સોફ્ટવેર, હાર્ડવેર કે ઉપકરણો વિગેરે બરાબર નિયમોનુસાર ચાલે છે કે કેમ ? તેની કંપનીના અધિકૃત અધિકારી મારફત તપાસણી કરાવવામાં આવે છે તથા તેનાં રીપોર્ટનો રેકર્ડ રાખવામાં આવે છે.

ફરિયાદ નિવારણ

- ❖ કંપની દ્વારા તેમના તમામ રીટેલ આઉટલેટ પર ગ્રાહક કે અન્ય કોઇ વ્યકિતને જથ્થો કે ગુણવત્તા કે અન્ય કોઇ ફરીયાદ હોય તો તે નિવારણ માટે કંપનીના ફરીયાદ નિવારણ સેલના અધિકારીનું નામ, સરનામું તથા હોદ્દો અને સંપર્ક નંબરની વિગત દર્શાવતું બોર્ડ દરેક રીટેલ આઉટલેટ પર મૂકવામાં આવે છે.
- ❖ ગ્રાહક કે અન્ય વ્યકિતને જથ્થા કે ગુણવત્તામાં શંકા અથવા ફરીયાદ હોય તો તે જાતે ચેક કરી ખાત્રી કરી શકે તે માટે સ્થળ પર રાખવામાં આવેલ માપણી કે ચેક કરવાના પ્રમાણિત સાધનો દ્વારા જાતે ચેક કરી શકે છે.

- ❖ ડીલર કે કંપની સાથે એગ્રીમેન્ટ અને જમીનના તેમજ અન્ય જરૂરી દસ્તાવેજી પુરાવા પૂરા પાડતાં તે સક્ષમ સત્તાધિકારી દ્વારા તેમને લાયસન્સ આપી પરવાનગી આપવામાં આવે છે. ભારત સરકાર તરફથી એક્પ્લોઝીવ લાયસન્સ રજૂ કર્યા બાદ રાજ્ય સરકારના પુરવઠા વિભાગ દ્વારા આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળનો પરવાનો આપવામાં આવે છે, આર.એસ.એલ. વિ. પરવાના પણ આપવામાં આવે છે.
- ❖ ત્યારબાદ પરવાના મળેથી ડીલર/કંપની દ્વારા પંપ પ્રસ્થાપિત થયેથી, રાજ્ય સરકારના લીગલ મેટ્રોલોજી ખાતાના સંબધિત નિરીક્ષકને જાણ થયેથી, સ્થળ પર જઇ કંપનીના તજજ્ઞોની હાજરીમાં સાધન સામગ્રીને નિરીક્ષકને રૂબરૂમાં ખાતરી કરાવશે. અને ત્યારબાદ જો સાધન નિયમોનુસાર ચાલતું હશે તો તે તેને પ્રમાણિત કરી ચકાસણી કરી મંજુર કરી આપશે.
- ❖ નિરીક્ષકો દ્વારા આવા રીટેલ આઉટલેટને નિયમિત નિરીક્ષણ કરાતું હોય છે.

દરેક આઉટલેટ પર પુરવઠા/તોલમાપ નિરીક્ષક જ્યારે જ્યારે મુલાકાત લેતા હોય છે તેનું મુલાકાત રજીસ્ટર પણ રાખેલ હોય છે અને તેમાં જરૂરી નોંધ પણ કરવામાં આવે છે. ડીસ્પેન્સીંગ યુનિટની ચકાસણી કરી જથ્થાની ખરાઇ કરે છે.

❖ ફરીયાદ મળતાં ફરીયાદનું નિવારણ કરવામાં આવે છે અને ગુન્હો બનતાં કાયદેસરની કાર્યવાહી કરી માંડવાળ ફી વસુલ કરવા, પરવાનો મોકુફ/રદ કરવા જેવી, દંડ/સજા વિ.ની કાર્યવાહી પણ કરવામાં આવે છે, પી.બી.એમ એક્ટ હેઠળની કાર્યવાહી, પોલીસ કેસ દાખલ કરવા, કબજે લીધેલ જથ્થો રાજ્યસાત કરવામાં આવે છે. રાજયના વિવિધ વિસ્તારોના પેટ્રોલપંપો પર ઓછું પેટ્રોલ આપી ગ્રાહકો સાથે છેતરપીંડીની બાબતે સરકારે સ્ટીંગ ઓપરેશન પહેલાં છેલ્લા ત્રણ વર્ષમાં કાનુની માપ વિજ્ઞાન તંત્રએ નીચે મુજબ પગલાં લીધેલ છે / કાર્યવાહી કરેલ છે.

| વર્ષ | તપાસણીની સંખ્યા | કરેલ કેસો | તે પૈકી ઓછું આપવાના કેસની સંખ્યા |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૨૦૧૨–૧૩ | ૫૮૦૪ | ૫૫ | ૧૭ |
| ૨૦૧૩–૧૪ | ૫૭૧૪ | ૭૧ | ૧૬ |
| ૨૦૧૪–૧૫ | ૬૯૨૨ | ૫૬ | ૧૭ |
| ૨૦૧૫–૧૬ (ફેબ્રુઆરી સુધી) | ૬૦૨૧ | ૫૨ | ૧૫ |

- ઉપરના પત્રકની વિગતે સરેરાશ વર્ષે ૬૦૦૦ પેટ્રોલપંપોની તપાસણી થાય છે અને સરેરાશ ૫૫ પેટ્રોલપંપો ઉપર કેસ કરી દંડ કરવામાં આવે છે.
- ઉપરોકત ત્રણ વર્ષ દરમિયાન કાનુની માપ વિજ્ઞાન તંત્ર ધ્વારા નિયમિત તપાસણી (સુઓમોટો) થાય છે, સતત તપાસણી થતી રહે છે. ઓછું આપવાના ઉપર દર્શાવેલ પત્રકના કોલમ–૪ ના કેસો કાયદાનુસાર માંડવાળપાત્ર ગુનાના હોઈ નિયમ મુજબ માંડવાળ ફી વસુલ કરી કેસ માંડવાળ કરવામાં આવેલ છે.
- તે સિવાય પુરવઠા તંત્રએ છેલ્લા ત્રણ વર્ષમાં કરેલ તપાસ, જપ્ત કરેલ જથ્થો, રાજયસાત કરેલ જથ્થો, ખાતા રાહે અનામત રાજયસાત પરવાના મોકૂફ અને કોર્ટ કેસની વિગતો આ સાથે સામેલ પત્રક મુજબ છે.
- આ કાર્યવાહીમાં ઓછી ડીલીવરી ધ્યાને આવતાં આ સાત પેટ્રોલપંપની નોઝલને સીલ કરવામાં આવેલ છે. તદઉપરાંત કાનુની માપ વિજ્ઞાન તંત્રની એક તપાસણી ટીમ, જીલ્લા પુરવઠા અધિકારીની કચેરીની બીજી તપાસણી ટીમ અને ઓઈલ કંપનીઓની ત્રીજી તપાસણી ટીમ પેટ્રોલપંપોની ચકાસણીની સઘન ઝુંબેશ હાથ ધરેલ છે.
- જીલ્લા પુરવઠા અધિકારીની ટીમ ધ્વારા રાજયના ૫૩૪ પેટ્રોલપંપોની તપાસ થઈ છે, જે પૈકી ૮ પેટ્રોલપંપોમાં ગેરરીતિ જણાયેલ. તે અન્વયે પુરવઠા તંત્ર ધ્વારા રૂ. ૩૯.૭૧ લાખની કિંમતનો પેટ્રોલ/ડીઝલ/ઓઈલનો જથ્થો કબજે લેવામાં આવેલ છે. કાનુની માપ

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ – ૧૧૬)

વિજ્ઞાન તંત્રની તપાસણી ટીમ દ્વારા રાજયમાં કુલ ૫૪૬ એકમો તપાસવામાં આવ્યા, તે પૈકી જથ્થો ઓછો આપવા બાબતે ૬ પ્રોસીકયુશન કેસ , મુદ્રાંકન ન કરાવવા બાબતે ૭ કેસ અને ૨૦ એકમો ને રીસ્ટેમ્પીંગ માટે નોટીસ આપવામાં આવેલ છે. ઓઈલ કંપનીની ટીમ દ્વારા ૪૪ રીટેલ આઉટલેટની તપાસ કરવામાં આવેલ, જેમાં ૬ નોઝલમાં ઓછી ડીલીવરી થયાનું માલુમ પડેલ છે. ક્ષતિવાળા તમામ એકમોની સામે નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

- પેટ્રોલપંપો પર પેટ્રોલ/ડીઝલ ઓછું આપવાના કેસો સિવાય પણ સમગ્ર ગ્રાહકોના હિતના રક્ષણ માટે સરકાર પ્રતિબધ્ધછે સરકાર કોઈપણ ગેરરીતિ ચલાવી લેશે નહિ અને જે કોઈ દોષિત માલુમ પડશે તેની સામે કાયદાની જોગવાઈ મુજબ ભવિષ્યમાં સખત પગલાં લેવામાં આવશે.

**કેલેન્ડર વર્ષ :-૨૦૧૩ થી ૨૦૧૬ ( જાન્યુ સુધી ) માં પેટ્રોલ/ડીઝલ પંપની કરેલ તપાસ, જપ્તી અને રાજ્યસાત કરેલ જથ્થાની કિંમત તથા લીધેલ પગલાની વિગત દર્શાવતું વર્ષવાર પત્રક**

**અન્ન અને નિયામક ના.પુ.કચેરી, ગાંધીનગર,** **(રાજ્ય કક્ષા+જિલ્લા કક્ષા)**

| અ.નં | કેલેન્ડર વર્ષ | તપાસની સંખ્યા | જપ્ત કરેલ | | રાજ્યસાત કરેલ | | ખાતા રાહે અનામત રાજ્યસાત | પરવાના | | કોર્ટ કેસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | જથ્થો (લીટરમાં ) | કિંમત રૂ. | જથ્થો (લીટરમાં ) | કિંમત રૂ. | | રદ | મોકુફ | |
| ૧ | ૨૦૧૩ | ૭૪૫ | ૧૬૯૬૭૬ | ૧૦૫૪૬૬૭૧ | ૯૮૩૯૯ | ૩૯૨૪૩૫૦ | ૭૪૫૫૦ | ૦ | ૨ | ૦ |
| ૨ | ૨૦૧૪ | ૪૦૪ | ૪૮૦૮૩ | ૩૦૬૭૩૭૯ | ૨૭૩૮૬ | ૧૮૧૦૫૯૯ | ૫૦૦૦૦ | ૦ | ૨ | ૧ |
| ૩ | ૨૦૧૫ | ૩૫૫ | ૨૩૫૪૩ | ૮૦૩૯૨૮ | ૧૦૪૩૪ | ૫૪૧૫૮૫ | ૭૨૭૯૬ | ૧ | ૦ | ૦ |
| ૪ | ૨૦૧૬ ( જાન્યુ સુધી ) | ૪૩ | ૬૦૬૧ | ૨૮૫૬૯૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| કુલ | | ૧૫૪૭ | ૨૪૭૩૬૩ | ૧૪૭૦૩૬૬૯ | ૧૩૬૨૧૯ | ૬૨૭૬૫૩૪ | ૧૯૭૩૪૬ | ૧ | ૪ | ૧ |

શ્રી રાઘવજીભાઈ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સંદેશ ન્યૂઝ ચેનલના એક અહેવાલ દ્વારા ઓપરેશન ઝીરો નામનું સ્ટિંગ ઓપરેશન કરવામાં આવ્યું હતું અને તા.૧૭–૩–૨૦૧૬ સંદેશ ન્યૂઝ પેપરમાં આખી બાબતનો અહેવાલ આવ્યો. આવડી મોટી છેતરપીંડી એક વર્ષમાં લગભગ ૮૯૮ કરોડ રૂપિયાના પેટ્રોલ–ડીઝલમાં ઓછા વજનમાં રાજ્યની જનતા સાથે છેતરપીંડી થઇ છે. આમાં તો પેટ્રોલપંપોના માલિકો, તોલ માપ ખાતાના અધિકારીઓ, પુરવઠા ખાતાના અધિકારીઓ આ બધાએ મળીને જ્યારે રાજ્ય વ્યાપી કૌભાંડ કર્યું હોય એવું આ મોટું કૌભાંડ છે ત્યારે મારે સંદેશ ન્યૂઝ ચેનલના સંચાલકો છે એને અને સંદેશ દૈનિકના સંચાલકો છે એને ખૂબ અભિનંદન આપવા જોઇએ. એ એટલા માટે આપવા જોઇએ કે જે સરકારનું કામ છે એ કામ આ ન્યૂઝ ચેનલે કર્યું છે. એ કામ આ સંદેશ દૈનિકે કર્યું અને સરકાર ઉંઘતી ઝડપાણી છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી આ બાબતે જાણવું છે કે પેટ્રોલપંપ પર પાંચ લિટરના માપિયા હોય છે. આથી પાંચ લિટર કરતા ઓછું પેટ્રોલ–ડીઝલ પુરાવનાર ગ્રાહક છેતરાય છે તો એક લિટર, બે લિટર કે ત્રણ લિટરના માપિયા રાખવાની છૂટ આપવા માંગો છો કે કેમ? એક. બીજું, જેટલા પેટ્રોલપંપોમાં ઓછું પેટ્રોલ ભરવાના કિસ્સા બન્યા છે તેવા પેટ્રોલપંપોના માલિકો સામે પોલીસ કેસ કરવા માગો છો કે કેમ? અને ત્રીજો પ્રશ્ન, આ પેટ્રોલપંપો જે જે પુરવઠા ખાતાના કે તોલમાપ ખાતાના અધિકારીઓના તાબા હેઠળ આવે છે તેવા અધિકારીઓ સામે તેને જવાબદાર ગણીને તેની સામે પગલા લેવા માગો છો કે કેમ?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો સરકાર બધી જ બાબતમાં જાગૃત છે. સાહેબ, આ સરકાર કોઇપણ ગેરરીતિ ચલાવવા માગતી નથી. આ આનંદીબેનની સરકારમાં માનનીય સભ્યશ્રીને મને જણાવવાનો આપના માધ્યમથી આનંદ એટલા માટે થશે કે, આ ખાલી સંદેશ ન્યૂઝ ચેનલે સ્ટિંગ ઓપરેશન કર્યું અને ધ્યાન દોર્યું એ સારી બાબત છે. સાહેબ, આપણા નિયમોમાં એવું છે કે કોઇપણ ગ્રાહક ગમે ત્યારે ઇચ્છે ત્યારે કોઇપણ પેટ્રોલપંપ પર જાય ત્યાં માપિયા હોય જ છે. તે માપી શકે છે. આપણે લિટમસ પેપર રાખીએ છીએ. એ જથ્થો બરાબર છે કે એમાં કાંઇ ભેળસેળ છે કે કેમ? તેની તપાસ પણ આપણે કરી શકીએ છીએ. એટલે ગ્રાહક પોતે પણ કરવા માટે કાયદામાં જોગવાઇ છે અને તે છતાંય સાહેબ, આ અમારું તંત્ર જે છે એ આપને જણાવું કે છેલ્લા ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬માં અમારા દ્વારા તપાસણી થઇ છે એ ૨૦૧૪–૧૫ માં ૬૯૨૨ તપાસો થઇ છે અને ૫૬ જેટલા કેસોને પકડ્યાં છે અને ૧૭ જેટલા ઓછું માપ આપવાના કેસો ત્યારે પણ પકડ્યાં છે. ૨૦૧૫–૧૬માં ૬૦૨૧ તપાસણી થઇ છે અને ૨૨ કેસો પકડ્યાં છે અને એમાં ૧૫ સામે ઓછું માપ આપવા માટે કાર્યવાહી કરી છે. સાહેબ, એવા કેસોની અંદર એના નિયમો છે. એ જો થાય તો પહેલા એનું નોઝલ સીલ કરવામાં આવે છે. તપાસણીના નમૂના પૃથ્થકરણમાં મોકલવામાં આવે છે. એ નેગેટિવ આવે તો પછી એની સામે કાયદાકીય કાર્યવાહી કરવાની હોય છે. જો એ માંડવાળ કરવામાં સંમત થતા હોય એ પ્રમાણેની કાર્યવાહી થાય છે અને જો કોર્ટ કેસ કરવાના થતા હોય તો તેવા કેસોમાં અને આપણે આજે પણ ચાર જેટલા કોર્ટ કેસ કરેલા છે.

માનનીય સભ્યશ્રીએ તોલમાપના માપિયા ની વાત કરી છે, એ તોલમાપના માપિયામાં એ એવું છે કે, એક લિટર, બે લિટર સાહેબ ઝીરોથી લઇને કેટલા લિટર સુધીનું બધા ગ્રાહકો ભરાવતા હોય છે. તો બધા કાંઇ લિટરવાઇઝ માપિયા ના જોઇએ એટલા માટે કાયદાની જોગવાઇ મુજબ પાંચ લિટરનું આપણે માપિયું રાખ્યું છે. એના એવરેજ પ્રમાણે, ભલે એક લિટર એણે પુરાવ્યું

હોય અને એને શંકા લાગે તો એ પાંચ લિટરના માપિયામાં ભરીને એ તપાસી શકે છે એમાં ઓછું છે કે વધતું છે અને જણાય તો ત્યાં સ્થળ પર જ રજિસ્ટર બનાવ્યું છે તેમાં ફરિયાદ કરી શકે છે. ગ્રાહક બાબતની વેબસાઇટો ચાલે છે, તોલમાપની વેબ સાઇટ ચાલે છે એના ઉપર કરી શકે છે. અને એમ ના કરવું હોય તો સીધા તંત્રને જાણ કરે તો પણ એની સામે પગલા લેવામાં આવે છે અને આવા જેટલા પણ પકડાયા છે, ભૂતકાળમાં કોઇને પણ છોડ્યા નથી, પી.બી.એમ. પણ કરીએ છીએ. આજે પણ સ્ટીંગ ઓપરેશન થયું છે તો મારે સભ્યશ્રીને જણાવવું છે કે, તંત્ર બેસી નથી રહ્યું. પુરવઠા તંત્રે ૫૩૪ જેટલા પંપોની તપાસ કરી છે, તોલમાપે ૫૪૬ અને ઓઇલ કંપનીઓએ ૪૪ એમ કરીને ૧,૧૨૪ પંપોની તપાસ કરી છે અને ૨૦ જેટલી ગેરરીતિઓ પકડી છે, એની સામે કડક હાથે કામગીરી કરવા માગીએ છીએ. અને કોઇ પણ તંત્રનો કોઇ અધિકારી હશે, કર્મચારી હશે અમે કોઇપણ બાંધછોડ કરવા માગતા નથી, મોટા ગમે તે હશે પણ એની કાર્યવાહી જે નીતિ નિયમોમાં કરવાની હશે એ કરવા સરકાર તૈયાર છે.

શ્રી ભોળાભાઇ ભી. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, ઝીરો ઓપરેશન સંદેશ મારફત જે પેટ્રોલપંપોમાં પેટ્રોલ–ડીઝલ ઓછું આપતા હતા એના અનુસંધાને સંદેશ ચેનલમાં જે રિપોર્ટર તરીકે કામ કરે છે એમને અને સંદેશ ચેનલને હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે હું જાણવા માગુ છું કે, એસ્સાર કંપનીમાંથી જે પેટ્રોલ– ડીઝલના ટેન્કરો આવે એમાં પણ ક્યાંક ક્યાંક એવા બનાવો બને છે કે, ડ્રાયવરો મારફતે પેટ્રોલ લઇ લેવામાં આવે છે, એમાં હલકી ગુણવત્તાના કેરોસીનની ભેળસેળ કરવામાં આવે છે. તો આના અનુસંધાને સરકાર કાંઇ પગલા લેવા માગે છે કે કેમ?

બીજો મારો પ્રશ્ન છે કે, મારા વિસ્તારની અંદર એક પેટ્રોલ–ડીઝલ પંપ ઉપર જે ચકરડી મારફતે માપિયાથી પેટ્રોલ–ડીઝલ આપવામાં આવે છે. તો આવા ક્યાંક જે પેટ્રોલ પંપો હોય ત્યાં આધુનિક કમ્પ્યુટરાઇઝ તોલમાપ મૂકવા માગે છે કે કેમ?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો પેટ્રોલ પંપની માલિકી જે છે એ ઓઇલ કંપનીઓની છે, રાજ્ય સરકારની માલિકી નથી નંબર એક અને એમને વ્યક્તિગત રીતે જ્યારે લીધા હોય તો એના ઉપર કેવી રીતે મૂકવા અને એના નિયમો છે કેન્દ્ર સરકારના કે કેવી રીતે પેટ્રોલ પંપ મશીનો જે આવે છે એ કેવા મૂકવાના, લગભગ અત્યારે તો બધા આધુનિક થઇ ગયા છે. બીજું સાહેબ, એમણે જે ભેળસેળની વાત કરી, તો મને વિગત આપશે તો ચોવીસ કલાકમાં અમે એને પકડીને, જો કરતા હશે તો એને પકડવા રાજ્ય સરકાર તૈયાર છે. મને માહિતી આપે અને ત્રીજું ચકરડીનું જે કહે છે તો એનું પણ મને ધ્યાન દોરે, આમ તો ઓઇલ કંપનીનું કામ છે છતાં પણ મને નામ આપજો એની પૂરી તપાસ કરાવીશું.

અધ્યક્ષશ્રી : આપ માહિતી આપજો.

શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રજામાં જનજાગૃતિ લાવવાનું સરાહનીય કાર્ય જે ન્યુઝ ચેનલ દ્વારા કરવામાં આવ્યું છે તેને અભિનંદન આપું છું. તાજેતરમાં જ એક ન્યુઝ ચેનલ દ્વારા જે સ્ટીંગ ઓપરેશન કરવામાં આવ્યું એ પહેલા અને ત્યાર પછી તોલમાપ તંત્ર દ્વારા કેટલા દરોડાઓ પાડવામાં આવ્યા? તે પૈકી કેટલી ગેરરીતિઓ પકડાઇ ? ઓછું પેટ્રોલ કે ડીઝલ આપનારા પેટ્રોલ પંપોની સંખ્યા કેટલી છે અને અન્ય આવા પ્રકારના અન્ય કોઇ કેસો પકડાયા છે કે કેમ?

બીજો પ્રશ્ન તોલમાપ તંત્ર સિવાય પુરવઠા વિભાગ દ્વારા ૨૦૧૫–૧૬માં કુલ કેટલી તપાસો કરવામાં આવી ? અને તેના ઉપર શા પગલા લેવામાં આવ્યા ? અને કેટલા પરવાના રદ કરવામાં આવ્યા અને કોર્ટમાં કોઇ કેસો કરવામાં આવ્યા છે કે કેમ ? તે જણાવવા મંત્રીશ્રીને અનુરોધ કરું છું.

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ની વિગતો મેં અગાઉ કહી છે એટલે હું હવે એને રિપિટ કરતો નથી અને એ બધા સામે પગલા લીધા છે અને એમાં ચાર જેટલા લોકોની સામે અમે કોર્ટ કેસો પણ કર્યા છે. બાકીનાને માંડવાળ કરવા જેવા કેસો હતા તેને, નાની ક્ષતિઓના માંડવાળ કર્યા છે, બાકીનાની આગળની કાર્યવાહી ચાલે છે. બીજું જે પેટ્રોલ પંપોની તપાસનું સ્ટીંગ ઓપરેશન થયું એમાં તોલમાપ દ્વારા જે થયા છે એ ૫૪૬, એમાં ૧૩ કેસો અમે કર્યા છે અને ૬ જેટલા ઓછું આપવાની ક્ષતિઓ અમને માલુમ પડી છે. એમાં અમે પગલા લીધા છે, એમાં ૨૦૧૫માં જે તપાસણી ૩૫૫ની થઇ હતી એમાં ૨૩,૫૪૩ જથ્થો અમે એનો જપ્ત કર્યો છે. એ ૮ લાખની કિંમતનો થાય છે. રાજયસાત કર્યા છે એમાંથી ૧૦૪૩૪ નો જથ્થો જેની કિંમત ૫૪૧૫૮૫ થાય છે. ખાતા રાહે અનામત રાખવાનો જે જથ્થો રાજયસાત કર્યો છે એ ૭૨૭૯૬ છે. એક પરવાનો અમે રદ કર્યો છે અને ૨૦૧૫–૧૬ની અંદર જે ૪૩ તપાસ કરી હતી એમાં ૬૦૬૧ જેટલો જથ્થો પકડયો છે. રૂ. ૨૮૫૬૯૧ કિંમત હતી અને રાજય સાત કરેલો જથ્થો ઝીરો છે એટલે આ પ્રમાણેની કાર્યવાહી કરવામાં આવી છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત હું જાણવા માગું છું કે જે તપાસણી કરવામાં આવી છે એમાં કોઇ પોલીસ કેસ અથવા તો દંડ વસૂલ કરવામાં આવ્યો છે કે કેમ? અને આ બાબતે કોઇ વહીવટી સૂચનાઓ કે તાકીદ આપવામાં આવી છે કે કેમ? બીજું, કે આ જે ઓછું આપી ન શકાય પરંતુ ઓછું આપવામાં આવે છે એ અંગે કાયદામાં માલિકોને કોઇ છૂટછાટ આપવામાં આવી છે કે કેમ? અને ત્રીજું, કે આ પેટ્રોલ પંપની ગેરરીતિ પકડાઇ ત્યારે તાત્કાલિક એનું વેચાણ અટકાવી દેવા માટે અથવા તો એની ડીલરશીપ રદ થાય એ માટેની કોઇ કાર્યવાહી કરવામાં આવી છે કે કેમ?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, કોર્ટ કેસમાં મેં આગળ ચાર કેસો કીધા. ચારેચાર કેસની વિગત ટેબલ પર મૂકી આપીશ, કારણકે વિગત લાંબી છે પણ તાજેતરમાં જે સ્ટીંગ ઓપરેશન થયું છે એમાં અન્ન નિયામક તંત્ર દ્વારા ૫૩૪ પંપની ૧૬ તારીખ પછી તપાસણી થઇ છે. એમાં ગેરરીતિવાળા પંપો અમને ૮ માલુમ પડયા છે અને ગેરરીતિ વગરના ૫૧૯ એમાં તોલમાપની ગેરરીતિ સાત જણની જણાઇ છે. નોઝલ અમે સીલ કર્યા છે એવા ૧૨ કેસ છે એનો પેટ્રોલનો જથ્થો ૨૭૭૮૩ લીટર જપ્ત કર્યો છે. ડીઝલ ૪૦૯૮૬ જપ્ત કર્યું છે, ઓઇલ ૪૮૦ છે અને કબજે લીધેલો પેટ્રોલનો જથ્થો ૧૭,૦૪,૪૪૭ રૂપિયાનો છે. ડીઝલનો પણ ૨૧,૮૮,૪૨૬નો જથ્થો જપ્ત કર્યો છે. ૭૮૯૭૨ નો ઓઇલનો જથ્થો પણ અમે જપ્ત કર્યો છે. કુલ ૩૯૭૧૮૮૫ રૂ. નો જથ્થો

સીલ કર્યો છે. ચાર કેસમાં આગળની કાર્યવાહી માટે નમૂના મોકલ્યા છે અને તોલમાપ તંત્રની જે તપાસની સંખ્યા છે એમાં ૧૭૭ સામે જુદીજુદી કાર્યવાહી અમે અત્યારે હાથ પર લીધી છે.

શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે રાજ્ય સરકાર દ્વારા ગ્રાહકોને પ્રોટેકશન મળે અને એમને ન્યાય મળે એ માટે લિટમસપેપર , તોલમાપ અને પેટ્રોલ પંપના જે મશીનો છે એના બધા નીતિ નિયમો છે અને સંદેશ ચેનલ દ્વારા ઝીરો ઓપરેશન કરી આ જાગૃતતા લાવી અને સરકાર પણ કટિબદ્ધ છે તો આવા ફ્યૂચરની અંદર ગ્રાહકો સુધી વધુમાં વધુ માહિતી આ મિડિયા દ્વારા પહોંચી છે એ બદલ અભિનંદન આપું છું. પરંતુ હું એ જાણવા માગું છું કે આવનારા સમયની અંદર જે કોર્ટ કેસો થયા છે અને ભવિષ્યમાં એ લોકો ફરી વખત ન કરે એ બાબતમાં આપણે શું પગલાં લઇ રહ્યાં છીએ?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો જાગો ગ્રાહક જાગો માટેનો આપણો ગ્રાહક વિભાગ ચાલે છે. વર્ષમાં બે વખત રાષ્ટ્રીય ગ્રાહક દિન અને ભારત ગ્રાહક દિન આપણે બે રીતે ઉજવીએ છીએ. તે દિવસે આપણે બધા જ પ્રકારની જાહેરાતો કરીએ છીએ. નાના નાના સંગઠનોથી લઇને જાહેરાત પેપર સુધીની કાર્યવાહી કરતા હોઇએ છીએ. ઓન લાઇન કરીએ છીએ, વેબસાઇટ પર કરીએ છીએ અને આ કામ કરીએ છીએ ત્યારે કોઇપણ આપણું ગ્રાહક આ જાણ કરે અમારા માટે આનંદની વાત છે. ગ્રાહક જગાડવાનું કામ છે અને આખા રાજયમાં કોઇ ગેરરીતિ ન થાય એ પછી તોલમાપમાં હોય કે જથ્થામાં હોય એ જોવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. એ કાર્યવાહી અત્યારે કરી રહ્યા છીએ એટલે આ બાબતમાં પૂરતી કાળજી રાખવામાં આવે છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : સાહેબ, આ બહુ મોટું કૌભાંડ છે. ૮૯૮ કરોડ રૂપિયાનું તો આ સંદેશ ન્યૂઝ ચેનલે બહાર પાડ્યું એની ડિટેઇલ પણ સંદેશ દૈનિકમાં આપી છે. પેટ્રોલ પંપવાળો તો ઠીક છે ધંધો છે એટલે નફા માટે કામ કરતો હોય પણ સરકારી તંત્રનું પુરવઠા ખાતું એણે કાંઇ કર્યું નથી. સુઓમોટો કાર્યવાહી કરી નથી. સંદેશ ન્યૂઝ ચેનલે સ્ટિંગ ઓપરેશન કર્યુ, ત્યારપછી એમનું ધ્યાન ખેંચાયું છે. શેના માટે અધિકારી, કર્મચારીઓને આપણે પગાર આપીએ છીએ? એની જવાબદારી ફિક્સ થાય કે નહિ? જેના તાબામાં આ કૃત્ય થયું છે, તેવા તમામ અધિકારીઓ સામે સરકાર પગલાં ભરવાં માગ છે કે કેમ? તોલમાપ ખાતું અને પુરવઠા ખાતાની જવાબદારી થાય છે.

શ્રી છત્રસિંહ પૂં. મોરી : ચેનલે આ કાર્યવાહી કરી. ખાલી ન્યૂઝ ચેનલ અને પેપરમાં બતાવ્યું છે. ગેરરીતિ પકડે તો તંત્રને જાણ કરવી પડે. આજદિન સુધી સરકારને કોઇ વિગતો આપી નથી. (અંતરાય) પેપરમાં આપે એ વિગત થોડી કહેવાય?

અધ્યક્ષશ્રી : આપ જવાબ તો સાંભળો.

શ્રી છત્રસિંહ પૂં. મોરી : તમે પેપરમાં આપી દો એ વિગત ન કહેવાય.(અંતરાય)

અધ્યક્ષશ્રી : રાઘવજીભાઇ, આપ બેસી જાઓ.

શ્રી છત્રસિંહ પૂં. મોરી : સભ્યશ્રી સિનિયર સભ્ય છે. રાઘવજીભાઇને ખબર છે કે પેપરની માહિતી એ રાજ્ય સરકાર કેવી રીતે લે છે?

અધ્યક્ષશ્રી : રાઘવજીભાઇ આપ બેસી જાઓ. પ્લીઝ. જવાબ તો સાંભળો, શું જોરજોરથી ઘાંટા પાડો છો? બેસો આપ.•(×××)

શ્રી છત્રસિંહ પૂં. મોરી : રાઘવજીભાઇને કહું છું કે અમને જેટલી વહેલી માહિતી આપશે એટલી વહેલામાં વહેલી કડકમાં કડક હાથે કામગીરી કરવા માગીએ છીએ. પેપર ઉપર શું કરવાની? અમને આપોને? રાઘવજીભાઇ, આપ સંદેશમાંથી લઇને આપી જાવ તો અમે કાલથી કાર્યવાહી કરવા તૈયાર છીએ. કોઇ તોલમાપ તંત્ર છાવરવા માગતું નથી. પુરવઠા વિભાગ છાવરવા માગતું નથી. આપ કહો છો ઉંઘતું તંત્ર છે તો મેં આગળ પણ કહ્યું કે ૨૦૧૪-૧૫ માં ૬,૯૨૨ કેસોની તપાસણી થઇ છે. ૨૦૧૫-૧૬ માં ૬,૦૨૧ તપાસણી આ પેટ્રોલપંપોની કરી છે. અમારી પાસે માહિતી આવશે તો અમે યોગ્ય કાયદાકીય રીતે કાર્યવાહી કરવા તૈયાર છીએ.

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

### ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી જશાભાઇ ભા. બારડ (કૃષિ અને સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩-૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલ વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, સરકારની સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યાં.

### ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી રજનીકાંત સો. પટેલ ( ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૪-૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૨૨મી માર્ચ, ૨૦૨૧

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, સરકારની સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યાં.

ગુજરાત રાજય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી તારાચન્દ જ. છેડા ( કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૨-૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, સરકારની સમીક્ષા તથા નિવેદન સભાગૃહનાં મેજ ઉપર મુકવામાં આવ્યાં.

ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રિઝ માર્કેટિંગ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી તારાચન્દ જ. છેડા ( કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૪-૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, સરકારની સમીક્ષા તથા નિવેદન સભાગૃહનાં મેજ ઉપર મુકવામાં આવ્યાં.

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ

શ્રી રમણલાલ વોરા ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમનો સન ૨૦૧૨-૧૩નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહનાં મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યાં.

ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ તથા નિવેદન

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર (રાજય કક્ષાના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમના સન ૨૦૦૭-૨૦૦૮ તથા ૨૦૦૮-૨૦૦૯ના વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો વાર્ષિક અહેવાલ તથા નિવેદન

શ્રી બચુભાઈ મ. ખાબડ (રાજયકક્ષાના વન અને પર્યાવરણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૧૨-૧૩નો ઓડિટ અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો વાર્ષિક અહેવાલ

શ્રી જયેશકુમાર વિ. રાદડીયા ( રાજય કક્ષાના પાણી પુરવઠા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૨૦૧૪-૧૫ના વાર્ષિક વહીવટી અહેવાલ, વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક વહીવટી અહેવાલ તથા હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના સુધારેલા અંદાજો

શ્રી ગોવિંદભાઈ પટેલ ( રાજય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના સન ૨૦૧૫-૧૬ના વર્ષના સુધારેલા અંદાજો અને સન ૨૦૧૬-૨૦૧૭ના વર્ષના સૂચિત અંદાજો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

સુધારેલા અંદાજો તથા સૂચિત અંદાજો વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ગુજરાત રાજય માનવ અધિકાર આયોગના વાર્ષિક અહેવાલ તથા નિવેદન

શ્રી રજનીકાંત સો. પટેલ ( રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય માનવ અધિકાર આયોગના સન ૨૦૧૧-૧૨ અને સન ૨૦૧૨-૧૩ના વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ગુજરાત તકેદારીઆયોગના વાર્ષિક અહેવાલ તથા નિવેદન

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

શ્રી રજનીકાંત સો. પટેલ ( રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત તકેદારી આયોગનો સન ૨૦૧૪નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

### ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો અહેવાલ

શ્રી ગોવિંદભાઇ પટેલ ( રાજય કક્ષાના ઉર્જા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ તથા હિસાબો વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

### ગુજરાત માહિતી આયોગનો અહેવાલ

શ્રી રમણલાલ વોરા ( સામાન્ય વહીવટ મંત્રીશ્રી ) : : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત માહિતી આયોગનો સન ૨૦૧૪–૧૫ નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યો.

### સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો અહેવાલ

શ્રી નીતિનભાઇ ર. પટેલ( શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો સન ૨૦૧૦–૨૦૧૧ના વર્ષનો મહા નગરપાલિકાઓનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

ઓડિટ અહેવાલ તથા નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

### સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો અહેવાલ

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો સન ૨૦૧૧–૨૦૧૨ના વર્ષનો નગરપાલિકાઓનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

ઓડિટ અહેવાલ તથા નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

## અધ્યક્ષશ્રીની જાહેરાત

### પોઇન્ટ ઓફ ઓર્ડરના નિર્ણય અંગે.

અધ્યક્ષશ્રી : તારીખ ૧૮–૩–૨૦૧૬ના રોજ માગણીઓ પરની ચર્ચા અને મતદાનના આઠમા દિવસ દરમ્યાન ન્યાયતંત્ર વહીવટ માગણી ક્રમાંક ૬૦ને લગતી માગણી મંત્રીશ્રી દ્વારા રજૂ કરવાના તબક્કે સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે વિધાનસભાના નિયમોના નિયમ ૨૨૪નો સંદર્ભ ટાંકી પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરીને જણાવ્યું હતું કે કાયદા વિભાગને સંબંધિત અંદાજપત્ર પ્રકાશન ૧૬ના પૃષ્ઠ ૭૭ અને ૭૮ ઉપર ૧૫ નવી સેવાની બાબત દર્શાવી તે પૈકી પાના નં.૮૩ થી ૯૬ પર માત્ર ૧૦ સેવાઓને લગતી વિગતો આપી છે. જ્યારે બાકીની ક્રમાંક ૧૧ થી ૧૫ પરની નવી સેવાઓની વિગતો અંદાજપત્ર પ્રકાશનમાં છપાઇ નથી અને તે સંબંધે કોઇ શુદ્ધિ પત્રક વિભાગ તરફથી રજૂ થયું નથી જે નિયમ ૨૨૪ ના ભંગ સમાન છે. તેમના પોઇન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાના સમર્થનમાં તેઓએ વિધાનસભાના પૂર્વ સચિવશ્રી કાન્તિલાલ પંચાલ લિખિત "જાહેર ખર્ચ પર વિધાનસભાનો અંકુશ" પુસ્તકના પાના નં. ૪૯ નો સંદર્ભ ટાંકી જણાવ્યું કે અંદાજપત્ર પ્રકાશનમાં વિભાગ દ્વારા ચૂક થઇ હોય તો તે અંગેનું શુદ્ધિ પત્રક માગણીઓ રજૂ કરવામાં આવે તેના ત્રણ દિવસ પહેલા સભ્યોને પુરું પડવું જોઇએ. જે આ કિસ્સામાં થયું નથી. તેઓએ પૂર્વ અધ્યક્ષશ્રીઓના પણ નિર્ણયો ટાંકી અધ્યક્ષસ્થાનેથી દૂરોગામી અસર કરે તેવો નિર્ણય આપવા વિનંતી કરી હતી.

આ સંબંધમાં કાયદામંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ પોતાનું મંતવ્ય વ્યક્ત કરતા જણાવ્યું હતું કે નિયમ ૨૨૪ ની જોગવાઇ મુજબ શુદ્ધિ પત્રક માગણી રજૂ કરવામાં આવે તેના ત્રણ દિવસ અગાઉ પૂરું પાડવાનું હોય છે પરંતુ જ્યારે અધ્યક્ષે માગણી રજૂ કરવાની પરવાનગી આપી છે ત્યારે તે સામે વાંધો લઇ શકાય નહીં. તત્સમયે આ અંગેનો નિર્ણય હું પછીથી જાહેર કરીશ તેમ મે જણાવ્યું હતું.

આ બાબતમાં મે વિધાનસભાના નિયમોના નિયમ ૨૨૪, પૂર્વ અધ્યક્ષશ્રીઓના નિર્ણયો, પૂર્વ સચિવશ્રી પંચાલ લિખિત પુસ્તક તથા અંદાજપત્ર પ્રકાશનોમાં સમાવેશ કરવાની થતી નવી સેવા/સેવાના નવા સાધનો/કામોની મર્યાદા નક્કી કરતા આ ગૃહની અંદાજ સમિતિના અહેવાલો વગેરેનો ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યો છે. આ ગૃહની અંદાજ સમિતિએ નવી સેવાઓ અંગે જે નાણાકીય મર્યાદાઓની ભલામણ કરી હોય તેના કરતા વધારે ખર્ચ હોય તેવી નવી સેવા/સેવાના સાધનોને લગતી સઘળી મહત્વની વિગતો વિધાનસભાના નિયમોના નિયમ ૨૨૪ ની જોગવાઇ મુજબ સભ્યોને પૂરી પાડવાની રહે છે.

અંદાજપત્ર પ્રકાશન નં.૧૬ના પૃષ્ઠ ૭૩ થી ૭૮ વિધાનસભા સમક્ષ પ્રથમવાર આવતી અનુભાગ–૨ની આયોજન બહાર અને આયોજનને લગતી નવી સેવાની બાબતો દર્શાવી છે. પૃષ્ઠ ૭૩ પર આયોજન બહારની ત્રણ બાબતો અને પૃષ્ઠ ૭૭–૭૮ પર આયોજનને લગતી ૧ થી ૧૫ બાબતો દર્શાવી છે. જયારે પાના નં.૮૧ પર અનુભાગ–૧ની આયોજનને લગતી નવી સેવાની બાબતો ક્રમાંક ૧ થી ૧૦ દર્શાવી છે જેની સઘળી મહત્વની વિગતો નિયમ ૨૨૪ ના સંદર્ભમાં પૃષ્ઠ ૮૩ થી ૯૬ પર આપવામાં આવી છે. સભ્યશ્રીએ ઉપસ્થિત કરેલ મુદ્દામાં અનુભાગ–૨ (આયોજન)ને લગતી બાબત ક્રમાંક ૧ થી ૧૫ ઉલ્લેખ કરીને ક્રમાંક ૧૧ થી ૧૫ ની

વિગતો પ્રકાશનમાં છાપવામાં આવી નથી તેવો જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે તે મુદ્દો સભ્યશ્રી સમજ્યા ન હોય તેમ મને લાગે છે. આગળ જણાવ્યા મુજબ અનુભાગ–૨ની આયોજન બહાર તથા આયોજનને લગતી નવી સેવાની તમામ બાબતોને લગતો ખર્ચ તેરમી ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિએ તેના ચોથા અહેવાલમાં કરેલી ભલામણની મર્યાદામાં હોઇ, તેની વિગતો નિયમ ૨૨૪ની જોગવાઇ મુજબ અંદાજપત્ર પ્રકાશન નં.૧૬માં છાપવાની થતી નથી. જ્યારે અનુભાગ–૧ની આયોજનને લગતી ક્રમાંક ૧ થી ૧૦ ની તમામ નવી સેવાની બાબતો અંગેનો ખર્ચ અંદાજ સમિતિએ નિયત કરેલ મર્યાદા બહારનો હોવાથી તેને લગતી સઘળી મહત્વની વિગતો અંદાજપત્ર પ્રકાશનમાં પાના નં. ૮૩ થી ૯૬ પર આપવામાં આવી છે.

સભ્યશ્રીએ અનુભાગ–૧ આયોજનને લગતી ક્રમાંક ૧ થી ૧૫ પરની નવી સેવાની બાબતોના સંદર્ભે જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે તેનો ખર્ચ અંદાજ સમિતિએ નિયત કરેલ મર્યાદાની અંદરનો હોવાથી, તેને લગતી વિગતો અંદાજપત્ર પ્રકાશનમાં છાપવાની થતી નથી અને તેનાથી વિધાનસભાના નિયમોના નિયમ ૨૨૪ નો કોઇ ભંગ થતો નથી. આ બાબતમાં કાયદા વિભાગને સંબંધિત અંદાજપત્ર પ્રકાશન નં.૧૬માં નવી સેવાને લગતી જે વિગતો છાપવામાં આવી છે તે યોગ્ય રીતે છાપવામાં આવી છે. માનનીય શકિતસિંહ ગોહિલ સંસદીય પ્રણાલીઓના ઘણા જાણકાર અને અનુભવી છે અને ઘણી ટર્મ સુધી આ સભાગૃહમાં ચૂંટાઇ આવ્યા છે તેમજ રાજયકક્ષાના મંત્રીશ્રી પણ રહી ચૂકયા છે. આ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતી વખતે તેઓએ જયારે કાયદા મંત્રીશ્રીનો નામજોગ ઉલ્લેખ કરીને કહ્યું છે કે કાયદા મંત્રીશ્રી દ્વારા આવી ક્ષતિ થવી ન જોઇએ તે બાબતને ઘ્યાને લેતા નિર્ણય આપતા જણાવું છું કે આ બાબતમાં કાયદા વિભાગ કે કાયદા મંત્રીશ્રીની કોઇ જ ક્ષતિ થઇ નથી અને તેમની કાર્યવાહી નિયમાનુસાર જ છે. માનનીય શકિતસિંહે અંદાજ સમિતિના ચોથા અહેવાલનો અભ્યાસ કર્યા બાદ જો પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો હોત તો યોગ્ય રહેત. આ સંજોગોમાં સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે ઉપસ્થિત કરેલ પોઇન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાનો હું અસ્વીકાર કરું છું.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

માગણી ક્રમાંક. ૩૯

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૪૫,૨૮,૨૭,૮૫,૦૦૦ તથા મૂડી ખર્ચ માટેની રૂ. ૧૫,૧૯,૮૪,૧૯,૦૦૦ ની માગણી ક્રમાંક– ૩૯ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૩૯ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરવામાં આવી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરવામાં આવી.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરવામાં આવી.

શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરવામાં આવી.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરવામાં આવી.

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી ઘીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરવામાં આવી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી અનિલભાઇ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રવિણભાઇ જી. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૨ રજૂ કરવામાં આવી.

શ્રી બળદેવજી ચં. ઠાકોરઃ માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૪ રજૂ કરવામાં આવી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૫ રજૂ કરવામાં આવી.

(આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)

માગણી ક્રમાંક. ૪૦

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પરિવાર કલ્યાણને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૭,૩૯,૯૬,૩૮,૦૦૦ /– તથા મૂડી ખર્ચ માટેની રૂ.૨૩,૧૦,૦૦,૦૦૦/– ની માગણી ક્રમાંક– ૪૦ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૪૦ રજૂ કરવામાં આવી.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૬ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજનભાઇ પ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૯ રજૂ કરવામાં આવી.

(માર્ગ અને મકાન વિભાગ)

માગણી ક્રમાંક. ૮૫

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું રહેણાંકના મકાનોને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧,૭૨,૧૦,૭૯,૦૦૦ તથા મૂડી ખર્ચ માટેની રૂ.૨,૬૩,૭૯, ૪૫,૦૦૦ ની માગણી ક્રમાંક– ૮૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૮૫ રજૂ કરવામાં આવી.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૦ રજૂ કરવામાં આવી.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૧ રજૂ કરવામાં આવી.

(માર્ગ અને મકાન વિભાગ)

માગણી ક્રમાંક. ૮૬

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માર્ગ અને પુલને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૩૩,૩૭,૭૯,૯૧,૦૦૦ /– તથા મૂડી ખર્ચ માટેની રૂ. ૨૨,૦૮,૧૬,૯૭,૦૦૦/– ની માગણી ક્રમાંક– ૮૬ રજૂ કરું છું.

તા. ૨૨મી માર્ચ, ૨૦૨૧

માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

માગણી ક્રમાંક : ૮૬ રજૂ કરવામાં આવી.

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૨ રજૂ કરવામાં આવી.

શ્રી જિતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૪ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૫ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૬ રજૂ કરવામાં આવી.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૭ રજૂ કરવામાં આવી.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૫૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૫૦ રજૂ કરવામાં આવી.

શ્રી મેરામણભાઇ મા. ગોરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૫૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૫૩ રજૂ કરવામાં આવી.

માર્ગ અને મકાન વિભાગ

માગણી ક્રમાંક. ૮૭

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાતના પાટનગર બાંધકામ યોજનાને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૫,૬૪,૭૮,૦૦૦ /– તથા મૂડી ખર્ચ માટેની રૂ. ૧,૯૭,૯૧,૦૦,૦૦૦/– ની માગણી ક્રમાંક– ૮૭ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૮૭ રજૂ કરવામાં આવી.

કાપ દરખાસ્ત નંબર– ૫૫– માનનીય સભ્યશ્રી ગેરહાજર

શ્રીમતી કામિનીબા ભૂ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૫૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૫૬ રજૂ કરવામાં આવી.

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૫૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૫૭ રજૂ કરવામાં આવી.

સન ૨૦૧૬-૧૭ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી મંગળવાર, તા.૨૨–૩–૨૦૧૬ (બીજીબેઠક) (અગિયારમો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી

| અનુ. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ<br>માગણી નં ૩૯ | | | | |
| ૧ | ૨૨૧૦–તબીબી...આરોગ્ય<br>૦૧– શહેરી......એલોપથી<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૭,૧૭,૧૪,૧૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧<br>પાના નં. ૧૦ થી ૧૨ | ૧૦૦ | હોસ્પિટલોમાં ડોકટરો અને સ્ટાફની અનિયમિત હાજરી નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પ્રહલાદભાઇ પટેલ |
| ૨ | –– " –– | ૧૦૦ | ડોકટરો અને પેરામેડીકલ સ્ટાફની ખાલી જગ્યાઓ સત્વરે ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| *૩ | –– " –– | ૧૦૦ | હોસ્પિટલોમાં અપાતી દવાના એમ. આર.પી ના નામે દર્દીઓ પાસેથી થતી ઉઘાડી લૂંટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૪ | –– " –– | ૧૦૦ | સરકારી હોસ્પિટલોમાં સારવાર લેતા દર્દીઓને દવાઓ દવાખાનામાં જ ઉપલબ્ધ હોવા છતા બહારથી દવાઓ લખી આપી ખાનગી મેડીકલ | શ્રી મહેશકુમાર પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | સ્ટોર્સ સાથેની સાંઠગાંઠ ધરાવતા સરકારી ડોકટરો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૫ | ૨૨૧૦–તબીબી...આરોગ્ય<br>૦૧– શહેરી......એલોપથી<br>૧૧૦–હોસ્પિટલ અને દવાખાના<br>૦૧–HLT–૨<br>સિવિલ....વહીવટ<br>રૂ. ૩,૪૬,૫૭,૩૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧<br>પાના નં. ૧૮ અને ૧૯ | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં અપૂરતા વેન્ટીલેટરને કારણે ગંભીર બિમારીવાળા દર્દીઓને તાકીદે સારવાર આપી શકાતી નથી તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીજવાહરભાઇ ચાવડા |
| *૬ | -- " -- | ૧૦૦ | ડોકટરોની ગેરહાજરી અંગે ઉચ્ચ અધિકારીઓને રજૂઆતો કરવા છતાં મૃતદેહોના પોસ્ટમોર્ટમમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુનાભાઇ ગામીત |
| ૭ | -- " -- | ૧૦૦ | દવાખાનાઓમાં દર્દીઓ ગંભીર અવસ્થામાં કણસતા હોવા છતા ડોકટરો અને સ્ટાફ નર્સો મોબાઇલો ઉપર લાંબી વાતો કરતા હોય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૮ | ૨૨૧૦–તબીબી...આરોગ્ય<br>૦૧– શહેરી......એલોપથી<br>૧૧૦–હોસ્પિટલ અને દવાખાના<br>૦૧–HLT–૨<br>સિવિલ....વહીવટ<br>રૂ. ૩,૪૬,૫૭,૩૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧<br>પાના નં. ૧૮ અને ૧૯ | ૧૦૦ | અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં પથારીઓની ઘટ હોઇ વધુ પથારીની વ્યવસ્થાઓ થાય તેવું આયોજન કરી દર્દીઓને પડતી અવગડતા નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| ૯ | -- " -- | ૧૦૦ | સિવિલ હોસ્પિટલમાં અનુભવી ડોકટરો તાલીમ લેતા વિદ્યાર્થીઓ અને જુનીયર ડોકટરોના હવાલે દર્દીઓને તપાસવાની જવાબદારી સોંપી બહાર માલેતુજારોની સેવામાં જતા રહે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી છનાભાઇ ચૌધરી |
| *૧૦ | -- " -- | ૧૦૦ | રાજ્યના મહાનુભાવો બીમાર પડે છે ત્યારે સિવિલ હોસ્પિટલમાં દાખલ થવાને બદલે ખાનગી હોસ્પિટલોમાં સારવાર લે છે તે નિવારી ખાનગી હોસ્પિટલોમાં મળતી સુવિધાઓ સરકારી હોસ્પિટલમાં પ્રાપ્ત થાય તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશ ધાનાણી |
| ૧૧ | -- " -- | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારના દવાખાનાઓમાં અપુરતી સુવિધાઓ અને ઓછા પગારને કારણે સરકારી ડોકટરો ગ્રામીણ વિસ્તારોમાં ફરજો સ્વીકારવાનું ટાળતા હોઇ, તેવા વિસ્તારોમાં સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઇ વાજા |
| ૧૨ | -- " -- | ૧૦૦ | બંધ પડેલી મશીનરીની મરામત ન થવાથી, મેડીકલને લગતી અધતન મશીનરીઓનો અભાવ હોવાથી તેમજ કુશળ કર્મીઓની ઘટને કારણે દર્દીઓને પડતી હાલાકી નિવારવામાં | શ્રી ધીરૂભાઇ ભીલ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | તંત્રની નિષ્ફળતા | |
| ૧૩ | -- " -- | ૧૦૦ | સરકારી હોસ્પિટલમાં બિનવારસી મૃતદેહોના નિકાલ માટે કોઇ વ્યવસ્થા કરવામાં આવતી નથી તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. તેજશ્રીબેન પટેલ |
| *૧૪ | -- " -- | ૧૦૦ | દવાખાનાઓમાં બિનઅનુભવી કર્મીઓ દ્વારા દર્દીઓને ઇન્જેકશનો અપાય છે તે અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઇન્દ્રનીલ રાજ્યગુરૂ |
| *૧૫ | -- " -- | ૧૦૦ | સરકારી ડોકટરોને ખાનગી પ્રેક્ટીસની મનાઇ હોવા છતાં નીતિ નિયમોને નેવે મુકી તેઓ તેમની ખાનગી હોસ્પિટલોમાં ધીકતી કમાણી કરે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી આનંદભાઇ ચૌધરી |
| ૧૬ | -- " -- | ૧૦૦ | દવાખાનાઓમાં દર્દીઓને અપાતા દૂધની હલકી ગુણવતા નિવારી સ્ટાન્ડર્ડ દૂધ અપાય તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મણીલાલ વાઘેલા |
| ૧૭ | ૨૨૧૦-તબીબી...આરોગ્ય<br>૦૩- ગ્રામીણ... એલોપથી<br>૧૦૩- પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો<br>૦૧-HLT- ૩૪ પ્રાથમિક...કેન્દ્ર<br>રૂ. ૨,૪૯,૬૧,૪૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧<br>પાના નં. ૬૧ થી ૬૫ | ૧૦૦ | વસ્તીના ધોરણે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની સંખ્યામાં વધારો કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગેંદાલભાઇ ડામોર |
| ૧૮ | ૨૨૧૦-તબીબી...આરોગ્ય<br>૦૩- ગ્રામીણ... એલોપથી<br>૧૦૩- પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો<br>૦૧-HLT- ૩૪ પ્રાથમિક...કેન્દ્ર<br>રૂ. ૨,૪૯,૬૧,૪૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧<br>પાના નં. ૬૧ થી ૬૫ | ૧૦૦ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સારી સેવાઓ પુરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. અનિલ જોષિયારા |
| ૧૯ | -- " -- | ૧૦૦ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ડોકટરોની ઘટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગોવાભાઇ રબારી |
| *૨૦ | -- " -- | ૧૦૦ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં પાયાની સુવિધાઓનો અભાવ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મહેન્દ્રસિંહ બારૈયા |
| *૨૧ | ૨૨૧૦-તબીબી...આરોગ્ય<br>૦૫- તબીબી..... સંશોધન<br>રૂ. ૧,૨૨,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧<br>પાના નં. ૭૩ થી ૭૯ | ૧૦૦ | તમામ આદિજાતિ વિસ્તારોમાં નવી મેડીકલ કોલેજો ખોલવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સી. કે. રાઉલજી |
| *૨૨ | -- " -- | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં સાયન્સ અને મેડીકલ કોલેજોમાં વર્ગખંડોની સંખ્યા વધારી વધુ વિદ્યાર્થીઓને લાભ મળે તેવી વ્યવસ્થા | શ્રી મંગળભાઇ ગાવિત |

| | | | | |
|---|---|---|---|---|
| | | | કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૨૩ | ૨૨૧૦–તબીબી...આરોગ્ય<br>૦૬– જાહેર આરોગ્ય<br>૧૦૧–રોગોનું.....નિયંત્રણ<br>રૂ. ૧૦,૭૬,૭૫,૪૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧<br>પાના નં. ૧૦૮ થી ૧૩૩ | ૧૦૦ | ડેન્ગ્યુ જેવા રોગોને નેસ્ત નાબૂદ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિન કોટવાલ |
| ૨૪ | -- " -- | ૧૦૦ | રાજયમાં વકરતો જતો સ્વાઇન ફ્લુ રોગચાળો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઇશ્વરભાઇ પટેલ |
| ૨૫ | -- " -- | ૧૦૦ | મેલેરીયા નાબૂદી કાયક્રમ પાછળ દર વરસે કરોડો રૂપીયાનો ખર્ચ કરવા છતા મેલેરીયાના કેસો વધતા જાય છે તે નિવારવામાં અને દવાના જે છંટકાવ થાય છે તેમાં ફેરફાર કરી રોગને નિયંત્રણમાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રમેશભાઇ ચાવડા |
| ૨૬ | ૨૨૧૦–તબીબી...આરોગ્ય<br>૦૬– જાહેર..... આરોગ્ય<br>૧૦૪–ઔષધ નિયમન<br>૦૧–HLT–૪૫<br>ખોરાક...તંત્ર<br>રૂ. ૩૦,૯૫,૭૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧<br>પાના નં. ૧૩૪ અને ૧૩૫ | ૧૦૦ | પેકેટોમાં વેચાતી ખાદ્ય સામગ્રીઓની હલકી ગુણવતા અંગે આમ જનતાની વ્યાપક ફરીયાદો પછી પણ નિયમિત દરોડાઓ પાડી ચકાસણી કરવામાં તંત્રની ઘોર નિષ્ફળતા | શ્રી ઇશ્વરભાઇ પટેલ<br>(ડૉ. મિતેશ ગરાસીયા) |
| *૨૭ | ૨૨૧૦–તબીબી...આરોગ્ય<br>૦૬– જાહેર..... આરોગ્ય<br>૧૦૪–ઔષધ નિયમન<br>૦૧–HLT–૪૫<br>ખોરાક...તંત્ર<br>રૂ. ૩૦,૯૫,૭૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧<br>પાના નં. ૧૩૪ અને ૧૩૫ | ૧૦૦ | સોડા અને શરબતમાં થતી વ્યાપક ભેળસેળ રોકવા માટે આવા પીણાના નિયમિત સેમ્પલો લઇ તપાસ કરવામાં તંત્રની ઘોર નિષ્ફળતા | શ્રી કરમશીભાઇ પટેલ |
| ૨૮ | -- " -- | ૧૦૦ | ફુડ એન્ડ ડ્રગ્સ કચેરીની મલ્ટી નેશનલ કંપનીઓ સાથેની સાંઠગાંઠને કારણે ખોરાક અને ઠંડા પીણાના સેમ્પલો લેવાનુ ટાળે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૨૯ | -- " -- | ૧૦૦ | ફકત તહેવારો દરમિયાન જ મીઠાઇની દુકાનો ઉપરથી ભેળસેળ અંગેની તપાસ અર્થે નમુનાઓ લેવાય છે અને લાંબા સમય પછી તેમાં ભેળસેળ અંગેના રિપોર્ટમાં ગેરરીતિ કરી તે માટે સાવ મામુલી દંડ ફટાકારાય છે તે નિવારવામાં તંત્રની ઘોર નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઇ રાઠોડ |
| ૩૦ | -- " -- | ૧૦૦ | સરકારી કચેરીઓમાં ધુમ્રપાન નિષેધની ચેતવણીના બોર્ડ લગાવ્યા હોવા છતાં તેનો અમલ થતો નથી તેમજ કેટલી વ્યકિતઓસામે તે અન્વયે શિક્ષા/પગલા લીધા તે જાહેર | શ્રી પુંજાભાઇ વંશ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૧ | -- " -- | ૧૦૦ | ગેરકાયદેસર ચાલતી લોહીની લેબોરેટરીઓ બંધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| ૩૨ | -- " -- | ૧૦૦ | દૂધમાં યુરીયા ખાતરની મીલાવટ કરનાર સામે સખ્તાઇથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જોઇતાભાઇ પટેલ |
| *૩૩ | -- " -- | ૧૦૦ | શુધ્ધ ઘીના નામે નકલી ઘી બનાવતી અને વેચાણ કરતી ફેક્ટરીઓ સામે સખ્તાઇથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઇ પણદા |
| ૩૪ | -- " -- | ૧૦૦ | ઉનાળામાં ઠેરઠેર શેરડીના સંચાઓ ચાલુ થતા આરોગ્યપ્રદ ન હોય તેવી શેરડીનો રસ પીવાથી થતી બિમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળદેવજી ઠાકોર |
| ૩૫ | -- " -- | ૧૦૦ | લારી ગલ્લાઓમાં ખુલ્લે આમ આરોગ્યને હાનિકર્તા ખાદ્ય પદાર્થો વેચનાર સામે સખ્તાઇથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઇ વંશ |
| | | માગણી નં ૪૦ | | |
| ૩૬ | ૨૨૧૧- પરિવાર કલ્યાણ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-HLT-૧૧૪<br>રાજ્ય...કાર્યાલય<br>(કે.પુ.યો)<br>રૂ. ૩,૨૮,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧<br>પાના નં. ૧૫૩ | ૧૦૦ | પરિવાર નિયોજનના કાર્યક્રમોને વેગ આપવા અને વધુ લોકો તેનો લાભ લે તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધમેન્દ્રસિંહ જાડેજા |
| *૩૭ | ૨૨૧૧- પરિવાર કલ્યાણ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-HLT-૧૧૪<br>રાજ્ય...કાર્યાલય<br>(કે.પુ.યો)<br>રૂ. ૩,૨૮,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧<br>પાના નં. ૧૫૩ | ૧૦૦ | પરિવાર નિયોજનની કામગીરી સાથે સંકળાયેલ સ્ટાફની ઘટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સી. કે. રાઉલજી |
| *૩૮ | ૨૨૧૧- પરિવાર કલ્યાણ<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>૧૦૩-પ્રસુતી....આરોગ્ય<br>રૂ. ૩,૪૭,૯૦,૮૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧<br>પાના નં. ૧૫૩ થી ૧૬૫ | ૧૦૦ | બાળ શિશુઓના આરોગ્યની સંભાળ લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કાન્તિભાઇ ખરાડી |
| ૩૯ | -- " -- | ૧૦૦ | પ્રસુતી કામ કરતી ફિમેલ હેલ્થ વર્કરોના પગારમાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજન પટેલ |
| | | માર્ગ અને મકાન વિભાગ<br>માગણી નં. ૮૫ | | |
| ૪૦ | ૨૨૧૬- આવાસન<br>૮૦- સામાન્ય<br>૮૦૦- અન્ય ખર્ચ<br>૦૧- રહેણાંક... મરામત | ૧૦૦ | જુના સરકારી મકાનોમાં જરૂરી મરામતની તેમજ રંગરોગાનની કામગીરીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગૌતમભાઇ ચૌહાણ (મહેન્દ્રસિંહ વાઘેલા,મંગળભાઇ |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂ. ૧,૩૪,૧૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨ (ભાગ-૧ અને ૨)<br>પાના નં. ૪૮ થી ૫૦ (ભાગ-૧) | | | ગાવિત) |
| ૪૧ | -- " -- | ૧૦૦ | સુવિધા કચેરીઓમાં મકાનોની મરામત માટેના જરૂરી માલસામાનની અછતના કારણે મરામતના કામોમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રામસિંહ પરમાર |
| | | | માગણી નં. ૮૬ | |
| ૪૨ | ૩૦૫૪- માર્ગ અને પુલ<br>૦૪- જિલ્લા....માર્ગો<br>૩૩૭-માર્ગ કામો (કે.પુ.યો)<br>રૂ. ૧૬,૮૫,૯૪,૦૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨ (ભાગ-૧ અને ૨)<br>પાના નં. ૬૫ અને ૬૬ (ભાગ-૧) | ૧૦૦ | વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના તુંબી ગામના રસ્તાઓ કાચા હોવાથી વિદ્યાર્થીઓ અને આમ જનતાને ચોમાસામાં પડતી હાડમારીઓ નિવારવા માટે પાકા રસ્તાઓ બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઇશ્વરભાઇ પટેલ |
| *૪૩ | -- " -- | ૧૦૦ | દાહોદ જિલ્લાના ગ્રામ્ય માર્ગોનું સમારકામ કરવા તેમજ કાચા રસ્તાઓને પાકા કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા |
| ૪૪ | -- " -- | ૧૦૦ | વલસાડ જિલ્લાના ગ્રામ્ય માર્ગોની સુધારણા કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઇ ચૌધરી |
| ૪૫ | -- " -- | ૧૦૦ | રાજ્યના તમામ ગામોને જિલ્લા- તાલુકાના મુખ્ય મથક સાથે જોડતા માર્ગોના અધુરા કામો સત્વરે પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| ૪૬ | -- " -- | ૧૦૦ | ગ્રામ્ય માર્ગોમાં થયેલ કામો યોગ્ય થયા છે કે કેમ તેની નમુનાઓ લઇ ચકાસણી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમીત ચાવડા |
| ૪૭ | ૩૦૫૪- માર્ગ અને પુલ<br>૦૪- જિલ્લા....માર્ગો<br>૩૩૭-માર્ગ કામો (કે.પુ.યો)<br>રૂ. ૧૬,૮૫,૯૪,૦૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨ (ભાગ-૧ અને ૨)<br>પાના નં. ૬૫ અને ૬૬ (ભાગ-૧) | ૧૦૦ | ગ્રામ્ય/જિલ્લા કક્ષાએ માર્ગોની સુધારણાની કામગીરીમાં કોન્ટ્રાકટર અને અધિકારીઓની ગેરરીતિભરી નીતિથી નબળા કામો થાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિત ચૌધરી |
| *૪૮ | ૩૦૫૪- માર્ગ અને પુલ<br>૮૦૦- અન્ય ખર્ચ<br>૦૧- માર્ગ અને પુલ<br>રૂ. ૧,૯૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨ (ભાગ-૧ અને ૨)<br>પાના નં. ૮૭ (ભાગ-૧) | ૧૦૦ | નવા પુલોના બાંધકામની માંગણીઓ કરવા છતાં પુલો બનાવવાની મંજૂરીઓ મળતી નથી તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી માનસિંહ ચૌહાણ |
| *૪૯ | -- " -- | ૧૦૦ | આમજનતાને એક વિસ્તારમાંથી બીજા વિસ્તારમાં જવા માટે નદીઓમાં હોડકાઓનો ઉપયોગ કરવો પડે છે. તેવા વિસ્તારોમાં નવા પુલોના બાંધકામો | શ્રી મહમદજાવીદ પીરઝાદા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ન થતાં, સત્વરે પુલો બનાવવાની કામગીરી હાથ ધરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૫૦ | ૫૦૫૪– માર્ગ...જોગવાઇ<br>૦૧– રાષ્ટ્રીય ધોરીમાર્ગ<br>૩૩૭– માર્ગ કામો<br>રૂ. ૬૨,૫૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨ (ભાગ–૧ અને ૨)<br>પાના નં.૩૪૭ થી ૩૪૯ (ભાગ–૧) | ૧૦૦ | રાષ્ટ્રીય ધોરીમાર્ગ પેટા વિભાગ કચ્છમાં માંડવી–સાંભરાઇ રોડના કામમાં થયેલ ગેરરીતિઓની તપાસ કરી જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | પ્રો. હીરાભાઇ પટેલ |
| *૫૧ | –– " –– | ૧૦૦ | રાષ્ટ્રીય ધોરીમાર્ગને પહોળા કરવા તેમજ તેની મરામત કામગીરીમાં થતો વ્યાપક વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાઘવજીભાઇ પટેલ |
| *૫૨ | –– " –– | ૧૦૦ | રાષ્ટ્રીય ધોરીમાર્ગના પેચવર્કના કામોમાં થયેલ ગેરરીતિઓની ફરિયાદો સામે સત્વરે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હર્ષદકુમાર રીબડીયા |
| ૫૩ | ૫૦૫૪– માર્ગ...જોગવાઇ<br>૦૩– રાજ્ય ધોરીમાર્ગ<br>રૂ. ૨૦,૯૨,૨૧,૨૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨ (ભાગ–૧ અને ૨)<br>પાના નં.૩૫૦ થી ૩૯૮ (ભાગ–૧) | ૧૦૦ | રાજ્યધોરી માર્ગો ઉપરના ટોલટેક્સ નાકાની મુદતો પુરી થઇ હોય છતા મુદત લંબાવાય છે તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મેરામણભાઇ ગોરીયા |
| *૫૪ | –– " –– | ૧૦૦ | રાજ્ય ધોરીમાર્ગની મરામત કામગીરીમાં થતો વિલંબ નિવારી સત્વરે દુરસ્ત કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| | | માગણી નં. ૮૭ | | |
| *૫૫ | ૨૨૧૭– શહેરી વિકાસ<br>૦૧– રાજ્ય પાટનગર વિકાસ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧૫,૬૪,૭૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨ (ભાગ–૧ અને ૨)<br>પાના નં. ૫૩ થી ૫૬ (ભાગ–૧) | ૧૦૦ | ગાંધીનગરમાં આંતરીક અને બાહ્ય રસ્તાઓની મરામત કામગીરીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પૂનમભાઇ પરમાર |
| ૫૬ | ૨૨૧૭– શહેરી વિકાસ<br>૦૧– રાજ્ય પાટનગર વિકાસ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧૫,૬૪,૭૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨ (ભાગ–૧ અને ૨)<br>પાના નં. ૫૩ થી ૫૬ (ભાગ–૧) | ૧૦૦ | ગાંધીનગરના બંધ સરકારી મકાનોમાં ચાલતી અનિષ્ટ પ્રવૃતિઓ અને દારૂના જથ્થા આવા આવાસોમાં મુકી દેવાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી કામીનીબા રાઠોડ |
| ૫૭ | –– " –– | ૧૦૦ | જે સરકારી કર્મચારીઓ પ્લોટથી વંચિત છે તેમને લાંબા સમયથી ખાલી પડેલા સરકારી આવાસો વેચાણથી ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધારશીભાઇ ખાનપુરા |

*આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજુ થયેલ નથી.

શ્રી અનિલભાઇ જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માગણી ક્રમાંક ૩૯ અને ૪૦ તથા માર્ગ અને મકાન વિભાગની માગણી ક્રમાંક ૮૫, ૮૬ અને ૮૭ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ છે એ રાજયની સમગ્ર પ્રજાને આરોગ્યની સેવા અને સુખાકારી નજીકના સ્થળે અને સારી રીતે મળી શકે એ માટે કામ કરતો વિભાગ છે. એના માટે વર્ષોથી એક સેટઅપ ગોઠવેલ છે. વસતિના ધોરણે સબ સેન્ટર, પી.એચ.સી. અને સી.એચ.સી., તાલુકા હોસ્પિટલો, જિલ્લાની હોસ્પિટલો, રેફરલ હોસ્પિટલો અને શહેરોમાં આવેલી સિવિલ હોસ્પિટલો આ રીતે એક આખું વ્યવસ્થા તંત્ર ગોઠવાયેલ છે. આ રીતે આખું તંત્ર કામ કરે છે. એ કેવી રીતે કરે છે કેટલું કામ થાય છે એના માટે માપદંડો નક્કી કરેલા છે. પરંતુ ગામડાંમાં એના આંકડા લઇને એના આધારે માપદંડો નક્કી કરતાં હોય છે. અત્યારે માનનીય મંત્રીશ્રીઓ બીમાર પડ્યા ત્યારે એક પણ મંત્રીશ્રીએ સરકારી હોસ્પિટલમાં સારવાર ન લીધી. આ રીતે સરકારના મંત્રીશ્રીને જ સરકારી હોસ્પિટલો ઉપર વિશ્વાસ રહ્યો હોય તેમ લાગતું નથી. મારે મંત્રીશ્રીને વિનંતી છે કે સરકારી હોસ્પિટલોમાં સારી સગવડ મળે એમાં સુધારો થાય અને સૌને એનો લાભ મળી રહે એ જરૂરી છે.

સરકારના જુદા જુદા આંકડાઓ છે એ જોઇએ તો મૃત્યુદર સન ૨૦૦૦માં ૭.૫ ટકા હતો એ આજે સન ૨૦૧૫-૧૬માં ૬.૫ ટકા થયો છે એટલે એમાં કોઇ ખાસ ફેરફાર આપણે કરી શકયા નથી. બાળ મૃત્યુદર છે એ ૩૬ છે. ગામડાંમાં હાલત ખૂબ જ ખરાબ છે ત્યાં બાળ મૃત્યુદર ૪૫ જેટલો છે. માતા મૃત્યુદર જોઇએ તો શહેરોમાં ૧૧૨ છે જયારે ગામડાંમાં આજે પણ ડિલિવરી સમયે ઘણી બહેનો મરી જતી હોય છે એટલે ત્યાં મૃત્યુદર ૧૪૮નો છે. આપણે એ જ રીતે સેકસ રેશિયો જોઇએ. બેટી બચાવોનું આપણે સૂત્ર આપ્યું અને કહ્યું કે દીકરીઓને જન્મવા દેવી જોઇએ એવી આપણે ઘણી વાતો કરીએ છીએ. પરંતુ આજે આખા દેશમાં આ બાબતમાં ગુજરાત સૌથી પાછળ છે. મારે દુઃખ સાથે કહેવું છે કે દીકરીઓના જન્મમાં આખા દેશમાં ગુજરાત પાછળ છે. દેશમાં સેકસ રેશિયો ૯૩૩ છે જયારે આપણા ગુજરાતનો રેશિયો ફકત ૯૧૯નો છે. મારે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આપણા ગુજરાતમાં આજે પણ ૪૪ હજાર જેટલા સોનોગ્રાફી મશીનો ચાલે છે એ જાહેરમાં નથી કહેતા પણ ખાનગીમાં કહે છે કે દીકરો છે કે દીકરી અને જો દીકરી હોય તો પછી એનો નિકાલ કરાવી દે છે. તો આવું ન થાય એના માટે સરકાર સતર્ક રહે.

આપણે આજે મેડિકલ ટુરીઝમની વાત કરીએ છીએ. વિદેશથી અહીંયા લોકો સારવાર માટે આવે એના માટે પ્રયત્નો કરીએ છીએ. પરંતુ આપણે અહીંયા કયાંક માનવ અંગો પણ કાઢી લેવામાં આવે છે. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આવું ન બને અને જો બને તો એની સામે કડકમાં કડક શિક્ષા કરો.

અત્યારે આપણે થોડા સમયથી જોઇએ તો આંખના ઓપરેશનોમાં રોશની જતી રહે છે. આપણે કોઇને રોશની આપી શકતા નથી તો રોશની લઇ લેવાનો પણ અધિકાર નથી. આંખના ઓપરેશનોમાં રોશની જતી રહે છે તેથી લોકોને હવે વિશ્વાસ પણ રહ્યો નથી. એકાદ વખત આવો કયાંક કેસ બની શકે એ બનવા જોગ છે પરંતુ વારંઘડીએ આવું બન્યા કરે એ બરાબર નથી. રાજકોટમાં આવો બનાવ બન્યો, નગરી હોસ્પિટલમાં આવું બન્યું અને હમણાં અમદાવાદમાં જ એલ.જીમાં પાછું બન્યું, આના લીધે લોકોનો વિશ્વાસ ઘટી જાય છે એટલે મંત્રીશ્રીને આમાં કંઇક કરવા વિનંતી છે.

ગ્રામ્ય વિસ્તારમાં આરોગ્ય સેવાની વાત કરીએ તો ત્યાં કુલ ૩.૫ કરોડની વસતિ આવેલી છે. આ વિસ્તારમાં આરોગ્યની સેવા કેવી છે એ જોઇએ તો સબ સેન્ટરો છે, એક સમય હતો કે આ સબ સેન્ટરોમાં ખૂબ જ કામગીરી થતી કારણ કે અવારનવાર જિલ્લા આરોગ્ય અધિકારી ચેકિંગ કરતાં, પરંતુ આજે એના જે મકાનો છે એની હાલત જોઇએ તો એના બારી બારણા નથી ખંડેર થઇ ગયા છે તેથી ફરીથી એને રીવાઇવ કરીને એની સારી રીતે સંભાળ થાય તો લોકોને સારી સારવાર મળી શકે.

ત્યારબાદ પી.એચ.સી. આવે છે. હજી ૬૩ જેટલા પી.એચ.સી. ખૂટે છે પરંતુ આજે વસતિના ધોરણે જે છે એ અપૂરતા છે. એમાં સારી સારવાર મળે એવા પ્રયત્નો કરવા જોઇએ. આપણે ત્યાં ડોકટરો અને સ્ટાફ ઓછો હોય છે જયારે આપણા કરતાં પણ બીજા રાજયોમાં સારી સેવા મળી રહેતી હોયછે. તામીલનાડુ અને કેરળમાં પી.એચ.સી.માં રાઉન્ડ ધ કલોક ડોકટર હોય છે. આ ત્રણ ડોકટરો હોય છે. મને બરાબર ખબર છે. ઘણાં વર્ષો પહેલાં લગભગ હું ૧૯૮૫ની વાત કરું છું. પી.એચ.સી.માં ત્રણ ડોકટરો હતા. બે મેડિકલ ઓફિસર અને એક આયુર્વેદિક ડોકટર અને એક ડોકટર હંમેશા ફિલ્ડમાં રહેતો. આ રીતે સેવાઓ મળતી. તે વખતે એક પણ જગ્યા ખાલી રહેતી ત્યારે ઘણી બૂમાબૂમ થતી કે આ જગ્યા કેટલા સમયથી ખાલી છે? આજે તો પરિસ્થિતિ ઉંધી થઇ ગઇ છે. ઘણી બધી જગ્યાઓ ખાલી રહે છે. આના માટે આપ ચિંતા કરો એવી મારી વિનંતી છે. આપણે આયુષ્ય ડોકટરોની જે ભરતી કરી હતી, જે ૧૧ મહિનાના કરારથી. બીજા વિસ્તારોમાં તો કદાચ તમે તેની મંજૂરી આપી દીધી પણ આદિવાસી વિસ્તારમાં જે ડોકટરો હતા તેનો કરાર રીન્યુ નથી થયો. તેના લીધે તે લોકોને નોકરી નથી તો વહેલી તકે આપ યોગ્ય કાર્યવાહી કરી દો એવી મારી વિનંતી છે.

સાહેબ, આપણે ત્યાં ચિરંજીવી યોજના ચાલુ કરી છે. આ યોજનામાં આપણે પ્રાઇવેટમાં ડોકટરોને ૩૮૦૦ રૂપિયા આપીએ છીએ. એમાંથી ૨૦૦ રૂપિયા દર્દીને ભાડા માટે પાછા આપીએ છીએ. આ બધી સેવાઓ અત્યારે ગામડાંમાં જોઇએ તો ધીરે ધીરે ડોકટરો તેનાથી વિમુખ થતાં જાય છે. પ્રાઇવેટ ડોકટરો આનાથી કેમ વિમુખ થાય છે? ઘણા વખતથી તેનો પગાર નથી મળતો. આ વખતે પણ મેં તપાસ કરી, ડિસેમ્બરથી પગાર મળ્યો નથી અને પ્રાઇવેટમાં ડોકટર પોતાની રીતે ઓપરેશન કરે છે એ ડિલીવરી કરાવે કે સિઝેરિયન કરાવે ત્યારે તેને ૧૫થી ૨૦ હજાર રૂપિયા મળી જાય છે. આના માટે આપણે કાં તો પૈસા વધારીએ, રેગ્યુલર પૈસા આપીએ કાં તો પછી આપણી હોસ્પિટલોને સક્ષમ બનાવો. તેનાથી આપણે બીજાં ડોકટરો પર આધાર ન રાખવો પડે.

મારે તો મા અમૃતમ યોજનાની અને મા વાત્સલ્ય યોજનાની વાત કરવી છે. મા અમૃતમ માટે આપણે ત્યાં ૪૧,૨૪,૦૦૦ જેટલા ગરીબ બી.પી.એલ. પરિવારો છે. તેની સામે અત્યારે આપણે જે કાર્ડ આપ્યા છે એ લગભગ ૨૨,૦૦,૦૦૦ને કાર્ડ આપ્યા છે. એટલે ૧૯,૦૦,૦૦૦ જેટલા પરિવારોને હજી આપણે કાર્ડ આપી શકયા નથી. તેના માટે સઘન રીતે મા અમૃતમ યોજનાનું કાર્ડ મળી જાય તેના માટેનો પ્રયત્ન કરો. મેં મારા ભીલોડા તાલુકામાં તપાસ કરી તો ખબર પડી. ડોકટર કહે કે સાહેબ, ૪૭૦ કાર્ડ મા અમૃતમના આપી શકયા છીએ અને બીજી વ્યવસ્થા હજી થઇ નથી. કિઓસ્ક અત્યારે પી.એચ.સી.માં આપવાની વાત છે. એ આવી જશે એટલે બીજાં કાર્ડ મળી જશે એમ એમણે વાત કરી પણ મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે ઘણા બધા એવા પરિવારો છે કે જેમને આ કાર્ડ મળ્યું નથી. બીજો એક દાખલો આપું, હમણાં મેડિસ્ટારમાં હાર્ટ એટેકનો દર્દી ગલાભાઇ ઠાકોર, એ ગરીબ માણસ એ હોસ્પિટલમાં ગયો. લગભગ સાંજના ૩–૦૦ વાગ્યે ગયો. ડોકટરે ના પાડી દીધી કે આ તમારું મા અમૃતમ કાર્ડ ચાલશે નહીં. કાલે ૧૧–૦૦ વાગ્યે ખુલશે ત્યારે તમારું આ કાર્ડ ચાલશે. ત્યાં સુધી તમામ ખર્ચો એણે ભરવો પડ્યો. આવું આ પ્રાઇવેટ હોસ્પિટલો કરે છે. આવી જે હોસ્પિટલો છે તેના ઉપર આપણે આધાર રાખવો પડે છે. એટલે આ હોસ્પિટલો આપણને યોગ્ય સારવાર આપતી નથી. બીજું, મા વાત્સલ્ય કાર્ડમાં જેની આવક ૧,૨૦,૦૦૦ જે આવકનું ધોરણ તમે નક્કી કર્યું છે. આવી તો પટાવાળાની આવક થઇ જાય છે. આ કાર્ડ ગરીબ માણસો માટે કોઇ રીતે ફીટ નથી. આપ આવકનું ધોરણ વધારીને ૪,૦૦,૦૦૦ સુધી કરો. તો વર્ગ–૩ અને વર્ગ–૪ના નાના માણસો લાભ લઇ શકે. નહીં તો પછી એક કામ કરો કે હોસ્પિટલોની સુવિધાઓ સુધારો. આ એટલા માટે સુધારવાની જરૂર છે. તમે એમ કહેશો કે તમારા વખતે પણ જગ્યાઓ ખાલી હતી. મારું એમ કહેવું છે કે આજે સરકારી હોસ્પિટલમાં જે છોકરાઓ દાખલ થાય તેની સંખ્યા વધારી. પ્રાઇવેટમાં પણ સંખ્યા વધારી. આજે ૩,૨૩૦ છોકરાઓ મેડિકલમાં દાખલ થાય છે. આજે પી.જી.માં પણ ૫૮૩ છોકરાઓ દાખલ થાય છે. આટલી બધી મોટી સંખ્યા હોવા છતાં, આપણે એમ.બી.બી.એસ.માં દાખલ થયા, બધાંને કંઇ પી.જી.માં એડમિશન નથી મળી જતું. ઘણા બધા રહી જાય છે. તો આવા ડોકટરો જે તૈયાર થાય છે તેમને આપણે સરકારી હોસ્પિટલોમાં કેમ લાવી શકતા નથી? શું મુશ્કેલી છે? તો આ લોકોને લાવવા માટે આપણે કંઇક પ્રયત્ન કરવો જોઇએ. એમનો પગાર વધારવો જોઇએ. છેલ્લા ઘણા સમયથી વર્ગ–૧ના માણસોને તકલીફ છે. એનો પગાર વધારીએ. મેં ડોકટરોની તપાસ કરી, તો અમને ઓછામાં ઓછો ૬૦,૦૦૦ જેટલો બેઝીક પગાર આપે તો અમે આવવા તૈયાર છીએ. પણ આપણે આ કરીએ તો શકય બને.

માર્ગ અને મકાન વિભાગ ઉપર પણ બે મિનિટ વાત કરી લઉં. રસ્તાઓની સુવિધા સારી હોવી જોઇએ એમ માનીએ છીએ, પરંતુ પરિસ્થિતિ શું છે? છેલ્લા ઘણા સમયથી ગ્રામ્ય રસ્તાઓની બિલકૂલ ખરાબ હાલત છે. તત્કાલિન મુખ્યમંત્રીએ તો બહુ મોટી જાહેરાત કરી હતી અને મને વિશ્વાસ થઇ ગયો કે આ મુખ્યમંત્રી કંઇક કરશે. દરેક ફળિયે ફળિયે પાકા બારમાસી રસ્તાઓ થશે એમ કહેલું, એટલે મને એમ હતું કે પાકા રસ્તા થશે. પણ આ સરકારે એ ન સ્વીકાર્યું અને જે રસ્તાઓ હતા તે નોન પ્લાન રસ્તાઓ છે એમ કહીને ડામર નહીં કર્યા. આજે ૭ કે ૧૦ વર્ષ નહીં, ૧૫ થી ૨૦ વર્ષ સુધીના રસ્તાઓ ડામર વગરના છે. હું એક દાખલો આપું. મેં આપને પણ લખીને આપ્યું હતું. રોલા આંબાથી મોટી પંડોરીનો ૨૦ કિ.મી. રસ્તો ૩૦ ગામોને આવરી લે છે અને ચોમાસામાં લોકો આવ–જા કરી શકતા નથી. વચ્ચે વોઘુ આવે છે. આપે લીલી સહીથી લખ્યું એટલે મને એમ કે આ થઇ જવાનું. એટલે મારી મંત્રીશ્રીને વિનંતી છે આ રસ્તા કરવામાં આવે. પાદરા–ઘાંટાથી વાઘેશ્વરી રસ્તો ડામર રહ્યો નથી અંદરના મેટલનું લેયર હોય છે એ પણ ઉખડી ગયું છે એટલે મારી વિનંતી છે કે ઘણા ગામડાં લેવલ સુધીનું આપણી પાસે તંત્ર નથી. તાલુકા લેવલે છે. ડેપ્યુટી એન્જિનિયર હોવા જોઇએ એ નથી. એની સામે એસ.ઓ. હોવા જોઇએ એ નથી. એટલે એક તો તમે એનો સ્ટાફ ભરો. સ્ટાફ ભરાતો નથી એટલે સરવે થતો નથી. એટલે આપ આંકડો આપી દેશો કે ૯૯.૮૧ ગામો બારમાસી પાકા રસ્તાથી જોડાઇ ગયા. કેવી રીતે? સરવે કરવા માટે તમારી પાસે ટીમ નથી તો તમે કેવી રીતે કામ કરી શકવાના છો? મારી વિનંતી છે કે તમે કમસેકમ જગ્યા ભરો. તમારી પાસે તો પ્રમોશન આપવા માટેની ફિડર કેડર પણ નથી.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇ પટેલ સાહેબ તબીબી અને જાહેર આરોગ્ય વિભાગની માગણી નં.૩૯ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા અને તેને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૬–૧૭માં ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેનના નેતૃત્ત્વમાં માનનીય નાણામંત્રીશ્રીએ આરોગ્યની સેવા માટે, પ્રજા માટે ખૂબ મહત્વનો આ વિભાગ છે એના આયોજન માટે લગભગ રૂ.૮૨૧૨.૫૦ કરોડ રૂપિયાના બજેટની જોગવાઇ કરવામાં આવી છે. હું પણ આ જાહેર આરોગ્ય સેવાની અંદર કોઇક જગ્યાએ એટલે કે ચેરીટેબલ સંસ્થાઓ સાથે મારો નાતો છે. આ વાત મારે એટલા માટે કરવી પડે છે કે મારું વતન પલિયડ, તાલુકો કલોલ અને જિલ્લો ગાંધીનગર છે. મારા ગામની અંદર છેલ્લા ૩૫ વર્ષથી ચેરીટેબલ ટ્રસ્ટ અને સરકાર માન્ય ગ્રાન્ટથી ચાલતી એક સારી હોસ્પિટલ છે. એ હોસ્પિટલના ક્યાંક નાના–મોટા વહીવટમાં મારો ફાળો છે. અમારી હોસ્પિટલમાં પહેલા ૨૦ પથારીની મંજૂરી મળી હતી. અમે માનનીય નીતિનભાઇ સાહેબને રજૂઆત કરી અને એના આધારે બીજી ૧૫ પથારીની એમણે અમને તાત્કાલિક મંજૂરી આપી તે બદલ હું તેમનો ખૂબ ખૂબ આભાર માનું છું. ગુજરાતની અંદર ચેરીટેબલ સંસ્થાઓ થકી લગભગ ૨૫૦ જેટલી હોસ્પિટલોનો વહીવટ ચાલે છે. એ હોસ્પિટલોની અંદર ૧૧૮ જેટલી હોસ્પિટલોમાં સરકાર એને ચલાવવા માટે ગ્રાન્ટ આપે છે અને બીજી પોતાના સ્વ નિર્ભર એટલે કે પ્રજાના પૈસાથી એ ચેરીટેબલ હોસ્પિટલો ચાલે છે. એનું આખા ગુજરાતનું એક ફેડરેશન છે અને આ ફેડરેશનનો છેલ્લા એક વર્ષથી હું પ્રમુખ છું. આ વાત એટલા માટે કરવી છે કે આ ફેડરેશનની હોસ્પિટલો જે સરકારની ગ્રાન્ટ ઇન એઇડની સંસ્થાઓ છે અને અમુક સંસ્થાઓને ગ્રાન્ટ મળતી નથી પણ જેમનો ચેરીટેબલ ટ્રસ્ટો તરફથી વહીવટ કરવામાં આવે છે. એ સંસ્થાઓ માટે અમે ફેડરેશનવતી માનનીય નીતિનભાઇ સાહેબ જોડે એના કર્મચારીના મહેકમના વધારા માટે, એના સાધનોની ખરીદી માટે, એની

નિભાવણી માટે અમે એસોસિએશન તરફથી રજૂઆત કરી. એ રજૂઆતના આધારે માનનીય નીતિનભાઇ સાહેબે એમાં ઘણા બધા સુધારા કરી લગભગ ૩૦થી ૩૫ જેટલી સંસ્થાઓને આજે એમના મહેકમમાં વધારો કરી એને મંજૂરી આપી છે. એની સાથેસાથે ગ્રાન્ટમાં પણ વધારો કર્યો છે. એની સાથેસાથે જે ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓ છે એ સિવાય જે સારી સંસ્થાઓ છે જે પોતે પગભર થઇ સારુ કામ કરે છે. એવી સંસ્થાઓને પણ સાધન સહાય માટે ત્રણ વર્ષથી જે સંસ્થાઓ સારું કામ કરતી હોય અને જેને સાધનની જરૂર હોય એમાં એક સંસ્થાને દસ લાખ રૂપિયા જેટલી ગ્રાન્ટ આપી તેને પ્રોત્સાહિત કરવાનું કામ કર્યુ છે. આવી જે મંજૂરી આપી છે તે બદલ પણ હું માનનીય નીતિનભાઇ સાહેબનો ખૂબ ખૂબ આભાર માનુ છું. આ બધી સંસ્થાઓ જે સરકારની જવાબદારી છે એવું જ કામ આ ચેરીટેબલ સંસ્થાઓ કરે છે. આ ગુજરાતની અંદર ૨૦૦૧ પછી ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું એ પછી ગુજરાતની અંદર જે આરોગ્યની સેવાઓ છે એના માટે કોઇએ જો ચિંતા કરી હોય તો અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે આરોગ્યની માંગણી નં. ૩૯ અને ૪૦ માર્ગ અને મકાનની માગણી નં. ૮૫, ૮૬, ૮૭ લઇને આવ્યા છે, તેમાં મારા વિચારો રજૂ કરું છું. સંવેદનશીલ સરકાર, ચિંતીત સરકાર અને ગતિશીલ સરકારના આરોગ્યની પરિસ્થિતિની વાત કરું તો ગુજરાતની ૬.૫૦ કરોડની જનતામાંથી કોઇ બિમાર પડે તો વિચાર કરે છે કે કઇ ખાનગી હોસ્પિટલમાં જઇશું? આવી માનસિકતા ગરીબ દર્દીઓના સગાઓની શા માટે છે તે આપના મારફત આ સભાગૃહના ધ્યાને મૂકવા માગું છું. સરકારી હોસ્પિટલોમાં ડોકટર તથા બીજા સ્ટાફની મોટા ભાગની જગ્યાઓ ખાલી છે તેથી સમયસર સારવાર મળતી નથી. મારા જિલ્લાના મુખ્યમથક પાલનપુર, ડીસા અને યાત્રાધામ અંબાજીની સરકારી હોસ્પિટલમાં પૂરતા ડોકટરો ન હોવાથી દર્દીઓને કાંતો નાછૂટકે ખાનગી હોસ્પિટલોમાં જવું પડે છે. સામાન્ય રોગોમાં પણ અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કરી મોકલી આપવામાં આવે છે. ૨૦૧૨-૨૦૧૩ રાજયના ૧.૮૩ કરોડ બી.પી.એલ. લોકોના ૪૧ લાખ કુટુંબો માટે ૬૦ કરોડની જોગવાઇ કરેલ હતી ત્યારબાદ ત્રણ વર્ષથી ૨૦૧૫-૧૬માં રુ. ૧૬૦ કરોડની જોગવાઇ કરેલ છે, જે અપૂરતી હોઇ રુ. ૨૫૦ કરોડની જોગવાઇ કરવી જોઇએ. ગંભીર બિમારીઓ માટે કુટુંબ દીઠ વધુમાં વધુ રુ. ૨ લાખની સહાય અપૂરતી છે કારણ કે એક જ વર્ષમાં કુટુંબની બે વ્યકિતઓને ગંભીર બિમારી થાય તો શું કરવાનું? આથી આ મર્યાદા વધારવી જોઇએ. રાજયના ૪૧ લાખ ગરીબ બી.પી.એલ. પરિવારો પૈકી ૧૯ લાખ જેટલા પરિવારોને જ આ મા અમૃતમ યોજનાના કાર્ડ મળ્યા છે તો તાત્કાલિક તમામને મળે તે માટે સરકારે કઇ પગલા લીધા નથી. પાલનપુર ખાતે મારા મતવિસ્તારમાં નવાબી કાળથી ચાલતી સરકારી હોસ્પિટલનું મકાન જૂનું થવાથી સરકારે છેલ્લા બે વર્ષથી નવું બિલ્ડીંગ બાંધેલ છે તેનું લોકાર્પણ પણ એક વર્ષ પહેલાં થયું પરંતુ આજની તારીખ સુધી સાધન સામગ્રી ખરીદી શકાઇ ન હોઇ હોસ્પિટલ કાર્યરત થઇ શકેલ નથી. હાલની સરકારી હોસ્પિટલમાં વરસાદી પાણી તથા ગટરના પાણી ઉભરાય છે અને ગંદકી ફેલાય છે જેથી દર્દીઓ સાજા થવાને બદલે ચેપી રોગના ભરડામાં આવે છે. આ સરકારી હોસ્પિટલમાં પીવાનું શુદ્ધ પાણી નહીં મળવાથી પાણીજન્ય રોગો દર્દી તથા તેના સગાઓમાં ફેલાય છે. સરકારી હોસ્પિટલમાં સીટી સ્કેન મશીન છે પરંતુ તેના રેગ્યુલર ટેકનીશીયન નથી. ન્યુરોલોજીસ્ટ ડોકટર નથી જેથી દર્દીઓના રોગનું નિદાન થઇ શકતું નથી.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. ગૃહ ફરીથી ૫-૦૦ કલાકે મળશે. આપનું પ્રવચન પૂરું થાય છે.

ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક: ૮૬ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું અને મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યનો સતત વિકાસ અને રાજ્યના રસ્તાઓ અને પુલોના બાંધકામ અને જાળવણીની જવાબદારી માર્ગ અને મકાન વિભાગ સંભાળે છે. રાજ્યના સર્વાંગી વિકાસમાં વાહન વ્યવહારનો મહત્ત્વનો ફાળો છે. હાલમાં અતિ સ્પર્ધાત્મક સમયમાં માનવ સંસાધનો અને માલ સામાનના સલામત, અસરકારક અને ઝડપી પરિવહન માટે મજબૂત જોડાણ ધરાવતા રસ્તાઓના માળખા વગર ઉદ્યોગ અને વેપારને ટકાવી રાખવો મુશ્કેલ છે. ગુજરાત રાજ્ય રસ્તાની માળખાકીય સુવિધામાં દેશના સર્વશ્રેષ્ઠ રાજ્યો પૈકીનું એક છે. આમ છતાં હાલના પરિવહનની જરૂરિયાતો અને માંગને ધ્યાનમાં લેતા તમામ કક્ષાએ તેની સુધારણા અને સુદ્રઢીકરણની આવશ્યકતા રહે છે. ભવિષ્યના પડકારોને અસરકારક રીતે પહોંચી વળવા માટે હાલની જરૂરિયાતોને ધ્યાને લઇ ગુજરાત સરકારે વિકાસને અગ્રીમતા આપેલ છે. ગુજરાતે દેશભરમાં શ્રેષ્ઠ પૈકીનું એક તેવું મજબૂત અને ગુણવત્તાસભર રસ્તાઓનું માળખું પ્રસ્થાપિત કરેલ છે. ગુજરાતના ૧૮ હજાર જેટલા ગામો, ૧૬,૨૪૫ જેટલા પરાઓને ઉત્તમ ગુણવત્તાના બારમાસી રસ્તાઓથી જોડાણના આશયથી અને ગ્રામ્ય વિસ્તારના માળખાના સુદ્રઢીકરણ અને સુધારણાના હેતુથી ચાલુ નાણાકીય વર્ષમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાના નામે મહત્ત્વાકાંક્ષી યોજનાનું આયોજન કરેલું છે. રાજ્ય સરકારે આગામી ૩ વર્ષમાં ૧૦ હજાર કરોડ જેટલી રકમનું આયોજન કરેલ છે અને ચાલુ વર્ષે નોન પ્લાન રસ્તાઓ માટે ૨૫૦૦ કરોડની ફાળવણી કરેલ છે. ગુજરાતની મુલાકાતે આવનાર ગુજરાત બહારના પરદેશી વ્યકિતઓ ગુજરાતનો વિકાસ અને રસ્તાઓ જોઇને સારી ઇમેજ લઇને જાય છે ત્યારે વલસાડ ખાતે એક જાહેર કાર્યક્રમાં બહારથી આવેલ વ્યકિતઓનો અનુભવ જણાવું તો આ પરદેશી વ્યકિતઓ મોડી રાત્રે કાર્યક્રમ પૂરો કરીને એમની ગાડીમાં રોડ દ્વારા નીકળ્યા હતા. બે-ત્રણ કલાકની મુસાફરી પછી રાત્રીનો સમય હતો અને ગાડી સ્મુધ ચાલી રહી હતી. બન્ને મિત્રો આરામથી સુઇ ગયા હતા અને અચાનક ગાડી ખડડ-ખડડ ધ્રુજવા લાગી, હલવા લાગી એટલે બન્ને મિત્રો જાગી ગયા અને ડ્રાઇવરને પૂછયું કે ગાડી કેમ હલે છે અને ધીમી ચાલે છે? ત્યારે ડ્રાઇવરે જવાબ આપ્યો કે, 'ગુજરાત કી સરહદ પૂરી હો ગઇ હૈ, દૂસરે રાજ્યની સરહદ શૂરૂ હો ગઇ હૈ ઔર રાસ્તા ખરાબ હૈ'. આ ઇમેજ ગુજરાતની છે. ગુજરાત તમામ વિભાગોના વિકાસમાં આગળ

છે એ જ બતાવે છે કે આ ગતિશીલ ગુજરાત છે. માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલનો ખાસ આભાર માનું છું, કારણ કે મારા વલસાડ અને પારડી તાલુકામાં કોસ્ટલ હાઇ–વેના નદી પરના પુલ માટે જોગવાઇ કરેલ છે અને માનનીય નરેન્દ્રભાઇ મોદીનું સ્વપ્ન એવા તીથલ બ્રીજની પણ જોગવાઇ કરેલ છે. માર્ગ અને મકાન મંત્રી શ્રી નીતિનભાઇ પટેલનો આભાર માનીએ એટલો ઓછો છે. એમણે મારા વિસ્તારના નોન પ્લાન રસ્તાઓ માટે લગભગ ૪૦–૫૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. ગૃહના તમામ સભ્યો પોતાના જે વિસ્તારમાંથી આવે છે એ દરેકને નોન પ્લાનના રસ્તાઓ માટે નીતિનભાઇ કરોડો રૂપિયા આપવાના છે. મારા સાથી કોંગ્રેસના મિત્રોને પણ નીતિનભાઇ કરોડો રૂપિયા રસ્તાઓ માટે આપવાના છે. માનનીય જોષીયારાજી કહે છે, એમને પણ નીતિનભાઇ કરોડો રૂપિયા ફાળવશે એટલે એમની માગણીઓ પણ પૂરી થશે.

શ્રી ગ્યાસુદીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માગણીઓ પર હું મારા કેટલાક સૂચનો કરવા આ સન્માનનીય ગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હાલ ગુજરાતની અંદર આપણે જોયું ત્રણ ત્રણ જગ્યાએ રાજકોટ અને એમાં ખાસ કરીને અમદાવાદની નગરી હોસ્પિટલ અને એલ.જી.માં અંધાપા કાંડના કિસ્સા બન્યાં છે. એમાં મારા મત–વિસ્તારના બે લોકોનો પણ ભોગ લેવાયો છે. આવી ગંભીર ઘટના વારે–ઘડીએ બને એ હું માનું છું કે આપના સંવેદનશીલ મંત્રાલયને શોભતી નથી. કેમ કે, જે લોકો અંધાપા કાંડનો ભોગ બન્યા છે એ લોકોને સમગ્ર જીવન માટે આવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે કે એ લોકો જીવન ભર હવે દ્રષ્ટિથી વંચિત રહેવાના છે. એટલે આ બાબતને બહુ ગંભીરતાથી લઇને એની સામે પગલા લેવાવા જોઇએ. કેમ કે જે એલ.જી.કાંડનો બનાવ બન્યો. અત્યારે વચગાળાના રિપોર્ટના નામે જે ડોક્ટર્સ અને નર્સોની સામે પગલા લેવામાં આવ્યા હતા એમની પરથી પગલાઓ પાછા લઇ લેવામાં આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, આનાથી બેદરકારી કરવાનું લોકોને પ્રોત્સાહન મળશે. એટલે આવી જે કોઇ ઘટના બની હોય એની સામે સખત રીતે પગલા લેવા જોઇએ કે જેથી જે લોકોએ દ્રષ્ટિ ગુમાવી છે એનાથી વંચિત ના રહે. હું ખાસ અમદાવાદ શહેરમાંથી આવું છું એટલે હું કોઇ દિવસ આરોગ્ય વિભાગમાં ટીકા–ટિપ્પણીમાં પડતો નથી. પરંતુ જે મારા સૂચનો હોય છે એ ૧૦૦% કરું છું. સિવિલમાં આપણે જઇએ તો એમ લાગે કે ખરેખર સિવિલનું જે તંત્ર છે એ સુધારા તરફ જઇ રહ્યું છે અને દિવસે ને દિવસે સારી સુવિધા આપવા માટે આપણે કોશીશ કરી રહ્યાં છીએ. પરંતુ જે રીતના સિવિલની અંદર જે રાજ્ય સરકારની હોસ્પિટલ છે એમાં જે સુધારા – વધારા થઇ રહ્યાં છે એ આવકારદાયક બાબત છે. કેમ કે એ ગરીબો સાથેનો પ્રશ્ન છે. કેમ કે, સરકારી હોસ્પિટલ હોય કે સરકારી શાળા હોય એની અંદર જે લોકો ભણવા કે સારવાર લે છે એ એવી કક્ષાના લોકો હોય છે કે ગરીબ છે. એ લોકો માટે બીજે ક્યાંય સારવાર લેવા માટે વિકલ્પ નથી એવા જ લોકો સરકારી હોસ્પિટલમાંથી લાભ લેતા હોય છે. પરંતુ મારે બહુ દુ:ખ સાથે કહેવું છે કે, આપણે રાજ્ય સરકાર બે કરોડ રૂપિયાની ગ્રાન્ટ વી.એસ. હોસ્પિટલને આપીએ છીએ. પરંતુ મારે એટલું કહેવું છે કે આપણે, આની અંદર આરોગ્ય મંત્રાલય વિભાગે, માનનીય મંત્રીશ્રીએ થોડી જે કાંઇ ચર્ચા–વિચારણા કરી વી.એસ. હોસ્પિટલનું તંત્ર સુધરે. કેમ કે, વી.એસ.માં ફક્ત એકલા અમદાવાદના લોકો સારવાર લેવા નથી આવતા સમગ્ર ગુજરાતમાંથી લોકો ત્યાં સારવાર લેવા આવે છે. એટલે મારી વિનંતી છે કે, ત્યાં પુરતા પ્રમાણમાં વેન્ટીલેટર પણ નથી. કેમ કે જ્યારે કોઇપણ ગંભીર દર્દી ત્યાં આવે અને સૌથી પહેલા એના જીવનું રક્ષણ કરવું હોય અને ગોલ્ડન અવર્સની અંદર જો આપણે એને સારવાર આપવી હોય તો સૌથી પહેલા વેન્ટીલેટરની જરૂર પડતી હોય છે. પરંતુ ત્યાં પુરતા પ્રમાણમાં વેન્ટીલેટર નથી. ફૂગ્ગાઓ દ્વારા એમનો શ્વાસોશ્વાસ કરવામાં આવે છે. ચોવીસ ચોવીસ કલાક સુધી જો એમનો ફૂગ્ગાઓથી શ્વાસોશ્વાસ કરવામાં આવે તો એમની પરિસ્થિતિ કઇ રીતની થઇ શકે? એટલે ઘણા બધા ગંભીર બનાવો ત્યાં જે ડોક્ટરો અને દર્દીઓ છે, એમના સગાઓ છે એમની વચ્ચે મારા–મારી સુધીના બનાવો બન્યાં છે. દર્દીઓ છે, જે લોકો છે એ ડોકટરની અંદર ભગવાનનું રૂપ જોતા હોય છે. પરંતુ આવી ગંભીર ઘટનાઓ કેમ બની છે? અને વારે ઘડીએ બની રહી છે તો એનું પણ આપણે થોડું વિચારવાની જરૂર છે. કેમ કે, હું માનું છું કે આ સેવા સાથેનું જોડાયેલું માધ્યમ, ડોકટરોને જ્યારે એ લોકો ભગવાન ગણતા હોય ત્યારે આવી પરિસ્થિતિનું નિર્માણ થાય એ ડોકટરો અને દર્દીઓ માટે પણ સારી વાત નથી. પરંતુ આ જે બનાવો બની રહ્યાં છે તેની પાછળના કારણોની તપાસ કરવી જોઇએ. જ્યારે પણ ઇમરજન્સીમાં દર્દીઓને ત્યાં લઇ જઇએ ત્યારે ત્યાં ડોકટર હોય એ જુનિયર ડોકટરની હું તમને વાત કરું. કેમકે એ પોતાના રૂમમાં બેસી રહેતા હોય છે. ત્યાં દર્દીના સગા જઇને તેમને વાત કરે તો તેમની સાથે પણ બિલકુલ ઉદ્ધતાઇભર્યું વર્તન કરતા હોય છે. પરંતુ ઘણા કિસ્સાઓની અંદર મેં એવું પણ જોયું છે કે એટલી નિ:ષ્કાળજી રાખે છે કે જે દર્દીને વાગ્યું હોય એને ૪–૪ કલાક સુધી ટાંકા લેવામાં નથી આવ્યાં. એટલે આ બહુ ગંભીર ઘટના કહેવાય. પહેલા કદી આવી ફરિયાદો નહોતી મળતી. પરંતુ છેલ્લે સમાજમાં બધી જગ્યાએ જે રીતના અધ:પતન થયું છે તેમ આની અંદર પણ થયું છે. હજુ પણ કેટલાક સિનિયર ડોકટરો છે એ માનવતાવાદી છે અને એમની રીતે સારી માનદ સેવા આપી રહ્યાં છે. પરંતુ જુનિયર ડોકટરોની અંદર આ પરિસ્થિતિનું નિર્માણ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, જુનિયર ડોકટરો જે પ્રજાના પૈસે ભણતા હોય. આજે આ ગરીબ લોકોની ઉપર જ જેને કહેવાય કે એક્સપરીમેન્ટ કરીને સારા ડોકટર બનતા હોય. આજે પહેલા ડોકટરોની ફરજ એ થાય છે કે એ ગરીબ દર્દીઓ જે નિ:સહાય છે એમને પુરતી સારવાર આપવી જોઇએ અને ડોકટરોના પગાર વધારાનું હોય તો એમાં પણ એનાથી એ સેવા કરતા હોય એની સાથે સાથે લોકોના જીવોનું પણ રક્ષણ થાય એની પણ તકેદારી ખાસ આપણે રાખવી જોઇએ. અને જે ડોકટરો આજે આપ જુઓ તો ગામડાંઓમાં કોઇ સેવા આપવા માટે તૈયાર નથી. પરિસ્થિતિ એવી થાય કે, બોન્ડ પેટેની રકમ ભરી દે. ૩૨ કરોડની આસપાસ લેવાની થાય છે અને એમાં કાંઇ ૧૮ કરોડ રૂપિયા છે અને ૯ કરોડ રૂપિયા હજુ આપણે લેવાના બાકી છે. પરંતુ હું એની અંદર કહેવા માગુ છું કે, આની અંદર બોન્ડ પેટેની રકમ લઇ એમને છૂટ્ટા કરી શકાય નહીં. જ્યારે એ લોકો સરકારના, લોકોના પૈસે ભણતા હોય જ્યારે ગરીબ લોકોની ઉપર પરિક્ષણ કરીને આગળ વધતા હોય ત્યારે એમની ફરજિયાત સેવા નક્કી થવી જોઇએ અને ગ્રામ્ય

વિસ્તારોમાં પણ એ લોકો સેવા આપે એ માટે ફરજિયાત કાંઇ પણ એવી જોગવાઇ કરવી જોઇએ કે જેનાથી ડોકટરો છટકી ના શકે. કેમ કે, જે રીતની અત્યારે ઘટનાઓ બની છે અને જે બનાવો સામે આવ્યા છે એ બહુ જ ગંભીર છે.

બીજું, મારું ખાસ એ કહેવું છે કે, જે મા વાત્સલ્ય યોજના છે, માં યોજના બહુ સારી યોજના છે. લોકોની અંદર સારો એનો પ્રતિસાદ પણ મળી રહ્યો છે. એટલે હું મંત્રીશ્રીને ખાસ વિનંતી કરવા માગુ છું કે, જે ગંભીર બીમારીઓ આપણે હાર્ટ, કીડની, કેન્સર અને મગજ જેવી બીમારીઓ માટે આની અંદર જોગવાઇ કરી છે એની સાથે સાથે બીજા જે ગંભીર રોગો છે, એને પણ આપણે એની અંદર સમાવેશ કરવો જોઇએ. જે હાડકાના રોગો હોય, લીવરના રોગો હોય એ તમામ રોગોનો સમાવેશ કરવો જોઇએ. અને લોકોને સહેલાઇથી મા વાત્સલ્ય યોજનાનું કાર્ડ મળી રહે એ માટેના પૂરતા કેન્દ્રો ગ્રામ્ય કક્ષાએ પણ બનાવવા જોઇએ. કેમ કે, આ યોજનાને હું કહું છું કે, આ યોજના દ્વારા બહુ જ લોકોના અમૂલ્ય જીવનું રક્ષણ થયું છે, બહું જ લોકો જેને કહેવાય કે, જે નિ:સહાય હતા, આજે એમને સારવાર મળવાની શરૂઆત થઇ છે. ત્યારે મારી માનનીય મંત્રીશ્રીને એટલી વિનંતી છે કે, આનો થોડો વ્યાપ વધારવામાં આવે અને જે એક દર્દીને બે લાખ સુધીની સારવાર આપણે આપીએ છીએ એક કુટુંબને એની જગ્યાએ ચાર લાખ કરવામાં આવે તો હું માનું છું કે,

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય શ્રી અશોકભાઇ પટેલ. આપની પાસે પાંચ મિનિટ છે.

શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર (ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માગણી ક્રમાંક ૮૭ પાટનગર યોજના ભવન એના માટેની જે માગણીઓ છે એના ઉપર હું મારા વિચારો રજુ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગરનો સુઆયોજીત વિકાસ અને બેનમૂનેદાર બનાવવા માટે ગુજરાતની આ ભારતીય જનતા પાર્ટીની સરકાર અને એમાંય મુખ્યમંત્રીશ્રી અને અમારા મંત્રીશ્રી નીતિનભાઇએ જે ખૂબ નાનું નાનું કાંતીને જે ગાંધીનગરને સુંદર બનાવવા માટે જે અલગ અલગ કામો જેવા કે, રોડના હોય, રસ્તાના હોય, પાણીના હોય કે કર્મચારીઓના જે આવાસો છે એના માટેના હોય, એમાં ખૂબ ઊંડાણપૂર્વક રસ લઇ સારી કામગીરી થાય અને ગાંધીનગર શહેર અતિ સુંદર બને એના માટેના જે આયોજનો કર્યા છે એના માટે હું ગાંધીનગરના સૌ વસાહતીઓ અને ગાંધીનગર વતી આ સરકારનો ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગરની અંદર આપણા તત્કાલિન મુખ્યમંત્રી અને આજના દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગાંધીનગરને એક નજરાણું, મહાત્મા મંદિરનું આપ્યું. જેનાથી દેશ નહીં પણ દુનિયામાંથી પણ મહાત્મા મંદિર જોવા માટે લોકો આજે આવી રહ્યા છે. ગાંધીનગરની અંદર કર્મચારીઓ માટેના અત્યારે જે મકાન, હું જ્યાં ગાંધીનગરનો, આમ તો હું અહીંનો વતની છું એટલે મને ખબર છે કે, ગાંધીનગરના આ શહેરની અંદર ધૂળની ડમરીઓ ઉડતી હતી પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે એનું ખૂબ સરસ આયોજન કર્યું અને ગાંધીનગરના જે કર્મચારી મિત્રો હતા એને રાહત દરે પ્લોટો ફાળવ્યા, ત્યારબાદ ધારાસભ્યશ્રીઓને પણ જે ત્રણ ટર્મથી વધારે છે એમને રાહત દરે પ્લોટો ફાળવ્યા અને એમના માટેનું આયોજન થતું હોય ત્યારે આ કોંગ્રેસના મિત્રો કાપ દરખાસ્ત લાવે એ પણ સારું નથી. એટલે જેમણે પ્લોટો લીધા છે એ તો કાપ દરખાસ્ત એટલિસ્ટ પાછી ખેંચે એવું પણ મારું સુચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે સુંદર આયોજન થયું અને સુઆયોજનના લીધે ગાંધીનગર શહેર એક વસાહત નહીં પણ એક શૈક્ષણિક હબ બની ગયું જોત જોતામાં. શૈક્ષણિક હબ બનવાના કારણે જે વિદ્યાર્થીઓને, આ પાટનગર યોજના ભવનને લગતો પ્રશ્ન નથી પણ પાટનગર યોજના ભવનની જે સુંદર કામગીરી થઇ એના લીધે શૈક્ષણિક હબ બની ગયું અને એ શૈક્ષણિક હબ બનાવાના કારણે આ અમારા સાથી મિત્રો ઘણી વખતે સરદાર સાહેબના નામે સુત્રોચ્ચાર કરીને બહાર જતા રહે છે પણ અમારા મુખ્યમંત્રીશ્રી અને અમારી આ ટીમ એણે નાનું નાનું કાંતીને એક સરસ મઝાની અત્યારે જે યુવા સ્વાવલંબન યોજના આપી અને એ આ સરદારના સાચા વંશજોએ જે સમગ્ર, સર્વ જ્ઞાતિને સાથે રાખી અને બધા માટે આ સ્વાવલંબન યોજના આપી એ પણ આ પાટનગર, ગાંધીનગરમાં રહેતા વિદ્યાર્થીભાઇ બંધુઓને સ્પર્શતી વાત હું કરી રહ્યો છું. નાનું નાનું કામ, ગાંધીનગરની અંદર ગંદા પાણીનો નિકાલ એને શુદ્ધ કરી અને સારું પીવાના પાણીનો બગાડ ન થાય એના માટે એ ગટરનું પાણી શુદ્ધ કરી અને એ પાણી ગાંધીનગરની અંદર સરીતા ઉદ્યાન હોય, આપણા સચિવાલયનો જે ગાર્ડન હોય, તળાવની આજુબાજુનું ગાર્ડન હોય એમાં વાપરવામાં આવે છે. મને ખૂબ આનંદ થાય છે કે એ પાર્ટીનો હું સભ્ય છું કે પાણીનો બચાવ કેવી રીતે કરવો એવું નાનું નાનું આ સરકાર ધ્યાન રાખે છે. હું જ નહીં, હું મારા વારસદારોને પણ કહેતો જઇશ કે આવી પાર્ટીના સભ્ય રહેજો કે જે પાણીની કિંમત સમજી શકે. હું ચોકકસપણે આ ગાંધીનગરમાં જે વધારેમાં વધારે બજેટ આપવામાં આવે છે એના માટે સૌરભભાઇ, આપણા મુખ્યમંત્રીશ્રી અને અમારા વિભાગના મંત્રીશ્રી નીતિનભાઇનો ખૂબ ખૂબ આભાર માનું છું. સ્વર્ગ જેવું ગાંધીનગર બનાવ્યું છે એ માટે ગાંધીનગરના સૌ નગરજનો વતી આ ભારતીય જનતા પાર્ટીની સરકારને હું અભિનંદન આપું છું અને વિપક્ષના મિત્રોને કહું છું કે જોઇ શું રહ્યા છો, આ વિકાસમાં જોડાઇ જાવ. આવો, આપણે બધા સાથે મળીને વિકાસ કરીએ. વંદે માતરમ, ભારત માતા કી જય.

શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય, માર્ગ ને મકાનની માગણી ઉપર ચર્ચા કરવા માટે ઉભો થયો છું. માનનીય મંત્રીશ્રી અમારા વતનના છે એમનું પોતાનું પણ કાર્યક્ષેત્ર છે. મોસાળમાં મા પીરસે એવી પરિસ્થિતિ છે પણ મોસાળમાં માં પીરસે પણ ભૂખ્યા રાખે એવો ઘંઘો છે. ગાયકવાડ સરકાર વખતથી અમારી હોસ્પિટલમાં ૩૦ બેડની હોસ્પિટલ છે. કડી તાલુકાની વસતિ ૪૦-૫૦ હજારની હશે ત્યારે ૩૦ બેડની હોસ્પિટલ બની હતી આજે મને લાગે છે કે ૨૨૦૦૦૦ તો અત્યારે મતદાર છે એટલે સાડા ત્રણ લાખની વસતિ છે અને અત્યારે પણ બેડ ૩૦ જ છે. એટલે હું અમારા માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું કે મોસાળમાં મા પીરસે અને અમને ભૂખ્યા ન રાખો, અમને ૨૦૦ બેડની પથારીવાળી હોસ્પિટલ આપો. અમારી આજુબાજુ ખૂબ મોટું ઔધોગિક ક્ષેત્ર છે. એક ટ્રોમા સેન્ટરની જરૂર છે. એકસીડન્ટો ખૂબ થાય છે. અમારે બહાર અમદાવાદ કે કયાંક મોકલવા પડે છે

એટલા માટે હું વિનંતી કરું છું કે ટ્રોમા સેન્ટર બનાવો. માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા બીજી એક વિનંતી કરું કે અમારે ત્યાં ત્રણ ડોકટર છે અને ૨૪ કલાક નોકરી કરે છે. રાત્રે ૮ વાગે જઇએ તો ડોકટર મળતા જ નથી. કદાચ સાહેબના ધ્યાન ઉપર નહીં હોય પણ ડોકટર મળતા નથી. એકસીડન્ટો ખૂબ થાય છે અને અમારે અમદાવાદ કે કયાંક ને કયાંક મોકલવા પડે એટલે અત્યારે ભગવાન ભરોસે ચાલે છે. હું બીજી વાત કરું સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરની. ટ્રોમા સેન્ટરનું નવું મકાન તૈયાર થઇ ગયું છે પણ ત્યાં એમ.આર.આઇ. કે સીટી સ્કેન કરાવવું હોય તો હોસ્પિટલ જે જુની છે ત્યાં જવું પડે છે એક માઇલનું અંતર છે અને આવવા જવામાં દર્દીઓને ખૂબ જ હેરાનગતિ થાય છે એટલે આ સાધન સમગ્રી ત્યાં લાવવી હોય તો એમાં મોટો ખર્ચો છે અને કમિશ્નર સાહેબ કંઇક રજા આપતા નથી એટલે વિનંતી કરું કે અહીંયા સ્થાનિક આવે તો આની એક વ્યવસ્થિત જોગવાઇ થાય અને એકસીડન્ટમાં જે લોકો ઘવાયેલા હોય એ લોકોને હેરાનગતિ ઓછી થઇ જાય. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના તરફથી માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે પી.એચ.સી., સી.એચ.સી. માં ડૅાક્ટરોની ખૂબ અછત છે. એમાં જેમ બને તેમ જલ્દીથી ભરવી જોઇએ. ડૅાક્ટરો ગામડામાં જવાં માગતાં ન હોય તો બોન્ડ ભર્યા સિવાય એનું રજિસ્ટ્રેશન રદ કરવું જોઇએ. જેથી કરીને તે લોકો ત્યાં જાય. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં જે ડૅાક્ટરો છે એ સરકારી પગાર લે છે અને પ્રાઇવેટ પ્રેક્ટિસ કરે છે. મારી પાસે યાદી છે. આપ કહેશો તો આખી યાદી આપીશ. પ્રાઇવેટ પ્રેક્ટિસ કરીને મોટું ભંડોળ ઊભું કરીને સરકારને નુકસાન કરે છે. રોડ બાબતમાં તો સાહેબને ખબર છે કે અમારા કુંડળના પાટિયાથી જાસલપુર તરફનો સી.સી. રોડ જાડા દળનો બનાવ્યો છે. આપ સાહેબ ત્યાંથી નીકળજો. હજું ૬ મહિના નથી થયા ત્યાં રોડ ઉપર મોટા મોટા ગાબડા પડી ગયા છે. હું વી.ટી. પ્રજાપતિને બે વખત બતાવવા લઇ ગયો. મેં એમ કહ્યું આને નોટિસ આપો, આની સામે પગલાં ભરો. આ સિવાય કંઇ કરતા નથી. વી.ટી. પ્રજાપતિ તરફથી સુપરવિઝન થયું. ગોવિંદપુરાથી કલ્યાણપુરા વાળા રોડ પાલીનો રોડ હમણા ખરાબ હાલતમાં થઇ ગયો છે. મોસાળમાં મા પીરસતી ન હોય, પણ અમારા મિનિસ્ટર સાહેબને અભિનંદન આપું છું. એમણે કડી તાલુકાનો આજુબાજુનો રોડ અને રસ્તો ખૂબ જ પ્રમાણમાં આપ્યા છે અને હવે લગભગ થોડા બાકી છે. બધાં અમારાં કામ પૂરાં કરી દીધાં છે. અમારી ખૂબ મદદ કરી છે. હું અભિનંદન આપું છું. સિવિલ હોસ્પિટલમાં જે ડૅાક્ટરો હોય છે એ ડૅાક્ટરોને આપણે નોકરીમાં સહી કરવા માટેના જે બાયોમેટ્રિક મશીન મુકવામાં આવ્યા છે. તેમાં તેઓ અંગુઠો પાડતા નથી અને માત્ર સહીઓ કરે છે, પછી તેઓ હાજર રહેતા નથી. ભાગી જાય છે. તેવી બીજા ડૅાક્ટરોની ફરિયાદ છે. આ બાયોમેટ્રિક મશીનનો તેઓ ઉપયોગ કરતા નથી. આજે રોગી કલ્યાણ સમિતિની આવક ૩ર કરોડ રૂપિયા થઇ. એની સામે માત્ર ૩ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે. બાકીના પૈસા કયાં ગયા તેનો કોઇ હિસાબ મળતો નથી. માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું કે કડીમાં ખૂબ જ તકલીફ છે. આપ પોતે તપાસ કરજો. નાના માણસોને ખૂબ જ તકલીફ છે. હોસ્પિટલમાં ડૅાક્ટરો બેજવાબદારીભર્યુ વર્તન કરે છે. જો ડોક્ટરોની બેકાળજી ન હોત તો આ ભાંગ પ્રકરણ થયું એમાં આપના ધ્યાને મૂકું કે એક છોકરો ત્યાં ગયો. એને સામાન્ય ગોળી આપીને ઘરે મોકલી દીધો. ઘરે ગયા પછી આ છોકરાનું બે કલાકમાં મરણ થઇ ગયું. એવી રીતે શરૂઆતના તબક્કામાં કેર ન લીધી એના કારણે બહુ મોટું રૂપ અપાયું. બીજા દિવસે હું ગયેલો.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. શ્રી શીવાભાઇ ગોહીલ.

શ્રી શીવાભાઇ જે. ગોહિલ(તળાજા) : માનનીય અધ્યક્ષશ્રી, જાહેર આરોગ્ય અને તબીબી સેવા અને ખાસ કરીને પરિવાર કલ્યાણની માગણી નં.૩૯,૪૦ મંત્રીશ્રી લઇને આવ્યા છે. તેમાં મારે ખાસ પરિવાર કલ્યાણ બાબતે કહેવું છે. પરિવાર કલ્યાણની યોજના સમગ્ર રાજ્યમાં છેલે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી ખૂબ સારી રીતે ગામડાંની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કાર્યાન્વિત થઇ રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજ્ય અને દેશનો માનવ વિકાસ એટલે કે સૂચકાંક કે જેમાં જન્મ મરણનો દર નક્કી થતો હોય છે. તે દર જોઇએ તો તેમાં ઉંચામાં ઉંચો દર તથા નીચો દર એટલે બાળ મરણદર, બાળકના જન્મ વખતે માતાનું મરણ થાય છે તે આંક નીચો લાવવા માટે આ રાજ્ય સરકારે પરિવાર કલ્યાણની અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. ગામડાંઓ સુધી જે ખાસ જરૂરિયાતમંદ છે કે નાના બાળકને દવાખાને લઇ જવો હોય પણ ઘરમાં પૈસાની પરિસ્થિતિ બહુ ખરાબ હોય, ત્યારે આજુબાજુની બહેનો પણ માતાને કહેતી હોય કે તારું બાળક રાતથી બહુ રડે છે. તેને પેટમાં કંઇ દુઃખાવો હશે, કંઇક બિમારી હશે. પરંતુ દવાખાને લઇ જવા માટે ઘરમાં પૈસા નથી એમ એ બહેન કહી શકતી નથી. તે તેનું ઓઢણું જરાક આંખ આડું કરી નાંખે છે. આવી પરિસ્થિતિ કેટલાય કુટુંબોની અંદર ગામડાંઓમાં છે. તેમના માટે આ પરિવાર કલ્યાણની યોજનાઓ જેમાંય ખાસ કરીને ચિરંજીવી યોજના છે. આ રાજ્ય સરકારની યોજના ૨૦૦૬થી અમલમાં આવી છે. તે યોજના અમલમાં મૂકતાંની સાથે ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોને પ્રસૂતા માતા તથા ગરીબી રેખા ઉપરના એ.પી.એલ. પરંતુ આવકવેરો ન ભરતા હોય તેવા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના કુટુંબોને લાભ મળવાપાત્ર થાય છે. આ યોજનામાં કરારબદ્ધ સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓ તથા ખાનગી તબીબોને ૧૦૦ પ્રસુતાના પેકેજમાં કરાર આધારિત ગાયનેકોલોજીસ્ટ ઉપલબ્ધ કરાવ્યા છે. પહેલાં ગામડાઓમાં ગાયનેકોલોજીસ્ટ ઉપલબ્ધ નહોતા એટલે ૧૦૦ના પેકેજમાં ૩ લાખ ૮૦ હજારના કરાર કરીને એક પ્રસૂતાદીઠ ૩૮૦૦ રૂપિયા જેટલી સહાય આ રાજ્ય સરકાર ચૂકવે છે. સરકારી હોસ્પિટલમાં તે પ્રસૂતા સારવાર લે તો તે ગાયનેકોલોજીસ્ટને ૨૫૦૦ રૂપિયા સરકાર આપે છે. આ યોજનાના લાભાર્થીને દવાઓ, વાઢકાપ, સાધન સામગ્રી, ફાર્માસ્યુટીકલ સામગ્રી, એનેસ્થેશીયા તથા ઓપરેશન થિયેટરમાં વાપરવાની સામગ્રીનું કોઇ ચુકવણું કરવાનું રહેતું નથી. આ યોજના હેઠળ ૨૦૧૪-૧૫માં રાજયમાં ૮૬૪૯૭ કિસ્સા નોંધાયેલ હતા. જયારે વર્ષ ૨૦૧૫-૧૬માં ડિસેમ્બર અંતીત સુધીમાં ૬૪૬૯૭ પ્રસુતિના કેસ નોંધાયેલ છે. આમાં ૪૧૩ સ્ત્રી રોગ નિષ્ણાતો આખા રાજયમાં સેવા પૂરી પાડી રહ્યા છે. આ યોજનાની શરૂઆતથી ડિસેમ્બર ૨૦૧૫ સુધી એટલે કે અત્યાર સુધીમાં ૧૦ લાખ ૮૮ હજાર ૬૦૧ સગર્ભા માતાઓને આવરી લેવામાં આવેલ છે. આ જબરજસ્ત કાર્ય ગામડાઓમાં ચાલી રહ્યું છે. આવી અસંખ્ય યોજનાઓ પરિવાર કલ્યાણ માટે ખાસ કરીને ગામડાંઓને ધ્યાને રાખી આરોગ્યની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. તેમાં જનની

સુરક્ષા યોજના, ચિરંજીવી યોજના, જનની સુરક્ષા કાર્યક્રમ, ખિલખિલાટ, બાળસખા યોજના, સાર્વત્રિક રસીકરણ અને પલ્સ પોલિયોમાં સમગ્ર ગુજરાતમાં છેલ્લા દસ વર્ષથી જે કામ થઇ રહ્યું છે તેમાં ગુજરાત આખા દેશમાં અવ્વલ નંબરે છે. સાહેબ પહેલાં ગામડાંઓમાં શીતળા નીકળે તો તેને માતા કહેતા. પહેલાં એટલી બધી વૈજ્ઞાનિક જાણકારી ન હતી. આ બહુ જીવલેણ રોગ હતો. તેને આ દેશમાંથી અને રાજયમાંથી દેશવટો આપ્યો છે.

શ્રી મેરામણભાઇ મા. આહિર(ખંભાળિયા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આરોગ્યની માગણી નં.૩૯ તથા ૪૦ અને માર્ગ મકાન વિભાગની માગણી નં.૮૫,૮૬ અને ૮૭ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું. આ સરકાર દ્વારા હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતિની રચના કરીને ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ પાસેથી અલગ અલગ હોસ્પિટલોમાં અલગ અલગ કેસ ચાર્જ વસૂલ કરવામાં આવે છે. આ રોગી કલ્યાણ સમિતિની આવક અને ખર્ચની વિગતો જાહેર કરવામાં આવતી નથી. આ ગરીબ માણસો માટે આ ચાર્જ બોજારૂપ છે. મારા દેવભૂમિ દ્વારકા જિલ્લાની એકપણ હોસ્પિટલમાં ટ્રોમા સેન્ટર આવેલ નથી અને મારા વિસ્તારમાં મોટી મોટી ખાનગી કંપનીઓ આવેલી છે જેને લીધે ટ્રાફિકની સમસ્યા રહે છે જેને કારણે અકસ્માતના બનાવો અવાર–નવાર બનતા રહે છે જેને લીધે તાત્કાલિક સારવાર લેવા માટે હોસ્પિટલમાં ટ્રોમા સેન્ટરની સુવિધા નહીં હોવાના કારણે અકસ્માત પામેલ ઇસમનું મૃત્યુ થાય છે, આવા અનેક બનાવો અમારા જિલ્લામાં વારંવાર બનતા રહે છે. ગંભીર ઇજા પામેલાને નછૂટકે અમારે જામનગર હોસ્પિટલનો આશરો લેવો પડે છે. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, મારા જિલ્લામાં કોઇ પણ જગ્યાએ ટ્રોમા સેન્ટરની સુવિધા ઉપલબ્ધ નથી આથી મારા જિલ્લામાં ખંભાળિયા તથા દ્વારકા ખાતે દર્દીના હિતમાં ટ્રોમા સેન્ટર બનાવવામાં આવે તેવું મારું માનનીય મંત્રીશ્રીને ખાસ સૂચન છે. સી.એચ.સી.સેન્ટર તેમજ પી.એચ.સી. સેન્ટરમાં ફાર્મસીની ઘટના લીધે દવાના વિતરણની તકલીફો રહે છે અને દર્દીઓને ખૂબ મુશ્કેલી પડે છે. મારા જિલ્લામાં ડોકટરોની ઘટ બહોળા પ્રમાણમાં છે, જેના આંકડા હું આપની સમક્ષ રજૂ કરું છું. જિલ્લામાં પી.એચ.સી.ની મંજૂર થયેલી જગ્યા ૨૩, ભરાયેલી જગ્યા ૧૦ અને ખાલી જગ્યા ૧૩, સલાયા સી.એચ.સી. મંજૂર થયેલી જગ્યા ૫, ભરાયેલી ૩ અને ખાલી જગ્યા ૨, કલ્યાણપુર સી.એચ.સી. મંજૂર થયેલી જગ્યા ૪, ભરાયેલી ૧ અને ૩ જગ્યા ખાલી છે, ભાણવડ સી.એચ.સી. મંજૂર થયેલી જગ્યા ૪, ભરાયેલી ૨ અને ૨ જગ્યા ખાલી છે, રાવલ સી.એચ.સી. મંજૂર થયેલી જગ્યા ૪, ભરાયેલી ૧ અને ૩ જગ્યા ખાલી છે, દ્વારકા સી.એચ.સી. મંજૂર થયેલી જગ્યા ૧૦, ભરાયેલી ૨ અને ૮ જગ્યા ખાલી છે, ભંખાળિયા સી.એચ.સી. મંજૂર થયેલી ૩૭, ભરાયેલી ૧૬ અને ખાલી જગ્યા ૨૧ છે. વર્ગ ૨ ની મંજૂર થયેલી જગ્યા ૮૭ જેમાંથી ૩૫ જગ્યા ભરાયેલી છે અને ૫૨ જગ્યા ખાલી છે, આમાં ૬૦ ટકા ડોકટરોની ઘટ છે. ખંભાળિયામાં ડોકટરો, આધુનિક સાધનો તેમજ દવાની ઘટના કારણે દવાઓ બહારથી લેવી પડે છે. આજે આટલા ડોકટરોની ઘટ હોય ત્યારે મારા મત વિસ્તારમાં સરકાર કોઇ પણ યોજના શરૂ કરે, મા વાત્સલ્ય યોજના કરે કે મા અમૃતમ યોજના કરે, ગમે તે યોજના શરૂ કરે માત્રને માત્ર આ યોજનાઓ ચોપડે જ હોય એવું લાગે છે. જો ડોકટરની આટલી ઘટ હોય તો આપ સારી હોસ્પિટલો બનાવો એનો અર્થ શું સમજવો? આ તો એક જાણે આત્મા વિનાનું શરીર છે. આટલી બધી દવાની ઘટ છે ત્યારે મારે કહેવું છે કે, અમારા વિસ્તારમાં ગરીબ પ્રજાની સંખ્યા ખૂબ છે અને ગરીબ લોકોનું રોજનું વેતન વધુમાં વધુ ૧૦૦ થી ૨૦૦ રૂપિયા હોય છે એમની પાસે હોસ્પિટલની બહારથી દવા લેવાના પૈસા હોતા નથી ત્યારે ડોકટરો બહારથી ૬૦૦ થી ૭૦૦ રૂપિયાની દવા લખી દે છે તે ગરીબ લોકો લઇ શકતા નથી એ પણ એક પ્રશ્ન છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે આધુનિક યુગમાં ડોકટરો પણ આધુનિક થઇ ગયા છે કેમ કે, જ્યારે આજે ૨૦ વર્ષ પહેલા નાડ જોઇને તપાસ થતી હતી પણ આજે તમામ જાતની તપાસ એટલે કે ઇ.સી.જી. રિપોર્ટ, લેબોરેટરી રિપોર્ટ વગેરે રિપોર્ટો જોયા પછી જ ખ્યાલ આવે છે કે દર્દીને શું બીમારી છે? તો આ રિપોર્ટો માટે વધુ પડતી મશીનરી અમારા વિસ્તારમાં હોતી નથી. આજે મારા વિસ્તારનો એક સત્ય દાખલો આ ગૃહમાં મારે કહેવો છે. ભાણવડ સી.એચ.સી.માં ફરજ બજાવતા ડોકટર અર્જુન સ્વાદિયાની સાથે ટેલિફોનથી મારે વાત થઇ અને એમણે મને લેખિત પણ આપ્યું છે એમાં એવું કહ્યું છે કે, મારી ફરિયાદ એવી છે કે તેઓ સતત ત્રણ મહિનાથી ૨૪ કલાક સેવા આપી રહ્યા છે, ડોકટરે પોતાની સગાઇ માટે રજાનો રિપોર્ટ આપવા છતાં રજા મંજૂર નહીં કરેલ અને જેને કારણે તેમની સગાઇ પણ તૂટી ગઇ છે. તો આ સરકાર ઘર તોડવાની કામગીરી કરતી હોય એવું લાગે છે. મારા દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચાર ધામ યાત્રા પૈકીનું એક પવિત્ર યાત્રાધામ આવેલું છે, તેમાં વી.આઇ.પી.યાત્રીઓ મેડિકલ ડોકટરોની ટીમને તેમની સાથે મોકલવી પડે છે ત્યારે સમયસર સારવાર મળતી નથી તો એ માટે સરકારે અલગ વ્યવસ્થા કરવી જોઇએ. આજે અમારા ખંભાળીયા વિસ્તારમાં સૌથી મોટી હોસ્પિટલ હોય જેનો લાભ પચાસ ગામના દર્દીઓને થાય છે.

શ્રી કિશોરભાઇ શિ. કાનાણી(વરાછા રોડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ માર્ગ અને મકાન વિભાગની જે માગણી લઇને આવ્યા છે તેમના સમર્થનમાં હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત રાજયની સ્થાપના થયા પછી ઘણાં લાંબા સમય સુધી કોંગ્રેસના શાસનનો લોકોએ અનુભવ કર્યો પરંતુ સારા શાસનનો અનુભવ ના થયો અને તેના કારણે કોંગ્રેસના વિકલ્પરૂપે અને અતિ વિશ્વાસ અને ભરોસા સાથે ૧૯૯૫માં ભારતીય જનતા પાર્ટીને શાસન કરવાનો મોકો આપ્યો. અને ભારતીય જનતા પાર્ટીની સરકાર બન્યા પછી તેની જે કામગીરી શરૂ થઇ તેમાં લોકોને ભરોસો બેઠો. લોકોએ મૂકેલા વિશ્વાસને પરિપૂર્ણ કરવા માટેની કામગીરી શરૂ થઇ અને તેને કારણે લોકોને એવો અહેસાસ થયો કે રાજકીય પાર્ટીઓની અંદર બોલે એટલુ કામ કરી શકે એવી કોઇ પાર્ટી હોય તો એ ભારતીય જનતા પાર્ટી છે.

માનનીય અધ્યક્ષશ્રી, લોકોએ અનુભવ્યું કે ભારતીય જનતા પાર્ટી તે દીર્ઘ દ્રષ્ટિ ધરાવતી સરકાર છે. લોકોએ એ પણ જોયુ કે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ઇચ્છાશકિત કામ કરવા માટેની છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર કેવી છે અને વિભાગ કેવું કામ કરે છે તેનો હું એક જ દાખલો આપવા માગું છું. સરકારી કચેરીઓ તો સરકારી કચેરીઓની જયારે વાત આવે એટલે આપણી

સમક્ષ એક એવું ચિત્ર અને એક એવી કલ્પના થાય કે ખખડધજ મકાનો હોય, વરસાદનું પાણી કચેરીમાં ના આવે એટલે ઉપર તાડપત્રી કે પ્લાસ્ટીક બાંધ્યુ હોય અને વરસાદનું પાણી એક જગ્યાએ ઉતરે ત્યાં એક ડોલ પડી હોય, ટેબલ ઉપર ફાઇલો પડી હોય અને તેને પ્લાસ્ટીક ઢાંકયુ હોય, તૂટેલું ફૂટેલું ફર્નિચર હોય અને આપણે ખુરશીમાં બેસવું હોય તો ધ્યાન રાખીને બેસવું પડે નહીંતર ચીપટી આવી જાય, ગંદકીથી ભરેલું હોય, પંખા કયારેક કયારેક ચાલતા હોય અને કામ માટે આવેલા લોકોને બેસવાની કોઇ જગ્યા ના હોય, પીવાના પાણીની કોઇ વ્યવસ્થા ના હોય.

ઉપાધ્યક્ષશ્રી : આપની પાસે એક મિનિટ છે.

શ્રી કિશોરભાઇ શિ. કાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ ભારતીય જનતા પાર્ટીની સરકારે તેનું ચિત્ર બદલી નાંખ્યુ છે સુંદર એલીવેશન સાથેના ભવ્ય મકાનો બનાવ્યા, સુંદર આરામદાયક ટેબલ ખુરશી બનાવ્યા, હવા-ઉજાસ સંપૂર્ણપણે હોય અને મુલાકાતીઓ આવે તેને ઠંડુ અને શુદ્ધ પાણી પીવા માટે મળે. અને આ તમામ કચેરીઓ અલગ અલગ જગ્યાએ હોય આપણે ત્રણ કામ માટે જવુ હોય તો ત્રણે દિશામાં દોડવુ પડે અને પેટ્રોલ,ડિઝલ, સમયનો દુર ઉપયોગ થાય. જયારે ભારતીય જનતા પાર્ટીએ તમામ કચેરીઓ એક જ ભવનમાં એકઠી કરી. વ્યકિત કામ લઇને આવે પછી તે કોઇ પણ વિભાગનું કામ હોય તેનું એક જ જગ્યાએ કામ થઇ જાય અને એટલા માટે માગણી તો એને કરવી પડે જેને કામ કરવું હોય. અને એટલા માટે મને એક વાત નથી સમજાતી કે, માગણીઓ થાય, વિપક્ષના સભ્યશ્રીઓ કાપદરખાસ્ત રજૂ કરે, ચર્ચામાં ભાગ લે અને વાત કરે કે આવું કરવું જોઇએ, આમ કરવું જોઇએ, સૂચનો કરે, કામની માગણી કરે તો કાપ દરખાસ્ત શા માટે લાવો છો?

શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના મંત્રીશ્રી અને માનનીય માર્ગ અને મકાન વિભાગના મંત્રીશ્રી માગણી નંબર- ૩૯, ૪૦, ૮૫ અને ૮૬ લઇને આવ્યા છે તેના ઉપર મારાં નક્કર સૂચનો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી નીતિનભાઇનો આભાર માનું છું, હું આભાર માનું છું બાંધકામ વિભાગના તમામ આદરણીય અધિકારીશ્રીઓનો કે, મને ૨૦૧૩-૧૪ અને ૧૫ના વર્ષમાં ટોટલ ૪૨ કામો મંજૂર કરીને આપ્યાં હતાં અને ૪૨ કામો મંજૂર થયાં એની ટોટલ રકમ ૮૨ કરોડ ૮ લાખ રૂપિયા હતી. હું એટલા માટે એમનો આભાર માનું છું કે, ૮૨ કરોડ ૮ લાખ રૂપિયા મને મંજૂર કરીને આપેલા પણ જે ખર્ચ થયો એ ૨૦૧૨-૧૩-૧૪ અને ૧૫માં ૧૨ કરોડ અને ૬૩ લાખ રૂપિયાનો થયો હતો એટલે ૧૪ જેટલા રસ્તાના કામો જે કોન્ટ્રાક્ટરોને આપ્યા. રાજકોટ અને મહેસાણા તરફના જે કોન્ટ્રાક્ટરો હતા એ કોન્ટ્રાક્ટરોએ આ ૧૪ જેટલાં કામો ચાલુ કર્યા, પણ અધૂરા કામો છોડીને જતા રહ્યા. આજ સુધી આ કામો થયાં નથી કારણ કે એક જ અધિકારી છે. એક ડેપ્યુટી એન્જીનીયર રાઠવા હતા એને પ્રમોશન મળી ગયું, હવે એક અધિકારી એસ.ઓ. છે પરીખ, એ પરીખ સિવાય બાંધકામમાં કોઇપણ છોટાઉદેપુરના છ એ છ તાલુકા છે એમાં ત્રણ તાલુકામાં ડેપ્યુટી એન્જીનીયરો આજે ત્રણ ત્રણ વર્ષથી નથી. પાવી જેતપુર તાલુકાના ટી.ડી.ઓ. પણ બે વર્ષથી નથી એટલે જે કેટલાક કામોનો એસ્ટીમેટ બનાવવાનો છે એ એસ્ટીમેટ પણ બનતા નથી. આ જે ૨૮ કામો મંજૂર કરેલા એમાંથી એક પણ કામ આજ સુધી થયું નથી. આ પ્રશ્ન મેં વિધાનસભામાં પૂછેલો, તો એમ કહેવામાં આવ્યું કે, કામ પ્રગતિમાં છે, ટેન્ડર પ્રક્રિયા ચાલુ છે, અંદાજ બનાવવાની પ્રક્રિયા ચાલુ છે આવો જવાબ મને વિધાનસભામાં મળ્યો, પણ માનનીય મંત્રીશ્રીને મારી એટલી જ વિનંતી છે કે, કામો તો મને આપ્યા છે, ૩૩ કરોડનો ઓરસન નદીનો નવો પુલ તેજગઢથી રાયસિંઘપુરા સુધી જવા માટે આઝાદીના ઇતિહાસમાં આ પહેલી વખતે મંજૂર કરી આપ્યો. એ ૨૦૧૩માં મંજૂર થયો, પણ હજી સુધી એમ કહેવાય છે કે, એના ટેન્ડર બનાવવાની પ્રક્રિયા ચાલુ છે, તો આ પુરું કયારે થશે? ૨૦૧૭ની ચૂંટણીઓ સુધીમાં આ પુલ જોવાશે કે કેમ? એની પણ મને ચિંતા છે. મારે માનનીય મંત્રીશ્રીને એટલું જ કહેવાનું છે કે, તમે મને ભીલપુરથી માલુ, ચાર કિલોમીટરનો રસ્તો બે કરોડ અને ૨૫ લાખ રૂપિયાનો મંજૂર કરી આપ્યો, ભાટાથી ચોકડી ૪.૬૦ કિલોમીટરનો રસ્તો ૩ કરોડ અને ૨૫ લાખ રૂપિયા મને મંજૂર કરી આપ્યા. ઘડા ગામથી મેંદરપાની એ પણ ત્રણ કિલોમીટર લંબાઇનો રસ્તો એક કરોડ પંચાવન લાખ રૂપિયાનો મંજૂર કરીને મને આપ્યા. દસ વર્ષથી આ રસ્તા ઉપર મેટલ અને નાળાં બની ગયેલા છે. દસ વર્ષથી મેટલ અને નાળા બની ગયા હોવા છતાં એમાં જંગલ ખાતાનો થોડો ભાગ આવે છે એટલે જંગલ ખાતું આ કામ વહેલામાં વહેલી તકે મંજૂર કરી આપે તો આ ૩ કરોડ ૨૫ લાખ, ૨ કરોડ ૨૪ લાખ અને ૧ કરોડ ૫૫ લાખના રસ્તા મંજૂર થયા છે એ કામો વહેલામાં વહેલી તકે પૂરા થઇ શકે.

માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે જે રોડ બન્યા હોય એના ઉપર ફરીથી સાત વર્ષે રીકાર્પેટીંગ થવું જોઇએ. અમે તા. ૫-૨-૨૦૧૪ના રોજ ૨૮૫ કામોની દરખાસ્ત મોકલી હતી પરંતુ એમાંથી ફકત ૨૫ રસ્તાઓની જ સરકારે જોગવાઇ કરી છે અને ૨૫૨ કામો રહી ગયા છે. આ રસ્તાઓ બન્યાને સાત વર્ષ થઇ ગયા છે એટલે એ બધા કામો માટે બજેટમાં જોગવાઇ કરવી જોઇએ એવી મારી વિનંતી છે.

આદિવાસી વિસ્તારના ૪૯ જેટલા તાલુકાઓની અંદર મોટા મોટા ડેમો બન્યા છે. એ બધામાં આદિવાસીભાઇઓની જ જમીનો ગઇ છે એમની જમીન જ ડૂબમાં ગઇ છે એવા તમામ લોકો આજે ફળિયામાં રહે છે. ૨૫૦ માણસો વસતા હોય ત્યાં રસ્તો બનાવી આપવો જોઇએ પરંતુ જયાં પાવરફૂલ માણસો હોય એ રસ્તો બનાવી લે છે અને નબળા લોકોને રસ્તો મળતો નથી.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગના આદરણીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ માગણી ક્રમાંક ૮૬ માં ૫૫૪૫ કરોડનું બજેટ લઇને આવ્યા છે એના સમર્થમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

કોઇપણ રાજયના વિકાસ માટે એની આંતરિક માળખાકીય સવિધાઓ ખૂબ સારી હોય એ રાજયનો વિકાસ ખૂબ ઝડપથી થતો હોય છે. માનનીય નીતિનભાઇ સાહેબની નીતિ, એમની નિયત અને એમની નેમ આ ગુજરાતના વિકાસને તેજ ગતિએ લઇ જવા એમણે આગોતરૂ આયોજન કર્યું છે એના માટે આદરણીય મુખ્યમંત્રી સાહેબ અને આ વિભાગના મંત્રીશ્રી નીતિનભાઇને જેટલા પણ અભિનંદન આપીએ એટલા ઓછા છે. એના માટે સંસ્કૃતમાં સરસ શબ્દોમાં કહ્યું છે '' દીર્ઘ પષ્યત મા રસ્વમ્, મા પષ્યત્ અપરમ્'' એટલે કે દીર્ઘદ્રષ્ટિ રાખીને વિરોધપક્ષ પ્રત્યે કોઇપણ જાતની સંકુચિતતા રાખ્યા સિવાય કામગીરી કરી છે. પ્રશ્નોત્તરી કાળ દરમિયાન આદરણીય શંકરસિંહ સાહેબના જિલ્લાના કપડવંજ જેવા વિસ્તારમાં બે વર્ષમાં ૬૮ જેટલા રસ્તાઓ મંજૂર કરી આપ્યા છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકારનો લક્ષ અને ઘ્યેય છે કે સમગ્ર ગુજરાતનો સર્વગ્રાહી વિકાસ થાય એ પરિપેક્ષમાં કામગીરી થઇ રહી છે. હવે જયારે વિકાસની જ વાત હોય અને એમાં કોંગ્રેસના મિત્રો કાપ દરખાસ્તો લાવે એ મારી દ્રષ્ટિએ વિકાસમાં * (×××) કામ કરી રહ્યા છે.

ઉપાઘ્યક્ષશ્રી : *(×××) શબ્દ રેકર્ડમાંથી દૂર કરૂ છું.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : પરમ દિવસે માનનીય સભ્યશ્રી કરમશીભાઇ કહેતા હતા કે અમારે ત્યાં ઉબડ ખાબડ રોડ છે એ તો ભૂતકાળ હતો. આજે તો ૧૮ હજાર જેટલા ગામો અને ૧૬૨૪૫ જેટલા પરાઓ સારી ગુણવત્તાવાળા રસ્તાના નેટવર્કથી જોડાઇ ગયા છે એના માટે આ વિભાગના અધિકારીઓને જેટલા પણ અભિનંદન આપીએ એટલા ઓછા છે. માનનીય અઘ્યક્ષશ્રી, હું પોતે એન્જિનિયર છું. મેં આ કામગીરી કરેલી પણ છે અને અત્યારે પ્રત્યક્ષ નિહાળી રહ્યો છું. હમણાં જ વાત થઇ. હિંમતનગરથી અંબાજી. દેશ-વિદેશના કરોડો શ્રદ્ધાળુઓ અહીં ગુજરાતમાં યાત્રાધામોના દર્શનાર્થે આવે તે તમામ યાત્રાધામોના રસ્તા ચારમાર્ગી બનાવવા માટે ગુજરાત સરકારે ૮૭૦ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ ફાળવી અને એ કામગીરી ચાલુ છે. તેનો આપણે સૌએ આનંદ લેવો જોઇએ.

બીજી એક મહત્વની વાત. ગુજરાત સરકારે નાના મોટાં ૪૩૨૪ પુલનું નિર્માણ કાર્ય છેલ્લા કેટલાક વર્ષોમાં કર્યું. તે પુલો સિવાય પણ આપણે જે રેલ્વેના ઓવરબ્રિજ હતા તેમાં ૨૩ ઓવરબ્રિજનું નિર્માણ કાર્ય કર્યું. સમય ઓછો છે છતાં હું સાબરકાંઠાની વાત કરું અને તેમાં હિંમતનગર તાલુકાની વાત કરું તો છેલ્લા ત્રણ વર્ષમાં ૪૬૯ કામો સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં ૯૯૩ કરોડ રૂપિયાના મંજૂર કર્યા હતા. તેમાં ખાસ કરીને હિંમતનગર તાલુકામાં ૧૦૮ કામો કુલ ૧૫૫ કરોડ રૂપિયાના મંજૂર કર્યા તે બદલ આદરણીય નીતિનભાઇ સાહેબનો હું ખૂબ ખૂબ આભાર માનું છું અને મિત્રોને વિનંતી કરું છું કે વિકાસના આ પથમાં એવું ન થાય કે ' મૈં કહાં રહતા હૂં, મુજે અપને આપ કા પતા નહીં, રાહી હૂં મગર મંઝિલ કા પતા નહીં. ' મેરામણભાઇએ એવું કહ્યું કે આ ઘર ભાંગવાની વાત છે. અમે એવું કહીએ છીએ કે સમાજને જોડવો છે. આ રસ્તાઓ અમે જોડ્યા, આ માર્ગ અમે જોડ્યા.

ઉપાઘ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી મિતેશભાઇ ક. ગરાસિયા(ઝાલોદ) : માનનીય અઘ્યક્ષશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માગણી નં. ૩૯ અને ૪૦ ઉપર મારા વિચારો રજૂ કરું છું.

આરોગ્ય અને પારિવાર કલ્યાણ વિભાગ દ્વારા રાજયમાં શહેરી આરોગ્ય સેવાઓ અને ગ્રામ્ય આરોગ્ય સેવાઓ આપવામાં આવે છે અને આ વિભાગ દ્વારા રાજયના સૌ નાગરિકોને આરોગ્યની માળખાકીય સુવિધાઓ પૂરી પાડવાની સરકારની જવાબદારી હોય છે. આ જ વિભાગ દ્વારા તબીબી શિક્ષણ અને તબીબી તાલીમ પણ સંકળાયેલો વિભાગ છે. સાથે સાથે જાહેર આરોગ્ય અને શાળા આરોગ્ય પણ આવી જાય અને પ્રસૂતા, બાળ આરોગ્ય, માતા આરોગ્ય સેવાનો પણ સમાવેશ થાય છે. રાજય સરકાર દ્વારા આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડવા વિવિધ યોજનાઓનો પ્રચાર કરવામાં આવે છે અને સરકારની વાહ-વાહ બોલાવાતી હોય છે. જેમ કે માં કાર્ડ. મા વાત્સલ્ય કાર્ડ જેવી યોજનાઓથી સરકાર પોતાના વખાણ કરતા થાકતી નથી. આ માં કાર્ડ ફકતને ફકત મોટા રોગો માટે અને મોટા ખર્ચ માટે જ લાભકર્તાઓને લાભ આપી શકે છે અને ગુજરાતના મોટા શહેરો જેવા કે વડોદરા, અમદાવાદના નક્કી કરેલા ૬૮ જેટલા દવાખાનાઓમાં જ આ યોજનાનો લાભ મળે છે. એટલે મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આ કાર્ડનો વ્યાપ જિલ્લા કક્ષાની હોસ્પિટલોએ પણ મળી રહે એના માટે જિલ્લા કક્ષાની હોસ્પિટલોને સુદ્રઢ બનાવવી જોઇએ અને વ્યવસ્થા આપવી જોઇએ. હું વાસ્તવિક વાત કહેવા માગું છું. શહેરી વિસ્તારોમાં મોટાં મોટાં દવાખાનાઓ કાર્યરત છે પરંતુ અમારા વિસ્તાર જેવા કે પંચમહાલ અને છેવાડાનો જિલ્લો દાહોદ કે જયાં આરોગ્યની સારવારના નામે મીંડું છે. આજ પણ ત્યાં જિલ્લા લેવલની હોસ્પિટલોમાં પણ અપૂરતી સુવિધાઓના લીધે દર્દીઓ આરોગ્યની સેવાઓથી વંચિત રહે છે. દા.ત. જિલ્લા કક્ષાની હોસ્પિટલોમાં પણ ડોકટરોની ઘટ, સ્ટાફની ઘટ, દવાઓની ઘટ અને યોગ્ય સુવિધાના અભાવે દર્દીઓ રઝળતા હોય છે. આવી ડિસ્ટ્રીકટ લેવલની હોસ્પિટલોમાં ટ્રોમા સેન્ટર પણ હોવા જોઇએ અને જયારે તાત્કાલિક આકસ્મિક સારવાર લેવાની થાય, એક કરતા વધારે ઇજાઓ જેવી કે પોલીટ્રોમા, મલ્ટીટ્રોમા જેવી એકસીડેન્ટલ ઇન્જરીમાં દર્દીઓને સ્થાનિક લેવલે ઇવન ઇમર્જન્સી લેવલની પણ પ્રાથમિક સારવાર મળતી નથી. માટે વડોદરા કે અમદાવાદ જેવા શહેરો તરફ જવું પડે છે અને ઘણીવાર દર્દીઓ રસ્તામાં જ દમ તોડી દેતા હોય છે. સરકારે આવા સેટઅપમાં વહેલી તકે સુવિધા ઉભી કરવી જોઇએ. આ પછાત જિલ્લાઓ કે જયાં ૯૦ ટકા આદિવાસી વસતિ આવેલી છે અને આ જિલ્લાને મેડિકલ પોલીસી પણ આપવી જોઇએ. ભૂતકાળની ચૂંટણીઓમાં તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે પણ જાહેર સભામાં જાહેર કરેલું. આ દાહોદ જિલ્લાને મેડિકલ કોલેજ આપીશું. પણ મારે ઘ્યાન દોરવું છે કે આજ સુધી મેડિકલ કોલેજના પાયા પણ ખોદાયા નથી. આ વિધાનસભાગૃહમાં સભ્યો આરોગ્યની સેવા માટે સરકારના વખાણ કરતા થાકતા

* આ શબ્દ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવામાંથી દૂર કરવામાં આવ્યા.

નથી પરંતુ અમારા જિલ્લા અને ત્યાંની આરોગ્યની સેવા માટેની વાસ્તવિકતા અલગ છે. મારા ઝાલોદ મત વિસ્તારના સીએચસીની વાત કરું તો છેલ્લા વીસ વર્ષથી મુખ્ય ડોક્ટરોની જગ્યાઓ ખાલી છે. એમાં ગાયનેકોલોજીસ્ટ નથી, સર્જન નથી અને સ્પેશ્યાલિસ્ટનું મહેકમ બોલે છે પણ ડૉક્ટરોની ભરતી કરાઈ નથી. સીએચસીનું દવાખાનું હોવા છતાં સારણ ગાંઠ, ગુમડાને ચીરો મૂકવો, નાની રસોળી કાઢવી જેવા માઇનોર ઓપરેશન પણ આપણે ત્યાં કરી શકતા નથી. ત્યાં મોટા મોટા મશીનો છે પણ એ વર્ષોથી ધૂળ ખાય છે. આ તાલુકા કક્ષાનું સામુહિક આરોગ્ય કેન્દ્ર છે અને ૫૦ બેડની હોસ્પિટલ હોવા છતાં નાનું રસોળીનું ઓપરેશન પણ ન થઇ શકતું હોય તો રાજ્ય સરકારની આરોગ્યની સુવિધા ક્યાં છે? માનનીય નીતિનભાઇનું ધ્યાન દોરું છું કે ઝાલોદના આ સીએચસીમાં એન્ટી સ્નેક વેક્સીનના ઇન્જેક્શન પણ હોતા નથી. ગામડાંના લોકોને રાત્રે સાપ કરડે ત્યારે તેઓ સીએચસીમાં જાય તો ત્યાં આવા ઇન્જેક્શન નથી એટલે એ દર્દીને દાહોદની જિલ્લા કક્ષાની હોસ્પિટલમાં રીફર કરવામાં આવે છે. ત્યાં પણ આવા ઇન્જેક્શન ઘણીવાર હોતા નથી એટલે દર્દીનું મૃત્યુ થાય છે. એક્ષરે મશીન નથી, એક્ષરે ટેક્નીશીયન નથી, બ્લડ બેંક પણ નથી. આ દવાખાનામાં સગર્ભા કુપોષિત અને એનિમિક હોય છે અને એ પ્રસૂતા પ્રસૂતિ માટે આવે છે ત્યારે અપૂરતી સુવિધાઓના કારણે પ્રસૂતા અને શિશુના મોત થાય છે. એટલે આ તાલુકાની પેરીફેરીની આ હોસ્પિટલમાં સુવિધા આપવી જોઇએ જે આપવામાં આ સરકાર સદંતર નિષ્ફળ ગઇ છે. મારા મત વિસ્તાર અને ગામડાંના પીએચસીમાં અને સબ સેન્ટરો એમ બધી જ જગ્યાએ આવી હાલત છે. પૂરતા ડૉક્ટરો નથી, પૂરતી સુવિધાઓ નથી અને અંતરિયાળ વિસ્તારોમાં બહારના ડિગ્રી વગરના ડૉક્ટરો દર્દીઓના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતા હોય છે એ બાબત પણ સરકારે ગંભીરતાથી લેવી જોઇએ. દાહોદ જિલ્લામાં સિંચાઇની અપૂરતી સુવિધા હોવાના કારણે રોજગારીનું સાધન નથી. શિક્ષણનું પ્રમાણ પણ ખૂબ ઓછું છે. એના કારણે બેરોજગાર યુવાનો પોતાના પરિવાર સાથે વડોદરા, અમદાવાદ અને સુરત જેવા શહેરો જોવામાં મજૂરી કરવા આવે છે. એમને રહેવા માટે કોઇ વ્યવસ્થા હોતી નથી. ત્યારે તેઓ રસ્તાની આજુબાજુ રઝળતા હોય છે. ત્યારે એમને રહેવા માટે રૈનબસેરા જેવી વ્યવસ્થા કરવી જોઇએ. એમની સાથે નાના બાળકો પણ હોય છે ત્યારે ત્યાં એમને આરોગ્યની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવી જોઇએ. આવા શ્રમિકોને આરોગ્ય અને રહેઠાણની વ્યવસ્થા આપવી જોઇએ. એ આ સરકાર આપતી નથી. એના બદલે આ સરકાર ફક્તને ફક્ત મોટા મોટા વાયદા કરે છે.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડિયા(ઠક્કરબાપાનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મજબૂત આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ માગણી નં. ૩૯ અને ૪૦ લઇને આ સભાગૃહમાં આવ્યા છે તેને હું આવકારું છું અને એના સમર્થનમાં મારી વાત કહેવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યની અને એશિયાની મોટામાં મોટી સરકારી હોસ્પિટલ ગણાય છે. જેની છાપ પહેલાં ખૂબ જ ખરાબ હતી. ઉપરથી પાણી પડતું હોય એવી ખખડધજ હોસ્પિટલ હતી. આજે એ નવા રૂપરંગ લઇને આવી છે એ અમદાવાદની સિવિલ હોસ્પિટલની વાત કરવા માગું છું. આઇ લવ સિવિલ હોસ્પિટલ, આઇ લવ સિવિલના ડૉક્ટર્સ એન્ડ સર્વિસીઝ. ગુજરાત જ્યારે મેડિકલ ક્ષેત્રે હબ બની રહ્યું છે ત્યારે આ સરકારી સિવિલ હોસ્પિટલની ગુણવત્તાસભર સુવિધા મળવાથી લોકોનો સિવિલ હોસ્પિટલ ઉપર વિશ્વાસ વધ્યો છે, આ સરકારી હોસ્પિટલો ઉપર વિશ્વાસ વધ્યો છે. આ સિવિલ હોસ્પિટલમાં આજુબાજુના રાજ્યના રાજસ્થાનના અને મધ્યપ્રદેશના ખૂબ જ દર્દીઓ આવે છે અને સારામાં સારી સારવાર મેળવે છે. સિવિલ હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતિનો સભ્ય છું. જેથી વારંવાર હોસ્પિટલની મૂલાકાત લેવાની થતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં હોસ્પિટલના કીડની વિભાગની મુલાકાત દરમિયમાન દર્દી અમીનાબેન આદમભાઇ હળવદના વતનીની કીડની ટ્રાન્સપ્લાન્ટ કરેલ જે શરીરમાં કાપો મૂક્યા વગર સફળ રોબેટીક કીડની પ્રત્યારોપણ કરેલ છે જે તબીબી ક્ષેત્રે અજોડ અને અભૂતપૂર્વ છે. જે વિશ્વમાં પ્રથમ વખત અમદાવાદની કીડની હોસ્પિટલમાં આ પ્રત્યારોપણ કરવામાં આવેલ છે. હું સમજીને બોલું છું આ પ્રથમ વખત થયેલ છે. વિશ્વમાં ક્યાંય આવું થયેલ નથી. કાપો મૂક્યા વગર કરેલ છે. ડો. એસ. એલ. ત્રિવેદી અને તેમના નીચેના ડો. પ્રાંજલ મોદી અને સમગ્ર ટીમ અભિનંદનને પાત્ર છે. કહેવત છે કે ભાગ્યશાળીને ભૂત રળે. જેમ રાજા વિક્રમ પાસે વૈતાલ હતો તેમ આપણા કીડની વિભાગ પાસે ડાવીન્સી નામનો આ રોબોટ છે. માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પાસે આ રોબોટ છે ડાવીન્સી એ વીર વૈતાલની જેમ કામ કરે છે. આ જે રોબોટ થી ૨૩૦ સફળ કીડની પ્રત્યારોપણ અને ૧૫૦ થી વધારે લીવર ટ્રાન્સપ્લાન્ટ થયેલ છે. આ પ્રકારના લીવર પ્રત્યારોપણના ઓપરેશન ખર્ચ સામાન્ય રીતે બીજી હોસ્પિટલોમાં ૪૦ લાખથી વધારે થતા હોય છે. જયારે આપણે ત્યાં આ કીડની હોસ્પિટલમાં માત્ર ૧૩ લાખમાં જ થાય છે. આ ડો. પ્રાંજલ મોદીને લંડન, ઓસ્ટ્રેલીયા, સિંગાપુર, જર્મની, ઇરાક, અમેરીકા વગેરે દેશોએ તેમના ખર્ચે પ્લાન્ટને લગતા કોન્ફરન્સ માટે આમંત્રીત કરેલ છે જેથી વિદેશમાં ગુજરાતનું નામ રોશન કરેલ છે. અત્યારે ગુજરાતમાં ડોકટરોની શોર્ટેજ હોય ત્યારે મેડિકલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને મુખ્ય મંત્રી યુવા સ્વાવલંબી યોજના મારફતે દરેક વર્ષે બે બે લાખ રૂપિયા એમ.બી.બી.એસ. અને ડેન્ટલના વિદ્યાર્થીઓ પ્રથમ આવતા હોય દસ ટકા એમને દર વર્ષે બે બે લાખ રૂપિયા પાંચ વર્ષ સુધી રાજ્ય સરકાર ભોગવે છે. બાકી સિવિલ એન્જીનીયરીંગ, મીકેનીકલ, ઓટોમોબાઇલ, કોમ્પ્યુટર જેવા કોર્ષોમાં પણ ૫૦ ટકા ફી આપવામાં આવે છે. હું એક છાત્રાલય સાથે સંકળાયેલો છું. આ છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને પણ દર મહિને ૧૨૦૦ રૂપિયા આપવામાં આવે છે જે ૮૫૦ વિદ્યાર્થીઓનીઓ છે તેમાં ૧ કરોડ ૨ લાખ રૂપિયા વર્ષે મળશે.

શ્રી કેસરીસિંહ જે. સોલંકી(માતર) : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગની માગણી નં. ૮૬ લઇને માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ આવ્યા છે તેમાં મારું સમર્થન આપુ છું અને તેમાં મારા વિચારો રજૂ કરું છું. માર્ગ અને મકાન વિભાગ હેઠળ જે કામગીરી કરવામાં આવી રહી છે તે રાજ્ય સરકારે જેટલું પણ બજેટ ફાળવ્યું છે તેનો પૂરેપૂરો ઉપયોગ કરવામાં આવે છે. મારા ખેડા જિલ્લાની વાત કરું તો જિલ્લામાં રાજ્ય ધોરી માર્ગ અને ગ્રામ્ય માર્ગની જેટલી પણ જરૂરિયાત હતી તે મુજબ મંજૂરી આપી

દીધી છે. સાત મીટર હતા એને દસ મીટર પહોળા કરવાની પણ મંજૂરી આપી છે. મારા મત વિસ્તારમાંથી એક તાજેતરમાં વિધાનસભામાં મારા સામે જે લડયા હતા કોંગ્રેસમાંથી એ હારી ગયા હતા અને હું જીતીને આવ્યો છું. એમના પત્ની તાલુકા પંચાયતના પ્રમુખ છે અત્યારે હાલ અને પતિ અત્યારે ગામડે ગામડે ફરીને એવું કહે છે કે રસ્તા મંજૂર કરવાના હોય તો હું કરાવી લાવું. મારા મત વિસ્તારમાંથી એક ભાઇનો ફોન આવેલો તારીખ. ૧૧-૩-૨૦૧૬ના રોજ અને કોંગ્રેસના પ્રમુખ ઘરે જઇને કહે કે અમે આ રસ્તો મંજૂર કરી લાવીએ. મારે એમને કહેવું પડ્યું કે ભાઇ, રહેવા દો, ભારતીય જનતા પાર્ટીની સરકાર છે અને રસ્તો નોન પ્લાન છે. અત્યાર સુધી મંજૂરી આપતા ન હતા પણ હવે એને મંજૂરી આપી છે. પછી પેલા ભાઇ, જેણે મને ફોન કર્યો હતો એમણે કહ્યું કે કોંગ્રેસના પ્રમુખ શ્રી કાળીદાસ તો એમ કહે છે કે રસ્તો મેં મંજૂર કરાવ્યો છે. મારે કહેવું પડ્યું કે અગાઉની સરકારમાં શંકરસિંહ બાપુ વૌઠાના પુલનો પથ્થર મૂકીને ગયા હતા એની હજી ઠોકરો વાગે છે. આ દાખલો આપીને કહેવું પડ્યું કે જે તે વખતના ધારાસભ્ય અને હાલના સંસદસભ્ય શ્રી દેવુસિંહ ચૌહાણ, મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇ સાહેબે રજૂઆત કરી અને તાત્કાલિક વૌઠાનો પુલ મંજૂર કર્યો અને આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે એ પુલનું ખાતમુહૂર્ત કર્યું અને લોકાર્પણ હાલના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના હસ્તે કરવામાં આવેલ છે. નવા બજેટમાં મુખ્યમંત્રી ગ્રામ્ય સડક યોજના દ્વારા નોન પ્લાનના રસ્તા, દરેક ગામને જોડતા રસ્તાની મંજૂરી આપવાનું નક્કી કરેલ છે. મારે કોંગ્રેસના મિત્રોને કહેવું છે કે પહેલાની સરકારોમાં તમે જુઓ અને હાલમાં ૨૫-૩૦ કિલોમીટરના અંતરે જાઓ તો ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ગમે તે નાનું મોટું કામ ચાલતું હશે. આને કહેવાય ગતિશીલ ગુજરાત અને પ્રગતિશીલ ગુજરાત. મને ગૌરવ એ વાતનું છે કે હું એ પાર્ટીનો ધારાસભ્ય છું. ગતિશીલ ગુજરાતના પ્રણેતા શ્રીમતી આનંદીબેન પટેલની સરકારે માર્ગ અને મકાન વિભાગ થકી સારા રસ્તાઓ બનાવ્યા છે. આજે ગામે ગામથી અને પરાઓમાંથી વિદ્યાર્થીઓ આવતા હતા એમને સારું ભણતર પણ મળી રહ્યું છે. જિલ્લાની જરૂરિયાત પ્રમાણે વિવિધ વિકાસના કામો પૂર્ણ થયા છે અને ગતિશીલ ગુજરાતના પ્રણેતા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને અમારા પ્રભારી અને માર્ગ અને મકાન મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, વિધાનસભાના મુખ્ય દંડક શ્રી પંકજભાઇ દેસાઇ સાહેબ, ખેડા જિલ્લાના સંસદસભ્યશ્રી દેવુસિંહ ચૌહાણ સાહેબનો આભાર માનીને માતર વિધાનસભા વતી એમનો પણ ખૂબ ખૂબ આભાર માનું છું.

શ્રી જનકભાઇ મ. કાછડિયા (પટેલ) : માનનીય અધ્યક્ષશ્રી, ગતિશીલ ગુજરાતના માર્ગ અને મકાન મંત્રી આદરણીય શ્રી નીતિનભાઇ પટેલ સાહેબ વામન સ્વરૂપમાં વિરાટ પગલાંઓ ભરી રહ્યા છે તેના ભાગરૂપે રહેણાંકના મકાનો માટેની માગણી નં. ૮૫ લઇને આવ્યા છે તેમાં મહેસૂલી ખર્ચ પેટેની માગણીની રકમ રૂપિયા ૧૭૨ કરોડ ૧૦ લાખ ૭૯ હજાર અને મૂડી ખર્ચ પેટેની રકમ રૂપિયા ૨૬૩ કરોડ ૭૯ લાખ ૪૫ હજાર એટલે કે કુલ રકમ રૂપિયા ૪૩૫ કરોડ ૯૦ લાખ ૨૪ હજાર થાય છે તેવી તેઓશ્રીની માગણીઓને અનુમોદન આપવા માટે ઉભો થયો છું અને એમાં ખાસ કરીને આ રાજ્યના કર્મયોગીઓ માટેના રહેણાંકના મકાનો માટેની માગણી છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગ દ્વારા રહેણાંક અને બિન રહેણાંકના મકાનો માટે વર્ષ ૨૦૧૬-૧૭ માટે રૂપિયા ૨૯૦ કરોડની જોગવાઇ કરેલ છે. જેમાંથી રૂપિયા ૨૪ કરોડની જોગવાઇ ટ્રાયબલ મકાનો માટેની છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા નવા મકાનોનું બાંધકામ અને જૂના મકાનોની જાળવણીની કામગીરી હાથ ધરવામાં આવી છે. શહેરી વિસ્તારમાં જમીનની મર્યાદા હોય છે તેથી રાજ્ય સરકારે આ વાતને ધ્યાને લઇ રાજ્ય સરકારના કર્મચારીઓ માટેના રહેણાંક માટે બહુમાળી ટાવરો અને નાના શહેરોમાં એકથી ત્રણ મજલા સુધીના ફ્લેટ ટાઇપના મકાનો બાંધવાની નીતિનો અભિગમ અપનાવ્યો છે. ગરવી ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના ભારત દેશના વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે રાજ્ય સરકારના કર્મચારીઓને કર્મયોગી તરીકે જ્યારે બિરુદ આપ્યું હોય ત્યારે આ કર્મયોગીઓને એનો પરિવાર સ્વમાન અને સ્વાભિમાન સાથે સરકારી મકાનમાં રહી શકે તે માટે બનાવવામાં આવતા ક્વાર્ટર અને બહુમાળી મકાનોમાં અદ્યતન ફ્લોરીંગ, ફીક્સ ફર્નિચર, આર.સી.સી.ની ભૂકંપ પ્રતિરોધક ડિઝાઇન લીફ્ટની સુવિધા, વૃક્ષારોપણ, વરસાદી પાણીના સંચય માટેની વ્યવસ્થા તેમજ આંતરિક રસ્તા સાથેના બાંધકામનો સમાવેશ કરવામાં આવે છે. મારા સાથી ધારાસભ્ય કિશોરભાઇ કાનાણીએ વાત કરી એમ અત્યારે જાણે મોટી કોર્પોરેટ કંપનીની ઓફિસો હોય એ ટાઇપના વહીવટી ભવનોનું નિર્માણ થઇ રહ્યું છે. એમણે જૂની ઓફિસોની પણ વાત કરી. એક ખુરશી હોય તો એનું જમણું હેન્ડલ તૂટી ગયેલું હોય, ટેબલના પાયા હલતા હોય, ભોંયતળિયું તૂટી ગયેલું હોય, છતમાં ગાબડા પડી ગયા હોય એ પ્રકારની જૂની ઓફિસોનું ચિત્ર આપણને યાદ આવે છે.

આદરણીય અધ્યક્ષશ્રી, મને એક વાત યાદ આવે છે. હું પ્રાથમિક શાળામાં ધોરણ પાંચમાં ભણતો હતો ત્યારે મારો મિત્ર સુનીલ એક દિવસ શાળાએ આવ્યો. ચોમાસાનો સમય હતો. સુનીલના બધા પુસ્તકો પલળી ગયા હતા. મેં વાત કરી કે સુનીલ તારા પુસ્તકો કેમ પલળી ગયા છે? તો રડતાં રડતાં સુનીલ જવાબ આપે છે કે મારા ઘરમાં ચારે બાજુથી ખૂબ પાણી પડે છે. છતમાંથી પણ પાણી પડે છે એના હિસાબે મારા પુસ્તકો પલળી ગયા છે તો મેં એને વાત કરી કે સુનીલ તારા પિતાશ્રી આળસુ લાગે છે કે ઘરનું રિપેરીંગ નથી કરાવતા? ત્યારે સુનીલે વાત કરી કે હું એક સરકારી કર્મચારીનો દીકરો છું અને સરકારી મકાનમાં રહુ છું. એટલે આ મકાનની આવી હાલત છે. આ ભૂતકાળ થઇ ગયો છે. અત્યારે જે રીતે કોર્પોરેટ કંપનીઓને પણ શરમાવે એવા મકાનો બની રહ્યાં છે એના માટે માર્ગ અને મકાન મંત્રીશ્રીને અભિનંદન આપું છું.

આદરણીય અધ્યક્ષશ્રી, હું માનનીય મુખ્યમંત્રીશ્રીના ચરણોમાં નિવેદન કરું છું કે આવા અનેક સુનીલોની જિંદગીમાં એમણે ઉજાસ ફેલાવી યુવા સ્વાવલંબન યોજના એમણે જાહેર કરી છે. એમાં કેટલા પ્રકારની સુવિધાઓ વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. મને ગુજરાતી ગઝલકાર બેફાનો એક શેર યાદ આવે છે. એમાં મારા મિત્ર સુનીલના મનોભાવ વ્યક્ત થાય છે. બેફામે કહ્યું છે કે –

## તા. ૨૨મી માર્ચ, ૨૦૨૧

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

''પહેલા કરવા દો મને નકશા અને ચણતરની વાત
પહેલા કરવા દો મને પલળેલા પુસ્તકો અને પાગરણની વાત
એ પછી હું સંભળાવીશ મારા સરકારી મકાનની વાત.''

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર જ્યારે વિકાસના શિખરો સર કરી રહી છે અને આપણા ગતિશીલ ગુજરાતના પ્રણેતા અને આપણા મજબૂત મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ અને આપણા ગજાવર કેબિનેટ મંત્રીશ્રી નીતિનભાઇ પટેલના માર્ગ-મકાનખાતાની અંદર આજે જે ૬૮ નંબરની માગણીઓ ઉપર બોલવાનું છે એના ઉપર મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં સર્વાંગી વિકાસ માટે ગામડાથી લઇને શહેરો સુધીના જોડતા રસ્તાઓને વિવિધ યોજનાઓથી જોડવા માટે પ્રગતિશીલ પથ, વિકાસ પથ, તાલુકા મથકે વિકાસ પથ, પ્રવાસી પથ, કિસાન પથ હોય તેમજ વરૂણ વિલેજની યોજના તાલુકાથી તાલુકાને જોડતા અને ગામડેથી ગામને જોડતા રસ્તાઓ. બંદર હોય કે ઉદ્યોગ હોય દરેકને સાંકળી અને જોડતા રસ્તાઓનું ગુજરાતની અંદર જ્યારે પ્રમાણ થયું છે. માનનીય અધ્યક્ષશ્રી, મને આ ગૃહને જણાવતા આનંદ થાય છે કે ઉત્તરોત્તર પ્રગતિના પંથો ૨૦૧૧-૧૨માં ૩૧૬૦.૭૬ કરોડ, ૨૦૧૨-૧૩માં ૩૯૨૫ કરોડ, ૨૦૧૩-૧૪માં ૪૦૩૫ કરોડ, ૨૦૧૪-૧૫માં ૪૭૨૦ કરોડ અને ૨૦૧૫-૧૬ની અંદર ૫૦૩૪ કરોડ ઉત્તરોત્તર વધારો કરીને આ ગુજરાતે રસ્તાની અંદર સારામાં સારું કામ કર્યું છે. મારે આ ગૃહને રોડ અને રસ્તા-પૂલની લંબાઇનું નેટવર્ક જણાવવું છે. ગુજરાતમાં આજે ૧,૧૩,૭૧૬ કિલોમીટરની લંબાઇના રસ્તાઓનું નિર્માણ થયેલું છે. ૫૧૫૨ કિલો મિટર નેશનલ હાઇ-વે, ૧૬૭૦૬ કિલોમીટર રાજ્યના ધોરીમાર્ગ, ૨૦૨૭૬ કિલો મિટર મુખ્ય જિલ્લા માર્ગ, ૭૧૪૯૨ કિલોમીટરના ગ્રામ્ય માર્ગ આ ગુજરાતનું નેટવર્ક છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યમાં ઉત્તરોત્તર દક્ષિણ, પૂર્વ, પશ્ચિમના આદિજાતિ વિસ્તારો અને અન્ય રાજ્યોને જોડતા હાઇ-સ્પીડ કોરિડોર દ્વારા જોડવાનું આયોજન કરવામાં આવેલ છે. ૨૫૯૬.૧૬ કરોડનું કામ થયેલ છે. પ્રગતિ પથ યોજના હેઠળ રાજ્યના ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમના આદિજાતિ પ્રભુત્વવાળા વિસ્તારને તેમજ માર્ગોથી જોડવાના વિકાસના તાર મેળવવાનું કામ ક્યારેય વિચારાયું નહોતું. જે આ સરકારે કરી બતાવ્યું છે અને ૩૭૧૦ કિલોમીટરની લંબાઇના રસ્તાઓ પૂર્ણ કર્યા છે. પીપવાવથી અંબાજી-આબુ હોય, રાધનપુરથી શામળાજી હોય, નારાયણ સરોવરથી દાહોદ હોય, દ્વારકાથી ડાકોર હોય, સુરતથી આહવા હોય, વાપીથી શામળાજી હોય, દહેજથી સાગબારા હોય, દ્વારકા થી ભાવનગર હોય, થરાદ-વાવ કે નર્મદા ડેમ હોય, રસ્તાના કામો પૂર્ણ કરેલા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત રાજ્યના વિકાસ પથ યોજના દ્વારા મારા મત વિસ્તારની અંદર ૧૨.૯૫ લાખ રૂપિયાનો રોડ બાય પાસથી બાય પાસ અને ૨.૬૦ કિલો મીટર સી.સી.રોડ કેશોદ વિસ્તાર જેવા નાના ગામની અંદર મંજૂર થયેલ છે અને કામ પ્રગતિમાં છે. એવી જ રીતે મારા વિસ્તારની અંદર ૩ કરોડના ખર્ચે ઓઝત નદી ઉપરનો પુલ, મારા વિસ્તારની અંદર સાબરી નદી ઉપરનો ૧ કરોડનો પુલ, મારા વિસ્તારની અંદર શેરગઢથી રંગપુરનો ૨.૬૦ કરોડનો રોડ મંજૂર કર્યો એ બદલ શ્રી નીતિનભાઇને ખૂબ ખૂબ અને માનનીય મુખ્યમંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

આપણા ગુજરાતમાંથી હાલ અનેક વિસ્તારોમાંથી આપણી રાજધાની ગાંધીનગર અને વિધાનસભાના દર્શન કરવા માટે ઘણા વિદ્યાર્થીઓ, યુવાનો અને યુવતીઓ આવી આ વિધાનસભાનું ગૌરવ વધારે છે. આ વિધાનસભામાં આવી આ યુથને રાષ્ટ્રનું ગૌરવ થાય છે, અને તેને આપોઆપ પોતાના મુખમાંથી ભારત માતા કી જયના નારા નીકળી જતા હોય છે. આ ભારત માતા કી જયના નારા ગુજરાતના ગાંધીનગરના વિધાનસભામાં ન નીકળે તો પાકિસ્તાનમાં તો ન જ નીકળે. પાકિસ્તાનમાં ના નીકળે કે જે.એન.યુ.માં ના નીકળે, તો પછી આપણે ગુજરાતમાં તો ભારત માતા કી જયના નારા કાઢવા જ પડે. મારે એક મોટી સાહેબ ઉપર શેર કહેવો છે.

મંઝિલે ઉન્હી કો મિલતી હૈ, જીનકે સપનો મેં જાન હોતી હૈં,
પંખો સે કુછ નહીં હોતા, હોંસલો સે ઊડાન હોતી હૈં,
તૂટ ન જાયે આશ ગરીબો કી , લોકશાહીના રખેવાળો જાગો, *(×××)
ગુજરાતના ગૌરવને જાણી ગામે ગામે જાગૃતિની જ્યોત જગાડો અને
ભારત માતા કી જય, ભારત માતા કી જયના નારા લગાવો. ભારત માતા કી જય.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણ તેમજ માર્ગ અને મકાન મંત્રીશ્રી) : તમે કહો તો મેં તો આ બજેટ રજૂ કરેલું જ છે, બધા હા પાડો તો પુરું, સર્વાનુમતે મંજૂર કરો તો પૂરું કરી દઇએ અને બધાને એક એક જોબ નંબર બોનસમાં વધારાનો આપીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આજે અમારો માનવ સેવાનો વિભાગ એટલે આરોગ્ય વિભાગ અને વિકાસનો વિભાગ એટલે માર્ગ અને મકાન વિભાગ, આ બંને વિભાગોની માગણીઓ ઉપર માનનીય ધારાસભ્યશ્રીઓએ પોતાના સુચનો રજૂ કર્યા છે, વિચારો વ્યક્ત કર્યા છે અને સમર્થન પણ આપ્યું છે અને કેટલીક રજૂઆતો અને માંગણી પણ રજૂ કરી છે. એ બધા જ ધારાસભ્યોશ્રીઓએ જે

---
* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

રજૂઆતો કરી એની મેં નોંધ લીધી છે. મારો અને મારા વિભાગનો સંપૂર્ણ પ્રયત્ન હશે અને અમારી સરકારનો પણ સંપૂર્ણ પ્રયત્ન છે કે, આખા ગુજરાતના તમામ નાગરિકોનું નાના બાળકોથી માંડીને વડીલો, વૃદ્ધો સુધી બધાનું આરોગ્યની તંદુરસ્તી, સ્વાસ્થ્ય સારું રહે અને કોઇ પણ વ્યક્તિ બીમાર પડે કદાચ તો એની સારામાં સારી સેવા ગુજરાતની હોસ્પિટલો દ્વારા થાય અને દરેક પરિવાર હસતા મુખે એમના પરિવારજનને હોસ્પિટલમાંથી ઘરે લઇ આવે એ જ વાતાવરણ, એવી વ્યવસ્થા અમે ઉભી કરી શકીએ એમાં સન્માનનીય ગૃહ સહકાર આપે એવી વિનંતી સાથે આ બજેટ અમે રજૂ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના નાગરિકોના આરોગ્ય સુવિધાની જાળવણી માટે ૮,૨૧૨ કરોડ રૂપિયાની જોગવાઇ અમે રજૂ કરી છે. અગાઉ જે જોગવાઇ હતી એની સામે ૩૧૨ કરોડ રૂપિયાનો વધારો આ વર્ષે બજેટમાં આરોગ્ય વિભાગના આપણી સરકાર દ્વારા કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું બીજી વિગતો કહું એ પહેલાં સ્વાભાવિક છે કે, અમારા આરોગ્ય વિભાગની આપણી જે કામગીરી છે એ કામગીરી મારે આપના ધ્યાન ઉપર મૂકવી જોઇએ કે જેથી ઊણપો છે, ત્રૂટીઓ છે, ડોકટરોની ઘટ છે એ બધું સાચું પણ ઘણું ઘણું વધારે આપણે કરીએ છીએ એનો લાભ લાખો નાગરિકોને મળે છે, પરિવારોને મળે છે એ પણ આ સન્માનનીય ગૃહની જાણકારીમાં રહે એટલા માટે જણાવવાની મારી ફરજ છે. જોષીયારાજીએ કહ્યું એ પ્રમાણે આરોગ્ય વિભાગનું તંત્ર નાનામાં નાના પેટા આરોગ્ય કેન્દ્ર ગામડાંથી શરૂ કરીને મોટામાં મોટી સિવિલો હોસ્પિટલો સુધી અને સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલો સુધી વિસ્તૃત થયેલું છે. આપણા રાજ્યની અંદર ૭૭૮૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે, આપણા રાજ્યની અંદર કુલ ૩૧૯ સામૂહિક આરોગ્ય કેન્દ્રો છે, ૩૩ સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ છે, ૨૦ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ છે. ચાર માનસિક રોગોની હોસ્પિટલ છે. આંખની સારવાર આપતી બે સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ છે, ચેપી રોગની એક હોસ્પિટલ છે, પોલીસની સારવાર માટે, પોલીસ વિભાગની સગવડ માટે એક પોલીસની હોસ્પિટલ પણ શાહીબાગ ખાતે છે. આપણી સરકારી મેડીકલ કોલેજો ૬ છે. રાજ્ય સરકારની જે આપણી જી.એમ.ઇ.આર.એસ. સોસાયટી છે એની પણ ૮ હોસ્પિટલો છે અને કુલ આ જે નેટવર્ક કહ્યું ૧૬૯૩ સંસ્થાઓ નાની મોટી હોસ્પિટલો, રાજ્યમાં ૩૭૧૨૮ જે આપણી પથારીઓ છે એની સગવડ ધરાવે છે. માનનીય અધ્યક્ષશ્રી, સ્વાભાવિક છે કે એનો ઉપયોગ આપણે કેટલો કરીએ છીએ એ જરૂરી છે. મેં જે આંકડા કઢાવ્યા એ પ્રમાણે હું આપને કહીશ કે ગુજરાતની આપણી સરકારી હોસ્પિટલોમાં દરરોજ જે ઓ.પી.ડી. થાય છે એટલે કે દરરોજ જે દર્દીઓ સારવાર માટે આવે છે એની દરરોજની સરેરાશ સંખ્યા ૧,૦૭,૫૦૮ છે અને આખા રાજ્યની ગણીએ દર વર્ષે તો ૩,૯૨,૪૦,૩૦૧ દર્દીઓ સરકારી હોસ્પિટલોની સારવાર, સેવાનો લાભ મેળવે છે. એવી રીતે જે મેં ૩૭૧૨૮ પથારીઓ કહી એમાં જરૂર પડે ઇન્ડોર પેશન્ટ જે આપણે દાખલ કરીએ છીએ તો દરરોજના ૧૪૬૪૯ દર્દીઓને સરેરાશ દાખલ કરેલા હોય છે અને વર્ષની સરેરાશ ગણીએ તો ૫૩૪૬૮૨૨ દર્દીઓને આપણે અંદરના દર્દી તરીકે સારવાર આપીએ છીએ. અહીંયા પ્રસૂતિની પણ વાત થઇ કે ગામડાંની ગરીબ માતાઓને પ્રસૂતિ માટે સારી સગવડની જરૂરિયાત છે એ પણ જો હું આંકડા આપું કે આપણી ગુજરાત સરકારની આરોગ્ય વિભાગની હોસ્પિટલોમાં દરરોજ ૮૧૭ એવરેજ પ્રસૂતિ થાય છે એટલે દરરોજ ૮૧૭ જન્મ આપણી હોસ્પિટલોમાં થાય છે. ૩૧૭૮૬૯ બાળકો દર વર્ષે સરકારની હોસ્પિટલોમાં જન્મે છે. ચિરંજીવી યોજનાનો જે આપણે લાભ આપીએ છીએ ગુજરાતની બહેનોને એ અલગ. એવી રીતે જોઇએ તો મેજર ઓપરેશન દરરોજ ૬૦૧ થાય છે અને ૨૧૯૪૯૦ મેજર ઓપરેશન દર વર્ષે કરવામાં આવે છે, માઇનોર ઓપરેશન દરરોજ ૧૪૦૬ની સરેરાશે થાય છે અને ૫૧૩૨૫૨ દર્દીઓને આ સારવાર આપવામાં આવે છે. એવી જ રીતે એકસ રેના ટેસ્ટ દરરોજના ૬૬૫૦ થાય છે. એ વાત સાચી કે એકસ રે મશીન હોય એ કયાંય બગડયું હોય તો કે પ્રશ્ન થયો હોય તો આપણે એની વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવાની પણ કાર્યવાહી કરીએ છીએ અને દર વર્ષે ૨૪૨૭૧૫૪ એકસ રે સરકારની હોસ્પિટલોમાં થાય છે. કોઇપણ રોગ હોય તો એના નિદાન માટે બ્લડ ટેસ્ટ કરવો એ પાયાની જરૂરિયાત છે તો આપણી હોસ્પિટલોમાં દર વર્ષે, દરરોજ ૧૨૧૨૦૭ અને એ રીતે જોઇએ તો આખા રાજ્યની અંદર દર વર્ષે આપણે ૪૪૨૪૦૩૮૨ એટલે કે ચાર કરોડ ઉપરના બ્લડ ટેસ્ટ આપણી સરકારની લેબોરેટરીઓમાં કરવામાં આવે છે અને એના દ્વારા દર્દીઓના રોગનું નિદાન થાય છે.આ આંકડાઓ એટલા માટે આપું છું કે સરકારની હોસ્પિટલ છે, એટલે કશું જ નહિ હોય, કોઇ સગવડ નહિ હોય, એમ કરીને આપણે પ્રજાના પ્રતિનિધિઓ વિશ્વાસ ઊભો ન કરીએ તો યોગ્ય નથી. આપણી હોસ્પિટલો માટે કહું છું કે સાધન, સ્ટાફ એની મર્યાદાઓ છે, પણ એની સામે આપણે ઘણું ઘણું કરીએ છીએ. આ મેં સિવિલ હોસ્પિટલની સ્પેશ્યલ ટ્રીટમેન્ટની વાત કરી. આપણી પાસે ૩ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલો અમદાવાદમાં છે. એમાં આપણી કેન્સર હોસ્પિટલ જે વિશ્વવિખ્યાત છે. બહારના રાજ્યોના અને પરદેશના અનેક દર્દીઓ ત્યાં સારવાર લેવા માટે આવે છે. ૨૦૧૧ માં કામ વધતું જાય છે, કારણ કે લોકોને સંતોષ થાય છે એ બતાવવા હું આંકડા રજૂ કરું તો ૨૦૧૧ માં ૨,૭૩,૬૬૭ દર્દીઓ કેન્સર હોસ્પિટલમાં ટ્રીટમેન્ટ લીધી હતી. ૨૦૧૫ માં આ આંકડો વધી ૩,૭૮,૮૦૩ થયો, એટલે લગભગ ૬,૦૦૦ કરતા વધુ દર્દીઓને એમાં સારવાર વધારે કરી છે. એવી રીતે ઓ.પી.ડી. વધ્યા છે. મેજર ઓપરેશન વધ્યા છે. બધી કામગીરી કેન્સર હોસ્પિટલની વધી છે. રાજ્ય સરકારે નવી કેન્સર હોસ્પિટલનું બિલ્ડીંગ બનાવવા મોટી રકમની ગ્રાન્ટ ફાળવી છે. વિશાળ બિલ્ડીંગ સિવિલ કેમ્પસમાં આકાર લઇ રહી છે. કન્સ્ટ્રકશનનું ૯૦ ટકા કામ પૂર્ણ થઇ ગયું છે. ટૂંક સમયમાં બિલ્ડીંગ દર્દીઓની સેવા માટે ખુલ્લું મૂકાશે. તેવી રીતે યુ.એન.મહેતા કાર્ડિયોલોજી ઇન્સ્ટિટ્યૂટ જ્યાં હૃદયરોગની સારવાર આપવામાં આવે છે. ૨૦૧૧ માં ૮૧,૨૧૧ દર્દીઓએ સારવાર મેળવી હતી. ગયા વર્ષે ૨૦૧૫ માં ૧,૬૯,૦૦૦ દર્દીઓએ સારવાર મેળવી, એટલે લગભગ ૪ વર્ષની અંદર ડબલ દર્દીઓને આપણે ત્યાં સારવાર આપી છે. હાર્ટના ઓપરેશન કરવા હોય, બાયપાસ કરવું હોય, એન્જિયોગ્રાફી કે એન્જિયોપ્લાસ્ટી કરવી પડે કે અન્ય સર્જરી કરવી પડે તો એ પણ આપણે મોટા પ્રમાણમાં લગભગ ૨૦,૦૦૦ ઓપરેશન ગયા વર્ષે દર્દીઓના કર્યા છે. લેબોરેટરી ટેસ્ટ, સોનાગ્રાફી એ મોટા પ્રમાણમાં કર્યા છે. એવી રીતે આપણી કીડની ઇન્સ્ટિટ્યૂટ આપણા સન્માનનીય ગૃહે ગયા વર્ષે જે

યુનિવર્સિટીનો દરજ્જો આપી એને વધુ મોકળાશથી કામ કરવાની સગવડ કરી છે. ત્યાં આગળ ૧,૪૭,૦૦૦ દર્દીઓ ગયા વર્ષે સારવાર લીધી. કીડનીના ઓપરેશન થયા. કીડનીને લગતા ઓપરેશન થયા. આ બધી આપણી ૩ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલો રાજ્યમાં સારવાર આપે છે. આ એકલું ગુજરાત નહિ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાનના પણ હજારો દર્દીઓ આપણી ગુજરાત સરકારની હોસ્પિટલોમાં સારવાર માટે દરરોજ આવે છે. મહેશભાઇ બેઠા છે. ભલે પાલનપુરની હોસ્પિટલની વાત કરી. એમણે જે કહ્યું તે, પણ એમને પૂછો રાજસ્થાનમાંથી દર્દીઓ આવે ત્યારે પહેલા પાલનપુર, ડીસાની સરકારી હોસ્પિટલ હોય ત્યાં પહેલાં સારવાર મેળવે છે. સિદ્ધપુરમાં કેન્સરની થેરાપીનું કામ ચાલુ કર્યુ છે. હજારો દર્દીઓ કેન્સરની સારવાર મળેવે છે. એ બધુ કરીએ છીએ. એટલે રાજસ્થાનના ગુજરાતને લગતા જિલ્લાના દર્દીઓ આવે, મધ્યપ્રદેશના ગુજરાતને લગતા દર્દીઓ આવે, મહારાષ્ટ્રના ગુજરાતને લગતા ગરીબ અને આદિવાસી દર્દીઓ આવે છે. એમને પણ અન્ય રાજ્યના હોવા છતા ગુજરાતના નાગરિકની જેમ જ સંપૂર્ણ સારવાર સુવિધા રાજ્ય સરકાર કરે છે. વિકાસ કોને કહેવાય. નરેન્દ્રભાઇએ એક મોડેલ ગુજરાતનું ઊભું કરેલ. ૧૦૮ સર્વિસ ગુજરાતમાં ૨૦૦૭ માં નરેન્દ્રભાઇના વખતમાં ચાલુ કરી. આજે બહુ લોકપ્રિય સેવા બની છે. મને આનંદ થાય છે કે તમામ માનનીય સભ્યશ્રીઓ માર્ગ મકાન હોય કે આરોગ્ય હોય સૂચન કર્યાં છે. ગંભીર પ્રકારના આક્ષેપો અમારા બંને વિભાગોની કામગીરી માટે કર્યા નથી. ૧૦૮ ની સેવા ૮ વર્ષની જોઇએ તો આપણે લગભગ ૫૫૦ જેટલી એમ્બ્યુલન્સ દરેક જગ્યાએ મૂકી છે. શહેરી વિસ્તારમાં લગભગ ૨૦ થી ૨૨ મિનિટ અને ગ્રામ્ય વિસ્તારમાં એવરેજ ૨૮ મિનિટની અંદર આ એમ્બ્યુલન્સ દરેક જગ્યાએ પહોંચી જાય છે. કોઇ રોડ અકસ્માત થયો હોય, કોઇને હાર્ટ એટેક આવ્યો હોય, કોઇને બીજી બિમારી હોય, કોઇને ખેતરમાં ઝેરી જનાવર કરડયું હોય તે બધું આમાં આવી જાય છે. આમાં શું લાભ થયો તે જોઇએ તો ૬૨ લાખ ૬૦ હજાર ૯૧૮ દર્દીઓને આપણે અત્યાર સુધીમાં ૧૦૮માં જુદી જુદી હોસ્પિટલોમાં મોકલી આપ્યા છે. આપણને ખબર છે પહેલાં રસ્તા ન હતા, આરોગ્યની સારવાર ન હતી, ગામડાંમાં બહેનોને પ્રસુતિની પીડા ઉપડે, રાત્રી હોય, વરસાદ હોય, લાઇટ ન હોય કારણકે પહેલાં જયોતિગ્રામ પણ ન હતું , ફાનસ ઉપર બધું ચાલતું હતું. આ તો હવે આવ્યું એટલે આપણને બહુ માગવાની અને મજબૂત કરવાની સ્વાભાવિક જવાબદારી છે. ૨૧ લાખ ૬૦ હજાર ૯૬૫ પ્રસુતા બહેનોને આપણે ૧૦૮ મારફતે જુદી જુદી હોસ્પિટલોમાં મોકલી આપ્યા છે. રોડ અકસ્માત થાય ત્યારે આપણે બધા જોઇને નીકળી જઇએ. કારણકે કોઇ મદદ માટે ઉતરે તો નવા પ્રશ્નો ઉભા થાય તેની તૈયારી ન હતી. ૯ લાખ ૦૯ હજાર ૫૮૨ રોડ અકસ્માતના કેસમાં દર્દીઓને આપણે જુદી જુદી હોસ્પિટલમાં પહોંચાડયા છે. તમે વિચારો કે જો ૯ લાખ લોકો પૈકી ૧૦૮ ન હોય તો આમાંથી ઘણા ભગવાનને ત્યાં પહોંચી ગયા હોત. આભાર માનો નરેન્દ્રભાઇ મોદીનો, મોદી સરકારના વિઝનનો કે એમણે ૧૦૮ અહીં લાવ્યા અને ૯ લાખ પરિવારોમાં રાહત કરી આપી. એ જ રીતે હાર્ટ એટેક જોઇએ તો ૩ લાખ ૦૧ હજાર ૯૨૬ લોકોને આપણે ૧૦૮ દ્વારા જુદી જુદી હોસ્પિટલોમાં મોકલી આપ્યા છે. કેટલા લોકોના જીવ બચાવ્યા એ તમે વિચારો આવી રીતે જોઇએ તો મોટા પ્રમાણમાં ૧૦૮ જયારે સક્ષમ રીતે કામ કરી રહી હોય ત્યારે આ વર્ષે તેમાં નવી ૧૦૦ એમ્બ્યુલન્સ પૂરી પાડવાનું અને રીપ્લેસમેન્ટ કરવાની બજેટમાં જોગવાઇ કરી છે. ૧૦૮ની સેવાને વધુ સારી રીતે આગળ વધારી રહ્યા છીએ. એવી જ રીતે વન વિસ્તારની યોજના સંજીવની નામની એમ્બ્યુલન્સ સર્વિસ ચાલે છે. વન વિસ્તાર હોય, પહાડી વિસ્તાર હોય, આદિજાતિ વિસ્તાર હોય કે જયાં મોટા સાધનો ન જઇ શકતા હોય અને ત્યાં ડોકટરો ન હોય એટલા માટે ડોકટરો સાથેની હરતી ફરતી સુવિધા આપણે પૂર્ણ કરી છે. ત્યારે હું માનું છું કે આરોગ્ય વિભાગ એ સતત ટેકનોલોજી અને સાયન્સ સાથે જોડાયેલો વિભાગ છે. જુની પુરાણી વાતો અહીં ન ચાલે. નવા સાધનો આવે, નવી ટેકનોલોજી આવે, નવી મેડિસીન આવે તો તેનો સતત આપણે વધારો કરીએ છીએ. અહીં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાની અમારા સભ્યશ્રીઓએ ખૂબ આનંદથી વાત કરી છે. ગુજરાતમાં ડૉકટરો વધુ જોઇએ છે. ડૉકટરો હશે તો હોસ્પિટલમાં સર્વિસ માટે આવશે અથવા પ્રાઇવેટમાં જશે, છેવટે તો નાગરિકોને સેવા મળશે. ભૂતકાળમાં જે મેડિકલની કૉલેજો હતી તેની સામે અમારી સરકારે મોટા પ્રમાણમાં વધારો કર્યો છે. આ વર્ષે ૩૨૩૦ મેડિકલની બેઠકો આ ભારતીય જનતા પાર્ટીની નરેન્દ્રભાઇ મોદીની સરકાર અને અત્યારે આનંદીબેનની સરકાર દ્વારા નવી મેડિકલ કૉલેજ અમે બનાવી છે. ગયા વર્ષે હિંમતનગર અને જુનાગઢ ખાતે નવી મેડિકલ કૉલેજ કાર્યાન્વિત કરી દીધી છે. બંને જગ્યો ૧૫૦-૧૫૦ સીટોમાં એડમિશન પણ આપી દીધા છે. જેમ જેમ તે બેંચ આગળ વધશે તે પ્રમાણે ભવિષ્યમાં પી.જી.ની સીટો પણ વધારીશું અને સુપર સ્પેશ્યાલીટી સુધીની વ્યવસ્થા આપણે ઉભી કરીશું. તેના માટે તબીબી શિક્ષણ માટે આ વર્ષે ૨૪૩૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. મેડિકલ કૉલેજ ચાલુ કરવી તેમાં માનનીય સભ્યશ્રીઓને કહું કે કોઇ સ્કૂલ, બી.એ., બી.કોમની કૉલેજ ચાલુ કરવા જેવું સરળ કામ નથી. તેના માટે પ્રોફેસર, ટયુટર જોઇએ, તેના માટે ટીચીંગ સ્ટાફ જોઇએ. ગુજરાતમાં નહીં પણ સમગ્ર દેશમાં મેડિકલ કોલેજોમાં ટીચીંગ સ્ટાફની અછત છે એટલે જેમ જેમ આપણને સ્ટાફની જરૂરિયાત ઉપલબ્ધ થાય તે પ્રમાણે કોલેજ કરીએ છીએ અને જમીન સિવાયની જો વાત કરું તો આજના સંજોગોમાં એક મેડિકલ કોલેજ માટે લગભગ અંદાજે ૬૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થાય એટલી વ્યવસ્થા કરવી પડે છે. આ વર્ષે આપણે નવી વડનગરની મેડિકલ કોલેજ અને હોસ્પિટલનું કામ કરી રહ્યા છીએ અને એ કામ પૂર જોશમાં ચાલુ છે અને એ કામ આપણે આગળ વધારી રહ્યા છીએ એટલે એક નવી કોલેજ આવનારા વર્ષોમાં ગુજરાતને મળશે. આ વખતે જે પેટા આરોગ્ય કેન્દ્રો માટે માનનીય સભ્યશ્રીઓની લાગણી હતી કે, ગામડાં સુધી આરોગ્ય સેવાનું વિસ્તરણ થાય તો આ વખતે રાજ્ય સરકાર તરફથી ૧૪૨૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો સાથે નવા પેટા આરોગ્ય કેન્દ્રો ઉમેર્યા છે એ લગભગ ભૂતકાળનો તમામ બેકલોગ પૂરો થઇ જાય એ પ્રમાણે આપણે કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મા યોજના અને મા વાત્સલ્ય યોજના આ પણ અમારી સરકારની દેન છે. જેમ ૧૦૮ એ ભારતીય જનતા પક્ષની સરકારની દેન છે, નવી મેડિકલ કોલેજો ભારતીય જનતા પક્ષની સરકારની દેન છે. મને આનંદ છે કે માનનીય ગ્યાસુદીનભાઇએ મા વાત્સલ્ય યોજનાને અને મા યોજનાને ખૂબ આવકારી અને સરકારને અભિનંદન આપ્યા. આમ તો હૃદય ઉપર

હાથ મૂકો તો બધા એમ કહેશે કે આ યોજના ખૂબ સારી છે. માનનીય અધ્યક્ષશ્રી, નવી શરુઆત કરીએ, નવા સુધારા કરીએ જરૂરિયાત પ્રમાણે, અનુભવ પ્રમાણે અમે આગળ વધતા રહીએ છીએ. જયારે મુખ્ય મંત્રી માનનીય આનંદીબેન બન્યા ત્યારે મા વાત્સલ્ય યોજના આપણે અમલમાં મૂકી હતી અને આ બંને યોજનામાં ધીમે ધીમે નવા રોગોનો પણ આપણે ઉમેરો કરીએ છીએ અને શાળા આરોગ્ય કાર્યક્રમ એ પણ ભારતીય જનતા પક્ષની સરકારની દેન છે કે દર વર્ષે શાળાઓ શરૂ થાય એ વખતે પ્રાથમિક શાળાથી માંડીને ૧૨માં ધોરણ સુધી ભણતા બાળકો લગભગ ૧.૨૫ કરોડ કરતા વધુ બાળકોની પ્રાયમરી આરોગ્ય ચકાસણી કરીએ છીએ અને એમાંથી જે બાળકો ગંભીર બીમારીવાળા હોય એ બાળકોની રાજય સરકારના ખર્ચે કરોડો રૂપિયા ખર્ચ કરીને આપણે સારવાર કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ મા યોજના અને મા વાત્સલ્ય યોજના કાર્ડ બાબતે અહીંયા માનનીય સભ્યશ્રીઓએ રજૂઆત કરી, અમારી કિઓસ્ક વધારવાની અને ગામડે અમે મોબાઇલ વાન ચાલુ કરી દીધી છે, ફરતી વાન ગામડે જાય, શહેરમાં પણ જાય એમાં બધા પ્રકારની વ્યવસ્થા છે, કેમેરા છે અને એના દ્વારા ત્યાંને ત્યાં કાર્ડ મળી જાય એ આયોજન આપણે આ વર્ષે ચાલુ કરી દીધું છે. પણ માનનીય અધ્યક્ષશ્રી, અમે એ પણ વ્યવસ્થા રાખી છે કે, કદાચ કોઇને કાર્ડ ન હોય અને હોસ્પિટલમાં જાય તો એને કાર્ડ આપવાની શરતે સારવાર શરૂ કરી દેવામાં આવે છે. અમે કાળજી કેટલી રાખીએ છીએ દવા, સારવાર, ઓપરેશન બધું મફત ખરું પણ, આવવા જવાનો ખર્ચ ૩૦૦ રૂપિયા દર્દી દીઠ આપણી સરકાર ભાડાના મફત આપે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તેમ અત્યારે ૨૫૧ કિઓસ્ક ચાલે છે, ૬૭ સીટી સિવિક સેન્ટર વગેરે કર્યા છે, ૬૪ ખાનગી, ૧૯ સરકારી જે વ્યવસ્થાઓ છે એના દ્વારા આપણે ડાયાલિસિસની પણ વ્યવસ્થા વધારી છે. અત્યાર સુધી અમદાવાદ શહેરમાં કીડની હોસ્પિટલમાં એકમાં જ ડાયાલિસિસ થતું હતું, આખા રાજયનો લોડ ત્યાં આવે, બીજી થોડી હોસ્પિટલો હતી પણ પહોંચી વળાતું ન હતું, ખાનગીમાં જાઓ તો ૧૫૦૦ થી માંડીને ૨૦૦૦ રૂપિયા સુધીનો ચાર્જ હતો ત્યારે મને આજે આનંદ છે કે, આ પણ અમારી ભારતીય જનતા પક્ષની સરકારની દેન છે કે આખા ગુજરાતના તમામ જિલ્લાઓમાં અમે ડાયાલિસિસ સેન્ટરો શરૂ કરી રહ્યા છીએ, કોઇ જગ્યાએ ૧૦ મશીન, કોઇ જગ્યાએ ૧૫ મશીન આપવાની શરૂઆત કરી છે અને આવતા વર્ષે આખું ગુજરાત આવરી લઇએ એ પ્રમાણે કામ અમે પૂર્ણ કરીશું અને અત્યારે મોટા પ્રમાણમાં આ યોજના ચાલી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગયા વર્ષે મા વાત્સલ્ય યોજનાની અંદર ગંભીર રોગની સારવારનો ગરીબોવતી, મધ્યમ વર્ગવતી ૧૨૮ કરોડ રૂપિયાનો ખર્ચ રાજય સરકારને પડ્યો છે અને મા અમૃતમ યોજનામાં પણ ૧૬૦ કરોડ રૂપિયાની આ વર્ષે જોગવાઇ કરી છે. બાળસખા યોજના, કસ્તુરબા પોષણ સહાય યોજના આ બધી અમારી અનેક યોજનાઓ છે. બાળકનો જન્મ થાય ત્યારથી માંડીને એની જે રસીકરણની કામગીરી કરવાની છે, તે ભારત સરકારનો આભાર માનીએ માનનીય મોદીસાહેબનો કે ઇન્દ્ર ધનુષ્ય નામની જે યોજના રજૂ કરી તેમાં સાહેબ આપણે બધા જ પ્રકારની જેમ કે, ઝેરી કમળો હોય, પોલીયો હોય,

ઉપાધ્યક્ષશ્રી : આપની પાસે પંદર મિનિટ છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : પંદર મિનિટ, માર્ગ અને મકાન હવે લઇ લઉં છું, મને ખબર છે બધા મંજૂર કરવાના છે સાહેબ. આરોગ્ય વિભાગ તો સેવાનો વિભાગ છે અને ઇશ્વરીય કામ છે. ડિપ્થેરીયા, ઉંટાટીયો, ધનુર, ન્યુમોનીયા અને ઓરી જેવી આઠ ઘાતક રોગો સામેની એક રસી આપવાનું કામ આપણે ચાલુ કર્યુ છે. એટલે ગુજરાતમાં કોઇ પણ જગ્યાએ બાળમૃત્યુ ના થાય, માતા મૃત્યુ ના થાય એમાં આપણે સતત સુધારો કરી રહ્યાં છીએ અને આપણે રાષ્ટ્રીય કક્ષાથી આગળ વધી અને ગુજરાતને વધુ સારી રીતે તેમાંથી અપગ્રેડ કરવા માગીએ છીએ તો તેમાં આપ સૌ સહકાર આપશો. પ્રચાર, પ્રસાર દ્વારા સાહેબ ગુજરાત પોલીયોમાંથી મુક્ત થઇ ગયુ છે ૨૦૦૭થી. અને દર વર્ષે જયારે બે વખત કાર્યક્રમ થાય ત્યારે ૮૫ લાખ ૭૦ હજારથી વધુ બાળકોને આપણે પોલીયોની રસીના ટીપા પીવડાવીએ છીએ. આપને પણ બધાને મારું આમંત્રણ છે કે જયારે જયારે આપના વિસ્તારમાં પોલીયોના ટીપા પીવડાવવાનો કાર્યક્રમ હોય તો ચોક્કસ તમે આવો. તેની અમે કોઇ પત્રિકા નથી છપાવતાં એટલે તમે કોઇ પત્રિકાની રાહ જોઇને ના બેસતા આ મારું જાહેર આમંત્રણ છે. બીજુ સાહેબ એક નવી યોજના મારે જાહેર કરવી છે દિવ્યાંગ. સાહેબ જે અત્યાર સુધી અપંગ, વિકલાંગ કહેતાં હતા નવી ભારત સરકારની વ્યાખ્યા પ્રમાણે દિવ્યાંગ વ્યકિતઓને અત્યાર સુધી જે ઇ.પી.એલ. હોય એમને જ આપણે આર.એસ.વી.વાય. ની રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાનો લાભ આપતા હતા. અમે બધાએ ચર્ચા કરી અને અમારા વિભાગે આ વખતથી આજે નવો નિર્ણય લીધો છે જે આપને જાહેર કરું છું કે વિકલાંગ,દિવ્યાંગ વ્યકિતઓ તેમના પરિવાર સહિત એક પરિવારમાં પાંચ વ્યકિત ગણાશે તે આર.એસ.પી.વાય.ની યોજના હેઠળ ૩૦ હજાર સુધીનો કુટુંબ દીઠ તમામ સારવાર સેવા, કવચ જે ફકત અપંગને દિવ્યાંગને મળતું હતું પણ દિવ્યાંગ સિવાય દિવ્યાંગ પરિવાર દા.ત.હોય તો એના આખા પરિવારને આર.એસ.વી.વાય. યોજનાનો લાભ આપવાનો અમે નિર્ણય કર્યો છે. અને લગભગ પ્રાથમિક અંદાજ મુજબ ગુજરાતમાં ૮૦ હજાર પરિવારોને આ યોજનાનો આપણે લાભ આપી શકીશું તો અમારો આરોગ્ય વિભાગ કહેવાનું તો કહીએ તો જેમ અમારા સરકાર માટે ભૂતકાળમાં અમે કહેતા હતાં અને અત્યારે પણ કહીએ છીએ કે ભારતીય જનતા પક્ષની વિકાસ યોજનાઓ જો મૂકવી હોય તો જેમ પારાયણ બેસાડીએ, ભાગવત સપ્તાહ બેસાડીએ અને અઠવાડીયુ જોઇએ તેમ મારા આરોગ્ય વિભાગની સેવાઓની જો કામગીરી કરવી હોય તો તેને પૂરો દિવસ જોઇએ પણ સમય મર્યાદાના કારણે હું નહીં કહું. માનનીય શૈલેષભાઇ અને અન્ય શહેરી વિસ્તારના જે ધારાસભ્યશ્રીઓ છે તેમની માગણી હતી કે અર્બન હેલ્થ સેન્ટરોને અપગ્રેડ કરી અને એમને પણ ગામડામાં સામુહિક આરોગ્ય કેન્દ્ર હોય, પીએચસી હોય તો શહેરમાં શા માટે ના હોય ? તો સાહેબ તેનો અમે આ વખતે ઉપાય કર્યો છે આરોગ્ય વિભાગ, શહેરી વિકાસ વિભાગ અને મહાનગરપાલિકાઓ સાથે મળી મહાનગરપાલિકાઓમાં હોસ્પિટલો કોર્પોરેશનની જે છે, જે એમણે બનાવેલી છે તેનું અપગ્રેડેશન કરીશું એને જરૂરી સાધન સહાય અને સ્ટાફ રાજય સરકાર મદદ કરશે અને તેમને પણ એમાં લાભ મળશે. શહેરી

વિસ્તારમાં જગ્યાની અમારા માટે તકલીફ છે અમે બધા કમિશ્નરોને અને મેયરશ્રીઓને કહ્યું છે કે તમે અમને ટી.પી.ની કે અન્ય જમીન ફાળવો તો રાજ્ય સરકાર તરફથી અમે નવી હોસ્પિટલ તમને બનાવી આપીશું. માનનીય પ્રદિપસિંહના વિસ્તાર સીંગરવા જે શહેરમાં જ છે ત્યાં હોસ્પિટલ હતી. ગરીબો તેનો એટલો મોટો ઉપયોગ કરે તો તેને પણ અપગ્રેડ કરી અને મોટી હોસ્પિટલ બનાવવાનું કામ અમે આ વખતે મંજૂર કર્યુ છે. (અંતરાય ) તમારું થવાનું, તમારા નામજોગ બોલ્યો. મને ખબર જ છે કે તમે કાપ દરખાસ્ત પાછી ખેંચવાના જ છો.

માનનીય અધ્યક્ષશ્રી, આ માનવ સેવાના વિકાસની મેં વાત કરી દીધી હવે હું વિકાસની ગતિ જેના ઉપર ચાલે તે રસ્તાઓ બાબતની વાત કરીશ. આપણે બધા જાણીએ છીએ અને કેટલીકવાર સાંભળ્યું છે કે, પશ્ચિમના દેશો હોય કે બીજા વિકસિત દેશો હોય એ રસ્તાઓ વધુ મજબુત કરી વધુ મોટું નેટવર્ક કરવાના કારણે એમણે પ્રગતિ કરી છે. ભૂતકાળમાં સ્વાભાવિક છે કે, સરકારોની નાણાકીય મર્યાદાઓ હતી એટલે બહુ કામ નહોતું થયું, હું કોઇના ઉપર દોષારોપણ નથી કરતો, પણ અમને જવાબદારી ગુજરાતની પ્રજાએ છેલ્લા બાવીસ વર્ષથી આપી હોય અને અમારા નાણા મંત્રીશ્રી, અમારા માનનીય મુખ્ય મંત્રીશ્રી અમારા વિભાગને મોટા પ્રમાણમાં જયારે બજેટ આપતા હોય ત્યારે ૨૦૧૬-૧૭માં ૮૪૦૨ કરોડ રૂપિયાનું પ્લાન અને નોન પ્લાનનું અમને જે બજેટ મળ્યું છે એ બદલ હું આભાર માનું છું, અને બધા સભ્યશ્રીઓને ચોકકસ ખાતરી આપીશ કે, અહીંયાં રેકર્ડ ઉપર કે, કોઇને અસંતોષ ના રહે , કોઇપણ વિભાગ, કોઇ વિસ્તાર એ વિકાસથી વંચિત ના રહે એ જોવાનું અમારા માર્ગ- મકાન વિભાગ તરફથી ચોકકસ અમે કરીશું. માનનીય શૈલેષભાઇ, શહેરમાં નહીં મળે. જેમ આરોગ્યમાં શું શું છે આપણી મિલકત, આપણી પાસે વ્યવસ્થાઓનું મેં કહ્યું, એમ રાજયનું આ પણ જાણવું જરૂરી છે. આજે ગુજરાતમાં ૩૯૩૧ કિલોમીટરના ચાર માર્ગીય રસ્તા છે, ૪૮૫૩ કિલોમીટરના દસ મીટર પહોળા રોડ છે, ૩૦૪૨૪ કિલોમીટરના ડબલ માર્ગ દ્વિમાર્ગીય રસ્તા છે. ૪૦૩૨૯ કિલોમીટરના પ્લાનના ગ્રામ્ય માર્ગો છે. ૩૫૦૬૬ કિલોમીટરના નોનપ્લાન ગ્રામ્ય માર્ગો છે. આ રસ્તા ઉપર પર એક લાખ સત્યાવીસ હજાર ગરનાળાં, પુલો વગેરે છે અને ગુજરાતની અત્યાર સુધીની અમારી જે કામગીરી થઇ છે એના કારણે ગુજરાતમાં ૯૫.૭૧ ટકા ગામોને અને પરાંઓને અમે જોડાણ કર્યું છે. અહીંયાં અમારા સભ્યશ્રીઓએ ખૂબ સુંદર રીતે સરકારી આવાસ યોજનાઓ, સરકારની અન્ય બિલ્ડીંગોની વાત કરી. માર્ગ મકાન વિભાગ એટલે રસ્તાઓ બનાવે, પુલો બનાવે એ તો ખરું જ, પણ સરકારના કોઇપણ વિભાગ માટે જરૂરી હોય એવા બિલ્ડીંગ, કોર્ટ હોય, કોલેજ હોય, સરકારી મકાનો હોય, સરકારી કર્મચારીઓનાં આવાસ હોય, આ બધુ અન્ય વિભાગો વતી પણ અમારો માર્ગ અને મકાન વિભાગ જયારે કામ કરતો હોય ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, હું આંકડો આપું તો આપણને આશ્ચર્ય લાગશે કે અમારા માર્ગ મકાન વિભાગ હસ્તક એક કરોડ આઠ લાખ એકાણુ હજાર ચોરસ મીટર ક્ષેત્રફળના સરકારી રહેઠાણો અને બિલ્ડીંગોના અમારે મેઇન્ટેનન્સ કરવાના હોય છે. અમારા સભ્યશ્રીએ કહ્યુંને કે, ભૂતકાળમાં તો બીક લાગે, ફર્નિચર ના હોય, સમરસ હોસ્ટેલ ના હોય, સમરસ હોસ્ટેલનો પણ માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબનો વિચાર કે જ્ઞાતિઓ બધી સાથે રહે, એસ.સી., એસ.ટી., બક્ષીપંચ યુનિવર્સિટીમાં ભણતા હોય, મેડીકલમાં કે એન્જીનીયરીંગમાં ભણતા હોય, સમરસતા થાય, જ્ઞાતિવાદ ઓછો થાય, ભારત રાષ્ટ્ર, ભારત માતા મજબૂત બને એ માટે સમરસતાનો ડો. બાબાસાહેબ આંબેડકરનો જે વિચાર , પંડિત દીનદયાળ ઉપાધ્યાયનો વિચાર કે સમગ્ર ભારતવાસીઓ એક છે એ પ્રમાણે સમરસ હોસ્ટેલો પણ અમે બનાવી છે. હું કહું કે, આ બૂક અમારા માર્ગ અને મકાન વિભાગે બનાવી છે. એ દરેક સભ્યશ્રીઓને અમે આપીશું, એમાં કામગીરી આપ જોજો, નવા વિસ્તારની પણ જે કામગીરી લીધી છે એ પણ જોજો, અને કંઇ ખૂટતું હોય તો મને ચોકકસ કહેજો. દરેકને ન્યાય મળે એ આપણે ચોકકસ કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, એક મોટી વાત મારે કરવી છે. માર્ગ મકાન વિભાગમાં લગભગ બધુ નેટવર્ક ગુજરાતનું પુરું થયું છે, હવે મેં અગાઉ કહ્યું હતું એમ મુખ્ય મંત્રી ગ્રામ સડક યોજના, હું અભિમાનથી નથી કહેતો પણ આનંદ અને ગૌરવથી કહું છું કે, અમારા માનનીય મુખ્ય મંત્રીશ્રીમતી આનંદીબહેને ૨૫૦૦ કરોડ રૂપિયા આ વર્ષે જ વાપરવાના, એ પ્રમાણે ગામડાંઓમાં જે રસ્તા કરવા માટેની અને આવનારા ત્રણ વર્ષની અંદર દસ હજાર કરોડ રૂપિયા ગામડાંઓને ગામડાંઓથી, પેટા પરાંઓને ગામડાઓથી, શાળાઓને રસ્તાથી આ બધુ જ જોડવાની જે યોજના અમે મંજૂર કરી છે આ પત્રિકા પણ અમે આપ સૌને આપીશું, આપ અભ્યાસ કરજો, એમાં પણ આપના કોઇ સૂચનો હોય કે માગણી હોય તો ચોક્કસ અમને કહેજો. રસ્તાઓ બાબતમાં કોઇ ટીકા થઇ નથી એનો મને આનંદ છે. માગણી તો હોય, માગણી કયારે હોય જયાં વિકાસ હોય ત્યાં હોય જ. એક માને બે દીકરા હતા, એક દીકરો નવરો બેસી રહે, પાનના ગલ્લે મસાલા ખાય, કોઇ આવક ન કરે, કોઇ ધંધો ન કરે ઉપરથી રોજ પચાસ રૂપિયાની નોટ માગીને લઇ જાય એવો હતો. એક છોકરો એવો હતો જે મહેનતુ હતો, ખૂબ મહેનત કરે, સારુ ભણે, સાથે નોકરી ધંધો પણ કરે, આવક લાવે, ઘેર મા-બાપને આપે એ એમને બહુ ગમતુ હતું. અત્યારે આ રાજયમાં પણ આવું જ છે. જે ભૂતકાળમાં નહોતું થતું, કમાતા નહોતા, કરતા નહોતા, આપતા નહોતા, પાનના ગલ્લે બેસી આખા ગામની ચિંતા કરતા હતા, કશું કરતા નહોતા, એમની પાસે પ્રજાને કોઇ અપેક્ષા નહોતી. અપેક્ષા કોની પાસે હોય કે જે કરી બતાવે, સક્ષમ હોય, ભૂતકાળમાં અપેક્ષા નહોતી, માગણી નહોતી, જીવતા હતા એમ જીવતા હતા. રગશીયુ ગાડું ચાલતું હતું, ગામડામાં વીજળી નહોતી, રસ્તા નહોતા, શિક્ષણ નહોતું, શાળાના વર્ગો નહોતા, કશું નહોતું, પીવાનું પાણી નહોતું, નર્મદા યોજના નહોતી તો પણ લોકો ચલાવી લેતા હતા. હવે અમે જયારે કરવા માંડ્યા છીએ. કરીએ તો માગેને, મા યોજનામાં માગો, મા વત્સલ્ય યોજનામાં માગો, પીવાનું પાણી માગો, રસ્તા અને પુલો માગો, કરીએ છીએ એટલે માગે છે. અમે કરી બતાવનારા છીએ. ભારતીય જનતા પક્ષ નરેન્દ્રભાઇ મોદીસાહેબે માર્ગદર્શન અને શિખામણથી કહેલું કે આપણે કહીએ છીએ એ કરી બતાવવાની નેમ રાખવાની, પછી એ નાણાકીય રીતે હોય, વહીવટી રીતે હોય કે ફિલ્ડમાં કામ થાય એ રીતે હોય. હું અમારા બે વિભાગ પૂરતી વાત નથી કરતો. અમારા ગુજરાતના બધા જ મંત્રીશ્રીઓ પોત પોતાના વિભાગની જે કામગીરી કરે છે એ ન ભૂતો ન ભવિષ્યતિ. બીજા કોઇની તાકાત નથી કે એ કામ કરી શકે.

એટલે ગુજરાતની પ્રજાને અમારામાં સંપૂર્ણ વિશ્વાસ છે એટલે અમને સતત ને સતત જવાબદારી આપે રાખે છે. માનનીય તેજશ્રીબહેન અને માનનીય અમિતભાઇએ ચિઠ્ઠી મોકલી છે. (અંતરાય) ગમત તમને નહિ ગમે. જે આનંદમાં રહે એનુ જીવન ખુશ રહે, પારકી ચિંતા, વગર કારણની ચિંતા જેના નસીબમાં જે હોય એ ભોગવે, અમે આનંદથી પ્રજાનુ કામ કરવાના, પ્રજાની સેવા કરવાના અને ભારત માતાને શકિતશાળી બનાવવાના.

માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે માનવ સેવા અને ગુજરાતના વિકાસનું કામ અમારા બંને વિભાગ કરી રહ્યા છે ત્યારે અમને સાકર આપો એવી મારી વિનંતી છે. હું બીજી રીતે નહિ કહું કે આજે કાપ દરખાસ્તો સર્વાનુમતે થશે તો મેં શરૂઆતમાં કહ્યું એમ બોનસ અપાશે.

શ્રી અનિલભાઇ જોષીયારા : માનનીય મંત્રીશ્રીએ જાહેરાત કરી કે કોઇપણ વિસ્તાર વિકાસથી વંચિત નહિ રહેવો જોઇએ. મારે એટલે જ કહેવું છે કે અમારા ભિલોડા અને મેઘરજ તાલુકામાં ઘણા એવા ગામડાં છે કે સાયડી, નાપડા જાગીર, ધંબોળીયા, આદિવાસી વસાહત, બોરખાડ, ધોરવાડા, ભડવદ, ચમારડા, જોધાપુર ફળિયુ અને પીપળીયું આવા તો ઘણા ગામો છે અને સરવેના અભાવે આ ગામોને એક પણ કનેકિટવિટી મળી નથી. તો મંત્રીશ્રીને વિનંતી છે કે આ ગામો રહી ગયા છે એનું સરવે કરીને રસ્તો કયાં સુધી આપવા માગો છો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : મેં અત્યારે વિચારણા કરી ત્યારે માનનીય સિનિયર સભ્ય આપણને શોભે એવા ધારાસભ્ય શ્રી મોહનસિંહભાઇએ વાત કરી કે મને ૮૦ થી ૮૨ કરોડના રસ્તા મળ્યા છે પણ સ્ટાફના અભાવે કામ થતું નથી. જે રીતે બીજા વિભાગો શહેરી વિકાસ વિભાગ હોય, પાણી પુરવઠા વિભાગ હોય આઉટ સોર્સીંગથી અનુભવીઓ મારફત એન્જિનિયરો મારફત જે સરકારની સેવામાં નથી રહેતા એમની મારફત પ્રાથમિક સરવે, ડીટેઇલ એસ્ટિમેટ વગેરે બનાવવું એવું કરવાની યોજના કરે છે. એ પ્રમાણે મને અત્યારે વિચારો આવ્યો છે, હું કોઇ ખાતરી નથી આપતો પણ મને એવું લાગે છે કે માર્ગ મકાન વિભાગમાંથી અમે અમારો સ્ટાફ ભલે ઓછો છે પણ અન્ય લોકોને કામગીરી સોંપીને આઉટ સોર્સીંગથી જે કરવાપાત્ર પ્રાથમિક સરવે વગેરે બનાવી અને વહેલી તકે મંજૂર કરેલા રસ્તા બધાના થાય એ અંગે અમે ચોક્કસ હકારાત્મક રીતે વિચારણા કરીશું.

ઉપાધ્યક્ષશ્રી : પ્રશ્ન સીધા પૂછજો, એટલા પૂરતું. બેમાંથી એક જ અમિતભાઇ.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : સાહેબ, હું પારાયણ નહીં કરું. આરોગ્ય વિભાગની ખૂબ વાત કરી. પણ તેમાં જયાં સિવિલ હોય, આપણું પી.એચ.સી. હોય, સી.એચ.સી. હોય ત્યાં દવાનો સ્ટોક અવેલેબલ ન હોય એટલે ડોકટર પ્રિસ્ક્રીપ્શન લખીને આપે. આપણે ત્યાં એવો કોઇ પરિપત્ર ખરો કે નહીં કે આપણે એ દવા બ્રાન્ડેડ જ લખવી. આપણે એવો પરિપત્ર કરીએ કે જે દવાઓ બહારની લખવામાં આવે એ જેનેરીક જ લખીએ. જેનાથી જે પેશન્ટ હોય તેને ઘણાં રૂપિયાનો ફાયદો થાય. કારણ કે બ્રાન્ડેડ અને જેનેરીક, ઇન્ગ્રેડિયન્સ એક જ હોય. પણ તેની કિંમતમાં ઘણો બધો તફાવત હોય છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમિતભાઇએ કહ્યું હું પારાયણ નહીં કરું. પારાયણ કરવા તો જ્ઞાન જોઇએ, તપ જોઇએ, સાધના જોઇએ પછી.. (આ તબક્કે સભ્યશ્રી શકિતસિંહજી ઉભા થતાં)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ના,ના. અમારી બેની વાત છે. તમે વચ્ચે નહીં આવો. નહીં, નહીં. બરાબર છે. એમણે કહ્યું છે, પારાયણ નહીં કરું. એ જોઇએ સાહેબ. એટલે અમે આ બધું કહીએ છીએ. હું પારાયણના જ્ઞાનની વાત કરું છું. તમે ચિંતા નહીં કરો નકામી. (અંતરાય) સાહેબ, મેં બરાબર કહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, મેં સમયના અભાવે નથી કહ્યું, અમારો સિદ્ધાંત છે, અમારું ધ્યેય છે કે સરકારી હોસ્પિટલોમાં ૫૩૫-૪૦ પ્રકારની દવાઓનું લિસ્ટ આપણે તૈયાર કર્યું છે. બધી જ હોસ્પિટલોમાં વિના મૂલ્યે દવાઓ આપવાની આપણે જોગવાઇ કરી જ છે. છતાં પણ કોઇ જગ્યાએ જરૂર પડે તો રોગી કલ્યાણ સમિતિના ખર્ચમાંથી પણ ગરીબોને આપણે લઇ આપીએ છીએ. બીજું, આ વખતે અમારા મુખ્યમંત્રીએ, અમારા આરોગ્ય વિભાગે એક ખૂબ સુંદર નવો નિર્ણય કર્યો છે કે જેને કાયમી બી.પી. હોય, કાયમી ડાયાબિટીસ હોય તેને સરકારના ખર્ચે જીવે ત્યાં સુધી સરકારની હોસ્પિટલમાંથી દવા મફત આપવાનો પણ નિર્ણય કર્યો છે. બી.પી. હોય, ડાયાબિટીસ હોય અને ઘરે દવા લઇ જવી હોય તો સરકારની હોસ્પિટલમાંથી આપણે આપીશું. જેનેરીક દવાઓ માટે પણ ભારત સરકારે ૩,૦૦૦ સ્ટોર ખોલવાનું નક્કી કર્યું છે. ગુજરાતમાં પણ આવશે. એનો પણ આપણે પ્રજાને લાભ આપીશું.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે ડીસામાં સિવિલનું નવું બિલ્ડીંગ બન્યું. હોસ્પિટલ ચાલુ થઇ ગઇ છે. હોસ્પિટલનું મકાન સારું બન્યું પણ તેમાં કોઇ કારણસર ઓપરેશન થિયેટર બનાવવાનું રહી ગયું છે. બીજું, ડિલિવરીના રોજના ૧૦-૧૫ કેસ આવે છે પણ ગાયનેક ડોકટર નથી. ડેન્ટિસ્ટ છે પણ ડેન્ટલની ખુરશી નથી. ડાયાલીસીસ માટે બીજા ઘણાં કેસ આવે છે એટલે ડાયાલીસીસના મશીન મૂકજો. આ એક વિકાસની વાત છે તો આટલું કરી આપજો એવી ખાતરી આપો તો તમારી મહેરબાની.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યશ્રી, અમે બધું કરીએ છીએ. ઘણી વાર આપણે સાંભળેલી, કહેલી વાતો કહીએ છીએ. ઝાલોદમાં ડો. ગરાસિયાજીએ કહ્યું કે એન્ટીસ્નેક વેકસીન નથી. (અંતરાય) એમણે કહ્યું છે મારી કહેવાની ફરજ છે. ૧૦ ડોઝ છે. એન્ટી રેબીટ વેકસીન ૩૦૯ વાયલ છે. એમણે ઝાલોદની વાત કરી. ઝાલોદમાં બે ડોકટરો સી.એમ. સેતુમાં મૂકયા છે અને ઝાલોદમાં ડો. ગરાસિયાજી, દર મહિને ૨૦૦ પ્રસૂતિ થાય છે ત્યાં ડોકટરો ન હોય તો આ ૨૦૦ ડિલિવરી કેવી રીતે થાય?

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : (દંડકશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, માગણીઓ પરનું મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે એવી હું દરખાસ્ત કરું છું.

ઉપાધ્યક્ષશ્રી: સૌ સંમત છે? (થોડીવાર બાદ) માગણીઓ પરનું મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હવે ગોવાભાઇની વાત કરું. અમે જે બિલ્ડીંગ બનાવીએ તેમાં બધી જ વ્યવસ્થા હોય. છતાં આપે કહ્યું છે એટલે હું સ્પેશિયલ જોઇ લઇશ. મહેશભાઇએ પાલનપુરની વાત કરી હતી. મહેશભાઇ હમણાં અઠવાડિયા પહેલાં જ મારી ઓફિસમાં આવ્યા હતા અને પાલનપુરનું લેટેસ્ટ બિલ્ડીંગ તૈયાર થઇ ગયું છે. તેનું ઉદઘાટન પણ ટૂંક સમયમાં આપણે કરીશું.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૩-૧૪ના વર્ષના બજેટમાં છોટા ઉદેપુરમાં જનરલ હોસ્પિટલ ખાતે જનરલ નર્સીંગ શાળા અને છાત્રાલય માટે નવા મકાનના બાંધકામ માટે રૂ.૪.૫૦ લાખ મંજૂર કરેલા. સામુહિક આરોગ્ય કેન્દ્ર છોટા ઉદેપુરની કક્ષા ઉંચી લાવવા માટે ૧૫૦ પથારીની સવલત માટે રૂ.૨.૪૦ કરોડ મંજૂર કરેલા અને છોટા ઉદેપુરમાં છોકરાઓની સરકારી છાત્રાલય માટે રૂ.૭૬.૬૦ લાખ અને આદર્શ નિવાસી શાળાના છોકરાઓ માટેની હોસ્ટેલના બાંધકાર માટે રૂ.૨.૬૫ કરોડ આપવાની જાહેરાત કરેલી. આ રકમ વર્ષ ૨૦૧૩-૧૪માં મંજૂર કરેલી છે. જે આજ સુધી બન્યું નથી તો આ માટે સરકાર શું કરવા માગે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કેસ ટુ કેસ મારી પાસે માહિતી ન હોય. પરંતુ હું સૈદ્ધાંતિક રીતે મંજૂર કરીએ પછી કલેક્ટર પાસે જમીન માગીએ, કલેક્ટર જમીન આપે એ યોગ્ય હોય, લોકોને નજીક પડતી હોય, આ બધુ સરકારને જોવાનું હોય છે. એટલે એ બધુ થયા પછી આ બધા કામો થવાના અને છોટા ઉદેપુર નવો જિલ્લો બન્યો છે. બધી જ સગવડ આદિવાસી વિસ્તારમાં આપણે સો ટકા આપવાના છીએ.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં હું હાજર નહોતો અને શ્રી રાજેન્દ્રસિંહ ચાવડાએ વાત કરી કે શ્રી કરમશીભાઇ વિરોધ કરતા હતા કે આવા રસ્તા છે. આમ થઇને આમ જાય એવા રસ્તા છે. જો મારી સાથે આ ગૃહના કોઇપણ ભાજપના ધારાસભ્ય આવતા હોય તો હું એ રસ્તા બતાવવા તૈયાર છું. કુંવારથી હિરાપુર અને મખીયાવનો જુનો રસ્તો ઉબડખાબડ છે. તો જેવા તેવા માણસો ત્યાંથી આ રસ્તો પસાર કરે એટલે ઘેર જઇને શાંતિથી સૂઇ જાય તો આ રસ્તો પાકો ડામરથી કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે થોડીક શ્રી કરમશીભાઇના વિસ્તારમાં તકલીફ પડે છે. હું જે રસ્તા મંજૂર કરું એના બીજા દિવસે પત્ર આવી જાય કે આ રસ્તો મને મંજૂર નથી કેન્સલ કરવો. આવા દસ પત્રો મેં રોડ આપ્યા પછી રદ કરવા માટે એમણે મોકલ્યા છે. એટલે શ્રી કરમશીભાઇ પહેલા નકારાત્મક રાજકારણમાંથી બહાર આવો. જે આપીએ એ સ્વીકારો. પ્રજા માટે છે. તમારા વિસ્તાર માટે જ છે. તમને લાભ થવાનો છે. એટલે આવી બધી નકારાત્મક પ્રવૃત્તિ બંધ કરો પછી આવા રસ્તા લઇને આવજો.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જાણે છે કે આણંદ જિલ્લો ૧૯૯૭માં જુદો પડેલ છે. જિલ્લામાં સિવિલ હોસ્પિટલ નથી. મંત્રીશ્રી જાતે પણ અનેકવાર જગ્યાઓ જોવા ગયા છે. પણ આજ દિન સુધી એનો નિકાલ આવતો નથી. હમણાં એક નવી જગ્યાની દરખાસ્ત કલેક્ટરશ્રીએ કરી છે. તો તાત્કાલિક એને મંજૂર કરીને સિવિલ હોસ્પિટલ બનાવવાનું આપણું શું આયોજન છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આણંદમાં નગરપાલિકા સંચાલિત હોસ્પિટલ નથી. જિલ્લા હોસ્પિટલ નથી. અમે આ કામ હાથ ઉપર લીધું. બે-ત્રણ જગ્યાઓ અગાઉ જોઇ. મેં શ્રી મોહનસિંહભાઇના પ્રશ્નમાં કહ્યું એમ કલેક્ટરશ્રીએ જમીનો બતાવી. પાંચ-સાત-દસ કિ.મી. આણંદથી દૂર હતી. લોકોને અનુકૂળ ન આવે. આ હોસ્પિટલમાં મધ્યમવર્ગના અને ગરીબ વર્ગના લોકો આવે છે. એમને શહેરથી દૂર જવું પડે અને પચ્ચીસ પચાસ રૂપિયા ભાડુ ખર્ચવું પડે એટલે દર્દીને ફાયદો ન થાય. એટલે અમે એવું ઇચ્છતા હતા કે આણંદ શહેરની નજીક મળે અને આવી નજીકમાં જમીન કલેક્ટરશ્રીએ આરોગ્ય વિભાગને ફાળવી છે અને એનો કબજો પણ અમે લઇ લીધો છે અને ત્યાં પ્લાનીંગ કરવાનું કામ સોંપાઇ ગયું છે. માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે કે આરોગ્ય વિભાગની તેઓની કાપદરખાસ્ત પાછી ખેંચી લે તો બધાને આનંદ થશે.

કાપદરખાસ્ત ક્રમાંક -૧, ૨, ૪, ૭, ૮, ૯, ૧૧, ૧૨, ૧૩, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૪, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૪, ૩૫, ૩૬, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૫૦, ૫૩, ૫૬ અને ૫૭ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંક- ૩૯, ૪૦, ૮૫, ૮૬, અને ૮૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સભાગૃહની બીજી બેઠકનું કામકાજ સાંજના ૭-૦૬ વાગ્યે પૂરું થતાં સભાગૃહ માન. અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તારીખ ૨૮મી માર્ચ, ૨૦૧૬ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

ગુજરાત વિધાનસભા
સોમવાર, તા. ૨૮મી માર્ચ, ૨૦૧૬
ચૈત્ર ૮, ૧૯૩૮ શાકે
સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.
અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષસ્થાને

અધ્યક્ષશ્રી : ટવેન્ટી ટવેન્ટી વર્લ્ડ કપમાં ભારતીય ક્રિકેટ ટીમે ઓસ્ટ્રેલિયાને હરાવીને સેમિ ફાઇનલમાં પ્રવેશ કર્યો છે તો ભારતીય ટીમને સમગ્ર ગૃહ વતી આપણે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

તારાંકિત પ્રશ્નો

રાજ્યમાં પ્રતિભાશાળી ખેલાડીઓની શોધ

* ૨૫૫૯૨ શ્રી દુષ્યંતભાઈ પટેલ (ભરૂચ) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના અંતરિયાળ વિસ્તારોમાં રહેલ પ્રતિભાશાળી ખેલાડીઓની શોધ માટે કોઈ આયોજન કરવામાં આવેલ છે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨)<br>➢ ગુજરાત રાજ્યમાં પ્રતિભા શોધ માટે ખેલમહાકુંભનું આયોજન કરેલ છે.<br>➢ આશરે ૩૫ લાખ ખેલાડીઓ આ ઈવેન્ટમાં ભાગ લઈ રહ્યા છે. જેમાં અંડર–૯,૧૧,૧૩ અને ૧૬ એમ દરેક વય જુથના ખેલાડીઓ છે.<br>➢ રાજ્યના મહાનગરપાલિકા વિસ્તારથી લઈને અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારના છેવાડાના ગામડાઓ સુધી પ્રતિભાશોધ થઈ રહી છે.<br>➢ રાજ્યના ૨૪૮ તાલુકા તથા મહાનગરપાલિકાના ૫૬ ઝોન મળી કુલ ૩૦૪ બ્લોકમાં પ્રતિભાશોધની પસંદગી પ્રક્રિયા કરવામાં આવે છે.<br>➢ રાષ્ટ્રના કોઈપણ રાજ્યમાં આટલી મોટી સંખ્યામાં પ્રતિભા શોધ અને ગ્રાસ રૂટનું કાર્ય થતું નથી. |

શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે હમણા જ આ દેશના બે મહિલા ખેલાડી સાનિયા નહેવાલ અને સાનિયા મિર્ઝાને પદ્મભૂષણ એવોર્ડ મળ્યાં છે ત્યારે આ ગૃહવતી તેમને ખૂબ ખૂબ શુભેચ્છા પઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની અંદર આ સરકારે ખેલ મહાકુંભ યોજ્યો છે ત્યારે એક કહેવત છે કે, હારા વો નહીં જો કભી જીતા નહીં, હારા વો હે જો કભી ખેલા નહીં. જ્યારે આટલું સરસ પ્લેટફોર્મ આ સરકારે આપ્યું છે ત્યારે શાળાઓમાં પસંદ કરેલા પ્રતિભાશાળી ખેલાડીઓને શું લાભ આપવામાં આવે છે? જિલ્લા કક્ષાના સ્પોર્ટ્સ સંકુલ યોજના અંતર્ગત પસંદગી પામેલા શાળાઓમાં કેટલા ખેલાડીઓને પ્રવેશ આપવામાં આવે છે? પ્રવેશ મેળવેલા આ ખેલાડીઓ કયા કયા જિલ્લામાં કઇ કઇ શાળામાં તાલીમ મેળવી રહ્યા છે? અને, જયારે અત્યારે દરેક રમતમાં કોચ આપણે બહારથી લાવીએ છીએ એટલે કે આવા ઇન્ટરનેશનલ કોચ કે જેનાથી સ્ટેમિના અને ટેકનિક વધે તો રાજય સરકાર આ દિશામાં કાંઇ વિચારવા માગે છે કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, રમત ગમત વિભાગનો પ્રશ્ન છે, અને આજે અમારા સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે તેઓ રણજી ટીમના ખેલાડી પણ રહી ચૂક્યા છે એટલે ખેલાડી તરીકે રમતને તેઓ સૌથી સારી રીતે સમજી શકે એ હું સમજું છું. જે પ્રતિભાશાળી ખેલાડીઓની શોધ થઇ હોય, આપણે ગ્રામિણ વિસ્તારમાંથી જુદી જુદી પદ્ધતિઓ દ્વારા ખેલકુંભનું માધ્યમ હોય, યંગ ટેલેન્ટનું માધ્યમ હોય તો એમાંથી જે ખેલાડીઓ મળે એને જિલ્લાના સ્પોર્ટસ સંકુલમાં પ્રવેશ આપવામાં આવે છે અને ત્યાર બાદ એના વિનામૂલ્યે એટલે શિક્ષણનો તમામ ખર્ચ, અભ્યાસનો તમામ ખર્ચ એટલે કે સ્ટેશનરી, પુસ્તકો, ગણવેશ, નિવાસ, ભોજન અને રમત ગમતને લગતા જે આધુનિક સાધનો હોય, સ્પોર્ટસ કીટ હોય એ બધું જ પૂરું પાડવામાં આવે છે. ઉપરાંત એમને માટે નિષ્ણાત કોચ રોકીને વૈજ્ઞાનિક ઢબે તાલીમ આપવામાં આવે છે. બીજું જિલ્લા કક્ષાના સ્પોર્ટસ સ્કૂલમાં હાલમાં ૩૮૧ ભાઇઓ અને ૨૧૩ બહેનો મળી કુલ ૫૯૪ ખેલાડીઓને પ્રવેશ આપેલ છે અને અત્રે હાલમાં જિલ્લામાં આવા ૧૬ સ્પોર્ટસ સંકુલો જુદી જુદી શાળાઓની અંદર આવેલા છે.

## તા. ૨૮મી માર્ચ, ૨૦૧૬

## તારાંકિત પ્રશ્નો

શ્રી શબ્દશરણ ભા. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ખેલ મહાકુંભમાંથી ખેલાડીઓની પ્રતિભાશોધ કેવી રીતે કરવામાં આવે છે? ખેલ પ્રતિભાશોધ માટે કોઇ વૈજ્ઞાનિક ટેસ્ટ રાખવામાં આવે છે કે કેમ? ચાલુ વર્ષે ખેલ મહાકુંભમાંથી કેટલા પ્રતિભાશાળી ખેલાડીઓની પસંદગી કરવામાં આવી છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ખેલ પ્રતિભાની શોધ માટે એ તો ખેલ મહાકુંભમાં જે ખેલાડીઓએ પોતાની પ્રતિભા બતાવી હોય એવા ખેલાડીઓને પ્રોત્સાહીત કરવામાં આવે છે. બીજી એક પદ્ધતિ છે યંગ ટેલેન્ટ, રાજયની અંદર એવા અનેક યુવાનો છે કે જે શારીરિક રીતે સક્ષમ છે, ચપળ પણ છે તો આવા શરીરિક સક્ષમ અને ચપળ યુવાનોને શોધીને એને તાલીમ આપવામાં આવે છે, અને અમુક ખેલાડીઓ જે પરંપરાગત રીતે રમત રમે છે, રમતા હોય છે એવા ખેલાડીઓને શોધવાના, શોધીને ત્યાર પછી આવા જે ખેલાડીઓ હોય એને રાજ્ય કક્ષાએ વ્યવસ્થિત રીતે તાલીમ આપવામાં આવે છે. બીજુ, વૈજ્ઞાનિક ટેસ્ટ માટે આપણે એક મોબાઇલ લેબ શરૂ કરી છે અને એમાં ફીઝીયોલોજીકલ ટેસ્ટ કરવામાં આવે છે. ખેલ મહાકુંભમાં યોજાતી અન્ડર–નાઇન, અન્ડર–ઇલેવન, અન્ડર–થર્ટીન વયજૂથમાંથી પ્રતિભાશાળી ખેલાડીઓની જે શોધ થઇ છે એમાં તાલુકા કક્ષાએ ભાઇઓ ૬૮૧૨ અને બહેનો ૫૮૪૪ એમ કુલ ૧૨૬૫૬ ખેલાડીઓની આપણે પ્રતિભાશોધ કરી છે. એમાંથી વધારે આગળ જિલ્લા કક્ષાએ લઇ ગયા એમાં ભાઇઓ ૫૮૫ અને બહેનો ૬૫૭ કુલ ૧૨૪૨ અને રાજ્યકક્ષાએ ભાઇઓ ૨૭૨ અને બહેનો ૨૫૯ એમ કુલ ૫૩૧ યુવાન પ્રતિભાઓને અત્યારે હાલ રાજ્ય સરકાર સઘન તાલીમ આપી રહી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે, ૩૫ લાખ ખેલાડીઓએ જ્યારે આ ઇવેન્ટમાં ભાગ લીધો છે ત્યારે આપે આપના જવાબમાં એમ કહ્યું છે કે, જિલ્લામાં જે સ્પોર્ટ્સ સંકુલ હોય છે એમાં એ ખેલાડી લોકો ભાગ લે છે તો રાજ્યમાં કેટલા જિલ્લા સ્પોર્ટ્સ સંકુલો આવેલા છે અને કયા જિલ્લામાં નથી? બીજું કોચની વાત કરી તો મારી પાસે માહિતી છે એ મુજબ ૧૯૮ કોચ છે એમાં કેટલી ખાલી છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : હમણાં જ ૬૦ કોચની ભરતી કરી છે કોચની ખાલી જગ્યા અંગેનો ચોક્કસ આંકડો હાલ મારી પાસે નથી. જે જગ્યાઓ ખાલી છે એની માહિતી હું સભ્યશ્રીને આપી દઇશ. રાજ્યની અંદર હાલમાં ૧૩ નિવાસી સ્કૂલ સ્પોર્ટસ સંકુલો છે અને ૩ બિન નિવાસી સ્પોર્ટસ સંકુલો છે. જો સભ્યશ્રી કહેતા હોય તો એ સોળે સોળના નામ હું અહીંયા જણાવું.

શ્રી શૈલેષ મ. પરમાર : મારે એટલું જ જાણવું છે કે કેટલા સ્પોર્ટસ સંકુલો જોઇએ? તેર અને ત્રણ સોળ થયા હવે કેટલા બાકી છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણીઃ ૧૩ જિલ્લાઓની અંદર સોળ સ્પોર્ટસ સંકુલો આવેલા છે.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, રમશે ગુજરાત અને જીતશે ગુજરાત એ વાત તો સાચી, પણ રાજ્યમાં અંતરિયાળ વિસ્તારની અંદર ખેલ મહાકુંભ દ્વારા વિજેતા એવોર્ડ મેળવેલ ખેલાડીઓને સરકારી નોકરી મળે એ માટે અનામત સીટ રાખવામાં આવેલ છે કે કેમ? કયા પ્રકારની નોકરીઓ માટે અનામત સીટો રાખવામાં આવી છે અને કેટલા ટકા રાખવામાં આવી છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી: આવી કોઇ જોગવાઇ નથી.

### કડી–થોળ–સાણંદ રસ્તાને ચારમાર્ગીય કરવાનું આયોજન

* ૨૫૫૫૬ શ્રી જગદીશભાઈ પંચાલ (નિકોલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૫–૧૬ માં મહેસાણા જિલ્લામાં કડી–થોળ–સાણંદ રસ્તાને ચારમાર્ગીય કરવાનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૩.૭૦૦૦.૦૦ લાખ. |
| (૩) આ કામ તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય અધ્યક્ષશ્રી, મારે આ ગતિશીલ ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીને અને મંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપવા છે કે ગુજરાત રાજ્ય માત્ર માર્ગ મકાનમાં જ નહિ પણ બીજી કામગીરીમાં પણ અગ્રેસર છે. ગઇકાલે સમગ્ર દેશમાં નમૂનેદાર એવું એરપોર્ટ કક્ષાના બસ સ્ટેન્ડનું અમદાવાદમાં ઓપનીંગ થયું. મારે મંત્રીશ્રીને પુછવું છે કે, કડી–થોળ રસ્તાને ચારમાર્ગીય કરવાની જરૂરિયાત હતી તે માટે સરકારશ્રીએ રૂપિયા ૭૦૦૦ લાખ જેવી માતબર રકમ મંજૂર કરી છે એટલે સરકારશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. તારીખ ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ કામ ટેન્ડરની પ્રક્રિયા હેઠળ હતું તો મારે એ જાણવું છે કે કામ ક્યારે શરૂ થશે, ક્યારે પૂર્ણ કરવામાં આવશે, કામની જોગવાઇઓ શુ શું છે અને કામ પૂર્ણ થતાં કેટલા ગામો અને કેટલી વસતિને આનો લાભ મળશે?

શ્રી જયદ્રથસિંહજી પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ રસ્તાની કામગીરી તારીખ ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ ટેન્ડર પ્રક્રિયા હેઠળ હતી. આ રસ્તાના કામના ટેન્ડર ૨૩–૩–૨૦૧૬ના રોજ ખોલવામાં આવેલ છે અને સૌથી નીચા ભાવ ભરનાર ઈજારદારશ્રીનું ટેન્ડર ક્ષેત્રીય કચેરીમાં ચકાસણી બાદ મંજૂરી માટે સરકારશ્રીમાં રજૂ થયે ટેન્ડર મંજૂર કરી ઈજારદારશ્રીને વર્ક ઓર્ડર આપવાની પ્રક્રિયા પૂર્ણ કરી બનતી ત્વરાએ એમાં નક્કી કરેલ સમય મર્યાદા મુજબ કામ પૂર્ણ કરવાનું આયોજન છે. સાથે સાથે

માનનીય સભ્યશ્રીએ જે જોગવાઈની વાત કરી એમાં ૧૦ મીટર હયાત ડામર સપાટીવાળા રસ્તાને ચારમાર્ગીય કરવાની જોગવાઇ છે, રસ્તા ઉપર ૨૨ નાળા છે, ચાર બોક્સ કલ્વર્ટ છે બે સ્લેબ બીમ છે એને ચારમાર્ગીય પહોળા કરવાની કામગીરી, રોડ સેફ્ટીની કામગીરી, જેવી કે box culverts, thermoplast paint પટ્ટા, zebra crossing, indicator stones અને રોડ સાઇડ બોર્ડની કામગીરી. આમાં ૧૨ horizontal ચાર vertical વળાંક સુધારણાની કામગીરીનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. એ જ રીતે આ કામ પૂર્ણ થતાં ૯ ગામોની ૨ લાખ ૮૪ હજાર ૭૦૦ જેટલી વસતિને લાભ થશે. મહેસાણા, સાણંદ અને સૌરાષ્ટ્ર તરફ જવા માટેના વાયા નંદાસણ કડી, સાણંદનો ટૂંકો ચાર માર્ગીય રસ્તાનો લાભ મળશે જેથી વાહન–વ્યવહારને સુગમતા અને સમયનો બચાવ પણ થશે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ચાર માર્ગીય રોડ થોળ–કડીથી જાય છે ત્યારે કેટલા સમયમાં આ રોડ કરવામાં આવશે? બીજુ, વચ્ચે રેલ્વે સ્ટેશન છે તો ત્યાં આગળ રેલ્વેનો ઓવરબ્રીજ સરકાર બનાવવા માગે છે કે કેમ? કારણ કે પાંચ પાંચ મિનિટે આ રેલ્વે ફાટક બંધ થાય છે તો ખરેખર એ જોગવાઇ કરેલ છે કે કેમ? અને ના કરેલ હોય તો કરવા માગે છે કે કેમ ? બીજુ, આ રસ્તો જે બનાવવામાં આવશે તે રસ્તો આમ, આમ બનાવવામાં આવે છે તો એવો રસ્તો ના બનાવે પણ બધાને અનુકૂળ હોય એવો સારો રસ્તો બનાવે તેવી મારી વિનંતી.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ રસ્તો ખૂબ ઉપયોગી રસ્તો છે અને સરકારે આ રસ્તા માટે ખૂબ ચિંતા કરી છે. લગભગ ૭ હજાર લાખ જેટલી માતબર રકમ આ રસ્તા પાછળ સરકાર ખર્ચ કરવાની છે ત્યારે માનનીય સભ્યશ્રીએ જે ચિંતા કરી, મેં એમાં કહ્યું કે આ રસ્તા ઉપર લગભગ ૨૨ નાળા, ૪ box culvert, sewage drains છે. એમને જે આર.ઓ.બી.ની વાત કરી એ એમનું સૂચન છે.

શ્રી રાકેશ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, જે કડી–થોળ–સાણંદનો રસ્તો છે તે અમદાવાદ શહેરને જોડતો રસ્તો છે અને જે રીતે ગતિશીલ ગુજરાતમાં મહાનગરોનો વિકાસ થયો છે, ટ્રાફિકની સમસ્યા ખૂબ વધી ગઇ છે ત્યારે આ રસ્તાને ટ્રાફિકની સમસ્યામાંથી દૂર કરવા માટે અને અમારા વડીલશ્રી કરમશીભાઇની લાગણીને પણ માન આપીને જયારે માનનીય મંત્રીશ્રી આ રસ્તો બનાવે છે તો આ ચાર માર્ગીય રસ્તો કરવાનું કામ કઇ યોજનામાં મંજૂર કરવામાં આવ્યુ છે અને તેની દરખાસ્ત કયારે કરવામાં આવી ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ જે રસ્તો છે મેં કહ્યું તેમ લગભગ ૦ થી ૩ કિલોમીટર હયાત ચાર માર્ગીય રસ્તો છે અને ત્રણથી ૨૪.૪૦૦ એ લગભગ ૨૧.૪૦૦ કિલોમીટર લંબાઇનો રસ્તો ઔદ્યોગિક વિસ્તારને જોડતા રસ્તાને સંગીન બનાવવાની યોજના હેઠળ ૧૫–૧૨–૧૫ના રોજ ૭ હજાર લાખની મંજૂરી આપેલ છે. આની દરખાસ્ત ૯–૯–૧૫ના રોજ સરકારશ્રીને મળેલ હતી.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આ ચાર માર્ગીય રસ્તો કડી–થોળ અને સાણંદ જે ઔડામાં આવેલ છે અને શહેરી વિકાસ દિન–પ્રતિદિન વધી રહ્યો છે તો કેટલા ગામોને આનો લાભ મળશે ? અને અંદાજે કેટલી વસતિને આનો લાભ મળશે ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આમાં મેં અગાઉ કહ્યું લગભગ ૨ લાખ ૮૪ હજાર ૭૦૦ એટલે જે ગામડાઓ આમાં આવે છે તે ગામો ગ્રામ્ય વિસ્તારમાં કડી ૨ લાખ ૬૦ હજાર જેટલી વસતિ, નાની કડી ૨૯૨૩, ફિરોઝપુરા ૧૧૯૧, બોરસણા ૩૦૯૨, જેતપુર ૯૯૫, આદ્રજ ૫૪૧૫, આમલીયારા ૧૪૧૮, વિડજ ૨૭૯૮, થોળ ૬૮૬૬ આમ, લગભગ ૨ લાખ ૮૪ હજાર ૭૦૦ જેટલી વસતિને આ રસ્તાનો લાભ થવાનો છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આપણે જે ટેન્ડર ઇશ્યુ કર્યુ તે નવા એસ.ઓ.આર મુજબ કર્યુ કે જૂના એસ.ઓ.આર. મુજબ કર્યુ ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી બલવંતસિંહજી તો ખૂબ વિદ્વાન છે, વર્ષોથી વિધાનસભામાં પ્રતિનિધિત્વ કરે છે. જે ટેન્ડર બહાર પડતું હોય તે જે એસ.ઓ.આર.નક્કી કર્યા હોય સરકારે તે પ્રમાણે જ પડતું હોય. ૨૦૧૫–૧૬માં જે એસ.ઓ.આર.નક્કી થયા તે એસ.ઓ.આર.પ્રમાણે જ ટેન્ડર ઇન્વાઇટ કર્યુ છે.

## ખંભાળિયા ખાતે રમતગમતનું આધુનિક સંકુલ

* ૨૬૫૮૪ શ્રી મેરામણભાઈ આહીર (ખંભાળિયા) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્યમથક ખંભાળિયા ખાતે રમતગમતનું આધુનિક સંકુલ નથી તે હકીકત સાચી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ ફરીયાદના ઉકેલ માટે ઉકત સ્થિતિએ સરકારે શી કાર્યવાહી હાથ ધરેલ છે, અને | (૨) જિલ્લા રમતગમત સંકુલના નિર્માણ માટે ૧૫ થી ૨૦ એકર જમીન ફાળવવા માટે કલેકટરશ્રી, દેવભૂમિ દ્વારકાને જણાવવામાં આવેલ છે. |
| (૩) આ કાર્યવાહી ક્યા તબક્કે છે ? | (૩) જમીન ફાળવણીની પ્રક્રિયા ચાલુ છે. |

તારાંકિત પ્રશ્નો

શ્રી મેરામણભાઇ મા. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે,' રમશે ગુજરાત, જીતશે ગુજરાત ' તો દેવભૂમિ દ્વારકામાં મેદાન નથી તો અમારાં બાળકો રમશે કયાં? ખરેખર ખંભાળિયા ખાતે રમત ગમતની આધુનિક સ્કૂલ બનાવવા માગો છો કે કેમ? આ સ્કૂલ કયાં સુધીમાં કાર્યરત કરવા માગો છો એ મને જણાવે.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નના પ્રભારી સભ્ય એ અમારા સુરતી કાઠીયાવાડી છે અને હું પણ સુરતી કાઠીયાવાડી છું એટલે અમે ભૌગોલિક રીતે એક નાતેદાર છીએ. એ હવે રમવા સુરતથી દેવભૂમિ દ્વારકામાં જશે અને હું હજી સુરતમાં જ છું. એમણે જે સ્કૂલની માગણી કરી તો જિલ્લા સ્પોર્ટસ સ્કૂલની યોજના રાજ્ય સરકારની છે. જિલ્લા સ્પોર્ટસ સ્કૂલ માટે હોસ્ટેલની સુવિધા હોય, સારું પરિણામ ધરાવતી માધ્યમિક શાળા હોય અને એવી કોઇ શાળા જો અરજી કરશે તો કલેકટરની એની સમિતિ છે અને એ સમિતિમાંથી જો અહીં આવશે તો અને જો એ એના ધારાધોરણ પ્રમાણે હશે તો અહીંથી અમે મંજૂર ચોક્કસ કરીશું.

શ્રી ચિમનભાઇ ધ. સાપરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે કે, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખેલ મહાકુંભ અંતર્ગત ચાલુ વર્ષે કેટલા ખેલાડીઓએ રજીસ્ટ્રેશન કરાવેલું, કેટલા ખેલાડીઓએ તેમાં ભાગ લીધો, અને કેટલા ખેલાડી તેમાં વિજયી થયા? બીજું કે, દેવભૂમિ દ્વારકામાં કેટલા ખેલાડી વિજેતા બન્યા, અને રાજય કક્ષાએ કેટલા ખેલાડી વિજેતા બન્યા?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જે પહેલો પ્રશ્ન હતો એના જવાબમાં દેવભૂમિ દ્વારકામાં ખેલ મહાકુંભમાં ૪૯૯૪૭ ખેલાડીઓએ રજીસ્ટ્રેશન કરાવેલું, તેમાંથી ૩૦૫૩૩ ખેલાડીઓએ પ્રત્યક્ષ રીતે રમતમાં ભાગ લીધો, એમાં જિલ્લા કક્ષાના ૧૪૭૩ ખેલાડીઓ વિજેતા બન્યા, જેમાં જિલ્લા લેવલે જે અલગ અલગ રમતમાં કુલ ૧૪૭૩ ખેલાડીઓએ જિલ્લા કક્ષાએ જીત મેળવેલી એમાંથી રાજયકક્ષાએ જે વિજેતા થયા એ સાત ખેલાડીઓ છે. એ ખેલાડીઓનાં નામ છે. સ્નેહ દવે ચેસમાં, ટીમ ગેમમાં રસ્સા ખેંચ, મિશ્રા અજય યોગાસનમાં, કંજારીયા કૌશિક યોગાસનમાં, નકુમ હેમાંગી કુસ્તીમાં, માધુરી કંજારીયા કુસ્તીમાં, ધારા કરમુલ એથ્લેટિક્સમાં.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે, દેવભૂમિ દ્વારકામાં જિલ્લા રમતગમત સંકુલ નથી તો કયા વર્ષની અંદર આ રમતગમત સંકુલ બનાવવા માટેનો નિર્ણય કરવામાં આવ્યો, અને કલેકટરશ્રી દેવભૂમિ દ્વારકાને જમીન ફાળવવા માટે જણાવવામાં આવેલ છે તો પ્રથમ દરખાસ્ત જમીન મેળવવા માટે કલેકટરશ્રીને કયારે દરખાસ્ત કરવામાં આવી, અને આ જમીન મેળવવા માટે કેટલી સમય મર્યાદાની અંદર કલેકટરશ્રી દ્વારા મંજૂર કરવામાં આવશે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારે ૨૦૦૬માં રાજયના દરેક જિલ્લામાં સરદાર પટેલ રમત ગમત સંકુલ કરવું એવો નિર્ણય કર્યો, એ અંતર્ગત હાલમાં જે જિલ્લાઓમાં જમીન ઉપલબ્ધ છે એવા ૧૯ જિલ્લાઓમાં સરદાર પટેલ રમત ગમત સંકુલ ઉપલબ્ધ છે. ચાર જિલ્લાઓમાં જમીન મળી ગયેલી છે ત્યાં કામગીરીની કાર્યવાહી ચાલુ છે. દેવભૂમિ દ્વારકા એ નવો જિલ્લો છે એટલે ખંભાળિયા ખાતે રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા તા. ૩-૬-૨૦૧૫ થી કલેકટરશ્રી, દેવભૂમિ દ્વારકાને જમીન ફાળવણી માટે જણાવેલ હતું. આપણને અનુકૂળ સરકારી પડતર એક સરખી જગ્યા ઉપલબ્ધ ન હોવાની જાણકારી અમને આપવામાં આવી છે. એના માટેની શોધ ચાલુ છે. રમત ગમત સંકુલો શહેરથી દૂર હોય તો સફળ થતા નથી. એટલે જેમ બને તેમ શહેરથી નજીક મળે એના માટેના પ્રયત્નો ચાલુ છે અને એ મળે એટલે તરત જ રમત ગમત સંકુલ સ્થાપવા માગીએ છીએ.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૬માં દરેક જિલ્લામાં રમત ગમત સંકુલો સ્થાપવા એવું સરકારે નક્કી કરેલ આજે એને ૧૦ વર્ષ જેટલો સમય થયો હોવા છતાં દેવભૂમિ દ્વારકામાં હજી બનાવી શકેલ નથી.

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ, આ નવો જિલ્લો છે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ જમીનની ફાળવણી કર્યા બાદ કઇ કઇ સુવિધાઓ આપવામાં આવશે?

અધ્યક્ષશ્રી : હજી જમીન જ મળી નથી ત્યાં બીજી સુવિધાની વાત કયાં આવે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : હમણાં આપે ભારતની ટીમ જીતી એના માટે અભિનંદન આપ્યા. રમત ગમત પ્રત્યે લોકોમાં અભિરૂચી વધી છે. રાજયના યુવાનો રમત ગમત પ્રત્યે જાગૃત છે, પણ મારો સવાલ એ છે કે તાલુકા મથકે કે જિલ્લા મથકે કે મ્યુનિસિપલ વિસ્તારમાં રમત ગમતના મેદાનો નથી. તેથી મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે *(xxx) કે આપણી પાસે મેદાનો નથી તો બાળકો રમશે કયાં? તાલુકા મથકે શહેરોમાં, મ્યુનિસિપલ વિસ્તારોમાં કે જિલ્લા મથકોએ રમત ગમતના મેદાનો ઉપલબ્ધ કરાવવા માટે સરકાર શું કરવા માગે છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : આ દેશની અને આ રાજયની દુર્દશા, *(xxx) એના માટે અમે જવાબદાર નથી. આ ખોટ પૂરી કરવા માટે ૧૯૯૫થી અમને અહીંયા બેસાડ્યા છે અને એ ખોટ પૂરી કરવા માટે જિલ્લા સંકુલ, ત્યાર પછી સંકુલ, સ્પોર્ટસ સંકુલના માધ્યમ દ્વારા અમે કરવા માગીએ છીએ. બજેટની ફાળવણી જોઇએ તો દેશના કોઇપણ રાજય કરતાં સૌથી વધારે

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ફાળવણી આપણા ગુજરાત રાજ્યે કરી છે. એ એટલા માટે કરી છે કે તમારા શાસનની (xxx) હતી એ પૂરી કરવાની કાર્યવાહી ચાલુ છે.

જી. જી. હોસ્પીટલમાં દવાનો જથ્થો ફાળવવા બાબત

* ૨૬૩૬૦ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ જામનગર શહેરમાં આવેલ જી.જી.હોસ્પિટલ (સરકારી) માં જીવન રક્ષક મહત્વની દવાઓ હોસ્પિટલમાંથી આપવાને બદલે દર્દીઓને બહારથી વેચાતી લેવી પડે છે તે હકીકત સાચી છે,<br>(૨) જો હા, તો તેના કારણો શાં છે, અને<br>(૩) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી દવાની જરૂરિયાત હતી તથા તેની સામે કેટલો જથ્થો ફાળવવામાં આવ્યો ? | (૧), (૨) અને (૩) : જામનગર શહેરમાં આવેલ જી.જી. હોસ્પિટલ (સરકારી) માં જીવન રક્ષક મહત્વની દવાઓ એસેન્સીયલ ડ્રગ લિસ્ટ (EDL) પૈકી આપવામાં આવે છે. તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જી.જી. હોસ્પિટલ તરફથી મળેલ દવાઓની માંગણી સબબ કુલ રૂ.૭,૪૭,૨૪,૫૪૯/– ની ૩૦૨ પ્રકારની દવાઓનો જથ્થો ફાળવવામાં આવેલ છે. આ ઉપરાંત જી.જી.હોસ્પિટલ દ્વારા સ્થાનિક ખરીદીથી કુલ રૂ. ૪.૮૮ કરોડ ની દવાઓ અને જરૂરી સાધનો પૂરા પાડવામાં આવેલ છે. આમ, કુલ રૂ. ૧૨.૩૫ કરોડની દવાઓ અને જરૂરી સાધનો ફાળવવામાં આવેલ છે. |

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જામનગર ખાતે આવેલ સરકારી જી.જી. હોસ્પિટલ સૌરાષ્ટ્રની મોટામાં મોટી છે. હું આ તબક્કે કોઇ રાજકીય વાત કરવા માગતો નથી. આ સરકારી હોસ્પિટલમાં જયારે દર્દીને ઓપરેશન કરવા માટે લઇ જાય ત્યારે ડોકટરો તરફથી કહેવામાં આવે છે કે આટલી આટલી દવા તમે બહારથી લઇ આવો એનું લિસ્ટ આપવામાં આવે છે. એકબાજુ દર્દીની પરિસ્થિતિ ખરાબ હોય એની પાસે સગવડ ન હોય અને જયારે ઓપરેશન કરવા લઇ જાય ત્યારે જ કહેવામાં આવે છે એટલે પેલો સગવડ પણ કરી શકતો નથી. તેથી કેસ કઢાવવા જાય ત્યારે જ કેસમાં લખી આપે કે આટલી આટલી દવા બહારથી લાવવાની છે અને આટલી આટલી દવા અંદરથી મળવાની છે, તો પેલા દર્દીના સગા એના માટે અગાઉથી વ્યવસ્થા કરી શકે. મારી બીજી વિનંતી છે કે બહારથી દવા લખી આપે છે એમાં સરકાર કોઇ રાહત આપવા માગે છે કે કેમ? ત્રીજો પ્રશ્ન એ છે કે આ હોસ્પિટલમાં ઘણા ડોકટરોની જગ્યા ઓ ખાલી છે. અમારે ત્યાં સુપ્રિન્ટેન્ડન્ટ ની જગ્યા ખાલી છે એ ચાર્જમાં ચાલે છે. ડીનની જગ્યા પણ ચાર્જમાં ચાલે છે. આપણે અહીંયા કહીએ છીએ કે ડોકટરો મળતા નથી. તેમાં આઇ. એ. એસ. કક્ષાના અધિકારીની જો નિમણૂંક કરીએ તો ત્યાંનો વહીવટ સારો થાય એવી મારી વિનંતી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલાં તો કહું કે માનનીય ધર્મેન્દ્રસિંહજીએ જે પ્રશ્ન પૂછ્યો તે રીતે ટુ ધ પોઇન્ટ વાત કરે તો હું કોઇ દિવસ રાજકીય જવાબ આપતો નથી. જેવો પ્રશ્ન એવો જવાબ. એ પ્રમાણે બધા સમજે તો ઝડપથી વાત થાય. જેવી વ્યકિત એવો જવાબ. (અંતરાય) નહીં, બધા જ સારા છે. આપણે બધા અહીં પ્રજાની સેવા માટે જ એકઠાં થયા છીએ. પ્રજાએ આપણને જવાબદારી સોંપી છે અને ધર્મેન્દ્રસિંહજીનો મને ખ્યાલ છે કે જામનગરના હોસ્પિટલના પ્રશ્નમાં હંમેશા સક્રિય છે અને ખૂબ સક્રિયતાથી દરેક વાતની એમણે મને અલગ રીતે પણ રજૂઆત કરી છે, પત્રોથી પણ કરી છે અને હાઉસ મારફત પણ કરી છે. એમની એ પણ વાત સાચી છે. આપણે બધા જાણીએ છીએ કે સૌરાષ્ટ્રમાં જામનગર જિલ્લો જૂનો જે જિલ્લો હતો એ મોટો જિલ્લો અને રાજાશાહી વખતની હોસ્પિટલ જેને આપણે જી.જી. હોસ્પિટલ કહીએ છીએ. ગુરુ ગોવિંદસિંહ હોસ્પિટલના નામથી ઓળખાય છે. ત્યાં આપણે દરરોજ સેંકડોની સંખ્યામાં દર્દીઓને સારવાર આપીએ છીએ. ઓપરેશનો કરીએ છીએ. તમામ પ્રકારની મેડિકલ કોલેજ સહિતની સુવિધાઓ ત્યાં ઉપલબ્ધ છે અને ખૂબ જૂની અને ખૂબ સારી મેડિકલ કોલેજ આપણે ત્યાં ચલાવીએ છીએ. એટલે મેડિકલ કોલેજના ડોક્ટરોનો અભ્યાસ અને સાથે તેમની તાલીમ અને સાથે સાથે સરકારના નિયુક્ત ડોકટરોની સેવાઓ વધુ મળે એવો અમારો સતત પ્રયત્ન છે. બીજો જે એમણે મૂળ પ્રશ્ન કર્યો છે એ દવાઓ માટે છે. મારા બજેટ પ્રવચન વખતે પણ મેં કહ્યું હતું, અગાઉ પણ કહ્યું છે અને આજે પણ કહીશ કે રાજય સરકારનો અભિગમ છે કે સરકારી હોસ્પિટલમાં આવેલા કોઇ પણ દર્દીને બહારથી કોઇ પણ પ્રકારની દવા ખરીદવી ન પડે અને ડોકટરો પ્રોફેશનલ રીતે જે કંપનીઓની દવાઓ લખી આપે છે એ દવાઓ લખી આપતા બંધ થાય એ માટે અમે સતત ચોકસાઇ રાખીએ છીએ. બધી જ હોસ્પિટલોમાં જે દવા આપવાના કાઉન્ટરો છે ત્યાં ફાર્માસિસ્ટ રૂમ ઉપર મોટા અક્ષરે અમે બોર્ડ મૂક્યા છે કે આ હોસ્પિટલમાં તમામ દર્દોની તમામ દવાઓ વિના મૂલ્યે દર્દીઓને આપવામાં આવે છે. કોઇએ બહારથી દવા ખરીદવી નહીં. કોઇ ડોકટર આગ્રહ કરે કે આ દવા બહારથી ખરીદો તો એની અમને જાણ કરો એમ પબ્લિક અવેરનેસ, પેશન્ટ અવેરનેસ અમે સતત કરીએ છીએ. જવાબમાં પણ આપણે જોયું છે કે લગભગ ૧૨ કરોડ રૂપિયાની દવાઓ જી.જી હોસ્પિટલમાં આપણે સરકાર દ્વારા આપીએ છીએ ત્યાંથી પણ ખરીદાય છે. એ સિવાય જે ભારત સરકાર અને રાજય સરકારની જુદી જુદી યોજનાઓ છે તે અંતર્ગત પણ મોટા પ્રમાણની રકમની દવાઓ દર્દીઓને આપવામાં આવે છે. બીજું, ત્યાં આપણે એક રોગી કલ્યાણ સમિતિની રચના કરેલી છે તેમાં આપણને ગ્રાન્ટ મળે છે. રાજય સરકાર પણ ગ્રાન્ટ આપે છે. ભારત સરકાર પણ આપે છે. દાતાઓ પણ દાન આપે એ ફંડમાં જમા થાય છે. ગરીબ દર્દીને કોઇ કારણસર વિશિષ્ટ પ્રકારની જરૂરિયાતવાળી દવા બહારથી ખરીદવાની જરૂર હોય તો દર્દીને રોગી કલ્યાણ સમિતિના ફંડમાંથી એ દવા ખરીદી આપવાનો પ્રયત્ન આપણે કરીએ છીએ. બીજું જેનેરીક દવાઓ આપવા માટે ભારત સરકારે પણ આયોજન કર્યું છે. ૩,૦૦૦ સ્ટોર સસ્તી દવાના,

જેનેરીક દવાના ખોલવાના છીએ. આપણાં રાજ્યમાં પણ ખોલવાના છીએ અને આપણી હોસ્પિટલોમાં બધી જ દવા વર્ષોથી વિના મૂલ્યે આપવામાં આવે છે. મોંઘામાં મોંઘા ઇન્જેકશનો હોય તો પણ વિના મૂલ્યે આપીએ છીએ. છતાં પણ આપના વિસ્તારમાં ક્યાંય કચાશ હોય તો બધા જ સભ્યશ્રીઓને મારી વિનંતી કે કોઇ ખોટી રીતે, પ્રોફેશનલ રીતે, કમિશન લેવાના હેતુથી કોઇ ડોકટર બહારની દવા લખી આપે તો ચોક્કસ અમારું ધ્યાન દોરજો. બધા જ દર્દીઓને વિના મૂલ્યે તમામ દવાઓ મળે એ અમારો પ્રયત્ન છે.

શ્રી ચીમનભાઇ ધ. સાપરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા જાણવા માગું છું કે જામનગરમાં જી.જી.હોસ્પિટલ ખાતે થેલેસેમિયા અને હિમોફિલિયા રોગના કેટલા દર્દીઓ સારવાર મેળવે છે અને તેની દવા માટેની શું વ્યવસ્થા કરવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હોસ્પિટલોમાં નિયમિત રીતે નાની મોટી કોઇ બીમારીની સારવાર માટે આવે તો આપણે તેને સારવાર આપીએ છીએ. ગંભીર પ્રકારના ઓપરેશન હોય તો પણ કરીએ છીએ. તો પણ કેટલાક દર્દો જન્મની સાથે શરીરમાં આવતા હોય છે, કેટલાક વારસાગત હોય છે અને કેટલાક જીન્સના પરિણામે આવતા હોય છે. આ બન્ને રોગો થેલેસેમીયા અને હિમોફિલિયાની સારવાર માટે ગુજરાત સરકારે નક્કી કર્યું છે. આમ તો એની સારવાર લાંબાગાળાની હોય છે, એ જીવે ત્યાં સુધી કરવાની હોય છે. એને રક્ત આપવું પડતું હોય છે, મોંઘા ઇન્જેક્શનો આપવા પડે છે, આંખના ઇન્જેક્શનો આપવા પડે છે. આ બધો ખર્ચ આ દર્દીઓને પોષાતો નથી. એટલે એનો સંપૂર્ણ ખર્ચ રાજ્ય સરકાર ઉપાડે છે. માનનીય ચીમનભાઇએ પૂછ્યું કે જામનગર ખાતે આવા કેટલા દર્દી છે? તો જામનગર ખાતે થેલેસેમીયાના ૩૧૧ અને હિમોફિલિયાના ૨૭ દર્દીઓ છે એમને આપણી હોસ્પિટલમાં નિયમિત સારવાર આપીએ છીએ અને મોંઘામાં મોંઘી સારવાર આખા રાજ્યમાં આપીએ છીએ એ જ પ્રમાણે જામનગરમાં આપીએ છીએ.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો એ બહુ અગત્યનો છે. આ જી.જી. હોસ્પિટલ સૌરાષ્ટ્રમાં અને ગુજરાત રાજ્યમાં નંબર વન હોસ્પિટલ હતી. જે જી.જી. હોસ્પિટલના નામે ઓળખાતી હતી. પણ કમનસીબી એ છે કે જે લોકોને ખાનગી હોસ્પિટલમાં પરવડતું ન હોય એવા લોકો જ આ જી.જી. હોસ્પિટલમાં જાય એવી હાલત આજે થઇ છે. અત્યારે પણ હડકવાના ઇન્જેક્શન, ધનુરના ઇન્જેક્શન અને વિદેશ જતી વખતે લેવા પડતા ઇન્જેક્શન આ હોસ્પિટલમાં હોતા નથી. અમે ફોન કરીને હોસ્પિટલના સત્તાવાળાઓને રજૂઆત કરતા હોઇએ છીએ. અહીં મંત્રીશ્રી એવી વાત કરે છે કે તમામ સગવડ ઉપલબ્ધ છે, પ્રજાને કોઇ તકલીફ નથી. મારે મંત્રીશ્રીને પૂછવું છે કે તમે વાતો કરો છો એ માટે કોઇ એવી યોજના અમલમાં મૂકવા માગો છો કે જેનાથી મેં કહ્યું એવા હડકવાના ઇન્જેક્શન, ધનુરના ઇન્જેક્શન અને વિદેશ જતા લેવા પડતા ઇન્જેક્શન ત્યાં નિરંતર મળતા રહે? એવું કોઇ આયોજન કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આયોજન કરવા માગો છો? એમ નહીં આયોજન છે જ! (અંતરાય) મેં તમને સાંભળ્યા છે. શ્રી રાઘવજીભાઇ, તમે બહુ બોલ્યા છો. બજેટ પ્રવચન વખતે ડો. ગરાસીયા કોંગ્રેસના સભ્ય બોલેલા કે ઝાલોદ હોસ્પિટલમાં આ નથી અને તે નથી. મેં માહિતી મંગાવી અને મારા પ્રવચનમાં એમને જવાબ આપ્યો હતો. કોંગ્રેસના મિત્રો આક્ષેપ કરવા ખાતર આક્ષેપ ન કરે. આ સાબિતિ છે, ભાઇ, આ સાબિતિ આપી. શ્રી બલવંતસિંહ, ડો.ગરાસીયાને મેં મારા જવાબમાં આ કહ્યું છે. આટલા વાયલ, આટલા ઓપરેશન અને આટલા ઇન્જેક્શન ત્યાં ઉપલબ્ધ છે. તમારે બોલીને સરકારને બદનામ કર્યા સિવાય કોઇ રસ નથી. એમણે રાજકીય કહ્યું એટલે હું રાજકીય કહું છું. તમારી વાત બિલકુલ ખોટી છે. બધા જ પ્રકારના ઇન્જેક્શન આ હોસ્પિટલમાં ઉપલબ્ધ હોય છે અને છે જ.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલા પણ મંત્રીશ્રીને પૂછ્યું હતું અને વિનંતી કરી હતી કે બહારથી જે દવાઓ લખવામાં આવે છે એ હોસ્પિટલમાંથી જ આપવા માટેની સૂચના આપવા માગો છો કે કેમ? અને મારો બીજો પ્રશ્ન એ હતો કે બહારથી દવાઓ લાવવાની લખવામાં આવતી હોય છે એમાં રાહત આપવા માગો છો કે કેમ? અને ત્રીજો પ્રશ્ન એ હતો કે આઇએએસ કક્ષાના અધિકારની નિમણૂક કરવા માગો છો કે કેમ? આ ત્રણેય પ્રશ્નોના જવાબ આપવા વિનંતી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ દર્દીને સરકારી હોસ્પિટલમાં જ સંપૂર્ણ દવાઓ વિનામૂલ્યે આપવામાં આવે છે. આપવાની ફેસીલીટી છે. કોઇ ડોકટર બહારની દવા લખી આપે તો અમારું ધ્યાન દોરજો, અમે કાર્યવાહી કરીશું મેં જ કહ્યું કે કમિશન લઇ કોઇ ડોકટર દવા લખતા હોય તો અમે કાર્યવાહી કરીએ. રાજ્યમાં પી.એચ.સી.થી માંડીને અમદાવાદની સિવિલ સુધીનું મોટું આરોગ્યનું નેટવર્ક છે. સેંકડો ડોકટરો, હજારો ટેકનીશીયનો બધા કામ કરે છે. મેડિકલ કોલેજો ચલાવીએ છીએ. ત્રણ હજાર વિદ્યાર્થીઓ એમ.બી.બી.એસ.માં અભ્યાસ કરે છે. પી.જી.માં અભ્યાસ કરે છે એટલે કોઇ ડોકટર કંઇ ખોટું કરતો હોય તો ધ્યાન દોરવાની તમારી પણ ફરજ છે. બીજું આપે કહ્યું કે બહારથી દવા લાવે એને રાહત આપવા માગો છો કે કેમ? પણ અમે તો બહારથી દવા લાવવી જ ના પડે, સો ટકા સરકારના ખર્ચે વિના મૂલ્યે દવા મળે એ પ્રમાણે કામ કરવા માટે આગળ વધી રહ્યા છીએ.

## એસ.ઓ.આર. ના ભાવો

* ૨૫૩૪૮ શ્રીમતી કામીનીબા રાઠોડ (દહેગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ માર્ગ અને મકાન વિભાગ દ્વારા વિકાસલક્ષી કામો કરવા માટે એસ.ઓ.આર. ના ભાવો નક્કી કર્યા છે તે ભાવો ગ્રામ્ય અને શહેરી કક્ષાએ અલગ અલગ છે તે હકીકત સાચી છે, અને | (૧) અમદાવાદ, સુરત, રાજકોટ તથા વડોદરા શહેર માટે અલગ એસ.ઓ.આર. ના ભાવો નક્કી કરેલ છે, તે સીવાય એસ.ઓ.આર. ના ભાવો જિલ્લાવાર નક્કી કરેલ છે. |
| (૨) એસ.ઓ.આર. ના ભાવો મુજબ કામો થતાં હોય | (૨) વિભાગ દ્વારા હાથ ધરવાના થતા કામો માટે મંજૂર |

છે છતાં ક્યા કારણોસર ટેન્ડર પ્રક્રિયામાં એસ.ઓ.આર. ના ભાવો કરતા ઉંચા ભાવોના ટેન્ડરો આવતા હોય છે ?

થયેલ એસ.ઓ.આર. મુજબ કામની અંદાજીત કિંમત નક્કી કરી ઈ–ટેન્ડરીંગ પધ્ધતિથી ટેન્ડરો મેળવવામાં આવે છે.

ઈજારદારશ્રીઓ દ્વારા કામગીરીનું સ્થળ, તે સ્થાને વિવિધ લેબર/મશીનરી/મટીરીયલ્સની પ્રાપ્યતા, લીડ કામગીરીના સ્થળે પડનાર અગવડતા/સગવડતા, કામની સમય મર્યાદા જેવા વિવિધ પરીબળોને ધ્યાને લઈ સ્પર્ધાત્મક ભાવ ભરાતા હોય છે.

–મહદ અંશે ટેન્ડરો એસ.ઓ.આર. આધારીત અંદાજીત કિંમત કરતા નીચા ભાવોના આવે છે.

શ્રીમતી કામિનીબા ભૂ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના માધ્યમથી હું પૂછવા માગુ છું કે અમદાવાદ, સુરત, વડોદરા જેવા મહાનગરોમાં કન્સલ્ટન્ટશ્રીઓ દ્વારા બનાવવામાં આવતા એસ્ટીમેટ એસ.ઓ.આર. મુજબ જ બનાવવાના હોય છે તો ઘણી મહાનગરપાલિકાઓ જે મારા ધ્યાને આવી છે એ અંદાજ મુજબ ઈજારદારશ્રીઓ દ્વારા ૩૫ થી ૪૦ ટકા ટેન્ડર ડાઉન આવે છે. નગરપાલિકાવાળા વિસ્તારમાં આવા જ કામના ટેન્ડર ૨૦ થી ૨૫ ટકા એબાઉ આવે છે તો આ બન્ને જગ્યામાં આવો ફેર હોવાના કારણો શું અને મારો બીજો પ્રશ્ન છે કે ઈજારદારશ્રીઓ જે રીતે માનનીય મંત્રીશ્રીએ મને જવાબ આપ્યો છે કે ઈજારદારશ્રીઓ દ્વારા કામગીરીનું સ્થળ, તે સ્થાને વિવિધ લેબર, મશીનરી, મટીરીયલની પ્રાપ્તતા, લીડ કામગીરી સ્થળે પડનાર અગવડતા/સગવડતા, કામગીરીની સમય મર્યાદા જેવા વિવિધ પરીબળોને ધ્યાને લઇ સ્પર્ધાત્મક ભાવ ભરાતા હોય છે. તો જો આ કામ ઈજારદારશ્રીઓ ધ્યાને રાખે તો સરકારશ્રી દ્વારા કન્સલ્ટન્ટ નીમેલા હોય છે તો શું આ કામગીરી કન્સલ્ટન્ટની હોય છે કે નહીં? અને ટેન્ડરો એબાઉ આવવાના મુખ્ય જવાબદાર કોણ અને બીજો મારો પ્રશ્ન છે કે મારા તાલુકામાં એવા ઘણા કામો છે કે જેમાં મ્યુનિસિપલ હાઈસ્કૂલમાં રીનોવેશનનું કામ થયું તો એમાં એગ્રીમેન્ટ પેપરની અંદર છ મહિનામાં કામ પૂરો કરવાનો એગ્રીમેન્ટ થયો હતો. અત્યારે લગભગ સાડા ત્રણ વર્ષ થયા હોવા છતાં આ કામ પૂરું થયું નથી તો આના માટે જવાબદાર એગ્રીમેન્ટ કરનાર કન્સલ્ટન્ટ કે ઈજારદાર?

શ્રી જયદ્રથસિંહજી પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી કે જે ટેન્ડર અમૂક બીલો આવે છે, બીલો આવે છે એ વાત સાચી છે. એમાં જે બીલો આવવાના કારણો છે એમાં એસ.ઓ.આર.માં જ્યારે ભાવ નકકી થાય ત્યારે કુશળ તેમજ બિન કુશળ લેબરના ભાવો શ્રમ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવતા હોય છે. એમના પરિપત્રોના આધારે ઝોન–૧માં શહેરી વિસ્તારો, ઝોન–૨માં રાજયના અન્ય વિસ્તારો અને એ મુજબ લેબરના ભાવો એસ.ઓ.આર.ની અંદાઝીત જુદી જુદી આઇટમોના ભાવોમાં એકંદરે ફરક પડતો હોય છે. જે શહેરી વિસ્તાર માટે નવીન બાંધકામો માટે કોંક્રીટ તથા ચણતર વગેરેની કામગીરીમાં વપરાતી કવોરીની બેઝીક આઇટમો જેવી કે રેતી, ગ્રીટ, કપચી, ઇંટો, મોરમ વગેરે સામાન્ય રીતે શહેરથી દૂરના અંતરેથી લાવવાની થતી હોઇ તેને ધ્યાને રાખીને શહેર વિસ્તારના એસ.ઓ.આર. બનાવવામાં આવે છે. જયારે નાના શહેરી વિસ્તારોમાં અને ગ્રામ્ય વિસ્તારોમાં ઉપરોકત બેઝીક મટીરીયલ આસપાસના નજીકના અંતરેથી સરળતાથી મળી શકે તેમ હોય નાના શહેરી વિસ્તાર તેમજ ગ્રામ્ય વિસ્તાર માટે જે તે જિલ્લાના એસ.ઓ.આર. બનાવવામાં આવે છે. જે વાત કરી બીલો ટેન્ડર આવે છે, મેં કીધું એ વાત સાચી છે અને આ સન્માનનીય સભાગૃહમાં અમારા માનનીય મંત્રીશ્રીએ પણ વિગતવાર માહિતી આપેલી હતી કે એસ.ઓ.આર. કરતા ટેન્ડરો નીચે આવવાના કારણો છે એમાં સરકારની કામગીરીના ટેન્ડરો પહેલાં હાથોહાથ આપવામાં આવતા હતા એટલે માથાભારે લોકો હોય અને કેટલાક વિસ્તાર માં બીજા લોકોને ટેન્ડર આપવા દેતા ન હતા, કેટલાક વિસ્તારમાં રીંગ થઇ જતી હતી અને કોન્ટ્રાકટરોની સિન્ડીકેટ થઇ જતી હતી એટલે હરિફાઇ ન થાય અને ભાવો ઊંચા આવતા હતા. અમારી સરકારે ટેકનોલોજીનો ઉપયોગ કરીને ઓન લાઇન ટેન્ડરો લેવાનું શરૂ કરતાં આજે કોઇપણ ઈજારાદાર પોતાને ત્યાંથી ઓન લાઇન ટેન્ડર ભરી શકે અને એટલે મેળાપીપણામાં સિન્ડીકેટ કરવી, બીજાને ટેન્ડર ન ભરવા દેવું એવું જે વર્ષોથી ચાલતું હતું તે બંધ થઇ ગયું. અમારી સરકારની દેખરેખના કારણે કોઇપણ જગ્યા એથી ટેન્ડર ખોટી રીતે સ્વીકારાય એમ નથી. આ બધાનો સરવાળો થતા સરકારના કરોડો અને અબજો રૂપિયા ખોટી રીતે જતા હતા તે અટકાવવામાં આવ્યા છે. આ રીતે આદરણીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન અને પૂર્વ મુખ્યમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇના નિર્ણયોથી અબજો રૂપિયા સરકારના ખોટી રીતે જતા હતા તે બચાવવામાં આવ્યા છે. આમાં બીજું મુખ્ય કારણ એ છે કે સ્ટીલ અને ડામરના ભાવો ઘટ્યા હોઇ તેનું રિફ્લેકશન આમાં મળ્યું અને કોન્ટ્રાકટરો વચ્ચે કામો મેળવવા માટેની હરિફાઇ ચાલુ થઇ. આના કારણે અત્યારે લગભગ ૨૦થી ૪૦ ટકા ટેન્ડરો બીલો (નીચા) આવે છે. આમ, અમારી સરકાર પ્રજાના હિત માટે કામ કરી રહી છે. બીજી અગત્યની વાત એ કે કામમાં ત્રણ વર્ષની ગેરન્ટી હોય છે. એ ગેરન્ટી પિરિયડ દરમિયાન રોડને કોઇપણ પ્રકારનું નુકશાન થાય તો તેને મેઇન્ટેન કરવાની જવાબદારી ઈજારાદારની હોય છે. તે માટે ડીપોઝિટ પણ જમા રાખવામાં આવે છે. બાંધકામ સારી રીતે થાય, ઊંચી ગુણવત્તાવાળું થાય, ખોટી રકમો અગાઉ જતી રહેતી હતી તે બંધ થઇ એટલે સરવાળે વધુ કામો આપણે કરી શકીએ છીએ. આના લીધે આ ભાવો ઓછા આવે છે. એમણે કહ્યું કે ૨૫–૩૦ ટકા ભાવો વધારે (ઊંચા) આવે છે. અમારા વિભાગમાં ૨૫–૩૦ ટકા ઊંચા ભાવો કોઇ ટેન્ડર માં ક્યારેય આવ્યા જ નથી. એમણે નગરપાલિકાની વાત કરી પણ એ વિસ્તાર માં એમની હકીકત છે એ નગરપાલિકાની વાત સાથે આને કાંઇ લાગતું વળગતું નથી. એ નોટિસ આપીને નગરપાલિકા અંગે પ્રશ્ન કરશે તો શહેરી વિકાસ વિભાગ જવાબ આપશે.

શ્રી અશોકકુમાર ર. પટેલ : એમણે જવાબ આપ્યો છે એના અનુસંધાને માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, એસ.ઓ.આર.ના ભાવો છે એમાં શહેરી વિસ્તારના અને ગ્રામ્ય વિસ્તારના અલગ અલગ ભાવો છે એ રેટમાં શું ફેર હોય છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : જે મેં વાત કરી કે શ્રમ અને રોજગાર વિભાગનો પરિપત્ર બહાર પડ્યો છે એમાં ઝોન–૧માં શહેરી વિસ્તાર અને ઝોન–૨માં રાજ્યનો અન્ય વિસ્તાર, એ પ્રમાણે વિસ્તાર લાગુ પડતા હોય છે. લેબરના ભાવો એસ.ઓ.આર.માં જુદી જુદી આઇટમના એકંદર ભાવમાં ફરક પડતો હોય છે.

શ્રીમતી કામિનીબા ભૂ. રાઠોડ : મારો જવાબ અધૂરો છે. મેં પૂછ્યું હતું કે સરકારશ્રી જે કન્સલ્ટન્ટ નીમે છે. કન્સલ્ટન્ટ ની જવાબદારી આ પ્રકારના ભાવો લેવાની છે કે નહીં? બીજો પ્રશ્ન હતો કે મ્યુનિસિપલ સંકુલમાં એગ્રીમેન્ટ પેપરમાં કામ પૂરું કરવાનો ૬ મહિનાનો ઉલ્લેખ હતો તો આજે એને લગભગ સાડા ત્રણ વર્ષ થયા હોવા છતાં કામો પૂરા ન થવાના કારણે જવાબદાર કોણ? કોન્ટ્રાક્ટર કે કન્સલ્ટન્ટ ? એમની સામે શું પગલાં ભરશો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ: બહેને જે પ્રશ્ન પૂછ્યો એ હું માનું છું કે નગરપાલિકાને લગતા કોઇ કામ બાબતમાં પૂછ્યો છે. શહેરી વિકાસ વિભાગ દ્વારા નગરપાલિકાઓને જે ગ્રાન્ટ આપવામાં આવે છે એની નીચે અલગ રીતે ટેન્ડર બહાર પડે છે. એના કન્સલ્ટન્ટ જુદા હોય છે. અમારા માર્ગ અને મકાન વિભાગને અને આપના દેહગામ નગરપાલિકા અથવા રાજ્યના કોઇપણ કોર્પોરેશન કે નગરપાલિકાના ચાલતા કામો વિશે અમારા વિભાગને કોઇ કન્સર્ન કે સંબંધ નથી. સરકારના વિવિધ વિભાગોના મકાનો જેવા કે, કોર્ટ, હોસ્પિટલ , સંકુલ, કોલેજો કે જેની બાંધકામ એજન્સી માર્ગ અને મકાન વિભાગ છે એના ટેન્ડરો અમે બહાર પાડીએ છીએ. એટલે રસ્તા અને સરકારની માલિકીના મકાનો બનાવીએ છીએ એ પૂરતી જ અમારા વિભાગની જવાબદારી છે. તમે પૂછ્યું એ હું માનું છું કે, શહેરી વિકાસ વિભાગનો પ્રશ્ન છે અને અમારા મંત્રીશ્રીએ કહ્યું એ મુજબ અલગથી નોટિસ આપીને એમને પૂછી શકો છો.

### આયુર્વેદ નિયામકની કચેરીમાં વર્ગ–૧ તબીબી અધિકારીનું મંજૂર મહેકમ

* ૨૫૪૪૨ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ આયુર્વેદ નિયામકની કચેરીમાં વર્ગ–૧ તબીબી અધિકારીનું મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૧) આયુર્વેદ નિયામકની કચેરીમાં તબીબી વર્ગ–૧ ની જગ્યા મંજૂર થયેલ નથી. |
| (૨) ઉકત સ્થિતિએ કુલ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉકત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું જાણવા માગુ છું કે આયુર્વેદિક વિભાગમાં વૈદ પંચકર્મ વર્ગ-૧ ટોટલ જગ્યાઓ ૩૫, ભરેલી જગ્યાઓ–૬, ૨૯ જગ્યાઓ ખાલી. જિલ્લા આયુર્વેદિક અધિકારી મંજૂર થયેલું મહેકમ ૨૪, ભરેલી જગ્યાઓ–૩, ૨૧ જગ્યાઓ ખાલી, ક્ષારસૂત્ર વર્ગ–૧,૧૮ જગ્યાઓનું મંજૂર મહેકમ, ભરેલી જગ્યાઓ–૦, અઢારે–અઢાર જગ્યાઓ ખાલી. નિયામક આયુર્વેદિક ૧ જગ્યા, ૧ જગ્યા ખાલી (અંતરાય)

અધ્યક્ષશ્રી : મણીભાઇ, એ તો મંત્રીશ્રીએ જવાબ આપવાનો છે. આપ પ્રશ્ન પૂછો.

શ્રી મણીલાલ જે. વાઘેલા : સાહેબ, એજ પૂછું છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : મૂળ પ્રશ્ન પર આવી જાવ. (અંતરાય)

શ્રી મણીલાલ જે. વાઘેલા : નાયબ નિયામકની જગ્યા–૨, ૨ જગ્યા ખાલી. કુલ ૮૦ જગ્યાઓ ૯ જગ્યા ભરેલી, ૭૧ જગ્યાઓ ખાલી એ વાત સાચી છે કે કેમ? બીજો પ્રશ્ન, આ જગ્યાઓ સીધી ભરતીથી ભરવામાં આવે છે કે બઢતીથી? વર્ગ–૨ના કેટલા અધિકારીઓને વર્ગ–૧નો હાયર ગ્રેડ આપવા માગો છો? ત્રીજો પ્રશ્ન, સરકારને કોઇપણ પ્રકારનો નાણાકીય બોજ પડવાનો નથી તો આ જગ્યાઓ બઢતીથી ના ભરવાના કારણો શું?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મણીભાઇએ તો અલગ પ્રકારનો પ્રશ્ન પૂછ્યો છે. એટલે આમાંથી એ જવાબ આવતો નથી. છતાં એમની જાણકારી માટે અને હાઉસની જાણકારી માટે હું કહું કે, આપણે જાણીએ છીએ કે બઢતીના નિયમો છે. જે અધિકારી જે પોસ્ટ ઉપરથી ઉપલી પોસ્ટ ઉપર બઢતી મેળવવાપાત્ર થતા હોય એમની નોકરીની સમય મર્યાદા, એમણે મેળવેલો અનુભવ અને નીચલી પાયરી ઉપરથી ઉપલી પાયરી ઉપર જવા માટે જે નોકરી માટે અનુભવનો સમયગાળો જોઇએ, એટલા મહિના અથવા એટલા વર્ષ આ વિભાગમાં કોઇપણ અધિકારીએ પૂર્ણ કર્યા નથી. એટલે સરકાર ઇચ્છે તો પણ પ્રમોશન આપી શકીએ નહિ. જી.એ.ડી.ના અને રાજ્યની ભરતીના નિયમો પ્રમાણે, પ્રમોશનના નિયમો પ્રમાણે જે કર્મચારી કે અધિકારી પ્રમોશન માટે અનુભવનો સમયગાળો પ્રાપ્ત કરી ચૂક્યા હોય એ પ્રાપ્ત કર્યા પછી જ એમની ભરતીની અને બઢતીની પ્રક્રિયા થાય. એમની સામે પછી કોઇ ઇન્કવાયરી હોય, એમની સામે કોઇ એકશન લેવાઇ ચૂક્યા હોય તો એ પ્રમોશનમાં આવી શકતા નથી. પછી ડી.પી.સી. થાય અને ડી.પી.સી.માં જેની કોરી સ્લેટ હોય એ પ્રકારના અનુભવ પ્રાપ્ત અધિકારીઓને જ ઉપલી પાયરી ઉપર પ્રમોશન મળે છે. અમારા આરોગ્ય વિભાગના આર્યુવેદિક વિભાગમાં જે જગ્યાઓ ખાલી છે એ બધી જ જગ્યાઓ ચાર્જ પર આપેલી છે. મૂળ ભરતી કરીને પ્રમોશન આપવાની લાયકાત, બઢતી મેળવવાની લાયકાત એકપણ અધિકારી ધરાવતા નથી.

## ચૈત્ર ૮, ૧૯૩૮ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગુ છું કે, નિયામકશ્રી ભારતીય તબીબી અને હોમિયોપેથી પધ્ધતિની કચેરીમાં હાલમાં વર્ગ–૧ની કેટલી અને કઇ જગ્યાઓ મંજૂર થયેલ છે? બીજો પ્રશ્ન, નિયામકશ્રી ભારતીય તબીબી અને હોમિયોપેથી પધ્ધતિની કચેરીની કામગીરી અને કાર્યક્ષેત્ર શું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણી સારવાર માટેની જુદી જુદી તબીબી પધ્ધતિઓ છે એમાં એલોપથી, આયુર્વેદિક પધ્ધતિ જે ભારતીય પરંપરાને લગતી પધ્ધતિ છે, હોમિયોપેથી છે એની જે આયુષ પધ્ધતિઓ છે એમાં આનો સમાવેશ થાય છે. કેટલાક દર્દીઓ મોટા પ્રમાણમાં ફક્ત આયુર્વેદિક દવાઓ મેળવતા હોય છે. આયુર્વેદિક સારવારમાં એમને વિશ્વાસ હોય છે. જે હઠિલા અને જટિલ રોગ હોય એની સારવાર આયુર્વેદિકમાં વધુ સારી રીતે લોકો લાભ લઇ શકે છે. આ બધી જગ્યાઓ સમગ્ર રાજ્યમાં આરોગ્ય વિભાગ દ્વારા જેમ એલોપથીની હોસ્પિટલો છે એમ આયુર્વેદિકનું નેટવર્ક છે. આ જે પ્રશ્ન પૂછાયો છે એ કમિશ્નર કચેરીમાં, નિયામક કચેરીમાં વહિવટી અધિકારીઓની જગ્યાઓ છે અને એ પ્રકારની વર્ગ–૧ની કુલ ૭ જગ્યાઓ છે. મેં અગાઉ પ્રશ્નના જવાબમાં કહ્યું એમ ૭ માંથી એક પણ જગ્યા ઉપર નિયમિત ભરતી મેળવવા માટે અનુભવ અને અન્ય લાયકાત ધરાવતા હોય કે જેને બઢતી આપી શકાય તેવા એકપણ અધિકારી ઉપલબ્ધ ના હોવાના કારણે આ જગ્યાઓ પર એમની સમકક્ષ અધિકારીઓને ચાર્જ આપીને આપણે ચલાવીએ છીએ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આયુર્વેદ નિયામક કચેરીમાં ધારા ધોરણ પ્રમાણે કેટલો સ્ટાફ હોવો જોઈએ અને આજે કેટલો છે ? મહત્વની વાત એટલી જ છે સાહેબ કે, સ્ટાફ નથી. આપણું આટલું મોટું સ્ટ્રકચર હોવા છતાંય લોકોને જે ફાયદો થવો જોઇએ એ ફાયદો થતો નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું આ વહીવટી કચેરીઓની માહિતી છે, સાત જગ્યાઓ મંજૂર છે. સાતેયમાં નિયમીત રીતે ચાર્જ આપવામાં આવ્યો છે. કોઇ અધિકારી પ્રમોશનપાત્ર નોર્મસમાં આવે પછી એને પ્રમોશન આપી શકાય, જગ્યા ખાલી હોય એટલે ગમે એને પ્રમોશન ન આપી શકાય. નહીં તો પછી પ્રશ્નો ઉભા થાય, નિયમોનો ભંગ થાય એટલે અમારી જે કાર્યવાહી છે એ નિયમ પ્રમાણેની છે.

શ્રી રાજેન્દ્ર સૂ. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, રાજ્યમાં સરકારી આયુર્વેદિક હોસ્પિટલો ખાતે નિવાસી તબીબી અધિકારી વર્ગ–રની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે અને આ અધિકારીની ફરજો શું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે જેને વૈદ્ય કહીએ છીએ એ પ્રકારના ડોકટરોને આપણે ફિલ્ડમાં મૂકીએ છીએ અને એમની અત્યારે ર૬૪ જગ્યાઓ ભરેલી છે અને ૩૩૬ નવી જગ્યાઓ ભરવા માટે અમે જી.પી.એસ.સી.ને ઇન્ડેન્ટ મોકલ્યું છે. જી.પી.એસ.સી. દ્વારા એની ભરતીની કાર્યવાહી ચાલી રહી છે.

### અમરેલી જિલ્લામાં ‘‘મા’’ અને ‘‘મા વાત્સલ્ય’’ યોજના હેઠળ કાર્ડ

* ર૫૫૫૧ શ્રી વલ્લભભાઈ વઘાસીયા (સાવરકુંડલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં તા.૩૧–૧ર–ર૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ‘‘મા’’ અને ‘‘મા વાત્સલ્ય’’ યોજના હેઠળ કેટલા કાર્ડ કાઢવામાં આવ્યા, | (૧) ‘‘મા’’ યોજના ૧ર,૫૫૯ ‘‘મા વાત્સલ્ય’’ યોજના ર૫૪૭૮ |
| (ર) ઉકત સ્થિતિએ અમરેલી જિલ્લામાં લાભાર્થી કુટુંબોને આ કાર્ડ મળી રહે તે માટે કેટલા કેન્દ્રો કાર્યરત છે, | (ર) ૧૧ (અગિયાર) |
| (૩) ઉકત જિલ્લામાં ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ‘‘મા’’ અને ‘‘મા વાત્સલ્ય’’ યોજના હેઠળ કેટલા લાભાર્થી દાવાઓ મંજૂર કરવામાં આવ્યા છે, અને | (૩) ‘‘મા’’ યોજના રર૩૪ ‘‘મા વાત્સલ્ય’’ યોજના ૧૯૬૪ |
| (૪) ઉકત મંજૂર કરવામાં આવેલ દાવા માટે કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે ? | (૪) ‘‘મા’’ યોજના રૂ.૩,૧ર,૦૩,ર૮૦/– ‘‘મા વાત્સલ્ય’’ યોજના રૂ.૩,૭૮,૬૯,૬૫૮/– |

શ્રી વલ્લભભાઇ વ. વઘાસિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, અમરેલી જિલ્લામાં તા.૩૧–૧ર–ર૦૧૫ સુધીમાં તાલુકવાર કેટલા મા કાર્ડ અને મા વાત્સલ્ય કાર્ડ કાઢવામાં આવ્યા છે ? અમરેલી જિલ્લામાં તા. ૩૧–૧ર–ર૦૧૫ સુધીમાં મા યોજના અને મા વાત્સલ્ય યોજના હેઠળ તાલુકામાં કેટલા લાભાર્થીઓના દાવાઓ મંજૂર કરેલા છે અને તેમાં કેટલી રકમ મંજૂર થયેલી છે અને જિલ્લામાં કાર્ડ કાઢવા માટે કેટલા કેન્દ્રો કાર્યરત છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય વિભાગની સેવાઓ સતત વધતી રહે, વ્યાપ વધતો રહે, વધુ ને વધુ ગંભીર દર્દોની સારવાર આપવામાં આવે અને ગરીબ અને મધ્યમ વર્ગને પોતે ખર્ચ ન કરવો પડે એ પ્રકારની બે યોજનાઓ અમારી સરકારે ચાલુ કરેલ છે. મા યોજના, માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી જ્યારે મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે શરૂ કરી, મા વાત્સલ્ય યોજના માનનીય શ્રીમતી આનંદીબેન મુખ્યમંત્રી બન્યા ત્યારે શરૂ કરી. આ બંને યોજનાઓ હેઠળ આપણે બધા જાણીએ છીએ કે, કીડની, કેન્સર, હાર્ટ, ટ્રોમા અન્ય પ્રકારના ગંભીર રોગોની સારવાર સરકાર બે લાખ રૂપિયા કુટુંબદીઠ, પરિવારને દર વર્ષે સરકાર વિનામૂલ્યે એમની સારવાર આપે છે અને એના માટે આપણે જે પદ્ધતિ નક્કી છે એમાં કાર્ડ કઢાવવાનું હોય છે. અમરેલી જિલ્લામાં કાર્ડ કાઢાવવા માટે માનનીય વલ્લભભાઇએ જે પ્રશ્ન પૂછ્યો એ પ્રમાણે મા યોજનાના ૫૬,૪૫૩ કાર્ડ કાઢવામાં આવ્યા છે અને મા

વાત્સલ્ય યોજનાના ૨૫,૪૭૮ કાર્ડ કાઢવામાં આવ્યા છે. મા યોજનામાં તમામ બી.પી.એલ. પરિવારો સામેલ છે અને મા વાત્સલ્ય યોજનામાં વાર્ષિક એક લાખ વીસ હજારથી ઓછી આવક ધરાવનાર પરિવારોને આપણે કાર્ડ આપીએ છીએ અને આનો લાભ અમરેલી જિલ્લામાં બીજો જે એમણે પ્રશ્ન પૂછ્યો એમાં કુલ ૪,૬૧૬ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. એમાં મા યોજના નીચે ૨,૬૫૨ અને મા વાત્સલ્ય યોજના નીચે ૧,૯૬૪ એ પ્રમાણે અમરેલી જિલ્લાના દર્દીઓને ગંભીર રોગોની સારવાર સો ટકા રાજ્ય સરકારના ખર્ચે વિના મૂલ્યે કરવામાં આવી છે. અને એના માટે હોસ્પિટલોને જે રકમનું ચૂકવણું કરવું પડે એમાં આપણે ૭ કરોડ, ૭૮ લાખ રૂપિયા ચૂકવ્યા છે. જેમાં મા યોજનાના લાભાર્થીઓ માટે ૪ કરોડ રૂપિયા અને મા વાત્સલ્ય ના લાભાર્થીઓ માટે ૩ કરોડ, ૭૮ લાખ આપણે ચૂકવ્યા છે.

એટલે ગરીબ અને મધ્યમ વર્ગને સાત કરોડ રૂપિયાની અમરેલી જિલ્લા પૂરતી આ પ્રશ્નના સમય વિસ્તારની સારવાર રાજ્ય સરકારે, આ ભારતીય જનતા પક્ષની સરકારે મફત આપી છે.

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગુ છું કે, મા યોજના અને મા વાત્સલ્ય યોજના નીચે કેટલા પ્રકારની ગંભીર બીમારી, બીમારી દીઠ કેટલી પ્રોસીજર, શસ્ત્રક્રિયા માટે સારવાર પૂરી પાડવા માટે શું કરેલ છે અને કુલ કેટલી પ્રોસીજર માટે સારવાર આપેલ છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય હીરાભાઇનો પ્રશ્ન બહુ અગત્યનો છે. આમ જનરલ આપણે એમ કહીએ કે કીડની, કેન્સર, હૃદય રોગના દર્દીઓને સારવાર આપવામાં આવે છે પણ મેડીકલની રીતે જો એને જુદું પાડવામાં આવે તો કુલ આ બીમારી પૈકીની ૫૪૪ જેટલી પ્રોસીઝર જેને મેડીકલ સાયન્સની ભાષામાં કહે છે. એવી ૫૪૪ પ્રકારની બીમારી માટે આપણે સારવાર આપીએ છીએ. એમાં દા.ત. દાઝી ગયેલા હોય તો દાઝી ગયેલા દર્દીને ૨૨ પ્રકારની સારવાર છે. હૃદય રોગના દર્દીને ૧૫૩ પ્રકારની પ્રોસીજર છે. કીડનીના દર્દીને બાવન પ્રકારની પ્રોસીઝર છે. મગજની બીમારીમાં ૪૯ પ્રકારની પ્રોસીઝર છે. નાના બાળકોને રોગ થાય, નવજાત શીશુને રોગ થાય તો એની ૨૯ પ્રકારની પ્રોસીઝરની સારવાર અપાય છે. કોઇપણ રીતે ગંભીર ઇજા થઇ હોય તો એની ૩૩ પ્રકારની પ્રોસીઝર છે. કેન્સરમાં ૨૦૬ પ્રકારની પ્રોસીઝર પ્રમાણે કેન્સરના દર્દીની સારવાર કરવામાં આવે છે. આમ કુલ ૫૪૪ પ્રકારના નાનામોટા ગંભીર રોગની સારવાર બે લાખ સુધી સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલોમાં ખાનગી અને સરકારી બંનેને મેળવી અને આપણે લાભ આપીએ છીએ.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે મોટાભાગે તમે જે પ્રમાણે વાત કરી એમાં મા વાત્સલ્ય યોજના ૧૨૦૦૦૦ થી ઓછી આવકવાળા લોકો માટે એટલે કે ગરીબ લોકો માટેની આ યોજના છે. આ યોજનામાંથી જયારે હૃદયનું ઓપરેશન કરવાનું હોય ત્યારે સ્ટેન્ટ મૂકવા માટે સાદુ સ્ટેન્ટ ૩૦૦૦૦ રૂપિયાનું આવે છે અને મેડીકેટેડ ૭૦૦૦૦ રૂપિયાનું આવે છે. આપણી યોજનામાં તો બે લાખ રૂપિયા સુધીની વ્યવસ્થા કરવાની જોગવાઇ આપે કરી જ છે તો પછી મધ્યમ વર્ગના અને ગરીબ લોકોને મેડીકેટેડ સ્ટેન્ટ મૂકવામાં આવે એની ખાસ આપ સૂચના આપવા માગો છો કે કેમ? અને જે મહિના, બે મહિના પછીના ઓપરેશનની તારીખો આપે છે એના કારણે શું થાય કે પેશન્ટ અવેર હોય અને ઇમરજન્સીના લીધે એ લોકો બીજે ઓપરેશન કરાવતા હોય ત્યારે એમને મુશ્કેલી થતી હોય છે તો જેમ બને તેમ જલદી એ લોકોનું ઓપરેશન થાય એવું કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જ વાત આ યોજનાની લોકપ્રિયતા અને જરૂરિયાતને પુરવાર કરે છે કે વેઇટીંગ લિસ્ટ પણ હોઇ શકે છે. આના માટે આપણે જયારે ટેન્ડર બહાર પાડયા, યોજનાની શરૂઆત થઇ કે કયા પ્રકારના રોગ માટે શું સારવાર હોય, કઇ એમાં સારવાર પદ્ધતિ હોય તો એના માટે તજજ્ઞ, નિષ્ણાત ડોકટરોની આપણે કમિટી બનાવી હતી અને આપણે બધા જાણીએ છીએ, દા.ત. કોઇને ઘુંટણનું ઓપરેશન ની ટ્રાન્સપ્લાન્ટ કરાવવાનું હોય તો એક ડોકટર એક લાખ રૂપિયામાં કરે, એક ડોકટર બે લાખ રૂપિયા પણ લે પણ આપણે નકકી કરેલી ટેન્ડર પદ્ધતિ, જેમાં ખાનગી સુપર સ્પેશ્યાલીટી, સારી પ્રતિષ્ઠીત હોસ્પિટલો પણ આવી જાય છે. એમાં જે ટેન્ડર સિસ્ટમ કરેલી કે જે આટલા આટલા ઓપરેશન કરે એને રાજય સરકાર આ ચાર્જ આપશે એ પ્રમાણે આપણે આપીએ છીએ. જેમ જરૂરિયાત પડે નવી દવાઓ, નવા સાધનો કે નવી ટેકનોલોજી શોધાય એમ યોજનામાં પણ આપણે અપડેટેશન કરતા રહીએ છીએ એટલે વધુમાં વધુ આધુનિક સારવાર દર્દીઓને મળે એ રાજય સરકારનો અભિગમ છે.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવા માગું છું કે આ યોજનાની અંદર કિઓસ્ક મશીન સમગ્ર અમરેલી જિલ્લામાં અને રાજયમાં કેટલા છે? અને એમાં વાહન કેટલા છે? અને એમાં કેટલો વધારો કરવા માગો છો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પહેલા આપણે જયારે યોજના ચાલુ કરી ત્યારે તાલુકાદીઠ આપણે એક કિઓસ્ક અને ઓનલાઇન મશીન મૂકયું હતું કે જેમાં દર્દી અને એનો પરિવાર જાય, ફોટા પડાવે, ફીંગર પ્રીન્ટ આપે અને એમનું ફોટા સાથેનું કાર્ડ બનાવવામાં આવે પણ આ યોજના એટલી બધી લોકપ્રીય થઇ અને જરૂરિયાતવાળી લાગી કે મોટા પ્રમાણેમાં ધસારો વધ્યો એટલે આ વર્ષે અમે હરતીફરતી મોબાઇલ વાનમાં પણ કેમેરા, લેપટોપ, કમ્પ્યુટર, સ્કેનર, આ બધી સિસ્ટમ મોકલી અને ગામડે ગામડે મોબાઇલ વાન ફરતી કરી દીધી છે અને એમાં પણ અમરેલી જિલ્લામાં આપણે વાનો ફાળવી છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરી નો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નોત્તરી
(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)
રાજકોટ જિલ્લામાં આંગણવાડીઓને વીજ જોડાણ

* ૨૫૫૨૦ શ્રીમતી ભાનુબેન બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા આંગણવાડી કેન્દ્રો કાર્યાન્વિત છે, | (૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ એક વર્ષમાં ૧૩૪૮ આંગણવાડી કેન્દ્રો કાર્યાન્વિત છે. |
| (૨) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલાં આંગણવાડી કેન્દ્રમાં વીજ–જોડાણ આપવામાં આવેલ છે, અને | (૨) તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તમામ કાર્યાન્વિત આંગણવાડીમાં વીજ–જોડાણ આપેલ છે. |
| (૩) ઉકત સ્થિતિએ બાકી રહેલ આંગણવાડી કેન્દ્રોમાં વીજ–જોડાણ ક્યારે આપવામાં આવશે ? | (૩) વીજ–જોડાણ બાકી નહી હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

રાજાજીના મુવાડા થઈ ઝડકીયા સુધીના નવા રસ્તાનું કામ

* ૨૫૫૪૧ શ્રી અશોકકુમાર પટેલ (ગાંધીનગર ઉત્તર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૫–૧૬ માં ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના રાજાજીના મુવાડા થઈ ઝડકીયા સુધીના નવા રસ્તાનું કામ સરકારના આયોજનમાં છે કે કેમ, અને | (૧) અને (૨) : હા, જી, બજેટ ઉચ્ચક જોગવાઈ હેઠળ રૂ.૧૨૦.૦૦ લાખનું તા.૨૧–૧૦–૨૦૧૫ ના રોજ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ આ કામ કઈ યોજનામાં કેટલી રકમનું ક્યારે મંજૂર કરવામાં આવેલ છે ? | |

---------

લીમ્બડીયા–સાંપડીયા રોડનું કાર્પેટીંગ

* ૨૫૩૪૨ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકામાં આવેલ લીમ્બડીયા–મૈયાપુર–વાવો–સાંપડીયા રોડનું છેલ્લે ક્યારે કાર્પેટીંગ કરવામાં આવ્યું, | (૧) સને ૨૦૦૦–૦૧ માં. |
| (૨) સરકારની હયાત નીતિ પ્રમાણે સાત વર્ષ કરતા વધુ સમય સુધી રીકાર્પેટીંગ ન કર્યુ હોય તેવા રસ્તાઓનું રીકાર્પેટીંગ કરવું તેવી નીતિ છે તે વાત સાચી છે, અને | (૨) તાંત્રિક જરૂરીયાત અને અગ્રતા ધ્યાને લઈ રીકાર્પેટીંગ કરવામાં આવે છે. |
| (૩) જો હા, તો ઉપરોકત રસ્તાનું રીકાર્પેટીંગ ન કરવાના કારણો શાં છે ? | (૩) હાલની સ્થિતિએ આ રસ્તાના રીકાર્પેટીંગનું કામ રૂ.૨૦૦ લાખનું મંજૂર કરેલ છે. |

---------

સુરત જિલ્લામાં કિશોરી શકિત યોજનાના લાભાર્થીઓ

* ૨૫૫૧૭ શ્રીમતી ઝંખનાબેન પટેલ (ચોર્યાસી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા.૧–૧–૨૦૧૫ થી તા.૩૧–૧૨– ૨૦૧૫ સુધીમાં કિશોરી શકિત યોજના હેઠળ પૂરક પોષણમાં કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે, | (૧) સુરત જિલ્લામાં તા.૧–૧–૨૦૧૫ થી તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કિશોરી શકિત યોજના હેઠળ પૂરક પોષણમાં ૨૫૧૮૩ લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે. (સરેરાશ પ્રતિમાસ). |
| (૨) ઉક્ત જિલ્લામાં આ યોજના હેઠળ ઉક્ત | (૨) સુરત જિલ્લામાં કિશોરી શકિત યોજના હેઠળ ઉક્ત |

સમયગાળામાં કેટલા લોકોને તાલીમ આપવામાં આવી, અને

સમયગાળામાં ૯૫૨ કિશોરી તાલીમાર્થીઓને તાલીમ આપેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩) સુરત જિલ્લામાં કિશોરી શકિત યોજના હેઠળ ઉક્ત રૂ.૫,૪૧,૦૧,૨૪૯/- (અંકે રૂપિયા પાંચ કરોડ એકતાલીસ લાખ એક હજાર બસો ઓગણપચાસ પુરા) નો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન હેઠળ કેન્દ્ર સરકાર તરફથી સહાય

* ૨૫૬૯૩ શ્રી પ્રવિણભાઈ રાઠોડ (પાલીતાણા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન હેઠળ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી વર્ષવાર કેટલી સહાય મળી છે, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલી રકમ ખર્ચ કરવામાં આવી ?

જવાબ

(૧)

| વર્ષ | મળેલ સહાય રૂ.કરોડમાં |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૮૩૨.૮૭ |
| ૨૦૧૫-૧૬ (તા.૩૧-૧૨-૧૫ ની સ્થિતિએ) | ૫૯૩.૬૩ |

(૨)

| વર્ષ | ખર્ચ કરવામાં આવેલ રકમ રૂ.કરોડમાં |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૧૦.૪૩ |
| ૨૦૧૫-૧૬ (તા.૩૧-૧૨-૧૫ ની સ્થિતિએ) | ૭.૦૫ |

---------

વિજયનગર તાલુકા ખાતે તાલુકા સેવા સદનનું બાંધકામ

* ૨૬૫૭૫ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકા ખાતે તાલુકા સેવા સદનના બાંધકામનું કોઇ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે,

(૩) આ કામ તા.૩૧-૧-૨૦૧૬ ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૪) આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

જવાબ

(૧), (૨), (૩) અને (૪)

હાલ કોઇ આયોજન નથી, જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

વડોદરા જિલ્લામાં કિશોરી શકિત યોજનાના લાભાર્થીઓ

* ૨૫૫૨૩ શ્રી કેતનભાઈ ઇનામદાર (સાવલી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કિશોરી શકિત યોજના હેઠળ પૂરક પોષણમાં કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત જિલ્લામાં આ યોજના હેઠળ ઉક્ત સમયગાળામાં કેટલા લોકોને તાલીમ આપવામાં આવી ?

જવાબ

(૧) કુલ ૩૨૯૫૬૭ લાભાર્થીઓને આવરી લીધેલ છે.

(૨) કુલ ૧૨૬૨ લોકોને તાલીમ આપવામાં આવેલ છે.

---------

સુરત જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજનાના લાભાર્થીઓ

* ૨૫૫૧૫ શ્રીમતી સંગીતાબેન પાટીલ (લિંબાયત) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ સુરત જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજના હેઠળ મહિલાઓને કેવા પ્રકારનો લાભ આપવામાં આવે છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ જિલ્લામાં કેટલી સ્વૈચ્છિક સંસ્થાઓ આ કેન્દ્રો ચલાવે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે ?

જવાબ

(૧) કાયદાકીય હેતુસર, સામાજિક હેતુસર, રોજગારલક્ષી હેતુસર અને અન્ય હેતુસરના લાભ આપવામાં આવે છે.

(૨) ચૌદ (૧૪) સ્વૈચ્છિક સંસ્થાઓ આ કેન્દ્રો ચલાવે છે.

(૩) ૯૧૬૩ લાભાર્થીઓને આ યોજના હેઠળ લાભ આપવામાં આવેલ છે.

---------

કચ્છ જિલ્લામાં નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રો

* ૨૫૫૪૮ ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

કચ્છ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે ?

જવાબ

કચ્છ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ–૩ (ત્રણ) નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવેલ છે.

(૧) દુધઈ તા.અંજાર
(૨) ધોરી તા.ભૂજ
(૩) ગઢશીશા તા.માંડવી.

---------

આણંદ જિલ્લામાં કિશોરી શકિત યોજનાના લાભાર્થીઓ

* ૨૫૫૨૨ શ્રી રોહીત પટેલ (આણંદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) આણંદ જિલ્લામાં કિશોરી શકિત યોજના ક્યારથી અમલમાં છે, અને

(૨) તા.૧–૧–૧૫ થી ૩૧–૧૨–૧૫ સુધીમાં કિશોરી શકિત યોજના હેઠળ આ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે ?

જવાબ

(૧) આણંદ જિલ્લામાં કિશોરી શકિત યોજના વર્ષ ૨૦૦૫–૦૬ થી અમલમાં છે

(૨) તા.૧–૧–૧૫ થી ૩૧–૧૨–૧૫ દરમ્યાન કિશોરી શકિત યોજના હેઠળ ૩૯,૩૬૬ લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે

---------

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુના દર્દીઓની સારવાર

* ૨૬૪૬૪ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર સ્વાઇન ફ્લુના કેટલા દર્દીઓની સારવાર કરવામાં આવી,

જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કુલ ૨૪૨ દર્દીઓને સારવાર આપવામાં આવી. જેની વિગત નીચે પ્રમાણે છે.

| તાલુકો | ૨૦૧૪ | ૨૦૧૫ | ૩૧–૧–૨૦૧૬ સુધી | કુલ |
|---|---|---|---|---|
| ગાંધીનગર | ૦ | ૭૯ | ૨ | ૮૧ |
| કલોલ | ૦ | ૪૬ | ૨ | ૪૮ |
| માણસા | ૦ | ૧૯ | ૦ | ૧૯ |
| દહેગામ | ૧ | ૩૧ | ૦ | ૩૨ |
| ગાંધીનગર કોર્પોરેશન | ૦ | ૬૧ | ૧ | ૬૨ |
| કુલ | ૧ | ૨૩૬ | ૫ | ૨૪૨ |

(૨) તે પૈકી કેટલાના મૃત્યુ થયા, અને

(૨) ઉક્ત સમયગાળામાં ગાંધીનગર જિલ્લામાં કુલ–૨૯ વ્યકિતઓનાં મૃત્યુ થયા છે. જે નીચે પ્રમાણે છે.

| તાલુકો | ૨૦૧૪ | ૨૦૧૫ | ૩૧-૧-૨૦૧૬ સુધી | કુલ |
|---|---|---|---|---|
| ગાંધીનગર | ૦ | ૭ | ૦ | ૭ |
| કલોલ | ૦ | ૭ | ૦ | ૭ |
| માણસા | ૦ | ૭ | ૦ | ૭ |
| દહેગામ | ૦ | ૩ | ૦ | ૩ |
| ગાંધીનગર કોર્પોરેશન | ૦ | ૫ | ૦ | ૫ |
| કુલ | ૦ | ૨૯ | ૦ | ૨૯ |

(૩) ઉક્ત સ્થિતિએ સ્વાઇન ફ્લુના રોગનું પરીક્ષણ કરવા માટે ઉક્ત જિલ્લાની કઇ હોસ્પિટલમાં સગવડ ઉપલબ્ધ છે?

(૩) ઉક્ત સ્થિતિએ સ્વાઇન ફ્લુના રોગનું પરીક્ષણ કરવા માટે જિલ્લાની કોઇ હોસ્પિટલમાં સગવડ ઉપલબ્ધ નથી.

---------

દાહોદ જિલ્લામાં કુપોષિત બાળકો

* ૨૫૬૮૦ શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કુપોષિત બાળકોને પૌષ્ટિક આહાર પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં કેટલા કુપોષિત બાળકો છે ?

જવાબ

(૧) દાહોદ જિલ્લામાં કુપોષણ દૂર કરવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે દર્શાવ્યા મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

| ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ તા.૩૧-૧-૧૬ અંતિત |
|---|---|
| રૂ.૩,૨૬,૪૫,૪૧૪ | રૂ.૧૪,૬૭,૯૪,૫૭૩/- |

(૨) ઉક્ત સ્થિતિએ દાહોદ જિલ્લામાં નીચે મુજબના ઓછા અને અતિ ઓછા વજનવાળા બાળકો છે.

| ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
|---|---|
| ૧૫૧૮૪ | ૧૫૧૧ |

---------

સુરખાઇ-ખડકારા અનુભાગને ચાર માર્ગીય કરવા બાબત

* ૨૫૫૮૦ શ્રી પિયુષભાઈ દેસાઇ (નવસારી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૫-૧૬ માં નવસારી જિલ્લાના ચીખલી-સાપુતારા રસ્તાના સુરખાઇ-ખડકારા અનુભાગને ચાર માર્ગીય કરવાનું કોઇ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) રૂ.૫૩૦૦.૦૦ લાખ. |
| (૩) આ કામ તા.૩૧-૧-૧૬ ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૩) કામ પ્રગતિમાં. |

કામદાર વિમા યોજના હસ્તકની હોસ્પિટલમાં મંજુર મહેકમ

* ૨૫૩૫૬ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કામદાર વિમા યોજના હસ્તકની આઠ અને કામદાર વિમા યોજના નિગમ હસ્તકની ત્રણ હોસ્પિટલો ચાલે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત હોસ્પિટલો કઈ જગ્યાએ કાર્યરત છે અને તેમાં ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર મંજુર મહેકમ કેટલુ છે,

(૩) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી

જવાબ

(૧) હા, જી.

-કામદાર વિમા યોજના હસ્તકની હોસ્પિટલો

-અમદાવાદ, કલોલ, વડોદરા, સુરત, અંકલેશ્વર, રાજકોટ, જામનગર અને ભાવનગર ખાતે કાર્યરત છે અને હોસ્પિટલોનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ તેમજ ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

(૨) અને (૩)

છે તથા ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે,અને

| સંવર્ગ | મંજુર થયેલ જગ્યા | ભરેલ જગ્યા | ખાલી જગ્યા | એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|
| વર્ગ-૧ | ૬૩ | ૫૦ | ૧૩ | ૧૩ |
| વર્ગ-૨ | ૯૮ | ૭૩ | ૨૫ | ૨૫ |
| વર્ગ-૩ | ૩૩૭ | ૧૯૮ | ૧૩૯ | ૧૦૪ |
| વર્ગ-૪ | ૨૬૮ | ૧૫૬ | ૧૧૨ | ૧૧૨ |

-કામદાર વિમા નિગમ હસ્તકની ત્રણ હોસ્પિટલો પૈકી
(૧) મોડલ હોસ્પિટલ, બાપુનગર અમદાવાદ
(૨) ચેસ્ટ ડીસીઝ હોસ્પિટલ, નરોડા, અમદાવાદ અને
(૩) જનરલ હોસ્પિટલ, વાપી સુરત ખાતે કાર્યરત છે.
-કામદાર વિમા યોજના નિગમ હસ્તકની હોસ્પિટલોનું સંચાલન ભારત સરકાર દ્વારા કરવામાં આવે છે.

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) ખાલી જગ્યાયો ભરવાની કાર્યવાહી ચાલુ છે.

કચ્છ જિલ્લામાં નવા પેટા કેન્દ્રો

* ૨૫૫૪૬ શ્રી રમેશ મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પેટા કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે ?

જવાબ

કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૧૮૪ (એકસો ચોર્યાસી) નવા પેટા કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે.

સરકારી કર્મચારીઓ તથા પેન્શનર્સને તબીબી સારવાર

* ૨૬૪૭૦ શ્રી મહમદજાવીદ પીરજાદા (વાંકાનેર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સરકારના આરોગ્ય વિભાગના તા. ૨૪-૮-૨૦૧૫ના ઠરાવમાં સરકારી કર્મચારીઓ તથા પેન્શનર્સ માટે તબીબી સારવાર માટે માન્ય હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે સારવારની મંજુરીનો ઉલેખ કરેલ છે પંરતુ બહારના દર્દી તરીકે સારવારનો ઉલેખ કરેલ નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેના કારણો શા છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) કારણ કે ગંભીર પ્રકારના રોગો માટે માન્ય (એમ્પેનલ્ડ) હોસ્પિટલમાં, માન્ય સારવાર અને પેકેજ દરો મુજબ સરકારી કર્મચારીઓ તથા પેન્શનરો માટે તબીબી સારવારના લાભોને મંજુરી આપેલ છે.

બહારના દર્દી તરીકેની સારવાર સરકારી હોસ્પિટલો, સામુહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, પંચાયત/ નગરપાલિકા/મહાનગરપાલીકાના દવાખાનાં અને હોસ્પિટલોમાં વિના મૂલ્યે પુરી પાડવામાં આવે છે.

જૂનાગઢ જિલ્લામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો

* ૨૫૬૦૩ શ્રી અરવિંદભાઈ લાડાણી (કેશોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જુનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે ?

જવાબ

જુનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૦૫(પાંચ) નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે.

છોટાઉદેપુર જિલ્લામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો

* ૨૫૫૬૧ શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ (વાઘોડિયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

છોટાઉદેપુર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ

જવાબ

છોટાઉદેપુર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ

| | |
|---|---|
| છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે ? | છેલ્લા બે વર્ષમાં કુલ ૦૫(પાંચ) નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે. |

બનાસકાંઠા જિલ્લામાં સબલા યોજનાના લાભાર્થીઓ

* ૨૫૫૨૮ શ્રી પરબતભાઈ પટેલ (થરાદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં સબલા યોજના કયારથી અમલમાં છે, અને | (૧) બનાસકાંઠા જિલ્લામાં સબલા યોજના વર્ષ–૨૦૧૦થી અમલમાં છે. |
| (૨) તા.૦૧–૦૧–૨૦૧૫ થી ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં સબલા યોજના હેઠળ આ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે ? | (૨) તા.૦૧–૦૧–૨૦૧૫થી ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં સબલા યોજના હેઠળ ૧,૩૪,૦૬૨ લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે. |

કપડવંજ તાલુકામાં આંગણવાડીઓને પાકા મકાનો

* ૨૫૫૨૫ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઈવાડી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં કપડવંજ તાલુકામાં આંગણવાડીના પાકા મકાનો બનાવવાનું કેટલા ગામોમાં બાકી છે, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કપડવંજ તાલુકામાં આંગણવાડીના પાકા મકાનો બનાવવાનું કુલ ૪૫ ગામોમાં બાકી છે. |
| (૨) આ કામો કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે? | (૨) ઉક્ત વિગતે ૨૭ ગામોની કુલ ૩૦ આંગણવાડી કેન્દ્રોના પાકા મકાન બનાવવાની મંજૂરી આપવામાં આવેલ છે જે તમામ આંગણવાડીનાં બાંધકામ હાલ પ્રગતિ હેઠળ છે. બાંધકામ અંગે બાકી રહેતા ૧૮ ગામોમાં આંગણવાડીનાં મકાન માટે જરૂરી જમીન ઉપલબ્ધ થયેથી તબક્કાવાર આયોજન કરવામાં આવશે. |

બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળના કેસ

* ૨૬૫૭૨ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૪ તથા ૨૦૧૫ માં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં જિલ્લાવાર ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ અંગેના કેટલા કેસો નોંધાયા, અને | (૧) સને ૨૦૧૪માં ખાદ્યપદાર્થોમાં ભેળસેળ અંગેના ૧૯ કેસ બનાસકાંઠા જિલ્લામાં અને ૧૦ કેસ સાબરકાંઠા જિલ્લામાં નોંધાયેલ છે, જયારે વર્ષ ૨૦૧૫માં ખાદ્યપદાર્થોમાં ભેળસેળ અંગેના ૧૭ કેસ બનાસકાંઠા જિલ્લામાં અને ૨૪ કેસ સાબરકાંઠા જિલ્લામાં નોંધાયેલ છે. |
| (૨) તે પૈકી કેટલા કેસોમાં ગુન્હા સાબિત થયા ? | (૨) બનાસકાંઠા જિલ્લામાં નોંધાયેલ કુલ ૩૬ કેસો પૈકી<br>• ૪ કેસોમાં કોર્ટ કેસ દાખલ કરવામાં આવેલ છે.<br>• ૧ કેસમાં કોર્ટ કેસ દાખલ કરવાની કાર્યવાહીમાં છે.<br>• ૨૪ કેસોમાં એડજયુડીકેશનની અરજી દાખલ કરેલ છે.<br>• ૦૭ કેસોમાં એડજયુડીકેશનની અરજીની પ્રક્રિયામાં છે.<br>• કોઈ કેસનો આખરી નિકાલ થયેલ ન હોવાથી સજાનો હુકમ થયેલ નથી.<br>સાબરકાંઠા જિલ્લામાં નોંધાયેલ કુલ ૩૪ કેસો પૈકી<br>• ૩ કેસોમાં કોર્ટ કેસ દાખલ કરવાની કાર્યવાહીમાં છે.<br>• ૧૩ કેસોમાં એડજયુડીકેશનની અરજી દાખલ કરેલ છે.<br>• ૧૭ કેસોમાં એડજયુડીકેશનની અરજી પ્રક્રિયામાં છે.<br>• ૦૧ કેસમાં એડજયુડીકેશનની અરજી પ્રક્રિયા પૂરી થયેલ છે જેમાં રૂ.૫૦,૦૦૦/-નો દંડ કરવામાં આવેલ છે. |

ખીરસરા–લોધિકા અનુભાગને પહોળો કરવા બાબત

* ૨૫૫૭૯ શ્રી જયરાજસિંહ જાડેજા (ગોંડલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

| | |
|---|---|
| (૧) સન ૨૦૧૫-૧૬માં લોધીકા-ચીભડા-ખીરસરા રસ્તાના ખીરસરા-લોધીકા અનુભાગને ૭મી. પહોળો કરવાનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) રૂ.૧૩૦૦.૦૦ લાખ. |
| (૩) આ કામ તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ કયા તબક્કે છે ? | (૩) કામ પ્રગતિમાં. |

### વલસાડ જિલ્લામાં યુવા અને સાંસ્કૃતિક અને રમતગમત વિભાગ હેઠળ તાલીમી શિક્ષકો

* ૨૬૩૮૧ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં યુવા અને સાંસ્કૃતિક અને રમતગમત વિભાગ હેઠળ તાલીમી શિક્ષકોની સંખ્યા કેટલી છે, અને | (૧) આ વિભાગ હેઠળ આવી કોઈ જગ્યાઓ મંજુર થયેલ નથી. |
| (૨) તે અન્વયે કેટલી જગ્યાઓ ખાલી છે અને આ ખાલી જગ્યા ક્યારે ભરાશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### રાજ્યમાં સ્પોર્ટસ સ્કુલની યોજના

* ૨૫૫૯૧ શ્રીમતી ભાવનાબેન મકવાણા (મહુવા) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ રમતક્ષેત્રે સ્પોર્ટસ સ્કૂલની કોઈ યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના કયારથી અમલમાં છે, | (૨) વર્ષ ૨૦૧૩-૧૪ થી |
| (૩) ઉક્ત સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કેટલી સ્પોર્ટસ સ્કૂલ કાર્યરત છે, અને | (૩) ૨ (બે) |
| (૪) ઉક્ત સ્થિતિએ સ્પોર્ટસ સ્કૂલના ખેલાડીઓને મુખ્યત્વે શું સુવિધાઓ આપવામાં આવે છે? | (૪) નિવાસી શાળાઓમાં પ્રવેશ આપી વિનામૂલ્યે શિક્ષણ, અભ્યાસને લગતી સ્ટેશનરી, પુસ્તકો, નિવાસ, ભોજન, શાળાનો ગણવેશ તેમજ રમતને અનુરૂપ અત્યાધુનિક સાધનો અને ડ્રેસ, સ્પોર્ટસ કીટ પુરા પાડી નિષ્ણાંત કોચીઝ દ્વારા વૈજ્ઞાનિક ઢબે તાલીમ આપવામાં આવે છે. |

### વ્યારા તાલુકામાં આંગણવાડીઓને મકાનો

* ૨૫૫૨૭ શ્રી મોહનભાઈ ઢોડિયા (મહુવા) : માનનીય મહીલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વ્યારા તાલુકામાં કેટલી આંગણવાડીઓ કાર્યરત છે, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વ્યારા તાલુકામાં ૩૪૮ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો છે, અને | (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ૩૪૮ આંગણવાડી કેન્દ્રોને પોતાના મકાનો છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો નથી, અને તે અન્વયે સરકારે વર્ષ ૨૦૧૫-૧૬ માટે શું આયોજન કરેલ છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિતિ થતો નથી. |

### મહેસાણા જિલ્લામાં આરોગ્ય વિષયક શિબિરો

* ૨૬૫૯૪ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં આરોગ્ય વિષયક જાણકારી માટે કેટલા કેમ્પો/શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૧૫૦૭ |

(૨) આ શિબિરો/કેમ્પોમાં કેટલી વ્યક્તિઓએ ભાગ લીધો, અને

(૨) ૪૯,૮૨૦

(૩) આ માટે કુલ કેટલો ખર્ચ વર્ષવાર અને તાલુકાવાર કરવામાં આવ્યો?

(૩)

| તાલુકાનું નામ | તા. ૧-૨-૧૪ થી ૩૧-૧-૧૫ | તા. ૧-૨-૧૫ થી ૩૧-૧-૧૬ |
|---|---|---|
| મહેસાણા | ૨૫,૧૦૦/- | ૧૦,૮૩૯/- |
| કડી | ૧૪,૬૪૪/- | ૪,૨૨૦/- |
| બેચરાજી | ૪૦,૫૦૦/- | ૬૦,૦૮૦/- |
| વિજાપુર | ૩૧,૭૫૦/- | ૨૦,૦૪૫/- |
| વિસનગર | ૧૪,૪૦૦/- | ૪,૩૩૫/- |
| ઉંઝા | ૨,૭૬૦/- | ૧,૨૫૦/- |
| વડનગર | ૫,૪૪૦/- | ૫,૪૬૮/- |
| ખેરાલુ | ૯,૨૨૬/- | ૩,૨૦૯/- |
| સતલાસણ | ૯,૧૦૦/- | ૯,૧૦૦/- |
| કુલઃ- | ૧,૫૩,૨૨૦/- | ૧,૧૮,૫૪૬/- |

## રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે ખેલાડીઓને પ્રોત્સાહન માટે યોજના

* ૨૫૫૩૬ શ્રી અરૂણસિંહ રણા (વાગરા) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે સિધ્ધિ હાંસલ કરનાર ખેલાડીઓને પ્રોત્સાહન માટે સરકાર દ્વારા કોઈ યોજના અમલમાં મુકવામાં આવેલ છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો તેની વિગત શું છે, અને

(૨) રાષ્ટ્રીય કક્ષા તથા આંતરરાષ્ટ્રીય કક્ષાની, નેશનલ ચેમ્પિયનશીપ, ઓલમ્પિક્સ ગેમ્સ, નેશનલ એશિયન ગેમ્સ, કોમન વેલ્થ ગેમ્સ તથા નેશનલ ચેમ્પિયન શીપ જેવી સ્પર્ધાઓમાં રાજ્યના વિજેતા ખેલાડીઓ તેઓની સિધ્ધિને અનુરૂપ ખેલ પ્રતિભા પુરસ્કાર યોજના વર્ષ ૨૦૧૪-૧૫ થી શરૂ કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાના કેટલા ખેલાડીઓને આ યોજનાનો લાભ આપવામાં આવેલ છે?

(૩) ૨૭

## જનની સુરક્ષા કાર્યક્રમ અંતર્ગત રાજ્ય સરકારને ઉપલબ્ધ ગ્રાન્ટ

* ૨૬૫૫૫ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જનની સુરક્ષા કાર્યક્રમ હેઠળ રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર પાસે કેટલી ગ્રાન્ટની માંગણી કરવામાં આવી, અને

(૧) રૂ. ૭૮,૫૨,૩૨,૦૦૦/-

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી ગ્રાન્ટ આપવામાં આવી.

(૨)

| | |
|---|---|
| વર્ષ-૨૦૧૪-૧૫ | રૂ. ૩૭,૮૭,૬૭,૦૦૦/- |
| વર્ષ-૨૦૧૫-૧૬ | રૂ. ૪૯,૨૯,૯૯,૦૦૦/- |
| કુલઃ- | રૂ. ૮૭,૧૭,૬૬,૦૦૦/- |

## પાલનપુર સીવીલ હોસ્પિટલમાં જુદા-જુદા સંવર્ગોમાં ભરતી કરવા બાબત

* ૨૬૪૯૦ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : તા. ૨૫-૨-૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૪૮૯૩ (અગ્રતા-૮૯)ના અનુસંધાને માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લાની પાલનપુર સીવીલ હોસ્પિટલમાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ વર્ગ-૧ની ૬, વર્ગ-૨ની ૧૦, વર્ગ-૩ની ૨૫ અને વર્ગ-૪ની ૫૩

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ નીચે દર્શાવ્યા મુજબની જગ્યાઓ ભરવામાં આવેલ છે.

જગ્યાએ પત્રકમાં જણાવ્યા મુજબના સમયથી ખાલી રહેલ જગ્યાઓ પૈકી કઈ જગ્યાઓ કઈ તારીખથી તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ભરવામાં આવી છે.

| ક્રમ | સંવર્ગ | ભરેલ જગ્યા | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | વર્ગ–૧ | ૧ | *પત્રક–અ આ સાથે સામેલ છે |
| ૨ | વર્ગ–૨ | ૦ | |
| ૩ | વર્ગ–૩ | ૧૧ | |
| ૪ | વર્ગ–૪ | ૦ | આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે. |

(૨) કેટલી જગ્યાઓ ભરવાની બાકી છે અને જુદા જુદા સંવર્ગમાં ભરતી કરવા તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કઈ કાર્યવાહી પૂર્ણ કરેલ છે, અને

(૨)

| ક્રમ | સંવર્ગ | ભરવાની બાકી જગ્યાઓ | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | વર્ગ–૧ | ૫ | *પત્રક–બ આ સાથે સામેલ છે |
| ૨ | વર્ગ–૨ | ૧૦ | |
| ૩ | વર્ગ–૩ | ૧૪ | |
| ૪ | વર્ગ–૪ | ૫૩ | આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે. |

(૩) ઉપરોક્ત તમામ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવનાર છે?

(૩) બનતી ત્વરાએ

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

જામનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોને સારવાર

* ૨૫૫૮૭ શ્રી ચીમનભાઈ શાપરીયા (જામજોધપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૦–૧૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન જે બાળકો કલેફ્ટ લીપ અને કલેફ્ટ પેલેટ હોય તેમને હોસ્પિટલમાં અપાતી તમામ પ્રકારની સારવાર (દવાઓ સાથે)નો ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે તે હકીકત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તે અન્વયે કેટલા બાળકોની સારવાર કરવામાં આવેલ છે?

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તે અન્વયે કુલ–૧૩ બાળકોને સારવાર આપવામાં આવેલ છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણની પ્રવૃત્તિઓ

* ૨૫૫૩૩ શ્રી કાંતિલાલ અમૃતિયા (મોરબી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણમાં કઈ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. અને

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં નીચે જણાવ્યા મુજબની પૂર્વ પ્રાથમિક શિક્ષણની પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.

(૧) બાળકોના ભાષાકિય વિકાસને વેગ આપવા માટે બાળગીત, જોડકણાં, ઉખાણા વગેરે પ્રવૃત્તિઓ

(૨) બાળકોના ભાવનાત્મક વિકાસને વેગ આપવા માટે ચિત્રકામ, રંગપૂરણી જેવી સર્જનાત્મક પ્રવૃત્તિઓ, અભિનય, ગીત, નાટક, સમૂહ રમત જેવી પ્રવૃતિઓ

(૩) બાળકોના સામાજિક વિકાસને વેગ આપવા

માટે નાટક, અભિનય, સમૂહગીત વગેરે પ્રવૃતિઓ

(૪) બાળકોના શારિરીક વિકાસને વેગ આપવા માટે સક્રીય રમતો, દોડ, અભિનય ગીતની રમતો વગેરે પ્રવૃતિઓ

(૫) બાળકોના બૌદ્ધિક વિકાસને વેગ આપવા માટે આકાર, રંગ, દિશા, સંખ્યા જેવી વિવિધ સંકલ્પનાઓનો ખ્યાલ આપવા માટે વિવિધ પ્રકારની ઓળખ અંગેની પ્રવૃતિઓ

(૨) તેનો લાભ વર્ષ ૨૦૧૪–૧૫માં કેટલા બાળકોને મળેલ છે?

(૨) તેનો લાભ વર્ષ ૨૦૧૪–૧૫માં ૨૪૭૩૫૦ બાળકોને મળેલ છે.

### દાહોદ જિલ્લામાં બાળસખા યોજનાના લાભાર્થીઓ

* ૨૫૫૮૫ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) દાહોદ જિલ્લામાં બાળસખા યોજના અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીને આ યોજના હેઠળ લાભ આપવામાં આવ્યો, અને

(૨) તેના પાછળ કેટલો ખર્ચ થયેલ છે?

જવાબ

(૧) ૭૫૯૩

(૨) રૂ. ૧,૫૦,૮૭,૬૦૦/–

### અરવલ્લી જિલ્લામાં રસ્તાઓના કામમાં આયાતી ડામરનો ઉપયોગ

* ૨૬૩૪૫ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી જિલ્લામાં કયા ડામર રસ્તાઓના કામોમાં આયાતી ડામરનો ઉપયોગ કરવાની પરવાનગી આપવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ કોન્ટ્રાકટર દ્વારા હલકી ગુણવત્તાનો માલ સામાન વાપરવાને કારણે કામ ખરાબ થયેલ હોવાથી કેટલી ફરીયાદો સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત ફરીયાદો અન્વયે ક્યારે શા પગલાં ભરવામાં આવ્યા?

જવાબ

(૧) પરિશિષ્ટ–૧ મુજબ

પરિશિષ્ટ–૧

(અ) તા. ૦૧–૦૧–૨૦૧૪ થી તા. ૩૧–૧૨–૨૦૧૪

| રસ્તાનું નામ |
|---|
| નરોડા–દહેગામ–હરસોલ–ધનસુરા રોડ |
| તેનપુર–લીમ્બ–રોઝડ–પુંસરી–ભવાનપુર પાટીયા રોડ |
| ભેટાલી–જશવંતપુર રોડ |
| ભુતાવડ એપ્રોચ રોડ |
| ભીલોડા–શામળાજી રોડ |

(બ) તા. ૦૧–૦૧–૨૦૧૫ થી તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધી

| રસ્તાનું નામ |
|---|
| પાણીબાર–પુંજપુર–ખાખરીયા રોડ |
| વલુણા–ગાયવાછરડા–રાજગોર રોડ |
| ગેડ એપ્રોચ રોડ |

(૨) અને (૩)

કોઈ ફરિયાદ મળેલ ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### પંચમહાલ જિલ્લામાં નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રો

* ૨૫૫૮૮ શ્રીમતી નિમિષાબેન સુથાર (મોરવાહડફ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

પંચમહાલ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે ?

જવાબ

પંચમહાલ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ–૨ (બે) નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવેલ છે.

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### પાંડરવાડ–લાંભુ રોડ મંજુર કરવા બાબત

* ૨૫૫૫૪ શ્રી રજનીકાંત પટેલ (અસારવા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહીસાગર જિલ્લાના ખાનપુર પાંડરવાડ–બોરવાઇ–લાંભુ રોડ વર્ષ ૨૦૧૫–૧૬ માં મંજુર થયેલ છે, (૨) જો હા, તો કેટલી રકમ ક્યારે મંજૂર કરેલ છે, | (૧) અને (૨) હા, જી. રૂ.૧૦૦૦ લાખ તા.૨૯–૫–૨૦૧૫ ના રોજ. |
| (૩) કેટલી લંબાઇનો કેટલો પહોળો રસ્તો કરવા મંજુરી આપેલ છે, અને | (૩) ૯.૮૦ કિ.મી. લંબાઇમાં ૩.૭૫ મીટરમાંથી ૭.૦૦ મીટર પહોળો કરવા મંજુરી આપેલછે. |
| (૪) આ કામ તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૪) પ્રગતિ હેઠળ. |

### સુરેન્દ્રનગર જિલ્લામાં આંગણવાડીઓને મકાનો

* ૨૫૫૧૯ શ્રીમતી વર્ષાબેન દોશી (વઢવાણ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલી આંગણવાડીઓ આવેલી છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબની આંગણવાડીઓ આવેલી છે. |

| ક્રમ | તાલુકાનું નામ | આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ચોટીલા | ૧૮૬ |
| ૨ | લખતર | ૭૫ |
| ૩ | પાટડી | ૧૯૦ |
| ૪ | સાયલા | ૯૭ |
| ૫ | લીંબડી | ૧૪૮ |
| ૬ | ધાંગધ્રા | ૨૦૯ |
| ૭ | વઢવાણ | ૨૮૮ |
| ૮ | ચુડા | ૯૦ |
| ૯ | મુળી | ૯૨ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી આંગણવાડી ભાડાના મકાનમાં ચાલે છે, અને | (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જે આંગણવાડી ભાડાના મકાનમાં ચાલે છે તેની વિગતો નીચે મુજબ છે. |

| ક્રમ | તાલુકાનું નામ | ભાડાના મકાનમાં ચાલતા આં.વા. કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ચોટીલા | ૭૩ |
| ૨ | લખતર | ૨૦ |
| ૩ | પાટડી | ૬૧ |
| ૪ | સાયલા | ૨૧ |
| ૫ | લીંબડી | ૬૯ |
| ૬ | ધાંગધ્રા | ૮૯ |
| ૭ | વઢવાણ | ૧૭૭ |
| ૮ | ચુડા | ૩૦ |
| ૯ | મુળી | ૨૩ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત આંગણવાડીઓને પોતાના સ્વતંત્ર મકાનો ક્યારે બનાવી આપવાનું આયોજન છે ? | (૩) આંગણવાડીનાં બાકી મકાનો માટે જમીન ઉપલબ્ધ થયેથી તબક્કાવાર આયોજન કરવામાં આવશે. |

### વડોદરા જિલ્લામાં કિશોરી શક્તિ યોજનાના લાભાર્થીઓ

* ૨૫૫૩૭ શ્રી સતીષભાઈ પટેલ (કરજણ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની | (૧) વડોદરા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કિશોરી શક્તિ |

| | |
|---|---|
| સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કિશોરી શક્તિ યોજના હેઠળ પૂરક પોષણમાં કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે, અને | યોજના હેઠળ પૂરક પોષણમાં ૩,૨૯,૫૬૭ લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત જિલ્લામાં આ યોજના હેઠળ ઉક્ત સમયગાળામાં કેટલા લોકોને તાલીમ આપવામાં આવી ? | (૨) વડોદરા જિલ્લામાં ઉક્ત સમય ગાળામાં કિશોરી શક્તિ યોજના હેઠળ ૧૨૬૨ લોકોને તાલીમ આપવામાં આવી છે. |

નવાવાસ–રંગપુર–જેતપુર રસ્તાને પહોળો કરવા બાબત

* ૨૫૫૮૧ શ્રી કેશાજી ચૌહાણ (દિયોદર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૫–૧૬ માં બનાસકાંઠા જિલ્લામાં નવાવાસ–રંગપુર–જેતપુર રસ્તાને પહોળો કરવાનું આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે, અને | (૨) રૂ.૧૨૦૦.૦૦ લાખ. |
| (૩) આ કામ તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

વડોદરા જિલ્લામાં માતા યશોદા ગૌરવ નિધિ વિમા યોજનાના લાભાર્થીઓ

* ૨૫૫૧૮ શ્રીમતી મનીષા વકીલ (વડોદરા શહેર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં માતા યશોદા ગૌરવ નિધિ વિમા યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ મળેલ છે, અને | (૧) વડોદરા જિલ્લામાં માતા યશોદા ગૌરવ નિધિ વિમા યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૧૯ લાભાર્થીઓને લાભ મળેલ છે. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવેલ છે ? | (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ રૂ.૫,૫૮,૬૦૩/– રકમનું ચૂકવણું કરવામાં આવેલ છે. |

ખેલ મહાકુંભની ફળશ્રુતિ રૂપે આયોજન

* ૨૫૬૦૧ શ્રી કિશોરસિંહ ચૌહાણ (વેજલપુર) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ પ્રતિ વર્ષ યોજાતા ખેલ મહાકુંભની ફળશ્રુતિ રૂપે કોઇ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગત શું છે ? | (૨)<br>(૧) ખેલ મહાકુંભ–૨૦૧૦ ને મળેલ ભવ્ય પ્રતિસાદને ધ્યાને લઇ સરકારશ્રી દ્વારા દર વર્ષે ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવે છે.<br>(૨) ખેલ મહાકુંભમાં જુદી જુદી કુલ–૨૭ રમતોનો સમાવેશ કરવામાં આવેલ છે. ઉપરાંત સાગરતટીય વિસ્તાર ધરાવતા કુલ ૧૩ જિલ્લાઓમાં સમુદ્ર તટ ઉપર રમતો પ્રચલિત બને તે હેતુસર બીચ સ્પોર્ટસ રમતોનું આયોજન કરવામાં આવેલ છે.<br>(૩) ખેલ મહાકુંભમાં ૯ વર્ષ, ૧૧ વર્ષ, ૧૩ વર્ષ તેમજ ૧૬ વર્ષથી નીચેની વયજુથના ખેલાડીઓ માટે તથા ૧૬ વર્ષથી ઉપરની વય જૂથના ખેલાડીઓ માટે સ્કૂલ તથા કોલેજના માધ્યમથી ઓનલાઇન તથા મોબાઇલ એપ્લીકેશનથી પણ રજીસ્ટ્રેશનની સુવિધા ઉપલબ્ધ કરાવીને ખેલ મહાકુંભમાં ભાગ લેવાની તક પુરી પાડવામાં આવે છે. ચાલુ વર્ષે અંડર–૯ વયજૂથ માટે પ્રથમ વખત રાજ્યની તમામ પ્રાથમિક શાળા કક્ષાએ બે રમતો એથ્લેટીક્સની બે ઇવેન્ટ |

જેવી કે ૩૦ મીટર દોડ અને સ્ટેન્ડીંગ બ્રોડ જમ્પ રમતનું આયોજન.

(૪) શારિરીક રીતે પૂર્ણતા સક્ષમ ના હોય તેવા ખેલાડીઓ એટલે કે દિવ્યાંગ ખેલાડીઓ પણ સ્પર્ધામાં ભાગ લઇ શકે તે માટે સ્પેશ્યલ ખેલ મહાકુંભમાં ચાર અલગ અલગ જૂથો પાડી તેઓને તક પૂરી પાડવામાં આવી છે.

(૫) ''ટેલેન્ટ આઇડેન્ટીફિકેશન'' કાર્યક્રમ અંતર્ગત યુવા પ્રતિભાશાળી ખેલાડીઓની પસંદગી કરવાનું આયોજન.

(૬) ખેલ મહાકુંભની સ્પર્ધામાં શ્રેષ્ઠ દેખાવ કરે તે પ્રથમ ત્રણ શાળા/કોલેજને અનુક્રમે રૂ.૫.૦૦ લાખ, રૂ.૩.૦૦ લાખ અને રૂ.૨.૦૦ લાખના રોકડ પુરસ્કાર આપીને સન્માનિત કરવાનું આયોજન.

(૭) શિક્ષકો માટે અલગથી ૫૦ મીટર દોડ, ચેસ તેમજ વોલીબોલ સ્પર્ધાનો સમાવેશ.

(૮) ખેલે ગુજરાત અંતર્ગત સમર કેમ્પનું આયોજન.

### સુરેન્દ્રનગર જિલ્લામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો

* ૨૫૫૪૭ શ્રી કિરીટસિંહ રાણા (લીંબડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે ? | સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૦૭ (સાત) નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે. |

### ખેડા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોની તપાસ

* ૨૫૫૬૩ શ્રી ભૂષણ ભટ્ટ (જમાલપુર ખાડિયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦–૧૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોની તપાસ કરવામાં આવી, | (૧) સામેલ પત્રક મુજબ |
| (૨) તેમાં બાળકોમાં મુખ્યત્વે કઇ બીમારીઓ જોવા મળી, | (૨) તેમાં બાળકોમાં મુખ્યત્વે પાંડુરોગ, આંત્રકૃમિ, દાંતની તકલીફ, આંખની તકલીફ, કાન, નાક, ગળાની તકલીફ, પેટની તકલીફ અને ચામડીના રોગ હતા. |
| (૩) તે પૈકી કેટલા બાળકોને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટની અને હૃદય રોગની સારવાર માટે ક્યાં રીફર કરવામાં આવ્યા, અને | (૩) તે પૈકી એક પણ બાળકને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટની સારવાર માટે રીફર કરવામાં આવેલ નથી. હૃદયરોગની સારવાર માટે નીચે મુજબ બાળકોને યુ.એન.મહેતા ઇન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયોલોજી અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ ખાતે રીફર કરવામાં આવ્યા. |

| વર્ષ | હૃદયરોગ માટે રીફર કરેલ બાળકો |
|---|---|
| ૨૦૧૪ | ૧૮૨ |
| ૨૦૧૫ | ૬૭ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૪) કેટલા બાળકોને ચશ્મા આપવામાં આવ્યા ? | (૪) ચશ્મા આપેલ બાળકોની વિગત નીચે મુજબની છે. |

| વર્ષ | ચશ્મા આપેલ બાળકો |
|---|---|
| ૨૦૧૪ | ૯૫૭૫ |
| ૨૦૧૫ | ૫૫૯૨ |

પત્રક

| ક્રમ | જિલ્લો | તાલુકાનું નામ | તપાસેલ બાળકો |
|---|---|---|---|

| | | | ૨૦૧૪ | ૨૦૧૫ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ખેડા | કપડવંજ | ૧,૩૯,૪૮૫ | ૭૫,૨૧૧ | ૨,૧૪,૬૯૬ |
| ૨ | | ખેડા | ૩૬,૩૬૧ | ૩૭,૨૫૫ | ૭૩,૬૧૬ |
| ૩ | | નડિયાદ | ૫૬,૬૮૬ | ૧,૩૭,૧૧૨ | ૧,૯૩,૭૯૮ |
| ૪ | | ઠાસરા | ૭૬,૪૮૫ | ૯૪,૭૦૦ | ૧,૭૧,૧૮૫ |
| ૫ | | કઠલાલ | ૩૫,૨૯૭ | ૫૬,૨૧૮ | ૯૧,૫૧૫ |
| ૬ | | મહેમદાવાદ | ૩૯,૫૮૧ | ૭૭,૮૦૩ | ૧,૧૭,૩૮૪ |
| ૭ | | મહુધા | ૭૭,૦૩૮ | ૩૫,૯૩૫ | ૧,૧૨,૯૭૩ |
| ૮ | | માતર | ૯૫,૬૬૮ | ૪૨,૫૫૮ | ૧,૩૮,૨૨૬ |
| | | કુલ | ૫,૫૬,૬૦૧ | ૫,૫૬,૭૯૨ | ૧૧,૧૩,૩૯૩ |

સંખેડા અને બોડેલી તાલુકાઓમાં કાર્યરત આંગણવાડીઓ

* ૨૬૪૭૭ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૧૬ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના સંખેડા અને બોડેલી તાલુકામાં વસ્તીના પ્રમાણમાં જરૂરિયાત સામે કેટલી આંગણવાડીઓ કાર્યરત છે, અને

(૨) જો આંગણવાડીઓની સંખ્યા જરૂરિયાત કરતા ઓછી હોય તો નવી આંગણવાડીઓ શરૂ કરવા શું આયોજન છે?

જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ વસ્તીની જરૂરિયાત સામે છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકામાં ૬૫ અને બોડેલી તાલુકામાં ૧૩૬ આંગણવાડીઓ કાર્યરત છે.

(૨)

- કેન્દ્ર સરકારે રાજ્યના જિલ્લાઓ માટે કુલ ૮૬૬ આંગણવાડી કેન્દ્રો મંજુર કરેલાં છે. જે પૈકી છોટાઉદેપુર જિલ્લાને ૧૦૭ આંગણવાડી કેન્દ્રો મંજુર કરીને આપવામાં આવેલ છે.
- આ મંજુર કરેલ આંગણવાડી કેન્દ્રોને છોટાઉદેપુર જિલ્લા દ્વારા સંખેડા તાલુકામાં ૧૮ (અઢાર) અને બોડેલી તાલુકામાં ૩૪ (ચોત્રીસ) આંગણવાડી કેન્દ્રો ફાળવીને આપેલ છે.
- સંખેડા અને બોડેલી તાલુકાઓ માટે ઉક્ત નવી મંજુર થયેલ આંગણવાડીઓને કાર્યરત કરવાની કાર્યવાહી પ્રગતિમાં છે.

તાપી જિલ્લાના રસ્તાઓનું રીસરફેસીંગ

* ૨૫૩૪૪ શ્રી પુનાભાઈ ગામીત (વ્યારા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ તાપી જિલ્લાના વ્યારા તાલુકાના છેલ્લા સાત વર્ષથી વધુ સમય થયા હોય તેવા કેટલા રસ્તાઓને રીસરફેસીંગ કામગીરી કરવાની બાકી છે, અને

(૨) આ બાકી રસ્તાઓના કામો કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

જવાબ

(૧) અને (૨)

ઉક્ત સ્થિતિએ સાત વર્ષથી વધુ સમયથી રીસરફેસ ન થયેલ હોય તેવા ૫૦ રસ્તાઓ પૈકી રીસરફેસીંગની જરૂરીયાત વાળા ૫ રસ્તાઓની કામગીરી મંજુર થયેલ છે. જે બનતી ત્વરાથી પુર્ણ કરવાનું આયોજન છે.

સાબરકાંઠા અરવલ્લી જિલ્લાના નોન પ્લાન રસ્તાઓનું પેવર

* ૨૬૫૧૬ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના તાલુકાવાર કેટલા નોન પ્લાન રસ્તાઓ પેવર કર્યા વગરના છેલ્લા ૧૦ વર્ષથી પડતર છે,

જવાબ

(૧)

| નોન પ્લાન રસ્તા | | | |
|---|---|---|---|
| સાબરકાંઠા | | અરવલ્લી | |
| તાલુકા | રસ્તાની સંખ્યા | તાલુકા | રસ્તાની સંખ્યા |
| હિંમતનગર | ૨ | મેઘરજ | ૫ |
| વિજયનગર | ૧ | માલપુર | ૧૩ |
| ખેડબ્રહ્મા | ૫ | ધનસુરા | ૫ |
| પોશીના | ૩ | મોડાસા | ૧૦ |

| | | | |
|---|---|---|---|
| ઇડર | ૨૩ | બાયડ | ૧ |
| વડાલી | ૮ | ભીલોડા | ૩ |
| પ્રાંતિજ | ૪ | | |
| તલોદ | ૨ | | |
| કુલ | ૪૮ | | ૩૭ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર ૨૦ વર્ષથી પેવર ન થયા હોય તેવા રસ્તાઓ ક્યા છે, અને

(૨) ૧. આકોદરા છાદરડા રોડ
તા.પ્રાંતિજ, જિ.સાબરકાંઠા.
૨. જાબ ચીતરીયા રંગપુર રોડ
તા.ભીલોડા, જિ.અરવલ્લી.

(૩) આ રસ્તાઓ કેટલા સમયમાં રીકાર્પેટીંગ કરવામાં આવશે ?

(૩) તાંત્રિક જરૂરીયાત અને અગ્રતા અનુસાર વિચારવામાં આવે છે.

ખેડા જિલ્લામાં કિશોરી શકિત યોજનાના લાભાર્થીઓ

* ૨૫૫૩૧ શ્રી વલ્લભભાઈ કાકડીયા (ઠક્કરબાપાનગર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ખેડા જિલ્લામાં કિશોરી શકિત યોજના ક્યારથી અમલી છે, અને

(૨) તા.૧–૧–૧૫ થી ૩૧–૧૨–૧૫ સુધીમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર કિશોરી શકિત યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે ?

જવાબ

(૧) ખેડા જિલ્લામાં કિશોરી શકિત યોજના માર્ચ ૨૦૦૬ થી અમલમાં છે.

(૨) તા.૧–૧–૧૫ થી ૩૧–૧૨–૧૫ સુધીમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર કિશોરી શકિત યોજના હેઠળ નીચે મુજબના લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે.

| તાલુકાનું નામ | લાભાર્થીઓ |
|---|---|
| માતર | ૩૭૧૦૨ |
| બાલાસિનોર | ૨૮૨૯૩ |
| ઠાસરા | ૪૪૮૨૬ |
| ડાકોર | ૪૦૨૭૪ |
| મહેમદાવાદ–૧ | ૩૩૮૪૦ |
| મહેમદાવાદ–૨ | ૨૬૭૧૫ |
| કપડવંજ–૧ | ૪૧૯૩૮ |
| કપડવંજ–૨ | ૩૯૬૪૮ |
| કઠલાલ | ૪૬૩૫૮ |
| નડીયાદ–૧ | ૫૮૩૦૬ |
| નડીયાદ–૨ | ૪૮૩૯૪ |
| મહુધા | ૪૩૩૯૭ |
| વિરપુર | ૧૮૮૪૮ |
| ખેડા | ૩૦૫૪૫ |

કચ્છ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોની તપાસ

* ૨૫૫૫૦ શ્રી પંકજ મહેતા (રાપર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૦–૧૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ કેટલાં બાળકોના આરોગ્ય ચકાસણી કરવામાં આવી, અને

જવાબ

(૧) તા.૩૦–૧૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ બાળકોની વિગત નીચે મુજબની છે.

| વર્ષ | ચકાસેલ બાળકો |
|---|---|
| ૨૦૧૩–૧૪ | ૫,૬૦,૩૭૩ |
| ૨૦૧૪–૧૫ | ૫,૯૪,૭૧૩ |

(૨) તે અન્વયે ગંભીર રોગની બિમારી ધરાવતા કેટલા બાળકો જણાયા અને કેટલા બાળકોને ચશ્મા આપવામાં આવેલ છે ?

(૨) તે પૈકી ગંભીર રોગની બિમારી ધરાવતા બાળકો તથા ચશ્મા આપેલ બાળકોની વિગતો નીચે મુજબની છે.

| વર્ષ | ગંભીર બિમારી | ચશ્મા આપેલ |
|---|---|---|

| | ધરાવતા બાળકો | બાળકો |
|---|---|---|
| ૨૦૧૩-૧૪ | ૮૧ | ૧૧૫૧ |
| ૨૦૧૪-૧૫ | ૧૪૧ | ૨૦૬૬ |

અરવલ્લી જિલ્લામાં સ્વાઇન ફ્લૂના કેસ અને સારવાર

* ૨૬૫૫૩ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર સ્વાઇન ફ્લૂના કેટલા કેસ નોંધાયા,

(૨) સ્વાઇન ફ્લૂ અટકાવવા સરકાર દ્વારા શું પગલા ભરવામાં આવેલ છે,

જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કુલ-૬૬ કેસ નોંધાયા અને દર્દીઓને સારવાર આપવામાં આવી. જેની વિગત નીચે મજુબ છે.

| તાલુકો | ૨૦૧૪ | ૨૦૧૫ | ૩૧-૧-૨૦૧૬ સુધી | કુલ |
|---|---|---|---|---|
| મોડાસા | ૧ | ૨૬ | ૪ | ૩૧ |
| ધનસુરા | ૦ | ૯ | ૦ | ૯ |
| બાયડ | ૦ | ૮ | ૦ | ૮ |
| મેઘરજ | ૦ | ૪ | ૦ | ૪ |
| માલપુર | ૦ | ૧૧ | ૦ | ૧૧ |
| ભિલોડા | ૦ | ૩ | ૦ | ૩ |
| કુલ | ૧ | ૬૧ | ૪ | ૬૬ |

(૨) સરકારશ્રી દ્વારા સ્વાઇન ફ્લૂના રોગને અટકાવવા લેવામાં આવેલ પગલાંની વિગત

- રાજ્યની દરેક સિવિલ હોસ્પિટલોમાં ઇન્ફ્લ્યુએન્ઝા-એ (એચ૧એન૧) ના કેસોની સારવાર માટે અલાયદા આઇસોલેશન વોર્ડની વ્યવસ્થા કરવામાં આવેલ છે. અને દાખલ દર્દીઓ માટે વેન્ટીલેટર, કાર્ડિયાક મોનીટર જેવા અદ્યતન ઉપકરણો સાથેના ઇન્ટેન્સીવ કેર ટુનિટ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- રોગના ત્વરીત અને વિના મૂલ્યે નિદાન માટે રાજ્યમાં છ (૬) સરકારી લેબોરેટરીઓ ખાતે ઉચ્ચસ્તરની સેવા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- ઇન્ફ્લ્યુએન્ઝા-એ (એચ૧એન૧) ના પોઝીટીવ કેસ તેમજ ચિન્હો ધરાવતા કોન્ટેક્ટને એન્ટીવાયરલ દવાઓ વિનામૂલ્યે આપવામાં આવે છે.
- ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યમાં માન્યતા પ્રાપ્ત પ્રાઇવેટ મેડીકલ સ્ટોર્સમાં પણ આ દવાનો પુરતો જથ્થો ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- તમામ સરકારી આરોગ્ય સંસ્થામાં રોગનું પ્રસરણ થતું અટકે તે માટે લેવાના થતા પગલાંઓની જાણકારી આપવામાં આવે છે. જાહેર જનતાએ કરવાની થતી તકેદારી માટેનું સાહિત્ય સરળ ભાષામાં ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- ભારત સરકારશ્રીના માર્ગદર્શન સાથેનું મેન્યુઅલ પ્રસિદ્ધ કરવામાં આવ્યુ છે. અને સંલગ્ન દરેક હિતધારકોને તેની નકલ પહોંચાડવામાં આવી છે. આ ઉપરાંત આ મેન્યુઅલને આરોગ્ય વિભાગની વેબસાઇટ પર મૂકવામાં આવેલ છે.

- આઇ.એમ.એ. ના સભ્યો સાથે જિલ્લા કક્ષાએ નિયમિત મીટીંગો કરી રોગ નિયંત્રણ/અટકાયત બાબતે માર્ગદર્શન આપવામાં આવેલ છે.
- અગ્ર સચિવશ્રી, જાહેર આરોગ્ય અને પરિવાર કલ્યાણની અધ્યક્ષસ્તામાં ગાંધીનગર ખાતે નિયમિત રીતે વિભાગીય નાયબ નિયામકશ્રી, તમામ જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી અને તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય અધિકારીશ્રીઓની મીટીંગમાં ઇન્ફ્લ્યુએન્ઝા-એ (એચ૧એન૧) ની પરિસ્થિતિનો સવિસ્તાર સમીક્ષા કરવામાં આવી.
- રાજ્યના આ વિષયના નિષ્ણાંત તબીબો, પ્રાઇવેટ હોસ્પિટલના ક્રિટીકલ કેરના સુપર સ્પેશિયાલીસ્ટ ડોક્ટરો, કોર્પોરેટ પ્રાઇવેટ હોસ્પિટલોના પ્રતિનિધિઓ, ઇન્ડીયન મેડીકલ એસોશીયેશનના પ્રતિનિધિ તેમજ અન્ય સબંધિત આ રોગ વિષે લોકોમાં જન-જાગૃતિ માટે પ્રિન્ટ મીડિયા, ઇલેક્ટ્રોનિક મીડિયા તેમજ પ્રચાર-પ્રસારના જુદા-જુદા માધ્યમોનો ઉપયોગ કરી આઇ.ઇ.સી. પ્રવૃત્તિ કરવામાં આવેલ છે. હાઉસ-ટુ-હાઉસ સર્વે દ્વારા જાણકારી તેમજ સર્વેલન્સ કરવામાં આવેલ છે.
- રાજ્યના મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલોના મેડીસીન એનેસ્થેસિયા વિભાગના ડોક્ટરોને સ્વાઇન ફ્લૂના દર્દીઓની ક્રીટીકલ કેર અંગેની તાલીમ આપવામાં આવેલ છે. અને સ્વાઇન ફ્લુ અંગે રાજ્ય કક્ષાના વર્કશોપ યોજવામાં આવેલ છે. વિભાગના અધિકારીશ્રીઓ સાથે બેઠકમાં સર્વગ્રાહી સમીક્ષા દ્વારા આઇ.ઇ.સી., ટ્રીટમેન્ટ ગાઇડ અંગે સવિસ્તાર ચર્ચા કરી.
- આ રોગ વિષે લોકોમાં જન-જાગૃતિ માટે પ્રિન્ટ મીડિયા, ઇલેક્ટ્રોનિકમીડિયા તેમજ પ્રચાર-પ્રસારના જુદા જુદા માધ્યમોનો ઉપયોગ કરી આઇ.ઇ.સી. પ્રવૃત્તિ કરવામાં આવેલ છે. હાઉસ-ટુ-હાઉસ સર્વે દ્વારા જાણકારી તેમજ સર્વેલન્સ કરવામાં આવેલછે.
- રાજ્યના મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલોના મેડીસીન એનેસ્થેસીયા વિભાગના ડોક્ટરોનો સ્વાઇન ફ્લુના દર્દીઓની ક્રીટીકલ કેર અંગેની તાલીમ આપવામાં આવેલ છે. અને સ્વાઇન ફ્લુ અંગે રાજ્ય કક્ષાના વર્કશોપ યોજવામાં આવેલ છે.

(૩) તે અન્વયે અવલ્લી જિલ્લામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) તા.૩૧-૧-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી જિલ્લામાં કરવામાં આવેલ ખર્ચની વિગત નીચે પ્રમાણે છે.

| વર્ષ ૨૦૧૪-૧૫ | એપ્રિલ ૨૦૧૫ થી તા.૩૧-૦૧-૨૦૧૬ સુધી |
|---|---|
| ૫૯૮૧૦/- | ૧૭૪૦૦/- |

(૪) સ્વાઇન ફ્લુની સારવાર મોંઘી હોઇ લોકોને મફતમાં સારવાર સ્થાનિક જિલ્લા કક્ષાએ મળી રહે તે માટે સરકાર દ્વારા શું પગલા ભરવામાં આવેલ છે ?

(૪) લોકોને મફતમાં સારવાર સ્થાનિક જિલ્લા કક્ષાએ મળી રહે તે માટે સરકાર દ્વારા ભરવામાં આવેલ પગલાંની વિગતો

- સ્વાઇન ફ્લૂની સારવાર માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર,

સામૂહિક આરોગ્ય કેન્દ્ર તેમજ સબ–ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે પૂરતા પ્રમાણમાં દવાઓ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

- ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા જિલ્લામાં માન્યતા પ્રાપ્ત પ્રાઈવેટ મેડીકલ સ્ટોર્સમાં પણ આ દવાનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- જિલ્લાના તમામ સરકારી આરોગ્ય સંસ્થામાં રોગનું પ્રસરણ થતું અટકે તે માટે લેવાના થતા પગલાંઓની જાણકારી આપવામાં આવે છે. જાહેર જનતાએ કરવાની થતી તકેદારી માટેનું સાહિત્ય સરળ ભાષામાં ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- આઇ.એમ.એ. ના સભ્યો સાથે જિલ્લા કક્ષાએ નિયમિત મીટીંગો કરી રોગ નિયંત્રણ/અટકાયત બાબતે માર્ગદર્શન આપવામાં આવેલ છે.
- આ રોગ વિષે લોકોમાં જન–જાગૃતિ માટે પ્રિન્ટ મીડિયા, ઇલેક્ટ્રોનિક મીડિયા તેમજ પ્રચાર–પ્રસાર ના જુદા જુદા માધ્યમોનો ઉપયોગ કરી આઇ.ઇ.સી. પ્રવૃત્તિ કરવામાં આવેલ છે. હાઉસ–ટુ–હાઉસ સર્વે દ્વારા જાણકારી તેમજ સર્વેલન્સ કરવામાં આવેલ છે.

### ગોત્રીથી ભીમપુરા જંકશનના રસ્તાને ચાર માર્ગીય કરવા બાબત

* ૨૫૫૩૮ શ્રી દિનેશભાઈ પટેલ (પાદરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૫–૧૬ માં વડોદરા જિલ્લાનાં ગોત્રીથી ભીમપુરા જંકશનના રસ્તાને ચાર માર્ગીય કરવાનું કોઇ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) રૂ.૧૪૦૦ લાખ. |
| (૩) આ કામ તા.૩૧–૧–૧૬ ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૩) પ્રગતિમાં. |

### સુરત જિલ્લામાં કિશોરી શક્તિ યોજનાના લાભાર્થીઓ

* ૨૫૫૩૨ શ્રી મુકેશભાઈ પટેલ (ઓલપાડ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા.૧–૧–૨૦૧૫ થી તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કિશોરી શક્તિ યોજના હેઠળ પૂરક પોષણમાં કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે, | (૧) સુરત જિલ્લામાં તા.૧–૧–૨૦૧૫ થી તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કિશોરી શક્તિ યોજના હેઠળ પૂરક પોષણમાં ૨૫,૧૮૩ લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે. (સરેરાશ પ્રતિમાસ). |
| (૨) ઉક્ત જિલ્લામાં આ યોજના હેઠળ ઉક્ત સમયગાળામાં કેટલા લોકોને તાલીમ આપવામાં આવી, અને | (૨) સુરત જિલ્લામાં કિશોરી શક્તિ યોજના હેઠળ ઉક્ત સમયગાળામાં ૯૫૨ કિશોરી તાલીમાર્થીઓને તાલીમ આપેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) સુરત જિલ્લામાં કિશોરી શક્તિ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ રૂ.૫,૪૧,૦૧,૨૪૯/– (અંકે રૂપિયા પાંચ કરોડ એકતાલીસ લાખ એક હજાર બસો ઓગણપચાસ પુરા) નો ખર્ચ કરવામાં આવેલ છે. |

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### આશા હેલ્થ વર્કરના પગારમાં વધારો

* ૨૫૯૩૮ શ્રી કાન્તિભાઈ ખરાડી (દાંતા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ આશા હેલ્થ વર્કરને માસીક પગાર કેટલો આપવામાં આવે છે, | (૧) આશા સ્વૈચ્છિક કાર્યકર્તા છે. આશાને દર માસે પગાર નહીં પરંતુ પ્રોત્સાહક રકમ આપવામાં આવે છે. |
| (૨) ઉક્ત પગાર ધોરણ ક્યારથી અમલમાં છે, અને | (૨) અને (૩) |
| (૩) ઉક્ત પગાર ધોરણમાં છેલ્લે ક્યારે કેટલો વધારો કરવામાં આવેલ છે ? | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### જૂનાગઢ જિલ્લામાં વિકાસપથ યોજના હેઠળ મંજુર રસ્તાઓ

* ૨૫૩૪૫ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં વિકાસપથ યોજના હેઠળ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલા રસ્તાઓ મંજુર કરવામાં આવ્યા,<br>(૨) તે પૈકી કેટલી રકમ ફાળવવામાં આવી, અને<br>(૩) ઉક્ત સ્થિતિએ કેટલા રસ્તાના કામો પુર્ણ થયા અને કેટલા કામ અધુરા છે તથા તે ક્યાં સુધીમાં પુર્ણ કરવામાં આવશે? | (૧), (૨) અને (૩)<br>તાલુકા મથકોએથી પસાર થતાં રાજ્ય ધોરી માર્ગોને વિકાસપથ તરીકે વિકસાવવાની યોજના વર્ષ ૨૦૦૬ થી શરૂ કરવામાં આવેલ તે અન્વયે વર્ષ ૨૦૦૫–૦૬ થી ૨૦૦૬–૦૭ દરમ્યાન હાલનાં જુનાગઢ જિલ્લાના લાભ આપવાપાત્ર થતા બધા જ તાલુકા મથકોએ આ યોજનાનો લાભ આપી કામો પુર્ણ કરેલ હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### પાદરા ઘાંટાથી વાઘેશ્વરી રસ્તો ડામર કરવા બાબત

* ૨૬૫૮૮ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં પાદરા ઘાંટાથી વાઘેશ્વરી રસ્તો છેલ્લે ક્યારે ડામર કરવામાં આવ્યો હતો, | (૧) વર્ષ ૨૦૦૬–૦૭. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ રસ્તો વાહનવ્યવહાર લાયક નથી તે હકીકત સાચી છે, અને | (૨) ના, જી. મરામત કરી વાહન વ્યવહાર લાયક રાખવામાં આવે છે. |
| (૩) જો હા, તો ઉક્ત રસ્તાને સરકાર ક્યાં સુધીમાં રીકાર્પેટ કરવા માંગે છે ? | (૩) તાંત્રિક જરૂરિયાત અને અગ્રતા અનુસાર વિચારવામાં આવે છે. |

### ધરમપુર આવધા બિલ્ધા રોડ પર પુલ બનાવવા બાબત

* ૨૫૫૭૩ શ્રી રમણલાલ પાટકર (ઉમરગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં ધરમપુર આવધા બિલ્ધા રોડ પર હયાત સાંકળો કોઝવે હોવાથી તે જગ્યાએ પુલ બનાવવા માટે વર્ષ ૨૦૧૫–૧૬માં આ કામ મંજુર કરવામાં આવેલ છે કે કેમ,<br>(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજુર કરેલ છે, અને | (૧) અને (૨)<br>હા, જી. બિલ્ધા ગામ પાસે પુલ માટે રૂ. ૪૦૦ લાખ. |
| (૩) આ કામ તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ કયા તબક્કે છે? | (૩) નકશા અંદાજો તબક્કે. |

### વડોદરા જિલ્લામાં માતા યશોદા ગૌરવ નિધિ વીમા યોજનાના લાભાર્થીઓ

* ૨૫૫૩૦ શ્રી શ્રી યોગેશ પટેલ (માંજલપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં માતા યશોદા ગૌરવ નિધિ વિમા યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ મળેલ છે, અને | (૧) ૧૧૯ લાભાર્થીઓને લાભ મળેલ છે. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવેલ છે? | (૨) રૂ. ૫,૫૮,૬૦૩/–નું ચૂકવણું કરવામાં આવેલ છે. |

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### સુરેન્દ્રનગર જિલ્લામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો

* ૨૫૬૦૪ શ્રી પુનમભાઈ મકવાણા (દસાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે?

**જવાબ**

સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૦૭ (સાત) નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે.

### ઉના તાલુકામાં આંગણવાડીઓના બાંધકામની કામગીરી

* ૨૬૫૭૮ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : તા. ૨૭–૮–૧૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૯૬૭૧ (અગ્રતા–૧૮૭)ના અનુસંધાને માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકામાં શ્રી રૂદ્રાક્ષ કંસ્ટ્રકશન ઉનાને ૧૪૫ અને પ્રણવ બિલ્ડર્સ–જુનાગઢને ૨૦ આંગણવાડીના બાંધકામની કામગીરી પૈકી ૨૧ આંગણવાડીઓનું બાંધકામ પ્રગતિમાં અને ૧૧૬ આંગણવાડીઓનું કામ શરૂ કરવામાં આવેલ ન હતું તે પૈકી તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ કેટલી આંગણવાડીઓનું કામ પૂર્ણ કરવામાં આવ્યું,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી આંગણવાડીઓનું કામ ચાલુ છે અને કેટલી આંગણવાડીઓનું કામ ચાલુ કરવાનું બાકી છે, અને

(૩) ઉક્ત તમામ આંગણવાડીઓનું બાંધકામ ક્યાં સુધીમાં પુર્ણ કરવામાં આવશે અને સમયમર્યાદામાં કામ ન કરનાર એજન્સી સામે કેવા પ્રકારના કયારે પગલાં લીધા?

**જવાબ**

(૧) અને (૨)

૨૧ આંગણવાડીઓનું બાંધકામ પ્રગતિમાં હતું, તે પૈકી ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ શ્રી રૂદ્રાક્ષ કંસ્ટ્રકશનની ૧૨ આંગણવાડી બાંધકામના કામ પુર્ણ થઈ ગયેલ છે અને ૭ આંગણવાડીનું કામ પ્રગતિમાં છે તથા પ્રણવ બિલ્ડર્સનું ૧ આંગણવાડીનું બાંધકામ પુર્ણ થઈ ગયેલ છે અને ૧ પ્રગતિમાં છે અને ૧૧૬ આંગણવાડીના બાંધકામ જમીનનો પ્રત્યક્ષ કબજો નહી મળવાના કારણે કરી શકાયેલ નથી.

(૩)

- ૧૧૬ આંગણવાડી કિસ્સામાં જમીનનો પ્રત્યક્ષ કબજો મળ્યેથી કામ શરૂ કરી બનતી ત્વરાએ પુર્ણ કરવામાં આવશે.
- મુદત બાદ થયેલ કામગીરીના ચાલુ ચુકવણાના બીલોમાંથી વિલંબ વળતરની ૧૦ ટકા લેખે રકમ વસુલ કરેલ છે.

### મહુધા તાલુકામાં પાકા રસ્તાથી વંચિત પરાઓ

* ૨૫૩૩૩ શ્રી નટવરસિંહ ઠાકોર (મહુધા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ ખેડા જિલ્લાના મહુધા તાલુકામાં આશરે ૨૫૦,૫૦૦ અને ૧૦૦૦ થી વધુ વસ્તીવાળા કેટલા પરા વિસ્તાર પાકા રસ્તાથી વંચિત છે, અને

(૨) ઉક્ત વંચિત પરાઓને કેટલા સમયમાં પાકા રસ્તા કરી આપવામાં આવશે?

**જવાબ**

(૧)

| વસ્તી | વંચિત પરાની સંખ્યા |
|---|---|
| ૨૫૦ થી ૫૦૦ | ૩ |
| ૫૦૦ થી ૧૦૦૦ | ૦ |
| ૧૦૦૦ થી વધુ | ૦ |
| કુલઃ– | ૩ |

(૨૦૦૧ના સેનસસ મુજબ)

(૨) તાંત્રિક જરૂરીયાત અને અગ્રતા અનુસાર વિચારવામાં આવે છે.

### ખેડા તાલુકા ખાતે તાલુકા સેવા સદનનું બાંધકામ

* ૨૫૫૮૩ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ સન ૨૦૧૫–૧૬માં ખેડા જિલ્લાના ખેડા તાલુકા ખાતે સેવા સદનના બાંધકામનું કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે, અને

(૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે?

**જવાબ**

(૧) હા જી.

(૨) રૂ. ૧૩૯૭.૦૦ લાખ

(૩) તાંત્રિક મંજુરીની પ્રક્રિયા હેઠળ

### બંધવડ અરજણ સરઘરવડી રસ્તો પહોળો કરવા બાબત

* ૨૫૫૬૫ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૫-૧૬માં પાટણ જિલ્લાના બંધવડ અરજણ સરધરવડી રસ્તો તાલુકો રાધનપુરને પહોળો કરવા માટે સરકારે વિચારેલ છે કે કેમ, અને | (૧) હા જી, |
| (૨) જો હા, તો તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ કેટલી રકમનું કામ ક્યારે મંજુર કરવામાં આવ્યુ? | (૨) રૂ. ૭૫૦.૦૦ લાખનું, તા. ૦૧-૦૬-૧૫ થી મંજુર કરવામાં આવેલ છે. |

દાહોદ જિલ્લામાં નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રો

* ૨૫૫૬૨ શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે? | દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ-૨(બે) નવા સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવેલ છે. |

વલસાડ જિલ્લાની મેડીકલ કોલેજોમાં પ્રોફેસરનું મંજુર મહેકમ

* ૨૬૫૫૦ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લાની મેડીકલ કોલેજોમાં વિષયવાર, પ્રોફેસર, એસો. પ્રોફેસર અને આસી. પ્રોફેસરોનું મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૧) વિષયવાર માહિતી સામેલ *પરિશિષ્ટ-અ માં દર્શાવ્યા મુજબ છે. |
| (૨) તે પૈકી ઉપરોક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી જગ્યાઓ ભરેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, | (૨) વિષયવાર માહિતી સામેલ *પરિશિષ્ટ-બ માં દર્શાવ્યા મુજબ છે. |
| (૩) ઉક્ત ખાલી રહેલ જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે, અને | (૩) લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી. |
| (૪) ભરેલ જગ્યાઓ એમ.સી.આઈ.ની ગાઈડલાઈન મુજબ ભરેલ છે કે કેમ? | (૪) હા. |

(* પરિશિષ્ટો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે|)

નવસારી જિલ્લામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો

* ૨૫૫૬૦ શ્રી કનુભાઈ દેસાઈ (પારડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| નવસારી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે? | નવસારી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૦૫ (પાંચ) નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે. |

આણંદ જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજનાના લાભાર્થીઓ

* ૨૫૫૧૬ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજના હેઠળ મહિલાઓને કેવા પ્રકારનો લાભ આપવામાં આવે છે, | (૧) કાયદાકીય હેતુસર, સામાજિક હેતુસર, રોજગારલક્ષી હેતુસર અને અન્ય હેતુસરના લાભ આપવામાં આવે છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ જિલ્લામાં કેટલી સ્વૈચ્છિક સંસ્થાઓ આ કેન્દ્રો ચલાવે છે, અને | (૨) સાત (૦૭) સ્વૈચ્છિક સંસ્થાઓ આ કેન્દ્રો ચલાવે છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે? | (૩) ૧૮૭૦૩ લાભાર્થીઓને આ યોજના હેઠળ લાભ આપવામાં આવેલ છે. |

પાલીતાણાથી મોટી વાવડી રોડને પહોળો કરવા બાબત

* ૨૫૫૪૫ શ્રીમતી વિભાવરીબેન દવે (ભાવનગર પૂર્વ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૧૫-૧૬માં ભાવનગર જિલ્લાના પાલીતાણાથી મોટી વાવડી રોડને પહોળો કરવાનું કામ રાજ્ય સરકાર દ્વારા મંજુર કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમનું કામ મંજુર કરવામાં | (૨) રૂ. ૧૦૫૦.૦૦ લાખ. |

આવ્યું છે, અને

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) આ કામ તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

### હિંમતનગર તાલુકામાં ભારે વરસાદથી નુકશાન થયેલ નાળા પુલીયાને રીપેર કરવા બાબત

* ૨૫૫૬૬ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકામાં વર્ષ-૨૦૧૫ના ચોમાસા દરમ્યાન આવેલ ભારે વરસાદથી નાળા પુલીયાને નુકશાન થતા રીપેર અથવા નવા નાળા પુલીયા બનાવવાનું સરકારે આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) અને (૨) હા, જી. કુલ - ૨૧ કામો રૂ. ૪૨૩.૦૦ લાખના મંજુર કરેલ છે. |
| (૨) જો હા, તો તે અન્વયે કેટલા કામો કેટલી રકમના મંજુર કરેલ છે? | |

### ખાખરીયા-સાંથળી રોડને પહોળો કરવા બાબત

* ૨૫૫૪૪ શ્રી બાવકુભાઇ ઉંઘાડ (લાઠી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૧૫-૧૬માં અમરેલી જિલ્લાના કુંકાવાવ તાલુકાના ખાખરીયા ખડખડ ભુખલી સાંથળી રોડને પહોળો કરવાનું કામ રાજ્ય સરકાર દ્વારા મંજુર કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ કેટલી રકમનું મંજુર કરવામાં આવ્યું છે, અને | (૨) રૂ. ૫૬૦.૦૦ લાખ. |
| (૩) આ કામ તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

### મહીસાગર જિલ્લામાં નવા પેટા કેન્દ્રો

* ૨૫૫૫૮ શ્રી સુરેશભાઇ પટેલ (મણિનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| મહીસાગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પેટા કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે? | મહીસાગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૪૦ (ચાલીસ) નવા પેટા કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે. |

### રાજ્યમાં કુપોષણથી પીડાતા બાળકો અને આંગણવાડીના બાળકોને પોષણયુક્ત આહાર માટે કેન્દ્ર સરકારની મળેલ ગ્રાન્ટ

* ૨૫૩૪૩ શ્રી ગ્યાસુદીન શેખ (દરિયાપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૧-૧૬ની સ્થિતિએ રાજ્યમાં કુપોષણથી પીડાતા બાળકો અને આંગણવાડીના બાળકોને પોષણયુક્ત આહાર માટે કેન્દ્ર સરકાર તરફથી છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમની ગ્રાન્ટ ફાળવી અને તેમાં રાજ્ય સરકારનો કેટલી રકમનો ફાળો છે? | તા. ૩૧-૧-૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કુપોષણથી પીડાતા બાળકો અને આંગણવાડીના બાળકોને પોષણયુક્ત આહાર માટે રાજ્ય સરકાર દ્વારા ભારત સરકારની આઇ.સી.ડી.એસ. યોજના અંતર્ગત કેન્દ્ર સરકારના ૫૦ ટકા ફાળા લેખે રીએમ્બર્સમેન્ટ પેટે કેન્દ્ર સરકાર તરફથી મળેલ ગ્રાન્ટની વિગતો વર્ષવાર નીચે મુજબ દર્શાવેલ છે. |

| ક્રમ | વર્ષ | રાજ્ય સરકાર દ્વારા કરેલ કુલ ખર્ચ રૂ. | કેન્દ્ર સરકાર તરફથી રીએમ્બર્સમેન્ટ પેટે મળેલ ગ્રાન્ટ રૂ. |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૪-૧૫ | ૫૪૬,૭૩,૬૪,૦૦૦ | ૧૮૪,૪૫,૯૧,૦૦૦ |
| ૨ | ૨૦૧૫-૧૬ | ૬૧૪,૫૨,૧૪,૦૦૦ | ૩૦૦,૫૮,૯૨,૦૦૦ |

### સોમનાથ થી ગીતા મંદિર રસ્તાની સુધારણા

* ૨૫૫૫૭ શ્રી પ્રવિણભાઇ માકડીયા (ધોરાજી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ સન ૨૦૧૫-૧૬માં ગીર સોમનાથ જિલ્લાનાં સોમનાથ થી ગીતા મંદિર રસ્તાની સુધારણાનું કોઇ આયોજન છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે, અને

(૨) રૂ. ૩૪૨.૨૨ લાખ.

(૩) આ કામ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે?

(૩) ટેન્ડર મંજુર કરેલ છે.

## રાજ્ય સરકારને ટોલટેક્સમાંથી આવક

* ૨૬૪૦૩ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકારને ટોલટેક્સ પેટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી આવક થઇ, અને

(૧) તા. ૦૧-૦૨-૧૪ થી તા. ૩૧-૦૧-૧૫ સુધીમાં રૂ. ૪૧,૧૨,૭૯,૬૯૩.૦૦
તા. ૦૧-૦૨-૧૫ થી તા. ૩૧-૦૧-૧૬ સુધીમાં રૂ. ૬૪,૬૧,૩૫,૦૭૦.૦૦

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ટોલનાકાની મુદત પુરી થઇ હોય છતાં મુદતમાં વધારો કરી અપાયો હોય તેવા કયા ટોલનાકા છે?

(૨) એક પણ નહીં.

## રાજુલા ખાતેની જનરલ હોસ્પિટલમાં મંજુર મહેકમ

* ૨૬૦૨૯ શ્રી હિરાભાઇ સોલંકી (રાજુલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ અમરેલી જિલ્લાના રાજુલા ખાતેની જનરલ હોસ્પિટલમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૧) અને (૨)સંવર્ગવાર મંજુર, ભરેલી અને ખાલી જગ્યાઓ

| ક્રમ | સંવર્ગ | મંજૂર | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|
| ૧ | વર્ગ-૧ | ૧૬ | ૧ | ૧૫ |
| ૨ | વર્ગ-૨ | ૭ | ૫ | ૨ |
| ૩ | વર્ગ-૩ | ૮૦ | ૩૩ | ૪૭ |
| ૪ | વર્ગ-૪ | ૨૯ | ૪ | ૨૫ |
| | કુલઃ | ૧૩૨ | ૪૩ | ૮૯ |

વિગતવાર પત્રક સામેલ છે.

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન કરવામાં આવેલ છે?

(૩)
- વર્ગ-૧માં તજજ્ઞોના દર સોમવારે અને વર્ગ-૨ના તબીબી અધિકારીઓના દર મંગળવારે વોક-ઇન-ઇન્ટરવ્યુ રાખવામાં આવે છે, જેમાં યોગ્ય ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.
- નિયમિત ભરતી માટે ગુજરાત જાહેર સેવા આયોગને માંગણાપત્રક સમયાંતરે મોકલવામાં આવે છે. જે અન્વયે યોગ્ય ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.
- વર્ગ-૩ ની જગ્યાઓ સીધી ભરતી/બઢતીથી ભરવા અંગેની કાર્યવાહી ચાલુમાં છે.
- વર્ગ-૪ની ખાલી જગ્યાઓ ઉફર આઉટ સોર્સીંગથી સેવાઓ લેવામાં આવે છે.

પત્રક

| ક્રમ | સંવર્ગનું નામ | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|
| ૧ | અધિક્ષક | ૧ | ૦ | ૧ |

| ક્રમ | સંવર્ગનું નામ | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|
| ૨ | નિવાસી તબીબી અધિકારી | ૧ | ૦ | ૧ |
| ૩ | ફીજીશીયન | ૧ | ૦ | ૧ |
| ૪ | જનરલ સર્જન | ૧ | ૦ | ૧ |
| ૫ | ગાયનેકોલોજીસ્ટ | ૪ | ૧ | ૩ |
| ૬ | મનોરોગ ચિકિત્સક | ૧ | ૦ | ૧ |
| ૭ | બાળરોગ નિષ્ણાત | ૨ | ૦ | ૨ |
| ૮ | એનેસ્થેટીસ્ટ | ૧ | ૦ | ૧ |
| ૯ | ઇ.એન.ટી. સર્જન | ૧ | ૦ | ૧ |
| ૧૦ | રેડીયોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ |
| ૧૧ | પેથોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ |
| ૧૨ | ઓપ્થલ્મિક સર્જન | ૧ | ૦ | ૧ |
| | વર્ગ–૧ કુલઃ– | ૧૬ | ૧ | ૧૫ |
| ૧૩ | તબીબી અધિકારી | ૪ | ૪ | ૦ |
| ૧૪ | ડેન્ટલ સર્જન | ૧ | ૦ | ૧ |
| ૧૫ | વહીવટી અધિકારી | ૨ | ૧ | ૧ |
| | વર્ગ–૨ કુલઃ– | ૭ | ૫ | ૨ |
| ૧૬ | કચેરી અધિક્ષક | ૧ | ૦ | ૧ |
| ૧૭ | હેડ ક્લાર્ક | ૨ | ૧ | ૧ |
| ૧૮ | સીનીયર ક્લાર્ક | ૩ | ૧ | ૨ |
| ૧૯ | જુનીયર ક્લાર્ક | ૧ | ૧ | ૦ |
| ૨૦ | ચીફ ફાર્માસીસ્ટ | ૧ | ૦ | ૧ |
| ૨૧ | સીનીયર ફાર્માસીસ્ટ | ૧ | ૦ | ૧ |
| ૨૨ | જુનીયર ફાર્માસીસ્ટ | ૩ | ૨ | ૧ |
| ૨૩ | સ્ટાફનર્સ | ૫૫ | ૨૩ | ૩૨ |
| ૨૪ | હેડનર્સ | ૫ | ૨ | ૩ |
| ૨૫ | આસીસ્ટન્ટ નર્સીંગ સુપ્રિ. | ૧ | ૦ | ૧ |
| ૨૬ | લેબ. ટેકનીશીયન | ૧ | ૧ | ૦ |
| ૨૭ | ઇ.સી.જી. ટેકનીશીયન | ૧ | ૦ | ૧ |
| ૨૮ | ડાયાટીશીયન | ૧ | ૦ | ૧ |
| ૨૯ | એક્સ–રે ટેકનીશીયન | ૧ | ૦ | ૧ |
| ૩૦ | એક્સ–રે આસીસ્ટન્ટ | ૧ | ૦ | ૧ |
| ૩૧ | ઓપ્થલ્મીક આસીસ્ટન્ટ | ૧ | ૧ | ૦ |
| ૩૨ | ડ્રાયવર | ૧ | ૧ | ૦ |
| | વર્ગ–૩ કુલઃ– | ૮૦ | ૩૩ | ૪૭ |
| ૩૩ | ડેસર | ૧ | ૦ | ૧ |
| ૩૪ | રસોયા | ૧ | ૦ | ૧ |
| ૩૫ | વોર્ડ બોય | ૧૪ | ૦ | ૧૪ |
| ૩૬ | આયા | ૪ | ૨ | ૨ |
| ૩૭ | સ્વીપર | ૯ | ૨ | ૭ |
| | વર્ગ–૪ કુલઃ– | ૨૯ | ૪ | ૨૫ |
| | વર્ગ–૧, ૨, ૩ અને ૪ કુલ | ૧૩૨ | ૪૩ | ૮૯ |

### નગારખડી કોતર પર પુલ બનાવવા બાબત

* ૨૫૩૯૭ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર તાલુકાના ઝિંઝરવાની ગામની વચ્ચે આવેલ નગારખડી કોતર ઉપર પુલ ન હોવાથી ખેડૂતોએ પોતાની જમીનમાં જવા માટે

**જવાબ**

(૧), (૨) અને (૩) નગારખડી કોતર વાળો રસ્તો માર્ગ મકાન વિભાગ હસ્તક ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

સાત થી આઠ કિલોમીટર ફરીને જવુ પડે છે. તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ કોતર ઉપર પુલ બનાવવાની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને

(૩) ઉક્ત પુલનું બાંધકામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

ફલ્લા–વંથલી–કાલાવડ રોડનું રીકાર્પેટીંગ

* ૨૬૫૯૧ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ જામગનર જિલ્લાના જામનગર તાલુકો ફલ્લા–વંથલી–કાલાવડ રોડ બીસ્માર હાલતમાં છે તે હકીકત સાચી છે, | (૧), (૨), (૩) અને (૪) ના, જી. આ રસ્તા ઉપરનું હાલનું ટ્રાફિક ભારણ જોતાં હાલમાં રસ્તાને ૧૦ મીટર પહોળો કરવાનું કોઇ આયોજન નથી. |
| (૨) જો હા, તો આ રસ્તાની ડામર સપાટીને રીકાર્પેટીંગ કરી ૧૦ મીટરનો પહોળો દ્વિમાર્ગી કરવાનું શું આયોજન છે, | |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કાર્યવાહી ક્યા તબક્કે છે, અને | |
| (૪) ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ? | |

પાલેજ–નારેશ્વર રસ્તાને પહોળો કરવા બાબત

* ૨૫૫૩૯ શ્રી બાલકૃષ્ણભાઈ પટેલ (ડભોઈ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૧૫–૧૬ માં વડોદરા જિલ્લાના યાત્રાધામ નારેશ્વરને જોડતાં પાલેજ–નારેશ્વર રસ્તાને પહોળો કરવા માટે કોઇ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે, અને | (૨) રૂ.૨૧૬૦.૦૦ લાખ. |
| (૩) આ કામ તા.૩૧–૧–૧૬ ની સ્થિતિએ ક્યા તબક્કે છે? | (૩) ટેન્ડર મંજુરીની પ્રક્રિયા હેઠળ. |

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નવા પેટા કેન્દ્રો

* ૨૫૫૫૯ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પેટા કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે ? | દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૫૪ (ચોપ્પન) નવા પેટા કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે. |

તરસાલી ધનીયાવી કારવણ રોડ પર પુલ બનાવવા બાબત

* ૨૫૫૪૨ શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના વડોદરા તાલુકામાં તરસાલી ધનીયાવી કારવણ રોડ પર વર્ષ ૨૦૧૫–૧૬ માં પુલ કે સ્લેબ ડ્રેઇન બનાવવા કોઇ આયોજન છે કે કેમ, | (૧) અને (૨) હા, જી. રૂ.૫૦૦ લાખ. |
| (૨) જો હા, તો સદર કામ માટે કેટલી રકમ મંજૂર કરેલ છે, અને | |
| (૩) આ કામ તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૩) નકશા અંદાજો તબક્કે. |

પંચમહાલ જિલ્લામાં નવા પેટા કેન્દ્રો

* ૨૫૬૦૫ શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| પંચમહાલ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પેટા કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે? | પંચમહાલ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૪૫ (પીસ્તાલીસ) નવા પેટા કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે. |

## તા. ૨૮મી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### ખામર–વીરપુર માર્ગને પહોળો કરવા બાબત

* ૨૫૫૪૦ શ્રી મોતીલાલ વસાવા (દેડિયાપાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૧૫–૧૬ નર્મદા જિલ્લાના ખામર–વીરપુર માર્ગને પહોળો કરવા માટે કોઇ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) રૂ.૧૪૫૮.૦૦ લાખ. |
| (૩) આ કામ તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૩) પ્રગતિમાં. |

### મહેસાણા–બલોલ–કાલરી રસ્તાને પહોળો કરવા બાબત

* ૨૫૫૮૨ શ્રી નારાયણભાઈ પટેલ (ઉંઝા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૫–૧૬ માં મહેસાણા જિલ્લામાં મહેસાણા–બલોલ–કાલરી રસ્તાને પહોળો કરવાનું કોઇ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) રૂ.૪૧૧૦.૦૦ લાખ. |
| (૩) આ કામ તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૩) પ્રગતિમાં. |

### ભરૂચ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ વિદ્યાર્થીઓની તપાસ

* ૨૫૫૪૯ શ્રી ઇશ્વરસિંહ પટેલ (અંકલેશ્વર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૦–૧૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કઇ ગંભીર બિમારીઓવાળા કેટલા વિદ્યાર્થીઓ જણાયા,

જવાબ

(૧) તા.૩૦–૧૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત નીચે મુજબ કુલ–૭૮ વિદ્યાર્થીઓ ગંભીર બિમારીઓવાળા જણાયા.

| બિમારી | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| હૃદય | ૪૭ |
| કિડની | ૧૭ |
| કેન્સર | ૧૪ |
| કુલ | ૭૮ |

પ્રશ્ન

(૨) ઉક્ત ગંભીર બિમારીવાળા વિદ્યાર્થીઓને સરકાર દ્વારા કઇ સારવાર આપવામાં આવી, અને

જવાબ

(૨) ગંભીર બિમારીવાળા બાળકોને નીચે મુજબની સંસ્થાઓ ખાતે વિના મૂલ્યે ઓપરેશન સહિતની સારવાર આપવાની વ્યવસ્થા કરેલ છે.

| બિમારી | હોસ્પિટલનું નામ |
|---|---|
| હૃદયરોગ | યુ.એન. મહેતા ઇન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કિડની | ઇન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડિસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ.પી. શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

પ્રશ્ન

(૩) કેટલા બાળકોની કીડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા ?

જવાબ

(૩) ૧ (એક) બાળકને કીડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવેલ છે.

### જશોદાનગર થી ડાકોર માર્ગને ચાર માર્ગીય કરવા બાબત

* ૨૫૮૪૭ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૧૬–૨–૨૦૧૬ ની સ્થિતિએ ખેડા જિલ્લામાંથી પસાર થતાં જશોદાનગર થી ડાકોર જતાં માર્ગને ચાર માર્ગીય રસ્તો બનાવવાનું આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો આ કામગીરી ક્યારે શરૂ કરી પૂર્ણ

જવાબ

(૧), (૨) અને (૩)

હા, જી. રૂ.૨૫૫૭૫.૦૦ લાખની અંદાજીત કિંમતનું કામ મંજુર કરવામાં આવેલ છે. તે પૈકીનું હીરાપુર ચોકડી થી નેનપુર ચોકડી સુધીનાં ૮.૮૬ કિ.મી.ની ચાર માર્ગીયકરણની

કરવામાં આવશે, અને

(૩) આ માટે કેટલી ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે ?

કામગીરી પ્રગતિમાં છે. જ્યારે બાકીની લંબાઇનાં ચાર માર્ગીયકરણનાં ટેન્ડરો માંગેલ છે. વહીવટી પ્રક્રિયા પુર્ણ થયેથી બનતી ત્વરાએ શરૂ કરી પુર્ણ કરવાનું આયોજન છે.

### ડેડાણા–ડોડીયાવાડા રોડને પહોળો કરવા બાબત

* ૨૫૫૬૪ શ્રી ઋષિકેશ પટેલ (વિસનગર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૫–૧૬ માં મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકાના ડેડાણા બેચરાજી શંખલપુર ડોડીયાવાડા રોડને પહોળો કરવાનું કામ સરકાર દ્વારા મંજુર કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ આ કામ કેટલી રકમનું ક્યારે મંજુર કરવામાં આવ્યું ? | (૨) રૂ.૪૫૦ લાખ, તા.૦૧–૦૬–૧૫ થી મંજુર કરવામાં આવેલ છે. |

### ટાકોદીને ગાંભુ ગામ સાથે જોડતો રોડ બનાવવાની માંગણી

* ૨૬૦૦૧ શ્રી પ્રહલાદભાઈ પટેલ (વિજાપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચાણસ્મા તાલુકાના મોજે ગામ ટાકોદીને બેચરાજી તાલુકાના ગાંભુ ગામ સાથે જોડતો રોડ બનાવવા અંગેની કેટલી માંગણીઓ સરકારને મળી, | (૧) માંગણી મળેલ નથી. |
| (૨) તે અન્વયે સરકારે શા પગલા લીધા, અને<br>(૩) ઉક્ત રોડ ક્યારે મંજૂર થશે અને ક્યારે પૂર્ણ થશે ? | (૨) અને (૩)<br>પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### અમદાવાદ જિલ્લામાં બાળકોને કુપોષણથી મુક્તિ

* ૨૫૩૩૪ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા કેટલી છે, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં ઓછા વજનવાળા બાળકોની સંખ્યા ૩૧૪૭ છે અને અતિ ઓછા વજનવાળા બાળકોની કુલ સંખ્યા ૪૧૮ છે. |
| (૨) ઉક્ત બાળકોને કુપોષણથી મુક્તિ મળે તે માટે કયા પ્રકારનું આયોજન કરવામાં આવેલ છે? | (૨) બાળકોમાં કુપોષણથી મુક્તિ મળે તે માટે નીચે મુજબનું આયોજન કરવામાં આવેલ છે. |

- ૬ માસથી ૩ વર્ષના બાળકોને નિદર્શન ભોજન તરીકે રાબ/સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે.
- ૬ માસથી ૯ માસના બાળકો માટે અન્ન પ્રાશન દિવસની ઉજવણી દરમ્યાન રાબ આપવામાં આવે છે.
- આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃ મંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો, અને આંગણવાડી કાર્યકર દ્વારા બપોરનું ગરમ ભોજન અને અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.
- ૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને ટેક હોમ રેશન (THR) તરીકે ત્રીજુ ભોજનમાં લાડુ બનાવીને આપવામાં આવે છે. આ ઉપરાંત ટેક હોમ રેશન (THR) તરીકે પ્રિમિક્ષમાં બાલભોગના ૪ પેકેટ આપવામાં આવે છે.
- મીશન બલમ સુખમ અન્વયે બાળ શકિતમ કેન્દ્ર, બાળ સેવા કેન્દ્ર તેમજ બાળ સંજીવની કેન્દ્ર દ્વારા બાળકોને પોષણ અને આરોગ્યની સેવાઓ પુરી પાડવામાં આવે છે. ન્યુટ્રીશન કાઉન્સેલીંગ વોલીન્ટીઅર (NCV) યોજના દ્વારા બાળકોના વાલીઓને પોષણ વિષયક શિક્ષણ આપવામાં આવે છે.

- વાત્સલ્ય દિવસ/બાલ દિવસની ઉજવણી મારફતે વાલીઓને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને પોષણ સ્તર વિશે જાગૃત કરવામાં આવે છે.
- ફેબ્રુઆરી ૨૦૧૬માં ઘનિષ્ટ પોષણ અભિયાન અમદાવાદ ગ્રામ્યમાં ૧૨ કેન્દ્રો શરૂ કરેલ છે જેમાં હાલ ૨૪૦ બાળકો તેનો લાભ લઈ રહેલ છે.
- તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ઓછા અને અતિ ઓછા વજનવાળા કુલ ૩૫૬૫ બાળકો હતો તે પૈકી તા.૨૯-૨-૨૦૧૬ ની સ્થિતિએ હાલમાં ઓછા અને અતિ ઓછા વજનવાળા કુલ ૩૨૨૬ બાળકોની સંખ્યા છે. ઉપર્યુક્ત આયોજનથી છેલ્લા બે મહિનામાં કુલ ૩૩૯ બાળકોનો ઉપલા ગ્રેડમાં સુધારો થયેલ છે.

## ગાંગરડા પાસે પસાર થતી નદી પર પુલ બનાવવાની દરખાસ્ત

* ૨૬૧૯૩ શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકામાં આવેલ ગાંગરડા ગામે પસાર થતી નદી ઉપર પુલ બનાવવાની દરખાસ્ત સરકારને ક્યારે મળી, અને | (૧) તા.૨૮-૦૮-૨૦૧૫ના રોજ. |
| (૨) ઉક્ત સ્થિતિએ કાર્યવાહી કયા તબક્કે છે અને અંદાજીત કેટલો ખર્ચ થશે ? | (૨) કોઝવે હયાત હોઈ, પુલ મંજુર કરવાનું હાલમાં કોઈ આયોજન નથી. |

## ચાંદિયોલ ચાણોદર ચવલજ રોડ પહોળો કરવા બાબત

* ૨૫૫૫૫ શ્રી જગરૂપસિંહ રાજપુત (બાપુનગર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૬ ની સ્થિતિએ સન ૨૦૧૫-૧૬ માં ચાંદિયોલ ચાણોદર ચવલજ રોડ જે મુખ્ય જિલ્લા માર્ગ અને અમદાવાદને જોડતો રસ્તો છે તેને પહોળો કરવાનું સરકારનું આયોજન છે કે કેમ, અને<br>(૨) જો હા, તો કેટલી રકમમાં કેટલા કિ.મી. રસ્તો પહોળા કરવાનું આયોજન છે ? | (૧) અને (૨) : હા, જી. ૮.૬૦ કિ.મી. લંબાઈ માટે ૭.૦૦ મી. પહોળો કરવા રૂ. ૭૦૦.૦૦ લાખની રકમ મંજૂર કરેલ છે. |

## રાજ્યમાં આંગણવાડી સંચાલિકા અને તેડાગરને વેતન

* ૨૬૫૨૯ શ્રી નલીનભાઈ કોટડીયા (ધારી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં આંગણવાડી સંચાલિકા અને તેડાગરને કેટલું વેતન આપવામાં આવે છે ? | તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં આંગણવાડી કાર્યકરોને (સંચાલિકાને) માસિક રૂ.૪૭૫૦/- મીની આંગણવાડી કાર્યકરોને (સંચાલિકાને) માસિક રૂ.૨૮૦૦/- અને તેડાગરોને માસિક રૂ.૨૪૦૦/- માનદ વેતન અપાય છે. |

## પાટણ જિલ્લામાં શાળાના બાળકોના આરોગ્યની તપાસ

* ૨૫૪૩૮ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અન્વયે પાટણ જિલ્લામાં શાળાના કુલ કેટલા બાળકોના આરોગ્યની તપાસણી કરી વિના મૂલ્યે સારવાર આપવામાં આવી, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અન્વયે પાટણ જિલ્લામાં નીચે મુજબના બાળકોના આરોગ્યની તપાસણી કરી વિના મૂલ્યે સ્થળ પર સારવાર આપવામાં આવી. |

| વર્ષ | તપાસેલ બાળકો | સ્થળ પર સારવાર આપેલ બાળકો |
|---|---|---|
| ૨૦૧૪ | ૨,૭૪,૯૫૭ | ૨૩,૧૯૩ |
| ૨૦૧૫ | ૨,૮૨,૦૦૯ | ૨૨,૩૮૪ |

(૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો અને આ તપાસણીમાં શું અવલોકનો જોવા મળ્યા, અને

(૨) તે અન્વયે નીચે મુજબ ખર્ચ થયો તથા આ તપાસણીમાં વર્ષ : ૨૦૧૪ કરતાં વર્ષ : ૨૦૧૫માં વધુ બાળકો શોધવામાં આવેલ છે.

| વર્ષ | થયેલ ખર્ચ |
|---|---|
| ૨૦૧૪ | ૬૪,૧૩,૭૮૬ |
| ૨૦૧૫ | ૭૪,૩૪,૯૧૮ |

(૩) રાજ્ય સરકાર દ્વારા આ બાળકોના આરોગ્ય કાર્ડ રાખવામાં આવે છે ?

(૩) હા, જી.

### જુનાગઢ મેંદરડા વાયા ઈવનગર મુખ્ય જિલ્લા માર્ગનું રીકાર્પેટીંગ

* ૨૬૫૮૫ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જુનાગઢ થી મેંદરડા વાયા ઈવનગર થઈ જતો મુખ્ય જિલ્લા માર્ગ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બિસ્માર હાલતમાં છે તે હકીકત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો આ રસ્તાની ડામર સપાટીને રીકાર્પેટીંગ કરાવાની કામગીરીનું શું આયોજન છે,

(૩) ઉક્ત સ્થિતિએ આ કામગીરી કયા તબક્કે છે, અને

(૪) તે ક્યાં સુધીમાં પુર્ણ કરવામાં આવનાર છે ?

જવાબ

(૧), (૨), (૩) અને (૪) : ઉક્ત સ્થિતિએ આ રસ્તા પર સમયાંતરે મરામતની કામગીરી હાથ ધરી, રસ્તાને વાહનવ્યવહાર લાયક રાખેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### વરમોર–વિઠલાપુર–દેત્રોજ રસ્તાને પહોળો કરવા બાબત

* ૨૫૫૩૭ શ્રી અરવિંદકુમાર પટેલ (સાબરમતી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫–૧૬માં અમદાવાદ જિલ્લાનાં વરમોર–વિઠલાપુર–દેત્રોજ રસ્તાને પહોળો કરવાનું કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે, અને

(૩) આ કામ તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ કયા તબક્કે છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) રૂ. ૩૪૦૦.૦૦ લાખ.

(૩) પ્રગતિમાં.

### ખેલમહાકુંભની ફળશ્રુતિ રૂપે આયોજન

* ૨૫૫૯૩ શ્રી જનકભાઈ કાછડીયા (કરંજ) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યમાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પ્રતિ વર્ષ યોજાતા ખેલમહાકુંભની ફળશ્રુતિ રૂપે કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગત શું છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) (૧) ખેલમહાકુંભ–૨૦૧૦ને મળેલ ભવ્ય પ્રતિસાદને ધ્યાને લઈ સરકારશ્રી દ્વારા દર વર્ષે ખેલમહાકુંભનું આયોજન કરવામાં આવે છે.

(૨) ખેલમહાકુંભમાં જુદી જુદી કુલ–૨૭ રમતોનો સમાવેશ કરવામાં આવેલ છે. ઉપરાંત સાગરતટીય વિસ્તાર ધરાવતા કુલ ૧૩ જિલ્લાઓમાં સમુદ્ર તટ ઉપર રમતો પ્રચલિત બને તે હેતુસર બીચ સ્પોર્ટ્સ રમતોનું આયોજન કરવામાં આવેલ છે.

(૩) ખેલમહાકુંભમાં ૯ વર્ષ, ૧૧ વર્ષ, ૧૩ વર્ષ તેમજ ૧૬ વર્ષથી નીચેની વયજુથના ખેલાડીઓ માટે તથા ૧૬ વર્ષથી ઉપરની વયજુથના ખેલાડીઓ માટે સ્કૂલ તથા કોલેજના માધ્યમથી ઓનલાઈન તથા મોબાઈલ એપ્લીકેશનથી પણ રજીસ્ટ્રેશનની

સુવિધા ઉપલબ્ધ કરાવીને ખેલમહાકુંભમાં ભાગ લેવાની તક પુરી પાડવામાં આવે છે. ચાલુ વર્ષે અંડર-૯ વયજૂથ માટે પ્રથમ વખત રાજ્યની તમામ પ્રાથમિક શાળા કક્ષાએ બે રમતો એથ્લેટીક્સની બે ઈવેન્ટ જેવી કે ૩૦ મીટર દોડ અને સ્ટેન્ડીંગ બ્રોડ જમ્પ રમતનું આયોજન

(૪) શારિરીક રીતે પૂર્ણતા સક્ષમ ના હોય તેવા ખેલાડીઓ એટલે કે દિવ્યાંગ ખેલાડીઓ પણ સ્પર્ધામાં ભાગ લઈ શકે તે માટે સ્પેશ્યલ ખેલ મહાકુંભમાં ચાર અલગ અલગ જૂથો પાડી તેઓને તક પુરી પાડવામાં આવી છે.

(૫) "ટેલેન્ટ આઈડેન્ટીફિકેશન" કાર્યક્રમ અંતર્ગત યુવા પ્રતિભાશાળી ખેલાડીઓની પસંદગી કરવાનું આયોજન.

(૬) ખેલમહાકુંભની સ્પર્ધામાં શ્રેષ્ઠ દેખાવ કરે તે પ્રથમ ત્રણ શાળા/કોલેજને અનુક્રમે રૂ. ૫.૦૦ લાખ, રૂ. ૩.૦૦ લાખ અને રૂ. ૨.૦૦ લાખના રોકડ પુરસ્કાર આપીને સન્માનિત કરવાનું આયોજન.

(૭) શિક્ષકો માટે અલગથી ૫૦ મીટર દોડ, ચેસ તેમજ વોલીબોલ સ્પર્ધાનો સમાવેશ.

(૮) ખેલે ગુજરાત અંતર્ગત સમર કેમ્પનું આયોજન.

## રાજ્યમાં સ્પોર્ટસ સ્કુલની યોજના

* ૨૫૫૨૯ શ્રી શિવાભાઈ ગોહિલ (તળાજા) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ રમતક્ષેત્રે સ્પોર્ટસ સ્કૂલની કોઈ યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના ક્યારથી અમલમાં છે, | (૨) વર્ષ ૨૦૧૩-૧૪થી. |
| (૩) ઉક્ત સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કેટલી સ્પોર્ટસ સ્કૂલ કાર્યરત છે, અને | (૩) ૨ (બે). |
| (૪) ઉક્ત સ્થિતિએ સ્પોર્ટસ સ્કૂલના ખેલાડીઓને મુખ્યત્વે શું સુવિધાઓ આપવામાં આવે છે ? | (૪) નિવાસી શાળાઓમાં પ્રવેશ આપી વિનામૂલ્યે શિક્ષણ, અભ્યાસને લગતી સ્ટેશનરી, પુસ્તકો, નિવાસ, ભોજન, શાળાનો ગણવેશ તેમજ રમતને અનુરૂપ અત્યાધુનિક સાધનો અને ડ્રેસ, સ્પોર્ટસ કીટ પુરા પાડી નિષ્ણાંત કોચીઝ દ્વારા વૈજ્ઞાનિક ઢબે તાલીમ આપવામાં આવે છે. |

## રાજ્યમાં પ્રતિભાશાળી ખેલાડીઓની શોધ

* ૨૫૬૦૦ શ્રી હર્ષ સંઘવી (મજુરા) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યના આંતરિયાળ વિસ્તારોમાં રહેલ પ્રતિભાશાળી ખેલાડીઓની શોધ માટે કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે? | (૨) |

- ગુજરાત રાજ્યમાં પ્રતિભા શોધ માટે ખેલમહાકુંભનું આયોજન કરેલ છે.
- આશરે ૩૫ લાખ ખેલાડીઓ આ ઈવેન્ટમાં ભાગ લઈ રહ્યા છે. જેમા અંડર-૯, ૧૧, ૧૩ અને ૧૬ એમ દરેક વય જુથના ખેલાડીઓ છે.
- રાજ્યના મહાનગરપાલિકા વિસ્તારથી લઈને

અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારના છેવાડાના ગામડાઓ સુધી પ્રતિભાશોધ થઈ રહી છે.

- રાજ્યના ૨૪૮ તાલુકા તથા મહાનગરપાલિકાના ૫૬ ઝોન મળી કુલ ૩૦૪ બ્લોકમાં પ્રતિભાશોધની પસંદગી પ્રક્રિયા કરવામાં આવે છે.
- રાષ્ટ્રના કોઈપણ રાજ્યમાં આટલી મોટી સંખ્યામાં પ્રતિભા શોધ અને ગ્રાસ રૂટનું કાર્ય થતુ નથી.

ગુજરથી સોઢી ગામ તાલુકા હદ સુધીનો રસ્તો પહોળો કરવા બાબત

* ૨૫૫૬૭ શ્રી લાલજીભાઈ કોળી પટેલ (ધંધુકા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૫–૧૬માં ધંધુકા તાલુકાના ગુજરથી સોઢી ગામ તાલુકા હદ સુધી રસ્તો પહોળો કરવાનું કામ સરકારે મંજુર કર્યુ છે તે હકીકત સાચી છે, અને<br>(૨) જો હા, તો કેટલી રકમનું મંજૂર કરેલ છે. | (૧) અને (૨)<br>હા, જી રસ્તાના કુલ ૩૧.૫ કિ.મી. પૈકી ૧૦–૦ થી ૧૬–૦ એટલે કે ૬.૦૦ કિ.મી. લંબાઈમાં ૫.૫૦ મી. પહોળો કરવાના રૂ.૨૧૩.૦૦ લાખની રકમ મંજૂર કરેલ છે. |

રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે ખેલાડીઓને પ્રોત્સાહન માટે યોજના

* ૨૫૬૦૨ શ્રી બાબુભાઈ પટેલ (દસક્રોઈ) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે સિધ્ધિ હાંસલ કરનાર ખેલાડીઓને પ્રોત્સાહન માટે સરકાર દ્વારા કોઈ યોજના અમલમાં મુકવામાં આવેલ છે કેમ, | (૧) હા. |
| (૨) જો હા, તો તેની વિગત શું છે, અને | (૨) રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે સિધ્ધિ હાંસલ કરનાર ખેલાડીઓને પ્રોત્સાહન માટે નીચે મુજબની યોજના અમલમાં છે.<br>૧. રાષ્ટ્રીય કક્ષાએ વિજેતા થનાર ખેલાડીને રૂ. ૨૫૦૦– શિષ્યવૃત્તિ ચુકવવાની યોજના અમલમાં છે.<br>૨. રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિજેતા થનાર ખેલાડીઓને નિયત કરેલ ગુણાંકના આધારે એકલવ્ય સીનીયર/જુનીયર એવોર્ડ રૂ. ૧,૦૦,૦૦૦– અને ૫૦,૦૦૦– સરદાર પટેલ સીનીયર/જુનીયર એવોર્ડ રૂ. ૫૦,૦૦૦ અને રૂ. ૨૫,૦૦૦ અને જયદિપસિંહજી સીનીયર/જુનીયર એવોર્ડ રૂ. ૨૦,૦૦૦– અને રૂ. ૧૦,૦૦૦– ની યોજના અમલમાં છે,<br>૩. આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જવા માટે આર્થિક સહાય માન્ય ખર્ચના ૫૦ ટકા અને મહત્તમ રૂ. ૭૫,૦૦૦ ની મર્યાદામાં ચૂકવવાની યોજના અમલમાં છે.<br>૪. શકિતદૂત યોજનાઃ– આ યોજના અંતર્ગત નીડબેઝ સહાય મુજબ ખેલાડીઓને ટ્રેનીંગ (જેમાં વિદેશ ટ્રેનીંગનો પણ સમાવેશ) ન્યુટ્રીશન, ગણવેશ, પ્રવાસ ખર્ચ,અન્ય આનુસાંગિક ખર્ચ પેટે ખેલાડીઓને સહાય આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત ખેલાડીઓને 'એ', 'બી', 'સી' કેટેગરી મુજબ પસંદગી કરવામાં આવે છે. જેમા કેટેગરી મુજબ વાર્ષિક અનુક્રમે રૂ. ૨૫ લાખ, રૂ. ૧૫ લાખ અને ૫ લાખની મહત્તમ મર્યાદામાં સહાય ચૂકવવામાં આવે છે.<br>૫. ખેલ પ્રતિભા પુરસ્કાર યોજનાઃ– આ યોજના હેઠળ રાષ્ટ્રકક્ષાની નેશનલ ગેમ્સ, નેશનલ ચેમ્પીયનશીપ તથા બહુરાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય કક્ષાની ઓલમ્પિક ગેમ્સ, એશીયન ગેમ્સ, કોમન વેલ્થ ગેમ્સ તથા ચેમ્પીયનશીપ જેવી સ્પર્ધાઓમાં રાજ્યના ખેલાડીઓ અને ટીમ મેડલ વિજેતા બને |

તો તેઓની સિધ્ધિ અનુરૂપ પુરસ્કૃત કરી ગુજરાતના ગૌરવને યશ પ્રદાન કર્યાબાદ બિરદાવવા ખેલ પ્રતિભા પુરસ્કાર યોજના વર્ષ ૨૦૧૪-૧૫થી અમલમાં મૂકવામાં આવેલ છે.

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાના કેટલા ખેલાડીઓને આ યોજનાનો લાભ આપવામાં આવેલ છે?

(૩)

| ક્રમ | યોજનાનું નામ | છેલ્લા બે વર્ષમાં લાભ આપવામાં આવેલ ખેલાડીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | શિષ્યવૃત્તિ | ૫૪ |
| ૨ | એવોર્ડ | ૧૫૪ |
| ૩ | આર્થિક સહાય | ૧૩ |
| ૪ | શક્તિદૂત યોજના | ૪૦ |
| ૫ | ખેલ પ્રતિભા પુરસ્કાર યોજના | ૨૭ |

મહિસાગર જિલ્લામાં સરકારી દવાખાના, સામુહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મંજુર મહેકમ

* ૨૫૩૩૦ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં સરકારી દવાખાના, સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉકત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૪) ઉકત ખાલી જગ્યાઓ પૈકી કયાં સુધીમાં ભરવામાં આવશે?

જવાબ

(૧) અને (૨) મહીસાગર જિલ્લામાં સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ સંતરામપુરની મહેકમની વિગત દર્શાવતું *પત્રક-અ, ડિસ્ટ્રીકટ હોસ્પિટલ લુણાવાડાની મહેકમની વિગત દર્શાવતું *પત્રક-અ-૧. સામુહિક આરોગ્ય કેન્દ્રોની મહેકમની વિગત દર્શાવતું *પત્રક-બ તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મહેકમની વિગત દર્શાવતું *પત્રક-ક સામેલ છે.

(૩)

| અ. નં. | સરકારી દવાખાનાનું નામ | કુલ મંજુર જગ્યાઓ | એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી |
|---|---|---|---|
| ૧ | સબડીસ્ટ્રીકટ હોસ્પિટલ, સંતરામપુર | ૫૫ | ૧૭ |
| ૨ | ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા | ૭૨ | ૨૨ |
| ૩ | સામુહિક આરોગ્ય કેન્દ્રો | ૧૫૭ | ૪૫ |
| ૪ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો | ૩૨૧ | ૫૩ |

(૪) પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ અને જરૂરીયાતોને ધ્યાનમાં લઈને યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેતી બનતી ત્વરાએ જગ્યાઓ ભરવામાં આવશે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)

રાજ્યમાં સ્પોર્ટસ સ્કુલની યોજના

* ૨૫૫૫૨ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) રાજ્યમાં તા.૩૧-૦૧-૨૦૧૬ ની સ્થિતિએ રમતક્ષેત્રે સ્પોર્ટસ સ્કુલની કોઈ યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજના કયારથી અમલમાં છે,

(૩) ઉકત સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કેટલી સ્પોર્ટસ સ્કુલ કાર્યરત છે, અને

(૪) ઉકત સ્થિતિએ સ્પોર્ટસ સ્કુલના ખેલાડીઓને

જવાબ

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૧૩-૧૪ થી.

(૩) ૨ (બે).

(૪) નિવાસી શાળાઓમાં પ્રવેશ આપી વિનામૂલ્યે

| | |
|---|---|
| મુખ્યત્વે શું સુવિધાઓ આપવામાં આવે છે? | શિક્ષણ, અભ્યાસને લગતી સ્ટેશનરી, પુસ્તકો, નિવાસ, ભોજન, શાળાનો ગણવેશ તેમજ રમતને અનુરૂપ અત્યાધુનિક સાધનો અને ડ્રેસ, સ્પોર્ટસ કીટ પુરા પાડી નિષ્ણાત કોચીઝ દ્વારા વૈજ્ઞાનિક ઢબે તાલીમ આપવામાં આવે છે. |

સુરત જિલ્લામાં કાર્યરત અભયમ હેલ્પ લાઈન-૧૮૧

* ૨૫૬૧૪ શ્રી નરોત્તમભાઈ પટેલ (ઉધના) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અભયમ હેલ્પ લાઈન-૧૮૧ સુરત જિલ્લામાં ક્યારથી કાર્યરત છે, અને | (૧) અભયમ હેલ્પ લાઈન-૧૮૧ સુરત જિલ્લામાં તા.૦૮ માર્ચ, ૨૦૧૫ થી કાર્યરત છે. |
| (૨) તા.૧-૧-૨૦૧૫ થી ૩૧-૧૨-૨૦૧૫ દરમ્યાન અભયમ હેલ્પ લાઈન-૧૮૧ હેઠળ આ જિલ્લામાં કેટલા કોલ્સ મળ્યા ? | (૨) તા.૧-૧-૨૦૧૫ થી ૩૧-૧૨-૨૦૧૫ દરમ્યાન અભયમ હેલ્પ લાઈન-૧૮૧ હેઠળ આ જિલ્લામાં કુલ ૭૨૪૧ કોલ્સ મળેલ છે. |

રાજ્યની ખાનગી બ્લડ બેંકોની તપાસ

* ૨૫૩૫૨ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નામદાર ગુજરાત હાઈકોર્ટના રીટ પીટીશન નં. ૧૫૯-૨૦૧૧ તા. ૦૮-૧૨-૨૦૧૪ ના ઓરલ ઓર્ડર/ જજમેન્ટ મુજબ રાજ્યની ખાનગી બ્લડ બેંકો નફો ન કરી શકે તે વાત તા.૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ સાચી છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો આ અંગે રાજ્ય સરકારે ખાનગી બ્લડબેંકો નફો ના કરે અને નાગરિકોના સેવાર્થે કામ કરે તે માટે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાં પગલાં લાધાં, અને | (૨) ભારત સરકારના તા.૧૨-૦૨-૨૦૧૪ ના પત્રથી બ્લડ બેંકોને બ્લડના પ્રોસેસીંગ માટેના દરો નિયત કરવામાં આવેલ છે. ભારત સરકારની સુચનાનુસાર રાજ્યની તમામ બ્લડ બેંકોને આ અંગેની સુચનાઓ અનુસરવા જણાવવામાં આવેલ છે. |
| (૩) રાજ્યની ખાનગી બ્લડબેંકો નફો ન કરે અને નાગરિકોને સેવાર્થે કામ કરે તે માટે તપાસ કામગીરી કોને સોંપવામાં આવેલ છે? | (૩) હાઈકોર્ટના સુચન મુજબ નાણાકીય તજજ્ઞની પેનલ બનાવી તમામ બ્લડ બેંન્કોનું રેગ્યુલર ઓડીટ કરવાની કાર્યવાહી ચાલુમાં છે. |

ગાંધીનગર જિલ્લામાં કિશોરી શકિત યોજનાના લાભાર્થીઓ

* ૨૫૫૨૪ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર દક્ષિણ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં કિશોરી શકિત યોજના કયારથી અમલમાં છે, અને | (૧) ગાંધીનગર જિલ્લામાં કિશોરી શકિત યોજના વર્ષ ૨૦૦૫-૦૬ થી અમલમાં છે. |
| (૨) તા.૧-૧-૨૦૧૫ થી ૩૧-૧૨-૨૦૧૫ દરમ્યાન કિશોરી શકિત યોજના હેઠળ આ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે? | (૨) તા.૧-૧-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ દરમ્યાન કિશોરી શકિત યોજના હેઠળ ૨૦,૩૩૪ લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે. |

અમદાવાદ જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજનાના લાભાર્થીઓ

* ૨૫૫૨૧ ડૉ. નિર્મલાબેન વાધવાણી (નરોડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજના હેઠળ મહિલાઓને કેવા પ્રકારનો લાભ આપવામાં આવે છે, | (૧) કાયદાકીય હેતુસર, સામાજિક હેતુસર, રોજગારલક્ષી હેતુસર અને અન્ય હેતુસરના લાભ આપવામાં આવે છે. |
| (૨) ઉકત સ્થિતિએ આ જિલ્લામાં કેટલી સ્વૈચ્છિક સંસ્થાઓ આ કેન્દ્રો ચલાવે છે, અને | (૨) (૨૪) ચોવીસ સ્વૈચ્છિક સંસ્થાઓ આ કેન્દ્રો ચલાવે છે. |
| (૩) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે? | (૩) ૧૦૬૮૪ લાભાર્થીઓને આ યોજના હેઠળ લાભ આપવામાં આવેલ છે. |

## તા. ૨૮મી માર્ચ, ૨૦૧૬
## અતારાંકિત પ્રશ્નોત્તરી

### મહીસાગર અને ખેડા જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાની કામગીરી

* ૨૫૮૩૪ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાશીનોર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ મહીસાગર અને ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષથી રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વિમા યોજનાની કામગીરી બંધ છે તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેના કારણો શાં છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### ધામણદેવી સરાકેવડી રોડ પર બ્રીજ બનાવવા બાબત

* ૨૫૫૫૩ શ્રી રણજીતભાઈ ગીલીટવાલા (સુરત પુર્વ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાપી જિલ્લાના વ્યારા તાલુકામાં ધામણદેવી સરાકેવડી રોડ પર બ્રીજ બનાવવા માટે વર્ષ ૨૦૧૫–૧૬ માં કોઇ આયોજન છે કે કેમ, | (૧) અને (૨) હા, જી. રૂ. ૧૨૦૦ લાખ તા. ૬–૭–૨૦૧૫ ના રોજ મંજુર. |
| (૨) જો હા, તો આ કામ માટે ક્યારે કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે, અને | |
| (૩) આ કામ તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ કયા તબક્કે છે ? | (૩) નકશા અંદાજો તબક્કે. |

### વ્યાયામ શાળાઓને આર્થિક સહાય

* ૨૫૫૯૬ શ્રી રાકેશભાઈ શાહ (એલીસબ્રીજ) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રમતગમત ક્ષેત્રે કામ કરતી માન્ય રમત મંડળો/ વ્યાયામ શાળાઓને તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ આર્થિક સહાય આપવાની યોજના અમલમાં છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની મુખ્ય શી વિગતો શી છે ? | (૨) રાજ્ય સરકારશ્રી દ્વારા માન્યતા પ્રાપ્ત રમતમંડળોને નીચે જણાવ્યા મુજબ આર્થિક સહાય ચૂકવવામાં આવે છે. |

| જુથ | રાજ્ય કક્ષા | જિલ્લા કક્ષા | તાલુકા કક્ષા | ગ્રામ/શહેર કક્ષા |
|---|---|---|---|---|
| જુથ–અ | ૨૦,૦૦૦/– | ૫,૦૦૦/– | ૨,૫૦૦/– | ૧,૦૦૦/– |
| જુથ–બ | ૧૫,૦૦૦/– | ૪,૦૦૦/– | ૨,૦૦૦/– | ૭૫૦/– |
| જુથ–ક | ૧૦,૦૦૦/– | ૩,૦૦૦/– | ૧,૫૦૦/– | ૫૦૦/– |

માન્યતા પ્રાપ્ત વ્યાયામ શાળાને માન્ય ખર્ચના ૮૦ ટકા અને રૂ.૧,૦૦,૦૦૦ બેમાંથી જે ઓછું હોય તે રકમ આર્થિક સહાય તરીકે ચૂકવવામાં આવે છે.

### દાહોદ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ

* ૨૫૫૨૬ શ્રી વિંછીયાભાઈ ભુરિયા (લીમખેડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં કુલ કેટલી આંગણવાડીઓ કાર્યરત છે, | (૧) ૨૯૬૦. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ આંગણવાડીઓમાં બાળકોની સંખ્યા કેટલી છે, અને | (૨) બાળકોની સંખ્યા ૩,૦૦,૮૫૪ છે. |
| (૩) આંગણવાડીના કર્મચારી દ્વારા મુખ્યત્વે શી કામગીરી કરવામાં આવે છે ? | (૩) (૧) આંગણવાડી કાર્યકર દ્વારા મુખ્યત્વે નીચે મુજબની કામગીરી કરવામાં આવે છે. |

- આંગણવાડી કેન્દ્રના વિસ્તારના ૦ થી ૬ વર્ષના બાળકો, સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓ કિશોરીનો સર્વે કરી નોંધણીની કામગીરી કરવામાં આવે છે.
- લાભાર્થીઓને પુરકપોષણ આપવાની કામગીરી– (જેમાં નિદર્શક ભોજન, રાબ, સુખડી, બાલભોગ, પ્રિમિક્ષ, ૩ થી ૬ વર્ષના બાળકોને ત્રીજુ ભોજન તથા ગરમ નાસ્તો)
- ૩ થી ૬ વર્ષના બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણ આપવાની કામગીરી.
- કુપોષિત અને અતિકુપોષિત બાળકોનું વજન અને ગ્રોથ મોનીટરીંગ કરી તેઓને અલગ તારવી ચાઈલ્ડ માલન્યુટ્રીશન ટ્રીટમેન્ટ સેન્ટર/એનઆરસીમાં રીફર કરવામાં આવે છે.
- સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓ અને કિશોરીઓની મમતા દિવસે આરોગ્ય તપાસ અને રસીકરણ કરાવવાની કામગીરી.
- કિશોરીઓનું વજન કરી તેઓને આર્યન ગોળી, ટી. ટી. વગેરે આપવાની કામગીરી.
- સબલા કિશોરીઓને કૌશલ્ય વર્ધન તાલીમ કેન્દ્રમાં તાલીમ આપવામાં આવે છે.
- દુધ સંજીવની યોજના હેઠળ આંગણવાડી સેન્ટર પર સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓ તથા બાળકોને દૂધ આપવામાં આવે છે.
- આંગણવાડી પરનાં તમામ રેકોર્ડ–રજીસ્ટરની નિભામણીની કામગીરી.
- દરરોજ પાંચ ઘરની હોમ વીઝીટ કરવાની કામગીરી.
- મહિલા અને માતૃમંડળની મીટીંગની કામગીરી.
- આંગણવાડીમાં બાળ દિવસ, વાત્સ્યલ્ય દિવસ અને અન્નપ્રાસનની ઉજવણીની કામગીરી.
- વર્ષ દરમ્યાન આવતા રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી અને પલ્સ પોલીયોની કામગીરી.

(૨) આંગણવાડી તેડાગર દ્વારા મુખ્યત્વે નીચે મુજબની કામગરી કરવામાં આવે છે.

- બાળકોની આંગણવાડી કેન્દ્રમાં લાવવા મુકવાની કામગીરી.
- બાળકોને સ્વચ્છ કરવાની કામગીરી.
- લાભાર્થીઓ માટે પુરક આહાર બનાવી વહેંચવાની કામગીરી.
- આંગણવાડી કેન્દ્રને સાફ રાખવા અને પાણીની વ્યવસ્થા કરવાની તથા કાચો નાસ્તો સાફ કરવાની અને તેની જાળવણી કરવાની કામગીરી.
- આંગણવાડી કેન્દ્રને લગતાં આગણવાડી કાર્યકરનાં કામમાં મદદરૂપ થવાની કામગીરી.

સરથાણા થી પસોદરા રસ્તાને પહોળો કરવા બાબત

* ૨૫૫૯૭ શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા (કામરેજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાના કામરેજ તાલુકામાં સરથાણા થી પસોદરા રસ્તા પર વાહન વ્યવહાર વધુ રહેતો હોય રસ્તાને | (૧) અને (૨)<br>હા, જી. રૂ. ૧૬૦ લાખ. |

ટુલેનમાં પહોળો કરવાના કામને વર્ષ ૨૦૧૫-૧૬માં મંજૂરી આપેલ છે કે કેમ,

(૨) જો હા, તો કેટલી રકમ મંજુર કરેલ છે, અને

(૩) આ કામ તા.૩૧-૧-૧૬ ની સ્થિતિએ કયા તબક્કે છે ?

(૩) ભૌતિક રીતે પૂર્ણ.

કડોદ મઢી રોડ પર બ્રીજ બનાવવા બાબત

* ૨૫૫૭૨ શ્રી ઈશ્વરભાઈ પરમાર (બારડોલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં કડોદ મઢી રોડ પર હયાત કોઝવેની જગ્યાએ બ્રીજ બનાવવાનું કામ વર્ષ ૨૦૧૫-૧૬ માં મંજુર કરેલ છે કે કેમ, | (૧) અને (૨) હા, જી. રૂ. ૨૨૦ લાખ. |
| (૨) જો હા, તો સદર કામ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે, અને | |
| (૩) આ કામ તા. ૩૧-૧-૧૬ની સ્થિતિએ કયા તબક્કે છે ? | (૩) નકશા અદાજો તબક્કે. |

આદિજાતિના ખેલાડીઓ માટેની યોજનાનો અમલ

* ૨૫૫૯૯ શ્રી પૂર્ણેશકુમાર મોદી (સુરત પશ્ચિમ) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૬ ની સ્થિતિએ આદિજાતિના ખેલાડીઓ માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ યોજના અમલમાં છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ યોજના પાછળ ડાંગ જિલ્લામાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ. ૯,૫૮,૬૨૪. |

આણંદ અને વડોદરા જિલ્લામાં ડેન્ગ્યુ અને મેલેરીયાના નોંધાયેલ કેસો

* ૨૫૩૨૯ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમા આણંદ અને વડોદરા જિલ્લામાં ડેન્ગ્યુ અને મેલેરીયાના કેટલા કેસો નોંધાયા, અને | (૧) આણંદ જિલ્લોઃ- તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ડેન્ગ્યુ ૧૯ અને મેલેરીયાના ૭૨૪ કેસો નોંધાયા છે. વડોદરા જિલ્લોઃ- તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ડેન્ગ્યુ ૬૫ અને મેલેરીયાના ૬૬૩ કેસો નોંધાયા છે. |
| (૨) ઉક્ત રોગોને કાબુમાં રાખવા સરકારે શાં પગલાઓ લીધા ? | (૨) ઉક્ત રોગોને કાબુમાં લેવા માટે આણંદ અને વડોદરા જિલ્લામાં નીચે મુજબના રોગ અટકાયત પગલાંઓ હાથ ધરવામાં આવેલ છે.<br>• શંકસ્પદ મેલેરિયા કેસ શોધી નિદાન કરી સારવાર પૂરી પાડવામાં આવે છે.<br>• મેલેરીયા માટે વધુ જોખમી વિસ્તારોમાં જંતુનાશક દવા છંટકાવની કામગીરી કરવામાં આવે છે.<br>• મચ્છર ઉત્પતિ અને નિયંત્રણ માટે પોરા નાશક કામગીરી કરવામાં આવે છે.<br>• ડેન્ગ્યુ રોગને કાબુમાં રાખવા જિલ્લામાં મચ્છર ઉત્પતિ સ્થાનોનો નિકાલ કરાવવામાં આવે છે.<br>• આરોગ્ય શિક્ષણના જુદા જુદા માધ્યમોના ઉપયોગ થકી લોકોનો રોગ અટકાયત અને નિયંત્રણ કામગીરી માં સક્રીય સામેલ ગીરી પ્રાપ્ત થાય તેવા પ્રયત્નો પણ હાથ ધરવામાં આવે છે.<br>• મેલોરીયા રોગને કાબુમાં રાખવા જિલ્લામાં નવેમ્બર ૧૫ થી મ.પ.હે.વ. દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વે |

કામગીરી કરવામાં આવે છે.

આદિવાસી કલાકારો માટે અલગ મહોત્સવનું આયોજન

* ૨૫૫૯૪ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૫ ની સ્થિતિએ આદીવાસી કલાકારો માટે કોઈ અલગ મહેત્સવનું આયોજન કરવામાં આવે છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે માટે રાજ્ય સરકાર દ્વારા કેટલી ગ્રન્ટ ફાળવવામાં આવે છે, અને | (૨) રૂ. ૨૧,૦૦,૦૦૦ ની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |
| (૩) તા. ૩૧–૦૩–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ ? | (૩) તા. ૦૧–૦૪–૨૦૧૩ થી તા. ૩૧–૦૩–૨૦૧૪<br>(૧) આદિવાસી કલાકારો માટે આદિજાતિ મહેત્સવનું મોડાસા, જિ.અરવલ્લી ખાતે આયોજન કરવામાં આવેલ.<br>(૨) આદિવાસી કલાકારો માટે આદિજાતિ નૃત્ય મહોત્સવ સંસ્કૃતિકુંજ, ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ.<br>તા. ૦૧–૦૪–૨૦૧૪ થી તા. ૩૧–૦૩–૨૦૧૫<br>(૧) આદિવાસી કલાકારો માટે આદિજાતિ મહેત્સવનું બાબરા, જિ. અમરેલી ખાતે આયોજન કરવામાં આવેલ.<br>(૨) આદિવાસી કલાકારો માટે આદિજાતિ નૃત્ય મહોત્સવ સંસ્કૃતિકુંજ, ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ. |

રાજકોટ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોની જિલ્લા કક્ષાના અધિકારીઓએ લીધેલ મુલાકાત

* ૨૬૧૭૫ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં આઈ.સી.ડી.એસ. કાર્યક્રમ હેઠળના આંગણવાડી કેન્દ્રોની છેલ્લા બે વર્ષમાં જિલ્લા કક્ષાના અધિકારીઓએ તાલુકાવાર કેટલી મુલાકાતો લીધી, અને

જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં ૧૭૫ આંગણવાડી કેન્દ્રોની અને વર્ષ ૨૦૧૫–૧૬માં ૧૮૨ આંગણવાડી કેન્દ્રોની મુલાકાત જિલ્લા કક્ષાના અધિકારીઓ દ્વારા લેવામાં આવેલ હતી. જે તાલુકાવાર નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૪–૧૫ આંગણવાડી કેન્દ્રોની મુલાકાતની સંખ્યા | વર્ષ ૨૦૧૫–૧૬ આંગણવાડી કેન્દ્રોની મુલાકાતની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | લોધિકા | ૧૩ | ૭ |
| ૨ | જસદણ | ૨૬ | ૧૯ |
| ૩ | રાજકોટ | ૨૯ | ૧૬ |
| ૪ | જામકંડોરણા | ૫ | ૧૧ |
| ૫ | પડધરી | ૧૪ | ૧૩ |
| ૬ | ઉપલેટા | ૧૯ | ૧૭ |
| ૭ | ગોંડલ | ૨૩ | ૨૭ |
| ૮ | જેતપુર | ૧૪ | ૨૩ |
| ૯ | ધોરાજી | ૧૯ | ૨૭ |
| ૧૦ | કોટડા | ૧૩ | ૨૨ |

(૨) સદર મુલાકાતમાં મુખ્યત્વે શી ક્ષતિઓ ધ્યાને આવી અને તે અન્વયે સરકારે શા પગલા લીધા ?

(૨) મુલાકાત દરમ્યાન મુખ્યત્વે કોઈ ગંભીર ક્ષતીઓ માલુમ પડેલ નથી છતાં પણ મુલાકાત દરમ્યાન પૂરક પોષણ યોજના અંતર્ગત દરેક આંગણવાડી કેન્દ્રોમાં સ્વચ્છતા જાળવવા

માટે ખાસ સૂચના આપવામાં આવેલ છે.

આણંદ અને વડોદરા જિલ્લામાં નવા પી.એચ.સી. અને સી.એચ.સી.

* ૨૬૫૪૦ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.—

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ આણંદ અને વડોદરા જિલ્લામાં કેટલા નવા પી.એચ.સી. અને સી.એચ.સી. શરૂ કરવા પાત્ર થાય છે,

(૨) તા ૩૧-૧-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે પૈકી કેટલા નવા પી.એચ.સી. અને સી.એચ.સી. શરૂ કરવામાં આવેલ છે, અને

(૩) પાત્રતા ધરાવતા બાકીના પી.એચ.સી. અને સી.એચ.સી. કેટલા સમયમાં શરૂ કરવાનું આયોજન છે ?

જવાબ

(૧) તા.૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ આણંદ અને વડોદરા જિલ્લામાં પી.એચ.સી. /સી.એચ.સી. શરૂ કરવા પાત્ર થાય છે, તેની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | પ્રા.આ.કેન્દ્રની વિગત | | | સા.આ.કેન્દ્રની વિગત | | |
|---|---|---|---|---|---|---|
| | જરૂરિયાત | હયાત | વધ/ઘટ | જરૂરિયાત | હયાત | વધ/ઘટ |
| આણંદ | ૪૯ | ૫૦ | ૧ વધ | ૧૩ | ૧૨ | ૦૧ ઘટ |
| વડોદરા | ૩૬ | ૪૨ | ૦૬ વધ | ૧૦ | ૧૦ | ૦૦ |

- આણંદ જિલ્લામાં તાલુકાવાર જોતા આંકલાવ તાલુકામાં ૦૧ (એક), બોરસદ તાલુકામાં ૦૨ (બે) અને સોજીત્રા તાલુકામાં ૦૧ (એક) આમ, કુલ ૦૪ (ચાર) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો શરૂ કરવાપાત્ર છે.
- આણંદ જિલ્લામાં તાલુકાવાર જોતા બોરસદ તાલુકામાં ૦૨ (બે), સામુહિક આરોગ્ય કેન્દ્રો શરૂ કરવાપાત્ર છે.
  વડોદરા જિલ્લાના એકપણ તાલુકામાં પ્રા. આ. કેન્દ્ર અથવા સા.આ.કેન્દ્રની ઘટ નથી.

(૨) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં ૦૪ (ચાર) નવી પી.એચ.સી. ૦૧(એક) સી.એચ.સી. જ્યારે વડોદરા જિલ્લામાં ૦૨ (બે) નવા પી.એચ.સી. તથા ૦૧ (એક) નવા સી.એચ.સી. શરૂ કરવામાં આવેલ છે.

(૩) આણંદ જિલ્લાના બાકી રહેતા પ્રા. આ. કેન્દ્રો અને સા.આ.કેન્દ્રો આગામી વર્ષોમાં સર્વગ્રાહી વિચારણા કરી નિર્ણય કરવામાં આવશે.

ધીરખાડી પર ઝરવાણી ગામ પાસે પુલ બનાવવા બાબત

* ૨૫૫૭૬ શ્રી શબ્દશરણ તડવી (નાંદોદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.—

પ્રશ્ન

(૧) નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકામાં ધીરખાડી પર ઝરવાણી ગામ પાસે પુલ બનાવવાનું કામ વર્ષ ૨૦૧૫-૧૬માં મંજુર થયેલ છે કે કેમ,

(૨) જો હા, તો કેટલી રકમ મંજુર થયેલ છે, અને

(૩) આ કામ તા.૩૧-૧-૨૦૧૬ કામ કયા તબક્કે છે?

જવાબ

(૧) અને (૨) હા. જી, રૂ. ૮૫૦ લાખ.

(૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ.

નવલખી થી નાની વાવડીને જોડતા એપ્રોચ રોડનું કામ

* ૨૫૫૭૦ શ્રી બાવનજીભાઈ મેતલીયા (ટંકારા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.—

પ્રશ્ન

(૧) સન ૨૦૧૫-૧૬માં મોરબી જિલ્લાના ટંકારા તાલુકાના નવલખી થી નાની વાવડીને જોડતા એપ્રોચ રોડનું કામ રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરેલ છે કે કેમ,

(૨) જો હા, તો કઈ યોજનામાં કેટલી રકમનું કામ ક્યારે મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ આ કામ કયા તબક્કે છે?

જવાબ

(૧) હા જી,

(૨) બજેટ ઉચ્ચક જોગવાઈ યોજના આ.નં.-૮ વર્ષ-૨૦૧૫-૧૬માં રૂ. ૧૫૦.૦૦ લાખ, તા.૧૪-૦૮-૨૦૧૫.

(૩) નકશા-અંદાજ તબક્કે.

જામનગર શહેર અને જિલ્લામાં ખેલમહાકુંભ અન્વયે રજીસ્ટ્રેશન

* ૨૬૩૬૧ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.—

પ્રશ્ન

જવાબ

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં યોજાયેલ ખેલમહાકુંભમાં જામનગર શહેર અને જામનગર જિલ્લાના તાલુકાવાર કેટલા ખેલાડીઓએ ખેલમહાકુંભવાર રજીસ્ટ્રેશન કરાવ્યું હતું, અને

(૧) જામનગર શહેર :-

| વર્ષ | રજીસ્ટ્રેશનની સંખ્યા |
|---|---|
| વર્ષ -૨૦૧૪ | ૪૩૨૭૧ |
| વર્ષ-૨૦૧૫ | ૪૬૮૯૩ |

જામનગર જિલ્લો :-

| તાલુકાનું નામ | વર્ષ-૨૦૧૪ | વર્ષ-૨૦૧૫ |
|---|---|---|
| જામનગર | ૧૮૪૫૯ | ૧૮૧૪૮ |
| જોડીયા | ૯૬૭૯ | ૧૨૨૫૩ |
| ધ્રોલ | ૧૪૫૫૨ | ૧૭૫૩૫ |
| કાલાવડ | ૧૫૦૧૮ | ૧૪૯૫૨ |
| લાલપુર | ૧૨૭૩૭ | ૧૨૪૯૯ |
| જામજોધપુર | ૦ | ૧૭૭૫૧ |
| કુલ | ૭૦૪૪૫ | ૯૩૧૩૮ |

(૨) રજીસ્ટ્રેશન કરાવેલ ખેલાડીઓ પૈકી કેટલા ખેલાડીઓએ ભાગ લીધેલ?

(૨) જામનગર શહેર :-

| વર્ષ | ભાગ લીધેલ ખેલાડીની સંખ્યા |
|---|---|
| વર્ષ -૨૦૧૪ | ૨૧૮૯૬ |
| વર્ષ-૨૦૧૫ | ૨૪૮૫૧ |

જામનગર જિલ્લો :-

| તાલુકાનું નામ | વર્ષ-૨૦૧૪ | વર્ષ-૨૦૧૫ |
|---|---|---|
| જામનગર | ૫૪૩૪ | ૧૧૭૯૬ |
| જોડીયા | ૮૨૧૮ | ૭૯૬૮ |
| ધ્રોલ | ૮૨૫૪ | ૧૧૩૯૭ |
| કાલાવડ | ૬૧૩૬ | ૯૭૧૮ |
| લાલપુર | ૪૪૩૮ | ૮૧૨૪ |
| જામજોધપુર | ૦ | ૧૧૫૩૮ |
| કુલ | ૩૨૪૮૦ | ૬૦૫૪૧ |

દહેગામથી નરોડા સ્ટેટ હાઈવેને ફોરલેન બનાવવા બાબત

* ૨૫૩૪૯ શ્રીમતી કામીનીબા રાઠોડ (દહેગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ દહેગામથી નરોડા સ્ટેટ હાઈવે રોડને ફોર લાઈનમાં બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે? | કામગીરી મંજુર થયેલ ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

બનાસકાંઠા જિલ્લામાં નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત મળેલ ગ્રાન્ટ

* ૨૫૪૪૩ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત કેટલી ગ્રાન્ટ મળેલ છે, અને

(૧)

| વર્ષ | મળેલ સહાય રૂ.કરોડમાં |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૩૩.૩૩ |
| ૨૦૧૫-૧૬ (તા.૩૧-૧૨-૧૫ની સ્થિતિએ) | ૩૭.૬૨ |

(૨) તે અન્વયે તાલુકાવાર કેટલા પીએચસી અને સીએચસીમાં કયા પ્રકારની કામગીરી કેટલા ખર્ચે કરવામાં આવી?

(૨) તમામ તાલુકામાં તમામ પીએચસી અને સીએચસીમાં રૂ. ૫૦.૫૧ કરોડના ખર્ચે પત્રક મુજબની કામગીરી કરવામાં આવી.

પત્રક

પી.એચ.સી. અને સી.એચ.સી. દ્વારા થયેલ કામગીરી

જનની સુરક્ષા કાર્યક્રમ, જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ (માતા), મમતા ઘર, આશા ઈન્સેન્ટીવ આઉટ રીચ કેમ્પ,

બાલ સેવા કેન્દ્ર, બાલ સંજીવની કેન્દ્ર, જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ (બાળક), આઈ.એમ.એન.સી.આઈ. કાર્યક્રમ, આઈ.વાય.સી.એફ. કાર્યક્રમ ન્યુટ્રીશન સેલ, એચ.બી.એન.સી. મમતા તરૂણી, એડોલેશન ફ્રેન્ડલી હેલ્થ કલીનીક વિગેરે ફીમેલ હેલ્થ વર્કર, સ્ટાફ નર્સ, લેબોરેટરી ટેકનીશીયન, ફાર્માસિસ્ટ, મેડીકલ ઓફિસર, ન્યુટ્રીશન આસિસ્ટન્ટ, કુક કમ હેલ્પર, આયા, સિક્યોરિટી વિગેરે કેડરનો પગાર ખર્ચ જીલ્લા પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ, તાલુકા પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટનો પગાર ભથ્થા તથા વહીવટી ખર્ચ, પ્રા.આ.કે. કક્ષાના એકાઉન્ટ કમ ઓપરેટરનો ખર્ચ, ઓડીટ ખર્ચ, વાહન ખર્ચ વિગેરે આશા ઈન્સેન્ટીવ, આશા ફેશીલીટેટર, ટ્રેનીંગ, આશા કીટ તથા એચ.બી.એન.સી. કીટ, આશા વર્કશોપ, આશા રિસોર્સનો પગાર ભથ્થા તથા વહીવટી ખર્ચ મોબાઈલ મેડીકલ યુનિટ અને મોબાઈલ હેલ્થ યુનિટનો પી.ઓ.એલ. તથા મેન્ટેનન્સનો ખર્ચ તથા મેડીકલ ઓફિસર, ફાર્માસિસ્ટ, લેબોરેટરી ટેકનીશીયન, સ્ટાફ નર્સ, ડ્રાઈવરનો પગાર ભથ્થા ખર્ચ વિગેરે.

### ચલથાણ-ભેસ્તાન રોડ પહોળો કરવા બાબત

* ૨૫૫૭૫ શ્રીમતી ઝંખનાબેન પટેલ (ચોર્યાસી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૧૫-૧૬માં સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાનો ચલથાણ-ડાંભા-કરાડા-મોહણી-ભેસ્તાન રોડ પહોળો કરવાનું કામ વર્ષ ૨૦૧૫-૧૬માં મંજુર થયેલ છે કે કેમ,

(૨) જો હા, તો કેટલી રકમ મંજુર કરેલ છે, અને

(૩) આ કામ તા. ૩૧-૦૧-૧૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે?

**જવાબ**

(૧) અને (૨) હા, રૂ. ૪૦૦ લાખ પસંદગીની લંબાઈમાં.

(૩) કિ.મી. ૪/૦ થી ૮/૭૦૦ વચ્ચે મંજુર કામ પ્રગતિ હેઠળ.

### ભાવનગર જિલ્લામાં નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત મળેલ ગ્રાન્ટ

*૨૫૬૯૪ શ્રી પ્રવિણભાઈ રાઠોડ (પાલીતાણા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત કેટલી ગ્રાન્ટ મળેલ છે, અને

(૨) તે અન્વયે તાલુકાવાર કેટલા પીએચસી અને સીએચસીમાં કયા પ્રકારની કામગીરી કેટલા ખર્ચે કરવામાં આવી?

**જવાબ**

(૧)

| વર્ષ | મળેલ સહાય રૂપિયામાં |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૧૧,૮૫,૩૮,૯૮૫ |
| ૨૦૧૫-૧૬ (તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ | ૮,૩૦,૦૨,૬૪૮ |

(૨) પીએચસીની માહિતી *પત્રક-અ મુજબ અને સીએચસીની માહિતી *પત્રક-બ મુજબ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

### સાબરકાંઠા જિલ્લામાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના

* ૨૬૫૭૭ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ કેટલા કાર્ડ આપવામાં આવ્યા,

(૨) સાબરકાંઠા જિલ્લામાં લાભાર્થી કુટુંબોને આ કાર્ડ મળી રહે તે માટે ઉક્ત સ્થિતિએ કેટલા કેન્દ્રો કાર્યરત છે,

(૩) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૬ની

**જવાબ**

(૧)

| ''મા'' યોજના | ''મા વાત્સલ્ય'' યોજના |
|---|---|
| ૫૭૨ | ૨૧,૯૦૭ |

(૨) ૮ (આઠ) કેન્દ્રો અને ૧૦ (દસ) મોબાઈલ કેન્દ્રો

(૩)

સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ‘‘મા’’ અને ‘‘મા વાત્સલ્ય’’ યોજના હેઠળ કેટલા લાભાર્થી દાવાઓ મંજુર કરવામાં આવ્યા, અને

| ‘‘મા’’ યોજના | ‘‘મા વાત્સલ્ય’’ યોજના |
|---|---|
| ૧,૨૭૬ | ૧,૯૧૯ |

(૪) ઉક્ત મંજુર કરવામાં આવેલ દાવા માટે કુલ કેટલી રકમ મંજુર કરવામાં આવી છે?

(૪)

| ‘‘મા’’ યોજના | ‘‘મા વાત્સલ્ય’’ યોજના |
|---|---|
| રૂ. ૨,૧૮,૬૫,૪૪૭/- | રૂ. ૩,૦૩,૬૫,૫૬૫/- |

ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ

* ૨૬૪૬૫ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમમાં મુખ્યત્વે કયા ગંભીર રોગની બિમારીવાળા કેટલા વિદ્યાર્થીઓ જણાયા,

(૨) તે પૈકી કટેલા વિદ્યાર્થીઓને સારવાર આપવામાં આવી, અને

(૩) સારવારના અભાવે કેટલા વિદ્યાર્થીઓના મૃત્યુ થયા?

જવાબ

(૧) સામેલ પત્રક મુજબ.

(૨) તે પૈકી વિદ્યાર્થીઓને નીચે મુજબ સારવાર આપવામાં આવી.

| જિલ્લો | સારવાર આપેલ વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| ગાંધીનગર | ૧૮૬ |
| મહેસાણા | ૨૬૬ |

(૩) સારવારના અભાવે એક પણ વિદ્યાર્થીનું મૃત્યુ થયેલ નથી.

પત્રક

| ક્રમ | જીલ્લાનું નામ | વર્ષ | તાલુકાનું નામ | ગંભીર બીમારીવાળા વિદ્યાર્થીઓ | | |
|---|---|---|---|---|---|---|
| | | | | હદય | કીડની | કેન્સર |
| ૧ | ગાંધીનગર | તા. ૧-૨-૨૦૧૪ થી તા. ૩૧-૧-૨૦૧૫ | ગાંધીનગર | ૨૨ | ૧ | ૧ |
| ૨ | | | દહેગામ | ૨૯ | ૬ | ૩ |
| ૩ | | | માણસા | ૨૧ | ૩ | ૧ |
| ૪ | | | કલોલ | ૧૨ | ૧૦ | ૨ |
| ૫ | | | કુલ | ૮૪ | ૨૦ | ૭ |
| ૬ | | તા. ૧-૨-૨૦૧૫ થી તા. ૩૧-૧-૨૦૧૬ | ગાંધીનગર | ૧૬ | ૧૦ | ૭ |
| ૭ | | | દહેગામ | ૯ | ૨ | ૦ |
| ૮ | | | માણસા | ૪ | ૦ | ૨ |
| ૯ | | | કલોલ | ૧૨ | ૧૦ | ૩ |
| ૧૦ | | | કુલ | ૪૧ | ૨૨ | ૧૨ |
| ૧૧ | મહેસાણા | તા. ૧-૨-૨૦૧૪ થી તા. ૩૧-૧-૨૦૧૫ | મહેસાણા | ૨૦ | ૮ | ૬ |
| ૧૨ | | | વિજાપુર | ૪ | ૩ | ૨ |
| ૧૩ | | | ખેરાલુ | ૪ | ૨ | ૦ |
| ૧૪ | | | સતલાસણા | ૨ | ૨ | ૧ |
| ૧૫ | | | ઉંઝા | ૭ | ૧ | ૦ |
| ૧૬ | | | કડી | ૯ | ૧૦ | ૫ |
| ૧૭ | | | બેચરાજી | ૨ | ૦ | ૧ |
| ૧૮ | | | વિસનગર | ૧૧ | ૧ | ૨ |
| ૧૯ | | | વડનગર | ૮ | ૨ | ૫ |
| ૨૦ | | | કુલ | ૬૭ | ૨૯ | ૨૨ |
| ૨૧ | | તા. ૧-૨-૨૦૧૫ તા. ૩૧-૧-૨૦૧૬ | મહેસાણા | ૯ | ૨ | ૦ |
| ૨૨ | | | વિજાપુર | ૧૩ | ૨ | ૦ |
| ૨૩ | | | ખેરાલુ | ૭ | ૩ | ૦ |
| ૨૪ | | | સતલાસણા | ૧૧ | ૩ | ૧ |
| ૨૫ | | | ઉંઝા | ૨૧ | ૬ | ૫ |

| ક્રમ | જીલ્લાનું નામ | વર્ષ | તાલુકાનું નામ | ગંભીર બીમારીવાળા વિદ્યાર્થીઓ | | |
|---|---|---|---|---|---|---|
| | | | | હદય | કીડની | કેન્સર |
| ૨૬ | | | કડી | ૧૪ | ૩ | ૦ |
| ૨૭ | | | બેચરાજી | ૧૮ | ૦ | ૧ |
| ૨૮ | | | વિસનગર | ૧૪ | ૨ | ૪ |
| ૨૯ | | | વડનગર | ૯ | ૦ | ૦ |
| ૩૦ | | | કુલ | ૧૧૬ | ૨૧ | ૧૧ |

દાહોદ જિલ્લામાં બી.પી.એલ. દર્દીઓને વિના મૂલ્યે સારવાર

* ૨૫૬૮૧ શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા બી.પી.એલ. દર્દીઓને કેન્સર, હૃદયની બિમારી અને કીડનીની સારવાર વિના મૂલ્યે કરવામાં આવી, અને

(૨) ઉક્ત સારવાર કઈ હોસ્પીટલમાં આપવામાં આવી?

જવાબ

(૧)

| તાલુકો | કેન્સર | હૃદય | કીડની |
|---|---|---|---|
| દાહોદ | ૧૦૪ | ૫૭ | ૮ |
| દેવગઢબારિયા | ૪૭ | ૧૫ | ૬ |
| ધાનપુર | ૩૯ | ૧૦ | ૧ |
| ફતેપુરા | ૫૧ | ૨૭ | ૪ |
| ગરબાડા | ૩૧ | ૧૨ | ૩ |
| ઝાલોદ | ૧૩૭ | ૮૪ | ૧૭ |
| લીમખેડા | ૬૨ | ૨૮ | ૫ |

(૨) પત્રક–અ મુજબ

પત્રક–અ

| *દાહોદ જિલ્લામાં સારવાર લીધેલ હોસ્પિટલો તા. ૦૧–૦૨–૨૦૧૪ થી તા. ૩૧–૦૧–૨૦૧૫ |
|---|
| બેન્કર્સ હાર્ટ ઈન્સ્ટિટ્યૂટ |
| બરોડા હાર્ટ ઈન્સ્ટિટ્યૂટ એન્ડ રિસર્ચ સેંટર–બરોડા (શ્રી રામકૃપા મેડિકેર પ્રા.લી.) |
| ડી.ડી.એમ. એમ. હાર્ટ ઈન્સ્ટિટ્યૂટ |
| ડી.ડબલ્યુ.ટી.આઈ. પ્રભુ જનરલ હોસ્પિટલ એન્ડ બેન્કર્સ હાર્ટ ઈન્સ્ટિટ્યૂટ |
| ગોએંકા હોસ્પિટલ, ગાંધીનગર |
| એચસીજી મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ–મીઠાકલી (અ યુનિટ ઓફ એચસીજી મેડી–સર્જ હોસ્પિટલ પ્રા.લી.) |
| ઈન્સ્ટિટ્યૂટ ઓફ કીડની ડીસીસ એન્ડ રીસર્ચ સેન્ટર |
| કિડનીલાઈન હેલ્થકેર પ્રા.લી. (બોડી લાઈન હોસ્પિટલ) |
| મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલ, વડોદરા (એસ એસ જી સિવિલ હોસ્પિટલ) |
| મેડીસ્ટાર હોસ્પિટલ પ્રા.લી. |
| મુનિ સેવા આશ્રમ (કૈલાશ કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેંટર) |
| નારાયણ હૃદયાલય પ્રા.લી. |
| સત્યમ હોસ્પિટલ (અ યુનિટ ઓફ કવોલિ હેલ્થ કેર પ્રા.લિ.) |
| શ્રી કૃષ્ણા હોસ્પિટલ એન્ડ મેડિકલ રિસર્ચ સેન્ટર, કરમસદ |
| શ્રીજી હોસ્પિટલ એન્ડ ટ્રૌમા કેર સેંટર, વડોદરા |
| સ્ટરલિંગ એડલાઈફ ઈન્ડિયા લી.–વડોદરા |
| ધીરજ હોસ્પિટલ–સુમનદીપ વિદ્યાપીઠ–વડોદરા |
| ધ ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ |
| યુ. એન. મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર |
| યેશા સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ |
| આરના સુપર–સ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલ |
| બી.ટી. સવાણી કિડની હોસ્પિટલ |
| બેન્કર્સ હાર્ટ ઈન્સ્ટિટ્યૂટ |
| બેન્કર્સ હાર્ટ ઈન્સ્ટિટ્યૂટ એન્ડ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ |

| |
|---|
| *દાહોદ જિલ્લામાં સારવાર લીધેલ હોસ્પિટલો તા. ૦૧-૦૨-૨૦૧૪ થી તા. ૩૧-૦૧-૨૦૧૫ |
| બરોડા હાર્ટ ઈન્સ્ટિટ્યૂટ એન્ડ રિસર્ચ સેંટર-બરોડા (શ્રી રામકૃપા મેડિકેર પ્રા.લી.) |
| ભરત કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ |
| સિવિલ હોસ્પિટલ, અમદાવાદ |
| ડી.ડી.એમ.એમ. હાર્ટ ઈન્સ્ટિટ્યૂટ |
| જીસીએસ હોસ્પિટલ |
| ગોએંકા હોસ્પિટલ-ગાંધીનગર |
| એચસીજી મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ-મીઠાકલી (અ યુનિટ ઓફ એચસીજી મેડી-સર્જ હોસ્પિટલ પ્રા.લી.) |
| હિમાલીયા કેન્સર હોસ્પિટલ |
| ઈન્સ્ટિટ્યુટ ઓફ કીડની ડીસીસ એન્ડ રીસર્ચ સેન્ટર |
| મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલ, વડોદરા (એસએસજી સિવિલ હોસ્પિટલ) |
| મુનિ સેવા આશ્રમ (કૈલાસ કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેંટર) |
| નારાયણ હદયાલય પ્રા.લી. |
| ઑરેંજ હોસ્પિટલ |
| રીધમ હાર્ટ ઈન્સ્ટીટ્યુટ |
| સત્યમ હોસ્પિટલ (અ યુનિટ ઓફ ક્વોલિ હેલ્થ કેર પ્રા.લિ. |
| શેઢ વી.એસ. જનરલ હોસ્પિટલ એન્ડ શેઠ ચિનાઈ મેટરનિટી હોસ્પિટલ, અમદાવાદ |
| શ્રી કૃષ્ણા હોસ્પિટલ એન્ડ મેડિકલ રિસર્ચ સેંટર, કરમસદ |
| શ્રીજી હોસ્પિટલ એન્ડ ટ્રૌમા કેર સેંટર, વડોદરા |
| શ્રી સત્ય સાઈ હાર્ટ હોસ્પિટલ-રાજકોટ |
| સ્ટરલિંગ એડલાઈફ ઈન્ડિયા લી.-વડોદરા |
| સ્ટરલિંગ એડલાઈફ ઈન્ડિયા લી.-ભાવનગર |
| ધીરજ હોસ્પિટલ-સુમનદીપ વિધ્યાપીઠ-વડોદરા |
| ધ ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ |
| યુ. એન. મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર |

નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓક્યુપેશનલ હેલ્થને ચૂકવેલ નાણા

* ૨૫૩૫૭ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં સીલીકોસીસ અને વ્યવસાયિક રોગોના સર્વે માટે નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓક્યુપેશનલ હેલ્થને કુલ કેટલા નાણાં ચુકવવામાં આવ્યા, | (૧) ગુજરાત રાજ્યના આરોગ્ય વિભાગ તરફથી કોઈ નાણાં ચુકવવામાં આવેલ નથી. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારને કોઈ અહેવાલ કે સુચનો મળેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો હા, તો અહેવાલ કે સુચનો ક્યારે મળેલ છે, તેની મુખ્ય વિગતો શી છે, અને તે અન્વયે રાજ્ય સરકારે ક્યારે શી કાર્યવાહી કરી અને શાં પગલાં લીધા? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

રાજ્યના પેન્શનર્સના મેડીકલ બીલ

* ૨૬૪૭૨ શ્રી મહમદજાવીદ પીરજાદા (વાંકાનેર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યના કેટલા પેન્શનર્સના મેડીકલ બીલ આરોગ્ય વિભાગ પાસે મંજુર થવા માટે પડતર છે, | (૧) તબીબી સારવારના નિયમો અનુસાર પેન્શનર્સના મેડીકલ બીલ સંબંધિત તિજોરી કચેરીમાં રજુ કરવાના હોય છે. આરોગ્ય વિભાગ પાસે આવા કોઈ બીલો પડતર નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત બીલો ક્યારથી પડતર છે અને તેના કારણો શા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) સરકાર આ પડતર બીલો ક્યારે મંજુર કરશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

બનાસકાંઠા જિલ્લામાં નવા સામૂહિક આરોગ્ય કેન્દ્ર

* ૨૫૫૮૯ શ્રી પરબતભાઈ પટેલ (થરાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે?

જવાબ

બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ-૨ (બે) નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે.

(૧) તડાવ તા. વાવ

(૨) વિરમપુર તા. અમીરગઢ

બનાસકાંઠામાં મુખ્યમંત્રી અમૃતમ યોજના

* ૨૬૫૭૩ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં મુખ્યમંત્રી અમૃતમ યોજના અંતર્ગત તાલુકાવાર કેટલા લાભાર્થીઓને હેલ્થ કાર્ડનું વિતરણ કરવામાં આવેલ છે અને ઉક્ત સ્થિતિએ કેટલાને વિતરણ કરવાનું બાકી છે, અને

જવાબ

(૧)

| તાલુકો | મુખ્યમંત્રી અમૃતમ યોજના વિતરણ કરેલ કાર્ડ |
|---|---|
| અમીરગઢ | ૭૭૦ |
| ભાભર | ૮૧૧ |
| દાંતા | ૭૦૮ |
| દાંતીવાડા | ૧૪૬ |
| ધાનેરા | ૨૫૫ |
| ડીસા | ૪૪૯ |
| દીઓદર | ૧૩૫ |
| લાખાની | ૦૨૧ |
| પાલનપુર | ૨૩૪ |
| શિહોરી-કાંકરેજ | ૧૪૩ |
| સુઈગામ | ૦૨૪ |
| થરાદ | ૪૭૫ |
| વડગામ | ૧૦૬ |
| વાવ | ૬૧૭ |
| કુલ | ૪,૮૯૪ |
| કિઓસ્ક ઉપર નોંધણી કરાવવા આવેલ તમામ લાભાર્થીને કાર્ડ આપવામાં આવેલ છે આમ લાભાર્થીને | |

(૨) ઉક્ત બાકી લાભાર્થીઓને કેટલા સમયમાં કાર્ડ આપવામાં આવશે?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પાઠકવાડી-રાયગઢ રોડ પર માઈનોર બ્રીજ બનાવવા બાબત

* ૨૫૫૭૧ શ્રી મોહનભાઈ ઢોડિયા (મહુવા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તાપી જિલ્લાના વ્યારા તાલુકામાં પાઠકવાડી ઉમરવાવદુર ચુનાવાડી રાયગઢ રોડ સેક.૦/૪ થી ૦/૬માં ઝર્ઝરીત હાલતમાં કોઝવે આવેલ છે તેની જગ્યાએ માઈનોર બ્રીજ બનાવવાનું કામ વર્ષ ૨૦૧૫-૧૬માં મંજુર કરેલ છે કે કેમ,

(૨) જો હા, તો કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) આ કામ તા. ૩૧-૦૧-૧૬ની સ્થિતિએ કયા તબક્કે છે?

જવાબ

(૧) અને (૨) હા, જી. રૂ. ૫૦ લાખ

(૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ.

મહેસાણા જિલ્લામાં બનાવટી ડૉક્ટરો

* ૨૬૫૯૫ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા

જવાબ

(૧) મહેસાણા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં ડીગ્રી

જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલા ડીગ્રી વગરના બનાવટી ડૉક્ટરોને પકડી પાડવામાં આવ્યા, અને

વગરના કોઈ ડૉક્ટર પકડવામાં આવેલ નથી.

(૨) તે અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## રાજ્યમાં સગર્ભા માતા અને પ્રસૂતાઓને પોષણક્ષમ આહાર

* ૨૬૫૫૬ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કુપોષણ નિવારવા માટે સગર્ભા માતા તથા પ્રસૂતા માતાઓને પોષણક્ષમ આહાર માટે રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી?

જવાબ

તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કુપોષણ નિવારવા માટે સગર્ભા માતા તથા પ્રસૂતા માતાઓને પોષણક્ષમ આહાર માટે રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબની ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | ફાળવેલ ગ્રાન્ટની રકમ |
|---|---|---|
| ૧ | ૨૦૧૪-૧૫ | રૂ.૧૫૯,૦૧,૫૯,૯૦૦/- |
| ૨ | ૨૦૧૫-૧૬ | રૂ. ૧૨૫,૪૬,૭૩,૩૫૦/- (ડીસે.-૧૫ અંતિત) |

## બનાસકાંઠા જિલ્લામાં કુપોષિત બાળકોને કુપોષણમાંથી મુક્તિ.

* ૨૬૪૯૧ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) તા. ૨૬-૩-૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્નક્રમાંકઃ ૧૯૫૨૬ (અગ્રતા-૭૫)ના અનુસંધાને : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૩ની સ્થિતિએ કુલ અનુક્રમે ૧૦૩૧૩૧ અને ૫૫૪૧૮ ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા પૈકી તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ કુલ ૧૯૮૬ બાળકોને દત્તક લઈ કુપોષણથી મુક્ત કરવામાં આવેલ તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો બાકીના કુપોષિત બાળકો પૈકી કેટલા બાળકોને તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ કુપોષણથી મુક્ત કર્યા, અને

(૩) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ બાકી તમામ બાળકોને કુપોષણથી મુક્ત કરવા સરકારે શાં પગલાં લીધા છે?

જવાબ

(૧) હા, જી.

(૨) બાકીના ઓછા અને અતિ ઓછા વજનવાળા બાળકો પૈકી તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ કુલ-૬૩૧ ઓછા અને અતિ ઓછા વજનવાળા બાળકોને કુપોષણથી મુક્ત કર્યા.

(૩) બાળકોમાં કુપોષણથી મુક્તિ મળે તે માટે નીચે મુજબનું આયોજન કરવામાં આવેલ છે.

- ૬ માસથી ૩ વર્ષના નિદર્શન ભોજન તરીકે રાબ/સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે.
- ૬ માસથી ૯ માસના બાળકો માટે અન્ન પ્રાશન દિવસની ઉજવણી દરમ્યાન રાબ આપવામાં આવે છે.
- આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃ મંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો, અને આંગણવાડી કાર્યકર દ્વારા બપોરનું ગરમ ભોજન અને અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.
- બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર અને અમીરગઢ તાલુકામાં દુધ સંજીવની યોજના અંતર્ગત ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૨ દિવસ ફ્લેવર્ડ દુધ આપવામાં આવે છે.
- ૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને ઘરે લઈ જવા તરીકે ત્રીજુ ભોજનમાં લાડુ બનાવીને આપવામાં આવે છે. આ ઉપરાંત ટેક હોમ રેશન (THR) તરીકે પ્રિમિક્ષમાં બાલભોગના ૪ પેકેટ આપવામાં આવે છે.
- મીશન બલમ સુખમ અન્વયે બાળ શક્તિમ કેન્દ્ર દ્વારા

બાળકોને પોષણ અને આરોગ્યની સેવાઓ પુરી પાડવામાં આવે છે. ન્યુટ્રીશન કાઉન્સલીંગ વોલીન્ટીઅર (NCV) યોજના દ્વારા બાળકોના વાલીઓને પોષણ વિષયક શિક્ષણ આપવામાં આવે છે.

- વાત્સલ્ય દિવસ/બાલ દિવસની ઉજવણી મારફતે વાલીઓને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને પોષણસ્તર વિશે જાગૃત કરવામાં આવે છે.
- ઓછા અને અતિ ઓછા વજનવાળા બાળકોને જિલ્લાના સંકલન અધિકારીઓ તેમજ કર્મચારીઓ દ્વારા દત્તક લેવામાં આવે છે અને તેની વિશેષ કાળજી લેવામાં આવે છે.
- અંબાજી દેવસ્થાનમાં આવતાં કોપરામાંથી અંબાજી ખાતે કોપરાપાક સખી મંડળ/મીશન મંગલમના સહયોગથી પાલનપુર તાલુકાની ૨૮૫ આંગણવાડી કેન્દ્રમાં વિતરણ કરવામાં આવે છે.

છોટાઉદેપુર અને વડોદરા જિલ્લાઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ

* ૨૬૪૭૮ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં વિભાગ હેઠળની કચેરીઓમાં જિલ્લાવાર સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે, | (૧) અને (૨) પરિશિષ્ટ-૧ અને ૨ મુજબ |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ સંવર્ગવાર-જિલ્લાવાર ભરાયેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | |
| (૩) ઉક્ત સ્થિતિએ ખાલી જગ્યાઓ ભરવાનું શુ આયોજન છે? | (૩) શક્ય તેટલી વહેલી |

(*પરિશિષ્ટો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

કલાકાર કલ્યાણ નિધિમાંથી કલાકારને સહાય

* ૨૬૫૧૭ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા કલાકાર કલ્યાણ નિધિમાંથી કેટલા કલાકારને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી? | ૧ (એક)<br>રૂ. ૧૯,૮૯૦/- |

રાજ્યમાં સરકારી અને ખાનગી મેડીકલ કોલેજો

* ૨૬૫૫૨ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૬ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલી મેડીકલ કોલેજો આવેલ છે, અને | (૧) તા. ૩૧-૧-૧૬ની સ્થિતિએ રાજ્યમાં કુલ ૨૧ મેડીકલ કોલેજો આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલી સરકારી મેડીકલ કોલેજો છે અને કેટલી ખાનગી મેડીકલ કોલેજો છે ? | (૨) તે પૈકી ૬ સરકારી, ૭ જીએમઈઆરએસ સંચાલિત, ૩ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત, ૧ ગુજરાત કેન્સર સોસાયટી સંચાલિત અને ૪ ખાનગી મેડીકલ કોલેજો છે. |

જૂનાગઢ જિલ્લામાં પ્લાન અને નોન પ્લાન રસ્તાઓનું રીકાર્પેટ

* ૨૫૩૪૬ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા પ્લાન | (૧) પરિશિષ્ટ - ૧ મુજબ |

અને નોન પ્લાન રસ્તાઓને રીકાર્પેટ કરવામાં આવ્યા,

(૨) કેટલા જોબનંબર આપવામાં આવ્યા અને તેની કામગીરી ક્યારે શરૂ કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ૭૫ જોબનંબર/વહીવટી મંજુરી આપવામાં આવી, જે પૈકી પ્રથમ કામ તા. તા. ૩૧-૦૧-૨૦૧૫ના શરૂ કર્યુ,

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા રસ્તાના કામો અધુરા કે બાકી છે તથા તે ક્યાં સુધીમાં પુર્ણ કરવામાં આવશે ?

(૩) ઉક્ત સ્થિતિએ પ્રગતિમાં /હવે શરૂ થનાર કામોની વિગત પરિશિષ્ટ-૨ મુજબ, જે બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે.

પરિશિષ્ટ-૧

| તાલુકો | પ્લાન રસ્તાઓ | | નોન પ્લાન રસ્તાઓ | |
|---|---|---|---|---|
| | વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૧૫ | વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૧૫ |
| કેશોદ | ૭ | ૬ | ૧ | ૦ |
| માંગરોળ | ૦ | ૭ | ૦ | ૦ |
| માળીયા | ૧ | ૭ | ૧ | ૦ |
| ભેસાણ | ૩ | ૩ | ૩ | ૦ |
| મેંદરડા | ૧ | ૨ | ૦ | ૦ |
| જુનાગઢ | ૩ | ૩ | ૧ | ૦ |
| માણાવદર | ૫ | ૪ | ૦ | ૦ |
| વિસાવદર | ૯ | ૦ | ૧ | ૦ |
| વંથલી | ૫ | ૨ | ૦ | ૦ |

પરિશિષ્ટ-૨

| તાલુકો | પ્રગતિ | હવે શરૂ થનાર |
|---|---|---|
| કેશોદ | ૧ | ૩ |
| માંગરોળ | ૦ | ૫ |
| માળીયા | ૧ | ૨ |
| ભેસાણ | ૧ | ૩ |
| મેંદરડા | ૧ | ૫ |
| જુનાગઢ | ૧ | ૧ |
| માણાવદર | ૧ | ૨ |
| વિસાવદર | ૦ | ૫ |
| વંથલી | ૦ | ૨ |

ભિલોડા અને મેઘરજ તાલુકાઓના ગામડાઓ તથા પરાઓનું બારમાસી રસ્તાથી જોડાણ

* ૨૬૫૮૯ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકાના કેટલા ગામડાઓ અને પરાઓને બારમાસી પાકા રસ્તાથી જોડવાના બાકી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત બાકી ગામડાઓ અને પરાઓને ક્યાં સુધીમાં બારમાસી પાકા રસ્તાની સુવિધા મળશે?

જવાબ

(૧) અને (૨) : ભિલોડા અને મેઘરજ તાલુકાના તમામ ગામડાઓ પાકા રસ્તાથી જોડાયેલા છે. ભિલોડા તાલુકાના ૬ અને મેઘરજ તાલુકાના ૩ પરા વન વિભાગની જમીનમાંથી પસાર થાય છે જમીન તબદીલ કરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ હોઈ વન વિભાગની મંજુરી મળેથી કરવામાં આવશે.

ઉના અને ગીર ગઢડા તાલુકામાં પીએમજીએસવાય યોજના અન્વયે ખર્ચ

* ૨૬૫૮૦ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ગીર સોમનાથ જિલ્લાના ઉના અને ગીર ગઢડા તાલુકામાં તાલુકાવાર તા. ૨૦-૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા

જવાબ

(૧)

| અનુ. | તાલુકો | મંજુરીનું | મંજુર થયેલ | રકમ રૂ. |
|---|---|---|---|---|

બે વર્ષમાં વર્ષવાર પીએમજીએસવાય યોજના અન્વયે કેટલા રસ્તાઓ કેટલા રૂપિયાના ખર્ચે મંજુર કરવામાં આવ્યા છે,

| નં. | | વર્ષ | કામોની સંખ્યા | (લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | ઉના | ૨૦૧૪ | ૦૪ | ૨૨૩૪.૨૬ |
| ૨ | | ૨૦૧૫ | ૦૦ | ૦૦ |
| ૩ | ગીર ગઢડા | ૨૦૧૪ | ૦૦ | ૦૦ |
| ૪ | | ૨૦૧૫ | ૦૦ | ૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા રસ્તાઓના કામોની એજન્સી નક્કી કરી કામ શરૂ કરવામાં આવેલ છે અને કેટલા રસ્તાઓનું કામ શરૂ કરવામાં નથી આવ્યું, અને

(૩) ઉક્ત સ્થિતિએ રસ્તાઓના કામો શરૂ ન કરવામાં આવ્યા હોય તો તેના કારણો શા છે ?

(૨) અને (૩) : ઉક્ત સ્થિતિએ તમામ રસ્તાના કામોને એજન્સી નક્કી કરી કામો શરૂ કરવામાં આવેલ છે.

### રાજ્યની શાળાઓમાં શિક્ષણ સાથે રમતોના વિકાસની યોજના

* ૨૫૫૯૮ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યની શાળાઓમાં રમતના સાધનો અને ટ્રેઈનરો મળે અને શિક્ષણ સાથે રમતનો પણ વિકાસ થાય તેવી કોઈ યોજના સરકારશ્રી દ્વારા શરૂ કરવામાં આવેલ છે.

(૨) જો હા તો ઉક્ત સ્થિતિએ પાટણ જિલ્લામાં કેટલી શાળાઓમાં આ યોજના શરૂ કરવામાં આવેલ છે, અને

(૩) આ શાળાઓને મુખ્યત્વે શું સુવિધાઓ આપવામાં આવે છે ?

જવાબ

(૧) શિક્ષણ સાથે રમતના સમન્વય માટે ઈનસ્કુલ યોજના શરૂ કરવામાં આવેલ છે.

(૨) ૧૦

(૩) મુખ્યત્વે સાધનો, ટ્રેઈનર, ખેલાડીને પ્રવાસ તેમજ જરૂર જણાયે શાળાના મેદાન અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુવિધાઓ આપવામાં આવે છે.

### રાજ્યની સેલ્ફ ફાયનાન્સ મેડિકલ કોલેજોમાં ફીનું ધોરણ

* ૨૬૫૫૧ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની સેલ્ફ ફાઈનાન્સ મેડિકલ કોલેજોમાં વર્ષવાર અને કોલેજવાર ફીનું ધોરણ શું છે ?

જવાબ

તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની સેલ્ફ ફાઈનાન્સ મેડિકલ કોલેજોમાં વર્ષવાર અને કોલેજવાર ફીનું ધોરણ નીચે મુજબ છે,

| ક્રમ | કોલેજનું નામ | ૨૦૧૪-૧૫ (રૂ. લાખમાં) | ૨૦૧૫-૧૬ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, સોલા, અમદાવાદ | ૨.૫૦ | ૩.૦૦ |
| ૨ | જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, ગોત્રી વડોદરા | ૨.૫૦ | ૩.૦૦ |
| ૩ | જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, ગાંધીનગર | ૨.૫૦ | ૩.૦૦ |
| ૪ | જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, ધારપુર, પાટણ | ૨.૫૦ | ૩.૦૦ |
| ૫ | જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, વલસાડ | ૨.૫૦ | ૩.૦૦ |
| ૬ | જી.એમ.ઈ.આર.એસ. | -- | ૩.૦૦ |

| | | | |
|---|---|---|---|
| | મેડીકલ કોલેજ, હિંમતનગર | | |
| ૭ | જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, જુનાગઢ | -- | ૩.૦૦ |
| ૮ | સુરત મ્યુનિ. ઈન્સ્ટી. ઓફ મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ, સુરત | ૪.૦૦ | ૪.૩૪ |
| ૯ | શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિ. મેડીકલ કોલેજ, અમદાવાદ | ૩.૫૦ | ૩.૯૬ |
| ૧૦ | એ.એમ.સી. મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ મેડીકલ કોલેજ, અમદાવાદ | ૩.૫૦ | ૩.૯૬ |
| ૧૧ | સી.યુ.શાહ મેડીકલ કોલેજ, સુરેન્દ્રનગર | ૩.૭૫ | ૩.૭૫ |
| ૧૨ | પ્રમુખ સ્વામી મેડીકલ કોલેજ, કરમસદ | ૪.૫૦ | ૫.૮૭ |
| ૧૩ | ગુજરાત અદાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ સાયન્સીસ, ભૂજ (કચ્છ) | ૩.૨૫ | ૩.૫૯ |
| ૧૪ | ગુજરાત કેન્સર સોસાયટી મેડીકલ કોલેજ, અમદાવાદ | ૪.૦૦ | ૫.૫૨ |

## સાબરકાંઠા જિલ્લામાં શાળાના બાળકોની તપાસ

* ૨૫૬૦૬ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૦-૧૧-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં શાળા આરોગ્ય ચકાસણી દરમ્યાન કેટલા બાળકો કેન્સર, હૃદયરોગ અને કીડનીની બીમારીથી પીડાતા નોંધાયા,

(૨) ઉક્ત સ્થિતિએ આ બિમારીથી પીડાતા બાળકોની સારવાર માટે સરકાર દ્વારા શું વ્યવસ્થા કરવામાં આવી છે, અને

(૩) આ બાળકોની સારવાર પાછળ સરકારે ઉક્ત

**જવાબ**

(૧) તા.૩૦-૧૧-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં શાળા આરોગ્ય ચકાસણી દરમ્યાન નીચે મુજબ બાળકો કેન્સર, હૃદયરોગ અને કીડનીની બીમારીથી પીડાતા નોંધાયા.

| અ.નં. | વર્ષ | કેન્સર | હૃદય | કિડની |
|---|---|---|---|---|
| ૧. | ૨૦૧૪ | ૫૩ | ૨૩૯ | ૭૨ |
| ૨. | ૨૦૧૫ | ૧૯ | ૨૪૭ | ૪૦ |
| કુલ | | ૭૨ | ૪૮૬ | ૧૧૨ |

(૨) ઉક્ત સ્થિતિએ આ બિમારીથી પીડાતા બાળકોને નીચે મુજબની સંસ્થાઓ ખાતે વિનામૂલ્યે ઓપરેશન સહિતની સારવાર આપવાની વ્યવસ્થા કરેલ છે.

| બિમારી | હોસ્પિટલનું નામ |
|---|---|
| હૃદયરોગ | યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કિડની | ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડિસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

(૩) આ બાળકોની સારવાર પાછળ સરકારે ઉક્ત

સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરેલ છે ?

સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ ખર્ચ કરેલ છે.

| વર્ષ | ખર્ચ રૂ. |
|---|---|
| ૨૦૧૪ | ૭૪,૫૧,૮૮૩ |
| ૨૦૧૫ | ૮૨,૪૦,૫૧૪ |

અમરેલી સિવિલ હોસ્પિટલની ભૌતિક અને નાણાકીય પ્રગતિ

* ૨૬૪૦૪ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ અમરેલી સિવિલ હોસ્પીટલ કેમ્પસમાં છેલ્લા બે વર્ષ દરમ્યાન નવીનીકરણ, મજબુતીકરણ અને સમારકામ સહીતના કયા કામો અંદાજીત કેટલી રકમના ખર્ચ અંગે જરૂરી સૈધ્ધાંતિક અને વહીવટી મંજુરીઓ ક્યારે આપવામાં આવેલ છે,

(૨) ઉપરોક્ત કામો કોના મારફતે અને કેટલા સમયમાં પુર્ણ કરાવવાનું આયોજન કરેલ છે, અને

(૩) ઉપરોક્ત મંજુર કરેલ કામો અંગે ઉક્ત સ્થિતિએ ભૌતિક અને નાણાકીય પ્રગતિ અંગેની શું સ્થિતિ છે ?

જવાબ

(૧), (૨) અને (૩) : *પત્રક મુજબ

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

છોટા ઉદેપુર જિલ્લામાં દૂધ સંજીવની યોજના

* ૨૬૫૪૪ શ્રી મોહનસિંહ રાઠવા (છોટા ઉદેપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૧૫-૨-૨૦૧૬ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર સરકારએ દૂધ સંજીવની યોજના ક્યારથી શરૂ કરી છે,

જવાબ

(૧) તા. ૧૫-૨-૨૦૧૬ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર સરકારએ શરૂ કરેલ દૂધ સંજીવની યોજનાની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | દુધ સંજીવની યોજના ચાલુ થયેલ તારીખ |
|---|---|---|
| ૧ | છોટા ઉદેપુર | ૨૪-૩-૨૦૧૫ |
| ૨ | ક્વાંટ | ૪-૫-૨૦૧૦ |
| ૩ | નસવાડી | ૨૩-૯-૨૦૧૫ |
| ૪ | જેતપુર પાવી | ૨૩-૯-૨૦૧૫ |
| ૫ | બોડેલી | ૨૩-૯-૨૦૧૫ |

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા ગામોમાં આ યોજના કેટલા સમયથી બંધ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છોટાઉદેપુર તાલુકાના ૧૨૪ ગામ તથા ક્વાંટ તાલુકાના ૧૩૪ ગામમાં તા. ૧-૦૮-૨૦૧૫ થી આ યોજના બંધ છે.

(૩) ઉક્ત સ્થિતિએ આ યોજના બંધ હોવાના કારણો શા છે ?

(૩) ઉક્ત સ્થિતિએ સગર્ભા, ધાત્રીમાતા અને ૬ માસથી ૩ વર્ષના લાભાર્થીઓને દુધ સંજીવની યોજના હેઠળ આવરી લીધેલ હોઈ લાભાર્થીની સંખ્યા વધતા દુધના જથ્થાની વધુ જરૂરીયાત, ઈન્સ્યુલેટેડ બોક્ષની જરૂરીયાત અને પરિવહનની જરૂરીયાત વગર કારણે દૂધ સંજીવની યોજના છોટાઉદેપુર અને ક્વાંટ તાલુકામાં બંધ હતી.

લસિપુર - મીઠડ - પડાણ - કોયલી રસ્તાનું રીકાર્પેટીંગ

* ૨૬૫૯૨ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ જામનગર જિલ્લાના લસિપુર-મીઠડ-પડાણા-કોયલી રસ્તો બિસ્માર હાલતમાં છે તે હકીકત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત રસ્તાને ડામર સપાટી રીકાર્પેટીંગ કરવાની કામગીરી કયા તબક્કે છે, અને

જવાબ

(૧), (૨) અને (૩) : રસ્તો વાહનવ્યવહાર લાયક રાખેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) તે ક્યાં સુધીમાં પુર્ણ કરવામાં આવનાર છે ?

મહેસાણા જિલ્લામાં ચિરંજીવી યોજનાના લાભાર્થીઓ

* ૨૫૫૮૪ શ્રી નારાયણભાઈ પટેલ (ઉંઝા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં ચિરંજીવી યોજના અંતર્ગત તા. ૩૧–૧૨–૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો, અને | (૧) ૧૦૬૩૦. |
| (૨) તેના પાછળ કેટલો ખર્ચ થયેલ છે? | (૨) રૂ. ૪,૦૩,૯૪,૦૦૦/–. |

ખેડા જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રસ્તાઓ બનાવવા બાબત

* ૨૫૮૫૦ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલા કિલોમીટરના રસ્તા બનાવવામાં આવ્યા,

જવાબ

(૧)

| તાલુકો | લંબાઈ (કિ.મી.) |
|---|---|
| મહેમદાવાદ | ૩.૫૩ |
| ખેડા | ૬.૭૦ |
| મહુધા | ૧૪.૩૩ |
| નડિયાદ | ૧૦.૧૮ |
| માતર | ૭.૭૦ |
| કપડવંજ | ૫૫.૭૪ |
| કઠલાલ | ૦.૦ |
| ઠાસરા | ૩૨.૭૦ |
| વસો | ૦.૦ |
| ગળતેશ્વર | ૦.૦ |
| કુલ | ૧૩૦.૮૮ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી મહેમદાવાદ તથા ખેડા તાલુકામાં તાલુકાવાર કેટલા ગામોમાં કેટલા કિલોમીટરના રસ્તા બનાવવામાં આવ્યા, | (૨) મહેમદાવાદ તાલુકાના ૩ ગામોના ૩.૫૩ કિ.મી. અને ખેડા તાલુકાના ૪ ગામોના ૬.૭૦ કિ.મી.ના રસ્તા બનાવવામાં આવ્યા. |
| (૩) ઉકત સ્થિતિએ મહેમદાવાદ તથા ખેડા તાલુકાના કેટલા ગામોમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ એપ્રોચ આપવાની કામગીરી બાકી છે, અને | (૩) મહેમદાવાદ તથા ખેડા તાલુકાના તમામ ગામો પાકા એપ્રોચ રસ્તાથી જોડાયેલા છે. |
| (૪) આ કામગીરી કયારે પૂર્ણ કરવામાં આવશે? | (૪) પ્રશ્ન ઉપસ્થિતિ થતો નથી. |

મહેસાણા જિલ્લામાં બાળસખા યોજનાના લાભાર્થીઓ

* ૨૫૫૮૬ શ્રી ઋષિકેશ પટેલ (વિસનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં બાળસખા યોજના અંતર્ગત તા. ૩૧–૧૨–૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીને આ યોજના હેઠળ લાભ આપવામાં આવ્યો, અને | (૧) ૯૬૭૩. |
| (૨) તેના પાછળ કેટલો ખર્ચ થયેલ છે? | (૨) રૂ. ૩,૬૭,૫૭,૦૦૦/–. |

અમદાવાદ જિલ્લામાં સરકારી દવાખાના, સામુહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મંજુર મહેકમ

* ૨૫૩૩૫ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં સરકારી દવાખાના, સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે.<br>(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, | (૧) અને (૨) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં માનસિક આરોગ્ય હોસ્પિટલ, અમદાવાદની મહેકમની વિગત દર્શાવતું *પત્રક–અ, સામેલ છે. રૂક્ષમણીબેન સરકારી હોસ્પિટલ ખોખરા, અમદાવાદની મહેકમની વિગત દર્શાવતું * પત્રક–અ–૧. સામેલ છે. સામુહિક આરોગ્ય કેન્દ્રની મહેકમની વિગત દર્શાવતું * પત્રક–બ સામેલ છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મહેકમની વિગત દર્શાવતું |

* પત્રક–ક સામેલ છે.

(૩) ઉકત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૩)

| અ.નં. | સરકારી દવાખાનાનું નામ | કુલ મંજુર જગ્યાઓ | એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી |
|---|---|---|---|
| ૧ | માનસિક આરોગ્ય હોસ્પિટલ, અમદાવાદ | ૨૫૦ | ૧૪૭ |
| ૨ | રૂક્ષ્મણીબેન સરકારી હોસ્પિટલ, ખોખરા | ૧૨૬ | ૪૭ |
| ૩ | સામુહિક આરોગ્ય કેન્દ્રો | ૩૪૮ | ૭૫ |
| ૪ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો | ૩૦૪ | ૯૪ |

(૪) ઉકત ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ અને જરૂરીયાતોને ધ્યાનમાં લઈને યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેતી બનતી ત્વરાએ જગ્યાઓ ભરવામાં આવશે.

(*પત્રકો સચિવશ્રી કચેરીમાં રાખવામાં આવેલ છે)

જાંબુઆ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ફાળવેલ ગ્રાન્ટ

* ૨૬૧૯૪ શ્રીમતી ચન્દ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકામાં આવેલ જાંબુઆ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

જવાબ

(૧) તા.૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકામાં આવેલ જાંબુઆ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને છેલ્લા બે વર્ષમાં નીચે મુજબની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

| અ.નં. | વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ (રૂપિયામાં) |
|---|---|---|
| ૧ | તા. ૦૧–૦૨–૨૦૧૪ થી તા.૩૧–૦૧–૨૦૧૫ | રૂ. ૨૦,૫૬,૧૫૭/– |
| ૨ | તા. ૦૧–૦૨–૨૦૧૫ થી તા.૩૧–૦૧–૨૦૧૬ | રૂ. ૨૩,૬૭,૪૦૧/– |

(૨) તે અન્વયે દર્દીઓને કયા પ્રકારની સુવિધા પુરી પાડવામાં આવી?

(૨) જે અન્વયે દર્દીઓને જનની સુરક્ષા યોજના, કસ્તુરબા પોષણ સહાય યોજના, કુંટુબ કલ્યાણ, મેલેરીયા, ટી.બી. લેપ્રસી, સ્કુલહેલ્થ, મોતીયાના દર્દીઓ ઈમ્યુનાઈઝેશન, માતા અને બાળકની સંભાળ, ઓ.પી.ડી. અને આઈ.પી.ડી. માં આવતા દર્દીઓને સેવાઓ પુરી પાડવામાં આવેલ છે.

ધારીથી બગસરા, દેરડી, ગોંડલરોડ અને બગસરા ચલાલા અને સાવરકુંડલા રોડ પહોળા કરવા બાબત

* ૨૬૫૩૭ શ્રી નલીનભાઈ કોટડીયા (ધારી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ (૧) ધારીથી બગસરા, દેરડી, ગોંડલ રોડ અને (૨) બગસરા–ચલાલા–સાવરકુંડલા રોડ ઉપર ટ્રાફીક વધુ હોઈ આ રોડ પહોળો કરવાનું સરકારનું શું આયોજન છે ?

જવાબ

ઉકત સ્થિતિએ પ્રશ્ન હેઠળનાં રસ્તાઓ પહોળા કરવાનું હાલ કોઈ આયોજન નથી.

સિધ્ધપુર અને સરસ્વતી તાલુકામાં બિસ્માર રસ્તાઓનું મરામત

અતારાંકિત પ્રશ્નોત્તરી

* ૨૫૪૪૦ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લાના સિધ્ધપુર અને સરસ્વતી તાલુકામાં કેટલાં બિસ્માર રસ્તાઓનું મરામત કામ હાથ ધરવામાં આવ્યું, અને<br>(૨) બાકી રહેલ બિસ્માર રસ્તાઓનું મરામત કામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૧) અને (૨) મરામતની કામગીરી સમયાંતરે હાથ ધરી, રસ્તાઓને વાહન વ્યવહાર લાયક રાખવામાં આવે છે. જરૂરીયાતવાળા ૨૭ રસ્તાઓના કામો મંજુર કરી મરામતની કામગીરી માટેની પ્રક્રિયા હાથ ધરેલ છે. |

માણાવદર, વંથલી, મેંદરડા તાલુકામાં આરોગ્ય કેન્દ્રોમાં વર્ગ–૩ અને વર્ગ– ૪ ની ખાલી જગ્યાઓ

* ૨૬૫૮૬ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાના માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્ર તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર કેટલી અને કઈ જગ્યાઓ કયારથી ખાલી છે, | (૧) જુનાગઢ જીલ્લાના માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકામાં આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મહેકમની વિગત અનુક્રમે *પત્રક–અ અને *પત્રક–બ માં દર્શાવ્યા મુજબનું છે. |
| (૨) ઉકત જગ્યાઓ ખાલી રહેવાના શા કારણો છે, અને | (૨) સામુહિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ–૧ અને તબીબી અધિકારી વર્ગ–૨ ની જગ્યાઓ વોક ઈન ઈન્ટરવ્યુ દ્વારા ભરવાનું આયોજન કરવામાં આવે છે. પરંતુ પસંદગી પામેલા ઉમેદવારોને પસંદગી મુજબનું સ્થળ ન મળતા હાજર ન થતાં હોય ઘણા કિસ્સાઓમાં જગ્યા ખાલી રહેવા પામે છે. જ્યારે રાજ્ય કક્ષાની વર્ગ–૩ ની જગ્યાઓ ભરવા માટે ગૌણ સેવા પસંદગી મંડળને માંગણા પત્રક મોકલવામાં આવે છે. તેઓની કક્ષાએથી ભરતીની પ્રક્રિયા હાથ ધરવામાં આવતી હોય છે. તેમાં ઘણો સમય વ્યતીત થતો હોય છે. તેમજ પંચાયત સંવર્ગની જગ્યાઓ પંચાયત પસંદગી સમીતી અને પંચાયત પસંદગી બોર્ડ મારફતે ભરવાની કાર્યવાહી થાય છે. જેથી વહીવટી પ્રક્રીયામાં સમય વધારે જાય છે. |
| (૩) ઉકત ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવનાર છે? | (૩) પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ અને જરૂરીયાતોને ધ્યાનમાં લઈને યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ જગ્યાઓ ભરવામાં આવશે. |

(*પત્રકો સચિવશ્રી કચેરીમાં રાખવામાં આવેલ છે)

ધંધુકાના છેવાડાના ગામોના રસ્તા ઉપર નાળા/પુલ બનાવવા બાબત

* ૨૫૫૬૮ શ્રી લાલજીભાઈ કોળી પટેલ (ધંધુકા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વર્ષ ૨૦૧૫–૧૬ માં અમદાવાદ જિલ્લાના ધંધુકાના છેવાડાના ગામોના રસ્તા ઉપર નાળાથી પુલ અથવા મોટા નાળા મુકવા માટે સરકારે આયોજન કરેલ છે કે કેમ, અને<br>(૨) જો હા, તો તે અન્વયે કેટલા કામો કેટલી રકમના મંજુર કરેલ છે? | (૧) અને (૨) હા, જી. ૯ કામો રૂ. ૯૮૫.૦૦ લાખની રકમના મંજુર કરેલ છે. |

મહીસાગર જિલ્લામાં બાળકોને કુપોષણથી મુક્તિ

* ૨૫૩૩૧ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા કેટલી છે, અને | (૧) ઓછા વજનવાળા ૫૪૮૫ અને અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા ૬૫૨ છે. |
| (૨) આ બાળકોને કુપોષણથી મુક્તિ મળે તે માટે કયા પ્રકારનું આયોજન કરવામાં આવેલ છે? | (૨) બાળકોના કુપોષણથી મુક્તિ મળે તે માટે નીચે મુજબનું આયોજન કરવામાં આવે છે.<br>• ૬ માસથી ૩ વર્ષના બાળકોને નિર્દેશક ભોજન તરીકે રાબ/સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર |

આપવામાં આવે છે.

- ૬ માસથી ૯ માસના બાળકો માટે અન્ન પ્રાશન દિવસની ઉજવણી દરમ્યાન રાબ આપવામાં આવે છે.
- આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃ મંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો, અને આંગણવાડી કાર્યકર દ્વારા બપોરનું ભોજન અને અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.
- દુધ સંજીવની યોજના અંતર્ગત ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૨ દિવસ ફ્લેવર્ડ દુધ આપવામાં આવે છે.
- ૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને ટેક હોમ રેશન (THR) તરીકે ત્રીજુ ભોજનમાં લાડુ બનાવીને આપવામાં આવે છે. આ ઉપરાંત ટેક હોમ રેશન (THR) તરીકે પ્રિમિક્ષમાં બાલભોગના ૪ પેકેટ આપવામાં આવે છે.
- મીશન બલમ સુખમ અન્વયે બાળ શકિતમ કેન્દ્ર, બાળ સેવા કેન્દ્ર તેમજ બાળ સંજીવની કેન્દ્ર દ્વારા બાળકોને પોષણ અને આરોગ્યની સેવાઓ પુરી પાડવામાં આવે છે. ન્યુટ્રીશન કાઉન્સલીંગ વોલીન્ટીઅર (NCV) યોજના દ્વારા બાળકોના વાલીઓને પોષણ વિષયક શિક્ષણ આપવામાં આવે છે.
- વાત્સલ્ય દિવસ/બાલ દિવસની ઉજવણી મારફતે વાલીઓને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને પોષણ સ્તર વિશે જાગૃત કરવામાં આવે છે.
- મહિસાગર જિલ્લામાં ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા કુલ ૬૧૩૭ બાળકોની આરોગ્ય તપાસ કરાવેલ છે,
- સી.એમ.ટી.સી.માં ૫૭૫ બાળકોને સારવાર આપવામાં આવેલ છે.
- આઈ.એન.સી.સી. દ્વારા ૧૩ કેન્દ્રો ખોલવામાં આવ્યા હતા.

અમદાવાદ અને જુનાગઢ જિલ્લા અને શહેરોમાં થેલેસેમીયાના દર્દીઓ

* ૨૫૩૫૩ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ અને જૂનાગઢ જીલ્લા અને શહેરોમાં થેલેસેમીયાના કેટલા દર્દીઓ નોંધાયેલા છે,

(૨) ઉક્ત દર્દીઓ પૈકી ઉક્ત જીલ્લા અને શહેરવાર ૧૮ વર્ષથી નીચેના બાળકો કેટલા છે, અને

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ અને જૂનાગઢ જીલ્લા અને શહેરોમાં થેલેસેમીયાના નીચે મુજબના દર્દીઓ નોંધાયેલા છે.

| | કુલ નોંધાયેલ દર્દીઓ | |
|---|---|---|
| | જીલ્લા | શહેર |
| અમદાવાદ | ૧૫૮ | ૩૩૨ |
| જુનાગઢ | ૩૧ | ૩૭ |

(૨) ઉક્ત દર્દીઓ પૈકી જીલ્લા અને શહેરવાર ૧૮ વર્ષથી નીચેના બાળકો નીચે મુજબ છે.

| | ૧૮ વર્ષથી નીચેના દર્દીઓ | |
|---|---|---|
| | જીલ્લા | શહેર |

| | | |
|---|---|---|
| અમદાવાદ | ૧૨૪ | ૩૦૫ |
| જુનાગઢ | ૨૭ | ૩૬ |

(૩) તે અન્વયે ઉક્ત જીલ્લા અને શહેરવાર દર માસે કેટલા બ્લડની જરૂર રહે છે તથા આ થેલેસેમીયાના દર્દીઓને મફત બ્લડ મળી રહે તે માટે ઉક્ત સ્થિતિએ યોજના છે કે કેમ ?

(૩) થેલેસેમીયાના દર્દીઓને મહિને એક કે બે વખત બ્લડ ટ્રાન્સફ્યુઝનની જરૂર પડે છે. થેલેસેમીયાના દર્દીઓને સીવીલ હોસ્પિટલ અમદાવાદ ખાતે હોસ્પિટલના આઈ.એચ.બી.ટી. વિભાગ દ્વારા સંપુર્ણ નિ:શુલ્ક લોહી તેમજ જરૂરી બધી જ દવાઓ મફત પુરી પાડવામાં આવે છે.
જુનાગઢમાં થેલેસેમીયાના દર્દીઓને સરકારી બ્લડ બેન્કમાંથી મફત લોહી આપવામાં આવે છે.

મહીસાગર અને ખેડા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં જિલ્લા કક્ષાના અધિકારીઓની મુલાકાત

* ૨૫૮૩૬ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાશીનોર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ મહીસાગર અને ખેડા જિલ્લામાં આઈ.સી.ડી.એસ. કાર્યક્રમ હેઠળના આંગણવાડી કેન્દ્રોની છેલ્લા બે વર્ષમાં જિલ્લા કક્ષાના અધિકારીઓએ તાલુકાવાર કેટલી મુલાકાતો લીધી, અને

જવાબ

(૧) તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ મહીસાગર અને ખેડા જિલ્લામાં આઇસીડીએસ કાર્યક્રમ હેઠળના આંગણવાડી કેન્દ્રોની છેલ્લા બે વર્ષમાં જિલ્લા કક્ષાના અધિકારીઓએ તાલુકાવાર મુલાકાતો લીધી તેની વિગતો નીચે પ્રમાણે છે.

- મહીસાગર
  નવા અસ્તિત્વમાં આવેલ મહીસાગર જિલ્લામાં નવેમ્બર ૨૦૧૫થી આઇસીડીએસ કચેરી શરૂ કર્યા બાદ કલેક્ટરશ્રી મહીસાગર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા આંગણવાડી કેન્દ્રોની મુલાકાત લેવામાં આવેલ, જ્યારે ખેડા જિલ્લાની તાલુકાવાર મુલાકાતની વિગતો નીચે પ્રમાણે છે.

- ખેડા

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ આંગણવાડી કેન્દ્રોની મુલાકાતની સંખ્યા | તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ આંગણવાડી કેન્દ્રોની મુલાકાતની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | માતર | ૭ | ૩૦ |
| ૨ | ઠાસરા | ૧૬ | ૫૮ |
| ૩ | મહેમદાવાદ | ૨૨ | ૩૮ |
| ૪ | કપડવંજ | ૧૩ | ૫૧ |
| ૫ | કઠલાલ | ૧૧ | ૩૫ |
| ૬ | નડીયાદ | ૭૫ | ૭૩ |
| ૭ | મહુધા | ૧૬ | ૧૮ |
| ૮ | ખેડા | ૧૪ | ૧૨ |

(૨) સદર મુલાકાતમાં મુખ્યત્વે શી ક્ષતિ જણાઈ અને તે અન્વયે સરકારે શા પગલાં લીધા ?

(૨) સદર મુલાકાત દરમિયાન આંગણવાડી કેન્દ્રો સમયસર ખોલવા બાબતે, આંગણવાડીઓમાં બાળકોની સંખ્યા અને રજીસ્ટરમાં દર્શાવેલ સંખ્યા સરખી ન હોવા બાબતે, તથા વાનગી પત્રક મુજબ ફળ તથા નાસ્તો સમયસર બાળકોને

આપવા બાબતે રજૂઆત મળેલ. સદર મુલાકાતમાં મુખ્યત્વે બાળકોની હાજરી, કેન્દ્રોની નિયમિતતા, સ્વચ્છતા બાબતે તથા ખાદ્યસામગ્રીની યોગ્ય જાળવણી રેકર્ડ રજીસ્ટર, આંગણવાડી કેન્દ્રમાં ભૌતિક સુવિદ્યા જેવી કે શૌચાલય, પાણી અને વીજળી, આંગણવાડી કેન્દ્રના પોતાના (સરકારી) મકાનનો અભાવ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણની કામગીરી વગેરે અંગે મળેલ સુચનો બાબતે યોગ્ય માર્ગદર્શન આપી કેન્દ્રોની રોજેરોજની પ્રવૃત્તિઓનું મોનીટરીંગ કરવામાં આવ્યું તેમજ આંગણવાડી કેન્દ્રમાં પાણી, શૌચાલય અને વીજળીની સુવિદ્યા ઉપલબ્ધ કરાવવામાં આવી અને આંગણવાડી કેન્દ્રના મકાન બાંધકામના ઠરાવ મેળવી કામો મંજુર કરવામાં આવ્યાં. આમ આંગણવાડી કેન્દ્રોમાં તપાસ દરમિયાન જોવા મળેલ ક્ષતિઓની પૂર્તિ કરવા જરૂરી સુચનાઓ આપવામાં આવેલ છે.

## લીમડી–કારઠ–ગુલતોરા રોડ પહોળો કરવા બાબત

* ૨૫૫૭૪ શ્રી વિંછીયાભાઈ ભુરીયા (લીમખેડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૫–૧૬માં દાહોદ જિલ્લાના લીમડી તાલુકાનો લીમડી–કારઠ–ગુલતોરા રોડ પહોળો કરવાનું વર્ષ ૨૦૧૫–૧૬માં મંજુર થયેલ છે કે કેમ, | (૧) અને (૨) : હા, જી. રૂ. ૫૦૦ લાખ. |
| (૨) જો હા, તો કેટલી રકમ મંજૂર કરેલ છે, અને | |
| (૩) આ કામ તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૩) ટેન્ડર મંજુરી પ્રક્રિયા હેઠળ. |

## રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં ફાર્માસીસ્ટોની ગેરહાજરીમાં ચાલતા મેડીકલ સ્ટોર્સ

* ૨૬૧૭૬ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ફાર્માસીસ્ટોની ગેરહાજરીમાં મેડીકલ સ્ટોર્સ ચાલી રહ્યા છે તેવા કેટલા કિસ્સાઓ વર્ષવાર તાલુકાવાર નોંધાયા, અને | (૧) કુલ ૬૩૦ કિસ્સાઓ નોંધાયેલ જેની વિગતો પત્રક મુજબ છે. |

| રાજકોટ જિલ્લાની માહિતી | | | |
|---|---|---|---|
| તાલુકો | ૧–૨–૧૪થી ૩૧–૧–૧૫ | ૧–૨–૧૫થી ૩૧–૧–૧૬ | કુલ |
| રાજકોટ | ૧૮૬ | ૯૦ | ૨૭૬ |
| જસદણ | ૩૪ | ૨૬ | ૬૦ |
| ગોંડલ | ૩૧ | ૧૫ | ૪૬ |
| જેતપુર | ૧૪ | ૧૧ | ૨૫ |
| ધોરાજી | ૦૬ | ૦૭ | ૧૩ |
| ઉપલેટા | ૦૭ | ૦૨ | ૦૯ |
| જામ કંડોરણા | ૦૪ | ૦૨ | ૦૬ |
| કોટડા સાંગાણી | ૦૪ | ૦૧ | ૦૫ |
| પડધરી | ૦૨ | ૦૪ | ૦૬ |
| લોધીકા | ૦૪ | ૦૭ | ૧૧ |
| કુલ | ૨૯૨ | ૧૬૫ | ૪૫૭ |
| સુરેન્દ્રનગર જિલ્લાની માહિતી | | | |
| વઢવાણ | ૬૬ | ૧૯ | ૮૫ |
| લીંબડી | ૧૪ | ૦૭ | ૨૧ |
| ચોટીલા | ૧૦ | ૦૬ | ૧૬ |

| | | | |
|---|---|---|---|
| ધ્રાંગધ્રા | ૧૩ | ૦૩ | ૧૬ |
| લખતર | ૦૫ | ૦૩ | ૦૮ |
| થાનગઢ | ૦૫ | ૦૨ | ૦૭ |
| દસાડા | ૦૯ | ૦૨ | ૧૧ |
| મુળી | ૦૩ | ૦૦ | ૦૩ |
| સાયલા | ૦૪ | ૦૧ | ૦૫ |
| ચુડા | ૦૧ | ૦૦ | ૦૧ |
| કુલ | ૧૩૦ | ૪૩ | ૧૭૩ |
| રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લાના કુલ કેસો | | | ૬૩૦ |

(૨) તે અન્વયે સરકારે શાં પગલાં લીધા ?

(૨) રાજકોટ જિલ્લામાં ૬૦ પેઢીઓના પરવાના રદ કરવામાં આવેલ છે જ્યારે અન્ય પેઢીઓના પરવાના ૦૧ થી ૪૫ દિવસ માટે સ્થગિત કરેલ છે. સુરેન્દ્રનગર જિલ્લામાં પેઢીઓના પરવાના ૦૧ થી ૨૦ દિવસ માટે સ્થગિત કરેલ છે.

## આણંદ અને વડોદરા જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ

* ૨૬૫૪૧ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે,

જવાબ

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં કાર્યરત આંગણવાડી કેન્દ્રો નીચે મુજબ છે.

આણંદ જિલ્લો :–

| ક્રમ | તાલુકાનું નામ | કાર્યરત આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ખંભાત | ૨૭૮ |
| ૨ | પેટલાદ | ૩૮૯ |
| ૩ | બોરસદ | ૩૯૭ |
| ૪ | આંકલાવ | ૧૫૨ |
| ૫ | આણંદ | ૪૬૩ |
| ૬ | ઉમરેઠ | ૨૦૧ |
| ૭ | તારાપુર | ૯૯ |

વડોદરા જિલ્લો :–

| ક્રમ | તાલુકાનું નામ | કાર્યરત આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ડભોઈ | ૧૯૩ |
| ૨ | કરજણ | ૧૩૨ |
| ૩ | પાદરા | ૨૫૫ |
| ૪ | સાવલી | ૨૧૪ |
| ૫ | બાલાસિનોર | ૮૭ |
| ૬ | વડોદરા | ૩૦૯ |
| ૭ | વાઘોડીયા | ૧૫૪ |

(૨) વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી અન્વયે આણંદ અને વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલા નવા આંગણવાડી કેન્દ્ર શરૂ કરવા પાત્ર બને છે,

(૨) વર્ષ ૨૦૧૧ ની વસ્તી ગણતરી અન્વયે આણંદ અને વડોદરા જિલ્લામાં નવા આંગણવાડી કેન્દ્રો શરૂ કરવાપાત્ર બને છે. જેની તાલુકાવાર વિગતો નીચે દર્શાવેલ છે.

આણંદ જિલ્લો :–

| ક્રમ | તાલુકાનું નામ | શરૂ કરવાપાત્ર આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ખંભાત | ૦૧ |
| ૨ | પેટલાદ | ૧૧ |
| ૩ | બોરસદ | ૧૨ |

| | | |
|---|---|---|
| ૪ | આંકલાવ | ૧૧ |
| ૫ | આણંદ | ૦૫ |
| ૬ | ઉમરેઠ | ૦૩ |
| ૭ | તારાપુર | ૦૪ |

વડોદરા જિલ્લો :-

| ક્રમ | તાલુકાનું નામ | શરૂ કરવાપાત્ર આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ડભોઈ | ૧૦ |
| ૨ | કરજણ | ૭૩ |
| ૩ | પાદરા | ૬ |
| ૪ | સાવલી | ૧૦૨ |
| ૫ | બાલાસિનોર | ૦ |
| ૬ | વડોદરા | ૨૩ |
| ૭ | વાઘોડીયા | ૨૯ |

(૩) તે પૈકી તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા આંગણવાડી કેન્દ્રો શરુ કરવામાં આવ્યા, અને

(૩) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકાર દ્વારા કુલ-૮૯૨ નવા આંગણવાડી કેન્દ્રો મંજુર થતાં આણંદ જિલ્લાને ૨૯ અને વડોદરા જિલ્લાને ૧૪૯ આંગણવાડી કેન્દ્રો શરૂ કરવા માટે અત્રેથી ફાળવેલ છે. જેને ઉક્ત બન્ને જિલ્લાઓ દ્વારા કાર્યરત કરવાની કાર્યવાહી પ્રગતિમાં છે.

(૪) ઉક્ત સ્થિતિએ બાકી કેન્દ્રો કેટલા સમયમાં શરૂ કરવાનું આયોજન છે ?

(૪) તા. ૩૦-૯-૨૦૧૪ અને તા. ૧૨-૨-૨૦૧૪ તથા તા. ૧૬-૬-૨૦૧૪ના પત્રોથી ભારત સરકારશ્રીમાંથી મંજુરી માટે દરખાસ્ત મોકલી છે.

## રખીયાલ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ઓપરેશનની સુવિધા

* ૨૫૩૫૦ શ્રીમતી કામીનીબા રાઠોડ (દહેગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના રખીયાલ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ઓપરેશન માટેની તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે કે કેમ, અને

(૧) ના, જી.
કેટલાક સાધનો ઉપલબ્ધ કરાવવાના બાકી છે જે પુરા પાડવા ખરીદીની કાર્યવાહી ગુજરાત મેડીકલ સર્વિસીસ કોર્પોરેશન લી. ગાંધીનગરમાં ચાલી રહેલ છે.

(૨) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ઓપરેશનો કરવામાં આવ્યા ?

(૨) વર્ષવાર ઓપરેશનની વિગતો નીચે મુજબની છે.

| વર્ષ | મેજર ઓપરેશન | માઈનોર ઓપરેશન |
|---|---|---|
| ૨૦૧૪-૧૫ | ૦ | ૧૭ |
| ૨૦૧૫-૧૬ | ૦ | ૧૩ |

## બનાસકાંઠા જિલ્લામાં રસ્તાઓને જોબ નંબર

* ૨૫૪૪૪ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં પંચાયત હસ્તકના રસ્તાઓને કેટલી રકમોના જોબ નંબરો આપવામાં આવ્યા,

(૧) રૂ. ૪૫૦.૬૭ કરોડના.

(૨) તેમાંથી કેટલી રકમના કેટલા રસ્તા ક્યા કારણોસર રદ કરવામાં આવ્યા, અને

(૨) એક પણ નહિ.

(૩) આ સમય દરમિયાન ક્યા રસ્તાઓના કામો મંજૂર થવા છતાં ઉક્ત સ્થિતિએ કામ શરૂ કરવામાં આવ્યા નથી?

(૩) *પરિશિષ્ટ- મુજબ

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

## ભાવનગર જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાઓને જોબ નંબર

* ૨૫૬૯૫ શ્રી પ્રવિણભાઈ રાઠોડ (પાલીતાણા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં પંચાયત હસ્તકના રસ્તાઓને કેટલી રકમોના જોબ નંબરો આપવામાં આવ્યા,

(૧) રૂ. ૨૬૯૫૭.૦૮ લાખના જોબ નંબર આપ્યા.

(૨) તેમાંથી કેટલી રકમના કેટલા રસ્તા ક્યા કારણોસર રદ કરવામાં આવ્યા, અને

(૨) *પરિશિષ્ટ-૧ મુજબ

(૩) આ સમય દરમિયાન ક્યા રસ્તાઓના કામો મંજૂર થવા છતાં ઉક્ત સ્થિતિએ કામ શરૂ કરવામાં આવ્યા નથી?

(૩) *પરિશિષ્ટ-૨ મુજબ

(*પરિશિષ્ટો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

## દાહોદ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોની તપાસ

* ૨૫૬૮૨ શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ કેટલા બાળકો ગંભીર બિમારીવાળા જણાયા, અને

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ નીચે મુજબ વિદ્યાર્થીઓ ગંભીર બિમારીવાળા જણાયા.

| ક્રમ | વર્ષ | હૃદય | કીડની | કેન્સર |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૪-૧૫ | ૨૫ | ૮ | ૬ |
| ૨ | ૨૦૧૫-૧૬ | ૯ | ૯ | ૬ |
| | કુલ | ૩૪ | ૧૭ | ૧૨ |

(૨) રાજ્ય સરકારે આ બાળકોની સારવાર પાછળ કેટલો ખર્ચ કર્યો ?

(૨) રાજ્ય સરકારે આ બાળકોની સારવાર પાછળ નીચે મુજબ ખર્ચ કર્યો.

| વર્ષ | થયેલ ખર્ચ |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૪૪,૭૬,૯૮૬ |
| ૨૦૧૫-૧૬ | ૪૧,૨૩,૦૮૫ |

## દાહોદ જિલ્લામાં સીકલસેલ એનીમીયાના નોંધાયેલ દર્દીઓ

* ૨૫૩૫૮ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર સીકલસેલ એનીમીયાના કેટલા દર્દીઓ નોંધાયેલા છે,

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર સીકલસેલ એનીમીયાના દર્દીઓ નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલ દર્દી |
|---|---|---|
| ૧ | દાહોદ | ૮૬૭ |
| ૨ | ગરબાડા | ૪૧૯ |
| ૩ | ઝાલોદ | ૭૭૪ |
| ૪ | લીમખેડા | ૫૪૮ |
| ૫ | ફતેપુરા | ૨૭૬ |
| ૬ | દે.બારીયા | ૪૯૬ |
| ૭ | ધાનપુર | ૪૨૦ |

(૨) ઉક્ત દર્દીઓ પૈકી છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત તાલુકાવાર કેટલાના મૃત્યુ થયાં, અને

(૨) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાલુકાવાર નોંધાયેલ મૃત્યુ

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૪માં નોંધાયેલ મૃત્યુ | વર્ષ ૨૦૧૫માં નોંધાયેલ મૃત્યુ |
|---|---|---|---|
| ૧ | દાહોદ | ૨ | ૩ |
| ૨ | ગરબાડા | ૨ | ૧ |
| ૩ | ઝાલોદ | ૨ | ૦ |
| ૪ | લીમખેડા | ૦ | ૦ |
| ૫ | ફતેપુરા | ૦ | ૦ |
| ૬ | દે.બારીયા | ૦ | ૦ |
| ૭ | ધાનપુર | ૦ | ૦ |

(૩) સીકલસેલ એનીમીયાનો રોગ નાબૂદ થાય તે માટે સરકારે શું આયોજન કરેલ છે ?

(૩) આ રોગને નાબૂદ થાય તે માટે સરકાર દ્વારા નીચે મુજબના પગલાં લેવામાં આવેલ છે.

- સીકલસેલ માટેની તપાસ વિના મૂલ્યે કરવામાં આવે છે.
- સીકલસેલના દર્દીઓને નિયમિત રીતે ફોલિક એસિડની ગોળીઓ આપવામાં આવે છે.
- સીકલસેલના દર્દીઓને નિયમિત રીતે કાઉન્સેલર દ્વારા સમપરામર્શ સુવિધા પુરી પાડવામાં આવે છે.
- જરૂરીયાતવાળા સમયે સીકલસેલના દર્દીને વિના મૂલ્યે લોહીની સુવિધા પુરી પાડવામાં આવે છે.
- જરૂરીયાતવાળા સમયે સીકલસેલના દર્દીઓને વિના મુલ્યે હાઈડ્રોક્સીયુરીયા દવા આપવામાં આવે છે.
- સીકલસેલના દર્દીઓને વિના મુલ્યે ન્યુમોકોકલ વેક્સીન આપવામાં આવે છે.
- જોખમી દંપતી (પતિ–પત્ની બંન્ને સીકલસેલ ધરાવનાર) ને ગર્ભ પરીક્ષણ (Pre Natal Diagnosis) ની સગવડ વિના મૂલ્યે આપવામાં આવે છે.

### બનાસકાંઠા જિલ્લામાં થેલેસેમીયાના કેસો અને અનુદાન

* ૨૬૫૭૪ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર થેલેસેમીયાના કેટલા કેસો નોંધાયા,

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર થેલેસેમીયાના નીચે મુજબના કેસો નોંધાયેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૧૨ |
| ૨ | દાંતા | ૩ |
| ૩ | અમીરગઢ | ૪ |
| ૪ | ડીસા | ૩ |
| ૫ | દાંતીવાડા | ૩ |
| ૬ | ધાનેરા | ૨ |
| ૭ | દિયોદર | ૧ |
| ૮ | વડગામ | ૧ |
| | કુલ | ૨૯ |

(૨) ઉકત જિલ્લામાં થેલેસેમીયાના દર્દીઓ માટે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા અનુદાનની ફાળવણી કરવામાં આવેલ છે, અને

(૨) ઉકત જિલ્લામાં થેલેસેમીયાના દર્દીઓ માટે ઉકત સ્થિતિએ વર્ષ ૨૦૧૪–૧૫ માં રૂ.૧,૦૦,૦૦૦ (એક લાખ પૂરા) ની ફાળવણી કરવામાં આવી છે.

(૩) ફાળવાયેલ અનુદાન પૈકી કેટલી રકમ ખર્ચાઈ છે ?

(૩) ફાળવેલ અનુદાન પૈકી રૂ.૭૩,૬૫૪/– (રૂ.તોતેર હજાર છસો ચોપ્પન પૂરા) હાલ ખર્ચાયેલ છે.

### મહેસાણા જિલ્લામાં ખાદ્ય–તેલમાં ભેળસેળ

* ૨૬૫૯૬ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં વર્ષવાર અને તાલુકાવાર ખાદ્યતેલમાં ભેળસેળ કરનાર કેટલા ઈસમો પકડાયા,

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં ખાદ્યતેલમાં ભેળસેળ કરતા પકડાયેલા ઈસમોની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| વર્ષ ૨૦૧૪ | | | |
|---|---|---|---|
| તાલુકો | ભેળસેળના કિસ્સાની | પકડાયેલ ઈસમોની | એડજ્યુડીકેશન અરજી દાખલ |

| | સંખ્યા | સંખ્યા | કરવાની કાર્યવાહીમાં છે |
|---|---|---|---|
| મહેસાણા | ૩ | ૭ | – |
| બેચરાજી | ૫ | ૯ | – |
| કડી | ૧ | ૧ | – |
| કુલ | ૯ | ૧૭ | – |
| વર્ષ ૨૦૧૫ | | | |
| મહેસાણા | ૧ | ૨ | – |
| બેચરાજી | – | – | ૧ |
| કડી | ૧ | ૨ | ૪ |
| સતલાસણા | – | – | ૧ |
| કુલ | ૨ | ૪ | ૬ |

(૨) તે અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) વર્ષ ૨૦૧૪ માં મહેસાણા જિલ્લામાં–૯ કિસ્સાઓમાં ૧૭ ઈસમો સામે એડજ્યુડીકેશન અરજી દાખલ કરવામાં આવેલ છે. જ્યારે

વર્ષ ૨૦૧૫ માં ૨ કિસ્સાઓમાં ૪ ઈસમો સામે એડજ્યુડીકેશન અરજી દાખલ કરવામાં આવેલ છે. (અન્ય ૬ કિસ્સાઓમાં અરજી દાખલ કરવાની કાર્યવાહી ચાલુ છે.)

(૩) ઉકત સ્થિતિએ વર્ષવાર ઉકત જિલ્લામાં તાલુકાવાર ખાદ્યતેલમાં ભેળસેળ અટકાવવા કેટલી વખત દરોડા પાડવામાં આવ્યાં ?

(૩) મહેસાણા જિલ્લામાં ખાદ્યતેલમાં ભેળસેળ અટકાવવા તાલુકાવાર પાડવામાં આવેલ દરોડાની વિગત નીચે મુજબ છે.

| તાલુકો | વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૧૫ | વર્ષ ૨૦૧૬ |
|---|---|---|---|
| | દરોડાની સંખ્યા | દરોડાની સંખ્યા | દરોડાની સંખ્યા |
| મહેસાણા | ૨૧ | ૧૬ | – |
| બેચરાજી | ૯ | ૪ | – |
| ઉંઝા | ૩ | ૩ | – |
| કડી | ૧૩ | ૧૮ | ૧ |
| વિજાપુર | ૪ | ૨ | – |
| વડનગર | ૧ | ૧ | – |
| વિસનગર | ૧૨ | ૧૦ | – |
| ખેરાલુ | ૩ | ૩ | – |
| સતલાસણા | – | ૨ | – |

## રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ માટે રકમને મંજૂરી

* ૨૬૫૫૮ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય રમતગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ માટે વર્ષવાર કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉકત સ્થિતિએ મંજૂર કરેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમનો ખર્ચ થયો અને કેટલી રકમ વણવપરાયેલી રહી ?

જવાબ

(૧) અને (૨) :

| ક્રમ | વર્ષ | મંજૂર બજેટ રૂ.કરોડમાં | થયેલ ખર્ચ રૂ. કરોડમાં | વણવપરાયેલ રકમ (બચત) રૂ.કરોડમાં |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૪–૧૫ | રૂ.૩૫૫ | રૂ.૨૭૭.૦૯ | રૂ.૭૯.૯૧ |
| ૨ | ૨૦૧૫–૧૬ | રૂ.૪૦૦ | રૂ.૧૭૫.૫૨ | રૂ.૨૨૪.૪૮ |

## પાલનપુર તાલુકામાં એક ગામથી બીજા ગામને જોડતા એક રસ્તાનું ડામર સપાટી કરવાનું કામ

* ૨૬૪૯૨ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : તા. ૨૫–૨–૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૪૮૯૪ (અગ્રતા ક્ર–૧૨૪)ના અનુસંધાને માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકામાં એક ગામથી બીજા ગામને જોડતાં એક રસ્તાને ડામર સપાટી કરવાનું કામ તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ટેન્ડર મંજૂરીના તબક્કે હતું તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો આ ક્યો રસ્તો છે અને તેનું કામ તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) ભાવિસણા-હોડા રોડ, આ કામ પૂર્ણ થયેલ છે.

(૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## છોટાઉદેપુર જિલ્લામાં યુવા મહોત્સવ

* ૨૬૪૭૯ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકા કક્ષાએ ક્યાં અને કેટલા યુવા મહોત્સવ કરવામાં આવ્યા, અને

(૨) ઉકત સ્થિતિએ તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) નીચેના ૬ તાલુકાઓમાં જુદા જુદા ત્રણ વય ગૃપના કુલ-૪૨ યુવા મહોત્સવ યોજવામાં આવ્યા.

(૧) પાવીજેતપુર
(૨) છોટાઉદેપુર
(૩) કવાંટ
(૪) બોડેલી
(૫) નસવાડી
(૬) સંખેડા

(૨) રૂ.૩૩,૦૦૦/-

## સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં દર્દીઓને ફુડ બીલ

* ૨૬૫૧૮ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં દાખલ કરવામાં આવેલ દર્દીઓને ફુડ બીલ પેટે દર્દી દીઠ દૈનિક કેટલો ખર્ચ કરવામાં આવે છે, અને

(૨) આ દૈનિક આપવામાં આવતા ફુડમાં મુખ્યત્વે શું આપવામાં આવે છે ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં દાખલ કરવામાં આવેલ દર્દીઓને ફુડ બીલ પેટે દર્દી દીઠ દૈનિક રૂ.૫૦ થી રૂ.૧૫૦ સુધીનો ખર્ચ કરવામાં આવે છે.

(૨) સવાર તથા સાંજનું ભોજન તથા સવાર બપોર ચા અથવા કોફી આપવામાં આવે છે.

## અરવલ્લી જિલ્લામાં સરકીટ હાઉસ/વિશ્રામગૃહ સબંધિત કામગીરી

* ૨૬૫૫૪ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કેટલા સરકીટ હાઉસ/વિશ્રામગૃહ હાલ કાર્યરત છે, અને

જવાબ

(૧) મા.મ.વિભાગ હેઠળ કાર્યરત સરકીટ હાઉસ/ વિશ્રામગૃહની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | સરકીટ હાઉસ | વિશ્રામગૃહ |
|---|---|---|
| મોડાસા | - | ૧ |
| બાયડ | - | ૧ |
| મેઘરજ | - | ૧ |
| માલપુર | - | - |
| ધનસુરા | - | - |
| ભિલોડા | - | ૨ |
| કુલ | - | ૫ |

જિલ્લા પંચાયત હેઠળ આવેલ કાર્યરત વિશ્રામગૃહ (આરામગૃહ) ની વિગતો નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | સરકીટ હાઉસ | વિશ્રામગૃહ (આરામગૃહ) |
|---|---|---|
| મોડાસા | - | - |
| બાયડ | - | - |

| | | |
|---|---|---|
| મેઘરજ | – | ૧ |
| માલપુર | – | – |
| ધનસુરા | – | ૧ |
| ભિલોડા | – | – |
| કુલ | – | ૨ |

(૨) તે પૈકી માલપુર ખાતે આવેલ વિશ્રામગૃહ ઉક્ત સ્થિતિએ ઉપયોગ કરવા લાયક છે કે નહિ ?

(૨) માલપુર ખાતે આવેલ જિલ્લા પંચાયત હેઠળનું હયાત આરામગૃહ ઉપયોગ કરવા લાયક નથી.

જૂનાગઢ ખાતે નવી સરકારી મેડીકલ કોલેજ

* ૨૬૫૯૯ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ જૂનાગઢ ખાતે નવી સરકારી મેડીકલ કોલેજ સ્થાપવાની છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત કોલેજ ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે, અને

(૩) તે અન્વયે કેટલા ખર્ચે કોલેજ કઈ જગ્યાએ બાંધવાનું આયોજન છે ?

જવાબ

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

મેઘરજ તાલુકામાં નોન પ્લાન રસ્તાઓ

* ૨૬૫૯૦ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં ૭ વર્ષથી ઉપરના ડામર ન થયેલ હોય તેવા કેટલા નોન–પ્લાન રસ્તાઓ છે,

(૨) મેઘરજ તાલુકાના કેટલા નોન–પ્લાનના રસ્તાઓ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડામર કરવામાં આવ્યા, અને

(૩) ઉક્ત તાલુકાના રસ્તાઓ ડામર ન થવાના કારણો શા છે ?

જવાબ

(૧) ૮ રસ્તાઓ.

(૨) ૪૨ રસ્તાઓ.

(૩) તાંત્રિક જરૂરીયાત અને અગ્રતા અનુસાર વિચારવામાં આવે છે.

ખાનપર થી કોયલીના રસ્તાનું રીકાર્પેટીંગ

* ૨૬૫૯૩ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મોરબી જિલ્લાના મોરબી તાલુકાના ખાનપર થી કોયલી સુધી રસ્તો બિસ્માર હાલતમાં છે તે હકીકત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત રસ્તાને રીકાર્પેટીંગ કરી ડામર સપાટીનો કરવાનું શું આયોજન છે, અને

(૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?

જવાબ

(૧), (૨) અને (૩) : રસ્તો વાહન વ્યવહાર લાયક રાખેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

નવા સચિવાલય ખાતે રોજમદારોની ભરતી અને પગાર બાબતે

* ૨૬૪૧૪ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ નવા સચિવાલય સંકુલ ગાંધીનગરમાં આવેલ સરકારના વિભાગોની કચેરીઓમાં ફરજ બજાવતા રોજમદારની ભરતી આઉટ સોર્સથી કરવાનો કોન્ટ્રાક્ટ રાજદીપ એન્ટરપ્રાઈઝ ને આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત રોજમદારોને પ્રતિવ્યક્તિ કેટલો પગાર ચુકવવાનું સરકાર દ્વારા નક્કી થયેલ છે, અને તે માટે ઉક્ત એજન્સીને રોજમદાર માટે કેટલો માસિક પગાર ચૂકવવામાં આવે છે,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત એજન્સી દ્વારા રોજમદારોને રૂ.૪૫૦૦/– નો પગાર રોકડમાં ચુકવવામાં આવે છે અને

જવાબ

(૧) (૨) (૩) અને (૪)

સેવકો પુરા પાડવાનો કોન્ટ્રાક્ટ રાજદીપ એન્ટરપ્રાઈઝને આપેલ છે. તેમના કર્મચારીઓને રૂ.૪૫૦૦/– પગાર પેટે અને કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડના ફાળા પેટે માસિક રૂ.૬૨૪/– અને ઇ.એસ.આઇ. ના ફાળા પેટે રૂ.૯૦/– થઈ કુલ રૂ.૫૨૧૪/– આપવામાં આવે છે. અને જાહેર રજાના દિવસે આ કર્મચારીઓને કામ કરવાનું રહેતું નથી.

નિયમોનુસાર રોજમદાર માટે પ્રોવિડન્ટ ફંડની કપાત કરવામાં આવતી નથી તે હકીકત સાચી છે, અને

(૪) જો હા, તો ઉક્ત નિયમોનો ભંગ કરનાર એજન્સી સામે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત બાબતે કેટલી ફરિયાદો મળેલ છે અને તે અન્વયે શું પગલાં ભરવામાં આવ્યા છે ?

અમદાવાદ જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ

* ૨૫૩૩૬ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર વિધવા સહાય મેળવવા માટેની છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ ક્યા કારણોસર નામંજૂર કરી, અને

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર અને વર્ષવાર નીચે મુજબ અરજીઓ મળી.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ-૨૦૧૪ | વર્ષ-૨૦૧૫ |
|---|---|---|---|
| ૧ | અસારવા | ૫૧૭ | ૪૮૭ |
| ૨ | મણિનગર | ૪૨૦ | ૬૦૩ |
| ૩ | વટવા | ૨૯૩ | ૨૬૨ |
| ૪ | વેજલપુર | ૧૩૦ | ૧૩૯ |
| ૫ | ઘાટલોડિયા | ૫૨ | ૧૩૩ |
| ૬ | સાબરમતી | ૩૭૩ | ૩૬૨ |
| ૭ | દસક્રોઈ | ૧૬૦ | ૧૭૨ |
| ૮ | સાણંદ | ૭૧ | ૧૨૧ |
| ૯ | બાવળા | ૧૨૮ | ૯૮ |
| ૧૦ | ધોળકા | ૧૧૭ | ૧૦૫ |
| ૧૧ | વિરમગામ | ૪૧ | ૭૨ |
| ૧૨ | માંડલ | ૧૫ | ૨૨ |
| ૧૩ | દેત્રોજ | ૯૧ | ૩૪ |
| ૧૪ | ધંધુકા | ૧૨ | ૩૪ |
| ૧૫ | ધોલેરા | ૬ | ૪ |
| કુલ | | ૨૪૨૬ | ૨૬૪૮ |

(૨) તે પૈકી તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મંજુર/નામંજુર કરવામાં આવી.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૪ | | વર્ષ ૨૦૧૫ | |
|---|---|---|---|---|---|
| | | મંજૂર | નામંજુર | મંજૂર | નામંજુર |
| ૧ | અસારવા | ૪૮૬ | ૩૧ | ૪૮૨ | ૫ |
| ૨ | મણિનગર | ૪૧૩ | ૧ | ૬૦૩ | ૦ |
| ૩ | વટવા | ૨૮૬ | ૭ | ૧૯૪ | ૩૨ |
| ૪ | વેજલપુર | ૧૨૮ | ૨ | ૧૩૭ | ૨ |
| ૫ | ઘાટલોડિયા | ૫૨ | ૦ | ૧૨૯ | ૪ |
| ૬ | સાબરમતી | ૩૬૧ | ૧૨ | ૩૪૮ | ૪ |
| ૭ | દસક્રોઈ | ૧૫૬ | ૪ | ૧૬૫ | ૦ |
| ૮ | સાણંદ | ૫૭ | ૧૪ | ૮૫ | ૩૬ |
| ૯ | બાવળા | ૧૨૩ | ૫ | ૯૪ | ૪ |
| ૧૦ | ધોળકા | ૮૭ | ૧૭ | ૮૭ | ૧૬ |
| ૧૧ | વિરમગામ | ૨૯ | ૧૨ | ૬૦ | ૦ |
| ૧૨ | માંડલ | ૧૫ | ૦ | ૧૯ | ૦ |
| ૧૩ | દેત્રોજ | ૭૭ | ૧૪ | ૩૪ | ૦ |
| ૧૪ | ધંધુકા | ૧૦ | ૨ | ૧૭ | ૨ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫ | ધોલેરા | ૬ | ૦ | ૨ | ૦ |
| | કુલ | ૨૨૮૬ | ૧૨૧ | ૨૪૫૬ | ૧૦૫ |

અરજીઓ નીચે મુજબના કારણોસર નામંજુર કરી.

૧. પુખ્ત વયનો પુત્ર હોવાથી.
૨. અરજી સાથે પુરાવા રજુ કરેલ ન હોવાથી.
૩. વાર્ષિક આવક વધુ હોવાથી વગેરે કારણોસર.

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે તથા તેના ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૩) વર્ષ ૨૦૧૪ની ૧૯ અરજીઓ પડતર હતી જેનો વર્ષ ૨૦૧૫ માં નિકાલ કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૫માં ૮૭ અરજીઓ પડતર છે જેની વિગત નીચે મુજબ છે આ અરજીઓનો બનતી ત્વરાએ નિકાલ કરવામાં આવશે.

| અનુ. | તાલુકાનું નામ | વર્ષ–૨૦૧૫ની પડતર અરજી |
|---|---|---|
| ૧ | અસારવા | ૦ |
| ૨ | મણિનગર | ૦ |
| ૩ | વટવા | ૩૬ |
| ૪ | વેજલપુર | ૦ |
| ૫ | ઘાટલોડિયા | ૦ |
| ૬ | સાબરમતી | ૧૦ |
| ૭ | દસક્રોઈ | ૭ |
| ૮ | સાણંદ | ૦ |
| ૯ | બાવળા | ૦ |
| ૧૦ | ધોળકા | ૨ |
| ૧૧ | વિરમગામ | ૧૨ |
| ૧૨ | માંડલ | ૩ |
| ૧૩ | દેત્રોજ | ૦ |
| ૧૪ | ધંધુકા | ૧૫ |
| ૧૫ | ધોલેરા | ૨ |
| | કુલ | ૮૭ |

દાહોદ જિલ્લામાં મેલેરીયા નિયંત્રણ માટે લોહીના એકત્ર કરેલ નમૂના

* ૨૬૧૯૫ શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર મેલેરીયા નિયંત્રણ માટે સર્વેલન્સ કામગીરી અંતર્ગત છેલ્લા બે વર્ષમાં લોહીના કેટલા નમૂનાઓ એકત્ર કરવામાં આવ્યા, અને

જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં મેલેરીયા નિયંત્રણ માટે સર્વેલન્સ કામગીરી અંતર્ગત છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર એકત્ર કરેલ લોહીના નમૂનાની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | તાલુકાનું નામ | એકત્ર કરેલ કુલ લોહીના નમુના |
|---|---|---|
| ૨૦૧૪ | ફતેપુરા | ૧૦૦૭૬૧ |
| | ઝાલોદ | ૧૬૦૫૨૦ |
| | ગરબાડા | ૮૩૯૯૪ |
| | દાહોદ | ૧૭૨૪૬૫ |
| | લીમખેડા | ૧૨૩૦૫૦ |
| | ધાનપુર | ૫૩૨૯૧ |
| | દે. બારિયા | ૧૦૬૪૪૪ |
| | દાહોદ અર્બન | ૧૭૮૬૮ |
| | કુલ | ૮૧૮૩૯૩ |
| ૨૦૧૫ | ફતેપુરા | ૮૭૮૫૪ |
| | ઝાલોદ | ૧૪૪૯૨૫ |

| | | |
|---|---|---|
| | ગરબાડા | ૯૯૮૫૧ |
| | દાહોદ | ૧૪૮૪૨૦ |
| | લીમખેડા | ૯૮૦૭૯ |
| | ધાનપુર | ૫૦૬૫૧ |
| | દે. બારિયા | ૯૨૯૬૨ |
| | દાહોદ અર્બન | ૨૪૩૧૨ |
| | કુલ | ૭૪૭૦૫૪ |
| કુલ | | ૧૫૬૫૪૪૭ |

(૨) તે પૈકી કેટલા કેસમાં મેલેરિયા અને કેટલા કેસમાં ફાલસીફેરમ અને ડેન્ગ્યુના લક્ષણો જણાયા?

(૨) તે પૈકી ૮૮૦૫ કુલ મેલેરીયાના કેસો ૧૮૯૦ ફાલસીફેરમના કેસો નોંધાયેલ છે. જ્યારે એકત્ર કરાયેલ લોહીના નમુનામાંથી કોઈ પણ દર્દીને ડેન્ગ્યુના લક્ષણો જણાયેલ નથી. પરંતુ હોસ્પિટલો દ્વારા શંકાસ્પદ ડેન્ગ્યુ કેસોમાં લેવામાં આવતા સિરમ સેમ્પલોમાંથી ૨૮ કન્ફર્મ ડેન્ગ્યુના કેસો નોંધાયેલ છે.

તાલુકાવાર મેલેરીયા, ફાલસીફેરમ અને ડેન્ગ્યુ કેસોની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | તાલુકાનું નામ | મેલેરિયા | | ડેન્ગ્યુ | |
|---|---|---|---|---|---|
| | | મેલેરીયાના કુલ કેસો | ફાલ્સીફેરમના કુલ કેસો | તપાસેલ સિરમ સેમ્પલ | કન્ફર્મ ડેન્ગ્યુ કેસ |
| ૨૦૧૪ | ફતેપુરા | ૪૧૪ | ૨૯ | ૩ | ૦ |
| | ઝાલોદ | ૯૩૯ | ૯૩ | ૩ | ૦ |
| | ગરબાડા | ૪૬૨ | ૮૬ | ૪ | ૧ |
| | દાહોદ | ૮૬૧ | ૨૦૯ | ૨ | ૧ |
| | લીમખેડા | ૬૩૨ | ૧૧૬ | ૨ | ૧ |
| | ધાનપુર | ૩૨૨ | ૭૩ | ૧ | ૦ |
| | દે. બારિયા | ૭૬૧ | ૧૯૮ | ૪ | ૧ |
| | દાહોદ અર્બન | ૧૦૯ | ૧૩ | ૫ | ૧ |
| | કુલ | ૪૫૦૦ | ૮૧૭ | ૨૪ | ૫ |
| ૨૦૧૫ | ફતેપુરા | ૨૧૬ | ૩૪ | ૫ | ૨ |
| | ઝાલોદ | ૭૧૮ | ૧૩૨ | ૪ | ૨ |
| | ગરબાડા | ૮૦૩ | ૨૭૨ | ૪ | ૧ |
| | દાહોદ | ૯૩૭ | ૨૩૧ | ૨૮ | ૬ |
| | લીમખેડા | ૬૬૮ | ૧૫૨ | ૩ | ૨ |
| | ધાનપુર | ૩૨૫ | ૧૨૪ | ૫ | ૩ |
| | દે. બારિયા | ૪૯૫ | ૧૦૦ | ૨ | ૧ |
| | દાહોદ અર્બન | ૧૪૩ | ૨૮ | ૨૭ | ૬ |
| | કુલ | ૪૩૦૫ | ૧૦૭૩ | ૭૮ | ૨૩ |
| કુલ | | ૮૮૦૫ | ૧૮૯૦ | ૧૦૨ | ૨૮ |

રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન હેઠળ કેન્દ્ર સરકારની સહાય

* ૨૫૪૪૧ શ્રી બલવંતસિંહ રાજપુત (સિધ્ધપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન હેઠળ રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી કેટલી રકમ/સહાય મળી ?

જવાબ

| વર્ષ | મળેલ સહાય (રૂ. કરોડમાં) |
|---|---|

| | |
|---|---|
| ૨૦૧૪-૧૫ | રૂ. ૮૩૨.૮૭ |
| ૨૦૧૫-૧૬<br>(તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ) | રૂ. ૫૯૩.૬૩ |

જુનાગઢ જિલ્લાની હોસ્પિટલોમાં ટ્રોમા સેન્ટરો

* ૨૬૫૮૭ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) જુનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ કઇ હોસ્પિટલોમાં ટ્રોમા સેન્ટરો કાર્યરત છે,

(૨) ઉક્ત જિલ્લાની કઇ હોસ્પિટલોમાં ટ્રોમા સેન્ટર સ્થાપવાના બાકી છે, અને

(૩) આ કામગીરી ક્યાં સુધી પૂર્ણ કરવાનું આયોજન છે?

જવાબ

(૧) જુનાગઢ જિલ્લામાં કોઇ હોસ્પિટલમાં ટ્રોમા સેન્ટર કાર્યરત નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ધંધુકા અમદાવાદ બાજરડા રસ્તાને પહોળો કરવા બાબત

* ૨૫૫૬૯ શ્રી લાલજીભાઈ કોળી પટેલ (ધંધુકા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬માં અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લાને જોડતો ધંધુકા અમદાવાદ બાજરડા રસ્તાને પહોળો કરવાનું કામ સરકારે મંજૂર કરેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો કેટલી રકમનું મંજુર કરેલ છે ?

જવાબ

(૧) અને (૨)

હા, જી. રૂ. ૪૨૫.૦૦ લાખ મંજુર કરેલ છે.

સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે બ્લડ બેંકોમાં મંજૂર સ્ટાફ

* ૨૫૩૫૪ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલ રીટ પીટીશન નં.૧૫૯/૨૦૧૧ના કેસમાં નામદાર હાઈકોર્ટના તા.૦૮-૧૨-૨૦૧૪ ના ઓરલ ઓર્ડર અન્વયે સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે બ્લડ બેંકમાં અલાયદો સ્ટાફ મંજુર કરવાનો તા.૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ થાય છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો સંવર્ગવાર કેટલો સ્ટાફ મંજુર કરવાનો થાય છે,

(૩) બ્લડ બેંક માટે અલાયદો સ્ટાફ મંજુર કરવા રાજ્ય સરકારે ક્યારે શી કાર્યવાહી કરી અને સંવર્ગવાર કેટલો સ્ટાફ મંજુર કર્યો, અને

(૪) જો સ્ટાફ મંજુર ના કર્યો તો તેના શા કારણો છે અને ક્યાં સુધીમાં સ્ટાફ મંજુર કરવામાં આવશે?

જવાબ

(૧) (૨) (૩) અને (૪) નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલ રીટ પીટીશન નં. ૧૫૯/૨૦૧૧ના કેસમાં નામદાર કોર્ટના તા. ૦૮-૧૨-૨૦૧૪ના ઓરલ ઓર્ડરથી કમીટીનો અહેવાલ મંજુર કરવામાં આવેલ છે. જે મુજબ સરકારી હોસ્પિટલોએ બ્લડ ડોનેશન કેમ્પનું નિયમીત ધોરણે આયોજન કરી આવા આઉટડોર કેમ્પમાં તાલીમબધ્ધ ઓછામાં ઓછા સાત સભ્યોની ટીમ ફાળવવાની રહે છે. સિવિલ હોસ્પિટલ ખાતે બ્લડ બેંકમાં પૂરતી સંખ્યામાં સ્ટાફ ઉપલબ્ધ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

આણંદ અને વડોદરા જિલ્લામાં વિધવા પેન્શન યોજનાના લાભાર્થી

* ૨૬૫૪૨ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં તાલુકાવાર વિધવા પેન્શન યોજના હેઠળના લાભાર્થી કેટલા છે,

જવાબ

(૧)

| આણંદ જિલ્લામાં નીચે મુજબ લાભાર્થીઓ છે | | | વડોદરા જિલ્લામાં નીચે મુજબ લાભાર્થીઓ છે | | |
|---|---|---|---|---|---|
| અનુ. | તાલુકાનું | લાભાર્થીઓ | અનુ. | તાલુકાનું | લાભાર્થીઓ |

| | નામ | | | નામ | |
|---|---|---|---|---|---|
| ૧ | આણંદ (ગ્રામ્ય) | ૧૧૬૧ | ૧ | વડોદરા શહેર પૂર્વ | ૪૯૩ |
| ૨ | આણંદ (શહેર) | ૨૯૦ | ૨ | વડોદરા શહેર પશ્ચિમ | ૨૧૮ |
| ૩ | ઉમરેઠ | ૩૦૮ | ૩ | વડોદરા શહેર ઉત્તર | ૧૫૩ |
| ૪ | આંકલાવ | ૪૫૮ | ૪ | વડોદરા શહેર દક્ષિણ | ૨૦૦ |
| ૫ | પેટલાદ | ૪૪૦ | ૫ | વડોદરા ગ્રામ્ય | ૩૯૩ |
| ૬ | બોરસદ | ૭૧૨ | ૬ | પાદરા | ૬૧૯ |
| ૭ | સોજીત્રા | ૧૭૫ | ૭ | કરજણ | ૩૨૨ |
| ૮ | ખંભાત | ૧૪૬ | ૮ | સાવલી | ૨૬૭ |
| ૯ | તારાપુર | ૧૮૨ | ૯ | ડેસર | ૧૧૫ |
| | | | ૧૦ | ડભોઈ | ૫૪૪ |
| | | | ૧૧ | શિનોર | ૬૧ |
| | | | ૧૨ | વાઘોડીયા | ૧૫૯ |

(૨) ઉક્ત સ્થિતિએ પ્રતિ લાભાર્થી કેટલી સહાય ચૂકવવામાં આવે છે,

(૨) પ્રતિ લાભાર્થીને રૂ.૭૫૦/- તથા લાભાર્થીના આધારિત બાળકોને બાળક દીઠ રૂ.૧૦૦/- (બે બાળકોની મર્યાદામાં) દર માસે સહાય ચૂકવવામાં આવે છે.

(૩) ઉક્ત સ્થિતિએ સદર લાભાર્થીઓને પ્રતિમાસ નિયમિત પેન્શન મળતું નથી તે હકીકત સાચી છે, અને જો હા, તો તે સમસ્યા નિવારવા ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શા પગલા લેવામાં આવેલ છે, અને

(૩) લાભાર્થી દ્વારા આ અંગે કોઈ ફરીયાદ મળેલ નથી. આમ છતાં નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવે છે.

૧. નિયમિત ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે.
૨. પોસ્ટ ઓફીસો સાથે નિયમિત સંકલન કરવામાં આવે છે.
૩. પોસ્ટ ઓફીસમાં Core Banking Solution (CBS) સીસ્ટમ કાર્યરત પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર નિયમિત પેન્શન મળે તે અર્થે શી મોનીટરીંગ વ્યવસ્થા કરવામાં આવેલ છે?

(૪) રાજ્યકક્ષાએ તેમજ જિલ્લા કક્ષાએ પોસ્ટ ખાતા, દહેજ પ્રતિબંધક અધિકારી અને મામલતદાર સાથે નિયમિત સંકલન કરવામાં આવે છે.

----------

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઝીરો અવર્સ...

અધ્યક્ષશ્રી : મેં નામંજુર કરેલ છે. કોઇ તાજેતરની ઘટના નથી અને મંત્રીશ્રીને મેં પૂછ્યું તો સરકારશ્રી તરફથી કોઇ મંત્રીશ્રીની આપે મંજૂરી લીધી હોય તો મને કહો? પ્લીઝ, પ્લીઝ. (અંતરાય) નહિ, મારે મંત્રીશ્રીને તક આપવી પડે અને આપ બોલો પછી ચર્ચા ચાલુ રહે. મેં નામંજૂર કરી છે એની ચર્ચા ન કરીએ, નહિ, નહિ પ્લીઝ , ઝીરો અવર્સ તાજેતરની કોઇ ઘટનાનો હોવો જોઇએ અને મંત્રીશ્રી સંમત હોય તો મંત્રીશ્રીએ મને જાણ કરવાની હોય છે. પ્લીઝ, પ્લીઝ બલવંતસિંહજી આપ બધા નિયમોથી ખૂબ જાણકાર છો. આપણે ત્યાં ઝીરો અવર્સથી પ્રથા પણ નથી. ઝીરો અવર્સ ઊભો કરવા માગો તો મંત્રીશ્રી સંમત હોય તો મને વાંધો ન હોઇ શકે. પ્લીઝ. આપણી પરંપરા આ જ છે. નિયમોમાં જોગવાઇ નથી. આપણે ઝીરો અવર્સમાં ચર્ચા કરવી હોય તો સામે કોઇ જવાબ આપવા સરકારશ્રીમાંથી કોઇ વિભાગના મંત્રીશ્રી હા પાડે તો ને. પ્લીઝ, પ્લીઝ , આપ બેસી જાઓ. પ્લીઝ, આપની ત્રણે ત્રણ નોટિસો મેં જોઇ છે. તાજેતરની કોઇ ઘટના નથી. પ્લીઝ , પ્લીઝ , પ્લીઝ. આપ બેસી જાઓ.(આ તબક્કે વિરોધપક્ષના સભ્યશ્રીઓ દ્વારા પ્લેકાર્ડ બતાવીને સૂત્રોચ્ચાર કરતા) પ્લીઝ , આપની નોટિસ છે, એના વિધાનસભાના બીજા નિયમોનુસાર આપ યોગ્ય કાર્યવાહી કરી શકો છો. ઝીરો અવર્સમાં ચર્ચા નથી કરી શકતા. પ્લીઝ. અત્યારે આ પ્રકારના પ્રદર્શન ન કરીએ. પ્લીઝ, પ્લીઝ. આપ સૌને બેસવાની મારી વિનંતી છે. બલવંતસિંહજી આપ બધાને બેસાડી દો. આ પ્રકારના કોઇપણ પ્રદર્શન આપણે ગૃહમાં કરી શકતા નથી. આપ સૌ સિનિયર સભ્ય છો. વિધાનસભાના નિયમોથી આપણે બધા વાકેફ છીએ. આપ સૌને મારી વિનંતી છે કે બેસી જાઓ. પ્લીઝ, અત્યારે આ અંગેની કોઇ ચર્ચા આપણે કરી શકીએ નહિ. પ્લીઝ. બધા સભ્યશ્રીઓ બેસી જાઓ. પ્લીઝ. બલવંતસિંહજી આપ બધા સભ્યોને બેસાડો. આજે આપણું કામકાજ ઘણું બધું છે. પ્લીઝ. આપ વિધાનસભાનાનિયમોનુસાર બીજી નોટિસ અમને આપજો. પ્લીઝ . આપણે ત્યાં ઝીરો અવર્સની કોઇ પ્રથા નથી. અને ઝીરો અવર્સમાં ચર્ચા કરવી હોય તો મંત્રીશ્રીની સંમતિ જોઇએ અને આવી કોઇ સંમતિ મને મળી નથી. પ્લીઝ . ગૃહના સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે આપ બેસી જાઓ. બલવંતસિંહજી આપ સૌને વિનંતી કરો કે બેસી જાય. પોતાનું સ્થાન ગ્રહણ કરો. પ્લીઝ . આપ

બેસી જાઓ. આપ બેસી જાઓ. આ તાજેતરની ઘટના નથી. કોઇ મંત્રીશ્રી એનો જવાબ આપવા માટે મને સંમતિ આપવી જોઇએ તો હું ચર્ચા કરી શકું. આપણે ત્યાં ઝીરો અવર્સની પ્રથા નથી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : આ નિયમથી જ અમે નોટિસ આપી છે. નિયમો સિવાયની કોઇ નોટિસ આપી નથી.

અધ્યક્ષશ્રી : ઝીરો અવર્સનો કોઇ નિયમ જ નથી. પ્રથા છે. ઝીરો અવર્સનો કોઇ નિયમ જ નથી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : વર્ષોની આપણી પરંપરા રહી છે.

અધ્યક્ષશ્રી : ઝીરો અવર્સનો કોઇ નિયમ જ નથી. નહીં, પણ ઝીરો અવર્સનો આપણે ત્યાં કોઇ નિયમ જ નથી. પ્લીઝ આપણી પ્રણાલિકાઓ છે કે ઝીરો અવર્સની નિયમમાં જોગવાઇ નથી અને ચર્ચા કરવી હોય તો સભ્યશ્રીએ મંત્રીને પણ જણાવવું પડે, મને જણાવવું પડે, મંત્રીશ્રી સંમતિ આપે તો આપણે ચર્ચા કરીએ છીએ. એટલા માટે મેં નામંજૂર કરી છે. પ્લીઝ આપણે બીજું ઘણું બધું કામ છે. આપ સૌને વિનંતી છે કે આપ બેસી જાઓ. નહીં નહીં પ્લીઝ. બલવંતસિંહજી આપ બેસી જાઓ. આ બધાને વિનંતી કરું છું બેસી જાઓ. પ્લીઝ છેલ્લીવાર આપ સૌને વિનંતી કરું છું કે આપ પ્લેકાર્ડ મૂકી દો અને બેસી જાઓ. નેક્સ્ટ. નહીં નહીં.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : નહીં પણ કોઇ બાબત જ નથી તો શેનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : નહીં નહીં કંઇ બાબત છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : પ્લીઝ. એક મિનિટ એમને સાંભળી લો. કંઇ બાબત છે બોલો?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભામાં વિશેષાધિકાર ભંગની મેં આપને નોટિસ આપી છે.

અધ્યક્ષશ્રી : તેની અહીં અંદર ચર્ચા ન થાય પ્લીઝ.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તેની સામેનો અમારો મુદ્દો છે.

અધ્યક્ષશ્રી : તે નોટિસના અનુસંધાનમાં અમે કાર્યવાહી શરૂ કરી છે. તેની ચર્ચા અહીં અંદર નથી કરી શકતા. તેનો જવાબ આપને મળશે. આપની નોટિસ મને મળી ગઇ એ જ દિવસે મેં કાર્યવાહી કરવા માટે મોકલી આપી છે. તેની ચર્ચા અહીંયાં ના થઇ શકે. હું આપને જવાબ આપી દઇશ. હું આપને જવાબ આપીશ પ્લીઝ. આ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી. વિશેષાધિકાર બાબતમાં આપની નોટિસના અનુસંધાને કાર્યવાહી ચાલુ જ છે. તેની અંદર કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર અહીં ના થઇ શકે. પ્લીઝ નહીં નહીં. નેક્સ્ટ સચિવશ્રી. આપને જવાબ મળી જશે. આપને જવાબ હું આપીશ. મેં વાત સાંભળી લીધી. તેમની આખી નોટિસ મેં વાંચી છે. તાત્કાલિક સચિવશ્રીને આપ્યું છે અને તેના ઉપર કાર્યવાહી ચાલુ છે. પ્લીઝ એમને જવાબ બને તેટલો વહેલો મળી જશે. પ્લીઝ આ પ્રકારના પ્લેકાર્ડ ન બતાવો. આપ બેસી જાઓ બધા સિનિયર સભ્ય છો. બલવંતસિંહજી આપને વિનંતી છે બધાને બેસાડી દો પ્લીઝ. વિશેષાધિકાર ભંગની તેમની નોટિસ મને મળી છે. તેના અનુસંધાને મારે કાર્યવાહી કરવાની હોય છે. તે નિયમાનુસાર હશે તો તેમને તક પણ આપીશ અને નિયમાનુસાર નહીં હોય તો તેમને જવાબ પણ આપીશ. પ્લીઝ. (સતત અંતરાય) પ્લીઝ બધા સભ્યશ્રીઓને વિનંતી છે કે આપ પોતાનું સ્થાન ગ્રહણ કરો. આજે પણ આપણે ઘણું બધું કામ છે. સવાચાર વાગ્યે આપણે મતદાન પૂરું કરવાનું છે. આજે માગણીઓ પરની ચર્ચાનો છેલ્લો દિવસ છે. બલવંતસિંહજી હું ફરી એકવાર વિનંતી કરું છું કે આપ તમામ સભ્યશ્રીઓને બેસાડો. પ્લીઝ છેલ્લીવાર કહું છું આપ બેસી જાઓ. મારે કોઇને સસ્પેન્ડ કરવા નથી. ત્રણ દિવસ બાકી છે. આપ બેસી જાઓ. ખૂબ સારી રીતે ગૃહ ચાલ્યું છે અને ચાલવા દો. મારે કોઇને સસ્પેન્ડ કરવા નથી આપ બેસી જાઓ પ્લીઝ. બલવંતસિંહજી પ્લીઝ આપના સભ્યશ્રીઓને કહો. તમારી બધી લાગણી મને મળી ગઇ છે. પ્લીઝ છેલ્લીવાર કહું છું આપ પોતાના સ્થાન પર બેસો કાં તો બહાર જાઓ નહીં તો મારે સસ્પેન્ડ કરવા પડશે. પ્લીઝ મારે પછી સસ્પેન્ડ કરવા પડશે. પ્લીઝ પ્લીઝ. (સતત અંતરાય)

(આ તબક્કે વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓ પ્લેકાર્ડ બતાવતાં બતાવતાં વૉકઆઉટ કરી ગયા)

તા. ૨૮મી માર્ચ, ૨૦૧૬

માનનીય રા. ક.ના રમતગમત મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

માનનીય રા. ક.ના રમતગમત મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

શ્રી નાનુભાઇ ભ. વાનાણી ( રા. ક. ના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આપણું ગુજરાત રાજય વિકાસના અન્ય ક્ષેત્રોમાં જેમ અગ્રેસર રહે છે તેમ ગુજરાતને ખેલ ક્ષેત્રે પણ રાષ્ટ્રીય તથા આંતર રાષ્ટ્રીય કક્ષાએ અગ્રેસર રાખવા સરકારે સુગઠિત પ્રયાસો હાથ ધરેલ છે, અને જુદા જુદા કાર્યક્રમો અને યોજના અમલમાં મૂકી છેવાડાના નાગરીકો સુધી આવા લાભો પહોંચાડવાના પ્રયત્નો કરેલ છે. તાજેતરમાં રાજય સરકારે ખેલ નીતિ ૨૦૧૬ જાહેર કરેલ તે અંગે મે તા.૯-૩-૨૦૧૬ના રોજ સન્માનીય સભાગૃહ સમક્ષ નિવેદન કરેલ હવે રાજયના રમતગમત ક્ષેત્રે માનનીય મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના માર્ગદર્શન અને પ્રેરણાથી (૧) ખેલ જગતમાં દિવ્યાંગ ખેલાડીઓ માટે ખેલ પુરસ્કાર તથા (૨) રાજયના નિવૃત્ત રમતવીરોના પેન્સનમાં વધારો એમ બંને બાબતોમાં સરકારે લીધેલ અગત્યના નિર્ણયની માનનીય અધ્યક્ષશ્રીની પરવાનગીથી નીચે મુજબ સૌ પ્રથમ આ સન્માનીય સભાગૃહ સમક્ષ હું નિવેદન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર ખેલ પ્રતિભાઓને દરેક તબક્કે સહાય તથા પ્રોત્સાહનો આપવા માટે પ્રતિબદ્ધ છે. રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય કક્ષાએ રમત સ્પર્ધાઓમાં ગુજરાતને ગૌરવ અપાવે તેવા સિદ્ધિમાન ખેલાડીઓને પુરસ્કૃત કરવા તથા તેઓને બિરદાવવા માટે ખેલ પુરસ્કાર યોજના અમલમાં છે. જેમાં આંતર રાષ્ટ્રીયકક્ષાએ યોજાતા ઓલમ્પિક ગેમ્સ, એશિયન ગેમ્સમાં વિજેતાઓને તથા રાષ્ટ્રીયકક્ષાના નેશનલ ગેમ્સ અને નેશનલ ચેમ્પીયનશીપમાં ગુજરાતના ખેલાડીઓને વ્યક્તિગત ધોરણે તથા સાંઘીક રમતોમાં રોકડ પુરસ્કાર આપવાની યોજના અમલમાં છે. તે અભિગમને વધુ વિસ્તારીને શારીરિક રીતે સક્ષમ ન હોય તેવા દિવ્યાંગ ખેલાડીઓ માટેની પેરાઓલમ્પિક, સ્પેશિયલઓલમ્પિક, હીયરીંગ ઇમ્પેર્ડ અને વિઝ્યુઅલી ઇમ્પેર્ડ ખેલાડીઓની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની રમતોમાં વિજેતા નિવડેલ ખેલાડીઓને પ્રોત્સાહન આપવાની બાબતે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ પ્રેરણા આપેલ તે અંગે દિવ્યાંગ ખેલાડીઓને પુરસ્કાર આપવાની નીચે મુજબની વિગતોની હું માનનીય સભાગૃહ સમક્ષ જાહેરાત કરતાં આનંદની લાગણી અનુભવું છું.

વ્યક્તિગત રમતના વિજેતાઓને રોકડ પુરસ્કાર.

(અ) પેરા સ્પોર્ટસઃ ઔલમ્પિક ગેમ્સમાં જે ખેલાડી સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કરે તેને રૂપિયા ૫ કરોડ, રજત ચંદ્રદ પ્રાપ્ત કરે એને રૂપિયા ૩ કરોડ, અને કાસ્ય ચંદ્રક પ્રાપ્ત કરે એને રૂપિયા ૨ કરોડ રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

એશિયન ગેમ્સમાં સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કરે એને રૂપિયા ૨ કરોડ, રજત ચંદ્રદ પ્રાપ્ત કરે એને રૂપિયા ૧ કરોડ, અને કાસ્ય ચંદ્રક પ્રાપ્ત કરે એને રૂપિયા ૫૦ લાખ રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

કોમનવેલ્થ ગેમ્સ (પેરા એથ્લેટીક્સ)માં સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કરે એને રૂપિયા ૧ કરોડ, રજત ચંદ્રક પ્રાપ્ત કરે એને રૂપિયા ૫૦ લાખ, અને કાસ્ય ચંદ્રક પ્રાપ્ત કરે એને રૂપિયા ૨૫ લાખ રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

કોમનવેલ્થ ગેમ્સ/એશિયન ચેમ્પીયનશીપ (સિનીયર્સ)માં સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કરે એને રૂપિયા ૫૦ લાખ, રજત ચંદ્રક પ્રાપ્ત કરે એને રૂપિયા ૩૦ લાખ, અને કાસ્ય ચંદ્રક પ્રાપ્ત કરે એને રૂપિયા ૨૦ લાખ રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

કોમનવેલ્થ ગેમ્સ એશિયન ચેમ્પીયનશીપ (જુનીયર)માં સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કરે એને રૂપિયા ૨૫ લાખ, રજત ચંદ્રક પ્રાપ્ત કરે એને રૂપિયા ૧૫ લાખ, અને કાસ્ય ચંદ્રક પ્રાપ્ત કરે એને રૂપિયા ૧૦ લાખ રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

(બ) બ્લાઇન્ડ સ્પોર્ટસ (વિઝ્યુઅલી ઇમ્પેર્ડ)

ઈવેન્ટનું નામઃ આઇ.બી.એસ.એ., સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કરે એને રૂપિયા ૧૫ લાખ, રજત ચંદ્રક પ્રાપ્ત કરે એને રૂપિયા ૧૦ લાખ, અને કાસ્ય ચંદ્રક પ્રાપ્ત કરે એને રૂપિયા ૫ લાખ રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

(ક) હીયરીંગ ઇમ્પેર્ડ સ્પોર્ટસ

ઈવેન્ટનું નામઃ ડેફલીમ્પિક્સ, સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કરે એને રૂપિયા ૧૫ લાખ, રજત ચંદ્રક પ્રાપ્ત કરે એને રૂપિયા ૧૦ લાખ, અને કાસ્ય ચંદ્રક પ્રાપ્ત કરે એને રૂપિયા ૫ લાખ રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

(ડ) સ્પેશિયલ ઓલમ્પિક્સ સ્પોર્ટસ

ઈવેન્ટનું નામઃ સ્પેશિયલ ઓલમ્પિક્સ વર્લ્ડ ગેમ (ઇન્ટરનેશનલ) (મેન્ટલી ચેલેન્જ ખેલાડીઓ માટે) સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કરે એને રૂપિયા ૧૫ લાખ, રજત ચંદ્રક પ્રાપ્ત કરે એને રૂપિયા ૧૦ લાખ, અને કાસ્ય ચંદ્રક પ્રાપ્ત કરે એને રૂપિયા ૫ લાખ રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

આંતર રાષ્ટ્રીય કક્ષાની સાંઘીક રમતોમાં દિવ્યાંગ ખેલાડીઓને રોકડ પુરસ્કારની રકમ નીચે મુજબ ચૂકવવામાં આવશે.

ડબલ જેવી ઈવેન્ટમાં અથવા બે ખેલાડીઓની ટીમમાં વિજેતા થનાર ખેલાડીને વ્યકિતગત રોકડ પુરસ્કારની ૫૦ ટકા રકમ અને ટીમ ઈવેન્ટમાં વ્યકિતગત રોકડ પુરસ્કારની રકમના ૩૩ ટકા રકમ આપવામાં આવશે.

જ્યારે ઉપરની કેટેગરી (અ) થી (ડ)માં નેશનલ જુનીયર અને સિનીયર ચેમ્પીયનશીપ માટે નીચે મુજબની રકમના રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

(અ) પેરા સ્પોર્ટસ

વ્યક્તિગત રમતના વિજેતા ખેલાડીઓને નીચે મુજબ રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

| પદકનું નામ | પેરા સ્પોર્ટસ | વિઝ્યુઅલી ઇમ્પેર્ડ સ્પોર્ટસ | હીયરીંગ ઇમ્પેર્ડ સ્પોર્ટસ | સ્પેશીયલ ઓલિમ્પિક્સ સ્પોર્ટસ |
|---|---|---|---|---|

| | | | | |
|---|---|---|---|---|
| સુવર્ણ | રૂ.૨ લાખ | રૂ.૩૦ હજાર | રૂ.૩૦ હજાર | રૂ.૩૦ હજાર |
| રજત | રૂ.૧ લાખ | રૂ.૨૦ હજાર | રૂ.૨૦ હજાર | રૂ.૨૦ હજાર |
| કાંસ્ય | રૂ.૫૦ હજાર | રૂ.૧૫ હજાર | રૂ.૧૫ હજાર | રૂ.૧૫ હજાર |

જ્યારે ટીમ રમતમાં ટીમના દરેક ખેલાડીને નીચે મુજબના પુરસ્કાર આપવામાં આવશે.

| પદકનું નામ | પેરા સ્પોર્ટસ | સ્પોર્ટસ (વિઝ્યુઅલી ઈમ્પેર્ડ) | હીયરીંગ ઈમ્પેર્ડ સ્પોર્ટસ | સ્પેશીયલ ઓલિમ્પિક્સ સ્પોર્ટસ |
|---|---|---|---|---|
| સુવર્ણ | રૂ.૫૦ હજાર | રૂ.૭,૫૦૦ | રૂ.૭,૫૦૦ | રૂ.૭,૫૦૦ |
| રજત | રૂ.૨૫ હજાર | રૂ. ૫,૦૦૦ | રૂ.૫,૦૦૦ | રૂ.૫,૦૦૦ |
| કાંસ્ય | રૂ.૧૨,૫૦૦ | રૂ.૩,૫૦૦ | રૂ.૩,૫૦૦ | રૂ.૩,૫૦૦ |

વધુમાં હરિયાણા રાજ્ય જનરલ કેટેગરીના ખેલાડીઓ માટેના નિયત કરેલ રોકડ પુરસ્કારમાં નીચે મુજબની સ્પર્ધાઓનો સમાવેશ કરેલ છે. તે મુજબ આપણા રાજ્યમાં નીચે મુજબ પુરસ્કાર આપવા કરેલ જોગવાઈ અંગે સન્માનનીય સભાગૃહ સમક્ષ હું જાહેરાત કરું છું.

| ક્રમ | પદકનું નામ | વર્લ્ડકપ /ચેમ્પિયનશીપ દર ચાર વર્ષે અથવા દર વર્ષે | વર્લ્ડ યુનિવર્સિટી ગેમ/ ચેમ્પિયનશીપ ગેમ્સ | યુથ ઓલમ્પિક ગેમ્સ | યુથ એશીયન ગેમ્સ | યુથ કોમનવેલ્થ ગેમ્સ | એસ.એ.એફ ગેમ્સ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સુવર્ણ | રૂ.૧૦ લાખ | રૂ.૭ લાખ | રૂ.૧૦લાખ | રૂ.૭ લાખ | રૂ.૫ લાખ | રૂ.૩ લાખ |
| ૨ | રજત | રૂ.૮ લાખ | રૂ.૫ લાખ | રૂ.૭.૫લાખ | રૂ.૫ લાખ | રૂ.૩ લાખ | રૂ.૧ લાખ |
| ૩ | રજત | રૂ.૬ લાખ | રૂ.૩ લાખ | રૂ.૫ લાખ | રૂ.૩ લાખ | રૂ.૨ લાખ | રૂ.૧ લાખ |

વધુમાં રાજ્ય સરકારે નિવૃત્ત રમતવીરોના પેન્શનમાં કરેલ વધારા અંગે હું સન્માનનીય ગૃહ સમક્ષ નીચે મુજબ રજૂઆત કરું છું.

રાજ્ય સરકાર દ્વારા હાલ નિવૃત્ત રમતવીરોને પેન્શન આપવાની યોજના અમલમાં છે. તદઅનુસાર રમતગમતમાં રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નોંધપાત્ર ફાળો આપનાર, ૫૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા અને માસિક રૂ. ૨,૫૦૦/– ની આવક ધરાવતા નિવૃત્ત રમતવીરોને માસિક રૂ.૧,૫૦૦ નું પેન્શન આપવામાં આવતું હતું તેમાં હવે કોઈપણ જાતની આવકની મર્યાદા વગર માસિક રૂ.૩,૦૦૦/–નું પેન્શન આપવાનું રાજ્ય સરકારે નક્કી કર્યું છે.

ઉપરોક્ત બન્ને નિર્ણયોનો અમલ આગામી ૨૦૧૬–૧૭ ના નાણાંકીય વર્ષથી કરવામાં આવશે.

આમ, ગતિશીલ ગુજરાતના પ્રણેતા માનનીય મુખ્યમંત્રીશ્રીની દીર્ઘદ્દષ્ટિ અને પ્રેરણાથી કરેલ ઉપરોક્ત બે આગવા નિર્ણયોની માનનીય સભાગૃહ સમક્ષ જાણકારી સાથે મારું નિવેદન પૂર્ણ કરવાની માનનીય અધ્યક્ષશ્રીની પરવાનગી લઉં છું.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આપણે રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓમાં રમશે ગુજરાત, જીતશે ગુજરાત એમાં તો ગુજરાત રમે તો ગુજરાત જ જીતેને? આખું વિશ્વ રમે અને ગુજરાત જીતે એ પરિસ્થિતિનું નિર્માણ ત્યારે જ થાય જ્યારે આપણે સારા કોચીસ આપી શકીએ. મોટાભાગના કોચીસની જગ્યાઓ ખાલી છે અને આપણે જે રકમનો વધારો કર્યો છે એ રકમ અત્યારના સમયના પ્રમાણમાં ઘણી ઓછી છે. 'દેર આયે દુરસ્ત આયે' પણ હજી વધારે રકમ વધારીએ અને કોચીસની જગ્યાઓ ખૂબ ખાલી છે એ કોચીસની જગ્યાઓ ક્યા સુધીમાં ભરવાનું આયોજન છે?

શ્રી નાનુભાઈ ભ. વાનાણી : કોચીસ ભરવાની પ્રક્રિયા ચાલુ છે હમણાં જ ખેલ મહાકુંભની પૂર્ણાહુતિ સમારંભ હતો, એમાં પણ ૬૦ નવા કોચીસને નિમણુંક પત્રો આપ્યા છે અને બાકીની કાર્યવાહી ચાલુ છે અને ઝડપથી ભરવામાં આવશે. બાકીનું સૂચન છે.

શ્રી શૈલેષ મ. પરમાર : મારે માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવું છે કે, મંત્રીશ્રીએ નિયમ–૪૪ મુજબ ઘોષણા કરી છે, પણ ખાસ કરીને રાજ્ય સરકારના ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ના બજેટમાં ૭૯૫ કરોડ રૂપિયા જેવી રકમ ફાળવવામાં આવી હતી, એમાંથી ૩૦૪ કરોડ રૂપિયાની રકમ વણ વપરાયેલી પડી રહી છે, તમે એકબાજુ રમતવીરોને સહાય માટેની યોજનાઓ જાહેર કરો છો અને બીજીબાજુ સરકારના પોતાના બજેટમાં જોગવાઈ ૭૯૫ કરોડ રૂપિયા કરવામાં આવી અને એમાંથી ૩૦૪ કરોડ રૂપિયા વણ વપરાયેલા પડ્યા રહ્યા છે તો આના માટે સરકાર શું વિચારે છે?

શ્રી નાનુભાઈ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, રમત ગમત વિભાગની એક પૈસાની રકમ લેપ્સ જતી નથી તે તારીખનું કહે છે તે મને ખબર નથી પણ લેપ્સ જતી નથી તેની મને ખબર છે.

તા. ૨૮મી માર્ચ, ૨૦૧૬

## કામકાજ સલાહકાર સમિતિના અહેવાલની રજૂઆત

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું એટલે જ કહુ છું કે આજની પ્રશ્નોત્તરીમાં ૧૭૩ પ્રશ્ન જે મારો પોતાનો જ પ્રશ્ન છે. તેમાં આપે કિલયરલી લખેલું છે અને તેના આધારે જ હું આપને પૂછી રહ્યો છું.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પ્રશ્ન કરે છે પરંતુ એક રૂપિયાની રકમ લેપ્સ જતી નથી બધી જ રકમ વપરાઇ જાય છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ઓફિશ્યલ ૪ કરોડ રૂપિયા બે વર્ષના વણ વપરાયેલા પડયા રહ્યાં અને આ આજની પ્રશ્નોત્તરીની ચોપડી છે.

અધ્યક્ષ શ્રી : મંત્રીશ્રી અત્યારે આપની પાસે જવાબ ના હોય તો સભ્યશ્રીને પછી આપજો.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આનો જે કંઇ જવાબ હશે તે હું પછીથી માનનીય સભ્યશ્રીને મોકલી આપીશ.

અધ્યક્ષશ્રી : માહિતી સભ્યશ્રીને મોકલી આપજો, નેક્સ્ટ.

### કામકાજ સલાહકાર સમિતિના અહેવાલની રજૂઆત

### કામકાજ સલાહકાર સમિતિનો અગિયારમો અહેવાલ

અધ્યક્ષશ્રી : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ હું કામકાજ સલાહકાર સમિતિનો અગિયારમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક મંગળવાર, તા.૨૨મી માર્ચ, ૨૦૧૬ના રોજ બપોરના ૧-૧૫ વાગ્યે અધ્યક્ષના સમિતિખંડમાં મળી હતી. સમિતિએ નીચે મુજબની ભલામણો કરી છે.

૧. મંગળવાર, તા.૨૯-૩-૨૦૧૬ના રોજ વધારાના ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન બાદ " દેશદ્રોહી તત્વો સામે રાજ્ય સરકારના ઝીરો ટોલરન્સ અભિગમ" અંગેનો વૈધાનિક અને સંસદીય બાબતોના રાજયકક્ષાના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાનો નિયમ-૧૨૦ હેઠળનો સંકલ્પ વિચારણા માટે હાથ ધરવો અને તેને ૯૦ મિનિટનો સમય ફાળવવો તથા ત્યારબાદ સન-૨૦૧૫ના વટહુકમ ક્રમાંક-૨-સન ૨૦૧૫નો ગુજરાત પંચાયત(સુધારા) વટહુકમને નામંજૂર કરવા અંગેનો માનનીય સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતનો નિયમ-૧૫૨(૨)હેઠળનો પ્રસ્તાવ વિચારણા માટે હાથ ધરવો અને તેને ૩૦ મિનિટનો સમય ફાળવવો.

૨. બુધવાર, તા.૩૦મી માર્ચ, ૨૦૧૬ના રોજ નીચે દર્શાવેલ ક્રમમાં સરકારી વિધેયકો તેની વિચારણા માટેનો સમય લંબાવીને હાથ ધરવા અને વિચારણા પૂરી કરવી. ત્યાર બાદ બિન-સરકારી સંકલ્પોનું કામકાજ હાથ ધરવું.

(૧) સન ૨૦૧૬નું વિનિયોગ વિધેયક.

(૨) સન ૨૦૧૬નું વિનિયોગ (વધારાના ખર્ચ ) વિધેયક.

(૩) સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક-૨૫-સન ૨૦૧૬નું ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા)વિધેયક.

(૪) સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક-૨૬-સન ૨૦૧૬નું ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા (સુધારા) વિધેયક.

(૫) સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક-૪-સન ૨૦૧૬નું રજિસ્ટ્રેશન (ગુજરાત સુધારા) વિધેયક.

૩. ગુરુવાર તા.૩૧મી માર્ચ, ૨૦૧૬ના રોજ નીચે દર્શાવેલા સરકારી વિધેયકો તેની વિચારણા માટેનો સમય લંબાવીને હાથ ધરવા અને વિચારણા પૂરી કરવી. ત્યાર બાદ છેલ્લા દિવસનો પ્રસ્તાવ હાથ ધરવો.

(૬) સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક-૧૭-સન ૨૦૧૬નું ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ (સુધારા) વિધેયક.

(૭) સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક-૫-સન ૨૦૧૬નું જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર (ગુજરાત સુધારા) વિધેયક.

(૮) સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક-૨૭-સન ૨૦૧૬નું ગુજરાત રાજ્ય ઉચ્ચ શિક્ષણ પરિષદ વિધેયક.

(૯) સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક-૨૩-સન ૨૦૧૬નું ગુજરાત ખાનગી યુનવર્સિટી (સુધારા) વિધેયક.

(૧૦) સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક-૨૪-સન ૨૦૧૬નું ગણપત યુનિવર્સિટી (સુધારા ) વિધેયક.

### સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના અગિયારમા અહેવાલ સાથે સંમત થાય.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

### માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

### નાણા વિભાગ માગણી નંબર - ૧૫

શ્રી સૌરભભાઇ પટેલ (નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાણા વિભાગને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૨૧,૦૩,૭૬,૦૦૦/-ની માગણી ક્રમાંક ૧૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંક-૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક– ૧ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક – ૧ રજૂ કરવામાં આવી.
શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક– ૩ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક – ૩ રજૂ કરવામાં આવી.
શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક– ૪ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક – ૪ રજૂ કરવામાં આવી.
ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક– ૫ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક – ૫ રજૂ કરવામાં આવી.
શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક– ૬ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક – ૬ રજૂ કરવામાં આવી.
શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક– ૭ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક –૭ રજૂ કરવામાં આવી.
શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક– ૮ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક –૮ રજૂ કરવામાં આવી.
શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક – ૯ રજૂ કરવામાં આવી.
શ્રી જિતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક– ૧૦ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક –૧૦ રજૂ કરવામાં આવી.
શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક– ૧૧ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૧ રજૂ કરવામાં આવી.
શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૨ રજૂ કરવામાં આવી.
શ્રી પૂનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક– ૧૪ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૪ રજૂ કરવામાં આવી.
શ્રી મોહમદજાવેદ અ. પીરજાદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક– ૧૫ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૫ રજૂ કરવામાં આવી.
શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૬ રજૂ કરવામાં આવી.
શ્રી અનિલભાઇ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક– ૧૭ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક –૧૭ રજૂ કરવામાં આવી.
શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૮ રજૂ કરવામાં આવી.
શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૯ રજૂ કરવામાં આવી.
શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક– ૨૦ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૦ રજૂ કરવામાં આવી.
શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક– ૨૧ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક –૨૧ રજૂ કરવામાં આવી.
શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૨ રજૂ કરવામાં આવી.
શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક– ૨૩ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક –૨૩ રજૂ કરવામાં આવી.
શ્રી ભોળાભાઇ ભી. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક –૨૪ રજૂ કરવામાં આવી.
શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક– ૨૫ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૫ રજૂ કરવામાં આવી.
શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક –૨૭ રજૂ કરવામાં આવી.
(નાણા વિભાગ)

તા. ૨૮મી માર્ચ, ૨૦૧૬

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

માગણી ક્રમાંક.૧૭

શ્રી સૌરભભાઇ પટેલ : (નાણા મંત્રીશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, હું તિજોરી અને હિસાબ વહીવટને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧,૫૭,૪૦,૨૧,૦૦૦/-ની માગણી ક્રમાંક-૧૭ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૯ રજૂ કરવામાં આવી.

(નાણા વિભાગ)

માગણી ક્રમાંક.૧૮

શ્રી સૌરભભાઇ પટેલ : (નાણા મંત્રીશ્રી) માનનીય અધ્યક્ષ શ્રી, હું પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૮૦,૬૩,૩૦,૪૨,૦૦૦/-ની માગણી ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરુ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક -૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક -૩૨ રજૂ કરવામાં આવી.

સન ૨૦૧૬-૧૭ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી સોમવાર, તા. ૨૮-૦૩-૨૦૧૬ (બારમો અને છેલ્લો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી

| અનુ. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | નાણા વિભાગ<br>માગણી નં ૧૫ | | |
| ૧ | ૨૦૫૨-સચિવાલય... સેવાઓ<br>૦૯૦ – સચિવાલય<br>૦૧- નાણા વિભાગ<br>રૂ. ૨૦,૯૮,૭૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૬<br>પા.નં. ૬૪અને ૬૫ | ૧૦૦ | નાણાંકીય બાબતોની મંજૂરી અર્થે નાણાં વિભાગમાં આવતી જુદાં-જુદાં વિભાગોની ફાઇલોનો સમયસર નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સી. કે. રાઉલજી |
| ૨ | -- " -- | ૧૦૦ | રાજ્યનું જાહેર દેવું દિનપ્રતિદિન વધતું જ જાય છે તે અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૩ | -- " -- | ૧૦૦ | અંદાજો આંકી પૂરક ખર્ચ મંજૂર કરાય છે પરંતુ મુળ જોગવાઇઓ જેટલો પણ ખર્ચ થતો નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૪ | -- " -- | ૧૦૦ | રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ/ નિગમ/ કંપનીઓના ઓડિટ હિસાબો નાણા વિભાગના તા. ૦૧-૦૭-૨૦૧૦ના પરિપત્રની સુચના મુજબ દર વર્ષે કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૫ | -- " -- | ૧૦૦ | ઘરભાડા ભથ્થુ ૨૦% થી વધારી ૩૦% કરવા બાબતનો કેન્દ્ર સરકારનો પરિપત્ર હોવા છતાં રાજ્ય સરકારના કર્મચારીઓ માટે | ડૉ.તેજશ્રીબેન પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | તેનો અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૬ | -- " -- | ૧૦૦ | નાણા વિભાગના તાબા હેઠળના ગુજરાત સ્ટેટ ફાઇનાન્શીયલ સર્વીસ લી.એ નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪માં રૂ. ૬૪.૯૧ કરોડની ખોટ કરેલ છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર (જોઇતાભાઇ પટેલ) |
| ૭ | -- " -- | ૧૦૦ | નાણાકીય શિસ્ત અંગે વિવિધ જોગવાઇઓ હોવા છતા પણ બજેટના સંદર્ભમાં થતી બેદરકારીઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મંગળભાઇ ગાવિત (ગૌતમભાઇ ચૌહાણ) |
| ૮ | ૨૦૫૨-સચિવાલય... સેવાઓ<br>૦૯૦ - સચિવાલય<br>૦૧- નાણા વિભાગ<br>રૂ. ૨૦,૯૮,૭૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૬<br>પા.નં. ૬૪અને ૬૫ | ૧૦૦ | નાણા વિભાગમાં ઉચ્ચ અધિકારીઓની જગ્યાઓ પર નિવૃત્ત થયેલ અધિકારીઓને કરાર આધારીત પુનઃ નિમણૂંક આપી ભરવાને બદલે પુરા પગારથી નવી ભરતી કરી નિમણૂંક આપી ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નટવરસિંહ ઠાકોર (પ્રહલાદભાઇ પટેલ) |
| ૯ | -- " -- | ૧૦૦ | કેન્દ્ર સરકારના ધોરણો અનુસાર રાજ્ય સરકારના કર્મચારીઓને વાહન ભથ્થુ ચુકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (રામસિંહ પરમાર) |
| ૧૦ | -- " -- | ૧૦૦ | રાજ્યનાકર્મચારીઓને સુધારેલ ઉચ્ચત્તર પગાર ધોરણની ૧૦:૨૦:૩૦ની નીતિ લાગુ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જીતુભાઇ ચૌધરી (અમીત ચૌધરી) |
| ૧૧ | -- " -- | ૧૦૦ | મંત્રીમંડળમા ફરજ બજાવતા કર્મચારીઓના સ્પેશ્યલ-પેમાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા | પ્રો. હીરાભાઇ પટેલ (કામીનીબા રાઠોડ) |
| ૧૨ | -- " -- | ૧૦૦ | બજેટમાંજોગવાઈ કરવામાં આવેલ જે-તે યોજનાઓ માટેનોખર્ચ તે યોજનાઓપાછળ જ થાય તેનુ ચુસ્તપણે પાલન કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી હર્ષદકુમાર રીબડીયા (મેરામણભાઇ ગોરીયા) |
| ૧૩ | -- " -- | ૧૦૦ | બજેટ મેન્યુઅલ અનુસાર કોઇપણ યોજના અથવા તો કામના નકશા અને અંદાજોને વહીવટી તથા તાંત્રિક મંજૂરીઓ અને સ્થળ પસંદગી થયા પછી જ બજેટમાં તેનો સમાવેશ કરવો જોઇએ તે પહેલા જ બજેટમાં જોગવાઇ કરી લેવાય છે અને વર્ષના અંત સુધી મંજૂરીઓ મોડી મળતા કામો સમયસર થતા નથી તે નિવારવામાં તંત્રની ઘોર નિષ્ફળતા | શ્રી બળદેવજી ઠાકોર (અશ્વિન કોટવાલ) |
| ૧૪ | -- " -- | ૧૦૦ | વાર્ષિક અંદાજપત્ર કે પૂરક અંદાજપત્ર તૈયાર કરતી વેળાએ પ્રથમ તબક્કે જ તેની પૂરતી કાળજી રાખવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનમભાઇ પરમાર (ધારસીભાઇ ખાનપુરા) |
| ૧૫ | -- " -- | ૧૦૦ | પૂરક ગ્રાન્ટની તમામ દરખાસ્તોને ઝીણવટભરી રીતે તપાસીને વિભાગો ધ્વારા બિનજરૂરી પુરક ગ્રાન્ટો મેળવાય છે કેમ? તેની કાળજી રાખવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મહમદજાવીદ પીરઝાદા (જવાહરભાઇ ચાવડા) |
| ૧૬ | -- " -- | ૧૦૦ | રાજ્ય સરકાર હસ્તકના દહેજ એસ.ઇ.ઝેડ. લી.ના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચના | શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (માનસિંહચૌહાણ,આનંદભા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | લાભો આપવામાં તંત્રની નિષ્ફળતા | ઇ ચૌધરી) |
| ૧૭ | -- " -- | ૧૦૦ | ૧૩મા નાણા પંચમાં કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને ફાળવેલ રકમ પૈકી રાજ્ય સરકારે વિવિધ જિલ્લાઓને ફાળવેલ ગ્રાન્ટ પૂરેપૂરી વાપરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ.અનિલ જોષીયારા (ડૉ.મિતેશ ગરાસીયા) |
| ૧૮ | -- " -- | ૧૦૦ | રાજ્ય સરકારના જાહેર સાહસો/કંપનીઓમાં સેક્રેટરીઅલ ઓડીટરની નિમંણૂકો કરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઇ વાજા (પરેશ ધાનાણી) |
| ૧૯ | ૨૦૫૨-સચિવાલય... સેવાઓ<br>૦૯૦ - સચિવાલય<br>૦૧- નાણા વિભાગ<br>રૂ. ૨૦,૯૮,૭૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૬<br>પા.નં. ૬૪અને ૬૫ | ૧૦૦ | નાણાકીય વર્ષના છેલ્લા મહીનામાં સરકાર ગ્રાન્ટ પૂરી કરવાના આશયથી ઝડપથી નાણા ખર્ચ કરતી હોવાથી ગેરરીતિઓની સંભાવના વધી જાય છે તો તે સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી છનાભાઇ ચૌધરી (રમેશભાઇ ચાવડા) |
| ૨૦ | -- " -- | ૧૦૦ | રાજ્ય સરકાર હસ્તકના આલ્કોક એશડાઉન (ગુજરાત) લીમીટેડના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચના લાભો આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાઘવજી પટેલ |
| ૨૧ | -- " -- | ૧૦૦ | રાજ્યમાં રાસાયણિક ખાતર પરનો વેરો ઘટાડી ખેડૂતોને રાહત આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરૂભાઇ ભીલ |
| ૨૨ | -- " -- | ૧૦૦ | રાજ્ય સરકારના હસ્તકના ગુજરાત સ્ટેટ રૂરલ ડેવપમેન્ટ કોર્પોરેશન લીમીટેડના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચના લાભો આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમીત ચાવડા |
| ૨૩ | -- " -- | ૧૦૦ | રાજ્યના વેપારીઓએ કામચલાઉ રીફંડ આપવા માટે કરેલ અરજીઓનો સમયસર નિકાલ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ઇશ્વરભાઇ પટેલ (ગોવાભાઇ રબારી) |
| ૨૪ | -- " -- | ૧૦૦ | ગ્રામોદ્યોગ માન્ય એકમો પાસેથી હાલમાં જે ૧૫% વેટ લેવાય છે તે રદ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભોળાભાઇ ગોહેલ |
| ૨૫ | -- " -- | ૧૦૦ | વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૧ માટે કેન્દ્રિય વેચાણવેરાનુ વળતર મેળવવા માટે નાણાં વિભાગના કેન્દ્ર સરકાર સમક્ષના પડતર પ્રશ્નો ઉકેલવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા |
| ૨૬ | -- " -- | ૧૦૦ | રાજ્યમાં સીએનજી અને પીએનજી ગેસ પર ૧૫% જેટલો વેરો લેવામાં આવે છે તે ઘટાડી રાજ્યના નાગરિકોને રાહત આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગેંદાલભાઇ ડામોર |
| ૨૭ | -- " -- | ૧૦૦ | રાજ્યની ૧૦૩૨ કંપનીઓ પાસેથી એક કરોડ કે તેથી વધુ વેચાણ વેરો/વેટ વસુલવાનો બાકી છે તે સમયસર વસુલવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઇ વંશ (પુનાભાઇ ગામીત) |
| | | | માગણી નં ૧૭ | |
| ૨૮ | ૨૦૫૪- તિજોરી... વહીવટ<br>૦૯૫- હિસાબ... કચેરી<br>રૂ. ૯,૨૯,૫૫,૦૦૦ | ૧૦૦ | હિસાબ નિયામકની કચેરી અને તેના તાબાની કચેરીઓમાં કર્મચારીઓની ઘટ પુરી કરી વહીવટી તંત્રને સંગીન બનાવવામાં | શ્રી કરમશીભાઇ પટેલ (પ્રવિણભાઇ રાઠોડ) |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં.૬<br>પાના નં. ૬૮ થી ૭૦ | | તંત્રની નિષ્ફળતા | |
| ૨૯ | -- " -- | ૧૦૦ | શહેર અને જિલ્લા નિરીક્ષક સ્થાનિક હિસાબ ભંડોળની કચેરીઓમાં ઉચ્ચત્તર પગાર ધોરણના કેસોનો નિયત સમય મર્યાદામાં ઉકેલ લાવવામાં તંત્રની ઘોર નિષ્ફળતા | શ્રી ધમેન્દ્રસિંહ જાડેજા (મણીભાઇ વાઘેલા) |
| માગણી નં ૧૮ | | | | |
| ૩૦ | ૨૦૭૧- પેન્શન...લાભો<br>૦૧- મુલ્કી<br>૧૦૧-વય નિવૃત્તિ....ભથ્થા<br>૦૧- વય નિવૃત્તિ... ભથ્થા<br>રૂ.૪૬,૨૧,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૬<br>પાના નં. ૮૦ | ૧૦૦ | પેન્શન કચેરીમાં પેન્શનના કેસોનો ઝડપી નિકાલ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ઇન્દ્રનીલ રાજ્યગુરૂ (વજેસિંગભાઇ પણદા) |
| ૩૧ | -- " -- | ૧૦૦ | વય નિવૃત્તિના કિસ્સામાં રજૂ થયેલા પેન્શન પેપર્સમાં ક્ષતિઓ હોય તો તેની સમયસર પૂર્તતા કરાવી પેન્શન કેસ સત્વરે મંજૂર કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ (રાજેન્દ્રસિંહ ઠાકોર) |
| ૩૨ | ૨૦૭૧- પેન્શન...લાભો<br>૦૧- મુલ્કી<br>૧૦૧- વય...ભથ્થાં<br>૦૨- પેન્શનરો.....કરવી<br>રૂ. ૩૨,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૬<br>પાના નં. ૮૦ | ૧૦૦ | રાજયમાંપેન્શનરોને મેડીકલબિલની રકમ સમયસર મંજૂર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કાન્તિભાઇ ખરાડી (નિરંજન પટેલ) |

અધ્યક્ષશ્રીની જાહેરાત

સભાગૃહનો સમય નક્કી કરવા અંગે

અધ્યક્ષશ્રી : અનુદાન માટેની માગણીઓ પરથી ચર્ચા અને મતદાન માટે આજે છેલ્લો દિવસ છે. સભાગૃહની આજની બેઠકનો સમય બપોરના ૧૨ -૦૦ થી સાંજના ૫-૧૫ વાગ્યા સુધીનો ઠરાવવામાં આવ્યો છે. વિધાનસભાના નિયમોના નિયમ ૨૨૮(૨) મુજબ સભાગૃહની બેઠક મુલતવી રાખવાના એક કલાક પહેલા અનુદાન માટેની માગણીઓ પરની સઘળી ચર્ચા પૂરી કરવાની થાય છે. આ જોગવાઇ અનુસાર આજે સાંજના ૪-૧૫ કલાકે અનુદાન માટેની માગણીઓની સઘળી ચર્ચાનો અંત આવશે.

જે માગણીઓ ઉપર ચર્ચા ચાલતી હશે તે અને તે સિવાયની બાકીની તમામ માગણીઓ એકી સાથે સભાગૃહના મત માટે રજૂ કરવામાં આવશે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નાણા વિભાગની માગણી ક્રમાંક ૧૫, ૧૭ અને ૧૮ લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

છેલ્લા ઘણા દિવસોથી વિધાનસભામાં માનનીય સભ્યશ્રીઓ ગુજરાતના ફિગરો પૂછે તો મંત્રીશ્રીઓ તરફથી કેન્દ્ર સરકારના ફિગરો આપે છે, એટલે કયાં કયાં શું વધારો થયો અને કયાં વધારે ખર્ચ થયો એની જાણકારી અમને મળતી નથી. ગુજરાત પણ એક ભારતનો જ ભાગ જ છે. ભારતનો ભાગ છે એમાં ગુજરાત પણ આવી જાય છે. મારે આ સરકારને કહેવું છે કે સન ૧૯૮૦માં કોંગ્રેસની સરકાર હતી ત્યારે ગુજરાતની સ્થિતિ કેવી હતી અને આજે કેવી છે એ જોઇએ.

(ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)

છેલ્લા ૨૦-૨૨ વર્ષથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી છે ત્યારથી ગુજરાતની પરિસ્થિતિ કઇ દિશામાં જઇ રહી છે એના થોડા ફિગરો આપીને આ સભાગૃહને જણાવવું છે. મારે એ જમાનો યાદ કરવો છે કે જયારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે કરની આવક ૨૬૮૦ કરોડ રૂપિયા હતા, જયારે આજે ૯૦ હજાર કરોડ રૂપિયા જેટલી થઇ છે. એ જમાનામાં સેલ્સટેક્સની

આવક ૧૭૪૦ કરોડ રૂપિયા હતી જે આજે ૫૦ હજાર કરોડ રૂપિયા થવા જાય છે. કુલ આવક જોઇએ તો એ જમાનામાં ૩૩૭૯ કરોડ રૂપિયા હતી જે આજે ૧.૫૦ લાખ કરોડ રૂપિયા થવા જાય છે. વિકાસદર જોઇએ તો સન ૧૯૯૦-૯૧માં ૯.૫ ટકા હતો. આજે ગુજરાતની આવક ખૂબ જ વધી છે તેમ છતાં વિકાસ દર માત્ર ૮.૩૮ ટકા જેટલો જ છે. તે વખતે ઓછો ટેક્સ લેવામાં આવતો હતો છતાં આજના જેટલી ખરાબ પરિસ્થિત નહોતી, આજે ગુજરાતની પરિસ્થિતિ ખૂબ જ ખરાબ થઇ ગઇ છે. તે વખતે માથાદીઠ આવક જોઇએ તો ૧૪.૩૫ હતી આજે તો ગુજરાત વિકાસનું મોડેલ કહેવામાં આવે છે એ આજે મંદીમાં ચાલે છે. જેમાં માથાદીઠ આવક ઘટીને ૭.૩૫ થઇ ગઇ છે. અમારા વખતે સન ૧૯૯૦-૯૧માં ૧૪.૩૫ હતી એ આજે ઘટીને ૭.૩૫ થઇ ગઇ છે. એ જ રીતે દેવાની વાત કરૂ તો અમારા વખતે જાહેર દેવું માત્ર ૮૪ કરોડ રૂપિયા હતું. આજે જાહેર દેવું ૨ લાખ કરોડ રૂપિયા છે. આજે ગુજરાત કઇ સ્થિતિમાં જઇ રહ્યું છે. એથી આગળ વધીને કહું કે તે વખતે આખા ભારતના આંકડા આવતા. અમે બધા ગૌરવ લેતા કે જાહેર દેવામાં કોંગ્રેસનો નંબર કયાં હતો અને ભાજપનો નંબર કયાં હતો, તો આજે પાંચમા ક્રમે છીએ. કોંગ્રેસનો તે વખતે ૧૧મા ક્રમે હતો. ગુજરાત કઇ પરિસ્થિતિમાં ચાલી રહ્યું છે તેના આંકડા કહું છું. વ્યાજની ચૂકવણીમાં એ જમાનામાં નવમા નંબરે હતા. આજે ત્રીજા નંબરે છીએ એવી સ્થિતિ થઇ છે. જી.ડી.પી. વિકાસલક્ષી ખર્ચમાં ૨૦૧૪માં ૨૩મા ક્રમે છીએ. અમે એ વખતે ગૌરવ લેતા હતા. અમે ચોથા ક્રમે હતા. એ હતો અમારા વખતનો ગુજરાતનો વિકાસ. એ વાસ્તવિકતા હતી. આ બધું થવા પાછળના કારણો શું? કારણો એ કે આ સરકાર કેવો વહીવટ કરે? આ વહીવટ એવો કરવામાં આવે કે નાણા વિભાગ સાડા સાત ટકે લોન લે અને આપણે લોકોને કેટલા ટકે આપીએ? તો ૦.૧૦થી માંડીને કેવી કેવી લોન. એક બાજુ સરકાર મોંઘા ભાવે લોન લે અને સસ્તા દરે આપે. કયા લોકોને આપે છે. કેમ આપે છે. મને તો આજે પણ સમજાતું નથી કે એમાં કેવા લોકોના હિત જોડાયેલા છે. જેના કારણે ૪૨૦ કરોડ રૂપિયા તાતા જેવાને આપણે આપવા પડે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ્ય બેંક હોય, જોઇન્ટ સ્ટોક કંપની હોય, કો-ઓપરેટીવ બેંકો હોય, ટાટા-નેનો હોય, મારુતિ સુઝુકી હોય, અદાણી હોય, અનેક કંપનીને ૫૫ હજાર કરોડ રૂપિયા. ૦.૨૫થી માંડીને જુદા જુદા વ્યાજના દરે આપ્યા છે. આપણે આટલા ઉંચા દરે લાવતા હોઇએ અને આ રીતે આપીએ તો કોઇ સરકાર કોઇ દિવસ વિકાસ કરી જ ન શકે. કોઇ દિવસ આગળ વધી જ ન શકે. તેનાથી આગળ વધીને કહું કે કેન્દ્ર સરકાર આપણને ગ્રાન્ટ માટે એમ કહે કે ૭૮૪૪ કરોડ રૂપિયા કેટલા સમયથી સર્ટિફિકેટ જે રજૂ કરવાના છે એ સર્ટિફિકેટ આ સરકાર આપી શકતી નથી. તેના કારણે પૈસા આવતા નથી. છતાંય બીજાં ફંડમાં જોઇન્ટ કરીને એવા કામ કરીએ છીએ કે એમ કહી શકાય કે આ વિભાગના પૈસા આ વિભાગમાં અને આ વિભાગના પૈસા આ વિભાગમાં. છતાંય સરકાર આવો વહીવટ કરે અને કર કેટલા બધા નાખે? અમારા વખતમાં કર કેટલા અને આપના વખતમાં કર કેટલા? આપણે કોઇકને એમ કહીએ કે આ ગુજરાતમાં નાગરિકને જો કંઇ આપવામાં આવ્યું હોય તો ૪૨૨ ટકા બાર વર્ષમાં આ સરકારે જુદા જુદા કર નાખ્યા છે. એક બાજુ કર વધતા જાય છે અને જે સુવિધાઓ આપવાની છે તેમાં દિનપ્રતિદિન ઘટાડો થતો જાય છે. આટલા બધા કર નાખ્યા પછી સરકાર એમ કહે કે અમે આવક વધારી અને ગુજરાતનું ભલું કરીએ. ભલું કરવાની વાત સાઇડમાં ગઇ. પાંચ-પચ્ચીસ ઉદ્યોગપતિઓને લાવીને માત્ર વાહ-વાહ કરાવવી. ગુજરાતના લોકોના પૈસા આપી દેવા(અંતરાય) અને બીજી બાજુ અમે નથી કહેતા, કેન્દ્રના મંત્રી એમ કહે છે કે આ ગુજરાતની સ્થિતિ કેવી ચાલી રહી છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીને વાંધો આવે એવા શબ્દોનો ઉપયોગ ન કરશો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : નહીં કરીએ. ખાસ કરીને મારે એ કહેવું છે કે આટલા બધા કર નાખ્યા. તેના કારણે સ્થિતિ એવી પેદા થઇ કે ગુજરાતમાં જે નાના ઉદ્યોગો હતા તે બંધ થઇ ગયા અને બંધ થઇ રહ્યા છે ત્યારે કેન્દ્રના ભાજપના એક મંત્રીશ્રીએ એમ કહ્યું કે આ ગુજરાતમાં ધીમે ધીમે ઉદ્યોગો બંધ થઇ રહ્યા છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય બલવંતસિંહ, જે સભ્ય ગૃહમાં હાજર રહી જવાબ આપી શકે તેમ ન હોય તેમનું નામ ન દેવું જોઇએ. આપ પક્ષનું નામ દઇને વાત કરી રહ્યા છો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે કાગળો છે, રિઝર્વ બેંકના ફિગર છે. કેટલા સમય સુધી છૂપાવીશું? નાના નાના ઉદ્યોગ બંધ થઇ ગયા છે. આજે ગુજરાતના ઉદ્યોગો મંદીમાં સપડાયા છે અને ઘણા બંધ થવામાં છે. બીજી બાબતોમાં આપણો નંબર આવે કે ન આવે પરંતુ ઉદ્યોગો બંધ થવામાં ગુજરાત પહેલા નંબરે આવે એવી સ્થિતિનું નિર્માણ થઇ રહ્યું છે. સ્ટેમ્પ ડ્યૂટીની અંદર છેલ્લા ૧૨ વર્ષમાં ૫૭૬ ટકાનો આપણે વધારો કર્યો છે. મહેસૂલમાં ૧૦૩૫ ટકાનો વધારો કર્યો છે અને છતાંય ગુજરાત સરકારની સ્થિતિ બગડી રહી છે. આટલો બધો કર નાખ્યો છે જેના કારણે ઉદ્યોગો બંધ થઇ રહ્યા છે. કેવા લોકો લાભ લે છે એ કહું. સરકારે રૂ.૩૩,૦૦૦/- કરોડની લ્હાણી કરી છે અને જમીનની પણ લ્હાણી કરી છે. છતાં આજે મારે કહેવું છે કે, સરકારનું બજેટ મૂડીવાદી હોય એવું બતાવવામાં આવે છે. ખાધના આંકડા પણ કેટલા મોટા છે. ૨૦૦૯-૧૦થી ૨૦૧૬-૧૭ સુધીની વાત કરીએ તો ૨૦૦૯-૧૦માં રૂ.૪૧૫૪/- કરોડની ખાધ હતી અને ૨૦૧૫-૧૬માં રૂ.૩૧૨૦/- કરોડની ખાધ હતી. આપણે એમ કહીએ છીએ કે અમારું બજેટ પૂરાંતવાળું છે. પણ વાસ્તવિકતા એ છે કે આપણું બજેટ ખાધવાળું છે. આવનાર સમયમાં ખાધ ધીમે ધીમે વધતી જાય છે એ વધીને ૨૦૧૬-૧૭માં રૂ.૨૪૬૦૦/- કરોડથી વધારે થશે. એની સરકારે ચિંતા કરવાની જરૂર છે. ખાસકરીને પહેલા ગુજરાતના મુખ્યમંત્રી હતા અને આજે દેશના વડાપ્રધાન છે. આપણે એમ સમજતા હતા કે તેઓ ત્યાં બેસશે એટલે ગુજરાતને સૌથી મોટો ફાયદો થશે એટલે ગુજરાતના લોકોએ બલિદાન આપ્યું. આપણે છેલ્લા બે વર્ષના ફિગર જોઇએ તો આજે કેન્દ્ર સરકાર તરફથી ગુજરાતને મોટો અન્યાય થઇ રહ્યો છે. અહીં ભાજપની સરકાર છે અને કેન્દ્રમાં પણ ભાજપની સરકાર છે. આ ભાજપની સરકાર ગુજરાતને અન્યાય કરી રહી છે. આજે બે વર્ષની અંદર ગુજરાતને મળવાપાત્ર ગ્રાન્ટમાં રૂપિયા ત્રણ હજાર કરોડથી ત્રણ હજાર નવસો કરોડ ઓછા આપ્યા છે. શ્રી સૌરભભાઇ પટેલને મારે આ વાત કહેવી છે કે કેન્દ્રની સરકાર ગુજરાતને અન્યાય કરી

રહી છે. મારે આજે શ્રી સૌરભભાઇને એ વાત યાદ દેવડાવવી છે કે તેઓ પહેલા એમ કહેતા હતા કે તમારી સરકાર આ અન્યાય કરે છે, તમારી સરકાર આ કરે છે. પરંતુ આજે તો તમારી ભાજપની સરકાર છે. તો તમે આ જે ગ્રાન્ટના પૈસા ઘટે છે એ વધુમાં વધુ લાવો તો અમને એમ લાગે કે આ ભાજપની સરકાર કામ કરી રહી છે. બીજા રાજ્યો પાસેથી નર્મદા યોજનાના બાકી પૈસા લેવાના છે એ લાવો તો પણ ગુજરાતની ખાધ ઓછી થઇ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાસ વિનંતી કરવી છે કે સેલ્સ ટેક્સ વિભાગને રૂ.૫૦,૦૦૦/- કરોડની આવક થતી હોય છે. મારો જાત અનુભવ છે કે વેપારીઓને પાછા પૈસા લેવાના હોય તો એનો ધારો ૯૦ દિવસનો છે અને રાજ્ય સરકાર ૩૬૫ દિવસ એટલે કે એક એક વર્ષ સુધી પૈસા પાછા આપતી નથી. જેના કારણે વેપારીઓ ત્રાહિમામ પોકારી ગયા છે. આજે સરકારને પૂછીએ કે અમારા પૈસા ક્યારે મળશે તો તેઓ કહે છે કે અમારી પાસે પૈસા નથી. એટલે પાછા આપી શકતા નથી. આવી ગુજરાતની વાસ્તવિક પરિસ્થિતિ છે. માટે મારે કહેવું છે કે આ બધું બંધ કરીને ખેડૂતોની ચિંતા કરો. માનનીય શ્રી વજુભાઇ વાળા સાહેબે એમ કીધેલું કે ૨૦૦૮માં જે હું ટેક્સ નાખીશ એ એક વર્ષમાં હું ઘટાડીશ. આજે એક ટકો ટેક્સ ઘટયો નથી. છેલ્લા આઠ વર્ષથી આ ચાલી રહ્યું છે. ખરેખર આખા ભારતમાં વધારાના ટેકસનો સૌથી મોટો અન્યાય થતો હોય અને સરકારને પાંચ હજાર કરોડ રૂપિયા વધારાની આવક થતી હોય તો આ એક ટકા કેસના કારણે આજે થઇ રહી છે. મારે આ સરકારને કહેવું છે કે પેટ્રોલ અને ડીઝલના ભાવ બીજા રાજયોમાં શું સ્થિતિ છે અને આજે આપણે ત્યાં કેટલો મોટો ટેક્સ છે. ખાતરમાં કેટલો મોટો ટેક્સ છે. આવા તમામ ટેકસો આ સરકારે ઘટાડવા જોઇએ. ઘણા ઉદ્યોગો એવા છે જેની હાલત ખરાબ છે. એરંડા અને ઇસબગુલની સો ટકા નિકાસ થાય છે. એમાં રાહત કરવી જોઇએ.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું. કોઇ માને કે ના માને પણ ગુજરાત આર્થિક વિકાસનું પ્રવેશ દ્વાર છે અને એટલે જ મેક ઇન ઇન્ડિયા માટે ગુજરાત એક આઇડલ પ્લેટફોર્મ તરીકે પ્રસ્થાપિત થયું છે. માનનીય સભ્યશ્રી હમણા જે વાત કરતા હતા એનો એક જ લાઇનમાં જો જવાબ આપવો હોય તો પહેલાં બજેટનું કદ કેટલું હતું, પહેલા બજેટનું કદ અત્યારના એક વિભાગના બજેટના આયોજન જેટલું હતું અને આ સદ્ધરતા આવવાનું કારણ શું તો જે પહેલા તિજોરીઓમાં કાણા હતા એ બધા બંધ કર્યા, વચેટીયા નાબૂદ કર્યા, દલાલ નાબૂદ કર્યા, પ્રજાને સીધો લાભ મળતો થયો અને પૈસા કયાંથી આવે છે અને કયાં વપરાય છે તેનો હિસાબ આ સરકાર પ્રજાને આપે છે માટે આટલા વર્ષોથી ભારતીય જનતા પાર્ટીની આ સરકાર અહીં આગળ છે. આ સરકારની સેન્ટ્રલ ગવર્મેન્ટની ઉપર ડીપેન્ડન્સી માત્ર ૧૬ થી ૧૮ ટકા છે. આપણે આપણી રેવન્યુ જાતે જનરેટ કરીએ છીએ અને એટલા માટે જ ગુજરાત રાજય એ હાઇએસ્ટ ઇકોનોમી ફ્રીડમ ઇન ઇન્ડિયા તરીકે પ્રસ્થાપિત થયું છે. આ સરકારે કયારેય ઓવરડ્રાફ્ટ નથી લીધા, બાકી સરકારોએ શું કર્યુ છે એ વિશે કહેવું નથી, લોકો ખૂબ સારી રીતે જાણે છે. આ સરકાર ઉદ્ેશ સાથે કામ કરે છે. ન્યાય સાથે વિકાસ, સમાનતા સાથે વૃત્તિ અને સંવેદનશીલતા સાથે ટેકનોલોજી, ટેકનોલોજીની વાત કરું તો હું વાણિજય વેરા વિભાગ ઉપર મારી વાત કરવા માગુ છું. વાણિજય વેરા વિભાગ દ્વારા રાજયના વિકાસ માટે એક આવક અંગેની કામગીરી કરવામાં આવે છે. જે પૈકી ઇ-ગવર્નન્સ હેઠળ વેપારીઓને સગવડ અને ગુજરાત રાજય Ease of doing business તેમજ સર્વીસ ડીલીવર કરવા માટે સમગ્ર દેશમાં આજે પ્રથમ સ્થાને છે. વેટ રજીસ્ટ્રેશન ત્રણ દિવસમાં પૂર્ણ કરવામાં આવે છે. વેટ ઇ-પેમેન્ટ હોય, કેન્દ્રીય વેચાણ વેરો હોય, વ્યવસાય વેરો હોય, ઇ-પેમેન્ટ હોય, પ્રવેશકર ઇ-પેમેન્ટ ઓનલાઇન કર ચૂકવણું કરવામાં આવે છે. ભાગીદારી પેઢી હોય, વ્યવસાય વેરા રજીસ્ટ્રેશન હોય, પેમેન્ટ ઓન લાઇન હોય, ઓન લાઇન પત્રક ભરવાની સુવિધા હોય કે ..ડીલર ડેસ્પોટ ૧૩-૧૨......બિલ ઓફ ડેસ્કટોપ સર્વીસ કહી શકાય કે એક જ પેજ ઉપર નોંધાયેલા વેપારીઓના તમામ ઓન લાઇન એકટીવીટીઝ વિગતવાર માહિતી સાથે વેરા શાખાની અધતન માહિતી આજે ઓનલાઇન થઇ શકે છે. વેપારીએ પોતાની ઓફીસમાં ઓન લાઇન ભરવાપાત્ર વેરા શાખાની માહિતી એ પોતાની ઓફીસમાં ઇ-ગવર્નન્સથી મેળવી શકે છે. ચલણ હોય, પત્રક હોય કસૂરદાર ઓનલાઇન ડીટેઇલ ચેકપોસ્ટ ફોર્મ અને ઓન લાઇન જનરેટ કરવાની સુવિધા ઇ-ગવર્નન્સમાં વેપારીઓની ઓનલાઇન ફરિયાદ, સ્વીકૃતિ નિવારણ, નાના વેપારીઓને ખાસ સુવિધા, ૭૫ લાખ ટર્ન ઓવરમાં ૦.૫ ટકાથી લમસમ વેરા ભરપાઇ કરવાની સુવિધા, આ ખૂબ અગત્યનો નિર્ણય છે. સેલ્ફલેસ અને પારદર્શક સેવા પૂરી પાડવામાં આ સરકાર કટિબદ્ધ છે. તકરાર નિવારણ કરવાનું હોય ત્યારે તકરાર નિવારણ સેલ દ્વારા વિવાદના ઝડપી નિકાલ દ્વારા અત્યાર સુધીમાં લગભગ ૪૫૦૦ અપીલોનો નિકાલ કરવામાં આવ્યો છે. એમાં વહીવટી સુધારણામાં ખૂબ સરસ આયોજન કર્યું છે. ઝડપી રીફંડ માટે ર વર્ષની ઓડિટ આકારણી હાથ ધરવામાં આવેલ છે. રીફંડ ચૂકવણીમાં ૨૫ ટકાનો વધારો થયેલ છે. યોગ્ય વહીવટી પ્રક્રિયા કહી શકાય એને ધ્યાન લઇ કમિશનર ઓફ કોમર્શિયલ ટેક્સ કચેરીને આઇ.એસ.ઓ. ૨૦૦૧ સર્ટિફિકેટ એનાયત કરવામાં આવેલ છે. આ સર્ટિફિકેટ ત્યારે જ મળે છે કે આ બધી પ્રક્રિયા હાથ ધરવામાં આવે. વેબ પોર્ટલની કનેક્ટિવિટી જે જૂની હતી એને હવે આપણે ૫૫ એમ.બી.પી.સી. સુધી વધારેલ છે. જેથી કરીને ખૂબ સારી સગવડો આપણે આપી શકીએ. વેપારી વર્ગ માટે ફેઇસલેસ વહીવટના ભાગરૂપે ખાતાના ટોટલ ડીલર્સ ડેસ્ક બોર્ડ સુવિધા એપ્રિલ ૨૦૧૫થી શરૂ કરેલ, જેથી વેપારીશ્રીઓને પોતાના રીટર્ન, ચલણ, સી.એસ.ટી. ફોર્મ્સ તથા ચેકપોસ્ટ ફોર્મ્સની વિગતો આપમેળે મળી શકે છે. આ ખૂબ મહત્ત્વનો નિર્ણય છે. વેપારીઓની સુવિધા માટે ખાતાના વિભાગીકરણ માટે ૧૧ ડિવિઝન કરેલ છે. જેથી કરીને ત્યાં કોઇ તકલીફ ન પડે. ઇ-પેમેન્ટની સુવિધાનો વ્યાપ વેટ અને સી.એસ.ટી. સાથે એન્ટ્રી ટેક્સ અને વ્યવસાય વેરા સુધી વધારેલ છે. રજિસ્ટ્રેશન સર્ટિફિકેશનમાં પરિપત્રથી એ જ દિવસે આપવાનું ઠરાવેલ છે. આ ઠરાવ તા. ૩-૬-૨૦૧૫ના દિવસથી કરવામાં આવેલ છે. નાના વેપારીઓની ધંધાકીય મૂડીની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુથી તા. ૧૮-૬-૨૦૧૫ના રોજ પુરાવા આધારિત ત્રણ તબક્કામાં રીફંડ આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે. તા. ૨૭-૧૦-૨૦૧૪થી પરિપત્ર

કરીને ઇ–રીટર્ન સુવિધા ૧૦૦ ટકા ઓન લાઇન કરવામાં આવેલ છે. લાંચ રુશ્વત નિવારણના હેતુથી વિજિલન્સ કોર્નર ઇ–નિવારણ જેવી સુવિધા પોર્ટલ પર મૂકવામાં આવી છે. જેનાથી નાના નાના વેપારીઓની ફરિયાદ આનાથી દૂર થવાની છે. વ્યવસાય વેરો અને રજિસ્ટ્રેશન ફોર્મ્સ જુલાઇ ૨૦૧૫થી ઓન લાઇન કરેલ છે. પત્રક ભરવાના કિસ્સામાં વેપારીઓને એસ.એમ.એસ. સર્વિસથી જાણ કરાય છે. ડીલર કેન્સલ થયેલ હોય તો તેને પણ જાણ કરાય છે. અગત્યની વાત એ છે કે ટેક્ષટાઇલ પોલિસી ૨૦૧૫ અંતર્ગત ડેટા કોમ્પ્યુટરાઇઝડ કરવા માટે સોફ્ટવેર ડેવલપ કરવામાં આવેલ છે. ઇ–ગવર્નન્સ ક્ષેત્રે નામાંકિત કંપનીઓ તરફથી પણ આપણને એવોર્ડ પ્રાપ્ત થયેલ છે. એટલા માટે જ ગુજરાતના ઇઝ ઓફ ડુઇંગના બિઝનેશના ઇન્ટરનેશનલના માપદંડો સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને આવેલ છે. આપણી આવક ઉપાર્જન વિશે વાત કરું તો પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ઘટાડાને અવગણતા ચોખ્ખી આવકમાં ૧૦ ટકાનો વધારો કરવા સતત નિયમન કરવામાં આવ્યું છે. એમિનિટી ઓફ ડીલર પાસેથી, ખરીદકર્તા પાસેથી વેરાની વસૂલાત કરવામાં આવે છે. આવકની સલામતિ માટે એલ.પી.જી.ના ઘરેલું અને આંતર રાજ્ય વેચાણ પર વેરો એટલે કહી શકાય કે ઘરેલું એલ.પી.જી. પર સરકાર દ્વારા સબસિડી આર્થિક વિકાસ અને આવકના વલણને વર્ગીકરણના અભ્યાસ અંગે નામાંકિત સંસ્થાઓ દ્વારા દરખાસ્ત મગાવવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા તા. ૧–૪–૨૦૧૬થી વેટના દરોમાં રાહત આપવામાં આવેલ છે. જેમ કે વાંસ, વાંસના આર્ટિકલ સંપૂર્ણ વેરા માફ, પેડલ રીક્ષા અને સાઇકલ રીક્ષા સંપૂર્ણ વેરા માફ, મચ્છરદાની સંપૂર્ણ વેરા માફ, વેટ કાયદા હેઠળ ખેત પેદાશ ઉપર વેરાકીય પરિસ્થિતિની વાત કરતા હતા તો રાજ્યમાં તા. ૧–૪–૨૦૦૬થી વેટ કાયદાનો અમલ શરૂ થયો ત્યારથી અનાજ, કઠોળ, દાળ અને તેના કોટ, મરચા, હળદર અને તેના પાઉડર, બળતણ માટે લાકડું, તાજા શાકભાજી, આમ કહી શકાય કે આવી તમામ ચીજો જે ખેત પેદાશો છે એમાં સંપૂર્ણ વેરા માફી રાખવામાં આવેલ છે. રાજ્યના ખેડૂત વર્ગના હિતમાં તેમના પાસેથી ખરીદવામાં આવતી ખેત પેદાશો ઉપર વેટ વેરા માફી આપવામાં આવેલ છે. વેટ કાયદાનો અમલ થયા બાદ કેટલીક ખેત પેદાશો જેવી કે તમામ પ્રકારની ફોતરી એટલે કે મગફળી અને ચોખાની ફોતરી સિવાય, શેરડી પરનો ખરીદ વેરો અને મોલાસિસ ઉપર વેરામુકિત આપવામાં આવેલ છે. એમ કહી શકાય કે તમામ પ્રકારની સુવિધા આની અંદર આપવામાં આવેલ છે. માનનીય મંત્રીશ્રીને મારું સમર્થન આપું છું.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, તમામ વિભાગોની માગણીઓ ઉપરની ચર્ચાના અંતિમ તબકકામાં નાણા વિભાગ છે. નાણા વિભાગ પર અતિશય મહત્વની જવાબદારીઓ છે. નાણા વિભાગે એ જોવાનું છે કે એક પણ રૂપિયો પ્રજાની તિજોરીનો ખોટો વેડફાય નહિ. ''મીનીમમ ખર્ચથી મેકસીમમ ગવર્નન્સ'' એ આપણું ધ્યેય હોય. મોટા લોકો કોઇ કર દેવામાંથી ચૂકે નહિ અને ગરીબના ઝૂંપડાં સુધી પ્રજાની તિજોરીની એકએક પાઇનો લાભ પહોંચે આ જોવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે અંદાજપત્ર લઇને આવ્યાં, મીઠા ઉપર કર નાખ્યો. મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું કે– ''મીઠુ એક એવી વસ્તુ છે જેના ઉપર કર ના નાખી શકાય.'' અંગ્રેજો સામે લડ્યા. આઝાદીના પાયામાં લડતની મહત્વત્તા જ્યાં દેખાતી હોય એ દાંડીયાત્રા આપણા ગુજરાતમાં ને મીઠા ઉપરનો કર અંગ્રેજોએ પણ હઠાવવો પડ્યો હતો. આ દેશની કોઇપણ રાજ્ય સરકાર, બે રાજ્ય સરકારોએ પ્રયત્ન કર્યા મહારાષ્ટ્ર અને તામિલનાડુ, પણ એમણે પણ મીઠા પર નાખેલો કર પાછો લઇ લેવો પડ્યો. કારણ કે મીઠા પર કર ના નાખી શકાય. આ સેન્ટ્રલનો સબ્જેક્ટ પણ છે. દલીલ કેવી કરવામાં આવે છે કે– આ ઇન્ડસ્ટ્રીયલ સોલ્ટ પર કર નાખ્યો છે ખાવાના મીઠા પર નથી. અરે, સાહેબ અગરિયો જ્યારે મીઠુ પેદા કરે છે ને ત્યારે ઇન્ડસ્ટ્રીયલ સોલ્ટ અને ખાવાનું એમ બે જુદા જુદા પેદા નથી થઇ શકતા. એક જ મીઠુ પેદા થાય છે અને એ પેદા થયેલા મીઠાને બહાર કાઢીને આયોડાયઝ કરો એટલે ખાવાનું મીઠુ થાય અને આયોડાયઝ ના કરો એ ઇન્ડસ્ટ્રીમાં વપરાય. જે મીઠુ ગુજરાતમાં પેદા થાય છે એનું ૭૦% મીઠુ એ નાના અગરિયાઓ અને લઘુઉદ્યોગવાળા કરે છે. એમને આપણો આ ટેક્સનો કોરડો છે ને એ ઇન્સ્પેક્ટર રાજ અને હેરાનગતિ નોતરશે માટે મારી આપને વિનંતી છે કે મીઠા ઉપરનો કર આપ દૂર કરો અને આપે કહ્યું છે કે આવક થઇ થઇને ૧૦ કરોડ થવાની છે. એ તો તમે ગમે ત્યાં કાપ મૂકશોને તો એમાં કરોડો રૂપિયા છે એમાં ૧૦ કરોડ એ મોટી વાત નથી. મારા કચ્છમાં ૫૦,૦૦૦ કુટુંબો મીઠાના ઉત્પાદન સાથે સીધા કે આડકતરા જોડાયેલા છે. એવી જ રીતે આ ગુજરાતમાં મીઠાના ઉત્પાદનનું અત્યંત મહત્વ રહેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, ટ્રસ્ટો, સંસ્થાઓ આના ઉપર આપણે કરની રાહત આપવી જોઇએ. આપ આપણો કોઇ પંચાયત કે કોર્પોરેશનમાં કોઇ એકાદું વાહન ખરીદે તો એ પ્રજાના ઉપયોગ માટે વપરાવાનું છે. શું એના ઉપર કર વધારીને આપની તિજોરી ભરવા માગો છો? તો એ ના કરવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, તા.૧–૪–૨૦૦૬થી આ સરકારે નક્કી કર્યું કે ૬૦,૦૦૦થી વધુ વાર્ષિક વેરો ભરતા વેપારીઓએ માસિક પત્રક ભરવું પડે. ૨૦૦૬થી આપણે ૨૦૧૬માં છીએ. આ મર્યાદા વધારીને બે લાખ કરવી જોઇએ. કારણ કે આજે નાણાનું મૂલ્ય પણ એટલું વધ્યું છે ત્યારે વેપારીને ૬૦,૦૦૦થી વધારીને બે લાખ સુધી છૂટ આપવી જોઇએ. આ જ વિધાનસભા ગૃહમાં વારંવાર કહેવાયું હતું કે, કેન્દ્રની સરકાર અમને સસ્તો ગેસ આપતી નથી નહિતર દિલ્હી જેટલા જ ભાવથી અમે સી.એન.જી. ગુજરાતમાં આપીશું, જાવ લઇ આવો. હવે આપને હું કહું છું કે જાવ લઇ આવો. હવે તો બધું જ ઘરનું છે તો એ લઇ આવો અને આપ સી.એન.જી. જે છે એ ગુજરાતને દિલ્હીમાં મળતો હોય એ ભાવે આપો પણ આપ નહિ આપી શકો. કારણ કે આપના વેટના દર સી.એન.જી. ઉપર ૧૫% છે. આખા દેશનું કોઇ રાજ્ય સી.એન.જી. ઉપર આવા દર લેતું નથી. કારણ કે સી.એન.જી. જેટલું વપરાશે એટલી પર્યાવરણની પણ રક્ષા થશે.

ગુજરાત, મહારાષ્ટ્ર અને તામિલનાડુમાં લિગ્નાઇટ નીકળે છે અને લિગ્નાઇટ ઉપર મહારાષ્ટ્ર અને તામિલનાડુમાં ૪% અને ૫% વેટ છે ત્યારે ગુજરાતમાં લિગ્નાઇટ ઉપર ૨૦% આપ વેટ લો છો. જ્યારે ગુજરાતમાં કોલ ઉપર ૨૦ ટકા આપ વેટ લો છો અને

પરિણામ શું છે સાહેબ? ઇમ્પોર્ટેટ કોલ લોકો વાપરે છે. કચ્છની ઇન્ડસ્ટ્રી કચ્છમાં થતું લિગ્નાઇટ ન વાપરે અને ઇમ્પોર્ટેટ કોલ વાપરે કારણ કે, આપનો લિગ્નાઇટનો ભાવ અને લિગ્નાઇટ ઉપરનો વેટ એ એમને જોયા પછી સરખામણીમાં બહારથી લાવેલો કોલસો સસ્તો પડે. કચ્છનો મારો ટ્રાન્સપોર્ટર, કચ્છનો મજદૂર, કચ્છનો ખાણ ખોદનારો એને કામ ન મળે અને બહારથી આવેલો કોલસો વપરાય એના કારણે આપણા વિદેશી હૂંડિયામણને પણ નુકશાન થાય છે. માટે લિગ્નાઇટ ઉપર ૨૦ ટકા વેટ ન હોવો જોઇએ, એ ઘટાડીને આપ ૪ ટકા કરો, લિગ્નાઇટનો ભાવ ઘટાડો આ મારી માગણી છે.

ટેક્સની આપ પરાકાષ્ઠા તો જુઓ, કેરોસીન ઉપર ૨૫ ટકા વેટ, પેટ્રોલ અને ડીઝલ ઉપર ૨૪ ટકા વેટ એમાં પાછી ૪ ટકા સેસ વધારી એટલે ૨૮ ટકા ટોટલ ટેક્સનું ભારણ એ પેટ્રોલ અને ડીઝલ ઉપર આપે નાખ્યું અને નવી જોગવાઇ હવે લઇને આવ્યા છો. આ તો વિધાનસભાનો અધિકાર હતો. હવે આપ આપના પ્રવચન પ્રમાણે આપના પાસે અધિકાર લેવાના છો કે, હવે ટેક્સ મારે વધ-ઘટ કરવો હશે તો વિધાનસભામાં નહીં, હું મારી રીતે વધ-ઘટ નોટિફિકેશનથી કરીશ. આ કોઇ સંજોગોમાં સ્વીકાર્ય નથી.

ટેકનોલોજી અપગ્રેડ થાય છે. ઓન-લાઇન ભરવાની વાતો કરીએ છીએ. પરંતુ ઓન-લાઇન ક્યારેય ભરવાની ખરેખર તપાસ કરી આપે? ડિઝીટલ ગુજરાત નથી, ઓન-લાઇનમાં ડિફિકલ્ટ ગુજરાત થઇ ગયું છે, બહુ ડિફિકલ્ટી પડે છે. ઓન-લાઇન કશું કામ થઇ શકતું નથી. આપની પાસે ઓડિટ છે, આંતરિક ઓડિટ માટે આપના ડિપાર્ટમેન્ટમાં વાણિજ્ય વેરા કમિશનર ઓડિટના ચાર્જ નીચે જુદી જુદી જગ્યા ઓ છે. સાત નાયબ વાણિજ્ય વેરા કમિશનરો છે. આપે ટાર્ગેટ નક્કી કર્યો હતો, અમે નહીં. આપના લક્ષ્યાંક મુજબ ૧૦,૫૦૦નું આપે આંતરિક ઓડિટ કરવાનું હતું, એ કેસોની ચકાસણી કરવાની હતી, આપે કેટલા કર્યા ? માત્ર ૩,૭૨૪ એટલે ૩૪ ટકા થયા. સાહેબ વિદ્યાર્થી ભણે એને પાસ થવું હોય તો પણ એને ૩૫ ટકા જોઇએ. આપ નાપાસ થઇ ગયા એમ કહી શકાય માત્ર ૩૪. આને શું આપણે ગતિશીલ ગુજરાત કહીશું, ૩૪ ટકા વાળાને ?

માનનીય અધ્યક્ષશ્રી, ખાતાએ રજૂ કરેલા કેસોની પ્રતિક ચકાસણી, હું આપના ગયા વર્ષના રિપોર્ટ જોતો હતો. ૬૮૮ કેસોમાં ૪ અબજ, ૪૬ કરોડની ઓછી આકારણી અને અનિયમિતતાની કાર્યવાહી આપને ત્યાંથી પકડાય છે, આપના રિપોર્ટ પ્રમાણે. માલની હેરફેર દરમિયાન વેચાણ કરનાર વેપારીએ વેરાની મુક્તિ માટે ફોર્મ E I & II, ફોર્મ C સાથે રજૂ કરવા પડે તો એને લાભ મળે. આપને ત્યાં પકડાયું આ, ફોર્મ C રજૂ નહોતા થયા અને એમ છતાં એમને લાભ આપી દેવામાં આવ્યો હતો અને આના કારણે ગુજરાતની તિજોરીને જે નુકશાન થયું એ ૨ અબજ ૭૨ કરોડ રૂપિયાનો વેરો ઓછો વસુલાયો. આ પેલો નાનો પાનની દુકાનવાળો કે વેપારી હોય એના ઉપર તો ચઢી બેસીએ આપણે જઇને કે, લાવ તારે વેરો દેવો પડે, તારું હરાજ કરી નાખીશું અને ૨ અબજ, ૭૨ કરોડ રૂપિયાનો ટેક્સ એની આપણને ચિંતા ના થાય ? પેલા મીઠાવાળાના ૧૦ કરોડ તો આવા એકાદાને પકડશો ને સાહેબ તો ક્યાંય નીકળી જશે, આની જરૂર નહીં પડે.

મારે નાણા મંત્રીશ્રીને એક અભિનંદન આપવા છે અને દિલથી અભિનંદન આપવા છે. મેં કોશીશ કરી હતી કે મને અહીંથી મળે પણ અહીંથી વહેલા નહીં મળ્યું, મેં કેન્દ્રમાં ફાયનાન્સ ડિપાર્ટમેન્ટમાં જઇને માંગ્યું અને કેન્દ્રના ફાયનાન્સ ડિપાર્ટમેન્ટે મને તરત આપી દીધી, સૌરભભાઇ પટેલની ૧૪ ડિસેમ્બર, ૨૦૧૪ની સ્પીચ, એમ્પાવર્ડ કમિટીની અને આપની આ સ્પીચ માટે માનનીય સૌરભભાઇ આપને માનનીય અધ્યક્ષશ્રી, મારફત ખૂબ અભિનંદન આપું છું. આપે એ વાત સ્વીકારી ત્યાં ડિસેમ્બર, ૨૦૧૪ એટલે આપણે અહીંયા મુખ્યમંત્રી હતા એ વડાપ્રધાન થઇ ગયા પછી જે જી.એસ.ટી.નું બિલ લાવ્યા, એ જી.એસ.ટી.નું બિલ ગુજરાતને થપ્પડરૂપ, ગુજરાતને અન્યાયકર્તા છે, ગુજરાતને સૌથી વધુ નુકશાન થશે, આપના પાના નંબર બે ઉપર આપે કહ્યું. આપના પાના નંબર બે ઉપર આપે બહુ સ્પષ્ટ રીતે કહ્યું "By introducing this amendment in the form of the proposed new Article 246 (a), Center is entering in the domain of tax on sale of goods which hereto is domain exclusive area of the State Government." અમારો અધિકાર હતો એના ઉપર તરાપ છે સેન્ટ્રલ એમાં ઘૂસી રહ્યું છે અને આપે આગળ વધીને ત્યાં સુધી કહ્યું કે આ મેક ઇન ઇન્ડીયાની વિરુદ્ધનું કામ છે. મેક ઇન ઇન્ડીયાની વાત કરો છો અને તમે જે જી.એસ.ટી. લાવી રહ્યા છો એનાથી ગુજરાત જેવા રાજ્યોને ભયંકર નુકશાન થશે. આ એન.ડી.એ.ની સરકારને મારો ગુજરાતનો નાણામંત્રી જઇને કહે છે એને હું અભિનંદન આપું છું અને માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય નાણામંત્રીને વિનંતી કરીશ કે આપે વાત કરી, હજી સ્વીકારાઇ નથી. આપનું કદાચ ન માનતા હોય તો બહેનનું માનશે. મુખ્યમંત્રીશ્રી બહેન છે. હું આપને વિનંતી કરું છું કે આપ બહેનને સમજાવો કે આ જી.એસ.ટી. ની જે સ્પીચ છે એનો એકએક શબ્દ એમને સમજાવો. ચલો ચલે દિલ્હી, કહેશો તો અમે પણ સાથે આવીશું. ત્યાં તો હવે આપે કહ્યું અને પ્રયત્નો નથી થયા, બહેન કહેશે અને પરિણામ મળે તો પણ હું કહીશ કે સારું પણ આ અમને કહેવું જોઇએ. આ તો ભલું થજો ફાઇનાન્સ ડિપાર્ટમેન્ટ સેન્ટ્રલ ગવર્મેન્ટનું કે મને આપની સ્પીચ મળી નહીંતર તો મને ખબર જ ન પડી હોત કે મારા નાણામંત્રી કેન્દ્રના જી.એસ.ટી.નો આટલો વિરોધ કરી રહ્યા છે. આ વાત થાય એ અત્યંત આવશ્યક છે. મારે કેટલીક અન્ય બાબતો તરફ માનનીય નાણામંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે. આપણો લાકડા ઉપરનો વેટ ૧૫ ટકા છે અને ૧૫ ટકા વેટ છે એટલે આપણને નુકશાન થાય છે. આપ જુઓ કેટલું ઇમ્પોર્ટેડ વુડ, લાકડું આપણા ગુજરાતના દરિયાકાંઠે ઉતરે છે. એ બહાર લઇ જાય છે, ફોર્મ ભરીને લઇ જાય છે કારણકે આપણો વેટ ૧૫ ટકા છે એની સો મિલ બહાર રાખે છે અને ત્યાંથી લે છે એના બદલે જો આપણે લાકડા ઉપરનો વેરો ઘટાડીશું અને આવક વધશે. જરૂરી નથી કે વેરો વધારો તો જ આવક વધે. કયારેક વેરો ઘટાડો તો ચોરી અટકે અને આપની આવક વધે આ દિશામાં આપે વિચારવું જોઇએ એવું માનનીય અધયક્ષશ્રી, હું આપની મારફતે નાણામંત્રીશ્રીને કહેવા માગું છું. નાણા વિભાગની જવાબદારી છે કે પ્રજાની તિજોરીનો રૂપિયો કરકસરપૂર્ણ વપરાવો જોઇએ. આપના મંત્રીમંડળના ખર્ચા આપે જોયા છે? આપણે એને કન્ટ્રોલ કરવા માટે નાણા વિભાગે નહીં કરવાનું? હું અહીં બેસીને

આ વાત કરું છું એવું નથી. હું ત્યાં બેસતો હતો, મિનિસ્ટર હતો ત્યારે મારી કેબીનેટમાં મેં કહ્યું હતું , મેં વિચાર મૂક્યો કે મિનિસ્ટરો બિઝનેસ કલાસમાં દિલ્હી અને બહાર જાય છે. જેને જવું હોય એ ઇકોનોમી કલાસમાં જાય, બિઝનેસ કલાસમાં જેને જવું હોય એ ઉપરના પોતાના ખીસ્સાના પૈસા ભરે અને મારા મુખ્યમંત્રીશ્રીએ એ વાત સ્વીકારી. આપની પાસે ફાઇલો છે આજે. આપ જોજો અમે જી.આર. કર્યો હતો કે મિનિસ્ટર કોઇપણ બિઝનેસ કલાસમાં નહીં જાય, ઇકોનોમી કલાસમાં જશે અને એ રીતે અહીં બેસીને સુફીયાણી વાતો કરીએ એવું નહીં, ત્યાં હતા ત્યારે એ કરવાનો પ્રયત્ન કર્યો હતો. (અંતરાય) સારી વાત હતી, શબ્દ અસંસદીય નથી. હું એક વાત કરવા માગું છું કે આપને નવા વિમાનની એવી તો કઇ જરૂરિયાત ઉભી થઇ ગઇ? આપની પાસે એક છે એનાથી ચલાવો. એના કરતા એસ.ટી. બેસોની વધારે જરૂરિયાત છે, ગામડાંમાં એ વાહનો પૂરા પાડો. આપણે બિઝનેસ કલાસમાં જવું હોય, હું ગયો છું વિરોધ પક્ષનો નેતા હતો ત્યારે બિઝનેસ કલાસમાં ગયો છું પરંતુ મેં બિઝનેસ કલાસ કયારેય કલેઇમ નથી કર્યો. ઇકોનોમીક કલાસ કલેઇમ કર્યો છે ઉપરના પૈસા મેં મારા ખીસ્સાના નાખ્યા છે કારણકે પ્રજાની તિજોરી પર એ ભારણ નાખવાનો મારો અધિકાર નથી. માનનીય અધ્યક્ષશ્રી,હું માનનીય નાણામંત્રીશ્રીને આપની મારફત વિનંતી કરીશ કે પ્રજાની તિજોરીની ચિંતા કરીને ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ ઘાસ ભેગું કરે છે. આપણે જેને માતા કહીએ છીએ એ ગાય માતાની કચ્છમાં હાલત બહુ જ ખરાબ છે ત્યારે ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટનું ઘાસ બે વર્ષમાં સડી જાય, ત્રણ વર્ષમાં સડી જાય છે એમ કરીને વેચીને ભ્રષ્ટાચાર થાય એના બદલે કચ્છના માલધારીઓને, કચ્છના ખેડૂતોને, કચ્છની ગૌશાળાઓને આ ઘાસ સસ્તા દરે મળતું થાય એવી આપ વ્યવસ્થા ગોઠવો. આમ પણ નકામું જશે. આખા ગુજરાતમાં બીજે અછત નથી ત્યાં સામાજિક, રાજકીય નહીં. સામાજિક લોકોએ કલેકટર ઓફિસ સામે ઉપવાસ પર બેસવું પડે એ સ્થિતિનું નિર્માણ થયું છે એને નિવારવા માટે નાણામંત્રીશ્રી, કારણકે આપે તો આપના મારફતે નાણામંત્રીશ્રીને કહીશ. હું પેટા ચૂંટણી લડતો હતો ત્યારે આજના માનનીય મુખ્યમંત્રીશ્રી મહેસૂલ મંત્રી હતા. ખૂબ ફર્યા છે, ખૂબ જોયું છે એમણે ત્યાં ગરીબ, સીધા સાદા લોકો છે એની ચિંતા નાણામંત્રીશ્રી કરે એવી આપના મારફતે વિનંતી કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાણાં વિભાગની માગણી નં.૧૮ પેન્શન તથા અન્ય નિવૃત્તિના લાભો અંગે સમર્થન આપવા માટે મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

રાજ્યની અંદર ૪,૨૭,૦૧૯ જેટલા સરકારી કર્મચારીઓ પેન્શનનો લાભ લઇ રહ્યા છે. ૨૦૧૫-૧૬ માં ૯,૭૯૦ કરોડનો ખર્ચ રાજ્ય સરકારે કરેલ છે. ૨૦૧૬-૧૭ માં ૧૧,૦૨૬ કરોડ રૂપિયાનો ખર્ચ થશે તેવો અંદાજ છે. આજે પેન્શનની અંદર ઉત્તરોત્તર વધારો થઇ રહ્યો છે. ૨૦૦૦-૨૦૦૧ ના આંકડા જોઇએ તો ૧,૬૧૬ કરોડનો ખર્ચ થતો હતો. અત્યારે ૨૦૧૫-૧૬ માં ૯,૭૯૦ કરોડ રૂપિયાનો ખર્ચ થાય છે. ઘણા લોકો કહે છે કે આ ઉત્તરોત્તર પેન્શનનો ખર્ચ છે. એના કારણે સરકારની જવાબદારી વધતી જાય છે, ત્યારે ચિંતાનું કારણ ઊભું થતું હોય છે. મને લાગે છે કે હું પોતે પેન્શનર છું. હું કહી શકું કે ચિંતા રાખવાનું કોઇ કારણ નથી. રાજ્યના પેન્શનરો ૪ લાખથી વધારે છે. જેમાં ડો. જોષિયારા સાહેબનો સમાવેશ થતો હશે. એમાં ગુજરાત રાજ્ય દ્વિતિય જવાબદારી અધિનિયમ-૨૦૦૫ માં જે જોગવાઇ કરવામાં આવી છે, તે પ્રમાણે જે મહેસૂલી ખાદ્ય છે એ ૨૦૦૭-૦૮ માં શૂન્ય કરવાની હતી. ગુજરાતની પ્રગતિશીલ સરકારે ૨૦૦૬-૦૭ માં મહેસૂલી ખાદ્ય શૂન્ય કરી દીધી, એટલે ૨૦૧૩-૧૪ માં ૪,૭૧૭ કરોડની પુરાંત અને ૨૦૧૪-૧૫ માં ૫,૩૨૬ કરોડની પુરાંત અને ચાલુ વર્ષે ૩,૬૫૭ કરોડની મહેસૂલી પુરાંતનો અંદાજ મુકવામાં આવ્યો છે. અને આ વર્ષે પણ પુરાંતવાળું બજેટ રજૂ થયું છે. બલવંતસિંહ અમારા સન્માનનીય સભ્યશ્રી કહેતા હતા કે ઉત્તરોત્તર દેવુ વધતું જાય છે. આ જે અધિનિયમની વાત કરી એની અંદર ૨૭ ટકા સુધી આપણે દેવું કરી શકીએ તેવી જોગવાઇ કરવામાં આવી છે. પરંતુ આજે જોઇએ તો ૨૭.૧ ટકાની જોગવાઇ કરવામાં આવી છે, એમાં મેક્સિમમ દેવું કરી શકાય એની સામે જી.ડી.પી. ના ફક્ત ૧૮.૪૯ ટકા દેવું અત્યાર સુધી થયું છે અને મહત્વની બાબત એ છે કે ૬૭ ટકાથી પણ વધારે દેવું બજારમાંથી આપણે બોરોઇંગ કરીને કરેલ છે. બલવંતસિંહ, હવે મને કહો કે આપણને કોઇ પૈસા ત્યારે આપે કે જ્યારે તમારામાં વિશ્વાસ હોય, માર્કેટમાં તમારી ક્રેડિટિબિલિટી હોય. જે કઇ પબ્લિક દેવું છે એમાંથી ૬૭ ટકા માર્કેટમાંથી બોરોઇંગ કરવામાં આવેલ છે. ઘણા બધા ભાઇઓએ કહ્યું વ્યાજ ઘણું ચુકવવામાં આવે છે. ૨૦૦૪-૦૫ માં વ્યાજ ચુકવવામાં આવતું હતું એ ૨૮.૪૮ ટકા હતું. આ સરકારની કુશળતાના કારણે, સારા મેનેજમેન્ટના કારણે આજે ૨૦૧૫-૧૬માં સુધારેલ અંદાજ પ્રમાણે ૧૮.૩૯ ટકા જેટલું વ્યાજ થશે. સવાલ એ છે કે આજે ગુજરાતની અંદર તેમણે કહ્યું કે આપણે ઘટ કહીએ છીએ. જે કેપિટલ ઘટ છે તેની મર્યાદા પણ અધિનિયમમાં અંકિત કરવામાં આવી છે. ૩ ટકાની મર્યાદા નકકી કરવામાં આવી છે. જે એકંદર ઘરગથ્થું ઉત્પાદન દર હોય તેના ૩ ટકા સુધી આપણે રાજદ્વિતિય ખાદ્ય કરી શકાય. આજની તારીખે આ ૩ ટકાની સામે ૨.૨૫ ટકા કેપીટલ ડેફીશીએટ છે. તેના માટે રાજ્ય સરકારને, ખાસ કરીને સૌરભભાઇ પટેલને અને માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું. તેમણે વ્યાજની વાત કરી છે. વ્યાજ પણ ૨૬ ટકા હતું, મહત્વની બાબત એ છે કે આ કુશળ વહીવટના કારણે રાજ્યની અંદર જેમ માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇએ વાત કરી કે ૨૦૦૪ પછી અત્યાર સુધીમાં એકપણ ઓવરડ્રાફ્ટ લેવામાં આવ્યો નથી. મને ખ્યાલ છે કે અગાઉની સરકારો મંદિરમાંથી અને સહકારી બેન્કોમાંથી પૈસા લઇને પગાર ચુકવતી હતી. તે વાત આપણે ભૂલી જવાની જરૂર નથી. જે કુશળતાથી વહીવટ કરવામાં આવ્યો છે અને હમણાં કહેતા હતા કે ગુજરાતને અન્યાય થાય છે. માનનીય શક્તિસિંહજી આપ સાંભળજો ૨૦૧૨-૧૩માં ભારત સરકાર તરફથી ૬૪૪૫ કરોડ ગ્રાન્ટ આવી હતી તે વધીને ૨૦૧૫-૧૬માં ૧૨૯૩૫ કરોડ થઇ, આવતા વર્ષે ૧૪૯૪૮ કરોડનો અંદાજ છે. જે પૈસા ભારત સરકાર યુ.પી.એ. ગવર્નમેન્ટમાં આપતી હતી તે અત્યારે ડબલ થઇ ગયા છે. છતાં આપણે વાસ્તવિકતાની વાતો કરીએ ત્યારે એવું કહે છે કે અમને અન્યાય કરવામાં આવ્યો છે. ગુજરાતને અન્યાય કરવાનો સવાલ નથી. નાણા ખાતું ખૂબ અભિનંદનને પાત્ર છે. આજે પેન્શન

કચેરીમાં તમામ પ્રકારની વ્યવસ્થા કરી છે. તમારા વખતમાં ૮૦ વર્ષનો પેન્શનર ત્યાં તિજોરી ઓફિસમાં જઇને સહી વેરીફાઇ કરતો હતો કે તે જીવે છે કે નથી જીવતો. આજે ઘેર બેઠા બેઠા તે કરી શકે છે.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી તેમના વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેમાં થોડુંક કંઇક ઉમેરવા માગુ છું. આ હાઉસની અંદર ૨૨ વર્ષની ભારતીય જનતા પાર્ટીની આ સરકાર ચાલે છે. તે સરકાર દ્વારા જે વહીવટ થયો છે તે વહીવટના ભાગરૂપે ભૂતકાળની સરકારો શું કરતી હતી તેના ઉદાહરણ દરેક માનનીય સભ્યશ્રી અચૂક આપે છે. આજે નાણાંની વાત છે ત્યારે મને એમ થયું કે સૌરભભાઇની તબિયત સારી થઇ ગઇ છે એટલે હું પણ થોડાક ઉદાહરણ આપું. ૧૯૯૧–૯૨ની અંદર ચીમનભાઇ પટેલની સરકારમાં રાજ્ય સરકારને દેવું ફક્ત ૮૦૦૦ કરોડ હતું. ૧૯૯૭–૯૮માં શંકરસિંહ વાઘેલા બાપુની સરકારમાં ૧૭૯૦૦ કરોડ રૂપિયાનું દેવું હતું. આજે ગતિશીલ ગુજરાતનું ગતિશીલ દેવું, પ્રથમ મહિલા મુખ્યમંત્રીના રાજયમાં ૧ લાખ ૮૨ હજાર ૦૯૮ કરોડનું થયું છે. આ રાજયના તત્કાલિન મુખ્યમંત્રી આ દેશના વડાપ્રધાન બન્યા, ૧૪ વર્ષ સુધી તેમણે શાસન કર્યુ અને આ શાસનમાં ૧ લાખ ૦૬ હજાર ૮૦૬ કરોડ રૂપિયાનું દેવું વારસામાં સોંપતા ગયા છે. આનંદીબેન પટેલના બે વર્ષના શાસનમાં ૩૨ હજાર ૫૯૨ લાખ રૂપિયાનું દેવું વધેલું છે. એટલે આપણે કહીએ કોંગ્રેસનું એ શાસન શંકરસિંહજી બાપુ પછી આનંદીબેન સુધીનું ૨૨ વર્ષનું શાસન અને આ ૨૨ વર્ષના શાસનમાં ૧,૬૪,૧૯૮ કરોડ રૂપિયાનું દેવુ આપે વારસામાં ગુજરાતની પ્રજાને આપ્યું છે. આનંદીબેનના બે વર્ષના શાસનકાળ દરમ્યાન ૪૪.૬૪ કરોડ રૂપિયાનું દેવુ વધતું ગયું છે. આ સરકારે પેટ્રોલ અને ડિઝલ ઉપર આ બે વર્ષમાં જે વેટ લીધો છે એ ૧૬,૬૭૪ કરોડ રૂપિયા લીધો છે. એટલે આપણે ગણતરી કરીએ તો બે વર્ષમાં રોજના ૨૨.૮૪ કરોડ રૂપિયા ગુજરાતની પ્રજાના ખીસ્સામાંથી સરકારે લીધેલા છે. સી.એન.જી., પી.એન.જી. અને એલ.પી.જી. ઉપર ૨૬૧૦ કરોડ રૂપિયાનો બે વર્ષમાં વેટ લીધો છે એટલે રોજના ૩.૧૭ કરોડ રૂપિયા આપણા ખીસ્સામાંથી જાય છે. અત્યારે કિસાન સંમેલનો ચાલી રહ્યા છે, કર્ણાટક, હરિયાણા અને પંજાબ એવા રાજયો છે કે જ્યાં રાસાયણીક ખાતર ઉપર ટેકસમાં માફી મળે છે. ગુજરાત સરકારે બે વર્ષમાં ૨૭૧.૧૯ કરોડ રૂપિયા રાસાયણીક ખાતરો ઉપર વેટ લીધો છે. આ રાજયનો ખેડૂત જે કપાસ પકવે છે એ ખેડૂત થાકી ગયો પણ સરકાર જાગી નહીં. કપાસ ઉપર પણ બે વર્ષમાં ૫૬૦.૫૨ કરોડ રૂપિયા વેટ વસૂલ કરવામાં આવ્યો છે. સરકાર એક બાજુ કરોડો રૂપિયાની માગણીઓ લઇને આવે છે અને બીજી બાજુ ચૂકવણીની વાત હોય તો છેલ્લા બે વર્ષમાં જાહેર દેવામાં મુદલ ૧૧,૭૧૪ કરોડ રૂપિયા ચૂકવ્યા છે એનો મતલબ કે રોજના ૧૬.૪ કરોડ રૂપિયા ચૂકવ્યા છે. વ્યાજની ચૂકવણી બે વર્ષમાં ૩૧,૩૦૦ સમથીંગ થયેલી છે એટલે રોજનું વ્યાજ ૪૨.૯૧ કરોડ રૂપિયા આ રાજયની સરકાર ચૂકવે છે, અને સામે બે વર્ષમાં રાજય સરકારે લોન ૩૦,૪૧૨ કરોડ રૂપિયાની લીધી છે એટલે કે રોજની ૪૧.૬૬ કરોડ રૂપિયાની લોન રાજય સરકારે લીધેલી છે. માનનીય શકિતસિંહભાઇએ વાત કરી કે મીઠા ઉપરનો કર અંગ્રેજો નાંખી ગયા હતા એ ૧૦ કરોડ રૂપિયાનો કર તમે હટાવો અને રાજયના વેચાણવેરા વેટની આવકની રકમની વસૂલાત પેટે ૨૦૧૧–૧૨ થી ૨૦૧૫–૧૬ સુધીમાં ૩૨,૪૦૬ કરોડ રૂપિયા લેવાના નીકળે છે એની પાસેથી લઇ આવો તો આ ૧૦ કરોડ રૂપિયા ખૂબ નાની વસ્તુ છે. સરકાર એક બાજુ માગણીઓ લઇને આવી છે ત્યારે હું ૨૦૦૭–૦૮ થી ૨૦૧૪–૧૫ સુધીમાં રાજય સરકારે જે બજેટ રજૂ કર્યાં અને એમાં જે રકમની જોગવાઇ કરી એના ભાગરૂપે થોડી આંકડાકીય માહિતી માનનીય મંત્રીશ્રીને આપવા માગુ છું. કૃષિ, ગ્રામ્ય અને સિંચાઇ એ ખેડૂત માટે અને રાજયના પીવાના પાણી માટે સૌથી મહત્વના ત્રણ ડિપાર્ટમેન્ટ છે. આ રાજય સરકારે ૨૦૦૭–૦૮ થી ૨૦૧૪–૧૫ના ૮ વર્ષના ગાળામાં ૧૬,૧૨,૫૯૦ કરોડ રૂપિયા બજેટમાં જોગવાઇ કરી હોવા છતાં ઓછા વાપર્યા છે. એવી જ રીતે સામાન્ય આર્થિક અને સામાજિક સેવાઓ પાછળ છેલ્લા ૮ વર્ષમાં ૧૭,૧૦,૯૧૫ કરોડ રૂપિયા વણ વપરાયેલા પડ્યા રહ્યા છે. એવી જ રીતે સંદેશા અને વિજ્ઞાન ડિપાર્ટમેન્ટમાં ૧,૭૨,૨૨૧ કરોડ રૂપિયા વણ વપરાયેલી રકમ પડી રહી છે. સરકારની ચિંતા હોય કૃષિની, સરકારની ચિંતા હોય નર્મદાની, શિક્ષણની, આરોગ્યની તો એમાં પણ રકમો પડી રહી છે એટલે કે, જે આપેલી રકમો હોવા છતાં પણ સરકાર એ રકમનો ઉપયોગ ન કરી શકી. સરકારે ઉપયોગ ક્યાં કર્યો? ઉર્જા, ઉદ્યોગ, ખાણ અને પરિવહન ડિપાર્ટમેન્ટ માટે છેલ્લા ૮ વર્ષમાં બજેટમાં જે જોગવાઇ કરવામાં આવી હતી એ જોગવાઇ કરતા પણ ૧૧,૮૨,૭૧૯ કરોડ રૂપિયા વધારાનો ખર્ચ કરવામાં આવ્યો છે. એનો મતલબ બહુ કલીયર થઇ જાય છે કે આ સરકાર ખેડૂતોના સંમેલનો કરે એના કરતાં ઉદ્યોગપતિઓના સંમેલનો કરે તો વધારે વાજબી થશે. એક સિરિયલ આવે છે તારક મહેતાના ઉલ્ટા ચશ્મા, એમાં જેઠાલાલનું એક પાત્ર છે એના ૧૯૦૦ જેટલા એપીસોડ થયા. એમાં જેઠાલાલની સાસુનું પાત્ર અત્યાર સુધીમાં બતાવવામાં આવેલ નથી. એમાં જેઠાલાલની સાસુનું પાત્ર જેમ દેખાતું નથી એમ ગતિશીલ ગુજરાતનો વિકાસ પણ આ દેવાના ડુંગરોમાં દેખાતો નથી એ સ્પષ્ટપણે દેખાય છે.

એમ કહેવાય છે કે યુ.પી.એ.ની કેન્દ્ર સરકાર હતી એ થપ્પડ મારતી હતી. હું થોડાક આંકડા આ વિધાનસભાના ચાલુ સત્ર દરમિયાન પ્રશ્નોત્તરીની અંદર પૂછ્યા હતા એના આધારે કહેવા માગું છું.

નર્મદા હોય, પુરવઠા હોય કે મિશન હોય કે સર્વ શિક્ષા અભિયાન હોય છેલ્લા બે વર્ષમાં આપણે જે કેન્દ્ર સરકાર પાસે માગણી કરી હતી એમાં ૬૪૮૫ કરોડ રૂપિયાની ઓછી રકમ ગુજરાત સરકારને ફાળવવામાં આવી છે. એવી રીતે યુરિયાની વાત હોય કે કેરોસીનની વાત હોય કે અનાજના જથ્થાની વાત હોય એ તમામમાં છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાત સરકારને અન્યાય કરવામાં આવ્યો છે આ સ્પષ્ટપણે આંકડાકીય માહિતીના આધારે દેખાય છે ત્યારે આ બજેટની અંદર માગણીઓ લઇને આવ્યા છે એના કરતાં કરવેરા બાકી છે એની પાસેથી ઉઘરાવો તેવી મારી વિનંતી છે.

શ્રી રણજિતભાઇ મં. ગિલિટવાલા(સુરત (પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ માગણી ક્રમાંક ૧૭ તિજોરી અને હિસાબી વહીવટ માટેની કુલ ૧૫૭ કરોડ ૪૦ લાખ ૨૧ હજાર રૂપિયાની મહેસૂલી ખર્ચ માટેની માગણી લઇને આવ્યા છે એને અનુમોદન આપવા માટે ઉભો થયો છું.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

આ જે માગણી છે તે ઇટ ઇઝ અન્ડર મેઝર હેડ ૨૦૫૪ ટ્રેઝરી એન્ડ એકાઉન્ટસ, એડમીનીસ્ટ્રેશન હેઠળ પાંચ જેટલા બીજા માઇનોર હેડ છે એનો પણ ઉલ્લેખ કરીશ. મેં ટોટલ માગણીની વાત કરી પરંતુ હવે માઇનોર હેડ હેઠળની માગણીઓની વાત કરૂ તો પાંચ માઇનોર હેડ છે એમાં એક તો ડાયરેકટર ઓફ એકાઉન્ટ એન્ડ ટ્રેઝરી માટે ૯૨૯.૫૫ લાખ. પે એન્ડ એકાઉન્ટ ઓફિસ માટે ૬૮૦.૨૮ લાખ. ટ્રેઝરી એસ્ટાબ્લીશ માટે ૮૭૭૨.૫૬ લાખ, લોકલ ફંડ ઓડિટ માટે ૪૨૨૦.૩૦ લાખ, ડાયરેકટર ઓફ પેન્શન અને પ્રોવિડન્ડ ફંડ માટે ૧૧૩૭.૫૨ લાખ એમ કુલ ૧૫૭ કરોડ ૪૦ લાખ ૨૧ હજારની માગણી લઇને મંત્રીશ્રી આવ્યા છે. આટલી બધી મોટી ૧૫૭ કરોડ રૂપિયાની માગણી હોય અને મહેસૂલી ખર્ચ માટેની હોય તો એ શા માટે કરવામાં આવી છે એ કહેવા માગું છું. આ માગણીમાં હિસાબ અને તિજોરી નિયામકની કચેરીના કર્મચારીઓના ખર્ચા, પંચાયતના ઓડિટ માટે નીમેલ કર્મચારી વર્ગના ખર્ચા, પગાર અને હિસાબ કચેરી અંગેનો ખર્ચ, જિલ્લા તિજોરી, પેટા તિજોરી માટે નીમાયેલ કર્મચારી વર્ગના ખર્ચ માટેની જોગવાઇઓનો આ માગણીમાં સમાવેશ થાય છે. આ ઉપરાંત પેન્શન અને ભવિષ્યનિધિના કર્મચારી વર્ગ માટેનો ખર્ચ પણ આની અંદર કરવામાં આવ્યો છે. આ મહેસૂલી ખર્ચ છે અને પગારને લગતી કર્મચારીઓ અને અધિકારીઓને લગતી રેવન્યુ એકસ્પેન્ડિચર માટેનું સિમ્પલ પ્રોવિઝન છે. આટલો બધો ખર્ચ કર્યા પછી આ તિજોરી વિભાગમાં શું કામ થાય છે. અત્યાર સુધી શું કામ આ વિભાગે કર્યુ છે એના ઉપર મારા વિચારો રજુ કરવા માટે ઉભો થયો છું.

આ રાજયમાં હજારોની સંખ્યામાં પેન્શનરો છે. એને વધુ સારી સેવા મળે એ માટે અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં નવી પેન્શન કચેરીઓ ઉભી કરી છે.

ઉપાધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. વિરામ બાદ માનનીય ગિલીટવાલા આપનું પ્રવચન ચાલુ રહેશે.

(વિરામ બપોરના ૨.૩૦ થી ૩.૧૫)

ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

ઉપાધ્યક્ષશ્રી : ઓર્ડર, ઓર્ડર...માનનીય રણજિતભાઇ ગિલિટવાલા આપની પાસે પાંચ મિનિટ છે.

શ્રી રણજિતભાઇ મં. ગિલિટવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું પેન્શનરોની વાત કરતો હતો અને અગાઉ પણ કહ્યું કે રાજયમાં ખૂબ મોટી સંખ્યામાં પેન્શનર્સ છે ત્યારે તેમને પણ ખૂબ સારી સર્વિસીઝ આપી શકાય તે માટે રાજય સરકારે સમગ્ર વ્યવસ્થા તંત્ર આ નાણા વિભાગ મારફતે ગોઠવેલું છે. રાજય સરકારે અમદાવાદ અને ગાંધીનગર જિલ્લા માટે અલગ પેન્શન ચૂકવણી કચેરીઓ શરૂ કરેલી છે અને તેના જ આધારે વડોદરા જિલ્લા ખાતે પણ મને જણાવતાં આનંદ થાય છે કે, ૧લી ફેબ્રુઆરી, ૨૦૧૫થી અલગ પેન્શન ચૂકવણી ઓફિસ કચેરી શરૂ કરવામાં આવી છે. અમદાવાદ, ગાંધીનગર અને વડોદરા હોય તો પછી સુરત અને રાજકોટ શું કામ રહી જવું જોઇએ ? એટલે એ પેન્શનરોને પણ રાહત આપવા માટે સુરત અને રાજકોટ જિલ્લાના પેન્શનરોને વધુમાં વધુ સારી સેવા મળી રહે તે માટે અલગ પેન્શન ચૂકવણા શરૂ કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યુ હતું અને મને જણાવતાં આનંદ થાય છે કે, ૧લી જાન્યુઆરી, ૨૦૧૬થી રાજકોટ ખાતે પેન્શન ચૂકવણા કચેરી કાર્યરત કરવામાં આવેલી છે અને નજીકના દિવસોમાં સુરત ખાતે પણ આ પેન્શન ચૂકવણા કચેરી શરૂ કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલાક કામ સરકારી અધિકારીઓએ કરવાના હોય છે તે પૈકી રાજય સરકારના ઉપાડ અને ચૂકવણાના અધિકારીઓ જે છે તેમજ સ્ટેમ્પ વેન્ડરો જે છે તેને વધુ સારી સેવા મળે તે માટે રાજય સરકારે તમામ જિલ્લા કચેરી, તિજોરી કચેરી અને પેટા તિજોરી કચેરી ખાતે બિલ સ્વીકારવાનો અને તેના ચેક ઇશ્યુ કરવા માટેનો કાઉન્ટર સમય બે કલાકથી વધારીને ચાર કલાક કરી આપવામાં આવ્યો છે. આપણે જૂના સમયમાં બેન્કો જે પાસબુક આપતી હતી તે પાસબુકોથી આપણે કામ ચલાવતા હતા પણ પાછળથી રિઝર્વ બેન્કનું કિલયરન્સ અને તેના સંદર્ભમાં સી.ટી.એસ.બૂક આવેલી હવે સરકારમાં આપણી પોતાની ચેકબૂકો ચાલતી હતી એટલે કિલયરીંગમાં પણ એ સી.ટી.એસ.ની સામે આપણી ચેકબુકના પાના જાય તો કિલયરીંગમાં તકલીફ પડતી હતી. એટલે રાજય સરકારના ઉપાડ અને ચૂકવણાની મેં વાત કરી તે જિલ્લા તિજોરી અને પેટા તિજોરીમાં ઉપયોગમાં લેવામાં આવતાં ચેક ફોર્મે દ્વારા ચેકબૂક સી.ટી.એસ.૨૦૧૦ સ્ટાન્ડર્ડ મુજબના ઉપયોગમાં લેવા માટે એજન્સી બેન્કો સાથે સહયોગ કરી એજન્સી બેન્કો પાસેથી સીધા જ મેળવવા માટે સમજૂતી સાધવામાં આવી અને સી.ટી.એસ.૨૦૧૦ સ્ટાન્ડર્ડ ચેકો તિજોરી ખાતે ઇશ્યુ કરવાના ચાલુ કરવામાં આવ્યા. આ બે સીસ્ટમના કારણે પણ થોડાં પ્રશ્નો ઉભાં થયા હતા એટલે સી.ટી.એસ. ૨૦૧૦ની ચેક કિલયરીંગ પ્રથા અમલી થતાં એજન્સી બેન્કો દ્વારા તિજોરી કચેરી ખાતે ઇશ્યુ કરવામાં આવેલ નોન સી.ટી.એસ.૨૦૧૦, ૪૯૧ જેટલા ચેકોનું ચૂકવણું કરતા તેમજ તે ચેકો બેંક દ્વારા તિજોરી ખાતે સ્ક્રોલ સાથે રજૂ કરાતાં ટાઇમબહાર થઇ જતાં એજન્સી બેન્કોને એ.જી.કચેરી અને નાણાં વિભાગની સાથે સંકલન કરીને ઘનિષ્ઠ ચર્ચા કરીને રૂપિયા ૧.૮૯ કરોડ રૂપિયાનું ચૂકવણું આ સીસ્ટમ બદલાવાના કારણે આપણે કરી આપ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારી ભરણાં સ્વીકારતી એજન્સી બેન્કો એટલે આપણાં સરકારના જે વેટના અને આ તે પૈસા એજન્સી બેન્કો સ્વીકારે છે તે બેન્કો જે તે દિવસે સરકારને તેનું પેમેન્ટ કરી દેવાનું હોય છે, સરકારમાં તેને ટ્રાન્સફર કરી આપવાના હોય છે. પણ ઘણી વખત એવુ જોવાયું છે કે સરકારશ્રીના ખાતે ભરણાં વિલંબથી જમા કરવા એટલે આ ખાતા દ્વારા કુલ ૧૩ લાખ ૭૯ હજાર ૯૬૫ રૂપિયાનું દંડનીય વ્યાજ આ આપણી એજન્સી બેન્કો પાસેથી વસૂલ કરવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રાથમિક શિક્ષકોના પેન્શન એરિયર્સની બાબત જોઇએ તો, ૧૧૧૮૮ જેટલા નિવૃત્ત થતા પ્રાથમિક શિક્ષકોના પેન્શન એરિયર્સનો હાઇકોર્ટમાં કેસ ચાલતો હતો તો એ બધા જ શિક્ષકોને સમયસર એમના પેન્શન ગણતરી કરીને ચૂકવી આપવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, તિજોરી અને હિસાબ વહીવટના મથાળા હેઠળ કરવામાં આવેલી વિશેષ કામગીરીના ઉલ્લેખ બાદ બીજી અનેક સેવાઓ પ્રજાજનોને સીધી કે આડકતરી રીતે સફળતાપૂર્વક પૂરી પાડવામાં આવી છે ત્યારે હું આ માગણીઓને અનુમોદન આપું છું અને વિરમું છું. આપનો આભાર.

શ્રી ભૂષણ અ. ભટ્ટ(જમાલપુર-ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ રૂપિયા ૧,૫૭, ૪૦,૨૧,૦૦૦/-ની જે માગણી ક્રમાંક-૧૭ લઇને આવ્યા છે એને હું મારા વિચાર સાથે સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નાણા અને તિજોરીની વાત છે, આમાં અગત્યની બાબત એટલી જ છે કે, નાણાં ના હોય તો કશું જ ના હોય અને ભૂતકાળની અંદર આ તિજોરીની અંદર ખાડા અને બાકોરા પડી ગયાં હતાં એ ખાડ અને બાકોરા પૂરીને આજે રાજયની તિજોરી ભરપૂર કરવાનું કામ આ રાજયના ગતિશીલ સરકારના માનનીય મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે અને એમની ટીમે કર્યું છે. દેવું તો આપણા ઘરે પણ પ્રસંગ આવે ત્યારે થાય, દેવું કરીને સુખ આપવું એનું નામ કહેવાય. ભાઇ, દુઃખ વેઠીને સુખ આપવું એ જ એક મોટું કામ છે. નાણાંની વાત કરીએ ત્યારે એવું છે કે ગાડી સારી હોય પણ પેટ્રોલ ના હોય તો ગમે તેટલી મોંઘી ગાડી હોય એ નકામી જ હોય. ભૂતકાળની અંદર અનેક સરકારો આવી અને અનેક સરકારો ગઇ, પણ એ સરકારના સ્ટીયરીંગ ઉપર કોઇક બેઠું હોય, બ્રેક કોઇકના હાથમાં હોય, એકસેલેટર કોઇકના હાથમાં હોય, કલચ કોઇકના હાથમાં હોય, બેકસીટ ડ્રાઇવીંગ થતું હતું, પણ આ રાજયમાં છેલ્લા વીસ વર્ષથી ગુજરાતની અંદર એ સેલ્ફ ડ્રાઇવીંગની શરૂઆત થઇ અને એનું પરિણામ આપણને જોવા મળ્યું છે. આજે કહેવાનું મન એટલા માટે થાય છે કે, આ તિજોરી ઉપર માનનીય નિરજંનભાઇ, છેલ્લા વીસ બાવીસ વર્ષથી કોઇનો પંજો પડવા દીધો નથી, આ તિજોરી ઉપર કોઇની નજર નાખવા દીધી નથી. નજર નાખવા માટે અનેક લોકો રાહ જોઇને બેઠા છે પણ ગુજરાતની છ કરોડની જનતાએ કોઇની નજર તિજોરી ઉપર નાખવા નથી દીધી. મને કહેવાનું મન એટલા માટે થાય છે કે, આ રાજયની અંદર અને દેશની અંદર વાત કરીએ તો આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી પ્રધાનમંત્રી થયા, અને દેશની વાત કરીએ, નાણાંની વાત કરીએ ત્યારે એવી સ્થિતિની અંદર જયારે આ દેશ અને રાજય ચાલતું હતું કે આ દેશ કે રાજયના નાગરિકો પાસે બેંકમાં ખાતુ ખોલાવવા માટે જાય ત્યારે એમની પાસે પૂરાવા ના હોય એમ કહીને પાછા કાઢવામાં આવે. માનનીય નટવરસિંહ બાપુ સાંભળો. તા. ૨૮-૮-૨૦૧૪ના રોજ પ્રધાનમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ 'જન ધન યોજના' ની શરૂઆત કરી અને એ 'જન ધન યોજના'ની શરૂઆતની અંદર ગુજરાતના તમામ જિલ્લાઓમાં ૧૦૦ ટકા લક્ષ્યાંક પૂરું કરવાનું કાર્ય થયું હોય તો એ આ ગુજરાત રાજયની અંદર થયું છે. મને કહેવાનું મન એટલા માટે થાય છે કે, તા. ૩૧મી જાન્યુઆરી, ૨૦૧૬ની સ્થિતિએ જે લોકો બેંકમાં ખાતુ ખોલાવવા માટે તૈયાર ન હતા, બેંકો ખાતુ ખોલતી ન હતી, પણ એ બેંકોની અંદર ૭૪.૨૨ લાખ ખાતાં ગુજરાતની અંદર ખૂલ્યાં. પહેલા બેન્કો વિજય માલ્યા માટે ચાલતી હતી એના માટે દરવાજા ખુલ્લા રહેતા હતા. વિજય માલ્યાને પૈસા મળે પણ ગરીબની ઝૂંપડી માટે કોઇ બેંકમાંથી લોન જોઇતી હોય તો એને ન મળે. તમારા દ્વાર માલ્યા માટે ખુલ્લા હતા અને એ આજે બધું લૂંટીને જતાં રહ્યા છે એની તમને ખબર હોવી જોઇએ. મારે કહેવું છે કે ૨૮.૧૦ લાખ એટલે કે ૩૮ ટકા આધાર કાર્ડ સાથે એનું જોડાણ થયું છે. ૬૪.૯૪ લાખ એટલે કે ૮૭ ટકા રૂપે ડેબીટ કાર્ડ સાથે જોડાણ થયું છે. અને બેંક ખાતામાં ૧૧૬૦ કરોડ રૂપિયાનું બેલેન્સ જોવા મળ્યું. અનેક યોજનાઓની શરૂઆત થઇ. હમણા મારા સાથી સભ્ય શૈલેષભાઇ કહીને ગયા કે ગુજરાતનો વિકાસ દેખાતો નથી. જેઠાલાલની સાસુ સાથે સરખાવ્યો. આનંદ થયો કે જેઠાલાલની સિરિયલ તો એ જૂએ છે. પણ એ સિરિયલની અંદર એક પાત્ર એવું છે કે પોપટલાલ કે જેને પરણવું છે પણ એને પરણવા માટે કોઇ સુંદરી તૈયાર નથી. આ લોકોની સ્થિતિ સત્તારૂપી સુંદરી સાથે લગ્ન કરવા છે પણ એને કોઇ પરણવા માટે તૈયાર નથી. એમને પેલા પોપટલાલ જેવી સ્થિતિ થઇ છે.

છેલ્લા દસ બાર વર્ષની અંદર નાણા વિભાગની વાત કરીએ તો સાત દિવસની સપ્તાહ બેસાડીએ તો પણ ઓછી પડે એટલી છે, એટલો વિકાસ થયો છે. ભૂતકાળમાં નોકરી મેળવવા માટે રૂપિયા આપવા પડતા હતા અને રીટાયર્ડ થયા પછી પેન્શન મેળવવા પોતાના હક્કના નાણાં મેળવવા માટે રૂપિયાની કોથળી લઇને જતા અને કહેતા કે મારા પેન્શનના નાણાં આપો એવી સ્થિતિ હતી.'' દુઃખ ભરે દિન બિતે રે ભૈયા, અબ સુખ આયો રે'' એ સ્થિતિ આ સરકારમાં આવી છે. આ રાજય સરકાર દ્વારા સુદ્દઢ વહીવટ કરવાને કારણે આજે મને કહેતા ગૌરવ થાય છે, ગુજરાતની છ કરોડની જનતાને કહેતા ગૌરવ એટલા માટે થાય છે કે એક પણ વખત રિર્ઝવ બેંક કે કેન્દ્ર સરકાર કે વિશ્વબેંક પાસેથી ઓવર ડ્રાફ્ટ લેવો પડ્યો નથી. તમારા વખતે તમને કોઇ ઓવર ડ્રાફ્ટ આપવા તૈયાર નહોતું. હમણાં માનનીય સંજયભાઇએ વાત કરી, ભૂતકાળની અંદર પગાર કરવા માટે કે પેન્શનના નાણાં ચૂકવવા માટે મા અંબાજીમાં કોઇએ બે રૂપિયા કે પાંચ રૂપિયા દાન મૂકયું હોય એ દાનના પૈસાથી પગાર અને પેન્શન ચૂકવાતું હતું એ દિવસો પણ અમે જોયા છે. ભૂતકાળમાં પગારના નાણાં ચૂકવવા માટે સરકારે પેન્શનના નાણાં પણ વાપરી નાખ્યા હતા.

શ્રી રોહિતભાઇ જ. પટેલ(આણંદ) : Hon'ble Speaker, Sir, and other Hon'ble Members of this House. I will submit my views to support the demand of Rs.80,63,30,42,000/- for payment of pension and other retirement benefits to the employees of the Government. It is obvious that if we cut or reduce this amount, naturally the beneficiary will get less payment. So, we should be humane enough to approve this demand without any opposition or without any doubt. Not many new developments have taken place in the last ten years which have increased tremendous burden on the government cash out flow because many new benefits are given to the employees.

Major developments are there in four areas - one is development of infrastructure and system up gradation for easy and quick payment of pension and for completion of related formalities. The new rules of the year 2015 for providing medical benefits are certainly going to increase cash out flow of the government and therefore we are all expected to approve this demand without any opposition. The group insurance scheme is in force since 1982 and also one more since 1979. A new additional pension scheme is also in force since 2005. All these things together increase the cash out flow of the government.

Now, I will speak something about infrastructure. After independence, for the last 40 years, there was no treasury for payment of pension. In 1987 the first treasury was opened in Ahmedabad. Then after 25 years second treasury was opened in Gandhinagar in the year 2012. Hon'ble Chief Minister Smt. Anandiben Patel assumed the office as Chief Minister in 2014. Now see the speed of doing the work; soon after eight months of her assuming office she opened one treasury office in Baroda in February, 2015. Then after eleven months, in January, 2016, 4th office was opened in Rajkot, and then after one month the 5th office was opened in Surat. This is the speed of doing work. People do not believe that our government is doing work with such a speed. I will give one example; in case of revised pension the beneficiary does not need to go to the treasury. As soon as resolution is passed, all the competent and concerned authorities are informed about the resolution of revision of pension and the pensioners are getting the revised pension at their door step or in their accounts. In the past, during the Congress rule, everybody would have heard apply and apply, but no reply. As Mr. Bhushanbhai said, one has to go with a bag of money to get his own money. It is not the case now. On the contrary, no apply but get reply. You need not apply for revised pension, but you get revised pension.

Sir, in the past for veracity of existence a person has to go to the treasury, and then go to the bank, then again to the treasury. The beneficiary becomes a football between the treasury and bank. It is not the case now. He can go to the treasury and get veracity of existence done. Treasury has to co-ordinate with the bank. The beneficiary is relaxed. The time for getting veracity done was only one month, i.e., the month of May. This government has increased the duration to three months - May, June & July. The beneficiary can get the veracity of existence done during these three months. If they do not do this within these three months, then only payment of pension is stopped with effect from the month of August. For veracity of disable one would have hardly heard in Congress rule that the officer goes to the beneficiary and get the things done. But now it is nothing new. Hon'ble Modi Saheb did this in 2007. If a person is disable to go to the treasury, he can just apply to the treasury and competent authority from treasury goes to the beneficiary's home and get the veracity of existence done. This is the deep sympathy to the beneficiary of the ruling government.

Now, regarding online facility, if a pensioner lives in a remote place where there is no bank, he will get his pension at his door step by money order. See the sympathy of the government. The cost of the money order up to Rs.3500/- is borne by the Government. This is how the government is working with full sympathy towards the retired employees. On line facility is there. Employee or beneficiary can down load his account, check and verify all his transactions, as regards his pension or medical claim. He can also update his phone number and e-mail address.

Mr. Deputy Speaker: Your time is over now.

Shri Rohitbhai Patel: Thank you, sir.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ(ઉધના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી તેમના વિભાગની માગણી નં.૧૫,૧૭ અને ૧૮ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નાણા વિભાગના મંત્રીશ્રીનું મુખ્ય કામ તો પોતાના રાજ્યની આવક એકઠી કરીને નોન પ્લાન ખર્ચ કરીને બચત રહે તેમાંથી તમામ વિભાગને બજેટ આપીને સોશિયલ જવાબદારી નિભાવવાની હોય છે એ આપણી ચર્ચામાં આવતું નથી. મારે એક વિભાગની ચર્ચા કરવી છે. હું વિપક્ષના મિત્રોને સાંભળતો હતો. બજેટ વિશે મોટી મોટી વાતો કરતા હતા. આ હાઉસમાં હું ૨૦ વર્ષથી બેસું છું, ૨૦ વર્ષથી અહીંયાં છું અને તે પહેલાના બજેટ વિશે જાણું છું. મારા મિત્રોને ખબર છે કે તમારે ખાવા

પીવામાં કાંઇ હતું નહીં, પગાર પૂરો કરવા માટે તમારે મંદિરોમાંથી પૈસા લાવવા પડતા હતા અને અમને શિખામણ આપો છો? આ કેવી રીતે ચાલે? એક કહેવત તમને લાગુ પડે છે. *(xxx)

ઉપાધ્યક્ષશ્રી : આપના એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું કારણ કે એ અસંસદીય શબ્દોની યાદીમાં સમાવિષ્ટ છે.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં શ્રી શૈલેષભાઇ કહેતા હતા કે લોકો તમારા શાસનમાંથી વિશ્વાસ ગુમાવી બેઠા છે. પરંતુ હું ગઇકાલની જ વાત કરું. સુરતના કડોદરા ખાતે કિસાન રેલી હતી. એમાં એક લાખ કરતાં વધારે ખેડૂતોએ સમર્થન કર્યું. એ તમે જુઓ તો ખબર પડે કે ભારતીય જનતા પાર્ટીની શકિત કેટલી છે? મારે આજે એક ખાસ વાત યાદ કરાવવી છે. નાણા ખાતુ એક ખાસ જવાબદારીવાળું ખાતુ છે. એ જવાબદારી સામૂહિક અકસ્માત વીમા યોજનાની છે. આપણે ઘણી બધી વાતો કરી છે. એની ફાળવણીની વાત કરી છે. ભારત સરકારની જૂથ અકસ્માત વીમા યોજના હતી. એને વધુ સબળ બનાવવા માટે સ્પેશિફિક જવાબદારી નાણા વિભાગે સંભાળી છે. ૨૦૦૮થી વીમા યોજનાનો લાભ લેવા માટે કેટલાક સ્કોપ અમારી સરકારે ઉભા કર્યા છે એનો મારે ખ્યાલ આપવો છે. કદાચ મારા મિત્રો જાણતા નહીં હોય. આ ગુજરાતની ૬.૫ કરોડમાંથી ૩.૫ કરોડ પ્રજાને આ વીમા જૂથ યોજનામાં આવરી લેવામાં આવી છે અને આ વીમા જૂથ યોજનાનો ખૂબ સ્પષ્ટ અને સારી રીતે અમલ કર્યો છે. એના માટે તા.૧-૪-૨૦૧૩ના રોજ વીમા જૂથ યોજનાનો ફાઇનલ જીઆર બનાવ્યો છે અને એમાં ઘણી બધી બાબતો સમાવિષ્ટ કરી છે. કદાચ એમને ખ્યાલ નહીં હોય. એમના વખતમાં ખાવા પીવાના પણ નાણા હતા નહીં. પગાર આપવાના પણ પૈસા હતા નહીં. એટલે બીજાને તો વીમો આપવાનો તો સવાલ જ ઉભો થતો નથી. શ્રી મોહનસિંહને પૂછો તો ખબર પડે. ગુજરાતના ખાતેદાર ખેડૂતોનો એમાં સમાવેશ કર્યો છે, ખેડૂતોનો સમાવેશ કર્યો છે. ૨૦૧૩ની સાલમાં ખ્યાલ આવ્યો કે એમના પુત્ર અને પુત્રીઓનો પણ આની અંદર સમાવેશ કરવો જોઇએ. એટલે ૭૦ લાખ ખેડૂતોનો આપણે સમાવેશ કર્યો એની સાથેસાથે ૭૦ લાખ પુત્ર અને પુત્રીઓનો પણ અકસ્માત જૂથ વીમા યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે. અસંગઠિત શ્રમિકો, જે લોકો છૂટક કામ કરે છે એની કોણ ખબર લેતું હતું આ દેશમાં? આ ગુજરાતમાં? તમને તો ખબર પણ નહોતી, તમે તો વાતો કરો છો, મત લો છો પણ એ લોકોનું શું થયું? એમના મૃત્યુ પછી શું સ્થિતિ થઇ એનો તમને ખ્યાલ નથી. અસંગઠિત શ્રમિકોનો સમાવેશ કર્યો. ત્યાર પછી પોલીસ તેમજ જેલ ખાતાના કર્મચારીઓનો સમાવેશ કર્યો. આ જૂથ યોજનામાં પ્રાથમિક કક્ષાના વિદ્યાર્થીઓ, માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ, ઉચ્ચ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ, કોલેજના વિદ્યાર્થીઓ આ તમામનો સમાવેશ કરી અકસ્માત જૂથ વીમા યોજનાઓ કરી. સફાઇ કામદારોની ખબર લેનાર કોઇ નહોતું, સફાઇ કામદારોને પણ આપણે લીધા. હીરા ઉદ્યોગના કામદારો હતા એમને પણ કોઇએ સંભાળ્યા નહોતા. નિરાધાર લોકો, વિધવાઓ આ બધાનો સમાવેશ કર્યો. મૃત્યુ પછી ૫૦ હજારથી ૧૫ લાખ સુધીની વીમા યોજના આ સરકારે આમેજ કરી છે. જે કાર્યવાહી થઇ એ પણ જાણવા જેવી છે. ૧૪૫૭ ખેડૂત ખાતેદારોને ૧૪ કરોડ ૪૮ લાખ રૂપિયા કરતા વધારે રકમ અકસ્માત વીમામાં ચૂકવવામાં આવી છે. ગયા વર્ષે ખેડૂત ખાતેદારોના ૧૪૮ વારસદારોને ૧ કરોડ ૪૬ લાખ રૂપિયાની આપણે ચૂકવણી કરી છે. અસંગઠિત ૬૨૪ શ્રમિકો છે જે અકસ્માતમાં માર્યા ગયા એમના માટે ૬ કરોડ ૩૮ લાખ ૩૪ હજાર રૂપિયાની વીમાની રકમ આપણે આપી છે. પ્રાથમિક શાળાના ૪૧૧ વિદ્યાર્થીઓ અકસ્માતમાં મૃત્યુ પામ્યા કદાચ તમે જાણતા પણ નહીં હો આટલી મોટી સંખ્યામાં બાળકો મા-બાપે ગુમાવ્યા છે એમને પણ વીમામાં આમેજ કરી ૨ કરોડ ૪ લાખ ૫૯ હજાર રૂપિયાની વીમા યોજના આપણે એમને આપી છે. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ ૧૫૬ વિદ્યાર્થીઓ અકસ્માતમાં માર્યા ગયા છે. કોલેજના ૧૧૧ વિદ્યાર્થીઓ અકસ્માતમાં માર્યા ગયા આ બધાને વીમામાં આમેજ કરી લીધા છે. પોલીસ વિભાગના ૪૬ કર્મચારીઓ અકસ્માતમાં આમેજ થયા એમને ૧ કરોડ ૮૩ લાખ રૂપિયાની ચૂકવણી જૂથ વીમા યોજનામાં આપણે કરી છે. અન્ય યોજનામાં ૨૯૮૫ લોકોને અકસ્માતમાં ૨૮ કરોડ ૪૨ લાખ રૂપિયા જેટલી રકમ ગયા વર્ષે આપણે ચૂકવી છે. આ યોજના ૧-૪-૦૮થી અમલમાં આવી ત્યારથી તા. ૧૧-૩-૨૦૧૬ સુધીમાં ૨૦૭૯૧ લોકો અકસ્માતમાં માર્યા ગયા એમના માટે ૧૯૩, ૭૨,૫૯,૪૬૩ કરોડ રૂપિયા અકસ્માત વીમા યોજનામાં આપણે આમેજ કરી શકયા છીએ. નાણા ખાતાની મારા મિત્ર માનનીય સૌરભભાઇ જે માગણીઓ લઇને આવ્યા છે એને હું સમર્થન આપુ છું એટલું જ નહીં પણ વર્ષો સુધીના તૈયાર થયેલા બજેટમાં સામેના પક્ષની આંખો પહોળી થઇ જાય એટલું સારું બજેટ માનનીય સૌરભભાઇએ આપ્યું છે એ બદલ, તેમને, મંત્રીમંડળને અને માનનીય મુખ્યમંત્રીશ્રીને હું ખૂબ હૃદયપૂર્વક અભિનંદન આપુ છું.

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું માગણીઓ લઇને આવ્યો તેમાં ઘણા બધા માનનીય સભ્યશ્રીઓએ પોતાના વિચારો રજૂ કર્યા. શરૂઆતમાં માનનીય બલવંતસિંહના વિચારો અને અંતમાં માનનીય નરોત્તમભાઇના વિચારો. આમ જોવા જઇએ તો હાઉસની બહાર બન્નેના વિચારો સરખા જ છે. નરોત્તમભાઇ જે કહે છે એ જ બલવંતસિંહ બહાર બોલે છે એટલે સમર્થન તો ચોકકસ આ બજેટની ચર્ચા પરથી દેખાયું. પણ જરૂર પડે આ હાઉસમાં બોલવું પડે એના કારણે આ વિષયો હાથમાં લીધા છે. માનનીય સભ્યશ્રીએ ૧૯૯૦-૯૧નો બધો ઇતિહાસ કાઢયો એટલે હું વિચારમાં પડયો કે આ ૧૯૯૦-૯૧નો ઇતિહાસ કાઢયો અને આટલું સરસ ગુલાબી ચિત્ર ૧૯૮૦ થી ચાલુ કર્યુ પણ કેન્દ્ર સરકાર અને રાજય સરકાર બન્ને એક જ પક્ષની આટલા વર્ષો સુધી ઇતિહાસમાં કોઇ દેશમાં નહીં હોય. એ ભારત દેશની પ્રજાએ આપ્યો હતો. ૧૯૬૦ થી તમે કેટલા વર્ષ સુધી આ પ્રજા ઉપર શાસન કર્યું? આવકનું ગુલાબી ચિત્ર, જી.ડી.પી.નું ગુલાબી ચિત્ર, ખેડૂતોના લાભો અને અનેક વિષયોએ વાત કરી. આટલું બધું સરસ રીતે ગુલાબી ચિત્ર પ્રજાને તમે આપ્યું, મારે એક જ સવાલ પૂછવો છે કે એવું તે કેવું સરસ ગુલાબી ચિત્ર આપ્યું કે છેલ્લા ૨૦ વર્ષથી લોકોએ આ બાજુ તમને બેસાડ્યા નથી, તમારા બજેટમાં લોકોને એવું તે શું યાદ રહી ગયું કે તમે ૨૫-૩૦ વર્ષ રાજ

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કર્યું છતાં અમને એટલી સરસ તક આપી કે અમારા પાયા એટલા ઊંડા જતા રહ્યા છે કે આવતા ૨૦ વર્ષ સુધી તમે ત્યાં છો અને અમે અહીંયા છીએ. મારે બલવંતસિંહને વાત કરવી છે કે ગુજરાત નંબર વન છે. ગુજરાતની વસતિ દેશમાં ૫ ટકા છે અને ગુજરાતનો એરિયા દેશમાં ૬ ટકા છે. પરંતુ આખા દેશમાં જેટલા ઉદ્યોગો છે એના ૧૦ ટકા ઉદ્યોગો આજે ગુજરાતમાં છે અને ૧૭ ટકા ઔદ્યોગિક પ્રોડકશન આખા દેશનું ગુજરાતમાં છે અને એટલા માટે નંબર વન છે. ૧૬૦૦ કિલોમીટરની કોસ્ટલ લાઇન તમારા સમયમાં પણ હતી. આજે ગૌરવ સાથે અમે કહી શકીએ છીએ કે આજે દેશનું કુલ આશરે ૪૦ ટકા પોર્ટ હેન્ડલીંગ એ ગુજરાતની કોસ્ટલ લાઇન ઉપર થાય છે. આ ગૌરવ કોણ લઇ શકે? મહારાષ્ટ્રમાં છે, કેરલમાં છે, આંધ્રમાં છે અને તામિલનાડુમાં છે, પરંતુ આપ કેન્દ્રની વાત કરો છો પણ નરેન્દ્રભાઇની સરકાર આવ્યા પછી અમે પોર્ટ પોલિસી બનાવી અને એના કારણે દેશનો ૩૫ થી ૪૦ ટકા કાર્ગો ગુજરાતમાંથી થવા માંડ્યો. આ પોલિસીના આધારે થયું છે. એકલા કંડલા પોર્ટના કારણે નથી થયું અને એનું અમે ગૌરવ લઇએ છીએ. દેશનું ૨૫ ટકા એક્સપોર્ટ ગુજરાતમાંથી થાય છે. આ બી.એ.સી., એન.એ.સી. માર્કેટ કેપિટલાઇઝેશન છે એમાં ૩૦ ટકા ગુજરાતનું છે એટલે ગુજરાત નંબર વન છે. મારે મિત્રોએ થોડા સવાલો પૂછ્યા છે એના જવાબો આપવા છે. માનનીય શક્તિસિંહભાઇએ મીઠા ઉપર ટેક્સની વાત કરી. મારે પૂછવું છે કે ખાવાના મીઠા ઉપર કયો ટેક્સ નાખ્યો છે એનો જવાબ આપે. દરેક સોલ્ટ જે ઉત્પાદન થાય છે એ આયોડાઇઝ કન્ટેન માટે રિફાઇનરીમાં જાય છે. હું કહું છું કે ખાવાના સોલ્ટ માટે કોઇ તકલીફ નહીં પડે. જે ટેક્સ નાખ્યો છે એ ઇન્ડસ્ટ્રીયલ સોલ્ટ ઉપર નાખ્યો છે. પણ ગુજરાતમાં જે ઇન્ડસ્ટ્રીઝ છે એમને તો ઇનપુટ ટેક્સ ક્રેડિટ તરીકે મળે છે. તમે તો ઉદ્યોગ ચલાવો છો અને ઇન્પુટ ટેક્સ શું છે એ જાણો છો. જે ઇન્ડસ્ટ્રીઝ રો મટિરિયલ તરીકેની વ્યાખ્યામાં આવે ત્યારે એને ઇન્પુટ ટેક્સ ક્રેડિટ મળે એટલે એનું ભારણ થતું નથી. ગુજરાતની બહાર માલ જાય એના ૧૦ કરોડ છે. નાના ખાબોચિયા છે એ પૂર્યા એના આપે અભિનંદન આપવા જોઇએ. એની જગ્યા એ તમે કોઇ વેપારી મળી ગયા અને એ વેપારીને ગુજરાત બહાર માલ મોકલવાની તકલીફ હોય એટલે એના વિશેની વાત કરી. કોઇ ઇન્ડસ્ટ્રીવાળાએ તમને કહ્યું કે તકલીફ પડે છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સૌરભભાઇ સાહેબ કહે છે કે કોઇ વેપારી મળી ગયા તો એમની પાસે પુરાવા હોય તો રજૂ કરે કે કયા વેપારી અમને મળી ગયા?

શ્રી સૌરભ પટેલ : વેપારીઓને મળવાનો થોડો ગુનો છે? વેપારીઓએ એમની તકલીફ વિશે રજૂઆત કરી હોય પરંતુ મારે એટલું જ કહેવું છે કે (અંતરાય) આ તો બોલીંગની શરૂઆત છે. માનનીય અધ્યક્ષશ્રી, આ જ હાઉસની અંદર અનેક વખત ગેસ વિષે વાત કરી હતી. અનેક વખત ગેસમાં વાત કરીને મેં કહ્યું હતું કે, ચલો દિલ્હી અને કેન્દ્રને કહો કે આખા દેશમાં એક સરખો ભાવ કરે. કહેતા હતા કે નહોતા કહેતા અમે? તમે લોકો સંમત ના થયા એટલા માટે હાઇકોર્ટના દરવાજાએ ફર્યા. હાઇકોર્ટમાં અમે જીત કરી. તમારી કેન્દ્ર સરકાર દિલ્હીમાં સુપ્રીમ કોર્ટમાં ગઇ અને સુપ્રીમ કોર્ટમાં પણ પછડાટ થઇ અને આ એન.ડી.એ. સરકારની અંદર જે તમારા ૨૦૧૩ની અંદર ૬૬ રૂપિયા હતા એના આખા દેશમાં એક સરખા ભાવના કારણે ૪૫ રૂપિયા ભાવ થયા છે. આ અમારા કારણે થયું છે. આ આપના કારણે નથી થયું અને આનું અમને ગૌરવ છે કે અમે આ ગેસના ભાવો આખા દેશમાં સમાંતર લાવી શક્યા છીએ અને ગુજરાતને ગૌરવ થવું જોઇએ. આજે દેશમાં ૩૦ લાખ ઘરવપરાશ કરે છે. કેટલા? ૩૦ લાખ. ૩૦ લાખમાંથી ૧૪ લાખ ૭૦ હજાર ઘર કનેકશન ગુજરાતમાં છે અને માનનીય શક્તિસિંહજી જાણે છે કે એ વખતે પેટ્રોલિયમ રેગ્યુલેટરી બોર્ડે જો મંજૂરી આપી હોતને તો ભાવનગરમાં અત્યારે ૧૦,૦૦૦ ઘરોમાં હું ગેસ આપતો હોત. એમણે આ હાઉસની અંદર ભલામણ કરી હતી. મેં કહ્યું કે, ચલો આપણે દિલ્હી જઇએ અને અહીંયા બધા સાક્ષી છે. રેકોર્ડ કહેશે કે મેં અનેક વખત કીધું હતું કે, ચલો દિલ્હી જઇએ અને અત્યારે એકલું ભાવનગર નહિ કચ્છ ઇસ્ટ–માંડવી એમના બધા એરિયા આવી ગયા છે અને આ મહિના દોઢ મહિનાની અંદર જો જો અહીંયા અમરેલીના ધારાસભ્ય પણ વખાણ કરતા થઇ જાશે. વર્ષોથી જે રાહ જોતા હતાને એ. ૧૪ લાખ ૭૦ હજાર તો મેં ઘર વપરાશ માટે આપ્યું.

આખા દેશમાં સી.એન.જી. સ્ટેશન ૧૦૩૦ છે. એમાં ગુજરાતમાં કેટલા છે? ૩૬૭. ૩૬%. કુલ કેટલા સી.એન.જી. વાહનો છે? ૨૪ લાખ. એમાં ગુજરાતમાં કેટલા છે? ૮ લાખ. એટલે આ અમારી મહેનત. અરે, ટેક્સેશનના કારણે થતું નથી ઇન્ફ્રાસ્ટ્રકચર આપવાથી થાય છે. ટેક્સેશન નાખવાથી કાંઇ માળખું ના બને. ટેક્સેશનથી આવક થાય તો એનાથી અમે રૂપિયા નાખી શકીએ અને એનાથી લોકોને સુવિધા આપીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતથી અમારા મિત્રએ ડીઝલ–પેટ્રોલની વાત કરી. વર્ષોથી હું સાંભળતો આવ્યો છું. સૌથી વધારે ટેક્સ તો ગુજરાતમાં. સૌથી વધારે ડિઝલના ભાવો તો ગુજરાતમાં. સૌથી વધારે તો સાંભળી લેજો અને યાદ રાખજો. એટલે બીજી વખતે આનું પીકચર આવે નહિ. પેટ્રોલ આંધ્રપ્રદેશ ૪૦.૪૩% (અંતરાય) બધા બોલું અને આપ જે બોલ્યાં ત્યારે હું શાંતિથી સાંભળતો હતો. હવે હું I aspect the same respect. આંધ્રપ્રદેશ ૪૦.૪૩%, મધ્યપ્રદેશ ૩૯.૩૭, ઉત્તરાખંડ ૩૯.૪૦, ઉત્તરપ્રદેશ ૩૭.૯૪, ઝારખંડ ૩૭.૮૪, પંજાબ ૩૬.૯૪, કેરાલા ૩૪.૪૬, રાજસ્થાન ૩૩.૫૪, મહારાષ્ટ્ર ૩૨.૫૮, કર્ણાટકા ૩૨.૩૦, સિકકીમ ૩૨.૩૦, બિહાર ૩૧.૮૫, વેસ્ટબેંગાલ ૩૦.૮૧, ગુજરાત ૨૮.૯૬. હવે એના પછી વાત કરી લઉં. એટલે તમને ખબર પડે. ઓરિસ્સા ૨૭.૨૬, દિલ્હી ૨૭, હિમાચાલ પ્રદેશ ૨૭, હરિયાણા ૨૬.૨૫, નાગાલેન્ડ ૨૪.૦૮, હવે ભાઇ, આ બધા આંકડા એટલી તો સ્પષ્ટતા કરે છે કે ગુજરાતની અંદર હાઇએસ્ટ ટેક્સેશન આખા દેશમાં નથી. અને બીજું, ભાઇ બલવંતસિંહજી, રાજસ્થાને એક વર્ષમાં પાંચ વાર ટેક્સ વધાર્યો, મધ્યપ્રદેશે ચાર વાર વધાર્યો, કેરાલાએ ચાર વાર વધાર્યો, તેલંગાણાએ ત્રણ વાર વધાર્યો, હરિયાણાએ ચાર વાર વધાર્યો, વેસ્ટ બેંગાલે બે વાર વધાર્યો. મહારાષ્ટ્રે ત્રણ વાર વધાર્યો. એટલે આ થોડી આપને હું માહિતી આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મારે એક ખાસ વાત કરવી છે. ખેડૂતોની વાત કરું ભાઇ. ખેડૂતો વિશે લાગણી આ વખતે

હાઉસમાં ઘણી વાર ચર્ચાઓ થઇ છે. સૌરભભાઇને ખેડૂતો વિશે શું ખબર ભાઇ, બરાબર ? ખેડૂતના દીકરા હોવા જોઇએ, પાણી વાળવું પડે, સવારના ઊઠીને ખેતરમાં ફરી આવે તો ખબર પડે. હું તો ખેડૂતનો દીકરો પણ મેં કાંઇ પાણી વાળ્યું નથી પણ ખેડૂત વિશે લાગણી મારા દિલમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, મેં બોટાદની અંદર પ્રતિનિધિત્વ કર્યું. મારે ખાલી આપને માહિતી આપવી છે. બોટાદ આખા સૌરાષ્ટ્રમાં નંબર વન ટપક પદ્ધતિમાં થયું. અને આ છે ને એમને એમ નથી થયું. જાતે ગામડે બેઠકો લઇને કરી છે. ૧૫-૧૬માં મારે દાખલો આપવો છે, આજની તારીખમાં મેં બોટાદની અંદર કુલ આઠ હજાર ખેડૂતોને ૧૨,૧૦૫ હેકટર ટપક પદ્ધતિ કરાવી છે, બરાબર. અને અમારા ખેડૂત પુત્ર માનનીય શકિતસિંહભાઇ, એમણે ખાસ નાણા વિશે આ વિષય બહુ ભારપૂર્વક મૂક્યો કે, હું ખેડૂત પુત્ર પાણી વાળતો હતો. મારે આપને પૂછવું છે, અરે ભાઇ આપના બાપ દાદાએ પણ આપ તો ત્યાં જન્મ્યા છો ને? અમારા બોટાદની સામે તમે ઉમરાળામાં જન્મ લીધો છતાં આજની તારીખમાં તમે ૩,૨૨૬ હેકટર કરી શક્યા છો, મારી ૧૨,૧૦૫ની સામે. મેં તો ગામડામાં જન્મ પણ નથી લીધો અને તમે જન્મ લીધો હોવા છતાં તમારા તાલુકામાં નથી કરી શક્યા. અને વધારે આપના ગામની વાત કરું, મેં ખાસ મંગાવ્યું, મેં કહ્યું આ લીમડા ગામમાં કેટલું છે ? લીમડા ગામમાં (અંતરાય) કેટલા હેકટર ? ૩૩ હેકટર, ૫ હેકટર, ૧૦-૧૧માં ૧ હેકટર, ૪૪ હેકટર, ૭૩ હેકટર. અરે, એમનું વતન લીમડા ગામ ત્યાં સવારના પાંચ વાગ્યે ઉઠીને ખેતરમાં જતા હતા. મારે આપને પૂછવું છે કે, ખેડૂતના દીકારા અને તમારા ગામમાં કેટલું કર્યું છે ? તમે તપાસ કરો. અને મેં મારી કર્મભૂમિમાં કેટલું કર્યું છે(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : જાહેરાત પણ ૪.૧૫ની જ છે, માનનીય શકિતસિંહજી. ૪.૧૫ની જ છે જાહેરાત. ૪.૧૫ વાગ્યે અનુદાન માટેની તમામ ચર્ચાઓનો અંત આવશે, ચર્ચાઓનો અંત આવશે.

શ્રી સૌરભ પટેલ : મારે એટલું જ કહેવું છે, મારા વિષયનો હાર્દ આટલો જ હતો કે, ખેડૂતો માટે લાગણી હોવી જોઇએ અને એ ખેડૂતોની લાગણી છે ને તમને આ બજેટમાં દેખાય છે અને એ *( xxx) (અંતરાય)

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : પોઇન્ટ ઓફ ઓર્ડર છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આપ આપના સભ્યોને બેસાડો તો હું તમને સાંભળુંને. મેં આપને સાંભળવાની ના નથી પાડી. હું આપને સાંભળું છું, આપ બેસાડી દો. માનનીય મંત્રીશ્રી પ્લીઝ. પ્લીઝ, ભાઇ તમે બેસી જાવ બધા સભ્યો. શકિતસિંહજી આપને પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર બોલવું છે?

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : હા.જી.

ઉપાધ્યક્ષશ્રી : તો બોલો. આપના સભ્યોને બેસાડી દો. હાઉસ ઓર્ડરમાં છે.

શ્રી સૌરભ પટેલ : લાગતું હોય તો કાઢી નાખજો, ટાઇમ બગડે છે માનનીય અધ્યક્ષશ્રી, એટલે કહું છું.

ઉપાધ્યક્ષશ્રી : ચાલો એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું ચાલો. પ્લીઝ નટવરસિંહજી.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે જી.એસ.ટી. વિશે કહેવું છે એટલે આપ પ્લીઝ મને પાંચ મિનિટ આપજો. જી.એસ.ટી. વિશે વાત કરી લઉં. ગુડસ એન્ડ સર્વિસ ટેક્સ માટેના જેટલા અમારા પ્રવચનો છે, જેટલા અમે દિલ્હી મોકલાવ્યા છે, જેટલું અમારું સ્ટેન્ડ હતું, આદરણીય શ્રી નરેન્દ્રભાઇ હતા એ વખતનું સ્ટેન્ડ અને આજના સ્ટેન્ડમાં કોઇ ફેરબદલાવ નથી થયો, નંબર વન. નંબર ટુ (અંતરાય) અરે સાંભળોને ભાઇ, અરે પણ તમે સાંભળો, અત્યાર સુધી બધી જ સ્પીચોની અંદર અમે ઓલવેઝ લખ્યું છે કે, અત્યાર સુધી બધી સ્પીચોની અંદર અમે ઓલવેજ લખ્યું છે. We fully support Goods and Service Tax Bill but we request you to make following changes in the interest of State. બરાબર છે? આ પ્રમાણે લખ્યું છે.ત્રીજું, મેન્યુફેકચરીંગ સ્ટેટ માટે માનનીય શકિતસિંહભાઇ, (અંતરાય) અરે, પણ હું કયાં ના પાડું છું? મેન્યુફેકચરીંગ સ્ટેટની રેવન્યુના પ્રોટેકશન માટે આપણે કેન્દ્રને અનેક વખત રજૂઆતો કરી. ચિદમ્બરમ હતા, ચિદમ્બરમે ઘસીને ના પાડી અને જેટલીજી પાસે હું જાતે અનેક બેઠકો કરી આવ્યો. અરે, જેટલીજીએ મેન્યુફેકચરીંગ સ્ટેટસને પ્રોટેકશન આપવા માટે એમણે એક ટકો ટેકસ મૂકયો. કમનસીબ એ છે કે આ યુ.પી.એ.ની સરકારે, આ *(xxx) (અંતરાય) અરે, ચોકકસ છે, વિરોધ કર્યો છે. (અંતરાય)

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : આપણે ત્યાં નથી થઇ શકતી આ પ્રથા સાહેબ, આ ટીકા નથી થઇ શકતી. નામજોગ ટીકા કરી છે નાણામંત્રીની.

ઉપાધ્યક્ષશ્રી : એમને સાંભળોને, આપ બેસો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલઃ અરે, પણ નામજોગ કેવી રીતે થઇ શકે? જે આ ગૃહના સભ્ય નથી, નામજોગ કેમ થાય? નામજોગ ના થાય સાહેબ. નામજોગ ટીકા ના થાય. એમણે નામજોગ ટીકા કરી છે.

શ્રી સૌરભ પટેલ : યુ.પી.એ. સરકાર.

ઉપાધ્યક્ષશ્રી : યુ.પી.એ. સરકાર, ચાલો બેસી જાવ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : દૂર તો કરો શબ્દો, કાં તો શબ્દો દૂર કરો, નહીંતર એ શબ્દો પાછા ખેંચે.

ઉપાધ્યક્ષશ્રી : નાણામંત્રીએ જે નામનો ઉલ્લેખ કર્યો છે એ રેકર્ડ ઉપરથી દૂર કરું છું. (અંતરાય) એમણે કીધું છે. મંત્રીશ્રીએ કીધું છે.

શ્રી સૌરભ પટેલ : યુ.પી.એ. પાર્ટીનું કલીયર સ્ટેન્ડ છે અને ઓફીશીયલ સ્ટેન્ડ ઓલરેડી એ લોકોએ ડીસ્પોઝ કર્યું છે.

---

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

તમે ગુજરાતનું હિત ઇચ્છો છોને? લખો આજે કાગળ અને મેં જે ચોપડીમાં લખ્યું છે એ તમારા ચિદમ્બરમજીને અને સોનિયા ગાંધીને મોકલી આપો. તાકાત હોય તો મોકલો. આ ઓપન ચેલેન્જ છે. ઓપન ચેલેન્જ આપું છું. મારે આ વિરોધ પક્ષના સભ્યશ્રીઓને કહેવું છે કે મારી જે ચોપડીનું નિવેદન છે, જે ઓફીશીયલ છે એને સર્વાનુમતે આ હાઉસમાં પાસ કરીને મોકલી આપો. ચલો, એક કાગળ નથી લખી શકતા. પૂછવા જવું પડે અને હું અત્યારે ચેલેન્જ આપું છું. લખો કાલે કાગળ ડ્રાફ્ટ કે આ છે અને અમે સંમતિ આપીએ છીએ. ગુજરાતનું હિત તમારા દિલમાં નથી. તમે માત્ર ને માત્ર રાજકારણ કરો છો, ગુજરાતના હિતનું રાજકારણ કરો છો અને સાચું હિત હોય તો લખો કાગળ. અત્યારે ઉભા થઇને એક તો કહો કે હું કાગળ લખવા તૈયાર છું. એક જણ ઉભા થાવ, તમે એમ લખો, (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : સૌરભભાઇ, પ્લીઝ (અંતરાય) બેસો તો ખરા પણ, એટલે કંઇ ઉભા થઇને જવાનું નથી કહેતા. એમની સાથે સંમત થવાની વાત છે.

શ્રી સૌરભ પટેલ : કે જેથી એટલું જ થાય કે ગુજરાત સરકારનું જે સ્ટેન્ડ છે એ સ્ટેન્ડ જોડે અમે સંમતિ બતાવીએ છીએ. (અંતરાય)(સુત્રોચ્ચાર)

ઉપાધ્યક્ષશ્રી : બેસી જાવ બધા.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : પણ આ રીતે થોડા જવાબ હોય, મંત્રીના જવાબ છે એની કોઇ રીત છે.

ઉપાધ્યક્ષશ્રી : તમારા સભ્યો અવાજ બંધ કરે તો તમે કંઇ બોલી શકોને? પ્લીઝ, બળદેવસિંહજી, એમને બોલવું હોય તો બધાને શાંત તો રાખો. એમને બોલવું છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : એ કહે છે ઉભા થાવ, આપ કહો છો ઉભા ના થાવ. એમને શું લખવું છે?

ઉપાધ્યક્ષશ્રી : બેસો, બેસો, શકિતસિંહજી, પ્લીઝ બેસો. Let him finish. તમારી પાસે ફકત પાંચ મિનિટ છે.

શ્રી સૌરભ પટેલ : ઉભા થવાનો વિષય પૂરો થાય છે.

ઉપાધ્યક્ષશ્રી : ઉભા થવાનો વિષય પૂરો થયો છે. પ્લીઝ , બેસી જાવ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : ગૃહમાં આ રીતે જવાબોની પરંપરા ન હોય સાહેબ.

ઉપાધ્યક્ષશ્રી : એમના લેવલે વિષય પૂરો કર્યો છે. માનનીય શકિતસિંહજી. વિષય પૂરો કર્યો છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : આ પદ્ધતિથી જવાબ હોય?

ઉપાધ્યક્ષશ્રી : પ્લીઝ , શકિતસિંહજી બોલે છે ને.(અંતરાય) હું સાંભળું છું.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : આપ જુઓ તો છો ને. સાંભળો છો એની સાથે. આ પદ્ધતિ ચાલે નહિ.

ઉપાધ્યક્ષશ્રી : પૂરું કરો. સૌરભભાઇ, તમે માગણી ચાલુ કરો ઝડપથી.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : તમારી પાસેથી આવી અપેક્ષા (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : પુજાભાઇ, પ્લીઝ , પ્લીઝ .

શ્રી સૌરભ પટેલ : શું વાત કરો છો?

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી ચાલુ કરો.

શ્રી સૌરભ પટેલ : એક છેલ્લી વાત કરીને મારી વાત પૂરી કરું છું.(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : એમણે એમનો વિષય પૂરો કર્યો છે. પ્લીઝ , પ્લીઝ, શકિતસિંહજી, પ્લીઝ હવે આપ બેસો. આપને કહેવું હતું એ કહી દીધું. આપ બેસો. ચાલો. પ્લીઝ બલવંતસિંહજી બેસો હવે. પ્લીઝ, (સતત સુત્રોચ્ચાર) આમાં ક્યાં કોઇ વિષય છે કે નહિ ચલેગી આવ્યું તમારું. પ્લીઝ, પ્લીઝ. બલવંતસિંહજી તમે એ બાજુ નહિ,આ બાજુ ધ્યાન રાખોને. તમે બોલો એટલે એ બધા સુત્રોચ્ચાર કરવાના એટલા માટે. બધા બેસી જાઓ. પ્લીઝ (અંતરાય) પ્લીઝ બલવંતસિંહજી. આપ પૂરું કરો માગણી ઉપરની ચર્ચા હવે પાંચ જ મિનિટ બાકી છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારના..(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી: રાઇટ ટુ કવેશ્ચનમાં..(અંતરાય) ભાઇ શકિતસિંહજી, લઇ લેજો ને. પ્લીઝ, પ્લીઝ . (અંતરાય) પ્લીઝ નિતીનભાઇ પ્લીઝ .

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી,

ઉપાધ્યક્ષશ્રી : માનનીય હીરાભાઇ..

શ્રી સૌરભ પટેલ : હવે આ તો ઓપનિંગ બેટસમેન છે. હજુ મીડલ ઓર્ડર બાકી છે. મીડલ ઓર્ડર બેટસમેનને બોલવા દો. બે મિનિટ છે. હું તમારા માટે એક આવતા વર્ષે વિધાનસભાની અંદર સીટ બેલ્ટ ગેરંટી સ્કીમ લાવીશ. વાતે વાતે ઊભા થઇ જાઓ છો?(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ આ બાજુ..

શ્રી સૌરભ પટેલ : બે બે મિનિટે ઊભા થઇ જાય છે. પેલા ટુ ટુ કરે છે. તો આ ટુ ટુ છે શું?

ઉપાધ્યક્ષશ્રી : સૌરભભાઇ, આ બાજુ તમે જુઓ. ડાયરેક્ટ એમની સામે નહિ.(અંતરાય) પૂરું કરો. સૌરભભાઇ બે મિનિટ આપની પાસે છે. એમાં માગણી ઉપરની ચર્ચા પૂરી કરવાની છે.

શ્રી સૌરભ પટેલ : સાહેબ પૂરું થઇ ગયું છે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

ઉપાધ્યક્ષશ્રી : પૂરું થઇ ગયું છે ચાલો. માગણીઓ ઉપરની સઘળી ચર્ચાનો અંત આવે છે. પ્લીઝ , પ્લીઝ . બેસો તો હું રાઇટ ટુ કવેશ્વન કરું ને? પ્લીઝ , પ્લીઝ .

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : આપ આપો તો થાય ને?

ઉપાધ્યક્ષશ્રી : પ્લીઝ, પ્લીઝ, પ્લીઝ. (અંતરાય) માનનીય મંત્રીશ્રી.પ્લીઝ .

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ: શું છે પણ? શેના માટે પોઇન્ટ ઓફ ઓર્ડર છે? એમને એમ ન હોય ને?

ઉપાધ્યક્ષશ્રી : કવેશ્વન ચાલુ કરે છે શું વાંધો હોય.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ: શું છે આ? આ શેના માટે છે? શેના સંદર્ભમાં છે? શેના માટે સાહેબ? સાહેબ કેવી રીતે હોય?

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : આપે મને એલાઉ કર્યો છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : કેવી રીતે હોય. સાહેબ આ કેવી રીતે હોય?

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : આપે મને એલાઉ કર્યો છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : રાઇટ ટુ કવેશ્ચનમાં શું પોઇન્ટ ઓફ ઓર્ડર છે?

ઉપાધ્યક્ષશ્રી : ઝડપથી બોલો ને?

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : શેનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે?

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : મને એલાઉ કર્યો છે માટે બોલવું છે. (અંતરાય) મને બોલવા દે તો બોલું ને સાહેબ? મને બોલવા દો? મારે એટલું કહેવું છે કે જ્યારે અમારા મંત્રીશ્રી વિભાગનો જવાબ આપી રહ્યા હતા ત્યારે કોંગ્રેસના સભ્યોએ એક સાથે ઊભા થઇને સતત ડિસ્ટર્બ કર્યા છે. આપના તરફથી કહેવા છતાં પણ એમને એલાઉ નથી કરવામાં આવ્યા. જયારે તેમનો રાઇટ ટુ કવેશ્વન હોય ત્યારે આ રીતે બેસી જાય, મંત્રીશ્રી વખતે સૂત્રોચ્ચાર કરે આ કેટલું યોગ્ય છે. આ રીતે કરે, આ રીતે અન્યાય કર્યો છે. એમણે જે રીતે કર્યુ છે.

ઉપાધ્યક્ષશ્રી : મારી બધા સભ્યશ્રીઓને વિનંતી છે કે બેસી જાઓ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીને રક્ષણ આપવું જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : હું બેસી જવા માટે કહું છું. બેસી જાઓ પ્લીઝ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હાઉસ તેમને ચલાવવાનું છે.

ઉપાધ્યક્ષશ્રી : બેસી જાઓ પ્લીઝ, તમારી માગણીઓ મંજૂર કરવાની છે. માનનીય મંત્રીશ્રી

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હાઉસ તેમને જ ચલાવવાનું છે. મંત્રીશ્રી જવાબ આપતા હતા ત્યારે સૂત્રોચ્ચાર અને પ્રશ્નોત્તરી વખતે શાંત થઇ જાય.

ઉપાધ્યક્ષશ્રી : આપ બેસો. થોડું તો રહેવાનું મંત્રીશ્રી. પ્લીઝ. બેસી જાઓ. ઓન્લી વન કવેશ્વન. પ્લીઝ તમે શેના માટે બોલો છો તેની મને સમજ નથી પડતી. શક્તિસિંહ બોલે છે. આપ બેસો. તમે શક્તિસિંહને ડીસ્ટર્બ કરો છો. પ્લીઝ કોણ છે ભાઇ? પ્લીઝ નો નો. આપણે માગણી મંજૂર કરાવવાની છે. આઇ રીકવેસ્ટ યુ પ્લીઝ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય મંત્રીશ્રી જીભાજોડી કરે છે, સભ્ય નથી. મીનીસ્ટર જીભાજોડી કરે છે.

ઉપાધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન પૂછી લો. ભાઇ પ્લીઝ જયંતિલાલ તમે બેસી જાઓ. ઇઝ ટુ મચ. બેસી જાઓ પ્લીઝ ઝડપથી તમે બોલો. આપનો સીધો કવેશ્વન જ આવશે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, બહુ દુઃખ સાથે

ઉપાધ્યક્ષશ્રી : કવેશ્વનમાં દુઃખ નહીં આવે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, દુઃખ સાથે કવેશ્વન ન હોઇ શકે? સાહેબ દુઃખ સાથે કવેશ્વન ન હોય? આપ દુઃખી છો તે અમે જાણીએ છીએ સૌરભભાઇ. આપ દુઃખી છો અને આપના દુઃખને અમે સમજી શકીએ છીએ.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય શક્તિસિંહ પ્લીઝ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી નીતિનભાઇ પણ દુઃખી છે. આપ પણ દુઃખી છો. આપનું દુઃખ ત્યાં છે તેની અકળામણ અમારી ઉપર શું કામ? તમારું દુઃખ અમે બરાબર સમજીએ છીએ. તમારું પણ સમજાય છે નીતિનભાઇ.

શ્રી પંકજ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે ૪.૧૨ મિનિટ થઇ છે અને ૪.૧૫ વાગ્યે ગૃહ પૂરું કરવાનું છે. એટલે માગણીઓ મતદાન ઉપર લેવાઇ જાય તેવી મારી વિનંતી છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સમય વધારી જ ના શકાય. ટાઇમ બાઉન્ડ છે. આ નિયમથી જ છે. તે વધી ન શકે.

રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૪,૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧ અને ૩૨ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંકઃ ૧૫, ૧૭, ૧૮ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

ગિલોટીન કરેલ માગણીઓ

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માગણી ક્રમાંકઃ ૧, ૭, ૮, ૧૧, ૧૪, ૧૬, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ રજૂ કરું છું.

માગણી ક્રમાંકઃ ૧, ૭, ૮, ૧૧, ૧૪, ૧૬, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

ઉપાધ્યક્ષશ્રી : હું રાજય વિધાન મંડળને લગતી માગણી ક્રમાંકઃ ૩૬ અને ૩૭ રજૂ કરું છું.

રાજય વિધાન મંડળને લગતી માગણી ક્રમાંક ૩૬ અને ૩૭ મત માટે મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.

ઉપાધ્યક્ષશ્રી : આજરોજ ૨૮મી માર્ચ ૨૦૧૬ના રોજ નામદાર રાજયપાલશ્રી ઓ.પી. કોહલીજીએ સૌ સભ્યશ્રીઓ માટે ૭.૪૫ કલાકે રાજભવન ખાતે ભોજનનું આયોજન કરેલ છે. તો સૌ સભ્યશ્રીઓને પધારવા નામદાર રાજયપાલશ્રીનું હાર્દિક નિમંત્રણ છે.

સભાગૃહનું કામકાજ સાંજના ૪.૧૬ વાગ્યે પુરું થતાં સભાગૃહ ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા.૨૯મી માર્ચ ૨૦૧૬ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

## તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા
મંગળવાર, તા. ૨૯મી માર્ચ, ૨૦૧૬
ચૈત્ર ૯, ૧૯૩૮ શાકે
સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.
અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષસ્થાને

### તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : ઓર્ડર..ઓર્ડર..

અધ્યક્ષશ્રી : (અંતરાય ) અત્યારે પ્રશ્નોત્તરીમાં કોઇ ચર્ચા નહીં. (અંતરાય)

(આ તબકકે વિપક્ષના સર્વ સભ્યશ્રીઓ પોતાની જગ્યા ઉપર ઉભા થઇ બેનરોનું પ્રદર્શન કર્યુ ) અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીમાં અત્યારે કોઇ ચર્ચાઓ નહીં, આપ બેસી જાવ પ્લીઝ. આ રીતનું કોઇ પણ પ્રદર્શન યોગ્ય નથી, આપ બેસી જાવ પ્લીઝ. આ પ્રકારે પ્રશ્નોત્તરીમાં આપણે વિક્ષેપ ના પાડી શકીએ પ્લીઝ. તમામને મારી વિનંતી છે કે બેસી જાવ. (સતત અંતરાય) તેમને બોલાવીને કાલે મેં બધી ચર્ચા કરી લીધી છે આપ બેસી જાવ. કાલે મેં માનનીય સભ્યશ્રીને મારી ઓફિસમાં સામેથી બોલાવીને ખૂબ ચર્ચાઓ કરી છે પ્લીઝ. તમામ સભ્યશ્રીઓને વિનંતી છે આપ બેસી જાવ. બલવંતસિંહજી, પછી મારે સસ્પેન્ડ કરવા પડશે પ્લીઝ. બધા સભ્યશ્રીઓને વિનંતી છે કે આપ બેસી જાવ, આપ આપની જગ્યા ઉપર જાવ પ્લીઝ. (સતત અંતરાય) તેનો નિર્ણય થઇ ગયો છે તેની કોઇ ચર્ચા આ ગૃહમાં કરવાની હોતી નથી. કાલે સભ્યશ્રી સાથે બેસીને ચર્ચા થઇ ગઇ છે પ્લીઝ. બલવંતસિંહજી, આપ આપના સભ્યશ્રીઓને કહો કે બેસી જાય પ્લીઝ.

(પ્લેકાર્ડ બતાવીને સતત સૂત્રોચ્ચાર ચાલુ) (અંતરાય ) (આ તબક્કે વિપક્ષના ધારાસભ્યશ્રીઓએ હાથમાં સ્ટીલની ફૂટપટ્ટીથી પાટલીઓ થપથપાવવાનું ચાલુ રાખ્યું )

અધ્યક્ષશ્રી : આ પ્રકારનું કોઇ પણ પ્રદર્શન યોગ્ય નથી આપ પ્લે કાર્ડ પણ બતાવી શકતા નથી પ્લીઝ. મારે એક દિવસ માટે સસ્પેન્ડ કરવા પડશે જે યોગ્ય નથી પ્લીઝ. આ પ્રકારનું પ્રદર્શન યોગ્ય નથી બલવંતસિંહજી. (અંતરાય) પુનઃવિચારણા માટે પણ મેં ના પાડી છે. આ અંગે કોઇ ચર્ચા ના કરી શકાય પ્લીઝ. (આ તબક્કે માનનીય સભ્યશ્રી મહેન્દ્રસિંહ બારૈયા તથા વિપક્ષના અન્ય સભ્યો બેનરો સાથે વેલમાં ધસી આવી સતત સૂત્રોચ્ચાર ચાલુ રાખ્યા.)

અધ્યક્ષશ્રી : સમગ્ર બાબત કોર્ટને આધિન છે એટલે તેની ચર્ચા ના થઇ શકે આપ બેસી જાવ પ્લીઝ. પછી મારે સમગ્ર દિવસ દરમિયાન સસ્પેન્ડ કરવા પડશે હું છેલ્લી વખતની તાકીદ કરું છું આપ બેસી જાવ નહીંતર મારે સસ્પેન્ડ કરવા પડશે પ્લીઝ. ( સતત સૂત્રોચ્ચાર ચાલુ )

હું નિયમ-૫૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ જેટલા પણ સભ્યશ્રીઓ ગેલેરીમાં આવ્યા છે તે તમામને એક દિવસ માટે સસ્પેન્ડ કરું છું. સાર્જન્ટ મિત્રો તેઓને પ્રેમથી લઇ જાવ પ્લીઝ. આ પ્રકારનું વલણ યોગ્ય નથી. પ્લીઝ, પ્લીઝ, આ પ્રકારનું વલણ યોગ્ય નથી. પ્લીઝ, પ્લીઝ, સાર્જન્ટ મિત્રો બધાને શાંતિથી લઇ જાઓ. માનનીય બાબુભાઇ તમે ઉંમરલાયક માણસ છો, પ્લીઝ, માનનીય બાબુભાઇ, બાબુભાઇ, બધાને શાંતિથી લઇ જાઓ. બાબુભાઇ પ્લીઝ, અન્ય સાર્જન્ટ પણ આમની મદદમાં જોડાઓ, બધાને વારાફરતી શાંતિથી બહાર લઇ જાઓ. શ્રી અમિતભાઇ ચાલો મહેરબાની કરીને, શ્રી અમિતભાઇ પ્લીઝ, શ્રી મેરામણભાઇ પ્લીઝ, પ્લીઝ, શ્રી પુંજાભાઇ ચાલો, શ્રી ગોવાભાઇ પ્લીઝ, ભાઇ શાંતિપૂર્વક બહાર લઇ જાઓ ધીરે ધીરે, ( આ તબકકે વિરોધપક્ષના સભ્યશ્રીઓ તરફથી સ્ટીલની ફૂટપટ્ટીથી પાટલીઓ થપથપાવવાનું ચાલુ રાખતાં) માનનીય મહેન્દ્રસિંહ, ખોટું કંઇ વાગી જશે એવું ના કરો. (સતત સૂત્રોચ્ચાર) ભાઇ, કોઇને વાગી ન થાય તેનું ધ્યાન રાખો, શાંતિથી લઇ જાઓ. ચાલો શ્રી બલવંતસિંહજી પ્લીઝ, પ્લીઝ, હવે નહીં, નહીં, પ્લીઝ, પ્લીઝ, નહીં, નહીં, પ્લીઝ, હવે કોઇ ચર્ચા નહીં, પ્લીઝ, હવે કોઇ ચર્ચા નહીં. શ્રી છનાભાઇ પ્લીઝ, ચાલો જીતુભાઇ પ્લીઝ, શ્રી મહેન્દ્રસિંહ પ્લીઝ, બધા મિત્રો બહાર આવી જાઓ. પ્લીઝ, પ્લીઝ. મહેન્દ્રસિંહ પ્લીઝ, ચાલો શ્રી અમિતભાઇ પ્લીઝ,(સતત સૂત્રોચ્ચાર ) જેટલા પણ પ્લે કાર્ડ બતાવે છે એ મિત્રોને પણ આજના દિવસ માટે સસ્પેન્ડ કરીએ છીએ. પ્લીઝ, પ્લીઝ, જેટલા પણ મિત્રો પ્લેકાર્ડ બતાવે છે એમને પણ સસ્પેન્ડ કરીએ છીએ, પ્લીઝ, પ્લીઝ. માનનીય બલવંતસિંહજી પ્લીઝ, પ્લીઝ, અમિતભાઇ હવે તમે અહીંથી ઉભા થઇને પાછા ત્યાં ના જાઓ. ચાલો, સમગ્ર વિપક્ષના મિત્રોને એક દિવસ માટે આજે સસ્પેન્ડ કરીએ છીએ. શ્રી પુંજાભાઇ પ્લીઝ, પુંજાભાઇ પ્લીઝ, એમનો પણ રદ કરીએ છીએ ભાઇ, ચાલો બધા પ્યુન મિત્રો આ કલીન કરી દો. આ લઇ જાઓ.

### જુનાગઢ જિલ્લામાં ઈન્દીરા આવાસ બાંધવાનું આયોજન

* ૨૫૭૫૮ શ્રી અરવિંદભાઈ લાડાણી (કેશોદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ગતિશીલ ગુજરાત ફેઝ-૩માં જુનાગઢ જિલ્લામાં કેટલા ઈન્દીરા આવાસ બાંધવાનું આયોજન કરવામાં આવ્યુ હતું. અને | (૧) ગતિશીલ ગુજરાત ફેઝ-૩માં જુનાગઢ જિલ્લામાં ૪૦૦ ઈન્દીરા આવાસ બાંધવાનું આયોજન કરવામાં આવ્યુ હતું. |
| (૨) તા.૩૧-૧૨-૧૫ની સ્થિતિએ કેટલા ઈન્દીરા આવાસોનાં બાંધકામ પુર્ણ કરવામાં આવ્યા ? | (૨) તા.૩૧-૧૨-૧૫ની સ્થિતિએ સ્પિલઓવર સાથે ૪૨૦ ઈન્દીરા આવાસોનાં બાંધકામ પુર્ણ કરવામાં આવ્યા. |

## તારાંકિત પ્રશ્નો

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ગતિશીલ ગુજરાત ફેઝ–૩માં જુનાગઢ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સ્પીલ ઓવર સાથે ૪૨૦ ઇન્દિરા આવાસોના કામ પૂર્ણ કરેલ છે. તો તાલુકા વાઇઝ કઇ કઇ કેટેગરીના કેટલા આવાસો બાંધવામાં આવ્યા છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : જુનાગઢ જિલ્લામાં તાલુકા વાઇઝ જોઇએ તો ભેંસાણ તાલુકામાં એસ.સી. ના ૧૫, લઘુમતીના ૨ અને અન્ય ૨૪ એમ કુલ મળીને ૪૧ આવાસો મંજૂર કરવામાં આવેલ છે. જુનાગઢ તાલુકામાં એસ.સી. ૫, લઘુમતી ૬ અને અન્ય ૨૭ એમ કુલ ૩૮ મંજૂર કરવામાં આવેલ છે. કેશોદ તાલુકામાં એસ.સી. ના ૨૧, લઘુમતીના ૧ અને અન્ય ૪૧ એમ કુલ મળીને ૬૩ મંજૂર કરવામાં આવેલ છે. માળિયા તાલુકામાં એસ.સી. ૪૨, લઘુમતી ૧૦ જયારે અન્ય ૮૪ એમ કુલ મળીને ૧૩૬ આવાસો મંજૂર કરવામાં આવ્યા છે. માણાવદર તાલુકામાં એસ.સી. ના ૪, એસ.ટી. ના ૩, લઘુમતીના ૪, અન્ય ૪ એમ કુલ મળીને ૧૫ મંજૂર કરવામાં આવેલ છે. માંગરોળ તાલુકામાં એસ.સી. ૨૧, લઘુમતી ૩, અન્ય ૩૩ એમ કુલ ૫૭ મંજૂર કરવામાં આવેલ છે. મેંદરડા તાલુકામાં એસ.સી. ૧ મંજૂર કરવામાં આવેલ છે. વંથલી તાલુકામાં એસ.સી. ૧૨, લઘુમતી ૮, અન્ય ૨૨ એમ કુલ મળીને ૪૨ મંજૂર થયેલ છે. વિસાવદર તાલુકામાં એસ.સી. ૧૨, લઘુમતી ૫, અન્ય ૧૦ એમ કુલ મળીને ૨૭ મંજૂર કરવામાં આવેલ છે. એ જ રીતે આખા જિલ્લાની સંખ્યા જોઇએ તો એસ.સી. ૧૩૧, એસ.ટી. ૩, લઘુમતી ૩૯, અન્ય ૨૪૫ એમ કુલ મળીને ૪૨૦ આવાસોના કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

શ્રી વલ્લભભાઇ વ. વઘાસિયા : ગતિશીલ ગુજરાત ફેઝ–૩ અંતર્ગત ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલી સહાય ચૂકવવામાં આવી છે એ પૈકી કેટલી સહાય કેન્દ્ર સરકાર અને કેટલી સહાય રાજય સરકારે ચૂકવી છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : ભેંસાણ તાલુકો એમાં કેન્દ્ર સરકારના ૮ લાખ ૫૮ હજાર જયારે રાજય સરકારના ૨ લાખ ૮૬ હજાર એમ કુલ મળીને ૧૧ લાખ ૪૪ હજાર રૂપિયા. જુનાગઢ તાલુકામાં કેન્દ્ર સરકારના ૯ લાખ ૨૯ હજાર જયારે રાજય સરકારના ૩ લાખ ૧૦ હજાર, કુલ ૧૨ લાખ ૩૯ હજાર રૂપિયા. કેશોદ તાલુકામાં કેન્દ્ર સરકારના ૧૩ લાખ ૭૮ હજાર, રાજય સરકારના ૪ લાખ ૫૯ હજાર એમ કુલ મળીને ૧૮ લાખ ૩૭ હજાર રૂપિયા. માળિયા તાલુકામાં કેન્દ્ર સરકારના ૨૮ લાખ ૬૭ હજાર, રાજય સરકારના ૯ લાખ ૫૬ હજાર એમ કુલ મળીને ૩૮ લાખ ૨૩ હજાર. માણાવદર તાલુકામાં કેન્દ્ર સરકારના ૧૫ લાખ ૪ હજાર, રાજય સરકારના ૫ લાખ ૧ હજાર એમ કુલ મળીને ૨૦ લાખ ૫ હજાર રૂપિયા. માંગરોળ તાલુકામાં કેન્દ્ર સરકારના ૨૪ લાખ ૨ હજાર, રાજય સરકારના ૮ લાખ, કુલ ૩૨ લાખ ૨ હજાર રૂપિયા. મેંદરડા તાલુકામાં કેન્દ્ર સરકારના ૧ લાખ ૩૪ હજાર, રાજય સરકારના ૪૫ હજાર એમ કુલ ૧ લાખ ૭૯ હજાર રૂપિયા. વંથલી તાલુકામાં કેન્દ્ર સરકારના ૧૪ લાખ ૩૩ હજાર, રાજય સરકારના ૪ લાખ ૭૮ હજાર એમ કુલ ૧૯ લાખ ૧૧ હજાર રૂપિયા. વિસાવદર તાલુકામાં કેન્દ્ર સરકારના ૭ લાખ ૪૮ હજાર, રાજય સરકારના ૨ લાખ ૪૯ હજાર એમ કુલ મળીને ૯ લાખ ૯૭ હજાર રૂપિયા. આખા જિલ્લાનો ફિગર જોઇએ તો કેન્દ્ર સરકારના ૧ કરોડ ૨૨ લાખ ૫૩ હજાર, રાજય સરકારના ૪૦ લાખ ૮૫ હજાર એમ કુલ ૧ કરોડ ૬૩ લાખ ૩૮ હજાર રૂપિયા થવા જાય છે.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી : હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગતિશીલ ગુજરાત ફેઝ–૩માં જે ઇન્દિરા આવાસો બાંધવામાં આવે છે. એમાં રાજય સરકાર મહિલા સશકિતકરણ સંબંધે આ આવાસો મહિલાઓના નામે ફાળવવા માટે કોઇ પગલાં લીધા છે કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારનો ઉદ્દેશ છે કે રાજયમાં મહિલાઓને મહત્વ મળે એવી મૌખિક સૂચનાઓ અમે આપી છે કે જયાં સુધી મહિલાઓના નામે મકાન મળતું હોય ત્યાં સુધી મહિલાઓના નામે આપવું. આ ૪૨૦માંથી જે મહિલાઓના નામે મકાન આપવામાં આવ્યા છે તેમાં ૪૧ મકાન મહિલાઓના નામે છે. ૩૩૯ મકાન છે તે પતિ–પત્નીના નામે છે. ૩૭ મકાન છે એ પુરુષના નામે છે અને ૩ મકાનો વિકલાંગના નામે છે.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે જુનાગઢ જિલ્લામાં ફેઝ–૩માં ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ૦ થી ૧૬ અને ૧૭ થી ૨૦ના તાલુકા વાઇઝ કેટલા લોકોને ઇંદિરા આવાસ ફાળવવામાં આવ્યા છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી પહેલાં ૦ થી ૧૬ના લાભાર્થીઓને જ આપણે આમાં લાભ આપતા હતા. રાજયના મુખ્યમંત્રી અને બધા લોકોએ વિચાર કરી અને ૧૭ થી ૨૦ના લોકોનો પણ આમાં સમાવેશ કર્યો છે. સભ્યશ્રીએ પૂછયું છે તેમાં ૦ થી ૧૬માં ભેંસદડમાં ૧૫, જુનાગઢમાં ૧૨, કેશોદમાં ૨૦, માળિયામાં ૫૦, માણાવદરમાં ૫, માંગરોળમાં ૧૭, મેંદરડામાં ૦, વંથલીમાં ૧૨ અને વીસાવદરમાં ૭. ૦ થી ૧૬ના લાભાર્થી ૧૩૮ છે. ૧૭ થી ૨૦ના લાભાર્થીઓ ભેંસદડમાં ૨૬, જુનાગઢમાં ૨૬, કેશોદમાં ૪૩, માળિયામાં ૮૬, માણાવદરમાં ૧૦, માંગરોળમાં ૪૦, મેંદરડામાં ૧, વંથલીમાં ૩૦ અને વીસાવદરમાં ૨૦. આમ ૨૮૬ લોકો ૧૭ થી ૨૦ના લાભાર્થી છે.

### ખેડા તાલુકામાં ઈન્દિરા આવાસ યોજનાના આવાસ બાંધવા બાબત

* ૨૫૭૫૩ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ ખેડા જિલ્લાના ખેડા તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫માં કેટલા આવાસો બાંધવાનું નક્કી કરવામાં આવ્યુ હતું, | (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ ખેડા જિલ્લાના ખેડા તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫માં ૨૦ આવાસો બાંધવાનું નક્કી કરવામાં આવ્યુ હતું, |
| (૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૫ સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી, અને | (૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ૨૦ આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી. |

| | |
|---|---|
| (૩) ઉક્ત વહીવટી મંજુરી પૈકી કેટલા આવાસ બાંધકામની મંજુરી મહિલાઓના નામે આપવામાં આવી છે ? | (૩) ઉક્ત વહીવટી મંજુરી પૈકી ૨૦ આવાસ બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે ? |

શ્રી કેસરીસિંહ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે ખેડા તાલુકામાં છેલ્લા ૧૦ વર્ષમાં ૦ થી ૧૬ અને ૧૭ થી ૨૦ના કેટલા ઇંદિરા આવાસો મંજૂર કરવામાં આવેલા છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : ખેડા જિલ્લામાં વર્ષ વાઇઝ ૨૦૦૫–૦૬માં ૦ થી ૧૬ના લાભાર્થી ૧૨૨, ૨૦૦૬–૦૭માં ૧૧૮, ૨૦૦૭–૦૮માં ૩૯, ૨૦૦૮–૦૯માં ૧૦૬, ૨૦૦૯–૧૦માં ૩૧૫, ૨૦૧૦–૧૧માં ૪૫૨, ૨૦૧૧–૧૨માં ૫, ૨૦૦૧૨–૧૩માં ૧૬૯, ૨૦૧૩–૧૪માં ૧૭ થી ૨૦ના લાભાર્થીઓનો સમાવેશ કર્યો છે. માટે ૨૦૧૩–૧૪માં ૦ થી ૧૬ના ૧૪ છે. ૭૮ લાભાર્થી ૧૭ થી ૨૦ના છે. ૨૦૧૪–૧૫માં ૦ થી ૧૬ના લાભાર્થી ૪ છે. ૧૭ થી ૨૦ના ૧૬ લાભાર્થી છે. ૦ થી ૧૬ના કુલ લાભાર્થી ૧૩૪૪ છે. ૧૭ થી ૨૦ના ૯૪ લાભાર્થી છે.

શ્રી સંજયકુમાર ૨. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે વર્ષ ૨૦૦૧૪–૧૫માં ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા ઇંદિરા આવાસ કેટેગરી વાઇઝ મંજૂર કરવામાં આવ્યા અને કેટલા પૂર્ણ કરવામાં આવ્યા?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, તાલુકા વાઇઝ જયારે પૂછ્યું છે તો બાલાસિનોરમાં એસ.સી. ૨, એસ.ટી. ૫, લઘુમતી ૨૦, અન્ય ૧૪૩ એમ ૧૬૯ આ તાલુકામાં છે. કપડવંજમાં એસ.સી. ૫, એસ.ટી. ૫, લઘુમતી ૨૦, અન્ય ૧૨૦ એટલે ૧૫૦. કઠલાલમાં એસ.સી. ૫, એસ.ટી. ૪, લઘુમતી ૨૦, અન્ય ૧૭૧ એટલે ૨૦૦. ખેડામાં એસ.સી. ૩, એસ.ટી. ૮, લઘુમતી ૩, અન્ય ૬ એટલે ૨૦. માતરમાં એસ.સી. ૫, એસ.ટી. ૫, લઘુમતી ૧૫, અન્ય ૫ એટલે ૩૦. મહેમદાવાદમાં એસ.સી. ૯, એસ.ટી. ૫, લઘુમતી ૨૦, અન્ય ૨૬ એટલે ૬૦. મહુધામાં એસ.સી. ૧૦, એસ.ટી. ૨, લઘુમતી ૧૨, અન્ય ૭૬ એટલે ૧૦૦. નડિયાદમાં એસ.સી. ૭, એસ.ટી. ૨, લઘુમતી ૧૫, અન્ય ૪૧ એટલે ૬૫. ઠાસરામાં એસ.સી. ૩, એસ.ટી. ૫, લઘુમતી ૧૫, અન્ય ૭૭ એટલે ૧૦૦. વીરપુરમાં એસ.સી. ૧, એસ.ટી. ૫, લઘુમતી ૧૦, અન્ય ૩૫ એટલે ૫૧. કુલ એસ.સી.ના ૫૦, એસ.ટી.ના ૪૬, લઘુમતીના ૧૫૦ અને અન્ય ૭૦૦ એટલે કુલ ૯૪૬.

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, ઇન્દિરા આવાસના લાભાર્થીઓને સહાયની રકમ કઇ રીતે ચૂકવવામાં આવે છે?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં કહેતાં મને આનંદ થાય છે કે તા.૧–૪–૨૦૧૫ પછી ઇન્દિરા આવાસ યોજનાના આવાસ મંજૂર કરીએ તો એને આખા રાજ્યની એક જ બેંકનું એકાઉન્ટ હશે અને તાલુકાના ટી.ડી.ઓ. અને હિસાબી અધિકારી બન્નેની સહીથી જે લાભાર્થીને પેમેન્ટ ચૂકવવાનું હશે એને એનું ઇ ટેન્ડરીંગ ભરીને મોકલવાનું રહેશે અને એનું પેમેન્ટ મંજૂર થશે અને આ રાજ્યના ક્યા તાલુકામાં કેટલા લોકોને હપ્તા ચૂકવવામાં આવ્યા છે એ અમારી ગ્રામ વિકાસની ઓફિસમાં તમામ માહિતી મળતી રહેશે. આ એટલા માટે ધ્યાન દોરું છું કે આ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આના ઉપર ભાર મૂક્યો છે. આખા દેશના બધા રાજ્યોમાં એક જ ખાતામાંથી એમને પૈસા મળે. જેનાથી કોઇ ભ્રષ્ટાચાર ન કરી શકે, કોઇ વચેટીયો એનો લાભ ન લઇ શકે એવા ઉદ્ધેશ સાથે આ વ્યવસ્થા કરી છે. આપણા રાજ્યે તા.૧–૪–૨૦૧૫થી ૧૦૦ ટકા અમલવારી સાથે આ યોજના અપનાવેલ છે.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૪–૧૫માં ખેડા જિલ્લામાં તાલુકાવાર મંજૂર કરેલ ઇન્દિરા આવાસ પૈકી કેટલા આવાસ મહિલાઓના નામે મંજૂર કરવામાં આવેલ છે?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, એક મહિલા સભ્યશ્રીએ મહિલાની ચિંતા કરી છે અને મહિલાઓના નામે કેટલા આવાસ મંજૂર કર્યા છે એ આશય સાથે તેઓ આ પ્રશ્ન પૂછી રહ્યા છે. મારે ગૌરવ સાથે કહેવું છે કે, આખા જિલ્લાની અંદર ૯૪૬ આવાસો મંજૂર કરવામાં આવ્યા છે. તેમાંથી ૯૩૯ આવાસો મહિલાઓના નામે મંજૂર કરેલ છે. તાલુકાવાઇઝ જોઇએ તો બાલાસિનોરમાં ૧૬૯, કપડવંજમાં ૧૪૯, કઠલાલમાં ૧૯૯, ખેડામાં ૨૦, માતરમાં ૩૦, મહેમદાવાદમાં ૫૮, મહુધામાં ૯, નડિયાદમાં ૬૫, ઠાસરામાં ૯૯, વીરપુરમાં ૫૧.

## રાજકોટ જિલ્લામાં નવા સબ સ્ટેશનો કાર્યાન્વિત

* ૨૫૭૨૩ શ્રીમતી ભાનુબેન બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કુલ કેટલા સબ સ્ટેશનો કાર્યરત છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કુલ ૧૦૨ સબ સ્ટેશનો કાર્યરત છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું, | (૨) ઉક્ત સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર એટલે કે, વર્ષ ૨૦૧૪ દરમ્યાન ૫ (પાંચ) અને વર્ષ ૨૦૧૫ દરમ્યાન ૧૭ (સત્તર) એમ કુલ ૨૨(બાવીસ) નવા વીજ સબ–સ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું. |
| (૩) તે પૈકી કેટલા નવા સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને | (૩) તે પૈકી વર્ષવાર એટલે કે, વર્ષ ૨૦૧૪ દરમ્યાન આયોજન કરાયેલ તમામે તમામ નવીન વીજ સબ–સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા અને વર્ષ ૨૦૧૫ દરમ્યાન કુલ ૪ (ચાર) નવીન વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા. |

| | |
|---|---|
| | • બાકી રહેતા સબસ્ટેશનોના બાંધકામનું કાર્ય પ્રગતિ હેઠળ છે, જે માર્ચ ૨૦૧૬ સુધીમાં કાર્યાન્વિત કરવાનો લક્ષ્યાંક નિશ્ચિત કરવામાં આવેલ છે. |
| (૪) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૪) વર્ષ ૨૦૧૪ માં રૂ.૨૭૧૭.૫૨ લાખ અને વર્ષ ૨૦૧૫ માં રૂ.૮૦૦૦.૬૪ લાખ ખર્ચ થયેલ છે. |

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા: માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલા સબસ્ટેશન સ્થાપવામાં આવ્યા, કઇ જગ્યાએ બનાવવામાં આવ્યા અને દરેકની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૨૨ સબસ્ટેશન બનાવવામાં આવેલ છે. ૨૦૧૪માં ૬૬ કે.વી.નું અનિડા વાછરામાં રૂ.૪૫૯.૫૦ લાખ, ૬૬ કે.વી.નું અનિડા અમનીયા ઉપલેટામાં રૂ.૬૬૫.૫૪ લાખ, ૬૬ કે.વી.નું રાજકોટ તાલુકાના ખેરડીમાં રૂ. ૪૫૪.૯૪ લાખ, ૬૬ કે.વી.નું પડધરી તાલુકાના ન્યારામાં રૂ.૫૩૩.૪૧ લાખ, ૬૬ કે.વી.નું ગોંડલ તાલુકાના પીપળીયામાં રૂ.૬૦૪.૧૩ લાખ, ૬૬ કે.વી.નું લોધીકા તાલુકાના ખીરસરામાં રૂ.૧૩૯૫.૦૯ લાખ, ૬૬ કે.વી.નું કોટડા સાંગણી તાલુકાના નારણકા પીપલાણામાં રૂ.૩૦૦.૩૦ લાખ, ૬૬ કે.વી.નું રાજકોટ તાલુકાના રાજસમઢીયામાં રૂ.૨૧૬.૧૨ લાખ, ૬૬ કે.વી.નું લોધીકા તાલુકાના વીરવામાં રૂ.૨૭૨.૪૯ લાખ, ૬૬ કેવી રૂપાવટી, વિંછીયા તાલુકો ૧.૦૩ લાખનો ખર્ચ, ૬૬ કેવી સનાથલી જસદણ તાલુકો ૧૨૦.૭૫ લાખનો ખર્ચ, ૬૬ કેવી રબારીકા, જેતપુર તાલુકો ૨૬૩.૦૯ લાખનો ખર્ચ, ૧૩૨ કે.વી. પડવલા, તાલુકો. કોટડા સાંગાણી, ૨૬૮૪.૩૯ લાખનો ખર્ચ. ૬૬ કેવી ખાંભા,(દેવગામ) તાલુકો લોધિકા, ૫૭૩.૮૮ લાખનો ખર્ચ. એ જ રીતે ૨૦૧૫માં ૬૬ કેવી ખોડાપીપર, પડધરી તાલુકો, ૧૭૮.૨૯ લાખનો ખર્ચ, ૬૬ કેવી મોટા મહુવા, રાજકોટ તાલુકો ૧૩૬૪.૧૦ લાખનો ખર્ચ, ૬૬ કેવી રામપર (બેટી) રાજકોટ તાલુકો ૧૨૮.૨૦ લાખનો ખર્ચ, ૬૬ કેવી ગુન્દાસરી, જામકંડોરણા તાલુકો ૨૦૧.૦૨ લાખનો ખર્ચ. ૬૬ કેવી સનાળા, જામકંડોરણા તાલુકો, ૧૮૫.૫૦ લાખનો ખર્ચ, ૬૬ કેવી હાથસણી, વિંછીયા તાલુકો, ૬૮.૪૧ લાખનો ખર્ચ, ૬૬ કેવી જેતલસર, જેતપુર તાલુકો, ૪૭.૭૧ લાખનો ખર્ચ, આમ કુલ મળીને ૮૦૦૦.૬૪નો ખર્ચ ૨૦૧૫માં અને ૨૭૧૭.૫૨ લાખનો ખર્ચ ૨૦૧૪માં થયેલ છે.

શ્રી બાવનજીભાઇ હં. મેતલીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું વિદ્યુત મંત્રી અને રાજયના મુખ્યમંત્રીને અભિનંદન આપવા માગુ છું કે આટલા બધા સબસ્ટેશનો પૂરા પાડી ઉદ્યોગો અને ખેડૂતોને પૂરા વોલ્ટેજથી વીજળી આપવા માટેનો જે પ્રયાસ છે અને રાજકોટ જિલ્લામાં ૩૧-૨-૧૫ની સ્થિતિએ કુલ કેટલા સબસ્ટેશન છે અને તાલુકા વાઇઝ કેટલા સબસ્ટેશન છે, ત્રીજો પ્રશ્ન એ છે કે અમારા પડધરીમાં અત્યારે મોટા ઉદ્યોગ ગૃહોની ડીમાન્ડ છે તો પડધરી તાલુકામાં ૬૬ કેવી કરવા માગે છે કે કેમ?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં કુલ ૪૫ વર્ષમાં ૨૭ જેટલા સબસ્ટેશનો માત્ર રાજકોટ જિલ્લામાં હતા આજે ૧૦૨ કાર્યાન્વિત છે એટલે ૨૭ ઉપરાંતના બધા જ સબસ્ટેશનો ૪૫ વર્ષના ગાળામાં આ રાજય સરકારે, ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યા છે જેમાં ઉપલેટા તાલુકામાં કુલ ૧૦, કોટડા સાંગાણીમાં કુલ ૮, ગોંડલ તાલુકામાં કુલ ૧૫, જસદણ તાલુકામાં કુલ ૭, જામકંડોરણા તાલુકામાં કુલ ૪, જેતપુર તાલુકામાં કુલ ૧૧, ધોરાજી તાલુકામાં ૭, પડધરી તાલુકામાં ૪, રાજકોટ તાલુકામાં ૨૩, રાજકોટ શહેરમાં ૧, લોધીકામાં ૮ અને વીંછીયામાં ૪ એમ કુલ મળીને ૧૦૨ સબસ્ટેશનો આજે કાર્યરત છે. માનનીય સભ્યશ્રીને ચિંતા છે તો ભવિષ્યમાં જયાં જરૂર હશે ત્યાં સબસ્ટેશન ઉભું કરવામાં આવશે.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જવાબમાં જણાવ્યું છે એ પ્રમાણે ૫, ૨૨ અને ૧૭, ૪૪ સબસ્ટેશનો બનાવવાના છે તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે આ સબસ્ટેશનો કોણ બનાવે છે, વિભાગ દ્વારા અથવા તો કોઇ એજન્સીઓ દ્વારા? જો એજન્સીને આપવાનું હોય તો એના માટે કોઇ ટેન્ડરની પ્રથા છે કે કેમ?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જરૂરિયાત પ્રમાણેના સબસ્ટેશન બનાવવાનું કામ વિદ્યુત બોર્ડની જેટકો નામની અમારી જે કંપની છે એના મારફત થાય છે. ટેન્ડર પ્રક્રિયાથી થાય છે અને ટેન્ડર દ્વારા જ એનું કામ નિયમિત થાય છે.

### રાજ્ય સરકારે સાધનો પાય પેશગી પર ચૂકવેલ વ્યાજ

* ૨૫૭૬૭ શ્રી રણજીતભાઈ ગીલીટવાલા (સુરત પૂર્વ) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ માં રાજ્ય સરકારે સાધનો પાય પેશગી અને ઓવરડ્રાફટ સામે વર્ષવાર કેટલી રકમનું વ્યાજ ચૂકવેલ છે ? | નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ માં રાજ્ય સરકારે કોઈ સાધનો પાય પેશગી અને ઓવરડ્રાફટ લીધેલ ન હોઈ વ્યાજ ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી રણજિતભાઇ મં. ગિલિટવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે આ ઓવર ડ્રાફટ લેવાની સામાન્ય રીતે પદ્ધતિ શું છે? આપણે કોની પાસેથી લઇએ છીએ અને ભૂતકાળમાં કયા વર્ષોમાં આ ઓવરડ્રાફટ લેવામાં આવ્યો હતો?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણું જેમ બેન્કમાં એકાઉન્ટ હોય એમ સ્ટેટ ગવર્નમેન્ટનું પણ બેન્કમાં એકાઉન્ટ હોય છે. સ્ટેટ ગવર્નમેન્ટનું ખાતુ રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા સંભાળતું હોય છે. આ રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા ગુજરાત સરકારનું ખાતું સંભાળવામાં મિનિમમ કેશ બેલેન્સ ૨ કરોડ અને ૮૦ લાખ રાખવાનું હોય. આ ૨.૮૦ કરોડનું બેન્ક બેલેન્સ મેઇન્ટેન કરવાની જવાબદારી રાજ્ય સરકારની હોય છે અને રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાની ગાઇડ લાઇન પ્રમાણે આપણે એ કરતા હોઇએ છીએ. જે પણ રકમ વધારે હોય તો રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા આપણા નાણા ૧૪ દિવસના ટ્રેઝરી બિલ્સને ખરીદે છે અને

એનું વ્યાજ આપણને આપવામાં આવે છે. આપણે ત્યાં ક્રેડિટ બેલેન્સ હોવાના કારણે આપણા ૧૪ દિવસના ટ્રેઝરી બિલ્સ ખરીદીને રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા એનું વ્યાજ ગુજરાત સરકારને આપતી હોય છે. હવે જ્યારે કદાચ જરૂર પડે તો કોઇપણ સમયે ૨.૮૦ કરોડનું બેલેન્સ ન થાય એવા સંજોગોમાં શું? એના માટે દરેક રાજ્યની નીતિ બનાવી છે અને એ નીતિ દ્વારા ત્રણ ઇન્સ્ટ્રુમેન્ટ આપવામાં આવે છે. એક છે સ્પેશિયલ ડ્રોઇંગ ફેસિલિટી, બીજું છે વેજ એન્ડ મિન્સ એકાઉન્ટ અને ત્રીજું ઓવર ડ્રાફ્ટ. હવે આ જે સ્પેશિયલ ડ્રોઇંગ ફેસિલિટી છે એ પર્ટિક્યુલર રાજ્ય સરકાર જ્યારે બજેટ બનાવે છે ત્યારે સિંકિંગ ફંડ બનાવે છે અને દર વર્ષે ૨૦૦ થી ૩૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરતા હોય છે, કારણ કે જરૂર પડે ત્યારે કામમાં આવે. આવી જ રીતે રીડમ્શન ફંડ પણ બનાવતું હોય છે કે જરૂર પડે ત્યારે કામમાં આવે. આ રીડમ્શન ફંડ અને સિંકિંગ ફંડ છે એ રાજ્ય સરકાર બનાવે છે પણ એ પોતાની પાસે રાખતું નથી અને રિઝર્વ બેલેન્સ રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા પાસે રાખે છે અને એ સાચવે છે. એ રૂપિયા જરૂર પડે ત્યારે એની સામે આપણને સ્પેશિયલ ડ્રોઇંગ લિમિટ રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા આપતી હોય છે. એ પૈસા આપણા જ્યારે ૨.૮૦ કરોડથી ઓછું બેલેન્સ થાય ત્યારે પહેલું સ્પેશિયલ ડ્રોઇંગ ફેસિલિટી દ્વારા આપણા પૈસા દ્વારા આપણને પાછા મળતા હોય છે. બીજું કે આપણી સ્પેશિયલ ડ્રોઇંગ ફેસિલિટી પૂરી થાય પછી નોર્મલ વેજ એન્ડ મિન્સ નક્કી કરવામાં આવે છે. એ દરેક રાજ્યનું બેલેન્સ ગોઠવવાનું રિઝર્વ બેન્ક નક્કી કરતી હોય છે. એનું કેલ્ક્યુલેશન રાજ્યનું રેવન્યુ એક્સપેન્ડીચર કેટલું છે, રાજ્યનું કેપિટલ એક્સપેન્ડીચર કેટલું છે એ ધ્યાનમાં રાખીને વેજ એન્ડ મિન્સનું બેલેન્સ એ ફાળવતું હોય છે. ત્રીજું ઓવર ડ્રાફ્ટ ફેસિલિટી. પહેલા આ બે પૂરા થાય પછી ઓવર ડ્રાફ્ટ ફેસિલિટીઝ એ લોકો આપણને આપતા હોય છે. આજની તારીખમાં જોવા જઇએ તો સ્પેશિયલ ડ્રોઇંગ ફેસિલિટીમાં આપણી ૬૯૩ કરોડ રૂપિયાની લિમિટ છે. વેજ એન્ડ મિન્સમાં ૧૯૧૫ કરોડની લિમિટ છે અને ઓવર ડ્રાફ્ટમાં પણ ૧૯૧૫ છે, અને ઓવર ડ્રાફ્ટમાં જરૂર પડે તો વધારે સેન્કશન રિઝર્વ બેન્ક આપણા માટે કરવા માગે છે. વ્યાજ જે લેવામાં આવે છે એમાં વેજ એન્ડ મિન્સમાં ૬.૭૫ ટકા છે. એની અંદર એક ટકાનો વધારો થતો હોય છે. ઓવર ડ્રાફ્ટમાં ૮.૭૫ ટકા રિઝર્વ બેન્ક તરફથી વ્યાજ લેવામાં આવે છે. આપણે છેલ્લા ઘણા વર્ષોથી ૨૦૦૫–૦૬થી આપણી ફાયનાન્સિયલ સ્ટેબિલિટી એટલી સદ્ધર છે કે છેલ્લા ૧૦ વર્ષમાં આપણે વેજ એન્ડ મિન્સનો એક રૂપિયો પણ લીધો નથી અને ઓવર ડ્રાફ્ટની ફેસિલિટીમાં પણ એક રૂપિયો લીધો નથી. જે છેલ્લા આપણે લીધા એ ૨૦૦૪–૦૫માં લીધા, ૨૦૦૩–૦૪માં લીધા, ૨૦૦૨–૦૩માં લીધા, ૨૦૦૧–૦૨માં લીધા અને એવી રીતે ૧૯૯૦–૯૧માં, ૧૯૯૧–૯૨, ૧૯૯૨–૯૩ અને ૧૯૯૩–૯૪માં લીધા. આર.બી.આઇ.ની ગાઇડલાઇન પ્રમાણે રાજ્ય સરકારનું આપણું જે ટ્રેઝરી બિલ્સ અને ફાયનાન્સિયલ પોઝિશન છે એની કેવી રીતે આ વર્ષોમાં વ્યવસ્થા કરી છે એની માહિતી આપી.

શ્રી રાજેન્દ્ર સૂ. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મજબૂત નાણામંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ડિટેઇલમાં જવાબ આપ્યો, પણ હું તો સાયન્સનો સ્ટુડન્ટ છું અને વકીલ થયો પણ કોમર્સમાં સમજ ન પડે. પણ મારે એ સમજવું છે કે ઓવર ડ્રાફ્ટ લીધો ન હોય તો આ રાજ્ય આર્થિક રીતે મજબૂત કહેવાય કે કેમ?

શ્રી સૌરભ પટેલ : ઓવર ડ્રાફ્ટ ન લીધો હોય એટલે આર્થિક રીતે ખૂબ મજબૂત કહેવાય. અનેક રાજ્યોએ આ ઓવર ડ્રાફ્ટની ફેસિલિટી લીધેલ છે. જે આજે કેન્દ્ર પાસે ૮ – ૧૦ રાજ્યો છે જે દર મહિને ઓવરડ્રાફ્ટની ફેસિલિટી કેન્દ્ર પાસે અને રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા પાસે જાય છે. આપણી સદ્ધરતાના કારણે અને આપણે ગૌરવ સાથે કહેવું પડે કે છેલ્લા ઘણાં વર્ષોમાં જે આપણે રિડમ્પશન ફંડ કર્યું છે, સિકિંગ ફંડ કર્યું છે. એ સિકિંગ ફંડ ગુજરાતે વ્યવસ્થિત રીતે કરેલું છે અને એ આપણે આવતી પેઢીની સદ્ધરતા માટે કર્યું છે. આપણા માટે નથી કર્યું કે આવતી પેઢીને જરૂર પડે તો ખર્ચો એ લોકો નાખી શકે અને માનનીય અધ્યક્ષશ્રી, વધારે અગત્યનું એ છે કે રેવન્યુ એક્સ્પેન્ડીચરમાં જાય છે. એટલે એ ખર્ચો આપણે ખર્ચા તરીકે પાડીએ છીએ. જે એક્ચ્યુઅલ ખર્ચો નથી પણ આપણું રિઝર્વ છે અને એ રિઝર્વ આપણે આર.બી.આઇ.માં પાર્ક કરીએ છીએ અને એના કારણે આપણે જરૂર પડે ત્યારે આપણે સ્પેશ્યલ ડ્રોઇંગ રાઇટ મળે પણ એ પણ આપણને વાપરવાની જરૂર પડતી નથી.

## નવસારી જિલ્લામાં ડોર ટુ ડોર કલેકશન યોજના

* ૨૫૭૭૯ શ્રી કનુભાઇ દેસાઇ (પારડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત ડોર ટુ ડોર કલેકશન યોજના ક્યા વર્ષથી અમલમાં આવી, | (૧) વર્ષ ૨૦૧૪–૧૫ થી અમલમાં આવેલ છે. |
| (૨) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવસારી જિલ્લાના ૨,૦૦૧ થી ૫,૦૦૦ સુધીની વસ્તી ધરાવતાં કેટલા ગામોને આ ગ્રાન્ટ આ યોજના અંતર્ગત આપવામાં આવી ? | (૨) |

| ક્રમ | વર્ષ | ગામોની સંખ્યા |
| --- | --- | --- |
| ૧ | ૨૦૧૫ | ૧૪૬ |

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, સ્વચ્છતા અભિયાન જ્યારે સમગ્ર દેશ અને ગુજરાતમાં લોક આંદોલન થઇ રહ્યું છે ત્યારે નવસારી જિલ્લાનો પ્રશ્ન મને આપવામાં આવ્યો પિયુષભાઇ નારાજ છે. હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, નવસારી જિલ્લામાં ૨૦૧૫–૧૬ દરમ્યાન ૨૦૦૧ થી ૫૦૦૦ની વસ્તી ધરાવતી કેટલી ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ આપવામાં આવી છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહને જણાવતા મને આનંદ થશે કે ૨૦૧૪–૧૫ની અંદર રાજ્યની અંદર ૫૦૦૦થી વધારે સંખ્યા હોય એવા ગામોને વ્યક્તિદીઠ પર મંથ બે રૂપિયા ચૂકવવાનો નિર્ણય લીધો હતો. ત્યાર

પછી ૨૦૧૫–૧૬ની અંદર ૨૦૦૦થી ઉપરની જનસંખ્યા ધરાવતા ગામોનો પણ આની અંદર સમાવેશ કરીને તમામ લોકોને જોડ્યા હતા. આ રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ છેલ્લે આ બજેટની અંદર એવો નિર્ણય લીધો કે સમગ્ર ગુજરાતના ટોટલ ગામો, ગમે એટલી સંખ્યા હોય, હજારની હોય યા બે હજારની હોય યા ૧૮૦૦ની હોય તમામ જનસંખ્યાને અને તમામ ગામો, જેટલી ગ્રામ પંચાયત છે એટલી ગ્રામ પંચાયતને વ્યક્તિદીઠ બે રૂપિયા દર મહિને આપવા માટેનો છેલ્લે આ નિર્ણય લીધો છે. સભ્યશ્રી જે પૂછી રહ્યાં છે કે ૨૦૦૦ થી ૫૦૦૦ની સંખ્યામાં આ જિલ્લામાં તાલુકાવાઇઝ ગામોનો આંકડો એમણે પૂછ્યો છે તો હું સભ્યશ્રીને હું જણાવું છું કે નવસારી તાલુકામાં ૨૨ ગામો છે. જલાલપુરમાં ૨૦ ગામો, ગણદેવીમાં ૨૩ ગામો, ચીખલીમાં ૩૭ ગામો, વાંસદામાં ૩૫ ગામો અને નવો તાલુકો ખેર ગામ છે એમાં ૯ ગામો છે. ૨૦૦૦ થી ૫૦૦૦ની જનસંખ્યા ધરાવતા ગામો આ જિલ્લાની અંદર ૧૪૬.

શ્રી પીયૂષભાઈ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, કનુભાઇએ કહ્યું આ પ્રશ્નમાં નારાજગી હોઇ ના શકે. વલસાડ જિલ્લામાંથી નવસારી છૂટુ પડ્યું છે અને અમે અને મંગુભાઇ સાહેબ અને આર.સી.પટેલ વલસાડને હંમેશા મોટાભાઇ તરીકે જ જોઇએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, નવસારી જિલ્લામાં ૨૦૧૫–૧૬ દરમ્યાન ડોર ટુ ડોર જે ગાર્બેજ કલેકશન માટે જાન્યુઆરી ૨૦૦૦ થી અત્યાર સુધીમાં કેટલી રકમની ગ્રાન્ટ ક્યારે ફાળવવામાં આવી અને ગ્રાન્ટમાંથી કોઇ કાંઇ બચત રકમ બાકી છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, જે ગ્રાન્ટ જેમ જેમ જરૂર પડે તેમ ફાળવવામાં આવી છે. પહેલી વખત ૧૦ લાખ રૂપિયા ફાળવવામાં આવ્યાં, બીજી વખત ૪૧ લાખ ફાળવવામાં આવ્યાં, ત્રીજી વખત ૩૪ લાખ ૪૪ હજાર ફાળવવામાં આવ્યાં, પાંચમી વખત ૧૦ લાખ ફાળવવામાં આવ્યાં અને છેલ્લે ૮૫ લાખ ૭૧ હજાર ચૂકવવામાં આવ્યાં. તે પૈકી સભ્યશ્રીની જે ચિંતા છે. રાજ્ય સરકારે યોજના જાહેર કરી છે એ મુજબ આખા જિલ્લાની અંદર કોઇપણ રૂપિયો ચૂકવવાનો બાકી નથી.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, આ ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન યોજનાનો ઉદેશ્ય શું છે? અને મારે એક વધારાનો પ્રશ્ન પૂછવો છે માનનીય મંત્રીશ્રીને કે ઘણી ગ્રામ પંચાયતો, નોટિફાઇડ કે નગરપાલિકા વિસ્તારની નજીક હોય છે. ત્યાં વસતિનું પ્રમાણ એપાર્ટમેન્ટોના બાંધકામ કરવાના કારણે ખૂબ થઇ ગયું છે. એમને આ ડોર ટુ ડોર કલેકશન થયેલો કચરો ડમ્પ કરવા માટે કોઇ જમીન નથી. તો ગુજરાત સરકાર આ પ્રકારની કોઇ પોલીસી બનાવવા માગે છે કે કેમ ? એ કચરાને ડમ્પ કરવા કોઇ જમીન સરકારી નીમ કરવા માગે છે કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીની જે માગણી છે, એમાં સો ટકા સભ્યશ્રીની ચિંતા બહુ સારી છે. રાજ્ય સરકારનો પણ આમાં ઉદેશ્ય છે કે, કોઇ ગામડુ હોય એ ગામડાંની અંદર સરકારી ખરાબો હોય અગર તો ગૌચર હોય, આપણે એમ કહીએ છીએ કે, ગૌચર કોઇ વ્યક્તિ કે ઉદ્યોગપતિને દેવામાં આપણો જરાય મત નથી પણ ગામની કોઇ સુવિધા વધતી હોય તો સરકારી જમીન હોય કે ગામની ખરાબાની જમીન હોય એવી જમીનની અંદર જો પંચાયત આખા ગામનો કચરો નાખવા માટેની કોઇ જમીન નીમ કરે તો હું એવું માનું છું કે, એ ગામને અને ગ્રામ પંચાયતને અભિનંદન આપીશ, એક સારી દિશામાં એનું પગલું છે અને સારા વિચાર સાથે જોડાયેલું છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન યોજના હેઠળ ગ્રાન્ટ ફાળવણીના ધોરણો અને પદ્ધતિ શું છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલા મારા જવાબમાં જ કહ્યું કે, આમાં ત્રણ ભાગની અંદર ગ્રાન્ટો ફાળવવામાં આવે છે. ૨૦૧૪–૧૫ની અંદર પાંચ હજારથી ઉપરની વસ્તી, મેં પહેલાં પણ કહ્યું કે, પાંચ હજારની ઉપરની વસ્તી જેટલી જનસંખ્યા ધરાવતી હોય જે પંચાયત એ પંચાયતને દર મહિને વ્યક્તિ દીઠ બે રૂપિયા આપવામાં આવે છે. ત્યાર પછી ૨૦૧૫–૧૬ની અંદર આપણે બે હજાર થી પાંચ હજારની જનસંખ્યાની પંચાયતને આની સાથે જોડી છે. ત્યાર પછી ૨૦૧૬–૧૭માં સો ટકા ગ્રામ પંચાયતને આવરી લીધી છે અને સભ્યશ્રીનો જે વિષય છે, એ એમ પૂછી રહ્યા છે કે, કેટલી ગ્રાન્ટ ચૂકવો છો ? તો એમાં આખા રાજ્યની અંદર ત્રણ કરોડ, સુડતાળીસ લાખની ગ્રામ પંચાયતની જનસંખ્યા થાય છે, તો દર મહિને બે રૂપિયા લેખે કુલ સાત કરોડ રૂપિયા. રાજ્યનો એક ઉદેશ્ય છે કે, મારું ગામડું સ્વચ્છ બને, મારું ગામડું સારું બને, સુંદર બને આ આશયથી રાજ્ય સરકારના ઉદેશ્ય સાથે આ યોજનાને આગળ ધપાવી છે. સાત કરોડ રૂપિયા દર મહિને ગામડાને આ માટેના ચૂકવાઇ રહ્યા છે.

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે હું જાણવા માગુ છું કે, આ ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની યોજના છે એમાં કોઇ છેલ્લે સુધારો કરવામાં આવ્યો છે કે કેમ અને જો સુધારો કરવામાં આવ્યો હોય તો શું સુધારો કરવામાં આવ્યો છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા જવાબમાં હમણાં જ મેં કહ્યું કે, આ યોજનાને ત્રણ ભાગમાં વહેંચી છે. પહેલા પાંચ હજારથી ઉપરની જનસંખ્યાને જોડી છે પછી બે હજાર થી પાંચ હજારની જનસંખ્યાને જોડી છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ છેલ્લે એવો નિર્ણય લીધો કે, આખા ગુજરાતની જેટલી પંચાયતો છે, તો આ ૨૦૧૬–૧૭ની અંદર સમગ્ર પંચાયતોને જોડવાનો રાજ્યના મુખ્યમંત્રીના ઉદેશ્ય સાથે આ ગૃહની અંદર બજેટમાં જોગવાઇ કરીને નિર્ણય લીધો છે.

### નવસારી જિલ્લામાં મહાત્મા ગાંધી નરેગા યોજનામાં લેબર બજેટ મંજૂર કરવા

* ૨૫૭૮૫ શ્રી ઈશ્વરભાઇ પરમાર (બારડોલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં મહાત્મા ગાંધી નરેગા યોજના માટે કેટલી રકમનું લેબર બજેટ | (૧) નવસારી જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં મહાત્મા ગાંધી નરેગા યોજના માટે રૂ.૧૬૦૨.૩૩ લાખની |

મંજૂર કરવામાં આવેલ હતું, અને

(૨) તે પૈકી તા.૩૧-૩-૨૦૧૫ની સ્થિતિએ કેટલો ખર્ચ થવા પામેલ છે ?

રકમનું લેબર બજેટ મંજૂર કરવામાં આવેલ હતું.

(૨) તે પૈકી તા.૩૧-૩-૨૦૧૫ની સ્થિતિએ રૂ.૨૩૮૨.૬૩ લાખ ખર્ચ થવા પામેલ છે.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫માં મનરેગા યોજના અંતર્ગત તાલુકાવાર કેટલું બજેટ મંજૂર કરવામાં આવ્યું અને એ બજેટની સામે કેટલા રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો ?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લાની અંદર મનરેગા યોજના નીચે જે સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો કે, તાલુકા વાઇઝ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે? તો વાંસદા તાલુકાની અંદર જે ખર્ચ છે એ ૭ કરોડ ૫૭ લાખ, ચીખલી તાલુકાની અંદર ૪ કરોડ ૫૦ લાખ, ગણદેવીમાં ૪ કરોડ ૩૬ લાખ, નવસારીમાં ૩ કરોડ ૨૬ લાખ, જલાલપોરમાં ૩ કરોડ ૫૪ લાખ. લાયન્સ ડિપાર્ટમેન્ટનો જુદો ખર્ચ છે ૩૬ લાખ અને ૨૦ લાખ. કુલ ખર્ચ છે ૨૩ કરોડ ૮૨ લાખ આ જિલ્લાની અંદર ખર્ચ કરવામાં આવ્યો છે. અને જે રીતે જોગવાઇ હતી એ જોગવાઇ કરતા વધારે ખર્ચ કરી અને આ યોજના છે એ ગરીબોને દિશા આપતી યોજના છે એના ઉદ્દેશ સાથે રાજ્ય સરકારે બનાવેલી બજેટ જોગવાઇ મુજબ વધારે ખર્ચ થાય તો ગમે તે જિલ્લાની અંદર અમે ચૂકવવા માટે તૈયાર છીએ. આની ૧૬ કરોડની જોગવાઇ સામે ૨૩ કરોડ રૂપિયા આ જિલ્લાને ચૂકવ્યા છે.

શ્રીમતી ઝંખના હિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે નવસારી જિલ્લામાં મનરેગા યોજના હેઠળ વર્ષ ૨૦૧૪-૧૫માં તાલુકાવાર કેટલા કુટુંબોને રોજગારી આપવામાં આવી અને તેઓને ચૂકવાયેલ મહેનતાણાનો સરેરાશ દર શું છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મનરેગાની અંદર જે શ્રમિક કામ કરવા આવે છે એના નોર્મ્સ અને નિયમ મુજબ કામ કરે એટલે ૧૭૮ રૂપિયા ચૂકવવાનો સરકારનો નિયમ છે પણ કયાંય ને કયાંય કામ કોઇ ઓછું કરે તો ઓછું મહેનતાણું મળે છે. કામ ઉપર જ આની અંદર મહેનતાણું આવે છે. સભ્યશ્રીએ ગરીબો માટે સારો પ્રશ્ન પૂછ્યો છે કે વાંસદા તાલુકાની અંદર ૯૭૪૮ કુટુંબોએ રોજગારી મેળવી છે, ચીખલી તાલુકાની અંદર ૮૭૪૮ લોકોએ રોજગારી મેળવી છે. ગણદેવીની અંદર ૮૬૦૨ લોકોએ રોજગારી મેળવી છે. નવસારીની અંદર ૩૦૬૦૪૫ લોકોએ રોજગારી મેળવી છે. જલાલપોરની અંદર ૫૨૦૭ લોકોએ રોજગારી મેળવી છે. કુલ ૩૫૯૫૦ લોકોએ આ જિલ્લામાં રોજગારી મેળવી છે અને એનો તાલુકાવાર જે ખર્ચ ચૂકવવામાં આવ્યો છે વાંસદા માટે ૧૬૬૦૦૦, ચીખલી માટે ૧૫૧૦૦૦, ગણદેવી માટે ૧૫૮૦૦૦, નવસારી માટે ૧૬૩૦૦૦, જલાલપોર માટે ૧૫૧૦૦૦, પણ બહેનનો જે પ્રશ્ન છે એ પ્રશ્નનો જવાબ એ છે કે ૧૫૮ રૂપિયા સરેરાશ રોજગારી આવી છે. એક વ્યકિતને, ૩૫૦૦૦ લોકોને જે ફંડ ચૂકવાયું છે એની અંદર ૧૫૮ રૂપિયા અને ૧૯ પૈસા એને રોજગારી ચૂકવી છે.

શ્રી જનકભાઇ મ. કાછડિયા (પટેલ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે નવસારી જિલ્લામાં મનરેગા યોજના હેઠળ વર્ષ ૨૦૧૪-૧૫માં તાલુકાવાર વેતન, માલસામાન અને વહીવટી ખર્ચ કેટલો થયો છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, જે તાલુકાવાર ખર્ચ સભ્યશ્રી પૂછી રહ્યા છે એમાં માલસામાનનો જે ખર્ચ છે એ આજે ગણીએ તો ૧૨ લાખ ચૂકવવાના બાકી છે. સો ટકા એના ચૂકવાઇ ગયા છે અને જે વ્યકિતનું વેતન કીધું મેં એને ૫૮ કીધા છે પણ ટોટલ વેતનના ૧૫,૫૩,૦૦૦ રૂપિયા ચૂકવ્યા છે. માલસામાનની અંદર ચૂકવ્યા છે ૬,૯૮,૦૦૦ રૂપિયા, પણ ૧૨૦૦,૦૦૦ એમાં ચૂકવવાના બાકી છે અને પાંચ લાખ રૂપિયા વેતનમાં ચૂકવવાના બાકી છે.

શ્રી પીયૂષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ખર્ચની વાત થઇ મનરેગામાં પણ એના લેબર બજેટના કેટલા કામો, ટોટલ કામોનો સમાવેશ થયો? એમાં કેટલા કામ શરૂ થયા અને કેટલા કામ પ્રગતિ હેઠળ છે? અને એમાં કેટલા કામો પૂર્ણ થયા છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષના ૨૯૦૧ કામોનો સમાવેશ થયો હતો. આગળના વર્ષના ઓવરલીપીંગના જે કામો આવ્યા એની સાથે ૩૮૧૪ કામો શરૂ થયેલા છે એમાંથી પ્રગતિમાં ૨૯૩૬ કામો છે અને પૂર્ણ થયેલા કામો ૮૭૮ છે.

### વાલીયા તાલુકામાં વિકાસશીલ તાલુકા યોજના હેઠળ ફાળવેલ ગ્રાન્ટ

* ૨૫૭૭૧ શ્રી ઇશ્વરસિંહ પટેલ (અંકલેશ્વર) : માનનીય આયોજન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિકાસશીલ તાલુકા યોજના હેઠળ વાલીયા તાલુકાને આ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી તા.૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને | (૧) વિકાસશીલ તાલુકા હેઠળ વાલીયા તાલુકાને આ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન રૂ.૧૫૧.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં રૂ.૧૧૦.૩૧ લાખનો ખર્ચ થયેલ છે. |
| (૨) ઉકત સ્થિતિએ આ ફાળવેલ ગ્રાન્ટ સામે કેટલાં કામો મંજૂર થયેલ છે અને તે પૈકી કેટલા કામો પૂર્ણ થયેલ છે ? | (૨) વિકાસશીલ તાલુકા યોજના હેઠળ કુલ ૨૮ કામો મંજૂર થયેલ છે તે પૈકી ૧૭ કામો પૂર્ણ થયેલ છે અને ૧૧ કામો પ્રગતિમાં છે. |

## તારાંકિત પ્રશ્નો

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કયા તાલુકાઓને વિકાસશીલ તાલુકા તરીકે જાહેર કરેલ છે? તેના કારણો શું છે અને તેના માટે કોઇ ખાસ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે કે કેમ? આ પાછળ કેટલો ખર્ચ થયો? તેની વિગતો શું છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક સારા હેતુથી આ યોજના રાજય સરકારે જાહેર કરી છે. વિકાસશીલ તાલુકામાં દરેક તાલુકાનું ડેવલોપમેન્ટ સરખું થાય, રિજિયોનલ ડિસ્પેરિટી હોય તો તે દૂર કેવી રીતે કરાય અને બેલેન્સ ઇકોનોમી ડેવલપમેન્ટ આખા રાજ્યમાં સરખું થાય તે ધ્યાનમાં રાખીને ૪૯ તાલુકાને ડેવલપિંગ તાલુકા તરીકે ઓળખ આપી છે. આ કરતા પહેલાં ખૂબ મોટો અભ્યાસ કરવામાં આવ્યો હતો. કોલગી સમિતિની રચના કરવામાં આવી હતી. કોલગી સમિતિની રચનાની અંદર ૪૪ ઇન્ડિકેટર્સ નક્કી કર્યા અને દરેક તાલુકાનો ડીટેઇલમાં અભ્યાસ કરવામાં આવ્યો. આખા રાજ્યમાં એકે એક તાલુકામાં ટીમ ગઇ. આની અંદર વસતિનું ધોરણ કેટલું છે, રૂરલ એરિયાની અંદર ખાસ કરીને ગામડાંની અંદર બી.પી.એલ. ફેમિલીસ કેટલા છે તે લોકોને ૭ માર્ક્સ આપવામાં આવ્યા. બેઝિક સુવિધાઓ પીવાના પાણીથી માંડીને વ્યવસ્થાઓ ઊભી છે તેને ૪ માર્ક્સ આપવામાં આવ્યા. ખેતીમાં ખેડૂતોની પરિસ્થિતિ કેવી છે એ લોકોની આવકો કેવી છે? શું વાવેતર કરે છે તેને ૬ માર્ક્સ આપવામાં આવ્યા. પશુપાલન વ્યવસાયમાં છે કે નહિ અને એ લોકો આવક ધરાવે છે કે નહિ તેના ૩ માર્ક્સ આપવામાં આવ્યા. એ તાલુકામાં ઉદ્યોગો છે, રોજગારી આપે છે તેને ૬ માર્ક્સ આપવામાં આવ્યા. ગામડાંની અંદર કનેક્ટિવિટી કેવી છે, ગામડાંની અંદર જોડતા રોડ છે, પેટા પરામાં જોડતા રોડ છે, તેને ૪ માર્ક્સ મુકવામાં આવ્યા. શૈક્ષણિક સંસ્થાઓની અંદર સ્કૂલો છે, હાઇસ્કૂલો, સાયન્સ સ્કૂલો, કૅાલેજો એને ૫ માર્ક્સ મુકવામાં આવ્યા. આરોગ્યની અંદર શું કઇ સુવિધાઓ હોય એનું આખું માળખું ગોઠવવામાં આવ્યું એને ૪ માર્ક્સ મુકવામાં આવ્યા અને બસોની કનેક્ટિવિટી એસ.ટી.થી છે કે ખાનગી વાહનોની છે, એને ૫ માર્ક્સ મુકવામાં આવ્યા. આમ ૪૪ ઇન્ડિકેટર આધાર ઉપર આખા રાજ્યમાં સરવે કરવામાં આવ્યો. એની અંદર ૩૦ તાલુકા સૌથી પછાત તાલુકા હતા એ ૩૦ તાલુકાનો સમાવેશ કરવામાં આવ્યો. આ ઉપરાંત ૨૦૦૯ માં આદરણીય નરેન્દ્ર મોદી સાહેબ દ્વારા એચ.ડી.આઇ. હ્યુમન ડેવલપમેન્ટ ઇન્ડેક્ષનો આખા રાજ્યનો સરવે કરાવવામાં આવ્યો. એ એચ.ડી.આઇ. ની અંદર આ ૩૦ તાલુકા સિવાય ૧૧ તાલુકાનો સમાવેશ કરવામાં આવ્યો કે જેનું એચ.ડી.આઇ. ઇન્ડેક્ષ કેવી રીતે વધારવાની જરૂર છે. તેમાં ૧૧ તાલુકા લેવામાં આવ્યા. એ ઉપરાંત ડિસ્ટ્રિક્ટ કોર્ટ, જિલ્લાઓનું વિભાજન થયું, એનાં કારણે ૫૦ ટકા ગામડાં બીજા કારણે જતાં હોય તો એની અંદર લેવામાં આવ્યાં. તાલુકા તાલુકાનું વિભાજન થયું, એની અંદર પણ ૫૦ ટકા ગામડાં બીજા તાલુકામાં ગયા અને બેકવર્ડનેસનું પ્રમાણ રહ્યું. એમ કરીને કુલ આજની તારીખમાં ૪૯ તાલુકાઓ એની અંદર વિકાસશીલ તાલુકામાં સમાવેશ કર્યા છે. આ લોકોને સ્પેશ્યલ ૨ કરોડની ગ્રાન્ટ આપવામાં આવે છે. એ.ટી.વી.ટી. ને ૧ કરોડની ગ્રાન્ટ આપવામાં આવે છે. સૌથી ઇમ્પોર્ટન્ટ એ છે કે આપણા સચિવોને એક એક તાલુકો સોંપવામાં આવે છે અને આ સચિવ ત્યાં જઇ અભ્યાસ કરે છે. રૂપિયો કયાં વાપરવો એનું ડીટેઇલમાં સૂચન કરે છે અને પ્રભારી મંત્રી સાથે બેસીને ગોઠવણ કરે છે. વધારે ઇમ્પોર્ટન્ટ કલેકટરથી માંડીને અધિકારીઓ હોય છે એ લોકોને કોઇ ખૂટતી કડી હોય અને બજેટમાં મુકવાનું હોય તો બજેટમાં સ્પેસિફિકલી વિનંતી કરવામાં આવે છે. સચિવશ્રી દ્વારા કે કલેક્ટરશ્રી દ્વારા કોઇ સ્પેશિફિક વસ્તુ મુકવામાં આવે છે તો આપણે બજેટમાં આપણે પહેલાં એનો સમાવેશ કરીએ છીએ. દા.ત. કોલેજ આપવાની હોય તો ડેવલપિંગ તાલુકાને પ્રાધાન્ય પહેલાં આપવામાં આવેલું. આવી રીતે ખૂટતી કડીઓ ગોઠવીએ છીએ. કેવી રીતે તાત્કાલિક બીજા તાલુકાની જોડે આવે એ પ્રમાણેની આપણે વ્યવસ્થા કરી છે. માનનીય સભ્યશ્રીએ વિગતો પૂછી તો આ વખતે વહીવટી મંજૂરી સંપૂર્ણ મળી ગઇ છે. ૧ કરોડ ૧૦ લાખ રૂપિયાનો સંપૂર્ણતઃ ખર્ચ થયો છે. ખર્ચને જોવા જઇએ તો જુદાં જુદાં કામોની અંદર દા.ત. વીજળીકરણ હોય, વ્યક્તિના વીજળીકરણની વાત કરું છું તો વ્યક્તિ વીજળીકરણ માટે પણ વીજળીકરણ થયું છે. ગામમાં વીજળીકરણ માટેના પૈસા અપાયા છે. પેવિંગ બ્લૅાક માટે અપાયા છે. હેલ્થ સુવિધા માટે અપાયા છે. કન્યા છાત્રાલય માટે અપાયા છે. આ રીતે અનેકે અનેક વસ્તુઓ માટે જુદા જુદા ફંડમાંથી પૈસા અપાયા છે. ખાસ કરીને મેં જે કહ્યું રિજિયોનલ ડેવલપમેન્ટ બેલેન્સ થાય આ માટેની યોજના છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, જે તાલુકામાં ઇન્ડસ્ટ્રીયલ ગ્રોથ છે તો તે તાલુકાને વિકાસશીલ તાલુકા તરીકે ગણવામાં આવશે કે કેમ?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલાં કહ્યું તેમ ઇન્ડસ્ટ્રીયલ તાલુકો હોય અને તે બાકાત હોય તેવું નથી હોતું. આ જે ૪૪ પેરામિટર્સ આપેલા છે તેની અંદર તેનો સમાવેશ થાય છે કે નહીં. દા.ત. આ જે ૪૪ પેરામિટર્સની અંદરથી બહાર જતો રહે તો તેનો સમાવેશ નથી થતો, પણ આ ૪૪ પેરામિટર્સની અંદર ૩૦ તાલુકા સિલેકટ કર્યા હોય તેની અંદર એવું પણ બને કે તેની ઇન્ડસ્ટ્રીઝ હોય પરંતુ એજ્યુકેશન હોય, હેલ્થ હોય, રોડ રસ્તા હોય, પીવાનું પાણી હોય તેની અંદર પછાત છે તો તેવા કારણે આ પેરામિટર્સની અંદર ૩૦ તાલુકામાં આવતો હોય તો તે તાલુકાને રેકમેન્ડ કર્યા છે. તેવા તાલુકા આપણે સિલેકટ કર્યા છે. એચડીઆઇમાં આવતો હોય તો તેની અંદર પણ તેનો સમાવેશ કર્યો છે.

### જિલ્લા તિજોરી શરૂ કરવા બાબત

* ૨૫૭૦૮ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સરકારશ્રીએ કેટલા નવા જિલ્લાના મુખ્ય મથકે જિલ્લા તિજોરી કચેરી શરૂ કરેલી છે ? | તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સાત નવા જિલ્લાના મુખ્ય મથકે જિલ્લા તિજોરી કચેરી શરૂ કરવામાં આવેલ છે. |

તારાંકિત પ્રશ્નો

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, નવરચિત જિલ્લામાં ટ્રેઝરી કચેરીઓના મકાન અને સ્ટાફ માટે સરકારે શી વ્યવસ્થા કરી છે અને નવરચિત જિલ્લાઓમાં કેટલા પેન્શનરો પેન્શન મેળવે છે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખમાં નવરચિત જિલ્લાની અંદર પેન્શન મેળવનારની સંખ્યા જોઇએ તો અરવલ્લી મોડાસાની અંદર ૯૫૦૦, બોટાદની અંદર ૧૯૨૧, છોટાઉદેપુરની અંદર ૪૦૪૦, દેવભૂમિ ખંભાળીયાની અંદર ૨૨૯૨, ગીર સોમનાથ વેરાવળની અંદર ૩૪૬૬, મહિસાગર લુણાવાડની અંદર ૧૦૨૭૫, મોરબીમાં ૪૯૪૭ લોકો પેન્શન મેળવે છે. અધિકારીઓની સંખ્યા જોઇએ તો અરવલ્લી મોડાસાની અંદર ૩૪, બોટાદમાં ૨૯, છોટાઉદેપુરમાં ૫૦, દેવભૂમિ દ્વારકામાં ૩૦, ગીર સોમનાથમાં ૪૨, મહિસાગરમાં ૫૦, મોરબીમાં ૫૧ અધિકારીઓ છે. આજની તારીખમાં કચેરીઓ દરેક જિલ્લાની અંદર જુદી જુદી જગ્યાએ ચાલે છે. અમૂક જગ્યાએ ભાડાના મકાનમાં ચાલે છે. કોઇક જગ્યાએ નવા રચાયેલા તાલુકા સેવા સદન છે તેની અંદર ચાલે છે. પરંતુ સરકારના નિયમ પ્રમાણે આવતા દિવસોમાં જ્યાં જ્યાં જરૂર પડશે ત્યાં આ સુવિધા ઉભી કરવામાં આવશે.

નવસારી જિલ્લામાં એ.પી.એલ. કુટુંબો માટે વ્યકિતગત શૌચાલય બનાવવા બાબત

* ૨૫૭૮૦ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટલા એ.પી.એલ. કુટુંબોના વ્યકિતગત શૌચાલય બનાવવામાં આવ્યા, | (૧) નવસારી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન નીચે મુજબ એ.પી.એલ. કુટુંબોના વ્યકિતગત શૌચાલય બનાવવામાં આવ્યા. |

(સંખ્યા)

| વર્ષ | એ.પી.એલ. કુટુંબો |
|---|---|
| ૨૦૧૪ | ૧૭૦૨૨ |
| ૨૦૧૫ | ૧૩૬૦૩ |
| કુલ | ૩૦૬૨૫ |

| | |
|---|---|
| (૨) તે કઈ યોજના હેઠળ કેટલા બનાવવામાં આવ્યા, અને | (૨) તે નીચે જણાવ્યા મુજબની યોજના હેઠળ બનાવવામાં આવ્યા. |

(સંખ્યા)

| વર્ષ | સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ) | નિર્મળ ગુજરાત | કુલ |
|---|---|---|---|
| ૨૦૧૪ | ૧૬૨૨૫ | ૭૯૭ | ૧૭૦૨૨ |
| ૨૦૧૫ | ૧૩૬૦૩ | ૦ | ૧૩૬૦૩ |
| કુલ | ૨૯૮૨૮ | ૭૯૭ | ૩૦૬૨૫ |

| | |
|---|---|
| (૩) તેની પાછળ કઈ યોજનામાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) તેની પાછળ નીચે જણાવ્યા મુજબની યોજનામાં ખર્ચ કરવામાં આવ્યો. |

(રૂ.લાખમાં)

| વર્ષ | સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ) | નિર્મળ ગુજરાત | કુલ ખર્ચ |
|---|---|---|---|
| ૨૦૧૪ | ૭૪૬.૩૫ | ૧૫.૯૪ | ૭૬૨.૨૯ |
| ૨૦૧૫ | ૧૩૨૯.૯૬ | ૦.૦૦ | ૧૩૨૯.૯૬ |
| કુલ | ૨૦૭૬.૩૧ | ૧૫.૯૪ | ૨૦૯૨.૨૫ |

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નવસારીના એપીએલના કુટુંબોની સંખ્યા કદાચ પિયુષભાઇ જાણતા નહીં હોય પરંતુ મારા દ્વારા જાણવા માગે છે કે, તા.૨૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા એપીએલ કુટુંબોના શૌચાલય મંજૂર કર્યા અને તે પાછળ કેટલો ખર્ચ થયો?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, સ્વાભાવિક રીતે એપીએલ અને બીપીએલ કુટુંબની જે વ્યાખ્યાઓ છે તેમાં આ સન્માનનીય ગૃહના સભ્યશ્રીઓને જાણકારી આપું છું કે એપીએલ કુટુંબની અંદર અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ બેનો સમાવેશ કરતાં પછી તેમાં વિકલાંગ હોય, વિધવા હોય, નાનો સીમાંત ખેડૂત હોય આ બધાને ભેળવતાં આ યાદી બહુ મોટી થઇ છે. આ યાદી સાથે શૌચાલયના ૧૨ હજાર આપવાની કામગીરી રાજ્ય સરકાર અને દેશના વડાપ્રધાનશ્રીએ જાહેરાત કરી છે તે મુજબ આપીએ છીએ. સભ્યશ્રીનો પ્રશ્ન છે તે મુજબ જલાલપોરની અંદર ૫૦૭૬ શૌચાલય બનાવવામાં આવ્યા છે. તેમાં ૩ કરોડ ૫૩ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. વાંસદા તાલુકાની અંદર ૪૩૨૪ શૌચાલય બનાવવામાં આવ્યા અને તેમાં ૧ કરોડ ૯૯ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. ગણદેવીની અંદર ૯૧૩૨ શૌચાલય બનાવવામાં આવ્યા અને તેમાં ૭ કરોડ ૦૬ હજારનો ખર્ચ

કરવામાં આવ્યો, નવસારી તાલુકાની અંદર ૫૪૨૩ શૌચાલય બનાવવામાં આવ્યા અને તેમાં ૩ કરોડ ૪૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો, ચીખલી તાલુકાની અંદર ૬૬૭૦ શૌચાલય બનાવવામાં આવ્યા અને તેની અંદર ૪ કરોડ ૮૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નોત્તરી

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી. પી.એન.જી. અને રાસાયણિક ખાતર પર વેટ/સેસ વસૂલવા બાબત

*૨૫૭૦૨ શ્રી બાબુભાઈ પટેલ (દસક્રોઈ) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી., પી.એન.જી. અને રાસાયણિક ખાતર ઉપર કેટલા દરે વેટ અને સેસ વસુલવામાં આવે છે, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી આવક થઈ ?

જવાબ

(૧)

| વિગત | વેરાનો દર |
|---|---|
| પેટ્રોલ | ૨૩%+ ૨% સેસ |
| ડીઝલ | ૨૧%+ ૩% સેસ |
| સીએનજી | ૧૨.૫૦%+ ૨.૫% વધારાનો વેરો |
| પીએનજી | ૧૨.૫૦%+ ૨.૫% વધારાનો વેરો |
| રાસાયણિક ખાતર | પ્રથમ તબક્કે ૪%+૧% વધારાનો વેરો |
| રાસાયણિક ખાતર (પુનઃ વેચાણ) | માફી |

(૨)

(રૂ.કરોડમાં)

| વિગત | તા.૧-૧-૨૦૧૪ થી તા.૩૧-૧૨-૨૦૧૪ | તા.૧-૧-૨૦૧૫ થી તા.૩૧-૧૨-૨૦૧૫ |
|---|---|---|
| પેટ્રોલ | ૨૧૭૩.૧૩ | ૨૦૪૯.૩૭ |
| ડીઝલ | ૪૮૩૬.૯૭ | ૪૫૬૧.૫૦ |
| સેસ | ૧૨૧૩.૦૭ | ૧૧૪૦.૯૨ |
| સીએનજી | ૧૯૭.૨૨ | ૨૪૧.૪૦ |
| પીએનજી | ૧૧૪૯.૦૦ | ૯૦૬.૨૦ |
| રાસાયણિક ખાતર | ૧૨૧.૪૮ | ૧૪૬.૬૪ |

મહેસાણા જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં લોન સહાય માટે અરજીઓ

* ૨૬૫૦૯ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં તાલુકાવાર લોન સહાય મેળવવા કેટલી અરજીઓ મળી,

જવાબ

(૧) તા.૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં તાલુકાવાર લોન સહાય મેળવવા અગાઉની પડતર સહિત નીચે મુજબ અરજીઓ આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | તા.૧-૨-૧૪ થી તા.૩૧-૦૧-૧૫ | તા.૧-૨-૧૫ થી તા.૩૧-૦૧-૧૬ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૧૧૧૫ | ૧૭૩૪ | ૨૮૪૯ |
| ૨ | બેચરાજી | ૯૪ | ૧૭૧ | ૨૬૫ |
| ૩ | જોટાણા | ૧૧૯ | ૨૧૭ | ૩૩૬ |
| ૪ | કડી | ૨૯૩ | ૫૦૭ | ૮૦૦ |
| ૫ | વિજાપુર | ૧૬૬ | ૨૮૪ | ૪૫૦ |
| ૬ | વિસનગર | ૪૫૮ | ૭૬૩ | ૧૨૨૧ |
| ૭ | વડનગર | ૨૫૮ | ૪૩૬ | ૬૯૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૮ | ખેરાલુ | ૨૦૨ | ૨૮૬ | ૪૮૮ |
| ૯ | સતલાસણા | ૧૬૯ | ૨૭૪ | ૪૪૩ |
| ૧૦ | ઉંઝા | ૨૬૯ | ૪૩૫ | ૭૦૪ |
| | કુલ | ૩૧૪૩ | ૫૧૦૭ | ૮૨૫૦ |

(૨) ઉક્ત અરજીઓ પૈકી કેટલી અરજીઓ વર્ષવાર મંજુર કરી કેટલી રકમની તાલુકાવાર સહાય આપવામાં આવી,

(૨) ઉક્ત અરજીઓ પૈકી નીચે મુજબ અરજીઓ વર્ષવાર મંજુર કરવામાં આવેલ છે.

| | તા.૧-૨-૧૪ થી તા.૩૧-૦૧-૧૫ | તા.૧-૨-૧૫ થી તા.૩૧-૦૧-૧૬ | કુલ અરજીઓ |
|---|---|---|---|
| જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા બેંકોને ભલામણ કરેલ અરજીઓ | ૨૮૦૦ | ૪૭૪૧ | ૭૫૪૧ |
| બેંકોએ મંજુર કરેલ અરજીઓ | ૧૫૫૩ | ૧૬૩૩ | ૩૧૮૬ |

તાલુકાવાર નીચે મુજબ રકમની સહાય આપવામાં આવેલ છે.

(રકમ રૂ. લાખમાં)

| ક્રમ | તાલુકાનું નામ | તા.૧-૨-૧૪ થી તા.૩૧-૦૧-૧૫ | તા.૧-૨-૧૫ થી તા.૩૧-૦૧-૧૬ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૪૮.૫૦ | ૪૯.૭૦ | ૯૮.૨૦ |
| ૨ | બેચરાજી | ૧૨.૯૮ | ૨૭.૮૫ | ૪૦.૮૩ |
| ૩ | જોટાણા | ૦.૦૦ | ૨૫.૮૦ | ૨૫.૮૦ |
| ૪ | કડી | ૧૮.૯૯ | ૩૪.૪૬ | ૫૩.૪૫ |
| ૫ | વિજાપુર | ૧૩.૧૨ | ૨૪.૬૪ | ૩૭.૭૬ |
| ૬ | વિસનગર | ૧૬.૭૪ | ૨૩.૮૫ | ૪૦.૫૯ |
| ૭ | વડનગર | ૨૦.૬૭ | ૩૭.૦૭ | ૫૭.૭૪ |
| ૮ | ખેરાલુ | ૧૦.૬૦ | ૧૮.૯૨ | ૨૯.૫૨ |
| ૯ | સતલાસણા | ૪.૦૭ | ૬.૧૯ | ૧૦.૨૬ |
| ૧૦ | ઉંઝા | ૨૦.૫૪ | ૩૭.૪૦ | ૫૭.૯૪ |
| | કુલ | ૧૬૬.૨૧ | ૨૮૫.૮૮ | ૪૫૨.૦૯ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે અને તેનાં શાં કારણો છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ એક પણ અરજી પડતર નથી અને બેંક કક્ષાએ કુલ ૨૮૧૦ અરજીઓ પડતર છે. બેંક કક્ષાએ પડતર રહેવાના કારણો નીચે મુજબ છે.

(૧) અરજદાર/અરજદારના કુટુંબી બેંકના બાકીદાર હોવાથી
(૨) બેંકને ધંધો આર્થીક રીતે અર્થક્ષમ ન લાગતો હોવાથી
(૩) બેંકને જરૂરી ડોકયુમેન્ટ (આધાર-પુરાવા) પુરા પાડેલ ન હોવાથી
(૪) અન્ય ધંધામાં રોકાયેલ હોવાથી
(૫) આવા પ્રકારના ધંધામાં બેંકને વસુલાત આવતી ન હોવાથી
(૬) અરજદાર માત્ર સબસીડી લેવામાં જ રસ હોવાનું જણાતા
(૭) ધંધાનું સ્થળ યોગ્ય ન હોવાથી
(૮) અરજદારન પુરતો અનુભવ ન હોવાનું ધ્યાને આવવાથી.

(૪) પડતર રહેલી અરજીઓનો કયાં સુધીમાં

(૪) બેંક કક્ષાએ પડતર રહેલી અરજીઓનો બેંકના

નિકાલ કરવામાં આવશે ? નિયમોનુસાર નિકાલ કરવામાં આવશે.

રાજ્યમાં રણોત્સવ, પતંગોત્સવ અને નવરાત્રી મહોત્સવ પાછળ ખર્ચ

* ૨૫૬૮૯ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં રણોત્સવ, પતંગોત્સવ અને નવરાત્રી મહોત્સવ પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ રાજ્યમાં રણોત્સવ, પતંગોત્સવ અને નવરાત્રી મહોત્સવ યોજવા પાછળ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબનો ખર્ચ કરવામાં આવેલ છે.

| વર્ષ | ઉત્સવો પાછળ થયેલ ખર્ચ (રૂપિયા લાખમાં) | | |
|---|---|---|---|
| | રણોત્સવ | પતંગોત્સવ | નવરાત્રી મહોત્સવ |
| ૧–૧–૨૦૧૪ થી ૩૧–૧૨–૨૦૧૪ | ૪૨૨.૦૦ | ૩૬૦.૦૦ | ૭૬૯.૦૦ |
| ૧–૧–૨૦૧૫ થી ૩૧–૧૨– | ૨૯૪.૦૦ | ૩૯૮.૦૦ | ૬૨૧.૦૦ |

(૨) આ મહોત્સવોમાં વિદેશી મહેમાનોની સરભરા માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૨) આ મહોત્સવોમાં વિદેશી મહેમાનોની સરભરા પાછળ નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

| વર્ષ | થયેલ ખર્ચ (રૂપિયા લાખમાં) | | |
|---|---|---|---|
| | રણોત્સવ | પતંગોત્સવ | નવરાત્રી મહોત્સવ |
| ૧–૧–૨૦૧૪ થી ૩૧–૧૨–૨૦૧૪ | –– | –– | –– |
| ૧–૧–૨૦૧૫ થી ૩૧–૧૨– | –– | ૫.૫૧ | ૧.૧૪ |

દાહોદ જિલ્લામાં તાલુકા પંચાયતોનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ

* ૨૫૬૬૨ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) દાહોદ જિલ્લાની તાલુકા પંચાયતોનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ કેટલું છે,

જવાબ

(૧)

| ક્રમ | તાલુકો | સંવર્ગ | મંજુર મહેકમ |
|---|---|---|---|
| ૧ | દાહોદ | વર્ગ–૧ | ૦ |
| | | વર્ગ–૨ | ૧ |
| | | વર્ગ–૩ | ૨૪ |
| | | વર્ગ–૪ | ૫ |
| | | કુલ | ૩૦ |
| ૨ | ઝાલોદ | વર્ગ–૧ | ૧ |
| | | વર્ગ–૨ | ૦ |
| | | વર્ગ–૩ | ૨૪ |
| | | વર્ગ–૪ | ૫ |
| | | કુલ | ૩૦ |
| ૩ | લીમખેડા | વર્ગ–૧ | ૦ |

| | | | |
|---|---|---|---|
| | | વર્ગ–૨ | ૧ |
| | | વર્ગ–૩ | ૨૫ |
| | | વર્ગ–૪ | ૩ |
| | | કુલ | ૨૯ |
| ૪ | દેવગઢ બારીયા | વર્ગ–૧ | ૦ |
| | | વર્ગ–૨ | ૧ |
| | | વર્ગ–૩ | ૨૩ |
| | | વર્ગ–૪ | ૩ |
| | | કુલ | ૨૭ |
| ૫ | ગરબાડા | વર્ગ–૧ | ૦ |
| | | વર્ગ–૨ | ૧ |
| | | વર્ગ–૩ | ૧૪ |
| | | વર્ગ–૪ | ૧ |
| | | કુલ | ૧૬ |
| ૬ | ધાનપુર | વર્ગ–૧ | ૦ |
| | | વર્ગ–૨ | ૧ |
| | | વર્ગ–૩ | ૧૪ |
| | | વર્ગ–૪ | ૧ |
| | | કુલ | ૧૬ |
| ૭ | ફતેપુરા | વર્ગ–૧ | ૦ |
| | | વર્ગ–૨ | ૧ |
| | | વર્ગ–૩ | ૧૪ |
| | | વર્ગ–૪ | ૧ |
| | | કુલ | ૧૬ |
| ૮ | સંજેલી | વર્ગ–૧ | ૦ |
| | | વર્ગ–૨ | ૧ |
| | | વર્ગ–૩ | ૧૨ |
| | | વર્ગ–૪ | ૦ |
| | | કુલ | ૧૩ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨)

| ક્રમ | તાલુકો | સંવર્ગ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|
| ૧ | દાહોદ | વર્ગ–૧ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૧ | ૦ |
| | | વર્ગ–૩ | ૧૪ | ૧૦ |
| | | વર્ગ–૪ | ૧ | ૪ |
| | | કુલ | ૧૬ | ૧૪ |
| ૨ | ઝાલોદ | વર્ગ–૧ | ૧ | ૦ |
| | | વર્ગ–૨ | ૦ | ૦ |
| | | વર્ગ–૩ | ૧૨ | ૧૨ |
| | | વર્ગ–૪ | ૨ | ૩ |
| | | કુલ | ૧૫ | ૧૫ |
| ૩ | લીમખેડા | વર્ગ–૧ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૧ | ૦ |
| | | વર્ગ–૩ | ૧૨ | ૧૩ |
| | | વર્ગ–૪ | ૩ | ૦ |
| | | કુલ | ૧૬ | ૧૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | દેવગઢ બારીયા | વર્ગ–૧ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૧ | ૦ |
| | | વર્ગ–૩ | ૧૦ | ૧૩ |
| | | વર્ગ–૪ | ૧ | ૨ |
| | | કુલ | ૧૨ | ૧૫ |
| ૫ | ગરબાડા | વર્ગ–૧ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૧ | ૦ |
| | | વર્ગ–૩ | ૭ | ૭ |
| | | વર્ગ–૪ | ૧ | ૦ |
| | | કુલ | ૯ | ૭ |
| ૬ | ધાનપુર | વર્ગ–૧ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૦ | ૧ |
| | | વર્ગ–૩ | ૭ | ૭ |
| | | વર્ગ–૪ | ૧ | ૦ |
| | | કુલ | ૮ | ૮ |
| ૭ | ફતેપુરા | વર્ગ–૧ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૦ | ૧ |
| | | વર્ગ–૩ | ૬ | ૮ |
| | | વર્ગ–૪ | ૧ | ૦ |
| | | કુલ | ૭ | ૯ |
| ૮ | સંજેલી | વર્ગ–૧ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૦ | ૧ |
| | | વર્ગ–૩ | ૪ | ૮ |
| | | વર્ગ–૪ | ૦ | ૦ |
| | | કુલ | ૪ | ૯ |

(૩) ઉકત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૩)

| ક્રમ | તાલુકો | સંવર્ગ | ખાલી જગ્યાઓ | ૧ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી જગ્યાયો |
|---|---|---|---|---|
| ૧ | દાહોદ | વર્ગ–૧ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૦ | ૦ |
| | | વર્ગ–૩ | ૧૦ | ૧૦ |
| | | વર્ગ–૪ | ૪ | ૪ |
| | | કુલ | ૧૪ | ૧૪ |
| ૨ | ઝાલોદ | વર્ગ–૧ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૦ | ૦ |
| | | વર્ગ–૩ | ૧૨ | ૧૦ |
| | | વર્ગ–૪ | ૩ | ૨ |
| | | કુલ | ૧૫ | ૧૨ |
| ૩ | લીમખેડા | વર્ગ–૧ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૦ | ૦ |
| | | વર્ગ–૩ | ૧૩ | ૧૨ |
| | | વર્ગ–૪ | ૦ | ૦ |
| | | કુલ | ૧૩ | ૧૨ |
| ૪ | દેવગઢ બારીયા | વર્ગ–૧ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૧ | ૦ |
| | | વર્ગ–૩ | ૧૩ | ૧૨ |
| | | વર્ગ–૪ | ૨ | ૧ |

| | | | | |
|---|---|---|---|---|
| | | કુલ | ૧૫ | ૧૩ |
| ૫ | ગરબાડા | વર્ગ-૧ | ૦ | ૦ |
| | | વર્ગ-૨ | ૦ | ૦ |
| | | વર્ગ-૩ | ૭ | ૭ |
| | | વર્ગ-૪ | ૦ | ૦ |
| | | કુલ | ૭ | ૭ |
| ૬ | ધાનપુર | વર્ગ-૧ | ૦ | ૦ |
| | | વર્ગ-૨ | ૧ | ૧ |
| | | વર્ગ-૩ | ૭ | ૬ |
| | | વર્ગ-૪ | ૦ | ૦ |
| | | કુલ | ૮ | ૭ |
| ૭ | ફતેપુરા | વર્ગ-૧ | ૦ | ૦ |
| | | વર્ગ-૨ | ૧ | ૧ |
| | | વર્ગ-૩ | ૮ | ૮ |
| | | વર્ગ-૪ | ૦ | ૦ |
| | | કુલ | ૯ | ૯ |
| | સંજેલી | વર્ગ-૧ | ૦ | ૦ |
| | | વર્ગ-૨ | ૧ | ૧ |
| | | વર્ગ-૩ | ૮ | ૭ |
| | | વર્ગ-૪ | ૦ | ૦ |
| | | કુલ | ૯ | ૮ |

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ બનતી ત્વરાએ.

ભાવનગર જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ હેઠળ પ્રોજેક્ટ મંજૂર કરવા બાબત

* ૨૬૧૬૩ શ્રી પ્રવિણભાઈ રાઠોડ (પાલીતાણા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ હેઠળ તાલુકાવાર કેટલા પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તેમાં તાલુકાવાર કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૧૫ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ અંતર્ગત છેલ્લા બે વર્ષમાં ગારિયાધાર તાલુકામાં ૧ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ કોઈ ખર્ચ થયો નથી.

રાજ્ય હસ્તકની વીજ ઉત્પાદન કંપની દ્વારા નવીન વીજ પ્લાન્ટ કાર્યાન્વિત

* ૨૫૭૨૦ શ્રી પુર્ણેશકુમાર મોદી (સુરત પશ્ચિમ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૧૫ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકની વીજ ઉત્પાદક કંપનીઓ દ્વારા છેલ્લા બે વર્ષમાં કોઈ નવીન વીજ પ્લાન્ટ કાર્યાન્વિત કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો તેની વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી છે, અને

(૩) તે પ્લાન્ટ કાર્યાન્વિત કરવા માટે કુલ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) હા, જી.

(૨) નવીન વીજ પ્લાન્ટ અને તેની વીજ ઉત્પાદન ક્ષમતા નીચે મુજબ છેઃ

સિક્કા ૩ અને ૪ યુનીટ (૨x૨૫૦ મેગાવોટ)-૫૦૦ મેગાવોટ

જીપીપીસી પીપાવાવ પાવર પ્રોજેક્ટ-૭૦૨ મેગાવોટ

(૩) વીજ પ્લાન્ટને કાર્યાન્વિત કરવા થયેલ અંદાજિત મૂડી ખર્ચની વિગત નીચે મુજબ છેઃ

સિક્કા યુનીટ ૩ અને ૪ (૨x૨૫૦ મેગાવોટ) - રૂ.૩૨૧૮ કરોડ

જીપીપીસી પીપાવાવ પાવર પ્રોજેક્ટ -રૂ.૩૦૨૯ કરોડ

કુલ ખર્ચ રૂ.૬૨૪૭ કરોડ

વડોદરા જિલ્લામાં ગ્રામ પંચાયતોને સફાઈ કરની વસુલાતની ગ્રાન્ટ

* ૨૫૭૧૭ શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ (વાઘોડીયા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૧૫ની સ્થિતિએ સ્વચ્છ ગામ – સ્વસ્થ ગામ યોજના અંતર્ગત ગ્રામ પંચાયતોને સફાઈ કરની વસુલાતના પ્રમાણમાં રાજ્ય સરકાર ગ્રાન્ટ આપે છે તે હકીકત સાચી છે, અને

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાના કેટલા ગામોને આ ગ્રાન્ટ આપવામાં આવી ?

જવાબ

(૧) હા, જી.

(૨)

| ક્રમ | વર્ષ | ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૪ | ૫૬૦ |
| ૨ | ૨૦૧૫ | ૩૪૩ |
| | કુલ | ૯૦૩ |

બનાસકાંઠા જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર પાસે કુટિર ઉદ્યોગ માટે લોન સહાય

* ૨૫૬૬૬ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર પાસે કુટિર ઉદ્યોગ માટે લોન સહાય મેળવવા માટે કુલ કેટલી અરજીઓ આવી,

(૨) આ અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલા લાભાર્થીઓને બેંકની લોન/સહાય આપવામાં આવી ?

જવાબ

(૧) કુલ ૧૧૨૫૨ અરજીઓ આવેલ છે.

(૨) આ અરજીઓ પૈકી જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ કુલ ૮૪૪૦ અને તે પૈકી બેંક કક્ષાએ કુલ ૩૦૨૬ અરજીઓ મંજૂર કરવામાં આવેલ.

(૩) બેંક કક્ષાએ ૩૦૨૬ લાભાર્થીને રૂ.૨૭૦૮.૬૮ લાખની લોન આપવામાં આવેલ. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ ૨૭૯૬ લાભાર્થીને રૂ.૫૨૪.૩૫ લાખની સહાય આપવામાં આવેલ.

ગાંધીનગર જિલ્લામાં આમ આદમી વિમા યોજના

* ૨૪૯૬૯ શ્રીમતી કામીનીબા રાઠોડ (દહેગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૧૬ની સ્થિતિએ આમ આદમી વિમા યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા પરિવારોને છેલ્લા બે વર્ષમાં આવરી લેવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે રાજ્ય સરકારે ઉકત સ્થિતિએ વર્ષવાર કેટલી રકમનું પ્રિમીયમ ભરેલ છે ?

જવાબ

(૧) તા.૩૧-૧-૧૬ની સ્થિતિએ આમ આદમી વિમા યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં ૧૦૭૨૯ પરિવારોને છેલ્લા બે વર્ષમાં આવરી લેવામાં આવ્યા. જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | આવરી લીધેલ પરિવારની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૨૩૬૨ |
| ૨ | કલોલ | ૩૦૫૧ |
| ૩ | દહેગામ | ૨૬૭૩ |
| ૪ | માણસા | ૨૬૪૩ |
| | કુલ | ૧૦૭૨૯ |

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ રાજ્ય સરકારે ભરેલ પ્રિમીયમની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | ભરેલ પ્રિમીયમ (રૂ.કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૪-૧૫ | ૪.૩૭ કરોડ |
| ૨ | ૨૦૧૫-૧૬ | એલ.આઈ.સી. દ્વારા અગાઉના વર્ષોમાં ભરવામાં આવેલ પ્રિમીયમ ચાલુ વર્ષે સરભર કરેલ હોવાથી વર્ષ ૨૦૧૫-૧૬ માં પ્રિમીયમ ભરેલ નથી. |

રાજ્યમાં મીઠુ પકવતા અગરીયાઓને આવાસ આપવાની યોજનાનો અમલ

અતારાંકિત પ્રશ્નોત્તરી

* ૨૫૬૩૭ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી  જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧−૧−૧૬ની સ્થિતિએ રાજ્યમાં મીઠુ પકવતા અગરીયાઓને આવાસ આપવાની યોજના ક્યારથી અમલમાં છે, | (૧) હાલમાં નમક મજદૂર આવાસ યોજના અમલમાં નથી. |
| (૨) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટલા અગરીયાઓને આવાસો આપવામાં આવ્યા, અને | (૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તેની પાછળ કેટલો ખર્ચ થયો ? | |

અમદાવાદ શહેરમાં આમ આદમી વિમા યોજના

* ૨૪૯૫૯ શ્રી ગ્યાસુદ્દીન શેખ  (દરીયાપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧−૧−૧૬ની સ્થિતિએ આમ આદમી વિમા યોજનામાં અમદાવાદ શહેરમાં કુલ કેટલા પરિવારોને આવરી લેવામાં આવ્યા, અને | (૧) તા.૩૧−૧−૧૬ની સ્થિતિએ આમ આદમી વિમા યોજનામાં અમદાવાદ શહેરના એક પણ પરિવારને આવરી લેવામાં આવેલ નથી. કારણે કે આ યોજના માત્ર ગ્રામ્ય વિસ્તાર માટે જ છે. |
| (૨) તે અન્વયે સરકારે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષવાર કેટલી રકમનું પ્રિમીયમ ભરેલ છે ? | (૨) પ્રશ્ન નથી. |

ડાંગ જિલ્લામાં રાજીવ ગાંધી ભવન મંજુર કરવા બાબત

* ૨૬૪૯૮ શ્રી મંગળભાઇ ગાવિત  (ડાંગ) : માનનીય પંચાયત મંત્રીશ્રી  (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧−૧−૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાંગ જિલ્લામાં તાલુકાવાર કેટલાં રાજીવ ગાંધી ભવન મંજુર કરવામાં આવ્યાં, અને | (૧) તા. ૩૧−૧−૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાંગ જિલ્લામાં તાલુકાવાર નીચેની વિગતે રાજીવ ગાંધી ભવન મંજુર કરવામાં આવેલ છે. |

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર કરવામાં આવેલ રાજીવ ગાંધી ભવનની સંખ્યા | |
|---|---|---|---|
| | | તા.૧−૨−૧૪થી તા. ૩૧−૧−૨૦૧૫ | તા.૧−૨−૧૫થી તા. ૩૧−૧−૨૦૧૬ |
| ૧ | આહવા | ૧૦ | ૦ |
| ૨ | સુબીર | ૧૫ | ૦ |
| ૩ | વઘાઇ | ૯ | ૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે અન્વયે કેટલાના બાંધકામ પૂર્ણ થયા અને તે પાછળ કેટલો ખર્ચ થયો ? | (૨) એકપણ ભવનનું બાંધકામ પૂર્ણ થયેલ નથી અને કોઇ ખર્ચ થયેલ નથી. |

જુનાગઢ જિલ્લામાં ખેતરમાં માટી નાખવા માટે ખનીજ ચોરીનો દંડ

* ૨૫૬૬૩ શ્રી બાબુભાઇ વાજા (માંગરોળ) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી  જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧−૧૨−૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર જુનાગઢ જિલ્લામાં ખેડૂતો તળાવ અથવા નદીમાંથી માટી ભરીને પોતાના ખેતરોમાં નાખવા માટે જતા હોય અને ખનીજ ચોરીનો દંડ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) અને (૨) ના, જી. |
| (૨) જો હા, તો કેટલા ખેડૂતોને કેટલી રકમની ખનીજ ચોરીનો દંડ કરેલ છે, અને | |
| (૩) ઉક્ત સ્થિતિએ ખેડૂતોને પોતાના ખેતરમાં માટી નાખવા માટે ખનીજની રોયલ્ટી ભરવામાંથી મુક્તી આપવા અંગે સરકારમાં શી વિચારણા ચાલે છે. | (૩) ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો−૨૦૧૦ના નિયમ ૩(બી) અને ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૨૦−૧−૨૦૦૭ તેમજ તા. ૧૭−૪−૨૦૧૩ના ઠરાવમાં આ અંગેની જોગવાઇ હોવાથી મુક્તિ આપવામાં આવેલ છે જ. |

જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

કચ્છ જિલ્લામાં કૃષિ વિષયક વીજ બીલમાં રાહત આપવા બાબત

* ૨૫૭૩૧ ડૉ. નીમાબેન આચાર્ય (ભૂજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા કચ્છ જિલ્લાના કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બીલમાં કોઇ રાહત આપવામાં આવે છે, કે કેમ અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કચ્છ જિલ્લાના ખેડૂતોને વીજ બીલમાં રાહત માટે કેટલી સબસીડી આપવામાં આવી?

જવાબ

(૧) હા, જી. નામ. ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા કૃષિ વિષયક વપરાશ અંગેના વીજ દરો નક્કી કરવામાં આવે છે પરંતુ, ખેડૂતોએ નામ. ઓયોગે નક્કી કરેલ દરો મુજબ નહી પરંતુ, સરકારશ્રીએ નક્કી કરેલા રાહત દરો મુજબ જ વીજ બિલની ચુકવણી કરવાની રહે છે. વીજ દર અંગેની તફાવતની રકમ ખેડૂતો વતી રાજ્ય સરકાર વીજ કંપનીઓને ચૂકવે છે.

આ ઉપરાંત, વીજ ઉત્પાદન ખર્ચમાં ભાવ વધારાના કારણે વીજ કંપનીઓને થતા વધારાના ખર્ચને પહોંચી વળવા માટે વીજ ગ્રાહકો પાસેથી નામદાર ગુજરાત વીજ નિયમન આયોગની ફોર્મ્યુલા મુજબ ફ્યુઅલ સરચાર્જની વસુલાત પણ ખેડૂતોના કિસ્સામાં તેમની પાસેથી વસુલ ન કરીને, તે અંગેની રકમ પણ રાજ્ય સરકાર ખેડૂતો વતી વીજ કંપનીઓને ચૂકવે છે.

આ ઉપરાંત, તા. ૦૯–૦૨–૨૦૧૫ના ઠરાવથી સમગ્ર ખેતી વિષયક જોડાણોને ખેત ઉપજ ની સહાય માટે રાજ્ય સરકારશ્રી દ્વારા ખેડૂતો ને વીજ વપરાશના બિલમાં નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ માટે તેમના વીજબીલની ૫૦% રકમ રાહત તરીકે આપવામાં આવેલ છે.

(૨) છેલ્લા બે નાણાંકીય વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા કચ્છ જિલ્લાના ખેડૂતોને વીજ બીલમાં આપવામાં આવેલ સબસીડીનું પત્રક આ સાથે સામેલ છે.

પત્રક

(રૂ. કરોડમાં)

| અ.નં. | વિગત | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ (ડિસેમ્બર ૨૦૧૫ સુધી) |
|---|---|---|---|
| ૧ | હોર્સ પાવર આધારિત વીજદરો માટે સહાયકી. | ૯૬.૭૭ | ૭૬.૨૭ |
| ૨ | જીઇઆરસી વીજ દરમાં રાહત માટે સહાયકી. | ૯૯.૦૭ | ૮૩.૬૭ |
| ૩ | બળતણ ખરીદી તથા વીજળી ખરીદી માટે સહાયકી. | ૧૩૧.૦૯ | ૧૧૭.૮૬ |
| ૪ | ખેતીવાડી ગ્રાહકોને વીજ બીલમાં ૫૦ % રાહત. | ૪૧.૦૭ | – |
| | કુલ | ૩૬૮.૦૦ | ૨૭૭.૮૦ |

દાહોદ જિલ્લામાં ગ્રામ–પંચાયતોમાં કોમ્પ્યુટરની બંધ હાલત

* ૨૬૧૮૯ શ્રીમતિ ચંન્દ્રીકાબેન બારીયા (ગરબાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોની ગ્રામ–પંચાયતોમાં કોમ્પ્યુટર ચાલુ હાલતમાં છે, અને

જવાબ

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર નીચેના ગામોની ગ્રામ–પંચાયતોમાં કોમ્પ્યુટર ચાલુ હાલતમાં છે.

| ક્રમ | તાલુકાનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧. | ધાનપુર | ૫૯ |
| ૨. | ગરબાડા | ૩૮ |
| ૩. | ફતેપુરા | ૬૫ |
| ૪. | ઝાલોદ | ૮૧ |
| ૫. | સંજેલી | ૧૮ |
| ૬. | લીમખેડા | ૧૦૫ |
| ૭. | દાહોદ | ૭૬ |
| ૮. | દેવગઢબારીયા | ૭૩ |

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા ગામોની ગ્રામ-પંચાયતોમાં કોમ્પ્યુટર કાર્યરત નથી. તથા જે કોમ્પ્યુટર બંધ છે તેની મરામત અંગે સરકારે શી કાર્યવાહી કરી?

(૨) ઉક્ત સ્થિતિએ દાહોદ તાલુકાની ૩ અને દેવગઢ બારીયા તાલુકાની ૫ ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર કાર્યરત નથી. પરંતુ ફેબ્રુઆરી-૧૬માં ઉક્ત ગ્રામ-પંચાયતોને નવા કોમ્પ્યુટર ફાળવેલ છે જેથી હાલ તમામ કાર્યરત છે.

## સુરત જિલ્લામાં નવા સબ સ્ટેશનો કાર્યાન્વિત

* ૨૫૭૨૪ શ્રીમતી ઝંખનાબેન પટેલ (ચોર્યાસી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કુલ કેટલા સબ સ્ટેશનો કાર્યરત છે,

(૨) ઉક્ત સ્થિતિએ સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતુ,

(૩) તે પૈકી કેટલા નવા સબ-સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને

(૪) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ સુરત જિલ્લામાં કુલ ૮૨ સબસ્ટેશનો કાર્યરત છે.

(૨) ઉક્ત સ્થિતિએ સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર એટલે કે વર્ષ ૨૦૧૪ દરમ્યાન ૫ (પાંચ) અને વર્ષ ૨૦૧૫ દરમ્યાન ૧૧ (અગીયાર) એમ કુલ ૧૬ (સોળ) નવીન વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું.

(૩) તે પૈકી વર્ષ ૨૦૧૪ દરમ્યાન આયોજન કરાયેલ તમામે તમામ વીજ સબ-સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા અને વર્ષ ૨૦૧૫ દરમ્યાન ૬ (છ) નવીન વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા.

- બાકી રહેતા સબસ્ટેશનોના બાંધકામનું કાર્ય પ્રગતિ હેઠળ છે. જે માર્ચ ૨૦૧૬ સુધીમાં કાર્યાન્વિત કરવાનો લક્ષ્યાંક નિશ્ચિત કરવામાં આવેલ છે.

(૪) વર્ષ ૨૦૧૪માં રૂ. ૧૪૪૯૭.૧૮ લાખ અને વર્ષ ૨૦૧૫માં રૂ. ૪૦૨૯.૩૩ લાખ ખર્ચ થયેલ છે.

## કચ્છ જિલ્લામાં ડોર ટુ ડોર કલેકશન યોજના

* ૨૫૭૧૮ શ્રી રમેશભાઇ મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત ડોર ટુ ડોર કલેકશન યોજના ક્યા વર્ષથી અમલમાં આવી, અને

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લાના ૨,૦૦૧ થી ૫,૦૦૦ સુધીની વસ્તી ધરાવતાં કેટલા ગામોને આ ગ્રાન્ટ આ યોજના અંતર્ગત આપવામાં આવી ?

**જવાબ**

(૧) વર્ષ - ૨૦૧૪-૧૫ થી અમલમાં આવેલ છે.

(૨)

| ક્રમ | વર્ષ | ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૫ | ૧૬૮ |

## કલોલ તાલુકામાં ઇન્દીરા આવાસ યોજનામાં આવાસ બાંધવા બાબત

* ૨૫૭૧૬ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર દક્ષિણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઇન્દિરા આવાસ યોજના હેઠળ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં વર્ષ ૨૦૧૪-૧૫માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું,

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી, અને

(૩) ઉક્ત વહીવટી મંજુરી પૈકી કેટલા આવાસ બાંધકામની મંજુરી મહિલાઓના નામે આપવામાં આવી છે?

**જવાબ**

(૧) ઇન્દિરા આવાસ યોજના હેઠળ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં વર્ષ ૨૦૧૪-૧૫માં ૫૬ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ૫૬ આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી.

(૩) ઉક્ત વહીવટી મંજુરી પૈકી કુલ-૧૦ આવાસ બાંધકામની મંજુરી મહિલાઓના નામે આપવામાં આવી છે.

## રાજ્યમાં ખનીજ સંશોધન

* ૨૫૭૭૬ શ્રી જગદીશભાઇ પંચાલ (નિકોલ) : માનનીય ખાણ-ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં ક્યા પ્રકારનું ખનિજ સંશોધન ક્યા વિસ્તારમાં કરવામાં આવેલ છે?

**જવાબ**

જામનગર, કચ્છ, જુનાગઢ, ગીર-સોમનાથ, ભરૂચ, પોરબંદર જિલ્લાના વિસ્તારોમાં ડ્રીલીંગ (શારકામ) પ્રકારનું ખનિજ સંશોધન કરવામાં આવેલ છે. નવસારી, વલસાડ, ભરૂચ, ભાવનગર, જામનગર અને ખેડા જિલ્લામાં ભુ-રાસાયણીક સર્વે કરવામાં આવેલ છે.

તા. ૨૯મી માર્ચ, ૨૦૧૬

અતારાંકિત પ્રશ્નોત્તરી

છોટા ઉદેપુર જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતનું સંવર્ગવાર મંજુર મહેકમ

* ૨૬૫૪૭ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) છોટા ઉદેપુર જિલ્લા પંચાયત અને છોટા ઉદેપુર જિલ્લામાં આવેલ તાલુકા પંચાયતનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ તા. ૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ કેટલું છે,

જવાબ

(૧)

| ક્રમ | જિલ્લા/તાલુકા પંચાયત | સંવર્ગ | મંજુર મહેકમ |
|---|---|---|---|
| ૧ | જિલ્લા પંચાયત છોટા ઉદેપુર | વર્ગ–૧ | ૯ |
| | | વર્ગ–૨ | ૧૨ |
| | | વર્ગ–૩ | ૭૪ |
| | | વર્ગ–૪ | ૦ |
| | | કુલ | ૯૫ |
| ૨ | તાલુકા પંચાયત છોટાઉદેપુર | વર્ગ–૧ | ૦ |
| | | વર્ગ–૨ | ૧ |
| | | વર્ગ–૩ | ૫૬ |
| | | વર્ગ–૪ | ૩૮ |
| | | કુલ | ૯૫ |
| ૩ | તાલુકા પંચાયત જેતપુર પાવી | વર્ગ–૧ | ૦ |
| | | વર્ગ–૨ | ૧ |
| | | વર્ગ–૩ | ૬૯ |
| | | વર્ગ–૪ | ૬ |
| | | કુલ | ૭૬ |
| ૪ | તાલુકા પંચાયત બોડેલી | વર્ગ–૧ | ૦ |
| | | વર્ગ–૨ | ૧ |
| | | વર્ગ–૩ | ૬૯ |
| | | વર્ગ–૪ | ૦ |
| | | કુલ | ૭૦ |
| ૫ | તાલુકા પંચાયત નસવાડી | વર્ગ–૧ | ૦ |
| | | વર્ગ–૨ | ૧ |
| | | વર્ગ–૩ | ૬૭ |
| | | વર્ગ–૪ | ૫ |
| | | કુલ | ૭૩ |
| ૬ | તાલુકા પંચાયત ક્વાંટ | વર્ગ–૧ | ૦ |
| | | વર્ગ–૨ | ૧ |
| | | વર્ગ–૩ | ૪૪ |
| | | વર્ગ–૪ | ૩ |
| | | કુલ | ૪૮ |
| ૭ | તાલુકા પંચાયત સંખેડા | વર્ગ–૧ | ૦ |
| | | વર્ગ–૨ | ૧ |
| | | વર્ગ–૩ | ૭૧ |
| | | વર્ગ–૪ | ૭ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે.

(૨)

| ક્રમ | જિલ્લા/તાલુકા પંચાયત | સંવર્ગ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|
| ૧ | જિલ્લા પંચાયત છોટા ઉદેપુર | વર્ગ–૧ | ૭ | ૨ |
| | | વર્ગ–૨ | ૪ | ૮ |

| | | | | |
|---|---|---|---|---|
| | | વર્ગ–૩ | ૧૩ | ૬૧ |
| | | વર્ગ–૪ | ૦ | ૦ |
| | | કુલ | ૨૪ | ૭૧ |
| ૨ | તાલુકા પંચાયત છોટાઉદેપુર | વર્ગ–૧ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૧ | ૦ |
| | | વર્ગ–૩ | ૪૧ | ૧૫ |
| | | વર્ગ–૪ | ૫ | ૩૩ |
| | | કુલ | ૪૭ | ૪૮ |
| ૩ | તાલુકા પંચાયત જેતપુર પાવી | વર્ગ–૧ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૦ | ૧ |
| | | વર્ગ–૩ | ૫૨ | ૧૭ |
| | | વર્ગ–૪ | ૦ | ૬ |
| | | કુલ | ૫૨ | ૨૪ |
| ૪ | તાલુકા પંચાયત બોડેલી | વર્ગ–૧ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૧ | ૦ |
| | | વર્ગ–૩ | ૫૦ | ૧૯ |
| | | વર્ગ–૪ | ૦ | ૦ |
| | | કુલ | ૫૧ | ૧૯ |
| ૫ | તાલુકા પંચાયત નસવાડી | વર્ગ–૧ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૦ | ૧ |
| | | વર્ગ–૩ | ૪૫ | ૨૨ |
| | | વર્ગ–૪ | ૫ | ૦ |
| | | કુલ | ૫૦ | ૨૩ |
| ૬ | તાલુકા પંચાયત ક્વાંટ | વર્ગ–૧ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૧ | ૦ |
| | | વર્ગ–૩ | ૩૩ | ૧૧ |
| | | વર્ગ– | ૨ | ૧ |

| | | | | |
|---|---|---|---|---|
| | | ૪ | | |
| | | કુલ | ૩૬ | ૧૨ |
| ૭ | તાલુકા પંચાયત સંખેડા | વર્ગ–૧ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૦ | ૧ |
| | | વર્ગ–૩ | ૪૯ | ૨૨ |
| | | વર્ગ–૪ | ૩ | ૪ |
| | | કુલ | ૫૨ | ૨૭ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૩)

| ક્રમ | જિલ્લા/તાલુકા પંચાયત | સંવર્ગ | ખાલી જગ્યાઓ | ૧ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|
| ૧ | જિલ્લા પંચાયત છોટા ઉદેપુર | વર્ગ–૧ | ૨ | ૦ |
| | | વર્ગ–૨ | ૮ | ૦ |
| | | વર્ગ–૩ | ૬૧ | ૦ |
| | | વર્ગ–૪ | ૦ | ૦ |
| | | કુલ | ૭૧ | ૦ |
| ૨ | તાલુકા પંચાયત છોટાઉદેપુર | વર્ગ–૧ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૦ | ૦ |
| | | વર્ગ–૩ | ૧૫ | ૧ |
| | | વર્ગ–૪ | ૩૩ | ૪ |
| | | કુલ | ૪૮ | ૫ |
| ૩ | તાલુકા પંચાયત જેતપુર પાવી | વર્ગ–૧ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૧ | ૧ |
| | | વર્ગ–૩ | ૧૭ | ૧૨ |
| | | વર્ગ–૪ | ૬ | ૬ |
| | | કુલ | ૨૪ | ૧૯ |
| ૪ | તાલુકા પંચાયત બોડેલી | વર્ગ–૧ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૦ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | | વર્ગ–૩ | ૧૯ | ૦ |
| | | વર્ગ–૪ | ૦ | ૦ |
| | | કુલ | ૧૯ | ૦ |
| ૫ | તાલુકા પંચાયત નસવાડી | વર્ગ–૧ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૧ | ૦ |
| | | વર્ગ–૩ | ૨૨ | ૨૧ |
| | | વર્ગ–૪ | ૦ | ૦ |
| | | કુલ | ૨૩ | ૨૧ |
| ૬ | તાલુકા પંચાયત ક્વાંટ | વર્ગ–૧ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૦ | ૦ |
| | | વર્ગ–૩ | ૧૧ | ૧૧ |
| | | વર્ગ–૪ | ૧ | ૧ |
| | | કુલ | ૧૨ | ૧૨ |
| ૭ | તાલુકા પંચાયત સંખેડા | વર્ગ–૧ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૧ | ૧ |
| | | વર્ગ–૩ | ૨૨ | ૧૦ |
| | | વર્ગ–૪ | ૪ | ૪ |
| | | કુલ | ૨૭ | ૧૫ |

(૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ બનતી ત્વરાએ.

બિનાની સિમેન્ટ પાસેથી વાણિજ્યિક વેરાની બાકી નીકળતી રકમ

* ૨૫૮૫૭ શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યમાં તા. ૧–૧–૨૦૧૬ની સ્થિતિએ બિનાની સિમેન્ટ પાસેથી વાણિજ્યિક વેરાની બાકી નીકળતી રકમ કેટલી છે, અને

(૨) આ રકમની વસુલાત માટે તા. ૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધેલા છે?

જવાબ

(૧) ` ૮.૭૯/– કરોડ.

(૨) બિનાની સિમેન્ટના કેસમાં

- અલગ અલગ ૪ (ચાર) બેંકોમાં તા. ૧૨–૦૬–૨૦૧૫, તા. ૧–૭–૨૦૧૫ અને તા. ૨–૭–૨૦૧૫ના રોજ બેંક ટાંચની કાર્યવાહી કરેલ છે.
- તા. ૧૦–૦૭–૨૦૧૫ના રોજ અલગ અલગ ૨૨ (બાવીસ) વેપારીઓને થર્ડ પાર્ટી રીકવરીની નોટિસ આપેલ છે.
- બિનાની સિમેન્ટ સરખેજ (ગોડાઉન) અમદાવાદ ખાતે

તા. ૧૧-૦૭-૨૦૧૫ના રોજ સ્ટોક ટાંચ કરેલ છે.

- તા. ૩૦-૧૧-૨૦૧૫ના રોજ રાજસ્થાન સિરોહી ખાતે તેમજ તા. ૫-૧૨-૨૦૧૫ના રોજ રાજસ્થાન શીકર ખાતે આર. આર. સી. કરેલ છે.

વડોદરા જિલ્લામાં કૃષિ વિષયક વીજ બીલમાં રાહત આપવા બાબત

* ૨૫૭૦૦ શ્રી સતીષભાઈ પટેલ (કરજણ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૧૫ ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા વડોદરા જિલ્લાના કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બીલમાં કોઇ રાહત આપવામાં આવે છે, કેમ અને

જવાબ

(૧) હા, જી. નામ.ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા કૃષિ વિષયક વપરાશ અંગેના વીજ દરો નક્કી કરવામાં આવે છે પરંતુ, ખેડૂતોએ નામ. આયોગે નક્કી કરેલ દરો મુજબ નહીં પરંતુ, સરકારશ્રીએ નક્કી કરેલા રાહત દરો મુજબ જ વીજ બિલની ચુકવણી કરવાની રહે છે. વીજ દર અંગેની તફાવતની રકમ ખેડૂતો વતી રાજ્ય સરકાર વીજ કંપનીઓને ચૂકવે છે.

આ ઉપરાંત, વીજ ઉત્પાદન ખર્ચમાં ભાવ વધારાના કારણે વીજ કંપનીઓને થતા વધારાના ખર્ચને પહોંચી વળવા માટે વીજ ગ્રાહકો પાસેથી નામદાર ગુજરાત વીજ નિયમન આયોગની ફોર્મ્યુલા મુજબ ફ્યુઅલ સરચાર્જની વસુલાત પણ ખેડૂતોના કિસ્સામાં તેમની પાસેથી વસુલ ન કરીને, તે અંગેની રકમ પણ રાજ્ય સરકાર ખેડૂતો વતી વીજ કંપનીઓને ચૂકવે છે.

આ ઉપરાંત, તા.૦૯-૦૨-૨૦૧૫ ના ઠરાવથી સમગ્ર ખેતી વિષયક જોડાણોને ખેત ઉપજની સહાય માટે રાજ્ય સરકારશ્રી દ્વારા ખેડૂતોને વીજ વપરાશના બિલમાં નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ માટે તેમના વીજબીલની ૫૦% રકમ રાહત તરીકે આપવામાં આવેલ છે.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા વડોદરા જિલ્લાના ખેડૂતોને વીજ બીલમાં રાહત માટે કેટલી સબસીડી આપવામાં આવી ?

(૨) છેલ્લા બે નાણાંકીય વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા વડોદરા જિલ્લાના ખેડૂતોને વીજ બીલમાં આપવામાં આવેલ સબસીડીનું પત્રક આ સાથે સામેલ છે.

પત્રક

(રૂ.કરોડમાં)

| અ.નં. | વિગત | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ (ડિસેમ્બર ૨૦૧૫ સુધી) |
|---|---|---|---|
| ૧ | હોર્સ પાવર આધારિત વીજ દરો માટે સહાયકી | ૨૨.૩૨ | ૧૯.૦૯ |
| ૨ | જીઇઆરસી વીજ દરોમાં રાહત માટે સહાયકી | ૧૬.૨૩ | ૨૦.૯૫ |
| ૩ | બળતણ ખરીદી તથા વીજળી ખરીદી માટે સહાયકી | ૩૦.૧૨ | ૨૯.૫૧ |
| ૪ | ખેતીવાડી ગ્રાહકોને વીજ બીલમાં ૫૦%રાહત | ૧૧.૫૨ | - |
| | કુલ | ૮૦.૧૯ | ૬૯.૫૫ |

રાજકોટ ખાણ અને ખનીજ ખાતાનું ઇ રોયલ્ટી બંધ રહેતા થયેલ આર્થિક નુકશાન

* ૨૬૫૮૧ શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા) : માનનીય ખાણ-ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૧૮-૦૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ ખનીજ સંશોધન વર્તુળના કેટલા ભુસ્તરશાસ્ત્રીઓને કમિશ્નરશ્રી ગાંધીનગર ખાતે નિમણૂંક આપેલ છે,

જવાબ

(૧) એક પણ નહિ.

(૨) ઉક્ત સ્થિતિએ તેઓની ફરજો પ્રત્યે બેદરકારી અને નિષ્કાળજીના કારણે ખાણ-ખનીજ ખાતાનું ઇ-રોયલ્ટી સર્વર સળંગ સાત દિવસ સુધી ફેબ્રુઆરી-૨૦૧૬ ની શરૂઆતમાં બંધ રહેતા સરકારશ્રીને મોટું આર્થિક નુકશાન થયુ છે તે હકીકત સાચી છે,

(૨) ના, જી.

(૩) જો હા, તો આ અંગે કેટલી ફરિયાદો મળી અને તેમની નિમણુક તથા બેદરકારી ભરી નિષ્કાળજી દાખવવા તેઓ સામે શા શિક્ષાત્મક પગલા લીધા છે,

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ઇ–રોયલ્ટી સર્વર બંધ રહ્યુ તે સમયગાળા દરમિયાન શી વૈકલ્પીક વ્યવસ્થા ઉભી કરેલ હતી; અને

(૪) જરૂરીયાત મુજબ મેન્યુઅલ પાસબૂક આપવામાં આવેલ છે.

(૫) જો કોઇ વૈકલ્પીક વ્યવસ્થા ઉભી ન કરી હોય તો તેના માટે કોણ જવાબદાર છે ?

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### અમરેલી જિલ્લા પંચાયતની તાબાની કચેરીઓનું સંવર્ગવાર મહેકમ

* ૨૬૩૯૬ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–જાન્યુઆરી–૨૦૧૬ ની સ્થિતિએ અમરેલી જિલ્લા પંચાયતના તાબાની કચેરીઓમાં સંવર્ગવાર કુલ કેટલી જગ્યાઓનું મહેકમ મંજુર થયેલ છે,

(૧)

| ક્રમ | સંવર્ગ | મંજુર મહેકમ |
|---|---|---|
| ૧ | વર્ગ–૧ | ૧૬ |
| ૨ | વર્ગ–૨ | ૧૬૩ |
| ૩ | વર્ગ–૩ | ૨૧૧૩ |
| ૪ | વર્ગ–૪ | ૩૩૯ |
| | કુલ | ૨૬૩૧ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને સંવર્ગવાર કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૨)

| ક્રમ | સંવર્ગ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ | ખાલી જગ્યાઓનો સમયગાળો | | |
|---|---|---|---|---|---|---|
| | | | | ૧ વર્ષ સુધીની | ૧ થી ૩ વર્ષ સુધીની | ૩ વર્ષથી ઉપરની |
| ૧ | વર્ગ–૧ | ૧૨ | ૪ | ૧ | ૨ | ૧ |
| ૨ | વર્ગ–૨ | ૯૦ | ૭૩ | ૧૩ | ૨૭ | ૩૩ |
| ૩ | વર્ગ–૩ | ૧૪૩૪ | ૬૭૯ | ૧૮૩ | ૨૦૪ | ૨૯૨ |
| ૪ | વર્ગ–૪ | ૧૫૫ | ૧૮૪ | ૧૨ | ૬ | ૧૬૬ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારનું શું આયોજન છે ?

(૩) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ બનતી ત્વરાએ.

### જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખનીજ રોયલ્ટીની આવક

* ૨૬૩૫૭ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય ખાણ–ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાંથી જિલ્લાવાર ખનીજ રોયલ્ટીની કેટલી આવક થઇ ?

(રૂપિયા કરોડમાં)

| જિલ્લો | વર્ષ ૨૦૧૩ | વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૧૫ |
|---|---|---|---|
| જામનગર | ૭૦.૩૭ | ૧૭.૩૦ | ૧૬.૯૬ |
| દેવભૂમિ દ્વારકા | ૫.૦૭ | ૮૨.૬૮ | ૧૧૭.૧૦ |

### પ્રજા પાસેથી ઓનલાઇન કરવેરા સ્વીકારવા બાબત

* ૨૫૭૬૫ શ્રી રજનીકાંત પટેલ (અસારવા) : માનનીય નાણાં મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા તેના કરવેરા પ્રજા પાસેથી ઓનલાઇન સ્વીકારવામાં આવે છે કે કેમ, અને

(૧) હા, સાયબર ટ્રેઝરી મારફતે કરવેરા ઓનલાઇન સ્વીકારવાની સુવિધા છે.

(૨) જો હા, તો રાજ્ય સરકારના તમામ ભરણા

(૨) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ રાજ્ય

ઓનલાઇન સ્વીકારવા માટે તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ કેટલી બેંકોને અધિકૃત કરવામાં આવેલ છે ?

સરાકરના જુદા જુદા ભરણાં ઓનલાઇન સ્વીકારવા માટે કુલ ૨૧ બેંકોને અધિકૃત કરવામાં આવેલ છે.

રાજ્યમાં એલ.પી.જી. ગેસ પર વેટ/સેસ

* ૨૫૭૦૫ શ્રી કેતનભાઈ ઈનામદાર (સાવલી) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા એલ.પી.જી. ગેસ ઉપર કેટલા ટકા વેટ અને સેસ લેવામાં આવે છે, અને

(૧)

| વિગત | વેરાનો દર | સેસ |
|---|---|---|
| એલ.પી.જી. ગેસ (ઈન્ડસ્ટ્રીયલ) | ૧૨.૫૦% + ૨.૫૦% વધારોનો વેરો | - |
| એલ.પી.જી. ગેસ (ડોમેસ્ટીક) | ૪% + ૧% વધારાનો વેરો | - |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં વેટ અને સેસ દ્વારા કેટલી આવક થઇ ?

(૨) રકમ (રૂ.કરોડમાં)

| વિગત | ૧-૧-૨૦૧૫ થી ૩૧-૧૨-૨૦૧૫ |
|---|---|
| એલ.પી.જી. ગેસ (ઈન્ડસ્ટ્રીયલ) | ૩૯.૩૪ |
| એલ.પી.જી. ગેસ (ડોમેસ્ટીક) | ૧૪૫.૩૫ |

જામનગર, જોડિયા, ધ્રોલ અને કાલાવડ તાલુકામાં ગૌચર દબાણો

* ૨૬૬૦૭ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ જામનગર જિલ્લાના જામનગર, જોડિયા, ધ્રોલ અને કાલાવડ તાલુકામાં તાલુકાવાર કેટલા ગામોમાં ગૌચર દબાણો થયા છે,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ગૌચર દબાણ થયેલ ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | જામનગર | ૧ |
| ૨ | જોડિયા | ૩ |
| ૩ | ધ્રોલ | ૧ |
| ૪ | કાલાવડ | ૧ |
| | કુલ | ૬ |

(૨) તે દબાણો પૈકી ઉક્ત સ્થિતિએ ત્રણ વર્ષથી વધુ સમય ના કેટલા દબાણો છે,

(૨) કુલ-૨૦ દબાણો પૈકી ૩ (ત્રણ) વર્ષથી વધુ સમયના દબાણોની સંખ્યા-૧૭ (સત્તર) છે. જેમાં, જામનગર તાલુકામાં-૮, ધ્રોલ તાલુકાના-૨ તથા કાલાવડ તાલુકાના-૭ દબાણો છે.

(૩) ઉપરોક્ત દબાણો પૈકી જે કિસ્સામાં ગ્રામ પંચાયત દબાણ દુર કરવામાં નિષ્ફળ ગઇ હોય તેવા કેટલા કિસ્સામાં તાલુકા વિકાસ અધિકારી ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ-૧૦૫(૭) અન્વયે દબાણ દુર કરવા કાર્યવાહી કરવામાં નિષ્ફળ ગયા છે અને તેની સામે શાં પગલા લીધા છે, અને

(૩) ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ ની કલમ-૧૦૫(૭) અન્વયે ગ્રામ પંચાયતને દબાણ દૂર કરવા મુશ્કેલ લાગે છે તે બાબતના કોઇ ઠરાવથી ગ્રામ પંચાયતે તાલુકા વિકાસ અધિકારીશ્રીને દરખાસ્ત કરેલ ન હોઇ તાલુકા વિકાસ અધિકારીશ્રી સામે પગલાં લેવાનો પ્રશ્ન નથી.

(૪) ઉક્ત તમામ દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવનાર છે ?

(૪) દબાણ સંદર્ભે જામનગર તાલુકાના વેરતીયા ગામે થયેલ નામ. કોર્ટ કેસના આદેશ થયા બાદ, ધ્રોલ તાલુકાના બીજલકા ગામે ગૌચર જગ્યાની ડી.આઇ.એલ.આર. મારફતે માપણી થયા બાદ દબાણ નક્કી થયેથી, તેમજ કાલાવડ તથા જોડીયા તાલુકામાં ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઇ અનુસાર બનતી ત્વરાએ દબાણ દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

રાજ્યમાં ઘરવપરાશના વિજળી ઉપર વિજ શુલ્ક વસુલ કરવા બાબત

* ૨૬૬૩૮ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યમાં ઘર વપરાશના વીજળી ઉપર સરકાર દ્વારા કેટલા ટકા વિજ શુલ્ક વસુલ કરવામાં આવે છે, અને

(૧) તા.૩૧-૦૧-૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યમાં ઘર વપરાશના વીજળી ઉપર સરકાર દ્વારા વીજ વપરાશની રકમ પર ગ્રામ્ય વિસ્તારમાં ૭.૫% અને શહેરી વિસ્તારમાં ૧૫% લેખે વીજ શુલ્ક વસુલ કરવામાં આવે છે.

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વિજ શુલ્ક પેટે સરકારે કેટલી આવક થઇ ?

(૨) રાજ્ય સરકારને છેલ્લા બે નાણાકીય વર્ષમાં ઘર વપરાશના વીજ શુલ્ક પેટે વર્ષવાર નીચે મુજબની આવક મળેલ છે.

(રૂ.કરોડમાં)

| વર્ષ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ |
|---|---|---|
| ઘરવપરાશ | ૭૩૫.૭૪ | ૮૮૬.૩૧ |

ભાવનગર જિલ્લામાં પ્રવાસન સ્થળો

* ૨૫૬૯૮ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા પ્રવાસન સ્થળો વિકસાવવામાં આવેલ છે,

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નીચેના પ્રવાસન સ્થળોનો વિકાસ કરવામાં આવેલ છે.

૧. ભાવનગર ખાતે પ્રવાસીઓની રહેવાની સુવિધા માટે વન વિભાગ દ્વારા હાથબ બંગલાની કામગીરી.

૨. તળાજા તાલુકાના ગોપનાથ મહાદેવના મંદિરના વિકાસની કામગીરી.

૩. પાલિતાણા ખાતે ગુજરાત પ્રવાસન નિગમ હસ્તકની હોટેલ સુમેરૂના રીનોવેશનની કામગીરી.

જ્યારે નીચેના સ્થળો વિકસાવવાનું આયોજન છે.

૧. ગોપનાથ બીચના વિકાસની કામગીરીનું આયોજન.

૨. વેળાવદર ખાતે રાષ્ટ્રીય કાળીયાર ઉધાન વિકસાવવાનું આયોજન.

(૨) તે અન્વયે કેટલી નાણાકીય જોગવાઇ રાખવામાં આવેલ છે, અને

(૨) તે અન્વયે નીચે મુજબની નાણાકીય જોગવાઇ રાખવામાં આવેલ છે.

| સ્થળનું નામ | નાણાંકીય જોગવાઇ (રૂપિયા કરોડમાં) |
|---|---|
| હાથબ બંગલાની કામગીરી | ૦.૨૩ |
| ગોપનાથ બીચનો વિકાસ | ૩.૦૦ |
| તળાજા ખાતે ગોપનાથ મહાદેવના મંદિરની કામગીરી | ૨.૧૪ |
| વેળાવદર ખાતે રાષ્ટ્રીય કાળીયાર ઉધાન | ૧.૨૫ |
| પાલિતાણા ખાતે ગુજરાત પ્રવાસન નિગમ લિ. ની હોટેલ સુમેરૂના રીનોવેશનની કામગીરી | ૩.૧૨ |
| કુલ | ૯.૭૪ |

(૩) તે પૈકી કેટલો ખર્ચ થયેલ છે ?

(૩) તે પૈકી નીચે મુજબનો ખર્ચ થયેલ છે.

| સ્થળનું નામ | થયેલ ખર્ચ (રૂપિયા કરોડમાં) |
|---|---|
| હાથબ બંગલાની કામગીરી | ૦.૨૩ |
| ગોપનાથ બીચનો વિકાસ | ૦.૦૦ |
| તળાજા ખાતે ગોપનાથ મહાદેવના મંદિરની કામગીરી | ૧.૩૫ |

| | |
|---|---|
| વેળાવદર ખાતે રાષ્ટ્રીય કાળીયાર ઉદ્યાન | ૦.૦૦ |
| પાલિતાણા ખાતે ગુજરાત પ્રવાસન નિગમ લિ. ની હોટેલ સુમેરૂના રીનોવેશનની કામગીરી | ૩.૧૨ |
| કુલ | ૪.૭૦ |

ગાંધીનગર જિલ્લામાં લીઝ મેળવ્યા સિવાય ખનીજ ખોદકામ

* ૨૬૫૧૯ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય ખાણ–ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં લીઝ મેળવ્યા સિવાય બિન પરવાનગી ખનીજ ખોદકામ કરતાં કેટલા ઇસમો સામે સરકારે શું પગલાં ભર્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર પકડાયેલા ઇસમો પાસેથી દંડ પેટે કેટલી રકમ વસુલ કરવામાં આવી ?

જવાબ

(૧) અને (૨)

| સમયગાળો | કરેલ કાર્યવાહી |
|---|---|
| તા.૧–૨–૧૪ થી તા.૩૧–૧–૧૫ | ૧૪ ઇસમો પાસેથી રૂ.૩૨.૯૧ લાખની વસુલાત કરવામાં આવી. |
| તા.૧–૨–૧૫ થી તા.૩૧–૧–૧૬ | ૨૦ ઇસમો પાસેથી રૂ.૫૫.૯૨ લાખની વસુલાત કરવામાં આવી તથા ૨૪ ઇસમો વિરુધ્ધ પોલીસ ફરિયાદ કરવામાં આવી. |

સોલાર પાવર પોલીસી અન્વયે ખાનગી ઉત્પાદકો પાસેથી વીજળી ખરીદવા બાબત

* ૨૬૩૩૮ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

બીન પરંપરાગત ઉર્જા અંગેની ૨૦૦૯ની સોલાર પાવર પોલીસી અન્વયે તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખાનગી ઉત્પાદકો પાસેથી કેટલા યુનીટ વીજળી કયા ભાવે ખરીદવામાં આવી?

જવાબ

બીન પરંપરાગત ઉર્જા અંગેની ૨૦૦૯ની સોલાર પાવર પોલીસી અન્વયે તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખાનગી ઉત્પાદકો પાસેથી ખરીદવામાં આવેલ વીજળીની વિગત નીચે મુજબ છે.

| વિગત | દર (રૂ. પ્રતિ યુનિટ) | ૨૦૧૪ (મી.યુ.) | ૨૦૧૫ (મી.યુ.) |
|---|---|---|---|
| તા. ૨૮–૧–૨૦૧૨ સુધી કાર્યરત થયા તેવા પ્રોજેક્ટ | ૧૫ | ૯૩૨ | ૯૩૧ |
| તા. ૨૯–૧–૨૦૧૨ થી તા. ૩૧–૩–૨૦૧૩ સુધી કાર્યરત થયા તેવા પ્રોજેક્ટ | ૯.૯૮ | ૪૦૬ | ૩૯૬ |
| તા. ૧–૪–૨૦૧૩ પછી કાર્યરત થયા તેવા પ્રોજેક્ટ | ૯.૧૩ | ૭ | ૫ |
| કુલઃ– | | ૧૩૪૫ | ૧૩૩૨ |

જુનાગઢ જિલ્લામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વાયર બદલવાની કામગીરી

* ૨૫૭૨૮ શ્રી બાવનજીભાઈ મેતલીયા (ટંકારા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વીજ પુરવઠામાં થતાં વિક્ષેપ નિવારવા જર્જરિત વાયર બદલવાની કામગીરી હેઠળ જુનાગઢ જિલ્લામાં કેટલો વાયર બદલવામાં આવ્યો, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧) અને (૨)

વીજ પુરવઠામાં થતા વિક્ષેપ નિવારવા ''સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના'' અંતર્ગત જુનાગઢ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ. ૨૧૧.૫૪ લાખનાં ખર્ચે કુલ ૬૧૦ કી.મી. જર્જરિત વીજ વાયર બદલવામાં આવ્યા.

જિલ્લાઓમાં અલગ પેન્શન ચુકવણી કચેરી

## અતારાંકિત પ્રશ્નોત્તરી

* ૨૫૭૦૪ શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કયા જિલ્લાઓમાં અલગ પેન્શન ચુકવણા કચેરી શરૂ કરવામાં આવેલ છે?

જવાબ

નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં વડોદરા જિલ્લા ખાતે તા. ૧–૨–૨૦૧૫ થી અલગ પેન્શન ચુકવણા કચેરી શરૂ કરવામાં આવેલ છે. જયારે નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં અલગ પેન્શન ચુકવણા કચેરી શરૂ કરવામાં આવેલ નથી.

### અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ખનીજચોરીની ફરિયાદો

* ૨૬૬૩૦ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય ખાણ–ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ખનિજ ચોરી માટે કેટલી ફરીયાદો મળી,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ફરિયાદો સામે તાલુકાવાર શા પગલા લેવામાં આવ્યા, અને

(૩) તે અન્વયે કેટલા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી?

જવાબ

(૧) અને (૨)

રાજ્ય સરકાર ખાણ–ખનિજની ચોરી અટકાવવા કટિબદ્ધ છે અને તે માટે સમયાંતરે જયારે આ અંગે રજુઆત મળે ત્યારે સક્રિયતાથી કાર્યવાહી કરવામાં આવે છે અને તાલુકાવાર ખનિજ ચોરીની મળેલ ફરિયાદો અને લેવામાં આવેલ પગલાં સંબંધી માહિતી 'પત્રક' મુજબ છે.

(૩) ૪૧ ઈસમો પાસેથી રૂ઼ા. ૨૭.૦૪ લાખ વસૂલેલ છે. ૩ ઈસમોને રૂ઼ા. ૪૦.૫૭ લાખ ભરપાઈ કરવા નોટીસ આપેલ છે અને ૦૩ ઈસમોને રૂ઼ા.૧૨.૦૬ લાખ ભરપાઈ કરવા હુકમ કરેલ છે.

'પત્રક'

જિલ્લો અરવલ્લી

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ ફરીયાદની સંખ્યા | ફરીયાદ અન્વયે લીધેલ પગલાં |
|---|---|---|---|
| ૧ | ભીલોડા | ૦૨ | ૦૨ ફરીયાદ અન્વયે સ્થળ તપાસ કરતાં ખનિજચોરી થયેલ નથી. |
| ૨ | મોડાસા | ૧૭ | ૦૯ ફરીયાદ અન્વયે સ્થળ તપાસ કરતાં ખનિજચોરી થયેલ નથી.<br>૦૧ ફરીયાદમાં ૦૧ ઈસમ પાસેથી રૂ઼ા. ૧.૪૨ લાખ વસૂલેલ છે.<br>૦૫ ફરિયાદોમાં ૦૩ ઈસમોને રૂ઼ા. ૧૨.૦૬ લાખ ભરપાઈ કરવા હુકમ કરેલ છે, તથા ૦૧ ઈસમને રૂ઼ા. ૩૨.૭૭ લાખ ભરપાઈ કરવા નોટીસ આપેલ છે.<br>૦૧ ફરીયાદમાં સ્થળ તપાસ કરેલ છે જેની કાર્યવાહી ચાલુ છે,<br>જયારે ૦૧ ફરીયાદની તપાસ બાકી છે. |
| ૩ | માલપુર | ૦૨ | ૦૧ ફરીયાદમાં ૦૧ ઈસમને રૂ઼ા. ૧.૪૨ લાખ ભરવા નોટીસ આપેલ છે.<br>જયારે ૦૧ ફરીયાદની તપાસ બાકી છે. |
| ૪ | ધનસુરા | ૦૩ | ૦૨ ફરીયાદ અન્વયે સ્થળ તપાસ કરતાં ખનિજચોરી થયેલ નથી.<br>જયારે ૦૧ ફરીયાદમાં ૦૧ ઈસમ પાસેથી રૂ઼ા. ૦.૧૦ લાખ વસૂલેલ છે. |
| ૫ | બાયડ | ૦૧ | તપાસ બાકી છે. |

જિલ્લો સાબરકાંઠા

| અ.નં. | તાલુકાનું નામ | ફરીયાદની સંખ્યા | ફરીયાદ અન્વયે લીધેલ પગલાં |
|---|---|---|---|
| ૧ | ખેડબ્રહ્મા | ૦૬ | ૦૧ ફરીયાદ અન્વયે સ્થળ તપાસ કરતાં ખનિજચોરી થયેલ નથી.<br>૦૫ ફરિયાદોમાં ૧૨ ઈસમો પાસેથી રૂ઼ા. ૪.૯૧ લાખની વસુલાત કરેલ છે. |
| ૨ | વિજયનગર | ૦૧ | ફરીયાદ અન્વયે સ્થળ તપાસ કરતાં ખનિજચોરી થયેલ નથી. |
| ૩ | ઈડર | ૦૭ | ૦૪ ફરિયાદમાં ૧૪ ઈસમો પાસેથી રૂ઼ા. ૧.૯૪ લાખની વસુલાત કરેલ છે.<br>જયારે ૩ ફરિયાદોમાં સ્થળ તપાસ કરતાં ખનિજચોરી થયેલ નથી. |
| ૪ | હિંમતનગર | ૨૪ | ૧૪ ફરીયાદ અન્વયે સ્થળ તપાસ કરતાં ખનિજચોરી થયેલ નથી.<br>૦૮ ફરિયાદમાં ૧૦ ઈસમો પાસેથી રૂ઼ા. ૧૬.૭૮ લાખની વસુલાત કરેલ છે,<br>જયારે ૦૨ ફરીયાદની તપાસ ચાલુ છે. |
| ૫ | પ્રાંતિજ | ૦૬ | ૦૩ ફરીયાદ અન્વયે સ્થળ તપાસ કરતાં ખનિજચોરી થયેલ નથી. |

| અ.નં. | તાલુકાનું નામ | ફરીયાદની સંખ્યા | ફરીયાદ અન્વયે લીધેલ પગલાં |
|---|---|---|---|
| | | | ૦૩ ફરિયાદમાં ૦૩ઈસમો પાસેથી રૂા. ૧,૮૯,૭૨૦/- વસુલાત કરેલ છે. |
| ૬ | તલોદ | ૦૩ | ૨ ફરીયાદ અન્વયે સ્થળ તપાસ કરતાં ખનિજચોરી થયેલ નથી. જયારે ૧ ફરિયાદ અન્વયે ૧ ઇસમને રૂા. ૬.૩૮ લાખ ભરપાઈ કરવાની નોટીસ આપેલ છે. |

રાજ્યમાં એરસ્ટ્રીપ બનાવવાનું આયોજન

* ૨૫૭૫૦ શ્રી જીતેન્દ્રભાઈ વાઘાણી (ભાવનગર પશ્ચિમ) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ગુજરાત સરકારશ્રી દ્વારા રાજ્યમાં કેટલી અને કઈ જગ્યાએ એરસ્ટ્રીપ બનાવવાનું આયોજન છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ પ્રથમ તબક્કે કઈ જગ્યા માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે ?

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ગુજરાત સરકારશ્રી દ્વારા રાજ્યમાં અંકલેશ્વર, પાલિતાણા, મોરબી, દ્વારકા, દહેજ, અંબાજી, ધોળાવીરા અને રાજકોટ એમ કુલ આઠ જગ્યાએ એરસ્ટ્રીપ બનાવવાનું આયોજન છે.

(૨) ઉક્ત સ્થિતિએ પ્રથમ તબક્કે અંકલેશ્વર માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

ભાવનગર જિલ્લામાં ડોર ટુ ડોર કલેક્શન યોજના

* ૨૫૭૧૨ ડૉ. ટી.ડી. માણીયા (બોટાદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત ડોર ટુ ડોર કલેક્શન યોજના કયા વર્ષથી અમલમાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લાના ૨,૦૦૧ થી ૫,૦૦૦ સુધીની વસ્તી ધરાવતાં કેટલા ગામોને આ ગ્રાન્ટ આ યોજના અંતર્ગત આપવામાં આવી?

જવાબ

(૧) વર્ષઃ ૨૦૧૪-૧૫ થી અમલમાં આવેલ છે.

(૨)

| ક્રમ | વર્ષ | ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૫ | ૧૭૪ |

દાહોદ જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત વ્યક્તિગત શૌચાલય

* ૨૫૭૬૦ શ્રી વિંછીયાભાઈ ભુરીયા (લીમખેડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત કેટલા બી.પી.એલ. માટે વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત કુલ ૨૬૪૫૬ બી.પી.એલ. માટે વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા,

(૨) તેની પાછળ કુલ રૂા. ૨૦૭૦.૨૬ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઈન્દિરા આવાસ બાંધવાનું નક્કી કરવા બાબત

* ૨૫૭૮૧ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ગતિશીલ ગુજરાત ફેઝ-૩માં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કેટલા ઈન્દિરા આવાસ બાંધવાનું આયોજન કરવામાં આવ્યું હતું, અને

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલા ઈન્દિરા આવાસોનાં બાંધકામ પુર્ણ કરવામાં આવ્યા?

જવાબ

(૧) ગતિશીલ ગુજરાત ફેઝ-૩માં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૨૫૦ ઈન્દિરા આવાસ બાંધવાનું આયોજન કરવામાં આવ્યું હતું.

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ સ્પીલઓવર સાથે ૨૫૩ ઈન્દિરા આવાસોના બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યા.

ભાવનગર જિલ્લામાં કૃષિ વિષયક વીજ બીલમાં રાહત આપવા બાબત

* ૨૫૭૩૦ શ્રી શિવાભાઈ ગોહિલ (તળાજા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ભાવનગર જિલ્લાના કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બીલમાં કોઈ રાહત આપવામાં આવે છે, કે કેમ, અને

જવાબ

(૧) હા જી, નામ. ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા કૃષિ વિષયક વપરાશ અંગેના વીજ દરો નક્કી કરવામાં આવે છે પરંતુ, ખેડૂતોએ નામ. આયોગે નક્કી કરેલ દરો મુજબ નહીં પરંતુ, સરકારશ્રીએ નક્કી કરેલા રાહત દરો મુજબ જ વીજ બિલની ચુકવણી કરવાની રહે છે. વીજ દર અંગેની તફાવતની

રકમ ખેડૂતો વતી રાજ્ય સરકાર વીજ કંપનીઓને ચૂકવે છે.

આ ઉપરાંત, વીજ ઉત્પાદન ખર્ચમાં ભાવ વધારાના કારણે વીજ કંપનીઓને થતા વધારાના ખર્ચને પહોંચી વળવા માટે વીજ ગ્રાહકો પાસેથી નામદાર ગુજરાત વીજ નિયમન આયોગની ફોર્મ્યુલા મુજબ ફ્યુઅલ સરચાર્જની વસુલાત પણ ખેડુતોના કિસ્સામાં તેમની પાસેથી વસુલ ન કરીને, તે અંગેની રકમ પણ રાજ્ય સરકાર ખેડૂતો વતી વીજ કંપનીઓને ચૂકવે છે.

આ ઉપરાંત તા. ૦૯–૦૨–૨૦૧૫ના ઠરાવથી સમગ્ર ખેતી વિષયક જોડાણોને ખેત ઉપજની સહાય માટે રાજ્ય સરકારશ્રી દ્વારા ખેડૂતોને વીજ વપરાશના બિલમાં નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ માટે તેમના વીજબીલની ૫૦ ટકા રકમ રાહત તરીકે આપવામાં આવેલ છે.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ભાવનગર જિલ્લાના ખેડૂતોને વીજ બીલમાં રાહત માટે કેટલી સબસીડી આપવામાં આવી?

(૨) છેલ્લા બે નાણાંકીય વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા ભાવનગર જિલ્લાના ખેડૂતોને વીજ બીલમાં આપવામાં આવેલ સબસીડીનું પત્રક આ સાથે સામેલ છે.

પત્રક (રૂ. કરોડમાં)

| અ.નં. | વિગત | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ (ડિસેમ્બર ૨૦૧૫ સુધી) |
|---|---|---|---|
| ૧ | હોર્સ પાવર આધારિત વીજ દરો માટે સહાયકી. | ૨૯.૨૯ | ૨૩.૦૧ |
| ૨ | જીઇઆરસી વીજ દરમાં રાહત માટે સહાયકી. | ૨૯.૯૯ | ૨૫.૨૪ |
| ૩ | બળતણ ખરીદી તથા વીજળી ખરીદી માટે સહાયકી. | ૩૯.૬૯ | ૩૫.૫૬ |
| ૪ | ખેતીવાડી ગ્રાહકોને વીજ બીલમાં ૫૦ % રાહત | ૧૫.૩૫ | – |
| | કુલઃ– | ૧૧૪.૩૨ | ૮૩.૮૧ |

## રાજ્યમાં એરસ્ટ્રીપ બનાવવાનું આયોજન

* ૨૫૭૪૯ શ્રી રાકેશ શાહ (એલીસબ્રીજ) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં કેટલી અને કઈ જગ્યાએ એરસ્ટ્રીપ બનાવવાનું આયોજન છે, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ગુજરાત સરકારશ્રી દ્વારા રાજ્યમાં અંકલેશ્વર, પાલિતાણા, મોરબી, દ્વારકા, દહેજ, અંબાજી, ધોળાવીરા અને રાજકોટ એમ કુલ આઠ જગ્યાએ એરસ્ટ્રીપ બનાવવાનું આયોજન છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ પ્રથમ તબક્કે કઈ જગ્યા માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે? | (૨) ઉક્ત સ્થિતિએ પ્રથમ તબક્કે અંકલેશ્વર માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. |

## અમદાવાદ જિલ્લામાં ખનીજોની ચોરીના નોંધાયેલ કિસ્સાઓ

* ૨૫૬૪૭ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય ખાણ–ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં માટી, રેતી, કપચી, લિગ્નાઇટ, પથ્થર, બોક્સાઇટની ચોરી થઈ રહી છે તે હકીકતથી સરકાર વાકેફ છે, | (૧) રાજ્ય સરકાર ખાણ–ખનિજની ચોરી અટકાવવા કટિબધ્ધ છે. તે માટે સમયાંતરે તેમજ જ્યારે આ અંગે રજૂઆત મળે ત્યારે સક્રિયતાથી કાર્યવાહી કરવામાં આવે છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કિસ્સાઓ નોંધાયા, અને | (૨) ૪૩૯. |
| (૩) તે અન્વયે ગેરકાયદેસર ખનન કરતા કેટલા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી અને ઉક્ત જિલ્લામાં ગેરકાયદેસર ખનન અટકે તે માટે શું આયોજન કરવામાં આવ્યું? | (૩) ૩૫ ઈસમો પાસેથી રૂ.૭૧.૮૯ લાખની વસૂલાત કરવામાં આવેલ છે અને એક ઈસમ પાસેથી રૂ.૧૮.૨૭ લાખ વસૂલવા હુકમ કરવામાં આવેલ છે તથા ૧૫ ઈસમો વિરૂધ્ધ ખનીજચોરી બદલ પોલીસ ફરીયાદ કરવામાં આવેલ છે.<br>ગેરકાયદેસર ખનન અટકે તે માટે જિલ્લા કચેરી દ્વારા લીઝ નિરીક્ષણ તેમજ આકસ્મિક ચેકીંગ હાથ ધરી ખનીજ ખાણકામ/વહન/સંગ્રહની ચકાસણી કરી અનઅધિકૃતતા |

જણાતાં કસુરદારો સામે કાર્યવાહી કરવામાં આવે છે તથા ફલાઇંગ સ્કવોડ દ્વારા આકસ્મિક ચેકીંગ કરવામાં આવે છે; ઉપરાંત જિલ્લા કક્ષાએ ટાસ્કફોર્સ તેમજ ગ્રીવન્સ રીડ્રેસલ કમિટિ રચવામાં આવેલ છે.

આણંદ જિલ્લામાં કૃષિ વિષયક વીજ બીલમાં રાહત આપવા બાબત

* ૨૫૭૪૨ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા આણંદ જિલ્લાના કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બીલમાં કોઈ રાહત આપવામાં આવે છે, કેમ અને

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા આણંદ જિલ્લાના ખેડૂતોને વીજ બીલમાં રાહત માટે કેટલી સબસીડી આપવામાં આવી ?

જવાબ

(૧) હા, જી. નામ.ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા કૃષિ વિષયક વપરાશ અંગેના વીજ દરો નક્કી કરવામાં આવે છે પરંતુ, ખેડૂતોએ નામ. આયોગ નક્કી કરેલ દરો મુજબ નહીં પરંતુ સરકારીશ્રીએ નક્કી કરેલ રાહત દરો મુજબ જ વીજ બિલની ચૂકવણી કરવાની રહે છે. વીજ દર અંગેની તફાવતની રકમ ખેડૂતો વતી રાજ્ય સરકાર વીજ કંપનીઓને ચૂકવે છે.

આ ઉપરાંત, વીજ ઉત્પાદન ખર્ચમાં ભાવ વધારાના કારણે વીજ કંપનીઓને થતા વધારાના ખર્ચને પહોંચી વળવા માટે વીજ ગ્રાહકો પાસેથી નામદાર ગુજરાત વીજ નિયમન આયોગની ફોર્મ્યુલા મુજબ ફ્યુઅલ સરચાર્જની વસુલાત પણ ખેડૂતોના કિસ્સામાં તેમની પાસેથી વસુલ ન કરીને, તે અંગેની રકમ પણ રાજ્ય સરકાર ખેડૂતો વતી વીજ કંપનીઓને ચૂકવે છે.

આ ઉપરાંત, તા.૯–૨–૨૦૧૫ના ઠરાવથી સમગ્ર ખેતી વિષયક જોડાણોને ખેત ઉપજની સહાય માટે રાજ્ય સરકારશ્રી દ્વારા ખેડૂતોને વીજ વપરાશના બિલમાં નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ માટે તેમના વીજબીલની ૫૦ ટકા રકમ રાહત તરીકે આપવામાં આવેલ છે.

(૨) છેલ્લા બે નાણાંકીય વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા આણંદ જિલ્લાના ખેડૂતોને વીજ બીલમાં આપવામાં આવેલ સબસીડીનું પત્રક આ સાથે સામેલ છે.

પ ત્ર ક

(રૂ.કરોડમાં)

| અ. નં. | વિગત | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ (ડિસેમ્બર–૨૦૧૫ સુધી) |
|---|---|---|---|
| ૧ | હોર્સ પાવર આધારિત વીજ દરો માટે સહાયકી | ૧૫.૩૭ | ૧૩.૨૯ |
| ૨ | જીઇઆરસી વીજ દરમાં રાહત માટે સહાયકી | ૧૧.૧૭ | ૧૪.૫૭ |
| ૩ | બળતણ ખરીદી તથા વીજળી ખરીદી માટે સહાયકી | ૨૦.૭૩ | ૨૦.૫૫ |
| ૪ | ખેતીવાડી ગ્રાહકોને વીજ બીલમાં ૫૦ ટકા રાહત | ૮.૫૩ | – |
| | કુલ | ૫૫.૮૦ | ૪૮.૪૧ |

પંચમહાલ જિલ્લામાં વ્યકિતગત શૌચાલય બાંધકામ માટે વહીવટી મંજૂરી

* ૨૫૭૧૩ શ્રીમતી નિમિષાબેન સુથાર (મોરવાહડફ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ

કેટલા વ્યકિતગત શૌચાલય બાંધકામ માટે વહીવટી મંજૂરી આપવામાં આવી, અને

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલા શૌચાલયનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે ?

કુલ ૧૧૨૫૭૭ વ્યકિતગત શૌચાલય બાંધકામ માટે વહીવટી મંજૂરી આપવામાં આવી.

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કુલ ૨૯૨૩૨ શૌચાલયનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે.

## રાજ્ય સરકારે સાધનો પાય પેશગી પર ચૂકવેલ વ્યાજ

* ૨૫૭૬૮ શ્રી અરવિંદકુમાર પટેલ (સાબરમતી) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

નાણાંકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં રાજ્ય સરકારે સાધનો પાય પેશગી અને ઓવરડ્રાફટ સામે વર્ષવાર કેટલી રકમનું વ્યાજ ચૂકવેલ છે ?

જવાબ

નાણાંકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં રાજ્ય સરકારે કોઈ સાધનો પાય પેશગી અને ઓવરડ્રાફટ લીધેલ ન હોઈ વ્યાજ ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## મહેસાણા જિલ્લામાં ફીડરોનું વિભાજન

* ૨૫૭૪૦ શ્રી ઋષિકેશ પટેલ (વિસનગર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુકત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) : વીજ ગ્રાહકોને ગુણવત્તાયુકત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળી રહે તે માટે મહેસાણા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ.૨૬૮.૫૧ લાખનાં ખર્ચે ૪૧ ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું.

## પાલનપુર શહેરમાં ઓનલાઈન સી.એન.જી. સ્ટેશનની સ્થાપના

* ૨૬૬૦૯ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : તા.૨૦–૩–૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૯૨૩૪ (અગ્રતા–૧૦૧) ના અનુસંધાને માનનીય પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) પાલનપુર શહેરમાં ઓનલાઈન સી.એન.જી. સ્ટેશનની સ્થાપના કરવા સ્પર્ધાત્મક બિડીંગની પ્રક્રિયા તા.૨૩–૨–૨૦૧૫ના શરૂ કરવામાં આવી હતી તે પ્રક્રિયા તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ પૂર્ણ થઈ છે કે કેમ, અને

જવાબ

(૧) પાલનપુર શહેરમાં ઓનલાઈન સી.એન.જી. સ્ટેશનની સ્થાપના કરવા માટે સ્પર્ધાત્મક બિડીંગની પ્રક્રિયા તા.૨૩–૨–૨૦૧૫માં શરૂ કરવામાં આવી હતી તે પ્રક્રિયાની સ્થિતિ નીચે મુજબ છે.

(૧) પેટ્રોલીયમ અને નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ (પી.એન.જી.આર.બી.) દ્વારા બિડીંગ રાઉન્ડ નં.૫ અંતર્ગત બનાસકાંઠા વિસ્તાર (પાલનપુર) માટે સ્પર્ધાત્મક બિડીંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. બનાસકાંઠા જિલ્લા માટે ફકત એક જ સી.જી.ડી. કંપની (ગુજરાત ગેસ લી.) દ્વારા બિડ જમા કરાવવામાં આવી હતી તે કારણોસર પેટ્રોલીયમ અને નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ (પી.એન.જી.આર.બી.) દ્વારા બનાસકાંઠા જિલ્લા માટેનો આ બિડીંગ રાઉન્ડ રદ કર્યો હતો.

(૨) ત્યારબાદ પેટ્રોલીયમ અને નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ (પી.એન.જી.આર.બી.) દ્વારા ૧–૧૦–૨૦૧૫ ની જાહેરાત મુજબ બિડીંગ રાઉન્ડ નં.૬ અંતર્ગત બનાસકાંઠા જિલ્લા માટે પુનઃ સ્પર્ધાત્મક બિડીંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે.

(૩) બિડ જમા કરાવવાની તા.૧૫–૧–૨૦૧૬ હતી અને તે મુજબ બનાસકાંઠા વિસ્તાર (પાલનપુર) માટે કુલ ૩ સી.જી.ડી. કંપનીઓ દ્વારા બિડ જમા કરાવવામાં આવી છે.

ઉપર જણાવ્યા મુજબ તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ પેટ્રોલીયમ અને નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ (પી.એન.જી.આર.બી.) દ્વારા બિડીંગ રાઉન્ડ નં.૬ અંતર્ગત બનાસકાંઠા વિસ્તાર (પાલનપુર) માટે પુનઃ સ્પર્ધાત્મક બિડીંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે અને હાલમાં પેટ્રોલીયમ અને નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ

(પી.એન.જી.આર.બી.) દ્વારા મળેલા બિડનું ચોક્કસ માપદંડોના આધારે મુલ્યાંકન પ્રક્રિયા ચાલી રહી છે.

અંદાજીત મે-૨૦૧૬ માં પેટ્રોલીયમ અને નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ (પી.એન.જી.આર.બી.) દ્વારા બનાસકાંઠા વિસ્તાર (પાલનપુર) માટે થયેલા બિડીંગનું મુલ્યાંકન પૂર્ણ કરી તેનું પરીણામ જાહેર થવાની સંભાવના છે.

(૨) જો હા, તો ક્યા સફળ બીડર દ્વારા ગેસ વિતરણ નેટવર્કની સ્થાપના કરવામાં આવનાર છે ?

(૨) બનાસકાંઠા વિસ્તાર (પાલનપુર) માટે કુલ-૩ સી.જી.ડી. કંપનીઓ દ્વારા બિડ જમા કરાવવામાં આવ્યું છે. હાલમાં પેટ્રોલીયમ અને નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ (પી.એન.જી.આર.બી.) દ્વારા મળેલા બિડનું ચોક્કસ માપ દંડોના આધારે મુલ્યાંકન પ્રક્રિયા ચાલી રહી છે.

પેટ્રોલીયમ અને નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ (પી.એન.જી.આર.બી.) ની બિડીંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જે તે સફળબિડર (સીજીડી) કંપનીને ઉપરોકત વિસ્તાર ફાળવવામાં આવશે તે સીજીડી કંપની દ્વારા ઉપરોકત વિસ્તારમાં શહેરી ગેસ વિતરણ નેટવર્ક (પી.એન.જી./ સી.એન.જી.) સ્થાપવાની જરૂરી કામગીરી હાથ ધરી શકાય.

## રાજ્યમાં સાધનો પાય પેશગીની લીધેલ રકમ

* ૨૫૭૭૦ શ્રી વલ્લભભાઈ કાંકડીયા (ઠક્કરબાપાનગર) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજય સરકારે તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલીવાર અને કેટલી રકમની સાધનો પાય પેશગી લીધેલ છે ?

**જવાબ**

રાજ્ય સરકારે તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ સાધનો પાય પેશગી લીધેલ નથી.

## આણંદ જિલ્લામાં લોક અદાલતોનું આયોજન

* ૨૫૭૩૯ શ્રી રોહિતભાઈ પટેલ (આણંદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી,

(૨) કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) કેટલી વસુલાત કરવામાં આવી ?

**જવાબ**

(૧) અને (૨) : રાજ્યનાં વીજ ગ્રાહકો પાસેથી લ્હેણાં નીકળતા નાણાંની વસુલાતનો વિવાદથી નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે આણંદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૫૪ લોક અદાલતો યોજી કુલ ૧૨૭૭ કેસોમાં સમાધાન કરવામાં આવ્યું.

(૩) આ કેસોમાં વસુલવાની થતી કુલ રૂ.૪૨.૬૭ લાખની રકમ પૈકી રૂ.૨૫.૩૬ લાખની સ્થળ પર વસુલાત કરવામાં આવી અને રૂ.૧૭.૩૧ લાખ નિયમાનુસાર હપ્તાથી વસુલ કરવામાં આવી રહેલ છે.

## અમરેલી જિલ્લામાં સોલાર પંપ ફાળવવા બાબત

* ૨૫૭૨૨ શ્રી હિરાભાઈ સોલંકી (રાજુલા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં કેટલા ખેડૂતોને કૃષિ વીજ જોડાણ માટે સોલાર પંપ ફાળવવામાં આવેલ છે ?

**જવાબ**

તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં ૨૮૯ ખેડૂતોને કૃષિ વીજ જોડાણ માટે સોલાર પંપ સેટ ફાળવવામાં આવેલ છે.

## જૂનાગઢ જિલ્લામાં ફ્લાઈંગ સ્કવોડ દ્વારા દરોડાપાડી ખાણો લીઝોનું ચેકીંગ

* ૨૫૬૫૫ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય ખાણ-ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ફ્લાઈંગ સ્કવોડ, ગાંધીનગર દ્વારા ક્યારે દરોડા પાડી ખાણો/લીઝોનું ચેકીંગ કરવામાં આવ્યું,

**જવાબ**

(૧) અને (૨) :

| વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૧૫ |
|---|---|
| તા.૧૮-૧૦-૧૪ થી | લીઝનું ચેકીંગ કરવામાં |

(૨) ઉક્ત ચેકીંગ દરમ્યાન ઉક્ત જિલ્લામાં વર્ષવાર કેવા પ્રકારની ગેરરીતિઓ અને કેટલી રકમની ખનીજ ચોરીઓ નોંધાઈ, અને

| | |
|---|---|
| તા.૨૦-૧૦-૧૪ દરમ્યાન લીઝનું ચેકીંગ કરવામાં આવેલ છે. ચેકીંગ દરમ્યાન કોઈ ગેરરીતિ ધ્યાને આવેલ નથી. | આવેલ નથી. |

(૩) તે અન્વયે ખનીજ ચોરો સામે શી કાર્યવાહી કરવામાં આવી અને જો ઉક્ત જિલ્લામાં વર્ષમાં એકપણ વાર મુલાકાત લઈ ચેકીંગ ન કરવામાં આવેલ હોય તો તેના કારણો શાં છે ?

(૩) (૧) વર્ષ ૨૦૧૪ની તપાસ અન્વયે કોઈ ગેરરીતિ ધ્યાને આવેલ ન હોઈ ખનીજ ચોરી બદલ કાર્યવાહીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) ફલાઈંગ સ્કવોર્ડ ગાંધીનગરનું કાર્યક્ષેત્ર સમગ્ર રાજ્યના તમામ જિલ્લા છે.

(૩) લીઝોની તપાસ અને અન્ય ખનિજ વહીવટની કામગીરી માટે જે તે જિલ્લામાં જિલ્લા અધિકારીની કચેરી પણ કાર્યરત છે.

રાજ્યમાં પેટ્રોલ અને ડીઝલ ઉપર સેસ/વેરો

* ૨૫૭૦૭ શ્રી શબ્દશરણ તડવી (નાંદોદ) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં પેટ્રોલ અને ડીઝલ પર કેટલો સેસ/વેરો લેવામાં આવે છે, અને

(૧)

| | વેરાનો દર |
|---|---|
| પેટ્રોલ | ૨૩% + ૨% સેસ |
| ડીઝલ | ૨૧% + ૩% સેસ |

(૨) ઉક્ત સેસ/વેરો અન્વયે રાજ્ય સરકારને ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલી આવક થઇ ?

(૨) રકમ (રૂ.કરોડમાં)

| વર્ષ | પેટ્રોલ | ડીઝલ | સેસ | કુલ |
|---|---|---|---|---|
| ૧-૧-૨૦૧૪ થી ૩૧-૧૨-૨૦૧૪ | ૨૧૭૩.૧૩ | ૪૮૩૬.૯૭ | ૧૨૧૩.૦૭ | ૮૨૨૩.૧૭ |
| ૧-૧-૨૦૧૫ થી ૩૧-૧૨-૨૦૧૫ | ૨૦૪૯.૩૭ | ૪૫૬૧.૫૦ | ૧૧૪૦.૯૨ | ૭૭૫૧.૭૯ |

સુરેન્દ્રનગર જિલ્લામાં લોક અદાલતોનું આયોજન

* ૨૫૭૩૨ શ્રી કિરીટસિંહ રાણા (લીંબડી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

(૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી,

(૨) કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) કેટલી વસુલાત કરવામાં આવી ?

(૧) અને (૨)

રાજ્યના વીજ ગ્રાહકો પાસેથી લ્હેણાં નીકળતા નાણાંની વસુલાતનો વિવાદથી નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૮૩ લોક અદાલતો યોજી કુલ ૩૧૧૭ કેસોમાં સમાધાન કરવામાં આવ્યું.

(૩) આ કેસોમાં વસુલવાની થતી કુલ રૂ.૧૯૯.૧૬ લાખની રકમ પૈકી રૂ.૧૧૧.૬૪ લાખની સ્થળ પર વસુલાત કરવામાં આવી અને રૂ.૮૭.૫૨ લાખ નિયમાનુસાર હપ્તાથી વસુલ કરવામાં આવી રહેલ છે.

બાલાસિનોર તાલુકામાં ક્વોરીઓની મંજુરીઓ

## અતારાંકિત પ્રશ્નોત્તરી

* ૨૫૬૫૭ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ બાલાસિનોર તાલુકામાં કેટલી ક્વોરીઓની મંજુરી આપેલ છે,

(૨) તે અન્વયે આ ક્વોરીઓએ પ્રદૂષણ અન્વયે મંજુરીઓ લીધી છે કે કેમ, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત તાલુકામાં કઇ ક્વોરી સામે ક્યા કારણોસર શી કાનુની કાર્યવાહી કરી ?

જવાબ

(૧) ૩૭.

(૨) ૩૭ પૈકી ૩૧ ક્વોરીઓએ પ્રદૂષણ અન્વયે મંજુરી લીધેલ છે, ૬ ક્વોરીઓએ મંજુરી લીધેલ નથી.

(૩) પત્રક મુજબ.

પત્રક

| અ.નં. | ક્વોરી | નોટીસ આપ્યાની તારીખ |
|---|---|---|
| ૧ | શ્રી રમાકાંત જીવણલાલ પટેલ | તા.૯–૧૧–૨૦૧૫ અને તા.૧૭–૨–૨૦૧૬ |
| ૨ | શ્રી હીમગીરી મા. એન્ડ પ્રો. | તા.૯–૧૧–૨૦૧૫ અને તા.૧૭–૨–૨૦૧૬ |
| ૩ | શ્રી મુકેશકુમાર જે. પટેલ | તા.૯–૧૧–૨૦૧૫ અને તા.૧૭–૨–૨૦૧૬ |
| ૪ | શ્રી શ્રેણીકકુમાર જે . પટેલ | તા.૯–૧૧–૨૦૧૫ અને તા.૧૭–૨–૨૦૧૬ |
| ૫ | શ્રી ગાયત્રીબેન કે. પટેલ ટ્રા.ટુ.જે. કુમાર ઇન્ફ્રા. પ્રો. | તા.૯–૧૧–૨૦૧૫ અને તા.૧૭–૨–૨૦૧૬ |
| ૬ | શ્રી રોહિતકુમાર હરીભાઈ દવે | તા.૯–૧૧–૨૦૧૫ અને તા.૧૭–૨–૨૦૧૬ |

### ધરમપુર તાલુકામાં વિલ્સન હીલ તથા શંકર ધોધને પ્રવાસધામ તરીકે જાહેરાત

* ૨૬૩૮૬ શ્રી ઇશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં વિલ્સન હિલ તથા શંકર ધોધને પ્રવાસધામ તરીકે વિકસાવવા સરકારે ક્યારે જાહેરાત કરેલ છે, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ફાળવી ?

જવાબ

(૧) તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં વિલ્સન હિલને વિકસાવવાનું ડીસેમ્બર–૨૦૧૪ માં આયોજન કરવામાં આવેલ છે. જ્યારે શંકર ધોધ બાબતે કોઇ દરખાસ્ત મળેલ નથી.

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં વિલ્સન હિલને વિકસાવવા માટે રૂપિયા ૧.૭૦ કરોડની ગ્રાન્ટ જિલ્લા કલેક્ટરશ્રી, વલસાડને ફાળવી છે.

### સુરત જિલ્લામાં લોક અદાલતોનું આયોજન

* ૨૫૭૩૩ શ્રી મુકેશભાઈ પટેલ (ઓલપાડ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી,

(૨) કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) કેટલી વસુલાત કરવામાં આવી ?

જવાબ

(૧) અને (૨)

રાજ્યના વીજ ગ્રહકો પાસેથી લ્હેણાં નીકળતા નાણાંની વસુલાતનો વિવાદથી નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે સુરત જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૪૩ લોક અદાલતો યોજી કુલ ૫૭૮૬ કેસોમાં સમાધાન કરવામાં આવ્યું.

(૩) આ કેસોમાં વસુલવાની થતી કુલ રૂ.૧૨૬૫.૬૯ લાખની રકમ પૈકી રૂ.૮૯૨.૦૭ લાખની સ્થળ પર વસુલાત કરવામાં આવી અને રૂ.૩૭૩.૬૨ લાખની રકમ નિયમાનુસાર હપ્તાથી વસુલ કરવામાં આવી રહેલ છે.

### વડોદરા જિલ્લામાં લોક અદાલતોનું આયોજન

* ૨૫૭૦૧ શ્રી જયંતીભાઈ રાઠવા (જેતપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી,

જવાબ

(૧) અને (૨)

રાજ્યના વીજ ગ્રહકો પાસેથી લ્હેણાં નીકળતા નાણાંની વસુલાતનો વિવાદથી નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૯૮ લોક અદાલતો યોજી કૂલ ૨૮૮૫ કેસોમાં

(૨) કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) કેટલી વસુલાત કરવામાં આવી ?

સમાધાન કરવામાં આવ્યું.

(૩) આ કેસોમાં વસુલવાની થતી કુલ રૂ.૧૪૫.૭૯ લાખની રકમ પૈકી રૂ.૮૧.૯૭ લાખની સ્થળ પર વસુલાત કરવામાં આવી અને રૂ.૬૩.૮૨ લાખ નિયમાનુસાર હપ્તાથી વસુલ કરવામાં આવી રહેલ છે.

બનાસકાંઠા જિલ્લામાં ડોર ટુ ડોર કલેકશન યોજના

* ૨૫૭૧૧ શ્રી કેશાજી ચૌહાણ (દિયોદર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત ડોર ટુ ડોર કલેકશન યોજના ક્યા વર્ષથી અમલમાં આવી, અને

(૨) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાનાં ૫,૦૦૦ થી વધુ વસ્તી ધરાવતા કેટલા ગામોને આ ગ્રાન્ટ આ યોજના અંતર્ગત આપવામાં આવી ?

જવાબ

(૧) વર્ષઃ ૨૦૧૪–૧૫ થી અમલમાં આવેલ છે.

(૨) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લાના ૫,૦૦૦ થી વધુ વસ્તી ધરાવતા ગામોને આ યોજના હેઠળ ગ્રાન્ટ આપવામાં આવી.

| ક્રમ | વર્ષ | ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૩૧–૧૨–૨૦૧૪ | ૧૧૩ |
| ૨ | ૩૧–૧૨–૨૦૧૫ | ૧૩૯ |

રાજ્યમાં વીજ ઉત્પાદન કંપનીઓ વચ્ચે કોલસાની લેવડ–દેવડ બાબતે થયેલ કરાર બાબત

* ૨૫૭૨૧ શ્રી સુરેશ પટેલ (મણિનગર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની વીજ ઉત્પાદક કંપનીઓ વચ્ચે કોલસાની લેવડ–દેવડ બાબતે કોઇ કરાર થયેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની મુખ્ય વિગતો શું છે ?

જવાબ

(૧) હા, જી. રાજ્ય સરકાર હસ્તકની વીજ ઉત્પાદન કંપની જીએસઇસીએલ અને કેન્દ્ર સરકાર હસ્તકની વીજ ઉત્પાદન કંપની એનટીપીસી વચ્ચે કોલસાની પરસ્પર અદલા બદલી બાબતે તા.૩૦–૦૯–૨૦૧૪ ના રોજ કરાર કરવામાં આવેલ છે.

(૨) ગુજરાત સરકાર દ્વારા પ્રસ્તાવિત એનટીપીસી અને જીએસઇસીએલ વચ્ચે આયાતી કોલસા અને દેશી કોલસાની અદલા–બદલી કરવા માટેની દરખાસ્તને કેન્દ્ર સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી છે. આ અન્વયે એનટીપીસી દ્વારા ગુજરાતના બંદરો થકી લાવવામાં આવતો આયાતી કોલસો જીએસઇસીએલના વીજ મથકોમાં વાપરવામાં આવશે તેમજ છત્તીસગઢ ખાતેની સાઉથ ઇસ્ટર્ન કોલ ફીલ્ડ્સ લીમીટેડ (SECL) ની ખાણોમાંથી જીએસઇસીએલ માટે ગુજરાતના વીજ મથકો માટે લાવવામાં આવતો કોલસો એનટીપીસી દ્વારા તેમના છત્તીસગઢ ખાતેના વીજ મથકો દ્વારા વાપરવામાં આવશે. કુલ ૧૦ લાખ મે.ટન કોલસાની અદલા–બદલી માટેનો કરાર કરવામાં આવ્યો છે.

(અ) આ કરાર મુજબ કોલસાની અદલા–બદલી નીચેની શરતોને આધિન કરવામાં આવે છે.

કોલસાની અદલા–બદલીના કરાર મુજબ કોલસાની લેવડ–દેવડ કોલસાના જથ્થામાં રહેલ સમકક્ષ ઉષ્ણતાના પ્રમાણમાં કરવામાં આવશે એવું નક્કી થયેલછે.

આયાતી કોલસાની સંપૂર્ણ કિંમત એનટીપીસી દ્વારા ચૂકવવામાં આવશે જ્યારે સ્વદેશી કોલસાની સંપૂર્ણ કિંમત જીએસઇસીએલ દ્વારા એસઇસીએલને ચુકવવામાં આવશે.

આયાતી કોલસા માટેનું રેલ્વે નૂરનું ચુકવણું બંદરથી જીએસઇસીએલના વીજ મથક સુધી જીએસઇસીએલ દ્વારા ચુકવવામાં આવે છે.

દેશી કોલસા માટેના રેલ્વે નૂરનું ચુકવણું મે. એસઇસીએલની કોરીયા રેવા ખાણથી એનટીપીસીના સીપત વીજ મથક સુધી

એનટીપીસી દ્વારા ચુકવવામાં આવે છે.

એનટીપીસી અને જીએસઇસીએલ વચ્ચે આયાતી કોલસા અને દેશી કોલસાની અદલા–બદલી કરવાના લીધે કોલસાનું આંતર રાજ્ય પરિવહન ઘટશે, તેના લીધે રેલ્વે નૂર ભાડામાં પડતા તફાવતનો લાભ ગુજરાતની જનતાને મળશે.

(બ) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ કોલસાના જથ્થાની લેવડ–દેવડ નીચે મુજબ છે.

એનટીપીસી દ્વારા જીએસઇસીએલને ૪.૫૦ લાખ મેટ્રીક ટન આયાતી કોલસો મુન્દ્રા તથા દહેજ બંદરેથી સપ્લાય કરવામાં આવેલ છે અને કરારની શરતોને આધિન કોલસાના જથ્થામાં રહેલ સમકક્ષ ઉષ્ણતાના પ્રમાણમાં મે. સાઉથ ઇસ્ટર્ન કોલફીલ્ડ લીમીટેડ (એસઇસીએલ) ની કોરીયા રેવા ખાણમાંથી જીએસઇસીએલને ફાળવવામાં આવેલ ૭.૪૦ લાખ મેટ્રીક ટન દેશી કોલસો જીએસઇસીએલ દ્વારા એનટીપીસીના સીપત વીજ મથકને સપ્લાય કરવામાં આવેલ છે.

આમ, એનટીપીસી અને જીએસઇસીએલ વચ્ચે આયાતી કોલસા અને દેશી કોલસાની પરસ્પર અદલા–બદલી કરવાને લીધે આંતર રાજ્ય પરિવહન ખર્ચમાં જીએસઇસીએલને અંદાજે રૂ.૧૩૧ કરોડ (ઓક્ટોબર–૨૦૧૪ થી ડિસેમ્બર–૨૦૧૫) ની બચત થયેલ છે.

### પ્રજા પાસેથી કરવેરા ઓનલાઇન સ્વીકારવા બાબત

* ૨૫૭૬૬ શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા તેના કરવેરા પ્રજા પાસેથી ઓનલાઇન સ્વીકારવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો રાજ્ય સરકારના તમામ ભરણા ઓનલાઇન સ્વીકારવા માટે તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ કેટલી બેંકોને અધિકૃત કરાવમાં આવેલ છે ?

જવાબ

(૧) હા, સાયબર ટ્રેઝરી મારફતે કરવેરા ઓનલાઇન સ્વીકારવાની સુવિધા છે.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ રાજ્ય સરાકરના જુદા જુદા ભરણાં ઓનલાઇન સ્વીકારવા માટે કુલ ૨૧ બેંકોને અધિકૃત કરવામાં આવેલ છે.

### રાજકોટ જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત વીજ જોડાણો

* ૨૫૭૨૫ શ્રી જયરાજસિંહ જાડેજા (ગોંડલ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબીની રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે રાજ્ય સરકારની ઝુંપડપટ્ટી વીજકરણ યોજના અંતર્ગત રાજકોટ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨)

ગરીબી રેખા નીચેના લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે રાજ્ય સરકારની ''ઝૂંપડા વીજળીકરણ યોજના'' અંતર્ગત રાજકોટ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ રૂ.૪૫૭.૨૬ લાખનાં ખર્ચે કુલ ૯૨૩૦ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા.

### સુરેન્દ્રનગર જિલ્લામાં નવા સબ સ્ટેશનો કાર્યાન્વિત

* ૨૫૬૯૯ શ્રી પુનમભાઈ મકવાણા (દસાડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કુલ કેટલા સબ સ્ટેશનો કાર્યરત છે,

(૨) ઉક્ત સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું,

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ ૭૧ સબ સ્ટેશનો કાર્યરત છે.

(૨) ઉક્ત સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર એટલે કે, વર્ષ ૨૦૧૪ દરમ્યાન ૧ (એક) અને વર્ષ ૨૦૧૫ દરમ્યાન ૭ (સાત) એમ કુલ ૮ (આઠ) નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું.

| | |
|---|---|
| (૩) તે પૈકી કેટલા નવા સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને | (૩) તે પૈકી વર્ષવાર એટલે કે, વર્ષ ૨૦૧૪ દરમ્યાન આયોજન કરાયેલ ૧ (એક) અને વર્ષ ૨૦૧૫ દરમ્યાન કુલ ૬ (છ) નવીન વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા.<br>• બાકી રહેતું ૧ (એક) ૬૬ કેવી સોલડી સબસ્ટેશન તા. ૦૯-૦૧-૨૦૧૬નાં રોજ કાર્યાન્વિત કરવામાં આવેલ છે. |
| (૪) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૪) તે માટે કુલ રૂ. ૨૮૪૦.૨૦ લાખનો થયેલ છે. |

### ખનીજ ખાતાના અધિકારીઓ દ્વારા નાણાકીય ગેરરીતી બાબતની તપાસો ખોટી રીતે દફ્તરે કરવા બાબત

* ૨૫૮૦૧ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : તા. ૨૦-૩-૧૫ના રોજ સભાગૃહમાં રજુ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૭૩૦૨ (અગ્રતા-૬) ના અનુસંધાને માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતાના વર્ગ-૧ના અધિકારીઓ દ્વારા વિરૂધ્ધ નિવૃત્તિ પુર્વે નાણાંકીય ગેરરીતિ બાબતની તપાસો દફ્તરે કરેલ તે તપાસો ખોટી રીતે દફ્તરે કરવા બાબતની મળેલ ફરિયાદ અન્વયે પ્રાથમિક તપાસ સોંપેલ હતી તેમાં તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ શું નિર્ણય કરવામાં આવ્યો, અને | (૧) પ્રાથમિક તપાસ અહેવાલ સ્વીકારવામાં આવ્યો. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ તપાસો ખોટી રીતે દફ્તરે કરવા બદલ જવાબદાર કયા અધિકારીઓ સામે શાં પગલાં લીધા ? | (૨) ઉક્ત અહેવાલના આધારે વર્ગ-૧ના ૩ અધિકારીઓ, વર્ગ-૨ના ૧ અધિકારી અને વર્ગ-૩ના ૧ કર્મચારીને કારણદર્શક નોટિસ આપવામાં આવી. |

### અમદાવાદ જિલ્લામાં વ્યક્તિગત શૌચાલય બાંધકામ માટે વહીવટી મંજુરી

* ૨૫૭૧૪ શ્રી લાલજીભાઈ કોળી પટેલ (ધંધુકા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ કેટલા વ્યક્તિગત શૌચાલય બાંધકામ માટે વહીવટી મંજુરી આપવામાં આવી, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ કુલ ૩૨૩૭૩ વ્યક્તિગત શૌચાલય બાંધકામ માટે વહીવટી મંજુરી આપવામાં આવી. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા શૌચાલયનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે ? | (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કુલ ૧૬૦૩૭ શૌચાલયનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે. |

### બાલાસિનોર તાલુકામાં ઈન્દિરા આવાસ યોજનાના આવાસ બાંધવા બાબત

* ૨૫૭૮૩ શ્રી ભૂષણ ભટ્ટ (જમાલપુર ખાડિયા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઈન્દીરા આવાસ યોજના હેઠળ ખેડા જિલ્લાના બાલાસિનોર તાલુકામાં વર્ષ ૨૦૧૪-૧૫માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યુ હતું, | (૧) ઈન્દીરા આવાસ યોજના હેઠળ ખેડા જિલ્લાના બાલાસિનોર તાલુકામાં વર્ષ ૨૦૧૪-૧૫માં ૧૭૦ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યુ હતું. |
| (૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી, અને | (૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ૧૭૦ આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી. |
| (૩) ઉક્ત વહીવટી મંજુરી પૈકી કેટલા આવાસ બાંધકામની મંજુરી મહિલાઓના નામે આપવામાં આવી છે ? | (૩) ઉક્ત વહીવટી મંજુરી પૈકી ૧૬૯ આવાસ બાંધકામની મંજુરી મહિલાઓના નામે આપવામાં આવી છે. |

### દેવભુમિ દ્વારકા જિલ્લામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વાયર બદલવાની કામગીરી

* ૨૫૭૨૭ શ્રી ચીમનભાઈ શાપરીયા (જામજોધપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વીજ પુરવઠામાં થતાં વિક્ષેપ નિવારવા જર્જરિત વાયર બદલવાની | (૧) અને (૨)<br>વીજ પુરવઠામાં થતા વિક્ષેપ નિવારવા ''સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના'' અંતર્ગત દેવભુમિ દ્વારકા જિલ્લામાં |

કામગીરી હેઠળ દેવભુમિ દ્વારકા જિલ્લામાં કેટલો વાયર બદલવામાં આવ્યો, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન રૂ. ૨૧૨.૨૬ લાખનાં ખર્ચે કુલ ૬૧૨ કી.મી. જર્જરિત વીજ વાયર બદલવામાં આવ્યા.

પંચાયત સેવા પસંદગી મંડળની જુનિયર ક્લાર્કની ભરતીમાં થયેલ અન્યાય

* ૨૬૪૭૩ શ્રી મહંમદ જાવીદ પીરજાદા (વાંકાનેર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચાયત સેવા પસંદગી મંડળની જાહેરાત ક્રમાંક–૦૫–૨૦૧૦–૧૧ જુનિયર ક્લાર્ક (વહીવટ–હિસાબ)ની રીવાઇઝડ પસંદગી યાદીમાં થયેલ અન્યાય સામે સરકારને કોની ક્યારે કેટલી રજુઆત કે ફરીયાદ મળી, અને

(૨) તે અન્વયે સરકારે શા પગલાં ભર્યા ?

જવાબ

(૧) સરકારશ્રીને નીચે મુજબની રજૂઆતો મળેલ છે.
(૧) પટેલ વિપુલકુમાર ઈશ્વરભાઈ તા. ૫–૨–૨૦૧૫
(૨) ચૌધરી સુરેશભાઈ સામજીભાઈ તા. ૫–૫–૨૦૧૫, ૧૨–૫–૨૦૧૫, ૧૩–૫–૨૦૧૫
(૩) ચૌધરી સુરેશ જેસંગભાઈ તા. ૧૪–૧૦–૨૦૧૪, ૨૩–૧–૨૦૧૫, ૫–૨–૨૦૧૫
(૪) રાતડા સુરેશભાઈ ઉમેદભાઈ તા. ૧૯–૫–૨૦૧૫
(૫) પ્રજાપતિ હિમાંશુ ઈશ્વરભાઈ તા. ૩–૧૧–૨૦૧૪, તા. ૧૯–૧–૨૦૧૫
(૬) ચૌધરી ભાવનાબેન માધુભાઈ તા. ૨૩–૭– ૨૦૧૫
(૭) સોલંકી જયદીપસિંહ રાજેન્દ્રસિંહ તા. ૧૩–૧૧–૨૦૧૪
(૮) કુણિયા તરૂણકુમાર જી. તા. ૧૧–૫–૨૦૧૫
(૯) ચૌધરી સુનિલકુમાર ગણેશભાઈ તા. ૧૧–૫–૨૦૧૫

(૨) સરકારશ્રીને મળેલ રજૂઆતો અન્વયે સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી બોર્ડ, અમદાવાદને નિયમાનુસારની જરૂરી કાર્યવાહી કરવા સૂચિત કરેલ છે.

સાબરકાંઠા જિલ્લામાં શૌચાલય બનાવવા બાબત

* ૨૬૬૧૫ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર અને વર્ષવાર કેટલા શૌચાલય બનાવવામાં આવ્યા,

જવાબ

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર અને વર્ષવાર નીચે જણાવ્યા મુજબ શૌચાલય બનાવવામાં આવ્યા.

(સંખ્યા)

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૧–૨–૨૦૧૪ થી તા. ૩૧–૧–૨૦૧૫ | તા. ૧–૨–૨૦૧૫ થી તા. ૩૧–૧–૨૦૧૬ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૨૪૯૬ | ૨૯૪૮ | ૫૪૪૪ |
| ૨ | ઈડર | ૧૯૨૩ | ૨૩૯૧ | ૪૩૧૪ |
| ૩ | વડાલી | ૬૫૦ | ૨૩૪૩ | ૨૯૯૩ |
| ૪ | પ્રાંતિજ | ૨૦૬૨ | ૨૭૨૭ | ૪૭૮૯ |
| ૫ | તલોદ | ૧૭૪૭ | ૨૪૫૦ | ૪૧૯૭ |
| ૬ | ખેડબ્રહ્મા | ૭૧૯ | ૧૩૪૪ | ૨૦૬૩ |
| ૭ | પોશીના | ૭૦ | ૪૭૧ | ૫૪૧ |
| ૮ | વિજયનગર | ૬૩૫ | ૭૫૨ | ૧૩૮૭ |
| | કુલ | ૧૦૩૦૨ | ૧૫૪૨૬ | ૨૫૭૨૮ |

(૨) કેટલા શૌચાલય બનાવવાના બાકી છે ?

(૨) તે નીચે જણાવ્યા મુજબ શૌચાલય બનાવવાના બાકી છે.

| ક્રમ | તાલુકાનું નામ | બનાવવાના બાકી શૌચાલયની સંખ્યા |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧૧૨૦૬ |
| ૨ | ઈડર | ૫૫૧૧ |
| ૩ | વડાલી | ૯૦૬ |
| ૪ | પ્રાંતિજ | ૮૧૮૨ |
| ૫ | તલોદ | ૮૭૭૪ |
| ૬ | ખેડબ્રહ્મા | ૧૪૭૭૧ |
| ૭ | પોશીના | ૧૪૦૧૭ |
| ૮ | વિજયનગર | ૭૦૯૯ |
| | કુલ | ૭૦૪૬૬ |

(૩) કેટલા શૌચાલયના નાણા તાલુકાવાર ચુકવવામાં આવ્યા અને કેટલા બાકી છે,

(૩) શૌચાલયના ચૂકવેલ/બાકી નાણાની તાલુકાવાર વિગત નીચે જણાવ્યા મુજબ છે.

(રૂા. લાખમાં)

| ક્રમ | તાલુકો | ચુકવેલ નાણા | ચૂકવવાના બાકી નાણા |
|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૪૫૪.૨૬ | ૫.૫૨ |
| ૨ | ઈડર | ૩૯૦.૮૩ | ૨૩.૫૨ |
| ૩ | વડાલી | ૩૪૩.૮૪ | ૦.૦ |
| ૪ | પ્રાંતિજ | ૪૧૪.૭૨ | ૨૫.૦૦ |
| ૫ | તલોદ | ૩૨૪.૬૩ | ૨૫.૦૦ |
| ૬ | ખેડબ્રહ્મા | ૧૯૨.૨૭ | ૭.૪૪ |
| ૭ | પોશીના | ૫૯.૭૪ | ૧૭.૦૪ |
| ૮ | વિજયનગર | ૭૬.૮૬ | ૦.૦૦ |
| | કુલ | ૨૨૫૭.૧૫ | ૧૦૩.૫૨ |

(૪) નાણા ચૂકવવાના બાકી રહેવાના શા કારણો છે અને કયાં સુધીમાં ચુકવવામાં આવશે, અને

(૫) શૌચાલય દીઠ કેટલા નાણા ચુકવવામાં આવે છે અને કેવી રીતે ચુકવવામાં આવે છે ?

(૪) ગ્રાન્ટના અભાવે નાણા ચૂકવી શકાયેલ નથી. સત્વરે ચૂકવણું કરવામાં આવશે.

(૫) બી.પી.એલ. તમામ કુટુંબો અને એ.પી.એલ. પૈકી (૧) એસ.સી./એસ.ટી., (૨) જમીન વિહોણા ખેત મજુર, (૩) નાના સિમાંત ખેડૂત (૪) મહિલા આધારિત કુટુંબ (૫) શારિરીક ખોડ ખાપણવાળા કુટુંબને શૌચાલય દીઠ રૂ. ૧૨૦૦૦/- સ્વચ્છ ભારત મિશન યોજનામાંથી અને એ.પી.એલ. પૈકી પાંચ કેટેગરી સિવાયની અન્ય કેટેગરીવાળા કુટુંબોને રૂ. ૪૦૦૦/- નિર્મળ ગુજરાત યોજનામાંથી અને રૂ. ૪૦૦૦/- મુખ્યમંત્રીશ્રી સ્વચ્છતા નિધિ ફંડમાંથી ચુકવવામાં આવે છે અને લાભાર્થી દ્વારા વ્યક્તિગત શૌચાલય બાંધકામની કામગીરી પૂર્ણ થયે લાભાર્થીના બેંક એકાઉન્ટમાં પ્રોત્સાહક સહાય જમા કરવામાં આવે છે.

## ખેડા અને આણંદ જિલ્લામાં ટીન નંબર વગર ચાલતા મેડીકલ સ્ટોર્સ

* ૨૫૮૪૮ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ ખેડા અને આણંદ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં ટીન નંબર વગર ચાલતા મેડીકલ સ્ટોર્સ દ્વારા થતી વેટ ચોરી અંગેની કેટલી ફરિયાદો મળેલ છે,

જવાબ

(૧), (૨) અને (૩) : કોઈ ફરીયાદ મળેલ ના હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) તે અન્વયે શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલો વેટ અને દંડ વસુલ કરવામાં આવેલ છે ?

જુનાગઢ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ ફાળવેલ ગ્રાન્ટ

* ૨૬૬૬૪ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ઈન્દિરા આવાસ યોજના હેઠળ જુનાગઢ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલા આવાસો બાંધવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી ગ્રાન્ટ વણવપરાયેલી છે ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ઈન્દિરા આવાસ યોજના હેઠળ જુનાગઢ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબ કુલ ૨૧૦૮.૦૫ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી.

| ક્રમ | વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૩–૧૪ | ૫૦૯.૦૬ |
| ૨ | ૨૦૧૪–૧૫ | ૧૫૯૮.૪૫ |
| | કુલ | ૨૧૦૮.૦૫ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ વર્ષવાર નીચે મુજબ કુલ ૨૦૫૪ આવાસો બાંધવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | બાંધવામાં આવેલ આવાસ |
|---|---|---|
| ૧ | ૨૦૧૩–૧૪ | ૭૪૧ |
| ૨ | ૨૦૧૪–૧૫ | ૧૩૧૩ |
| | કુલ | ૨૦૫૪ |

(૩) ઉક્ત સ્થિતિએ ૯૭.૪૯ લાખ રૂપિયાની ગ્રાન્ટ વણવપરાયેલી છે.

પાટણ જિલ્લામાં ઈન્દિરા આવાસ બાંધવાનું આયોજન

* ૨૫૭૫૯ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ગતિશીલ ગુજરાત ફેઝ–૩માં પાટણ જિલ્લામાં કેટલા ઈન્દિરા આવાસ બાંધવાનું આયોજન કરવામાં આવ્યું હતું, અને

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા ઈન્દિરા આવાસોનાં બાંધકામ પુર્ણ કરવામાં આવ્યા ?

જવાબ

(૧) ગતિશીલ ગુજરાત ફેઝ–૩માં પાટણ જિલ્લામાં ૪૦૦ ઈન્દિરા આવાસ બાંધવાનું આયોજન કરવામાં આવ્યું હતું.

(૨) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ સ્પિલઓવર સાથે ૭૫૫ ઈન્દિરા આવાસોના બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યા.

ભરૂચ જિલ્લામાં ઈન્દીરા આવાસ યોજના હેઠળ આવાસ બાંધવા બાબત

* ૨૫૭૧૫ શ્રી અરૂણસિંહ રણા (વાગરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ઈન્દીરા આવાસ યોજના હેઠળ ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું,

(૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી, અને

(૩) ઉક્ત વહીવટી મંજુરી પૈકી કેટલા આવાસ બાંધકામની મંજુરી મહિલાઓના નામે આપવામાં આવી છે?

જવાબ

(૧) ઈન્દીરા આવાસ યોજના હેઠળ ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં ૧૧૫૦ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ૧૦૨૬ આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી.

(૩) ઉક્ત વહીવટી મંજુરી પૈકી ૧૦૨૬ આવાસ બાંધકામની મંજુરી મહિલાઓના નામે આપવામાં આવી છે.

''મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં વિકાસશીલ તાલુકા યોજના અન્વયે ફાળવેલ રકમ''

* ૨૫૬૪૦ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય આયોજન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં બે

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મહીસાગર

| | |
|---|---|
| વર્ષમાં વર્ષવાર મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર વિકાસશીલ તાલુકાની યોજના અન્વયે કેટલી રકમ, કેટલા કામો માટે બિન સરકારી સંસ્થાઓને ફાળવવામાં આવી, | જિલ્લામાં વિકાસશીલ તાલુકાની યોજના હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫માં બિન સરકારી સંસ્થાઓને રૂ. ૧૨૪.૯૩ લાખ ૨૫ કામો માટે ફાળવવામાં આવ્યા અને વર્ષ ૨૦૧૫–૧૬માં કોઈ રકમ ફાળવવામાં આવેલ નથી. જ્યારે પંચમહાલ જિલ્લામાં વિકાસશીલ તાલુકાની યોજના હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫માં બિન સરકારી સંસ્થાઓને રૂ. ૮૯.૨૫ લાખ ૭ કામો માટે ફાળવવામાં આવ્યા, જ્યારે વર્ષ ૨૦૧૫–૧૬માં રૂ. ૧૧૫.૪૬ લાખ ૧૬ કામો માટે ફાળવવામાં આવ્યા. |
| (૨) ઉક્ત ફાળવેલ રકમ/કામ અન્વયે કેટલા લાભાર્થીઓને લાભ મળેલ છે, અને | (૨) ઉક્ત ફાળવેલ રકમ/કામ અન્વયે મહીસાગર જિલ્લામાં કુલ ૨૨૧૩ અને પંચમહાલ જિલ્લામાં કુલ ૨૮૫૯ લાભાર્થીઓને લાભ મળેલ છે. |
| (૩) તે પૈકી કેટલા લાભાર્થીઓને રોજગારી મળેલ છે? | (૩) તે પૈકી મહીસાગર જિલ્લામાં કુલ ૨૩૩ અને પંચમહાલ જિલ્લામાં કુલ ૧૭૨૦ લાભાર્થીઓને રોજગારી મળેલ છે. |

### રાજ્યમાં એરસ્ટ્રીપ બનાવવાનું આયોજન

* ૨૫૭૫૧ શ્રી યોગેશભાઈ પટેલ (માંજલપુર) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ગુજરાત સરકારશ્રી દ્વારા રાજ્યમાં કેટલી અને કઈ જગ્યાએ એરસ્ટ્રીપ બનાવવાનું આયોજન છે, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ગુજરાત સરકારશ્રી દ્વારા રાજ્યમાં અંકલેશ્વર, પાલિતાણા, મોરબી, દ્વારકા, દહેજ, અંબાજી, ધોળાવીરા અને રાજકોટ એમ કુલ આઠ જગ્યાએ એરસ્ટ્રીપ બનાવવાનું આયોજન છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ પ્રથમ તબક્કે કઈ જગ્યા માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે? | (૨) ઉક્ત સ્થિતિએ પ્રથમ તબક્કે અંકલેશ્વર માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. |

### રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ ઉપર વેટ/સેસ

* ૨૫૭૦૩ શ્રી મોતીલાલ વસાવા (ડેડિયાપાડા) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં, પેટ્રોલ, ડીઝલ ઉપર વેટ એને સેસ કેટલો લેવામાં આવે છે, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને કુલ કેટલી આવક થઈ?

જવાબ

(૧)

| | વેરાનો દર |
|---|---|
| પેટ્રોલ | ૨૩% + ૨% સેસ |
| ડીઝલ | ૨૧% + ૩% સેસ |

(૨) (રકમ રૂ. કરોડમાં)

| વર્ષ | પેટ્રોલ | ડીઝલ | સેસ | કુલ |
|---|---|---|---|---|
| ૧–૧–૨૦૧૪થી ૩૧–૧૨–૨૦૧૪ | ૨૧૭૩.૧૩ | ૪૮૩૬.૯૭ | ૧૨૧૩.૦૭ | ૮૨૨૩.૧૭ |
| ૧–૧–૨૦૧૫થી ૩૧–૧૨–૨૦૧૫ | ૨૦૪૯.૩૭ | ૪૫૬૧.૫૦ | ૧૧૪૦.૯૨ | ૭૭૫૧.૭૯ |

### વડોદરા જિલ્લામાં લોક અદાલતોનું આયોજન

* ૨૫૭૩૪ શ્રી બાલકૃષ્ણભાઈ પટેલ (ડભોઈ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન | (૧) અને (૨) રાજ્યનાં વીજ ગ્રાહકો પાસેથી લ્હેણાં નીકળતા નાણાંની વસુલાતનો વિવાદથી નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે વડોદરા જિલ્લામાં તા. ૩૧– |

દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી,

(૨) કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) કેટલી વસુલાત કરવામાં આવી?

૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૯૮ લોક અદાલતો યોજી કુલ ૨૮૮૫ કેસોમાં સમાધાન કરવામાં આવ્યું.

(૩) આ કેસોમાં વસુલવાની થતી કુલ રૂ. ૧૪૫.૭૯ લાખની રકમ પૈકી રૂ. ૮૧.૯૭ લાખની સ્થળ પર વસુલાત કરવામાં આવી અને રૂ. ૬૩.૮૨ લાખ નિયમાનુસાર હપ્તાથી વસુલ કરવામાં આવી રહેલ છે.

### આણંદ અને વડોદરા જિલ્લામાં ઓવરલોડ અને ઢાંક્યા સિવાય ટ્રકોનું પરિવહન

* ૨૬૩૭૮ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૦૧-૧૬ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં રેતી, માટી અને ખનીજની ઓવરલોડ અને ઢાંક્યા સિવાય ટ્રકોનું પરિવહન થાય છે તે હકીકત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કિસ્સા નોંધાયા, અને

(૩) તે અન્વયે શું કાર્યવાહી કરવામાં આવી?

જવાબ

(૧) રાજ્ય સરકાર ખનીજના ગેરકાયદેસર પરિવહન અટકાવવા કટીબધ્ધ છે. તે માટે સમયાંતરે અને જ્યારે આ અંગેના કિસ્સા ધ્યાને આવે ત્યારે સક્રિયતાથી કાર્યવાહી કરવામાં આવે છે.

(૨) અને (૩) ઉક્ત સ્થિતિએ ઓવરલોડ અને ઢાંક્યા સિવાય ટ્રકોના પરિવહન બદલ ખાણ અને ખનિજ વિભાગ દ્વારા કોઈ કેસ નોંધાયેલ નથી.

### રાજ્ય પંચાયત પરિષદની બેઠક

* ૨૫૯૩૩ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત રાજ્ય પંચાયત પરિષદની બેઠક ક્યારે ક્યારે મળેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તેમાં ચેરમેન અને સભ્યો કોણ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત પરિષદની છેલ્લી બેઠક ક્યારે મળેલ છે, અને તે બેઠકની અમલીકરણ નોંધ અને કાર્યવાહી નોંધ પરિષદના સર્વે સદસ્યોને ક્યારે મોકલવામાં આવેલ છે?

જવાબ

(૧) ગુજરાત રાજ્ય પંચાયત પરિષદની રચના થયેલ ના હોઈ, બેઠક મળેલ નથી.

(૨) પ્રશ્ન નથી.

(૩) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બેઠક મળેલ ન હોઈ અમલીકરણનો અને કાર્યવાહી નોંધ મોકલવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### નિઝર તાલુકામાં ઈન્દીરા આવાસ યોજનામાં આવાસ બાંધવા બાબત

* ૨૫૭૫૭ શ્રી મોહનભાઈ ઢોડિયા (મહુવા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ઈન્દીરા આવાસ યોજના હેઠળ તાપી જિલ્લાના નિઝર તાલુકામાં વર્ષ ૨૦૧૪-૧૫માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું,

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી, અને

(૩) ઉક્ત વહીવટી મંજુરી પૈકી કેટલા આવાસ બાંધકામની મંજુરી મહિલાઓના નામે આપવામાં આવી છે?

જવાબ

(૧) ઈન્દીરા આવાસ યોજના હેઠળ તાપી જિલ્લાના નિઝર તાલુકામાં વર્ષ ૨૦૧૪-૧૫માં ૧૦૦ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ૧૦૦ આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી.

(૩) ઉક્ત વહીવટી મંજુરી પૈકી ૬ આવાસ બાંધકામની મંજુરી મહિલાઓના નામે આપવામાં આવી છે.

### છોટાઉદેપુર જિલ્લામાં રૂરલ ભૂગર્ભ ગટર યોજના

* ૨૬૬૧૪ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર રૂરલ ભૂગર્ભ ગટર યોજના બનાવવાનું કામ કેટલા ગામોમાં કરવામાં આવ્યું,

(૨) ઉપરોક્ત સ્થિતિએ આ કામ પાછળ તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલા કેટલા ગામોમાં ઉક્ત કામ કરવા શું આયોજન છે?

જવાબ

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર રૂરલ ભૂગર્ભ ગટર યોજના બનાવવાનું કામ કોઈપણ ગામમાં કરવામાં આવ્યું નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### મનરેગા યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર પાસેથી ગ્રાન્ટની માંગણી

* ૨૬૫૬૪ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યમાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મનરેગા યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર પાસેથી વર્ષવાર કેટલી ગ્રાન્ટની માંગણી કરવામાં આવી, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી?

જવાબ

(૧) રાજ્યમાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મનરેગા યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર પાસેથી નીચે મુજબની ગ્રાન્ટની માંગણી કરવામાં આવેલ છે.

| વર્ષ | રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| તા. ૦૧–૦૧–૧૪ થી તા. ૩૧–૧૨–૧૪ | ૩૭૪૫૭.૫૯ |
| તા. ૦૧–૦૧–૧૫ થી તા. ૩૧–૧૨–૧૫ | ૨૭૮૪૧.૫૫ |

(૨) વર્ષવાર નીચે મુજબની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે.

| વર્ષ | રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| તા. ૦૧–૦૧–૧૪ થી તા. ૩૧–૧૨–૧૪ | ૩૭૪૫૭.૫૯ |
| તા. ૦૧–૦૧–૧૫ થી તા. ૩૧–૧૨–૧૫ | ૨૭૮૪૧.૫૫ |

### મહીસાગર જિલ્લાના વિકાસશીલ તાલુકામાં રકમની ફાળવણી

* ૨૫૬૫૧ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય આયોજન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના વિકાસશીલ તાલુકાઓમાં છેલ્લા બે વર્ષ દરમિયાન કેટલી રકમની ફાળવણી કરવામાં આવી,

(૨) ઉકત ફાળવેલ ગ્રાન્ટ પૈકી કેટલી રકમનો ખર્ચ મુખ્યત્વે કયા કામો માટે કરવામાં આવેલ છે , અને

(૩) મંજુર પૈકી ઉકત સ્થિતિએ કેટલા કામો પૂર્ણ થયેલ છે?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષની સ્થિતિએ સને ૨૦૧૪–૧૫માં રૂ. ૬૦૦.૦૦ લાખ અને સને ૨૦૧૫–૧૬માં રૂ. ૪૫૨.૭૫ લાખ મળીને કુલ રૂ.૧૦૫૨.૭૫ લાખની ફાળવણી કરવામાં આવેલ છે.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ ઉકત ફાળવેલ ગ્રાન્ટ પૈકી નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં રૂ. ૩૩૦.૮૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. જ્યારે વર્ષ ૨૦૧૫–૧૬ માં કોઈ ખર્ચ થયેલ નથી. દુધઘર બાંધકામ, બાલા સ્કુલ પ્રોજેકટ, બાગાયતના કામો, વાત્સલ્ય કેન્દ્રના કામો, ડ્રીપ ઈરીગેશનના કામો, બી.પી.એલ, અનુસુચિતજાતિ–જનજાતિના લાભાર્થીઓને તાલિમ આપવાની યોજનાના કામો જેવા મુખ્ય કામો કરવામાં આવેલ છે.

(૩) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ વર્ષ ૨૦૧૪–૧૫ માં કુલ મંજુર થયેલ ૨૧૪ કામો સામે ૬૯ કામો પુર્ણ કરવામાં આવેલ છે અને વર્ષ ૨૦૧૫–૧૬માં કામો મંજુર કરવાના બાકી હોઈ પુર્ણ થયેલ નથી.

### આણંદ અને ખેડા જિલ્લામાં મનરેગા યોજનામાં માનવદિનની રોજગારી આપવા બાબત

* ૨૫૬૩૪ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર મનરેગા યોજના અંતર્ગત છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલા માનવદિનની રોજગારી આપવામાં આવી, અને

જવાબ

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર મનરેગા યોજના અંતર્ગત છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર નીચેની વિગતે માનવદિનની રોજગારી આપવામાં આવી.

આણંદ જિલ્લો

| ક્રમ | તાલુકાનું | આપવામાં આવેલ માનવદિન રોજગારી |
|---|---|---|

| | નામ | (લાખમાં) | |
|---|---|---|---|
| | | તા. ૧–૦૨–૨૦૧૪ થી તા. ૩૧–૧–૨૦૧૫ | તા. ૧–૦૨–૨૦૧૫ થી તા. ૩૧–૧–૨૦૧૬ |
| ૧ | આણંદ | ૦.૪૬ | ૦.૫૫ |
| ૨ | આંકલાવ | ૦.૩૯ | ૦.૭૩ |
| ૩ | બોરસદ | ૦.૭૧ | ૦.૩૪ |
| ૪ | ખંભાત | ૦.૩૭ | ૦.૪૨ |
| ૫ | પેટલાદ | ૦.૩૧ | ૦.૪૫ |
| ૬ | સોજીત્રા | ૦.૭૧ | ૦.૭૧ |
| ૭ | તારાપુર | ૦.૭૨ | ૦.૯૪ |
| ૮ | ઉમરેઠ | ૦.૩૫ | ૦.૬૧ |
| | કુલ | ૪.૦૨ | ૪.૭૫ |

ખેડા જિલ્લો

| ક્રમ | તાલુકાનું નામ | આપવામાં આવેલ માનવદિન રોજગારી (લાખમાં) | |
|---|---|---|---|
| | | તા. ૧–૦૨–૨૦૧૪ થી તા. ૩૧–૧–૨૦૧૫ | તા. ૧–૦૨–૨૦૧૫ થી તા. ૩૧–૧–૨૦૧૬ |
| ૧ | ગલતેશ્વર | ૦.૨૧ | ૦.૩૮ |
| ૨ | કપડવંજ | ૦.૪૦ | ૦.૮૩ |
| ૩ | કઠલાલ | ૦.૫૦ | ૦.૫૮ |
| ૪ | ખેડા | ૦.૩૭ | ૦.૪૦ |
| ૫ | મહુધા | ૦.૫૮ | ૦.૬૧ |
| ૬ | માતર | ૦.૫૬ | ૦.૭૩ |
| ૭ | મહેમદાવાદ | ૦.૯૬ | ૦.૭૫ |
| ૮ | નડિયાદ | ૧.૦૮ | ૦.૯૯ |
| ૯ | ઠાસરા | ૧.૬૪ | ૨.૨૨ |
| ૧૦ | વસો | ૦.૨૨ | ૦.૨૦ |
| | કુલ | ૬.૫૨ | ૭.૬૯ |

(૨) તે પાછળ કેટલો ખર્ચ થયો,

(૨) તેની પાછળ નીચેની વિગતે ખર્ચ થયેલ છે.

આણંદ જિલ્લો

| ક્રમ | તાલુકાનું નામ | રોજગારી પાછળ થયેલ ખર્ચ રકમ રૂા. (લાખમાં) | |
|---|---|---|---|
| | | તા. ૧–૦૨–૨૦૧૪ થી તા. ૩૧–૧–૨૦૧૫ | તા. ૧–૦૨–૨૦૧૫ થી તા. ૩૧–૧–૨૦૧૬ |
| ૧ | આણંદ | ૫૫.૫૬ | ૭૪.૧૦ |
| ૨ | આંકલાવ | ૪૭.૪૦ | ૭૮.૮૩ |
| ૩ | બોરસદ | ૧૦૬.૩૦ | ૪૯.૬૫ |
| ૪ | ખંભાત | ૫૮.૨૧ | ૫૩.૦૪ |
| ૫ | પેટલાદ | ૫૩.૩૮ | ૬૨.૦૨ |
| ૬ | સોજીત્રા | ૧૩૯.૯૩ | ૧૧૧.૪૩ |
| ૭ | તારાપુર | ૧૨૦.૨૧ | ૧૪૫.૦૬ |
| ૮ | ઉમરેઠ | ૪૭.૯૬ | ૭૭.૫૮ |

| | | | |
|---|---|---|---|
| | કુલ | ૬૨૮.૯૫ | ૬૫૧.૭૧ |

ખેડા જિલ્લો

| ક્રમ | તાલુકાનું નામ | રોજગારી પાછળ થયેલ ખર્ચ રકમ રૂ઼ા. (લાખમાં) | |
|---|---|---|---|
| | | તા. ૧-૦૨-૨૦૧૪ થી તા. ૩૧-૧-૨૦૧૫ | તા. ૧-૦૨-૨૦૧૫ થી તા. ૩૧-૧-૨૦૧૬ |
| ૧ | ગલતેશ્વર | ૩૬.૬૪ | ૫૧.૭૪ |
| ૨ | કપડવંજ | ૬૩.૭૭ | ૧૨૬.૪૦ |
| ૩ | કઠલાલ | ૭૪.૭૦ | ૮૭.૮૫ |
| ૪ | ખેડા | ૬૨.૩૯ | ૬૫.૩૫ |
| ૫ | મહુધા | ૭૬.૨૬ | ૯૩.૫૧ |
| ૬ | માતર | ૮૨.૭૧ | ૧૧૭.૧૪ |
| ૭ | મહેમદાવાદ | ૧૪૮.૪૯ | ૧૩૦.૫૭ |
| ૮ | નડિયાદ | ૧૬૩.૦૧ | ૧૫૭.૪૭ |
| ૯ | ઠાસરા | ૨૭૮.૯૮ | ૩૫૬.૦૫ |
| ૧૦ | વસો | ૩૭.૮૬ | ૪૦.૩૪ |
| | કુલ | ૧૦૨૪.૮૧ | ૧૨૨૬.૪૨ |

સાપુતારા હિલ સ્ટેશને મહોત્સવ યોજવાનો ખર્ચ

* ૨૫૭૭૪ શ્રી રમણલાલ પાટકર (ઉમરગામ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૫ના વર્ષમાં ડાંગ જિલ્લા ખાતે સાપુતારા હિલ સ્ટેશને સરકાર દ્વારા કયા મહોત્સવ યોજવામાં આવ્યા, અને | (૧) વર્ષ ૨૦૧૫ના વર્ષમાં ડાંગ જિલ્લા ખાતે સાપુતારા હિલ સ્ટેશને સરકાર દ્વારા નીચે મુજબના મહોત્સવો યોજવામાં આવ્યા.<br>૧. વિન્ટર ફેસ્ટીવલ<br>૨. સમર ફેસ્ટીવલ<br>૩. મોન્સુન ફેસ્ટીવલ<br>૪. પેરાગ્લાઈડીંગ ફેસ્ટીવલ |
| (૨) તે માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) ઉકત મહોત્સવો માટે નીચે મુજબનો ખર્ચ કરવામાં આવેલ. |

(રકમ રૂપિયા લાખમાં)

| વર્ષ | વિન્ટર ફેસ્ટીવલ | સમર ફેસ્ટીવલ | મોન્સુન ફેસ્ટીવલ | પેરાગ્લાઈડીંગ ફેસ્ટીવલ |
|---|---|---|---|---|
| ૧-૧-૨૦૧૫ થી ૩૧-૧૨-૨૦૧૫ | ૧૫.૧૧ | ૧૫.૬૪ | ૬૭.૮૭ | ૪.૯૫ |

ઉપરોકત મહોત્સવો માટે કુલ રૂપિયા ૧૦૩.૫૭ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

અમરેલી જિલ્લામાં લોક અદાલતોનું આયોજન

* ૨૫૭૬૪ શ્રી વલ્લભભાઈ વઘાસીયા (સાવરકુંડલા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અમરેલી જલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી, (૨) કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને | (૧) અને (૨) રાજ્યનાં વીજ ગ્રાહકો પાસેથી લ્હેણાં નીકળતા નાણાંની વસુલાતનો વિવાદથી નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે અમરેલી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૨૦૮ લોક અદાલતો યોજી કુલ ૩૪૦૧ કેસોમાં સમાધાન કરવામાં આવ્યું. |
| (૩) કેટલી વસુલાત કરવામાં આવી? | (૩) આ કેસોમાં વસુલવાની થતી કુલ રૂ. ૨૨૯.૮૪ લાખની રકમ પૈકી રૂ. ૮૫.૨૪ લાખની સ્થળ પર વસુલાત કરવામાં આવી અને રૂ. ૧૪૪.૬૦ લાખની રકમ નિયમાનુસાર હપ્તાથી વસુલ કરવામાં આવી રહેલ છે. |

## રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતા

* ૨૫૭૧૦ શ્રીમતી મનિષાબેન વકિલ (વડોદરા સીટી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યની કુલ સ્થાપિત કુલ વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યની કુલ સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા ૨૪૬૦૬ મે.વો. છે, જેની વિગત નીચે મુજબ છેઃ- |

| | | |
|---|---|---|
| (૧) | પરંપરાગત સ્ત્રોતો | ૧૯,૭૦૫ મે.વો. |
| (૨) | બિન પરંપરાગત સ્ત્રોતો | ૪,૯૦૧ મે.વો. |
| | કુલ | ૨૪,૬૦૬ મે.વો. |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલો વધારો કરવાનું આયોજન છે ? | (૨) ઉક્ત સ્થિતિએ, આગામી બે વર્ષમાં કુલ ૨૧૯૬ મે.વો. પરંપરાગત વીજ ક્ષમતા વધારવાનું આયોજન છે, જે નીચે મુજબ છે. |

| નં. | પ્રોજેક્ટ | ડેવલોપર | બળતણ | રાજ્યનો હિસ્સો (મે.વો.) |
|---|---|---|---|---|
| ૧ | ધુવારણ એક્સ્પાન્સન* | ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લિ. | ગેસ | ૩૭૬ |
| ૨ | ભાવનગર એનર્જી કંપની લિ. | ભાવનગર એનર્જી કંપની લિ. | લીગ્નાઈટ | ૫૦૦ |
| ૩ | વણાકબોરી સુપર ક્રિટીકલ | ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લિ. | કોલસો | ૮૦૦ |
| ૪ | કેન્દ્ર સરકારના એકમો | | | |
| | (૧) મૌડા સ્ટેજ-૨ | નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન | કોલસો | ૨૪૦ |
| | (૨) લારા થર્મલ પાવર પ્લાન્ટ | નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન | કોલસો | ૨૮૦ |

*ધુવારણ એક્સ્પાન્સન પ્રોજેક્ટ તા. ૦૧-૦૨-૨૦૧૬થી કાર્યાન્વિત થયેલ છે.

## લાઠી તાલુકામાં ઈન્દિરા આવાસ યોજનામાં આવાસ બાંધવા બાબત

* ૨૫૭૫૬ શ્રી બાવકુભાઈ ઉંધાડ (લાઠી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઇન્દીરા આવાસ યોજના હેઠળ અમરેલી જિલ્લાના લાઠી તાલુકામાં વર્ષ ૨૦૧૪-૧૫માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યુ હતું,

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી, અને

(૩) ઉક્ત વહીવટી મંજુરી પૈકી કેટલા આવાસ બાંધકામની મંજુરી મહિલાઓના નામે આપવામાં આવી છે ?

**જવાબ**

(૧) ઇન્દીરા આવાસ યોજના હેઠળ અમરેલી જિલ્લાના લાઠી તાલુકામાં વર્ષ ૨૦૧૪-૧૫માં ૫૧ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યુ હતું.

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ૫૧ આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી.

(૩) ઉક્ત વહીવટી મંજૂરી પૈકી ૮ આવાસ બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે.

### ભાવનગર જિલ્લામાં ઝૂંપડપટ્ટી વિજળીકરણ યોજના અંતર્ગત વિજ જોડાણો

* ૨૫૭૨૬ શ્રીમતી ભાવનાબેન મકવાણા (મહુવા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબીની રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે રાજ્ય સરકારની ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત ભાવનગર જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) અને (૨) ગરીબી રેખા નીચેના લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણ આપવા માટે રાજ્ય સરકારની ''ઝુંપડા વીજળીકરણ યોજના'' અંતર્ગત ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ. ૩૯૫.૪૫ લાખના ખર્ચે કુલ ૬૯૦૧ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા.

### રાજ્યમાં પાણી પુરવઠા માટે ખેતી વિષયક વીજ કનેક્શનમાંથી વિજળી

* ૨૫૪૧૫ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં પાણી પુરવઠા માટેની વિજળી ખેતી વિષયક વીજ કનેક્શનમાંથી આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તે બાબતે સરકારશ્રી ફેરવિચારણા કરવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) અને (૨) : રાજયના તમામ ગામોને બિનખેતી હેતુ માટે ૨૪ કલાક થ્રી ફેઈઝ વીજ પુરવઠો જ્યોતિગ્રામ ફીડર પરથી અને ખેતીવાડી ક્ષેત્રને ઓછામાં ઓછો ૮ કલાક સાતત્ય પૂર્ણ અને ગુણવત્તાસભર વીજ પુરવઠો ખેતીવાડી ફીડર પરથી ઉપલબ્ધ થાય તે માટે જ્યોતિગ્રામ યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ તાંત્રિક વ્યવસ્થાને અનુલક્ષીને ગ્રામ્ય વિસ્તારમાં પીવાનાં પાણીની સુવિધા ઉપલબ્ધ થાય તે હેતુથી ગામતળમાં આવતી પાણી પૂરવઠા યોજનાઓને જ્યોતિગ્રામ ફીડર પરથી અને ગામતળની બહાર ખેતી વિષયક જમીન પર આવેલી પાણી પુરવઠા યોજનાઓને કૃષિ વિષયક ફીડર પરથી વીજ જોડાણ આપવામાં આવે છે. આ તાંત્રિક વ્યવસ્થા સમગ્ર રાજ્યમાં સુચારુરૂપે ચાલતી હોઈ તેમાં ફેર વિચારણાની જરૂરીયાત જણાતી નથી.

### નવસારી જિલ્લામાં વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ ફાળવેલ રકમ

* ૨૫૭૭૩ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય આયોજન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ નવસારી જિલ્લાને વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ ફાળવેલ ગ્રાન્ટ સામે કેટલાં કામો મંજૂર થયેલ છે અને તે પૈકી કેટલા કામો પૂર્ણ થયેલ છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન નવસારી જિલ્લાને ફાળવેલ રૂ।. ૧૮૪૬.૯૫ લાખની ગ્રાન્ટ સામે તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં રૂ।. ૫૪૯.૨૧ લાખનો ખર્ચ થયેલ છે.

(૨) મંજૂર થયેલ કુલ-૧૦૨૬ કામો સામે કુલ-૩૩૧ કામો પૂર્ણ થયેલ છે.

### કચ્છ જિલ્લામાં મહાત્મા ગાંધી નરેગા યોજનામાં માનવદિન રોજગારી

* ૨૫૭૧૯ શ્રી પંકજભાઈ મહેતા (રાપર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ માં મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત કેટલા માનવદિન

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ માં મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત ૭,૪૦,૦૦૦

રોજગારી ઉપલબ્ધ કરાવવા નક્કી કરેલ હતું,

(૨) તેની સામે તા.૩૧-૩-૨૦૧૫ની સ્થિતિએ કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ મહિલાઓ માટે કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે?

માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવા નક્કી કરેલ હતું.

(૨) તેની સામે તા.૩૧-૩-૨૦૧૫ની સ્થિતિએ ૫,૩૫,૮૭૩ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ મહિલાઓ માટે ૨,૬૦,૯૧૭ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

## રાજકોટ જિલ્લામાં બી.પી.એલ. લાભાર્થીઓ માટેની અરજીઓ

* ૨૫૬૪૬ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં બી.પી.એલ લાભાર્થી માટે કેટલી અરજીઓ મળી,

(૨) તે અન્વયે ૦ થી ૧૬ અને કેટલાને ૧૭ થી ૨૦ માં કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતરમાં છે અને તેનો કેટલા સમયમાં નિકાલ થશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં બી.પી.એલ લાભાર્થીઓ માટે નીચેની વિગતે અરજીઓ મળી.

| ક્રમ નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | કુલ |
| ૧ | ધોરાજી | ૬૯૮ | ૫૮૮ | ૧૨૮૬ |
| ૨ | ગોંડલ | ૦ | ૪૯૪૩ | ૪૯૪૩ |
| ૩ | જસદણ | ૮ | ૨૧૫૦ | ૨૧૫૮ |
| ૪ | જામકંડોરણા | ૦ | ૬૬૨ | ૬૬૨ |
| ૫ | જેતપુર | ૦ | ૨૯૧૩ | ૨૯૧૩ |
| ૬ | કોટડા સાં. | ૦ | ૧૭૪૦ | ૧૭૪૦ |
| ૭ | લોધીકા | ૫૦૪ | ૨૦૪૨ | ૨૫૪૬ |
| ૮ | પડધરી | ૦ | ૧૧૫૭ | ૧૧૫૭ |
| ૯ | રાજકોટ | ૦ | ૨૯૭૧ | ૨૯૭૧ |
| ૧૦ | ઉપલેટા | ૬૭૫ | ૧૭૨૨ | ૨૩૯૭ |
| ૧૧ | વિંછીયા | ૦ | ૨૨૯૫ | ૨૨૯૫ |

(૨) તે અન્વયે ૦ થી ૧૬ અને ૧૭ થી ૨૦ માં નીચેની વિગતે અરજીઓ મંજૂર કરવામાં આવી.

| ક્રમ નં. | તાલુકાનું નામ | ૦ થી ૧૬ | | | ૧૭ થી ૨૦ | | | ૦ થી ૨૦ કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૧૪-૨૦૧૫ | ૨૦૧૫-૨૦૧૬ | કુલ | ૨૦૧૪-૨૦૧૫ | ૨૦૧૫-૨૦૧૬ | કુલ | |
| ૧ | ધોરાજી | ૮૫ | ૭ | ૯૨ | ૨૨૧ | ૦ | ૨૨૧ | ૩૧૩ |
| ૨ | ગોંડલ | ૦ | ૨૦ | ૨૦ | ૦ | ૦ | ૦ | ૨૦ |
| ૩ | જસદણ | ૬ | ૫ | ૧૧ | ૨ | ૦ | ૨ | ૧૩ |
| ૪ | જામકંડોરણા | ૦ | ૯ | ૯ | ૦ | ૦ | ૦ | ૯ |
| ૫ | જેતપુર | ૦ | ૩ | ૩ | | ૦ | ૦ | ૩ |
| ૬ | કોટડા સાં. | ૦ | ૪ | ૪ | ૦ | ૦ | ૦ | ૪ |
| ૭ | લોધીકા | ૭૧ | ૦ | ૭૧ | ૫૮ | ૦ | ૫૮ | ૧૨૯ |
| ૮ | પડધરી | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૯ | રાજકોટ | ૦ | ૧૭ | ૧૭ | ૦ | ૧ | ૧ | ૧૮ |
| ૧૦ | ઉપલેટા | ૨૧૭ | ૧ | ૨૧૮ | ૩૨૫ | ૦ | ૩૨૫ | ૫૪૩ |
| ૧૧ | વિંછીયા | ૦ | ૧૭ | ૧૭ | ૦ | ૦ | ૦ | ૧૭ |

(૩) ઉક્ત સ્થિતિએ નીચે મુજબ અરજીઓ પડતર છે.

| વર્ષ | પડતર અરજીઓની સંખ્યા |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૫૨૨ |
| ૨૦૧૫-૧૬ | ૧૧૨૭૪ |

| કુલ | ૧૧૭૯૬ |
|---|---|

➢ પડતર ૧૧૭૯૬ અરજીઓનો માહે- જૂન-૨૦૧૬ ના અંત સુધીમાં નિકાલ કરવામાં આવશે.

અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં ખેડૂતોને વીજ પ્રવાહ આપવા બાબત

* ૨૬૫૨૫ શ્રી નલીનભાઈ કોટડીયા (ધારી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં ખેડૂતોને વીજ પ્રવાહ રાત્રી દરમ્યાન પણ આપવામાં આવે છે તે વાત ખરી છે,

(૨) જો હા, તો ઉપરોક્ત જિલ્લાઓમાં ઈકો સેન્સીટીવ ઝોન તરીકે જાહેર કરેલ વન વિસ્તારમાં રાત્રે વન્ય પ્રાણીની અવર જવર હોઈ ખેડૂતોને દિવસ દરમ્યાન જ વીજળી આપવા સરકારનું કોઈ આયોજન છે, અને

(૩) હા, તો જિલ્લાવાર વાર કયા વિસ્તારને અને ક્યારથી અમલ કરવાનું આયોજન છે ?

જવાબ

(૧), (૨) અને (૩)

રાજ્યમાં વીજ માંગ અને વીજ પુરવઠા વચ્ચે સંકલન જળવાઈ રહે તે રીતે ખેતીવાડી ફીડરોનું ગ્રૃપમાં વિભાજન કરી ૨૪ કલાક દરમિયાન રોટેશન મુજબ અઠવાડિક વારા ફરતી દિવસ અને રાત્રીના સમયગાળા મુજબ ઓછામાં ઓછો આઠ કલાક ગુણવત્તાસભર થ્રી ફેઈઝ વીજ પુરવઠો કૃષિ હેતુ માટે પૂરો પાડવામાં આવે છે. દરેક ગ્રૃપનું સમયપત્રક દર અઠવાડિયે બદલાતુ રહેતુ હોઈ દરેક ગ્રૃપને વારાફરતી દિવસે અને રાત્રે વીજ પુરવઠો મળતો રહે છે. અમરેલી અને ગીર સોમનાથ જિલ્લાના ઈકો સેન્સીટીવ ઝોનમાં સમાવિષ્ટ કુલ ૩૧ ખેતી વિષયક વીજ ફીડરો પૈકી ૦૯ ખેતી વિષયક વીજ ફીડરો પૈકી ૦૯ ખેતી વિષયક ફીડરો પરનાં ગીર સોમનાથ જિલ્લાનાં ૨૪ ગામો અને જુનાગઢ જિલ્લાના ૦૩ ગામો કે જ્યાં રાત્રી દરમ્યાન હિંસક વન્ય પ્રાણીઓની અવરજવર વધુ રહે છે તે ગામોમાં સમગ્ર વર્ષ દરમિયાન માત્ર દિવસે જ કૃષિ વિષયક વીજ પુરવઠો મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવેલ છે.

બનાસકાંઠા જિલ્લામાં સોલાર પંપ ફાળવવા બાબત

* ૨૬૬૧૮ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલા ખેડૂતોને કૃષિ વિષયક વિજ જોડાણ માટે સોલાર પંપ ફાળવવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા સોલારપંપ કાર્યાન્વિત થયેલ છે ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ૪૭ ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણ માટે સોલાર પંપ ફાળવવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ ૪૭ સોલારપંપ કાર્યાન્વિત થયેલ છે.

મહેસાણા જિલ્લામાં કૃષિ વિષયક વીજ બીલમાં રાહત આપવા બાબત

* ૨૫૭૪૧ શ્રી નારાયણભાઈ પટેલ (ઉંઝા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા મહેસાણા જિલ્લાના કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બીલમાં કોઇ રાહત આપવામાં આવે છે, કે કેમ અને

જવાબ

(૧) હા, જી. નામ. ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા કૃષિ વિષયક વપરાશ અંગેના વીજ દરો નક્કી કરવામાં આવે છે પરંતુ, ખેડૂતોએ નામ. આયોગે નક્કી કરેલ દરો મુજબ નહીં, પરંતુ, સરકારશ્રીએ નક્કી કરેલા રાહત દરો મુજબ જ વીજ બિલની ચૂકવણી કરવાની રહે છે. વીજ દર અંગેની તફાવતની રકમ ખેડૂતો વતી રાજ્ય સરકાર વીજ કંપનીઓને ચૂકવે છે.

આ ઉપરાંત, વીજ ઉત્પાદન ખર્ચમાં ભાવ વધારાના કારણે વીજ કંપનીઓને થતા વધારાના ખર્ચને પહોંચી વળવા માટે વીજ ગ્રાહકો પાસેથી નામદાર ગુજરાત વીજ નિયમન આયોગની ફોર્મ્યુલા મુજબ ફ્યુઅલ સરચાર્જની વસુલાત પણ ખેડૂતોના કિસ્સામાં તેમની પાસેથી વસુલ ન કરીને, તે અંગેની રકમ પણ રાજ્ય સરકાર ખેડૂતો વતી વીજ કંપનીઓને ચૂકવે છે.

આ ઉપરાંત, તા. ૦૯-૦૨-૨૦૧૫ના ઠરાવથી સમગ્ર ખેતી વિષયક જોડાણોને ખેત ઉપજ ની સહાય માટે રાજ્ય

સરકારશ્રી દ્વારા ખેડૂતો ને વીજ વપરાશના બિલમાં નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ માટે તેમના વીજબીલની ૫૦% રકમ રાહત તરીકે આપવામાં આવેલ છે.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા મહેસાણા જિલ્લાના ખેડૂતોને વીજ બીલમાં રાહત માટે કેટલી સબસીડી આપવામાં આવી?

(૨) છેલ્લા બે વર્ષમાં નાણાંકીય વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા મહેસાણા જિલ્લાના ખેડૂતોને વીજ બીલમાં આપવામાં આવેલ સબસીડીનું પત્રક આ સાથે સામેલ છે.

પત્રક

(રૂ. કરોડમાં)

| અ.નં. | વિગત | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ (ડિસેમ્બર ૨૦૧૫ સુધી) |
|---|---|---|---|
| ૧ | હોર્સ પાવર આધારિત વીજ દરો માટે સહાયકી. | ૮૧.૯૭ | ૭૨.૫૧ |
| ૨ | જીઇઆરસી વીજ દરમાં રાહત માટે સહાયકી. | ૯૪.૮૯ | ૬૨.૦૮ |
| ૩ | બળતણ ખરીદી તથા વીજળી ખરીદી માટે સહાયકી. | ૧૧૧.૭૯ | ૧૦૮.૯૫ |
| ૪ | ખેતીવાડી ગ્રાહકોને વીજ બીલમાં ૫૦% રાહત. | ૩૨.૫૩ | - |
| | કુલ | ૩૨૧.૧૮ | ૨૪૩.૫૪ |

રાજ્યમાં ખનીજ સંશોધન

* ૨૫૭૭૭ શ્રી જનકભાઈ કાછડીયા (કરંજ) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં ક્યા પ્રકારનું ખનિજ સંશોધન ક્યા વિસ્તારમાં કરવામાં આવેલ છે?

જવાબ

જામનગર, કચ્છ, જુનાગઢ, ગીર-સોમનાથ, ભરૂચ, પોરબંદર જિલ્લાના વિસ્તારોમાં ડ્રીલીંગ (શારકામ) પ્રકારનું ખનિજ સંશોધન કરવામાં આવેલ છે. નવસારી, વલસાડ, ભરૂચ, ભાવનગર, જામનગર અને ખેડા જિલ્લામાં ભુ-રાસાયણીક સર્વે કરવામાં આવેલ છે.

સાબરકાંઠા જિલ્લામાં વીજ કનેકશનની મંજૂર થયેલી અરજીઓ

* ૨૬૬૨૬ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ખેડૂતો દ્વારા વીજ કનેકશન માટે કરેલ અરજીઓમાંથી મંજૂર થયેલી અરજીઓ પૈકી કેટલી અરજીઓ રદ કરવામાં આવી, અને

જવાબ

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂતો દ્વારા વીજ જોડાણ માટે મળેલ અરજીઓ પૈકી મંજૂર થયેલ અરજીઓમાંથી રદ થયેલ અરજીઓની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | રદ થયેલ અરજીઓ |
|---|---|
| હિંમતનગર | ૨ |
| પ્રાંતિજ | ૦ |
| તલોદ | ૦ |
| વડાલી | ૦ |
| ઈડર | ૦ |
| ખેડબ્રહ્મા | ૧૫ |
| પોશીના | ૮ |
| વિજયનગર | ૪૪ |
| કુલ | ૬૯ |

(૨) તેના કારણો શાં છે ?

(૨) રદ થયેલ તમામ અરજીઓ અરજદારને આપવામાં આવેલ અંદાજપત્રની રકમ સમયમર્યાદામાં ભરપાઈ ન થવાના કારણે નિયમોનુસાર રદ થયેલ છે.

બનાસકાંઠા જિલ્લામાં કૃષિ વિષયક વીજ બીલમાં રાહત આપવા બાબત

* ૨૫૭૨૯ શ્રી પરબતભાઈ પટેલ (થરાદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્ય સરકાર

જવાબ

(૧) હા, જી. નામ. ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા

દ્વારા બનાસકાંઠા જિલ્લાના કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બીલમાં કોઇ રાહત આપવામાં આવે છે, કે કેમ અને

કૃષિ વિષયક વપરાશ અંગેના વીજ દરો નક્કી કરવામાં આવે છે પરંતુ, ખેડૂતોએ નામ. આયોગ નક્કી કરેલ દરો મુજબ નહીં પરંતુ, સરકારશ્રીએ નક્કી કરેલા રાહત દરો મુજબ જ વીજ બિલની ચૂકવણી કરવાની રહે છે. વીજ દર અંગેની તફાવતની રકમ ખેડૂતો વતી રાજ્ય સરકાર વીજ કંપનીઓને ચૂકવે છે.

આ ઉપરાંત, વીજ ઉત્પાદન ખર્ચમાં ભાવ વધારાના કારણે વીજ કંપનીઓને થતા વધારાના ખર્ચને પહોંચી વળવા માટે વીજ ગ્રાહકો પાસેથી નામદાર ગુજરાત વીજ નિયમન આયોગની ફોર્મ્યુલા મુજબ ફ્યુઅલ સરચાર્જની વસુલાત પણ ખેડૂતોના કિસ્સામાં તેમની પાસેથી વસુલ ન કરીને, તે અંગેની રકમ પણ રાજ્ય સરકાર ખેડૂતો વતી વીજ કંપનીઓને ચૂકવે છે.

આ ઉપરાંત, તા. ૦૯-૦૨-૨૦૧૫ના ઠરાવથી સમગ્ર ખેતી વિષયક જોડાણોને ખેત ઉપજ ની સહાય માટે રાજ્ય સરકારશ્રી દ્વારા ખેડૂતો ને વીજ વપરાશના બિલમાં નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ માટે તેમના વીજબીલની ૫૦% રકમ રાહત તરીકે આપવામાં આવેલ છે.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોને વીજ બીલમાં રાહત માટે કેટલી સબસીડી આપવામાં આવી?

(૨) છેલ્લા બે નાણાંકીય વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોને વીજ બીલમાં આપવામાં આવેલ સબસીડીનું પત્રક આ સાથે સામેલ છે.

પત્રક

(રૂ. કરોડમાં)

| અ.નં. | વિગત | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ (ડિસેમ્બર ૨૦૧૫ સુધી) |
|---|---|---|---|
| ૧ | હોર્સ પાવર આધારિત વીજ દરો માટે સહાયકી. | ૨૪૬.૩૩ | ૧૭૮.૬૧ |
| ૨ | જીઇઆરસી વીજ દરમાં રાહત માટે સહાયકી. | ૨૯૪.૯૮ | ૨૦૦.૨૧ |
| ૩ | બળતણ ખરીદી તથા વીજળી ખરીદી માટે સહાયકી. | ૩૪૭.૪૬ | ૨૭૭.૭૦ |
| ૪ | ખેતીવાડી ગ્રાહકોને વીજ બીલમાં ૫૦% રાહત. | ૧૦૩.૦૧ | ૦.૦૦ |
| | કુલ | ૯૯૧.૭૮ | ૬૫૬.૫૨ |

રાજ્યમાં સાધનોપાય પેશગીની લીધેલ રકમ

* ૨૫૭૬૯ શ્રી નરોત્તમભાઈ પટેલ (ઉધના) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

રાજ્ય સરકારે તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલીવાર અને કેટલી રકમની સાધનો પાય પેશગી લીધેલ છે ?

રાજ્ય સરકારે તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ સાધનો પાય પેશગી લીધેલ નથી.

નવસારી જિલ્લામાં મહાત્મા ગાંધી નરેગા યોજનામાં માનવદિન રોજગારી

* ૨૫૭૮૬ શ્રીમતી સંગીતાબેન પાટીલ (લીંબાયત) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

(૧) નવસારી જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫માં મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવા નક્કી કરેલ હતું, અને

(૧) નવસારી જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫માં મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત ૫.૭૮ લાખ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવા નક્કી કરેલ હતું,

(૨) તેની સામે તા.૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે, અને

(૨) તેની સામે તા.૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ ૯.૬૦ લાખ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

મહીસાગર, ખેડા અને નડિયાદ જિલ્લામાં ક્વાર્ટસ ગૌણ ખનિજના જથ્થા ચોરી કરવાની ફરિયાદો

* ૨૬૫૧૧ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય ખાણ-ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૧૫-૦૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મદદનીશ ભુસ્તર શાસ્ત્રીઓ ખાણ અને ખનિજ શાખા મહીસાગર તથા ખેડા જિલ્લા સામે ક્વાર્ટસ ખનીજની ગૌણ ખનીજની સરકારી જમીન પ્રાઈવેટ (ખાનગી) જમીનમાંથી લાગુ લીઝ હોલ્ડરોના મેળાપીપણાની ક્વાર્ટઝ ગૌણ ખનિજના જથ્થા ચોરી કરવા તથા ક્વાર્ટઝ ખનીજની ખોટી પરમીટ અને પાસ ઈસ્યુ કરવા અંગેની કેટલી ફરિયાદો મળેલ છે, અને

(૧) ૨ (બે)

(૨) આ ફરિયાદો સંબંધમાં કસુરવારો સામે શું શિક્ષાત્મક પગલાં લેવામાં આવ્યા છે ?

(૨) તપાસની કાર્યવાહી ચાલુ છે.

રાજ્ય સરકારે બજારમાંથી લીધેલ લોન

* ૨૫૬૯૦ શ્રી બલવંતસિહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકારે બજારમાંથી કેટલી રકમની લોન કોની પાસેથી લીધી, અને

(૧)

| નાણાંકીય વર્ષ | જાહેર બજારમાંથી ભારતીય રિઝર્વ બેંક મારફત મેળવેલ લોન ( રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૩-૧૪ | ૧૫૪૯૨.૫૫ |
| ૨૦૧૪-૧૫ | ૧૪૯૨૦.૦૦ |

(૨) આ મેળવેલ લોન કેટલા વર્ષની મુદત માટે અને કેટલા ટકાના વ્યાજના દરે મેળવેલ છે?

(૨)

| નાણાકીય વર્ષ | લોનની મુદત (વર્ષમાં) | વ્યાજનો દર (ટકામાં) |
|---|---|---|
| ૨૦૧૩-૧૪ | ૦૪ અને ૧૦ વર્ષ | ૭.૭૭ થી ૯.૭૫ સુધીની |
| ૨૦૧૪-૧૫ | ૧૦ વર્ષ | ૮.૦૫ થી ૯.૦૧ સુધીની |

ભાવનગર જિલ્લામાં ખનિજની ચોરી કરતા વાહનો જપ્ત કરવા બાબત

* ૨૬૧૬૫ શ્રી પ્રવિણભાઈ રાઠોડ (પાલીતાણા) : માનનીય ખાણ-ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં તાલુકાવાર ખનિજની ચોરી કરતા કેટલા વાહનો જપ્ત કરવામાં આવ્યા, અને

(૨) તાલુકાવાર કેટલી રકમ વસુલ કરવામાં આવી?

(૧) અને (૨)

| ક્રમ | તાલુકાનું નામ | જપ્ત કરેલ વાહનોની સંખ્યા | વસૂલેલ રકમ રૂ. લાખ |
|---|---|---|---|
| ૧ | ભાવનગર | ૯૦ | ૨૦.૭૫ |
| ૨ | સિહોર | ૧૩ | ૨.૨૨ |
| ૩ | ઘોઘા | ૧૪ | ૨.૭૨ |
| ૪ | ઉમરાળા | ૧૩ | ૨.૫૯ |
| ૫ | વલ્લભીપુર | ૨૬ | ૫.૬૮ |
| ૬ | પાલીતાણા | ૮ | ૧.૩૮ |
| ૭ | ગારીયાધાર | ૧૮ | ૨.૧૪ |
| ૮ | મહુવા | ૧૮ | ૨.૪૩ |
| ૯ | તળાજા | ૩૧ | ૪.૨૯ |
| ૧૦ | જેસર | ૧ | ૦.૧૦ |

અદાણી પાવર લી. પાસેથી વીજળી ખરીદી બાબત

* ૨૫૬૬૭ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) રાજ્ય સરકારે તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અદાણી પાવર લી.

(૧) અને (૨) રાજ્ય સરકારે તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અદાણી પાવર લી. પાસેથી

પાસેથી શા ભાવે કેટલી વીજળી ખરીદી,

(૨) તેની કિંમત યુનીટ દીઠ કેટલી છે, અને

ખરીદેલ વીજળી ની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | વર્ષ ૨૦૧૪ | | વર્ષ ૨૦૧૫ | |
|---|---|---|---|---|---|
| | | મી.યુ | રૂ./યુનિટ | મી.યુ | રૂ. / યુનિટ |
| ૧ | અદાણી પાવર લીમીટેડ–૧ | ૬૮૬૪ | ૨.૯૦ | ૫૮૭૨ | ૩.૧૦ |
| ૨ | અદાણી પાવર લીમીટેડ– | ૭૨૧૬ | ૨.૩૮ | ૭૫૫૯ | ૨.૩૦ |

(૩) એપલેટ ટ્રીબ્યુનલે અદાણી પાવર લી. ને ક્યા ભાવે વીજળી આપવા જણાવ્યું છે?

(૩) અદાણી પાવર લી. ક્યા ભાવે વીજળી આપશે તે બાબતે એપલેટ ટ્રીબ્યુનલ નો હાલ ની સ્થિતિએ ચુકાદો આવેલ નથી.

દહેગામ તાલુકામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા મંજુર અરજીઓ

## રાજકોટ ખાણ અને ખનીજ ખાતાનું ઈ રોયલ્ટી બંધ રહેતા થયેલ આર્થિક નુકશાન

* ૨૬૬૩૩ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય ખાણ – ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૧૫-૦૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખાણ-ખનીજ કમિશ્નરશ્રીના તાબા હેઠળની રાજકોટ ખનીજ સંશોધન વર્તુળ કચેરીના ભૂસ્તર શાસ્ત્રીઓને ગેરકાયદેસર રીતે ભૂસ્તર શાસ્ત્રીઓને ખાણ અને ખનીજ કમિશ્નરશ્રી ગાંધીનગર ખાતે નિમણૂંક આપેલ અને તેઓની સરકારી ફરજો પ્રત્યે બેદરકારી અને નિષ્કાળજીના કારણોસર ખાણ અને ખનીજ ખાતાનું ઈ રોયલ્ટી સર્વર સળંગ સાત દિવસ સુધી બંધ રહેતા સરકારશ્રીને મોટુ આર્થિક નુકશાન થયા અંગેની કેટલી ફરિયાદો મળેલ છે.

(૧) આવી કોઈ ફરિયાદ મળેલ નથી.

(૨) આ ફરિયાદો સંબંધમાં ઉક્ત સ્થિતિએ તેમની નિમણૂંક તથા બેદરકાર ભરી ફરજો દાખવવા સામે શિક્ષાત્મક શા પગલા લીધા છે,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઈ રોયલ્ટી સર્વર બંધ રહ્યુ હતું તે સમયગાળા

(૩) જરૂરિયાત મુજબ મેન્યુઅલ પાસબુક આપવામાં

દરમિયાન વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરેલ છે કે નહી, અને

(૪) જો ના, તો વૈકલ્પિક વ્યવસ્થા ઉભી નહી કરવાના શા કારણો છે ?

આવેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પાટણ જિલ્લામાં બાજપાઈ સ્વરોજગાર યોજનાની અરજીઓ

* ૨૫૬૯૧ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) બાજપાઈ સ્વરોજગાર યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર અને કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી, અને

(૩) મંજુર કરાયેલ અરજીઓના લાભાર્થીઓને કુલ કેટલી રકમ ચુકવવામાં આવેલ છે ?

જવાબ

(૧) શ્રી બાજપાઈ બેંકેબલ યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર (અગાઉની પડતર સહીત) નીચે મુજબ અરજીઓ આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | કુલ |
|---|---|---|
| ૧ | પાટણ | ૨૦૧૪ |
| ૨ | ચાણસ્મા | ૧૦૦૯ |
| ૩ | સમી | ૩૩૯ |
| ૪ | હારીજ | ૪૭૨ |
| ૫ | રાધનપુર | ૧૭૮ |
| ૬ | સાંતલપુર | ૧૧૨ |
| ૭ | સિધ્ધપુર | ૯૧૪ |
| ૮ | શંખેશ્વર | ૧૩૦ |
| ૯ | સરસ્વતિ | ૭૫૩ |
| | કુલ | ૫૯૨૧ |

(૨) તે પૈકી જિલ્લા ઉદ્યોગ કેંદ્ર કક્ષાએ તથા બેંક કક્ષાએ નીચે મુજબ અરજીઓ મંજુર/નામંજુર કરવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | જિલ્લા ઉદ્યોગ કેંદ્ર | | બેંક કક્ષા | |
|---|---|---|---|---|---|
| | | મંજુર | નામંજુર | મંજુર | નામંજુર |
| ૧ | પાટણ | ૧૪૫૭ | ૪૩૫ | ૮૬૧ | ૬૦૯ |
| ૨ | ચાણસ્મા | ૬૫૪ | ૩૩૮ | ૪૧૩ | ૨૫૪ |
| ૩ | સમી | ૨૫૩ | ૭૮ | ૧૦૮ | ૮૯ |
| ૪ | હારીજ | ૩૪૨ | ૯૮ | ૧૦૯ | ૧૭૨ |
| ૫ | રાધનપુર | ૧૨૬ | ૪૮ | ૩૯ | ૮૭ |
| ૬ | સાંતલપુર | ૮૧ | ૨૨ | ૩૯ | ૭૧ |
| ૭ | સિધ્ધપુર | ૬૫૨ | ૨૫૪ | ૨૭૮ | ૩૧૭ |
| ૮ | શંખેશ્વર | ૯૩ | ૩૪ | ૨૫ | ૩૪ |
| ૯ | સરસ્વતિ | ૫૦૨ | ૧૮૯ | ૨૧૯ | ૧૯૧ |
| | કુલ | ૪૧૬૦ | ૧૪૯૬ | ૨૦૯ | ૧૮૨૪ |

(૩) મંજુર કરાયેલ અરજીઓના લાભાર્થીઓને નીચે મુજબ લોન/સહાય ચુકવવામાં આવેલ છે.

| વર્ષ | ચૂકવેલ લોન | | ચૂકવેલ સહાય | |
|---|---|---|---|---|
| | લાભાર્થિની સંખ્યા | રકમ રૂ.(લાખમાં) | લાભાર્થિની સંખ્યા | રકમ રૂ.(લાખમાં) |
| તા.૧–૦૧–૧૪ થી તા.૩૧–૧૨–૧૪ | ૯૯૩ | ૬૯૩.૨૦ | ૫૮૩ | ૬૮.૧૮ |

| | | | | |
|---|---|---|---|---|
| તા.૧-૦૧-૧૫ થી તા.૩૧-૧૨-૧૫ | ૧૦૯૮ | ૮૯૨.૦૦ | ૧૧૮૮ | ૧૮૩.૨૨ |
| | ૨૦૯૧ | ૧૫૮૫.૨૦ | ૧૭૭૧ | ૨૫૧.૪૦ |

બનાસકાંઠા જિલ્લામાં મનરેગા યોજના હેઠળ કામો પૂર્ણ કરવા બાબત

* ૨૫૬૬૮ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મનરેગા યોજના હેઠલ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા,

જવાબ

(૧) તા.૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મનરેગા યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર નીચેની વિગતે કામો પૂર્ણ કરવામાં આવ્યા.

| ક્રમ | તાલુકાનું નામ | પૂર્ણ કરવામાં આવેલ કામોની સંખ્યા | |
|---|---|---|---|
| | | તા.૦૧-૦૨-૨૦૧૪ થી તા.૩૧-૦૧-૨૦૧૫ | તા.૦૧-૦૨-૨૦૧૫ થી તા.૩૧-૦૧-૨૦૧૬ |
| ૧ | અમીરગઢ | ૧૩ | ૦ |
| ૨ | ભાભર | ૫૯ | ૯ |
| ૩ | દાંતા | ૮૩ | ૧૭ |
| ૪ | દાંતીવાડા | ૨૪૫ | ૩૦૩ |
| ૫ | ડીસા | ૨૫ | ૪૦ |
| ૬ | દિયોદર | ૦ | ૦ |
| ૭ | ધાનેરા | ૩૨ | ૮ |
| ૮ | કાંકરેજ | ૨૯ | ૨૬ |
| ૯ | લાખણી | ૦ | ૦ |
| ૧૦ | પાલનપુર | ૧૯ | ૦ |
| ૧૧ | સુઇગામ | ૨૧ | ૧૨ |
| ૧૨ | થરાદ | ૧૪૬ | ૮૪ |
| ૧૩ | વડગામ | ૨૨ | ૩૪ |
| ૧૪ | વાવ | ૪૩ | ૩૨ |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા કામો પ્રગતિ હેઠળ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ નીચેની વિગતે કામો પ્રગતિ હેઠળ છે.

| ક્રમ | તાલુકાનું નામ | પ્રગતિ હેઠળના કામોની સંખ્યા | |
|---|---|---|---|
| | | તા.૦૧-૦૨-૨૦૧૪ થી તા.૩૧-૦૧-૨૦૧૫ | તા.૦૧-૦૨-૨૦૧૫ થી તા.૩૧-૦૧-૨૦૧૬ |
| ૧ | અમીરગઢ | ૫૩ | ૨૪૬ |
| ૨ | ભાભર | ૧૯ | ૨૯ |
| ૩ | દાંતા | ૫૫ | ૧૫૧ |
| ૪ | દાંતીવાડા | ૧૬ | ૪૧ |
| ૫ | ડીસા | ૫૦ | ૬૮ |
| ૬ | દિયોદર | ૬૨ | ૧૨૭ |
| ૭ | ધાનેરા | ૧૦ | ૬૭ |
| ૮ | કાંકરેજ | ૩૦ | ૪૬ |

| | | | |
|---|---|---|---|
| ૯ | લાખણી | ૦ | ૩૪ |
| ૧૦ | પાલનપુર | ૧૫૪ | ૨૯૧ |
| ૧૧ | સુઇગામ | ૧૬ | ૧૪ |
| ૧૨ | થરાદ | ૨૬ | ૨૫ |
| ૧૩ | વડગામ | ૩૩ | ૪૪ |
| ૧૪ | વાવ | ૧૩ | ૧૭ |
| | કુલ... | ૫૩૭ | ૧૨૦૦ |

(૩) આ કામો કયા સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

(૩) શ્રમિકોની ઉપલબ્ધતા મુજબ સત્વરે પૂર્ણ કરવાનું આયોજન છે.

આણંદ અને ખેડા જિલ્લામાં ફલાઇંગ સ્કવોર્ડ દ્વારા પકડવામાં આવેલ ખનીજની ચોરી

* ૨૫૬૩૯ શ્રી નિરંજન પટેલ (પટેલાદ) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૧૬ની સ્થિતિએ ગાંધીનગરની ખાણ ખનીજની ફલાઇંગ સ્કવોર્ડ દ્વારા આણંદ અને ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા દરોડાઓ પાડી કેટલી રકમની ખનીજની ચોરી પકડી, અને

(૨) તે અન્વયે આ જીલ્લાના અધિકારીઓની ફરજમાં નિષ્કાળજી રાખી રેડ નહીં પાડી ઉક્ત ગેરકાનુની પ્રવૃત્તિમાં મદદગારી સંદર્ભમાં કેટલા અધિકારીઓ સામે સરકારે શા પગલાં લીધા છે ?

જવાબ

(૧) આણંદ જિલ્લામાં ૦૯ દરોડા પાડી રૂ.૮૯.૭૦ લાખની અને ખેડા જિલ્લમાં ૦૫ દરોડા પાડી રૂ.૮.૪૪ લાખની ખનિજ ચોરી પકડેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ડાંગ જિલ્લામાં વ્યક્તિગત શૌચાલયો

* ૨૬૬૦૧ શ્રી મંગળભાઈ ગાવિત (ડાંગ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડાંગ જિલ્લામાં વ્યક્તિગત શૌચાલયો માટેની કેટલી અરજીઓ આવી,

(૨) તે અન્વયે કેટલી મંજુર કરી, અને

(૩) ઉક્ત સ્થિતિએ પડતર અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરાશે ?

જવાબ

(૧) તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડાંગ જિલ્લામાં વ્યક્તિગત શૌચાલયો બનાવવા માટે કોઇપણ અરજીઓ આવેલ નથી.

(૨) પ્રશ્ન રહેતો નથી.

(૨) પ્રશ્ન રહેતો નથી.

દાહોદ જિલ્લામાં મનરેગા યોજના અન્વયે રોજગારી

* ૨૬૧૯૭ શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં મનરેગા યોજના અન્વયે કેટલા લોકોને વર્ષવાર રોજગારી આપવામાં આવી,

જવાબ

(૧) તા.૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં મનરેગા યોજના અન્વયે વર્ષવાર રોજગારી આપવામાં આવેલ કુટુંબોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | રોજગારી આપવામાં આવેલ કુટુંબોની સંખ્યા | |
|---|---|---|---|
| | | તા.૦૧–૦૨–૨૦૧૪ થી તા.૩૧–૦૧–૨૦૧૫ | તા.૦૧–૦૨–૨૦૧૫ થી તા.૩૧–૦૧–૨૦૧૬ |
| ૧ | દાહોદ | ૯૯૪૨ | ૭૬૩૫ |
| ૨ | દેવગઢ બારીયા | ૧૯૮૪૫ | ૨૩૧૨૩ |
| ૩ | ધાનપુર | ૯૪૬૪ | ૧૭૫૭૧ |
| ૪ | ફતેપુરા | ૩૨૨૨ | ૨૨૯૮ |
| ૫ | ગરબાડા | ૧૮૫૬૩ | ૮૦૭૨ |
| ૬ | ઝાલોદ | ૧૦૬૯૧ | ૭૯૫૮ |

| | | | |
|---|---|---|---|
| ૭ | લીમખેડા | ૨૨૧૦૦ | ૧૫૨૧૮ |
| ૮ | સંજેલી | ૧૮૪૨ | ૧૩૫૫ |
| | કુલ... | ૯૫૬૬૯ | ૮૩૨૩૦ |

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર કેટલો ખર્ચ થયો, અને

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | રોજગારી અન્વયે થયેલ ખર્ચ રકમ રૂ઼ા. (લાખમાં) | |
|---|---|---|---|
| | | તા.૦૧-૦૨-૨૦૧૪ થી તા.૩૧-૦૧-૨૦૧૫ | તા.૦૧-૦૨-૨૦૧૫ થી તા.૩૧-૦૧-૨૦૧૬ |
| ૧ | દાહોદ | ૪૩૯.૪૨ | ૧૩૦.૦૬ |
| ૨ | દેવગઢ બારીયા | ૬૧૬.૮૭ | ૬૩૬.૨૯ |
| ૩ | ધાનપુર | ૩૩૨.૧૪ | ૩૭૩.૫૧ |
| ૪ | ફતેપુરા | ૬૫.૮૮ | ૩૬.૬૨ |
| ૫ | ગરબાડા | ૫૪૪.૦૪ | ૪૦.૩૧ |
| ૬ | ઝાલોદ | ૪૬૫.૯૫ | ૬૭.૧૫ |
| ૭ | લીમખેડા | ૧૦૨૬.૫૧ | ૮૪.૯૮ |
| ૮ | સંજેલી | ૫૩.૪૧ | ૬.૯૩ |

(૩) ઉક્ત વર્ષવાર કયા પ્રકારની ગેરરીતીઓની ફરીયાદો મળી અને તે અન્વયે શાં પગલાં લીધા ?

(૩) સને ૨૦૧૪ અને ૨૦૧૫માં નાણાકિય ગેરરિતીઓની ફરીયાદો મળેલ છે અને તે અન્વયે જિલ્લા કક્ષાએથી તપાસ કરેલ છે અને સબંધિત જવાબદારો સામે જરૂરી પગલા લેવાની કાર્યવાહી પ્રગતિમાં છે.

ઉના તાલુકાના ખાપર ગામમાં ગેરકાયદેસર ચાલતી પથ્થરની ખાણોની તપાસ

* ૨૬૬૪૦ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય ખાણ-ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

(૧) ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના ખાપટ ગામમાં ગેરકાયદેસર ચાલતી પથ્થરની ખાણોની તપાસ કરવા તા.૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયારે ચેકીંગ/તપાસ કરવામાં આવ્યું,

(૧) તા.૫-૭-૧૪ અને તા.૧૦-૭-૧૪ના રોજ ચેંકીંગ/તપાસ કરવામાં આવેલ છે.

(૨) તે અન્વયે કેટલી ખનીજ ચોરી પકડાઈ,

(૨) રૂ.૧૩૫.૫૭ લાખની ૫૧૩૭૪ મે.ટનની ખનીજ ચોરી પકડાયેલ છે.

(૩) તે અન્વયે કેટલો દંડ કરવામાં આવ્યો અને કેટલા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ૦૨ ઈસમોને રૂ.૧૩૫.૫૭ લાખ ભરપાઈ કરવા નોટીસ આપવામા આવેલ છે.

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત ગામમાં ખનીજચોરી થાય છે તેવી ફરીયાદ કે રજુઆત મળેલ ?

(૪) ૦૪ (ચાર).

ગાંધીનગર જિલ્લામાં ખેતી વિષયક વિજ જોડાણો આપવા બાબત

* ૨૬૫૨૧ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર જિલ્લામાં ખેતી વિષયક હેતુ માટે કેટલા ખેડૂતોને વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલ કૃષિ વીજ જોડાણની વર્ષવાર વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણ |
|---|---|
| તા.૧-૨-૨૦૧૪ થી તા.૩૧-૧-૨૦૧૫ | ૯૫૫ |
| તા.૧-૨-૨૦૧૫ થી | ૧૧૯૬ |

| તા.૩૧-૦૧-૨૦૧૬ | |
|---|---|

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા ખેડૂતોની ખેતી વિષયક વિજ જોડાણ અંગેની અરજી પડતર છે ?

(૨) ઉક્ત સ્થિતિએ કૃષિ વીજ જોડાણો માટેની ૧૮૧૪ અરજીઓ પડતર છે.

અરવલ્લી જિલ્લામાં ૧૩માં અને ૧૪ માં નાણાપંચની રકમ ફાળવવા બાબત

* ૨૬૬૩૨ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૧૬ ની સ્થિતિએ ૧૩ માં અને ૧૪ માં નાણાપંચ અન્વયે અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર અને વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) તા.૩૧-૦૧-૨૦૧૬ ની સ્થિતિએ ૧૩ માં નાણાપંચ અન્વયે અરવલ્લી જિલ્લામાં તાલુ઼કવાર છેલ્લા બે વર્ષમાં થયેલ ફાળવણી નીચે મુજબ છે.

(રકમ રૂપિયા લાખમાં)

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૪-૧૫ માં મળેલ ગ્રાન્ટ પૈકી ફાળવેલ ગ્રાન્ટ | | |
|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૩-૧૪ | વર્ષ ૨૦૧૪-૧૫ માં ફાળવેલ ગ્રાન્ટ | વર્ષ ૨૦૧૫-૧૬ માં ફાળવેલ ગ્રાન્ટ |
| ૧ | બાયડ | ૨૭૮.૧૫ | ૨૩૩.૧૨ | ૬૪.૩૬ |
| ૨ | ભિલોડા | ૩૦૭.૭૬ | ૨૫૭.૯૪ | ૭૧.૨૧ |
| ૩ | ધનસુરા | ૧૪૩.૮૯ | ૧૨૦.૫૯ | ૩૩.૨૯ |
| ૪ | માલપુર | ૧૧૮.૭૫ | ૯૯.૫૨ | ૨૭.૪૮ |
| ૫ | મેઘરજ | ૧૧૯.૯૮ | ૧૬૫.૦૮ | ૪૫.૫૮ |
| ૬ | મોડાસા | ૨૦૫.૮૦ | ૧૭૨.૪૮ | ૪૭.૬૨ |
| | કુલ | ૧૧૭૪.૩૩ | ૧૦૪૮.૭૩ | ૨૮૯.૫૪ |

તા.૩૧-૦૧-૨૦૧૬ ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં ૧૪ માં નાણાપંચ અન્વયે ફાળવેલ રકમની તાલુકાવાર વર્ષ ૨૦૧૪-૧૫માં થયેલ ફાળવણી નીચે મુજબ છે. ૧૪મું નાણાપંચ તા.૧-૪-૨૦૧૫ થી અમલમાં આવેલ હોઇ, આગળના વર્ષની માહિતી આપવાની થતી નથી.

(રકમ રૂપિયા લાખમાં)

| ક્રમ | તાલુકાનું નામ | કુલ ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|---|
| ૧ | બાયડ | ૪૪૦.૧૧૭ |
| ૨ | ભિલોડા | ૮૧૩.૯૬૯ |
| ૩ | ધનસુરા | ૩૮૯.૧૪૭ |
| ૪ | માલપુર | ૨૧૮.૮૭૩ |
| ૫ | મેઘરજ | ૪૯૯.૭૫૫ |
| ૬ | મોડાસા | ૪૧૭.૯૧૬ |

(૨) તા.૩૧-૦૧-૨૦૧૬ ની સ્થિતિએ ૧૩ માં નાણાપંચ અન્વયે અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં થયેલ ખર્ચ નીચે મુજબ છે.

(રકમ રૂપિયા લાખમાં)

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૩-૧૪ | વર્ષ ૨૦૧૪-૧૫ | વર્ષ ૨૦૧૫-૧૬ |
|---|---|---|---|---|
| ૧ | બાયડ | ૨૭૮.૧૫ | ૨૩૩.૧૨ | ૫૮.૩૬ |
| | ભિલોડા | ૩૦૭.૭૬ | ૨૫૭.૯૪ | ૬૮.૨૧ |
| | ધનસુરા | ૧૪૩.૮૯ | ૧૨૦.૫૯ | ૨૮.૨૯ |
| | માલપુર | ૧૧૮.૭૫ | ૯૯.૫૨ | ૨૨.૪૮ |
| | મેઘરજ | ૧૧૯.૯૮ | ૧૬૫.૦૮ | ૩૮.૫૮ |
| | મોડાસા | ૨૦૫.૮૦ | ૧૭૨.૪૮ | ૪૧.૬૨ |

| | | | | |
|---|---|---|---|---|
| | કુલ | ૧૧૭૪.૩૩ | ૧૦૪૮.૭૩ | ૨૫૭.૫૪ |

તા.૩૧-૦૧-૨૦૧૬ ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં ૧૪ માં નાણાપંચ અન્વયે મળેલ રકમ પૈકી કોઇ ખર્ચ થયેલ નથી.

અમદાવાદ જિલ્લામાં કુટીર ઉદ્યોગ શરૂ કરવા આવેલ અરજીઓ

* ૨૫૬૪૯ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કુટીર ઉદ્યોગ શરૂ કરવા કેટલી અરજીઓ આવી, અને

(૨) તે અન્વયે વર્ષવાર કેટલી મંજુરી આપવામાં આવી ?

જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૬ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં નીચે મુજબ તાલુકાવાર કુટિર ઉદ્યોગ શરૂ કરવા અરજીઓ આવેલ છે.

| અ. નં. | તાલુકાનું નામ | ૧-૨-૧૪ થી ૩૧-૧-૧૫ | ૧-૨-૧૫ થી ૩૧-૧-૧૬ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૮૦૮૪ | ૮૫૭૧ | ૧૬૬૫૫ |
| ૨ | દસ્ક્રોઇ | ૭૨૮ | ૧૦૩૦ | ૧૭૫૮ |
| ૩ | દેત્રોજ | ૧૬૪ | ૨૦૨ | ૩૬૬ |
| ૪ | ધંધુકા | ૨૩૮ | ૩૫૭ | ૫૯૫ |
| ૫ | ધોળકા | ૨૧૪ | ૫૪૯ | ૭૬૩ |
| ૬ | બાવળા | ૧૫૭ | ૨૯૦ | ૪૪૭ |
| ૭ | માંડલ | ૫૯ | ૭૨ | ૧૩૧ |
| ૮ | વિરમગામ | ૩૯૫ | ૩૭૩ | ૭૬૮ |
| ૯ | સાણંદ | ૧૮૮ | ૩૦૭ | ૪૯૫ |
| ૧૦ | ધોલેરા | ૦ | ૧૧ | ૧૧ |
| | કુલ | ૧૦૨૨૭ | ૧૧૭૬૨ | ૨૧૯૮૯ |

(૨) તે અન્વયે જિલ્લા ઉદ્યોગ કેંદ્ર કક્ષાએ બેંક કક્ષાએ વર્ષવાર નીચે મુજબની અરજીઓની મંજુરી આપવામાં આવેલ છે.

| વિગત | ૧-૨-૧૪ થી ૩૧-૧-૧૫ | ૧-૨-૧૫ થી ૩૧-૧-૧૬ | કુલ અરજીઓ |
|---|---|---|---|
| જિલ્લા ઉદ્યોગ કેંદ્ર દ્વારા બેંકોને ભલામણ કરેલ અરજીઓ | ૭૫૦૬ | ૮૧૬૬ | ૧૫૬૭૨ |
| બેંકોએ મંજુર કરેલ અરજીઓ | ૪૦૨૬ | ૪૩૯૯ | ૮૪૨૫ |

મહીસાગર જિલ્લામાં ખનીજ ચોરીના કેસો

* ૨૫૬૫૯ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાશિનોર) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં તાલુકાવાર ખનીજની ચોરીના કેટલા કેસો નોંધાયા, તે અન્વયે કેટલી રકમની ચોરી પકડવામાં આવી, અને કેટલો દંડ વસુલવામાં આવ્યો, અને

જવાબ

(૧)

| ક્રમ | તાલુકો | ખનિજ ચોરીના કેસોની સંખ્યા | ખનિજ ચોરીની રકમ (રૂ।.) | વસુલવામાં આવેલ દંડની રકમ (રૂ।.) |
|---|---|---|---|---|
| ૧ | લુણાવાડા | ૪૫ | ૧૨,૫૯,૮૭૨ | ૧૨,૫૯,૮૭૨ |
| ૨ | બાલાશિનોર | ૪૨ | ૭,૭૫,૧૧૨ | ૭,૭૫,૧૧૨ |
| ૩ | ખાનપુર | ૦૬ | ૧,૨૩,૯૦૦ | ૧,૨૩,૯૦૦ |
| ૪ | વિરપુર | ૧૧ | ૫૫,૫૭,૭૧૦ | ૨,૪૭,૩૫૭ |
| ૫ | સંતરામપુર | ૦૫ | ૯૨,૫૦૦ | ૯૨,૫૦૦ |
| ૬ | કડાણા | ૦૧ | ૧૫,૪૦૦ | ૦ |
| | કુલ | ૧૧૦ | ૭૮,૨૪,૪૯૪ | ૨૪,૯૮,૭૪૧ |

(૨) ઉક્ત કેસો પૈકી કેટલા કેસોમાં માંડવાળ કરી અને કેટલા કેસોમાં કાનુની કાર્યવાહી કરી ?

(૨) ૧૦૮ કેસોમાં વસુલાત કરવામાં આવેલ છે. જેથી આ કેસો હવે રહેતા નથી. જ્યારે ૨ કેસોમાં કાનૂની કાર્યવાહી કરી.

વલસાડ જિલ્લામાં ઇન્દિરા આવાસ યોજના હેઠળ મંજૂર કરેલ આવાસો

* ૨૬૩૮૯ શ્રી ઇશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં ઇન્દિરા આવાસ યોજના હેઠળ કેટલા આવાસો મંજુર કરવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર કેટલા આવાસોનો કબજો લાભાર્થીઓને આપવામાં આવ્યો ?

જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઇન્દિરા આવાસ યોજના હેઠળ ૧૩૬૭ આવાસો મંજુર કરવામાં આવ્યા જેની વર્ષવાર અને તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | વલસાડ | પારડી | વાપી | ઉમરગામ | ધરમપુર | કપરાડા | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૨૦૧૪–૧૫ | ૧૮૯ | ૧૭૦ | ૫૪ | ૧૦૫ | ૧૬૮ | ૩૯૩ | ૧૦૭૯ |
| ૨૦૧૫–૧૬ | ૪૦ | ૫૦ | ૨૨ | ૨૩ | ૧૦૦ | ૫૩ | ૨૮૮ |
| કુલ | ૨૨૯ | ૨૨૦ | ૭૬ | ૧૨૮ | ૨૬૮ | ૪૪૬ | ૧૩૬૭ |

(૨) ઇન્દિરા આવાસ યોજનામાં લાભાર્થી જાતે આવાસનું બાંધકામ કરતા હોઇ કબજો આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં રેતીની લીઝ પેટે વસુલ કરવામાં આવેલ રકમ

* ૨૫૮૦૪ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય ખાણ–ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રેતીની લીઝ પેટે સરકારે રોયલ્ટીની રકમ પેટે તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કુલ કેટલી રકમ વસૂલ કરેલ છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ વર્ષવાર અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર કેટલી રકમ જિલ્લા પંચાયતોને ચુકવવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ જો ચુકવવાપાત્ર રકમ પુરી ચુકવાઇ ન હોય તો તેના કારણો શા છે ?

જવાબ

(૧)

| વર્ષ | અમદાવાદ | ગાંધીનગર |
|---|---|---|
| વર્ષ–૨૦૧૪ | રૂ.૧૫૧.૮૨ લાખ | રૂ.૪૯૯.૮૯ લાખ |
| વર્ષ–૨૦૧૫ | રૂ.૯૨.૭૫ લાખ | રૂ.૫૭૫.૯૪ લાખ |

(૨) ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૫–૦૮–૧૯૯૪ ના ઠરાવ અનુસાર રેતી, કંકર અને ગ્રેવલ ગૌણ ખનિજો પર મળતી રોયલ્ટી અને ડેડરેન્ટની આવકનું ૯૫% અનુદાન જિલ્લા પંચાયતોને આપવામાં આવે છે.

| અમદાવાદ જિલ્લો | ગાંધીનગર જિલ્લો |
|---|---|
| વર્ષ ૨૦૧૪ પેટે રૂ.૧૪૪.૨૩ લાખ તથા વર્ષ ૨૦૧૫ પેટે રૂ.૫૪.૫૦ લાખ. | વર્ષ ૨૦૧૪ પેટે રૂ.૪૭૪.૯૦ લાખ તથા વર્ષ ૨૦૧૫ પેટે રૂ.૪૪૮.૮૨ લાખ. |

(૩) વર્ષ ૨૦૧૪ નું ચુકવણુ પૂર્ણ થયેલ છે. વર્ષ–૨૦૧૫ ની આવકના મેળવણાંની કામગીરી ચાલુ છે, જે પૂર્ણ થયેથી બાકીની રકમ ચુકવવામાં આવશે.

સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર સંવર્ગવાર મહેકમ

* ૨૬૬૧૭ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર સંવર્ગવાર મંજુર મહેકમ કેટલું છે,

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | સંવર્ગ | મંજુર મહેકમ |
|---|---|---|---|
| ૧ | હિંમતનગર | વર્ગ–૧ | ૦ |
| | | વર્ગ–૨ | ૧ |
| | | વર્ગ–૩ | ૨૪ |
| | | વર્ગ–૪ | ૭ |
| | | કુલ | ૩૨ |
| ૨ | પ્રાંતિજ | વર્ગ–૧ | ૦ |

| | | | |
|---|---|---|---|
| | | વર્ગ–૨ | ૧ |
| | | વર્ગ–૩ | ૨૨ |
| | | વર્ગ–૪ | ૭ |
| | | કુલ | ૩૦ |
| ૩ | ઇડર | વર્ગ–૧ | ૦ |
| | | વર્ગ–૨ | ૧ |
| | | વર્ગ–૩ | ૨૧ |
| | | વર્ગ–૪ | ૮ |
| | | કુલ | ૩૦ |
| ૪ | ખેડબ્રહ્મા | વર્ગ–૧ | ૧ |
| | | વર્ગ–૨ | ૦ |
| | | વર્ગ–૩ | ૨૨ |
| | | વર્ગ–૪ | ૬ |
| | | કુલ | ૨૯ |
| ૫ | વિજયનગર | વર્ગ–૧ | ૦ |
| | | વર્ગ–૨ | ૧ |
| | | વર્ગ–૩ | ૧૮ |
| | | વર્ગ–૪ | ૫ |
| | | કુલ | ૨૪ |
| ૬ | તલોદ | વર્ગ–૧ | ૦ |
| | | વર્ગ–૨ | ૧ |
| | | વર્ગ–૩ | ૧૧ |
| | | વર્ગ–૪ | ૨ |
| | | કુલ | ૧૪ |
| ૭ | વડાલી | વર્ગ–૧ | ૦ |
| | | વર્ગ–૨ | ૧ |
| | | વર્ગ–૩ | ૧૩ |
| | | વર્ગ–૪ | ૨ |
| | | કુલ | ૧૬ |
| ૮ | પોશીના | વર્ગ–૧ | ૦ |
| | | વર્ગ–૨ | ૧ |
| | | વર્ગ–૩ | ૧૧ |
| | | વર્ગ–૪ | ૦ |
| | | કુલ | ૧૨ |

(૨) તે અન્વયે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | સંવર્ગ | ખાલી જગ્યાઓ | ખાલી જગ્યાનો સમયગાળો | | |
|---|---|---|---|---|---|---|
| | | | | ૧ વર્ષ સુધીની જગ્યાઓ | ૧ થી ૩ વર્ષ સુધીની જગ્યાઓ | ૩ વર્ષ ઉપરની જગ્યાઓ |
| ૧ | હિંમતનગર | વર્ગ–૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | વર્ગ–૩ | ૧૨ | ૪ | ૪ | ૪ |
| | | વર્ગ–૪ | ૪ | ૦ | ૨ | ૨ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | કુલ | ૧૬ | ૪ | ૬ | ૬ |
| ૨ | પ્રાંતિજ | વર્ગ–૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | વર્ગ–૩ | ૧૦ | ૨ | ૪ | ૪ |
| | | વર્ગ–૪ | ૩ | ૦ | ૩ | ૦ |
| | | કુલ | ૧૩ | ૨ | ૭ | ૪ |
| ૩ | ઇડર | વર્ગ–૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | વર્ગ–૩ | ૮ | ૪ | ૧ | ૩ |
| | | વર્ગ–૪ | ૪ | ૧ | ૧ | ૨ |
| | | કુલ | ૧૨ | ૫ | ૨ | ૫ |
| ૪ | ખેડબ્રહ્મા | વર્ગ–૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | વર્ગ–૩ | ૧૩ | ૨ | ૬ | ૫ |
| | | વર્ગ–૪ | ૨ | ૧ | ૦ | ૧ |
| | | કુલ | ૧૫ | ૩ | ૬ | ૬ |
| ૫ | વિજયનગર | વર્ગ–૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૧ | ૦ | ૧ | ૦ |
| | | વર્ગ–૩ | ૯ | ૧ | ૪ | ૪ |
| | | વર્ગ–૪ | ૨ | ૧ | ૦ | ૧ |
| | | કુલ | ૧૨ | ૨ | ૫ | ૫ |
| ૬ | તલોદ | વર્ગ–૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૧ | ૧ | ૦ | ૦ |
| | | વર્ગ–૩ | ૫ | ૦ | ૪ | ૧ |
| | | વર્ગ–૪ | ૧ | ૦ | ૦ | ૧ |
| | | કુલ | ૭ | ૧ | ૪ | ૨ |
| ૭ | વડાલી | વર્ગ– | ૦ | ૦ | ૦ | ૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | ૧ | | | | |
| | | વર્ગ-૨ | ૧ | ૦ | ૧ | ૦ |
| | | વર્ગ-૩ | ૭ | ૦ | ૩ | ૪ |
| | | વર્ગ-૪ | ૧ | ૦ | ૧ | ૦ |
| | | કુલ | ૯ | ૦ | ૫ | ૪ |
| ૮ | પોશીના | વર્ગ-૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | વર્ગ-૨ | ૧ | ૧ | ૦ | ૦ |
| | | વર્ગ-૩ | ૭ | ૭ | ૦ | ૦ |
| | | વર્ગ-૪ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | કુલ | ૮ | ૮ | ૦ | ૦ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારનું શું આયોજન છે ?

(૩) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ બનતી ત્વરાએ.

મહીસાગર જિલ્લામાં ઝુપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ મળેલ અરજીઓ

* ૨૫૬૪૨ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી કેટલા વીજ જોડાણ આપવામાં આવ્યા,

(૩) કેટલી અરજીઓ ક્યા કારણોસર નામંજૂર કરી, અને

(૪) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે અને તેનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

જવાબ

(૧) ‘‘ઝૂંપડા વીજળીકરણ યોજના’’ અંતર્ગત વીજ જોડાણ મેળવવા માટે મહીસાગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૨૨૭૩ અરજીઓ મળી.

(૨) તે પૈકી ૧૫૯૯ અરજીઓ મંજૂર કરી તમામને વીજ જોડાણ આપવામાં આવ્યા.

(૩) ૬૭૪ અરજીઓ નીચેના કારણોસર નામંજૂર થયેલ છે.

(૧) ૨૫૭ અરજીઓ પૂરતા દસ્તાવેજો રજૂ ન કરેલ હોવાથી,
(૨) ૨૧ અરજીઓ સ્થળ પર વીજ જોડાણ હયાત હોવાથી,
(૩) ૩૧૭ અરજીઓ યોજનામાં સમાવિષ્ટ ન હોય તેવા પાકા મકાનો ધરાવતાં હોવાથી,
(૪) ૬૪ અરજીઓ અગાઉનાં વીજ બીલની રકમ ભરપાઇ કરવાની બાકી હોવાથી,
(૫) ૧ અરજી વીજ જોડાણનો હેતુ રહેણાંક ને બદલે વાણિજ્યિક દર્શાવેલ હોવાથી,
(૬) ૧૪ અરજીઓ અરજદારની વીજ જોડાણ મેળવવાની નામરજી હોવાથી.

(૪) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ આ યોજના અંતર્ગત કોઇ અરજી પડતર નથી.

જી.એસ.આર.ડી.સી. અને દહેજ એસ.ઇ.ઝેડ.લી. ના કર્મચારીઓને છઠ્ઠા પગારપંચનો લાભ

* ૨૫૯૩૫ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકના ગુજરાત સ્ટેટ રૂરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ અને દહેજ એસ.ઇ.ઝેડ. લી. ના કર્મચારીઓને છઠ્ઠા પગારપંચના લાભો આપવામાં આવેલ નથી તે હકીકત સાચી છે, અને

જવાબ

(૧) હા.

(૨) જો હા, તો તેના કારણો શા છે અને ઉક્ત બોર્ડ/નિગમના કર્મચારીઓને છઠ્ઠા પગારપંચના લાભ ક્યારથી આપવામાં આવશે ?

(૨) ૧. ગુજરાત રૂરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડના કર્મચારીઓને તા.૦૬-૦૨-૨૦૧૬ ના ઠરાવથી છઠ્ઠા પગારપંચનો લાભ મંજુર કરવામાં આવેલ છે.

૨. દહેજ એસ.ઇ.ઝેડ.લી. એ રાજ્ય સરકારશ્રીનું બોર્ડ કે નિગમ ન હોઇ, છઠ્ઠા પગારપંચના અમલનો પ્રશ્ન નથી.

મહીસાગર જિલ્લામાં ગુજરાત વિજ અધિનિયમ-૨૦૦૩ ની જોગવાઇ અંતર્ગત નોંધાયેલ કેસ

* ૨૫૬૫૪ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં ગુજરાત વિજ અધિનિયમ-૨૦૦૩ ની જોગવાઇ મુજબ કલમ નં.૧૨૬ અંતર્ગત છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કુલ કેટલા કેસ નોંધાયા,

(૨) તે પેટે કુલ કેટલી રકમની દંડનીય આકારણી કરવામાં આવી,

(૩) તે પૈકી કુલ કેટલી રકમની વસુલાત કરવામાં આવી, અને

જવાબ

(૧), (૨) અને (૩)

વીજ અધિનિયમ-૨૦૦૩ ની કલમ-૧૨૬ અંતર્ગત મહીસાગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નોંધાયેલ કેસો, આ કેસોમાં આકારવામાં આવેલ રકમ અને વસુલાત કરવામાં આવેલ રકમની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | કલમ-૧૨૬ હેઠળ નોંધાયેલ કેસોની સંખ્યા | આ કેસોમાં આકારવામાં આવેલ રકમ (રૂ.લાખમાં) | વસુલાત કરવામાં આવેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| લુણાવાડા | ૪૦ | ૦.૩૬ | ૦.૩૩ |
| ખાનપુર | ૨૪ | ૦.૧૩ | ૦.૦૫ |
| સંતરામપુર | ૬૬ | ૧.૪૫ | ૦.૫૧ |
| કડાણા | ૨૮ | ૦.૪૮ | ૦.૩૫ |
| બાલાસિનોર | ૧૧૮ | ૧૦.૯૨ | ૧૦.૨૭ |
| વિરપુર | ૩૬ | ૪.૮૪ | ૨.૬૮ |
| કુલ | ૩૧૨ | ૧૮.૧૮ | ૧૪.૧૯ |

(૪) ઉક્ત કાર્યવાહીથી વિજ વપરાશમાં અનિયમિતતા અને ચોરીનું દુષણ અટકાવવા અન્વયે શો લાભ થયો ?

(૪) આ કાર્યવાહીથી વીજ વપરાશમાં અનિયમિતતા અને ચોરીનું દૂષણ ડામવામાં નીચે મુજબનાં લાભ થયેલ છે.

(૧) વીજ ગ્રાહકોમાં તેઓની સામાજિક પ્રતિષ્ઠામાં ઘટાડો થવાની બીકથી વીજચોરી ન કરવા બાબતે જાગૃતિ વધેલ છે.

(૨) વીજ ચોરી પકડાય તેવા સ્થાનોએ પરંપરાગત વીજ વાયરોના બદલે ઇન્સ્યુલેટેડ વાયરોના ઉપયોગથી લંગરીયા દ્વારા થતી વીજ ચોરીમાં ઘટાડો નોંધાયેલછે.

(૩) મોટા ઔદ્યોગિક તેમજ વાણિજિયક સ્થાપનો પર અદ્યતન ઇલેક્ટ્રોનીક વીજ મીટરો લગાડવાથી વીજ વપરાશની નિયમિત નોંધણી અને અવલોકન શક્ય બનેલ છે તેથી આ કક્ષાના ગ્રાહકો વીજ ચોરી કરતા અટકે છે.

(૪) દરેક સબ ડીવીઝન કક્ષાએથી વીજ સ્થાપનોના નિયમિત ચેકીંગ અને વીજ કંપની/ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. દ્વારા સમયાંતરે થતા માસ ચેકિંગને કારણે વીજ ચોરીમાં ઘટાડો નોંધાયેલ છે.

કપરાડા તાલુકાને પાઇપલાઇનથી રાંધણ ગેસ આપવાની યોજના

* ૨૬૬૪૨ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય પેટ્રોલીયમ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાને પાઇપલાઇનથી

જવાબ

(૧) કોઇપણ તાલુકા/શહેરમાં પાઇપલાઇન દ્વારા ઘરેલું ગેસ પુરો પાડવા માટે ભારત સરકારના પેટ્રોલીયમ અને

રાંધણગેસ આપવાની કોઇ યોજના કરવામાં આવેલ છે કે કેમ,

નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડની માન્યતા જરૂરી છે. પેટ્રોલીયમ અને નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ દ્વારા ગુજરાત ગેસ લી. ને વલસાડ વિસ્તાર માટે જે માન્યતા મળેલ છે તે અંતર્ગત તેમાં કપરાડા તાલુકાનો સમાવેશ થતો નથી અને તે મુજબ તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાને પાઇપલાઇનથી રાંધણગેસ આપવાનું હાલમાં કોઇ આયોજન કરવામાં આવેલ નથી.

(૨) જો હા, તો તેની વિગતો શું છે, અને

(૩) જો ના, તો તેના કારણો શું છે ?

(૨) લાગુ પડતો નથી.

(૩) કપરાડા તાલુકામાં ઘરેલું ગેસ પુરો પાડવા માટે ભારત સરકારના પેટ્રોલીયમ અને નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ દ્વારા કોઇ કંપનીને ઓથોરાઇઝેશન આપવામાં આવેલ નથી. જો ભવિષ્યમાં કપરાડા તાલુકા માટે ભારત સરકારના પેટ્રોલીયમ અને નેચરલ રેગ્યુલેટરી બોર્ડ દ્વારા બિડ મંગાવવામાં આવે અને માન્યતા મળે તો જરૂરી મંજુરીઓને આધીન કપરાડા તાલુકામાં પાઇપલાઇન દ્વારા ગેસ આપવાનું આયોજન જે તે સફળ બીડર કંપની દ્વારા હાથ ધરી શકાય.

### જલાલપોર તાલુકામાં ઇન્દીરા આવાસ યોજનામાં આવાસ બાંધવા બાબત

* ૨૫૭૮૨ શ્રી પિયુષભાઈ દેસાઇ (નવસારી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ઇન્દિરા આવાસ યોજના હેઠળ નવસારી જિલ્લાના જલાલપોર તાલુકામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું,

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી, અને

(૩) ઉક્ત વહીવટી મંજુરી પૈકી કેટલા આવાસ બાંધકામની મંજુરી મહિલાઓના નામે આપવામાં આવી છે ?

જવાબ

(૧) ઇન્દિરા આવાસ યોજના હેઠળ નવસારી જિલ્લાના જલાલપોર તાલુકામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં ૧૧૪ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ ૧૧૪ આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી.

(૩) ઉક્ત વહીવટી મંજુરી પૈકી ૮૮ આવાસ બાંધકામની મંજુરી મહિલાઓના નામે આપવામાં આવી છે.

### બેચરાજી તાલુકામાં ઇન્દિરા આવાસ યોજનામાં આવાસ બાંધવા બાબત

* ૨૫૭૮૪ શ્રી નારાયણભાઈ પટેલ (ઉંઝા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ઇન્દિરા આવાસ યોજના હેઠળ મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું,

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી, અને

(૩) ઉક્ત વહીવટી મંજુરી પૈકી કેટલા આવાસ બાંધકામની મંજુરી મહિલાઓના નામે આપવામાં આવી છે ?

જવાબ

(૧) ઇન્દિરા આવાસ યોજના હેઠળ મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં ૪૫ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ ૪૫ આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી.

(૩) ઉક્ત વહીવટી મંજુરી પૈકી ૮ આવાસ બાંધકામની મંજુરી મહિલાઓના નામે આપવામાં આવી છે.

તા. ૨૯મી માર્ચ, ૨૦૧૬

પોઇન્ટ ઓફ ઓર્ડર

ખાણ અને ખનીજ વિભાગ પાસે અપીલની પડતર અરજીઓ

* ૨૬૬૨૮ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય ખાણ-ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં ખાણ અને ખનીજ વિભાગ પાસે કુલ કેટલી અપીલ અરજીઓ પડતર છે, અને | (૧) ૫૪૪ અપીલ અરજીઓ તથા ૫૨૨૯ રીવીઝન અરજીઓ. |
| (૨) આ પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ? | (૨) શક્ય તેટલી ઝડપથી. |

---------

પોઇન્ટ ઓફ ઓર્ડર

ગૃહમાં સ્ટીલની ફૂટપટ્ટી લઇ આવવા બાબત

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે પ્રશ્નોતરીના સમય દરમ્યાન કોંગ્રેસના ધારાસભ્યશ્રીઓએ પ્રશ્નોતરી સમયમાં વિઘ્ન નાંખ્યું પ્રશ્નોતરી રોકાવી એના સિવાય જે અઘટિત કૃત્ય કહેવાય એ સ્ટીલની ફૂટપટ્ટીઓ લઇને આવ્યા હતા, બધા જ ધારાસભ્યશ્રીઓના હાથમાં સ્ટીલની ફૂટપટ્ટી હતી. અગાઉના સત્રમાં પણ આ રીતે જ્યારે લાવ્યા ત્યારે મને ખ્યાલ છે કે આપે સૂચના આપી હતી કે આવી કોઇ સ્ટીલની વસ્તુ અહીંયા લઇને આવે નહીં. એવી સૂચના એ વખતે પણ આપે આપી હતી. પણ આપની સૂચનાનો અનાદર કરી આજે પણ લગભગ બધા જ ધારાસભ્યોના હાથમાં એક ફૂટ લાંબી સ્ટીલની પટ્ટી હતી અને તેઓ બેન્ચ ઉપર પછાડતા હતા. કોઇ વાર એવું બની જાય કે ઉશ્કેરાયને કોઇ કોંગ્રેસના સભ્ય અમારા પક્ષના સભ્યને કે આપના કોઇ અધિકારીશ્રીને મારી બેસે તો ગંભીર ઇજા થઇ શકે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા ગૃહમાં આવવા માટે સિક્યુરિટીનું ચેકઅપ નક્કી છે. નીચે પણ સિક્યુરિટી ચેકીંગ થાય છે, અહીંયા પણ ચેક થાય છે, લોબીમાં પણ થતું હશે આવા સંજોગોમાં ધારાસભ્યોની માન મર્યાદાને અને સન્માનને ધ્યાનમાં રાખી, નાગરીકનું, મુલાકાતીનું બધાનું ચેકીંગ થાય પણ ધારાસભ્ય છે માટે એમનું ચેકીંગ ન થાય એ આપણે સન્માન એમને આપીએ છીએ, છતાં પોતાના સન્માનને ધ્યાનમાં રાખીને આપણે જયારે આ ચેકીંગ ન કરતા હોઇએ અને આવી રીતે નિયમોનો ભંગ કરી જે કોઇને વાગી શકે, મારી શકાય, છૂટું નાખી શકાય એ પ્રકારની સ્ટીલની પટ્ટીઓ લઇને આજે ગૃહમાં તેઓ આવ્યા છે એ મારી દ્રષ્ટિએ બહુ ગંભીર બાબત છે. આની તપાસ થવી જોઇએ અને કોંગ્રેસ પક્ષના તમામ ધારાસભ્યોને એમણે જે આજે વિલંબ કર્યો પ્રશ્નોતરીમાં એના બદલ તો આપે એમને આખા દિવસ માટે ગૃહમાંથી સસ્પેન્ડ કર્યા એ બરાબર કર્યું છે પણ ફૂટપટ્ટી લઇને આવ્યા અને ઇજા કરી શકાય એવું સ્વરૂપ આપી શકાય એવી વસ્તુ લઇને આવ્યા એના માટે પણ એમની સામે અલગ કાર્યવાહી કરવી જોઇએ એવી મારી માગણી છે, જેથી ભવિષ્યમાં આવા પ્રકારનું કોઇ હથિયાર જેવું સાધન કોઇ લઇને ગૃહમાં ન આવે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલે જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો છે. પ્રશ્નોતરીના સમય દરમ્યાન વિપક્ષના તમામ સભ્યશ્રીઓએ જે પ્લે કાર્ડનું પ્રદર્શન કર્યું, સ્ટીલની ફૂટપટ્ટીઓ લઇને આવ્યા અને ટેબલ ઉપર પછાડવામાં આવી, આપણે સૌ ગૃહના સભ્યશ્રીઓ નિયમોથી ખૂબ વાકેફ છીએ કે, ગૃહમાં જ્યારે સભ્યશ્રી આવતા હોય તો પાણી પણ સાથે લઇને આવવાનું એલાઉ કરતા નથી અને કોઇ પણ જાતનું પ્રદર્શન કરી શકતા નથી. કોઇ સભ્યને કોઇ તકલીફ હોય તો પાણી પીવું હોય તો પણ અધ્યક્ષશ્રીની મંજૂરી મળ્યા બાદ આપણે એને મંજૂરી આપતા હોઇએ છીએ. ગઇ કાલે પણ આજ પ્રકારનું પ્રદર્શન મે ના પાડી હોવા છતાં પ્લે કાર્ડ સાથે કર્યું, વેલમાં આવી ગયા છતાં પણ આપણે ઉદાર મને એમ કહ્યું કે, આટલા દિવસ ખૂબ સારી રીતે વિધાનસભા ચાલી છે ત્યારે મારે કોઇને સસ્પેન્ડ કરવા નથી. વોકઆઉટ કરીને ફરી અહીંયા ગૃહમાં આવ્યા, શાસક પક્ષે પણ એમને સસ્પેન્ડ કરવા માટે વેલમાં આવી ગયા છતાં કોઇ પ્રસ્તાવ ન લાવ્યા, આજે ફરી એવી જ ઘટનાનું એમણે પુનરાવર્તન કર્યું છે એ ખરેખર અતિશય ગંભીર બાબત છે. પ્રશ્નોતરીનો સમય એ આપણા સૌના માટે ખૂબ અગત્યનો છે અને માનનીય ધારાસભ્યશ્રીઓ પોતાના વિસ્તારના પ્રશ્નો પૂછતા હોય છે ત્યારે વિધાનસભા સચિવાલય અને સરકારી તંત્ર દ્વારા છેક ગામડાંથી, તાલુકા કક્ષાથી, જિલ્લા કક્ષાથી અને રાજય કક્ષાથી પ્રશ્ન લઇને અહીંયા સુધી આવતા હોય છે ત્યારે એનો સમય પણ ઘણો વપરાય છે અને નાણાકીય ખર્ચ પણ ઘણો થાય છે તો આ પ્રકારનું કૃત્ય જે વિપક્ષના મિત્રો દ્વારા કરવામાં આવ્યું છે એ ખરેખર યોગ્ય નથી એ તમામ સભ્યશ્રીઓને આપણે ઠપકો આપીએ છીએ અને સ્ટીલની ફૂટપટ્ટી લઇને સભ્યશ્રી ગૃહમાં આવ્યા છે, હું સચિવશ્રીને આદેશ કરું છું કે આ અંગે અલગથી તપાસ થશે અને તપાસ બાદ ગૃહને એનાથી વાકેફ કરવામાં આવશે.

પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન

ફૂટપટ્ટી ખાનામાં પડી રહેવા અંગે

શ્રી રાજેન્દ્ર સૂ. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન માટે કે હજુ બધી ફૂટપટ્ટીઓ અંદર પડી રહેલી છે એટલે તેને કબજે લેવડાવવી જોઇએ.

અધ્યક્ષશ્રી : એ સાર્જન્ટ મિત્રો લઇ લેશે અને કયા ટેબલ ઉપરથી મળી છે તેની યાદી પણ બનાવશે.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

ગુજરાત સ્ટેટ ફાઇનાન્સિયલ સર્વિસીસ લિમિટેડનો સન ૨૦૧૪-૧૫નો વાર્ષિક અહેવાલ

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

શ્રી સૌરભભાઇ પટેલ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટેટ ફાઇનાન્સિયલ સર્વિસીસ લિમિટેડનો સન ૨૦૧૪-૨૦૧૫નો વાર્ષિ અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ,હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ધોલેરા ઇન્ટરનેશનલ એરપોર્ટ કંપની લિમિટેડનો સન ૨૦૧૪-૨૦૧૫નો વાર્ષિક અહેવાલ

શ્રી જશાભાઇ ભા. બારડ ( રાજયકક્ષાના નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ધોલેરા ઇન્ટરનેશનલ એરપોર્ટ કંપની લિમિટેડનો સન ૨૦૧૪-૨૦૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો સન ૨૦૧૪-૧૫નો વાર્ષિક અહેવાલ

શ્રી જયેશકુમાર વિ. રાદડીયા ( રાજયકક્ષાના પાણી પુરવઠા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો સન ૨૦૧૪-૨૦૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તમેજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ,હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો સન ૨૦૧૪-૧૫નો વાર્ષિક અહેવાલ.

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો સન ૨૦૧૪-૨૦૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ,હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ કોરીડોર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૪-૧૫નો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ કોરીડોર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૪-૨૦૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ,હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૧૪-૧૫નો વાર્ષિક અહેવાલ

પ્રો વસુબેન ન. ત્રિવેદી ( રાજયકક્ષાના નર્મદા પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૧૪-૨૦૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ,હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર વિકાસ બોર્ડનો સન ૨૦૧૪-૧૫નો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉદ્યોગ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર વિકાસ બોર્ડનો સન ૨૦૧૪-૨૦૧૫નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ તથા વાર્ષિક હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ગુજરાત રાજય નાણાકીય નિગમનો સન ૨૦૧૪-૧૫ના વાર્ષિક હિસાબો પરનો ઓડિટ અહેવાલ

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉદ્યોગ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય નાણાકીય નિગમનો સન ૨૦૧૪-૨૦૧૫ના વાર્ષિક હિસાબો પરનો ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક હિસાબો તથા ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ધોલેરા ખાસ મૂડી રોકાણ પ્રાદેશિક વિકાસ સત્તામંડળનો ૨૦૧૪-૧૫નો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉદ્યોગ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ધોલેરા ખાસ મૂડી રોકાણ પ્રાદેશિક વિકાસ સત્તામંડળનો ૨૦૧૪-૨૦૧૫નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ તથા વાર્ષિક હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનું જાહેરનામું તથા નિવેદન

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સન ૧૯૧૯ના ઝેર અધિનિયમ અન્વયેના,

(૧) તા.૧૨-૧૧-૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક-જીપી/૨૮/એફડીસી/૧૦/૨૦૧૩/૧૮૩૦/ઝ

(૨) તા.૧૯-૩-૨૦૧૫નાજાહેરનામાક્રમાંક-જીપી/૨/૨૦૧૫/એફડીસી/૧૦/૨૦૧૩/૧૮૩૦/ઝ

વધારાની ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન

તેમજ આ જાહેરનામા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

જાહેરનામા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

સામાન્ય વહીવટ વિભાગના સન ૨૦૧૩ના ગુજરાત અધિનિયમ અન્વયેનું જાહેરનામું

શ્રી રમણલાલ વોરા ( સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાન્ય વહીવટ વિભાગના સન ૨૦૧૩ના ગુજરાત ( જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ અન્વયેના તા. ૮/૩/૨૦૧૬ના જાહેરનામા ક્રમાંક-જીએસ/૧૧/૨૦૧૬/એનએપી-૧૦૨૦૧૩-૮૧૭-એઆરટીડી-૪ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

જાહેરનામું સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.

ઉદ્યોગ અને ખાણ વિભાગના ખાણ અને ખનિજ અધિનિયમ અન્વયેના જાહેરનામા

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉદ્યોગ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ અને ખાણ વિભાગનાઃ-

સન ૧૯૫૭ના ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) અધિનિયમ અન્વયેના,

(૧) તા. ૧૨/૨/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક-જીયુ/૨૦૧૫/(૨)જીએમઆર/૧૦૨૦૧૪/૧૮૨૯/છ

(૨) તા. ૨૫/૨/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક-જીયુ/૨૦૧૫/(૪)/એમસીઆર/૧૦૨૦૧૨/૨૦૧૯/છ

તથા

સન ૨૦૧૦ના ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો અન્વયેના,

(૩) તા.૧૮/૬/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક-જીજે/જીયુજે/૨૬/એમએમઆર/૧૦૨૦૧૪/૯૭૯/છ

(૪) તા.૧૮/૬/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક-જીજે/જીયુજે/૨૭/એમએમઆર/૧૦૨૦૧૪/૯૭૯/છ

તેમજ આ જાહેરનામા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

જાહેરનામા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

અનુમતિ મળેલાં વિધેયકો

શ્રી ડી.એમ.પટેલઃ(સચિવશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, હું તેરમી ગુજરાત વિધાનસભાના ચાલુ આઠમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૧૬નાં વિધેયક ક્રમાં-૧, ૨, ૩ અને ૧૮ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

અનુમતિ મળેલાં વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

જાહેર હિસાબ સમિતિનો ચોથો અહેવાલ

શ્રી રણજિતભાઇ મં. ગિલિટવાળા (સમિતિના સભ્યશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું જાહેર હિસાબ સમિતિનો ચોથો અહેવાલ રજૂ કરું છું.

અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

વધારાની ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ભારતના બંધારણની કલમ ૨૦૫ મૂજબ તેઓના મળેલા સત્તાની રૂએ સન -૨૦૦૩-૨૦૦૪, ૨૦૦૪-૨૦૦૫, ૨૦૦૫-૨૦૦૬ અને ૨૦૦૬-૨૦૦૭ના વર્ષો માટેના વધારાના ખર્ચની માગણીઓની વિચારણા કરવા ગુજરાતના નામદાર રાજયપાલશ્રીએ ગુજરાત વિધાનસભાને ભલામણ કરેલી છે.

અધ્યક્ષશ્રીની જાહેરાત

વધારાના ખર્ચની માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન અંગે

અધ્યક્ષશ્રીઃ સન -૨૦૦૩-૨૦૦૪, ૨૦૦૪-૨૦૦૫, ૨૦૦૫-૨૦૦૬ અને ૨૦૦૬-૨૦૦૭ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન છે. આ માગણીઓ સભાગૃહ સમક્ષ રજૂ થાય તે પહેલાં મારે સભાગૃહના ધ્યાન ઉપર મૂકવાનું કે, વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૩(૪)ની જોગવાઇ મુજબ વધારાના ખર્ચની માગણીઓ બાબતમાં અંદાજપત્રમાંની માગણીઓ બાબત જે કાર્યરીતિ અનુસરવામાં આવે છે તે જ કાર્યરીતિ અધ્યક્ષ તેમાં ફેરફાર કરે તે સિવાય અનુસરવામાં આવે છે. વિધાનસભાએ મંજૂર કરેલાં નાણાં કરતાં કોઇ વર્ષમાં વધારે ખર્ચ થઇ ગયો હોય તેવા કિસ્સાઓમાં ઉંડી તપાસ કરી તે ખર્ચને નિયમિત કરવા માટે જાહેર હિસાબ સમિતિ ગૃહને ભલામણ કરે છે. આ ભલામણ પછી ગૃહે મંજૂર કરેલા ખર્ચ કરતાં થયેલ વધારાના ખર્ચને નિયમિત કરવા સારું આ વધારાની માગણીઓ રજૂ કરવામાં આવે છે. આમ, આ ખર્ચ તો થઇ જ ગયો છે ઉપરાંત વધારાના ખર્ચ સંબંધમાં જાહેર હિસાબ સમિતિએ વિગતવાર તપાસ કરીને તેનો અહેવાલ પણ ગૃહ સમક્ષ રજૂ કર્યો હોવાથી હવે બંધારણીય જોગવાઇ પ્રમાણે આ ખર્ચ નિયમિત કરવો જરૂરી છે. તેથી સરકાર સભાગૃહ પાસે આવી છે આથી, જાહેર હિસાબ સમિતિએ થયેલ

ચૈત્ર ૯, ૧૯૩૮ શાકે

## વધારાની ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન

વધારાના ખર્ચ સંબંધે ઉંડાણપૂર્વક તપાસ કરી હોવાથી પ્રસ્થાપિત પરંપરા અનુસાર વધારાના ખર્ચની માગણી ઉપર સભાગૃહમાં ચર્ચા કરવામાં આવતી નથી અને માગણીઓ સીધી ગૃહના મત ઉપર મૂકવામાં આવે છે, તેથી હું નાણા મંત્રીશ્રીને વધારાના ખર્ચની માગણીઓ રજૂ કરવા વિનંતી કરું છું.

સને ૨૦૦૩-૨૦૦૪

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સને ૨૦૦૩-૨૦૦૪ના વર્ષ માટેના વધારાના ખર્ચને લગતી માગણી ક્રમાંક- ૪, ૮, ૯, ૧૨, ૧૭, ૨૨, ૪૦, ૪૧, ૪૨, ૪૯, ૫૫, ૫૯, ૬૪, ૬૬, ૬૭, ૬૯, ૭૩, ૭૮, ૮૦, ૮૬, ૯૧ અને ૧૦૫ રજૂ કરું છું.

સને ૨૦૦૩-૨૦૦૪ના વર્ષ માટેના વધારાના ખર્ચને લગતી માગણી ક્રમાંક- ૪, ૮, ૯, ૧૨, ૧૭, ૨૨, ૪૦, ૪૧, ૪૨, ૪૯, ૫૫, ૫૯, ૬૪, ૬૬, ૬૭, ૬૯, ૭૩, ૭૮, ૮૦, ૮૬, ૯૧ અને ૧૦૫ રજૂ કરવામાં આવી.

સન ૨૦૦૩-૨૦૦૪ના વર્ષ માટેના વધારાના ખર્ચને લગતી માગણી ક્રમાંક- ૪, ૮, ૯, ૧૨, ૧૭, ૨૨, ૪૦, ૪૧, ૪૨, ૪૯, ૫૫, ૫૯, ૬૪, ૬૬, ૬૭, ૬૯, ૭૩, ૭૮, ૮૦, ૮૬, ૯૧ અને ૧૦૫ મત માટે મૂકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી.

સન ૨૦૦૪-૨૦૦૫

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૪-૨૦૦૫ના વર્ષની વધારાના ખર્ચની માગણી ક્રમાંક ૨,૫, ૮, ૧૨, ૧૭, ૨૨, ૩૬, ૩૮, ૪૦, ૪૩, ૫૫, ૬૧, ૬૩, ૭૩, ૮૦, ૮૬, ૮૮, ૯૧, ૧૦૦ અને ૧૦૪ રજૂ કરૂ છું.

વધારાના ખર્ચની માગણી ક્રમાંક ૨, ૫, ૮, ૧૨, ૧૭, ૨૨, ૩૬, ૩૮, ૪૦, ૪૩, ૫૫, ૬૧, ૬૩, ૭૩, ૮૦, ૮૬, ૮૮, ૯૧, ૧૦૦ અને ૧૦૪ રજૂ કરવામાં આવી.

વધારાના ખર્ચની માગણી ક્રમાંક ૨, ૫, ૮, ૧૨, ૧૭, ૨૨, ૩૬, ૩૮, ૪૦, ૪૩, ૫૫, ૬૧, ૬૩, ૭૩, ૮૦, ૮૬, ૮૮, ૯૧, ૧૦૦ અને ૧૦૪ મત માટે મૂકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી.

સન ૨૦૦૫-૨૦૦૬

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૫-૨૦૦૬ના વર્ષની વધારાના ખર્ચની માગણી ક્રમાંક ૩, ૭, ૮, ૧૧, ૧૨, ૧૭, ૨૦, ૨૨, ૨૫, ૩૭, ૩૮, ૪૦, ૪૨, ૪૩, ૪૫, ૪૬, ૫૨, ૫૫, ૬૪, ૬૬, ૬૯, ૭૩, ૭૫, ૭૭, ૭૮, ૭૯, ૮૬, ૮૮, ૯૦, ૯૧, ૯૨, ૯૬, ૧૦૦, ૧૦૨, ૧૦૩ અને ૧૦૪ રજૂ કરૂ છું.

વધારાના ખર્ચની માગણી ક્રમાંક ૩, ૭, ૮, ૧૧, ૧૨, ૧૭, ૨૦, ૨૨, ૨૫, ૩૭, ૩૮, ૪૦, ૪૨, ૪૩, ૪૫, ૪૬, ૫૨, ૫૫, ૬૪, ૬૬, ૬૯, ૭૩, ૭૫, ૭૭, ૭૮, ૭૯, ૮૬, ૮૮, ૯૦, ૯૧, ૯૨, ૯૬, ૧૦૦, ૧૦૨, ૧૦૩ અને ૧૦૪ રજૂ કરવામાં આવી.

વધારાના ખર્ચની માગણી ક્રમાંક ૩, ૭, ૮, ૧૧, ૧૨, ૧૭, ૨૦, ૨૨, ૨૫, ૩૭, ૩૮, ૪૦, ૪૨, ૪૩, ૪૫, ૪૬, ૫૨, ૫૫, ૬૪, ૬૬, ૬૯, ૭૩, ૭૫, ૭૭, ૭૮, ૭૯, ૮૬, ૮૮, ૯૦, ૯૧, ૯૨, ૯૬, ૧૦૦, ૧૦૨, ૧૦૩ અને ૧૦૪ મત માટે મૂકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી.

સન ૨૦૦૬-૨૦૦૭

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૬-૨૦૦૭ના વર્ષની વધારાના ખર્ચની માગણી ક્રમાંક-૩, ૫, ૮, ૯, ૧૨, ૧૫, ૧૮, ૨૧, ૨૩, ૨૫, ૨૬, ૩૭, ૩૮, ૩૯, ૪૧, ૪૩, ૪૪, ૫૫, ૫૭, ૬૧, ૬૪, ૬૬, ૭૩, ૭૪, ૭૭, ૭૮, ૮૦, ૮૧, ૮૪, ૮૬, ૮૭, ૮૮, ૯૧ અને ૧૦૪ રજૂ કરૂ છું.

વધારાના ખર્ચની માગણી ક્રમાંક ૩, ૫, ૮,૯, ૧૨, ૧૫, ૧૮, ૨૧, ૨૩, ૨૫, ૨૬, ૩૭, ૩૮, ૩૯, ૪૧, ૪૩, ૪૪, ૫૫, ૫૭, ૬૧, ૬૪, ૬૬, ૭૩, ૭૪, ૭૭, ૭૮, ૮૦, ૮૧, ૮૪, ૮૬, ૮૭, ૮૮, ૯૧ અને ૧૦૪ રજૂ કરવામાં આવી.

વધારાના ખર્ચની માગણી ક્રમાંક ૩, ૫, ૮, ૯, ૧૨, ૧૫, ૧૮, ૨૧, ૨૩, ૨૫, ૨૬, ૩૭, ૩૮, ૩૯, ૪૧, ૪૩, ૪૪, ૫૫, ૫૭, ૬૧, ૬૪, ૬૬, ૭૩, ૭૪, ૭૭, ૭૮, ૮૦, ૮૧, ૮૪, ૮૬, ૮૭, ૮૮, ૯૧ અને ૧૦૪ મત માટે મૂકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી.

સભાગૃહનું કામકાજ બપોરના ૧.૧૮ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તારીખ ૩૦મી માર્ચ, ૨૦૧૬ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
|---|---|---|
| અનિલ જોષિયારા | ભિલોડા અને મેઘરજ તાલુકાના ડેમમાંથી કાંપ કાઢવા બાબત | ૧૬૫ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ખનીજચોરીની ફરિયાદો | ૩૪૬ |
| | અરવલ્લી જિલ્લામાં ૧૩માં અને ૧૪ માં નાણાપંચની રકમ ફાળવવા | ૪૦૧ |
| | અરવલ્લી જિલ્લામાં ઈન્દિરા અને સરદાર આવાસ બનાવવાનું આયોજન | ૩૮૩ |
| | અરવલ્લી જિલ્લામાં પીવાના પાણીની યોજનાઓ | ૪૩ |
| | આદિજાતિ વિસ્તારમાં સિંચાઈનું આયોજન | ૧૩૯ |
| | પાદરા ઘાંટાથી વાઘેશ્વરી રસ્તો ડામર કરવા બાબત | ૨૪૫ |
| | ભિલોડા અને મેઘરજ તાલુકાઓના ગામડાઓ તથા પરાઓનું | ૨૭૩ |
| | મેઘરજ તાલુકામાં નોન પ્લાન રસ્તાઓ | ૨૮૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૧૯૮ |
| અમિત અ. ચાવડા | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૯૫ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં ડેડીકેટેડ ફ્રેઈટ કોરીડોર માટે સંપાદિત | ૧૭૧ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં બિનખેતી જમીન | ૧૫૩ |
| | આણંદ અને વડોદરા જિલ્લાનાં પાણીમાં ટી.ડી.એસ. | ૧૫ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં ઓવરલોડ અને ઢાંક્યા સિવાય ટ્રકોનું | ૩૬૧ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ | ૨૮૩ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં નવા પી.એચ.સી. અને સી.એચ.સી. | ૨૬૪ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં વિધવા પેન્શન યોજનાના લાભાર્થી | ૨૯૩ |
| અમિતભાઈ હ. ચૌધરી | ગુજરાત રાજ્યમાં શૈક્ષણિક સંસ્થાઓમાં રેગીંગ અટકાવવા અને તેની | ૧૧૦ |
| | કલોલ તાલુકાના ગામોને વહીવટી સુગમતા અન્વયે માણસા | ૧૬૧ |
| | રાજ્યમાં ઘોડાઓમાં ''ગ્લેન્ડર્સ'' નો રોગચાળો | ૧૨૮ |
| અરૂણસિંહ રણા | એમ.એસ.એમ.ઈ. અંતર્ગત મૂડીરોકાણ | ૧૩૮ |
| | નવસારી જિલ્લામાં ઉનાઈ માતાના મંદિરની કામગીરી | ૩૭ |
| | ભરૂચ જિલ્લામાં ઈન્દીરા આવાસ યોજના હેઠળ આવાસ બાંધવા બાબત | ૩૫૯ |
| | રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે ખેલાડીઓને પ્રોત્સાહન માટે યોજના | ૨૩૪ |
| અરવિંદકુમાર ગાં. પટેલ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૧૯૯ |
| | અંબાજી ખાતે ભાદરવી પુનમના મહામેળામાં યાત્રાળુઓ | ૪૨ |
| | અમદાવાદ જિલ્લામાં રાસાયણિક ખાતરનાં નમુના | ૧૫૫ |
| | રાજ્ય સરકારે સાધનો પાચ પેશગી પર ચૂકવેલ વ્યાજ | ૩૫૦ |
| | વરમોર–વિઠલાપુર–દેત્રોજ રસ્તાને પહોળો કરવા બાબત | ૨૫૫ |
| અરવિંદભાઈ કે. લાડાણી | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૨૦૯ |
| | જુનાગઢ જિલ્લામાં ઈન્દીરા આવાસ બાંધવાનું આયોજન | ૩૧૮ |

| | | |
|---|---|---|
| | જુનાગઢ જિલ્લામાં ડીટેઈન વાહનો | ૧૪ |
| | જૂનાગઢ જિલ્લામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો | ૨૩૧ |
| | જૂનાગઢ જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૫૨ |
| | જૂનાગઢ જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત તાલીમ | ૧૫૭ |
| અરવિંદસિંહ રાઠોડ | દાહોદ જિલ્લામાં નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રો | ૨૪૭ |
| | પંચમહાલ જિલ્લામાં માનવ ગરીમા યોજના | ૯ |
| અશ્વિન કોટવાલ | રાજ્યમાં આદિવાસીઓની સ્વપાર્જિત/બિનખેતી મિલકત ઉપર ૭૩– | ૧૪૫ |
| | વિજયનગર તાલુકા ખાતે તાલુકા સેવા સદનનું બાંધકામ | ૨૨૮ |
| | વિજયનગર, ખેડબ્રહ્મા અને પોસીના તાલુકામાં ચેકડેમ બાબત | ૧૬૮ |
| | સાબરકાંઠા જિલ્લામાં ‘‘મા’’ અને ‘‘મા વાત્સલ્ય’’ યોજના | ૨૬૬ |
| | સાબરકાંઠા જિલ્લામાં ગ્રામવિકાસ એજન્સીનું મંજુર મહેકમ | ૩૮૭ |
| | સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર સંવર્ગવાર મહેકમ | ૪૦૩ |
| | સાબરકાંઠા જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ | ૧૭૯ |
| | સાબરકાંઠા જિલ્લામાં શૌચાલય બનાવવા બાબત | ૩૫૭ |
| અશોકકુમાર પટેલ | ગાંધીનગર જિલ્લામાં એપ્રેન્ટીસ એકમો | ૬૫ |
| | ગાંધીનગર જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળા | ૪૦ |
| | ગાંધીનગર જિલ્લામાં તળાવો ઉંડા કરવા બાબત | ૧૧૭ |
| | ગાંધીનગર જિલ્લામાં હક્કપત્રક નોંધો | ૧૬૦ |
| | રાજાજીના મુવાડા થઈ ઝડકીયા સુધીના નવા રસ્તાનું કામ | ૨૨૭ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૨૦૨ |
| ઈશ્વરભાઈ પટેલ | ધરમપુર તાલુકામાં વિલ્સન હીલ તથા શંકર ધોધને પ્રવાસધામ તરીકે | ૩૫૩ |
| | વલસાડ જિલ્લાની બજાર સમિતિઓને આધુનિક સવલતો | ૧૩૩ |
| | વલસાડ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ મંજૂર કરેલ આવાસો | ૪૦૩ |
| | વલસાડ જિલ્લામાં વૃધ્ધ નિરાધારોને સહાય | ૧૮ |
| | ભરૂચ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ | ૨૫૨ |
| | ધરમપુર તાલુકાના કોર્ટ બિલ્ડીંગના નવા મકાનનું બાંધકામ | ૫૪ |
| | વલસાડ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન હેઠળ વ્યકિતગત | ૩૮૬ |
| | વલસાડ જિલ્લામાં યુવા અને સાંસ્કૃતિક અને રમતગમત વિભાગ હેઠળ | ૨૩૩ |
| ઈશ્વરભાઈ પરમાર | કડોદ મઢી રોડ પર બ્રીજ બનાવવા બાબત | ૨૬૨ |
| | ચીખલી તાલુકામાં આંતરિક પેયજળ યોજનાઓ | ૨૬ |
| | નવસારી જિલ્લામાં મહાત્મા ગાંધી નરેગા યોજનામાં લેબર બજેટ મંજૂર | ૩૨૩ |
| ઈશ્વરસિંહ પટેલ | એમ.એસ.એમ.ઈ.માં રોજગારી | ૧૫૫ |
| | માનસરોવરના યાત્રાળુઓનું અભિવાદન અને સહાય | ૩૯ |
| | વાલીયા તાલુકામાં વિકાસશીલ તાલુકા યોજના હેઠળ ફાળવેલ ગ્રાન્ટ | ૩૨૪ |

| | | |
|---|---|---|
| ઋષિકેશ પટેલ | ડેડાણા–ડોડીયાવાડા રોડને પહોળો કરવા બાબત | 253 |
| | મહેસાણા જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળા | ૨૭ |
| | મહેસાણા જિલ્લામાં કાર્યરત આઈ.ટી.આઈ. | ૫૮ |
| | મહેસાણા જિલ્લામાં ફીડરોનું વિભાજન | ૩૫૦ |
| | મહેસાણા જિલ્લામાં બાળસખા યોજનાના લાભાર્થીઓ | ૨૭૭ |
| | મહેસાણા જિલ્લામાં વિકલાંગોને શિષ્યવૃત્તિ | ૭૫ |
| | મહેસાણા તાલુકામાં ઈન્દિરા આવાસ યોજનામાં આવાસ બાંધવા | ૩૮૪ |
| | સુજલામ–સુફલામ સ્પ્રેડીંગ કેનાલથી નદીઓ જોડવા બાબત | ૧૫૦ |
| કેતનભાઈ ઈનામદાર | રાજ્યમાં એલ.પી.જી. ગેસ પર વેટ/સેસ | ૩૪૩ |
| | વડોદરા જિલ્લામાં કિશોરી શક્તિ યોજનાના લાભાર્થીઓ | ૨૨૮ |
| | વડોદરા જિલ્લામાં બિયારણના નમૂના | ૧૪૨ |
| કનુભાઈ દેસાઈ | દમણગંગા યોજનાની નહેરોની સફાઈ | ૧૫૫ |
| | નવસારી જિલ્લામાં ડોર ટુ ડોર કલેકશન યોજના | ૩૨૨ |
| | નવસારી જિલ્લામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો | ૨૪૭ |
| | વલસાડ જિલ્લામાં સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ | ૩૨ |
| કરમશીભાઈ પટેલ | અમદાવાદ જિલ્લામાં ગુનાહિત કૃત્ય | ૧૫૧ |
| | અમદાવાદ જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજૂર મહેકમ | ૩૮૪ |
| | અમદાવાદ જિલ્લામાં કુટીર ઉદ્યોગ શરૂ કરવા આવેલ અરજીઓ | ૪૦૨ |
| | અમદાવાદ જિલ્લામાં ખનીજોની ચોરીના નોંધાયેલ કિસ્સાઓ | ૩૪૮ |
| | અમદાવાદ જિલ્લામાં બાળકોને કુપોષણથી મુક્તિ | ૨૫૩ |
| | અમદાવાદ જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ | ૨૯૦ |
| | અમદાવાદ જિલ્લામાં સરકારી દવાખાના, સામુહિક અને પ્રાથમિક | ૨૭૭ |
| | ધારાસભ્યોના પ્રોટોકોલ ભંગની ફરિયાદો | ૭૮ |
| | રાજ્યમાં એસ.ટી. બસોના ભાડામાં ઘટાડો | ૩૮ |
| | સાણંદ અને બાવળા તાલુકાના ગામોને પાઈપલાઈનથી પીવાનું પાણી | ૬૩ |
| કેશુભાઈ નાકરાણી | ભાવનગર નગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય માટે ગ્રાન્ટ | ૧૪૯ |
| | ભાવનગર જિલ્લામાં ગ્રાંટ ઈન એઈડ કન્યા છાત્રાલયો | ૧૬ |
| | ભાવનગર જિલ્લામાં પ્રવાસન સ્થળો | ૩૪૪ |
| | રાજ્યમાં સ્પોર્ટસ સ્કુલની યોજના | ૨૫૮ |
| કેશાજી ચૌહાણ | નવાવાસ–રંગપુર–જેતપુર રસ્તાને પહોળો કરવા બાબત | ૨૩૮ |
| | બનાસકાંઠા જિલ્લા નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના | ૧૬૬ |
| | બનાસકાંઠા જિલ્લામાં એપ્રેન્ટીસ એકમો | ૭૭ |
| | બનાસકાંઠા જિલ્લામાં ડોર ટુ ડોર કલેકશન યોજના | ૩૫૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ | ૩૩ |

| | | |
|---|---|---|
| | બનાસકાંઠા જિલ્લામાં પછાતવર્ગ માટે સરકારી છાત્રાલયો | ૯૦ |
| | બનાસકાંઠા જિલ્લામાં સુરક્ષા સેતુ અંતર્ગત તાલીમ | ૧૭૯ |
| | સીપુ અને દાંતીવાડા સિંચાઇ યોજનાના વિસ્તારમાં નર્મદાનું પાણી | ૧૪૧ |
| કેસરીસિંહ જે. સોલંકી | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૨૦૮ |
| | ખેડા જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળા | ૭ |
| | ખેડા જિલ્લામાં ગણવેશ સહાય | ૭૦ |
| | ખેડા જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૫૧ |
| | ખેડા જિલ્લામાં રાસાયણિક ખાતરનાં નમુના | ૧૨૫ |
| | ખેડા તાલુકા ખાતે તાલુકા સેવા સદનનું બાંધકામ | ૨૪૬ |
| | ખેડા તાલુકામાં ઈન્દિરા આવાસ યોજનાના આવાસ બાંધવા બાબત | ૩૧૯ |
| કાંતિભાઈ ખરાડી | ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમને આવકવેરામાંથી મુક્તિ | ૩૮ |
| | જી.એસ.આર.ડી.સી. અને દહેજ એસ.ઇ.ઝેડ.લી. ના કર્મચારીઓને | ૪૦૭ |
| | બનાસકાંઠા જિલ્લામાં અતિવૃષ્ટિથી મકાનોને નુકશાન | ૧૭૨ |
| | બનાસકાંઠા જિલ્લામાં અતિવૃષ્ટિથી સીમતળનાં મકાનોનાં નુકશાન | ૧૮૧ |
